ચોથી શ્રેણી

પુસ્તક–૧૦૪

તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪
માઘ ૨૪, ૧૯૪૫ શાકે
થી
તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪
માઘ ૩૦, ૧૯૪૫ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## પંદરમી ગુજરાત વિધાનસભા
## ચોથું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક–૧૦૪** **અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**


| **વિષય** | **પાના નંબર** | |
|---|---|---|
| **તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪ માઘ ૨૪, ૧૯૪૫ શાકે** | | |
| **પ્રથમ બેઠક** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩ | ૩૧ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ ) | ૩૨ | ૪૮ |
| માનનીય સભાપતિશ્રીની જાહેરાત( હાથશાળ અને હસ્તકલા કારીગરોના ઉત્પાદનનું પ્રદર્શન અને વેચાણ અંગે) | ૪૯ | ૪૯ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ )(ક્રમશઃ) | ૪૯ | ૫૩ |
| **બીજી બેઠક** | | |
| તારાંકિત પ્રશ્નો | ૫૪ | ૬૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૬૬ | ૧૦૭ |
| વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત | ૧૦૮ | ૧૦૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ ) | ૧૦૮ | ૧૩૩ |
| **તા. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૪ માઘ ૨૫, ૧૯૪૫ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૩૪ | ૧૪૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૪૭ | ૨૦૦ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૨૦૧ | ૨૦૧ |
| વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત | ૨૦૨ | ૨૦૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ ) | ૨૦૩ | ૨૩૬ |
| **તા. ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪ માઘ ૨૬, ૧૯૪૫ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૨૩૭ | ૨૫૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૫૧ | ૨૮૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ત્રીજો દિવસ ) | ૨૯૦ | ૩૦૩ |
| બિન–સરકારી સંકલ્પો | ૩૦૪ | ૩૦૪ |
| **તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪ માઘ ૨૭, ૧૯૪૫ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૩૦૫ | ૩૧૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૧૬ | ૩૬૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ચોથો દિવસ ) | ૩૬૫ | ૩૮૯ |
| **તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪ માઘ ૩૦, ૧૯૪૫ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૩૯૦ | ૪૦૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૦૨ | ૪૪૪ |
| રાજ્ય કક્ષાના ગૃહમંત્રીશ્રીનું નિવેદન ( શોર્ટ સર્કિટથી આગ લાગવા અંગે) | ૪૪૫ | ૪૪૫ |


પાછળ...

## અ નુ ક્ર મ ણિ કા




| વિષય | પાના નંબર | |
|---|---|---|
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬) ( રાધનપુર ખાતે આંખની હોસ્પિટલમાં દર્દીઓને થયેલ અંધાપાની અસર અંગે) | ૪૪૫ | ૪૪૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પાંચમો દિવસ ) | ૪૫૦ | ૪૬૦ |
| છત્રપતિ શિવાજીના જન્મદિન નિમિત્તે શુભેચ્છા | ૪૬૧ | ૪૬૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) ( ક્રમશઃ) | ૪૬૧ | ૪૭૮ |
| માનનીય ઉપાધ્યક્ષશ્રીની જાહેરાત ( ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની બેઠક અંગે ) | ૪૭૮ | ૪૭૮ |

માઘ ૨૪,૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪**

**માઘ ૨૪, ૧૯૪૫ શાકે**

**પહેલી બેઠક**

**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**રાજ્યમાં કાર્યરત બ્લડ બેંક**

**1112/4/15* શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ**) લુણાવાડા(: પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૮-૦૨-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *પ્રશ્ન ક્રમાંક-૬૭ )અગ્રતા-૪૪(ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| )૧( | રાજ્યના ૧૩ જિલ્લાઓમાં એક પણ સરકારી બ્લડ બેંક ન હતી, તે પૈકી ક્યા જિલ્લામાં તા.૧૩-૧૨-૨૦૨૩ની સ્થિતિએ સરકારી બ્લડ બેંક કાર્યરત કરવામાં આવી, અને | )૧( | ખેડા જિલ્લામાં બ્લડ બેંક કાર્યરત કરવામાં આવેલ છે .અમરેલી, આણંદ, બોટાદ, ગીર સોમનાથ, નર્મદા અને નવસારી જિલ્લાઓમાં બ્લડ બેંક શરૂ કરવા માટે એન.ઓ.સી.ની પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. |
| )૨( | ભારત સરકારની ગાઇડલાઇન મુજબ જિલ્લામાં ઓછામાં ઓછી એક બ્લડ બેંક હોવી જરૂરી છે તે મુજબ ઉક્ત બાકી જિલ્લાઓમાં ક્યાં સુધીમાં સરકારી બ્લડ બેંક શરૂ કરવામાં આવશે? | )૨( | અરવલ્લી, છોટાઉદેપુર, ડાંગ, મહિસાગર, તાપી અને દાહોદ જિલ્લાઓમાં બ્લડ બેંક શરૂ કરવા માટે સાધનોની ખરીદીની પ્રક્રિયા સંબંધીત કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે .જે પૂર્ણ થયેથી બ્લડ બેંક કાર્યાન્વિત કરવાની કાર્યવાહી કરવામાં આવશે .સમગ્ર પ્રક્રિયા વહેલી તકે પૂર્ણ કરીને બ્લડ બેંક કાર્યાન્વિત કરવામાં આવશે. |

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, દર્દીઓને બ્લડની ખૂબ જ જરૂર પડતી હોય છે. અકસ્માતના કિસ્સામાં ઇજાગ્રસ્તનું બ્લડ વહી જતું હોય છે. જેના કારણે દર્દીને તાત્કાલિક બ્લડની જરૂર પડતી હોય છે. વાઇબ્રન્ટ ગુજરાતમાં એક વર્ષ પહેલાં ૧૩ જિલ્લાઓમાં બ્લડ બેંક ન હતી. તે પૈકી માત્ર ખેડા જિલ્લામાં એક-બે બ્લડ બેંકો ચાલુ કરવામાં આવેલ છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીએ પૂછવા માગું છું કે, ભારત સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ જિલ્લામાં ઓછામાં ઓછી એક બ્લડ બેંક હોવી જોઇએ. ભારત સરકારશ્રીની આ ગાઇડલાઇન ક્યારથી મળેલ છે? અને ભારત સરકારશ્રીની ગાઇડલાઇન મળ્યા બાદ લાંબા સમય પછી પણ વાઇબ્રન્ટ ગુજરાતમાં દર્દીઓ માટે અતિ જરૂરી બ્લડબેંક નથી. તો બાકીના જિલ્લાઓમાં ક્યારથી બ્લડબેંક ચાલુ કરવા માંગો છો? એની ચોક્કસ તારીખ અને સમય જણાવવા વિનંતી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમની વાત સાચી છે. ભારત સરકારની ગાઇડલાઇન છે અને આ ગાઇડલાઇન પ્રમાણે હાલ ૧૨ જિલ્લાઓમાં સરકારી બ્લડ બેંક નથી, પરંતુ સરકાર હસ્તકની કુલ ૩૧ બ્લડ બેંકો પૈકી ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની ૨૩, ટ્રસ્ટની એટલે કે, એન.જી.ઓ.ની ૧૨૨ અને ખાનગી ૧૭ એમ કુલ ૧૯૩ બ્લડ બેંકો છે. મહીસાગરમાં પણ ઇન્ડિયન રેડ ક્રોસની બ્લડ બેંક કાર્યરત છે. કુલ ૧૨ જિલ્લાઓમાં અમરેલી, આણંદ, અરવલ્લી, બોટાદ, છોટા ઉદેપુર, દાહોદ, ડાંગ, ગીર-સોમનાથ, મહિસાગર, નર્મદા, નવસારી અને તાપી જિલ્લાઓમાં બ્લડ બેંક નથી. અમરેલીમાં અનુભવી સ્ટાફ આવશે એટલે તરત જ બ્લડ બેંક ચાલુ કરવામાં આવશે. આણંદમાં હજુ કાર્યવાહી બાકી છે. અરવલ્લીમાં જનરલ હૉસ્પિટલનું બિલ્ડિંગ બનાવવાની કામગીરી ચાલુ છે અને સાધનોની પ્રક્રિયા પણ ચાલુ છે. છોટા ઉદેપુરમાં સાધનોની ખરીદીની પ્રક્રિયા ચાલુ છે, બોટાદમાં તા.૨૪/૦૮/૨૦૨૩થી બ્લડ સ્ટૉરેજ યુનિટ શરૂ કરેલ છે અને મહેકમ મંજૂરીની પ્રક્રિયા ચાલુ છે. દાહોદમાં ઝાયડસ હૉસ્પિટલને સંચાલન સોંપવામાં આવેલ છે અને ત્યાં બ્લડ બેંક પણ કાર્યરત છે. ડાંગમાં પણ સાધનોની કાર્યવાહી ચાલુ છે. ગીર-સોમનાથમાં પૂરતાં સાધનો આવી જાય એટલે લાઇસન્સ માટેની અરજી કરીશું. આ લાઇસન્સની પ્રક્રિયા થોડી લાંબી અને જટીલ હોય છે. મહીસાગર અને નર્મદામાં સાધનોની ખરીદીની પ્રક્રિયા ચાલુ છે. નવસારીમાં એમ.જી. જનરલ હૉસ્પિટલના કમ્પાઉન્ડમાં આઇ.આર.સી.એસ. બ્લડ બેંક ચાલુ છે. તાપીમાં જનરલ હૉસ્પિટલ વ્યારા બ્લડ બેંકનું બાંધકામ ચાલુ છે અને સાધનોની ખરીદીની પ્રક્રિયા પણ ચાલુ છે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ જે ખાનગી બ્લડ બેંકો, એન.જી.ઓ. સંચાલિત બ્લડ બેંકો કે ટ્રસ્ટ સંચાલિત બ્લડ બેંકો હોય છે એના પર સરકારનું કોઇ નિયંત્રણ છે કે કેમ? કારણ કે, ઘણા વિસ્તારોમાં સરકારી બ્લડ બેંકો ન હોવાથી ખાનગી અને ટ્રસ્ટ સંચાલિત બ્લડ બેંકો દ્વારા બેફામ ભાવો લેવામાં આવે છે અને ગરીબ દર્દીઓને લૂંટવામાં આવે છે તો એના પર સરકારશ્રીનું કોઇ નિયંત્રણ છે કે કેમ?

## તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ **:** માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી બ્લડ બેંક હોય કે પછી ટ્રસ્ટ સંચાલિત બ્લડ બેંક હોય સરકારશ્રી એના પર પૂરેપૂરું ધ્યાન રાખે છે અને આ બ્લડ બેંકો સરકારશ્રીના નિયંત્રણમાં જ છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જવાબમાં કહ્યું કે, ગીર–સોમનાથમાં બ્લડ બેંકના લાઇસન્સની મંજૂરી માટેની પ્રક્રિયા બાકી છે પણ અંદાજે ત્રણથી ચાર વર્ષ થઇ ગયા છે. ત્યાં બિલ્ડિંગ પણ બની ગયું છે. તો આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ પ્રક્રિયા કેટલા સમયમાં પૂર્ણ થશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં વાત કરી એમ ગીર સોમનાથમાં પૂરેપૂરાં સાધનોની ખરીદી થઇ ગયા પછી આપણે લાઇસન્સની પ્રક્રિયા કરીશું. આ બાબતે રાજ્ય સરકાર બિલકુલ કોન્ફિડન્ટ છે. પ્રત્યેક જિલ્લામાં સરકારી બ્લડ બેંક હોવી જોઇએ એવું સરકાર માને છે અને એ કરવામાં સરકાર આગળ વધી રહી છે. જેટલી શક્ય હોય એટલી ઝડપી કાર્યવાહી થાય, સાધનોની ખરીદી થાય, ઇન્ફ્રાસ્ટ્રકચર, સ્ટાફ અને લાઇસન્સ આ બધાની પ્રક્રિયા પૂરી થતા જે હાલ કુલ–૩૧ છે પરંતુ પ્રત્યેક જિલ્લામાં હોવી જોઇએ, એમાં આપણે કટિબદ્ધ છીએ.

**પાલીતાણા ખાતે જિલ્લા કક્ષાની હોસ્પિટલ**

***15/4/753 શ્રી ભીખાભાઇ રવજીભાઇ બારૈયા**) પાલીતાણા :(**માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–.

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| )૧( તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિેએ ભાવનગર જિલ્લાના પાલીતાણા ખાતે જિલ્લા કક્ષાની હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે ,તે હકીકત સાચી છે ,અને | )૧( હા ,જી . |
| )૨ (જો હા , તો ઉકત સ્થિતિએ આ બાંધકામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે? | )૨( તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ રુપિયા ૯૭.૫૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ .<br>હાલની સ્થિતિએ કૂલ રુપિયા ૨૩૨.૫૫ કરોડની પ્રોજેકટ કોસ્ટની મંજૂરી આપવામાં આવેલ છે . |

શ્રી ભીખાભાઇ ર. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ હું પાલિતાણામાં સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ મંજૂર કરવામાં આવી તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી, કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઇ માંડવિયા સાહેબનો અને શ્રી ઋષિકેશભાઇ પટેલનો પાલિતાણાની જનતા વતી આભાર વ્યકત કરું છું. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે પાલિતાણા સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ મંજૂર કરવામાં આવી, તેમાં વર્ગવાર કેટલું મહેકમ મંજૂર કરવામાં આવ્યું તે જણાવવા કૃપા કરશો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાલિતાણામાં જયારે એસ.ડી.એચ. હતી એ વખતે વર્ગ–૧નું ૫નું મહેકમ હતું અને વર્ષ ૨૦૨૩–૨૪માં વર્ગ–૧માં વધારાનું ૧૫નું મહેકમ મળી કુલ ૨૦નું મહેકમ છે. વર્ગ–૨માં અગાઉ ૪નું મહેકમ હતું અને નવું ૯નું મહેકમ થયું છે એટલે વર્ગ–૨માં કુલ ૧૩નું મહેકમ છે. વર્ગ–૩માં ૩૬નું મહેકમ હતું અને નવું ૪૩નું થયું છે એમ કુલ ૭૯નું મહેકમ છે. વર્ગ–૪માં ૧૫નું મહેકમ હતું અને વધારાનું ૩૮નું મળી કુલ ૫૩નું મહેકમ થયું છે. પહેલાં ૬૦નું મહેકમ હતું અને વધારાનું ૧૦૫ મળી કુલ આપણે ૧૬૫નું મહેકમ મંજૂર કર્યું છે.

શ્રી ગૌતમભાઇ ગો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ભાવનગર જિલ્લા ખાતે હાલ કેટલી સરકારી હૉસ્પિટલો, કેટલા સામૂહિક કેન્દ્રો અને કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે? સરકારશ્રીના માપદંડ મુજબ કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોવા જોઇએ? અને કેટલા ઉપલબ્ધ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લા ખાતે 'સર ટી હૉસ્પિટલ' કાર્યરત છે. જેમાં આપણે બધી જ સુપર સ્પેશિયાલિટી ફેસિલિટી આપીએ છીએ. આ ઉપરાંત, પાલિતાણા અને મહુવા ખાતે એસ.ડી.એચ. ઉપલબ્ધ છે. ઉપરાંત, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માપદંડ મુજબ ૧૩ હોવા જોઇએ અને હયાત ૧૩ છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૪૭ જોઇએ અને અત્યારે ૪૮ છે. એટલે એમાં પણ ૧ વધારે છે. ભાવનગરમાં ૨ સી.એચ.સી. સેન્ટરો અને ૬ પી.એચ.સી. સેન્ટરો છે. ગારિયાધારમાં ૧ સી.એચ.સી. સેન્ટર અને ૩ પી.એચ.સી. સેન્ટરો છે. ઘોઘામાં ૧ સી.એચ.સી. સેન્ટર અને ૩ પી.એચ.સી. સેન્ટરો છે. જેસરમાં ૧ સી.એચ.સી. સેન્ટર અને ૨ પી.એચ.સી.સેન્ટરો છે. મહુવામાં ૨ સી.એચ.સી. સેન્ટરો અને ૧૦ પી.એચ.સી. સેન્ટરો છે. શિહોરમાં ૧ સી.એચ.સી. સેન્ટર અને ૫ પી.એચ.સી. સેન્ટરો છે. તળાજામાં ૩ સી.એચ.સી. સેન્ટરો અને ૯ પી.એચ.સી. સેન્ટરો છે. ઉમરાળામાં ૧ સી.એચ.સી. સેન્ટર અને ૨ પી.એચ.સી. સેન્ટરો છે. વલ્લભીપુરમાં ૧ સી.એચ.સી. સેન્ટર અને ૩ પી.એચ.સી. સેન્ટરો છે. પાલિતણામાં સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ છે અને બીજા ૫ પી.એચ.સી. સેન્ટરો છે.

**ગોધરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

***779/4/15 શ્રી સી.કે.રાઉલજી )ગોધરા : (માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–**

માઘ ૨૪,૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** **જવાબ**

)૧ ( તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

)૧(

| વર્ષ | વાવેતર )હેક્ટરમાં( |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૪૩૯ |
| ૨૦૨૩-૨૪ | ૪૪૮ |

)૨( તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે?

)૨(

| વર્ષ | ખર્ચ )રૂ.લાખમાં( |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૫૦૪.૫૧ |
| ૨૦૨૩-૨૪ | ૫૦૭.૫૨ |

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે એનાથી મને સંતોષ છે એટલે મારે વધારાનો પ્રશ્ન પૂછવો નથી.

**આણંદ જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના**

***15/4/785 શ્રી વિપુલકુમાર વિનુભાઈ પટેલ** (સોજિત્રા):**માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧( પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના હેઠળ કઈ બીમારીઓનો સમાવેશ કરવામાં આવેલ છે

)૧( પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના હેઠળ હૃદય, કિડની, ગર્ભાશય, લીવર અને પેન્ક્રીઆસ)સ્વાદુપિંડ (ટ્રાન્સપ્લાન્ટ, ઘૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટની સારવાર, જનરલ મેડિસિન અને પિડિયાટ્રિક મેડિકલ મેનેજમેન્ટ, સિકલ સેલ અનેમિયા ડીસીસ અને ક્રાયસીસ, મેન્ટલ ડીસઓર્ડર, ઓબસ્ટ્રેટિક, ગાઈનેક અને ઇમરજન્સી રૂમને લગત પ્રોસીજરો, રેટીનાની સર્જરીના ઓપરેશનો, નીઓનેટલ પેકેજીસ, આઇ.સી.યુ. , એચ.ડી.યુ. , વેન્ટીલેટર તેમજ અન્ય જરૂરી તમામ નિદાન, નોર્મલ ડિલિવરી, કોમ્પ્લિકેટેડ ડિલિવરી અને C-section ડિલિવરી, ફોર્સેપ ડિલિવરી અને એપીસીઝીઓટોમી, સર્પદંશની પ્રોસીજરનાં લાભ, રેડીએશન, કિમોથેરાપી અને સર્જીકલ ઓન્કોલોજીની કેન્સરની સારવાર જેવી બિમારીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૨( તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ઉક્ત યોજના હેઠળ કેટલા લાભાર્થીઓના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે અને

(૨( તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૩૭,૮૪૦ લાભાર્થીઓના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે

(૩) ઉક્ત મંજૂર કરવામાં આવેલ દાવા પેટે કેટલી કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી

)૩( ઉક્ત મંજૂર કરવામાં આવેલ દાવા પેટે રૂ.૬૮,૨૫,૩૮,૭૯૭ -/મંજૂર કરવામાં આવ્યા.

શ્રી વિપુલકુમાર વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં પી.એમ.જે.વાય. યોજનામાં કુલ કેટલા લાભાર્થી નોંધાયેલા છે અને છેલ્લાં બે વર્ષમાં કેટલા આયુષ્યમાન કાર્ડ આપવામાં આવ્યા છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૩ સુધીમાં ૬,૫૮,૬૮૧ લાભાર્થીઓને કાર્ડ ઇસ્યુ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૨માં ૧,૩૭,૮૮૬ અને વર્ષ ૨૦૨૩માં ૨,૪૩,૯૬૬ એમ છેલ્લાં ૨ વર્ષમાં ૩,૮૧,૦૦૦ લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડ આપ્યા છે. આ યોજનામાં આયુષ્યમાન કાર્ડની નોંધણી માટે તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, તમામ સી.એચ.સી., તમામ પેટા જિલ્લા હોસ્પિટલ, તમામ જિલ્લા કક્ષાની હોસ્પિટલ અને તમામ મેડિકલ કોલેજો સંલગ્ન હોસ્પિટલો ખાતે તેમજ યોજના સાથે જોડાયેલી ખાનગી હોસ્પિટલો ખાતે જરૂરી આધાર પુરાવા રજૂ કરીને લાભાર્થી આયુષ્યમાન કાર્ડની નોંધણી કરાવી શકે છે. વધુમાં આ વખતે રાજ્ય સરકાર દ્વારા એન.એફ.એસ.એ. એટલે કે જે લોકો નિઃશુલ્ક રાશન લે છે એ તમામ લોકોની આમાં નોંધણી કરવાનું આપણે ઠરાવ્યું છે. કેન્દ્ર સરકારે પણ એમાં સંમતિ આપી છે. એટલે હવે પછી એન.એફ.એસ.એ. ના જેટલા લાભાર્થી છે એ બધા આયુષ્યમાન કાર્ડ માટે લાભાર્થી બની શકશે.

શ્રી યોગેશ આર. પટેલ: આપના મારફતે એનર્જેટિક આરોગ્ય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આણંદ જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય મા યોજના અંતર્ગત કેટલી હોસ્પિટલો જોડાયેલી છે તેમજ જિલ્લામાં આ યોજના હેઠળ હૃદય, કિડની અને કેન્સરના રોગોના દર્દીઓની સારવાર માટે કેટલી હોસ્પિટલ આવેલી છે?

તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪

તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં કુલ ૪૫ હોસ્પિટલ જોડાયેલી છે. જેમાંથી ૧૮ ખાનગી અને ૨૭ સરકારી હોસ્પિટલ છે. આણંદ જિલ્લામાં પી.એમ.જે.વાય. મા યોજનાથી હૃદયની સારવાર ૯ હોસ્પિટલમાં, કિડનીની સારવાર ૨૬ હોસ્પિટલમાં તેમજ કેન્સરની સારવાર ૬ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : આ આયુષ્યમાન ભારત કાર્ડ યોજના હેઠળ જે દર્દીઓની સારવાર હોસ્પિટલમાં કરવાની હોય અને એમનું ઓપરેશન પ્લાન કર્યું હોય, પરંતુ જયારે ઓપરેશન પ્લાન કર્યું હોય ત્યારે આયુષ્યમાન ભારતની સાઇટ ઉપર તકલીફ હોય એટલે એક્સેસ ના થાય એટલે સમયસર ઓપરેશન થતા નથી અને બીજું, એ ઓપરેશન સકસેસફુલ કર્યા પછી દર્દીને ડિસ્ચાર્જ કરવાનું નક્કી કર્યું હોય ત્યારે કલોઝિંગ આપવું જોઇએ, ત્યારે પણ આ મા આયુષ્યમાન કાર્ડ એક્સેસ થઇ શકતા નથી. આવી વ્યાપક ફરિયાદોના કારણે અનેક ઓપરેશન અને દર્દીઓ રઝળી પડતા હોય છે. તો આ બાબતે જે પ્રોબ્લેમ છે એ સરકારના ધ્યાનમાં છે કે કેમ? અને જો સરકારના ધ્યાનમાં હોય તો તેનું નિરાકરણ કરવા માટે શું પગલાં લેવાયાં છે અને બીજું કે જે હોસ્પિટલો આમાં જોડાયેલી છે એ હોસ્પિટલોને સમયસર પેમેન્ટ થતું નથી અને એમણે પોતે આર્બિટ્રરીલી એનું પેમેન્ટ વીમા કંપનીમાંથી મળવાપાત્ર હોય એમાંથી કાપીને આપવામાં આવે છે, તો એના માટે શું પગલાં લેવાયાં ? તો આ બે મારા પ્રશ્નો છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના બી.આઇ.એસ.માંથી ડેટા શેરિંગ કરતી વખતે ડેટા લોસ થવાના કારણે આવા નાના મોટા ઇસ્યુ ઊભા થાય છે. અન મેપ્ડ કાર્ડ, બ્લોકડ કાર્ડ, કલેઇમ રજૂ થયેલાની જેની ચૂકવણાની વાત કરી. નાણાકીય વર્ષના અંતે ૩૧મી માર્ચે બ્લોક થતા કાર્ડમાં ફેમિલીના મુખ્ય માણસનું કાર્ડ બંધ કરી અને અન્ય સભ્યોના કાર્ડ ચાલુ રહેતા તેના પર કલેઇમ બૂક થયા હોય તેવા. આવા મોટા ભાગના પ્રશ્ન આવે છે. આપણે સતત સંકલન કરીને ઝડપથી આ પ્રશ્નોનો નિકાલ થાય અને તમામ જે આપણી પાસે ૫, ૬ અને ૭ એટલે કે જૂની ઇન્સ્યોરન્સ પોલિસી હતી એમાં પણ મિટિંગ કરીને એનું ચૂકવણું ઝડપથી ચાલુ થઇ જાય અને અત્યારે પેકેજ નંબર ૮ ચાલે છે. એનું પેમેન્ટ પણ ઝડપથી થાય અને ૮માં જે પેમેન્ટ બાકી રહે છે એનું વખતોવખત ફોલોઅપ કરીને પેમેન્ટ ઝડપથી થઇ જાય એની કાર્યવાહી કરીએ છીએ અને મેં કહ્યું એમ ડેટા લોસ થવાને કારણે અથવા તો એ કાર્ડ બી.આઇ.એસ. ઉપર ન દેખાવાને કારણે આવા પ્રશ્નો અત્યારે ઊભા થઇ રહ્યા છે પરંતુ રાજય સરકાર કયાંય કોઇ દર્દીને તકલીફ ના પડે એની સતત તકેદારી રાખી અને જરૂર પડે ત્યાં સૂચના પણ આપેલી છે અને હોસ્પિટલોના જે પેમેન્ટનો વિષય છે એ નિયમિત થઇ જાય એની આપણે તકેદારી રાખીએ છીએ.

**લીમખેડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

***15/4/778 :શ્રી શૈલેષભાઇ સુમનભાઇ ભાભોર (લીમખેડા :(માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| )૧ ( | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | )૧( |

| વર્ષ | વાવેતર )હેક્ટરમાં( |
|---|---|
| ૨૦૨૨–૨૩ | ૨૬૫ |
| ૨૦૨૩–૨૪ | ૧૨૮ |

| | | |
|---|---|---|
| )૨( | તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે? | )૨( |

| વર્ષ | ખર્ચ )રૂ.લાખમાં( |
|---|---|
| ૨૦૨૨–૨૩ | ૧૮૭.૫૬ |
| ૨૦૨૩–૨૪ | ૯૯.૫૩ |

શ્રી શૈલેષભાઇ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તાઃ૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩ અને વર્ષ ૨૦૨૩–૨૪માં કેટલા હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલો છે અને તેના ગામોની સંખ્યા સાથે માહિતી આપો?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લીમખેડાની અંદર સન ૨૦૨૨–૨૩ની અંદર ૧૬ ગામની અંદર લગભગ ૩૨ હજાર જેટલા માનવદિન ઉત્પન્ન થયા છે. એની પાછળ ચૂકવણું રૂ. ૧૧૨.૪૨ કરોડનું કરવામાં આવ્યું છે. એ ગામનાં નામ છે, હાથીયાવન, જેરજીટકર, સીંગાપુર, ડુંગરા, કપાલી, સરજૂમી, પાડલીયા, પરપટા, અંધારી, પાલી, ઉસરા, કોટીયા,

ચીલાકોટા, માંડલી, ખૂંઢા અને અંબા એજ રીતે સન ૨૦૨૩–૨૪ની અંદર તા.૩૧–૧–૨૦૨૩ની સ્થિતિએ લીમખેડાની અંદર ૧૦ ગામની અંદર ૧૪ હજાર જેટલા માનવદિન ઉત્પન્ન થયા છે એની પાછળ લગભગ રૂ. ૬૧.૭૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. ગામનાં નામોમાં બારા પાડલિયા, જેરજીટકર, સરજૂમી, દાફડા, પરપટા, ચીલાકોટા, માંડલી, પટાપુર અને ઉસરા આ ગામો છે.

શ્રી મહેશભાઇ સો. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે લીમખેડા તાલુકામાં છેલ્લાં ૫ વર્ષમાં કરવામાં આવેલ વાવેતરની વિગતો શું શું છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ૫ વર્ષમાં જોઇએ તો લગભગ સન ૨૦૧૮–૧૯ની અંદર ૨૨૫ હેકટરની અંદર કર્યું, સન ૨૦૧૯–૨૦ની અંદર ૧૭૦ હેકટરની અંદર કર્યું, સન ૨૦૨૦–૨૧ની અંદર ૧૪૪ હેકટરની અંદર, ૨૦૨૧–૨૨ની અંદર ૨૨૫ હેકટરની અંદર અને ૨૦૨૨–૨૩ની અંદર ૨૬૫ હેકટરની અંદર. આમ, ૧૦૨૯ હેકટરની અંદર વાવેતર કરવામાં આવ્યું છે.

**રાજકોટ જિલ્લામાં વીડીઓમાંથી એકત્ર કરેલ ઘાસ**

***15/4/781 શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા ) ગોંડલ :(માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧ ( | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં વન વિભાગ દ્વારા વીડીઓમાંથી વર્ષ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪માં કેટલું ઘાસ એકત્ર કરવામાં આવ્યું, અને | )૧( | (see table below) |
| (૨) | તે પૈકી કેટલું ઘાસ ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવ્યું? | (૨) | (see table below) |

)૧(

| વર્ષ | એકત્રિત કરેલ ઘાસ (લાખ કિ.ગ્રા.) |
|---|---|
| ૨૦૨૨–૨૩ | ૩૫.૮૨ |
| ૨૦૨૩–૨૪ | ૭.૫૪ |

(૨)

| વર્ષ | ગોડાઉનમાં સંગ્રહ કરેલ ઘાસનો જથ્થો (લાખ કિ.ગ્રા.) |
|---|---|
| ૨૦૨૨–૨૩ | ૩૫.૮૨ |
| ૨૦૨૩–૨૪ | ૭.૫૪ |

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૨૨–૨૩માં તાલુકાવાર કુલ કેટલું ઘાસ એકત્રિત કરવામાં આવ્યું અને કુલ કેટલા માનવદિન ઉત્પન્ન થયેલ છે અને કેટલી રકમ મજૂરોને ચૂકવણું કરવામાં આવી?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં તાલુકાનું નામ કોટડા સાંગાણીની અંદર એકત્રિત કરેલ ઘાસ ૧.૫૦ લાખ કે.જી. એમાં લગભગ ૨૬૦૦ જેટલા માનવદિન ઉત્પન્ન થયા છે અને રૂ.૯.૨૪ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું છે. લોધિકા તાલુકાની અંદર ૫ લાખ કિલોગ્રામ, એની અંદર ૮૬૬૭ માનવદિન ઉત્પન્ન થયા એની પાછળ રૂ.૩૦.૭૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. પદદળીની અંદર ૦.૯૫ લાખ કિલોગ્રામ ઘાસ ઉત્પન્ન થયું છે એની પાછળ ૧૬૫૦ માનવદિન ઉત્પન્ન થયા છે અને રૂ.૭.૮૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. એ જ રીતે રાજકોટની અંદર ૨.૪૬ લાખ કિલોગ્રામ ઉત્પન્ન કર્યું છે એની અંદર ૪૨૫૪ માનવદિન ઉત્પન્ન થયા છે. એની પાછળ રૂ.૧૫.૧૧ લાખનો ખર્ચ થયો છે. ગોંડલમાં ૧૫.૫ કિલોગ્રામની અંદર ૨૪૨૫૨ માનવદિન ઉત્પન્ન થયા છે અને રૂ.૮૬.૬૭ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. જામકંડોરણાની અંદર જોઇએ તો ૩.૩૫ લાખ એની પાછળ ૫૩૯૮ માનવદિન ઉત્પન્ન થયા છે અને રૂ.૧૯.૧૮ લાખ રૂપિયાનો ખર્ચો થયો છે. એ જ રીતે ઉપલેટામાં ૨.૬૦ લાખ કિલોગ્રામ ઘાસ અને ૪,૧૮૯ માનવદિન ઉત્પન્ન થયા છે અને એની પાછળ રૂપિયા ૧૪.૮૮ લાખનો ખર્ચ થયો છે. જસદણમાં ૩.૪૧ લાખ કિલોગ્રામ ઘાસ ઉત્પન્ન થયું છે અને ૪,૬૨૨ માનવદિન ઉત્પન્ન થયા છે અને એની પાછળ રૂપિયા ૨૨.૮૩ લાખનો ખર્ચ થયો છે. વિંછીયામાં ૧.૫૦ લાખ કિલોગ્રામ ઘાસ સાથે ૨,૮૨૯ માનવદિન ઉત્પન્ન થયા છે અને એની પાછળ ૧૦.૫ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. આમ કુલ જોઇએ તો ૩૫.૮૨ લાખ કિલોગ્રામ ઘાસ ઉત્પન્ન થયું છે અને ૬૦,૨૫૯ માનવદિન ઉત્પન્ન થયા છે અને કુલ રૂપિયા ૨૧૪.૧૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલી અનામત વીડી અને કેટલી બિનઅનામત વીડી આવેલ છે અને તેનો કુલ વિસ્તાર કેટલો છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં રાજકોટની અનામત વીડી ની વાત કરીએ તો ૭ અનામત વીડી છે અને કુલ વિસ્તાર ૨૪૭૮.૪૫ હેકટર છે. લોધિકામાં ૨ વીડી છે અને ૬૪૬.૯ હેકટર વિસ્તાર છે. કોટડા–સાંગાણીમાં ૧ વીડી છે અને ૧૪૪.૫૧ હેકટર વિસ્તાર છે. જસદણમાં ૩ વીડી છે અને ૫૦૦.૧ હેકટર વિસ્તાર છે. ઉપલેટામાં એક વીડી છે અને ૧૬૨.૨૫ હેકટર વિસ્તાર છે. જેતપુરમાં કોઇ બિનઅનામત વીડી નથી. જામ કંડોરણામાં એક વીડી છે અને ૧૬૦.૪૬ હેકટર વિસ્તાર છે. ધોરાજીમાં કોઇ અનામત વીડી નથી. પડધરીમાં એક વીડી આવેલ છે અને ૨૧૨.૬ હેકટર

વિસ્તાર છે. આમ, કુલ ૧૯ જેટલી અનામત વીડીઓ આવેલી છે અને કુલ ૬૮૨૯.૬૩ હેક્ટર વિસ્તારમાં આવેલ છે. એ જ રીતે બિનઅનામત વીડી જોઇએ તો રાજકોટમાં ૨૦ જેટલી આવેલ છે અને ૧૧૫૨ હેક્ટર વિસ્તારમાં છે. લોધિકામાં ૧ વીડી છે અને ૩૮.૫૨ હેક્ટર વિસ્તાર છે. કોટડા સાંગાણીમાં ૬ વીડી ૩૫૦.૮૪ હેક્ટરમાં આવેલ છે. જસદણમાં ૩૦ વીડી ૧૫૫૯.૧૭ હેક્ટરમાં આવેલી છે. ગોંડલમાં ૭૪ વીડી ૭૧૬.૧૫ હેક્ટરમાં આવેલી છે. ઉપલેટામાં ૯ વીડી ૩૧૬.૮૧ હેક્ટરમાં આવેલી છે. જેતપુરમાં ૮ વીડી ૨૩૮.૨૧ હેક્ટરમાં છે. જામકંડોરણામાં ૬ વીડી ૨૧૯૫ હેક્ટરમાં આવેલી છે. ધોરાજીમાં ૧૦ વીડી ૩૩૮.૨૩ હેક્ટરમાં આવેલી છે. પડધરીમાં ૯ વીડી ૨૬૭.૮૬ હેક્ટરમાં આવેલી છે. આમ, કુલ બિનઅનામત વીડી ૧૨૩ જગ્યા પર આવેલી છે અને ૫૦૫૬.૭ હેક્ટરમાં આવેલી છે. રાજકોટમાં કુલ અનામત અને બિનઅનામત મળીને ૧૪૨ વીડીઓ ૧૧,૮૮૫ હેક્ટરમાં આવેલી છે.

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય–મા યોજના**

*** 15/4/618 શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા** (બાયડ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય–મા અંતર્ગત કેટલા કાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યા, અને | )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં ૨,૧૨,૩૫૨ અને સાબરકાંઠા જિલ્લામાં ૨,૭૨,૧૬૩ કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા. |
| (૨( | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત યોજનાનો કેટલા લોકોએ લાભ લીધો અને કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨( | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત યોજનાનો અરવલ્લી જિલ્લામાં ૧૩,૨૭૦ લોકોએ લાભ લીધો અને રૂ.૩૦.૦૨ કરોડ ચૂકવવામાં આવ્યા તેમજ સાબરકાંઠા જિલ્લામાં ૫૩,૧૯૦ લોકોએ લાભ લીધો અને રૂ.૧૧૬.૧૮ કરોડ ચૂકવવામાં આવ્યા. |

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી પહેલા તો આ ગૃહને જણાવતા આનંદ વ્યક્ત કરું છું કે, પી.એમ.જે.વાય. અંતર્ગત રૂ.૧૦ લાખની સહાય આપવામાં આવે છે. આવો ઉમદા વિચાર માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને આવ્યો છે એ બદલ શુભેચ્છા અને અભિનંદન પાઠવું છું. કારણ કે ગરીબ પરિવારને જો આ સહાય આપવામાં ન આવી હોત તો ખેડૂતે જમીન ગીરવે મૂકવી પડતી અથવા માતાએ ઘરેણાં વેચવા પડતાં. આથી હું અભિનંદન પાઠવું છું. મારો પ્રશ્ન છે કે, અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય મા યોજના અંતર્ગત કેટલી હોસ્પિટલો જોડાયેલી છે? સાહેબ, એક–બે મારાં સૂચન છે કે આધાર ડેટા પ્રમાણે કાર્ડ બને તો પ્રોબ્લેમ ઓછા આવે. કારણ કે રશેનકાર્ડ અને આધારકાર્ડનાં નામમાં વિસંગતતાના કારણે ક્યાંક નાના મોટા પ્રોબ્લેમના કારણે કોઇક હેરાન થતા હોય છે. સાહેબ, તાલુકા અને પી.એચ.સી. લેવલ પર આધારકાર્ડ બને અને નાના મોટા સોફ્ટવેરના પ્રોબ્લેમ સોલ થાય તો ઝડપથી કામ થાય.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધવલભાઇએ આયુષ્યમાન મા કાર્ડની વાત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ એક એવું પ્લેટફોર્મ અને રાજ્ય છે કે ભારતને દિશા બતાવે છે. મા કાર્ડ, મા વાત્સલ્ય કાર્ડ અહીંથી જ ચાલુ થયું હતું અને આજે આખા દેશને સીધો લાભ મળી રહ્યો છે. કેટલીય એવી યોજનાઓ કે જે ભારતને લાગુ થઇ રહી છે. પરંતુ લાભ તો પહેલા લઇ લીધો છે. એ જ રીતે આ આયુષ્યમાન કાર્ડ સમગ્ર ભારતમાં જ્યારે આપવામાં આવ્યું છે અને રાજ્યએ તો બહુ સમયસર એટલે વર્ષ ૨૦૧૨ અને વર્ષ ૨૦૧૪માં આનો અમલ કરી દીધો હતો. પરંતુ એના પછી એ વખતે જે રકમ હતી એમાં આપણે ઉત્તરોત્તર વધારો પણ કર્યો છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીએ રૂપિયા ૫ લાખની કુલ દર્દી સહાય અને એની સામે આ વર્ષે એટલે ચૂંટણી પછીના તરત જ રૂપિયા ૧૦ લાખની દર્દીને રકમ મળે એ પ્રકારની આપણે જોગવાઇ કરી છે અને ખૂબ બધી હોસ્પિટલો અને ખાનગી હોસ્પિટલો પણ આમાં એમ્પેનલ થઇ છે. સરકારમાં તો આપણે કરીએ જ છીએ. પરંતુ ખાનગી અને સરકાર બંને મળીને દર્દીઓની સેવા કરે એવા સુંદર મોડલનું ગુજરાતમાં આયોજન થયું છે. ભાઇશ્રી ધવલભાઇએ પૂછ્યું એમાં મા યોજના અંતર્ગત અરવલ્લીની અંદર કુલ ૫૯ હોસ્પિટલો છે જેમાં ૧૫ ખાનગી હોસ્પિટલો જે તે સ્પેશિયલાઇઝ સારવાર માટે આપણે એમ્પેનલ કરીને એની સારવાર આપે છે. સાથે સાથે ૪૪ સરકારી હોસ્પટલોમાં આયુષ્યમાન મા કાર્ડ સ્વીકારીએ છીએ અને એ પ્રમાણે દર્દીને મફત સારવાર મળે એની સગવડ કરી છે. સાબરકાંઠામાં કુલ ૯૧ હોસ્પિટલમાંથી ૨૯ ખાનગી અને ૬૨ સરકારી હોસ્પિટલ છે. આમ, અરવલ્લિ, સાબરકાંઠામાં નહીં, પરંતુ ગુજરાતના પ્રત્યેક જિલ્લાની અંદર ખાનગી હોસ્પિટલો જે સ્પેશિયલાઇઝ સારવાર મા કાર્ડ અંતર્ગત જે દરો નક્કી કર્યા છે એ દરો પ્રમાણે આપવા માગતા હોય તો આપણે ઈન્સ્પેકશન કર્યા પછી આપણા નોર્મ્સ પ્રમાણે એમ્પેનલ કર્યા પછી એ લોકો સારવાર આપી શકે છે. આમ સુંદર મોડલ ખાનગી અને સરકારી બંનેનું ભેગા મળી આ આયુષ્યમાન મા કાર્ડનું મોડલ આપણે મૂક્યું છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ મારફતે હોસ્પિટલ ચાલે છે. સૌથી પહેલા તો વિનંતી એટલા માટે કરવાની છે કે ત્યાં હોસ્પિટલમાં દર્દીઓ છે, અદ્યતન હોસ્પિટલ પણ છે. પરંતુ ત્યાં એક એક્સ–રે જેવી વસ્તુ પણ નથી એના લીધે દર્દીઓને મુશ્કેલી પડે છે

અને એ દર્દીઓને પાલનપુર લઇ જવામાં આવે છે. સૌથી પહેલો મારો પ્રશ્ન એ છે કે, એક્સ–રે મશીન ત્યાં વસાવવા માગો છો કે કેમ? બીજું, અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ મારફતે હોસ્પિટલ ચાલે છે ત્યાં સ્ટાફની બહુ મોટી ઘટ છે. એ વિસ્તારનો છું એટલે હું જાણું છું એટલા માટે સૌથી પહેલા સ્ટાફની ઘટ પૂરવા માગો છો કે કેમ? દર્દીઓ માટે ડોક્ટરો બહારથી લાવવા પડે છે તો સ્થાનિક ડોક્ટરથી ઘટ પૂરી થાય તો દર્દીઓને મોટો ફાયદો થાય.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન મા યોજનાનો છે. એમણે અંબાજીનો સ્પેસિફિક પ્રશ્ન પૂછ્યો છે એટલે કેટલા ડોક્ટરો છે, ઘટ છે, એક્સ–રે મશીન નથી એ બાબતનો પ્રશ્ન કરી રહ્યાં છે. એટલે સ્વાભાવિક આ અંબાજી ખાતેની હોસ્પિટલની વિશેષ વિગતો મારી પાસે ઉપલબ્ધ ન હોય. એટલે એ જો અલગથી નોટિસ આપીને અને કદાચ એ સીધા પણ મને આવીને પૂછે તો હું એમને બિલકુલ સ્પષ્ટ અને કેટલી ઝડપી આપણે ત્યાં અંબાજી જેવા આદિવાસી વિસ્તારમાં રાજ્ય સરકારનું ફોકસ રહ્યું છે કે વધુમાં વધુ સારવાર મળે એના માટે રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગ કોશિશ કરી રહ્યો છે. એટલે કોઇ પણ પ્રશ્ન અંબાજીનો હોય કે દાંતાનો હોય ચોક્કસ તમે લઇને આવજો. એમાં આગળ વધીને સરકાર ફ્રન્ટ ફૂટ પર એ કામ કરશે.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્નની અહીંયાં થોડીક ગંભીરતાથી રજૂઆત થઇ ગઇ છે એવું સમજીને આગળ લેજો.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, કોરોના કાળ પછી આપણા દેશના પ્રધાનમંત્રી મોદી સાહેબે દુનિયામાં એક નવો રસ્તો કાઢીને સરસ મા કાર્ડ કાઢ્યું અને એના કારણે સામાન્ય દર્દીઓ પણ સારી હોસ્પિટલમાં સારવાર કરે છે અને નવી સરકાર આવતા પછી તરત જ મુખ્યમંત્રીશ્રી અને આરોગ્યમંત્રીશ્રીએ રૂપિયા પાંચ લાખ બીજા વધારી અને રૂપિયા ૧૦ લાખ જેવી માતબર રકમ અહીંયા દાખલ કરીને લોકોને લાભ આપ્યો છે એ માટે એમનો આભાર માનીએ છીએ અને મારો પ્રશ્ન એ છે કે હિંમતનગરમાં આવી કેટલી ખાનગી હોસ્પિટલો છે કે જેને આ પાવર આપવામાં આવ્યો છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હિંમતનગરમાં એટલે સાબરકાંઠામાં કુલ ૯૧ હોસ્પિટલ છે. ૨૯ ખાનગી અને ૬૨ સરકારી હોસ્પિટલ છે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન તો સાબરકાંઠા અને અરવલ્લી પૂરતો છે પણ માનનીય મંત્રીશ્રીએ જયારે સમગ્ર ગુજરાતનો જવાબ આપ્યો તો હું આપના માધ્યમથી જાણવા માગું છું કે મા કાર્ડ અને આયુષ્યમાન કાર્ડનો લાભ છેવાડાના લોકો સુધી મળે છે તો કચ્છ જિલ્લાની અંદર જિલ્લા સરકારી હોસ્પિટલ જે છે ત્યાં એ લાભ સરકારી હોસ્પિટલમાં પી.પી.પી. મોડલથી ચાલતી સરકારી હોસ્પિટલમાં આપવા માગો છો કે કેમ? કારણ કે આખા જિલ્લામાં આ લાભ મળતો નથી તો સરકારી રાહે આપવા માગો છો કે કેમ**?**

અધ્યક્ષશ્રી : આપની પાસે વિગત હોય તો આપો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિગત નથી પરંતુ જેટલી પણ સરકારી હોસ્પિટલ છે અથવા તો બ્રાઉન ફીલ્ડ અથવા તો ગ્રીન ફીલ્ડ મેડિકલ કોલેજો જયાં પણ આપણી અસ્તિત્વ ધરાવે છે બધાની અંદર આ પી.એમ.જે.વાય. એફિલેટેડ છે.

**બોટાદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ અને સરકારી મેડિકલ કોલેજ બનાવવા બાબત**

***15/4/1196 શ્રી ઉમેશભાઈ નારણભાઈ મકવાણા** (બોટાદ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧( તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ અને સરકારી મેડિકલ કોલેજ માટેની જમીન કઈ જગ્યાએ ફાળવવામાં આવેલ છે, | )૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ બોટાદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજ બનાવવા માટે મોજે નાંગલપુર ગામ ખાતે સર્વે નંબર–૧૯૬/૧ અ/૧પૈકી૧ તથા સર્વે નંબર–૧૯૬/૧ અ/૧ પૈકી ૧૫ની જગ્યા ફાળવવામાં આવેલ છે. |
| )૨( આ સિવિલ હોસ્પિટલ અને સરકારી મેડિકલ કોલેજનું કામ ક્યા તબક્કે છે . | )૨( આરોગ્ય નીતિ –૨૦૧૬ અંતર્ગત રાજ્યના બોટાદ જિલ્લા ખાતે નવી સ્વનિર્ભર )બ્રાઉન ફીલ્ડ(મેડિકલ કોલેજ શરૂ કરવા માટે ઇચ્છુક સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવેલ છે .જે વિચારણા હેઠળ છે . |
| )૩ ( સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજના બાંધકામ માટે નાણાકીય વર્ષ–૨૦૨૩–૨૪ માટે કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી, અને | )૩( રૂ.૫૦ લાખની ટોકન જોગવાઈ કરવામાં આવેલ છે . |
| )૪( ઉક્ત કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે. | )૪( હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, મારો બોટાદ જિલ્લો બન્યો એને ૧૩ વર્ષ કરતા વધુ સમય થયો છે. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ અને સરકારી મેડિકલ કોલેજ માટેની જમીન કઇ જગ્યાએ ફાળવવામાં આવી છે? મારો બીજો પ્રશ્ન છે કે આ સિવિલ હોસ્પિટલ અને સરકારી મેડિકલ કોલેજનું કામ કયા તબક્કે પહોંચ્યું છે? ત્રીજો પ્રશ્ન છે સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજના

બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ માટે કેટલી રકમની જોગવાઇ કરવામાં આવી છે અને આ કામ કયારે પૂરું કરવામાં આવશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બોટાદ જિલ્લામાં જમીનની કાર્યવાહી આપણે સંપૂર્ણ કરી છે. મોજે નાંગલપુર ગામ ખાતે સરકારી પડતર સરવે નંબર ૧૯૬/૧/એ પૈકી એકની ૬૨૨૨૧ ચોરસમીટર અને ગૌચર સરવે નંબર ૧૯૬/૧/એ પૈકી ૧૫ની ૧૮૭૭૯ ચોરસમીટર એમ કુલ ૮૧૦૦૦ ચોરસ મીટર જમીન વહીવટી હુકમ હેઠળ તબદીલ કરવા માટે તા.૨૭–૭–૨૦૨૩ના મહેસૂલ વિભાગના પત્રથી મંજૂરી આપી છે. અગાઉ બોટાદ સિટીના સરવે નંબર ૩૫ પૈકીમાંથી ફાળવેલ જમીન તા.૨૪–૨–૨૦૨૨ના હુકમથી રદ કરેલી છે અને બોટાદની અંદર આપણે મેડિકલ કોલેજ બનાવવા માટે બ્રાઉન ફીલ્ડમાં ઇન્વાઇટ પણ કર્યા છે. અરજીઓ પણ આવેલી છે. ખૂબ ઝડપથી ત્યાં મેડિકલ કોલેજ અને અદ્યતન સારવાર આપતી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ પણ એ બ્રાઉન ફીલ્ડ કોલેજ જેને અપાઇ એ ઊભી કરશે અને એન.એમ.સી.ના નોર્મ્સ પ્રમાણે એ હોસ્પિટલ એણે ઊભી કરવી પડતી હોય છે અને સરકારી મેડિકલ કોલેજ એ ઊભી કરશે. એ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ આમ તો જિલ્લા કક્ષાની જો ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ હોય તો એમાં જે મહેકમ હોય એના કરતા પણ મેડિકલ કોલેજ આવે એટલે એમાં ભણાવવા માટેનું સુપર સ્પેશ્યાલિટી મહેકમ પણ વધારે હોય છે. આમ બોટાદ જિલ્લાને ખૂબ મોટી સગવડ આવતા સમયમાં મળી રહેશે.

શ્રીમતી સેજલબેન રા. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સરકારશ્રીએ બોટાદ ખાતે મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ બનાવવા માટે કોઇ અરજીઓ મંગાવેલ છે કે કેમ, અને જો હા તો કેટલી અરજીઓ મળેલ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બોટાદ જિલ્લામાં કુલ ૫(પાંચ) અરજીઓ મળેલ છે. જેમાં એક અરજદારે ફી ભરેલ નથી એટલે તેમની અરજી માન્ય રાખી નથી. અન્ય ચાર અરજદારોની અરજીઓ અગ્ર સચિવશ્રીની અધ્યક્ષતામાં બનેલ રાજ્યકક્ષાની સમિતિ દ્વારા ચકાસણી કરવાની રહે છે. ત્યારબાદ સમિતિની ભલામણ અન્વયે રાજ્ય સરકાર દ્વારા પાત્રતા ધરાવતા વ્યક્તિ અથવા તો સંસ્થા નક્કી કરવામાં આવશે.

શ્રી ગૌતમભાઇ ગો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ૫૦ ટકા જવાબ મને મળી ગયો છે છતાં આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બોટાદ જિલ્લામાં મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ બનાવવા માટે સરકારશ્રી દ્વારા ક્યારે નિર્ણય લેવામાં આવ્યો છે અને સરકારશ્રી કઇ નીતિ અંતર્ગત આ મેડિકલ કોલેજ બનાવવા માગે છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૨૯–૦૫–૨૦૨૩ના ઠરાવથી બોટાદ જિલ્લામાં બ્રાઉન ફીલ્ડ મેડિકલ કોલેજ સ્થાપવાપાત્ર વિસ્તારનો જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. આરોગ્ય નીતિ ૨૦૧૬ અંતર્ગત રાજ્યમાં સરકારી હોસ્પિટલો ખાતે નવી સ્વ–નિર્ભર બ્રાઉન ફીલ્ડ મેડિકલ કોલજોની સ્થાપના કરવા માટે પ્રોત્સાહક યોજના હેઠળ મેડિકલ કોલેજ બનાવવામાં આવશે.

**સરકારી કોલેજોમાં મદદનીશ પ્રાધ્યાપક વર્ગ–૨ની જગ્યાઓ**

***1115/4/15 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ**) વાંસદા: (૧૫ મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૮–૦૩–૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *પ્રશ્ન ક્રમાંક :૩૨૭૯ )અગ્રતા–૧૦૨(ના અનુસંધાને **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| )૧( | રાજ્યમાં સરકારી કોલેજોમાં મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨ની ૪૩૩ જગ્યાઓ ખાલી હતી તે વહીવટી અનુકૂળતા અનુસાર ભરવાની હતી તો તે પૈકી તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી, | )૧( | ૮૬ |
| )૨( | ઉક્ત સ્થિતિએ મદદનીશ પ્રાધ્યાપક વર્ગ–૨ની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને | )૨( | ૩૬૩ |
| )૩( | ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે **?** | )૩( | બનતી ત્વરાએ |

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સરકારી કોલેજમાં મદદનીશ પ્રાધ્યાપકોની કેટલી જગ્યાઓ ખાલી છે, તે જગ્યા છેલ્લા કેટલા સમયથી ખાલી છે? તે પૈકીની આ જગ્યાઓ ૨–૩– કે ૫ વર્ષથી વધુના સમયથી ખાલી છે? બીજો પ્રશ્ન એ છે કે, સરકારી કોલેજોમાં નાના વર્ગના છોકરાઓ ભણતા હોય ત્યારે આ વિદ્યાર્થીઓના ભણતર પર વિપરીત અસર ન પડે તે માટે ચોક્કસ સમય સુધીમાં આ જગ્યા ભરવા માગો છો કે કેમ?

માઘ ૨૪,૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા :માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે કે, તા.૩-૧૨-૨૦૨૩ની સ્થિતિએ મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨ની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે? તેના જવાબમાં કહું તો મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨ની કુલ ૪૩૩ જગ્યાઓ ખાલી હતી. વર્ષ ૨૦૨૩માં ૮૬ મદદનીશ પ્રાધ્યાપકોની નિમણૂક આપી છે. સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો કે, આ જગ્યાઓ કયારે ભરવામાં આવશે? અત્યારે હાલ રોસ્ટર અદ્યતન કરવાની કાર્યવાહી પૂર્ણતાને આરે છે. તે મુજબ ૩૩૬ જગ્યાઓ ભરવા માટે માગણાપત્રક ગુજરાત જાહેર સેવા આયોગ સ્તરે મોકલી સત્વરે કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન એ છે કે, આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, કેટલા સમયથી આ જગ્યાઓ ખાલી છે?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, અધ્યાપકો બીજી યુનિવર્સિટીમાં જવાથી, અધ્યાપકોના મૃત્યુ થવાથી ૧૬ જગ્યા ખાલી પડી છે. પાંચ કોલેજો મંજૂર કરવામાં આવી છે તેની જગ્યાઓ ખાલી છે અને રોસ્ટર પદ્ધતિના આધારે ક્રમવાઇઝ ભરવામાં આવશે.

અધ્યક્ષશ્રી : આપશ્રી એની વિગતો માનનીય સભ્યશ્રીને પછી આપશો. આપ કહો તે બરાબર છે. આપે કહ્યું તે પ્રમાણે તે જાણકારી તેમની પાસે ન હોય તો તે આપને પહોંચતી કરશે. સમયની વિગત આપને પહોંચતી કરશે.

શ્રી જે. વી. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજ્ય સરકાર દ્વારા સરકારી કોલેજોમાં છેલ્લાં બે વર્ષમાં કેટલા મહત્ત્વના વિષયો ઉપર મદદનીશ પ્રાધ્યાપક ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ની ભરતી કરવામાં આવેલ છે?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષની અંદર મહત્ત્વના વિષયોમાં ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ની ભરતી કરવામાં આવી છે. સરકારી કોલેજમાં છેલ્લાં બે વર્ષમાં ૨૧ મહત્ત્વના વિષયો પર કુલ ૩૪૫ મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨ જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામેલ ઉમેદવારોની ભરતી કરવામાં આવી છે.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે તે પ્રમાણે ૪૩૩ જગ્યાઓમાંથી ૮૬ જગ્યાઓ ભરાઇ છે અને ૩૬૩ જગ્યાઓ ખાલી છે. જે રીતે જવાબ આપવામાં આવ્યો છે તે મુજબ ૪૩૩ માંથી ૮૬ જગ્યાઓ ભરાઇ હોય તો ૩૪૭ જગ્યાઓ ખાલી રહે. તો ૩૬૩ બતાવી છે એટલે ૧૭ જગ્યાઓની વધ-ઘટ આંકડામાં દેખાય છે તો માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ આંકડામાં જે ભૂલ છે એનું કારણ શું છે? અથવા તો પછી જવાબ છાપવામાં કોઇ મિસ્ટેક છે?

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ વાત કરી એમાં મેં કહ્યું તેમ ૧૬ અધ્યાપકો બીજી યુનિવર્સિટીમાં જવાથી અથવા તો કોઇ મૃત્યુ પામવાથી આમ થયું છે. આમ જોતા મંજૂર મહેકમમાંથી ૮૦ ટકા જગ્યા ભરવામાં આવે છે અને જે ખાલી જગ્યા છે અને જે નવી કોલેજ છે એમાં ત્વરિત મહેકમ વધારવામાં આવ્યું છે અને એ જગ્યા પર વિદ્યાર્થીઓનું શિક્ષણ ન બગડે તે માટે જ્યાં સુધી રોસ્ટર અમલીકરણમાં આવે અને માંગણાપત્રક અનુસાર નિમણૂક આવે ત્યાં સુધી મુલાકાતી વ્યાખ્યાતાઓની નિમણૂક માટેની સરકારે વ્યવસ્થા કરી છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ ભંગીર વિષય એટલા માટે છે કે, ગઇ કાલે પણ પ્રશ્નોતરીમાં આપણે ચર્ચા થઇ કે પ્રાથમિક શાળામાં ૨૦ હજાર કરતા વધારે જગ્યાઓ ખાલી છે, માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળામાં પણ ૧૩ હજાર કરતા વધારે જગ્યાઓ ખાલી છે અને કોલેજોમાં પણ જગ્યાઓ ખાલી છે. જવાબમાં આપ્યું છે કે, ૪૩૩ ખાલી હતી તેમાંથી ૮૬ જગ્યાઓ જ આપણે એક વર્ષમાં ભરી શક્યા છીએ ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, આપણે ભરતી કેલેન્ડર બનાવીએ છીએ અને તેમાં દર વર્ષે આટલી જગ્યાઓ ભરીશું એ માટેની તારીખ નક્કી કરીને આખી પ્રક્રિયા કરીએ છીએ. ભલે પ્રક્રિયા લાંબી હોય પણ ભરતી કેલેન્ડર ફિક્સ છે તો આપણે વર્ષ ૨૦૨૪-૨૫માં કેટલી જગ્યાઓ ભરવા માટેનું આયોજન છે? અથવા નેકસ્ટ એક, બે કે ત્રણ વર્ષ માટેનું આપણું આયોજન શું છે? આપણે ખાનગી યુનિવર્સિટીઓની મંજૂરીઓ આપવામાં જેટલી પ્રાથમિકતા આપીએ છીએ એટલી પ્રાથમિકતાથી આ જગ્યાઓ ભરવા માગીએ છીએ કે કેમ?

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે ચિંતા વ્યક્ત કરી એ માટે સરકાર પણ ખૂબ જ ગંભીરતાથી વિચારણા અને ચિંતા કરી રહી છે. આપે કહ્યું કે, પ્રાઇવેટ યુનિવર્સિટી કે કોલેજોને મંજૂરીઓને પ્રાથમિકતા આપવામાં આવે છે તો એવું નથી. ૫ કોલેજો અને ૫ કોલેજોના ભવનો માટેની મંજૂરી આપી છે જેથી કરીને નવા ૬૬ અધ્યાપકોની નિમણૂક માટેની માગણી આવી છે. એમનો બીજો પ્રશ્ન છે કે જગ્યાઓ ભરાતી નથી પરંતુ મેં આગળ પણ જવાબ આપ્યો એ મુજબ રોસ્ટરની કાર્યવાહી નવા નિયમ મુજબ પૂર્ણતાને આરે છે એ પૂર્ણ થઇને ન આવે ત્યાં સુધી અધ્યાપકોની ઘટ હતી ત્યાં આપણે મુલાકાતી અધ્યાપકોની નિમણૂક કરવાની કાર્યવાહી કરી છે જેથી શિક્ષણ કાર્યમાં કોઇ મુશ્કેલી ન પડે. ૩૩૬ જગ્યાઓ માટેના માગણા પત્રક પણ ગયા છે અને રોસ્ટર અદ્યતન થઇ જશે એટલે તુરત આપણે એ જગ્યાઓ ભરી દઇશું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું છે કે, આપણું ભરતી કેલેન્ડર ફિકસ હોય છે ત્યારે વર્ષ ૨૦૨૪-૨૫ અને વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષમાં કેટલી જગ્યાઓ ભરવાનું આયોજન છે?

## તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## તારાંકિત પ્રશ્નો

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, કુલ મળીને ૨૧૦ નવી જગ્યાઓની ભરતી માટેના માગણાપત્ર મોકલેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, અમે જ્યારે અભ્યાસ કરતા ત્યારે ૧થી ૪ ધોરણમાં એક શિક્ષક હોય એ રીતે હું પોતે ભણેલો છું એ બહુ અઘરું હોય છે. એટલે અહીંયા એક ક્લાસ એક શિક્ષકની વાત છે અને માનનીય સભ્યશ્રીએ વાત કરી એ પ્રમાણે જ્યાં ખાલી રહેતી હોય તો જેટલું બને એટલું જલદી કરાવો. મારી તમને વિનંતી છે કે આ સમયમાં કલાસવાઇઝ વ્યવસ્થા આપણે કરવી જોઇએ. (અંતરાય) એવું નથી. આપે ગઇ કાલે મીડિયાને પણ માહિતી આપી. મેં માનનીય મંત્રીશ્રીને પૂછાવ્યું,તેમણે મને જે માહિતી આપી છે તે એવી માહિતી આપી કે એમણે ૧૦ વિદ્યાર્થી વચ્ચે, ૩૦ વિદ્યાર્થી વચ્ચે, ૪૦ વિદ્યાર્થી વચ્ચે અને વધુમાં વધુ ૬૦ વિદ્યાર્થીઓ વચ્ચે આ ટાઇપના એક કલાસની જે સ્કૂલ છે તેના માટે એક શિક્ષકની સ્કૂલની વાત તેમણે કરી છે. એમણે એવું નથી કહ્યું કે બે ક્લાસના ૧૦૦ વિદ્યાર્થી, ૧૫૦ વિદ્યાર્થીઓ હોય અને તેની વચ્ચે એક શિક્ષક છે એવું નથી. મેં તેમને પૂછ્યું કે આવી માહિતી તમે કેમ આપી? મેં ગઇકાલે જ માનનીય મંત્રીશ્રીને વાત કરી એટલે આ તો અહીંયા ઉલ્લેખ કર્યો એટલા માટે મેં આપના ધ્યાન ઉપર મૂકયું છે કે હકીકતે રેકર્ડ તે પ્રમાણેનું નથી.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હમણાં જ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, નવી સરકારી કોલેજો આપવામાં આવી છે ત્યારે માનનીય મંત્રીશ્રીને મારે પૂછવું છે કે, વર્ષ ૨૦૧૭માં પણ મેં માગણી કરેલી છે. વર્ષ ૨૦૧૮માં મારી આખી વિધાનસભામાં બે તાલુકા બાયડ અને માલપુર એમાં માત્ર એક આરસદ કોલેજ છે તો મારી વર્ષોથી કોમર્સ કોલેજ અને સાયન્સ કોલેજની માગણી છે અને માલપુર તાલુકામાં એક આર્ટસ અને કોમર્સ કોલેજની માગણી છે તો એ આપવા માગો છો કે નહીં?

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨–૨૩માં આપણે છ નવી સરકારી કોલેજ આપી જેમાં સરકારી વિજ્ઞાન કોલેજ વરાછા, સરકારી વિજ્ઞાન કોલેજ જસદણ, સરકારી વિજ્ઞાન કોલેજ બગસરા, સરકારી વિજ્ઞાન કોલેજ સંતરામપુર, સરકારી વિનયન અને વાણિજ્ય વિજ્ઞાન કોલેજ લીંબાચા, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ પાલીતાણા. સાહેબ આ છ કોલેજ જે વિસ્તારની, જે તાલુકાની તેની આસપાસની કોલેજ કેટલી દૂર છે તે પ્રમાણે અમે લઇએ છીએ. આ માનનીય સભ્યશ્રીનું સૂચન છે અમે ચોક્કસ એ બાબતમાં વિચારીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, તેમણે કહ્યું કે રોસ્ટર એક્ટ, રોસ્ટર મુજબ જે જગ્યાઓ ભરવાની થાય તો રોસ્ટર એક્ટ એવું કહે છે કે દર વર્ષે રોસ્ટરની જે બુક છે, રોસ્ટરના ચોપડામાં થવું જોઇએ પણ રોસ્ટર એક્ટની અંદર દર વર્ષે તમામ ડિપાર્ટમેન્ટમાં આ ખાલી એજયુકેશનની વાત નથી. રોસ્ટર એક્ટનો અમલ થયા પછી તેની જે બુકલેટ ક્લિયર કરવી જોઇએ તે કરતા નથી તે કારણોસર પણ તમે જે કારણ આપી રહ્યાં છો તે કારણની અંદર રોસ્ટર મુજબ તમે જે ભરતીના આધારે કહો છો તો એવી કેટલી જગ્યાઓ ખાલી છે? અને બીજું, ખાસ કરીને આપે જે કહ્યું છે કે સરકારી કોલેજોમાં વર્ગ–૨માં ૪૩૩ની છે એ સંખ્યાના આધારે કુલ કેટલું મહેકમ છે? હાલ કુલ કેટલા મહેકમના આધારે છે?

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, કુલ મહેકમ ૧૭૦૦ની અંદર ૮૦ ટકા ભરાયેલી છે અને નવા પ્રમાણે ૧૫૦ પ્લસ ૬૬ એટલે ૨૧૬ નવી જગ્યા મંજૂર કરવામાં આવી છે અને જે માનનીય સભ્યશ્રી પૂછી રહ્યા છે રોસ્ટરની જે પદ્ધતિ છે તેને અદ્યતન કરીને ભવિષ્યમાં ટેકનિકલ બાબતમાં ખામી ના આવે તે પ્રમાણે વિચારી રહ્યા છીએ.

**રાજ્યમાં સિંહ સંરક્ષણ માટે સહાય**

*** 1102/4/15શ્રી ડૉ .તુષાર અમરસિંહ ચૌધરી** ) ખેડબ્રહ્મા :( પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૮–૦૨–૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *પ્રશ્ન ક્રમાંક :૪૧૪ )અગ્રતા–૩૮(ના અનુસંધાને **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| )૧ ( સિંહના સંરક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસે જુલાઇ–૨૦૨૨ના ૧૨ બાબતો માટે નાણાકીય સહાય માંગવામાં આવેલી હતી તે અન્વયે તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી ક્યારે કેટલી રકમની સહાય મળી, અને | )૧ ( તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી જાન્યુઆરી–૨૦૨૩માં રૂ .૨૦૦.૦૧ લાખની સહાય મળી. |
| )૨( ઉક્ત સ્થિતિએ ઉક્ત મળેલ સહાય પૈકી ક્યા હેતુ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | )૨( ઉક્ત સ્થિતિએ ઉક્ત મળેલ સહાય પૈકી નીચેના હેતુ માટે રૂ.૮૪.૭૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. |

| ક્રમ | હેતુ | ખર્ચ)રૂ .લાખમાં( |
|---|---|---|
| ૧ | આવાસ અને વસ્તી વ્યવસ્થાપન | ૫૭.૧૯૨ |
| ૨ | સિંહ આરોગ્ય વ્યવસ્થાપન | ૦.૨૯૪ |
| ૩ | સર્વેલેન્સ અને મોનીટરીંગ | ૧૪.૬૧૬ |
| ૪ | સિંહોના સંભવિત રહેઠાણ અને સિંહ સ્થળાંતર વિસ્તારોનો વિકાસ | ૨.૫૫ |

| | | |
|---|---|---|
| ૫ | માહિતી, શિક્ષણ અને સંચાર | ૫.૫૫૬ |
| ૬ | સંશોધન અને શિક્ષણ | ૪.૪૯૪ |
| | કુલ: | ૮૪.૭૦૨ |

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે રીતે જવાબમાં જણાવ્યું છે તે રીતે સિંહના સંરક્ષણ માટે લગભગ ૨ કરોડ જેટલી રકમ જાન્યુઆરી–૨૦૨૩માં ફાળવી છે તેમાંથી રૂપિયા ૮૪ લાખ ૭૦ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે. એ રૂપિયા ૮૪ લાખ ૭૦ હજાર પૈકી ૫૭ લાખ રૂપિયા આવાસ અને વસતિ વ્યવસ્થાપન આ હેડ અંતર્ગત ખર્ચ કરવામાં આવ્યો છે તો મારે એ જાણવું છે કે, આ આવાસ અને વસતિ વ્યવસ્થાપન એ શું છે ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ઓગસ્ટ–૨૦૨૦ની અંદર ૭૪મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે લાલ કિલ્લા પરથી તેમણે ભાષણમાં લાંબાગાળાના સંરક્ષણ માટે કામ કરવાનાં સરકારના સંકલ્પ અને પ્રતિબદ્ધતાને સિદ્ધ કરી દેશમાં એશિયાટિક સિંહોના ભવિષ્ય માટે સુરક્ષિત કરવા માટે પ્રોજેક્ટ લાયનની જાહેરાત કરી હતી અને તે આયોજન છેલ્લાં ૧૦ વર્ષનું આયોજન હતું તેમાં પહેલાં તબક્કાનું સભ્યશ્રીએ કહ્યું તે પ્રમાણે જેમ જેમ પ્રોજેક્ટ આગળ ચાલે તેમ ગ્રાન્ટ રિલીઝ કરવામાં આવે છે. એની પાછળ માનવ વન્ય જીવનના સંરક્ષણ અને વિસ્થાપન માટે, આવાસ અને વસતિના વિસ્થાપન માટે અને સિંહોના આરોગ્ય અને વ્યવસ્થાપન અને મોનિટરિંગ માટે,આરોગ્ય અને વ્યવસ્થાપન માટે, સર્વેલન્સ અને મોનિટરિંગ માટે, આરોગ્ય અને વ્યવસ્થાપનની પ્રગતિ માટે, સિંહોના સંભવિત રહેઠાણ અને સિંહોનાં સ્થળોના વિસ્તારના વિકાસ માટે સિંહની મિત્રતા યોજના, માહિતી, શિક્ષણ અને સંચાર યોજના, સંશોધન અને શિક્ષણ યોજના, મોનિટરિંગ અને મૂલ્યાંકન યોજના, ગીર અને બરડાના માલધારીઓનું પુનર્વસન, ભાવિ આરોગ્ય રોગચાળા સંબંધિત તૈયારીઓ. આમ, જે રીતે સભ્યશ્રીઓએ કહ્યું તેમ જંગલમાં સમાંતર રીતે સિંહોના સંરક્ષણ માટે વ્યવસ્થા કરવામાં આવે છે. જેમ માનવો માટે રહેવાની અલગ–અલગ વ્યવસ્થા કરવામાં આવે છે એ જ રીતે સિંહો માટે પણ અલગ–અલગ સમાંતર વ્યવસ્થા કરવામાં આવે છે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, સિંહોના આવાસ માટે શું વ્યવસ્થા કરવામાં આવે છે એટલું જ જાણવા માગું છું. એમાં માલધારીઓના પુનર્વસવાટની વાત આવતી નથી. તમે રૂ.૫૭ લાખ વાપર્યા છે એનો હિસાબ માગું છું કે આ આવાસ અને વસતી વ્યવસ્થાપન શું છે?

અધ્યક્ષશ્રી : માનનીય તુષારભાઇ, એમણે વાત કરી એમાં આવાસ એટલે મકાન બનાવવાની વાત નથી. એમણે કહ્યું કે જ્યાં સિંહ રહી શકે એને અનુરૂપ વાતાવરણ બનાવવાની વાત કરી છે. દા.ત. ઝાંખરા વધારે હોય તો એને શિકાર કરવામાં તકલીફ પડતી હોય તો એ ઝાંખરા દૂર કરવાની વાત હશે એવું મને લાગે છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, અમે જેને અમારા ગીરનું ઘરેણું કહીએ છીએ એવા સિંહનો મુદ્દો આવ્યો છે ત્યારે મને પેટા પ્રશ્ન પૂછવાનો મોકો આપ્યો છે તે બદલ હું પહેલાં તો આપનો આભાર માનું છું. પ્રથમ તો હું ગીરના તમામ લોકો વતી સરકારનો, માનનીય મુખ્યમંત્રીશ્રીનો અને અમારા વિભાગના મંત્રીશ્રી મુળુભાઇનો પણ આભાર માનું છું કે વર્ષ ૨૦૧૬થી ઇકો સેન્સિટિવ ઝોનનો મુદ્દો પેન્ડિંગ હતો એની દરખાસ્ત તૈયાર કરીને કેન્દ્રમાં મોકલી આપી છે. સિંહોના સંવર્ધન માટે અને સિંહોના રક્ષણ માટે પ્રોજેક્ટ લાયનની સ્થાપના કરવામાં આવી છે. એમાં મારે એ જાણવું છે કે આ પ્રોજેક્ટનો વિચાર કોને આવ્યો અને એમાં કઇ–કઇ કામગીરી કરીએ છીએ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સિંહો માટેનો વિચાર દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને જ આવી શકે. સભ્યશ્રીએ કહ્યું એમ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા સિંહોના લાંબા ગાળાના સંરક્ષણ માટે કામ કરવાના સરકારના સંકલ્પને શેર કરી દેશના એશિયાટિક સિંહોના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે પ્રોજેક્ટ લાયનની સ્થાપના કરવામાં આવી છે. એનો મુખ્ય હેતુ સિંહોની વધતી સંખ્યા માટે સુરક્ષિત રહેઠાણની વ્યવસ્થા કરવાનો છે. સ્થાનિક લોકોની આજીવિકાનું નિર્માણ અને તેમની ભાગીદારી નિશ્ચિત કરવાની આ યોજના છે. બિગ કેટ ડિસીસ ડાયગ્નોસ્ટિક અને સારવાર વિશેનું જ્ઞાન, વૈશ્વિક હબ બનાવવું, પ્રોજક્ટ લાયન મારફતે જૈવિક સંપત્તિનું સંરક્ષણ કરવું એવી અલગ–અલગ પ્રકારની આ યોજના છે. આ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આના માટે ખૂબ ચિંતિત છે.

શ્રી જનકભાઇ તળાવિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજ્ય સરકાર દ્વારા સિંહ સંરક્ષણ માટે કયા પ્રકારનાં પગલાં લેવામાં આવે છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સિંહોના સંરક્ષણ માટે સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓની બીમારી અને અકસ્માત વખતે તાત્કાલિક સારવાર મળી રહે તે માટે વેટરનરી ઓફિસરની નિમણૂક કરવામાં આવી છે. વન વિભાગ દ્વારા સિંહોના અવર–જવરવાળા વિસ્તારમાં તકેદારી રાખવા માટે વન્ય પ્રાણીઓના મિત્રોની નિમણૂક કરવામાં આવે છે. વન્ય પ્રાણીઓના રેસ્ક્યૂ માટે રેપિડ એક્શન ટીમ તથા રેસ્ક્યૂ ટીમની રચના કરવામાં આવે છે. જુદા–જુદા સ્થળોએ વન્ય પ્રાણી સારવાર કેન્દ્રોની વ્યવસ્થા કરવામાં આવે છે. અભયારણ્ય વિસ્તારમાંથી પસાર થતાં જાહેર માર્ગો ઉપર સ્પીડ બ્રેકરો મૂકવામાં આવે છે. લોક જાગૃતિના ભાગરૂપે વન્ય પ્રાણી સંરક્ષણને સહકાર આપવા માટે જાહેર માર્ગો ઉપર સાઇન બોર્ડ મૂકવામાં આવે છે. એ જ રીતે સિંહો તથા અન્ય પ્રાણીઓની હત્યાના કેસમાં વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ– ૧૯૭૨ હેઠળ ગુનેગારોની સામે

નામદાર કોર્ટમાં કેસ પણ ચલાવવામાં આવે છે. સિંહો તથા અન્ય વન્ય પ્રાણીઓની હત્યા અટકાવવા માટે સિક્યુરિટી સ્ટાફ દ્વારા સતત ફેરા અને નાઇટ પેટ્રોલિંગ કરવામાં આવે છે તથા સ્ટાફને હથિયાર, વાહન તથા વૉકીટૉકી વગેરેથી સજ્જ કરવામાં આવે છે. સમયાંતરે પોલીસ વિભાગ, વન વિભાગ તથા પી.જી.વી.સી.એલ. વિભાગ દ્વારા સંયુક્ત પેટ્રોલિંગ કરવામાં આવે છે. ગીર બોર્ડર તથા તેની આસપાસના રેવન્યુ વિસ્તારમાં અસુરક્ષિત કૂવાઓને પેરાપાટ બાંધીને સુરક્ષિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. અદ્યતન લાઇન એમ્બ્યુલન્સ વસાવવામાં આવી છે. શક્કરબાગ ખાતે કોરોન્ટાઇન ઝોન બનાવવામાં આવેલા છે. સિંહોના રેડિયો કોલરિંગ પણ કરવામાં આવેલા છે. સાસણ ખાતે હાઇટેક મોનિટરિંગ યુનિટની સ્થાપના કરવામાં આવી છે. લોક જાગૃતિનાં કામો પણ કરવામાં આવે છે. રાજુલા–પીપાવાવ રેલવે ટ્રેકની આજુબાજુ ફેન્સિંગ પણ કરવામાં આવી છે. ટ્રેકર્સની પણ નિમણૂક કરવામાં આવી છે. સિંહોના સંરક્ષણ માટે સ્ટાફને અદ્યતન તાલીમ પણ આપવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કેન્દ્ર સરકાર તરફથી મળેલ રૂ.૨૦૦ લાખની સહાય પૈકી ફક્ત રૂ.૮૪.૭૦ લાખનો ખર્ચ થયેલ છે. રૂ.૧૧૫ લાખ જેટલી રકમ વણવપરાયેલી રહી છે. આજના શ્રી અમિતભાઇના પ્રશ્ન ક્રમાંકઃ–૨૪ના જવાબ મુજબ ૪૪૭ જેટલા સિંહોના મૃત્યુ થયા છે. સિંહ આરોગ્ય વ્યવસ્થાપન પાછળ ખૂબ ઓછો ખર્ચ કરવામાં આવે છે તો આ ઓછો ખર્ચ કરવા પાછળનાં કારણો શું છે?

અધ્યક્ષશ્રી : છેલ્લાં વર્ષોની સરખામણીમાં આજે સિંહોનો આંકડો ઘણો વધી ગયો છે. માનનીય મંત્રીશ્રી, આ વિશે ટૂંકમાં જવાબ આપો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવીશ કે સિંહોની સારવાર હેઠળ જૂનાગઢ ખાતે ડિસીસ અને ડાયગ્નોસિસ રિસર્ચ સેન્ટર બનાવવાનું આયોજન છે. હાલ સિંહો માટે ચાર નવી એમ્બ્યુલન્સની ખરીદી કરી છે અને સિંહ જેમ બીમાર પડે તેમ ખર્ચ કરતા રહીએ છીએ. આ લાંબાગાળાનું આયોજન છે.

અધ્યક્ષશ્રી : કોઇ સિંહને કોઇ પણ પ્રકારની તકલીફ નહીં પડે તેવું માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે.

**અમદાવાદ ખાતે આવેલ જયશંકર સુંદરી હોલને ચાલુ કરવા બાબત**

***15/4/1103 : શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા) :** પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૦૬–૦૩–૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *પ્રશ્ન ક્રમાંક –૬૯ (અગ્રતા–૬૫)ના અનુસંધાને **માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| )૧( | અમદાવાદ શહેરના રાયખડ ખાતે આવેલા જયશંકર સુંદરી હોલ (નાટકીયગૃહ)ના પેસેજમાં ફોલ્સ સીલીંગનો અમુક ભાગ તૂટી પડવાથી સલામતીના કારણોસર નાટ્યગૃહ બંધ કરવામાં આવેલ તેને શરૂ કરવા આગામી નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪માં બજેટ જોગવાઈ સૂચવવામાં આવેલ તો તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત હોલને શરૂ કરવા કયા પ્રકારની કામગીરી કયા તબક્કે છે, | )૧( | આ કામગીરી કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર કચેરી અને અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરશ્રીની કચેરી વચ્ચે એમ.ઓ.યુ/ .કરારનામાના તબક્કે છે. |
| )૨( | ઉક્ત હોલને શરૂ કરવા કયા પ્રકારના કામ માટે કેટલો ખર્ચ થનાર છે, અને | )૨( | કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર કચેરી અને અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરશ્રીની કચેરી વચ્ચે એમ.ઓ.યુ . થયેથી ખર્ચની વિગતો જાણી શકાશે . |
| ) ૩( | ઉક્ત હોલને ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે? | )૩( | કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ,ગાંધીનગરની કચેરી અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વચ્ચે કરાર થયેથી રીનોવેશનની કામગીરી શરૂ કરી શકાશે અને તે પૂર્ણ થયેથી સદર હોલને શરૂ કરી શકાશે . |

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરમાં આવેલું એકમાત્ર જયશંકર સુંદરી નાટ્ય ગૃહ છેલ્લાં ૧૦–૧૫ વર્ષથી બંધ છે. વર્ષ ૨૦૨૩–૨૪ના બજેટમાં કરવામાં આવેલ જોગવાઇનો અમલ કૉર્પોરેશન અને વિભાગ દ્વારા એક વર્ષથી કરાર ન થવાના કારણે થયો નથી. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ હૉલના એમ.ઓ.યુ. ક્યારે કરેલા છે અને આ હૉલ ક્યારે ચાલુ કરવા માગો છો?

શ્રી મુળુભાઇ હ. બેરા (આયર) : માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે આ જયશંકર સુંદરી નાટ્ય ગૃહનું માત્ર રૂ.૧૬ કરોડનું એક જ ટેન્ડર આવ્યું હતું તેના કારણે જે તે સમયે કામ થઇ શકેલ ન હતું. ગયા વર્ષે બજેટમાં જોગવાઇ કરી છે તે ચાલુ વર્ષે પણ ચાલુ બાબત તરીકે રાખી છે. જેવી રીતે રાજકોટમાં હેમુ ગઢવી નાટ્ય ગૃહનું સંચાલન સારી રીતે થાય છે તે જ રીતે સરકારે નિર્ણય કર્યો કે આ હૉલના મેઇન્ટેનન્સ માટે અમદાવાદ મહાનગરપાલિકાને સોંપી દઇએ.

**અધ્યક્ષશ્રી :** પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

માઘ ૨૪,૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નો

**અતારાંકિત પ્રશ્નો**

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

**ભરૂચ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેંદ્રો અને સામૂહિક આરોગ્ય કેંદ્રો**

**559/4/15શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા**) વાગરા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો આવેલ છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં ૪૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૯ સામૂહિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે. |
| )૨) ઉક્ત સ્થિતીએ ઉક્ત સેન્ટરો પૈકી કેટલા કાર્યરત છે અને કેટલા કાર્યરત નથી , અને | )૨) ઉક્ત સ્થિતીએ ૪૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૯ સામૂહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે. |
| )૩) ઉક્ત સ્થિતીએ કાર્યરત નથી તેવા સેન્ટરો ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે? | )૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**દહેગામ ખાતે ૫૦ પથારીની હોસ્પિટલ**

**15/4/755 બલરાજસિંહ કલ્યાણસિંહ ચૌહાણ** (દહેગામ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧)તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે ૫૦ પથારીની હોસ્પિટલનું બાંધકામ ક્યા તબક્કે છે, | )૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દેહગામ ખાતે ૫૦ પથારીની હોસ્પિટલનું બાંધકામ પ્રગતિ હેઠળ છે. |
| )૨) ઉકત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને | )૨) રૂ.૧,૯૬,૬૪,૫૫૪/– નો ખર્ચ થયેલ છે. |
| )૩) ઉકત બાંધકામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | )૩) બાંધકામ મે–૨૦૨૪ સુધી પૂર્ણ કરવામાં આવશે. |

------------

**શ્રીમદ રામચંદ્ર જન્મ ભુવન, વવાણિયામાં આવતા પ્રવાસીઓ માટે સુવિધા**

**15/4/766 શ્રી કાંતીલાલ શીવલાલ અમૃતિયા** ) મોરબી) :**માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લાના શ્રીમદ રાજચંદ્ર જન્મ ભુવન, વવાણિયા ખાતે આવતા પ્રવાસીઓની સુવિધાના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ કામગીરી કરેલ છે, કે કેમ, | )૧) હા,જી. |
| )૨) જો હા, તો તેની વિગતો શું છે, અને | )૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લાના શ્રીમદ રાજચંદ્ર જન્મ ભુવન, વવાણિયા ખાતે આવતા પ્રવાસીઓની સુવિધાના વિકાસ માટે સ્વાધ્યાય હોલ, જનરેટર રૂમ, ડાઈનીંગ હોલ, સિક્યુરિટી કેબિન, ટોઈલેટ બ્લોકની કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે. |
| )૩) આ કામગીરી પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે? | )૩) રૂ.૩૮૩.૮૨/– લાખ |

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સબડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ**

**1158/4/15શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર**) જામજોધપુર:( **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–.

## તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| )૧)તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલી સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલો આવેલી છે, અને | )૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ જામનગર જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર ધ્રોલને સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ તરીકે અપગ્રેડ કરવા અનુમતિ મળેલ છે અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં (૧) સરકારી હોસ્પિટલ આવેલી છે. |
| )૨)ઉકત જિલ્લાઓમાં નવી સબડિસ્ટ્રિક્ટ હોસ્પિટલો બનાવવા માટે સરકારનું કોઇ આયોજન છે? | )૨)જામનગર જિલ્લામાં નવી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ બનાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |

### દાહોદ જિલ્લામાં વીડીઓમાંથી એકત્ર કરેલ ઘાસ

**15/4/780 શ્રી મહેન્દ્રભાઇ રમેશભાઇ ભાભોર** ) ગરબાડા) **:માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

**પ્રશ્ન**

)૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં વન વિભાગ દ્વારા વીડીઓમાંથી વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલું ઘાસ એકત્ર કરવામાં આવ્યું, અને

(૨) તે પૈકી કેટલું ઘાસ ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવ્યું?

**જવાબ**

)૧)

| વર્ષ | એકત્રિત કરેલ ઘાસ (લાખ કિ.ગ્રા.) |
| --- | --- |
| ૨૦૨૨-૨૩ | ૨૪.૦૩ |
| ૨૦૨૩-૨૪ | ૧૦.૯૨ |

(૨)

| વર્ષ | સંગ્રહ કરેલ ઘાસનો જથ્થો (લાખ કિ.ગ્રા.) |
| --- | --- |
| ૨૦૨૨-૨૩ | ૧૯.૮૨ (બાકીનું ૪.૨૧ લાખ કિ.ગ્રા. ઘાસ ગંજી/ પ્લેટફોર્મ પર સંગ્રહ કરવામાં આવ્યું) |
| ૨૦૨૩-૨૪ | ૦.૦૦ |

### રી-સ્ટ્રકચરીંગ ઓફ યુનિવર્સિટી સિસ્ટમ એન્ડ રી-કન્સ્ટ્રકશન ઓફ કોલેજ એફીલીએશન સિસ્ટમ માટે પેટા સમિતિની રચના

**15/4/935 શ્રી જિજ્ઞેશ મેવાણી**) વડગામ) :પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૪/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક: ૧૩૯૬ (અગ્રતા-૮૫) ના અનુસંધાને **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

)૧) રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તા.૧૪-૯-૨૦૨૦થી રી-સ્ટ્રકચરીંગ ઓફ યુનિવર્સિટી સિસ્ટમ એન્ડ રી-કન્સ્ટ્રકશન ઓફ કોલેજ એફીલીએશન સિસ્ટમ માટે પેટા સમિતિની રચના કરવામાં આવેલ તેનો અહેવાલ સરકારને તા.૦૮-૦૨-૨૦૨૧ના મળેલ છે, તે અહેવાલ અંગે તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ક્યારે અને શી કાર્યવાહી કરી શાં પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

)૧)

1. ગુજરાત સરકાર દ્વારા ૫મી જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત એજ્યુકેશન સમિટ, ૨૦૨૨ ના ભાગરૂપે યોજાયેલ પ્રોગ્રામ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટીટ્યુશન્સ (ICAI) દરમિયાન "રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦નો અમલીકરણ રોડમેપ" લોન્ચ કરવામાં આવેલ હતો. જેના અંતર્ગત આગામી ૨૦ વર્ષને બદલે ૧૦ વર્ષમાં નેશનલ એજ્યુકેશન પોલિસીના અમલીકરણને ટૂંકા ગાળા (0-3 વર્ષ), મધ્યમ ગાળા (3-6 વર્ષ) અને લાંબા ગાળા (6-10 વર્ષ)માં વિભાજિત કરવામાં આવેલ છે. જેના અનુસાર લાંબા ગાળાના (6-10 વર્ષ)ના એક્શન પ્લાનમાં યુનિવર્સિટીઓમાંથી કોલેજોના ડી-એફિલિએશન માટેની કામગીરી કરવામાં આવશે.
2. યુ.જી.સી. દ્વારા ડી-એફિલિએશન ઓફ કોલેજીસ માટેની ગાઈડલાઈન્સ બહાર પાડવામાં આવશે તે મુજબ સરકારશ્રી દ્વારા અમલીકરણની કામગીરી કરવામાં આવશે.
3. કોલેજોના ડી-એફિલિએશન સાથે જોડાયેલ તમામ મુદ્દાઓ જેવા કે; એન્ટ્રી-એક્ઝીટ ઓપ્શન/એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ, મલ્ટીડિસીપ્લીનરી એજ્યુકેશન સિસ્ટમની સ્થાપના, વોકેશનલ/એમ્પ્લોયેબિલિટી સ્કીલ્સ/ઈન્ટર્નશીપ કરીક્યુલમ, એક્ઝામીનેશન એન્ડ ઈવેલ્યુએશન રીફોર્મ, ક્વાલીટી, ઈમ્પ્રુવમેન્ટ એન્ડ ઓટોનોમી, મલ્ટીડિસીપ્લીનરી હાયર

એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટ્સ/ઈન્ટીગ્રેટેડ હાયર/પ્રોફેશનલ એજ્યુકેશન વગેરે માટે UGC ગાઈડલાઈન્સ આવ્યા પછી આ મુદ્દાઓ અન્વયે અમલીકરણ કરવામાં આવશે.

4. UGC ગાઈડલાઈન્સ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અન્વયે સરકારશ્રી દ્વારા ૬ કોલેજોનું શ્રી કે.કા.શાસ્ત્રી સરકારી કોલેજીસ કન્ફેડરેશન કલસ્ટર બનાવેલ છે. જેના દ્વારા નીચે મુજબના કાર્યો કરવામાં આવશે.

(a) તમામ કોલેજોના સાધનોનો સામૂહિક ઉપયોગ.

(b) નવા કોર્ષિસ દાખલ કરવા.

(c) વિદ્યાર્થીઓના વિકાસની યોજના તૈયાર કરવી.

**નળ સરોવરની આસપાસ પ્રવાસી સુવિધાઓ**

**15/4/767 શ્રી કનુભાઈ કરમશીભાઈ પટેલ**) સાણંદ) **:માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં આવેલ નળ સરોવરની આસપાસ પ્રવાસીઓ માટે કોઈ સુવિધાઓ વિકસાવવા કોઈ કામગીરી કરેલ છે કે કેમ, અને | )૧) | હા,જી. |
| )૨) | જો હા, તો તેની વિગતો શું છે? | )૨) | અમદાવાદ જિલ્લામાં આવેલ નળ સરોવરની આસપાસ પ્રવાસીઓ માટે એન્ટ્રી ગેટ, ટીકીટ વિન્ડો, નવુ થીમ પાર્ક, ઈ-વ્હીકલ વેન્ટિંગ તથા પાર્કીંગ એરીયા, રિસોર્ટ ડેવલપમેન્ટ, લેન્ડ સ્કેપિંગ, નેચર ટ્રેઈલ, ગઝેબો, બોટીંગ, જેટી તથા ટોઈલેટ બ્લોક જેવી સુવિધાઓની કામગીરી અર્થે રૂ.૨૬૫૩.૪૬ લાખનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. |

--------------------------

**અમદાવાદની કેન્સર હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને યુ.એન.મહેતા હોસ્પિટલને મળેલ ગ્રાંટ**

**15/4/717 શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા**) જમાલપુર-ખાડીયા) **:માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

)૧) તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માં અમદાવાદની કેન્સર હોસ્પિટલ, કિડની હોસ્પિટલ તથા યુ.એન.મહેતા હોસ્પિટલને રાજ્ય સરકાર ધ્વારા કેટલી ગ્રાંટ ફાળવવામાં આવી,

**જવાબ**

)૧) તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માં અમદાવાદની કેન્સર હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને યુ.એન. મહેતા હોસ્પિટલને રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાંટની વિગતો નીચે મુજબ છે :-

) રૂ. લાખમાં)

| ક્રમ | સંસ્થાનું નામ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ |
|---|---|---|---|
| ૧ | કેન્સર હોસ્પિટલ | ૧૦૬૯૫.૮૫ | ૧૪૧૭૮.૮૭ |
| ૨ | કિડની હોસ્પિટલ | ૧૩૨૩૫.૭૭ | ૧૦૫૫૩.૦૪ |
| ૩ | યુ.એન. મહેતા હોસ્પિટલ | ૨૭૦૯૪.૦૦ | ૩૦૫૦૪.૦૦ |

)૩) ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રાંટ ખર્ચ કરવાની બાકી રહી, અને

)૩) ઉક્ત સ્થિતિએ નીચે મુજબની ગ્રાંટ ખર્ચ કરવાની બાકી રહેલ છે:-(રૂ. લાખમાં)

| ક્રમ | સંસ્થાનું નામ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ |
|---|---|---|---|
| ૧ | કેન્સર હોસ્પિટલ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨ | કિડની હોસ્પિટલ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩ | યુ.એન. મહેતા હોસ્પિટલ | ૧૩૧૧.૦૦ | ૨૫૧૯.૦૦ |

)૪) ગ્રાંટ ખર્ચ કરવાની બાકી રહેવાના કારણો શું છે?

)૪) યુ.એન.મહેતા હોસ્પિટલને મળેલ ગ્રાંટ પૈકી વર્ષ ૨૦૨૧-૨૨ માં રૂ.૧૩૧૧.૦૦ તથા વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ.૨૫૧૯.૦૦ લાખની ગ્રાંટ ખર્ચ કરવાની બાકી રહેલ છે. સંસ્થાની જૂની હોસ્પિટલમાં નવીનીકરણની કામગીરી તેમજ મેડિકલ સાધન સામગ્રીની ખરીદીની પ્રક્રિયા, જુના સાધનો કંડમપાત્ર સાધનોની સામે નવા સાધનોની ખરીદી પ્રક્રિયા કાર્યરત હોઈ બચત રહેવા પામેલ છે.

-----------------

**જિલ્લા મેલેરીયા અધિકારીની મંજૂર જગ્યાઓ**

**15/4/1094 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર** ) કાંકરેજ)**:** પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૦-૦૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંકઃ૩૨૪૭ (અગ્રતા-૭૧)ના અનુસંધાને **માનનીય આરોગ્યમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

)૧) રાજયમાં જિલ્લા મેલેરીયા અધિકારીની ૩૩ જગ્યા મંજૂર થયેલ તે પૈકી ૨૮ જગ્યાઓ ખાલી હતી તેમાંથી તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે,

)૧) રાજયમાં જિલ્લા મેલેરીયા અધિકારીની ૩૩ જગ્યા મંજૂર થયેલ છે તે પૈકી ૨૮ જગ્યાઓ ખાલી હતી તેમાંથી તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કોઇ જગ્યાઓ ભરવામાં આવેલ નથી.

)૨) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ કયારથી ખાલી છે, અને

)૨) ૩૦ જગ્યાઓ ખાલી છે ખાલી જગ્યાનું પત્રક-અ સામેલ છે.

)૩) ઉકત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શાં છે અને તે કયાં સુધીમાં ભરવામાં આવશે?

)૩) વયનિવૃતિ, સ્વૈચ્છિક નિવૃતિ અને વહીવટી કારણોસર આ જગ્યાઓ ખાલી રહે છે. જિલ્લા મેલેરીયા અધિકારીની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે.

પત્રક – અ

| અ.નં | કચેરીનું નામ | મંજૂર જગ્યા | ભરેલી જગ્યા | ખાલી જગ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | જિલ્લા પંચાયત, આણંદ | ૧ | ૦ | ૧ | તા.૦૧/૧૦/૨૦૨૨ |
| ૨ | જિલ્લા પંચાયત, રાજકોટ | ૧ | ૦ | ૧ | તા.૨૫/૦૧/૨૦૨૩ |
| ૩ | જિલ્લા પંચાયત, ગાંધીનગર | ૧ | ૦ | ૧ | તા.૦૧/૦૪/૨૦૨૩ |
| ૪ | જિલ્લા પંચાયત, જૂનાગઢ | ૧ | ૦ | ૧ | તા.૧૦/૧૦/૨૦૨૨ |
| ૫ | જિલ્લા પંચાયત, કચ્છ-ભૂજ | ૧ | ૦ | ૧ | તા.૦૧/૦૧/૨૦૨૦ |
| ૬ | જિલ્લા પંચાયત, નડીયાદ | ૧ | ૦ | ૧ | તા.૦૧/૦૩/૨૦૨૦ |
| ૭ | જિલ્લા પંચાયત, નર્મદા | ૧ | ૦ | ૧ | તા.૦૧/૦૧/૨૦૨૦ |
| ૮ | જિલ્લા પંચાયત, પાટણ | ૧ | ૦ | ૧ | તા.૦૧/૦૮/૨૦૨૦ |
| ૯ | જિલ્લા પંચાયત, અમદાવાદ | ૧ | ૧ | ૦ | ---- |
| ૧૦ | જિલ્લા પંચાયત, સુરત | ૧ | ૦ | ૧ | તા.૦૧/૦૮/૨૦૨૩ |
| ૧૧ | જિલ્લા પંચાયત, વડોદરા | ૧ | ૦ | ૧ | તા.૦૧/૦૯/૨૦૨૦ |
| ૧૨ | જિલ્લા પંચાયત, હિંમતનગર | ૧ | ૦ | ૧ | તા.૦૧/૦૧/૨૦૨૦ |
| ૧૩ | જિલ્લા પંચાયત, દાહોદ | ૧ | ૧ | ૦ | ---- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪ | જિલ્લા પંચાયત, આહવા | ૧ | ૦ | ૧ | તા.૦૧/૦૭/૨૦૧૭ |
| ૧૫ | જિલ્લા પંચાયત, જામનગર | ૧ | ૧ | ૦ | ---- |
| ૧૬ | જિલ્લા પંચાયત, ભાવનગર | ૧ | ૦ | ૧ | તા.૦૪/૦૨/૨૦૦૯ |
| ૧૭ | જિલ્લા પંચાયત, તાપી | ૧ | ૦ | ૧ | તા.૦૧/૦૨/૨૦૧૫ |
| ૧૮ | જિલ્લા પંચાયત, ગોધરા | ૧ | ૦ | ૧ | તા.૨૬/૦૩/૨૦૦૯ |
| ૧૯ | જિલ્લા પંચાયત, બનાસકાંઠા | ૧ | ૦ | ૧ | તા.૦૧/૦૮/૨૦૧૨ |
| ૨૦ | જિલ્લા પંચાયત, સુરેન્દ્રનગર | ૧ | ૦ | ૧ | તા.૩૧/૧૨/૨૦૦૯ |
| ૨૧ | જિલ્લા પંચાયત, અમરેલી | ૧ | ૦ | ૧ | તા.૩૦/૦૬/૨૦૧૬ |
| ૨૨ | જિલ્લા પંચાયત, વલસાડ | ૧ | ૦ | ૧ | તા.૩૧/૦૧/૨૦૧૧ |
| ૨૩ | જિલ્લા પંચાયત, પોરબંદર | ૧ | ૦ | ૧ | તા.૩૧/૧૨/૨૦૧૧ |
| ૨૪ | જિલ્લા પંચાયત, નવસારી | ૧ | ૦ | ૧ | તા.૨૩/૦૯/૨૦૧૦ |
| ૨૫ | જિલ્લા પંચાયત, છોટાઉદેપુર | ૧ | ૦ | ૧ | તા.૦૫/૦૯/૨૦૧૩ |
| ૨૬ | જિલ્લા પંચાયત, અરવલ્લી | ૧ | ૦ | ૧ | તા.૦૫/૦૯/૨૦૧૩ |
| ૨૭ | જિલ્લા પંચાયત, ગીર-સોમનાથ | ૧ | ૦ | ૧ | તા.૩૧/૦૭/૨૦૨૩ |
| ૨૮ | જિલ્લા પંચાયત, દેવભુમિ દ્વારકા | ૧ | ૦ | ૧ | તા.૦૫/૦૯/૨૦૧૩ |
| ૨૯ | જિલ્લા પંચાયત, મોરબી | ૧ | ૦ | ૧ | તા.૦૫/૦૯/૨૦૧૩ |
| ૩૦ | જિલ્લા પંચાયત, બોટાદ | ૧ | ૦ | ૧ | તા.૦૫/૦૯/૨૦૧૩ |
| ૩૧ | જિલ્લા પંચાયત, મહીસાગર | ૧ | ૦ | ૧ | તા.૦૫/૦૯/૨૦૧૩ |
| ૩૨ | જિલ્લા પંચાયત, ભરૂચ | ૧ | ૦ | ૧ | તા.૦૧/૦૮/૨૦૧૬ |
| ૩૩ | જિલ્લા પંચાયત, મહેસાણા | ૧ | ૦ | ૧ | તા.૦૧/૦૮/૨૦૧૩ |
| | કુલ- | ૩૩ | ૦૩ | ૩૦ | |

-----------------

**ગીર સોમનાથ જિલ્લામાં પેટા આરોગ્ય કેન્દ્રોનું બાંધકામ**

**1109/4/15શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા**) સોમનાથ): પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૪-૦૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *પ્રશ્ન ક્રમાંક-૧૭૯૦ (અગ્રતા-૩૩)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | ગીર સોમનાથ જિલ્લામાં ૩૬ પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા હતા તે કયા પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ કયા તબક્કે છે, | )૧) | ગીર સોમનાથ જિલ્લામાં કુલ ૩૬ પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામ બાબતે તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિ અંગેનું વિગત દર્શાવતું પત્રક-અ સામેલ છે. |
| )૨) | ઉક્ત કયા પેટા આરોગ્ય કેન્દ્રોનું બાંધકામ કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાની શરતે કઈ એજન્સીને આપવામાં આવેલ છે, અને | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) | ઉક્ત પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામ સમયસર પૂર્ણ ન થયેલ હોય તો તેના કારણો શા છે ? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક-અ**

**ગીર-સોમનાથ જિલ્લામાં વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માં મંજૂર થયેલ પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામોની તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી ની સ્થિતી**

| ક્રમ નં | બજેટ વર્ષ | તાલુકો | પે.આ. કેન્દ્રના નામ | હાલની સ્થિતિ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | વેરાવળ | રામપરા | જમીન પ્રશ્ન |
| ૨ | ૨૦૨૧-૨૨ | ઉના | દેલવાડા-૧ | જમીન પ્રશ્ન |
| ૩ | ૨૦૨૧-૨૨ | વેરાવળ | ઇણાજ | નકશા અંદાજ લેવલ |
| ૪ | ૨૦૨૧-૨૨ | ઉના | સીલોજ | નકશા અંદાજ લેવલ |
| ૫ | ૨૦૨૧-૨૨ | સુત્રાપાડા | લાટી | નકશા અંદાજ લેવલ |
| ૬ | ૨૦૨૧-૨૨ | સુત્રાપાડા | ગોરખમઢી | નકશા અંદાજ લેવલ |
| ૭ | ૨૦૨૧-૨૨ | ગીર-ગઢડા | ખીલાવડ | નકશા અંદાજ લેવલ |
| ૮ | ૨૦૨૧-૨૨ | વેરાવળ | ઉમરાળા | નકશા અંદાજ લેવલ |
| ૯ | ૨૦૨૧-૨૨ | વેરાવળ | કાજલી | નકશા અંદાજ લેવલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | ૨૦૨૧-૨૨ | વેરાવળ | ખંઢેરી | નકશા અંદાજ લેવલ |
| ૧૧ | ૨૦૨૧-૨૨ | વેરાવળ | નાવદ્રા | નકશા અંદાજ લેવલ |
| ૧૨ | ૨૦૨૧-૨૨ | સુત્રાપાડા | વડોદરા – ઝાલા | નકશા અંદાજ લેવલ |
| ૧૩ | ૨૦૨૧-૨૨ | સુત્રાપાડા | ઉંબરી | નકશા અંદાજ લેવલ |
| ૧૪ | ૨૦૨૧-૨૨ | સુત્રાપાડા | અમરાપુર | નકશા અંદાજ લેવલ |
| ૧૫ | ૨૦૨૧-૨૨ | સુત્રાપાડા | ઘંટીયા | નકશા અંદાજ લેવલ |
| ૧૬ | ૨૦૨૧-૨૨ | ઉના | કાળાપણ | નકશા અંદાજ લેવલ |
| ૧૭ | ૨૦૨૧-૨૨ | ઉના | કોબ | નકશા અંદાજ લેવલ |
| ૧૮ | ૨૦૨૧-૨૨ | ઉના | ભેભા | નકશા અંદાજ લેવલ |
| ૧૯ | ૨૦૨૧-૨૨ | ઉના | કાજરડી | નકશા અંદાજ લેવલ |
| ૨૦ | ૨૦૨૧-૨૨ | ઉના | નાઠેજ | નકશા અંદાજ લેવલ |
| ૨૧ | ૨૦૨૧-૨૨ | ગીર-ગઢડા | નીતલી | નકશા અંદાજ લેવલ |
| ૨૨ | ૨૦૨૧-૨૨ | ગીર-ગઢડા | નારીયેળી મોલી | નકશા અંદાજ લેવલ |
| ૨૩ | ૨૦૨૧-૨૨ | ગીર-ગઢડા | ધોકડવા-૧ | નકશા અંદાજ લેવલ |
| ૨૪ | ૨૦૨૨-૨૩ | વેરાવળ | ડારી | ટેન્ડર મંજૂરી હેઠળ |
| ૨૫ | ૨૦૨૨-૨૩ | કોડીનાર | વેલણ-૧ | ટેન્ડર મંજૂરી હેઠળ |
| ૨૬ | ૨૦૨૨-૨૩ | સુત્રાપાડા | ધામળેજ | ટેન્ડર મંજૂરી હેઠળ |
| ૨૭ | ૨૦૨૨-૨૩ | વેરાવળ | પંડવા | ટેન્ડર મંજૂરી હેઠળ |
| ૨૮ | ૨૦૨૨-૨૩ | વેરાવળ | ઇન્દ્રોઇ | ટેન્ડર મંજૂરી હેઠળ |
| ૨૯ | ૨૦૨૨-૨૩ | સુત્રાપાડા | લોઢવા-૨ | ટેન્ડર મંજૂરી હેઠળ |
| ૩૦ | ૨૦૨૨-૨૩ | કોડીનાર | પનાદર | ટેન્ડર મંજૂરી હેઠળ |
| ૩૧ | ૨૦૨૨-૨૩ | કોડીનાર | ઘાટવડ | ટેન્ડર મંજૂરી હેઠળ |
| ૩૨ | ૨૦૨૨-૨૩ | કોડીનાર | આલિદર-૧ | ટેન્ડર મંજૂરી હેઠળ |
| ૩૩ | ૨૦૨૨-૨૩ | કોડીનાર | ડોળાસા | ટેન્ડર મંજૂરી હેઠળ |
| ૩૪ | ૨૦૨૨-૨૩ | કોડીનાર | ગીર-દેવળી | ટેન્ડર મંજૂરી હેઠળ |
| ૩૫ | ૨૦૨૨-૨૩ | ગીર-ગઢડા | કુલ્કા | ટેન્ડર મંજૂરી હેઠળ |
| ૩૬ | ૨૦૨૨-૨૩ | ગીર-ગઢડા | વડવિયાળા | ટેન્ડર મંજૂરી હેઠળ |

-----------------

**ધાનેરા શહેરમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર**

**15/4/272 શ્રી માવજીભાઇ મગનભાઇ દેસાઇ**) ધાનેરા) **:માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | બનાસકાંઠા જિલ્લાના ધાનેરા શહેરમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર જર્જરિત હાલતમાં છે તે હકીકત સાચી છે, અને | )૧) | ના |
| )૨( | જો હા તો, વસતીના ધોરણે સામૂહિક આરોગ્ય કેન્દ્રને સબ- ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં ફેરવવાનું સરકારનું કોઇ આયોજન છે કે કેમ? | (૨) | ધાનેરા સામૂહિક આરોગ્ય કેન્દ્રને પેટા જિલ્લા હોસ્પિટલમાં અપગ્રેડ કરવાની બાબત નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગત વિચારણા હેઠળ છે. |

**મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત સહાય**

**15/4/761 ડૉ.મહેન્દ્રભાઇ પાડલિયા**) ધોરાજી) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૩-૨૪માં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણના કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવેલ છે, અને | )૧) | ૧૩,૫૯૩ વિદ્યાર્થીઓને રૂ.૧૪.૪૧ કરોડ |
| )૨) | તેમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવે છે ? | )૨) | તેમાં વિદ્યાર્થીઓને અને વિદ્યાર્થીનીઓને સરકાર માન્ય સંસ્થાના સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યુશન ફી ની ૫૦% રકમ અથવા રૂ.૧૦,૦૦૦ તે પૈકી જે ઓછું હોય તેટલી રકમ તેમજ પોતાના પ્રવર્તમાન રહેઠાણના તાલુકાની બહાર અભ્યાસ કરતા અને સરકારી/અનુદાનિત છાત્રાલયમાં પ્રવેશ નહિ મળ્યો હોય તેવા વિદ્યાર્થીઓને વર્ષના ૧૦ મહિના માટે |

દર મહિને રહેવા–જમવાની સહાય પેટે રૂ.૧૨૦૦ એમ વાર્ષિક રૂ.૧૨,૦૦૦ રકમ ચૂકવવામાં આવે છે.

--------------------------

**સિંહના સંરક્ષણ અને સંભાળ માટે ખર્ચ**

**1215/4/15શ્રી અમિત ચાવડા) આંકલાવ) :માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–**

**પ્રશ્ન** **જવાબ**

)૧( તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ગીર અને બૃહદ ગીર વિસ્તારમાં સિંહના સંરક્ષણ અને સંભાળ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો,

)૧(

| વર્ષ | થયેલ ખર્ચ (લાખમાં) |
|---|---|
| ૦૧/૦૧/૨૦૨૨ થી ૩૧/૧૨/૨૦૨૨ | ૧૧૫૩૦.૫૧ |
| ૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ | ૧૬૨૬૨.૬૯ |

)૨( ઉક્ત વર્ષવાર ઉક્ત વિસ્તારમાં સિંહ, સિંહણ અને સિંહબાળના મૃત્યુ કુદરતી થયા અને કેટલા અકુદરતી મૃત્યુ થયા, અને

)૨(

| | | વર્ષ | |
|---|---|---|---|
| | | **તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨** | **તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩** |
| કુદરતી | સિંહ | ૧૮ | ૨૫ |
| | સિંહણ | ૨૫ | ૧૮ |
| | સિંહબાળ | ૫૬ | ૬૨ |
| | વણ ઓળખાયેલ | ૫ | ૦ |
| અકુદરતી | સિંહ | ૩ | ૬ |
| | સિંહણ | ૪ | ૮ |
| | સિંહબાળ | ૬ | ૨ |
| | વણ ઓળખાયેલ | ૦ | ૦ |

)૩( ઉક્ત સ્થિતિએ અકુદરતી રીતે ઉક્ત પ્રાણીઓના મૃત્યુને રોકવા સરકારે શા પગલા લીધા?

)૩(

- સિંહ તથા અન્ય વન્યપ્રાણીઓને બિમારી અકસ્માત વખતે તાત્કાલિક સારવાર માટે વેટરનરી ઓફિસરની નિમણૂંક કરવામાં આવેલ છે.
- વન વિભાગ દ્વારા સિંહોના અવર–જવર વાળા વિસ્તારમાં તકેદારી રાખવા માટે વન્યપ્રાણી મિત્રોની નિમણુંક કરવામાં આવેલ છે.
- વન્યપ્રાણીઓના રેસ્ક્યુ માટે રેપિડ એક્શન ટીમ તથા રેસ્ક્યુ ટીમની રચના કરવામાં આવેલ છે.
- જુદા જુદા સ્થળોએ વન્યપ્રાણી સારવાર કેંદ્રોની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- અભ્યારણ્ય વિસ્તારમાંથી પસાર થતા જાહેર માર્ગો પર સ્પીડ બ્રેકરો મુકવામાં આવેલ છે.
- લોકજાગૃતિના ભાગરુપે વન્યપ્રાણી સંરક્ષણમાં સહકાર આપવા માટે જાહેર માર્ગો પર સાઇન બોર્ડ મુકવામાં આવેલા છે.
- સિંહ તથા અન્ય વન્યપ્રાણીની હત્યાના કેસમાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ હેઠળ ગુનેગારોની સામે નામ. કોર્ટમાં કેસ કરવામાં આવે છે.
- સિંહ તથા અન્ય વન્યપ્રાણીની હત્યા અટકાવવા ક્ષેત્રિય સ્ટાફ દ્વારા સતત ફેરણા અને નાઇટ પેટ્રોલિંગ કરવામાં આવે છે તથા સ્ટાફને વાહન, હથિયાર, વોકીટોકી વગેરે ફાળવવામાં આવેલ છે.
- સમયાંતરે પોલિસ વિભાગ, વન વિભાગ અને પી.જી.વી.સી.એલ. વિભાગ દ્વારા સંયુક્ત પેટ્રોલિંગ પણ કરવામાં આવે છે.
- અકુદરતી મૃત્યુ માટે જવાબદાર એવા રેલ્વે ટ્રેક પર થતાં અકસ્માતોને ઘટાડવા માટે રેલ્વે સત્તાતંત્ર સાથે ઉચ્ચ કક્ષાએ સમયાંતરે બેઠકો યોજીને વિસ્તૃત વિચારણાઓ કરવામાં આવે છે. આવા સંવેદનશીલ વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ,

ટ્રેનની ગતિ નિયંત્રણની સુચનાઓ (કૉશન ઓર્ડર્સ) કરવામાં આવે છે. તથા વોચ ટાવર અને સોલર લાઇટ્સ મૂકવામાં આવે છે. તેમજ રાજુલા–પીપાવાવ રેલ્વે ટ્રેકની આજુબાજુ ચેઇનલીંક ફેન્સીંગ કરવામાં આવેલ છે.

- ગીર બોર્ડર અને તેના આસપાસના રેવન્યુ વિસ્તારોમાં અસુરક્ષિત ખુલ્લા કુવાઓને પેરાપેટ વોલ બાંધી સુરક્ષિત કરવાની કામગીરી વન વિભાગ દ્વારા હાથ ધરાયેલ છે.
- અદ્યતન લાયન એમ્બ્યુલન્સ વસાવવામાં આવેલ છે. સક્કરબાગ તથા બરડામાં સાતવિરડા ખાતે કૉરેન્ટાઇન ઝોન બનાવવામાં આવેલ છે.
- સિંહોને રેડિયો કોલરીંગ કરવામાં આવેલ છે.
- સાસણ ખાતે હાઇટેક મોનીટરીંગ યુનિટની સ્થાપના કરવામાં આવેલ છે.
- લોકજાગૃતિના કામો કરવામાં આવે છે.
- ટ્રેકર્સની નિમણુંક કરવામાં આવેલ છે.
- સ્ટાફને તાલિમ આપવામાં આવે છે.

------------

**રાજ્યમાં કેમ્પા યોજના**

**15/04/777 શ્રી અમિત ઠાકર**) વેજલપુર) **:માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| )૧) ગુજરાત રાજ્યમાં વન વિભાગમાં ચાલતી કેમ્પા યોજના શું છે, | )૧) વન (સંરક્ષણ) ધારા–૧૯૮૦ હેઠળ વન જમીનના ડાયવર્ઝનની દરખાસ્તોની મંજૂરીની શરતો મુજબ વસૂલ કરવામાં આવતી વળતર વનીકરણ અને નેટ પ્રેઝન્ટ વેલ્યુ અને અન્ય રકમના વહીવટ માટે ભારત સરકારના સ્તરે અને રાજ્ય સરકારના સ્તરે કોમ્પેનસેટરી એફોરેસ્ટેશન અને મેનેજમેન્ટ ઓથોરીટી (કેમ્પા)ની રચના કરવામાં આવેલ છે, જેમાં વળતર વનીકરણ કાયદો, ૨૦૧૬ અને તે હેઠળના વર્ષ ૨૦૧૮ના નિયમો મુજબ ઉપરોક્ત વસૂલ લેવામાં આવેલ રકમમાંથી વળતર વનીકરણ અને આનુસાંગિક કામગીરી હાથ ધરવામાં આવે છે. |
| )૨) આ યોજના હેઠળ રાજ્યમાં નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ માં કયા કયા કામો હાથ ધરવામાં આવેલ છે, અને | )૨) આ યોજના હેઠળ રાજ્યમાં નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ માં નીચે મુજબના કામો હાથ ધરવામાં આવેલ છે. |

| વિગત | ૨૦૨૧–૨૨ | ૨૦૨૨–૨૩ |
|---|---|---|
| વન જમીનના ડાયવર્ઝન સામે વળતર વનીકરણની કામગીરી | | |
| નવીન વાવેતર (હેક.) | ૩૭૩૩.૫૫ | ૪૬૨૯.૯૭ |
| જૂના વાવેતરની જાળવણી(હેક.) | ૮૬૬૨.૫૯ | ૧૦૯૩૦.૮૩ |
| આગોતરા કામગીરી (હેક.) | ૪૬૨૯.૯૭ | ૨૨૮૪.૭૮ |
| નેટ પ્રેઝન્ટ વેલ્યુ હેઠળ કામગીરી | | |
| નવીન વાવેતર (હેક.) | ૨૭૨૫.૦૦ | ૪૨૭૯.૯૧ |
| જૂના વાવેતરની જાળવણી (હેક.) | ૪૦૭.૫૬ | ૩૪૯૮.૬૫ |
| આગોતરા કામગીરી (હેક.) | ૪૨૭૯.૯૧ | ૨૧૬૦.૦૦ |
| ભૂમિ–ભેજ સંરક્ષણના કામોની સંખ્યા | ૫૨.૦૦ | ૯૫.૦૦ |
| નર્સરી ઉછેર (રોપાની સંખ્યા લાખમાં) | ૨.૮૦ | ૨.૩૯ |

| | |
|---|---|
| )૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | )૩) કેમ્પા યોજના હેઠળ સને ૨૦૨૧–૨૨માં ૧૬૮.૭૯ કરોડ અને ૨૦૨૨–૨૩માં ૧૬૯.૯૯ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. |

------------------

માઘ ૨૭,૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નો

**થોળ સરોવરની આસપાસ પ્રવાસી સુવિધાઓ**

**15/4/768 શ્રી કરશનભાઈ પુંજાભાઈ સોલંકી** ) કડી) :**માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં આવેલ થોળ સરોવરની આસપાસ પ્રવાસીઓ માટે કોઈ સુવિધાઓ વિકસાવવા કોઈ કામગીરી કરેલ છે કે કેમ, અને | )૧) | હા,જી. |
| )૨) | જો હા, તો તેની વિગતો શું છે? | )૨) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં આવેલ થોળ સરોવરની આસપાસ પ્રવાસીઓ માટે એન્ટ્રી ગેટ, ટીકીટ વિન્ડો, સેમિનાર હોલ, વ્હીકલ વેઈટિંગ તથા પાર્કિંગ એરીયા, ફૂડ કિઓસ્ક, લેન્ડ સ્કેપિંગ, નેચર ટ્રેઈલ, ગઝેબો, બોટિંગ, જેટી તથા ટોઈલેટ બ્લોક જેવી સુવિધાઓની કામગીરી અર્થે રૂ.૨૭૨૦.૨૫ લાખનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. |

---------------------------

**માંડવી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

**15/4/782 શ્રી અનિરૂધ્ધ ભાઈલાલ દવે (માંડવી) :માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–**

**પ્રશ્ન** | **જવાબ**

)૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લાના માંડવી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

)૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૨–૨૩ | ૬૭૦ |
| ૨૦૨૩–૨૪ | ૨૯૦ |

)૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે?

)૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૨–૨૩ | ૨૪૧.૩૬ |
| ૨૦૨૩–૨૪ | ૧૨૩.૪૬ |

--------------------

**ધોળાવીળા ખાતે આવતા પ્રવાસીઓ માટે સુવિધા**

**15/4/770 શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી**) ગાંધીધામ): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં આવેલ ધોળાવીરા ખાતે આવતા પ્રવાસીઓ માટે સુવિધાઓ વિકસાવવા કોઈ કામગીરી કરેલ છે કે કેમ, અને

)૧) હા,જી.

)૨) જો હા, તો તેની વિગતો શું છે ?

)૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં આવેલ ધોળાવીરા ખાતે આવતા પ્રવાસીઓ માટે સુવિધા ઊભી કરવા માટે કન્સલ્ટન્ટ દ્વારા ધોળાવીરાનો માસ્ટર પ્લાન બનાવવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે:

- ધોળાવીરાના પ્રવેશ સ્થળે ડેવલપમેન્ટ
- ધોળાવીરા એન્ટ્રીથી વર્લ્ડ હેરીટેઝ સાઈટ સુધી રોડ સાઈડ ડેવલપમેન્ટ
- અરાઈવલ એક્સપીરીયન્સ & રોડ સ્ટ્રીટ ડેવલપમેન્ટ
- ધોળાવીરા મેઈન જંકસનનું ડેવલપમેન્ટ
- તોરણ રિસોર્ટથી એમ્ફીથીએટર ટેન્ટસીટી તરફના રોડનું ડેવલપમેન્ટ
- નવી ટેન્ટસીટી માટે ઈન્ફાસ્ટ્રકચરની કામગીરી
- રોડ સાઈડ પાથવે, ગાર્ડનીંગ

## તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

- ટી.એફ.સી(ટુરિસ્ટ ફેસીલીટેશન સેન્ટર)
- ક્રાફ્ટ માર્કેટ
- ફૂડકોર્ટ
- સ્કલ્પચર પાર્ક
- એમ્ફીથિયેટર
- પાર્કીંગ

**એમ. કે. યુનિવર્સિટી, પાટણ (વડલી)ને ખાનગી યુનિવર્સિટી તરીકે માન્યતા**

**15/4/822 શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ**) પાટણ) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| )૧) | તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ એમ. કે. યુનિવર્સિટી, પાટણ (વડલી)ને ખાનગી યુનિવર્સિટી તરીકે ક્યારે માન્યતા આપવામાં આવેલ છે, | )૧) | તા. ૦૧-૦૪-૨૦૨૨ના રોજ |
| )૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત યુનિવર્સિટી ક્યા સ્થળે કાર્યરત છે, અને | )૨) | હાલ કાર્યરત નથી. |
| )૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત યુનિવર્સિટી ભાડાના મકાનમાં કાર્યરત છે કે પોતાના મકાનમાં કાર્યરત છે? | )૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**અમરેલી સ્થિત રાજમહેલને વિકસાવવા માટે કામગીરી**

**15/4/765 શ્રી જનકભાઈ તળાવિયા**) લાઠી) :**માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી શહેરમાં આવેલ ઐતિહાસિક ઈમારત તરીકે જાણીતા રાજમહેલને વિકસાવવા માટે કોઈ કામગીરી કરેલ છે કે કેમ, અને | )૧) | હા,જી. |
| )૨) | જો હા, તો તેની વિગતો શું છે? | )૨) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી શહેરમાં આવેલ ઐતિહાસિક ઈમારત રાજમહેલને વિકસાવવા માટે રીનોવેશન અને રીસ્ટોરેશન અંતર્ગત કેફે વિથ બેકવેટ હોલ, વિવિધ રૂમો સાથેની હેરીટેઝ હોટેલ, મ્યુઝીયમ અને લાઇબ્રેરી જેવી સુવિધાઓની કામગીરી અર્થે ટેન્ડર પ્રક્રિયાની કામગીરી હાલ પ્રગતિમાં છે. |

---------------------------

**અમદાવાદ શહેરમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય મા યોજના**

**15/4/411 શ્રી હર્ષદભાઇ રણછોડભાઇ પટેલ** (સાબરમતી):**માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા અને | )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના હેઠળ ૨,૩૮,૯૦૦ લાભાર્થીઓના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા અને |
| (૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજૂર કરવામાં આવેલ દાવાઓ પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજૂર કરવામાં આવેલ દાવાઓ પેટે કુલ રૂ.૭૪૪.૪૪ કરોડ ચૂકવવામાં આવ્યા |

-----------------

**અધ્યાપક સહાયકોને કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમના લાભ**

**15/4/1097 શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર ) ચાણસ્મા)**: પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૮-૦૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક: ૩૪૪૪ (અગ્રતા-૮૦)ના અનુસંધાને **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

| | | | |
|---|---|---|---|
| )૧) | અધ્યાપક સહાયકોની પાંચ વર્ષની ફીક્સ પગારની નોકરી સંતોષકારક પૂર્ણ થયા બાદ નિયમિત પગાર ધોરણમાં નિમણૂક પામેલ છે તેવા અધ્યાપક સહાયકોની પાંચ વર્ષની ફીક્સ પગારની નોકરીને સળંગ ગણી કેરીયર એડવાન્સમેન્ટ (સી.એ.એસ.)ના લાભો આપવાની બાબત સરકારના વિચારણા હેઠળ હતી તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત વિચારણા પૂર્ણ કરીને ક્યારથી ઉક્ત લાભ આપવામાં આવેલ છે, અને | )૧) | અધ્યાપક સહાયકોની પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃતિ વિષયક લાભો માટે સળંગ ગણવા વિભાગના તા.૧૩-૧૨-૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: **ED/MSM/e-file/3/2022/0963/KH** થી મંજૂરી આપવામાં આવેલ છે. |
| )૨) | જો ઉક્ત સ્થિતિએ વિચારણા પૂર્ણ ન થયેલ હોય તો તે ક્યાં સુધીમાં પૂર્ણ કરીને ઉક્ત લાભ આપવામાં આવશે ? | )૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------------------------------------

**કલોલ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

**15/4/775 શ્રી લક્ષ્મણજી પુંજાજી ઠાકોર) કલોલ) :માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

**પ્રશ્ન** — **જવાબ**

)૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

)૧)

| વર્ષ | વાવેતર કરેલ રોપાની સંખ્યા |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૩૯૮૨૨ |
| ૨૦૨૩-૨૪ | ૩૯૭૩૩ |

)૨) તેમાં મુખ્યત્વે ક્યા પ્રકારના રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે, અને

)૨) તેમાં મુખ્યત્વે લીમડા, દેશી બાવળ, નીલગીરી, ગુલમહોર, ગરમાળો, અરડુસા, વડ, આમળાં, પીપળ, બોર, ગુંદા, વગેરે રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૩)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૮૩.૦૩ |
| ૨૦૨૩-૨૪ | ૭૯.૪૮ |

---------------

**કેન્સર હોસ્પિટલ, અમદાવાદ ખાતે દર્દીઓને સારવાર પેટે સહાય**

**15/4/784 દિનેશસિંહ રાજેન્દ્રસિંહ કુશવાહ** ) બાપુનગર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

**પ્રશ્ન** — **જવાબ**

)૧) તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્સર હોસ્પિટલ, અમદાવાદ ખાતે રાજ્ય અને રાજ્ય બહારથી કેટલા દર્દીઓએ સારવાર લીધી,

)૧) તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્સર હોસ્પિટલ અમદાવાદ ખાતે વર્ષવાર નીચે મુજબના દર્દીઓએ સારવાર લીધેલ છે:-

| વર્ષ | રાજ્યના દર્દીઓ | રાજ્ય બહારના દર્દીઓ |
|---|---|---|
| ૨૦૨૨ | ૧૭૫૨૨ | ૭૬૬૭ |
| ૨૦૨૩ | ૧૭૧૩૮ | ૮૧૩૭ |

)૨) તે પૈકી રાજ્યના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના દર્દીઓ માટે સહાયની કોઈ યોજના છે કે કેમ, અને

)૨) હા

| | |
|---|---|
| )૩) જો હા, તો ઉક્ત યોજના હેઠળ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના દર્દીઓની સારવાર માટે કેટલી રકમની સહાય કરવામાં આવી? | )૩) ઉક્ત યોજના હેઠળ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિના દર્દીઓની સારવાર માટે નીચે મુજબની રકમની સહાય કરવામાં આવી :- |

| વર્ષ | અનુસૂચિત જાતિના દર્દીઓ માટે સહાયની રકમ (રૂ.લાખમાં) | અનુસૂચિત જનજાતિના દર્દીઓ માટે સહાયની રકમ )રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૨૨ | ૧૬૩૭.૧૭ | ૩૬૩.૯૩ |
| ૨૦૨૩ | ૧૯૧૮.૬૧ | ૬૬૨.૯૨ |
| **કુલ** | **૩૫૫૫.૭૮** | **૧૦૨૬.૮૫** |

------------------

સરકારી પોલિટેકનિક કોલેજોમાં ખાલી જગ્યાઓ ભરવા બાબત

15/4/1091 **ગેનીબેન નગાજી ઠાકોર**) વાવ) **:** પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૦૬-૦૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક: ૨૪૩ (અગ્રતા-૩)ના અનુસંધાને **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-,

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) રાજયમાં સરકારી પોલિટેકનિક વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ની અનુક્રમે ૮૪,૧૮૨ અને ૭૨૦ જગ્યાઓ ખાલી હતી, તે વહીવટી અનુકૂળતાએ ભરવાનુ આયોજન હતુ તે પૈકી કેટલી જગ્યાઓ તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતીએ સંવર્ગવાર ભરવામાં આવી, | )૧) ઉક્ત સમયગાળા દરમ્યાન વર્ગ-૧ની ૦૦, વર્ગ-૨ની ૦૭ અને વર્ગ-૩ની ૨૪ જગ્યાઓ ભરવામાં આવી. |
| )૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને | )૨) વર્ગ-૧ની ૮૯, વર્ગ-૨ની ૧૯૯ અને વર્ગ-૩ની ૭૩૯ જગ્યાઓ ખાલી છે. |
| )૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | )૩) બનતી ત્વરાએ. |

**હિંમતનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

**15/4/774 શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| )૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | )૧) |

| વર્ષ | વાવેતર કરેલ રોપાની સંખ્યા |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૪૬૦૨૨ |
| ૨૦૨૩-૨૪ | ૪૯૭૧૧ |

| | |
|---|---|
| **(૨)** તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામા આવેલ છે, અને | **(૨)** તેમાં મુખ્યત્વે અરડુસા, નીલગીરી, લીમડા, દેશી બાવળ, કરંજ, ખાટી આમલી, સીસુ, સીરસ, પેલ્ટો વગેરે રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. |
| )૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે? | )૩) |

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૩૭.૦૦ |
| ૨૦૨૩-૨૪ | ૩૬.૧૭ |

**વસો ખાતે નવી તાલુકા કોર્ટ બિલ્ડિંગ**

**15/4/762 : શ્રી કલ્પેશભાઈ આશાભાઈ પરમાર**) માતર :(**માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|

અતારાંકિત પ્રશ્નો

| | | | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૩-૨૪માં ખેડા જિલ્લાના વસો તાલુકા ખાતે નવી તાલુકા કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને | )૧) | હા,જી. |
| )૨) | જો હા, તો ઉક્ત સ્થિતિએ ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી ક્યારે આપવામાં આવેલ છે? | )૨) | રૂ. ૬,૬૦,૮૧,૦૦૦/- ની વહીવટી મંજૂરી તા.૩૧/૦૩/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ છે. |

**સાવરકુંડલા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

**15/4/773 શ્રી મહેશ કસવાલા ) સાવરકુંડલા) :માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

**પ્રશ્ન** | **જવાબ**

)૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

)૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટર) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૩૧.૦૦ |
| ૨૦૨૩-૨૪ | ૩૮.૦૦ |

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે?

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૩૯.૨૩ |
| ૨૦૨૩-૨૪ | ૪૦.૭૭ |

------------------

**અબડાસા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

**1085/4/15શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા ) અબડાસા): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

**પ્રશ્ન** | **જવાબ**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

)૧)

| વર્ષ | વાવેતર )હેકટરમાં) | રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૨૨-૨૩ | ૫૦૧ | ૩૨.૩૨ |
| ૨૦૨૩-૨૪ | ૪૫૦ | ૫૦.૪૪ |

)૨) તે પૈકી કઇ જાતના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

)૨) પીલૂં, દેશી બાવળ, બોરડી, લીમડો, લીયાર, ઉટ, મરોડ, એવીસીનીયા મરીના (ચેર), રાઈઝોફોરા (ચેર)

)૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

)૩)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૨૦૭.૫૨ |
| ૨૦૨૩-૨૪ | ૧૩૩.૮૦ |

------------

**યુવાનોના હાર્ટ એટેકથી મૃત્યુ**

15/4/930 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા**) પોરબંદર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી રાજ્યમાં યુવાનોના હાર્ટ એટેકથી મૃત્યુ થઈ રહ્યા છે તે બાબતથી સરકાર વાકેફ છે કે કેમ, અને | )૧) | હા |
| )૨) | જો હા, તો યુવાનોના હાર્ટ એટેકથી મૃત્યુના મુખ્ય શાં કારણો સામે આવ્યા ? | )૨) | છેલ્લાં ૨૦ વર્ષોમાં ગ્લોબલ ટ્રેન્ડ છે કે બિન ચેપી રોગોનું પ્રમાણ ખૂબ વધી રહ્યું છે જેનાં મુખ્ય કારણો નીચે મુજબ છે :–<br>૧) તમાકુનું સેવન<br>૨) જંક ફુડનો વધારે પડતો વપરાશ<br>૩) શારીરિક નિષ્ક્રિયતા<br>૪) ધુમ્રપાન<br>૫) હાયપર ટેન્શન) બી.પી.ની બિમારી)<br>૬) ડાયાબીટીસ<br>૭) વ્યક્તિગત તણાવ<br>૮) કૌટુંબિક ઈતિહાસ (વારસો) |

–––––––––––––––––

**ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલ, જામનગરનું મંજૂર મહેકમ**

**15/4/1159 શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર**) જામજોધપુર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલ, જામનગરનું સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૧)

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ–૧ | ૦૩ |
| વર્ગ–૨ | ૩૫ |
| વર્ગ–૩ | ૧૦૨૦ |
| વર્ગ–૪ | ૩૭૮ |
| કુલ | ૧૪૩૬ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૦૧ | ૦૨ |
| વર્ગ–૨ | ૨૧ | ૧૪ |
| વર્ગ–૩ | ૮૨૮ | ૧૯૨ |
| વર્ગ–૪ | ૩૭૮ | ૦૦ |
| કુલ | ૧૨૨૮ | ૨૦૮ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે

**લાઠીદડ અને કાનીયાડ ગામ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું બાંધકામ**

**115/4/1203 શ્રી ઉમેશભાઈ નારણભાઈ મકવાણા** )બોટાદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બોટાદ તાલુકાના લાઠીદડ અને કાનીયાડ ગામે નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે કે કેમ, | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બોટાદ તાલુકાના લાઠીદડ ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર થયેલ નથી અને કાનીયાડ ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર થયેલ છે. |
| )૨) | જો હા તો, ઉક્ત સ્થિતિએ ઉક્ત ગામોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું બાંધકામ ક્યા તબક્કે છે અને ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને | )૨) બજેટ વર્ષ ૨૦૧૮–૧૯માં કુલ ૮૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના બાંધકામ મંજૂર થયેલા હતા.જેમાં કાનીયાડનો સમાવેશ કરવામાં આવેલ. જે અંગેના બાંધકામ કરવા સબંધિત કામગીરી ગતિમાં છે. |

)૩) ઉક્ત નવા બાંધકામ માટે વર્ષ ૨૦૨૩–૨૪ના અંદાજપત્રમાં કેટલી નાણાંકીય જોગવાઈ કરવામાં આવી છે?

)૩) અગાઉના વર્ષમાં જોગવાઈ થયેલ હોઈ, વર્ષ ૨૦૨૩–૨૪માં જોગવાઈ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------------

**રેન્જ ફૉરેસ્ટ ઓફિસરની ભરતી પ્રક્રિયા બાબત**

15/4/1104 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર**) દાણીલીમડા) :પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૦૬–૦૩–૨૦૨૩ ના રોજ સભગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક–૮૪૩ (અગ્રતા–૭૩)ના અનુસંધાને **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે **–:**

**પ્રશ્ન**

)૧) જી.પી.એસ.સી. એ હાથ ધરેલ જાહેરાત ક્રમાંક:૨૦૯/૨૦૦૯–૧૦ વન વિભાગની રેન્જ ફૉરેસ્ટ ઓફિસર અને મદદનીશ વન સંરક્ષકની ભરતી પ્રક્રિયાને ૧૩ વર્ષ પૂર્ણ થયા બાદ પણ ભરતી પ્રક્રિયા પૂર્ણ થયેલ નથી તેમાં પસંદ પામેલ ૬ મહિલાઓ પૈકી ૪ SEBC મહિલા ઉમેદવારોને નિમણૂંક સંબંધિત કાર્યવાહી ચાલુ હતી તે કાર્યવાહી તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ક્યારે પૂર્ણ કરી SEBC ની ૪ મહિલા ઉમેદવારો પૈકી કેટલી મહિલા ઉમેદવારોને નિમણૂંક આપવામાં આવી,

)૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કાર્યવાહી પૂર્ણ ન થયેલ હોય તો તેના કારણો શા છે, અને

)૩) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

)૧) જી.પી.એસ.સી. એ હાથ ધરેલ જાહેરાત ક્રમાંક:૨૦૯/૨૦૦૯–૧૦ વન વિભાગની રેન્જ ફૉરેસ્ટ ઓફિસર અને મદદનીશ વન સંરક્ષકની ભરતી પ્રક્રિયામાં બાકી રહેલ ૬ મહિલા ઉમેદવારો પૈકી ૪ SEBC મહિલા ઉમેદવારોને વિભાગના તા.૨૫/૧૦/૨૦૨૩ ના પત્રથી તેમની નિમણૂંક અંગે સંમતિ પત્ર મંગાવવામાં આવેલ હતા. જે પૈકી ૩(ત્રણ) ઉમેદવારોએ સંમતિ આપેલ છે. જ્યારે એક મહિલા ઉમેદવાર જોડાવા માંગતા નથી. (કોઈ સંમતિપત્ર આપેલ નથી કે વિભાગ સમક્ષ હાજર થયેલ નથી / રજૂઆત આપેલ નથી.) આથી કુલ–૦૩ ઉમેદવારોના પોલીસ વેરિફિકેશન, જાતિ પ્રમાણપત્રોની ચકાસણી અને તબીબી તપાસણીની કાર્યવાહી હાલમાં ગતિમાં છે.

સંબંધિત ઉમેદવારોના પોલીસ વેરિફિકેશન, જાતિ પ્રમાણપત્રોની ચકાસણી અને તબીબી તપાસણીની કાર્યવાહી હાલમાં ગતિમાં હોઈ, સદર તમામ કાર્યવાહી પૂર્ણ થયેથી નિમણૂંક સંબંધી તમામ લાયકાતો સંતોષતા ઉમેદવારોને સંબંધિત જગ્યા માટે નિમણૂંક આપવામાં આવશે.

-----------

**રાજયમાં સરકારી, ખાનગી અને અનુદાનિત મેડિકલ કોલેજો**

**15/4/1095 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર** (કાંકરેજ)**: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

**પ્રશ્ન**

)૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી, ખાનગી અને અનુદાનિત મેડિકલ કોલેજો કાર્યરત છે,

)૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી સરકારી, ખાનગી અને અનુદાનિત મેડિકલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને

**જવાબ**

)૧) નીચે મુજબની મેડિકલ કોલેજો રાજ્યમાં કાર્યરત છે.

| ક્રમ | કોલેજનો પ્રકાર | સંખ્યા |
|---|---|---|
| ૧ | સરકારી | ૦૬ |
| ૨ | જી.એમ.ઇ.આર.એસ )રાજય સરકાર સંચાલિત) | ૧૩ |
| ૩ | મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત | ૩ |
| ૪ | ખાનગી | ૧૭ |
| ૫ | એઇમ્સ) ભારત સરકાર) | ૦૧ |
| કુલ | | ૪૦ |

)૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ નવી મેડિકલ કોલેજોની મંજૂરી આપવામાં આવેલ છે.

| કોલેજનો પ્રકાર | વર્ષ | |
|---|---|---|
| | ૨૦૨૨ | ૨૦૨૩ |
| સરકારી | ૦૦ | ૦૦ |
| ખાનગી | ૦૫ | ૦૪ |

| | | |
|---|---|---|
| એઇમ્સ | ૦૦ | ૦૦ |

)૩) ઉક્ત કોલેજોમાં વર્ષવાર સ્નાતક કક્ષાએ કેટલી સીટોમાં વધારો થયો ?

)૩) ઉક્ત કોલેજોમાં વર્ષવાર સ્નાતક કક્ષાએ નીચે મુજબ સીટોમાં વધારો થયેલ છે :-

| કોલેજનો પ્રકાર | વર્ષ | |
|---|---|---|
| | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ |
| સરકારી | ૦૦ | ૦૦ |
| ખાનગી | ૬૫૦ | ૭૦૦ |
| અનુદાનિત | ૦૦ | ૦૦ |
| એઇમ્સ | ૦૦ | ૦૦ |
| કુલ | ૬૫૦ | ૭૦૦ |

------------------

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પીએચ.ડી.ની બેઠકોમાં અનામત**

15/4/1110 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા** ) સોમનાથ): **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) વર્ષ–૨૦૨૩માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પીએચ.ડી.માં કેટલી બેઠકો માટે પ્રવેશ આપવાની મંજૂરી આપાવામાં આવેલ, | )૧) વર્ષ ૨૦૨૩ માં પીએચ.ડી. પ્રવેશ માટે ૪૫૧ બેઠકોની મંજૂરી આપવામાં આવેલ. |
| )૨) તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ ઉકત મંજૂરી આપવામાં આવેલ બેઠકો પૈકી કેટલા ટકા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ,અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે, અને | )૨) શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન પીએચ.ડી.પ્રવેશ પ્રકિયા ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૪/૧૦/૨૦૧૬ના પરિપત્ર તેમજ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૬/૦૨/૨૦૨૦ના પરિપત્રની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે અને તે મુજબ નીચે મુજબ નિયમોનુસાર પ્રવેશ આપવામાં આવેલ છે.<br>પ્રમાણ<br>)૧) અનુસુચિત જાતિ ૭%<br>)૨) અનુસુચિત જન જાતિ ૧૫%<br>)૩) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ ૨૭%<br>)૪) આર્થિક રીતે નબળા વર્ગો ૧૦% |
| )૩ ( ઉકત સ્થિતિએ ઉકત પ્રવેશ આપવામાં અનામતનું પાલન ન થતું હોય તો ક્યા જવાબદારો સામે શા પગલાં લીધા ? | )૩( પ્રવેશ આપવામાં અનામતનું પાલન થતું હોઈ , પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં સરકારી આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજ**

**15/4/939 શ્રી માવજીભાઇ મગનભાઇ દેસાઇ**) ધાનેરા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં એકપણ આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી કોલેજ આવેલ નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે, કેમ, | )૧) હા, જી |

| | | | |
|---|---|---|---|
| )૨) | જો હા, તો ઉક્ત તાલુકાઓમાં નવી સરકારી કોલેજ બનાવવાનું સરકારનું શું આયોજન છે, અને | )૨) | સ્થાનિક જરૂરિયાત અને ભૌગોલિક સ્થિતિને ધ્યાને લઇને બજેટની મર્યાદામાં સરકારશ્રી દ્વારા તબક્કાવાર નવી સરકારી કોલેજ શરૂ કરવા વિચારણા કરવામાં આવે છે. |
| )૩) | ઉક્ત તાલુકામાં કોલેજો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે **?** | )૩) | બનતી ત્વરાએ |

---------------------

**સરકારી યુનિવર્સિટીઓની ભરતીમાં ગેરરીતિ અંગે ફરિયાદો**

15/4/823: **શ્રી કિરીટકુમાર ચીમનલાલ પટેલ** (પાટણ): **માનનીય ઉચ્ચ અને તાંત્રીક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

.....................................

| **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં આવેલ કઇ સરકારી યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક જગ્યાઓ પર કાયમી અને હંગામી ભરતીમાં ગેરરીતિ અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, | (૧) |

| **ક્રમ** | **યુનિવર્સિટીનુ નામ** | **ફરિયાદની સંખ્યા** |
|---|---|---|
| ૧. | ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ | ૩ |
| ૨. | હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ | ૭ |
| ૩. | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ | ૭ |
| ૪. | સરદાર પટેલ યુનિવર્સિટી, આણંદ | ૨ |
| ૫. | ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ | ૨ |
| ૬. | સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ | ૧ |
| ૭. | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત | ૧ |
| ૮. | બાબા સાહેબ આંબેડકર યુનિવર્સિટી, અમદાવાદ | ૧ |
| ૯. | શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટી, ગોધરા | ૧ |
| ૧૦. | મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા | ૧ |
| ૧૧. | ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર | ૧ |
| ૧૨. | આઇ.આઇ.ટી.ઇ. ગાંધીનગર | ૩ |
| ૧૩. | મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી, ભાવનગર | ૧ |

| | | | |
|---|---|---|---|
| (૨) | મળેલ ફરીયાદો અન્વયે તે પૈકી કઇ યુનિવર્સિટીમાં થયેલ ગેરરીતિ અંગે અહેવાલ/તપાસ માટે સમિતિ બનાવવામાં આવી, | (૨) | શૂન્ય |
| (૩) | ઉક્ત સ્થિતિએ કેટલી સમિતિઓએ અહેવાલ સોંપ્યા અને કેટલી સમિતિના અહેવાલ સરકારને મળવાના બાકી છે, અને | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| )૪) | ઉક્ત મળેલ અહેવાલ અન્વયે સરકારે કોની સામે શા પગલાં લીધા? | )૪) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ સોલા, અમદાવાદનું સંવગવાર મંજૂર મહેકમ**

15/4/415 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઇ પટેલ** (સાબરમતી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ સોલા, અમદાવાદનું સંવગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) |

| સંવર્ગ | મંજૂર જગ્યાઓ |
|---|---|
| વર્ગ – ૧ | ૧૬૧ |
| વર્ગ – ૨ | ૨૩૧ |
| વર્ગ – ૩ | ૧૫૯ |
| વર્ગ – ૪ | ૫૮ |
| કુલ | ૬૦૯ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૨)

| સંવર્ગ | ભરેલ |
|---|---|
| વર્ગ – ૧ | ૧૨૫ |
| વર્ગ – ૨ | ૨૧૯ |
| વર્ગ – ૩ | ૧૪૪ |
| વર્ગ – ૪ | ૫૮ |
| કુલ | ૫૪૬ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે?

(૩)

| સંવર્ગ | ખાલી જગ્યાઓ |
|---|---|
| વર્ગ – ૧ | ૩૬ |
| વર્ગ – ૨ | ૧૨ |
| વર્ગ – ૩ | ૧૫ |
| વર્ગ – ૪ | ૦ |
| કુલ | ૬૩ |

-----------------

**નલિયા ખાતે સરકારી કોલેજ બનાવવા બાબત**

**1208/4/15 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા**) અબડાસા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અબડાસા તાલુકાનાં નલિયા ખાતે સરકારી કોલેજ બનાવવા માટે કોઇ આયોજન છે કે કેમ, અને | )૧) | સ્થાનિક જરૂરિયાત અને ભૌગોલિક સ્થિતિને ધ્યાને લઇને બજેટની મર્યાદામાં સરકારશ્રી દ્વારા તબક્કાવાર નવી સરકારી કોલેજ શરૂ કરવા વિચારણા કરવામાં આવે છે. |
| )૨) | જો હા, તો આ બાબતની મંજૂરી ક્યારે આપવામાં આવેલ છે **?** | )૨) | લાગુ પડતુ નથી. |

-----------------------------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે ગ્રાન્ટ**

**15/4/1163 શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર**) જામજોધપુર) :**માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

)૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે કેટલી રકમ ફાળવવામાં આવી,

)૧)

| ક્રમ | વર્ષ | જિલ્લો | રકમ |
|---|---|---|---|
| (૧) | ૨૦૨૨ | – | – |
| (૨) | ૨૦૨૩ | જામનગર | રૂ.૧૮.૦૦ કરોડ |
| | | દેવભૂમિ દ્વારકા | રૂ.૨૮.૦૦ કરોડ |

)૨) ઉક્ત ફાળવવામાં આવેલ રકમ પૈકી ઉક્ત જિલ્લાવાર ક્યા પ્રવાસન સ્થળ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

)૨) ખર્ચ કરવાનો બાકી છે.

)૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં કયા નવા પ્રવાસન સ્થળનો સમાવેશ કરવામાં આવ્યો?

)૩)
- જામનગર જિલ્લામાં બરડો ડુંગર સર્કીટમાં આશાપુરા અને ઘુમલી નવલખા સૂર્ય મંદિર, કિલેશ્વર મહાદેવ મંદિર, મોડપરના કિલ્લાનો વિકાસ, જાંબુવનની ગુફા, આભપરા અને સોનકંસારીના ડેરાનો વિકાસ, હર્ષદ માતાનું મંદિર.
- દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શિવરાજપુર ખાતે શિવરાજપુર બીચના વિકાસના માસ્ટરપ્લાન મુજબ ફેઝ–૩ની કામગીરી અને બેટ દ્વારકા ખાતે આઇલેન્ડ પ્રોજેક્ટ અંતર્ગત ફેઝ–૧ની કામગીરી.

--------------------------

માઘ ૨૪,૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નો

**ભાવનગર ખાતે આવેલ સિવિલ હોસ્પિટલમાં ઓપીડી વિભાગ**

**15/4/1205 શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા** (બોટાદ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર ખાતે આવેલ સિવિલ હોસ્પિટલમાં નવો ઓપીડી વિભાગ શરૂ કરવામાં આવેલ છે, કે કેમ, અને | )૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર ખાતે આવેલ સિવિલ હોસ્પિટલમાં કોઈ નવો ઓપીડી વિભાગ શરૂ કરવામાં આવેલ નથી. |
| (૨) | જો હા, તો ઉક્ત ઓપીડી વિભાગનું નવું બિલ્ડિંગ ક્યારે અને કેટલા ખર્ચે બનાવવામાં આવ્યું હતું? | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------------

ઇન્ટીગ્રેટેડ મોડ્યુલ ઓફ પ્લેસમેન્ટ ,એપ્રેન્ટિસશીપ કમ ટ્રેનિંગ યોજના

15/4/757 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ**) સાબરમતી **:** (**માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–**,**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧( | ઇન્ટીગ્રેટેડ મોડ્યુલ ઓફ પ્લેસમેન્ટ ,એપ્રેન્ટિસશીપ કમ ટ્રેનિંગ (IMPACT) યોજના શું છે ,અને | )૧( | ઇન્ટીગ્રેટેડ મોડ્યુલ ઓફ પ્લેસમેન્ટ ,એપ્રેન્ટિસશીપ કમ ટ્રેનિંગ (IMPACT) યોજના તા.૧૧–૦૯–૨૦૧૯ થી અમલમાં આવી છે ,આ યોજના થકી સરકારી ડિગ્રી અને પોલીટેકનીકમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વિવિધ ટેકનિકલ વિષયોની ટ્રેનિંગ ઉપલબ્ધ કરાવવામાં આવે છે તેમજ કૌશલ્ય વિકાસ અને રોજગારની તકો ઉપલબ્ધ કરાવવામાં આવે છે . |
| )૨( | તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ ઉક્ત યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે? | )૨( | કુલ ૬૦૧૩ વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન માધ્યમ થકી તાલીમ આપવામાં આવી. |

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી એક ઇન્ફર્મેશન છે.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે ઇન્ફર્મેશન?

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx)

અધ્યક્ષશ્રી : ઇન્ફર્મેશન શું છે?

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બીજા કે ત્રીજા દિવસે...

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ચર્ચામાં નથી અને તમે પ્રશ્ન ચર્ચા ઉપર લો છો.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમાં જે માહિતી આપી છે કે....

અધ્યક્ષશ્રી : જેટલા પ્રશ્નો અહીંયા પ્રાયૉરિટીમાં આવે એટલા જ પ્રશ્નોની ચર્ચા થઇ શકે. પછી બાકીના જે પ્રશ્નો હોય એની ચર્ચા માટે તમે પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન કરો તો એ ચર્ચા ન થઇ શકે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં એવું લખ્યું છે કે, આ કાર્યરત નથી.

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર હોય તો આ વાત કરી શકો છો. બાકીના તારાંકિત પ્રશ્નો અતારાંકિત પ્રશ્ન તરીકે રહે છે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, એ ન થઇ શકે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખાલી જાણવા માગું છું કે આ કાર્યરત...

અધ્યક્ષશ્રી : તમે જાણવા માંગો તો અલગથી નોટિસ કરી શકશો. પ્રશ્ન તમે પૂછી જ લીધો છે અને જવાબ પણ મળી ગયો છે. એનો તમે મૌખિક જવાબ માંગો તો જે પ્રાયૉરિટીમાં નથી આવ્યું એ ન મળી શકે. માનનીય સભ્યશ્રીએ જે રજૂઆત કરી એને રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

**અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)**

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે અંદાજપત્ર લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા જે અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું એમાં જે રકમ છે એમાં ખૂબ જ વધારો કરવામાં આવ્યો છે. સાથે-સાથે જે રીતે રાજ્યનું દેવું વધી રહ્યું છે એની ચિંતા સ્વાભાવિકપણે આપણે બધા કરીએ. વર્ષ ૨૦૨૨-૨૩માં જે દેવું હતું અને વર્ષ ૨૦૨૩-૨૪માં જે દેવું થયું એ વર્ષ ૨૦૨૨-૨૩ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૪૨,૯૦૪/- કરોડનું રાજ્ય સરકારનું દેવું વધ્યું અને વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજ મુજબ વર્ષ ૨૦૨૪-૨૫માં એ દેવું રૂ.૪૫,૦૦૦/- કરોડ વધવા જઇ રહ્યું છે. આમ, વર્ષ ૨૦૨૨-૨૩ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૪-૨૫માં જોઇએ તો, છેલ્લાં ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે રૂ.૮૭,૯૦૪/- કરોડનું દેવું કર્યું છે. આ દેવાનો આંકડો જોઇએ તો, આજે પ્રત્યેક ગુજરાતીના માથે(વચ્ચે અટકાવતાં)...

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી શૈલેષભાઇ, આપને આમાં દસ મિનિટ લખેલી છે. જો આપને દસ મિનિટ આપીશું તો બાકીના બંને સભ્યશ્રીઓને ત્રણ-ત્રણ મિનિટ મળશે. તો શું કરવું એ આપ નક્કી કરી લેજો. આપ દસ મિનિટ બોલશો તો એમને ત્રણ-ત્રણ મિનિટ મળશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જી. આમ, દરેક ગુજરાતીના માથે આજે રૂ. ૬૫,૫૯૭/- નું દેવું થવા જઇ રહ્યું છે. રાજ્ય સરકાર આ વખતે પોતાના અંદાજમાં રૂ. ૭૫,૦૦૦/- નું નવું દેવું માથે લેવા જઇ રહી છે. એટલે રાજ્ય સરકાર રોજનું રૂ. ૨૧૨ કરોડનું દેવું કરવા જઇ રહી છે. એની સામે જાહેર દેવાની ચૂકવણી વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૨૯,૦૮૪ કરોડ કરવાની છે. એટલે કે, દરરોજના રૂ.૮૦ કરોડ એ દેવાના સ્વરૂપમાં ચૂકવવાના છે. રાજ્ય સરકાર જે નવું દેવું લોન પેટે લેવા જઇ રહી છે રોજના રૂ. ૨૧૨ કરોડ એની સામે દેવાની ચૂકવણી રૂ.૮૦ કરોડ રૂપિયા કરવાની છે. આમ સરકાર દેવું વધારે કરે છે અને ચૂકવણી ઓછી કરે છે. આ રાજ્ય સરકારના વહીવટનું સૌથી ઉત્તમ ઉદાહરણ છે. રાજ્ય સરકારની વર્ષ ૨૦૨૨-૨૩માં રોજની કુલ આવક રૂ.૫૫૪ કરોડ હતી, જે વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૬૨૯ કરોડ થઇ. એટલે રૂ.૮૩ કરોડનો રોજની આવકમાં વધારો થયો છે. એની સામે રાજ્યમાં વિકાસલક્ષી અને બિન વિકાસલક્ષીના ખર્ચ થતા હોય છે. બજેટમાં એની આંકડાકીય માહિતી પૂરી પાડવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા જે વિકાસલક્ષી ખર્ચ કરવામાં આવ્યો છે એ વર્ષ ૨૦૨૨-૨૩ના પ્રમાણમાં, વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ. ૫૯,૯૨૬ કરોડ કરતાં પણ વધારે કરવા જઇ રહી છે. જે રીતે મેં વાત કરી એમ, વાર્ષિક વિકાસલક્ષી ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩માં રોજનો રૂ. ૫૦૬ કરોડનો હતો એ વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૫૮૧ કરોડ કરવા જઇ રહી છે. આમ, રાજ્ય સરકાર વર્ષ ૨૦૨૨-૨૩ના પ્રમાણમાં, વર્ષ ૨૦૨૪-૨૫માં વિકાસલક્ષી ખર્ચ પાછળ રોજના રૂ.૭૫ કરોડનો ખર્ચ કરવા જઇ રહી છે. એનું એક બીજું પાસું છે કે, બિનવિકાસલક્ષી ખર્ચ પાછળ વર્ષ ૨૦૨૨-૨૩માં રોજના રૂ.૨૩૪ કરોડ વપરાતા હતા એ વર્ષ ૨૦૨૪-૨૫માં અંદાજે રૂ.૩૧૬ કરોડ રોજના વપરાવા જઇ રહ્યા છે. વર્ષ ૨૦૨૨-૨૩ના પ્રમાણમાં જોવા જઇએ તો વર્ષ ૨૦૨૪-૨૫માં બિન વિકાસલક્ષી ખર્ચની પાછળ રાજ્ય સરકાર રોજના રૂ.૮૨ કરોડનો ખર્ચ કરવા જઇ રહી છે. રાજ્ય સરકારના વર્ષ ૨૦૨૪-૨૫ના વિકાસલક્ષી ખર્ચ પાછળ રોજના ફક્ત રૂ.૭૫ કરોડ વાપરવાના છે જ્યારે બિન વિકાસલક્ષી ખર્ચની પાછળ રાજ્ય સરકાર રોજના રૂ. ૮૨ કરોડ વાપરવા જઇ રહી છે. આમ, વિકાસલક્ષી ખર્ચમાં ઘટાડો થયો છે અને બિન વિકાસલક્ષી ખર્ચમાં વધારો થવા જઇ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારના આવકના સ્ત્રોતોમાં એક વર્ષથી માંડીને દસ વર્ષ સુધીની જે લોકો પાસેથી વેરા પેટે નીકળતી રકમો જે બિનવિવાદીત છે, એનો આંકડો જોઇશું તો રૂ.૩૦ હજાર ૨૫ કરોડ લેવાના બાકી નીકળે છે. કોર્ટોમાં જ્યાં મેટરો ચાલે છે એમાં, રૂ.૨૬,૫૦૦ સમથિંગ નીકળી છે, પણ આપણે ઓવરઓલ વિવાદિત અને બિન વિવાદિત બંને પાસાઓમાં જોઇએ તો, રાજ્ય સરકારના આજે પણ રૂ. ૫૬,૬૦૯ કરોડ પ્રજાની પાસેથી લેવાના નીકળે છે એટલે કે વેપારીઓ પાસેથી લેવાના નીકળે છે. એક વર્ષથી માંડીને દસ વર્ષમાં એનો અંદાજ છે. રાજ્ય સરકાર દાવાઓ તો કરે છે કે રાજ્ય સરકારના ઘરગથ્થું ઉત્પાદનોમાં વધારો થયો છે. રાજ્ય સરકારની રાજવિત્તીય જવાબદારી અધિનિયમ-૨૦૦૫ના પત્રકોમાં આપણે જોવા જઇએ તો વર્ષ ૨૦૧૨-૧૩માં જે ઘરગથ્થું ઉત્પાદન ૧૭.૭ ટકા હતું, એ વર્ષ ૨૦૨૩-૨૪માં અંદાજે ૧૦.૫ ટકા થયું છે. એનો મતલબ એવો થયો કે વર્ષ ૨૦૧૨-૧૩ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૭.૨ ટકાનો ઘટાડો એ રાજ્યનું રાજવિત્તીય જવાબદારી અધિનિયમ-૨૦૦૫ના પત્રકમાં સ્પષ્ટપણે દેખાઇ આવે છે. રાજ્યના મુખ્ય ક્ષેત્રોમાં આપણે રાજ્યનું ઘરગથ્થું ઉત્પાદન ક્ષેત્રવાર પ્રમાણે જોવા જઇએ અને ખાસ કરીને, હું ઔદ્યોગિક જૂથની વાત કરું તો રાજ્ય સરકારના પ્રાથમિક ઔદ્યોગિક જૂથમાં જોઇએ તો વર્ષ ૨૦૧૧-૧૨માં જે ૨૨.૮૦ ટકા જેનું પ્રમાણ હતું એ વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૦.૧૦ ટકા થયું છે. એનો મતલબ એવો થયો કે વર્ષ ૨૦૧૧-૧૨ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૨-૨૩માં ૨.૭૦ ટકાનો ઘટાડો થયો છે. રાજ્ય સરકાર દાવો કરે છે કે, કૃષિમાં ગુજરાત રાજ્ય આગળ છે. કૃષિનું ઉત્પાદન વધ્યું છે, પણ સરકારશ્રીએ જે બુકલેટ વિધાનસભાગૃહમાં રજૂ કરી છે એમાં, ઔદ્યોગિક જૂથ એકમના આધારે કૃષિના આંકડા જોઇએ તો વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૭.૮૦ ટકા કૃષિનું ઉત્પાદન બતાવવામાં આવ્યું છે, જે વર્ષ

૨૦૨૨-૨૩માં ૧૪.૧૦ ટકા બતાવ્યું છે. એનો મતલબ એવો થયો કે ૩.૭૦ ટકાનો કૃષિ ઔદ્યોગિક એકમ જૂથમાં સ્પષ્ટપણે ઘટાડો દેખાઇ રહ્યો છે. તો કૃષિ ઉત્પાદન કયાં થયું? કારણ કે, કૃષિની જમીનો વેચાઇ રહી છે અને શહેરીકરણ વધી રહ્યું છે. કૃષિના ઉત્પાદનમાં પણ ઘટાડો થયો છે. ખાસ કરીને, તૃતીય જૂથની વાત કરીએ તો, વર્ષ ૨૦૧૧-૧૨માં જે ૩૬.૭૦ ટકા હતું એ વર્ષ ૨૦૨૨-૨૩માં ૩૫.૩૦ ટકા થયું છે. એમાં પણ ૧.૪૦ ટકાનો ઘટાડો થયો છે. રાજ્ય સરકારની પોતાની મહેસૂલી આવક વર્ષ ૨૦૧૨-૧૩માં ૧૪.૨ ટકા હતી એ વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૧.૩૯ ટકા થઇ છે. એનો મતલબ ૨.૬૩ ટકાનો એમાં ઘટાડો છે. ખાસ કરીને કેન્દ્ર સરકારનો જે હિસ્સો હોય, કેન્દ્ર સરકાર આપણને જે ગ્રાન્ટ આપતી હોય કે પૈસા આપતી હોય એ વર્ષ ૨૦૧૨-૧૩માં ૧૪.૯ ટકા હતી. વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૧.૪૮ ટકા થયા છે. આમ કેન્દ્રિય કરવેરાનો હિસ્સો ૨.૬૧ ટકાનો ઘટાડો દર્શાવે છે, તે સ્પષ્ટપણે આ બુકલેટમાં રાજ્ય સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આમ રાજ્ય સરકાર જે દેવું લઇને આવી છે, બજેટ લઇને આવી છે, જે અંદાજપત્ર લઇને આવી છે, એમાં સમર્થન આપી શકાય તેવી વાત જ નથી.

માનનીય ઋષિકેશભાઇ કહેતા હતા કે ઘી પીવા દેવું કરી શકાય. ગઇકાલે રાત્રે હું ચૂંટણી પંચની વેબસાઇટ જોતો હતો. વેબસાઇટ પર મેં જોયું કે કયા કયા મિનિસ્ટરના માથે કેટલું કેટલું દેવું છે, તો તેઓ પોતે તો દેવાદાર થયા નથી, પણ ગુજરાતની પ્રજાને દેવામાં ડૂબાડી દીધી છે. એ આંકડા પરથી સ્પષ્ટ થઇ જતું હતું.

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ, (અંતરાય) તમે રાત્રે શાંતિથી સૂઇ જતા હોય તો!

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર-પશ્ચિમ):માનનીય અધ્યક્ષશ્રી, બજેટની ચર્ચામાં મારા મંતવ્યો રજૂ કરતા પહેલા આપને હું એટલા માટે અભિનંદન આપું છું કે આ બજેટ રજૂ થયું, પછી આપશ્રીએ આદરણીય શ્રી નરેન્દ્રભાઇના દેશના સેક્રેટરી તરીકે રહેલા શ્રી હસમુખભાઇ અઢિયા, જે હાલમાં આપણા મુખ્યમંત્રીશ્રીના સલાહકાર છે. સમગ્ર બજેટ વિશે તેમણે બધા સભ્યશ્રીઓને માહિતી આપી. કદાચ વિપક્ષના સભ્યો શ્રી શૈલેષભાઇ હાજર હોત તો શ્રી કનુભાઇને આ કહેવાનો વારો આવ્યો ન હોત. હું આપને વિનંતી કરું છું, કારણ કે સોફ્ટ કોપી હોય એ સોફ્ટવેરમાં રહેતી હોય છે. હાર્ડ કોપી બધાને આપો તો ઘણા પ્રશ્નોનું સમાધાન વિપક્ષને મળી જશે. કેમ કે શ્રી કનુભાઇ જે બજેટ લઇને આવ્યા છે, તે એકદમ ફાઇનાન્શિયલી ડિસિપ્લીનવાળું અને દેશમાં ત્રીજા નંબરનું રાજ્ય..

અધ્યક્ષશ્રી : એમને હાર્ડકોપી પણ આપી છે. એટલે હાર્ડકોપી આપ્યા પછી..

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સમજીને કહેતા હોય તો પછી મારે કશું કહેવું નથી. મને લાગણી થઇ માનનીય અધ્યક્ષશ્રી, કે આપે મહેનત કરી તો બધા સભ્યશ્રીઓને આપણું ગુજરાતનું બજેટ, આપણું ગુજરાત કેટલું સદ્ધર છે, કેવી ફાઇનાન્શિયલ ડિસિપ્લીન સાથે માનનીય મુખ્યમંત્રીશ્રી અને આદરણીય શ્રી કનુભાઇ ચલાવી રહ્યા છે તેનો ખ્યાલ આવે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂપેન્દ્રભાઇના નેતૃત્વની ભારતીય જનતા પાર્ટીની સરકાર, આપણા ઉદાર નાણામંત્રી ખૂબ ઓછું બોલે, પણ રાજ્યના વિકાસમાં ખૂબ નાણાં આપે છે. એવા શ્રી કનુભાઇ ૩,૩૨,૪૬૫ કરોડનું બજેટ લઇને આવ્યા છે. હું તેનું સમર્થન કરું છું અને ગૃહ વિભાગમાં કાયદો અને વ્યવસ્થા માટે મારા મંતવ્યો રજૂ કરું છું. મારા વિચારો રજૂ કરું તે પહેલા આ સન્માનનીય ગૃહ તમામ બાબતોનું, તમામ બજેટોનું સાક્ષી રહ્યું છે. રૂ. ૩૨૦ કરોડનું બજેટ કોંગ્રેસના શાસનમાં ગૃહ ખાતાનું આ સન્માનનીય સભાગૃહમાં મૂકાયું હતું અને આ વખતે શ્રી કનુભાઇએ જે બજેટ મૂકયું છે એ રૂ.૧૦૩૫૮ કરોડ માનનીય અધ્યક્ષશ્રી, ૨૮ વર્ષમાં શું કર્યું, શું કર્યું, શું કર્યું. હું કહું છું કે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં કયાં ૩૨૦? માનનીય અધ્યક્ષશ્રી, આ નિર્જીવ સ્તંભો અહીંયા છે, તે પણ એના સાક્ષી રહ્યા છે. કેવી સ્થિતિમાં કોંગ્રેસમાં, ખાસ કરીને ગૃહ વિભાગમાં એ ચિંતા વ્યક્ત કરતા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇના મજબૂત અને નિર્ણાયક અને ન્યાયપ્રિય નેતૃત્વની સરકારે ગૃહ રાજ્યમંત્રી આદરણીય શ્રી હર્ષભાઇ સંઘવી દ્વારા ગુનાખોરી માટે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે અને તેનો સફળ સુચારું અમલીકરણ કરીને અન્ય રાજ્યોની સરખામણીમાં આપણા ગુનાના પ્રમાણો પણ નહિવત્ત રહ્યા છે, ત્યારે સરકારશ્રીને વિશેષ અભિનંદન આપું છું. કાયદો અને વ્યવસ્થાની આંતરિક સલામતીની જાળવણી, પ્રજાના જાન માલની રક્ષા, ગુનાઓની તપાસ, ગુનાખોરોને શોધીને તેમની અટકાયત કરીને અદાલતી કાર્યવાહીમાં સજા કરવા સુધીની ફરજ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં પોલીસ નિભાવી રહી છે. અગાઉ ગુનાખોરોને છાવરવામાં આવતા હતા, એ ગુજરાતનો ભૂતકાળ કહી રહ્યો છે અને તે વખતે કોનું શાસન હતું એ રાજ્યની જનતાને ખબર છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે ગતિથી માનનીય નરેન્દ્રભાઇ, આદરણીય શ્રી અમિતભાઇ અને શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે એ જોતાં જાહેર સુલેહ શાંતિ, સલામતી અને સુરક્ષાના પડકારો પણ વધતા જ હોય છે. એને પહોંચી વળવા માટે શસ્ત્ર સરંજામ ટેકનોલોજીના ઉપકરણોનો ઉપયોગ, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, ફોરેન્સિક વિજ્ઞાનમાં અસરકારક ઉપયોગથી આપણું ગુજરાત એ સલામત રહ્યું છે. કયારેક આ ગુજરાતની એવી સ્થિતિ હતી કે જગન્નાથજી પણ સલામત નહોતા, એમને પણ બુલેટપ્રૂફ રથમાં કાઢવામાં આવતા હતા. મને યાદ છે ભાવનગરથી અમે આવીએ તો જુહાપુરાની અંદર જગન્નાથજીની યાત્રાને વાર હોય, પણ દોઢ-બે મહિના પહેલાં બેરીકેટ લાગી જાય, એ રસ્તામાંથી એસ.ટી. ના જઇ શકે. આ કોનું શાસન હતું? કેમ આવી પરિસ્થિતિ હતી? હું અભિનંદન આપવા માગું છું કે એ પ્રકારે ઉત્તમ પરિણામો પણ

રાજયની સરકાર લાવી છે. હું ઉદાહરણ પણ આપવા માગું છું, બળાત્કાર રેપ વીથ મર્ડરના અનેક કેસો, મારા ભાવનગર નિલમબાગના કેસમાં ચાર્જશીટનો સમય એ ૨૪ કલાક અને ૫૨ દિવસમાં આજીવન કારાવાસની સજા, પોલીસ એ બધા પુરાવા એકત્રીત કરીને ચાર્જશીટ કરતી હોય છે ત્યારે આવા અનેક ઉદાહરણો છે, ૧૦ દિવસમાં ચાર્જશીટ, ૨૨ દિવસમાં ફાંસીની સજા, એ હજીરા હોય, સીંગલપુર હોય, અમરોલી હોય, ખટવદરા હોય, ૭ વર્ષની, ૨૦ વર્ષની, આજીવનની, અંતિમ શ્વાસ સુધીની સજાઓ એ ૨૮ દિવસ, ૬ માસ, ૭ માસ, ૧૧ માસ, ૫૨ દિવસ, આની અંદર સજાઓ કરી છે એનો અર્થ એ છે કે રાજયની શ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર, આદરણીય ગૃહમંત્રીશ્રી હર્ષભાઇએ જે પ્રકારે ગુનાખોરો એ ગુનો કરી ન શકે એ પ્રકારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ એ જાળવી છે. ૫૬ની છાતી એ કેટલાક નિર્ણયો કરવા માટે જોઇએ. આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં ૧૫૬ એટલા માટે આવ્યા છે. ઇ.–એફ.આઇ.આર, વાહન ચોરી, મોબાઇલ ચોરી, એનાં પરિણામો ખૂબ સારાં મળ્યાં છે ત્યારે મને કહેતા આનંદ છે કે એક વખતના આપણા રાજયના ગૃહમંત્રી આજે દેશના ગૃહમંત્રી છે અને એમના દ્વારા ૨૨મો આ લોકાર્પણ પ્રોજેક્ટ, ઇ.એફ.આઇ.આર. લોંચિંગ થયો અને મને કહેતાં આનંદ છે કે માનનીય નરેન્દ્રભાઇના અને શ્રી અમિતભાઇના નેતૃત્ત્વમાં આજે કાશ્મીરથી કન્યાકુમારી સુધી અસામાજિક તત્ત્વો ફફડી રહ્યા છે.

'' जहां हुए बलिदान मुखर्जी, वो कश्मीर हमारा है,
वो कश्मिर हमारा है, वो सारा का सारा है। ''

માનનીય અધ્યક્ષશ્રી, આપણા શ્રી અમિતભાઇ એમણે આ દેશની સંસદમાં વાત કરી છે અને હવે ૩૭૦ ગઇ પણ ૩૭૦ ભા.જ.પ. આવવાની છે. આદરણીય શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં અનેકવિધ દેશનાં કામો થઇ રહ્યાં છે. શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં અનેક કામો થઇ રહ્યાં છે. ગૃહ ખાતામાં સાયબર ક્રાઇમમાં પણ અનેકવિધ પગલાઓ લઇને આજદિન સુધી કરોડો કરોડો રૂપિયા સીઝ કર્યા છે, પાછા અપાવ્યા છે આવા અનેક નિર્ણયો એ ટાઇમ લાઇનમાં પોલિસની કામગીરી એમણે કરી છે. કોરોના વખતની પોલીસની કામગીરીને હું બિરદાવું છું. એક સંવેદના સાથે, માનવતા સાથે પોલીસ અને સમાજ એ બન્ને સાથે મળીને કામ કરે તો કેવડું મોટું કામ એ રાજયનું થાય એ સૌ જાણે છે. આજકાલ આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીનું દાદાનું બુલડોઝર ચર્ચામાં છે. દ્વારકા, હરસિદ્ધ માતા, નાવડા જીંજુડા કચ્છની જમીન, પોરબંદર, આપનો જિલ્લો બનાસકાંઠા, અનેક દાદાઓ, અસામાજિક તત્ત્વોએ સરકારી જમીનમાં દબાણો કર્યા હતા એ એમણે દૂર કર્યા હતા. આજે એક જ દાદા રહ્યા છે શ્રી હનુમાનદાદા બાકીના દાદાઓને ભારતીય જનતા પાર્ટીની સરકારે ભોંભીતર કર્યા છે ત્યારે હજુ પણ કહું છું કે વોટ બેંકની રાજનીતિ અને તૃષ્ટિકરણની રાજનીતિ કરનારા એ લોકો હજી પણ નહીં સુધરે તો દાદાના બુલડોઝરનો રેલો કદાચ ત્યાં સુધી પણ જઇ શકે. મને કહેતાં દુઃખ પણ થાય છે અમદાવાદ એ સન્માનનીય લતીફભાઇથી ઓળખાતું, બરોડા–સ્નેહી, આત્મીય રાજુભાઇ રીસાલદારથી ઓળખાતું હતું. સુરત આત્મીય અને પ્રિય મોજનભાઇ મોહમ્મદ સુરતીના નામથી ઓળખાતું. કચ્છ એ આદરણીય ઇબલાભાઇ શેખના નામથી ઓળખાતું. પોરબંદર એ થરાના નામથી ઓળખાતું હતું. આ સન્માનનીય નામો અમારી સરકારે નહીં, કોંગ્રેસની સરકારે આપ્યાં હતાં. આવા અસામાજિક તત્ત્વોને સન્માન તરીકે જોતા અને એને પણ કોના બંગલાની અંદર એને શેહ આપવામાં આવતી હતી, કોના બંગલાની અંદર સાચવવામાં આવતા હતા, સરકારી ગાડીઓની અંદર હથિયારો પકડાયએ લોકો આજે આ બજેટની જોગવાઇઓને આદરણીય શ્રી કનુભાઇ લઇને આવ્યા છે ત્યારે આ બધી જ વ્યવસ્થાઓ આનાથી ઊભી થઇ છે. અમદાવાદમાં જમાલપુરમાં હમજા ટેક્સ, આલમ ટેક્સ ઉઘરાવતા હમજા આલમખાન પઠાણ સરકારી બિલ્ડિંગોમાં લાખો રૂપિયાની ઉઘરાણી કરે. એમને જેલભેગા કરવાનું કામ આ સરકારે કર્યું છે. મોરબીમાં મૌલવી પીરઝાદા હોય, એમને ત્યાંથી રૂ. ૭૭૬ કરોડનું હેરોઇન પકડાય અને મને જણાવતા દુઃખ થાય છે કે જ્યારે આ પ્રકારના લોકો પકડાયા હોય ત્યારે વોટબેન્કની રાજનીતિ માટે થઇને કોંગ્રેસે ક્યારેય સારી વાતને સ્વીકારી નથી. નીંદા પણ કરી નથી. એક ડ્રગ માફિયા અલારખા બરફવાલા, સુરત હોય. કૃષ્ણં વંદે જગતગુરું. એમના સખાનું જન્મસ્થળ સુદામાપૂરી, માનનીય અર્જુનભાઇ અત્યારે ગૃહમાં નથી એ પોરબંદર જિલ્લો. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, કસ્તુરબા, નાનાજી કાલીદાસ મહેતા, બેન્કના સ્થાપક નાનાલાલ દેવકરણ જેવા અનેક મહાનુભાવોની જન્મભૂમિ એટલે પોરબંદર. કાળક્રમે કોંગ્રેસની સરકારમાં જુદી ગેંગો મારામારી, કાપાકાપી, દાદાગીરી એક સમયે એવી ઓળખ પોરબંદરની હતી કે અહીંયા કાયદો અને વ્યવસ્થાની હદ પૂરી થાય છે અને પોરબંદરની શરૂ થાય છે. જેલ બંધ કરવી પડે? કોનું શાસન હતું? કાયદો અને વ્યવસ્થામાં એનું કારણ માત્ર ને માત્ર રૂ. ૩૦૦ કરોડ રૂપિયાના બજેટમાં પોલીસને કહે કામગીરી કરો. અસામાજિક તત્વોને સહારો આપવામાં આવે. રાજકીય રીતે એમને સાચવવામાં આવે. સમગ્ર સાગરકિનારો આ રીતે હતો. આદરણીય શ્રી કનુભાઇ વલસાડથી આવે છે. વલસાડ, કચ્છ, પોરબંદર, હથિયારો, ડ્રગ્સનું વેચાણ, આ બધી બદીઓથી ઓળખાતું હતું. હમણાં જ મૌલાના મુફ્તી મોહમ્મદ અઝહરીને પણ આ ગુજરાતની ધરતી ઉપર કટ્ટરપંથીઓનું જે ભાષણ કરીને ઉશ્કેરવાના પ્રયાસ કર્યા હતા એમને આ ધરતી માનનીય અમિતભાઇ શાહ અને શ્રી નરેન્દ્રભાઇ મોદીની છે એવું માનનીય ગૃહમંત્રી અને માનનીય ભૂપેન્દ્રભાઇએ બતાવ્યું છે. અંતમાં વાત કરીશ કે ભગવાન રામ એ અયોધ્યામાં, ભગવાન જગન્નાથ એ અમદાવાદમાં અને ભગવાન કૃષ્ણ એ દ્વારકામાં ખુશ થતા હશે. કારણ કે એમણે રખેવાળ તરીકે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીને ખુદ ભગવાને બનાવ્યા હોય ત્યારે તેની અનુભૂતિ દેશ કરી રહ્યો છે ત્યારે સૌને મારા જયશ્રી રામ, જય જગન્નાથ, જયશ્રી કૃષ્ણ. પુનઃ એકવાર આ બજેટને હું મારું સમર્થન કરું છું. ભારત માતા કી જય.

## માઘ ૨૪,૧૯૪૫ શાકે

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( ચોથો અને છેલ્લો દિવસ )

શ્રી સી.કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય નેતા અને ગુજરાતના મુખ્યમંત્રીના વડપણ હેઠળ ચાલતી ભારતીય જનતા પાર્ટીની સરકારના માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ વર્ષ ૨૦૨૪-૨૫નું જે બજેટ લઇને આવ્યા છે એને હું ખરેખર આવકારું છું, અનુમતિ આપું છું અને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ૩ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડનું વિકાસલક્ષી બજેટ એ ખૂબ આવકાર્ય છે. મારે કહેવું છે કે, વિરોધપક્ષના અમારા ભૂતકાળના મિત્રશ્રી શૈલેષભાઇ કહેતા કે આવક કરતાં દેવું વધારે કરો છો. પણ મને ગૃહને કહેતા આનંદ થાય છે કે આજે બજેટની સાથે સાથે વર્ષ ૨૦૦૧ની હું વાત કરું તો ત્યારે ગુજરાત રાજયનો દેશના વિકાસમાં ફાળો ૫.૧ ટકા હતો. આજે આ જી.ડી.પી.માં ૮.૨ ટકાનો વધારો થયો છે એ દર્શાવે છે કે આ રાજ્યનો વિકાસ ફાળો કેન્દ્રમાં કેટલો હતો. સને ૨૦૦૧માં કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી. અહીંયા ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી. અમને પણ દુઃખ થતું હતું કે લોકોના પ્રશ્નો હલ થવામાં મુશ્કેલી પડતી હતી. કોઇ પ્રશ્નો હલ થતા ન હતા. (અંતરાય) આપણે કોંગ્રેસમાં હતા એટલે. લોકોના હિત માટે ગયા છીએ. તમે બધા લોકો (અંતરાય) અમે અહીંયા આવ્યા કારણ કે લોકોનાં કામો થાય. હું દાખલો આપું છું. તમે બધા ડબલ એન્જિનની વાત કરો છો ત્યારે હું ડબલ એન્જિનની સ્પષ્ટતા કરવા માગું છું. દેશ અને દિલ્હીની અંદર અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારના આદરણીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબ અને અહીંના અમારા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને એમાંય માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ, હું દાખલો એટલા માટે આપું છું કે ગુજરાતની સરકાર અને કેન્દ્રની સરકાર એ ભાજપની છે એટલે ડબલ એન્જિન થયું. હવે તો ત્રિપલ એન્જિન, ફોર્થ એન્જિન અને ભવિષ્યમાં સિક્સ એન્જિનવાળી પણ થશે. એટલે તમે બહુ ચિંતા ના કરો. મેં અગાઉ કહ્યું તેમ તમે ૧૫માંથી ૧૩ છો અને હવે તો કદાચ ૧૦ની અંદર આવી જશો. સારા માણસોને અમારો ભાજપ પક્ષ અને સરકાર આવકારે છે. એટલે જ ડો.સી.જે ચાવડા, (અંતરાય ) ગેનીબેન પછી તમેય વિચારશો કે આ બોલે છે એટલે તમને પણ મન થશે.

અધ્યક્ષશ્રી : તમે બેઠા બેઠા બોલશો નહીં, નહિતર એ પછી...

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા એટલા માટે આનંદ થાય છે કે, મારા રાજકીય જીવનની અંદર આટલાં વર્ષોમાં સાહેબ, મને પાંચેક મિનિટ વધારે આપજો. આ હેતુ ફેર થયો એટલે કોંગ્રેસમાંથી ભાજપમાં આવ્યો. મહેસૂલ વિષે બોલવાનો છું. આ હેતુ ફેર રાજકીય જીવનમાં પણ થાય છે. ભૂતકાળમાં જનતા દળમાં હતો, અપક્ષમાં હતો, રાજપમાં હતો, કોંગ્રેસમાં હતો, ભાજપમાં હતો. સાહેબ, મને આ બધા પક્ષોનો અનુભવ થયો. પક્ષ કંઇ ખોટો નથી પણ પક્ષમાં બેઠલા લોકો ખોટા હોય છે. અમારા પક્ષના માનનીય મોદી સાહેબની વાત કરું તો એમણે ખેડૂતોની ડબલ આવકની વાત કરી છે. સાહેબ, મને કહેતા આનંદ થશે કે આખા હિન્દુસ્તાનમાં જેટલી વસ્તી છે એના ભાગરૂપે મોદી સાહેબે, ખેડૂતો, યુવાનો, મહિલાઓ અને ગરીબો આ ૪ વર્ગ દરેકના નાત-જાતના ભેદભાવ વગર આ વર્ગનો ઉત્થાન કરવા અને વિકાસ કરવાની વાત કરે છે ત્યારે હું ખેડૂતલક્ષી વાત કરીશ કે ખેડૂતોની બમણી આવકના અનુસંધાને આપણા માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ અને આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીને કે સાહેબ, અમારો પંચમહાલ જિલ્લો પાણી રહિત પશ્ચિમ વિભાગમાં પાણી મળે છે પણ પૂર્વ વિભાગમાં ગોધરા તાલુકાના પંચમહાલ જિલ્લાના શહેરા, મોરવાહડફ, ગોધરા, ઘોઘંબા, હાલોલ અને કાલોલ આ ૬ તાલુકા પૈકી અમારા ૪ તાલુકાની યોજના એક વર્ષ પહેલા રૂ.૩૨૪ કરોડની, હું એટલા માટે કહું છું કે જમીનના પેપર પર બોલવાનું છે એટલા માટે પાંચ મિનિટ વધારે આપજો.

**( માનનીય સભાપતિશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને )**

રૂ.૩૨૪ કોરડ પાનમ ડેમ આધારિત સિંચાઇ યોજના થકી તળાવો ભરવાની યોજના હતી. મને કહેતા આનંદ થાય છે કે માનનીય નાણામંત્રી સાહેબ, જ્યારે આપણા ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી પંચમહાલ ખાતે પધાર્યા ત્યારે એક ખેડૂતનો દીકરો હોવાના નાતે અને હું જાણું છું કે મારી ઉંમર પણ ૭૦ વર્ષ થઇ કદાચ બે-પાંચ વર્ષનો ઘરાક છું એટલે જેટલું લોકો માટે કામ થાય. માનનીય મુખ્યમંત્રીશ્રીનું નવા વર્ષની અંદર સ્નેહમિલન હતું ત્યારે મેં કહ્યું કે, સાહેબ, આ રૂ.૩૨૦ કરોડથી ઉપરની યોજના મંજૂર કરી છે. (અંતરાય) સાંભળો ભાઇ, તમે અંદર અંદર વાત ના કરો. તમે પહેલા કોંગ્રેસમાં જ હતા. આજે ડો. સી.જે. ચાવડા જેવાથી ત્રિપલ એન્જિન થશે. એટલે અમને પણ જાણવા મળ્યું છે કે ભાજપ શું છે? ભાજપ શું કામ કરે છે? કારણ કે, સાહેબ, વર્ષ ૨૦૦૧માં અમે કોંગ્રેસમાં હતા. આજે વર્ષ ૨૦૦૬-૦૭ વર્ષથી ભાજપની સરકારના અનુસંધાનમાં મંત્રીશ્રીઓનો અને સરકારી અધિકારીશ્રીઓનો વહીવટ મને કહેતા આનંદ થશે કે, અમારી વિકસિત ભારત

યાત્રાની અંદર દોઢ માસમાં ૩૧,૦૦૦ નવા લાભાર્થીઓ અને વારસાઇના પણ ૩૧,૦૦૦ કેસોની ઇ–ધારામાં એન્ટ્રી પડી ગઇ. આજે આ કામ કરતી સરકારના અનુસંધાનમાં અમને પણ આનંદ થાય છે અને હું એટલા માટે કહું છું કે ચાલુ વર્ષે પણ માનનીય નાણામંત્રીશ્રીએ ૯૬ કરોડ જે ઘટતી રકમ બે તળાવની વચ્ચે અંતર હોય એમાં ઘટતી જમીનમાં પાણીની સિંચાઇ માટે રૂ.૯૬ કરોડ આપ્યાં એ બદલ આપનો ખૂબ ખૂબ આભાર માનું છું. અમારા ૪ તાલુકાના લગભગ ૧૦૦થી ઉપરના ગામોની આવક બમણી થવાની છે એ અનુસંધાનમાં હું વિરોધ પક્ષના મિત્રોને જણાવવા માગું છું કે, બમણી આવકના અનુસંધાનમાં દેવું થાય પણ વર્ષ, બે વર્ષમાં ખેડૂતોનો કેટલો વિકાસ થશે? ઓછામાં ઓછા ૮,૦૦૦ હેકટરમાં આ પાણીના પિયતથી ખેડૂતોને આવક થશે. આ મહેસૂલ વિભાગની વાત કરવાના અનુસંધાનમાં મને હજુ ૧૦ મિનિટ નહીં પણ હજુ અડધો કલાક થાય. પરંતુ સમયના અભાવના કારણે બે–ત્રણ મિનિટમાં મારી વાત પૂરી કરું છું. પહેલા બિન ખેતી થતી હતી, દસ્તાવેજો થતા હતા. લેન્ડ ગ્રેબિંગના કેસો થતા હતા. ૧–૨ દાખલા આપીને હું મારી વાત પૂરી કરવા માગું છું. દસ્તાવેજ કરતી વખતે પણ ઘણી વખત લોકોને મુશ્કેલી પડતી. મહેસૂલ વિભાગની ચર્ચામાં મારી વાત કરવા માગું છું કે દસ્તાવેજ ઘણી વખત કોઇ ઓળખાણ વગર અને પંચોના અનુસંધાનમાં સાક્ષી વગર ગમે તે સાક્ષી હોય પણ આજે દસ્તાવેજ કરવા માટે રજિસ્ટ્રાર ઓફિસની અંદર ઓનલાઇન વિડિયોથી એનું રેકોર્ડિંગ કરવામાં આવે છે. જે ગામની જમીન હોય, ક્ષેત્રફળ હોય અવેજની રકમ તમને મળી કે કેમ? એ બધું પૂછવામાં આવે છે અને વિડિયો રેકોર્ડીંગ થઇને એની એન્ટ્રી પડી જાય છે અને એ જ દિવસે દસ્તાવેજ મળી જાય છે. નાણામંત્રીશ્રી બજેટ લઇને આવ્યા છે એને આવકારું છું અને અભિનંદન આપું છું.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહમાં આજે અંદાજપત્રની ચર્ચામાં બોલવાની તક મળી છે એ બદલ ગૃહ પ્રત્યે મારી આભારની લાગણી પ્રગટ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ ઉપર આજે મને બોલવાનો અવસર મળ્યો છે ત્યારે મારે કહેવું છે કે ભારત દેશનો આત્મા ગામડાંમાં વસે છે એટલે ગામડાંને શહેરની સુવિધા મળવી જોઇએ. એનો વિકાસ થવો જોઇએ એ આજની જરૂરિયાત છે. ગામડાંઓની જે જરૂરિયાત છે એ સૌથી પહેલા આ વિષયને પારખીને વિકાસની યાત્રા આરંભી છે એવા આજના આપણા પ્રધાન મંત્રીશ્રી અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબનો આભાર માનીએ એટલો ઓછો છે. મને કહેતા આનંદ થાય છે કે છેલ્લાં ૧૦ વર્ષમાં જે રીતે પૂરા ભારતના ગામડાંઓનો વિકાસ થઇ રહ્યો છે એવો પહેલા કયારેય થયો નહોતો. જેવી રીતે ભારતમાં કામ થઇ રહ્યું છે એ રીતે ગુજરાતમાં પણ શ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર કદમથી કદમ મિલાવીને સતત સૌનો સાથ, સૌનો વિકાસ કરી રહી છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ વર્ષ ૨૦૧૬માં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)ની જાહેરાત કરી એ દિવસથી જ ગુજરાતના છેવાડાના માણસ, ગરીબ, મધ્યમ વર્ગના માણસ છે એમનું પોતાના ઘરનું સ્વપ્નું સાકાર થયું છે. આ સંકલ્પના પરિણામે વર્ષ ૨૦૧૬–૧૭થી આજની તારીખ સુધી લાખો ગરીબોને માટે પાકા મકાન બન્યા છે. ગુજરાતમાં કુલ ૬,૬૦,૦૪૧ જેટલા આવાસો મંજૂર કર્યા છે. જે પૈકી ૬૨ ટકા આવાસો મહિલાઓના નામે મંજૂર થયા છે. મહિલાઓને પણ સન્માન, સ્ત્રી સશક્તિકરણ માટે વિશેષ આદરણીય મોદી સાહેબનો આભાર માનીએ છીએ. મને કહેતા આનંદ થાય છે કે આવાસ પૈકી ૫,૧૩,૩૫૭ જેટલા આવાસોનું કામ પૂરું થયું છે અને એક લાખ આવાસોનું કામ ચાલુ વર્ષે પૂરું થયું છે. આ એક લાખ આવાસોની ચાવી આપણા વડાપ્રધાન મોદીસાહેબે ગઇ ફેબ્રુઆરીએ જે કાર્યક્રમ કર્યો પૂરા ગુજરાતમાં ૧૮૨ વિધાનસભામાં ન ભૂતો ન ભવિષ્યતિ હજારોની સંખ્યામાં દરેક વિધાનસભામાં લોકાર્પણ થયું. આ ગૃહના માધ્યમથી મોદી સાહેબને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. આ સાથે ગુજરાત સરકાર, વહીવટી તંત્ર અને શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો પણ આભાર માનીએ છીએ અને અભિનંદન પાઠવીએ છીએ. સમગ્ર વહીવટી તંત્રએ આ કાર્યક્રમ સુપેરે પાર પાડ્યો અને ઝડપી બાંધકામ થયું છે તેમાં તમામ વહીવટી તંત્રને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. આ માત્ર આવાસ નહીં પણ આવાસની અંદર જે સુવિધાઓ છે તેમાં શૌચાલય, વીજળીની વાત હોય એટલે કે સામાન્ય માણસને પોતાના ઘરનું જે સપનું હતું તે પૂરું થયું છે. અહીં બેઠેલા સન્માનનીય સભ્યશ્રીઓ પોતાના વિસ્તારમાં જ્યારે આ કાર્યક્રમ થયો ત્યારે આ લાભાર્થી બહેનોએ એકદમ ભાવુક થઇને ભાવ પ્રગટ કર્યા છે અને તેમના આશીર્વાદ મોદી સાહેબ ઉપર પડી રહ્યા છે તે આપણે બધાએ ઓનલાઇન જોયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવાસ યોજનાનો પ્રથમ હપ્તો એડવાન્સ મળ્યા પછી લાભાર્થી આ આવાસ છ મહિનાની અંદર પૂર્ણ કરે તો તેને પ્રોત્સાહન રૂપે ૨૦ હજાર રૂપિયા જેટલી પ્રોત્સાહક રકમ મળે છે. આ આવાસની રકમ ઉપરાંતની વધારાની રકમની વાત કરું છું. સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળના કામની વાત હોય, નિર્મળ ભારતની વાત હોય, મિશન અમૃતમ સરોવરની વાત હોય, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇની વાત હોય, રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશનની વાત હોય અને બહેનોને સ્વ–સહાય જૂથ માટે, ગામડું મજબૂત થાય તેના માટે, તેનો પરિવાર મજબૂત કેટ કેટલી યોજનાઓ આ ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ચાલે છે. બહેનોનો આર્થિક, સામાજિક અને આરોગ્ય વિષયક વિકાસ થાય તેના માટે જેટલી જરૂરિયાતો છે તે જરૂરિયાતો આ સરકાર પૂરી પાડે છે. લખપતિ દીદીની વાત કરીએ તો આ સ્વયં સેવી જૂથો છે તે આર્થિક રીતે મજબૂત બને અને લખપતિ દીદી બને તે સંકલ્પ આ ગુજરાતની સરકારે અને આદરણીય વડાપ્રધાન શ્રી મોદી સાહેબે કર્યો છે. સ્વચ્છ ભારત (ગ્રામીણ) મિશન હેઠળ ઓડીએફ જાહેર કરવા માટે ઘન કચરાના નિકાલ માટે ૨,૮૭,૦૭૪ સામૂહિક કમ્પોસ્ટ પીટ અને ૧૨૫૮૫

વ્યક્તિગત કમ્પોસ્ટ પીટનું બાંધકામ પૂર્ણ થયું છે. ૭૬૦૦ બાયોગેસ પ્લાન્ટ(ગોબર ગેસ)ની સામે ૭૨૭૬ પ્લાન્ટનાં કામ પૂરાં કરવામાં આવ્યાં છે. માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેને હું આવકારું છું અને અનુમોદન આપું છું. આભાર.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય અધ્યક્ષશ્રી, રૂપિયા ૩ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડનું બજેટ અને તે પૈકી સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ માટે રૂપિયા ૬૧૯૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે તે અંદાજપત્રની સામાન્ય ચર્ચા બાબતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ પર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડૉ.બાબાસાહેબ આંબેડકરે તા.૨૫-૪-૧૯૪૯ના રોજ બંધારણ સમક્ષ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્ર તરીકે આપણે માત્ર રાજકીય લોકશાહીથી સંતોષ ન માનવો જોઇએ. રાજકીય લોકશાહીમાં સામાજિક લોકશાહી ન હોય તો તે લોકશાહી ટકતી નથી. તેમણે જે આદર્શ જીવનના ધ્યેય તરીકે નજર સમક્ષ રાખ્યો હતો તેને ચરિતાર્થ કરવા આજના યુગની માંગ છે. સરકારે નક્કર પરિણામલક્ષી અને જવાબદારી સાથે પ્રજાલક્ષી વિકાસનાં કામો મક્કમતાથી કરવાનો નિર્ધાર કર્યો છે. ભારતીય સંવિધાનના ઘડવૈયા અને સ્વતંત્ર ભારતના અધિનાયક ડો. ભીમરાવ બાબાસાહેબ આંબેડકરે દરેક ભારતીયને કોઇ પણ જાતના ભેદભાવ વિના ભારતીય સંવિધાન દ્વારા આપેલા અધિકારોને સાર્થક કરવા માટે આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વવાળી આપણી આ સરકાર સંકલ્પબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વીજળી, પાણી, શિક્ષણ, કૃષિ અને સ્વાસ્થ્ય એમ પંચશક્તિ આ સરકારની અગ્રતા છે જેનાથી પછાત વર્ગના લોકો, મહિલાઓ અને બાળકો વંચિત ન રહે તેવા નિર્ણયોના અમલીકરણ માટે પણ અમારી આ સરકાર કટિબદ્ધ છે. વિશ્વનું સૌથી મોટું બંધારણ એટલે ભારતનું બંધારણ એ બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરે કહ્યું હતું કે, જ્યારે કોઇ શહેર, રાજ્ય કે દેશની વિકાસ ધારાના મુખ્ય પ્રવાહમાં આર્થિક રીતે પછાત અને નબળા વર્ગને જોડીએ તો તે રાજયનો અને દેશનો શ્રેષ્ઠ વિકાસ થાય છે એમ આ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આ વિચારધારાને વરેલી છે. અમારી સરકારે અનુસૂચિત જાતિ તથા વિકસતી જાતિના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ, સામાજિક ઉત્કર્ષ, આર્થિક ઉત્કર્ષ અને ગૃહ નિર્માણ માટેની જુદી જુદી યોજનાઓ પણ અમલમાં મૂકી છે. આ યોજનાઓની વાત કરું તો શિક્ષણ માટે પ્રિ-મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ, ગણવેશ સહાય યોજના, ભોજન બીલ સહાય યોજના, એમ.ફીલ. અને પી.એચ.ડી. સહાય યોજના, વિદેશ અભ્યાસ લોનની સહાય યોજના, મેડિકલ, એન્જિનિયરિંગ ડિપ્લોમાના વિદ્યાર્થીઓને સાધન સહાય યોજના પણ અમલમાં મૂકી છે. હું આ વિભાગ દ્વારા છેલ્લાં ૧૦ વર્ષમાં પ્રિ-મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની જો વાત કરું તો રૂ.૪.૬૨ કરોડ વિદ્યાર્થીઓને લગભગ રૂપિયા ૨,૪૩૧ કરોડની શિષ્યવૃત્તિ પણ ચૂકવી છે. એ જ રીતે છેલ્લાં ૧૦ વર્ષની ગણવેશ સહાયની વાત કરું તો કુલ ૩.૯૮ કરોડ વિદ્યાર્થીઓને રૂપિયા ૧,૮૬૮ કરોડની માતબર સહાય પણ ચૂકવવામાં આવી છે. અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ જો વિદેશમાં અભ્યાસ અર્થે જાય તો એને આર્થિક રીતે મદદરૂપ થવા માટે વિદેશ અભ્યાસ લોનની યોજના પણ અમલમાં મૂકી છે અને જે અંતર્ગત છેલ્લાં ૧૦ વર્ષમાં કુલ ૪,૯૩૪ વિદ્યાર્થીઓને રૂપિયા ૫૧૯ કરોડની લોન પણ આપવામાં આવી છે. અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહીને પોતાનો અભ્યાસ કરી શકે તે માટે સરકારી છાત્રાલયો, ગ્રાન્ટ ઇન એડ છાત્રાલયો, આદર્શ નિવાસી શાળાઓ અને આશ્રમ શાળાઓની યોજના પણ અમલમાં મૂકવામાં આવી છે જે અંતર્ગત ૧૪૧ સરકારી છાત્રાલયો, ૧,૩૨૪ ગ્રાન્ટ ઇન એડ છાત્રાલયો, ૫૭ આદર્શ નિવાસી શાળાઓ અને ૧૭૩ જેટલી આશ્રમ શાળાઓ કાર્યરત છે અને એમાં ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ નિવાસ કરે છે અને અભ્યાસ કરે છે. તદુપરાંત આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે આપણા રાજયના મુખ્યમંત્રી હતા તે સમયે વિદ્યાર્થીઓને રહેવા અને જમવા માટેની અતિ આધુનિક સુવિધા ધરાવતા સ્વામી વિવેકાનંદ સમરસ છાત્રાલય બાંધવાનો એમણે સંકલ્પ કર્યો હતો અને આ સંકલ્પને સિદ્ધ કરવા પ્રાથમિક તબક્કે અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, આણંદ, ભૂજ, હિંમતનગર, જામનગર અને પાટણ ખાતે કન્યા અને કુમાર મળી ૨૦ જેટલા અદ્યતન સુવિધા વાળા સમરસ છાત્રાલયો પણ ચલાવવામાં આવે છે અને એમાં લગભગ ૧૩ હજાર જેટલા વિદ્યાર્થીઓ ભાગ લઇ રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા જો હું સમાજ સુરક્ષા ખાતાની વાત કરું તો દિવ્યાંગો, વૃદ્ધો માટે પણ જુદી જુદી યોજનાઓ અમલમાં મૂકાયેલી છે. દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના, દિવ્યાંગોને એસ.ટી. બસમાં મફત મુસાફરી, દિવ્યાંગ સાધન સહાય, દિવ્યાંગ લગ્ન સહાય, સંત સુરદાસ યોજના જેવી અનેક યોજનાઓ અમલમાં મૂકાયેલી છે. સામાજિક ન્યાય અને અધિકારીતા એ અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિઓ, લઘુમતિઓ, બિન અનામત વર્ગો, દિવ્યાંગ, નિરાધાર, વૃદ્ધ જેવા સર્વે જન સમૂહની લગભગ રાજયની લગભગ ૮૦ ટકાથી વધુ વસતિની ઇચ્છા અને અપેક્ષાનો અરીસો છે એમ કહું તો ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ચીંધેલા રાહ અને સેવેલ સ્વપ્ન સાકાર થાય તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબે ઉદાર મન રાખીને વંચિતોના વિકાસ અર્થે રૂ.૬૧૯૩ કરોડની જે જોગવાઇ કરી છે તે વંચિતોના વિકાસને સરકારે આપેલી અગ્રતા છે. આ બજેટને હું મારું અનુમોદન આપું છું.

શ્રી દેવાભાઇ પું. માલમ(કેશોદ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ પંદરમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં સભાગૃહ સમક્ષ રજૂ કરેલ સંબોધન બદલ મને આભાર માનવાની તક મળી છે. ગૃહના નેતા આદરણીય

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના હૃદયપૂર્વક આભાર માની અધ્યક્ષશ્રી મને પંચાયત વિભાગની કામગીરીને સમર્થન આપી બિરદાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતી રાજને વધુ ઉજ્જવળ બનાવી અને અમારી સરકારની નેમ છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેજા હેઠળ પંચાયત વિભાગ ખૂબ જ ઉમદા કામ કરી રહેલ છે. સરકારશ્રી દ્વારા આઝાદીનાં ૭૫ વર્ષે આઝાદીના અમૃત મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ છે. આઝાદી કા અમૃત મહોત્સવ અને દેશના લોકો સાંસ્કૃતિક અને સિદ્ધિઓના ગૌરવશાળી ઇતિહાસની યાદમાં ઉજવવામાં આવેલ આપણી દેશવ્યાપી અને લોક કેન્દ્રિત પહેલ હતી. બે વર્ષના વધુ એવા સમયગાળામાં ખૂબ સારી જન ભાગીદારી જોવા મળી છે. ભારતના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ ૨ લાખથી વધુ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. ભારતની આઝાદી પછીના ઇતિહાસમાં આ એક અનોખો અને સૌથી મોટો ઉજવણીનો પ્રયાસ જેમાં માતૃભૂમિને શ્રદ્ધાંજલિ આપતા આપણી મિટ્ટીકા નમન અને આપણા હયાત બહાદુરો અને દેશ માટે અંતિમ બલિદાન આપનાર વીરોના પરિવારજનોના સન્માન માટે ''વીરો કા વંદન'' હેઠળ ૨૦ લાખથી વધુ કાર્યક્રમો યોજાયા. રાજયમાં સ્થાનિક બહાદુરોની બલિદાનની ભાવનાને સલામ કરતી ૧૫,૧૩૬ સમારકામ તખ્તીઓ, શીલાઓ ઊભી કરવામાં આવી. વસુદા વંદન હેઠળ રાજયમાં ૧૬,૩૩૬ અમૃત વાટિકાઓ બનાવી વૃક્ષોમાં પણ ભારતભરના ઘરોમાંથી માટી એકઠી કરી સ્થાનિક સંસ્થાઓના સ્થળેથી ઘરોમાં એકત્રિત કરેલ માટીનું મિશ્રણ કરી અમૃત કળશ તૈયાર કરી ગુજરાતની ભૂમિ ભકિતને ૩૦૮ અમૃત કળશ મારફતે ૮૦૦ યુવાનો મારફતે દિલ્હી પહોંચાડવામાં આવેલ. જેમાંથી દિલ્હી ખાતે અમૃત વાટિકાનું નિર્માણ કરવામાં આવ્યુ છે. ઇતિહાસમાં પહેલી વખત આપણી સરકાર દ્વારા આઝાદી ગૌરવ આપતા ઇતિહાસને બિરદાવવામાં આવી રહ્યો છે. ગુજરાતે અમૃતકાળમાં અમૃત બજેટ બનાવીને વિકસિત નવા ભારતના નિર્માણ માટે યુવાશકિતના વિકાસને પ્રાથમિકતા આપી છે. આપણા ગુજરાતના આદરણીય મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયે તેમણે કરેલ અથાગ કામોના પરિણામે રોકાણકારો ગુજરાત તરફ આકર્ષાયા છે. ગુજરાતમાં જેમ જેમ રોકાણકારો આવતા ગયા તેમ તેમ બધી બાજુથી વિકાસના નવા કમાડ ખૂલતા ગયા. રોકાણકારો માટે ઉદ્યોગો વધતા ગયા. ગુજરાતના યુવાનોની ઉદ્યોગ સાહસિકતા પણ વધી રહી છે. સાહસિકતાને આર્થિક પીઠબળ પૂરું પાડી તેમના સપનાંઓને પાંખો આપવાનું કામ મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના વડપણ હેઠળ રાજ્ય સરકાર ખૂબ સારી રીતે કરી રહી છે. રાજ્યના કુશળતાવાન યુવાનોને રોજગારીની પૂરી તકો મળી રહે તે માટે સમયાંતરે રાજ્યમાં ભરતી મેળાઓનું આયોજન થાય છે. હાલ સુધીમાં ૮૦૦ ઔદ્યોગિક ભરતી મેળાઓનું આયોજન કરી ૮૪,૫૫૪ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. માનનીય ભૂપેન્દ્રભાઇ સાહેબના વડપણ હેઠળ અનેકવિધ નીતિઓ, યોજનાઓ, વહીવટ અને સેવાઓનું સરળીકરણ જેવા સામાન્ય જનતાને અસર કરે તેવા અનેક અસરકારક ઉપયોગી નિર્ણયો લઇને નીતિ અને નિયમોમાં ફેરફાર કર્યા છે. નવી શિક્ષા નીતિ-૨૦૨૦ દ્વારા શિક્ષણમાં ક્રાંતિ કઇ રીતે થઇ શકે તે વિઝન આપણા દેશને આપ્યું છે. રાષ્ટ્રીય શિક્ષા નીતિ-૨૦૨૦ અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં ફરજિયાત બાલવાટિકાનું અમલીકરણ કરવામાં આવેલ છે. જેમાં રાજ્યના કુલ ૫,૧૬,૬૨૧ વિદ્યાર્થીઓએ બાલવાટિકામાં પ્રવેશ મેળવેલ છે. આપણે જાણીએ છીએ કે ગરીબ પરિવારનો કોઇ સભ્ય બીમાર પડે અને તેને હૉસ્પિટલમાં દાખલ થવું પડે તો પરિવાર ઉપર જાણે આભ તૂટી પડે. એવા સમયે ગુજરાત સરકાર આ પરિવારના પડખે ઊભી રહે છે. આપણા ગુજરાતના નાગરિકોને સારવારની સારામાં સારી સુવિધા મળી રહે તે માટે અમારી સરકારની નેમ છે.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના આદરણીય મૃદુ અને મક્કમ માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના વડપણ હેઠળની સરકાર આદરણીય ઊર્જા અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તા.૧૩મી ફેબ્રુઆરી, ૧૮૭૯ના રોજ પૂજ્ય સરોજિની નાયડુજીનો જન્મ દિવસ રાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જે નિમિત્તે સદનની સર્વે મહિલા ધારાસભ્યશ્રીઓ તથા રાજ્યની તમામ માતાઓ અને બહેનોને રાષ્ટ્રીય મહિલા દિવસની હાર્દિક શુભકામના પાઠવું છું. ગુજરાત રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય નરેન્દ્ર મોદી સાહેબનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. કેન્દ્રમાં ભારત દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકાર સત્તા પર આવ્યા પછી સત્તરમા દિવસે સરદાર સરોવર ડેમના દરવાજા લગાવવાની મંજૂરી મળી અને ટૂંક સમયમાં શ્રી નરેન્દ્રભાઇ સાહેબના વરદ હસ્તે આ યોજના રાષ્ટ્રને અર્પણ કરવામાં આવી. આ એક ઐતિહાસિક ઘટના હતી. તા.૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ જળાશય પૂર્ણ ભરી એટલે કે ૧૩૮.૬૮ મીટર સુધી ભરી આ બંધનું લોકાર્પણ કરી ગુજરાતની સાડા છ કરોડ જનતાને પીવાનું પાણી, સિંચાઇનું પાણી પહોંચાડવાનું ભગીરથ કાર્ય પૂર્ણ કરેલ છે. નર્મદા યોજનાનું ખાતમુહૂર્ત થયું પરંતુ કામ હાથ પર ધર્યા બાદ નર્મદા વિરોધીઓના કારણે આ કામ આગળ વધારવામાં વિલંબ થયો. નર્મદા બંધની ઊંચાઇ વધારવાની મંજૂરી ટુકડે ટુકડે મળતી ગઇ તેમ તેમ તેનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું. વિકાસ વિરોધી લોકોના કારણે ગુજરાતના નાગરિકોને નર્મદા મૈયાના પાણીથી વંચિત રાખવામાં આવ્યા હતા. નર્મદાનો મહિમા ભારતવર્ષ માટે અવર્ણનીય છે. વેદ વ્યાસજી રચિત પુરાણના રેવાખંડમાં પણ નર્મદા નદીનો મહિમા વર્ણવવામાં આવ્યો છે.ભગવાન વિષ્ણુ દ્વારા રાક્ષસોનો વધ કરવામાં આવ્યા બાદ વિષ્ણુ

ભગવાને પ્રાયશ્ચિત માટે ભગવાન શંકરને પ્રાર્થના કરી અને ભગવાન શંકરે આ માટે નર્મદાને પ્રગટ કરી માટે તે 'શંકરપુત્રી' કહેવાય છે. જેના જળ થકી ભગવાન વિષ્ણુ સ્નાન કરી પવિત્ર થતાં હોય તેના મહિમાનું વર્ણન આપણે કઇ રીતે કરી શકીએ? જેના દર્શન માત્રથી મનુષ્ય પાપમુક્ત બની જતો હોય છે. નર્મદાનો મહિમા ગાઇએ તેટલો ઓછો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે નર્મદાને 'ગુજરાતની જીવાદોરી' કહીએ છીએ. આપણા વડાપ્રધાન માનનીય નરેન્દ્ર મોદી સાહેબે 'નર્મદે સર્વદે' કહ્યું છે તેનું કારણ એ છે કે ભારતના ભૌગોલિક વિસ્તારમાં ગુજરાતની વસતી લગભગ ૬ ટકા છે ત્યારે વર્ષ ૧૯૮૦-૯૦ના દાયકામાં સમગ્ર ગુજરાત એટલે કે સૌરાષ્ટ્ર- કચ્છ વગેરે વિસ્તારમાં પીવાના પાણીની મુશ્કેલી પડતી હતી તે સમયે ત્યાંના નાગરિકો હિજરત કરીને દક્ષિણ ગુજરાત, મુંબઇ તરફ આવતા હતા તેવી પરિસ્થિતિ હતી. ગુજરાતમાં ભરાતાં કુલ પાણીના માત્ર ૨.૫ ટકા છે જેના લીધે ગુજરાતમાં પાણીની તીવ્ર તંગી ઊભી થઇ શકે તેમ હતી. નર્મદા યોજના આ તંગીની સામે કવચ પૂરું પાડી રહી છે. ગુજરાતના ૧૭.૯૨ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઇનો લાભ આપવા ઉપરાંત ગુજરાતની પ્રજાને પીવાના પાણીની જરૂરિયાતના ૮૦ ટકા જેટલી જરૂરિયાત નર્મદા યોજના પૂરી કરે છે. હાલ ગુજરાતમાં સાત મહાનગરો, ૧૯૯ નગરપાલિકાઓ તથા ૧૧,૭૭૭ ગામોમાં નર્મદાનું પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. પીયત વિસ્તારની દ્રષ્ટિએ એક તરફ ગુજરાતના ૨૦૫ ડેમો અને બીજી તરફ સરદાર સરોવરની યોજના આ બંનેનો પીયત વિસ્તાર લગભગ અંદાજે ૩૬ લાખ હેક્ટર જેટલો થાય છે. સરદાર સરોવર બંધનું નિર્માણ થયા પછી ગુજરાતની પ્રજાને જે સુવિધા મળી છે તેના થકી આર્થિક વિકાસ અને ડેરી વિકાસ સંપૂર્ણ થયો છે. ગુજરાતના જી.ડી.પી.માં સૌથી મોટો હિસ્સો નર્મદાના પાણીનો છે. સમગ્ર ગુજરાતમાં વધુમાં વધુ સર્વાંગી વિકાસનાં કામો નર્મદા નદીના પાણી થકી ખેતીવાડી, ડેરીના કારણે થયા છે. આમ, ૨૦૦ કરતાં વધારે ડેમનું યોગદાન માત્ર સરદાર સરોવર યોજના આપી રહી છે. જ્યારે વરસાદ અપૂરતો હોય ત્યારે પણ ગુજરાતમાં પીવાનું પાણી બધાને મળી રહે છે તે નર્મદાને આભારી છે. રાજ્ય સરકારે સમગ્ર ગુજરાતમાં પાઇપલાઇનનું નેટવર્ક ઊભું કર્યું છે. માનનીય નાણામંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં નર્મદા યોજના માટે રૂ.૪,૭૯૮ કરોડની જોગવાઇ કરી છે. તેમાં મુખ્યત્વે કચ્છ અને સૌરાષ્ટ્ર શાખા નહેરના પંમ્પિંગ સ્ટેશન, વિસ્તરણ, જાળવણી અને સંચાલન માટે રૂ.૭૬૫ કરોડની જોગવાઇ કરી છે. નર્મદા યોજના કમાન્ડ એરિયામાં નહેરના વિસ્તરણ અને વિકાસનાં કામો માટે રૂ.૫૯૦ કરોડની જોગવાઇ કરી છે. અમદાવાદ જિલ્લાના નળકાંઠાના વિસ્તારની સિંચાઇ સુવિધા સુદ્દઢ કરવા માટે રૂ.૩૦૦ કરોડની જોગવાઇ કરી છે. તે જ પ્રમાણે નર્મદાની મુખ્ય નહેર પર વધારાના સ્ટ્રક્ચર તેમજ જાળવણીની કામગીરી માટે રૂ.૧૮૬ કરોડની જોગવાઇ કરી છે. ગરૂડેશ્વર તથા વિવિધ શાખા નહેરો ઉપર વીજ મથકો તેમજ એકતા નગર ખાતેના જળવિદ્યુત મથકોની જાળવણી તથા મરામત માટે રૂ.૧૩૬ કરોડની જોગવાઇ કરી છે.

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

**સભાપતિ શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ અધ્યક્ષસ્થાને**

શ્રી ભગાભાઇ ધા. બારડ(તલાલા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. આજે મારે જે વિભાગ પર બોલવાનું છે એ વિભાગના માનનીય મંત્રીશ્રી આપણી વચ્ચે હાજર નથી અને હૉસ્પિટલમાં દાખલ થયા હોય ત્યારે તેઓ આપણી વચ્ચે સ્વસ્થ થઇને જલદી પાછા આવે એવી હું ભગવાન શ્રીકૃષ્ણને પ્રાર્થના કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજની બજેટ પરની ચર્ચામાં વિપક્ષના મારા સ્નેહીશ્રી શૈલેષભાઇ બજેટના દેવા વિશેની વાતો કરતા હતા. મારે થોડો ભૂતકાળ પણ યાદ કરાવવો છે. આ વાતો કરનાર વ્યક્તિઓની ભૂતકાળમાં જ્યારે સરકાર હતી ત્યારે અમને યાદ છે કે, ગામડામાં તે દિવસોમાં કોઇ બીમાર પડે તો બીમાર વ્યક્તિને બળદગાડામાં લઇને હૉસ્પિટલે પહોંચતા હતા. ત્યારબાદ થોડું પરિવર્તન આવતા છકડો-રીક્ષામાં દર્દીને લઇને હૉસ્પિટલે પહોંચવાના પ્રયત્નો કરતા હતા. આજે કામ કરવાની દીર્ઘદ્દષ્ટિ અને વિઝન ધરાવનાર વ્યક્તિ દેશ અને રાજ્યમાં કામ કરતી હોય ત્યારે આજે ગામડાઓમાં ૧૦૮ નંબર ગુમાવો અને ૧૦૮ પાંચ જ મિનિટમાં આવીને ઊભી રહે છે. દર્દીને  હૉસ્પિટલ સુધી પહોંચાડવાની સગવડતાઓ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી છે. ભૂતકાળમાં મનુષ્યની સારવાર માટે આવી પરિસ્થિતિ હોય તો પશુઓની શું હાલત હશે? એ માટેની હું આજે વાત કરી રહ્યો છું. ગામડાંઓમાં પશુધન બીમાર પડે ત્યારે ડૉકટરો ન મળે, સમયસર સારવાર ન મળે અને દવાઓ પણ ન મળે એ દિવસો અમે જોયા છે અને આજે આપણી ભા.જ.પ.ની શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ડબલ એન્જિનની સરકાર ગુજરાતમાં કામ કરી રહી હોય ત્યારે દેશના સન્માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદ્દષ્ટિથી આપણે સૌ કામ કરી રહ્યાં છીએ. આજે પશુ એમ્બ્યુલન્સનો નંબર ડાયલ કરો તો દસ જ મિનિટમાં એમ્બ્યુલન્સ પશુની સારવાર કરવા માટે આવી જાય એવી પરિસ્થિતિનું જો કોઇએ નિર્માણ કર્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. આ કામ માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ માનનીય નાણાંમંત્રીશ્રીએ આ અંગેની બજેટમાં જોગવાઇ કરીને કર્યું છે. હું એમને ખૂબ ખૂબ અભિનંદન પણ આપું છું. મારે થોડા સમય પહેલાંની વાત કરવી છે. ગુજરાતમાં ખાસ કરીને, સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં કચ્છથી લઇને ગીર-સોમનાથ સુધી પશુઓમાં લમ્પી વાઇરસનો એટેક આવ્યો હતો ત્યારે આ સરકારની કામ કરવાની ગતિશીલતા અને વિઝન કેવું છે એનો ખ્યાલ અમને આ લમ્પી વાઇરસથી આવ્યો હતો. જયારે કોરોના નામનો વાયરસ આવ્યો ત્યારે કોરોનાની રસી શોધાઇ અને વિશ્વમાં પહેલી રસીની શોધ કરી. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં આખા વિશ્વને રસી સપ્લાય કરનાર ભારત દેશ

બન્યો હતો. એવી જ રીતે, લમ્પી વાયરસમાં મારા ગીર સોમનાથ જિલ્લાની વાત કરું તો વીસ દિવસમાં ઓછામાં ઓછા લાખો પશુઓને રસી આપવામાં આવી હતી, આ કામ આપણી સરકાર કરી શકે છે. માનનીય મંત્રીશ્રી જયારે એ જ વિભાગનું બજેટ લઇને આવ્યા છે ત્યારે મારે બજેટ ઉપર થોડી ચર્ચાઓ કરવી છે. છેલ્લાં બે વર્ષમાં હું ફક્ત ગીર સોમનાથ જિલ્લાની વાત કરું તો, ૨૧૬ પશુ આરોગ્ય કૅમ્પો યોજીને ૧ લાખ ૪૮ હજાર પશુઓને સારવાર આપવામાં આવી છે. આ તો ફક્ત પશુઓના કૅમ્પો યોજીને સારવાર કરવામાં આવી છે. આ વખતના બજેટમાં પણ હું માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું કે, અમારા કિસાનો અને પશુપાલકો માટે પશુમેળાના આયોજન અંગે વધારાના રૂ. ૨ કરોડ ૨૪ લાખની જોગવાઇ કરીને, એ ગ્રાન્ટની વધારાની રકમ પશુમાલિકોને આપવામાં આવી છે ત્યારે હું એમનો ખૂબ-ખૂબ આભાર માનું છું. વર્ષ ૨૦૧૪-૧૫થી સમગ્ર રાજ્યમાં 'મુખ્યમંત્રી મફત પશુ સારવાર યોજના' હેઠળ દર વર્ષે જયારે લાખો પશુઓને સારવાર મળતી હોય છે ત્યારે આ યોજના હેઠળ પણ આ વખતના બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. હું માનનીય મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે, એને હું મારું સમર્થન આપું છું.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી(દાતા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમાં હું શિક્ષણ, આરોગ્ય અને ગૃહ ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની ૬.૫ કરોડની પ્રજા એક હ્રદય કહેવાય અને તે કદાચ અહીંયા સાચી વાત કરતાં પણ અચકાય નહીં. મારા વિસ્તાર અને બનાસકાંઠા જિલ્લાની શિક્ષણના મુદ્દા ઉપર ચર્ચા કરું ત્યારે ગઇકાલે આ ચર્ચા થઇ છે. બનાસકાંઠા જિલ્લામાં જે શિક્ષકો આવે છે એ શિક્ષકો જિલ્લા બહારથી અપ-ડાઉન કરીને આવે છે. કદાચ નિયમમાં એવી જોગવાઇ છે કે જે શાળા છે એ શાળાથી પથી ૬ કિ.મી.ના અંતરમાં રહીને શાળામાં જવું પડે, પણ એ વિસ્તારમાં શિક્ષકો અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા અને હિંમતનગરથી અપ-ડાઉન કરતા હોય, એ શિક્ષકો કયારે ઘરેથી નીકળતા હશે? કેટલા વાગ્યે શાળામાં પહોંચતા હશે? કેટલા વાગ્યે વિદ્યાર્થીઓ ઉપર ધ્યાન આપતા હશે? અને સાથે સાથે શાળા પૂરી થાય ત્યારે કેટલા વાગ્યે શાળા છોડીને ઘર સુધી પહોંચતા હશે?

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે આરોગ્યની ચર્ચા કરીએ તો એ વિસ્તારમાં સી.એચ.સી. અને પી.એચ.સી. સેન્ટરોમાં ડૉકટરોની ખૂબ ઘટ હોય છે. આ વિસ્તારમાં સી.એચ.સી. અને પી.એચ.સી. સેન્ટરોમાં પ્રસૂતિ થતી હોય ત્યારે એકાદ નર્સ અને એકાદ પટ્ટાવાળા બહેન હોય છે, એના સિવાય કોઇ સ્ટાફ હોતો નથી. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ વિસ્તારમાં મુશ્કેલીના સમયમાં આરોગ્યનો મુદ્દો આવે ત્યારે ડૉકટરો હાજર હોવા જોઇએ. ડૉકટરો નાઇટમાં પણ રહેવા જોઇએ. હું ગૃહ વિભાગની થોડી ચર્ચા કરું ત્યારે મારો વિસ્તાર એટલે રાજસ્થાનની બોર્ડરથી આવેલો છે. મારો વિસ્તાર રાજસ્થાનની બોર્ડર સાથે જોડાયેલો છે. ગૃહ વિભાગની ચર્ચામાં હું કહેવા માગું છું કે એ વિસ્તારમાંથી નશીલી વસ્તુઓ આવે છે. એનું એક જાતનું હબ બની ગયું છે. આ વિસ્તારમાં અઢળક દારૂની અવરજવર વધી ગઇ છે. મંત્રીશ્રી ભલે હાજર ના હોય, પણ મારો સંદેશો એમના સુધી પહોંચે કે આ વિસ્તારમાંથી અઢળક દારૂ, ગાંજો, ડ્રગ્સ અને એવી ઘણી ઘણી ચીજવસ્તુઓ ગુજરાતમાં પહોંચી રહી છે. આ વિસ્તાર નશીલી વસ્તુઓનું હબ થઇ રહ્યું છે ત્યારે મોટા પ્રમાણમાં ગણી ના શકાય એટલા વાહનો ભરી ભરીને ગુજરાતમાં દારૂ આવતો હોય ત્યારે નાના વાહનો તો ઓછા, પણ દિવસે દિવસે મોટા મોટા કન્ટેનર ભરીને ગુજરાતમાં આવતા હોય છે. આનાથી વધારે શરમજનક વાત કઇ હોઇ શકે? આ નશીલી વસ્તુઓનું હબ બનવાના લીધે ઘણી બહેનો વિધવા થાય છે. ઘણાના દીકરા-દીકરી નિરાધાર થઇને બેઠા છે, ત્યારે મારે સરકારને વિનંતી કરવી છે કે આ વિસ્તારમાં જે બોર્ડરનો વિસ્તાર છે ત્યારે પૂરતા પ્રમાણમાં પોલીસનો બંદોબસ્ત હોવો જોઇએ અને એમ કરવાના બદલે આ વિસ્તારમાં રાજસ્થાનની બોર્ડર પર જે સ્ટાફ મૂકવામાં આવે છે તે ગામડામાં મૂકવાનો હોય એવો સ્ટાફ બોર્ડર પર મૂકે છે. એટલી બધી હદે રાફડો ફાટયો છે નશીલી વસ્તુઓનો. હદ પ્રમાણમાં વધ્યો છે. એટલા માટે કહેવા માગું છું કે આ વિસ્તારમાં આટલી નશીલી વસ્તુઓ આવતી હોય અને રાજયની પોલીસ સાથે રહીને એમને મૂકવા જતી હોય તો એવી વ્યવસ્થાના ભાગ રૂપે થતું હોય તો એ ગુજરાતને માટે શરમજનક બાબત કહેવાશે. સાથે સાથે આવતી નવી પેઢી નશા સાથે સંકળાઇને કયાંકને કયાંક મોટી મુશ્કેલીમાં પડી જતી હોય છે. એ જ રીતે ગામડામાં એક એક ગામની અંદર અને એક એક મહોલ્લાની અંદર દેશી દારૂ અને અંગ્રેજી દારૂ મળતો હોય અને પોલીસ હપ્તા લઇને આવતી હોય ત્યારે એક જાતનો વ્યવહાર ચાલુ કરી દીધો છે. ગાંધીજીના ગુજરાતમાં અને સરદાર સાહેબના ગુજરાતમાં આ શરમજનક બાબત છે ત્યારે ફરીથી હું વિનંતી કરું છું કે આવી મુશ્કેલી ન થાય. વધુમાં વધું આવી સિસ્ટમમાં ન હતું તો એટલું જ બાકી રહ્યું છે કે કયાંકને કયાંક દારૂની છૂટ પણ આપી છે. એના લીધે એ વિસ્તારમાં વાતો થતી હોય દારૂ લઇ જવાની છૂટ આપી છે. મને ખબર નથી કે સરકારે કયારે છૂટ આપી છે. થેન્ક યુ.

શ્રી કરશનભાઇ પું. સોલંકી(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારના માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સન ૨૦૨૪-૨૫ના વર્ષનું રૂ. ૩,૩૨,૪૬૫ કરોડનું અંદાજપત્ર લઇને આવ્યા છે તે બદલ ગુજરાત સરકારનો ખૂબ ખૂબ આભાર.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૯૫ પહેલા જયારે ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણી થતી હતી ત્યારે ગામડામાં ભાઇ-ભાઇના વચ્ચે ઝગડા થતા હતા અને કેટલીક વખત મર્ડર પણ થતા હતા. અમારી સરકાર આવ્યા પછી ગોકુળીયું ગામ

બનાવ્યું અને તેનો અમલ કરવામાં આવ્યો અને પ્રથમવાર પંચાયત સમરસ થાય તેને ૩ લાખ રૂપિયા અને પાંચમી વાર થાય તેને ૮ લાખ રૂપિયા આપવાનું અમારી ભાજપની સરકાર કામ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૫૦૦૧ની વસતિ હોય અને તે ગામ સમરસ થાય તો તેને પ્રથમવાર રૂ.૪ લાખ ૫૦ હજાર અને પાંચમી વાર થાય તો તેને ૧૧ લાખ રૂપિયા આ સરકાર આપતી હતી. ઝગડા બધા મટી જાય. ઝગડા થાય જ નહીં. ૫૦૦૦ની વસતિ હોય તેમાં મહિલા સરપંચ તરીકે સમરસ ચૂંટાય, એટલે કે મહિલા સરપંચ થાય તો તેને પ્રથમવાર ૪ લાખ અને ૫૦ હજાર રૂપિયા અને પાંચમી વાર થાય તો તેને ૮ લાખ રૂપિયા. તમારી વખતે તો ઝગડા કરાવતા અને કંઇ આપતા નહોતા. જે ગામની અંદર ૫૦૦૦ની વસ્તી હોય તે ગામની અંદર જો મહિલા સરપંચ તરીકે સમરસ ચૂંટાય તો તેઓને પ્રથમ વાર ૪ લાખ ૫૦ હજાર અને પાંચમી વાર સમરસ ચૂંટાય તો રૂ.૮ લાખ મહિલા સરપંચ બને એના ચૂકવવામાં આવે છે. તમારી વખતે કોઇ સરપંચને એક પણ રૂપિયો આપતા નહોતા. જો ગામની વસ્તી ૫૦૦૧ ઉપરની હોય અને મહિલા સરપંચ તરીકે ઊભા હોય અને જો સમરસ થાય તો પ્રથમવાર રૂ. ૭ લાખ અને ૫૦ હજાર અને પાંચમી વાર મહિલા સરપંચ ચૂંટાય તો એને રૂ.૧૩ લાખ રૂપિયા આ અમારી ભા.જ.પ.ની સરકાર આપે છે. ગામડાઓમાં આરોગ્યની સુવિધાઓ માટે વર્ષ ૧૯૯૫ પહેલાં ગામડાઓમાં નાની મોટી બીમારી આવે તો બળદગાડામાં કે રેકડીમાં લઇ તાલુકા મથકે દવાખાને લઇ જતા હતા અને અમારી સરકાર આવ્યા પછી પાકા રસ્તા બન્યા, પહેલાં તો રસ્તામાં ડિલિવરી થઇ જતી હતી. અમારી સરકારમાં ફકત ૧૭ મિનિટમાં દવાખાને પહોંચી જાય છે. અમારી સરકાર આવવાથી ૧૦ કિ.મી.ની અંદર સરકારી દવાખાના બનાવવામાં આવેલ અને ૧૦૮ની સુવિધા આપવામાં આવેલ હોવાથી ફકત ૧૭ મિનિટમાં જે તે દવાખાને પહોંચી જાય છે. વળી ૧૦૮ સિવાયની વધારાની એમ્બ્યુલન્સ મહિલાને ડિલિવરી થયા પછી પણ ઉઆ..ઉઆ.. કરતી તેમના ઘરે પહોંચાડવાની સુવિધા પણ અમારી સરકારે આપી છે. મારા મત વિસ્તાર કડી તાલુકામાં વર્ષ ૧૯૯૫ પહેલાં કોંગ્રેસ વખતે જે આંગણવાડીઓ હતી તે બિલકુલ કાચી અને પતરાવાળી હતી. આજે ભા.જ.પ. સરકાર આવ્યા પછી અમારા કડી તાલુકામાં ૮૪ મારી આંગણવાડી મંજૂર કરી અને એક આંગણવાડી પ્રમાણે રૂ.૧૬ લાખ નું એસ્ટીમેટ બનાવેલ છે અને એ પણ ધાબાવાળી અને આર.સી.સી.ની બનશે અને તે બદલ રૂ.૧૩ કરોડ અને ૪૪લાખ બજેટમાં ફાળવવામાં આવેલ છે, તેથી આપણા સમાજ કલ્યાણમંત્રીશ્રી એવા બહેનશ્રીનો પણ ખૂબ ખૂબ આભાર. ગામડાઓમાં વર્ષ ૧૯૯૫ પહેલાં કોઇ ગરીબ લાભાર્થી બીમાર પડે તો તેને સારવાર કરવા માટે કોઇ સુવિધા ન હતી અને અમારી સરકાર આવ્યા પછી રૂ. ૨ લાખ, રૂ.૩ લાખ, રૂ. ૫ લાખ અને હવે રૂ. ૧૦ લાખની સુવિધા આપવામાં આવે છે. પહેલાં જમીન ગીરો મૂકવી પડતી હતી. તમારા જેવા કોઇ પાસેથી વ્યાજે પૈસા લાવવા પડતા હતા, કરગરવું પડતું હતું કે અમારે દવાખાને જવું છે, અમારી પાસે પૈસા નથી તો કોઇક સાધન કરી આપો અને અમને દવાખાને પહોંચાડો, એ બંધ થયું અને અત્યારે ૧૦ લાખ રૂપિયા એ.ટી.એમ. એટલે સરકારની સહાય અને તરત મફત સારવાર થઇ જાય. અમારી સરકાર આવ્યા પછી આવક મર્યાદા રૂ. ૧ લાખ ૨૦ હજાર અને શહેરી માટે રૂ.૧ લાખ અને ૫૦ હજાર. રૂ.૧૨૫૦ વિધવા બહેનોને આપે છે. ૨૧ વર્ષનો પુત્ર થાય તો પણ એને પૈસા મળે છે. અગાઉ તમારી સરકારમાં વિધવા બહેનોને ૨૦૦ રૂપિયા રોકડા આપવામાં આવતા હતા એમાંથી પણ વચેટિયાઓ કટકી કરતા હતા. મારા મત વિસ્તારમાં થોળ તળાવમાં અભયારણ્ય આવેલ છે તેમાં વર્ષ ૧૯૯૫ પહેલાં કોઇ સુવિધા ન હતી. અમારી આ સરકાર આવ્યા પછી થોળ મુકામે અભયારણ્યને નિહાળવા માટે આજુબાજુના પ્રવાસીઓ આવે છે તેઓની સુવિધા માટે રૂ.૨૭ કરોડ ફાળવેલ છે તે બદલ માનનીય વનમંત્રીશ્રીનો ખૂબ ખૂબ અભાર. (અંતરાય)અગાઉ તમારી કોંગ્રેસની સરકાર વખતે વર્ષ ૧૯૮૭માં સામાજિક ન્યાય સમિતિનો ચેરમેન હતો. ત્યારે તલાટીઓના પગાર થતા હતા એમાંથી ૫૦ ટકા કટકી થતી હતી. મકાનના ફકત ૬ હજાર રૂપિયા મળતા હતા એમાંથી ૩ હજાર રૂપિયા લોન આપતા હતા અને ૩ હજાર રૂપિયા સહાય આપતા હતા. એમાંથી ઇંટોવાળાના પૈસા થાય, ઇંટો સ્થળ ઉપર ઉતરી ન હોય, મફત ગાળા મંજૂર થયા હોય પણ ઇંટો ના ઉતરી હોય, સિમેન્ટ ના ઉતર્યો હોય, નળીયાવાળા મકાન હતા, નળીયા ના ઉતર્યા હોય એવા તમારી સરકારમાં મકાન એવા બનતા અને અમારી સરકાર આવ્યા પછી ગ્રામીણ માટે રૂ.૧ લાખ અને ૨૦ હજાર અને શહેરી વિસ્તાર માટે રૂ.૩ લાખ અને ૫૦ હજાર. આ ભા.જ.પ. સરકાર કામગીરી કરે છે. તમારા વખતમાં રોડ ઉપર એસ.ટી. ભંગાર હાલતમાં પડેલી હોય, અમારા સમયમાં એ.સી. એસ.ટી. છે. પહેલાં મારે મહેસાણા જવું હોય તો બે કલાક થતા હતા, પણ અત્યારે ૨૦ મિનિટમાં મહેસાણા પહોંચી જઉં છું. આવા પાકા રસ્તા છે. તમારા વખતમાં એક દિવસ એસ.ટી. આવે, બીજે દિવસે રસ્તામાં પડી રહી હોય, (અંતરાય) બિલકુલ કાચા રસ્તા હતા. ભા.જ.પ. સરકારે ગામડાઓને જોડતા પાકા રોડ બનાવ્યા, લોકોની સુવિધા માટે ભા.જ.પ. સરકારે આજ સુધી સારું કામ કર્યું છે અને માનનીય મોદી સાહેબ હજી કહે છે કે સોલાર લાઇટ, ગરીબને કોઇને બિલ ભરવાનું જ ના રહે. સન ૨૦૪૭ સુધીમાં સોલાર લાઇટ બધે કરવાની છે. તમામ ૧૮૨-૧૮૨ વિધાનસભા અમારે લાવવાની છે એની હું ખાતરી આપું છું. સભાપતિશ્રી : માનનીય કરશનભાઇ પાસેથી પ્રેરિત થવું જોઇએ કે એમણે ટેબ્લેટમાંથી જોઇને પ્રવચન કર્યું છે. ખરેખર એના માટે એપ્રિશિએટ કરીએ છીએ.

શ્રી પ્રવીણભાઇ મ. ઘોઘારી**(**કરંજ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માધ્યમથી મને ખાણ અને ખનિજ વિભાગની ઉપલબ્ધીઓ જણાવવાનો અવસર આપવા બદલ આપનો અને સદનનો આભાર વ્યક્ત કરું છું. ચાલુ વર્ષ ૨૦૨૪-૨૫ની ખાણ ખનિજ વિભાગમાં કરેલ જોગવાઇને મારું સમર્થન આપું છું તથા ઉદ્યોગ અને ખાણ વિભાગની અમુક ઉપલબ્ધીઓ જણાવવા માગું છું.

## તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( ચોથો અને છેલ્લો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાત એક ખનિજ સમૃદ્ધ રાજ્ય છે. ગુજરાતની જમીનમાં લિગ્નાઇટ, લાઇમસ્ટોન, બોક્સાઇટ જેવી મુખ્ય અને ગ્રેનાઇટ અને લાઇમ સ્ટોન જેવી ગૌણ ખનિજ ભરપૂર માત્રામાં મળે છે. મને જણાવતા આનંદ થાય છે કે ગુજરાતે લાઇમસ્ટોન, લિગ્નાઇટ, બોક્સાઇટ તેમજ અન્ય ખનિજ ઉત્પાદન ક્ષેત્રે દેશમાં અગ્રેસર સ્થાન હાંસલ કર્યું છે. વિશેષ કહેવાનું કે ચોક ખનિજ માત્ર ગુજરાત રાજ્યમાં મળી આવે છે. હાલમાં રાજ્યમાં ડિસેમ્બર ૨૦૨૩માં કુલ મુખ્ય ખનિજની ૪૨૧ લીઝો હતી. ગૌણ ખનિજની કુલ ૭,૩૧૩ જેટલી ક્વોરી અસ્તિત્વમાં હતી. રાજ્ય સરકારને વર્ષ ૨૦૨૧માં ૧૫૫૨ કરોડ રૂપિયા, વર્ષ ૨૦૨૧–૨૨માં ૧૭૩૩ કરોડ રૂપિયા અને વર્ષ ૨૦૨૨–૨૩માં રૂપિયા ૨૦૭૨ કરોડની આવક થયેલ છે. ચાલુ વર્ષ ૨૦૨૩–૨૪માં ડિસેમ્બર ૨૦૨૩ના અંત સુધીમાં રૂપિયા ૧૨૩૬ કરોડની રકમની માતબર આવક નોંધાયેલ છે. દર વર્ષે આવકમાં ઉત્તરોત્તર વધારો નોંધાયેલ છે જે બદલ ખાણ અને ખનિજ વિભાગને અભિનંદન પાઠવું છું. આપણે જાણીએ છીએ કે ખનિજનો ઉપયોગ બાંધકામ માટે, સિમેન્ટ, કેમિકલ વગેરે એકમોના કાચા માલ માટે કરવામાં આવે છે. બ્લિચિંગ, પાઉડર, સ્મારકો, ફર્ટીલાઇઝર વગેરેમાં ફીલર તરીકે ઉપયોગમાં લેવાય છે. મહેસૂલી આવકની દ્રષ્ટિએ રાજ્યના વિકાસના કાર્યને વેગવંતુ રાખવા માટે ખનિજ ક્ષેત્ર અને ઉદ્યોગ અને ખાણ વિભાગ મહત્ત્વનો ભાગ ભજવી રહ્યો છે. જે ગામમાંથી રેતી, કાંકરા, વગેરે ખનિજની રોયલ્ટીની આવક થાય એ એ જ ગામના વિકાસ માટે જિલ્લા પંચાયતની આવકમાંથી ૯૫ ટકા ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. જેના માટે ચાલુ બચત તરીકે રૂપિયા ૨૦૦ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે તેને મારું સમર્થન આપું છું. લીઝમાં અવર–જવર કરવા, ખનિજ વિસ્તારમાં માળખાકીય સુવિધા પૂરી પાડવામાં આવે છે. ખનિજ ઉદ્યોગને વેગ મળી રહે તે માટે ચાલુ વર્ષે રૂ.૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી લેવામાં આવેલ ખનિજના સેમ્પલોને લાંબાગાળા સુધી સંગ્રહ અને સંરક્ષણ કરી શકાય તે હેતુથી રાજ્યમાં ગાંધીનગર ખાતે કોર લાઇબ્રેરી બનાવવાની પહેલ આપણી ગતિશીલ સરકાર દ્વારા કરવામાં આવેલ છે. આ ઉપરાંત રાજ્યમાં રેર અર્થ એલીમેન્ટના સંશોધન તેમજ મૂલ્યાંકન માટે વિશેષ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. આર.ઇ.ઇ. માટે વિશેષ લેબોરેટરીને અદ્યતન મશીનરીથી ખનિજ પૃથ્થકરણ હાથ ધરાશે. આમ, કોર લાઇબ્રેરી તેમજ ડેડીકેટેડ લેબોરેટરી ફોર એન ઇન્સ્ટ્રુમેન્ટ માટે ચાલુ બાબતમાં કુલ ૧૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે તેને હું આવકારું છું. રાજ્યમાં ગેરકાયદેસર રીતે ચાલતી રેત ખનનની પ્રવૃત્તિને અટકાવવા માટે માનવબળની સહાયતા મેળવી કામગીરી હાથ ધરી શકાય તે માટે ચાલુ બાબત તરીકે રૂપિયા ૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે તે પણ આવકારદાયક છે. સ્ટોન આર્ટિજન પાર્ક, અંબાજી તથા ધ્રાંગધ્રા ખાતે ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા પથ્થર કળામાં રહેલી વિપુલ સંભાવનાનો ઉપયોગ કરીને શિલ્પકળાના વારસાને આગળ ધપાવવા શૈક્ષણિક કાર્ય દ્વારા અને તાલીમ દ્વારા સર્જનાત્મક શિલ્પકળામાં વૃદ્ધિ કરવા અને રોજગારી પૂરી પાડવા માટે ચાલુ વર્ષે રૂપિયા ૬.૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ખનીજ સંશોધન ક્ષેત્રે રાજ્યના બિન–સંશોધિત ક્ષેત્રને આવરી લેવા તેમજ વિગતવાર ક્ષારકામ દ્વારા સંશોધન કરીને ખનીજોની ગુણવત્તા અને આકારણી કરવાનું આયોજન કરેલ છે. જેથી ગુજરાત સંશોધન યોજના ચાલુ બાબતે રૂ.૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે તે પણ એક પ્રશંસનીય બાબત છે. ગુજરાત સરકાર દ્વારા પણ નામદાર સુપ્રીમકોર્ટનું સૂચન અને કેન્દ્રના કાયદાને ધ્યાને લઇને ગુજરાત ખાણ ખનીજ છૂટછાટ નિયમ ૨૦૧૭ મુજબ જાહેર હરાજીથી લીઝો આપવા માટે ઇ–ઓકશન ફોર મીનરલ ચાલુ બાબતે રૂ.૩ કરોડની જોગવાઇને હું સમર્થન આપું છું. અરજદારને સરળતાથી પર્યાવરણીય પ્રમાણપત્ર મળી રહે તે હેતુથી મદદરૂપ થવા એજન્સીઓની નિમણૂક કરવામાં આવી છે જેના માટે ચાલુ વર્ષે રૂ.૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે તેને પણ મારું સમર્થન આપું છું. અંતમાં એટલું કહીશ કે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને મૃદુ સરકારના સાર્થક નિર્ણયો દ્વારા ગુજરાત પ્રગતિના પંથે જઇ રહ્યું છે તે બદલ હું સરકારશ્રીને અભિનંદન પાઠવું છું. ભારત માતા કી જય. જય જય ગરવી ગુજરાત. જયશ્રી રામ.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે. માનીનય સભ્યશ્રી જીતેન્દ્રકુમાર પટેલ

શ્રી જિતેન્દ્રકુમાર ર. પટેલ(નારણપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો ખૂબ ગૌરવ સાથે કહીશ કે સર્વગ્રાહી, સર્વ સ્પર્શીય અને સર્વ ઉત્કર્ષ બજેટ રજૂ કરવા માટે માનનીય મુખ્યમંત્રશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ તેમજ સમગ્ર સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આમ તો ભારતના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ સેવાના પવિત્ર સંકલ્પને કેન્દ્રમાં રાખીને સમગ્ર દેશમાં અને રાજ્યમાં જન સુવિધાના અનેક કાર્યો થઇ રહ્યા છે પણ તેમાં ''સ્વચ્છતા એ સેવા''ના પ્રકલ્પે મૂઠ્ઠી ઉચેરું સ્થાન મેળવ્યું છે. કારણ કે સ્વચ્છતા એ સેવા અને સેવા છે એ રાષ્ટ્ર નિર્માણના ઉમદા ભાવનું અહીં દર્શન થાય છે. ''સ્વચ્છતા એ સેવા'' અભિયાન દ્વારા શહેરી ગ્રામીણ વિકાસ વિભાગો દ્વારા સંયુક્તપણે રાજ્યના હેલ્થ સેન્ટર, તમામ શૈક્ષણિક સંસ્થાઓ, શહેરી ગ્રામીણ વિસ્તારો, મ્યુઝિયમો, હેરીટેઝ બિલ્ડિંગો, પુરાતત્ત્વીય સાઇટો, મહાપૂરુંષોની પ્રતિમાઓ, નદી, તળાવ, ધર્મ સ્થાનો, બગીચાઓ, સરકારી કચેરીઓ અને પાણીના સ્ત્રોત, સમુદ્ર કિનારા અને નદીઓની સફાઇ વગેરે ખૂબજ ચીવટથી કરવામાં આવી. ''સ્વચ્છતા એ સેવા'' અભિયાનમાં માનનીય સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, વિવિધ પદાધિકારીશ્રીઓ, વિશેષ મહાનુભાવો એમ કુલ મળીને લગભગ

૧,૫૫,૧૮૮ લોકોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત સમાજના લાખો કાર્યકર્તાઓ તો ખરા. આ અભિયાનમાં ગ્રામ્ય વિસ્તારમાંથી ૪૩૫ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો. આ અભિયાનમાં ૭૩,૩૧૫ સફાઇ કામદારો પણ જોડાયા હતા અને કુલ ૧,૪૩,૫૬૪ માનવ કલાકોનું શ્રમદાન કરવામાં આવ્યું હતું. આપણા દેશના માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના પવિત્ર સંકલ્પ અને સખત પૂરુંષાર્થથી પ્રેરાઇને દેશમાં આ અભિયાન હેઠળ ૧,૪૦,૦૦૦ પ્રવૃત્તિઓ કરવામાં આવી. મને જણાવતાં આનંદ થાય છે કે ગ્રામ્ય કક્ષાએ કુલ ૨ કરોડ ૫૪ લાખ ગ્રામજનોએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો અને ‘‘સ્વચ્છતા એ સેવા’’ એભિયાનને સફળ બનાવી. શાળા–કોલેજનાં બાળકો અને શિક્ષકો મળી કુલ ૧૦,૪૪,૦૦૦ વિદ્યાર્થીઓએ શ્રમદાન કર્યું. રાષ્ટ્ર સેવાના સંકલ્પ સાથે વેસ્ટ ટુ વેલ્થ સ્વચ્છતા રેલી તેમજ સ્વચ્છતા શિબિરનું આયોજન પણ થયું હતું જેમાં સ્વચ્છતા જાળવવા માટે ખૂબ ઊંડું મનોમંથન પણ થયું. ૧ લાખથી વધુ સખી મંડળો દ્વારા ૮,૨૪,૦૦૦ સભ્યોએ અત્યાર સુધીમાં ૨૦ લાખ ૮૭ હજાર માનવ કલાકોનું શ્રમદાન કર્યું. ૫ લાખથી વધુ પરિવારોએ સ્વચ્છતા જાગૃત્તિનો પ્રચાર–પ્રસાર કર્યો. શહેરોની સાથે ગ્રામીણજનો પણ વિશેષ રૂપે લાભાંન્વિત થયા. ખુલ્લામાં શૌચની પ્રક્રિયા બંધ થઇ. પ્રત્યેક ઘરમાં શૌચાલયનું નિર્માણ થયું, પણ રાજયના વિવિધ જિલ્લાઓમાંથી મળેલ માહિતી અનુસાર વર્ષ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪માં ૯૭૨૨૨ નવા શૌચાલય વિહોણા ઘર મળ્યા, જે પૈકી ૫૭૩૦૯ કુટુંબોને શૌચાલયની સુવિધા હેઠળ આવરી લેવામાં આવ્યા છે અને ૩૩૨૪૮ કુટુંબોને ચાલુ વર્ષ શૌચાલયની સુવિધા હેઠળ આવરી લેવામાં આવશે. પ્રવાહી કચરાના નિકાલ માટે ગામડાંમાં ૪,૯૨,૪૯૩ વ્યકિતગત શૌચપીઠનું નિર્માણ થયું અને ૬૨૭૧૩ જાહેર શૌચપીઠનું નિર્માણ થયું. ગેલ્વેનાઇઝ, ઓર્ગેનિક, બાયોએગ્રો રિસોર્સીસ ગોબરધન એ ભારત સરકારની પહેલ છે અને સમગ્ર સરકારી અભિગમ ઉપર આધારિત છે. જે અંતર્ગત કાર્બનિક કચરો જેમણે ઢોરના છાણ, કૃષિ અવશેષ વગેરે બાયોગેસ સી.બી.જી. બાયો સીએનજીમાં રૂપાંતરીત કરવા માટે પ્રોત્સાહિત કરતી યોજના છે. આ યોજનાઓના કાર્યક્રમ અંતર્ગત નીતિઓને પણ સંપૂર્ણપણે આવરી લઇ પીવાના પાણી સ્વચ્છતા વિભાગ જળ શક્તિ મંત્રાલય ગોબરધન માટે સંકલન કરનારા આ વિભાગો પણ છે. સ્વચ્છતા મિશન ગ્રામ્ય યોજના હેઠળ ૭૬૦૦ બાયોગેસ પ્લાન્ટના લક્ષ્યાંક સામે ૭૨૭૬ બાયોગેસ પ્લાન્ટનું નિર્માણ થઇ ચૂકયું છે. ગ્રામ્ય વિસ્તારમાં પશુ છાણ અને બાયોડીગ્રેબલ વેસ્ટની વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરી ગ્રામ્ય વિસ્તારની વૈજ્ઞાનિક ઢબે ઊર્જા, સ્વચ્છ વાતાવરણ, આરોગ્ય અને રોજગારીના નવા સ્ત્રોતનું નિર્માણ થયું છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧–૨૨માં રૂ.૮૦૦૦૦ લાખની જોગવાઇ સામે રૂ.૫૭૪૧૫ લાખનો ખર્ચ થઇ ચૂકયો છે. તેમજ વર્ષ ૨૦૨૨–૨૩માં રૂ. ૪૬૭૨૦ લાખની જોગવાઇ સામે રૂ.૧૬૪૬૪.૬૪ લાખનો ખર્ચ થયો છે. વર્ષ ૨૦૨૩–૨૪માં રૂ.૨૦૦૦૦ લાખની જોગવાઇ સામે રૂ.૧૬૦૩૪ લાખનો તા.૨૩–૧–૨૦૨૪ સુધીમાં ખર્ચ થયો છે. સ્વચ્છતાનું આ અભિયાન હવે કોઇ એક સમયમર્યાદા પૂરતું નથી રહ્યું પણ હવે પ્રત્યેક ભારતીયના રોજિંદા જીવનનો એક અખંડ ભાગ થઇ ચૂકયો છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ સરકાર દ્વારા દેશમાં ગુજરાતનો વિકાસ, સમૃદ્ધિ વિષયક અનેકવિધ કાર્યો થઇ રહ્યા છે અને બહોળી સફળતા મળી છે. તે સંદર્ભે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબની કહેલી એક ઉક્તિ હું યાદ કરું છું. કે મનમાં જો સેવાનો પવિત્ર ભાવ હોય તો શુભ પરિણામ પ્રાપ્ત થાય જ છે. જય જય ગરવી ગુજરાત. ભારત માતા કી જય.

શ્રી હર્ષદકુમાર ર. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૨૪–૨૫નું જે બજેટ લઇને આવ્યા છે એ સંદર્ભે અંદાજપત્રની ચર્ચાની અંદર હું મારા કેટલાક વિચારો ગૃહ સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પનોતા પુત્ર અને દેશના લોકપ્રિય યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે આપેલા વિકાસ મંત્રને રાજયના મૃદુ અને મકકમ મુખ્યમંત્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ નિષ્ઠાપૂર્વક મંત્રને સાથે લઇને ચાલી રહ્યા છે અને આ રાજયનો સરસમઝાનો વિકાસ કરી રહ્યા છે. કોઇપણ રાષ્ટ્રને ઊંચા સ્થાને પહોંચાડવા હંમેશા નાના લોકોનું સામર્થ્યવાન બનવું આવશ્યક છે. આજે નાનાને મોટા બનાવીએ તો જ ખરા અર્થમાં રાષ્ટ્રને પરમ વૈભવના ગંતવ્યસ્થાને પહોંચી શકીએ. આ અભિગમ અને લક્ષ્ય સાથે પ્રસ્તુત થયેલ યોજના એટલે પી.એમ. સ્વનિધિ યોજના. સમાજના નબળા અને ગરીબ લોકોના જીવનધોરણ ઊંચા આવે અને તેમનો ઉત્કર્ષ થાય એ માટે ૩૦૦ ઉપરાંત જનકલ્યાણકારી યોજનાઓ સરકાર દ્વારા અમલમાં મૂકી એમના જીવનધોરણમાં સુધારો લાવવાનો પ્રયાસ થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારતની ઇકોનોમી પાંચ ટ્રિલિયનના દ્વાર ખખડાવી રહી હોય ત્યારે માર્ગ પર ફરીને ચાર રસ્તા પર એક ખૂણામાં ઉભેલો વિક્રેતા પણ તેના લાભોથી વંચિત ન રહી જાય અને દેશની પ્રગતિ અને વિકાસમાં તેનો ભાગ મેળવી શકે તથા રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપી ગૌરવપૂર્ણ જીવન જીવી શકે એ જ ખરા ઇઝ ઓફ લિવિંગનું લક્ષ્ય છે. આ લક્ષ્ય પૂર્ણ કરવા માટે સ્વાભાવિક રીતે તેને આર્થિક જરૂરિયાત પડતી હોય તે આર્થિક સહાય આ પી.એમ.સ્વનિધિ યોજના દ્વારા થતી હોય છે. ગૌરવપૂર્વક કહેવું છે કે, ભૂતકાળની સરકારોની અંદર જે ઉપેક્ષિત હતા તે આજે અપેક્ષિત અને આરક્ષિત થયા છે. કોરોનાકાળની અંદર લોકડાઉનના પગલે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરનાર ફેરિયાઓ, રેકડીધારકો, ફૂટપાથ પર નાના વ્યવસાયો ચલાવતા સ્વમાની નાગરિકોના જીવન ધોરણમાં મુશ્કેલી ના પડે તે પ્રકારે માનનીય નરેન્દ્રભાઇએ તેમના માટે આ વિચાર કર્યો ત્યારે મારે કહેવું છે

કે, સર્વાધિક લોકપ્રિય જનનાયક શ્રી નરેન્દ્રભાઇને જ આવા વિચાર આવી શકે. કયારેય તથ્ય સમજી ન શકતા લોકો નાના પરંતુ ખુદ્દાર ભારતવાસીઓને અંધભક્ત તરીકે સંબોધે છે ત્યારે ખરેખર દુઃખ થાય છે. વિપક્ષ દ્વારા આવી નકારાત્મક ભાવના ફેલાવે છે ત્યારે નાના લોકોમાં તેમના માટે સ્વાભાવિક એક ધૃણાનો ભાવ ઊભો થતો હોય છે. પી.એમ. સ્વનિધિ યોજના એક એવું પરિબળ છે જે ભારતને તેની તાસીર પ્રમાણે સહાયરૂપ અને વર્ષ ૨૦૪૭ના વિકસિત ભારતના લક્ષને આંબવામાં સહાયરૂપ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ફેરિયાઓ, લારી ગલ્લાધારકો સ્વમાનભેર આવશ્યક નિધિ સરળ પ્રક્રિયા દ્વારા પ્રાપ્ત કરે તેમજ નિધિ દ્વારા પ્રાપ્ત થયેલ રકમ થકી પોતાની પ્રગતિના શિખરો સર કરે તે આયોજનના ઉદ્દેશથી અને માનનીય નરેન્દ્રભાઇના ડિજિટલ મોદી યુગની અંદર યોજનાનો લાભ લીધા બાદ આર્થિક વ્યવહારો ડિજિટલ માધ્યમથી કરે તે માટે અહીં વિશેષ રીતે તેમને પ્રોત્સાહિત કરવામાં આવે છે. મને કહેતાં ગૌરવ થાય કે ૪૦ લાખ કરતાં વધુ લોકોએ આ ડિજિટલ પેમેન્ટની અંદર ભાગ લીધો છે. પી.એમ. સ્વનિધિ યોજના અંતર્ગત લાભ મેળવી રહેલા ભારતના કરોડો લાભાર્થીઓને નાણાકીય સહાય પૂરી પાડવા માટે કેન્દ્ર સરકારે ૧ જૂન ૨૦૨૦ના રોજ પી.એમ. સ્વનિધિ યોજના શરૂ કરી હતી. તેનો ઉદ્દેશ કોરોનાના સમયગાળામાં નોકરી ગુમાવનાર નાના કામદારોને આર્થિક મદદ પૂરી પાડવાનો હતો. આ યોજનનો લાભ લેનાર લોકોની સંખ્યા આજે ૫૦ લાખ કરતાં વધુના આંકડાને વટાવી ચૂકી છે. મને કહેતાં ગૌરવ થાય છે કે, આ લાભાર્થીઓની સંખ્યાની અંદર ૧૫.૭૯ લાખ જેટલી મહિલાઓ છે. ૨૦ જુલાઇ ૨૦૨૩ સુધીમાં લગભગ ૩૮.૫૩ લાખ લાભાર્થીઓને રૂ.૬૪૯૨ કરોડ જેટલી માતબર રકમ આપી આવા નાના લોકોને મદદ કરવાની એક સુંદર મજાની યોજના સરકાર દ્વારા લાવવામાં આવી છે. પી.એમ. સ્વનિધિ યોજના અંતર્ગત ગુજરાત રાજ્યમાં તા.૧૮-૧-૨૦૨૪ સુધીમાં કુલ ૪ લાખ ૨૯ હજાર ૮૩ શેરી ફેરિયાઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય લોન મળી કુલ રૂ.૫,૫૭, ૫૬૦ની લોન આપી અને આ ત્રણેય લોન પેટે કુલ રૂ. ૭૪૪.૭૯ કરોડ ચૂકવવામાં આવેલ છે. વિશેષ લાંબી વાત ન કરતાં મને કહેતાં ગૌરવ થાય કે, માનનીય નરેન્દ્રભાઇએ નાના લોકો પર મૂકેલો ભરોસો છે તે સાર્થક થયો છે. આ લોન નહીં ભરનાર લાકો જેમાં એકાદ બે ટકા છે તે પણ જે લોકોના પરિવારની અંદર કોઇ મુખ્ય મોભીનું અવસાન થયું હોય અથવા તો કોઇ વિશેષ બીમારી આવી હોય ત્યારે જ આ લોનનો હપ્તો નથી ભરી શકયા. તો આવી સુંદર યોજના અહીં લાવ્યા છે ત્યારે હું માનનીય કનુભાઇને હૃદયપૂર્વકના અભિનંદન આપું છું અને વિશેષ એક સુંદર કવિતાના શબ્દો મને યાદ આવે છે.

''अरुण गगन पर महाप्रगति का, अब फिर मंगल गान उठा, करवट बदली,
अंगडाई ली, सोया हिन्दुस्तान उठा, सोया हिन्दुस्तान उठा॥.

'' આભાર.

ડો. દર્શના ચં. દેશમુખ(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા માનનીય મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય નાણા મંત્રીશ્રી જે અંદાજ પત્ર લઇને આવ્યા છે ત્યારે એ માટે એમને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

स्वस्तिः प्रजाभ्यः परिपालयंतां
न्यायेन मार्गेण महीं महीशाः।
गो ब्राह्मणेभ्यः शुभमस्तु नित्यं
लोकाः समस्ताः सुखिनोभवंतु॥

માનનીય અધ્યક્ષશ્રી, સમસ્ત પ્રજા સુખી રહે, શાસક તરફથી તેમનું સુંદર રીતે અને સારી રીતે રક્ષણ કરવામાં આવે સાથે જ ઉચિત સમયમાં વર્ષા થાય, ગૌ અને બ્રાહ્મણો, વિદ્વાનોનું કલ્યાણ થાય અને સારા દેશ સુખી રહે, સંકટ મુક્ત બને અને પૃથ્વી ઉપર ધન-ધાન્યથી આ ધરા સમૃદ્ધ બને.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાનું કલ્યાણ થાય એ હેતુસર ગુજરાત રાજયની મા-બહેન, મહિલાઓ સૌને મક્કમતાપૂર્વક સમૃદ્ધ કરવાનું, એમને ગૌરવાન્તિત કરવાનું, સુખી કરવાનું અને મહિલાઓને સારી રીતે આગળ વધારવા માટેનો ગુજરાત રાજયની સરકારનો સંકલ્પ અને આ સંકલ્પને ચરિતાર્થ કરવાનું એટલે કે ગુજરાત સરકારશ્રીની ભારતીય જનતા પાર્ટીની સરકારની યોજનાઓ અને આ યોજનાઓ એટલે મહિલા અને બાળ કલ્યાણ માટે રૂપિયા ૬,૮૮૫ કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવેલું બજેટ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની માતાઓ અને બાળકોને માનસિક અને સારીરિક તંદુરસ્તી મળી રહે તે માટે સુપોષિત ગુજરાત મિશન અભિયાનની શરૂઆત થઇ ચૂકી છે. ગુજરાતના સર્વસ્વ નાગરિકોનું સ્વાસ્થ્ય સારુ રહે અને સર્વાંગી વિકાસ થાય તે માટે પોષણ, શિક્ષણ અને આરોગ્યની જરૂરિયાત હોય છે. જ્યારે મહિલાઓ અને બાળ કલ્યાણ માટે આટલા સુંદર બજેટની જોગવાઇ થઇ છે ત્યારે હું આપને કહેવા માગીશ કે,

कोई भी देश तरक्की के शिखर पर तब तक नहीं पहूंच सकता जब तक उसकी महिलाएं कंधे से कंधा मिलाकर न चल सकें। महिलाओं की हरेक देश में अमूल्य योगदान रहा है तब हमें लोगों को जगाना जरुरी

है और उसी के लिए महिलाओं का जगृत होना भी जरूरी है। और जब वो कदम उठाती है, तो उसी कदम के साथ-साथ वो परिवार को आगे ले जाती है, समाज आगे बढ़ता है, गांव आगे बढ़ता है और राष्ट्र विकास की और उन्मुख होता है।

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારની પુરક પોષણ યોજના હેઠળ ૩થી ૬ વર્ષનાં બાળકોને ગરમ નાસ્તો અને ભોજન આપવાની સાથે સાથે કિશોરીઓ, સગર્ભા માતાઓ, અન્ય ધાત્રિ માતાઓને પણ રૂપિયા ૮૭૮ કરોડના ખર્ચે બાલશક્તિ, પૂર્ણાશક્તિ અને માતૃશક્તિના પેકેજ આપીને એમના માટે જોગવાઇ કરવામાં આવી છે. પૂર્ણા યોજના હેઠળ રૂપિયા ૩૪ કરોડની જોગવાઇ પણ આ સરકારમાં કરવામાં આવી છે. પોષાણ સુધા યોજના હેઠળ ૧૦૬ જેટલા આદિજાતિ ઘટકોમાં સગર્ભા બહેનો અને ધાત્રિ માતાઓને રૂપિયા ૧૨૯ કરોડના ખર્ચે એમના માટે ગરમ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ ગુજરાતની સગર્ભા બહેનો ધાત્રિ માતાઓ એમના માટે પ્રતિ માસ પ્રતિ લાભાર્થી ૧૦૦૦ દિવસ સુધી ૨ કિલો ચણા, ૧ કિલો તુવેર દાળ અને ૧ લિટર ખાદ્યતેલની વ્યવસ્થા કરવામાં આવી છે જેનો અંદાજિત ખર્ચ રૂપિયા ૩૨૨ કરોડ જેટલો થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, પોષણ સુધા યોજનાની સાથે સાથે દૂધ સંજીવની યોજના પણ આ સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવી છે ત્યારે આદિજાતિ અને વિકાસશીલ તાલુકાઓમાં સગર્ભા બહેનો, બાળકો અને ધાત્રિ માતાઓને ફોર્ટીફાઇ ફ્લેવર મીલ મળી શકે તે માટે રૂપિયા ૧૩૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ રાજયની દીકરી એ એક અભિશાપ નથી પણ વરદાન છે. દીકરી સંસ્કૃતિની સંવાહક છે, સભ્યતાની પાલનહાર છે, આ ધરતીની અનુકંપા છે અને આ ધરતીની ધરોહર એવી આપણી આ દીકરીઓ માટે પણ વ્હાલી દીકરી યોજના હેઠળ રૂપિયા ૨૫૨ કરોડના ખર્ચની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગંગા સ્વરૂપા યોજના હેઠળ વિધવા બહેનોને આર્થિક રીતે મદદ મળી શકે તે માટે રૂપિયા ૨૩૬૩ કરોડની જોગવાઇ પણ આ બજેટમાં કરવામાં આવી છે. મહિલાઓના આર્થિક ઉત્કર્ષ માટે અને સામાજિક સુરક્ષા જળવાઇ રહે તે માટે આ ગુજરાત સરકાર ખૂબ જ મક્કમતાપૂર્વક આગળ વધી રહી છે. આંગણવાડીમાં આ બાળકોને સારું ભોજન અને તેમનું સ્વાસ્થ્ય જળવાઇ રહે તે માટે રૂપિયા ૧૮૦૦ કરોડના ખર્ચે આંગણવાડીઓને ગુણાત્મક રીતે અને માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે ત્રણ વર્ષની અંદર લગભગ ૮ હજાર જેટલી નવી આંગણવાડીઓનું નિર્માણ કરવામાં આવશે. અને તેની સાથે સાથે ૨૦ હજાર જેટલી આંગણવાડીઓ કે જેમાં આઇ.ટી.ની સુવિધા આપવામાં આવશે જેથી કરીને તેમની કનેક્ટિવિટી જળવાઇ રહે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપને કહેવા માગીશ કે ઘરેલું હિંસા કે જાતીય સતામણીનો ભોગ બનેલી મારી બહેનોને કાયદાકીય રીતે માર્ગદર્શન મળી રહે અને તેમને સંસ્થાકીય મદદ મેળવવા માટે પણ ગુજરાતમાં ૬૫ જેટલા સેન્ટરો ઉપલબ્ધ છે અને હજુ બીજા ૧૫ જેટલાં સેન્ટર ઉપલબ્ધ કરવાની જોગવાઇ કરવામાં આવેલી છે. પી.એમ. પોષણ સુધા યોજના હેઠળ જયારે મધ્યાહ્ન ભોજન યોજનામાં મારા ઘણાં બધાં બાળકો એવાં હોય છે કે જેમને કોઇ શારીરિક તકલીફ હોય કે સ્વાસ્થ્યની દષ્ટિએ નબળાં હોય તો એવાં બાળકોનું પણ આરોગ્ય પરિક્ષણ કરીને તેમને સારી રીતે ભોજન મળી રહે તે માટે બાલ અમૃતમનો વધુમાં વધુ વ્યાપ વધારીને તેમને આંગણવાડીની સાથે સાથે ધોરણ ૧થી ૮નાં બાળકોને પણ આ યોજનામાં લાભાન્વિત કરવામાં આવનાર છે ત્યારે રામ રાજયની જે કલ્પના છે તેને સાકાર કરવા માટે વડાપ્રધાનશ્રીએ મિનિમમ ગવર્નમેન્ટ અને મેક્ઝિમમ ગવર્નન્સનું જે સૂત્ર આપ્યું છે ત્યારે આ વિકસિત ભારત અને વિકસિત ગુજરાતની સંકલ્પનામાં

**"યહી સમય હૈ સહી સમય હૈ, ભારત કા યે અનમોલ સમય હૈ "**

એ સાથે જ આ બજેટને હું મારું સમર્થન આપી મારી વાણીને વિરામ આપું છું. અસ્તુ, ભારત માતા કી જય, જય જય ગરવી ગુજરાત.

સભાપતિશ્રી : માનનીય દર્શના બહેન જે બોલ્યા છે તે બધા સભ્યશ્રીઓએ જોયું હશે કે તેઓ રકમ પણ મોઢેથી બોલેલા છે, બહુ સરસ પ્રવચન હતું.

ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી અંદાજપત્રના ચોથા અને છેલ્લા દિવસે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારનું વર્ષ ૨૦૨૪-૨૫નું રૂ.૩ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડના બજેટ પૈકી નર્મદા વિભાગમાં રૂ. ૪૭૯૮ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. જે વિસ્તાર નર્મદા કમાન્ડ એરિયાથી સંકળાયેલો છે આ વિસ્તારમાં જયાં કેનાલોની લંબાઇ વધારવાની બાકી છે, તેનું મરામત કામ કરવાનું બાકી છે આવા બનાસકાંઠા અને પાટણનાં કામો માટે છેલ્લાં બે વર્ષથી રાજય સરકારમાં વહીવટી પ્રક્રિયામાં જે માગણીઓ મૂકેલી છે તેને વહીવટી મંજૂરી આપવામાં આવે. ખાસ કરીને ભાભર તાલુકાની વેજપુર બ્રાન્ચ કેનાલથી અન્ડર ગ્રાઉન્ડ લાઇન નાંખીને રૂ.૧૩ કરોડના એસ્ટીમેટ સાથે એ દરખાસ્ત હાલ પણ રાજય સરકારની વહીવટી પ્રક્રિયામાં પેન્ડિંગ છે. એવી અને એવી ભાભર તાલુકાની વેજપુર શાખા કે જે ભાભર તાલુકાના મોટા ભાગના ગામોમાં અહીંયાથી પાણી જાય છે અને તેની મરામત માટે તળાવો સાથે જોડાણ હોય, માઇનોર સબ-માઇનોરનાં કામો હોય આ તમામ કામો માટે રૂ.૧૬ કરોડની દરખાસ્ત તે રાજય સરકારમાં મોકલી આપેલી છે. જે

બનાસકાંઠા અને પાટણ તમામ નર્મદા આધારિત એરિયા છે આ એરિયામાં ગામથી તળાવને જે કેનાલ સાથે જોડાણ કરવા માટે ૧ કિલોમીટરની મર્યાદા છે તે વધારીને ૩ કે ૪ કિલોમીટરની કરી અને નજીકના તળાવોમાં પાણી નાંખવામાં આવે એ પણ એ વિસ્તારની તાતી જરૂરિયાત છે અને ખેડૂતોને જયારે કેનાલ બંધ થઇ જાય ત્યારે આમાંથી પાણી લઇને પણ સિંચાઇ કરી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગમાં ૧૩૧૦ કરોડની જોગવાઇ સામે એટીવીટી હોય, ૧૫ ટકા હોય કે જે તાલુકા કક્ષાએ જે આયોજન કરીને નાનાં મોટાં કામો કરવામાં આવે છે. આ કામોમાં અડધા ગુજરાતમાં ગ્રામ પંચાયત/તાલુકા પંચાયતની ચૂંટણીઓ બાકી હોવાના કારણે વહીવટદારો મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર કરે છે અને એના માટે શક્ય એટલી વહેલી ચૂંટણીઓ આવે.....

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

ગેનીબેન ન. ઠાકોર : મારો સમય હજી બાકી છે. કેટલો સમય છે?

સભાપતિશ્રી : ત્રણ મિનિટ છે.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હજી એક મિનિટ બાકી છે અને મહિલા અધ્યક્ષ બિરાજમાન હોય એટલે એક મિનિટ વધારે મળે એવી અમારી અપેક્ષા હોય. સામાન્ય વહીવટ વિભાગની જે જગ્યાઓ ખાલી છે એ જગ્યાઓ તાત્કાલિક ભરવામાં આવે. મહેસૂલ વિભાગની માગણીઓમાં ખાસ કરીને પંચાયત ધારાની જમીન હોય એમાં લેન્ડ કમિટી બોલાવવામાં આવતી નથી અને જ્યાં ગામતળ નીમ કરવાના બાકી છે એ તમામ ગ્રામ પંચાયતોમાં ઠરાવ કરીને ગામતળ નીમ કરવામાં આવે અને જ્યાં ગૌચરની જગ્યા છે અને ગામમાં ગામતળ જ નથી એવા ગામોમાં સરકાર મારફત વેચાતી જમીન લઇને લેન્ડ કમિટી બોલાવવામાં આવે.

શ્રી મનુભાઇ એમ.પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી તથા નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ વર્ષ ૨૦૨૪-૨૫નું રૂ.૩ લાખ ૩૨ હજાર કરોડનું બજેટ લઇને આવ્યા છે ત્યારે તેમને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું અને સાથો-સાથ આભાર પણ માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ઊર્જાની વાત કરવી છે. ઊર્જા રાજ્યના વિકાસ માટે સૌથી મોટું પરિબળ છે. છેલ્લાં ૧૦ વર્ષમાં દેશના વડાપ્રધાન તરીકે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે જ્યારે આખા દેશમાં પદભાર સંભાળ્યો ત્યારે એમણે સૌથી પહેલી ચિંતા ઊર્જાની કરી. એનું કારણ એ હતું કે આખો દેશ ઊર્જાવાન બનશે ત્યારે સાચા અર્થમાં આખા દેશનો વિકાસ થશે. વર્ષ ૨૦૦૨માં આપણા તત્કાલિન મુખ્યમંત્રી તરીકે આજના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જ્યારે પદભાર સંભાળ્યો ત્યારે એમણે એક વાત કરી હતી કે, ''ગુજરાતને મૉડેલ બનાવવું હશે, ગુજરાતને મજબૂત બનાવવું હશે તો સૌથી પહેલા ઊર્જા ક્ષેત્રે આગળ વધવું પડશે અને એમણે એ વખતે ગુજરાતના ખેડૂતો માટે, ગુજરાતના ઉદ્યોગો માટે, ગુજરાતના રહેઠાણો માટે વીજ ક્ષેત્રે સૌથી મોટી પહેલ કરી હતી. સોલાર રૂફ ટૉપના વિશાળ કામના ઝડપી અમલીકરણ માટેની યોજનાની જાહેરાત કરવામાં આવી ત્યારે સોલાર રૂફ ટૉપ સ્થાપિત કરવામાં ગુજરાત ભારતમાં પ્રથમ નંબરે હતું. તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દેશમાં કુલ ૧૧૦૭૮.૯૫ મેગા વૉટ ક્ષમતાની સોલાર રૂફ ટૉપ સિસ્ટમ સ્થાપિત થયેલ હતી. તે પૈકી ગુજરાતમાં ૩૨૫૫.૩૧ મેગા વૉટ ક્ષમતાની સોલાર સિસ્ટમ સ્થાપિત થયેલ છે. એટલે કે દેશ ભરમાં સ્થાપિત થયેલ કુલ ક્ષમતાના ૨૯.૩૮ ટકા ક્ષમતા સાથે ગુજરાત દેશમાં પ્રથમ નંબરે છે. મારે વર્ષ ૧૯૯૫ પહેલાંના ગુજરાતની વાત કરવી છે. વિપક્ષમાં બેઠેલાં ઘણા સાથી મિત્રો ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરતાં હોય છે. મારે એમને યાદ કરાવવું છે કે વર્ષ ૧૯૮૫ થી ૧૯૯૫માં ગુજરાત ઊર્જા ક્ષેત્રે ક્યાં હતું? ગુજરાતનો ઉદ્યોગકાર દસ-દસ વર્ષ સુધી વીજળી માટે વલખાં મારતો હતો. દસ-દસ વર્ષ સુધી આપણો ખેડૂત પોતાના ખેતરમાં કૂવા ઉપર મોટરના વીજ કનેક્શન માટે વલખાં મારતો હતો. હું પણ ઉદ્યોગ જગતમાંથી આવું છે એટલે મને ખ્યાલ છે કે તે વખતે વર્ષ ૧૯૮૫, ૧૯૮૭, ૧૯૯૦, ૧૯૯૧, ૧૯૯૨ અને ૧૯૯૫માં સૂરત અને અમદાવાદ જેવાં શહેરોમાં ઉદ્યોગ સ્થાપિત કરવો હોય, નાના મોટા ધંધાને કોઇ ઓપ આપવો હોય તો તેના માટે વીજ કનેક્શનની જરૂર પડતી હતી. આ વીજ કનેક્શન માટે જ્યારે ઊર્જા વિભાગમાં જઇને અરજી કરતાં ત્યારે ઊર્જાના તે વખતના કર્મચારીઓ આપણને જવાબ આપતાં હતાં કે ''છ વર્ષ પછી તમે આવજો ત્યારે અમે તમને જાણ કરીશું કે તમને તમારું કનેક્શન ક્યારે મળે છે.'' તે દિવસો ગુજરાતની જનતાએ જોયા છે અને એટલા જ માટે વર્ષ ૨૦૦૨થી આ ઊર્જા ક્ષેત્રે સૌથી મોટું આમૂલ પરિવર્તન કોઇ લાવ્યું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકાર લાવી છે. આપણા તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ ભારત દેશમાં ગુજરાતને એક વિકસિત મૉડલ બનાવવાનું સપનું જોયું હતું ત્યારે તેમણે આ પાયાની જરૂરિયાત માટે સૌથી પહેલું કામ ઊર્જા ક્ષેત્રનું કર્યું હતું.

શ્રી રાજેશકુમાર મ. ઝાલા(કપડવંજ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે પાણી, પુરવઠા હેઠળ રાજ્યમાં કુલ ૧૯,૫૦૦ મીની પાઇપલાઇન યોજનાઓ પૂર્ણ કરી. જે પૈકી ૧૭,૫૦૦ યોજનાઓ આદિવાસી વિસ્તારમાં કરવામાં આવી છે. પીવાના પાણી માટે કુલ ૨૯૦ લાખ જેટલા હેન્ડ પમ્પો કરવામાં આવ્યા જે પૈકી ૨૧૬ લાખ આદિવાસી વિસ્તારમાં કરવામાં આવ્યા છે. છેલ્લા એક વર્ષમાં રૂ.૧૧૦ કરોડની ૮૩૯ ગામોને આવરી લેતી વિકાસની ૨૦ યોજનાઓ રાજ્ય સરકાર દ્વારા પૂર્ણ કરવામાં આવી છે.

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( ચોથો અને છેલ્લો દિવસ )

તાજેતરમાં ચાલુ વર્ષે સરકારશ્રી દ્વારા ગામડાઓ માટે સિંચાઇની સુવિધા પૂરી પાડવા માટે ખેડા જિલ્લાના કપડવંજ, કઠલાલ, ગળતેશ્વર તાલુકાના ૮૩ ગામો, મહીસાગર જિલ્લાના બાલાસિનોર, લુણાવાડા અને વિરપુર તાલુકાના ૮૦ ગામો અને અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ૬ ગામો કળી કુલ ૧૬૯ ગામોને પ્રથમ તબક્કે રૂ.૮૫૨ કરોડ અને બીજા તબક્કામાં રૂ.૨૫૫.૭૦ કરોડ મળી કુલ રૂ.૧૧૦૭.૭૦ કરોડના અંદાજો સામે રૂ.૮૫૨ કરોડની મંજૂરી આપવામાં આવેલ છે. સરકારશ્રી દ્વારા આ વિસ્તારના ખેડૂતોની ચિંતા કરીને આટલું મોટું બજેટ અમારા વિસ્તારમાં ફાળવવામાં આવ્યું છે ત્યારે હું રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી અને માનનીય પાણી પુરવઠામંત્રીશ્રીનો હ્દયપૂર્વક આભાર માનું છું. કારણ કે, અમારા વિસ્તાર કઠલાલ, કપડવંજ, બાલાસિનોર અને ગલતેશ્વરના ખેડૂતોને સિંચાઇનો ખૂબ મોટો પ્રશ્ન હતો. અગાઉની સરકારમાં અવારનવાર રજૂઆતો કરવા છતાં પણ વાત ધ્યાને લેવામાં આવતી ન હતી. પરંતુ, આ રામરાજ્યમાં ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ થયું છે ત્યારે હું સરકારને અભિનંદન આપું છું. રાજ્યમાં પાણીની ગુણવત્તાની ચકાસણી માટે એક સ્ટેટ લૅબૉરેટરી જિલ્લાકક્ષાની ૩૩ અને તાલુકા કક્ષાની ૪૬ લૅબૉરેટરી કાર્યરત છે. દરવર્ષે ચાર લાખથી વધુ પાણીના નમૂનાઓનું ટેસ્ટિંગ કરવામાં આવે છે. ગત એક વર્ષમાં રૂ. ૯૭૦/– કરોડની ૧૯ યોજનાઓમાં ૫૦ લાખ જૂથ યોજનાઓનો લાભ મળશે અને આ કામોનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવેલ છે. ૧૧ યોજનાઓના ૮૨૩ ગામોના ૪૦ લાખ લોકોને ૪૦૦ એમ.એલ.ડી. પાણી જૂથ યોજના સ્વરૂપે ઉપલબ્ધ બનતાં જળ સલામતી સુરક્ષિત બનશે. અનુસૂચિત જાતિના વિસ્તારોમાં આંતરિક પાણી પુરવઠાને વેગ આપવા માટે અનુસૂચિત જાતિના ૪૦ ટકા કે ૨૫૦ વ્યક્તિથી વધુ વસ્તી ધરાવતા ગામો માટે ૧૦ ટકા લોકફાળો પણ માફ કરેલ છે. નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની પીવાના પાણીની કામગીરીની સિદ્ધિઓ જોવા જઇએ તો, રાજ્ય સરકારે ગ્રામીણ અને શહેરી વિસ્તાર માટે પીવાના પાણી માટે અથાગ પ્રયત્નો કર્યા છે. માત્ર ભૂગર્ભ જળ પર આધારિત ન રહેતાં, સરદાર સરોવર કેનાલ તેમજ પાણીના અન્ય સોર્સ આધારિત પાણી પુરવઠા યોજનાઓ માટે ૩૨૦૦ કિલોમીટરની મુખ્ય પાઇપલાઇનનું વિશાળ નેટવર્ક ઊભું કર્યું છે. સમગ્ર દેશમાં સૌ પ્રથમ એવી રાજ્યવ્યાપી પાણીપુરવઠા યોજના દ્વારા ૧૪,૯૨૬ ગામો અને ૨૪૧ શહેરી વિસ્તારોને પીવાના પાણીની સુવિધા પૂરી પાડવામાં રાજ્ય સરકાર સફળ રહી છે ત્યારે હું રાજ્ય સરકારને અભિનંદન આપું છું.

શ્રી દિનેશસિંહ રા. કુશવાહ(બાપુનગર): માનનીય અધ્યક્ષશ્રી, આજરોજ અંદાજપત્રની ચર્ચાના ચોથા અને છેલ્લા દિવસે આપે મને અંદાજપત્ર પર બોલવાની તક આપી એ બદલ હું આપનો આભાર માનું છું. હું સૌ પ્રથમ આપણા મૃદુ અને મક્કમ એવા આપણા કેપ્ટન માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રદાદા અને ઓછું બોલીને વધારે બજેટ આપનારા માનનીય શ્રી કનુભાઇ દેસાઇને આ પ્રજા વતી ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ, તો ઘણાં બધાં રાજ્યોમાં બજેટ પેશ થતા હોય છે. હું ગર્વ સાથે કહું છું કે, ગુજરાતનું બજેટ એ ગુજરાત ફર્સ્ટ નંબર ઉપર રહે એવું સારામાં સારું બજેટ છે. મારો શ્રમ અને રોજગારનો વિષય છે. હું બાપુનગર વિસ્તારમાંથી આવું છું. આ વિસ્તાર માન્ચેસ્ટર કહેવાતો હતો. જે–તે વખતે આ વિસ્તારમાં મિલો ખૂબ સારી ચાલતી હતી. આ બધી જ મિલો આજે બંધ છે. જૂના સમયમાં શ્રમિકો દ્વારા સારું કામ ન થવાથી આ બધી જ મિલો બંધ થઇ ગઇ. આ વિસ્તાર ચારેબાજુ મિલોથી ઘેરાયેલો વિસ્તાર છે. આજે નવી વ્યવસ્થા અને નવા વિચારો સાથે શ્રમિકોના કલ્યાણ માટેનું કામ ચાલુ થયું છે. આપણા શરીરમાં જે રીતે કરોડરજ્જુ હોય છે એવી જ રીતે આ શ્રમિકો હોય છે. શ્રમિકો વગર ધંધા–રોજગાર ચાલી શકતા નથી.આ શ્રમિકો માટે કહું તો શ્રમિકો ધંધા–રોજગારની મુખ્ય કડી છે. આપણે ભાગ્યશાળી છીએ કે, શ્રમિકો માટે આપણે ૧લી મે એટલે કે ગુજરાત રાજ્યની સ્થાપનાના દિવસે આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ તરીકે ઊજવીએ છીએ. આપણી વ્યવસ્થામાં શ્રમિકો માટે આજની જે વ્યવસ્થા છે, એ પહેલાં કયારેય જોવા મળતી ન હતી. હું મારા ત્યાં કડિયાનાકા પાસે જઉં તો શ્રમિકો માટે રૂ. ૫/–માં ખૂબ સ્વાદિષ્ટ ભોજન આપવાની વ્યવસ્થા આ સરકારે કરી છે. એવી ઘણી બધી લાભકારી યોજનાઓ આ સરકાર ચલાવે છે. જેના કારણે, બીજાં રાજ્યોમાંથી પણ શ્રમિકો ગુજરાત રાજ્ય તરફ પલાયન કરે છે અને ગુજરાત રાજ્યમાં શ્રમિકો આવીને ખૂબ સુખેથી પોતાનો જીવનનિર્વાહ કરે છે. રોજગારી માટે સૌથી મોટી કોઇ કડી હોય તો શ્રમિકો છે. હમણાં અયોધ્યામાં રામલલ્લાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠામાં અને રામલલ્લાના ભવ્ય મંદિરના નિર્માણમાં કામગીરી કરનાર શ્રમિકોનું આપણા વૈશ્વિક નેતા આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અભિવાદન કર્યું હતું. કોરોનાકાળમાં જે શ્રમિકોએ સફાઇની કામગીરી કરી હતી, એમના પગ ધોઇને સન્માન આપવામાં આવ્યું છે. આવી સરસ વ્યવસ્થાઓ થકી આજે શ્રમિકોના કલ્યાણ માટેનું કામ આપણા ત્યાં થઇ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રી શ્રમિકો માટે ખૂબ સારી યોજનાઓ લાવી છે. આ યોજનાઓમાં ડિજિટલ પેમેન્ટની વ્યવસ્થા હોય કે શ્રમિકો માટે કોઇપણ કામ કરવાની વ્યવસ્થા હોય એમાં સરકાર ખૂબ મદદરૂપ થાય છે. શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિભાગમાં આ વખતે રૂ. ૨૬૫૯ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. શ્રમિકોને ખૂબ સારી મદદ મળી શકે એ માટે બજેટમાં આટલી સારી રકમ ફાળવવામાં આવી છે. રાજ્યમાં શ્રમિક સહાય કોલ સેન્ટર પણ ખોલવામાં આવ્યું છે. ૧૫૧૫૫૩૭૨ નંબર ઉપર કોઇપણ શ્રમિક એની તકલીફ જણાવી મદદ લઇ શકે છે. આઇ.ટી.આઇ.માં શ્રમિકોને ખૂબ સારું શિક્ષણ મળી રહે અને શિક્ષણ મેળવી સારા શ્રમિક તરીકે કામ કરી શકે એવા ઉમદા હેતુથી આઇ.ટી.આઇ.ની યોજના કરી છે. આઇ.ટી.આઇ.ના બાંધકામ માટે ખૂબ સારું બજેટ ફાળવવામાં આવ્યું છે. આવી સારી યોજનાઓ થકી શ્રમિકોના ઉદ્ધાર માટે ભારતીય જનતા

પાર્ટીની સરકાર ખૂબ કામગીરી કરી રહી છે. શ્રમિકો અને કારીગરોના આરાધ્ય દેવ એવા ભગવાન શ્રી વિશ્વકર્માની જયંતિ નિમિત્તે શિલ્પકારો અને નાના શ્રમિકો માટેની ' વિશ્વકર્મા યોજના' માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે એમના જન્મદિવસ તારીખ ૧૭મી સપ્ટેમ્બરે અમલમાં મૂકી છે. આ વિશ્વકર્મા યોજનામાં નાની રોજગારી પ્રાપ્ત કરતો શિલ્પકાર હોય કે હસ્તકાર એ બધાનો સમાવેશ કરવામાં આવે છે. અસંગઠિત ક્ષેત્રના લોકોને આમાં સહાય મળી શકે અને આ કામ ખૂબ સારી રીતે ચાલી શકે એ માટે ' વિશ્વકર્મા યોજના' આપણા વૈશ્વિક નેતાશ્રી નરેન્દ્રભાઇ મોદી લાવ્યા છે જેથી કરીને શ્રમિકોને ખૂબ લાભ મળી શકે. આમાં સ્ટાઇપેન્ડ તરીકે રૂ.૫૦૦/– આપવામાં આવે છે અને દરેક શ્રમિકોને આમાં સહાય આપવામાં આવે છે. શ્રમિક પોતાની કલા–કારીગરીથી બીજા લોકોને પણ રોજગારી આપી શકે એવી સરસ વ્યવસ્થા માટે આ યોજનાનું હમણાં જ લૉન્ચિંગ થયું છે. આ યોજનામાં ખૂબ રકમ ફાળવવામાં આવી છે. આ રકમના કારણે શ્રમિકોના કલ્યાણ માટેનું ખૂબ કામ થઇ શકે એવી વ્યવસ્થા માનનીય નરેન્દ્રભાઇ મોદીએ કરી છે. માનનીય નરેન્દ્રભાઇ મોદી કોઇપણ વ્યવસ્થા કરતા હોય એમાં પ્રથમ મહિલાઓ વિશે વિચાર કરતા હોય છે. અત્યારે ડેટાનો જમાનો છે. એટલે આપણે ડેટા ભેગો કરી ઇ–શ્રમ કાર્ડની યોજના લાવ્યા છીએ. અત્યારે ઇ–શ્રમ કાર્ડમાં જે આંકડા આવે છે એમાં મહિલાઓની ખૂબ મોટી સંખ્યા છે. જે મહિલાઓ નાનાં–નાનાં ક્ષેત્રે કામ કરતી હોય એમને ખૂબ સારી રોજગારી મળી શકે તે હેતુથી ઇ–શ્રમ કાર્ડની યોજનાથી જે લોકો છૂટક રોજગારી મેળવતાં હોય એમનો ડેટા ભેગો કરી, એમનું કામ કરવા માટે આ સરકાર કામગીરી કરી રહી છે. માનનીય મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું.

શ્રી રાકેશ ગુ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો નવસારીની વર્ષો જૂની માગણી અને લાગણી સ્વીકારીને મહા નગરપાલિકાની ભેટ આપવા બદલ નવસારીની જનતા વતી એક લોક પ્રતિનિધિ તરીકે માનનીય નાણામંત્રીશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી તથા નવસારીના સાંસદ અને પાર્ટીના પ્રમુખશ્રી સી.આર. પાટિલજીનો દિલથી આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે હું અંદાજપત્ર પર વાહન વ્યવહારના વિષય પર મારા વિચારો રજૂ કરું છું. જરા યાદ કરો એ ભૂતકાળના દિવસો. વાહન વ્યવહાર નિગમમાં એસ.ટી. ડેપો પર જનતા, મુસાફરો, ગામડામાંથી શહેરમાં ભણવા માટે અપડાઉન કરતા વિદ્યાર્થીઓ અને નોકરિયાતોથી ઉભરાતી ભીડ, કિડિયારું અને ધક્કામૂક્કીનું વાતાવરણ. આ પરિસ્થિતિ શાને કારણે હતી? ખખડધજ એસ.ટી. બસો અને એ એસ.ટી. બસોની છત પર પણ બેસવાની જગ્યા નહીં મળે એવી ગામડે જતી બસો, રસ્તાની અધવચ્ચે ખરાબ ટાયરોના લીધે પંચર પડેલી બસો અને મેઇન્ટેનન્સ વગરની રસ્તે ખોટકાયેલી બસો. સ્પેરપાર્ટસ અને ટાયરોનો પુરવઠો નહીં મળવાના કારણે, હું ફરીથી કહું છું કે સ્પેરપાર્ટસ અને ટાયરોનો પુરવઠો નહીં મળવાના કારણે ડેપો ઉપર જેક ઉપર ઊભી રહેલી બસોનો મેળાવડો. આ દૃશ્ય ગુજરાતની પ્રજા અને મુસાફરો માટે રોજીંદુ હતું. આ ગેર વહીવટના ભૂતકાળના દૃશ્યો ગુજરાતની જનતા અને મુસાફરોના સ્મૃતિપટ પર સારી રીતે અંકિત થયેલા છે. આ પારાવાર મુશ્કેલીઓ જનતાએ વેઠેલી છે. એટલા માટે જ જનતા ભૂતકાળના એ શાસકોને માફ કરવાના મૂડમાં જરા પણ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ જૂની પરિસ્થિતિઓની સામે અત્યારે પરિવર્તનની આંધી છે. એસ.ટી. નિગમનું આધુનિકરણ આ સરકારમાં થયું છે. આધુનિક બસો, પેસેન્જરો અને મુસાફરોની સંખ્યાને ધ્યાનમાં રાખીને સીટોની કેપેસિટી પ્રમાણે વિવિધતા ધરાવતી બસો, વોલ્વો સ્લીપર બસો, ઇલેક્ટ્રિક બસો અને ગેસથી ચાલતી બસો એ પ્રજાની સેવા માટે સુપેરે હાજર છે. હવે તો આપણા યુવાન અને ડાયનેમિક વાહન વ્યવહાર મંત્રીશ્રી ભવિષ્યમાં ડબલ ડેકર ઇલેક્ટ્રિક બસો પણ ગુજરાતની પ્રજાની સેવા માટે મૂકવા માટે તત્પર છે. બજેટમાં નવી બસોની ખરીદી માટે રૂ. ૭૬૮ કરોડની માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે. બસ સ્ટેશનોના આધુનિકરણ અને સ્વચ્છતા માટે બજેટમાં રૂ.૧૧૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મુસાફરો નિગમની તમામ એક્સપ્રેસ સર્વિસ બસોનું વેબસાઇટ પર અને મોબાઇલ એપ્લિકેશન દ્વારા બુકિંગ પણ કરાવી શકે છે. સાથે સાથે બસોનું જી.પી.એસ. દ્વારા કરન્ટ લોકેશન પણ મેળવી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, નિગમ દ્વારા બી.એસ.૬ નોર્મ્સના ૨૫૦૭ જેટલા નવાં વાહનો જનતાની સેવા માટે મૂકવામાં આવેલા છે. તા.૪–૧–૨૦૨૪ના રોજ મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે ગાંધીનગર ખાતેથી એકીસાથે બસો અને નવીન વાહનોનું એકીસાથે લોકાર્પણ પણ કરવામાં આવ્યું છે. પેટ્રોલ ડીઝલથી ચાલતાં વાહનોના બદલે ઇલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા માટે નવી ઇલેક્ટ્રિક વ્હીલ પોલિસી લાવીને ટુ વ્હીલર પર મહત્તમ ૨૦ હજાર, થ્રી વ્હીલર પર મહત્તમ ૫૦ હજાર અને ફોર વ્હીલર પર મહત્તમ દોઢ લાખ રૂપિયા સબસિડી આપવામાં આવે છે. માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રીના કાર્યકાળ દરમ્યાન ૬૨૭૧૮ લોકોને લાભ આપી લગભગ રૂ. ૨૫૧ કરોડની સબસિડી આ ઇલેક્ટ્રિક વાહનોના માલિકોના ખાતામાં સીધા જમા કરવામાં આવ્યા છે. મોટર વાહન ખાતા દ્વારા ૩૫ અતિ આધુનિક ઇન્ટરસેપ્ટર વાહન ખરીદવા માટે રાજયની ચેકપોસ્ટ પર આધુનિક સિસ્ટમથી કામગીરી થાય છે. ૨૫ આર.ટી.ઓ. અને એ.આર.ટી.ઓ. કચેરીનું કુલ રૂ. ૧૨૧૧ લાખના ખર્ચે આધુનિકરણ કરવામાં આવ્યું છે. ઇ–ઓક્શનથી વાહનોના પસંદગી નંબર ફાળવણી થકી આશરે ૧૬ લાખ અરજદારોએ પસંદગીના નંબર મેળવેલા છે અને જેમાંથી સરકારને સન ૨૦૧૭થી અત્યાર સુધીમાં રૂ.૫૬૭ કરોડની આવક થવા પામી છે. ગત વર્ષે પણ આ એકજ વર્ષમાં આ નંબર ફાળવણી થકી રૂ.૧૨૦ કરોડની સરકારને આવક થઇ છે. રોડ સેફટી કાઉન્સિલની કામગીરીને કારણે સન ૨૦૧૨ની સરખામણીએ સન ૨૦૨૨માં અકસ્માત અને મૃત્યુની સંખ્યામાં પણ આપણે ઘટાડો કરી શકયા છીએ. બીજી

અગત્યની વાત ઘાયલ વ્યકિતને ગોલ્ડન અવરમાં હોસ્પિટલ પહોંચાડવાનું જે કોઇ વ્યકિત કામ કરે એને ગુડ ગવર્નન્સનો એવોર્ડ આપી ૩૦ લાભાર્થીનું સન્માન પણ આ સરકારે કર્યું છે. આ નાનીસૂની પહેલ નથી. રસ્તે રઝળતા, એક્સિડંટ પામેલ વ્યકિતને માટે લોકોમાં હિંમત આવે, પ્રેરણા મળે એના માટે વાહન વ્યવહાર મંત્રીએ આ પણ એક સુવિધા ઊભી કરી છે. વાહન વ્યવહાર નિગમ મોટર વાહન ખાતા, રોડ સેફ્ટી ઓથોરિટીની વાત હોય દરેક વિભાગની પ્રગતિ, આધુનિકરણ માટે વાહન વ્યવહાર મંત્રીશ્રી, નાણા મંત્રીશ્રી, મુખ્ય મંત્રીશ્રી, ભા.જ.પ. સરકારને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. આ બજેટને હું ટેકો આપું છું.

**માનનીય સભાપતિશ્રીની જાહેરાત**

**હાથશાળ અને હસ્તકલાના કારીગરોના ઉત્પાદનનું પ્રદર્શન અને વેચાણ અંગે**

સભાપતિશ્રી: મારે એક જાહેરાત કરવી છે. વિધાનસભા સંકુલના પ્રાંગણમાં હાથશાળ અને હસ્તકલાના કારીગરોના ઉત્પાદનનું પ્રદર્શન અને વેચાણ ગઇકાલથી પાંચ દિવસ માટે શરૂ કરેલ છે. આત્મનિર્ભર ભારતના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના સંકલ્પ અને ''વોકલ ફોર લોકલ'' અને ''લોકલ ફોર ગ્લોબલ''ના સંકલ્પને અનુસરીને આપણા રાજયના હાથશાળ અને હસ્તકલાના કારીગરોને પ્રોત્સાહિત કરવા સારું વિરામના સમયમાં ગૃહના તમામ સભ્યશ્રીઓ આ પ્રદર્શનની મુલાકાત લે એ ઇચ્છનીય છે અને ખાસ કરીને મહિલા ધારાસભ્યશ્રીઓ પણ વોકલ ફોર લોકલને પ્રાધાન્ય આપે એના માટે કરીને વિશેષ જાય.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારનું વર્ષ ૨૦૨૪-૨૫નું અત્યાર સુધીનું સૌથી મોટું અંદાજપત્ર આ સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરેલ છે જેના ઉપર લોકશાહીના આ મંદિરમાં માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો અને સૂચનો રજૂ કરેલ છે. આ તમામ સભ્યોનો સામાન્ય ચર્ચામાં ભાગ લેવા બદલ હું હૃદયપૂર્વક આભાર વ્યકત કરું છું. (સૂત્રોચ્ચાર)

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નિયમો મુજબ કોઇપણ સભ્ય પોતાના સ્થાન ઉપર બેસીને જ કોઇ કોમેન્ટ કરી શકે, કોઇ વાત કરી શકે. અહીંયા માનનીય સભ્યશ્રી હર્ષભાઇ સંઘવી જેઓ પોતાની સીટ ઉપર નથી અને બીજી સીટ ઉપર બેસીને સૂત્રોચ્ચાર કરે તો હું માનું છું કે...

સભાપતિશ્રી : એમણે સૂત્રોચ્ચાર કર્યા નથી. (સતત સૂત્રોચ્ચાર)

શ્રી અમિત ચાવડા : આપ એમને કહો.

સભાપતિશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ આપની જગ્યા ઉપર આવો. (સતત સૂત્રોચાર )

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અમિતભાઇ દ્વારા જે વિષયની વાત થઇ, સૂત્રોચ્ચાર અને ભગવાનશ્રી રામચંદ્રજીનું નામ એ બેની વચ્ચે ખૂબ મોટો તફાવત છે. ભગવાનના નામ સાથે સૂત્રોચ્ચારને જોડવા એ જરા પણ યોગ્ય નથી અને મારા હિસાબે દરેક વિષયની અંદર રાજનીતિ કરવી એ પણ યોગ્ય નથી. હું સમજી શકું છું... સતત સૂત્રોચ્ચાર... હું સો ટકા સમજી શકું છું કે ભગવાનશ્રી રામચંદ્રજીનું નામ સાંભળીને કેટલા લોકોને કયારેક કયારેક *(xxx) પરંતુ આ તો હવે સહન કરવું જ પડશે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, અમારું આ બજેટ અમૃતકાળમાં વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણમાં વિકસિત ગુજરાત ૨૦૪૭નું વિઝન રજૂ કરતું બજેટ છે. ગત વર્ષના બજેટમાં અમે વિકાસની પરિકલ્પનાના ૫ સ્તંભોની અવધારણા કરી હતી તેને મૂળમાં રાખીને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અમારી સરકાર, ગરવી ગુજરાત, ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગ્લોબલ ગુજરાત અને ગતિશીલ ગુજરાત બનાવવાની કટિબદ્ધતાને દર્શાવતું બજેટ લઇને આ ગૃહ સમક્ષ આવ્યો છું. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદીની દૂરંદેશી અને વિકાસની રાજનીતિને કારણે પાછલા બે દશકમાં દરેક ક્ષેત્રમાં ગુજરાતે અભૂતપૂર્વ વિકાસ કરી દેશ જ નહીં પણ વિશ્વમાં આગવું સ્થાન ઊભું કરેલ છે. આજે ગ્લોબલ સપ્લાય ચેઇનમાં અને નિકાસમાં ગુજરાતે હરણફાળ ભરી છે. ન્યૂ એજ ઇન્ડસ્ટ્રીઝમાં પણ ગુજરાત અગ્રહરોળમાં રહીને વૈશ્વિક કક્ષાની સસ્ટેનેબલ ઇકો સિસ્ટમ ઊભી કરશે એવો અમારી સરકારનો નિર્ધાર છે. વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની શરૂઆત કરીને માનનીય વડાપ્રધાનશ્રી મોદીજીએ ગુજરાતને ઔદ્યોગિક ક્ષેત્રે વિશ્વ કક્ષાનું વિકાસનું મોડલ બનાવ્યું. આજે દેશના અન્ય રાજ્યો પણ આ પ્રકારની ઇન્વેસ્ટર સમિટના આયોજન કરવા લાગ્યા છે. હમણાં જ પૂર્ણ થયેલ ૧૦મી વાઇબ્રન્ટ સમિટમાં કરોડોના એમ.ઓ.યુ. થયા છે અને આ સમિટમાં ખાસ કરીને રીન્યુએબલ એનર્જીના ઉત્પાદન ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો. આ માટે અંદાજે રૂ.૧૨ લાખ કરોડના એમ.ઓ.યુ. થયા છે જે આપણા ગ્રીન ગુજરાત માટે સૌથી મહત્ત્વના છે. આ સમિટમાં ૧૪૦થી વધુ દેશોના ૬૧ હજારથી વધુ પ્રતિનિધિઓ, ૭૦થી વધુ દેશોના રાજદૂતો, ૩૫૯૦ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ અને ૩૫ પાર્ટનર દેશો જોડાયા હતા. ૧૫૦ સેમિનાર અને કાર્યક્રમો તથા ૨૮૬૨ બી. ટુ બી. મિટિંગો અને ૧૩૬૫ બી. ટુ જી. મિટિંગોનું આયોજન કરવામાં આવ્યું હતું. અમારી સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સામાજિક ક્ષેત્ર માટે કુલ બજેટના ૩૫ ટકા જોગવાઇ કરી છે. આ બજેટમાં ભવિષ્યની તંદુરસ્ત પેઢીના નિર્માણ માટે નવજાત શિશુઓ,

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બાળકો, કિશોરીઓ અને મહિલાઓના પોષણ પર વિશેષ ભાર મૂકી સુપોષિત ગુજરાત મિશનની જાહેરાત કરી છે. અમે આંગણવાડી ૨.૦૧ પી.એમ.પોષણ યોજનાનો વ્યાપ વધારવા જેવા અન્ય પગલાં લીધેલાં છે. પી.એમ. પોષણ યોજના અંતર્ગત ૫૨ લાખ વિદ્યાર્થીઓને બપોરે તાજુ અને ગરમ ભોજન આપવામાં આવે છે. હાલની ટેક હોમ રાશન યોજના, પૂર્ણા યોજના, માતૃશક્તિ યોજના, પૂરક પોષણ યોજના, પોષણ સુધા યોજના, દૂધ સંજીવની યોજના અને અન્ન સંગમ જેવી યોજનાઓ માટે વિશેષ બજેટ જોગવાઇ કરી છે. તેમજ નવી 'નમોશ્રી' યોજનાની અમે જાહેરાત કરી છે. ગુજરાત દેશનું એક માત્ર રાજ્ય છે જેમાં દૂધ સંજીવની યોજના અંતર્ગત રોજ તાજુ ફોર્ટિફાઇડ પેશ્ચુરાઇઝ્ડ ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે. દૂધ સંજીવની યોજના અંતર્ગત ૬ વર્ષ સુધીનાં બાળકોને અઠવાડિયામાં ૫ દિવસ ૧૦૦ એમ.એલ. મિલ્ક આપવામાં આવે છે. જ્યારે સગર્ભા અને ધાત્રી માતાને અઠવાડિયામાં બે દિવસ ૨૦૦ એમ.એલ. દૂધ આપવામાં આવે છે. આ ઉપરાંત શ્રમિક વર્ગ માટે વરદાન સમાજ શ્રમિક અન્નપૂર્ણા યોજના, શિષ્યવૃત્તિની યોજનાઓ, સ્વરોજગારીની યોજનાઓ, ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના જેવી યોજનાઓ માટે વિશેષ જોગવાઇ કરવામાં આવેલ છે. આવી વિકાસલક્ષી યોજનાઓથી રાજ્યની ભાવિ પેઢીને વધુ સુખી, સમૃદ્ધ બનાવવા એટલે કે અર્નિંગ વેલ, લિવિંગ વેલનો લક્ષ્યાંક હાંસલ કરવાનો નિર્ધાર કરેલ છે. સસ્ટેનેબલ ગ્રીન ગ્રોથને હાસલ કરવા રીન્યુએબલ એનર્જીના ઉત્પાદન દ્વારા સૌર અને પવન ઊર્જા ક્ષેત્રે રાજ્ય અગ્રહરોળમાં છે. રીન્યુએબલ એનર્જી પોલિસી–૨૦૨૩ દ્વારા આ ક્ષેત્રે વિશેષ રોકાણોને આકર્ષી ભવિષ્યની ઊર્જાની જરૂરિયાતો રીન્યુએબલ એનર્જી દ્વારા મેળવવામાં આવશે. આવી સ્વચ્છ ઊર્જાના જનરેશન દ્વારા ખેડૂતોને પણ દિવસે વીજળી આપવાનું આયોજન ધરાવીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના અંદાજપત્રનું કદ દર વર્ષે ઉત્તરોત્તર વધતું જાય છે. સને ૨૦૨૩–૨૪ના વર્ષના રૂપિયા ૩ લાખ ૧ હજાર ૨૧ કરોડની બજેટ જોગવાઇ સામે વર્ષ ૨૦૨૪–૨૫ના વર્ષ માટે રૂપિયા ૩ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જે રૂપિયા ૯૦૦.૭૨ કરોડની એકંદર પૂરાંત તેમજ ૯૮૨૧.૫૮ કરોડની મહેસૂલી પૂરાંત બતાવે છે. હવે હું આવકના અંદાજોની વાત કરીશ. વર્ષ ૨૦૨૪–૨૫ માટે કુલ આવક રૂ.૩,૨૯,૩૪૭ કરોડ અંદાજવામાં આવેલ છે જેને સને ૨૦૨૩–૨૪ માટે સુધારેલ અંદાજ કરતા ૧૪.૮૩ ટકા વધુ છે. કેન્દ્રીય કરમાં રાજ્યનો હિસ્સો અને કેન્દ્ર સરકાર તરફથી મળતા સહાયક અનુદાન મળી સને ૨૦૨૪–૨૫ માટે મહેસૂલી આવક રૂ.૨,૨૯,૬૫૩ કરોડ અંદાજવામાં આવેલ છે જે સને ૨૦૨૩–૨૪ના મહેસૂલી આવકના સુધારેલ અંદાજ કરતા ૬.૪૨ ટકા વધુ છે. નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ માટે રાજ્યની પોતાની કર આવક રૂ.૧,૪૯,૦૦૦ કરોડ અંદાજવામાં આવી છે. જ્યારે રાજ્યની બિન કર આવક રૂ.૧૯,૬૭૭ અંદાજવામાં આવી છે. હવે હું ખર્ચના અંદાજ રજૂ કરું છું. સને ૨૦૨૪–૨૫ના અંદાજો રૂ.૩,૩૨,૪૬૫ કરોડ અંદાજવામાં આવી છે. સને ૨૦૨૩–૨૪ના અંદાજો રૂ.૩,૦૧,૦૨૧ કરોડની સામે રૂ.૩૧,૪૪૩ કરોડનો વધારો દર્શાવે છે જે ૧૦.૪૫ ટકા વધારો સૂચવે છે અને સને ૨૦૨૩–૨૪ના સુધારેલા અંદાજો રૂ.૨,૮૮,૮૮૧ કરોડની સામે ૧૫.૯ ટકાનો વધારો દર્શાવે છે. આદરણીય સભ્યશ્રી અર્જુનભાઇએ બિન વિકાસલક્ષ ખર્ચનો ઉલ્લેખ કર્યો હતો ત્યારે એ નોંધવું જરૂરી છે કે વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન સરકારનો વિકાસલક્ષી ખર્ચ રૂ.૨,૧૨,૨૦૨ કરોડ જેટલો ઊંચો છે. બિન વિકાસલક્ષી ખર્ચ ૧,૧૫,૫૭૬ કરોડની સામે લગભગ રૂ.૯૬,૬૨૬ કરોડનો વધારો દર્શાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, તમારી ચિંતા સાચી હતી કે, સરકાર પગારે જાય અથવા તગારે જાય પણ અમારી સરકારે બધુ બેલેન્સ રાખીને બજેટ બનાવ્યું છે. વિકાસ ખર્ચમાં સમાજના જરૂરિયાતમંદ નબળા અને વંચિત વર્ગને સામાજિક સુરક્ષા પૂરી પાડી સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવો તે અમારી સરકારની પ્રાથમિકતા છે. તેમનો સામાજિક ઉત્કર્ષ થાય અને તેઓ નવી આર્થિક તકોનો લાભ લઇ શકે તેવી કલ્યાણકારી યોજનાઓના અમલ કરવામાં આવેલ છે. આ વર્ગો માટે વિવિધ યોજનાઓ માટે રૂ.૬,૧૯૩ કરોડની ફાળવણી કરી છે. રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અને રાજ્ય સરકારના નિરાધાર વૃદ્ધો માટે આર્થિક સહાય યોજના અંતર્ગત અંદાજિત ૧૧ લાખ લાભાર્થીઓને માસિક પેન્શન આપવા રૂ.૧,૩૯૮ કરોડની જોગવાઇ કરેલ છે. આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના–૨ થકી રૂ.૧,૦૦,૦૦૦ કરોડના ખર્ચ કરવા માટે અમારી સરકાર સંકલ્પબદ્ધ છે, જેના ભાગરૂપે ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ આદિવાસી વિસ્તારોમાં સ્થાનિક ધોરણે હાથ ધરવામાં આવતા કામોની જોગવાઇમાં ૧૦૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આદર્શ નિવાસી શાળાઓ, આશ્રમશાળાઓ, ઇ.એમ.આર.એસ. મળીને કુલ ૮૩૭ જેટલી શાળઓના અંદાજે ૧,૫૨,૦૦૦ વિદ્યાર્થીઓને સહાય પેટે રૂ. ૭૩૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ૨ લાખ વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ આપવા રૂ.૫૮૪ કરોડ ફાળવવામાં આવ્યાં છે. યુવાધનને રોજગારી આપવામાં ગુજરાતે દેશમાં પ્રથમ નંબરનું સ્થાન મેળવ્યું છે. તાલીમબદ્ધ યુવાનો ઉપલબ્ધ થાય, તેઓ દેશ અને વિદેશોમાં ઊભી થતી રોજગારીની નવી તકોનો લાભ લઇ શકે તે માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓનું અપગ્રેડેશન કરવા રૂ.૨૯૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આપણા ઉદ્યોગમંત્રીશ્રી બલવંતસિંહભાઇએ આ દિશામાં ઘણી રીતે સુંદર કામગીરી કરાવી રહ્યા છે. આ ઉપરાંત શ્રમિકો તેમજ તેમના પરિવારોની કાળજી રાખવા માટે બાંધકામ શ્રમિકોને કામના સ્થળે નજીક રહેવાની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા શ્રમિક બસેરા સ્થાપવા રૂ.૨૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અંદાજે ૪૦,૦૦૦ શ્રમિકોને માત્ર પાંચ રૂપિયામાં ગરમ અને તાજુ ભોજન આપી શ્રમિક અન્નપૂર્ણા યોજના માટે રૂ.૧૩૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય સભ્ય ડો. કિરીટકુમાર પટેલ હાજર નથી. સભ્યશ્રી હેમંતભાઇ આહિરે જણાવેલ કે શિક્ષણ પાછળ વધુ ખર્ચ કરવામાં

આવે એ બાબતે મારે જણાવવાનું કે શિક્ષણના સાર્વત્રિક વિકાસ માટે અમે રૂ.૫૫૧૧૪ કરોડની જોગવાઇ કરી છે. જે કુલ બજેટના ૧૬.૫ ટકા જેટલી થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓના પ્રવેશ અને શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે અમે નમો સરસ્વતિ યોજના શરૂ કરવા જઇ રહ્યા છીએ તેમજ ધોરણ–૯થી ૧૨માં અભ્યાસ કરતી અંદાજે ૧૦ લાખ દીકરીઓના પોષણ, આરોગ્ય અને શિક્ષણને વધુ પ્રોત્સાહન આપવા 'નમો લક્ષ્મી' યોજનાની જાહેરાત કરી છે. આ બંને યોજનાઓ માટે અમે રૂ.૧૬૫૦ કરોડની માતબર રકમ ફાળવી છે. વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ અને શાળાઓની કામગીરીનું રિયલ ટાઇમ મોનિટરિંગ કરવાના હેતુથી દેશનું સર્વ પ્રથમ વિદ્યા સમીક્ષા કેન્દ્ર ગુજરાતમાં શરૂ કરવામાં આવ્યું છે. રાજ્યના શૈક્ષણિક આંતરમાળખાનો વિકાસ કરવા મિશન સ્કૂલ ઓફ એકસલન્સ મારફત પ્રાથમિક અને માધ્યમિક શાળાના ઇન્ફ્રાસ્ટ્રકચર અપગ્રેડેશન માટે રૂ.૩૦૦૦ કરોડ ફાળવ્યા છે. હવે સરકારી અને અનુદાનીત માધ્યમિક શાળાઓને પણ ભૌતિક સગવડો તેમજ સ્માર્ટ કલાસરૂમથી સજ્જ કરવા રૂ. ૨૦૦૦ કરોડના ખર્ચે મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ ૨૦૧ અમલી કરવામાં આવશે. હવે અનુદાનિત સરકારી માધ્યમિક શાળામાં પણ આ એક નવો અમલ શરૂ થઇ રહ્યો છે. સમગ્ર દેશના ખૂણેખૂણેથી આરોગ્યની સેવાઓ મળે એ માટે નાગરિકો ગુજરાત રાજ્યમાં આવે છે તેનાથી એ સાબિત થાય છે કે રાજ્યનું આરોગ્યતંત્ર વિકાસની નવી ઊંચાઇઓ હાંસલ કરી રહ્યું છે. આપણા શ્રી ઋષિકેશભાઇની આગેવાની હેઠળ આજે આખા દેશમાંથી દર્દીઓ કેન્સરની સારવાર માટે અમદાવાદ ખાતે ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ સંસ્થામાં આવે છે ત્યારે તેમને અતિઆધુનિક સારવાર ઉપલબ્ધ કરાવવા સાઇક્લોટ્રોન પ્રોજેકટ અને કિમોથેરાપી કાર્યરત કરવા માટે રૂ.૬૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સગર્ભા માતા, ધાત્રી માતાઓને અને નવજાત શિશુને પોષણક્ષમ બનાવવા નમોરી યોજના અંતર્ગત એસ.ટી.,એસ.સી. અને એન.એફ.એસ.એ. પી.એમ.જે.વાય. સહિતના ૧૧ જેટલા માપદંડોમાં આવતી બહેનોને રૂ.૧૨૦૦૦ની સહાય આપવા માટે રૂ.૭૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય વડાપ્રધાનશ્રી મોદીજીની આગેવાની હેઠળ આરોગ્યક્ષેત્રે ખૂબ જ લોકપ્રિય એવી દર્દીલક્ષી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ મળતી કેશલેસ સારવારની મર્યાદા રૂ.૧૦,૦૦,૦૦૦/– સુધીની કરવામાં આવી છે. આ યોજનાનો લાભ અંદાજે ૨.૩૨ કરોડ લોકોને મળે છે જેના માટે રૂ. ૩૧૧૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. આરોગ્ય સુવિધાઓ બીનચેપી રોગ સહિત સમસ્યાઓના નિયંત્રણ હેતુ શરૂ કરેલ રૂ. ૪૨૦૦ કરોડના શિષ્ટ ગુજરાત પ્રોજેકટ અંતર્ગત રૂ.૩૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આંગણવાડીને વધુ કાર્યક્ષમ બનાવવા વર્તમાન વ્યવસ્થામાં નોંધપાત્ર ફેરફાર કરીને રૂ.૧૮૦૦ કરોડના ખર્ચે અમલી બનનાર આંગણવાડી–૨ યોજનાની અમે જાહેરાત કરી છે. જે અંતર્ગત આગામી ૩ વર્ષમાં અદ્યતન ટેકનોલોજી સાથે ૮૦૦૦ નવી આંગણવાડીઓનું નિર્માણ કરવાનું તથા ૨૦૦૦૦ આંગણવાડીને આઇ.ટી. કનેક્ટિવિટી પૂરી પાડી સ્માર્ટ આંગણવાડી બનાવવાનું આયોજન છે. ગંગા સ્વરૂપા યોજના હેઠળ વિધવા બહેનોને દર મહિને રૂ.૧૨૫૦ પેન્શન આપવા રૂ.૨૩૬૩ કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે. અન્ન સુરક્ષા પોષણ અને નાગરિક પુરવઠાની યોજનાનો લાભ વધુ લોકો સુધી પહોંચાડવા આ વર્ષે બજેટ જોગવાઇમાં ૨૫ ટકા જેટલો માતબર વધારો કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના દ્વારા રાજ્યના ૭૨ લાખ કુટુંબોને છેલ્લાં ચાર વર્ષમાં ૬૮ લાખ મેટ્રિક ટન અનાજ વિનામૂલ્યે પૂરું પાડવામાં અમારી સરકારે એક સામાજિક જવાબદારી ઉત્તમ રીતે નિભાવી છે. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના તથા રાજ્ય સરકારની પી.એન.જી. સી.એન.જી. સહાય યોજનાના અંદાજે ૩૮ લાખથી વધુ લાભાર્થીઓને ઘરગથ્થું વપરાશ માટે વર્ષમાં બે વખત વિનામૂલ્યે ગેસ સિલિન્ડર રીફિલિંગ કરી આપવા માટે રૂ.૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એન.એફ.એસ.એ. રેશન કાર્ડ ધારકોને કઠોળના વિતરણ માટે રૂ.૭૬૭ કરોડ તેમજ નેશનલ ફુડ સિક્યોરિટી એકટ હેઠળ અગ્રતા ધરાવતા ૭૨ લાખ કુટુંબોને અનાજ પૂરું પાડવા રૂ.૬૭૫ કરોડની જોગવાઇ કરેલી છે. આમ, રાજ્યના કોઇ નાગરિકને ભૂખ્યા સૂવું ન પડે તે માટે અમે સતત ચિંતિત અને કાર્યશીલ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ખેલ મહાકુંભના આયોજનથી ગુજરાતના યુવાનોને રમત ગમત ક્ષેત્રે પ્રોત્સાહિત કરવામાં સરકારને સફળતા મળી છે. ઓલિમ્પિક કક્ષાનું માળખું તેમજ રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષા સુધી રમતવીરો તૈયાર કરવા માટેનું આમારું આયોજન છે. અમારા રમત ગમત યુવા મંત્રી શ્રી હર્ષભાઇએ આમાં વિસ્તૃત રસ લઇને રમત ગમત માટે રૂ.૩૭૬ કરોડની જોગવાઇ કરી છે. વડાપ્રધાનશ્રી મોદીજીએ અલગ અલગ કાર્યક્રમો મારફતે લોકોમાં જાગૃતિ ફેલાવવા સ્વચ્છતાનો પાયો નાખ્યો છે. આપણા લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇના માર્ગદર્શન હેઠળ દરેક ગામ અને શહેરને સ્વચ્છ કરવા નિર્મળ ગુજરાત વર્ષ ૨૦૨૩ અભિયાન ઉપાડ્યું છે. સોલિડ તેમજ લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટ તથા ડોર ટુ ડોર કલેકશન તથા યોજનાકીય કામો સાથે જનભાગીદારી થકી લાંબાગાળાના આયોજનો માટે રૂ.૧૩૦૦ કરોડના બજેટમાં ધરખમ વધારો કરીને આ વર્ષે રૂ.૨૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સૌને આવાસના માનનીય વડાપ્રધાનશ્રીના સપનાંને સાકાર કરવા પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) માટે રૂ.૭૫૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આપે એકવાર કહેલું કે, પાણી એ પ્રભુનો પ્રસાદ છે. આ યુક્તિને સાર્થક કરતી, પાણીનો બચાવ કરતી ડ્રીપ અને સ્પ્રિંકલર સિસ્ટમ વસાવવા માટે ખેડૂતોને સહાય આપવા માટે રૂ.૨૫૦૦ કરોડની જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના દુરોગામી વિઝન અને માર્ગદર્શનથી અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટનો મહાત્વાકાંક્ષી પ્રોજેકટ હાથ ધરવામાં આવેલ છે. આ પ્રોજેકટના ફેસ–૩માં ગિફ્ટ સિટી સામે પાંચ

કિલોમિટર લાંબો રિવરફ્રન્ટ વિકસાવવાની કામગીરી ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. આ રિવરફ્રન્ટને અમદાવાદથી ગાંધીનગર સુધી લંબાવવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે. જેનાથી રિવરફ્રન્ટની કુલ લંબાઇ ૩૮.૨ કિલોમિટર થતાં તેની ગણતરી વિશ્વના સૌથી લાંબા અને રળિયામણા રિવરફ્રન્ટ તરીકે થશે. સુનિયોજિત શહેરી વ્યવસ્થાપન માટે નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા અને સુરેન્દ્રનગર વઢવાણને નગરપાલિકામાંથી રૂપાંતરિત કરી મહાનગરપાલિકાનો દરજ્જો આપવાની બજેટમાં જાહેરાત કરી છે. આ નિર્ણયથી આ શહેરના વિકાસને ગતિ મળશે અને નાગરિકોની સુવિધા વધશે.

માનનીય અધ્યક્ષશ્રી, રિન્યુએબલ ઊર્જા ક્ષેત્રે ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે. સૌર ઊર્જા, પવન ઊર્જા અને ઓફશોર વિન્ડ ઊર્જાની સાથે ગ્રીન હાઇડ્રોજનને વેગ આપવામાં આવશે. સોલાર રૂફટોપ સૂર્ય ગુજરાત યોજના અંતર્ગત ગ્રાહકોને સહાય આપવા માટે રૂ.૯૯૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ યોજનામાં ૮૨ ટકા સાથે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવા માટે કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત રૂ.૧૫૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અમારી સરકાર આજે જ્યોતિગ્રામ યોજના અંતર્ગત ચોવીસ કલાક વીજળી આપે છે. ખેડૂતોને વીજ કનેકશન માટે રાહ જોવી પડતી નથી. રાજ્યનો પ્રતિ વ્યક્તિ વીજ વપરાશના દેશના પ્રતિ વ્યક્તિની વીજ વપરાશ કરતાં બમણો વપરાશ કરે છે. આપણે પ્રતિ વ્યક્તિ ૨૪૦૦ યુનિટ વાપરીએ છીએ તો દેશનો પ્રતિ વ્યક્તિ વપરાશ ૧૨૦૦ યુનિટ છે. માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક વિકાસમાં આપણે અગ્રેસર છીએ ત્યારે આપણા રાજ્યના વિકાસ અને લોકોની જરૂરિયાત માટે વીજળી ખરીદવી પડે તો આપણે સૌએ તે બાબતને સમર્થન આપવું જોઇએ એવું મારું માનવું છે. જે સંપૂર્ણ રીતે નક્કી કરેલ ધારોધોરણો મુજબ જ ખરીદ કરવામાં આવે છે. રાજ્યના તમામ ગામો અને બીજા મહત્ત્વનાં સ્થળોએ ગ્રામ્ય રસ્તા અને ધોરમાર્ગને સુયોજિત નેટવર્કથી જોડવામાં આવેલ છે. આ રસ્તાઓના સુદ્દઢીકરણની કામગીરી માટે ગુણવત્તામાં સુધારો કરવાનું અમારું લક્ષ્ય છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાં અંતર્ગત કામો માટે રૂ.૫૦૦૦ કરોડની જોગવાઇ કરી છે. એટલે આ વર્ષે બધાને રસ્તા મળવાના છે. દરિયાકાંઠે આવેલ હયાત રસ્તાઓનું મજબૂતીકરણ અને અપગ્રેડેશન અને ખૂટતી કડીના રસ્તાઓ, નાના મોટા પુલના બાંધકામ તથા કોસ્ટલ હાઇ માટે રૂ.૨૪૪૦ કરોડના આયોજના અન્વયે રૂ.૨૧૬ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. સાપુતારાથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી એકતાનગરને જોડતા પ્રથમ અને બીજા તબક્કાના રસ્તાઓ માટે રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આશરે ૧૬૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનનાર પરિક્રમા પથના બાંધકામ માટે રૂપિયા ૩૧૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ભારે ટ્રાફિક ધરાવતા હાઇવેને હાઇસ્પીડ કોરીડોર તરીકે અંદાજે રૂપિયા ૩૧૦૦ કરોડના ખર્ચે વિકસાવવાનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે આમ જોઇએ તો વાહન-વ્યવહાર ખાતુ ઘણાં વર્ષોથી પાછળ હતું પરંતુ આ વર્ષે વાહન-વ્યવહારમાં રાજ્યમાં બસ આધારીત પ્રવાસનની સગવડો વધારવા માટે ૨૫૦૦ નવી બસો ખરીદવા માટે રૂપિયા ૭૬૮ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. પ્રદૂષણ તેમજ રોડ ટ્રાફિકને ઓછું કરવા ઇ-વ્હીકલ ખરીદનારને સબસિડી આપવા રૂપિયા ૨૧૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજ પત્રમાં ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ રૂ. ૨૨,૧૯૪ કરોડની જોગવાઇ કરેલ છે. કૃષિ અને સંલગ્ન ક્ષેત્રના અવિરત વિકાસથકી ગુજરાતે સમગ્ર દેશમાં આગવી ઓળખ ઊભી કરી છે. ટ્રેક્ટર તેમજ કૃષિ યંત્રીકરણ અને વિવિધ ખેત ઓજારોની ખરીદી માટે રૂપિયા ૭૦૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ગુજરાત પ્રાકૃત્તિક કૃષિ વિકાસ બોર્ડ તથા પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવાની વિવિધ યોજનાઓ માટે કુલ રૂ. ૧૬૮ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ હેઠળ બાગાયતી પાકોના વાવેતર વિવિધ ખેત કાર્યો તેમજ પાક સંરક્ષણ માટે રૂપિયા ૨૯૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. કૃષિ સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને સઘન બનાવવાના હેતુથી મોરબી અને કચ્છ ખાતે નવા કૃષિ મહાવિદ્યાલયો તથા ખેડબ્રહ્મા ખાતે કૃષિ ઇજનેરી મહાવિદ્યાલય ચાલુ કરવામાં આવશે. કૃષિ યુનિવર્સિટીની માળખાકીય વ્યવસ્થા, વહીવટ અને સંશોધન માટે રૂપિયા ૯૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત રૂપિયા ૧૨૫ કરોડ ફાળવવામાં આવ્યા છે. ખેડૂતોને વિના વ્યાજે ધિરાણ આપવા અમારી ખેડૂત હિતલક્ષી સરકારે રૂપિયા ૧૧૪૦ કરોડની જોગવાઇ બજેટમાં કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી ડબલ એન્જિનની સરકારની નીતિઓના કારણે ગુજરાતે જી.એસ.ડી.પી.માં ૧૪.૮૯ ટકા વિકાસદર હાંસલ કર્યો છે. આજે દેશના જી.ડી.પી.માં રાજયનો ફાળો ૮.૨ ટકા જેટલો છે. આપણું રાજય ઓટો હબ તરીકે જાણીતું છે, હવે સેમીકન્ડક્ટ ક્ષેત્રમાં પણ આગળ વધવા રૂપિયા ૯૨૪ કરોડની જોગવાઇ કરી છે. ટેક્સટાઇલ્સ નીતિ હેઠળ ટેક્સટાઇલ્સ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા રૂપિયા ૧૬૦૦ કરોડની તેમજ સૂક્ષ્મ-લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોને આત્મનિર્ભર ગુજરાત નીતિ અંતર્ગત પ્રોત્સાહન આપવા રૂપિયા ૧૫૫૦ કરોડની જોગવાઇ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગ માટેની જોગવાઇમાં ઉલ્લેખ કરીએ ત્યારે સન્માનનીય ગૃહને હું જણાવવા માગીશ કે, રાજયના દરેક ખૂણે વસતો નાગરિક સંપૂર્ણ સલામત રહે એવી અમારી સરકારની નેમ છે. રાજય પોલીસ બળને વધુ સક્ષમ બનાવવા માટે પોલીસ બળના મહેકમમાં વધારો કરવાની સાથો સાથ ટેકનોલોજીના માધ્યમથી સજ્જ અને સ્માર્ટ પોલીસ બળ બનાવવાનું અમારું લક્ષ્ય છે જેના ભાગરૂપે વિશ્વાસ પ્રોજેકટ, જનરક્ષક વાહન, ગ્રામીણ સુરક્ષા કવચ, સાઇબર ક્રાઇમ, ત્રિશૂલ યોજના વગેરે માટે રૂપિયા ૧૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માઘ ૨૪,૧૯૪૫ શાકે

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( ચોથો અને છેલ્લો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી વધુ અગત્યની યોજના જનરક્ષક યોજના અંતર્ગત પેકેજ નં.૧૧૨ ઉપર પોલીસ, ફાયરબ્રિગેડ અને બીજી ઇમરજન્સી સેવા ઉપલબ્ધ થાય તે માટેની વ્યવસ્થા ચાલુ કરવાનો અમે નિર્ણય કર્યો છે એક જ નંબર ડાયલ થવાથી શહેરી વિસ્તારમાં ૧૦ મિનિટ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩૦ મિનિટમાં પોલીસ ઘટના સ્થળે પહોંચે તે મુજબની વ્યવસ્થા કરવામાં આવશે. આ માટે ૧૧૦૦ જનરક્ષક વાહનોનું માળખું ગોઠવવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, વિરોધ પક્ષના મારા સાથી મિત્રો રાજયના દેવા માટે ઘણાં ચિંતિત હતા અને ઘણા પ્રશ્નો ઊભા કર્યા આ બાબતે હું ગૃહના ધ્યાને મૂકવા માગું છું કે, જાહેર દેવું એ કોઇ પણ સરકાર કે સંસ્થા માટે નાણાકીય સંશાધનનું સ્વીકાર્ય અને માન્ય સાધન છે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ સરકાર રાજય અને નાગરિકોના લાભદાયી વિકાસ માટે મૂડી ખર્ચ કરવા માગતી હોય અને વિકાસની ગતિને વધુ વેગવંતી બનાવવા માગતી હોય તો સરકારે મહેસૂલી આવક ઉપરાંત દેવાની આવક પણ ઊભી કરવી જરૂરી બને છે. અને દેવાકીય જવાબદારીઓ મર્યાદિત રહે અને વ્યાજનો ખર્ચ પણ મહેસૂલી આવકના પ્રમાણમાં સીમિત રહે તે માટે ગુજરાત સરકારે સ્વયં શિસ્તના અનેક પગલાંઓ લીધાં છે. વર્ષ–૨૦૦૫માં ગુજરાત નાણાકીય જવાબદારી અધિનિયમને રાજય સરકારે અમલમાં મૂકેલ છે. જે અન્વયે રાજય સરકારના ઘરગથ્થું ઉત્પાદનના પ્રમાણમાં જાહેર દેવું ૨૭.૧ ટકાથી નીચે હોવું જોઇએ. રાજયના જાહેર દેવાના પ્રમાણમાં ઉત્તરોત્તર ઘટાડો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪માં સુધારેલા અંદાજમાં ૧૫.૩૪ ટકા તેમજ નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ના અંદાજોમાં ૧૫.૨૭ ટકા સૂચવવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, વ્યાજનો ખર્ચ મહેસૂલી આવકના પ્રમાણમાં ૨૦ ટકાથી અંદર હોવો જોઇએ તે તેરમા નાણાપંચની ભલામણ છે. ગુજરાત વર્ષ ૨૦૦૪–૦૫માં મહેસૂલી આવકના પ્રમાણમાં વ્યાજનો ખર્ચ ૨૬.૮૨ ટકા હતો તેમાં રાજય સરકાર કુશળ નાણાકીય વ્યવસ્થાપન દ્વારા ઘટાડો લાવી શકેલ છે. હાલ ૨૦૨૩–૨૪ના સુધારેલા અંદાજમાં આ ઘટીને ૧૧.૬૮ ટકા થયો છે તેમજ વર્ષ ૨૦૨૪–૨૫માં મહેસૂલી આવકના પ્રમાણમાં વ્યાજનો ખર્ચ ૧૧.૮૦ ટકા સુધી સીમિત રાખવાનો મારો અંદાજ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાણાકીય વ્યવસ્થાપનમાં જાહેર દેવું તેમજ વ્યાજના ખર્ચમાં ઉત્તરોત્તર પ્રમાણસર ઘટાડો થતો હોવાથી રાજય સરકારે છેલ્લાં પાંચ વર્ષથી પૂરતાં પ્રમાણમાં મહેસૂલી પુરાંત ટકાવી રાખેલ છે. વર્ષ ૨૦૨૨–૨૩માં કુલ રૂપિયા ૧૯,૮૬૫ કરોડની મહેસૂલી પુરાંત હતી અને વર્ષ ૨૦૨૩–૨૪માં સુધારેલા અંદાજોમાં છેલ્લે રૂ.૧૮,૬૧૮ કરોડ મહેસૂલી પુરાંતનું પ્રમાણ સૂચવ્યું છે. આમ, વધતી મહેસૂલ પુરાંતના કારણે રાજય સરકારે દર વર્ષે અંદાજિત રકમ કરતા ઓછાં પ્રમાણમાં દેવું લેવુ પડે તે રાજય સરકારની નાણાકીય વ્યવસ્થાપનની એક સિદ્ધિ છે. આપણે અંદાજીએ છીએ પણ લેતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જ્ઞાન એટલે ગરીબ, યુવા અન્નદાતા અને નારી શકિતના ઉત્કર્ષ દ્વારા સમૃદ્ધ સમાજનું નિર્માણ કરવામાં આવશે. જ્ઞાનના ઉદયથી વિકસિત ગુજરાત ૨૦૪૭ થકી વિકસિત ભારત ૨૦૪૭ને હાંસલ કરવા આ બજેટમાં સૂચવેલ યોજનાઓનું સુશાસન દ્વારા અસરકારક અમલીકરણ કરવામાં આવશે. દરેક ક્ષેત્ર માટે અસરકારક નીતિઓ, ચુસ્ત અમલીકરણ અને પૂરતા નાણાકીય સંશોધનો દ્વારા ગુજરાત ઉત્તરોત્તર ગુજરાતના નવા શિખરો સર કરતું રહે તે માટેના આ બજેટને સમર્થન આપવા સન્માનીય ગૃહના તમામ માનનીય સભ્યોને હું અનુરોધ કરું છું, જય જય ગરવી ગુજરાત.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૨–૧૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બપોરના ૩–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪**

**માઘ ૨૪, ૧૯૪૫ શાકે**

**બીજી બેઠક**

**સભાગૃહ બપોરના ૩:૩૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### આણંદ જિલ્લામાં નોંધાયેલ રોજગારવાંચ્છુઓ

***15/4/876 શ્રી યોગેશ આર .પટેલ**) આણંદ : (**માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, આણંદ ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે ,અને | )૧( | ૨૧૬૩૩ |
| )૨( | ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી? | )૨( | ૧૦૨૦૯ |

શ્રી યોગેશ આર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ગુજરાત ભારતમાં રોજગાર આપવાનું એક મોડેલ રાજ્ય બન્યું છે ત્યારે ગુજરાતની મૃદુ અને મક્કમ સરકારના કાર્યદક્ષ મંત્રીશ્રી જણાવવાની કૃપા કરે કે આણંદ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ના રોજ તાલુકાવાર કેટલા રોજગારવાંચ્છુઓને રોજગાર મળેલ છે તથા છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવેલ છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે માનનીય સભ્યશ્રીએ કહ્યું એમ સમગ્ર ભારતમાં છેલ્લાં ૨૦ વર્ષથી ગુજરાત આજે પણ રોજગાર આપવામાં પ્રથમ નંબરે છે. આણંદ તાલુકામાં અત્યાર સુધીમાં ૪૧૧૭ લોકોને રોજગારી પ્રાપ્ત થઇ છે. ખંભાતમાં ૧૧૨૯, બોરસદમાં ૮૫૪, પેટલાદમાં ૯૪૫, ઉમરેઠમાં ૭૩૭, આંકલાવમાં ૭૫૫, સોજિત્રામાં ૮૯૪ અને તારાપુરમાં ૭૭૮ એમ કુલ મળીને ૧૦,૨૦૯ લોકોને રોજગારી પ્રાપ્ત થઇ છે. રાજ્યમાં રોજગારી આપવા માટે રોજગારની વિવિધ તકો આપવા માટે રાજ્ય સરકારની ૪૬થી વધારે કચેરીઓનું નેટવર્ક છે. રોજગાર કચેરીઓમાં ઉમેદવારોના નામની નોંધણી, ખાલી જગ્યા સામે ઉમેદવારની ભલામણ, કારકિર્દી માર્ગદર્શન અને કાઉન્સેલિંગ જેવી અગત્યની સેવાઓ આપવામાં આવે છે. રોજગારવાંચ્છુઓને કૌશલ્ય અને સગવડ અનુસાર રોજગારી મળે એ માટે ભરતી મેળાઓનું પણ આયોજન કરવામાં આવે છે. રોજગાર સેતુ કૉલ સેન્ટર મારફતે જિલ્લાના કોઇ પણ ઉમેદવાર અભ્યાસલક્ષી, રોજગારલક્ષી અને સરકારી યોજનાની માહિતી ટેલિફોનિક માધ્યમથી પણ મેળવી શકે છે. અનુબંધમ પોર્ટલ મારફતે પણ બેરોજગાર યુવાનોને ઓનલાઇન સેવાઓ પૂરી પાડી શકાય એ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત વિવિધ શિક્ષિત સંસ્થાઓ ખાતે સેમિનાર, વેબિનારના માધ્યમ દ્વારા અથવા રૂબરૂ અભ્યાસલક્ષી રોજગારીની માહિતી અને માર્ગદર્શન આપવામાં આવે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં આપ્યું છે કે આણંદ જિલ્લામાં ૨૧,૬૩૩ બેરોજગાર નોંધાયેલા છે. એમાંથી ૧૦,૨૦૯ને રોજગારી આપી છે. મારે માનનીય મંત્રીશ્રી મારફત જાણવું છે કે જે બેરોજગાર નોંધાયેલા છે એમાંથી ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ કેટલા લોકો છે અને જે ૧૦,૨૦૯ લોકોને રોજગારી આપવામાં આવી છે એ પૈકી સરકારી નોકરી કેટલા લોકોને આપવામાં આવી છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી નોકરી માટે આપણા ગુજરાત રાજ્યમાં અનેક સંસ્થાઓ જુદી–જુદી રીતે ઉમેદવારો લેતી હોય છે. જે બેરોજગાર લોકોએ નામ નોંધાવ્યા છે એ સરકારમાં અરજી કરે છે. એ પ્રકારની વ્યવસ્થા આજે પણ એ લોકો એમની રીતે કરતાં હોય છે એટલા માટે એ આંકડો આપણી પાસે હોતો નથી. આજની તારીખમાં મોટા ભાગે ગુજરાતમાં જે લોકો બેરોજગારી નોંધાવે છે એ સિવાય પણ લોકોને રોજગારી પ્રાપ્ત થતી હોય છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે સરકારની કોઇ પણ ભરતી હોય તો એને પ્રાથમિકતા આપવામાં આવે છે? અને જો એને સરકારી નોકરી મળે તો એનો ડેટા પણ હોય. મારે એટલું જ પૂછવું છે કે આપણે આ ૧૦,૨૦૯ લોકોને નોકરી આપી છે. એમાંથી સરકારી નોકરી કેટલા લોકોને મળી છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ જણાવ્યું તે પ્રમાણે દર ત્રણ વર્ષ બાદ ઉમેદવાર રીન્યુ ન કરાવે તો નોંધણી આપોઆપ રદ થઇ જાય છે એટલે ચોક્કસ આંકડો આપી ન શકાય.

## તારાંકિત પ્રશ્નો

### વડોદરા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના

* **15/4/901 : શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા** (પાદરા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) | ૧૯૦૮ |
| )૨( | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) | ૧૯૦૦ |
| (3) | તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) | રૂ.૨૨૭.૯૮ લાખ |

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી, કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વડોદરા જિલ્લાના વડોદરા તાલુકામાં મળેલ ૧૧૫૧ અરજીઓ પૈકી ૧૧૪૫ લાભાર્થીઓને સહાય પેટે રૂ.૧૩૭.૪૦ લાખની રકમ ચૂકવવામાં આવી. ડભોઇ તાલુકામાં મળેલ ૨૩૮ અરજીઓ પૈકી ૨૩૮ લાભાર્થીઓને સહાય પેટે રૂ.૨૮.૫૬ લાખની રકમ ચૂકવવામાં આવી. ડેસર તાલુકામાં મળેલ ૧૪ અરજીઓ પૈકી ૧૪ લાભાર્થીઓને સહાય પેટે રૂ.૧.૬૮ લાખની રકમ ચૂકવવામાં આવી. કરજણ તાલુકામાં મળેલ ૧૭૭ અરજીઓ પૈકી ૧૭૭ લાભાર્થીઓને સહાય પેટે રૂ.૨૧.૨૪ લાખની રકમ ચૂકવવામાં આવી. પાદરા તાલુકામાં મળેલ ૧૪૨ અરજીઓ પૈકી ૧૪૧ લાભાર્થીઓને સહાય પેટે રૂ.૧૬.૯૦ લાખની રકમ ચૂકવવામાં આવી. સાવલી તાલુકામાં મળેલ ૮૩ અરજીઓ પૈકી ૮૨ લાભાર્થીઓને સહાય પેટે રૂ.૯.૮૪ લાખની સહાય ચૂકવવામાં આવી. સિનોર તાલુકામાં મળેલ ૫૫ અરજીઓ પૈકી ૫૫ લાભાર્થીઓને સહાય પેટે રૂ.૬.૬૦ લાખની સહાય ચૂકવવામાં આવી. વાઘોડિયા તાલુકામાં મળેલ ૪૮ અરજીઓ પૈકી ૪૮ લાભાર્થીઓને સહાય પેટે રૂ.૫.૭૬ લાખની સહાય ચૂકવવામાં આવી. આમ, કુલ મળેલ ૧૯૦૮ અરજીઓ પૈકી ૧૯૦૭ લાભાર્થીઓને સહાય પેટે કુલ રૂ.૨૨૭.૯૮ લાખની રકમ ચૂકવવામાં આવી.

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કુંવરબાઇનું મામેરું યોજના અંતર્ગત રાજ્યનો ચાલુ નાણાકીય વર્ષનો લક્ષ્યાંક કેટલો છે, અત્યાર સુધીમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી છે? અને ગત વર્ષ કરતાં ચાલુ નાણાકીય વર્ષમાં કેટલો વધારો થયેલો છે?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરું યોજના અંતર્ગત રાજ્યના ચાલુ નાણાકીય વર્ષના ૪૫ હજારના લક્ષ્યાંક સામે ૬૬,૯૫૧ લાભાર્થીઓને રૂ.૭,૯૮૧.૧૨ લાખની સહાય ચૂકવવામાં આવેલી છે.

### ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળા

* **15/4/874 શ્રી જયંતિભાઈ સોમાભાઈ પટેલ**) માણસા :(**માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળા યોજવામાં આવ્યા,અને | )૧( | ૩૨ |
| )૨( | ઉક્ત ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી ? | )૨( | ૪૧૮૭ |

શ્રી જયંતિભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી શ્રમ અને રોજગાર મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળા યોજવામાં આવ્યા અને આ મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકામાં યોજવામાં આવેલ ૧૯ ભરતી મેળામાં હાજર ૮૯ નોકરીદાતાઓ થકી ૨,૩૨૭ ઉમેદવારોને રોજગારી પ્રાપ્ત થયેલ છે. માણસા તાલુકામાં યોજવામાં આવેલ ૩ ભરતી મેળામાં હાજર ૧૭ નોકરીદાતાઓ થકી ૨૬૨ ઉમેદવારોને રોજગારી પ્રાપ્ત થયેલ છે. દહેગામ તાલુકામાં યોજવામાં આવેલ ૪ ભરતી મેળામાં હાજર ૨૯ નોકરીદાતાઓ થકી ૫૨૨ ઉમેદવારોને રોજગારી પ્રાપ્ત થયેલ છે. કલોલ તાલુકામાં યોજવામાં આવેલ ૬ ભરતી મેળામાં હાજર ૫૦ નોકરીદાતાઓ થકી ૧,૦૭૬ ઉમેદવારોને રોજગારી પ્રાપ્ત થયેલ છે.

આમ, કુલ મળીને અત્યાર સુધીમાં યોજવામાં આવેલ ૩૨ ભરતી મેળામાં હાજર ૧૮૫થી વધારે નોકરીદાતાઓ થકી ૪,૧૮૭ ઉમેદવારોને રોજગારી પ્રાપ્ત થયેલ છે. ભરતીમેળામાં જે રોજગારી પ્રાપ્ત થઇ છે એ ૪૧૮૭ થઇ છે અને ૧૮૫થી વધારે ભરતીમેળામાં નોકરીદાતાઓ હાજર રહ્યા છે. બીજા પ્રશ્નની વાત કરું તો, ગાંધીનગર જિલ્લામાં ૧૮૫ લોકો હાજર રહ્યા હતા એ મુખ્યત્ત્વે ઓટોમોબાઇલ, ઇલેક્ટ્રિક, જીવનરક્ષક દવાઓ, મેટલ, મેન્યુફેક્ચરિંગ, એન્જિનિયરિંગ અને સર્વિસ ક્ષેત્રે રોજગારી પ્રાપ્ત થઇ છે.

શ્રી લક્ષ્મણજી પું. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રોજગાર ભરતી મેળાના આયોજનની કાર્યપદ્ધતિ શું છે? અને આ રોજગાર ભરતી મેળામાં કયા ઉમેદવારો ભાગ લઇ શકે છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના યુવાનોને રોજગારી મળે તે હેતુથી પ્લેટફોર્મ એકત્ર કરવા માટે ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે અને રોજગાર કચેરીમાં ખાનગી એકમોનો સંપર્ક કરી ખાલી જગ્યાઓ મેળવવામાં આવે છે. ખાલી જગ્યાઓની સંખ્યાના આધારે સમયાંતરે ભરતી મેળાનું અથવા એકથી વધારે નોકરીદાતાઓ હાજર રહે એ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવે છે. નોકરીદાતાઓની સંખ્યા નોંધાયેલી ખાલી જગ્યાઓની તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ કે ક્લસ્ટર બનાવીને એક કરતાં વધુ જિલ્લાના સંયુક્ત ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે. ભરતી મેળાઓ સામાન્ય રીતે ઔદ્યોગિક વસાહતો, શાળા–કૉલેજોના કેમ્પસો અને આર.ટી.આઇ. કેમ્પસો ખાતે યોજવામાં આવે છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જે–તે વિસ્તારમાં જે ઉદ્યોગો આવેલા છે એમાં ગામડાઓના ખેડૂતોએ જમીનો આપી છે. અબડાસા વિસ્તારના જે ગામોમાં આવા ઉદ્યોગો આવેલા છે એ ગામોને અત્યાર સુધી કેટલી રોજગારી આપવામાં આવેલ છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ પ્રશ્ન ગાંધીનગર જિલ્લાનો છે પણ ગુજરાત સરકાર દ્વારા ૮૫ ટકા સ્થાનિક લોકોને રોજગારી આપવામાં આવે છે.

**ગાંધીનગર ખાતે આવેલ કન્વેન્શન હોલની બાકી વસૂલાત**

***15/4/1393 : શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ**) લુણાવાડા :(પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૩/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક :૩૩૩૬)અગ્રતા–૨૫(ના અનુસંધાને **માનનીય ઉદ્યોગમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–:

| **પ્રશ્ન** | | **જવાબ** | |
|---|---|---|---|
| )૧( | ગાંધીનગર ,જૂના હેલીપેડ ,સેક્ટર–૧૭ ખાતે આવેલ કન્વેન્શન હોલ)ડોમ (તા.૦૧/૦૯/૨૦૧૯ થી કે એન્ડ ડી કોમ્યુનીકેશન લિમિટેડને રોયલ્ટીથી આપેલ છે તેની પાસેથી તા.૦૭/૦૩/૨૦૨૦ થી તા.૩૦/૦૯/૨૦૨૧ )કોવિડ–૧૯ (ના સમયગાળાની બાકી રોયલ્ટીની રકમ રૂ.૧૩,૦૮,૧૬,૧૧૦ –/ભરવામાંથી મુક્તિ આપવા એજન્સીએ માંગણી કરેલ જે બાબત વિચારણા હેઠળ હતી અને તા.૩૦/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધીની બાકીની રોયલ્ટીની રકમ રૂ.૬,૩૩,૪૫,૦૦૦ –/ ભરવા માટે એજન્સીને પત્રવ્યવહાર/નોટિસ આપવામાં આવેલ છે તે પૈકી કેટલી રકમ તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વસૂલવામાં આવી, | )૧( | કોવિડ-૧૯ ના લોકડાઉનના સમયગાળા )૧૮/૦૩/૨૦૨૦ થી ૩૦/૧૧/૨૦૨૧ (ની રોયલ્ટીની રકમ લેવાની જગ્યાએ તેટલા જ સમયગાળા માટે કરાર લંબાવી આપવામાં આવેલ છે . જ્યારે તા .૩૦/૦૪/૨૦૨૨ થી તા .૩૧/૧૨/૨૦૨૨ સુધીના સમયગાળાની રોયલ્ટીની રકમ રૂ .૬,૩૩,૪૫,૦૦૦ –/ગરૂડ કંપનીને એજન્સી પાસેથી પુરેપૂરી મળી ગયેલ છે. |
| )૨( | ઉક્ત સ્થિતિએ ઉક્ત એજન્સીને કયા પ્રકારની કેટલી રકમ ભરવામાંથી મુક્તિ આપવામાં આવી, અને | )૨( | કોવિડ–૧૯ ના લોકડાઉનના સમયગાળા જેટલા સમયગાળા માટે એજન્સીને કરાર લંબાવી આપવામાં આવેલ છે. |
| )૩( | ઉક્ત સ્થિતિએ ઉક્ત એજન્સી પાસેથી કેટલી રકમ વસૂલવાની બાકી છે ,બાકી રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યા? | )૩( | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ એજન્સી પાસેથી વસૂલવાની બાકી રહેતી કુલ રકમ રૂ .૪,૧૩,૮૧,૮૮૯) –/માર્ચ–૨૦૨૪ સુધીની રોયલ્ટીની એડવાન્સ રકમ સહિત (વસૂલવા એજન્સીને પત્ર વ્યવહાર/નોટિસ પાઠવતા આજની સ્થિતિએ એજન્સી દ્વારા તમામ રકમ ભરપાઈ કરી દેવામાં આવેલ છે . |

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કે એન્ડ ડી કોમ્યુનિકેશન લિમિટેડ રોયલ્ટીની રકમ સમયસર ભરપાઇ ન કરતી હોય તો રકમ મોડી ભરવા પર કયા દરે વ્યાજ વસૂલવામાં આવે છે? અને કોવિડ–૧૯ લોકડાઉનના સમયગાળા જેટલો કરાર લંબાવી આપવામાં આવેલ છે તો આ તા.૧૮/૦૩/૨૦૨૦થી તા.૩૦/૧૧/૨૦૨૧ સુધીના સમયગાળાની કેટલી રકમ ભરવામાંથી મુક્તિ આપવામાં આવી?

માઘ ૨૪,૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ઔદ્યોગિક ક્ષેત્રની શરૂઆત વાઇબ્રન્ટ ૨૦૦૩થી કરવામાં આવી અને વર્ષ ૨૦૦૩થી અત્યાર સુધીમાં દસ વાઇબ્રન્ટ મહોત્સવો આપણે પૂર્ણ કર્યા છે. એના ભાગરૂપે આપણે અવારનવાર વાઇબ્રન્ટમાં મોટા ડોમ બનાવવાનું થતું હતું ત્યારે વર્ષ ૨૦૧૩ પછી સરકારશ્રીએ વિચાર કર્યો કે કોઇપણ સંજોગોમાં ગુજરાતમાં આની કાયમી સિસ્ટમ બને અને આનું ડેવલપમેન્ટ થાય એ માટે આપણે ડોમ બનાવવાની વ્યવસ્થા કરી છે. આ માટે આપણે ગુજરાત સરકારના ૭૪ ટકા અને કેન્દ્ર સરકારના ૨૬ ટકા એમ સો ટકાની ગરુડ કંપની બનાવી અને આ કંપનીએ આપણને આ પ્રકારનું કામ આપ્યું છે. વર્ષ ૨૦૧૯ પછી જ્યારે કોવિડનો પ્રશ્ન ઊભો થયો ત્યારે પરિસ્થિતિ એવી હતી કે પહેલું ટેન્ડર આપણે કંપનીને આપ્યું હતું ત્યારે એ ટેન્ડરમાં સૌથી ઊંચી બોલી એમની હતી કે રૂ.૬ કરોડ ઉપર આપણને દર વર્ષે આપે અને એ લોકો બધી વ્યવસ્થા કરતા હતા. કોવિડના સમય દરમ્યાન જયારે સમગ્ર ભારત દેશ ઠપ થઇ ગયો અને ગુજરાત રાજ્ય ઠપ થઇ ગયું હતું એ સ્થિતિમાં એ કંપની કામ કરી શકતી ન હતી એના કારણે ગુજરાત સરકારને ગરૂડ કંપનીએ રિકવેસ્ટ કરી કે, આ રકમ કોઇપણ સંજોગોમાં માફ કરો. આવું બે–ત્રણ વર્ષ ચાલ્યું ત્યારે આપણે કમિટી બનાવી અને કમિટીના માધ્યમથી એવું નક્કી કર્યું કે એમના પૈસા માફ ન કરી શકાય પણ છેલ્લાં બે વર્ષમાં આપણે જયારે તપાસ કરી ત્યારે જાણવા મળ્યું કે ખરેખર ચાર માણસોથી વધારે ભેગા ન થઇ શકે એવી સ્થિતિ થતી હતી. એટલે માત્ર સમય વધારે આપ્યો છે. માનનીય સભ્યશ્રીને મારે ખાસ કહેવું છે કે, આપણે કોઇ માફ આપ્યું નથી. આજની તારીખમાં તમામ પૈસા ચૂકવાઇ ગયા છે.

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગાંધીનગર સેકટર–૧૭ના હેલિપેડ એક્ઝિબિશન ગ્રાઉન્ડ ખાતે વાઇબ્રન્ટ ખાદ્ય ખોરાક જેવી ઇવેન્ટો થાય છે ત્યારે તારીખ ૦૧/૧૨/૨૦૧૯થી તારીખ ૩૧/૧૨/૨૦૨૩ સુધી કેટલી ઇવેન્ટોનું ત્યાં આયોજન થઇ ચૂક્યું છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત :માનનીય અધ્યક્ષશ્રી, તારીખ ૦૧/૦૧/૨૦૧૯થી તારીખ ૩૧/૧૨/૨૦૨૩ દરમ્યાન જયારે કોવિડનો સમય હતો ત્યારે નવેમ્બર ૨૦૧૯થી માર્ચ–૨૦૨૦માં ૯, કોવિડ દરમિયાન એપ્રિલ ૨૦૨૦માં ઝીરો એટલે કે જે વર્ષ માટેની વાત થતી હતી એ વખતે એકપણ ઇવેન્ટ થઇ નથી. ઝીરો પર્સન્ટ છે. વર્ષ ૨૦૨૧–૨૨માં માત્ર ૨૧ ઇવેન્ટ થઇ હતી. વર્ષ ૨૦૨૩માં અત્યાર સુધીમાં ૧૭ ઇવેન્ટ થઇ છે.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, હેલિપેડ ગ્રાઉન્ડ ઉપર યોજાયેલ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો–૨૦૨૪ની માહિતી આપવા વિનંતી છે. બીજું, ગાંધીનગર રેલવે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ એટલે કે ગરૂડની કામગીરી શું છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ગરૂડ કંપની એ સરકારી કંપની છે. ગાંધીનગર રેલવે સ્ટેશનના રિ–ડેવલપમેન્ટ અને નિર્માણ સંચાલન જવાબદારી ગરૂડ કંપનીની છે. રેલવે સ્ટેશન ઉપર ૩૧૮ રૂમના સ્ટાર હોટલ પ્રોજેક્ટના નિર્માણના સંચાલનની જવાબદારી પણ ગરૂડ કંપની નિભાવે છે. મહાત્મા મંદિરના સંચાલન અને જાળવણીની જવાબદારી ગરૂડ કંપનીની છે. ગાંધીનગરમાં હેલિપેડના સંચાલનની જવાબદારી પણ ગરૂડ કંપનીની છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે ગરૂડ કંપનીને રૂ.૬ કરોડ ૩૩ લાખ પહેલા ચૂકવાઇ ગયા છે. મારે ફક્ત એટલું જાણવું છું કે, આ રૂ.૬ કરોડ અને ૩૩ લાખની રકમ કઇ તારીખે ગરૂડ કંપનીને ચૂકવવામાં આવી છે? બીજું, રૂ.૪ કરોડ ૧૩ લાખની બાકી વસૂલવાની રકમ હતી એ કઇ તારીખે વસૂલવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપની પાસે તારીખ ઉપલબ્ધ હોય તો આપો, નહીંતર વિગતો ટેબલ ઉપર મૂકાવી દેજો.

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે ચોક્કસ તારીખ નથી. પરંતુ આજની તારીખમાં એકપણ રકમ બાકી નથી.

અધ્યક્ષશ્રી : બધા પૈસા ચૂકવાઇ ગયા છે.

**કચ્છ જિલ્લામાં નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના**

*15/4/903 **શ્રી કેશુભાઈ શીવાદાસ પટેલ**) ભૂજ (: **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–.

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૨૩ માં નિરાધાર વૃધ્ધ અને નિરાધાર દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | )૧( | ૫૭૫ |

| | | | |
|---|---|---|---|
| )૨( | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | )૨( | ૫૫૮ |
| )૩( | તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી ? | )૩( | રૂ.૩૮,૭૪,૦૦૦-/ |

શ્રી કેશુભાઇ શિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળેલી અને એમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલી અને કેટલી સહાય ચૂકવવામાં આવેલી?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : કચ્છ જિલ્લાની વાત કરું તો તાલુકો અબડાસા–મળેલી અરજીઓ ૩૩– લાભાર્થીઓને ચૂકવેલ રકમ ૨ લાખ ૬૭ હજાર, તાલુકો અંજાર– મળેલી અરજીઓ ૫૮–લાભાર્થીઓને ચૂકવેલ રકમ રૂ.૩ લાખ ૯૯ હજાર, તાલુકો ભચાઉ– મળેલી અરજીઓ ૪૯– લાભાર્થીઓને ચૂકવેલ રકમ રૂ.૩ લાખ ૧૪ હજાર, ભુજ ગ્રામ્ય મળેલી અરજીઓ ૫૦, ચૂકવેલ સહાયની રકમ રૂ.૨ લાખ ૯૫ હજાર, ભુજ સિટી– મળેલી અરજીઓ ૯૪–ચૂકવેલ સહાયની રકમ રૂ.૫ લાખ ૫૧ હજાર, ગાંધીધામ– મળેલી અરજીઓ ૯૦ – ચૂકવેલ સહાયની રકમ રૂ.૬ લાખ ૭ હજાર, લખપત– મળેલી અરજીઓ ૨૪– ચૂકવેલ સહાયની રકમ રૂ.૧ લાખ ૮૮ હજાર, માંડવી– મળેલ અરજીઓ ૯૨– ચૂકવેલ સહાયની રકમ રૂ.૬ લાખ ૩૦ હજાર, મુંદ્રા– મળેલ અરજી ૨૪– ચૂકવેલ સહાયની રકમ રૂ.૧ લાખ ૮૩ હજાર, નખત્રાણા– મળેલ અરજી ૩૪– ચૂકવેલ સહાયની રકમ રૂ.૨ લાખ ૫૯ હજાર, રાપર– મળેલ અરજી ૨૭ – ચૂકવેલ સહાયની રકમ રૂ.૧ લાખ ૮૧ હજાર . આમ, કુલ મળેલ અરજીઓ ૫૭૫ અને કુલ સહાય ચૂકવી રૂ.૩૮ લાખ ૭૪ હજાર.

માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોની ચિંતા જયારે ભારતીય જનતા પાર્ટીની સંવેદનશીલ સરકારમાં કરવામાં આવે છે, ત્યારે આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના અંતર્ગત છેલ્લાં ૫ વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલી અરજીઓ મળેલી છે અને કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

અધ્યક્ષશ્રી : બેનશ્રી, તાલુકાવાઇઝ પૂછયું નથી ને?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ૫ વર્ષનું વર્ષવાઇઝ પૂછયું છે. નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ કચ્છ જિલ્લામાં છેલ્લાં ૫ વર્ષમાં ૬૫૯૮ લાભાર્થીને રૂપિયા ૨૩૩૭.૫૪ લાખની સહાય ચૂકવવામાં આવેલી છે. જેની વર્ષવાઇઝ વાત કરું તો વર્ષ ૨૦૧૯–૨૦માં લાભાર્થીની સંખ્યા ૩૩૩૭ અને સહાય ચૂકવાઇ રૂ.૩૧૬.૪ લાખ. વર્ષ ૨૦૨૦–૨૧માં લાભાર્થીની સંખ્યા ૩૬૪૫ અને સહાય ચૂકવાઇ રૂ.૩૪૮.૯૮ લાખ. વર્ષ ૨૦૨૧–૨૨માં લાભાર્થીની સંખ્યા ૩૪૨૯ અને સહાય ચૂકવાઇ રૂ.૩૩૪.૪૯ લાખ અને ૨૦૨૨–૨૩માં લાભાર્થીઓની સંખ્યા ૬૨૨૩ અને સહાય ચૂકવાઇ રૂ.૫૮૭.૨૨ લાખ.

શ્રી ત્રિકમ બિ. છાંગા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવે છે અને સહાયના ધોરણોમાં કયારે વધારો કરવામાં આવે છે?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ સહાયના ધોરણોની વાત કરીએ તો નિરાધાર દિવ્યાંગ લાભાર્થી ૪૫ વર્ષથી ૭૯ વર્ષ સુધીની ઉંમરના હોય તો એમને ૧ હજાર રૂપિયા આપવામાં આવે છે અને જો દિવ્યાંગ લાભાર્થી ૮૦ વર્ષથી ઉપરના હોય તો તેમાં બીજા ૨૫૦ રૂપિયા ઉમેરીને ૧૨૫૦ રૂપિયા આપવામાં આવે છે. નિરાધાર વૃદ્ધ જો ૬૦થી ૭૯ વર્ષના હોય તો તેમને ૧ હજાર રૂપિયા અને ૮૦ વર્ષથી ઉપરના હોય તો તેમને બીજા ૨૫૦ ઉમેરીને ૧૨૫૦ રૂપિયાનો લાભ આપવામાં આવે છે.

**જૂનાગઢ જિલ્લામાં નોંધાયેલ રોજગારવાંચ્છુઓ**

***15/4/888 શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા**) માંગરોળ : (**માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–:

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, જૂનાગઢ ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે ,અને | )૧( | ૧૧૭૦૧ |
| )૨( | ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી? | )૨( | ૨૫૦૬ |

શ્રી ભગવાનજીભાઈ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે જૂનાગઢ જિલ્લામાં ૩૧–૧૨–૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જે બેરોજગારો નોંધાયેલા છે, એમાં મને જવાબ આપ્યો છે કે ૧૧૭૦૧. પરંતુ તાલુકાવાઇઝ કેટલા બેરોજગારો નોંધાયેલા છે? અને મારો બીજો પ્રશ્ન એ છે કે ઔદ્યોગિક ભરતી મેળામાં જે રોજગારવાંચ્છુઓ આવે છે અને નોકરી દાતા આવે છે એને કેવા કેવા પ્રકારની સુવિધા આપવામાં આવે છે?

## તારાંકિત પ્રશ્નો

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે લાગણી વ્યકત કરી છે, આપણે બે પ્રકારે વ્યવસ્થા કરીએ છીએ. નોકરીદાતાઓ આવે એ લોકો માટે પણ સગવડ આપણે પૂરી પાડીએ છીએ એની સાથે સાથે જે લોકો રોજગાર માટે આવે છે એમને પાણીની વ્યવસ્થા, બેસવાની વ્યવસ્થા, એ લોકોને માટે મિટિંગની વ્યવસ્થા કરવાની હોય એ કરતા હોઇએ છીએ. માનનીય સભ્યશ્રીએ પૂછયું છે કે જૂનાગઢની અંદર ૩૭૬ લોકોને રોજગારી પ્રાપ્ત થઇ છે. માળીયાની અંદર ૧૨૮૬, માંગરોળમાં ૭૪૩, કેશોદમાં ૧૬૬૪, માણવદરમાં ૧૧૫૬, વંથલીમાં ૭૭૨, વિસાવદરમાં ૪૫૧ એમ કુલ મળીને ૧૧,૭૦૧ને પ્રાપ્ત થઇ છે.

શ્રી દેવાભાઇ પું. માલમ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે શાળા કોલેજમાં અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થીઓને રોજગાર કચેરી કઇ કઇ રીતે મદદરૂપ થાય છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, રોજગાર કચેરી કાઉન્સિલ કરે, શાળા કોલેજોના વિદ્યાર્થીઓને કારકિર્દી સંબંધિત માર્ગદર્શન પૂરું પડવામાં આવે છે. વેબીનાર, સેમિનારના આયોજન થકી જાહેર ક્ષેત્રમાં રોજગારી મેળવવા માટે જે સ્પર્ધાત્મક રીતે તૈયારી કરી શકાય એમાં આપણે માર્ગદર્શન આપતા હોઇએ છીએ. પરીક્ષા અને ખાનગી ક્ષેત્રે રોજગારી માટે તકો આપી કયા પ્રકારની રોજગારી આવનારા સમયમાં થવાની છે એનું માર્ગદર્શન આપતા હોઇએ છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે જે રીતે જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ૧૧૭૦૧ લોકોએ રોજગારી માટે નામ નોંધાવ્યા એટલે એક વર્ષમાં ૨૫૦૬ લોકોને રોજગારી મળી. આ જ વિધાનસભા ગૃહમાં તા.૧૬-૩-૨૦૨૩ના રોજ જૂનાગઢ જિલ્લામાં કુલ ૧૦૩૨૩ બેરોજગારો નોંધાયા હતા અને ૪૫૭૩ લોકોને ખાનગી નોકરી મળી હતી એટલે ગયા વર્ષના પ્રમાણમાં આ વર્ષે બેરોજગારોની સંખ્યા વધી છે અને ખાનગી રોજગારી મળવી જોઇએ એ ખાનગી રોજગારીનું પ્રમાણ પણ ઘટેલ છે. આજના આ ટેબલેટની અંદર ૮૧ પ્રશ્નો છે એમાં જે પણ પ્રશ્નોની અંદર રોજગારીની વાત કરવામાં આવી છે એમાંથી એક પણ જગ્યાએ સરકારી નોકરી મળી નથી. માનનીય મંત્રીશ્રીને મારે એટલું જ પૂછવું છે કે ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે બેરોજગારો વધ્યા છે તો રોજગારી ઓછી આપવાનાં કારણો શું છે? સરકાર ભરતી મેળા કરી રોજગારી આપવાની વાત કરે છે તો જૂનાગઢ જિલ્લામાં આ પરિસ્થિતિ કેમ પેદા થઇ અને બીજું જાણવું હતું કે રાજય સરકાર દર દસ વર્ષે ભરતી કેલેન્ડર બહાર પાડે છે એને આધીન આજના આંકડા જોઇએ તો એની અંદર એક પણ જગ્યાએ કોઇને સરકારી નોકરી આપવામાં આવી નથી તો આ ભરતી કેલેન્ડર શું છે એ માનનીય મંત્રીશ્રી જણાવે?

અધ્યક્ષશ્રી : આ માત્ર સરકારી નોકરી પૂરતો પ્રશ્ન નથી. આ તમામ રોજગારી માટે પ્રશ્ન છે.

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જે ચિંતા કરી. શ્રી શૈલેષભાઇ બહુ સિનિયર ધારાસભ્યશ્રી છે. એમને કાલે જ ખબર હશે કે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે એક લાખ લોકોને કાલે જ સરકારી નોકરી આપી છે. એ સ્પષ્ટ બતાવે છે. એક જ દિવસની અંદર કાલે જ રોજગારી આપી. તમે પેપરમાં જોયું હશે. જે પ્રમાણે સરકારી નોકરી માટે મેં પહેલા પણ શ્રી શૈલેષભાઇ કહ્યું, વાસ્તવમાં મેં પણ આ પ્રશ્ન મારા અધિકારીશ્રીઓને કર્યો કે આપણે સરકારી નોકરી આમાં બધા લખે છે તો વાસ્તવિક પરિસ્થિતિ એવી છે કે જે લોકો આપણા ત્યાં નામ નોંધાવે છે એ લોકોને જયાં નોકરી મળે તો ઓટોમેટિક એમના નામ કેન્સલ થઇ જતા હોય છે. ત્રણ વર્ષથી વધુ રિન્યુ ના કરે તો કેન્સલ થઇ જતા હોય છે પણ નોકરી મળ્યા પછી કયાં નોકરી આપી એ કોઇ આપણને જાણ કરતું નથી.આપણે પ્રયત્નો કરીએ છીએ અને ગુજરાત સરકારે જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે આજે પણ સરકારી નોકરી આપે છે અને એ પ્રકારની વ્યવસ્થાઓ થતી હોય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષ કરતાં આ વખતે બેરોજગારોની સંખ્યા વધી છે. ગયા વર્ષે જે લોકોને રોજગારી આપી છે એના કરતાં આ વખતે પ્રમાણ ઘટ્યું છે. તમે રોજગાર મેળા કરો છો પણ રોજગારી નથી મળતી. મંત્રીશ્રીએ જણાવ્યું કે ગઇ કાલે માનનીય વડાપ્રધાનશ્રીએ એક લાખ રોજગારી આપી તો એમાં ગુજરાતના કેટલા યુવાનોને રોજગારી આપી એની સ્પષ્ટતા થાય તો સારું.

અધ્યક્ષશ્રી : રુલિંગ પાર્ટીના ધારાસભ્યશ્રીઓએ ત્રણ પ્રશ્નો રોજગારી માટેના મૂક્યા. હું માનું છું કે, આ નવી દિશા કહેવાય. આ પ્રશ્ન માટે કોઇ રુલિંગ પાર્ટીના ધારાસભ્યશ્રી રોજગારી માટે પ્રશ્ન પૂછે એવું નથી થતું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને મારે કહેવું છે કે ગુજરાતની અંદર શ્રી શૈલેષભાઇએ કહ્યું કે રોજગારી ઘટી છે. હમણાં જ ઓકટોબરમાં સમગ્ર ભારતની અંદર એક જાહેરાત થઇ છે. પહેલા કેન્દ્રમાં બેરોજગારીનો દર ૪.૨ ટકા હતો એ આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે વ્યવસ્થા કરી એના કારણે આજે ૩.૭ થયો છે. એ જ રીતે આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર ચાલે છે. આ મારા આંકડા નથી. આ સરકારી આંકડા છે એ ૨.૨. ટકા હતી એના ૧.૭ ટકા થયા છે. એ બતાવે છે કે આજે પણ ગુજરાતમાં વધુને વધુ રોજગારી પ્રાપ્ત થાય છે.

અધ્યક્ષશ્રી : હવે શ્રી અમિતભાઇ, તમારે માનવું પડે. એમણે પૂરા આંકડા આપ્યા છે.

**અમદાવાદ થી કેવડીયા સી-પ્લેન પ્રોજેક્ટ**

***15/4/1378 ડૉ.તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા : (પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૩/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૦૬૮ )અગ્રતા-૩૫( ના અનુસંધાને **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |

# તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## તારાંકિત પ્રશ્નો

| | | | |
|---|---|---|---|
| (૧) | અમદાવાદ થી કેવડીયા સી પ્લેન પ્રોજેક્ટ માટે વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૧ કરોડ અને વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૧ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવેલી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી, અને | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧-૨૨ માં કોરોના મહામારી તેમજ વર્ષ ૨૦૨૨-૨૩ માં સી-પ્લેન સેવા કાર્યરત ન થતા અને તે સંદર્ભે વહીવટી ખર્ચ પર કાપ મૂકાતા કુલ રૂ.૪,૪૯,૭૪,૪૫૧)-/રૂપિયા ચાર કરોડ ઓગણ પચાસ લાખ ચુમોત્તેર હજાર ચારસો એકાવન પૂરા(ની રકમ વણવપરાયેલી રહી. |
| (૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રોજેક્ટ કાર્યરત છે કે કેમ? | (૨( | ના. જી, |

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આ સી-પ્લેન સેવાનો જ્યારે પ્રારંભ થયો એ સેકન્ડ હેન્ડ ખખડધજ એરક્રાફટ શરૂ કરવામાં આવેલ. કોઇપણ એરલાઇન્સ હોય, કોઇ સેવા શરૂ કરે તો સ્ટેન્ડબાય એરક્રાફ્ટની સુવિધા પણ હોવી જરૂરી છે. અત્યારે સી-પ્લેન સેવા શરૂ થયા બાદ બે મહિના પ્લેન ચાલે છે અને ૧૦ મહિના પ્લેન મેઇન્ટેનન્સમાં જાય છે. એને મેઇન્ટેનન્સ માટે માલદિવ્ઝ મોકલવું પડે છે. મારો સરકારને પ્રશ્ન છે કે ફરીથી સી-પ્લેન સેવા ક્યારે શરૂ કરવા માગો છો? એ સેવા અવિરત ચાલુ રહે એ માટે સરકારશ્રીનું શું આયોજન છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ કહ્યું કે ખખડધજ, પણ જરાય નહીં.

અધ્યક્ષશ્રી : માનનીય ભીખુદાનભાઇ અને શાહબુદ્ધીનભાઇ કહેતા ને કે બસ ત્યાં રહી ને ટાયર આગળ નીકળી ગયું. આજે સી-પ્લેનની વાત સુધી તમે પહોંચ્યા છો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી એટલી જ છે કે બધા સભ્યશ્રીઓ જુએ કે આખા ભારતમાં અને ફોરેનમાં લોકો સી-પ્લેન માટે જોતા, સાંભળતા અને લોકો કહે કે આવું થાય છે. ગુજરાત એવું રાજ્ય છે કે જેણે નક્કી કર્યું કે સમગ્ર ભારતમાં ન થાય પણ ગુજરાતમાં થાય. સને ૨૦૨૦માં આપણે એ પ્રયોગ શરૂ કર્યો અને સાથોસાથ એમની વાત સાચી છે કે આપણો પહેલો પ્રયોગ હતો. આવનારા સમયમાં ઘણા એરપોર્ટસની આપણને જરૂર પડવાની છે. એના માટે વિશાળ જગ્યા જોઇએ. ૧૦૦૦થી ૧૨૦૦ મીટર જગ્યા જોઇએ. આગામી સમયમાં જગ્યાની તકલીફ થવાની છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, બેઠા બેઠા કોમેન્ટ ન કરી શકો. તમે સિનિયર લોકો છો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : એટલા માટે કહું છું કે, આવનાર સમય આપણા બધા લોકો માટે પૈસા બચે, સમય બચે, બહારના પ્રવાસી લોકો આપણે ત્યાં આવે અને એનું આકર્ષણ વધે એના માટે શરૂઆત કરી હતી. જેમ ધારાસભ્યશ્રીએ કહ્યું એમ સાચી વાત છે કે આપણે શરૂઆત કરી જે પહેલાં ભારત સરકાર કરવાની હતી. ભારત સરકારના સહયોગથી આપણે લાવ્યા તો એણે ત્યાં આગળ રિપેરિંગ માટે જવું પડતું હતું. પહેલો આપણો પ્રયોગ હતો. તેના જે ઓપરેટર જોઇએ તે પ્રકારની વ્યવસ્થા અવાર નવાર થતી નથી. આપણે પ્રયત્ન કર્યો એમાં ૨,૯૦૦ થી ૩,૦૦૦ જેટલા વધારે લોકોએ આની અંદર લાભ પણ લીધો છે. અવાર નવાર પ્રશ્ન બનતા હતા તેના કારણે એ થઇ શક્યુ નથી, પણ હું માનનીય તુષારભાઇને ખાતરી આપું છું કે ગુજરાતમાં આવું ચાર ઠેકાણે થવાનું છે અને દિન-પ્રતિ દિન વધશે એ નક્કી છે. એની પ્રક્રિયા માટે આપણે ભારત સરકારને સોંપ્યું છે અને એ ચાલુ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ સી-પ્લેન છે એ પહેલા વર્ષ ૨૦૧૭ ડિસેમ્બરમાં પ્રાયોગિક ધોરણે એક વખત માનનીય પ્રધાનમંત્રીશ્રીએ ઉડાન કર્યું. ફરી બીજી વખતે ત્રણ વર્ષ પછી વર્ષ ૨૦૨૦માં ઉડાન કર્યું અને આજે આ સેવા બંધ છે. એ વાત સાચી છે કે આ પ્લેન ૫૦ વર્ષ જૂનું છે એટલે એમાં પ્રધાનમંત્રીશ્રીને મુસાફરી ના કરાવાય અને છતાંય એ વખતે મુસાફરી કરી. મહીનો ચાલ્યું અને પાછું જતું રહ્યું. (અંતરાય) તો શું કરવા લઇ આવ્યા?

અધ્યક્ષશ્રી : બેઠાં બેઠાં કોમેન્ટ નહીં કરીએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : આ પ્લેન એવું હતું કે જૂની બસ હોય અને એમાં પેસેન્જર બેઠા હોય ને ચીપટી આવી જાય તો પેલો પેસેન્જર કહે કે સાહેબ ચીપટી આવી છે તો ડ્રાઇવર એમ કહે કે બીજો ખાડો આવશે ત્યારે એ ચીપટી નીકળી જશે. આ એવું પ્લેન લઇ આવ્યા હતા.

અધ્યક્ષશ્રી : આમાં તો ખાડો પણ ના આવે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, શું આવ્યું એ ખબર નહીં પણ બંધ પડી ગયું. મારી વાત એટલી જ છે કે ૫૦ વર્ષનું પ્લેન તમે લઇ આવતા હોય તો હવે લઇ આવતા નહીં. પ્રધાનમંત્રીશ્રીને તો એમાં કોઇ દિવસ બેસાડતાં જ નહીં અને કોઇને પણ ના બેસાડતા. હવે આના પછી આપ પ્લેન લઇ આવવા માગો છો? કારણ કે અત્યારે તો ૧ મહિનાથી સર્વિસ બંધ છે તો તે માટેનું આયોજન શું છે? અને એમાં પેસેન્જરની સલામતીની જોગવાઇ રાખી છે કે કેમ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇએ ચિંતા વ્યક્ત કરી. આ ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ છે. પાકિસ્તાનની સરહદ ઉપર પહોંચવાનું હોય, ચીનની સરહદ ઉપર બેસવાનું હોય કે આ પ્લેનમાં બેસવાનું હોય સિંહ કદાપિ ગભરાય નહીં એ વાત સ્પષ્ટ છે. એટલે એની ચિંતા કરવાની કોઇએ જરૂરત નથી. એ

લોકોના હિત માટે ગમે ત્યાં બેસે આ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ છે. બીજી જ્યારે એમણે ચિંતા કરી છે કે, ભારત સરકાર વાસ્તવિકતાની અંદર આપે આ સી–પ્લેન ચાલુ થાય, ધરોઇમાં થાય એવી જ જગ્યાએ આપણે વ્યવસ્થા કરી છે અને આ વખતે આપણે ભારત સરકારનો સહયોગ લઇને નક્કી કર્યું છે કે અહીં લાંબા ગાળે ફરીથી કોઇ પ્રોબ્લેમ ના થાય એ પ્રકારની વ્યવસ્થા ચાલુ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : એ પ્લેનમાં માનનીય પ્રધાનમંત્રીશ્રીને ના બેસાડાય.

અધ્યક્ષશ્રી : એ વાત બરાબર છે. આપની સદભાવનાની વાત છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : આપણા પૂર્વ મુખ્યમંત્રીશ્રીએ આવા કારણસર જીવ ગુમાવેલ હતો. એટલે એમાં કોઇ દિવસ ૫૦ વર્ષ જૂનું પ્લેન લઇ ના અવાય એટલી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આપે સદભાવનાની વાત કરી. પરંતુ મંત્રીશ્રીએ એવું કહ્યું કે હવે પ્લેન લાવીએ છીએ એ ભારત સરકારની સાથે રહીને નવી જ જગ્યાએ ચાલુ કરીએ છીએ અને નવા લાવશે. આ માત્ર ટ્રાયલ બેઇઝ પર હતું. દેશમાં પહેલી શરૂઆત અહીંયાથી થઇ હતી. માનનીય શૈલેષભાઇ.. માનનીય મંત્રીશ્રી કંઇક વાત કરવા માગે છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્લેનના વિષયની અંદર સંપૂર્ણ જાણકારી હોવી ખૂબ જરૂરી છે. આ પ્રશ્ને સભાગૃહની અંદર ખોટી માહિતી સ્પ્રેડ ના થાય એટલા માટે ક્લેરિફિકેશન આપવું ખૂબ જરૂરી છે. કોઇ પણ ફ્લાઇટ એની બોડીથી કેટલા વર્ષ જૂનું છે એનાથી એરોપ્લેનની ઉંમર નક્કી થતી નથી. એરોપ્લેનની ઉંમર એ કેટલા અવર્સ ચાલ્યું છે એના ઉપરથી એના એન્જિન બદલાતા હોય છે એની બોડી બદલાતી હોતી નથી. એટલે ૫૦ વર્ષ જૂનું પ્લેન હોતું નથી. પ્લેન એના એન્જિન પરથી નક્કી થાય છે અને એ એન્જિન કેટલા કલાક ચાલ્યું છે એના ઉપરથી ગણવામાં આવતું હોય છે. આટલો ઐતિહાસિક પ્રોજેક્ટ ગુજરાતની અંદર ટુરિઝમ સેકટર કઇ રીતે ડેવલપ થાય એ માટે પ્રયાસ કરવામાં આવ્યો અને એ પ્રયાસની મહેનત કરવી એ આપણી જરૂરિયાત હોય છે અને મને સંપૂર્ણ વિશ્વાસ છે કે રાજ્યના નાગરિકોને સરકારની ઇચ્છા શકિત એકદમ કિલઅર છે કે આ પ્રોજેક્ટ પણ સફળ થશે. પરંતુ એ ૫૦ વર્ષ જૂનું પ્લેન એવી રીતે ના હોય. તમે જે પ્લેનમાં બેસીને એમરિકા અને યુરોપ જાવ છો એ પ્લેનની ઉંમર એની બોડી પ્રમાણે નક્કી કરીને નહીં બેસતા, નહિતર અંદર પહોંચતા પહોંચતા એટેક આવી જાય. બરાબર ને? એની ઉંમર એન્જિન પ્રમાણે નક્કી કરવી પડતી હોય છે આ બોડી પરથી પ્લેન નક્કી ના થાય. આ ટેકનિકલ પ્રશ્ન છે. ટેકનિકલ વિષય સમજવો ખૂબ જરૂરી છે.

અધ્યક્ષશ્રી : નહીં, પણ માનનીય અર્જુનભાઇની વાત છે એ પણ દેશના પ્રધાનમંત્રીશ્રીની સુરક્ષા માટેની ચિંતા દરેક સભ્યશ્રીને હોય. દરેક નાગરિકને હોય એટલે એમણે સદભાવના સાથે વાત કરી છે. બીજો કોઇ વિષય નથી.

શ્રી હર્ષ સંઘવી : સારી વાત છે. હું સમજી શકું છું પરંતુ એની ઉંમર એની બોડી ઉપરથી નક્કી ન થાય. એના એન્જિન ઉપરથી નક્કી થતી હોય છે અને એન્જિનના કલાકો ઉપરથી નક્કી થતી હોય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે એમણે વિસ્તૃત ખૂબ સારી વાત કરી અને વધારાનું જ્ઞાન માનનીય ગૃહપ્રધાનશ્રીએ પણ આપ્યું. પહેલા તો માનનીય ગૃહપ્રધાનશ્રીને પૂછવાનું છે કે પ્લેનની આવરદા એની ઉંમર ઉપર ન હોય એના અવર્સ ઉપર હોય છે તો જે પ્લેન દેશના પ્રધાનમંત્રી માટે લાવવામાં આવ્યું હતું તો પહેલા તો તમારે એ જ નક્કી કરવાનું હતું કે એ પ્લેન લાવવાની જરૂર નહોતી કારણ કે એ પ્લેન આવ્યા પછી એ પ્લેનની સેવા થઇ શકી નથી.

અધ્યક્ષશ્રી : પ્રધાનમંત્રીશ્રી માટે લાવવામાં આવ્યું નથી. અહીંયા મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે. રેકર્ડ ઉપર સાચી વાત રહે એટલા માટે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, શરૂઆત પ્રધાનમંત્રીશ્રીએ કરી હતી એટલા માટે.

અધ્યક્ષશ્રી : એ તો શરૂઆત કરી હતી.

શ્રી શૈલેષ મ. પરમાર :એટલે એ પ્લેન ખરાબ હતું એના અવર્સ માટે ગણીએ તો પણ ખરાબ હતું. મારે એટલી જ વાત કરવી છે હું તમારી વાત સાથે સંમત છું.

અધ્યક્ષશ્રી : પણ એ જોખમ લીધું કહેવાય.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૦ ટકા સાહેબ. ડબલ એન્જિન હોય તો જ પ્રધાનમંત્રીને બેસાડી શકાય પણ સીંગલ એન્જિનમાં પણ પ્રધાનમંત્રીશ્રીએ મુસાફરી કરી કેમ કે ચૂંટણી હતી. આપણને વાંધો નથી સાહેબ પણ જાનનું જોખમ એ વખતે હતું. મારે ખાલી પ્રશ્ન એટલો જ પૂછવો છે કે સી–પ્લેન યોજના વર્ષ ૨૦૧૭માં ચાલુ થયા પછી સાડા પાંચ કરોડ જેવા રૂપિયા અત્યારે વણવપરાયેલા પડયા રહ્યા છે. આ સી–પ્લેન યોજના શરૂ થયા પછી રાજય સરકારે જાહેરાત પણ કરી હતી કે કેવડિયા કોલોની ખાતે તા. ૩૧–૧૦–૨૦૨૦ ના રોજ સી–પ્લેનની યાત્રા શરૂ કરવામાં આવી. જે તા. ૧૦–૪–૨૦૨૧ થી બંધ છે. એટલે સી–પ્લેન ચાલુ કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રી એવો જવાબ આપી રહ્યા છે કે નવું પ્લેન આવશે અને હજી આખા ગુજરાતમાં આપણે એનો પ્રયોગ કરી રહ્યા છીએ. પ્રશ્ન એટલો જ છે કે મારા ઘરે અમેરિકાથી ગેસ્ટ આવ્યા હતા. મને કહે શ્રી શૈલેષભાઇ, અમારે સી–પ્લેનમાં બેસીને કેવડિયા જવું છે. મારે એને કહી તો ન શકાય કે બંધ છે. મેં કહ્યું ચલો

તમને હું લઇ જઉં. ત્યાં લઇ ગયો પણ યોજના બંધ હતી. હું એને એમ કહેત કે આ યોજના બંધ છે તો એને એમ થાત કે આ કોંગ્રેસવાળો છે એટલે આ ના પાડે છે. મેં કહ્યું ચલ ભાઇ, તું પણ અનુભવ કરી લે.

અધ્યક્ષશ્રી : તમારો પ્રશ્ન શું છે? તમે સીધા પ્રશ્ન ઉપર આવોને? તમે તો આખી વાર્તા કહેવા માંડયા. પછી યુરોપથી કોઇ આવશે. એના કરતા સીધા પ્રશ્ન ઉપર આવો?

શ્રી શૈલેષ મ. પરમાર : બધા આવ્યા જ કરે સાહેબ. જે આ ગતિશીલ ગુજરાત છે અને જે ગતિ છે એટલે લોકોને ઉત્સાહ તો રહેવાનોને? મારો પ્રશ્ન એટલો જ છે કે સી–પ્લેન યોજના તમે શરૂ કર્યા પછી બંધ યોજના છે એ યોજના પ્રવાસીઓ માટે સારી છે તો શરૂ કેમ કરતા નથી અને શું ટેકનિકલ કારણોસર નવું પ્લેન લાવવાનું છે કે એનું એ પ્લેન ફરીથી વાપરવાનું છે એ માનનીય મંત્રીશ્રી જણાવે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇ જે ચિંતા કરતા હતા મારે એ જ કહેવું છે કે આ સેવા ૮૦ દિવસ ચાલી છે. ૨૭૬ ફલાઇટ ઉડી છે અને ૨૧૯૨ પેસેન્જરોએ આ સેવાનો લાભ લીધો છે એટલે એક દિવસમાં બંધ થઇ ગયું એવું જરાય નથી. બીજી વાત કે જે પ્રમાણે એમણે કહ્યું અને આજે પણ હું ફરીથી કહું છું કે આપણે સાબરમતી રિવરફ્રન્ટ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, શેત્રુંજય ડેમ અને ધરોઇ ડેમ આ ચારેય ડેમ ઉપર આપણે કરવાના છીએ. ગુજરાતે મગજમાં જે ધાર્યું હોય એ હંમેશા કરીને રહે છે અને થશે.

**અરવલ્લી જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજના**

*15/4/905: **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા** (બાયડ): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ અરવલ્લી જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) | ૧૦૦૮ |
| (૨) | તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) | ૧૦૦૨ |
| (૩) | તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) | રૂ.૧૧૯.૯૨ લાખ |

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે પરંતુ મારો પેટા પ્રશ્ન છે કે તાલુકાવાઇઝ કેટલી સહાય ચૂકવવામાં આવે છે અને લાભાર્થીને વ્યક્તિગત કેટલી સહાય ચૂકવવામાં આવે છે?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારા જિલ્લાની અંદર તાલુકાવાઇઝ જોઇએ તો મોડાસા તાલુકામાં મળેલ અરજીઓની સંખ્યા ૪૮૪ છે તેમાંથી મંજૂર કરેલ અરજીની સંખ્યા ૪૮૩ છે અને તેમાં ચૂકવાયેલ સહાય ૫૭.૮૮ લાખ છે. મેઘરજ તાલુકામાં મળેલ અરજીઓની સંખ્યા ૧૧૮ છે તેમાંથી મંજૂર કરેલ અરજીની સંખ્યા ૧૧૭ છે અને તેમાં ચૂકવાયેલ સહાય રૂ.૧૪.૦૨ લાખ છે. માલપુર તાલુકામાં મળેલ અરજીઓની સંખ્યા ૭૦ છે તેમાંથી મંજૂર કરેલ અરજીની સંખ્યા ૬૮ છે અને તેમાં ચૂકવાયેલ સહાય રૂ.૮.૧૪ લાખ છે. ભિલોડા તાલુકામાં મળેલ અરજીઓની સંખ્યા ૧૪૫ છે તેમાંથી મંજૂર કરેલ અરજીની સંખ્યા ૧૪૪ છે અને તેમાં ચૂકવાયેલ સહાય રૂ.૧૭.૨૦ લાખ છે. બાયડ તાલુકામાં મળેલ અરજીઓની સંખ્યા ૧૦૪ છે તેમાંથી મંજૂર કરેલ અરજીની સંખ્યા ૧૦૪ છે અને તેમાં ચૂકવાયેલ સહાય રૂ.૧૨.૪૦ લાખ છે. ધનસુરા તાલુકામાં મળેલ અરજીઓની સંખ્યા ૮૭ છે તેમાંથી મંજૂર કરેલ અરજીની સંખ્યા ૮૬ છે અને તેમાં ચૂકવાયેલ સહાય રૂ.૧૦.૨૮ લાખ છે. આમ, સમગ્ર જિલ્લામાં મળેલ અરજીઓની સંખ્યા ૧૦૦૮ છે અને તેમાંથી મંજૂર કરેલ અરજીઓની સંખ્યા ૧૦૦૨ છે અને તેમાં કુલ રૂ.૧ કરોડ ૧૯ લાખ ૯૨ હજારની સહાય ચૂકવાઇ છે. હાલ એક વ્યક્તિને ૧૨ હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવે છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, ભાજપ સરકારની ગરીબ દીકરીઓ માટેની આ સારી યોજના છે. સરકારના મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી વિશાળ હ્રદયવાળા છે એટલે આ સહાય અત્યારે જે ૧૨ હજાર રૂપિયાની ચૂકવવામાં આવે છે તેમાં વધારો કરવા માગે છે કે નહીં અને હાલ જે ધોરણ છે તેમાં સુધારો કરવા માગે છે કે કેમ?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જણાવ્યું કે, ૧૨ હજાર રૂપિયા ચૂકવવામાં આવે છે તેમાં સરકાર સુધારો કરવા માગે છે કે કેમ? આ બાબતમાં તેમનું સૂચન આવકાર્ય છે.

10

**કચ્છ અને રાજકોટ જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો**

***15/4/1368 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર**) કાંકરેજ :(**માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કચ્છ અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા રોજગાર વિનિમય કચેરીઓમાં કેટલા શિક્ષિત અને

)૧(

| જિલ્લાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|
| કચ્છ | ૬૫૯૯ | ૧૫૮૫ | ૮૧૮૪ |

અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે, અને

| | | | |
|---|---|---|---|
| રાજકોટ | ૧૨૫૧૮ | ૯૨૧ | ૧૩૪૩૯ |

)૨( ઉક્ત નોંધાયેલ બેરોજગારો પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલા બેરોજગારોને રોજગારી મળી, અને

)૨(

| વર્ષ | જિલ્લો | રોજગાર કચેરીઓ મારફતે મળેલ રોજગારી | | |
|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
| ૨૦૨૨ | કચ્છ | ૨૧૨૬૪ | ૧૮૪૫ | ૨૩૧૦૯ |
| | રાજકોટ | ૧૮૭૫૦ | ૨૬૩૭ | ૨૧૩૮૭ |
| ૨૦૨૩ | કચ્છ | ૨૨૧૪૮ | ૧૫૭૨ | ૨૩૭૨૦ |

)૩( ઉક્ત મળેલ રોજગારી પૈકી કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી?

)૩( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરી કચ્છ અને રાજકોટ મારફત આપવામાં આવેલ સરકારી અને ખાનગી રોજગારી

| વર્ષ | જિલ્લો | સરકારી | ખાનગી | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૨૨ | કચ્છ | ૦ | ૨૩૧૦૯ | ૨૩૧૦૯ |
| | રાજકોટ | ૦ | ૨૧૩૮૭ | ૨૧૩૮૭ |
| ૨૦૨૩ | કચ્છ | ૦ | ૨૩૭૨૦ | ૨૩૭૨૦ |
| | રાજકોટ | ૦ | ૨૨૨૬૨ | ૨૨૨૬૨ |

સરકારી નોકરીની વિગતમાં રોજગાર કચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે .અન્ય સરકારી ભરતીનો તેમાં સમાવેશ થતો નથી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ખાનગી રોજગારી આપવામાં આવે છે તે સંસ્થાઓમાં શિક્ષિત બેરોજગારોને ૫૮ કે ૬૦ વર્ષની વય સુધી રોજગારી પૂરી પાડવા માટેના બાંહેધરી કરાર થાય છે કે કેમ? બીજો પ્રશ્ન એ છે કે, ખાનગીમાં રોજગારી પૂરી પાડવામાં આવે છે તે તમામ સંસ્થાના નામની વિગતો જાહેર કરવા માગો છો કે કેમ?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ પહેલો પ્રશ્ન પૂછ્યો છે કે, ૫૮ કે ૬૦ વર્ષ સુધી નોકરી આપે છે કે કેમ? કાયદા મુજબ જ આ કાર્યવાહી કરવામાં આવતી હોય છે. કાયદાનું પૂરેપૂરું પાલન થતું હોય છે. જે લોકો પ્રાઇવેટ રોજગારી આપે છે તે તેમના લેવલે આપતા હોય છે. આપણા સરકારના પોર્ટલમાં જે બેરોજગારનું નામ નોંધાય અને તે લોકો જયાં રોજગારી માટે જાય તેની માહિતી આપણને મળી શકે છે. સમગ્ર માહિતી આપણી પાસે હોઇ શકે નહીં.

શ્રી ત્રિકમ બિ. છાંગા : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી પૂરી પાડવામાં આવેલ અને કચ્છ જિલ્લામાં કયા નવતર ક્ષેત્રમાં રોજગારીની તકો ઊભી થયેલી જોવા મળે છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે તેમાં કહું તો ભુજ તાલુકાની અંદર ૫૨૩૮ લોકોને રોજગારી પ્રાપ્ત થઇ છે. ગાંધીધામ તાલુકામાં ૧૯૭૯ લોકો, મુન્દ્રા તાલુકાની અંદર ૧૧૮૭ લોકો, માંડવી તાલુકાની અંદર ૬૯૯૯ લોકો, અબડાસા તાલુકાની અંદર ૩૨૭૭ લોકો, ભચાઉ તાલુકાની અંદર ૨૭૦૦ લોકો, રાપર તાલુકાની અંદર ૧૬૯૪ લોકો, નખત્રાણા તાલુકાની અંદર ૧૦૭ લોકો અને લખતર તાલુકાની અંદર ૧૦૧ લોકો તથા અંજાર તાલુકાની અંદર ૪૩૮ લોકો એમ મળીને કુલ ૨૩૭૨૦ લોકોને રોજગારી પ્રાપ્ત થઇ છે. એમનો બીજો પ્રશ્ન હતો કે કયા નવતર ક્ષેત્રમાં રોજગારીની તકો ઊભી થઇ છે તો તેમાં જણાવું તો કચ્છ જિલ્લામાં સોલાર પાવર ક્ષેત્રે નવા જે પ્રોજેક્ટ આવે છે તેમાં કુશળ માનવબળ તૈયાર થાય તે રીતે આગળની તૈયારી કરતા હોઇએ છીએ. આમાં નવા નવા કોર્સ, આવનાર દસ વર્ષમાં કયા પ્રકારના પ્રોજેક્ટ આવવાના છે તે માધ્યમથી નવી નવી તાલીમ આપી શકાય અને રોજગારી આપી શકાય તે રીતે વ્યવસ્થા કરતા હોઇએ છીએ.

**ભાવનગર જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો**

***15/4/881 શ્રી ગૌતમભાઈ ગોપાભાઈ ચૌહાણ** (તળાજા): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

## તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## તારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧ ( તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન ભાવનગર જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી, | )૧ ( કુલ -૫૧ |
| )૨ ( ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | )૨ ( ઉક્ત ફરિયાદો પૈકી,<br>• ૨૫ ફરિયાદોમાં ૩૮ શ્રમયોગીઓને રૂ.૨,૨૪,૮૨૦/-નું ચૂકવણું કરાવવામાં આવેલ છે.<br>• ૧૫ ફરિયાદોમાં કુલ- ૧૭ કોર્ટ કેસો નામદાર મજૂર અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે.<br>• ૦૨ ફરિયાદોમાં ૦૨ શ્રમયોગીઓને રીકવરીની સલાહ આપવામાં આવેલ છે.<br>• ૦૫ ફરિયાદોમાં ફરિયાદીનું સંસ્થા સાથે બારોબાર સમાધાન થતા ફરિયાદ પરત ખેંચેલ છે.<br>• કુલ- ૦૧ કારખાના વિરુદ્ધ કુલ- ૦૫ ફોજદારી કેસો કરવામાં આવેલ છે.<br>• અન્ય ફરિયાદોનો નિયમોનુસાર નિકાલ કરવામાં આવેલ છે. |

શ્રી ગૌતમભાઇ ગો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કારખાના ધારાની પાત્રતાની વ્યાખ્યા જણાવવા કૃપા કરશો. મારો બીજો પ્રશ્ન છે કે, ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલાં કારખાના નોંધાયેલાં છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જે સ્થળ ઉપર ૧૦થી વધારે કામદારો રોકીને વીજળી શક્તિની મદદથી ઉત્પાદન પ્રક્રિયા કરવામાં આવતી હોય અથવા જે સ્થળ ઉપર ૨૦થી વધુ કામદારો રોકીને વીજળી શક્તિ વગર ઉત્પાદનની પ્રક્રિયા કરવામાં આવતી હોય તેવાં સ્થળને કારખાના કલમ ધારા ૧૯૪૮ હેઠળ નોંધણી કરવામાં આવે છે. બીજો પ્રશ્ન હતો એમાં જણાવું તો ભાવનગર જિલ્લામાં ૧૧૬૫ એકમો કારખાના ધારા હેઠળ નોંધાયેલાં છે.

શ્રીમતી સેજલબેન રા. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, શ્રમ આયુક્ત તંત્ર દ્વારા કોલ સેન્ટરમાં ભાવનગર જિલ્લામાં તા. ૧/૧/૨૦૨૩ થી તા. ૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં કેટલા કોલ આવેલ છે અને, કેવા પ્રકારના કોલ આવેલ છે તેમજ ભાવનગર જિલ્લામાં ફરિયાદો સિવાય કેટલા ઔદ્યોગિક એકમોમાં કોર્ટ કાર્યવાહી કરવામાં આવેલ છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા શ્રમ આયુક્ત તંત્ર હેઠળની કચેરીમાં અધિકારીઓનો રૂબરૂ સંપર્ક સાધવામાં આવતા માર્ગદર્શન આપવામાં આવે છે. શ્રમ આયુક્ત કચેરી દ્વારા ટોલ ફ્રી હેલ્પ લાઇન તથા અસરકારક રીતે વ્યવસ્થાના ભાગરૂપે કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવે છે તેમજ યોગ શ્રમિકોને માર્ગદર્શન અને અન્ય યોજનાની જાણકારી આપવામાં આવે છે તથા શ્રમિકોની ફરિયાદ નોંધવા માટે શ્રમ આયુક્ત કચેરી, ગુજરાત રાજય દ્વારા શ્રમિક સહાય હેલ્પ લાઇન ૧૫૫, ૩૭૨ તા.૨૧/૧૦/૨૦૨૨ના રોજથી કાર્યરત છે. શ્રમ અને સહાયક હેલ્પ લાઇન ઉપર ભાવનગર જિલ્લામાં ૧/૧/૨૦૨૩ થી તા. ૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં કુલ ૩૭૩ કોલ મળેલ છે તેમાંથી ૨૫૪ કોલની વિવિધ પ્રકારની શ્રમ રોજગારને લગાતા પ્રશ્નોની જાણકારી મેળવવા અને ૮૫ કોલ શ્રમ તંત્ર તથા સંલગ્ન બોર્ડ મારફત ચલાવવામાં આવતી વિવિધ યોજનાની જાણકારી માટે અને ૧૦ કોલ વિવિધ શ્રમ કાયદાને લગતી જાણકારી મેળવવા અને ૧૨ કોલ ફરિયાદને લગતી જાણકારી મેળવવા ફરિયાદી કોલ મળ્યા છે. આ બધા જ કોલને યોગ્ય પ્રતિસાદ આપી શ્રમયોગીના પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ કરવામાં આવ્યું છે. ફરિયાદ બાબતમાં કાયદાનો ભંગ જણાતા કસૂરવાર કારખાના સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે છે. ભાગનગર જિલ્લાના ૭૧ એકમો સામે ૧૫૦ કેસ નામદાર લેબર કોર્ટમાં દાખલ કરવામાં આવ્યા છે તે પૈકી ૪૫ કેસોનું નામદાર કોર્ટ દ્વારા નિકાલ કરી કસૂરવાર માલીકો પાસેથી ૬ લાખ ૯૨ હજાર દંડ વસૂલ કરવામાં આવેલ છે.

માઘ ૨૪,૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી શિવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં મહુવા ખાતે ૧૪૦થી વધારે ડુંગળીના ડિ–હાઇડ્રેશન પ્લાન્ટો આવેલા છે તેમાં ૫૦થી વધારે દરરોજ બે–બે પાળીમાં લેબરો કામ કરે છે. તેમના હેલ્થ માટે અને તેમની સલામતી માટે સરકારના શ્રમ વિભાગ તરફથી શું શું નિયંત્રણ માટેના પગલાં લેવામાં આવે છે તે મારે જાણવું છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રમાણે પૂછ્યું એમ આપણે હેલ્થ માટેના બધા નિયમો બનાવ્યા છે અને તે પ્રકારની તમામ ફેક્ટરીવાળાઓએ એ પ્રકારની વ્યવસ્થા રાખવાની હોય છે. તેના બૂટથી માંડીને માથાના ટોપ સુધીની બધી જ વ્યવસ્થા કરવાની હોય છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીએ ડુંગળીના ડિ–હાઇડ્રેશન પ્લાન્ટ માટેનું કહ્યું છે તો તેની વિગત તેમને ડીટેઇલમાં જોઇતી હોય તો આપ એમને વ્યકિતગત પહોંચાડજો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જી.

**બનાસકાંઠા જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલ બેરોજગારો**

* **15/4/731 શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી**) દાંતા :(**માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં કેટલા બેરોજગારો નોંધાયેલ છે,

)૧(

| **તાલુકાનુ નામ** | | **તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૩ )૨ વર્ષ ( સુધીમાં થયેલ નામ નોંધણી** |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૫૬૩૦ |
| ૨ | અમીરગઢ | ૬૦૨ |
| ૩ | વડગામ | ૨૪૧૭ |
| ૪ | ડીસા | ૨૬૦૩ |
| ૫ | કાંકરેજ | ૧૩૪૯ |
| ૬ | દીયોદર | ૭૨૧ |
| ૭ | ભાભર | ૩૪૦ |
| ૮ | વાવ | ૪૬૮ |
| ૯ | થરાદ | ૯૦૫ |
| ૧૦ | ધાનેરા | ૫૬૧ |
| ૧૧ | દાંતીવાડા | ૨૬૬ |
| ૧૨ | દાંતા | ૧૦૭૬ |
| ૧૩ | સુઇગામ | ૧૮૬ |
| ૧૪ | લાખણી | ૩૯૫ |
| **કુલ** | | **૧૭૫૧૯** |

)૨( તે અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલાને રોજગારી આપવામાં આવી, અને

)૨(

| **વર્ષ** | **રોજગર કચેરીઓ મારફતે આપેલ રોજગારી** |
|---|---|
| ૨૦૨૨ | ૫૧૨૪ |
| ૨૦૨૩ | ૫૫૯૦ |

)૩( આપેલ રોજગારી પૈકી કેટલાને સરકારી, ખાનગી કે કરાર આધારીત રોજગારી આપવામાં આવેલ છે?

)૩(

| **વર્ષ** | **સરકારી** | **ખાનગી કે કરાર આધારીત અપાયેલ રોજગારી** | **કુલ** |
|---|---|---|---|
| ૨૦૨૨ | ૦ | ૫૧૨૪ | ૫૧૨૪ |
| ૨૦૨૩ | ૦ | ૫૫૯૦ | ૫૫૯૦ |

સરકારી નોકરીની વિગતમાં રોજગાર કચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે .અન્ય સરકારી ભરતીનો તેમાં સમાવેશ થતો નથી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧–૧૨–૨૦૨૩ની પરિસ્થિતિએ જે તાલુકાવાઇઝ જે રોજગાર કચેરીની નોંધણી થયેલી છે અને તેનો મને જવાબ આપેલો છે પણ સાથે સાથે મારે પેટા પ્રશ્નમાં માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જે રોજગાર કચેરીની અંદર જે નોંધણી થાય છે અને ભરતી મેળો જે થાય છે તે ભરતી મેળામાંથી ત્યાંથી એ લોકોને ઓર્ડર આપવામાં આવે છે અને ઓર્ડર આપ્યા પછી આપ તો ઉદ્યોગપતિ છો, આપને વધારે અનુભવ છે પણ સાથે સાથે એ લોકોને ઓર્ડર આપવામાં આવે અને જે જગ્યાએ એ લોકોને મૂકો છો તે જગ્યાએ તે લોકોને રાખવામાં આવતા નથી, તેને

નિમણૂક આપતા નથી તેના માટે આપ જે લોકોને ઓર્ડર આપવા માગો છો તે લોકોની ફરીથી ચકાસણી કરવા માગો છો કે કેમ? કારણ કે તે લોકોને રોજગારી આપવી છે અને કેટલા ટાઇમ સુધીમાં તે રોજગારી મેળવે છે કે નથી મેળવતા પણ મને જ્યાં સુધી અનુભવ છે ત્યાં સુધી એ લોકોને ઓર્ડર આપ્યો છે બાકી તે લોકો નિસાસા નાંખીને પાછા ઘરભેગા થઇ જાય છે તેને કોઇ રાખતું નથી, તો તેની આપ ચકાસણી કરવા માગો છો કે કેમ ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે લાગણી દર્શાવી છે મોટા ભાગે મારી પાસે કોઇ ફરિયાદ આવી નથી પણ કદાચ સભ્યશ્રી કહેશે તો આપણે ચોક્કસપણે એક વખત આપ્યા પછી તેને નહીં આપી હોય તો આપણે કાયદાકીય રીતે જે રીતે પાલન થતું હશે તે પ્રમાણે આપણે કરીશું. શ્રી કાંતિભાઇને હું ખાતરી આપું છું કે, આપ મને પર્સનલી કહેજો આવો કયાંય પણ બનાવ બન્યો હશે તો આપણે તાત્કાલિક પગલાં લઇશું અને તેની સાથે સાથે જે ચિંતા કરી છે કે, આપણો જે હેતુ છે તે હેતુ એવો છે કે જે લોકો એચ.આર.ના માધ્યમથી પહેલાં લોકો નોકરી માટેની જાહેરાત આપતા અને બધા ભેગા થતા. આપણે એવુ સંકલન કરવા માગીએ છીએ કે, એક જ ઠેકાણે મેળો થાય અને એ મેળાની અંદર બધા જ નોકરીદાતાઓ હાજર રહે. તમામ પ્રકારના એચ.આર.શ્રીઓ હાજર રહે અને નોકરી લેવાવાળા હાજર રહે. મોટાભાગે અધિકારીશ્રીઓનો પ્રયત્ન હોય છે કે બન્ને બાજુથી આપણે કેવી રીતે રાખીને તે લોકોને રોજગારી પ્રાપ્ત થાય તે પ્રમાણેની વ્યવસ્થા કરતા હોઇએ છીએ. હું આપને ખાતરી આપું છું કે, આપ કોઇ પણ એવો કિસ્સો અમારા ધ્યાન ઉપર લાવશો તો આપણે ચોક્કસપણે તેનું નિરાકરણ લાવીશું.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રોજગાર કચેરી દ્વારા રોજગારવાંચ્છુઓને કારકિર્દીના ઘડતર માટે કેવી રીતે માર્ગદર્શન આપવામાં આવે છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછયું છે તો રોજગાર કચેરીમાં કાઉન્સિલિંગ થાય છે. શાળા કોલેજોની અંદર પણ આપણે બધાને મોકલતા હોઇએ છીએ. વિદ્યાર્થીઓ ભણી રહે અને જે ડિપાર્ટમેન્ટમાં જે રીતે ભણ્યા હોય તેમાં કેવી રીતે તેનુ માર્ગદર્શન થઇ શકે, કયાં જોબ મળી શકે તે પ્રકારની વ્યવસ્થા કરતા હોઇએ છીએ. હવે તો આપણે એ પણ ચિંતા કરીએ છીએ કે આવનાર સમયમાં કયા પ્રકારની જોબ મળશે જેના કારણે લોકો તૈયાર થઇ શકે. આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કૌશલ્ય યુનિવર્સિટી સ્થાપી છે અને મેગા આઇ.ટી.આઇ. આપણે પાંચ કરીને આવા બાર નવા નવા કોર્સો આવનારા સમયની અંદર રોજગારી આપી શકાય તે પ્રમાણેની વ્યવસ્થા આપણે કરતા હોઇએ છીએ.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બનાસકાંઠા રોજગાર કચેરી દ્વારા સંરક્ષણ ક્ષેત્રે એટલે બી.એસ.એફની અંદર ભરતી કરવા માટે તાલીમની શું વ્યવસ્થા છે ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સીમા સુરક્ષા બી.એસ.એફ. માટે પણ ભરતી થવા માટે જિલ્લામાં રોજગાર કચેરી દ્વારા બી.એસ.એફ. ખાતે દિન–૩૦ના નિવાસી તાલીમ વર્ગો આપણે યોજતા હોઇએ છીએ.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લામાં....

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

### અમદાવાદ શહેર અને જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની ગુણવતા સુધારણા યોજનાની અરજીઓ

**15/4/723 :શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા) જમાલપુર–ખાડીયા): માનનીય લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

**પ્રશ્ન**

)૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં માઇક્રો, સ્મોલ એન્ડ મિડીયમ એન્ટરપ્રાઇઝ એકમોને ગુણવતા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| સમયગાળો | અમદાવાદ શહેર અને જિલ્લામાં કુલ મંજૂર થયેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| ૦૧/૦૧/૨૦૨૨ થી ૩૧/૧૨/૨૦૨૩ | ૪૪ |

| | | |
|---|---|---|
| )૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું ? | (૨) | |

| સમયગાળો | ચૂકવણું કરેલ કુલ એકમોની સંખ્યા | કુલ ચૂકવણું કરવામાં આવેલ રકમ (રૂ લાખમાં) |
|---|---|---|
| ૦૧/૦૧/૨૦૨૨ થી ૩૧/૧૨/૨૦૨૩ | ૪૨ | ૧૪૯.૬૪ |

**ખેડા જિલ્લામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના**

**15/4/899 : શ્રી રાજેશકુમાર મગનભાઈ ઝાલા** (કપડવંજ) **: માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) | ૩૧ |
| )૨) ઉક્ત સ્થિતિએ તે પેટે કેટલી રકમની લોન આપવામાં આવી? | (૨) | રૂ.૪૬૫.૦૦ લાખ |

**અમદાવાદ જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો**

**15/4/894 શ્રી કાળુભાઈ રૂપાભાઈ ડાભી** (ધંધુકા)**: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| )૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન અમદાવાદ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી, | )૧) | કુલ– ૨,૭૫૭. |

| | | | |
|---|---|---|---|
| )૨) | ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | )૨) | ઉક્ત ફરિયાદો પૈકી,<br>●૧૫૩ ફરિયાદોમાં ૬૬૯ શ્રમયોગીઓને રૂ.૮૦,૭૪,૧૭૮/-નું સમજાવટથી ચૂકવણું કરાવવામાં આવેલ છે.<br>●૬૩૦ ફરિયાદો પૈકી કસુરવાર ૨૬૦ સંસ્થા વિરુદ્ધ કુલ-૩૦૧ કોર્ટ કેસો દાખલ કરવામાં આવેલ છે.<br>●૧૭૦ ફરિયાદોમાં અરજદારશ્રીને સંસ્થા સાથે સમાધાન થયેલ છે.<br>●૫૧૫ ફરિયાદોમાં શ્રમયોગીઓને લેબર કોર્ટમાં રીકવરી અરજી દાખલ કરવાની/ પુન: સ્થાપનનો ઔદ્યોગિક વિવાદ ઊભો કરવા/ગ્રેચ્યુઈટી અંગે કંન્ટ્રોલીંગ ઓથોરીટી સમક્ષ દાવો ઉપસ્થિત કરવા સલાહ આપેલ છે.<br>●કુલ- ૭૩ કારખાના વિરુદ્ધ કુલ- ૬૩૯ ફોજદારી કેસો દાખલ કરવામાં આવેલ છે. તથા તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ બાકી રહેલ ૩૮ ફરિયાદો સમયમર્યાદામાં કાર્યવાહી હેઠળ છે.<br>●અન્ય ફરિયાદોનો નિયમાનુસાર નિકાલ કરવામાં આવી રહેલ છે. |

----------------------------

**સુરત જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના**

15/4/904 **શ્રી મનુભાઇ એમ.પટેલ**) ઉધના) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | સુરત જિલ્લામાં વર્ષ ૨૦૨૩ માં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | )૧) | ૮૬ |
| )૨) | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | )૨) | ૮૬ |
| )૩) | તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી? | )૩) | ૪૩૦૦૦૦૦ |

**અનુસૂચિત જાતિના યુવક - યુવતીઓને અદાણી સ્કીલ ડેવલપમેનટ દ્વારા તાલીમ**

**15/4/1364 : શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ કે તેના તાબા હેઠળની કચેરી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા અદાણી સ્કીલ ડેવલપમેનટ, અમદાવાદ સાથે અનુસૂચિત જાતિના યુવક-યુવતીઓને તાલીમ આપવા માટે કરાર કે હુકમ થયેલ છે તે હકિકત સાચી છે, | (૧) | હા, જી.<br>તા.૦૫/૦૩/૨૦૧૯ અને<br>તા.૦૬/૦૮/૨૦૧૯ ના વર્ક ઓર્ડર આપેલ છે. |
| (૨) | જો હા, તો કુલ કેટલી રકમનો કરાર કરવામાં આવેલ છે અને તે અનવયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ચૂકવવામાં આવી, | (૨) | કુલ રૂ.૧૩.૯૮ કરોડ ના હુકમ કરવામાં આવેલ છે. તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંસ્થાને કોઈ રકમ ચૂકવવામાં આવેલ નથી. |
| (૩) | ઉક્ત કરાર કે હુકમ માટે ટેનડર પ્રક્રિયા કરવામાં આવેલ છે કે કેમ, અને | (૩) | ના, જી. |
| (૪) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અનુસૂચિત જાતિના કેટલા યુવક-યુવતીઓને તાલીમ આપવામાં આવી? | (૪) | વર્ષ ૨૦૨૨ : શૂન્ય<br>વર્ષ ૨૦૨૩ : શૂન્ય |

માઘ ૨૪,૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નો

**ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય**

**15/4/921 શ્રી હાર્દિક ભરતભાઇ પટેલ) વિરમગામ): માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ખાદી વેચાણને પ્રોત્સાહિત કરવા બજાર વિકાસ સહાય યોજના અમલમાં છે કે કેમ, | )૧) | હા, રાજ્ય સરકારશ્રીની બજાર વિકાસ સહાય યોજના ગુજરાત સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગ,ગાંધીનગરના સુધારા ઠરાવક્રમાંક:ગમઉ/૧૦૨૦૧૫/૫૨૦(૩૨૬૬૪૩)/ખ૧, તા.૨૪/૦૨/૨૦૧૬ અન્વયે તા.૦૧/૦૪/૨૦૧૬થી અમલમાં છે. |
| )૨( | જો હા, તો ઉકત સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ખાદી અને પોલીવસ્ત્રની કામગીરી કરતી કેટલી સંસ્થા–મંડળીઓ સંકળાયેલી છે, | )૨) | અમદાવાદ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ૨૮ સંસ્થાઓ ઇ–કુટિર પોર્ટલ (ખાદી બોર્ડ) પર રજીસ્ટ્રેશન થયેલ છે. |
| )૩) | ઉકત સંકળાયેલ સંસ્થા–મંડળીઓને ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય ચુકવાયેલ છે? | )૩) | ઉકત સંસ્થા/મંડળીઓને છેલ્લા બે વર્ષમાં રૂ.૨૪૫.૬૧ લાખ બજાર વિકાસ સહાય ચૂકવવામાં આવેલ છે. |

**કચ્છ જિલ્લાના એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય**

**15/4/909 :શ્રી ત્રિકમ બિજલ છાંગા ) અંજાર): માનનીય લઘુ,સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

**પ્રશ્ન**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક નિતી–૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ કચ્છ જિલ્લામાં માઇક્રો સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઇઝીસ એકમોની કેટલી ક્લેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

)૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા એકમોને કુલ કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

)૧)

| વર્ષ | મંજૂર કરેલ કલેઇમ અરજીઓની સંખ્યા |
|---|---|
| ૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ | ૨૭૩ |

)૨)

| વર્ષ | ચૂકવણું કરેલ એકમની કલેઇમ અરજીઓની સંખ્યા | સહાયની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ | ૨૭૩ | ૧૪૫૫.૯૫ |

**સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકામાં આવેલ જી.આઇ.ડી.સી.**

**15/4/1336 શ્રી પરસોત્તમભાઇ ખેંગારભાઇ પરમાર**) દસાડા): **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના વણોદ ગામે જી.આઇ.ડી.સી. બનાવવાની ક્યારે મંજૂરી મળી, | )૧) | તા.૨૮/૦૯/૨૦૧૭ ના રોજ યોજાયેલ બોર્ડ બેઠકમાં જી.આઇ.ડી.સી. બનાવવાની સૈધ્ધાતિક મંજૂરી આપવામાં આવેલ છે. |
| )૨) | ઉક્ત જી.આઇ.ડી.સી. ના ડેવલપમેન્ટ માટે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને | )૨) | કુલ રૂ.૩૬,૨૫,૮૬,૮૪૯/– |
| )૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત જી.આઇ.ડી.સી. ખાતે કેટલા ઔદ્યોગિક એકમો કાર્યરત કરવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે? | )૩) | વણોદ ઔદ્યોગિક વસાહત ખાતે એપ્રોચ રોડની જગ્યા વિવાદિત હોઇ, આ બાબત સબજ્યુડીશ છે.<br>હાલમાં, વૈકલ્પિક વ્યવસ્થા તરીકે સદર વસાહતના યુટિલિટી કોરીડોરમાંથી રોડ બનાવી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.<br>વણોદ ઔદ્યોગિક વસાહત ખાતે પ્લોટ ફાળવણીની પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ નથી. |

**આણંદ જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો**

**15/4/884 શ્રી વિપુલકુમાર વિનુભાઇ પટેલ** (સોજીત્રા): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

## તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન આણંદ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી, | )૧) | કુલ- ૩૬ |
| )૨) | ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | )૨) | ઉક્ત ફરિયાદો પૈકી,<br>• ૧૦ ફરિયાદોમાં ૨૯ શ્રમયોગીઓને રૂ.૯,૮૭,૭૦૨/-નું સમજાવટથી ચૂકવણું કરાવવામાં આવેલ છે.<br>• ૦૫ ફરિયાદોમાં નામદાર કોર્ટમાં કુલ ૧૫ કેસો દાખલ કરવામાં આવેલ છે.<br>• ૦૮ ફરિયાદો એવોર્ડ ભંગની હોય, જેમાં સંસ્થા દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન દાખલ કરેલ હોઈ, તે બાબત સબજ્યુડીશ હોઈ, હાલ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.<br>• કુલ- ૦૩ કારખાના વિરુદ્ધ કુલ- ૧૦ ફોજદારી કેસો કરવામાં આવેલ છે.<br>• અન્ય ફરિયાદોનો નિયમાનુસાર નિકાલ કરવામાં આવેલ છે. |

-----------------------

**ગાંધીનગર જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના**

**15/4/918 શ્રી બલરાજસિંહ કલ્યાણસિંહ ચૌહાણ**) દહેગામ) **: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે ગાંધીનગર જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે ગાંધીનગર જિલ્લામાં ૪૭૮૫ અરજીઓ મળી. |
| )૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થઈ, અને | )૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ૪૭૮૫ અરજીઓ મંજૂર થઈ . |
| )૩) તેમા કેટલી રકમની સહાય મંજૂર કરી? | )૩) ઉક્ત મંજૂર થયેલ અરજીઓમાં લાભાર્થી દિઠ માસિક રૂ.૧૨૫૦/- ની સહાય મંજૂર કરી. |

--------------

**સુરત જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો**

**15/4/885 શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત)**: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે.-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન સુરત જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી, | )૧) | કુલ- ૧,૧૨૯ |

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| )૨) ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | )૨) ઉક્ત ફરિયાદો પૈકી,<br>• ૧૪૧ ફરીયાદોમાં ૩૦૬ શ્રમયોગીઓને રૂ.૫૯,૪૬,૧૩૩/-નું ચૂકવણું કરવામાં આવેલ છે.<br>• ૧૦૭ ફરીયાદોમાં નામદાર અદાલતમાં કુલ ૧૨૨ કેસ દાખલ કરવામાં આવેલ છે.<br>• ૧૦૨ ફરીયાદોમાં સમાધાન થયેલ છે.<br>• ૪૬ ફરીયાદોમાં નામદાર મજૂર અદાલતમાં રીકવરી અરજી દાખલ કરવા સલાહ આપવામાં આવેલ છે.<br>• ૩૬ ફરીયાદોમાં સંસ્થા દ્વારા કાયદાનું પાલન કરવામાં આવેલ છે.<br>• ૧૪ ફરીયાદોમાં તપાસ નોંધ પાઠવેલ છે.<br>• ૪૨ ફરિયાદ બાબતે કુલ-૪૨ કારખાના વિરુદ્ધ કુલ- ૨૨૦ ફોજદારી કેસો કરવામાં આવેલ છે. તથા તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ બાકી રહેલ ૫૧ ફરિયાદો સમયમર્યાદામાં કાર્યવાહી હેઠળ છે.<br>• અન્ય ફરિયાદોનો નિયમાનુસાર નિકાલ કરવામાં આવેલ છે. |

-------------------------

**મોરબી જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના**

15/4/906: **શ્રી દુર્લભજીભાઇ હરખજીભાઇ દેથરીયા** (ટંકારા): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૩ | ફાઇન ક્રિએશન<br>પ્લોટ નં–૪, ગ્રાઉન્ડ ફ્લોર એન્ડ ફ્સ્ટ ફ્લોર હોજીવાલા કંપાઉન્ડ ખટોદરા, સુરત સીટી, સુરત | ૦૧ | ૦૨ |
| ૨ | ૨૦૨૩ | શ્રી લબ્ધી પ્રિંટ્સ<br>સર્વે નં.૧૩૦૧–એ, અશ્વનિકુમાર રોડ, સુરત | ૦૧ | ૦૦ |
| ૩ | ૨૦૨૩ | અગ્રવાલ ટેક્ષટાઇલ મિલ્સ<br>વસ્તાદેવડી રોડ, કતારગામ, સુરત | ૦૦ | ૦૦ |
| ૪ | ૨૦૨૩ | પ્રિયાંશી ક્રિએશન્સ પ્રા.લી.<br>પ્લોટ નં.૯૩, જી.આઇ.ડી.સી. પાંડેસરા, સુરત | ૦૦ | ૦૦ |
| ૫ | ૨૦૨૩ | સુર્યા ટેક્ષ પ્રિન્ટસ પ્રા.લી.<br>જી–૧૧૯–૧૨૨, લક્ષ્મીનારાયણ ઇન્ડ. એસ્ટેટ, બી.આર.સી. ઉધના, સુરત | ૦૦ | ૦૦ |
| ૬ | ૨૦૨૩ | એમ.બી.એન્ટરપ્રાઇઝ<br>પ્લોટ નં.૧૫૨, સોના એપાર્ટમેન્ટ ઉમિયાધામ રોડ પાસે, વરાછા, સુરત | ૦૦ | ૦૦ |

**હેલિપોર્ટ વિકસાવવાનું આયોજન**

**15/4/1388 શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી** )માણાવદર) **:**પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૬/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૨૦૨૦(અગ્રતા–૪૯)ના અનુસંધાને **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| )૧) રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં હાંસોલ, જિ.અમદાવાદ, ગુંજા, જિ.મહેસાણા, સોમનાથ, દ્વારકા, અંબાજી, ગીર અને સાપુતારા ખાતે હેલિપોર્ટ વિકસાવવાનું આયોજન હેઠળ હતું તે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયા સ્થળોએ હેલીપોર્ટ કાર્યરત કરવામાં આવેલ છે, | )૧) અને )૨) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત તમામ સ્થળોએ હેલિપોર્ટ વિકસાવવાની કામગીરી માટે જમીન મેળવવાની કામગીરી પ્રગતિ હેઠળ હોવાથી હેલીપોર્ટ કાર્યરત કરવાના બાકી છે. |
| )૨) ઉક્ત સ્થિતિએ કયા સ્થળોએ હેલીપોર્ટ કાર્યરત કરવાના બાકી છે, અને | | |
| )૩) ઉક્ત બાકી સ્થળોએ ક્યાં સુધીમાં હેલીપોર્ટ કાર્યરત કરવામાં આવનાર છે? | )૩) | ઉક્ત સ્થળોએ જમીન મેળવવાની કામગીરી પૂર્ણ થયેથી હેલીપોર્ટ વિકસાવવા નિયમાનુસારની આગળની કાર્યવાહી કરવામાં આવશે. |

**આણંદ અને ભરૂચ જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો**

1363/4/15**ગેનીબેન નગાજી ઠાકોર**) વાવ) **:માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –.

**પ્રશ્ન** / **જવાબ**

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આણંદ અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા રોજગાર વિનિમય કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે, અને

)૧(

| જિલ્લાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|
| આણંદ | ૨૧૬૦૨ | ૩૧ | ૨૧૬૩૩ |
| ભરૂચ | ૪૨૮૬ | ૨૬૫ | ૪૫૫૧ |

)૨( ઉક્ત નોંધાયેલ બેરોજગારો પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલા બેરોજગારોને રોજગારી મળી, અને

)૨(

| વર્ષ | જિલ્લો | રોજગાર કચેરીઓ મારફતે મળેલ રોજગારી | | |
|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
| ૨૦૨૨ | આણંદ | ૯૭૬૩ | ૬૨ | ૯૮૨૫ |
| | ભરૂચ | ૧૪૪૮૨ | ૫૧૫૩ | ૧૯૬૩૫ |
| ૨૦૨૩ | આણંદ | ૧૦૨૦૮ | ૧ | ૧૦૨૦૯ |
| | ભરૂચ | ૨૪૮૦૧ | ૮૧૮૫ | ૩૨૯૮૬ |

)૩( ઉક્ત મળેલ રોજગારી પૈકી કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી?

)૩( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરી આણંદ અને ભરૂચ મારફત આપવામાં આવેલ સરકારી અને ખાનગી રોજગારી

| વર્ષ | જિલ્લો | સરકારી | ખાનગી | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૨૨ | આણંદ | ૦ | ૯૮૨૫ | ૯૮૨૫ |
| | ભરૂચ | ૦ | ૧૯૬૩૫ | ૧૯૬૩૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦૨૩ | આણંદ | ૦ | ૧૦૨૦૯ | ૧૦૨૦૯ |
| | ભરૂચ | ૦ | ૩૨૯૮૬ | ૩૨૯૮૬ |

સરકારી નોકરીની વિગતમાં રોજગાર કચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે. અન્ય સરકારી ભરતીનો તેમાં સમાવેશ થતો નથી.

------------------

**ભાડાના મકાનમાં કાર્યરત આઈ.ટી.આઈ**

15/4/1373 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ**) પાટણ(**: ચૌદમી ગુજરાત વિધાનસભાના દસમાં સત્રમાં તા.૦૯/૦૩/૨૦૨૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૪૦૭૮૯(અગ્રતા-૧૦૬)ના અનુસંધાને માનનીય શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| )૧) રાજ્યની ૧૯ આઇ.ટી.આઇ. ભાડાના મકાનમાં કાર્યરત હતી તે પૈકી કેટલી આઇ.ટી.આઇ.ના મકાનો બનાવવાની કામગીરી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયા તબક્કે છે, | )૧) પરિશિષ્ટ - ૧ મુજબ |
| )૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે, | )૨) પરિશિષ્ટ - ૨ મુજબ |
| )૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કઇ આઇ.ટી.આઇ.ના મકાન કેટલા ભાડાના દરથી રાખવામાં આવેલ છે, અને | )૩) પરિશિષ્ટ - ૩ મુજબ |
| )૪) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભાડા પેટે કોને કેટલી રકમ ચૂકવવામાં આવી? | )૪) પરિશિષ્ટ - ૪ મુજબ |

---------------------

**પરિશિષ્ટ- ૧**

**રાજ્યની ૧૯ આઇ.ટી.આઇ .ભાડાના મકાનમાં કાર્યરત હતી તે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ આઇ.ટી.આઇ.ના મકાનો બનાવવાની કામગીરીની સ્થિતિ દર્શાવતી વિગતો.**

| **ક્રમ** | **સંસ્થાનું નામ** | **વિગત** |
|---|---|---|
| **તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બાંધકામ પૂર્ણ થયેલ આઇ.ટી.આઇની વિગત** | | |
| ૧ | ચાણસ્મા | બાંધકામ પૂર્ણ થયેલ છે. તા.૨૨/૦૨/૨૦૨૨ના રોજ પઝેશન મેળવેલ છે. |
| ૨ | વાગડોદ | બાંધકામ પૂર્ણ થયેલ છે. તા.૦૯/૦૧/૨૦૨૩ના રોજ પઝેશન મેળવેલ છે. |
| ૩ | ડેસર | બાંધકામ પૂર્ણ થયેલ છે. તા.૦૧/૦૩/૨૦૨૩ના રોજ પઝેશન મેળવેલ છે. |
| ૪ | પાવી-જેતપુર | બાંધકામ પૂર્ણ થયેલ છે. તા.૧૬/૦૩/૨૦૨૩ના રોજ પઝેશન મેળવેલ છે. |
| ૫ | ગીર-ગઢડા | બાંધકામ પૂર્ણ થયેલ છે. તા.૩૧/૧૨/૨૦૨૧ના રોજ પઝેશન મેળવેલ છે. |
| ૬ | વિંછીયા | બાંધકામ પૂર્ણ થયેલ છે. તા.૧૭/૧૦/૨૦૨૩ના રોજ પઝેશન મેળવેલ છે. |
| ૭ | ડોલવણ | બાંધકામ પૂર્ણ થયેલ છે. તા.૦૮/૧૨/૨૦૨૩ના રોજ પઝેશન મેળવેલ છે. |
| ૮ | વઘઈ | બાંધકામ પૂર્ણ થયેલ છે. તા.૧૮/૦૧/૨૦૨૩ના રોજ પઝેશન મેળવેલ છે. |
| **તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બાંધકામ અંગેની કામગીરીની પ્રગતિ.** | | |

| | | |
|---|---|---|
| ૯ | **મૂળી** | ફિનિશિંગ લેવલ, કામગીરી પ્રગતિમાં છે. |
| ૧૦ | **કુકરમુંડા** | ફર્સ્ટ ફ્લોર સ્લેબની કામગીરી તેમજ પ્લાસ્ટર લેવલની કામગીરી પ્રગતિમાં છે. |
| ૧૧ | **પ્રતાપનગર** | કૉલમ લેવલ, સ્લેબ લેવલ, ફર્સ્ટ ફ્લોર સ્લેબ લેવલની કામગીરી પ્રગતિમાં છે. |
| ૧૨ | **વાપી** | પ્લમ્બર, ઈલેક્ટ્રીફિકેશન, કમ્પાઉન્ડ વોલ, કલર વર્કની કામગીરી પ્રગતિમાં છે. |
| **તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બાંધકામ શરૂ થયેલ નથી કે અન્ય કારણોની વિગત** | | |
| ૧૩ | **કઠલાલ** | ટેન્ડર લેવલે |
| ૧૪ | **મહુધા** | વર્ક ઓર્ડર લેવલે |
| ૧૫ | **વસો(મહિલા)** | જમીન સંપાદન અંગેની કામગીરી પ્રગતિમાં છે. |
| ૧૬ | **ગુલાબનગર (જામનગર)** | ટેન્ડર લેવલે |
| ૧૭ | **ફતેપુરા** | જમીન સંપાદન કોર્ટ કેસને કારણે બાંધકામ કામગીરીમાંથી ડ્રોપ કરવામાં આવેલ છે. |
| ૧૮ | **અબડાસા(કોઠારા)** | બાંધકામ કામગીરી સમયમર્યાદામાં શરૂ ન થવાથી બાંધકામ કામગીરી માંથી ડ્રોપ કરવામાં આવેલ છે. જે હવે'નવી બાબત વર્ષ:૨૦૨૪-૨૫માં નવીન મકાન બાંધકામમાં સમાવેશ કરવા માટે દરખાસ્ત કરેલ છે. |
| ૧૯ | **ડિંડોલી(નવાગામ)** | જમીન સંપાદન ન થવાના કારણે બાંધકામ કામગીરીમાંથી ડ્રોપ કરવામાં આવેલ હતું,હાલ જમીન સંપાદન કામગીરી પ્રગતિમાં છે. |

**પરિશિષ્ટ- ૨**
**કામગીરી પૂર્ણ કરવામાં આવનાર છે તે સંસ્થાઓની વિગત.**

| **ક્રમ** | **સંસ્થાનું નામ** | **બાંધકામ પૂર્ણ થવાનો સંભવિત માસ અને વર્ષ** |
|---|---|---|
| ૧ | **મૂળી** | મે - ૨૦૨૪ |
| ૨ | **કુકરમુંડા** | માર્ચ - ૨૦૨૪ |
| ૩ | **પ્રતાપનગર** | જુલાઈ - ૨૦૨૪ |
| ૪ | **વાપી** | માર્ચ - ૨૦૨૪ |

**પરિશિષ્ટ-૩**
**તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મકાન ભાડાના દરની વિગત**

| **ક્રમ** | **સંસ્થાનું નામ** | **ભાડું પ્રતિ માસ (રૂપિયા)** |
|---|---|---|
| ૧ | ચાણસ્મા | ૩૧૭૯૦.૦૦ |
| ૨ | વાગડોદ | ૨૦૪૫૦.૦૦ |
| ૩ | ડેસર | ૯૯૯૯.૦૦ |
| ૪ | ફતેપુરા | ૨૭૬૦૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૫ | કઠલાલ | ૪૧૪૭૧.૦૦ |
| ૬ | મહુધા | ૨૮૨૬૧.૦૦ |
| ૭ | પાવી–જેતપુર | ૪૩૦૨૧.૦૦ |
| ૮ | વસો(મહિલા) | ૨૬૦૦૦.૦૦ |
| ૯ | અબડાસા(કોઠારા( | ૩૬૧૦૦.૦૦ |
| ૧૦ | ગીર ગઢડા | ૧૧૫૦૦.૦૦ |
| ૧૧ | ગુલાબનગર (જામનગર) | ૪૯૯૦૦.૦૦ |
| ૧૨ | મૂળી | ૧૬૩૯૯.૦૦ |
| ૧૩ | વિંછીયા | ૨૭૭૦૦.૦૦ |
| ૧૪ | ડિંડોલી(નવાગામ) | ૨૪૩૦૦.૦૦ |
| ૧૫ | ડોલવણ | ૪૯૦૦૦.૦૦ |
| ૧૬ | કુકરમુંડા | ૯૮૦૦.૦૦ |
| ૧૭ | પ્રતાપનગર | ૧૨૪૦.૦૦ |
| ૧૮ | વઘઈ | ૯૮૪૫.૦૦ |
| ૧૯ | વાપી | ૪૮૫૦૦.૦૦ |

**પરિશિષ્ટ– ૪**
**તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભાડા પેટે ચૂકવેલ રકમની વિગત**

| ક્રમ | સંસ્થાનું નામ | તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી ચૂકવેલ કુલ ભાડું (રૂપિયા) | તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી ચૂકવેલ કુલ ભાડું (રૂપિયા) | ભાડું ચૂકવાયેલ મકાન માલિક/સંસ્થાનું નામ, સરનામું |
|---|---|---|---|---|
| ૧ | **ચાણસ્મા** | ૪૭૬૮૫.૦૦ | ૦.૦૦ | કાંતિલાલ ચતુરદાસ પટેલ<br>૪, ત્રિભોવન નગર સોસાયટી, ચાણસ્મા–હારીજ હાઈવે<br>તા.ચાણસ્મા, જિ. પાટણ<br>પિન: ૩૮૪૨૬૫ |
| ૨ | **વાગડોદ** | ૧૧૯૮૨૨.૦૦ | ૦.૦૦ | (૧) પટેલ અંબારામભાઈ મોહનભાઈ<br>વાગડોદ, જિ.પાટણ<br>(૨) નાયબ ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), પાટણ |
| ૩ | **ડેસર** | ૧૧૯૯૮૮.૦૦ | ૧૯૯૯૮.૦૦ | કિરવતસિંહ જશવંતસિંહ પરમાર<br>મુ.પો. જૂના શિહોરા, તા.ડેસર, જિ.વડોદરા<br>પિન: ૩૯૧૭૭૪ |
| ૪ | **ફતેપુરા** | ૩૩૧૨૦૦.૦૦ | ૩૩૧૨૦૦.૦૦ | મદિનાબીબી મોહમ્મદસલીમ સાઠીયા<br>કરોડિયા પૂર્વ પંચાયત રોડની પાસે, ફાતેમા મસ્જિદની સામે, કરોડિયા પૂર્વ, તા.ફતેપુરા, જિ. દાહોદ<br>પિન: ૩૮૯૧૭૨ |
| ૫ | **કઠલાલ** | ૪૯૭૬૫૨.૦૦ | ૪૯૭૬૫૨.૦૦ | ડો. કે.આર.શાહ એન્ડ શ્રીમતી ડી.કે શાહ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ,<br>પ્રમુખનું નામ: ગોવિંદલાલ રમણલાલ શાહ<br>બી–૪, કુબેરનગર સોસાયટી, કુબેરજી મહાદેવ પાસે,<br>તા.કપડવંજ, જિ.ખેડા, પિન: ૩૮૭૬૨૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | **મહુધા** | ૩૩૯૧૩૨.૦૦ | ૩૩૯૧૩૨.૦૦ | મહુધા કેળવણી મંડળ, મહુધા<br>કે.એમ પટેલ પ્રાથમિક શાકા કેમ્પસ, ડાકોર–અમદાવાદ હાઈવે, તા.મહુધા, જિ.ખેડા–૩૮૭૩૩૫ |
| ૭ | **પાવી–જેતપુર** | ૫૧૬૨૫૨.૦૦ | ૨૫૮૧૨૬.૦૦ | શાહ અંજકુમાર સિયારામ<br>મુ.પો: તળાવ ફળિયા, તા.પાવી–જેતપુર, જિ.છોટા ઉદેપુર<br>પિન: ૩૯૧૧૬૦ |
| ૮ | **વસો(મહિલા)** | ૩૧૨૦૦૦.૦૦ | ૩૧૨૦૦૦.૦૦ | શાહ વિનોદકુમાર લુણકરણ<br>પ્રાથમિક શાળાની બાજુમાં, સેવાલિયા બજાર, મુ.પો– સેવાલિયા, તા.ગળતેશ્વર, જિ.ખેડા |
| ૯ | **અબડાસા (કોઠારા)** | ૪૩૩૨૦૦.૦૦ | ૧૦૮૩૦૦.૦૦ | ખોડુભા વી. જાડેજા, પશ્ચિમ કચ્છ ખાદી ગ્રામોદ્યોગ સંઘ, મુ. પો.– કોઠારા, તા.અબડાસા, જિ. કચ્છ<br>પિન: ૩૭૦૬૪૫ |
| ૧૦ | **ગીર ગઢડા** | ૦.૦૦ | ૦.૦૦ | મોહમ્મદભાઈ કાસમભાઈ ઝાખરા (ઉર્ફે મુન્નાભાઈ)<br>હનુમાન પરા વિસ્તાર, સણવાવ રોડ, જિ. ગીર–ગઢડા<br>પિન: ૩૬૨૫૩૦ |
| ૧૧ | **ગુલાબનગર (જામનગર)** | ૫૯૮૮૦૦.૦૦ | ૫૯૮૮૦૦.૦૦ | દિવ્યરાજસિંહ ટેમુભા ચુડાસમાજ/૫, યમુના ટેનામેન્ટ, પેલેસ ગ્રાઉન્ડની સામે, જામનગર પિન: ૩૬૧૦૦૮ |
| ૧૨ | **મૂળી** | ૧૯૬૭૮૮.૦૦ | ૧૮૦૩૮૯.૦૦ | ગં.સ્વ. ઉષાબેન આનંદસિંહ પરમાર<br>માંડવરાયાજી મંદિર પાછળ, તા.મૂળી, જિ.સુરેન્દ્રનગર |
| ૧૩ | **વિંછીયા** | ૩૩૨૪૦૦.૦૦ | ૨૬૩૫૯૭.૦૦ | ચંદુભાઈ રાવજીભાઈ મીઠાપરા<br>મારુતિ ચોક, ઉગમણી બારી, વીંછીયા<br>પિન:૩૬૦૦૫૫ |
| ૧૪ | **ડિંડોલી (નવાગામ)** | ૦.૦૦ | ૦.૦૦ | સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન<br>સ્કૂલ નં.૩૨, બાબા મેમોરિયલ હોસ્પિટલની સામે, સાઈ પોઈન્ટ, ડિંડોલી જિ.સુરત |
| ૧૫ | **ડોલવણ** | ૫૮૮૦૦૦.૦૦ | ૯૮૦૦૦.૦૦ | રોબિન્સ ગામીત, સેક્રેટરીશ્રી, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ડોલવણ, જિ. તાપી(વ્યારા) |
| ૧૬ | **કુકરમુંડા** | ૧૧૭૬૦૦.૦૦ | ૨૯૪૦૦.૦૦ | કુસુમબેન ખાપરસિંગ વસાવા<br>મુ.પો. આસ્થા, તા.કુકરમુંડા, જિ. તાપી(વ્યારા)<br>પિન: ૩૯૪૩૮૦ |
| ૧૭ | **પ્રતાપનગર** | ૧૪૮૮૦.૦૦ | ૧૪૮૮૦.૦૦ | ધી જૂના રાજુવાડિઆ કો.ઑ. માર્કેટિંગ એન્ડ પ્રોસેસિંગ સો.લિ, મુ. જૂના રાજુવાડિઆ, પો.પ્રતાપનગર, તા.નાંદોદ, જી. નર્મદા |
| ૧૮ | **વઘઈ** | ૧૧૮૧૪૦.૦૦ | ૯૮૪૫.૦૦ | (૧) સેક્રેટરીશ્રી, ખેતીવાડી ઉત્પન બજાર સમિતિ, પો– વઘઈ, જિ.ડાંગ<br>(૨) અમરતલાલ વલ્લભભાઈ પટેલ<br>મેઈન બજાર, પેટ્રોલ પંપની પાસે, પો–વઘઈ, જિ.ડાંગ |
| ૧૯ | **વાપી** | ૫૮૨૦૦૦.૦૦ | ૫૩૩૫૦૦.૦૦ | ભાવેશ મોહનભાઈ સલાટ<br>સનમાન એપાર્ટમેન્ટ હા.સો.લી<br>સંજાણ, તા.ઉમરગામ, જિ.વલસાડ |

**બોટાદ જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના**

**15/4/917 મહંત શ્રી શંભુનાથજી ટુંડીયા**) ગઢડા) **: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

## તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે બોટાદ જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે બોટાદ અન્વયે ૨૨૭૧ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થઈ, અને | )૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ૨૧૫૧ અરજીઓ મંજૂર થઈ. |
| )૩) તેમાં કેટલી રકમની સહાય મંજૂર કરી? | ઉક્ત મંજૂર થયેલ અરજીઓમાં લાભાર્થી દિઠ માસિક રૂ.૧૨૫૦/– ની સહાય મંજૂર કરી. |

### અમદાવાદ જિલ્લામાં પ્રિ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના

15/4/748 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ** (સાબરમતી): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા ૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં પ્રિ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિકસતી જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) | ૩,૧૭,૩૯૮ |
| (૨) | તે પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવી, અને | (૨) | ૩,૧૭,૩૯૮ |
| (૩) | તે પેટે કુલ કેટલી શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવેલ છે? | (૩) | રૂ. ૨૫૨૭.૧૧ લાખ |

--------------

### સી–પ્લેન સેવા પુન: શરૂ કરવા બાબત

**15/4/1370 શ્રી દિનેશભાઈ અતાજી ઠાકોર**) ચાણસ્મા) :પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૦/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૩૪૮ (અગ્રતા–૫)ના અનુસંધાને **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | રાજ્યમાં સરકાર દ્વારા સી–પ્લેન સેવા નિયમોનુસાર કાર્યવાહી હાથ ધર્યા બાદ પુન: શરૂ કરવામાં આવનાર હતી તે નિયમોનુસારની કાર્યવાહી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યારે હાથ ધરવામાં આવી, | )૧( અને )૨) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા સી–પ્લેન સેવા પુન: શરૂ કરવા માટે તા.૧૧/૦૫/૨૦૨૩ના રોજ ટેન્ડર પ્રસીધ્ધ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. પરંતુ કોઇ એજન્સીએ ટેન્ડર પ્રકિયામાં ભાગ લીધલ ન હતો. |
| )૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત કાર્યવાહી કયા તબક્કે છે, અને | | |
| )૩) | ઉક્ત કાર્યવાહી કયાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | )૩) | ઉક્ત બાબતે નિયમોનુસારની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

### તાપી અને ડાંગ જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો

1398/4/15**શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ** ) વાંસદા) :**માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં તાપી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા રોજગાર વિનિમય કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

)૧)

| જિલ્લાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|
| તાપી | ૫૧૩૩ | ૨૫૯ | ૫૩૯૨ |
| ડાંગ | ૨૮૩૬ | ૫૧ | ૨૮૮૭ |

)૨) ઉક્ત નોંધાયેલા બેરોજગારો પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલા બેરોજગારોને રોજગારી મળી, અને

)૨)

| વર્ષ | જિલ્લો | રોજગાર કચેરીઓ મારફતે આપેલ રોજગારી | | |
|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
| ૨૦૨૨ | તાપી | ૧૫૨૪ | ૭ | ૧૫૩૧ |
| | ડાંગ | ૯૭૬ | ૦ | ૯૭૬ |
| ૨૦૨૩ | તાપી | ૨૩૪૦ | ૦ | ૨૩૪૦ |
| | ડાંગ | ૧૨૪૪ | ૦ | ૧૨૪૪ |

)૩) ઉક્ત મળેલ રોજગારી પૈકી કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી?

)૩) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરી, તાપી અને ડાંગ મારફત આપવામાં આવેલ સરકારી અને ખાનગી રોજગારી

| વર્ષ | જિલ્લો | સરકારી | ખાનગી | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૨૨ | તાપી | ૦ | ૧૫૩૧ | ૧૫૩૧ |
| | ડાંગ | ૦ | ૯૭૬ | ૯૭૬ |
| ૨૦૨૩ | તાપી | ૦ | ૨૩૪૦ | ૨૩૪૦ |
| | ડાંગ | ૦ | ૧૨૪૪ | ૧૨૪૪ |

સરકારી નોકરીની વિગતમાં રોજગાર કચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે. અન્ય સરકારી ભરતીનો તેમાં સમાવેશ થતો નથી.

### અમદાવાદ થી કેવડીયા સી પ્લેન પ્રોજેક્ટ

**15/4/1385 શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા**) પોરબંદર) **:** પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૩/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૦૬૮ (અગ્રતા-૩૫) ના અનુસંધાને **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

**પ્રશ્ન** **જવાબ**

**(૧)** અમદાવાદ થી કેવડીયા સી પ્લેન પ્રોજેક્ટ માટે વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૧ કરોડ અને વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૧ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવેલી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી, અને

**(૧)** તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અમદાવાદ થી કેવડીયા સી પ્લેન પ્રોજેક્ટ માટે કુલ રૂ.૧૭,૫૦,૨૫,૫૪૯/-(રૂપિયા સત્તર કરોડ પચાસ લાખ પચ્ચીસ હજાર પાંચસો ઓગણ પચાસ પૂરા) નો ખર્ચ થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨ માં કોરોના મહામારી તેમજ વર્ષ ૨૦૨૨-૨૩ માં સી-પ્લેન સેવા કાર્યરત ન થતા અને તે સંદર્ભે વહીવટી ખર્ચ પર કાપ મૂક્તા કુલ રૂ.૪,૪૯,૭૪,૪૫૧/- (રૂપિયા ચાર કરોડ ઓગણ પચાસ લાખ ચુમોત્તેર હજાર ચારસો એકાવન પૂરા)ની રકમ વણવપરાયેલી રહી.

**(૨)** ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રોજેક્ટ કાર્યરત છે કે કેમ?

**(૨)** ના. જી,

### દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો

**15/4/1395 શ્રી ગુલાબસિંહ સો.ચૌહાણ** ) લુણાવાડા) **:માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા રોજગાર વિનિમય કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

)૧)

| જિલ્લાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|
| દાહોદ | ૧૧૦૬૬ | ૨૯ | ૧૧૦૯૫ |
| છોટાઉદેપુર | ૪૫૮૧ | ૬૩ | ૪૬૪૪ |

)૨) ઉક્ત નોંધાયેલા બેરોજગારો પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલા બેરોજગારોને રોજગારી મળી, અને

)૨)

| વર્ષ | જિલ્લો | રોજગાર કચેરીઓ મારફતે આપેલ રોજગારી | | |
|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
| ૨૦૨૨ | દાહોદ | ૧૮૯૯ | ૧૫૮ | ૨૦૫૭ |
| | છોટાઉદેપુર | ૨૦૮૮ | ૦ | ૨૦૮૮ |
| ૨૦૨૩ | દાહોદ | ૧૯૫૭ | ૯ | ૧૯૬૬ |
| | છોટાઉદેપુર | ૧૧૯૯ | ૦ | ૧૧૯૯ |

)૩) ઉક્ત મળેલ રોજગારી પૈકી કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી?

)૩) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરી દાહોદ અને છોટાઉદેપુર મારફત આપવામાં આવેલ સરકારી અને ખાનગી રોજગારી

| વર્ષ | જિલ્લો | સરકારી | ખાનગી | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૨૨ | દાહોદ | ૦ | ૨૦૫૭ | ૨૦૫૭ |
| | છોટાઉદેપુર | ૦ | ૨૦૮૮ | ૨૦૮૮ |
| ૨૦૨૩ | દાહોદ | ૦ | ૧૯૬૬ | ૧૯૬૬ |
| | છોટાઉદેપુર | ૦ | ૧૧૯૯ | ૧૧૯૯ |

સરકારી નોકરીની વિગતમાં રોજગારી કચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે. અન્ય સરકારી ભરતીનો તેમાં સમાવેશ થતો નથી.

**વાઈબ્રન્ટ સમિટ–૨૦૧૯માં અમદાવાદ શહેર અને જિલ્લામાં મૂડીરોકાણ**

**15/4/725 શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા**) જમાલપુર–ખાડીયા): **માનનીય ઉદ્યોગમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

માઘ ૨૪,૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | વર્ષ ૨૦૧૯ના વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં એમ.ઓ.યુ./કરાર અન્વયે અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલા રોકાણકારોએ કેટલા પ્રોજેક્ટમાં કેટલા મૂડી રોકાણની જાહેરાત કરી હતી, | )૧) | કુલ–૪૨૭૭ પ્રોજેક્ટસના એમ.ઓ.યુ./ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર થયેલ છે. મૂડીરોકાણ ધ્યાને લેવામાં આવેલ નથી. |
| )૨) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ તે પૈકી કેટલી રકમના કેટલા પ્રોજેક્ટમાં વાસ્તવિક મૂડીરોકાણ થયા, અને | )૨) | મંજૂર થયેલ ૪૨૭૭ એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી ૩૫૭૦ પ્રોજેક્ટસમાં રૂ.૨૧૨૨૦.૬૨ કરોડ<br><br>સામાન્ય રીતે નાના પ્રોજેક્ટને કમીશન્ડ થવામાં ૧ થી ૨ વર્ષનો સમય લાગતો હોય છે. જ્યારે મોટા પ્રોજેક્ટસને કમીશન્ડ થવામાં ૨ થી ૫ વર્ષ જેટલો સમય લાગતો હોય છે. મૂડીરોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે,પ્રોજેક્ટસ કમીશન્ડ થયા પછી પણ મૂડીરોકાણ થતું રહેતું હોય છે.<br><br>મોનિટરીંગ સિસ્ટમમાં ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન ફાઈલ કરનાર ઈન્વેસ્ટર દ્વારા રજૂ થતી માહિતીના આધારે મૂડીરોકાણની વિગતો અપડેટ થતી હોય છે. આથી જ્યારે માહિતી અપડેટ થયેલ હોય તે તારીખ મુજબની વિગતો હોય છે, જેથી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જે ખરેખર મૂડીરોકાણ હોય તે સિસ્ટમમાં જોવા મળતું નથી, પરંતુ જે તારીખે માહિતી અપડેટ થયેલ હોય તે તારીખની હોય છે. આથી કોઈ ચોક્કસ તારીખની સ્થિતિએ પ્રોજેક્ટોમાં આવેલ મૂડીરોકાણોની વિગતો ઉપલબ્ધ થતી નથી,જેથી સિસ્ટમમાં જે મૂડીરોકાણની વિગતો ઉપલબ્ધ થાય છે તેનાથી વધારે મૂડીરોકાણ હોઈ શકે. |
| )૩) | કુલ કેટલા રોકાણકારો કરારમાંથી ખસી ગયા? | )૩) | ૩૩૧ પ્રોજેક્ટસના રોકાણકારો. |

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો**

1380/4/15**શ્રી ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી**) ખેડબ્રહ્મા) :**માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–.

**પ્રશ્ન** — **જવાબ**

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા રોજગાર વિનિમય કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે**,** અને

)૧(

| જિલ્લાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|
| અરવલ્લી | ૫૪૮૭ | ૯૩ | ૫૫૮૦ |
| સાબરકાંઠા | ૬૩૩૪ | ૧૬૮ | ૬૫૦૨ |

)૨( ઉક્ત નોંધાયેલ બેરોજગારો પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલા બેરોજગારોને રોજગારી મળી**,** અને

)૨(

| વર્ષ | જિલ્લો | રોજગાર કચેરીઓ મારફતે મળેલ રોજગારી | | |
|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
| ૨૦૨૨ | અરવલ્લી | ૧૪૭૮ | ૩ | ૧૪૮૧ |
| | સાબરકાંઠા | ૩૦૮૨ | ૧ | ૩૦૮૩ |
| ૨૦૨૩ | અરવલ્લી | ૧૨૧૫ | ૦ | ૧૨૧૫ |
| | સાબરકાંઠા | ૨૮૮૦ | ૦ | ૨૮૮૦ |

)૩) ઉક્ત મળેલ રોજગારી પૈકી કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી**?**

)૩) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરી અરવલ્લી અને સાબરકાંઠા મારફત આપવામાં આવેલ સરકારી અને ખાનગી રોજગારી

| વર્ષ | જિલ્લો | સરકારી | ખાનગી | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૨૨ | અરવલ્લી | ૦ | ૧૪૮૧ | ૧૪૮૧ |
| | સાબરકાંઠા | ૦ | ૩૦૮૩ | ૩૦૮૩ |
| ૨૦૨૩ | અરવલ્લી | ૦ | ૧૨૧૫ | ૧૨૧૫ |
| | સાબરકાંઠા | ૦ | ૨૮૮૦ | ૨૮૮૦ |

સરકારી નોકરીની વિગતમાં રોજગાર કચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે. અન્ય સરકારી ભરતીનો તેમાં સમાવેશ થતો નથી.

----------------------

**બનાસકાંઠા અને મોરબી જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો**

1366/4/15**શ્રી જિજ્ઞેશ મેવાણી**) વડગામ) **:માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજયમાં બનાસકાંઠા અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા રોજગાર વિનિમય કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

)૧)

| જિલ્લાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|
| બનાસકાંઠા | ૯૮૨૬ | ૩૦૮ | ૧૦૧૩૪ |
| મોરબી | ૩૨૭૫ | ૧૫૨ | ૩૪૨૭ |

)૨) ઉક્ત નોંધાયેલા બેરોજગારો પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલા બેરોજગારોને રોજગારી મળી, અને

)૨)

| વર્ષ | જિલ્લો | રોજગાર કચેરીઓ મારફતે આપેલ રોજગારી | | |
|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
| ૨૦૨૨ | બનાસકાંઠા | ૫૧૦૩ | ૨૧ | ૫૧૨૪ |
| | મોરબી | ૨૨૮૨ | ૫૯૩ | ૨૮૭૫ |
| ૨૦૨૩ | બનાસકાંઠા | ૫૫૫૫ | ૩૫ | ૫૫૯૦ |
| | મોરબી | ૨૪૭૯ | ૫૧૭ | ૨૯૯૬ |

)૩) ઉક્ત મળેલ રોજગારી પૈકી કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી?

)૩) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરી, બનાસકાંઠા અને મોરબી મારફત આપવામાં આવેલ સરકારી અને ખાનગી રોજગારી

| વર્ષ | જિલ્લો | સરકારી | ખાનગી | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૨૨ | બનાસકાંઠા | ૦ | ૫૧૨૪ | ૫૧૨૪ |
| | મોરબી | ૦ | ૨૮૭૫ | ૨૮૭૫ |
| ૨૦૨૩ | બનાસકાંઠા | ૦ | ૫૫૯૦ | ૫૫૯૦ |
| | મોરબી | ૦ | ૨૯૯૬ | ૨૯૯૬ |

સરકારી નોકરીની વિગતમાં રોજગાર કચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે. અન્ય સરકારી ભરતીનો તેમાં સમાવેશ થતો નથી.

----------------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ સહાય બાબત**

15/4/1509 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર**) જામજોધપુર**:** (**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | | જવાબ | જામનગર | દેવભુમિ દ્વારકા | કુલ |
|---|---|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) | ૫૧૭ | ૫૪ | ૫૭૧ |
| (૨) | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) | ૫૧૭ | ૫૪ | ૫૭૧ |
| (૩) | તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી ? અને | (૩) | ૭૭૫૫૦૦ | ૮૨૦૦૦ | ૮૫૭૫૦૦ |
| (૪) | કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે? | (૪) | ૦ | ૦ | ૦ |

**અમદાવાદ થી કેવડીયા સી-પ્લેન પ્રોજેક્ટ**

**1392/4/15 શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા**) સોમનાથ) **:**પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૩/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૦૬૮ (અગ્રતા-૩૫)ના અનુસંધાને **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| **(૧)** | અમદાવાદથી કેવડીયા સી પ્લેન પ્રોજેક્ટ માટે વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૧ કરોડ અને વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૧ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવેલી તે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી, અને | **(૧)** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અમદાવાદ થી કેવડીયા સી પ્લેન પ્રોજેક્ટ માટે કુલ રૂ.૧૭,૫૦,૨૫,૫૪૯/-(રૂપિયા સત્તર કરોડ પચાસ લાખ પચ્ચીસ હજાર પાંચસો ઓગણ પચાસ પૂરા) નો ખર્ચ થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨ માં કોરોના મહામારી તેમજ વર્ષ ૨૦૨૨-૨૩ માં સી-પ્લેન સેવા કાર્યરત ન થતા અને તે સંદર્ભે વહીવટી ખર્ચ પર કાપ મૂકતા કુલ રૂ.૪,૪૯,૭૪,૪૫૧/-(રૂપિયા ચાર કરોડ ઓગણ પચાસ લાખ ચુમોત્તેર હજાર ચારસો એકાવન પૂરા)ની રકમ વણવપરાયેલી રહી. |
| **(૨)** | ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રોજેક્ટ કાર્યરત છે કે કેમ? | **(૨)** | ના. જી, |

------------

**બોટાદ ખાતે હવાઈપટ્ટી વિકસાવવાનું આયોજન**

**15/4/1389 શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી**) માણાવદર) : પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૬/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ **તારાંકિત પ્રશ્ન ક્રમાંક- ૧૭૦૪(અગ્રતા-૫૮)**ના અનુસંધાને માનનીય **નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | બોટાદ ખાતે હવાઈપટ્ટી વિકસાવવા મોજે. લાખેણી, તા.બોટાદ, જિ.બોટાદની જમીન અનામત રાખવામાં આવેલ તે જગ્યાએ એરપોર્ટ વિકસાવવાની કામગીરી | )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મોજે. લાખેણી, તા.બોટાદ ખાતે એરપોર્ટ વિકસાવવા જમીન મેળવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. |

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

)૨) ઉક્ત કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરી એરપોર્ટ વિકસાવવામાં આવશે?

)૨) ઉક્ત સ્થળે જમીન મેળવવાની કામગીરી પૂર્ણ થયેથી આગળની નિયમાનુસારની જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

-----------------

**પાટણ અને સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો**

1374/4/15 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ**) પાટણ) **:માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–.

**પ્રશ્ન**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં પાટણ અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા રોજગાર વિનિમય કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

)૨) ઉક્ત નોંધાયેલ બેરોજગારો પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલા બેરોજગારોને રોજગારી મળી, અને

)૩) ઉક્ત મળેલ રોજગારી પૈકી કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી?

**જવાબ**

)૧)

| **જિલ્લાનું નામ** | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
|---|---|---|---|
| પાટણ | ૬૬૫૮ | ૨૬૧ | ૬૯૧૯ |
| સુરેન્દ્રનગર | ૧૧૮૩૭ | ૫૯૮ | ૧૨૪૩૫ |

)૨)

| **વર્ષ** | **જિલ્લો** | **રોજગાર કચેરીઓ મારફતે આપેલ રોજગારી** | | |
|---|---|---|---|---|
| | | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
| ૨૦૨૨ | પાટણ | ૨૩૧૮ | ૨૨ | ૨૩૪૦ |
| | સુરેન્દ્રનગર | ૨૯૭૫ | ૨૯૩ | ૩૨૬૮ |
| ૨૦૨૩ | પાટણ | ૩૧૫૨ | ૩૭ | ૩૧૮૯ |
| | સુરેન્દ્રનગર | ૩૩૫૫ | ૧૪૦ | ૩૪૯૫ |

)૩) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરી, પાટણ અને સુરેન્દ્રનગર મારફત આપવામાં આવેલ સરકારી અને ખાનગી રોજગારી

| **વર્ષ** | **જિલ્લો** | **સરકારી** | **ખાનગી** | **કુલ** |
|---|---|---|---|---|
| ૨૦૨૨ | પાટણ | ૦ | ૨૩૪૦ | ૨૩૪૦ |
| | સુરેન્દ્રનગર | ૦ | ૩૨૬૮ | ૩૨૬૮ |
| ૨૦૨૩ | પાટણ | ૦ | ૩૧૮૯ | ૩૧૮૯ |
| | સુરેન્દ્રનગર | ૦ | ૩૪૯૫ | ૩૪૯૫ |

સરકારી નોકરીની વિગતમાં રોજગાર કચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે. અન્ય સરકારી ભરતીનો તેમાં સમાવેશ થતો નથી.

**ગાંધીનગર અને વડોદરા જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો**

1371/4/15**શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર**) ચાણસ્મા) **:માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે . –

**પ્રશ્ન**

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ગાંધીનગર અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા રોજગાર વિનિમય કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે, અને

)૨( ઉક્ત નોંધાયેલ બેરોજગારો પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલા બેરોજગારોને રોજગારી મળી, અને

**જવાબ**

)૧(

| **જિલ્લાનું નામ** | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
|---|---|---|---|
| ગાંધીનગર | ૫૩૪૦ | ૬૯૭ | ૬૦૩૭ |
| વડોદરા | ૧૮૩૯૮ | ૩૩૪ | ૧૮૭૩૨ |

)૨(

| **વર્ષ** | **જિલ્લો** | **રોજગાર કચેરીઓ મારફતે મળેલ રોજગારી** | | |
|---|---|---|---|---|
| | | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
| ૨૦૨૨ | ગાંધીનગર | ૭૩૫૯ | ૬૨૩ | ૭૯૮૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦૨૩ | ગાંધીનગર | ૯૨૬૫ | ૧૧૮૫ | ૧૦૪૫૦ |
| | વડોદરા | ૨૭૬૭૨ | ૦ | ૨૭૬૭૨ |

)૩) ઉક્ત મળેલ રોજગારી પૈકી કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી?

)૩) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરી ગાંધીનગર અને વડોદરા મારફત આપવામાં આવેલ સરકારી અને ખાનગી રોજગારી

| વર્ષ | જિલ્લો | સરકારી | ખાનગી | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૨૨ | ગાંધીનગર | ૧ | ૭૯૮૧ | ૭૯૮૨ |
| | વડોદરા | ૦ | ૨૪૩૪૦ | ૨૪૩૪૦ |
| ૨૦૨૩ | ગાંધીનગર | ૦ | ૧૦૪૫૦ | ૧૦૪૫૦ |
| | વડોદરા | ૦ | ૨૭૬૭૨ | ૨૭૬૭૨ |

સરકારી નોકરીની વિગતમાં રોજગાર કચેરી મારફત થયેલ ભરતીના આંક્ડા છે. અન્ય સરકારી ભરતીનો તેમાં સમાવેશ થતો નથી.

## પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો

1386/4/15**શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા**) પોરબંદર) :**માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા રોજગાર વિનિમય કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

)૧)

| જિલ્લાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|
| પોરબંદર | ૫૨૩૦ | ૧૭૮ | ૫૪૦૮ |
| દેવભૂમિ દ્વારકા | ૨૨૮૩ | ૭૯ | ૨૩૬૨ |

)૨) ઉક્ત નોંધાયેલા બેરોજગારો પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉકત જિલ્લાવાર કેટલા બેરોજગારોને રોજગારી મળી, અને

)૨)

| વર્ષ | જિલ્લો | રોજગાર કચેરીઓ મારફતે આપેલ રોજગારી | | |
|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
| ૨૦૨૨ | પોરબંદર | ૧૮૦૯ | ૨૨૦ | ૨૦૨૯ |
| | દેવભૂમિ દ્વારકા | ૩૧૬ | ૬૨૧ | ૯૩૭ |
| ૨૦૨૩ | પોરબંદર | ૧૭૩૧ | ૫૨૨ | ૨૨૫૩ |
| | દેવભૂમિ દ્વારકા | ૧૦૪૫ | ૫૬૫ | ૧૬૧૦ |

)૩) ઉક્ત મળેલ રોજગારી પૈકી કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી?

)૩) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરી, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા મારફત આપવામાં આવેલ સરકારી અને ખાનગી રોજગારી

| વર્ષ | જિલ્લો | સરકારી | ખાનગી | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૨૨ | પોરબંદર | ૦ | ૨૦૨૯ | ૨૦૨૯ |
| | દેવભૂમિ દ્વારકા | ૦ | ૯૩૭ | ૯૩૭ |
| ૨૦૨૩ | પોરબંદર | ૦ | ૨૨૫૩ | ૨૨૫૩ |
| | દેવભૂમિ દ્વારકા | ૦ | ૧૬૧૦ | ૧૬૧૦ |

સરકારી નોકરીની વિગતમાં રોજગાર કચેરી મારફત થયેલ ભરતીના આંક્ડા છે. અન્ય સરકારી ભરતીનો તેમાં સમાવેશ થતો નથી.

--------------

તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ )

**વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત**

**જાહેર સાહસો માટેની સમિતિના પહેલા, બીજા અને ત્રીજા અહેવાલની રજૂઆત**

શ્રી ગણપતસિંહ વે. વસાવા(સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર સાહસો માટેની સમિતિનો પહેલો, બીજો અને ત્રીજો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

**અહેવાલો રજૂ કરવામાં આવ્યા.**

પંચાયતી રાજ સમિતિના પહેલા, બીજા, ત્રીજા અને ચોથા અહેવાલની રજૂઆત

શ્રી પંકજ વિ. દેસાઇ(સમિતિના પ્રમુખશ્રી) **:** માનનીય અધ્યક્ષશ્રી, હું પંદરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિનો પહેલો, બીજો, ત્રીજો અને ચોથો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

**અહેવાલો રજૂ કરવામાં આવ્યા.**

***માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

સામાન્ય વહીવટ વિભાગ, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

**સામાન્ય વહીવટ વિભાગ**

**માગણી ક્રમાંક - ૩૦**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રી પરિષદને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ. ૬,૧૧,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૩૦ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક - ૩૧**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ચૂંટણીને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ. ૫,૧૯,૬૪,૦૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૩૧ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક - ૩૩**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ. ૧,૭૫,૦૬,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૩૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૩૩ રજૂ કરવામાં આવી.**

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરવામાં આવી.

---

* પહેલા દિવસની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા નાણામંત્રીશ્રીએ સન ૨૦૨૪-૨૫ના વર્ષ માટેની અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

માઘ ૨૪,૧૯૪૫ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ )

**નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**માગણી ક્રમાંક-૬૫**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (નર્મદા અને કલ્પસર પ્રભાગનો હવાલો ધરાવતાં મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા વિકાસ યોજનાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩૩,૧૮,૦૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૩૩,૬૬,૮૧,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૬૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૬૫ રજૂ કરવામાં આવી.**

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

**માગણી ક્રમાંક-૧૦૧**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી):માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી આવાસનને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૨,૩૦,૩૨,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૦૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૧૦૧ રજૂ કરવામાં આવી.**

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

**માગણી ક્રમાંક-૧૦૨**

શ્રી ઋષિકેશ ગ. પટેલ(શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૮૦,૪૨,૨૬,૦૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૯૩,૯૧,૬૯,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૦૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૧૦૨ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવી.

**૨૦૨૪-૨૦૨૫ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ .નં . | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

## તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ )

| | | | | |
|---|---|---|---|---|
| **સામાન્ય વહીવટ વિભાગ** | | | | |
| **માગણી નં .૩૦** | | | | |
| ૧ | ૨૦૧૩ –મંત્રીપરિષદ<br>૧૦૧ –મંત્રી...પગાર<br>૦૧ –મંત્રીઓ....સચિવો<br>રૂ .૬,૧૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯,<br>પાનાનં .૧૭ | ૧૦૦ | મંત્રીશ્રીઓ દ્વારાઆમજનતાને અપાયેલ ખાતરીઓની સમયમર્યાદામાં અમલવારી કરાવવામાં નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| ૨ | _ _ " _ _ | ૧૦૦ | પ્રજાજનો દ્વારા કરવામાં આવતી ફરીયાદોનું સત્વરે નિરાકરણ લાવવામાં નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર<br>)ઉમેશભાઇ મકવાણા ( |
| ૩ | _ _ " _ _ | ૧૦૦ | ચિંતન શિબીરો થકી પ્રજાલક્ષી કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૪ | _ _ " _ _ | ૧૦૦ | જનકલ્યાણકારી યોજનાઓના લક્ષ્યાંકો સમયસર પૂર્ણ કરવામાં નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૫ | _ _ " _ _ | ૧૦૦ | પ્રજાના પ્રતિનિધિઓની રજૂઆતોનું સત્વરે નિરાકરણ લાવવામાંમંત્રી પરિષદની નિષ્ફળતા. | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા |
| ૬ | _ _ " _ _ | ૧૦૦ | વિકાસ કાર્યોની નબળી ગુણવત્તાને કારણેમંત્રી પરિષદની બગડતી છબી સુધારવામાં નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| **માગણી નં .૩૧** | | | | |
| *૭ | ૨૦૧૫ –ચૂંટણી<br>૧૦૧– ચૂંટણી પંચ<br>રૂ .૧૨,૨૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯,<br>પાનાનં .૨૧ | ૧૦૦ | ચૂંટણીઓના સમયગાળા દરમ્યાન થતી પક્ષોની સભા–રેલીઓને કારણે લોકોને પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અરવિંદભાઇ લાડાણી |
| *૮ | _ _ " _ _ | ૧૦૦ | ચૂંટણીઓ દરમ્યાન ચૂંટણીપંચની કામગીરી પારદર્શક બનાવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી જીગ્નેશ મેવાણી |
| **માગણી નં .૩૩** | | | | |
| *૯ | ૨૦૫૨ –સચિવાલય...સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૨–સામાન્ય...વિભાગ<br>રૂ .૫૩,૫૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯,<br>પાનાનં .૩૬ અને ૩૭ | ૧૦૦ | વિજીલન્સ કમિશનર દ્વારા અપાયેલ અધિકારી–કર્મચારીઓ વિરુધ્ધના ખાતાકીય તપાસના આદેશોનો સત્વરે અમલ કરવામાં તંત્રની ઉદાસીનતા . | શ્રી કિરીટકુમાર પટેલ |
| ૧૦ | _ _ " _ _ | ૧૦૦ | કર્મચારીઓના ખાતાકીય પરીક્ષાના આયોજનના ઠરાવો છતાં તેનો સમયમર્યાદામાં અમલ કરાવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |
| ૧૧ | _ _ " _ _ | ૧૦૦ | ગેરરીતિઓ થવાને કારણે સ્પર્ધાત્મક પરીક્ષાઓ રદ થવાથી ઉમેદવારોની કારકિર્દી પર પડતી વિપરીત અસર નિવારવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| ૧૨ | _ _ " _ _ | ૧૦૦ | પ્રજાના પ્રતિનિધિઓના પત્રોનો સત્વરે પ્રત્યુત્તર મળે તેવા અસરકારક પગલાં લેવામાં તંત્રનીનિષ્ફળતા. | ડૉ .તુષાર ચૌધરી |
| *૧૩ | _ _ " _ _ | ૧૦૦ | સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતાપરિપત્રોનો અમલ ન કરતાં વિભાગો સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી દિનેશભાઇ ઠાકોર |
| *૧૪ | _ _ " _ _ | ૧૦૦ | સચિવાલયમાં લાંબા સમયથી પુન :નિયુક્ત પામેલ કર્મચારી–અધિકારીઓને કારણે પાત્રતા ધરાવતા અધિકારી/કર્મચારીઓને બઢતી આપવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ** | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| **માગણી નં .૬૫** | | | | |
| ૧૫ | ૪૭૦૦–મોટી...જોગવાઇ<br>૩૧–નર્મદા...એકમ–૧<br>૧૯૦–જાહેર...રોકાણ<br>રૂ .૧,૮૭,૯૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં–.૧૮ )ભાગ–૧(,<br>પાનાનં .૧૧૫ | ૧૦૦ | નર્મદા યોજના અંતર્ગત સંબંધિત રાજયો પાસેથી બાકી લેણાં વસૂલવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા |
| ૧૬ | _ _ " _ _ | ૧૦૦ | સપ્ટેમ્બર–૨૦૨૩માં પૂર્વ જાહેરાત વિના નર્મદા ડેમમાંથી છોડાયેલ પાણીને કારણે પ્રજાના જાનમાલને થયેલ નુકસાનનું વળતર ચૂકવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૧૭ | _ _ " _ _ | ૧૦૦ | નર્મદા સિંચાઇ યોજના અંતર્ગત કેનાલોમાં સમયસર પાણી છોડવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| ૧૮ | ૪૭૦૦–મોટી...જોગવાઇ<br>૩૧–નર્મદા...એકમ–૧<br>૧૯૦–જાહેર...રોકાણ<br>રૂ .૧,૮૭,૯૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં–.૧૮ )ભાગ–૧(,<br>પાનાનં .૧૧૫ | ૧૦૦ | બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાની નર્મદા કેનાલો તૂટી જવાથી ખેતીના પાકને થયેલ નુકસાનની સત્વરે ચૂકવણી કરવામાં તંત્રનીનિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| ૧૯ | _ _ " _ _ | ૧૦૦ | નર્મદા યોજના અંતર્ગત બાકી રહેલા કેનાલોના કામો સત્વરે પૂર્ણ કરી સિંચાઇનો વ્યાપ વધારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઉમેશભાઇ મકવાણા |
| **<u>શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ</u>**<br>**માગણી નં .૧૦૧** | | | | |
| *૨૦ | ૨૨૧૬ –આવાસન<br>૦૨–શહેરી ગૃહનિર્માણ<br>૧૦૩ –ગૃહ નિર્માણ બોર્ડને સહાય<br>રૂ .૨૭,૨૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૨૬,<br>પાનાનં .૨૫ અને ૨૬ | ૧૦૦ | ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા ફળવાતા શહેરી આવાસોમાં લાભાર્થીઓને પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી જીગ્નેશ મેવાણી |
| ૨૧ | _ _ " _ _ | ૧૦૦ | લાભાર્થીઓને નબળી ગુણવત્તાવાળા શહેરી આવાસો ફળવાય છે તે નિવારવામાં તંત્રનીનિષ્ફળતા. | ડૉ .તુષાર ચૌધરી |
| *૨૨ | _ _ " _ _ | ૧૦૦ | શહેરી આવાસના લાભાર્થીઓ તેમને ફળવાયેલ આવાસને ભાડે આપે છે તે નિવારવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી કિરીટકુમાર પટેલ |
| **માગણી નં .૧૦૨** | | | | |
| ૨૩ | ૨૨૧૭ –શહેરી વિકાસ<br>૦૩ –નાનાં...વિકાસ<br>૦૦૧ –નિર્દેશ અને વહીવટ<br>રૂ .૧,૧૯,૭૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૨૬,<br>પાનાનં .૪૨ થી ૪૭ | ૧૦૦ | નગરપાલિકા–મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| *૨૪ | _ _ " _ _ | ૧૦૦ | શહેરોમાં થતાં ગેરકાયદેસર બાંધકામસામે અસરકારક પગલાં લેવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી દિનેશભાઇ ઠાકોર |
| *૨૫ | _ _ " _ _ | ૧૦૦ | અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા મેઇન ગટરોના સફાઇના કામમાં થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| ૨૬ | _ _ " _ _ | ૧૦૦ | નગરપાલિકા–મહાનગરપાલિકા દ્વારા ઉઘરાવેલ ટેકસની રકમ સરકારમાં સમયસર જમા કરાવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭ | ૨૨૧૭ –શહેરી વિકાસ<br>૦૩ –નાનાં...વિકાસ<br>૦૦૧ –નિર્દેશ અને વહીવટ<br>રૂ .૧,૧૯,૭૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૨૬,<br>પાનાનં .૪૨ થી ૪૭ | ૧૦૦ | નગરપાલિકા–મહાનગરપાલિકામાં ચાલતા ગેરવહીવટને અટકાવીને નગરપાલિકા–મહાનગરપાલિકાઓને સુદ્રઢ બનાવવામાં તંત્રનીનિષ્ફળતા . | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| *૨૮ | _ _ " _ _ | ૧૦૦ | નગરપાલિકાઓની નબળી આર્થિક સ્થિતિને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા . | શ્રી અરવિંદભાઇ લાડાણી |
| ૨૯ | _ _ " _ _ | ૧૦૦ | મંજૂર થયેલ ટી.પી .યોજનાઓમાં મનસ્વી રીતે ફેરફાર કરનાર જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |
| ૩૦ | _ _ " _ _ | ૧૦૦ | ટી.પી.યોજનાઓની મંજૂરી દરમ્યાન ગૌચર માટેની જમીન ફાળવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| ૩૧ | _ _ " _ _ | ૧૦૦ | નાના શહેરોના વિકાસ માટે ઓછી રકમ ફાળવવામાં આવે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી ઉમેશભાઇ મકવાણા |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી અમિત ચાવડા(આંકલાવ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંકઃ ૩૦, ૩૧, ૩૩, ૬૫, ૧૦૧, અને ૧૦૨ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ એટલે સરકારનું હૃદય કહેવાય. શરીરમાં હૃદય બરાબર કામ કરે તો આખું શરીર બરાબર કામ કરે તે જ રીતે સરકારમાં સંકલન અને મોનિટરિંગ કરવાની જવાબદારી સામાન્ય વહીવટ વિભાગની છે. જો આ વિભાગ યોગ્ય રીતે કામ કરે તો સરકારના બધા વિભાગોનું સંકલન અને વહીવટ સારો થઇ શકે. છેલ્લા ઘણા સમયથી સામાન્ય વહીવટ વિભાગ સૂચનાઓ આપે, પરિપત્રો કરે છે પણ નીચે તેનો અમલ થાય છે કે કેમ તે જોવાની ક્યારેય દરકાર લેતા નથી. પ્રજાના ચૂટાયેલા પ્રતિનિધિઓ એ પછી ધારાસભ્ય હોય કે સંસદ સભ્ય, પક્ષના હોય કે વિપક્ષના હોય પણ તે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ છે. એ જ્યારે પ્રજાના પ્રશ્નો અને સમસ્યાઓ કે પ્રજાના ઉત્કર્ષ માટેની વાત લઇને જે પત્રવ્યવહાર કરે તે પોતાના માટે નહીં પરંતુ પ્રજા માટે, રાજ્ય માટે, દેશના હિત માટે પત્રો લખતા હોય છે. આપણે વખતોવખત પરિપત્ર કર્યા છે કે ધારાસભ્ય કે સંસદ સભ્યનો પત્ર મળે એટલે ચોક્કસ સમયમર્યાદામાં એક અઠવાડિયામાં તેમને પ્રત્યુત્તર પાઠવવાનો હોય છે. શક્ય હોય તો ૧૫ દિવસમાં તેનો આખરી નિર્ણય કરીને પ્રત્યુત્તર પાઠવવો અને શક્ય ન હોય તો પણ તેને જાણ કરવામાં આવે.વધારેમાં વધારે ૬૦ દિવસમાં જે રજૂઆતનો પ્રશ્ન હતો એનું નિરાકરણ થયું કે નહીં? અથવા તો નિરાકરણ થઇ શકે એમ છે કે નહીં? એનો પ્રત્યુત્તર પાઠવવાનો હોય છે. આજે મોટા ભાગના ધારાસભ્યશ્રીઓનો અનુભવ છે કે, સરકારના કોઇપણ વિભાગમાં પત્ર લખવામાં આવે ત્યારે એ વિભાગ એની ફુરસદે જવાબ આપે છે. એનો આખરી નિકાલ શું થયો એનો મોટા ભાગે ક્યારેય જવાબ મળતો નથી. આ પરિપત્રો માત્ર કરવા ખાતર છે, કાગળ પર છે પણ હકીકતમાં એનો અમલ થતો નથી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ વખતોવખત સૂચનાઓ આપી છે કે, આનો અમલ થવો જોઇએ પણ એ સૂચનાઓને પણ કોઇ ધ્યાનમાં લેતું નથી, એની દરકાર પણ સામાન્ય વહીવટ વિભાગ રાખતો નથી એ આ તબક્કે મારે ખાસ કહેવું પડે છે. બીજા વિભાગો તો ઠીક પણ ધારાસભ્યશ્રીઓ સામાન્ય વહીવટ વિભાગને પત્ર લખે તો આ વિભાગ તરફથી પણ ચોક્કસ સમયમર્યાદામાં પત્રોના જવાબો મળતા નથી. મારી તો માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી છે કે, 'ફરીથી કડક સૂચનાઓ આપવામાં આવે.' પ્રોટોકોલ માટેની જે માર્ગદર્શિકાઓ કે સૂચનાઓ છે એનો અમલ થાય છે કે નહીં એ પણ સામાન્ય વહીવટ વિભાગે જોવાનું હોય છે. ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રીઓના પ્રોટોકોલ છે પણ આજે તાલુકાકક્ષાએ, જિલ્લાકક્ષાએ કે રાજ્યકક્ષાએ કાર્યક્રમો થતા હોય ત્યારે શાસક પક્ષના ધારાસભ્યશ્રીઓનાં નામ લખવામાં આવે છે. વિપક્ષના ધારાસભ્યશ્રીઓનાં નામ લખવામાં આવતાં નથી, પ્રોટોકોલ ન જળવાય, તકતીમાં એનું નામ લખવામાં આનાકાની કરવામાં આવે અને ધારાસભ્યશ્રીએ સંઘર્ષ કરવો પડે કે, 'આ મારા વિસ્તારનું કામ છે, મેં રજૂઆત કરી છે, સરકારના પૈસા છે તેમ છતાં અમને બોલાવવામાં આવતા નથી.' તકતીમાં કે કાર્ડમાં નામ લખવામાં આવતું નથી. આ મોનિટરિંગ કરવાની જવાબદારી સામાન્ય વહીવટ વિભાગની છે. વખતોવખત વિભાગે રિવ્યુ પણ કરવા જોઇએ. સરકારી તંત્રના જે વિભાગો છે એને સૂચનાઓ પણ આપવી જોઇએ. આશા રાખીએ કે બજેટમાં જ્યારે માંગણીઓ લઇને આવીએ ત્યારે એનો જે ખર્ચ થવાનો છે એમાં આ બાબતોનું પણ યોગ્ય મોનિટરિંગ થાય એ ખાસ સરકાર દ્વારા જોવામાં આવે. સામાન્ય વહીવટ વિભાગે વર્ષ ૨૦૧૬માં પરિપત્ર કર્યો છે. આ પરિપત્ર ટૅકનિકલ અને નોન ટૅકનિકલ જગ્યાઓ પર સરકારી કર્મચારી/અધિકારીઓને વયનિવૃત્તિ બાદ કરારના ધોરણે નિમણૂક આપવા બાબતનો છે. એમાં સ્પષ્ટ લખ્યું છે કે, ' નિવૃત્ત અધિકારીની જ્યારે વિભાગ, ખાતાના વડાની કચેરી કે અન્ય કચેરીમાં નિમણૂક કરવામાં આવે ત્યારે એને એપેલેટ પ્રકારની જવાબદારી સોંપવામાં ન આવે. ૬૨ વર્ષથી વધારે વય સુધી એને ફરી નિમણૂક આપવામાં ન આવે.' આજે અનેક અધિકારીઓ છે કે જે વર્ષોથી સારી કામગીરી કરે છે, સક્ષમ છે, યુવાન છે, અનુભવી છે અને મહેનત પણ કરે છે કે મને પણ તક મળશે. જેમ કોઇ ધારાસભ્યશ્રી ચૂંટાઇને આવે, મહેનત કરે કે કાલ ઉઠીને

હું પણ મંત્રી કે મુખ્યમંત્રી બનીશ એવું સ્વપ્ન હોય અને મહેનત પણ કરતાં હોય, પણ આજે સરકારની જે જવાબદારીઓ છે એના માટે આવા સારા અધિકારીઓને તક મળતી નથી. આ સરકારમાં મોટા ભાગના મુખ્ય પદો છે એ નિવૃત્ત થયેલા અધિકારીઓ દ્વારા ચલાવવામાં આવે છે. એ પણ ૬૦, ૬૨ કે ૬૫ વર્ષ સુધી તો બરાબર છે પણ ૭૦ કે ૭૨ વર્ષ સુધી એકના એક પદ પર ૫, ૧૦ કે ૧૫ વર્ષ સુધી અધિકારીઓ અડિંગો જમાવીને બેઠા હોય તો એ બાબતની પણ જો કોઇ ચિંતા ના થાય તો જે પાછળ મહેનત કરવાવાળો યુવા અધિકારી/કર્મચારી છે એના ભવિષ્યનાં સપનાઓ અને આશાઓ પર પાણી ફરી વળતું હોય છે. સરકાર આ બાબતે પણ ચિંતા કરે, જરૂરી હોય તો ચોક્કસ એક-બે વર્ષનું એક્સટેન્શન આપવામાં આવે તો એમાં વાંધો ન હોઇ શકે પણ દસ-પંદર વર્ષ સુધી એક્સટેન્શન આપી સક્ષમ અધિકારીઓ છે એની કારકિર્દી સાથે પણ રમત કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય ચૂંટણીપંચ કે જેની જવાબદારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજવાની છે. ગુજરાતમાં પરિસ્થિતિ એવી છે કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ છેલ્લાં દોઢ વર્ષથી યોજવામાં આવેલ નથી. અંદાજપત્રમાં ચૂંટણીપંચના જે આંકડાઓ આપ્યા છે એ પ્રમાણે લગભગ ચાર હજાર કરતાં વધારે ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજાયેલ નથી, ૭૭ નગરપાલિકાઓ, ૨ જિલ્લા પંચાયતો અને ૧૭ તાલુકા પંચાયતોની ચૂંટણીઓ યોજાયેલ નથી. જે રિઝર્વેશનની બાબત હતી એનો પણ અમલ થઇ ગયો. આપણે ગત સત્રમાં એના માટેનું બિલ પણ પાસ કરી ચૂક્યા છીએ અને એ કાયદો પણ બની ગયો. તેમ છતાં ચૂંટણીઓ થતી નથી. * (xxx) તો સરકારને તો મારી વિનંતી છે કે, સરકારે કદાચ *(xxx)જે નક્કી કરવાનો હોય, પણ એનો નિર્ણય લઇને *(xxx) ગુજરાતના લોકોને પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓનો વહીવટ જોઇએ છે, નહીં કે આ *(xxx).

અધ્યક્ષશ્રી : માત્ર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં વહીવટદાર એવું કહેવાય. *(xxx) ગુજરાત રાજ્યમાં ગુજરાત સરકાર છે. આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં વહીવટદારોનું રાજ *(xxx)અને એ માટે ચૂંટણીપંચ ત્વરિત ચૂંટણી કરાવવાની કાર્યવાહી કરે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના ચીફ સેક્રેટરીશ્રીએ હમણાં એક કાર્યક્રમમાં કહ્યું કે અમારા મોટા ભાગના વિભાગોમાં ઘણી બધી કર્મચારીઓની ઘટ છે. આપણે જ્યારે ભરતી પ્રક્રિયા કરવાની હોય તો ભરતી પ્રક્રિયા માટેના કેલેન્ડર બહાર પાડીએ છીએ. આ બુકલેટમાં એના માટેના ઘણા બધા વિભાગોની વિગતો આપી છે. મોટાભાગના વિભાગોમાં ક્યાંક ભરતીની માગણી આવે ત્યારપછી એની પરીક્ષા માટેની તારીખો નક્કી થતી નથી. પરીક્ષા લેવાઇ હોય આપણે પહેલાં જોયું છે કે અનેકવાર પેપરો ફૂટ્યા છે, અનેકવાર પરીક્ષાઓ રદ કરવામાં આવી છે. પરીક્ષાઓ લેવાઇ ગઇ હોય તો લાંબા સમય સુધી એનાં પરિણામો જાહેર કરવામાં આવતાં નથી. પરિણામો જાહેર થયા હોય તો એ પછી નિમણૂકના ઓર્ડરો આપવામાં આવતા નથી. એના કારણે ગુજરાતનો યુવા મોંઘુ શિક્ષણ લીધા પછી સરકારી નોકરીની રાહ જોઇ રહ્યો છે, એના માટે મહેનત કરી રહ્યો છે, આખો પરિવાર એના માટે ચિંતા કરી રહ્યો છે અને સ્વપ્ન જોઇ રહ્યો છે એને સમયસર સરકારી નોકરી મળતી નથી. ભરતી કેલેન્ડરની દર વર્ષે જાહેરાત થાય છે પણ એ મુજબની ભરતી પ્રક્રિયા થતી નથી. એટલા જ માટે ચીફ સેક્રેટરીશ્રીએ કહેવું પડે કે, અમારા વિવિધ વિભાગોમાં ક્યાંક ૪૦ ટકાથી લઇને ૫૦ ટકાની જગ્યાઓ ખાલી છે અને કર્મચારીઓની ઘટ છે. એના માટે આપણે કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગથી સેવાઓ લઇએ છીએ. ગુજરાતના યુવાનોની કાયમી નોકરી માટેની અપેક્ષા છે અને સમાન કામ અને સમાન વેતનનો એનો અધિકાર છે તે છીનવાઇ જાય છે, એની પણ ચિંતા કરીએ. ખાસ કરીને, ગુજરાતના કર્મચારીઓ જેઓને આપણે કર્મયોગી કહીએ છીએ. ચાર લાખ કરતાં વધારે કર્મચારીઓ આજે પેન્શનના ટેન્શનમાં જીવી રહ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, માનનીય અર્જુનભાઇનો સમય ઓછો થઇ જશે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટમાં પૂરું કરું છું. જૂની પેન્શન યોજના લાગુ કરે એટલા માટે આંદોલન કરી રહ્યા છે. લડી રહ્યા છે. સરકાર એની પણ ચિંતા કરે અને કર્મયોગીઓને જૂની પેન્શન યોજનાનો લાભ પણ આપે. આભાર.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(કાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને લઇને આવ્યા છે એમાં નર્મદા વિકાસ વિશે મારું સમર્થન આપવા માટે ઊભો થયો છું. નર્મદે સર્વદે. મા નર્મદાના કિનારે ભૃગુ ઋષિનું જ્યાં નિવાસ હતું એવા નર્મદાના પવિત્ર નીર જ્યારે સમગ્ર ગુજરાતમાં અમારી વિકાસઘેલી સરકારે કચ્છના સીમાડા સુધી પહોંચાડ્યું છે ત્યારે મારે ઇતિહાસની એક એટલી વાત કહેવી છે કે, આ નર્મદાનો કિનારો જેને ચાંદો કહેવાય. મહાભારતના સમયમાં કર્ણરાજાએ પોતાની અંતિમ ઇચ્છા અંત્યેષ્ટિ માટે ભગવાન શ્રી કૃષ્ણને કહ્યું હતું કે, ભગવાન, તમે મારા ઉપર રાજી થયા હોય તો રેવાજીના કિનારે મારી અંત્યેષ્ટિ થાય. એ વખતે ભગવાન શ્રી કૃષ્ણે, પોતાની હથેળીમાં કર્ણરાજાને અગ્નિદાહ આપેલ હતો. એવી નર્મદાજીની કૃપાથી અમારી સરકારે ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪માં કેનાલ ટોપ અને કેનાલ બેંકના કુલ ૩૫ મેગાવોટના સોલાર પાવર દ્વારા ૩ કરોડ ૨૬ યુનિટ વીજ ઉત્પાદન થતાં, કુલ ૩૫ કરોડ ૯૩ લાખ વીજ યુનિટ સોલાર વીજ ઉત્પાદન કરેલ છે.

**માનનીય સભાપતિશ્રી પંકજભાઇ દેસાઇ અધ્યક્ષ સ્થાને**

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, પાણીના વપરાશની સાથે વીજ ઉત્પાદન થવાના કારણે રાજયની વિવિધ માંગને આપણે સંતોષી શક્યા છીએ ત્યારે નર્મદા નિગમ થકી એક રાજ્ય વ્યાપી ૩૨૦૦ કિ.મી. લાંબી પાઇપલાઇન નાંખીને આ રાજયના ૧૪,૯૨૬ ગામો અને ૨૪૧ શહેરોને આપણે સરફેસ પાણી આપી શક્યા છીએ. આ સરકારમાં ઐતિહાસિક નિર્ણય, ઐતિહાસિક કામો આપણે જેને કહેવાય કે કોંગ્રેસે જે તે સમયે નર્મદાનું નિર્માણ કર્યા પછી શ્રી શૈલેષભાઇ, તે જ વર્ષમાં ૫૦૦ કિલોમીટર સુધી નહેરોનું કામ કરી શકયા નહોતા. અમારી સરકારે ચાલુ વર્ષમાં ૨૨૬ કિલોમીટર લાંબી કેનાલનાં કામો પૂર્ણ કરેલાં છે. કુલ મળીને ૬૩૭૭૩ કિલોમીટર લાંબી નહેરોનું નિર્માણ કરીને આ રાજયના ખેડૂતો એ અમારા બનાસકાંઠા હોય કે કચ્છ હોય. એમાં મારી મંત્રીશ્રીને અને વિભાગના અધિકારીશ્રીઓને મારી માંગ છે કે મારો મત વિસ્તાર હાલોલ અને કાલોલ છે. જયાં નર્મદાજી પસાર થાય છે. અમારા ગોધરા અને કાલોલ પૂર્વ વિભાગ નર્મદાજી એની વચ્ચેથી પસાર થઇને જાય છે, ત્યારે મારી રાજય સરકારને વિનંતી છે કે અમારા વિસ્તારમાં મોટા ખેડૂતો નથી કે જેમની પાસે ૫૦ એકર જમીન હોય કે ૨૫ એકર જમીન હોય. એ બધા ખેડૂતો નાના ખેડૂતો છે. જયારે કચ્છ સુધી આપણે વિકાસની વાત પહોંચાડી છે, ત્યારે મારી રાજય સરકારને દર્દભરી વિનંતી પણ છે કે વિકાસમાં મારો વિસ્તાર કાલોલ અને ગોધરા મત વિસ્તાર શ્રી સી. કે. રાઉલજી અને શ્રી જયદ્રથસિંહજીનો વિસ્તાર અને અમારા સાવલીમાં ડેસર વિસ્તાર. આ બધા વિસ્તારોમાં પાનમ નહેરને નર્મદા ઓથોરિટીની મંજૂરી લઇને જો આપણે આને પાણી આપીએ તો અમારા વિસ્તારની ખેતીને વેગ મળે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સરકારને અભિનંદન એટલા માટે આપવા પડે કે નર્મદા થકી અમારા ગોધરા અને કાલોલ તાલુકાના તળાવોમાં પાણી ભરવાની આજે પણ કામગીરી ચાલુ છે. જે અભિનંદનને પાત્ર છે. પૂરા દેશમાં અને દુનિયામાં ગુજરાતની કાયાપલટ થઇ હોય તો નર્મદાજીને કારણે. નર્મદાજીને કારણે કાયાપલટ થવાને લીધે આપણે પૂરા રાજયમાં કચ્છને કહેવાતું કે કોઇ ગણતું નહોતું. બનાસકાંઠા, ડીસા આજે ત્યાં હરિયાળી ક્રાંતિ થઇ. ભૂતકાળમાં કોઇ સરકારે આવા ખેડૂતલક્ષી નિર્ણયો અને તે પણ ત્વરિત ગતિએ કર્યા નથી. જેનું ખાતમુહૂર્ત કરે એનું ઉદ્‌ઘાટન પણ અમારી સરકાર કરે. એના લીધે પૂરા રાજયમાં આપણે ક્રાંતિ કરી છે. ખેત ઉત્પાદનમાં પણ ઐતિહાસિક આવક થઇ રહી છે, ત્યારે આપણા મધ્ય ગુજરાત કરજણ, વડોદરા આ બધા જળાશયો, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાત સહિત તત્કાલીન મુખ્યમંત્રી તરીકે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ હતા, ત્યારે એમણે ભવિષ્ય માટે વિચાર કર્યો કે આ વિસ્તારમાં નહેર જાય. પરંતુ જયાં પાણી નથી ત્યાં ઉનાળામાં રોકકળ થતી, ત્યારે સરકારને એટલા માટે ધન્યવાદ આપવા પડે કે જળાશયો ભર્યા. સૌની યોજના, સુજલામ્ સુફલામ્ યોજના, ચેકડેમ અને તળાવો ભરવાથી ઉનાળામાં જે રોકકળ થતી. ભૂતકાળમાં ટેન્કરોનું રાજ હતું. ટેન્કરોની લાઇન લાગતી. અત્યારે આગોતરા આયોજનના કારણે આપણી સરકારે અંતરિયાળના તમામ તળાવો ભરીને ત્યાંના પશુપાલકો અને ખેડૂતોને ઉનાળામાં સમસ્યા ઊભી થાય છે એના કાયમી ઉકેલ માટે પણ આપણી સરકારે ખૂબ મોટું આયોજન કરેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, નલ સે જલ યોજના. કેટલીક જગ્યાએ સોર્સ નહીં હોવાના કારણે નર્મદા આધારિત અમારા આદિવાસી વિસ્તારોમાં આજે હજારો રૂપિયાના ખર્ચે મોટી ટાંકીઓ અને સંપો બની રહ્યા છે. આવતા દિવસોમાં કોઇપણ જગ્યાએ પાણી માટે કોઇ બૂમ ન પડે એનું આખું આયોજન અમારી વિકાસઘેલી સરકારે કર્યું છે, ત્યારે મને કહેતા આનંદ થાય છે કે પૂરા ક્ષેત્રમાં અને અમારા આદિવાસી વિસ્તારમાં ૧૦ ટકા લોકફાળો ભરવાનો આવે એને પણ સરકારે કાઢી નાંખ્યો છે અને ૧૦૦ ટકા સહાયથી અમારા આખા વિસ્તારમાં આ યોજના જયારે આવી છે, ત્યારે સરકારશ્રીનો આભાર માનું છું. ભારત માતા કી જય.

શ્રી બાબુસિંહ સા. જાદવ(વટવા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ બજેટ અંગે જે અનુદાન લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપતા મારા વિચારો રજૂ કરું છું. સૌ પ્રથમ તો કેન્દ્રીય ગૃહ અને સંસ્કારિતા મંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબ અને ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો આજે હું આભાર માનું છું. આજે મારા પૈતૃક વતનમાં માનનીય અમિતભાઇ શાહ દ્વારા આયોજિત અને આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વરદહસ્તે લગભગ રૂ.૧૪૦૦ કરોડના વિવિધ લોકાર્પણો અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યા. એમાં મારા પોતાના વતનમાં રૂ.૪૦૨ કરોડના ખર્ચે જે અમારા વિરમગામ, સાણંદ અને બાવળા તાલુકાના ગામોને સિંચાઇનું પાણી મળતુ નહોતું, એવા ૪૪ ગામોમાં પાઇપલાઇન દ્વારા પાણી આપવા માટે રૂ.૪૦૨ કરોડના ખર્ચના ખાતમુહૂર્તની મારા ગામમાંથી શરૂઆત કરવામાં આવી એ બદલ ગુજરાત સરકારનો અને આદરણીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું. કોઇપણ શહેરના વિકાસ માટે ખૂબ મહત્ત્વની બાબત હોય તો એના રોડ રસ્તા અને એનું ઇન્ફ્રાસ્ટ્રકચર. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વાત કરીએ તો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એ પહેલાં કોટ વિસ્તારમાં આવેલ હતો. ત્યારબાદ એ ધીમે ધીમે બહારના અન્ય વિભાગોમાં એનો વિકાસ થવા લાગ્યો. ઘણાં વર્ષો સુધી અમે જોયું કે એનું કોઇ પ્લાનિંગ નહોતું પરંતુ જયારથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને ખાસ કરીને ગુજરાતના પનોતાપુત્ર આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ગુજરાતના તમામ શહેરોનો સર્વાંગી વિકાસ થાય એ માટે એમણે સૌ પ્રથમ ટાઉન પ્લાનિંગનું આયોજન કર્યું અને ટી.પી.ની અંદર ભવિષ્યના ૨૫ વર્ષનો વિચાર કરી અને એમાં કઇ રીતે ટ્રાફિક કંટ્રોલ કરી શકાય, એનો વિકાસ કઇ રીતે થાય, એનો ઔદ્યોગિક વિકાસ કઇ રીતે થાય એનું આયોજન કરીને ટી.પી.ઓ પાડવામાં આવી. જેના ફળ સ્વરૂપે આજે અમદાવાદ શહેર ૭૫ કિલોમિટરના રિંગરોડની વચ્ચે આવેલ શહેર છે. સાથેસાથે વિરમગામ સુધી જોડાઇ ગયું,

આમ કલોલ સુધી, આમ દહેગામ સુધી, આમ નડિયાદ સુધી લગભગ જોડાવાની તૈયારી છે. આ રીતે શહેરી વિકાસ આપણને મળ્યો. ટાઉન પ્લાનિંગની સાથે સાથે જરૂરિયાતની જે મુખ્ય યોજનાઓ હતી, ગટર, વરસાદી પાણીનો નિકાલ, પીવાના પાણી માટેનું આયોજન, આ બધું જ ખુબ આયોજનબદ્ધ રીતે અમદાવાદ શહેરમાં કરવામાં આવ્યું. ફક્ત અમદાવાદ શહેર નહીં પરંતુ ગુજરાતના ૬ મહાનગરો, હમણાં જે આકડા ઉમેરાયા એ સિવાય જૂના ૬ મહાનગરો, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર બધા જ શહેરોમાં શહેરી વિકાસ સત્તા મંડળો દ્વારા ખૂબ વિકાસ કરવામાં આવ્યો જેના પરિણામે ખૂબ સારો શહેરી વિકાસ કર્યો. શહેરી વિકાસ થાય એટલે રોડ રસ્તા બને સાથેસાથે રહેવા માટે આવાસોની પણ જરૂર પડે. મેં પહેલાની સરકારોના સરકારી આવાસો જોયા છે જેમાં રહેવું દોહ્યલું બન્યું હતું પરંતુ જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી, એની પ્રબળ ઇચ્છાશકિતને કારણે સરકાર દ્વારા, સમગ્ર ગુજરાતમાં નામદાર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઔડા દ્વારા જે આવાસોનું નિર્માણ થતું એ આવાસો ખૂબ સુદ્ઢ અને પાંચ માળ હોય તેમજ લિફ્ટનું આયોજન અને સાફસૂફી આ બધું જ ધ્યાનમાં રાખવામાં આવતું.એ બદલ પણ હું આ સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું. સાથોસાથ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના જે જેનું બજેટમાં વિવરણ કરવામાં આવ્યું છે, જેમાં રાજ્યની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે અને ગુજરાતમાં વધતી જતી શહેરીકરણની ઝડપ અને એના કારણે ઉપસ્થિત થતી જરૂરિયાતના પડકારને પહોંચી વળવા માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના રાજ્યના સર્વાંગી વિકાસ માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે ઠરાવ અને સુધારા ઠરાવ કરીને અમલમાં મૂકેલ છે. આ યોજના માટે વિભાગે જુદા જુદા ઠરાવ કરી કુલ ૮૧૧૦.૩૬ કરોડ રૂપિયાની બજેટમાં જોગવાઈ કરી છે. આ માટે હું નાણામંત્રીશ્રીનો આભાર માનું છું કે એમણે માતબર રકમની જોગવાઈ કરી છે. તાજેતરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું બજેટ બહાર પાડવામાં આવ્યું એમાં સૌથી વધારે બજેટ અમારા શહેરની ગટર, પાણી માટે રૂ.૩૦૦ કરોડની જોગવાઇ કરીને બજેટ ફાળવ્યું. ગટરના પાણીને ટ્રિટમેન્ટ કરીને એ પાણી ખેતીવાડીમાં આપશે એવું આયોજન થયું. રસ્તા માટે ખૂબ સારી જોગવાઇ બજેટમાં મૂકવામાં આવી છે. આ સિવાય ઓડિટોરિયમ, કોમ્યુનિટી હોલ, પુસ્તકાલય આ બધું શહેરના વિકાસ માટેનું આયોજન કરીને બજેટ તૈયાર કરવામાં આવ્યું છે ત્યારે આજે જે માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

ડો.મહેન્દ્રભાઇ પાડલિયા(ધોરાજી):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગ માટે જે માગણી ક્રમાંક–૩૦, ૩૧ અને ૩૩ લઇને આવ્યા છે એમને હું મારું સમર્થન આપું છું અને એ બાબતે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં વહીવટમાં ઉચ્ચ હોદ્દાઓ ઉપર યોગ્ય ઉમેદવારોની નિષ્પક્ષ અને સ્વતંત્ર રીતે પસંદગી થાય એ માટે ગુજરાત જાહેર સેવા આયોગનો મૂળભૂત હેતુ છે. ભારતીય બંધારણની કલમ–૩૨૦ હેઠળ સોંપાયેલ બંધારણીય કાર્ય પૈકી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને જે તે વિભાગને પાત્ર ઉમેદવારની ફાળવણી એ સૌથી મહત્ત્વનું કાર્ય ગણી શકાય. ગુજરાત સરકાર જી.પી.એસ.સી. દ્વારા યોગ્ય સક્ષમ ઉમેદવારની પસંદગી કરીને અને સંપૂર્ણપણે પારદર્શી પ્રક્રિયા માટે કટિબદ્ધ છે. એ માટે હું રાજ્ય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આયોગ દ્વારા યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં મુખ્ય સંદર્ગો આ મુજબ છે. ગુજરાત વહીવટી સેવા વર્ગ–૧, મુલ્કી સેવા વર્ગ–૧ અને ૨, ગુજરાત ઇજનેરી સેવા વર્ગ–૧ અને ૨, મેડિકલ ઓફિસર્સ, મેડિકલ ટીચર્સ, મ્યુનિસિપલ હેલ્થ ઓફિસર્સ, પોલીસ ઇન્સ્પેકટર વર્ગ–૨, નાયબ સેકશન અધિકારી, નાયબ મામલતદાર આ ઉપરાંત વિધાનસભા સચિવાલય, માહિતી ખાતું, ભાષા નિયામક, કાયદા વિભાગ, આર.ટી.ઓ. એકાઉન્ટ ઓફિસર્સ, ટેક્સ ઇન્સ્પેકટર્સ જેવી સંખ્યાબંધ કેડરની ભરતી જી.પી.એસ.સી. દ્વારા હાથ ધરવામાં આવે છે. આ સ્પર્ધાત્મક પરીક્ષા માટેના ઉમેદવારો પરીક્ષાની તૈયારી અને આયોજન ચોકસાઇપૂર્વક કરી શકે તે હેતુથી જી.પી.એસ.સી. દ્વારા જાહેરાત અને પરીક્ષા માટેની સૂચિત તારીખો, રૂબરૂ મુલાકાત માટેનો સમયબદ્ધ વાર્ષિક કાર્યક્રમ દર વર્ષે તૈયાર કરીને વર્તમાનપત્રો અને ગુજરાત જાહેર સેવા આયોગની વેબસાઇટ પર જાહેર કરવામાં આવે છે. ચાલુ વર્ષે પણ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તા.૩૧/૧/૨૦૨૪ના રોજ વર્ષ ૨૦૨૪ નો વાર્ષિક કાર્યક્રમ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ વાર્ષિક કાર્યક્રમ મુજબ આયોગ દ્વારા કુલ ૧,૬૨૫ જગ્યાઓ ભરવા માટે ૮૨ પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. વધુમાં આગામી ટૂંક સમયમાં લગભગ માર્ચ ૨૦૨૪ સુધીમાં કલાસ–૧ અને કલાસ–૨ ની એટલે કે ગુજરાત વહિવટી સેવા વર્ગ–૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ–૧ અને વર્ગ–૨ તથા ગુજરાત મુખ્ય નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ–૨, ગાંધીનગર મહાનગરપાલિકાના કાર્યપાલક ઇજનેર અને મદદનીશ ઇજનેર વર્ગ–૨ અને વર્ગ–૩, ગુજરાત જળસંશાધન વિકાસ નિગમ લિમિટેડ હસ્તકના મદદનીશ અધિકારી, મદદનીશ ઇજનેર વર્ગ–૨ સહિતની આશરે કુલ ૩૩ જાહેરાતો માટે પ્રાથમિક અને લેખિત કસોટીઓ યોજવાની કાર્યવાહી ચાલુ છે. સન ૨૦૨૨માં ૭ સંવર્ગની કુલ ૧૦૨ જગ્યાઓ ભરવા માટે વર્ષ ૨૦૨૨–૨૩ની જાહેરાત ક્રમાંક–૨૦ પ્રસિદ્ધ કરવામાં આવેલ જેની ભરતી પ્રક્રિયા હાલુ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ચાલુ છે અને આગામી તારીખ ૧૯થી ૨૪ ફેબ્રુઆરી દરમ્યાન મુખ્ય પરીક્ષાનું આયોજન થયેલ છે. સન ૨૦૨૩માં ૧૪ સંવર્ગની કુલ ૨૯૩ જગ્યા ભરવા માટે વર્ષ ૨૦૨૨–૨૩ની જાહેરાત ક્રમાંક–૪૭ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે જેની ભરતી પ્રક્રિયા હાલ ગુજરાત જાહેર સેવા આયોગ ખાતે ચાલુ છે અને ૭મી જાન્યુઆરી ૨૦૨૪નાં રોજ તેની પ્રાથમિક પરીક્ષા પણ પૂર્ણ થયેલ છે. ઉચ્ચ નાણાકીય સહાયની યોજના બાબત હું મારા વિચાર રજૂ કરું છું. આ યોજનાનો મૂળ હેતુ ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ–૩ અને વર્ગ–૪ના કર્મચારીના

આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવી નાણાકીય ભીસમાં રાહત આપવાનો અને આવી પડેલ આકસ્મિક કટોકટીને પહોંચી વળવા કુટુંબને મદદ કરવાનો છે. આ યોજના હેઠળ નિયમિત ધોરણે નિમણૂક પામેલા વર્ગ–૩ અને વર્ગ–૪ના કર્મચારીના આશ્રિત કુટુંબને રૂ.૮ લાખની ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવામાં આવતી હતી જેમાં તા.૨૪/૯/૨૦૨૨ના ઠરાવથી આ રકમ ૮ લાખથી વધારીને રૂ.૧૪ લાખ કરવામાં આવી છે. તદુપરાંત આ યોજના અંતર્ગત તા.૨૦/૭/૨૦૧૭ના ઠરાવ મુજબ પગારના કરારીય સમયગાળા દરમ્યાન નિયમિત નિમણૂક પામેલ સમયના એક વર્ષ સુધીના અવસાનના કિસ્સામાં રૂ.૪ લાખની ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવામાં આવતી હતી જેમાં તા.૨૯/૧૦/૨૦૨૨ના ઠરાવથી આ રકમ કરારીય સમયગાળા દરમ્યાન અવસાનના કિસ્સામાં રૂ.૪ લાખથી વધારીને રૂ.૭ લાખની જોગવાઇ કરવામાં આવી છે. ઉપરાંત તા.૧૨/૧૦/૨૦૨૩ ના ઠરાવથી આ રકમ કરારીય સમયગાળા દરમ્યાન અવસાનના કિસ્સામાં રૂ.૭ લાખથી વધારીને રૂ.૧૪ લાખ કરવામાં આવી છે. આ ઉપરાંત સ્વાતંત્ર્ય સેનાનીઓ અને તેમના આશ્રિતો માટે પણ પેન્શનની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા દેશની આઝાદીની ચળવળમાં રાજયના જે સ્વાતંત્ર્ય સેનાનીઓ (અંતરાય)

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી મહેન્દ્રભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી જયંતિભાઇ પટેલ.

શ્રી જયંતિભાઇ સો. પટેલ(માણસા) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ ક્રમાંક–૩૫ લઇને આ સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયા છે તેને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નમામિ દેવી નર્મદે. ગુજરાતની જીવાદોરી મા નર્મદા છે અને જે મધ્યપ્રદેશના અમરકંટકમાંથી નીકળી મા રેવા યાને નર્મદા દેશના પશ્ચિમ વિસ્તારમાં વહેનાર સૌથી લાંબી અને મધ્યપ્રદેશ તથા ગુજરાતની સૌથી મોટી, સૌથી વિપુલ પાણીનો જથ્થો ધરાવતી, બારેમાસ વહેતી મા નર્મદા ઉપર બંધાયેલ સરદાર સરોવર નર્મદા યોજના રાજયના માનવ, પશુધન અને દ્વારકાધીશની ભૂમિ ગુજરાતની તરસ છીપાવતી અને રાજયને સમૃદ્ધિ આપનાર અતિ મહત્ત્વની વિકાસશીલ આંતરરાજય બહુહેતુક યોજના છે. આઝાદી પહેલા રાષ્ટ્રના લોખંડી પૂરુંષ સરદાર સાહેબે નર્મદા યોજનાની રૂપરેખાનો વિચાર સને ૧૯૪૬માં રજૂ કર્યો હતો. તા. ૫ એપ્રિલ, ૧૯૬૧ના રોજ આ યોજનાનું ખાતમુહૂર્ત પણ થયું હતું. તે વખતની કેન્દ્ર સરકારની નેતાગીરીની ગુજરાત પ્રત્યે ભેદભાવભરી નીતિના કારણે નર્મદા યોજનાના અમલીકરણમાં અનેક દશકાઓનો વધારે સમય વ્યતિત થયો છે. ચાર રાજયો વચ્ચે પાણીની વહેંચણી અને નર્મદા બંધની ઊંચાઇ નક્કી કરવા માટે રચાયેલા નર્મદા જળ વિવાદ પંચે માનનીય વડાપ્રધાન સ્વ. મોરારજીભાઇ દેસાઇની સરકારમાં સન ૧૯૭૯માં ચુકાદો આપતા નર્મદા યોજનાનું કામ શરૂ થઇ શકયું હતું. ત્યારબાદ ગુજરાત વિરોધી માનસિકતા ધરાવતા નર્મદા વિરોધીઓને કારણે બંધની ઊંચાઇ વધારવાની મંજૂરી ટુકડે ટુકડે મળતી ગઇ અને તેમાં પણ વર્ષો વીતી ગયા. રાષ્ટ્રના ઇતિહાસની અભૂતપૂર્વ ઘટના છે કે દેશની બહુહેતુક યોજના માટે કોઇ રાજયના મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્ર સરકાર સામે ઉપવાસ આંદોલન કરવું પડયું હોય અને રાજયની પ્રજાની જીવાદોરી સમાન સરદાર સરોવરની બહુહેતુક યોજનાના અમલીકરણ અને મંજૂરીઓ માટે વર્ષ ૨૦૦૬માં તાત્કાલિક મુખ્યમંત્રી અને આપણા સૌના હૃદય સમ્રાટ અને અત્યારના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે સરદાર બંધની ઊંચાઇ વધારવા કેન્દ્ર સરકાર સામે ઉપવાસ આંદોલન કર્યું હતું અને તેમાં ગુજરાતની પ્રજાની લાગણીનો વિજય થયો હતો. ચાલુ વર્ષના બજેટમાં જળસંપત્તિ પ્રભાગ માટે રૂ.૧૧૫૩૫ કરોડ, સરદાર સરોવર માટે રૂ.૪૭૯૮ કરોડ, પાણી પુરવઠા માટે રૂ.૬૨૪૨ કરોડ, સુક્ષ્મ સિંચાઇ માટે રૂ.૨૫૦૦ કરોડની જોગવાઇ કરવા બદલ આ સરકારને અભિનંદન પાઠવું છું. નર્મદા બંધની ઊંચાઇનું કામ ૧૨૧.૯૦ મીટર પૂર્ણ થયેલું હતું અને વર્ષ ૨૦૧૪માં દઢ રાજકીય ઇચ્છાશક્તિ અને નિર્ણયશક્તિ તથા અસાધારણ કુનેહ અને દીર્ઘદષ્ટિ ધરાવતા માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ દિલ્હીના પ્રશાસન ઉપર જયારે બિરાજ્યા તેની સાથે જ એમણે ૧૭ દિવસની અંદર જ તા.૧૨ જૂન, ૨૦૧૪ના રોજ બંધની ઊંચાઇ વધારીને ૧૩૮.૬૮ મીટર સુધી લઇ જવા માટે મંજૂરી આપી હતી. આ માટે આખું ગુજરાત એમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. આ કામગીરી ગુજરાત સરકારે ૯ માસ પહેલા પૂર્ણ કરી હતી. ત્યારબાદ નર્મદા કન્ટ્રોલ ઓથોરિટી દ્વારા નર્મદા ડેમના દરવાજા માટેની મંજૂરી આપતા આ કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. જે રાજયની ભારતીય જનતા પાર્ટીની કામ કરતી સરકારની પ્રતીતિ કરાવે છે. આમ બંધમાં પાણીની સંગ્રહ ક્ષમતા ૪.૭૪ મિલિયન એકર ફુટ થઇ છે એટલે જળ સંગ્રહ ક્ષમતામાં ૩.૭૫ ગણો વધારો થયો છે. નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૩૮૫.૮૧ કિલોમીટર છે જેમાંથી બનાસકાંઠા જિલ્લાના સલીમગઢ ગામેથી કચ્છ માટે નહેર શાખા નીકળે છે તે નર્મદા યોજનાની કુલ ૩૮ શાખાઓમાં સૌથી લાંબી નહેર છે. આ બહુહેતુક યોજના પૂર્ણ થતા રાજયના ૧૦૦૦૦ ગામોને અને શહેરોને ઘર વપરાશ માટે પાણી પૂરું પાડવામાં આવે છે. સરદાર સરોવર ડેમ અને કેનાલ પર ૧૪૫૦ મેગાવોટની કુલ સ્થાપીત ક્ષમતાવાળા ૨૦૦૦ વિદ્યુત મથકો પણ કાર્યરત છે. જાન્યુઆરી–૨૦૨૪ સુધીમાં કુલ ૫૯૫૫ કરોડ યુનિટ વીજ ઉત્પાદન કરવામાં આવે છે અને તેનો બજાર ભાવ પ્રતિ યુનિટે રૂ. ૪ લેખે ગણતા અંદાજે રૂ.૨૩૮૨૦ કરોડની આવક થયેલ ગણાશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી અને આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓ એ વાતથી સુવિદિત છે કે ઉત્તર ગુજરાતમાં ભૂગર્ભ જળ દર વર્ષે ૩થી ૪ મીટર જેટલા નીચા જતા હતા. આ પરિસ્થિતિ ચાલુ રહે તો અમારા વિસ્તારની ૨ કરોડથી વધુ જનતાને પાણી વિના હિજરત કરવી પડશે એવી આગોતરી દીર્ઘદષ્ટિ ધરાવતા નરેન્દ્રભાઇ મોદીસાહેબે ભવિષ્યમાં ઊભી થનાર સમસ્યાના ઉકેલ માટે સુજલામ સુફલામ સ્પ્રેડિંગ કેનાલ યુદ્ધના ધોરણે અમલમાં મૂકી અને કામગીરી પૂર્ણ કરેલ છે અને તેમાં આ નર્મદાના નીર વહેવડાવતા આ બદલ રાજયની પ્રજા આદરણીય શ્રી મોદીસાહેબનો ઉપકાર કયારેય ભૂલી શકે તેમ નથી. ૧૪

પાઇપલાઇનો દ્વારા ચોમાસાના પૂરનું વધારાનું વહી જતું પાણી ઉત્તર ગુજરાત સહિત રાજયના અન્ય વિસ્તારમાં પહોંચાડવાનું આયોજન પણ કરવામાં આવેલ છે. ૮૮૪.૨ કિલોમીટર લંબાઇની ૧૨ પાઇપલાઇનો તેમજ ૩૨ પમ્પિંગ સ્ટેશનોનાં કામ પૂર્ણ કરવામાં આવેલ છે. જેના પરિણામે ઉત્તર ગુજરાતના ૪૪૦ ગામડાના ૭૪૨ થરા થકી ૯૨૨૦૦ હેકટર વિસ્તારને પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે સિંચાઇનો લાભ થયેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારતના ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અને અમારા માણસાના સપૂત શ્રી અમિતભાઇ શાહ સાહેબ અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ તથા સિંચાઇ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા સાહેબનો અમારા વિસ્તારના લોકો આભાર માને છે કે, અમને અંબોડ ખાતે ૨૨૧ કરોડ રૂપિયાના ખર્ચે ડેમ આપવામાં આવેલ છે. તે માટે અમારા વિસ્તાર વતીથી ખૂબ ખૂબ આભાર માનું છું. વધુમાં અમને માણસા ખાતે ૪૨૫ બેડની સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ આપવામાં આવી છે તેના માટે હું માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ તથા મુખ્યમંત્રીશ્રીનો હૃદયથી ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સૌથી વિશેષ કહેવું છે કે, અમારા વિસ્તારમાં વર્ષોથી રેલવેનો પ્રશ્ન હતો, રેલવે બંધ થઇ ગઇ હતી. કોંગ્રેસના મિત્રોને મારે કહેવું છે કે, અમારે કટોસણ, આંબલીયાસણ જઇ રેલવે એન્જિન રિવર્સ આવતું હતું. અમને લોકો મ્હેણું મારતા હતા કે આ લોકો તો ઉંધા એન્જિનવાળા છે.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી આપનો સમય પૂરો થાય છે.

શ્રી જયંતિભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક જ સેકન્ડ. જયારે કેન્દ્રની અંદર આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી ગયા ત્યારે અમને નવી રેલવે લાઇન આપી. અત્યારે ૬૫૦ કરોડ રૂપિયા કેન્દ્રમાંથી મોદી સાહેબે મંજૂર કર્યા છે. હવે આ રેલવે લાઇન ગાંધીનગરથી લોદરા થઇ વડનગર જશે અને લોકો ત્યાં પ્લેટફોર્મ ઉપર ચા પીશે અને પછી આબુરોડ થઇ દિલ્હી જશે. રૂ.૬૫૦ કરોડના ખર્ચે પ્રધાનમંત્રીશ્રીએ આ રેલવે લાઇન આપી અમારું મ્હેણું ભાગ્યું છે તે માટે તેમનો આભાર માનું છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ છે તે સરકારનો નોડલ હૃદય સમાન વિભાગ છે, તે મજબૂત હોય તો સરકારના બધા જ ઓર્ગન મજબૂત રહેવાના. જો તે નબળો પડે તો આખો વહીવટ નબળો પડે છે. તેમાંય આ દેશની અંદર બહુ જ અપેક્ષા સાથે આપણે આઇ.એ.એસ., આઇ.પી.એસ.ની સેવાઓ શરૂ કરી હતી. તેના કારણે આ દેશની અંદર નિર્ભયપણે આ સેવાની અંદર આવેલા લોકો ટેલેન્ટેડ હોય. આખા દેશનો સારી રીતે વહીવટ કરી શકે તે પ્રકારે અપેક્ષા રાખવામાં આવતી હતી. એક સમય એવો હતો કે, જયારે આઇ.એ.એસ. અને આઇ.પી.એસ. હોય તે ભ્રષ્ટાચાર કરે તો યુવાની સમયે આ બાબતે નવાઇ લાગતી હતી. એ તો લે જ નહીં, આવું કરે જ નહીં. એ તો પવિત્ર માણસ હોય. આજે તેમાં ઘણાબધા પવિત્ર લોકો છે પણ તેની સંખ્યા નહિવત થઇ ગઇ છે. આપણે એન્ટી કરપ્શન બ્યુરો હોય કે બીજા કોઇ હોય તેમાં લાંચ લેતા કે ભ્રષ્ટાચાર કરતાં પકડાયા હોય તો મોટાભાગે કલાસ–૩નો કર્મચારી હોય, નાયબ મામલતદાર હોય, તલાટી કમ મંત્રી હોય કે પછી કોઇ ફાર્માસિસ્ટ કે પોલીસ કોન્સ્ટેબલ હોય. કોઇ આઇ.એ.એસ., આઇ.પી.એસ.ને પકડયા હોય અને તે જેલમાં ગયા હોય તેવો દાખલો ભાગ્યે જ બનતો હતો. તેનું કારણ એ છે કે, આપણી નજર એવી છે કે આપણે તેને ટચ નથી કરવા પણ નાના લોકોને ટચ કરવા છે. અત્યારે જિલ્લાના વહીવટી તંત્ર ચાલે છે, કલાસ–૧ અધિકારીઓ છે, આઇ.એ.એસ., આઇ.પી.એસ. છે તેમાં ભ્રષ્ટાચાર વ્યાપ્ત થયો છે. કદાચ પહેલાંના સમયની અંદર રાજા વેશપલટો કરીને જાય તો એમને ખબર પડે અથવા તો અહીં જે હાઉસની અંદર બેઠા છે તેમની પાસે ફરિયાદો આવતી હોય તેના ઉપરથી આપણને ખબર પડતી હોય છે. આપણે ત્યાં સુધી તેની પીડા જાણીએ છીએ પણ અહીં પહોંચતી નથી. લોકો તો એમ કહે છે કે, જબ મેંરે હૃદયમે અગ્નિ ઉઠી હોગી, એક જ્વાલા તો તેંરે સિનેમેભી ભડકી હોગી, પીડા હુઇ થી મુજે અથાગ જબ એક આહ તો તુનેભી ભરી હોગી. આપણે આજે તો એક આહ પણ ભરતા નથી. તેની ફરિયાદો સાંભળવાનું જ બંધ થઇ ગયું. પહેલા અધિકારીઓના રિપોર્ટ કાર્ડ બનતા હતા અને તેણે સરકારના કેટલા ગોલ સિદ્ધ કર્યા છે તે જોવાતું હતું. કેટલું કામ કરેલું છે, કેટલી ફરિયાદો ઓછી કરી છે? એને આધારે આપણે એનું રિપોર્ટ કાર્ડ બનાવતા હતા પણ હવે તો આપણે રિપોર્ટ કાર્ડ એના આધારે બનાવીએ છીએ કે, એમણે એ વિસ્તારમાં સરકારના કેટલા રાજકીય ઉત્સવો, રાજકીય કાર્યક્રમોનું આયોજન કર્યું છે, સરકારની સાથે જોડાયેલા લોકો છે એનું કેટલું સારુ કામ કરેલું છે. બીજાનું ટેબલ ઉપર વજન મૂકે ત્યારે કામ કરવાનું પણ માનીતા હોય એનું ફટાફટ કરી દેવાનું અને ત્યાં સુધી કે, સરકારી અધિકારીઓ ખંડણી ઉઘરાવે અને ખુલ્લેઆમ ઉઘરાવે અને એની ફરિયાદ બીજું કોઇ ન કરે શાસક પક્ષના ધારાસભ્ય કરે કે, આ ખંડણી ઉઘરાવવાની અંદર અમારા અધિકારીઓ ભાગ રાખે છે છતાં એની માત્ર બદલી થાય પણ એની જગ્યાએ કોન્સ્ટેબલ હોય તો જેલમાં જાય. માનનીય અધ્યક્ષશ્રી, આ કન્ટ્રોલ કોઇ પણ રીતે આપણે કરવો જરૂરી છે જો નહીં કરીએ તો ગુજરાતને પણ બનાના રીપબ્લિક થતા વાર નહીં લાગે.

માનનીય અધ્યક્ષશ્રી, દિલ્હીનું ગુજરાત ભવન છે એ બહુ સારુ બન્યું છે પણ ધારાસભ્યો કે સંસદ સભ્યો જાય તો એની આખી કેડર જ જુદી, એની પાસેથી વધારે ભાડું લેવાનું, એને રૂમ પણ છેવાડાનો આપવાનો, એની વ્યવસ્થા નહીં કરવાની. જો રીટાયર કર્મચારી જાય તો બધી જ વ્યવસ્થા સરકારી ધોરણે કરી દેવાની અને માજી ધારાસભ્ય કે સંસદ સભ્ય જાય

તો માર્કેટ રેટ પ્રમાણેનું ભાડું લેવાનું અને એને કારણે ખાલી રહે તો પણ એનો ઉપયોગ થતો નથી. હું તો માનનીય મુખ્ય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે, રાજયમાં સરકારી કામ કરવા માટેના એક કલેકટર છે એ રીતે આપણે એક બીજા કલેકટરની પણ નિમણૂક કરવી જોઇએ કે, જે સરકારનાં રાજકીય કામો કરી આપે જેથી બાકીના જે અધિકારીઓ છે એ સારી રીતે પ્રજાનું કામ કરી શકે. સરકારની કામ કરવા માટે એક ઓફિસ જ જુદી કરો જે ઉત્સવો કરે, યાત્રાઓ કાઢે અથવા જે જે કાર્યક્રમો આવે એ બધું કરે તો એમાં વાંધો ન હોઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં નર્મદા યોજના છે એની વાત થઇ. ૨૮ વર્ષથી આ સરકાર ચાલે છે પણ આ ૨૮ વર્ષમાં હજુ કેનાલોનાં કામો પૂરાં થઇ શક્યા નથી. એમાં તો કોઇ રોકતું ન હતું, નહોતો કોઇ ચુકાદો નડતો કે નહોતા કોઇ નર્મદા વિરોધીઓ વચ્ચે આવતા હતા પણ ઇચ્છાશક્તિને અભાવે આપણે અત્યારે જે ૭૮ તાલુકા અને ૧૭ જિલ્લામાં ૧૮.૪૫ લાખ હેકટર જમીનને સિંચાઇ આપવાની હતી એની જગ્યાએ માત્ર ૧૩.૮૫ લાખ હેકટર જમીનને જ આપણે સિંચાઇ આપી શકયા છીએ અને હજુ પણ વિશાખા, પ્રશાખા અને પ્ર–પ્રશાખાના ૫૭૨૩.૭૭ કિલોમીટરનાં કામ હજુ પણ બાકી છે અને એ ક્યારે થશે એની હજુ કલ્પના કરી શકતા નથી. એટલું જ નહીં, માનનીય નાણાંમંત્રીશ્રી કરજ લેવા કરતા મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન આ ત્રણ રાજયો પાસેથી આપણી લ્હેણી રકમ હતી, એ જો લઇ લઇએ તો આપણે આજે જે પૈસા ઉછીના લેવા પડે છે એ ન લેવા પડે અને વ્યાજ પણ ન ચૂકવવું પડે. મધ્યપ્રદેશ પાસેથી રૂ.૫૨૨૫.૫૧ કરોડ લેવાના બાકી છે, મહારાષ્ટ્ર પાસેથી રૂ.૧૭૭૮.૮૬ કરોડ લેવાના બાકી છે અને રાજસ્થાન પાસેથી રૂ.૫૭૧.૮૪ કરોડ લેવાના બાકી છે. આમ, કુલ રૂપિયા રૂ.૭૫૭૬.૮૪ કરોડ લેવાના બાકી છે જો એ લઇ લઇએ તો આપણા રાજયનાં બાકી કામો પૂરા કરી શકાય. હવે તો મોસાળે જમણવાર અને મા પીરસનાર છે. ફોન કોલ આવે છે વહેલાસર લઇ આવીને આપણે આ યોજના પૂરી કરવામાં આપણા લોકોની જરૂરિયાત છે એમાં વપરાય એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસમાં આપણે ૮ મહાનગરોને જ શહેર ગણીએ છીએ પણ ૧૫૭ નગરપાલિકાઓ છે એનું વહીવટી તંત્ર એટલું નબળું છે કે, આજે ફરિયાદો જો લોકોની લેવાની શરૂ કરીએ તો ૧૦૦માંથી ૯૦ લોકો એમ કહે કે, અમને નગરપાલિકા સામે ફરિયાદ છે અને તેનું કારણ એ છે કે તેનું વહીવટી માળખું જે મજબૂત હોવું જોઇએ તે થતું નથી. અને તેને કારણે જે સેવાઓ છે તે સારામાં સારી ક્વોલિટીવાળી સેવાઓ ત્યાં મળવી જોઇએ તે મળતી નથી એને કારણે ગામડાઓ ભાંગી અને શહેરમાં આવે છે, નાનાં શહેરો ભાંગીને મોટાં શહેરો ઊભાં થાય છે. અને તેને કારણે આપણો જે સમતુલિત વિકાસ થવો જોઇએ તે થતો નથી તેના કારણે મારી રાજય સરકારને વિનંતી છે કે, આ નગરપાલિકાઓને સાઉન્ડ કરો. આપે સાત નગરપાલિકાને મહાનગરપાલિકા બનાવવાનું નક્કી કર્યું છે તો બાકી બે–ત્રણ મોટી નગરપાલિકાઓ રહી જાય છે તે વેરાવળ સોમનાથ હોય, પોરબંદર હોય કે આ પ્રકારની બીજી મોટી નગરપાલિકાઓ હોય, નડિયાદ છે આ બધાને અને તેને મહાનગરપાલિકાનો દરજ્જો આપો જેથી તેની પણ એક સુવ્યવસ્થિત રીતે વ્યવસ્થા થઇ શકે.

સભાપતિશ્રી : માનનીય અર્જુનભાઇ, આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા: માનનીય અધ્યક્ષશ્રી, અડધી મિનિટમાં પૂરું કરું. આવાસ યોજનાઓ જે શહેરી વિસ્તારોમાં બને છે ખાસ કરીને નગરપાલિકા વિસ્તારોમાં એ નગરપાલિકાને તેનું કામ ના આપે અને રાજય સરકાર તેની એજન્સીઓ મારફત કરાવે જેથી આ ફતેપુર સિક્રી નવા બને નહીં અને લોકોને સારામાં સારું પોતાનું ઘરનું ઘર મળે, આભાર.

શ્રી ત્રિકમ બિ. છાંગા(અંજાર):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ નર્મદા પરની ૬૫ નંબરની માગણીઓ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર સંસ્કૃતિનો પ્રભાગ નદી કિનારે પાંગર્યો છે. જગતની પ્રાચીનતમ સંસ્કૃતિઓ નદી કિનારે જ પાંગરી છે, વિકસી છે અને વિસ્તરી છે. શીર જીવનની શરૂઆત સાહેબ નદી કિનારે જ થઇ છે એટલે જ નદીની ઉપયોગિતાના લીધે તેને લોકમાતા કહેવામાં આવે છે. ભૂતકાળમાં એમ કહેવાતું હતું વર્તમાન સમયમાં તો ટેકનોલોજી અને સાધનો બદલ્યાં છે નહીંતર અંગ્રેજીમાં એમ કહેવાતુ હતું કે, " if you have lost in the jungle, than find out the spring in the jungle and spring will bring you to river and river will bring you to the people." આ રીતે ખોવાયેલા વ્યકિત માટે પણ તેના મહત્ત્વનો આશરો તેના સ્થાન સુધી પહોંચવા માટેનો નદી બની રહેતી હતી. સાહેબ ગુજરાતને લાગે વળગે છે ત્યાં સુધી નર્મદા યોજના બન્યા પછી અને કાર્યાન્વિત થયા પછી સમગ્ર ગુજરાતના માનવ જીવન, આર્થિક જીવન, સામાજીક જીવન, સાંસ્કૃતિક જીવન, સાર્વત્રિક જીવનમાં ખૂબ મોટા પ્રમાણમાં પરિવર્તન લાવી શકયા છીએ. ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે નર્મદા યોજનાને અગ્રતા આપી અને નર્મદાના પીવા અને સિંચાઇ માટેના પાણી છેક છેવાડાના અમારા કચ્છ જેવા સૂકા વિસ્તારના છેક મોડગા સુધી પહોંચાડવામાં આવ્યા છે. અન્ય જયાં પહોંચાડવાનું છે ત્યાં સુધી પણ કાર્ય થઇ રહ્યું છે, આગળ વધી રહ્યું છે. નર્મદા યોજના ગુજરાતની બહુહેતુક યોજના છે એટલે સિંચાઇ ઉપરાંત, પીવા ઉપરાંત નર્મદા યોજનાનું તેનુ નહેરનું બાકીના વિકલ્પ તરીકે ઉપયોગ કરીને ગુજરાતને આર્થિક રીતે વધુમાં વધુ કઇ રીતે લાભ થઇ શકે એવા સિંચાઇ અને પીવાના પાણી ઉપરાંત ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વર્તમાન પ્રધાનમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સાણંદ પાસે શાખા નહેર ઉપર એક મેગાવોટ વીજળીનું કેનાલ ટોપ સોલાર પાવર પ્રોજેક્ટ સ્થાપીને એક નવા જ પ્રકારના આયામની શરૂઆત કરી. તેના પછી દસ મેગાવોટની શરૂઆત વડોદરા પાસે થઇ અને યોગાનુયોગ એ

સોલાર ટોપનું લોકાર્પણ પણ તે વખતના તત્કાલ યુ.એન.ના મહામંત્રી જનરલ વાનકી મુને કર્યું હતું અન્ય ઉપરાંત પણ ૨૫ મેગાવોટ નર્મદા પર વડોદરા પાસે સોલાર ટોપ કેનાલનું બાંધકામ કરવામાં આવ્યું છે અને તે કાર્યાન્વિત થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેનાલ ઉપર સોલાર પ્લાન્ટ સ્થાપવાથી જમીનની બચત થાય છે. કેનાલ સોલાર પેનલોથી ઢંકાઇ જવાથી કેનાલના અંદરના પાણીનું બાષ્પીભવન પણ નહીં થાય.

સભાપતિશ્રી : વિરામનો સમય થયો છે અને આપનું પ્રવચન ચાલુ રહેશે.

**( વિરામ સાંજના ૫–૩૦થી ૬–૦૦ )**

**માનનીય સભાપતિ શ્રી પંકજ દેસાઇ અધ્યક્ષસ્થાને**

શ્રી ત્રિકમ બિ. છાંગા : (ક્રમશ:) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઋષિકેશભાઇ પટેલ સાહેબ નર્મદા અને જળસંપત્તિ વિભાગની માગણી ક્રમાંક–૬૫ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારી વાત આગળ વધારું છું. નર્મદા યોજના ગુજરાતની જીવાદોરી તો છે જ પરંતુ સૌથી મહત્ત્વની છે. ભારત વર્ષની બહુહેતુક યોજનામાંની પણ એક ગણી શકાય. નર્મદા યોજનામાં સિંચાઇ અને પીવાના પાણીની સાથે–સાથે નહેરો ઉપર સોલર પૅનલ ગોઠવવાની આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે શરૂઆત કરી છે એને આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારે આગળ વધારી છે. કૅનાલ ઉપર સોલર પૅનલની સ્થાપના કરીને ખૂબ મોટા પ્રમાણમાં વીજળી ઉત્પન્ન કરીને ઊર્જાના બિનપરંપરાગત સ્ત્રોતોના વિકાસની દિશામાં રાજ્ય સરકારે ખૂબ મહત્ત્વનું કામ કર્યું છે. વીજળીને લાગે–વળગે ત્યાં સુધી ગુજરાત સરપ્લસ વીજળી ઉત્પન્ન કરનારું રાજ્ય ગણાય છે. રાજ્યમાં ઉદ્યોગોના વિકાસના મૂળમાં પણ આ વીજળીનું ઉત્પાદન એક મહત્ત્વના કારણ તરીકે કામ કરે છે. વડોદરા શાખા નહેર ઉપર ૩૫ મેગાવૉટ વીજળી અને ત્યારબાદના અલગ–અલગ વીજ ઉત્પાદન મથકો દ્વારા વીજળીનું ઉત્પાદન કરે છે. એ ઉપરાંત પાંચ જેટલી નહેર આધારિત જળવિદ્યુત યોજનાઓ પણ તૈયાર કરવામાં આવી છે અને એ જળવિદ્યુત યોજના દ્વારા પણ ગુજરાતમાં નર્મદા યોજનાની નહેરમાંથી નીકળતી જે કાંઇ શાખા નહેરો છે એ શાખા નહેરો ઉપર પાંચ જેટલા જળવિદ્યુત મથકો પણ સ્થાપવામાં આવ્યા છે. જેમાં સૌરાષ્ટ્ર શાખા નહેર લઘુ જળવિદ્યુત મથક, કચ્છ શાખા નહેર લઘુ જળવિદ્યુત મથક, મિયાગામ શાખા નહેર લઘુ જળવિદ્યુત મથક, વડોદરા શાખા નહેર લઘુ જળવિદ્યુત મથક અને ગરૂડેશ્વર વિયર લઘુ જળવિદ્યુત મથક એમ પાંચ જળવિદ્યુત મથકો દ્વારા નર્મદાના પાણીની સાથે એમાંથી વીજળી ઉત્પન્ન કરવાના પ્રકલ્પો રાજ્ય સરકાર દ્વારા પ્રારંભ કરવામાં આવ્યા છે. આમ, કુલ ૯૪.૯૬ મેગા વૉટ અપેક્ષિત વીજ ક્ષમતાના કામો પૈકી જાન્યુઆરી–૨૦૨૪ સુધીમાં ૬૩.૮૦ મેગાવૉટ વીજ ક્ષમતાના લઘુ જળવિદ્યુત મથકોનું કમિશનિંગ કરવામાં આવેલ છે. જે અંતર્ગત કુલ રૂ.૮૬૪.૭૫ કરોડનો ખર્ચ થયેલ છે. લઘુ જળવિદ્યુત મથકો દ્વારા કુલ ૪૪.૪૭ કરોડ વીજ યુનિટનું પણ ઉત્પાદન થયેલ છે. રૂ.૪ પ્રતિ યુનિટ ભાવ ગણતા રૂ.૧૭૭.૮૭ કરોડનું વીજ ઉત્પાદન થયેલ છે. વર્ષ ૨૦૨૪–૨૫ના બજેટમાં કેપિટલ વર્ક માટે પણ રૂ.૮૧.૪૦ કરોડ તેમજ ઓપરેશન અને મેઇન્ટેનન્સની કામગીરી માટે પણ રૂ.૮૨૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. હું માગણીઓને મારું અનુમોદન આપું છું.

શ્રી સંજયસિંહ વિ. મહિડા(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબ આ ગૃહ સમક્ષ સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું અને માગણી ક્રમાંક – ૩૦, ૩૧ અને ૩૩ ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના કર્મચારીઓ અને અધિકારીશ્રીઓની સેવાપોથી અને સેવાકીય વહીવટી બાબતો જેમ કે રજા, રજા પ્રવાસ રાહત, વાર્ષિક મિલકત પત્રક, વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ વગેરેને ઓનલાઇન એપ્લિકેશનના માધ્યમથી પૂરી પાડવા માટે સરકારશ્રી દ્વારા સાથી એપ્લિકેશનનું અનાવરણ કરવામાં આવેલ છે. જે જુલાઇ ૨૦૧૫થી અમલમાં છે. પ્રથમ એચ.આર.એમ.એસ. પ્રોજેક્ટની ટૅક્નિકલ મર્યાદા અને યોજનાઓનો વ્યાપ વધારવા, નાણાકીય બોજો ઓછો કરવા માટે તા.૨૫/૧૨/૨૦૨૩ના રોજ રાષ્ટ્રીય સુશાસન દિવસ નિમિત્તે ગુજરાત રાજ્યમાં ઇ–સુશાસનના ભાગરૂપે માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે ગુજરાત સરકાર દ્વારા કર્મચારીઓ/અધિકારીશ્રીઓ માટે કર્મયોગી એપ્લિકેશનનું અનાવરણ કરવામાં આવેલ. આ એપ્લિકેશનનું અમલીકરણ તબક્કાવાર હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, માનનીય મુખ્યમંત્રીશ્રી કાર્યાલયમાં અમલી સી.એમ. ડેશબોર્ડને સાથી એપ્લિકેશન સાથે સાંકળવામાં આવેલ છે. જેમાં રાજ્યના તમામ આઇ.એ.એસ., આઇ.પી.એસ. , આઇ.એફ.એસ. ,આઇ.આર.એસ. , સચિવાલય સંવર્ગના વર્ગ–૧ થી ૪ના અધિકારીઓ/ કર્મચારીઓ તથા તમામ અધિકારી કલેક્ટરશ્રીઓ, નાયબ કલેક્ટરશ્રીઓ, મામલતદારશ્રીઓ સહિત ટૅક્નિકલ કેડરનો સમાવેશ કરી ઉક્ત તમામ અધિકારી/કર્મચારીઓની બેઝિક પ્રોફાઇલ, સર્વિસ પ્રોફાઇલ જેવી કે પોસ્ટિંગ હિસ્ટ્રી, વધારાનો હવાલો સોંપ્યાની વિગતો, રજા મંજૂરીની વિગતો તથા તેમના વાર્ષિક મિલકત પત્રકો ભર્યા અંગેની વિગતો દર માસે ઉપલબ્ધ કરવામાં આવે છે. જાહેર સેવા આયોગ દ્વારા દર વર્ષે જાહેરાત અને પરીક્ષા માટેની સૂચિત તારીખો, રૂબરૂ મુલાકાતનો સૂચિત માસ દર્શાવતો સમયબદ્ધ કાર્યક્રમ અગાઉથી નક્કી કરી વર્તમાનપત્રોમાં અને ગુજરાત જાહેર સેવા આયોગની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરી દેવામાં આવેલ છે. ઉક્ત માગણી હેઠળ મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ અને સંસદીય સચિવોના પગાર તથા તેમના પ્રવાસ અને કચેરી ખર્ચ, સરભરા અને આતિથ્ય ખર્ચ અંગેની જોગવાઇ પણ કરવામાં આવેલ છે.

## તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી,રાજ્યના તમામ ૧૮૨ વિધાનસભા મત વિભાગો માટે દર વર્ષની પહેલી તારીખે લાયકાત તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા માટેનો ભારતના ચૂંટણી પંચ દ્વારા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જે કાર્યક્રમ અનુસાર સબંધિત મતદાર નોંધણી અધિકારીઓ દ્વારા નિયત તારીખે મતદારયાદીઓનો મુસદ્દો પ્રસિદ્ધ કરીને નિયત થયેલ સમયગાળા દરમિયાન નાગરિક મતદારો તરફી હક દાવા અંગે વાંધા અરજીઓ સ્વીકારવામાં આવે છે. ભારતમાં ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલ તા.૦૧/૦૪/૨૦૨૩થી લાયકાતની તારીખ સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અન્વયે રાજ્યના તમામ વિધાનસભા મત વિભાગમાં તા.૦૫/૦૪/૨૦૨૩ થી ૨૩/૦૪/૨૦૨૩ સુધી દાવા અને વાંધા અરજીઓ સ્વીકારવામાં આવેલ છે. ત્યાર બાદ તા.૧૫/૦૫/૨૦૨૩ના રોજ આખરી મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. આ સુધારણા કાર્યક્રમ દરમિયાન કુલ ૨ લાખ ૨૭ હજાર ૬૭૭ મતદારોનો ચોખ્ખો વધારો થયેલ છે. પ્રથમ વખત નોંધાયેલ મતદારો પૈકી ૧૮–૧૯ વય જૂથના કુલ ૧ લાખ ૩૫ હજાર ૧૦૭ યુવાનોની મતદાર તરીકે નોંધણી કરવામાં આવેલ છે. બિનનિવાસી ગુજરાતી પ્રભાગ અંતર્ગત દેશના અન્ય રાજ્યોનાં શહેરોમાં ગુજરાતીઓની સંખ્યા વધુ હોય ત્યાં બિનનિવાસી ગુજરાતીઓની યુવા પેઢીને ગુજરાતની સંસ્કૃતિથી માહિતગાર કરવા, બિનનિવાસી ગુજરાતીને પોતાના મૂળ સાથે જોડાયેલા રાખવા તથા સરકારની પ્રતિષ્ઠાની પ્રવૃત્તિઓનો પ્રચાર–પ્રસાર કરવા, ગુજરાતના યુવાધનનો ડેટાબેઝ તૈયાર કરવા જેવા હેતુ સાથે 'સદાકાળ ગુજરાત' કાર્યક્રમ યોજવામાં આવે છે. પ્રથમ 'સદાકાળ ગુજરાત' કાર્યક્રમ મુંબઇ ખાતે વર્ષ ૨૦૧૨માં અને બીજો 'સદાકાળ ગુજરાત' કાર્યક્રમ જયપુર ખાતે વર્ષ ૨૦૧૫માં યોજવામાં આવેલ હતો.

માનનીય અધ્યક્ષશ્રી, 'ઓપરેશન ગંગા' અંતર્ગત રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલ યુદ્ધમાં યુક્રેન ખાતે અભ્યાસ અર્થે ગયેલ ગુજરાતી ભાઇ–બહેનો ફસાયેલ હતા ત્યારે તેમની સાથે તેમના વાલીઓ ખૂબ ચિંતિત હતા. આવા સમયે ગુજરાત સરકાર પણ તેમના માટે ચિંતિત હતી અને તેઓની પડખે અડીખમ ઊભી હતી. ગુજરાત સરકારના એન.આર.આઇ. પ્રભાગ હેઠળ કાર્યરત ગુજરાત રાજ્ય બિનનિવાસી ગુજરાતી પ્રતિષ્ઠા દ્વારા યુક્રેનમાં ફસાયેલા ગુજરાતીઓને મદદ કરવાના આશય સાથે સવારના ૯થી રાતના ૯ કલાક સુધી હેલ્પલાઇન શરૂ કરવામાં આવેલી. જેમાં જુદા–જુદા જિલ્લાઓમાં સીધી યુક્રેનથી ગુજરાતીઓની વિગતો ઇ–મેઇલ/ફોનથી મળતી રહી. જેમાં તમામને ભારતના વિદેશ મંત્રાલય મારફત યુક્રેનથી સીધી ટ્વિટર, ફેસબૂક, ઇન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયાના માધ્યમથી વેબસાઇટ પર લેટેસ્ટ અપડેટ આપવામાં આવેલી. ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા એડવાઇઝરી જાહેર કરી યુક્રેનમાં ફસાયેલા ભારતીયોને પરત સ્વદેશ લાવવા માટે જમીન સરહદો મારફતે પોલેન્ડ, સ્લોવેકિયા, રીપબ્લિક રોમાનિયા ખાતે ટીમો મોકલવામાં આવેલી. સુદાનમાં અર્ધલશ્કરી દળો અને સૈન્ય વચ્ચે ચાલી રહેલા આંતરિક યુદ્ધના કારણે ત્યાં વસેલા સમગ્ર વિશ્વના લોકો ફસાઇ ગયેલ છે. જેમાં સુદાનમાં ફસાયેલા ભારતના નાગરિકોને સ્વદેશ પરત લાવવા માટે ભારત સરકાર વિદેશ મંત્રાલય દ્વારા ઓપરેશન કાવેરી હાથ ધરવામાં આવેલું. આ ઓપરેશન અંતર્ગત માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ તથા આપણા ગૃહમંત્રીશ્રી અને બિનનિવાસી ગુજરાતી પ્રભાગના માનનીય રાજ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબના વડપણ હેઠળ સુદાનમાં ફસાયેલા લોકોને પરત લાવવા ગુજરાત સરકાર એન.આર.આઇ. પ્રભાગ, સામાન્ય વહીવટ વિભાગ તથા ગુજરાત રાજ્યના બિનવારસી બિનનિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાના અને ગુજરાત નિવાસી આયુક્તની નવી દિલ્હી દ્વારા આ કામગીરી કરવામાં આવેલી. આ ઓપરેશન કાવેરી અંતર્ગત ૫૬૯ ગુજરાતીઓને ગુજરાત પરત લાવવામાં આવેલા. આ માંગણી સામાન્ય વહીવટ વિભાગનાં કામોને પ્રોત્સાહન આપવા ખૂબ જ મહત્ત્વની છે એટલે આ માંગણીને હું મારું સમર્થન આપું છું અને સર્વાનુમતે મંજૂર થાય એવી અપેક્ષા રાખું છું.

શ્રી જે. વી. કાકડીયા(ધારી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ જે માંગણીઓ લઇને આવ્યા છે, એમાં માંગણી નં. ૬૫ના સમર્થનમાં હું મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સરોવર યોજના અંતર્ગત સૌરાષ્ટ્ર વિસ્તારની કામગીરીમાં સરદાર સરોવર નર્મદા યોજના એ બહુહેતુક તથા ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનની આંતરરાજ્ય યોજના છે. ૧૭ જિલ્લાઓના ૭૮ તાલુકાના અને ૩૧૭૭ ગામોની ૧૭.૯૨ લાખ હેક્ટર જમીનમાં નર્મદાના પાણીની સિંચાઇ પૂરી પાડવાનું આયોજન છે. ગુજરાતના ૧૧,૯૫૧ ગામડાઓ અને ૧૯૯ શહેરોની નગરપાલિકાઓને ઘરવપરાશ માટે પીવાનું પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. સિંચાઇ વિસ્તારનો ૭૫ ટકા જેટલો વિસ્તાર અનાવૃષ્ટિગ્રસ્ત છે જેને આ યોજનાનો લાભ મળે છે. સૌરાષ્ટ્ર વિસ્તારની સિંચાઇની સુવિધા પૂરી પાડવા કડી નજીક નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૨૬૩.૨૦ કિલોમીટર પરથી સૌરાષ્ટ્ર શાખા નહેર નીકળે છે. જેની કુલ લંબાઇ ૧૦૪.૪૬ કિલોમીટર છે. સૌરાષ્ટ્ર શાખાની નહેર નર્મદા યોજનાની સૌથી મોટી શાખા છે. જેની શરૂઆતની વહન ક્ષમતા ૧૫ હજાર ક્યુસેક છે. સૌરાષ્ટ્ર શાખા નહેર શરૂઆતથી લંબાઇમાં આવતા વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિમાં નીચે ઊતરતો ઢોળાવ છે. જેના આરંભિક ભાગમાં ત્રણ સ્થળોએ પોલ આપી તેના પર હાઇડ્રો પાવર સ્ટેશન સ્થાપીને વીજળી ઉત્પન્ન કરવા બાંધકામ કરેલ છે. શાખા નહેરનો પાછળનો ભાગ જે વિસ્તાર સિંચાઇ માટે પાણી આપવાનું આયોજન છે આ ભાગ પર પાણી આપવા જુદી–જુદી પાંચ જગ્યાએ પમ્પિંગ સ્ટેશનો બાંધવામાં આવેલ છે. જેના થકી ૭૧ મીટર જેટલી અંદાજે ૨૪ માળ જેટલી ઊંચાઇથી પાણીનું વહન અને પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. સૌરાષ્ટ્ર શાખા નહેરમાં નીકળતી છ પેટા શાખા નહેરો જેવી કે, માળીયા, વલ્લભીપુર, લીંબડી, ધ્રાંગધ્રા, મોરબી અને બોટાદ શાખા નહેરથી અમદાવાદ, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર અને મોરબી જિલ્લાના ૨૦ તાલુકાના કુલ ૫૪૨ ગામોમાં ૪,૯૭,૪૬૨ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ આપવાનું

આયોજન કરેલ છે. આ છ પેટા શાખા નહેરોમાં નહેરોની કુલ લંબાઇના ૭૨૮.૯૮ કિલોમીટરનાં કામો પૂર્ણ કરી તેના છેડા સુધી પાણી વહાવવામાં આવે છે. વિતરણ વ્યવસ્થાની નહેરોમાં કામો પ્રગતિમાં છે. સૌરાષ્ટ્ર વિસ્તારનો લાભાન્વિત વિસ્તાર ૪,૯૭,૪૬૨ હેક્ટર છે. ચાલુ વર્ષમાં નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં ખરીફ અને રવી સિઝનમાં કુલ ૯.૪૪ લાખ હેક્ટર સિંચાઇ થઇ ગયેલ છે. સૌરાષ્ટ્ર શાખા નહેરમાં પાણીનું ઉદવહન કરવા માટે તમામ પાંચ પમ્પિંગ સ્ટેશનોનાં કામો પૂર્ણ કરી કાર્યાન્વિત કરવામાં આવેલ છે. સિંચાઇ માટેની ભવિષ્યને જરૂરિયાત અને નર્મદા નદીમાં પૂરની સ્થિતિ ઉપલબ્ધ થતાં વધારાનું એક મિલિયન ફૂટ પાણી સૌરાષ્ટ્રને પહોંચાડવા તમામ પાંચ પંમ્પિંગ સ્ટેશનોની ઉદવહન ક્ષમતા વધારવા માટે વિસ્તરણના રૂ.૧૫૨૧.૮૦ કરોડનાં કામો પૂર્ણ કરીને પમ્પો કાર્યરત કરવામાં આવેલ છે. સૌરાષ્ટ્ર વિસ્તારની વિકટ પાણીની સમસ્યાના ઉકેલ માટે ગુજરાત સરકારની મહત્ત્વકાંક્ષી યોજના સૌની એટલે કે સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઇ યોજનાનું વર્ષ ૨૦૧૩–૧૪માં ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું અને નર્મદાના પાણી સૌરાષ્ટ્ર શાખા નહેર મારફતે સૌરાષ્ટ્ર વિસ્તારની નદીઓ અને ડેમો સુધી ચાર પાઇપલાઇન લિંક દ્વારા પહોંચાડવામાં આવે છે. આ યોજના થકી સૌરાષ્ટ્ર વિસ્તારમાં ૧૧ જિલ્લાના કુલ ૧૧૫ જળાશયોમાં પાણી આપવાનું આયોજન કરેલ છે. જેનાથી ૮.૨૫ લાખ હેકટર વિસ્તારમાં સિંચાઇની સુવિધા સુદ્રઢ છે. આમ, નર્મદા યોજના થકી સૌરાષ્ટ્રના પાણીની તીવ્ર અછતવાળા વિસ્તારમાં પાણી પહોંચાડી સિંચાઇ અને પીવા માટે પાણી આપવામાં આવેલ છે જેના થકી મબલખ પાકોનું ઉત્પાદન થાય છે અને આ વિસ્તારમાં લોકોના જીવનધોરણમાં આમૂલ પરિવર્તન થયેલ છે. પીવાના પાણી માટે દૂર–દૂર સુધી ચાલીને પાણી લાવવું પડતું હતું અને અછતના સમયમાં પીવાના પાણી માટે ટેન્કરથી પાણી પહોંચાડવામાં આવતું હતું તે બાબત હવે મહદઅંશે ભૂતકાળ બની ગઇ છે. નર્મદા થકી સૌરાષ્ટ્રના તમામ શહેરો અને ગામડાંઓમાં પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવાની યોજના ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા અમલી કરવામાં આવેલ છે. આમ, નર્મદા યોજના સૌરાષ્ટ્રના લોકો માટે ખરેખર વરદાનરૂપ યોજના છે. મારા વિસ્તારના બગસરા અને ધારી તાલુકામાં સૌની યોજનાના ડેમો ભરાયા છે એ માટે હું રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ, શ્રી ઋષિકેશભાઇ પટેલ અને શ્રી કુંવરજીભાઇ બાવળીયા સાહેબનો ખૂબ–ખૂબ આભાર માનું છું.

શ્રી કૌશિકભાઇ સુ. જૈન(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માગણીઓ માનનીય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ લઇને આવ્યા છે એની ઉપર મારા વિચારો આ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ રિવર કન્ઝર્વેશન પ્લાન એટલે કે, (NRCP) કાંકરાપાર બેરેજથી સુરત ખાતેના ઓ.એન.જી.સી. બ્રિજ સુધીના તાપી નદીના કુલ ૮૫ કિ.મી. લંબાઇમાં તાપી નદીના ડાબા કાંઠા તથા જમણા કાંઠા સ્થિત વિવિધ આઉટલેટો/ ખાડી મારફતે પ્રવેશતાં ગંદા પાણીને તાપી નદીમાં મિલન થતાં અટકાવવા રૂ.૯૭૧.૨૫ કરોડના ''પૉલ્યુશન એબેટમેન્ટ એન્ડ કન્ઝર્વેશન ઓફ રિવર તાપી'' પ્રોજેક્ટને કેન્દ્ર સરકારશ્રીના પર્યાવરણ, વન અને કલાઇમેન્ટ ચેન્જ મંત્રાલયના NCRD વિભાગ દ્વારા તા.૦૫/૦૩/૨૦૧૯થી બહાલી આપવામાં આવેલ છે. ઉક્ત વિગતે સરકારશ્રી દ્વારા નિયત થયેલ નીતિ નિયમો તથા હુકમ અંતર્ગત, સુરત મહાનગરપાલિકા તથા સુરત શહેરી વિકાસ સત્તામંડળ એટલે કે (સુડા) વિસ્તારમાં કામગીરી માટે સુરત મહાનગરપાલિકા દ્વારા સ્થળ અમલીકરણ કરવામાં આવે છે. જ્યારે સુરત મહાનગરપાલિકા–સુડા હદ વિસ્તાર બહાર સુરત જિલ્લાની કામગીરી રાજ્ય સરકારશ્રી હસ્તકના ગુજરાત વોટર સપ્લાય એન્ડ સુઅરેઝ બોર્ડ (GWS&SB) દ્વારા કરવાની રહે છે. જે અન્વયે અત્રે સુરત મહાનગરપાલિકા તથા સુડા હદ વિસ્તારમાં કરવાની રહેતી કામગીરી માટે અત્રેથી તબક્કાવાર જુદા–જુદા છ પેકેજોથી કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં તાપી નદીના જમણા કાંઠાના સ્વામીનારાયણ મંદિર અડાજણ આઉટલેટ, રામજી ઓવારા આઉટલેટ, એકવેરિયમ આઉટલેટ તથા પાલ હળપતિવાસ વિગેરે આઉટલેટ્સ મારફતે તાપી નદીમાં પ્રવેશતા ગંદા પાણીને ઇન્ટરસેપ્ટ કરી ડાયવર્ઝન કરવાના કામે પાલ–ગૌરવપથ ખાતે ૩૫ એમ.એલ.ડી. ક્ષમતાના નવા સુએઝ પમ્પિંગ સ્ટેશન માટેની સિવિલ–ઇલેક્ટ્રિકલ–મિકેનિકલ વર્ક, ગ્રેવિટી લાઇન, રાઇઝિંગ મેઇન લાઇનનાં કામો પૂર્ણ કરવામાં આવેલ છે. વધુમાં, સુડા વિસ્તાર આમેજિત વાલક ખાડીને ઇન્ટરસેપ્ટ અને ડાયવર્ઝન કરી જેના શુદ્ધીકરણ હેતુ વાલક ખાતે ૪૩.૨૪ એમ.એલ.ડી. ક્ષમતાના વાલક સુએઝ ટ્રિટમેન્ટ પ્લાન્ટની કામગીરી પૂર્ણ કરી પ્લાન્ટ કમિશન કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં તાપી નદીના ડાબા કાંઠા વિસ્તારના કોતર–૭ આઉટલેટ, કોતર–૯ આઉટલેટ, મકકાઇ બ્રિજ આઉટલેટ, સરદાર બ્રિજ, અઠવા આઉટલેટ, ઉમરા ખાડી, ડિમ્પલ રો હાઉસ આઉટલેટ, જીંજર હોટલ આઉટલેટ, રાયન સ્કૂલ આઉટલેટ મારફતે તાપી નદીમાં પ્રવેશતા ગંદા પાણીને ઇન્ટરસેપ્ટ કરી ડાયવર્ઝન કરવાના કામે ૫ સુએઝ પમ્પિંગ સ્ટેશનનાં સિવિલ, ઇલેક્ટ્રિકલ, મિકેનિકલ વર્ક, ગ્રેવિટી લાઇન, રાઇઝિંગ મેઇન લાઇનનાં કામો પ્રગતિ હેઠળ છે. સદર કામગીરી આગામી જાન્યુઆરી–૨૦૨૪ના અંત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. આ સાથોસાથ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં તાપી નદીના ડાબા કાંઠા સ્થિત ભદ્રાશ્રમ, અંબિકા નિકેતન તથા હોટલ મેરિયોટ અને જમણા કાંઠા સ્થિત ગોરાટ હનુમાન, સુલતાનીયા જીમખાના તથા હનુમાન ટેકરી આઉટલેટ મારફતે તાપી નદીમાં પ્રવેશતા ગંદા પાણીને ઇન્ટરસેપ્ટ કરી ડાયવર્ઝન કરવાના કામે ૩ સુએઝ પંમ્પિંગ સ્ટેશનના સિવિલ, ઇલેક્ટ્રિકલ, મિકેનિકલ વર્ક, ગ્રેવિટી લાઇન, રાઇઝિંગ મેઇન લાઇનનાં કામો પ્રગતિ હેઠળ છે. સદર કામગીરી જાન્યુઆરી ૨૦૨૪ના અંત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, વધુમાં સડા વિસ્તાર આમેજીત વરાછા ખાડીને ઇન્ટરસેપ્ટ અને ડાયવર્ઝન કરી જેના શુદ્ધીકરણ હેતુ વરાછા ખાતે ૫૧.૭૨ એમ.એલ.ડી. ક્ષમતાના વરાછા સુએઝ ટ્રિટમેન્ટ પ્લાન્ટની કામગીરી જાન્યુઆરી ૨૦૨૪ના અંત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુરત શહેરી વિકાસ સત્તામંડળ સુડા વિસ્તારની કામગીરી અંતર્ગત તાપી નદી ડાબા કાંઠા તથા જમણા કાંઠા આમેજીત સુડા વિસ્તારના ગામો ડુંગરા, કોળી ભરથાણા, ખોલેશ્વર, દેરોડ, નનસાદ, કામરેજ, લસકાણા, પાસોદરા, ખોલવડ, વાવ, કરજણ, ધોરણપારડી, કઠોર, ભરથાણા વગેરે વિસ્તારમાંથી તાપી નદીમાં પ્રવેશતા ગંદા પાણીને અટકાવવા સદરહુ વિસ્તારમાં ડ્રેનેજ કોમ્પ્રિહેન્સિવ સિસ્ટમ તથા ઇન્ટરસેપ્ટ કરી ડાયવર્ઝન સિસ્ટમની કામગીરી અંતર્ગત સુડા વિસ્તારમાં જુદી જુદી ક્ષમતાના સુએઝ પમ્પિંગ સ્ટેશન, સુએઝ ટ્રિટમેન્ટ પ્લાન્ટ, ડ્રેનેજ ગ્રેવિટી નેટવર્ક, રાઇઝિંગ મેઇન વગેરે ડ્રેનેજ પ્રકલ્પો પ્રસ્થાપિત કરવાનું પ્રગતિ હેઠળ છે. સદર કામગીરી વર્ષ ફેબ્રુઆરી ૨૦૨૪ના અંત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

નોન કોર કામગીરી પૈકી તાપી નદીમાંથી જળકુંભ લીલ દૂર કરવા માટે એકવાટિક વીડ હાર્વેસ્ટિંગ મશીનની ખરીદી કરવામાં આવેલ છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી સુખાજી ઠાકોર.

શ્રી સુખાજી સો. ઠાકોર(બેચરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, માગણી નંબર ૬૫ને મારા સમર્થન સાથે નર્મદા યોજનાથી ઉત્તર ગુજરાતને તેના શું શું ફાયદા થયા એના વિશે હું વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનાનું ખાતમુહૂર્ત તારીખ ૫ મી એપ્રિલ, ૧૯૬૧ના રોજ કરવામાં આવેલ હતું, પરંતુ આંતર રાજય વિવાદને કારણે સંમતિ ન સાધી શકાતા આ બાબત નર્મદા જળ વિવાદ પંચને સોંપવામાં આવેલ. નર્મદા જળ વિવાદ પંચ દ્વારા ૧૦ વર્ષ સુધી યોજનાના વિવિધ પાસાઓનો અભ્યાસ કરીને ૪ રાજયોની રજૂઆતો સાંભળી અને સને ૧૯૭૯માં આખરી ચુકાદો આપવામાં આવેલ. એ પછી નર્મદા યોજનાનું કામ શરૂ થઇ શક્યું, પરંતુ કામ હાથ ધરાયા બાદ નર્મદા વિરોધીઓના કારણે આ કામ આગળ વધારવામાં વિલંબ થયો. નર્મદા બંધની ઊંચાઇ વધારવાની મંજૂરી ટુકડે ટુકડે મળતી ગઇ તેમ તેમ તેનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું. ૧૨૧૦ મીટરની લંબાઇ અને ૧૧૩ મીટરની ઊંચાઇ ધરાવતા કોંક્રિટ ગ્રેવિટી ડેમનું બાંધકામ તેના સ્પીલ–વે ઉપરના ૩૦ રેડિયલ ગેટ સહિત પૂર્ણ થઇ ગયેલ છે. તા.૧૭–૯–૧૭ના રોજ માનનીય પ્રધાનમંત્રીશ્રીના વરદ હસ્તે ડેમનું રાષ્ટ્રને લોકાર્પણ કરવામાં આવેલ. નર્મદા યોજનાના મૂળ આયોજનમાં ઓછામાં ઓછા પાણીથી વધુમાં વધુ વિસ્તારને સિંચાઇનો લાભ આપી શકાય તે મુજબ આયોજન કરવામાં આવેલ. યોજનાના લાભિત વિસ્તારો પૈકી ૭૫ ટકા વિસ્તાર દુષ્કાળગ્રસ્ત વિસ્તાર એવા સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના વિસ્તારો છે. આ અછતગ્રસ્ત વિસ્તારોમાં ખેતી માટે ફક્ત ચોમાસાના વરસાદ ઉપર જ આધાર રાખવો પડતો હતો. વરસાદ પણ અનિયમિત પડતો હતો. રાજયના અન્ય વિસ્તારો કરતા આ વિસ્તારનો સરેરાશ વરસાદ પણ ઓછો પડતો હતો જેના કારણે વિસ્તારોના લોકોને જીવનનિર્વાહ માટે અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં ભૂગર્ભ જળ પણ ખૂબ ઉંડે ઉતરી જતા પીવાના પાણીમાં ક્ષાર અને ફ્લોરાઇડનું પ્રમાણ વધવાને કારણે તે લગત બીમારીના પ્રમાણમાં પણ વધારો થવા પામેલ. નર્મદા યોજનાના કારણે આ વિસ્તારમાં પીવાના પાણીનો પ્રશ્ન હલ થઇ ગયેલ છે અને લોકોને પીવાના માટે શુદ્ધ પાણી ઉપલબ્ધ થયેલ છે. આ વિસ્તારના ખેડૂતો જે અમુક પ્રકારના પાક લેતા હતા તેના બદલે સમયસર નિયમિત પાણી ઉપલબ્ધ થતા વિવિધ પ્રકારના પાકો અત્યારે ખેડૂતો લઇ શકે છે. નર્મદા યોજના મુખ્ય નહેરમાંથી નીકળતી શાખા, નહેરો તથા તેની વિતરણ પદ્ધતિ, નહેરો દ્વારા ઉત્તર ગુજરાત વિસ્તારના બનાસકાંઠા, મહેસાણા અને પાટણ જિલ્લાના ૧૭ તાલુકાના ૬૬૫ ગામોને કુલ ૪,૩૩,૩૩૬ હેકટર વિસ્તારને સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવેલ છે જેની વિગત હું જિલ્લા પ્રમાણે આપું તો મહેસાણા જિલ્લામાં ૩ તાલુકા આવેલા છે, એમાં ૬૨૬૯૫ પિયત વિસ્તાર હેકટર આવેલ છે એમાં ૧૨૮ ગામડાને લાભ મળે છે. પાટણ જિલ્લામાં ૭ તાલુકા આવેલા છે એમાં ૨,૦૩,૫૭૭ હેકટર જમીન પિયતમાં અત્યારે વપરાય છે અને એનો ૨૭૩ ગામ લાભ લઇ રહેલા છે. બનાસકાંઠામાં ૬ તાલુકા આવેલા છે. એમાં ૧,૬૮,૦૬૪ હેકટર પિયત થાય છે અને ૨૩૪ ગામો એનો લાભ લે છે. ઉત્તર ગુજરાતમાં કુલ ૪,૩૪,૩૧૬ હેકટર પિયત થાય છે અને ટોટલ ૬૩૫ ગામો એનો લાભ લે છે. મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં જેમ જેમ સળંગ લંબાઇમાં નહેરોનાં કામો પૂર્ણ થતા ગયા તેમ તેમ તેમાં પાણી વહેવડાવી સિંચાઇ માટે ખેડૂતોને પાણી આપવામાં આવે છે. આ ત્રણેય જિલ્લામાં માઇનોર સુધી વિકસિત થયેલ વિસ્તાર અને સિંચાઇની વિગત જો આપું તો ત્રણેય જિલ્લાની વાત કરું તો પિયત વિસ્તાર ૪,૩૪,૩૩૬, માઇનોર લેવલ સુધી વિકસિત થયેલ હેકટર વિસ્તાર ૪૩૨૬૧ અને જાન્યુઆરી ૨૦૨૪ મુજબ થયેલ સિંચાઇ વિસ્તાર હેકટરમાં ૩,૨૨,૭૪૦ થવા જાય છે. રાજય સરકાર દ્વારા ભૂગર્ભ પાઇપલાઇનથી માઇનોરનું બાંધકામ કરવાની નીતિ અમલમાં મૂકતા આ લાભાર્થીઓને ખેડૂતોના સારા પરિશ્રમને કારણે છેલ્લાં ૫ વર્ષમાં આ વિસ્તારની નહેરોના મોટાં ભાગનાં કામો પૂર્ણ થઇ શકયા છે. મહેસાણા, પાટણ, બનાસકાંઠા જિલ્લામાં પૂર્ણ થયેલ વિવિધ કેનાલોમાં સિંચાઇ માટે પાણી છોડવામાં આવી રહેલ છે જેના થકી આ વિસ્તારના ખેડૂતો મબલખ પાકનું ઉત્પાદન મેળવી રહ્યા છે અને આર્થિક રીતે સદ્ધર થઇ રહ્યા છે. મહેસાણા, પાટણ, બનાસકાંઠા જિલ્લામાં ખરીફ અને રવી સિઝન દરમિયાન કુલ ૩,૨૨,૭૪૦ હેકટર વિસ્તરમાં સિંચાઇ થયેલ છે આ જાન્યુઆરી–૨૦૨૪ના અંત સુધીની

વાત છે. મહેસાણા, પાટણ, બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજના અંતર્ગત નર્મદા મુખ્ય નહેરમાં પાણી વહેવડાવવાનું ચાલુ જ છે ત્યાં શાખા નહેરો, વિશાખા નહેરો, માઇનોર અને સબમાઇનોર કેનાલ નેટવર્ક નર્મદા યોજના અંતર્ગત ઉત્તર ગુજરાતના લાભિત વિસ્તારોના નહેર માળખાની થોડી ક વિગત આપું તો મુખ્ય નહેર મહેસાણા જિલ્લાની શાખા નહેર વિશાખા નહેર, માઇનોર અને સબ માઇનોરમાં કુલ લંબાઇ ૨૪૪૭.૨૯ અને પૂર્ણ થયેલ લંબાઇ ૨૪૪૦.૪૨ કિલોમિટર અને બાકી લંબાઇ ૬.૮૭ કિલોમિટર બાકી છે. પાટણ જિલ્લાની વાત કરું તો ૭૪૩૩.૨૩ લંબાઇ છે અને પૂર્ણ થયેલ લંબાઇ ૭૪૨૪.૯૯ અને બાકી ૧૨.૨૪ છે. બનાસકાંઠાની વાત કરું તો ૬૪૫૨.૬૫ લંબાઇ છે અને પૂર્ણ થયેલ છે ૬૪૫૨.૬૫. બાકી નથી. ઉત્તર ગુજરાતની કુલ ૧૬૩૩૪.૧૭ કિલોમિટરની નહેર છે એમાંથી ૧૬,૩૧૫. ૬ કિલોમિટર પૂર્ણ થયેલ છે અને ૧૮.૧ કિલોમિટર કેનાલ બાકી છે.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પૂવચન પૂરું થાય છે.

શ્રી રમેશભાઇ ના. મિસ્ત્રી(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગની માગણી નં. ૩૦,૩૧ અને ૩૩ આ વિભાગના મંત્રી, રાજ્ય સરકારના ખૂબ જ સક્રિય અને સક્ષમ કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગના કર્મચારીઓ અને અધિકારીઓ બધાને આનંદ થાય, ભારતના પ્રધાનમંત્રી દ્વારા બે દિવસ પહેલાં કતર જેવા દેશે આપણા ૮ નેવીના અધિકારીઓને ફાંસીની સજા જાહેર કરી હતી એને નિર્દોષ છોડી મૂકીને હજી પ્રધાનમંત્રી આજે અબુધાબી પહોંચ્યા છે ત્યારે આપણા ૮માંથી ૭ નેવીના અધિકારીઓ સલામત રીતે ભારત પહોંચી ગયા. પાકિસ્તાનમાં અભિનંદનથી શરૂ કરીને કતરમાં આપણા નેવીના અધિકારીઓ ભારત માટે, ભારતને મજબૂત કરવા માટે જે લોકો કામ કરે છે એના માટે દેશનું સર્વોચ્ચ નેતૃત્વ છે. દુનિયાએ ભારતને મહાસત્તા માની લીધું છે. આપણે બધાએ હજુ સમજવાની જરૂર છે. બીજા એક ખુશીના સમાચાર છે. શેખોનું શહેર અબુધાબી જેમાં ૭ શિખર સાથેનું ભગવાન રામ, સીતા, શિવજીનું જે મંદિર છે એ આવતીકાલે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદ્ હસ્તે એની પ્રાણ પ્રતિષ્ઠા થવા જઇ રહી છે. અયોધ્યાથી શરૂ થયેલ આપણી જે સાંસ્કૃતિક પરંપરા છે એના વિકાસ અને પ્રચાર માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની યાત્રા એ આજે અબુધાબી પહોંચી છે. ગુજરાતનું જે વહીવટી તંત્ર છે એ અત્યંત સંવેદનશીલ છે. આપણને અનેક પ્રકારના અનુભવો પણ છે. સરકારનો સેવાસેતુનો અત્યંત સંવેદનશીલ કાર્યક્રમ છે. જે સામાન્ય, ગરીબ અને મધ્યમવર્ગના લોકો માટે એક જ સ્થળ ઉપર ૫૬ જેટલી સેવાઓ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં પ્રાપ્ત થઇ શકે છે. આ કાર્યક્રમમાં પ્રજાને આવકનો દાખલો, રેશનકાર્ડ, આધારકાર્ડ, વરિષ્ઠ નાગરિકનું પ્રમાણપત્ર, દિવ્યાંગતાનું પ્રમાણપત્ર, વિધવા સહાય યોજના, વૃદ્ધ નિરાધાર સહાય યોજના, લર્નિંગ લાઇસન્સ, ૭/૧૨ અને ૮-અના પ્રમાણપત્ર, નવું બેન્ક એકાઉન્ટ, પશુઓની ગાયનોકોલોજીકલ સારવાર, પી.એમ.જે.વાયનું કાર્ડ જેવી વિવિધ ૫૬ પ્રકારની સેવાઓનો સમાવેશ થાય છે. આ સેવાસેતુના ૯ તબક્કાઓ આપણા રાજ્યમાં પૂર્ણ થયા છે. એમાં ગ્રામ્ય કક્ષાએ ૮ લાખ ૪૬ હજાર ૯૬૬ જેટલી અને શહેરી કક્ષાએ ૨ લાખ ૨૦ હજાર ૧૬ જેટલી અરજીઓ મળી છે અને એનો ૧૦૦ ટકા નિકાલ કરવામાં આવ્યો છે. આ રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી હતા ત્યારથી જ રાજ્યમાં ચિંતન શિબિરતે ખૂબ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. પોતે મુખ્યમંત્રી તરીકે આ બધી શિબિરોમાં રાજ્યના આઇ.એ.એસ. , આઇ.પી.એસ. અધિકારીઓ સાથે ૩ દિવસ આખા ગુજરાતને કેવી રીતે આગળ લઇ જઇ શકાય એના માટેનું ચિંતન અને મંથન કરતા હોય છે અને એના કારણે આજે સમગ્ર રાજ્યમાં ચિંતન શિબિરનું એક મહત્ત્વ ઊભું થયેલ છે. ૧૦મી ચિંતન શિબિર વર્ષ ૨૦૨૩ દરમ્યાન એકતાનગર સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે યોજાય. આ શિબિરમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, કેબિનેટ મંત્રીશ્રીઓ, રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના સલાહકાર, મુખ્ય અગ્રસચિવ, ગુજરાતના મુખ્ય સચિવ, અધિક મુખ્ય સચિવ, ગુજરાત રાજ્યના સચિવો, કલેક્ટરશ્રીઓ, મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, આઇ.એ.એસ. અધિકારીશ્રીઓ સહિત કુલ ૨૦૯ સહભાગીઓ હાજર રહ્યા. વિષય નિષ્ણાત તરીકે ૧૦ ગેસ્ટ સ્પીકર પણ આમંત્રિત હતા. ચિંતન શિબિરમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને એમના સલાહકાર ડો. હસમુખ અઢિયા સાહેબ દ્વારા યોગ્ય અને વે ઓફ લાઇફ પર સેશન પ્રોફેસર અમીબેન દાસ ગુપ્તા આઇ.આઇ.ટી. ગાંધીનગર દ્વારા વિકસતા એ.આઇ.આર્ટીફિશિયલ ઇન્ટેલિજન્સના કારણે પડકારો અને તકો પર સેશન સત્રમાં ભારત સરકારના ગ્રામીણ વિકાસના સચિવ ડો. અમરજિતસિંહ આઇ.એ.એસ. દ્વારા વિકાસલક્ષી મુદ્દાઓ પર સંબોધન કરવામાં આવ્યું અને માર્ગદર્શન આપવામાં આવ્યું. ચિંતન શિબિરમાં આરોગ્ય અને પોષણ, શિક્ષણમાં ગુણાત્મક સુધારા અને સ્વાસ્થ્ય સંસ્થાઓના કર્મચારીઓ માટે તાલીમ અને ક્ષમતા નિર્માણ ગ્રામીણ વિસ્તારમાં ઇન્ફ્રાસ્ટ્રકચર અને ક્ષમતા નિર્માણ, શહેરીકરણ અને ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ પર ચર્ચા વિચારણા અને ભલામણો રજૂ કરવામાં આવી. આપણી જે તાલીમ સંસ્થા સ્પીપા છે વર્ષ ૨૦૨૩-૨૪ના નવેમ્બરમાં કુલ ૧૬૮ તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યાં હતા જેમાં કુલ ૧૦,૪૦૯ તાલીમાર્થીઓએ તાલીમ લીધી હતી. પૂર્વ સેવા તાલીમ કાર્યક્રમ સરકારશ્રીમાં નવી નિમણૂક પામેલા જોડાતા અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓને સરકારી નિયમો અને કાર્યપ્રણાલીનું જ્ઞાન આપી અસરકારક સેવા પૂરી પાડવા તેઓને તાલીમબદ્ધ કરવાનું મેન્ડટરી વર્ક સ્પીપા દ્વારા કરવામાં આવે છે. સ્પીપા ખાતે વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીશ્રીઓને તેમજ ૬ પ્રાદેશિક તાલીમ કેન્દ્રો ખાતે વર્ગ-૩ કર્મચારીઓને.. (અંતરાય)

સભાપતિશ્રી : માનનીય રમેશભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી કિરીટસિંહ ડાભી (ધોળકા)

## તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ )

શ્રી કિરીટસિંહ સ. ડાભી(ધોળકા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબે જે અનુદાન રજૂ કર્યું છે એના પર મારા વિચારો અને મારું સમર્થન પણ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જીવાદોરી સમાન સરદાર નર્મદા યોજનાનું ખાતમુહૂર્ત તા.૫મી એપ્રિલ, ૧૯૬૧ના રોજ કરવામાં આવ્યું હતું. પરંતુ આંતર રાજ્ય વિવાદોના કારણે સહમતિ સાધી શકાતી ન હતી. આ બાબતે જળ વિવાદ પંચને સોંપવામાં આવી હતી. નર્મદા જળ વિવાદ પંચ દ્વારા પણ વર્ષો સુધી આ યોજનાના વિવિધ પાસાઓનો વિગતવાર અભ્યાસ કર્યા બાદ ૪ રાજ્યોની રજૂઆત અને વર્ષ ૧૯૭૯માં આખરી ચુકાદો આપવામાં આવેલો. એ પછી નર્મદા યોજનાનું કામ શરૂ થઇ શક્યું. પરંતુ કામ હાથ ધર્યાં બાદ પણ નર્મદા વિરોધીઓના કારણે તે નર્મદા ડેમ ના બને એ માટે ખૂબ પ્રયત્નો અને આંદોલનો પણ કર્યા હતા અને આ કામ આગળ વધારવામાં વિલંબ થયો હતો. નર્મદાબંધની ઊંચાઇ વધારવાની મંજૂરી મળતી ગઇ તેમ તેમ બંધનું કામ પૂર્ણ કરવામાં આવ્યું. ડેમનું કામ ૯૭ ટકા કોંક્રિટ કામ થઇ ગયા પછી પણ છલતીના લેવલે આગળની મંજૂરી માટે સાડા સાત વર્ષ સુધી કોઇ પણ કામ થયું નહીં અને એના કારણે ફક્ત ૨૭ ટકા જેટલો પાણીનો સંગ્રહ થતો હતો. એટલે ૭૫ ટકા બંધ ખાલી રહે, કેમ કે બંધના દરવાજા મૂકવાની મંજૂરીનો નિર્ણય લેવા માટે જે તે વખતની સરકારે સાડા સાત વર્ષ કાઢ્યાં અને જેના કારણે ખેડૂતોને અતિશય નુકસાન થયું. કારણ કે જો જે તે વખતે સાડા સાત વર્ષ પહેલા બંધના દરવાજા મૂકવાનો નિર્ણય લીધો હોત તો આજે ગુજરાતમાં જે પાણી લેઇટ પડ્યું એ ન પડત. કચ્છ-સૌરાષ્ટ્ર, બનાસકાંઠા, ધોળકા તાલુકાના અને અમદાવાદ જિલ્લાના સાણંદ, દસક્રોઇ, બાવળા, સાણંદ, વિરમગામ સુધી પાણી જવાનું છે. આજે પણ કેન્દ્રીય મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઇ શાહ સાહેબ અને આપણા મુખ્યમંત્રીશ્રીએ જે અમારા ફતેવાડી વિસ્તાર અને નળકાંઠાના વિસ્તારોના ગામડાંનો સમાવેશ કરીને નર્મદા કમાન્ડ એરિયામાં જે એમણે નવી યોજના રજૂ કરી. એના કારણે હજારો ખેડૂતોને એનો ફાયદો મળવાનો છે. જો નર્મદાનું પાણી વહેલા આપ્યું હોત તો અત્યારે જે ૭૫ ટકા પાણીનો સંગ્રહ ઓછો થયો એના કારણે ખેડૂતોની બે વખતની સિઝન ફેઇલ ગઇ વર્ષો સુધી પણ આપણા વડાપ્રધાનશ્રી વર્ષ ૨૦૧૪માં વડાપ્રધાન થયા ત્યારે એમણે ૧૭મા દિવસે નર્મદા ડેમના દરવાજા બનાવવાની મંજૂરી અને ત્યારપછી એ નર્મદા ડેમના દરવાજા બન્યા પછી જે પાણીનો સંગ્રહ થાય છે જેને કારણે આખા ગુજરાતમાં , મહારાષ્ટ્રમાં અને રાજસ્થાનમાં પણ પાણી પૂરતા પ્રમાણમાં લોકોને મળી રહે છે. અમારા વિસ્તારમાં ખાસ જણાવું તો બીજા બધા વિસ્તારમાં તો મારા અગાઉ બધાએ નર્મદા વિશે જણાવ્યું છે પણ અમારા વિસ્તારમાં ધોળકા, બાવળા, સાણંદ, દસક્રોઇ, વિરમગામ, નળકાંઠા આ બધા વિસ્તારમાં પહેલા જયારે ખેડૂતો ખેતી કરતા ત્યારે એક પાક લેતા હતા અને નર્મદા નદીના નીર આવવાને કારણે, નર્મદા મૈયા આવવાને કારણે એ જે ૧૦ મણ, ૧૫ મણ અમારું અનાજ પાકતું હતું. એ પછી ફક્ત ચોમાસા આધારિત ખેતી થતી હતી. ચોમાસા આધારિત ડાંગરના પાક થતા હતા અને જે ચોમાસા આધારિત એક વખત ઘઉં કે ડાંગરનો પાક થતો હતો એ પણ ટ્યૂબવેલના આધારે કરતા હતા અને મોંઘુ મશીનનું ડીઝલ બાળીને ખેતી કરતા હતા ત્યારે એ જે પાકતું હતું એ ૪૦-૪૫ મણ વીઘે થતું હતું. અત્યારે એ ખેડૂતના વીઘે ૭૦ મણ એક ચોમાસુ સિઝનમાં અને ઉનાળુ સિઝનમાં પણ બે સિઝનમાં ડાંગરમાં પાણી આપવામાં આવે છે. તમે વિચાર કરો કે ૧૪૦ મણ જેટલું અનાજ લગભગ ૨૦ મણ વીઘાને બદલે ખેડૂતો પકવતા થયા છે. અત્યારે અમારા વિસ્તારમાં ખેડૂતો ખૂબ ખુશ છે. બીજું એક નવું આજથી જ શરૂ થયું છે કે અમારો જે ફતેવાડી વિસ્તાર હતો એને નર્મદા ડેમના એટલે કમાન્ડ એરિયામાં જયારે ઉમેરવામાં આવ્યો ત્યારે નર્મદા ડેમનું પાણી જે અમને મળતું હતું એનો જથ્થો વધારે મળવા માંડયો છે અને એના કારણે ખેડૂતો હવે વધારેમાં વધારે ડાંગર રોપતા થયા છે અને અનાજ ઉત્પાદન કરતા થયા છે અને એના કારણે ખેડૂતોની સદ્ધરતામાં પણ વધારો થયો છે. અત્યારે લગભગ ખેડૂતો જોડે ફોર વ્હીલર, ટુ-વ્હીલર અને સારા મકાનો આ બધું થવાનું, કારણ ફક્ત નર્મદા મૈયાના પાણી અમારા વિસ્તારમાં અને આખા ગુજરાતમાં જે પાણી મળ્યું છે બધાને અને ખેડૂતોની આવક વધી છે. નર્મદાનો નિર્ણય, નર્મદાનું પાણી આપણને ખેડૂત પૂરતું, જમીન પૂરતું મળતું હતું એના બદલે અને એ વખતે જયારે પણ ખેડૂતો ફતેવાડીની કેનાલ ઉપર જ ખેતી કરતા હતા એના બદલે અત્યારે ગામોગામના તળાવો નર્મદા દ્વારા ભરવામાં આવે છે. નર્મદાના પાણીથી તળાવ ભરવાને કારણે આજુબાજુના ખેડૂતો પણ તળાવમાંથી પાણી લઇ અને પોતાની ખેતી કરી શકે છે અને આવકમાં વધારો કરી શકે છે. આવા નિર્ણયો આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે કર્યા હોય અને આપણા શ્રી કનુભાઇ દેસાઇ સાહેબે જે આ વખતે મોટામાં મોટું બજેટ આપ્યું છે અને આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે આજે પણ અમારા સાણંદ વિસ્તારમાં આવીને બાકીની યોજનાઓનો જે બાકીના ગામોને લાભ નથી મળતા એ બધા ગામોને લાભ મળશે અને શ્રી અમિતભાઇ સાહેબનો એક નિર્ણય કે આ ફતેવાડી વિસ્તારનો નર્મદામાં તમે સમાવેશ કરો આ નિર્ણયના કારણે હજારો એકર જમીનમાં નર્મદાના વધારાના ગામોમાં જયાં નર્મદાના પાણી ફરતા નહોતા ત્યાં ફરતા થયા ત્યારે હું ફરીથી આ જે અનુદાન લાવ્યા છે એને હું મારો સપોર્ટ કરું છું. જયશ્રી રામ.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠાની રૂ.૩૩૬૬ કરોડની માગણી ક્રમાંક ૬૫ માનનીય ઋષિકેશભાઇ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતના ડેવલપમેન્ટમાં સરદાર સરોવર નર્મદા નિગમનો મહત્ત્વનો ફાળો છે. એ કારણના લીધે જ આજે ગુજરાત એ સમગ્ર દેશ નહીં પણ સમગ્ર દુનિયામાં ડેવલપમેન્ટ સિટી તરીકે કે

ડેવલપમેન્ટ રાજ્ય તરીકે પ્રસિદ્ધ થયું છે એના પાયાની અંદર સરદાર સરોવર નર્મદા નિગમ છે. માનનીય અધ્યક્ષશ્રી, તેના કારણે જ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારે સૌથી પહેલા કોઇ કામ હાથ ઉપર લીધું હોય તો પાણી માટે લીધું હતું. ગુજરાતનો વિકાસ કરવા માટે પાણી અનિવાર્ય છે તેમાં પછી ઉદ્યોગ હોય, ખેતીવાડી માટે હોય કે પીવા માટે હોય. સમગ્ર રાજ્ય માટે મોટામાં મોટો પડકાર વર્ષ ૨૦૦૦ અને ૨૦૦૧માં હતો. તે સમયે આ વિઝનરી નેતાએ સૌથી પહેલું પ્રાયોરિટીમાં કામ કર્યું હોય તો તે નર્મદા યોજના માટે કર્યું છે. મારા અગાઉના સાથીદારોએ વાત કરી તે પ્રમાણે અનેક પ્રકારની મુસીબતો આવી, ફંડથી માંડી કેન્દ્રની અંદર બીજી સરકારો હતી ત્યારે અનેક પ્રકારના રોડાં નાખવાનું કામ તે લોકોએ કર્યું હતું. પરંતુ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ એક વિઝનરી નેતા તરીકે તેમણે જે કામ કરવાનાં હતાં તે સુમેરભેર કરી સમગ્ર ગુજરાત માટે ખૂબ આગવું પ્રદાન કર્યું છે. તેના પ્રતાપે આજે સમગ્ર ગુજરાતની અંદર કચ્છ હોય, સૌરાષ્ટ્ર હોય, સૌની યોજના હોય, ખારોપટ વિસ્તાર હોય અને તેમાંય ખાસ કરીને અમારો બનાસકાંઠાનો છેવાડાનો પછાત વિસ્તાર, પાણી માટેની સૌથી મોટી સમસ્યાઓ અમારે ત્યાં હતી. તેના કારણે ત્યાં આગળથી લોકો નીકળી નીકળીને બીજા પ્રાંતોમાં જતા હતા. આવી પરિસ્થિતિની અંદર નર્મદા યોજનાનું પાણી આવવાથી લોકોની સુખાકારી, લોકોનું આરોગ્ય, લોકોનું શિક્ષણ અને સમગ્ર માનવજાતિની ઉન્નતિ કરવાનું કામ અમારા વિસ્તારમાં આ નર્મદા યોજનાના માધ્યમથી થયું છે. તેમાંય ખાસ કરીને રાજ્ય સરકારે અને શ્રી નરેન્દ્રભાઇએ સુજલામ્ સુફલામ્ કાચી કેનાલ બનાવી તેનાથી સમગ્ર ઉત્તર ગુજરાતના પાણીના તળ જે દિવસે દિવસે નીચા જતા હતા તે સમસ્યામાંથી બહાર કાઢવાનું કામ, અમારે ત્યાં જીવાદોરી તરીકેનું કામ આ સુજલામ્ સુફલામ્ કેનાલ મારફતે થયું છે. તેના થકી આજે અમારો આખો વિસ્તાર હરિયાળી ક્રાંતિ તરફ આગળ વધી રહ્યો છે. અમારો બનાસકાંઠા તે સમગ્ર દેશ અને દુનિયાની અંદર સૌથી વધારે દૂધ ઉત્પાદન કરતો વિસ્તાર છે. દિવસનું એક કરોડ કરતાં વધારે લિટર દૂધની ઉત્પાદન ક્ષમતા હોય તો આ સરદાર સરોવર નર્મદા નિગમને આભારી છે. તે પાણી આવવાથી આખો વિસ્તાર પશુપાલન અને ખેતીવાડી માટે અત્યારે અવ્વ્લ નંબરે છે. તેની અંદર ચાંગાથી દાંતીવાડાની પાઇપલાઇનનું કામ અત્યારે પૂર્ણ થઇ ગયું છે. થરાદ ખાતે સીપુ યોજનાનું કામ પરિપૂર્ણ થવામાં છે. કસરાથી દાંતીવાડાનું કામ ચાલુ છે. થરાદથી ધાનેરાની રેલ નદી સુધીનાં કામ માટેની રૂ. ૧૪૧૧ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી હમણાં જ આપી છે. તે જ રીતે દિયોદરથી લાખણી અને ડીસા તાલુકાના ગામોના તળાવો ભરવા માટેની સૈદ્ધાંતિક મંજૂરી અત્યારે મળી છે. ડીંડરોલથી મુક્તેશ્વર માટેનું કામ ચાલુ છે. આ પ્રકારે હજારો કરોડો રૂપિયાના માધ્યમથી અનેક યોજનાઓ થકી અમારો જે વિસ્તાર સૂકોભઠ્ઠ હતો તે વિસ્તારની અંદર હરિયાળી ક્રાંતિ કરવા માટે જે કામ કર્યું છે તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને સૌ મંત્રીશ્રીઓનો હું અમારા વિસ્તાર વતી ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં ૨૮૩૭ પિયત મંડળીઓ બનાવી છે. તેના દ્વારા તે વિસ્તારમાં ૯ લાખ હેક્ટર કરતાં વધારે જમીનમાં પિયત થાય છે. જી.જી.આર.સી. દ્વારા ટપક સિંચાઇ પદ્ધતિ મારફતે ૭૦ થી ૯૦ ટકા સબસિડી મેળવી સૂક્ષ્મ સિંચાઇ માટેનું ખૂબ મોટું કામ અમારે ત્યાં અત્યારે થઇ રહ્યું છે. આની સાથે સાથે અમારા ત્યાં પાણી માટે ઘણી યોજનાઓ થઇ છે અને આવનારા સમયમાં સરકાર અનેક યોજનાઓ લાવી રહી છે. સાથે સાથે મારું સજેશન છે કે, આપણી સરદાર સરોવર યોજના અને મારા વિસ્તારની દાંતીવાડા ડેમની સીપુ યોજના છે તેમાં ખેડૂતોને કેનાલના નેટવર્ક મારફતે છૂટું પાણી આપીએ છીએ. તેની જગ્યાએ ટપક પદ્ધતિ એટલે કે સૂક્ષ્મ વૈજ્ઞાનિક પદ્ધતિથી પાણી આપવાનું થાય. દાંતીવાડાના પાયલોટ પ્રોજેક્ટ માટે અમે માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇને વાત કરી છે. નાનો પ્રોજેક્ટ છે પણ આ રીતે કામ કરવામાં આવે તો ૨૫થી ૩૦ ટકા પાણીની અંદર તે વિસ્તાર પિયત થઇ શકે તેમ છે અને બાકીનું ૭૫ ટકા પાણી જે બચે છે તેનો બાકીના તળાવો અને નવો કમાન્ડ એરિયા બનાવવા માટે ભવિષ્યની અંદર ઉપયોગી થશે તેવું એક સજેશન છે. એટલે એ પણ અમારું સાથે સાથે સજેશન છે અને કમાન્ડ એરિયા પણ ૬૦ વર્ષ પહેલા નક્કી થયા છે એના પછી કેટલીય જમીનો એન.એ. થઇ ગઇ છે આ પ્રકારની જમીનો એન.એ. થઇ ગઇ છે તો કમાન્ડ એરિયા ૧૦ ટકા, ૨૦ ટકા, ૨૫ ટકા ઘટેલો છે તો આવા વિસ્તારમાં ફરીથી કમાન્ડ એરિયાનો રી–સરવે કરવામાં આવે તો પણ નવો કમાન્ડ એરિયા થાય એને પાણી આપી શકાય. એટલે સાથે સાથે અમારા વિસ્તારમાં આ પ્રકારનું કામ થાય એવી વિનંતી છે અને માનનીય મંત્રી શ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપુ છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી જે માગણી ક્રમાંક નં.૩૦, ૩૧, ૩૩, ૬૫,૧૦૧ અને ૧૦૨ જે લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસુલ વિભાગ છે એ આખા રાજયનો ખૂબ જ મહત્ત્વનો વિભાગ છે. ગુજરાતમાં આમ જોઇએ તો * (xxx) તાજેતરનું જ એનું ઉદાહરણ ગાંધીનગરની પાંજરાપોળની જમીન છે.

સભાપતિશ્રી : *(xxx) અંગે જે ઉલ્લેખ કર્યો છે એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ )

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં ગાંધીનગરમાં પાંજરાપોળની જે જમીન છે એ જે તે કલેકટરશ્રી દ્વારા આપવામાં આવી એ *(xxx)સાથે સાથે રાજય સરકાર દ્વારા આ જમીન હજુ સુધી મૂળ સ્થિતિમાં લેવામાં નથી આવી. *(xxx)

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપ એવું નહીં કહી શકો આ બધું જ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે. માનનીય સભ્યશ્રી, આપ બેસો. હા, માનનીય મંત્રીશ્રી, આપનું શું કહેવું છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ (સામાન્ય વહીવટ વિભાગ, નર્મદા અને કલ્પસર પ્રભાગ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આજે નર્મદા, શહેરી વિકાસ, શહેરી આવાસન, સામાન્ય વહીવટ વિભાગની માગણી લઇને મંત્રીશ્રી આવ્યા છે ત્યારે થોડાક મિત્રો તરફથી, સામે પક્ષેથી અને આ પક્ષે ઘણાં બધા ધારાસભ્યશ્રીઓએ પોત–પોતાના વિચારો વ્યક્ત કર્યા અને પોતાના અનુભવો પણ કહ્યા. સામેથી ભાઇશ્રી અર્જુનભાઇ, શ્રી અમિતભાઇ અને શ્રી ઉમેશભાઇએ જે વાતો કરી છે એમાં કદાચ એમની પાસે માહિતી દોષ હોય, પૂરતી માહિતી ન હોય એના કારણે ગૃહમાં વિષય મૂકાઇ રહ્યો છે એટલે ખોટી વાત રેકર્ડ ઉપર જે ગઇ હોય એનો જવાબ અથવા તો એની સ્પષ્ટતા મળે એ પણ ખૂબ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સિનિયર સભ્ય માનનીય અર્જુનભાઇએ જે વાત કરી કે, "નર્મદા યોજનામાં કેનાલોનું કામ પૂરું નથી થયું અને ૫૭૭૪ કિલોમીટર કેનાલ નેટવર્કનું કામ બાકી છે." માનનીય અધ્યક્ષશ્રી, મારે આ બાબતમાં થોડી ચોખવટ પણ કરવી છે કે, વર્ષ ૧૯૯૫, એ વખતે આખા ડેમની હાઇટ ૮૦ મીટર હતી અને ૮૦ મીટરે જ્યારે હતી એ વખતે ઈરિગેશન પણ નહોતું થતું કે નહોતી કોઇ પણ પ્રકારની વીજળી પેદા થતી અને એ વખતે મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાત એની અંદર આશરે ૫૪ જેવા ગામો ત્રણે રાજયના ભેગા થઇને એ અંશતઃ ડૂબમાં ગયા હતા અને એ વખતે ખૂબ મોટા પ્રશ્નો ન હતા પરંતુ જે પ્રગતિની અને વિકાસની શરૂઆત થઇ એ સૌએ એ યાદ રાખવા જેવું છે કે, વિકાસની અને પ્રગતિની શરૂઆત વર્ષ ૧૯૯૫થી શરૂ થઇ અને વર્ષ ૨૦૦૬ની અંદર ૧૨૧ મીટરે પહોંચે તો આપણે જે કેનાલોનું કામ કર્યું હતું એના દ્વારા ઈરિગેશન પણ કરી શકીએ અને વીજળી પણ પેદા કરી શકીએ. માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબ મુખ્યમંત્રી હતા, ગુજરાતનું એ વખતનું કમભાગ્ય કે, એમણે ઉપવાસની ફરજ પડી. ૧૨૧.૩૮ મીટરની આપણને ઊંચાઇ પ્રાપ્ત થઇ અને આપણે ખૂબ ઝડપથી એ કામ પણ પૂરું કર્યું.ઈરિગેશન પણ ચાલુ થયું. ઈરિગેશન ચાલુ થયું એટલુ જ નહીં પણ વીજળી પણ પેદા કરવાની ચાલુ થઇ અને તેના કારણે જે કેનાલના નેટવર્ક દ્વારા ખેડૂતોને પાણી આપવાનો વિષય આપણે પૂરો કરી શકયા અને ઈરિગેશનની જે શરૂઆત થઇ. શ્રી અમીતભાઇ આ વિષય એટલા માટે મૂકું છું હું મારી વાત ઉપર તો આવું જ છું પરંતુ એ વખતે સાડા સાતથી આઠ વર્ષનો સમય જયાં સુધી માનનીય નરેન્દ્રભાઇ વડાપ્રધાન પદ પર ના પહોંચ્યા, ના બન્યાં ત્યાં સુધી હાઇટ અને દરવાજા વધારવાની મંજૂરી ના મળી આપણું ગુજરાતનું કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ. જો તેનો વ્યાજનો આંકડો ગણવામાં આવે તો એ હજારો કરોડમાં જાય અને તે હજારો કરોડમાં જાય હું તો એમ કહું છું કદાચ બીજો શબ્દ નહીં વાપરી શકાય પરંતુ એ જે પાપ અને ગુજરાતની પ્રજાની જે લાય લાગી, હાય લાગી અને તેના પરિણામે સતત અહીંયા આગળ ૧૫૬ ભેગા થયા છે અને ત્યાં ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શ્રી મોદી સાહેબ બેસી શકે તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૭ દિવસમાં આપણે ડેમના દરવાજા લગાડવાની મંજૂરી મળે, લાગી જાય અને થોડાક દિવસમાં ખોલવાની પણ પરમિશન મળી જાય. દરવાજા લગાવતાની સાથે જ કુદરતે મહેર કરી અને આખો ૧૩૮ મીટરની હાઇટ ઉપરનો ડેમ ભરાયો. અને એ ગુજરાતનો આનંદ, ગુજરાતની પ્રજાનો આનંદ એ વખતે જોવો તો હૃદયની અંદર પ્રત્યેક ગુજરાતી ચાહે ઉત્તર ગુજરાતનો હોય, સૌરાષ્ટ્રનો હોય, કચ્છનો હોય એક પ્રકારની આનંદની અનુભૂતિ ગુજરાતીઓએ જે અનુભવી છે કદાચ આપણે શબ્દોમાં વર્ણવી ના શકીએ એ પ્રકારની અનુભૂતિઓ ગુજરાતીઓને થઇ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, જે કેનાલો છે તે ૬૯,૪૯૭ કિલોમીટર જેટલી કેનાલોની લંબાઇ છે જે પૈકી ૬૩,૭૭૩ આપણે પૂરી કરી છે. ૯૨ ટકા જેટલી પૂરી કરી છે એટલે મેઇન કેનાલ, બ્રાન્ચ કેનાલ અને ડિસ્ટ્રિબ્યુટરી કેનાલ. ડિસ્ટ્રિબ્યુટરીમાં થોડું કામ બાકી છે, ખૂબ ઓછું કામ બાકી છે અને જે ત્રણ બાકી છે એમાં કુલ જે બાકી રહેતો એરિયા છે, કિલોમીટર છે તે ૫૭૨૪ છે. અને તેમાંથી ૭૨૪ કિલોમીટરની કેનાલોનું કામ આપણે કરવાનુ રહેતું નથી. જે ૫ હજાર કિલોમીટર જે વધી તેમાંથી ૧૦૯૧ કિલોમીટર બાકી છે જેમાં મુખ્યત્ત્વે જમીન સંપાદન થયા બાદ આપણને જમીનનો કબજો ના મળે તેનું મુખ્ય કારણ છે અને ૫ હજાર કિલોમીટર પૈકી ૩૯૦૯ કિલોમીટર સબ માઇનોર છે. એમાં જમીન સંપાદન કરવાનું હોતું નથી, પરંતુ લોક ભાગીદારી તથા ખેડૂતોની સંમતિથી કરવાનું હોય છે, એટલે માનો કે કયાંક માઇનોરમાં મીસિંગ લિંક રહી ગઇ, કયાંક સબ માઇનોરમાં તો ખેડૂતોની સંમતિથી આપણે કરવાની થતી હોય એટલે સ્વભાવિક છે કે, મીસિંગ લિંક અને આ સબ માઇનોર એ આપણે બાકી રહી છે અને આપણે એટલાથી સંતોષ નથી માનવો પરંતુ નવેમ્બર–૨૦૨૩થી આપણે આ અભિયાન શરૂ કર્યું છે અને વર્ષ–૨૦૨૫ સુધીમાં કુલ–૪૭૬૭ સરવે નંબર પૈકી ૧૭૯૭ સરવે નંબરમાં ઉકેલ આવી ગયો છે અને નર્મદા યોજનાના બાકી કેનાલોનાં કામ વર્ષ–૨૦૨૫ સુધીમાં પ્ર–શાખા સુધીનું કામ પૂર્ણ કરવાનું આયોજન છે. અને માર્ચ–૨૦૨૬માં આપણે જે સબ

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માઈનોર કહીએ છીએ તે પૂરું કરવાનું આયોજન છે. આમ, ૧૭.૯૨ લાખ હેક્ટર સિંચાઇ ક્ષમતા સામે પ્ર–શાખા નહેરો સુધી ૧૭.૨૧ લાખ હેક્ટર અને પ્ર–શાખા નહેરો સુધી ૧૫.૫૩ લાખ હેક્ટર આપણે સિંચાઇ ક્ષમતા વિકસિત કરી ચૂક્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જે વાત કરી કે રૂપિયા બાજુમાં પડ્યા છે, તમે માગો છો, લઇ આવો, હવે તો તમે જ છો પરંતુ કેટલીક રકમ એવી છે કે જે ડિસ્પ્યુટેડ થઇ છે. ૭૫૭૬ રૂપિયાની કુલ આપણે લેવાની રકમ નીકળે છે, તેમાંથી ૫૧૪૪ એટલે જે ઓથોરિટીઓ બનાવી છે તેમાં વિવાદ ચાલે છે એટલે સબ જ્યુડિશિયલ મેટર થઇ. ૬૮ ટકા જેટલી આ રકમ થાય છે અને તેના કારણે જે બાકીની રકમ છે તેના માટે આપણે સતત વાટાઘાટો પણ કરી રહ્યા છીએ. સાથે–સાથે આપણને છેલ્લાં ૧૦ વર્ષમાં રૂ.૧૦૦૨ કરોડની રકમ પ્રાપ્ત થઇ છે તેમજ યોજના શરૂ થયેથી આજ દિન સુધી રૂ.૪૮૬૮ કરોડની રકમ ભાગીદાર રાજ્યો પાસેથી આપણને પ્રાપ્ત થઇ છે. ઘણી વખત માહિતી ન હોય એના કારણે પણ એવું બને પરંતુ મેં જે વાત કહી એ બિલકુલ સત્ય છે, સત્યથી વેગળી નથી.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

વિરોધ પક્ષ દ્વારા સામાન્ય વહીવટ વિભાગ વિશે પણ જે વાત કરવામાં આવી કે આઇ.એ.એસ./આઇ.પી.એસ. અધિકારીઓ પર ભ્રષ્ટાચારનો આરોપ મૂક્યો એ તમામ ઉપર નિયમ મુજબ કાર્યવાહી ચાલે છે. એમાં પણ સરકાર સજાગ થઇ અને જાતે જ સુઓમોટો કરી જ્યાં પણ જરૂર પડે, ક્યાંક માહિતી મળે તો સરકાર તરત જ પગલાં લે છે. સામેથી એવું કહેવામાં આવ્યું કે રાજકીય ઉત્સવો થાય છે અને તેના આધારે અધિકારીઓનું મૂલ્યાંકન થાય છે. આ અધિકારીઓના પર્ફોમન્સ માટે એના સી.આર. ભરવામાં આવે છે અને એનું મૂલ્યાંકન કરવા માટે ચોક્કસ નિયમો છે. વર્ષ ૨૦૦૭માં પર્ફોમન્સ એપ્રાઇઝલ રૂલ્સના આધારે આપણે એનું પર્ફોમન્સ નક્કી કરીએ છીએ અને એ પ્રમાણે જ ગુણ મૂકાય છે. વિરોધ પક્ષ દ્વારા નવી દિલ્હી ખાતે ગુજરાત ભવનમાં પૂર્વ ધારાસભ્ય અને સંસદસભ્ય પાસેથી વધુ ભાડું લેવાની વાત કરી. એમાં ગુજરાત ભવનમાં તમામ માટે ભાડુ રૂ.૧૦૦૦/પ્રતિ રૂમ આપણે નક્કી કરેલ છે અને ગરવી ગુજરાતનો જે વિષય છે એ સરકારની વિચારણા હેઠળ છે. આ સાથે વિરોધ પક્ષ દ્વારા એક મોટી વાત એ થઇ કે ભરતીઓ થતી નથી. પરીક્ષા લેવાઇ હોય તો પરિણામો જાહેર થતાં નથી. ભરતી કેલેન્ડર મુજબની ભરતી થતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, આપને જાણ કરતાં અને સમગ્ર ગૃહને જાણ કરતાં મને આનંદ થાય છે કે વર્ષ ૨૦૧૪થી ૨૦૨૩ દરમિયાન સીધી ભરતીથી ભરવાપાત્ર કુલ જગ્યાનું મૂળ આયોજન ૧,૫૬,૪૧૭ જગ્યાઓનું હતું. એની સામે તા.૨૮/૨ સુધી આપણે જે ભરતી કરી એ જગ્યાઓની સંખ્યા ૧,૬૭,૨૫૫ છે. વર્ષ ૨૦૨૪થી ૨૦૩૩ એટલે કે નવીન જે ૧૦ વર્ષનું આયોજન આપણે કરવા જઇ રહ્યા છીએ. એમાં ૧,૩૦,૦૦૦થી વધુ જગ્યાઓ ભરવા માટે વિભાગોની દરખાસ્ત સામાન્ય વહીવટ વિભાગને મળેલ છે. (શ્રી અમિતભાઇ ચાવડા બેઠાં–બેઠાં કૉમેન્ટ કરતાં....)

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ આપણે બેઠાં–બેઠાં ડિસ્ટર્બ નહિ કરીએ. આપ ઊભા થઇને વાત કરી શકશો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે નવેમ્બર–૨૦૨૩માં ૭૪૫૯ જગ્યાઓ પર ભરતીની જાહેરાત કરી છે. સામેથી એવું પણ કહેવામાં આવ્યું છે કે સામાન્ય વહીવટ વિભાગમાં પ્રોટોકોલનો અમલ નથી થતો અને વિરોધપક્ષના ધારાસભ્યોનાં નામ લખવામાં નથી આવતાં. એમાં તા.૨૮/૧૦/૨૦૨૧નો પરિપત્ર છે એમાં જે પ્રોટોકોલ છે એ પ્રમાણે નામ પણ લખવામાં આવે છે. આ ઉપરાંત વય નિવૃત્તોને મુખ્ય પદ ઉપર કરારીય નિમણૂક આપવા અને યુવાન અધિકારીઓને ૧૦–૧૦ વર્ષ સુધી અન્યાય કરવામાં આવ્યો છે એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. કેટલાંક વિભાગો એવા હોય છે કે જ્યાં વહીવટી અને ટૅકનિકલ અનુભવની ખૂબ જરૂર હોય છે. એવા સંજોગોમાં જ્યાં સુધી આપણને સ્કિલ ના મળે, સરકારને પૂરો વિશ્વાસ ના પડે કારણ કે સરકારે એના ગૉલ સેટ કરેલા હોય કે અમારે અમુક સમય સુધી અમુક કામ પૂરું કરવું છે એ કામ સાથે સંકળાયેલા જૂજ અધિકારીઓને જ્યાં સુધી કામ પૂરું ના થાય ત્યાં સુધી આપણે એક્ષટેન્શન આપ્યું છે. કોઇ યુવાનને અન્યાય થાય તેવું આપણે કર્યું નથી. સંસદ સભ્ય/ધારાસભ્યોના પ્રશ્નોના નિકાલ માટેની સૂચના વખતોવખતો આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ આપી રહ્યા છે. હવે તો એમણે નક્કી કર્યું છે કે દર ૧૫ દિવસે અને દર ૩૦ દિવસે રિવ્યુ કરવાનું નક્કી કર્યું છે. ચૂંટણીમાં ઓ.બી.સી. અનામત બેઠક માટે સમર્પિત આયોગની જે ભલામણ મળી ગઇ તેના પછી સબંધિત વિભાગો દ્વારા અનામતની બેઠકોની ફાળવણી અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ થયેથી ચૂંટણી કરવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત વિકાસ કાર્યોનું રોલ મૉડેલ બન્યું છે. પીવાનું પાણી, ઉદ્યોગ, શિક્ષણ, આરોગ્ય, માર્ગ પરિવહન, માળખાકીય સુવિધાઓ વગેરે માટે ગુજરાતે દુનિયામાં પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. વખતોવખતના ભારતીય જનતા પાર્ટીની સરકારના બજેટમાં છેવાડાનો માનવી, મધ્યમ વર્ગનો માનવી, વેપારી, ઉદ્યોગપતિ, યુવાન, મહિલા, આદિવાસી, દલિત, પછાત તમામને આવરી લઇને બજેટની જોગવાઇ કરવામાં આવે છે. કારણ કે વિકસિત ગુજરાતનું મૉડલમાં છેવાડાના માનવીને પાયાની સુવિધાઓ આપવી પડે. જે અંતર્ગત ઘરના ઘરમાં પાકી છત, ગેસ કનેક્શન, શૌચાલય, વીજળી, નળમાં પીવાના પાણી મળવું જોઇએ. ઘરની મહિલાને પીવાનું પાણી ભરવા જવા માટે અને લાકડાંનો ચૂલો સળગાવવા માટે જે સમય બગડતો હતો તે સમયની બચત થાય એટલે સ્વાભાવિક ઘરના પૂરુંષને ખેતીવાડી અને પશુપાલનમાં મદદરૂપ થઇ શકે. સખી મંડળો દ્વારા મહિલાઓને આત્મનિર્ભર બનાવીને મહિલાઓનું સશક્તીકરણ કરવાનું કામ ચાલુ છે.

## તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સમૃદ્ધિમાં નર્મદાનું યોગદાન કોઇ પણ ગુજરાતી ઓછું ન આંકી શકે. કુલ સિંચાઇ વિસ્તારમાંથી ગુજરાત આજે પીવાના પાણી માટે ૮૦ ટકા નર્મદા પર આધારિત છે. ઉદ્યોગો અને ખેતરોને પણ નર્મદા પાણી આપે તેવું નર્મદા યોજનાનું મહત્ત્વ છે. ગુજરાત સરકાર માટે આ કેવળ રાજનીતિનો મુદ્દો નથી, કેવળ મત લેવા માટેનો મુદ્દો નથી પરંતુ ખેડૂતોને ખરેખર મદદરૂપ થઇ શકે તેના માટેનો મુદ્દો છે અને તેના માટે નર્મદા યોજનામાં જે કોઇ નાણાંની ફાળવણી કરવી પડે, વખતોવખત સુધારણા કરવી પડે, તેમાં ડ્રીપ ઇરિગેશન, સૂક્ષ્મ ઇરિગેશન દાખલ કરવાની જરૂર પડે તે કરીને એકે એક પાણીના ટીપાંનો ઉપયોગ થાય તે પ્રકારનું નર્મદાનું મૉડલ આપણે નક્કી કરી રહ્યા છીએ. ઇરિગેશન એટલે માત્ર કેનાલથી ઇરિગેશન થાય તેવું નહીં. ગુજરાતના તળાવોમાં પાણી આપવાથી ગુજરાતમાં પાણીના તળ ધીમે ધીમે ઊંચા આવ્યા, અમુક જગ્યાએ સ્ટેબલ થયા છે પણ જે ઊંડા જતા હતા તે ઊંડા જતા પાણીના સ્તર પણ અટક્યા છે અને તેનું જો કોઇ કારણ હોય તો ઉત્તર ગુજરાતમાં સુજલામ્ સુફલામ્, સૌરાષ્ટ્રમાં સૌની યોજના અને કચ્છમાં એક મિલિયન એકર ફૂટ પાણી ત્રણેય વિસ્તારને આપવાનો નિર્ણય થયો પરંતુ ચેલેન્જ એવી હતી કે આ એક મિલિયન એકર ફૂટ પાણી કેવળ કેનાલમાં જ વહેવડાવવું. પહેલી વખત આવો ક્રાંતિકારી નિર્ણય થયો કે પાણી ઉપાડો, વરસાદનું પાણી આવતું હોય તો પમ્પો દ્વારા કચ્છ અને ઉત્તર ગુજરાતમાં પહોંચાડો. આ પાણી પહોંચાડવાનું કામ આ સરકારે કર્યું છે. આપણે ખેડૂતોને સબસિડી તો આપીએ જ છીએ પણ લિફ્ટિંગ કરીને પાણી તળાવ સુધી લઇ જવામાં આવે છે એના લાઇટબિલની અત્યાર સુધી ગણતરી કરી નથી. ગામડાની વાત થતી હોય તો એમાં ખેડૂત મધ્ય સ્થાને છે. એ મોટા ભાગે ક્યાંક આજુબાજુ નાનો-મોટો ધંધો-રોજગાર કરતો હોય, નોકરી કરતો હોય અને મહદંશે એ ખેડૂત પરિવાર હોય છે. આ ખેડૂત પરિવાર માટે અનેકવિધ યોજનાઓ થકી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ખેડ, ખાતર, બિયારણ માટેના રૂ.૬ હજાર હોય, ખાતરની સબસિડી હોય, વીજળીની સબસિડી હોય, અનેક રીતે ખેડૂત ઊંચો આવે અને એની આવક બમણી થાય એવી કોશિશ કરી છે એમાં આ નર્મદા સહભાગી થઇ છે. નર્મદાનો અર્થ થાય છે, 'આનંદ આપનારી.' ખેડૂતને આનંદ થાય, પાણી ઘરે પહોંચે એટલે મહિલાને પણ આનંદ થાય અને રણમાં પહોંચે એટલે મારા કચ્છીમાંડુઓને આનંદ થાય. નર્મદામૈયાએ મા રેવા બની સદૈવ ગુજરાતના જન-જનના જીવનમાં આનંદ પ્રસરાવવાનું કામ કર્યું છે. આ યોજનામાં ઘણા બધા ડિસ્પ્યુટ્સ થયા પણ છેવટે અંત ખૂબ સરસ થયો, ભારતીય જનતા પાર્ટીમાં થયો. કેનાલ અને ડેમ એની પૂર્ણ કક્ષાએ પહોંચી ગયા છે. એક આનંદના સમાચાર આપું તો, અત્યારસુધી આપણને ૯ મિલિયન એકર ફીટ પાણી મળતું હતું. આ વખતે આપણને ૧૦.૪૧ મિલિયન એકર ફીટ પાણી મળવાનું છે. ૧.૪૧ મિલિયન એકર ફીટ વધારાનું પાણી આપવાની જોગવાઇ કરી છે. આનાથી ૧૭.૯૨ લાખ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળવાનો છે. એનાથી ૮૦ ટકા પાણી પૂરું થાય છે. ૭ મહાનગરો, ૧૯૯ નગરો અને ૧૧,૯૫૧ ગામોને પાણી પૂરું પાડી શકીએ છીએ. અન્ય સરખામણીમાં સરદાર સરોવર બંધના પિયત વિસ્તારની વિશેષતા એવી છે કે, મોટા ભાગનો વિસ્તાર એવો છે કે જેની જમીનની ગુણવત્તા નિયમિત સિંચાઇ માટે યોગ્ય નથી. ક્ષારની સમસ્યા હોય, વરસાદી પાણીના ભરાવાની સમસ્યા હોય કે કોઇ વિસ્તાર રેતાળ હોય એના માટે સરકારે પ્રૉટેક્ટીવ ઇરિગેશનની સ્કીમ બનાવી છે. પાકને બચાવવા માટે જેટલું પાણી જોઇતું હોય એટલું જ પાણી આપવું એ પ્રૉટેક્ટીવ ઇરિગેશન છે. નર્મદા યોજનાના પિયત વિસ્તારને અત્યંત વૈજ્ઞાનિક પદ્ધતિથી છ ઇરિગેબલ કૅટેગરીમાં જમીનની ગુણવત્તા પ્રમાણે વિભાજિત કરવામાં આવેલ છે અને એ પ્રમાણે નહેરોની ડિઝાઇન બનાવીને પાણી આપીએ છીએ. અગાઉ એક પાક લઇ શકતા હતા એમાં બે નિશ્ચિત પાક આપતી થઇ ગઇ છે. હેક્ટરદીઠ ઉત્પાદનમાં અઢી ગણી વૃદ્ધિ અને પશુપાલનમાં પરિવારદીઠ આવકમાં નોંધપાત્ર વધારો થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપ એના બિલકુલ સાક્ષી છો. બનાસકાંઠામાં એક લાખ લિટર દૂધ જમા થતું હોય તો એમાં નર્મદાનો કેટલો ફાળો છે એ આ બનાસકાંઠાવાસીઓને પૂછી શકો છો, મહેસાણાવાસીઓને પૂછી શકો. જ્યાં જ્યાં નર્મદા ગઇ છે એ દરેક જગ્યાએ ખેતી અને પશુપાલન થકી કુટુંબને સમૃદ્ધ થવાનો માર્ગ મોકળો થયો છે. મેં પહેલાં કહ્યું એમ, કેનાલનું કામ પૂર્ણ થવાની તૈયારીમાં છે અને જે નાનું-મોટું કામ બાકી છે એ પણ વર્ષ ૨૦૨૬ સુધી પૂર્ણ કરવું છે. કચ્છ શાખા નહેરના વિતરણ માળખામાં ક્યાંક મીસિંગ લિંક છે એ બધી આપણે પૂરી કરીશું. કચ્છના રણમાં ક્રોસિંગ કરવું, કચ્છમાં પાણી પહોંચાડવું, કચ્છનો આખો આકાર ઊંધા કાચબા જેવો છે. બનાસકાંઠાના કાંકરેજના સલીમગઢથી નર્મદાની કેનાલ એન્ટ્રી કરે છે, સીધો ફોલ છે, આપણે ત્યાં ત્રણ ફોલ કરીને વીજળી પણ પેદા કરીએ છીએ, એ ફોલ પછી આપણે પાણી ઉપાડીને લઇ જઇએ છીએ અને રણકાંઠા સુધી આપણે પાણી પહોંચાડીએ છીએ.

અધ્યક્ષશ્રી : ઊંધા કાચબા જેવો કે પછી ઊંધી રકાબી જેવો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઊંધી રકાબી જેવો છે. આમ, ૨૭ વર્ષથી ભા.જ.પ.ની સરકારે અથાગ મહેનત કરી છે. ગઇ વખતે મોરકૂવામાં પ્રધાનમંત્રીશ્રીએ ઉદ્ઘાટન કર્યું હતું, કેનાલ પહોંચાડી દીધી હતી અને બાકીના વિસ્તારમાં મોટાં-મોટાં ભૂંગળા પહોંચી રહ્યા છે. પહેલો ફેઝ ચાલુ થઇ ગયો છે. બીજો ફેઝ પણ ચાલુ થશે. કચ્છના વિસ્તારોમાં પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. માનનીય પ્રદ્યુમનસિંહ અહીંયા બેઠા છે. હવે અબડાસા, અબડાસા નહીં સબસે બડા હોંગા. વીજળી પેદા કરવાનો જે વિષય છે એમાં આપણે વીજળી પેદા કરતા થયા છીએ અને પૂર્ણ કક્ષાએ વીજળી પેદા કરીએ છીએ. હું આંકડામાં પડતો નથી, પણ સારીરીતે વીજળી પેદા કરતા થયા છીએ. કેનાલ ટોપ અને કેનાલની સાઇડમાં આપણે સોલાર થકી વીજળી પેદા કરીએ છીએ. જે મહત્ત્વની બાબતો છે, એમાં જુદા-જુદા વિષયો છે. જેમાં ૧૭.૨૧ નેટવર્કનાં કામો માટે સૂચિત

જોગવાઇ રૂ.૪૭૯૮ કરોડની કરી છે. કચ્છ સૌરાષ્ટ્ર શાખા નહેરના પંમ્પિંગ સ્ટેશન માટે રૂ. ૭૬૫ કરોડની જોગવાઇ કરી છે. કમાન્ડ એરિયામાં નહેરના વિસ્તરણ તથા વિકાસનાં કામો માટે રૂ.૫૯૦ કરોડની જોગવાઇ કરી છે. અમદાવાદ જિલ્લાના નળકાંઠાના વિસ્તારમાં નવા કમાન્ડ વિસ્તાર સાથેની કચારની માગણી હતી એ પણ આ વખતે આપણે પૂરી કરી છે. ગઇ વખત મંજૂરી આપી દીધી હતી. આ વખતે ટેન્ડર, બજેટ અને રૂપિયા આપવાનું સરકારશ્રી દ્વારા ચાલુ કરી દીધું છે. ગરૂડેશ્વર વિયરના વિવિધ શાખાના વીજ મથકો માટે રૂ.૧૩૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ યોજનાનો સંપૂર્ણ લાભ મહત્તમ રીતે મળે એના માટેનો સરકારશ્રીએ રૉડમેપ કરી દીધો છે. કારણ કે, વર્ષ ૨૦૧૫માં આદરણીય પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબે હર ડ્રોપ મોર ક્રોપનો મંત્ર આપ્યો હતો. ફ્લો ઇરિગેશન નહીં, પરંતુ નર્મદાના પાણીનો પૂરેપૂરો ઉપયોગ થાય એના માટેની પણ યોજના સરકારશ્રીએ બનાવી દીધી છે. એ યોજનાનો અમલ આપણે એક પાઇલોટ પ્રોજેક્ટ તરીકે કર્યો છે. માનનીય ગેનીબેન, બનાસકાંઠા જિલ્લાના થરાદ, વાવ અને સુઇગામમાં આ પાઇલોટ પ્રોજેક્ટ છે અને ૨૧ ટકા વધ્યો છે. માનનીય ગેનીબેન, તમે કાપ દરખાસ્ત લાવો છો પણ જરા વિચારજો. ગઇ વખતે તમારા વિસ્તારમાં કરોડો રૂપિયા આર એન્ડ બી વિભાગે આપ્યા છે અને ઇરિગેશન વિભાગે પણ આપ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી પણ ત્યાંથી બિલોંગ કરે છે. બનાસકાંઠા જિલ્લા ઉપર નર્મદા મૈયાની કૃપા વરસી છે એના માનનીય ગેનીબેન, આપ સાક્ષી છો એટલે કાપ દરખાસ્ત પાછી ખેંચી લેજો.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના લગભગ ૫ લાખ હેકટર જેટલા વિશાળ વિસ્તારમાં પથરાયેલી નહેરો છે એને થોડી વ્યવસ્થિત કરવી છે. વહનક્ષમતામાં સુધારો કરવાનો ગુજરાત સરકારશ્રીએ સંકલ્પ કર્યો છે. વોટર એકાઉન્ટિંગ અને ઓડિટિંગની આપણે વાત કરી રહ્યા છીએ. આમ, નર્મદા વિષયને હવે ગુજરાત અને ગુજરાતીઓએ રાજનીતિ અને રાજકારણનો વિષય બનાવવાની જરૂર નથી. અમે નથી કહેતાં કે તમે આમ કર્યું હતું અને તમારે પણ હવે આમ કર્યું હતું એવું  કહેવાની જરૂર નથી. નર્મદા માટે પ્રત્યેક ગુજરાતીએ ભેગા થઇ નર્મદાનું પાણી મહત્તમ રીતે લોકોના ઘર સુધી અને લોકોના ખેતરો સુધી પહોંચે એનો પ્રયત્ન હવે આપણે સૌ કરવો રહ્યો. એનો મહત્તમ લાભ લઇએ. હુંસાતુંસીમાં ના પડીએ. હુંસાતુંસી આપણે ભૂતકાળમાં કરી લીધી છે અને ગુજરાતે જે ભોગવ્યું છે એ ગુજરાતીઓએ જોયું છે. હવે વિનંતી કરીએ છીએ કે, હુંસાતુસી કરશો તો પણ કંઇ વળવાનું નથી પણ એના સહભાગી થવામાં મજા છે, એવું મારું બિલકુલ માનવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસમાં માગણી નંબર ૧૦૧ અને ૧૦૨ની વાત કરું તો, આપણે નવીન મહાનગરપાલિકાઓ માટે ખૂબ વ્યવસ્થાઓ કરી છે. અંદાજપત્રમાં શહેરી વિકાસ માટે રૂ. ૧૮,૬૪૪ કરોડની માગણીઓ ઉપર હું મારા વિચારો રજૂ કરું એ પહેલાં મારે ગુજરાતનો આઉટલેટ આપી દેવો છે. આપણે શહેરીકરણની વાત કરીએ છીએ એમાં, વર્ષ ૨૦૦૧-૦૨માં લગભગ ૩૮થી ૪૦ ટકાની વચ્ચે શહેરીકરણ હતું એવું આપણે માનતા હતા. કોઇપણ ડેવલપિંગ સ્ટેટ હોય, કોઇપણ રાજ્ય આગળ વધી રહ્યું હોય કે પ્રજા આગળ વધી રહી હોય એટલે હંમેશા માઇગ્રેટ કરતી હોય છે.  જ્યાં છે, ત્યાંથી આગળ વધી વધારે પ્રગતિ કરવાની ચાહ પ્રત્યેક વ્યક્તિમાં હોય અને ગુજરાતીઓમાં તો વેપાર કૂટી કૂટીને ભરેલો છે. એટલે ગામડામાં વસતા વ્યક્તિ ચાહે ખેડૂત હોય કે અન્ય કોઇપણ સમાજનો હોય તો વધારાની તક પ્રાપ્ત કરવા માટે શહેરમાં ચોક્કસ માઇગ્રેટ કરતા હોય. આ ૨૪ વર્ષની અંદર આપણે ૫૦ ટકા સુધી પહોંચી ગયા છીએ. ગુજરાતને બે ભાગમાં કરીએ તો આજે ૫૦ ટકા ગામડામાં છે અને ૫૦ ટકા શહેરોમાં છે. શહેરોમાં વસતા નગરજનો માટે, એ વસેલા લોકો માટે ઇન્ફ્રાસ્ટ્રકચરની વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા, રસ્તાઓની વ્યવસ્થા, ગટરની વ્યવસ્થા, એમને પૂરેપૂરા આનંદ પ્રમોદનાં સાધનો મળી રહે. આ બધાની વ્યવસ્થા કરવાની રાજય સરકારની ફરજ છે. માનનીય અધ્યક્ષશ્રી, એ વાત આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબે એમના વિઝનરી નેતૃત્વમાં બરાબર જોઇ લીધી હતી, એના કારણે સ્વર્ણિમ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના જે એમણે મૂકી એના પાછળનું એ જ કારણ હતું કે શહેરોમાં વસતા નાગરિક નગરપાલિકાના ભરોસે કે કોર્પોરેશનના ભરોસે ખૂબ સરસ ચાલી શકશે નહીં. એને ફીડિંગ કરાવવું પડશે. એને નાણાં આપવા પડશે અને એ જો નાણાં આપીશું તો શહેરીજનોના મનમાં જે કલ્પનાઓ છે એ કલ્પનાઓને સાકાર કરવાનું કામ કરીને જે નાણાં આપવાનું કામ કર્યું એના કારણે ૩૬૦ ડિગ્રી ચેઇન્જ જે આપણને દેખાય છે. વર્ષ ૨૦૪૭માં આ જે ૫૦ ટકાએ છીએ. કદાચ જો શહેરોનો ગ્રોથ આ રીતે જ જો વધતો રહે તો ૭૫ ટકા લોકો શહેરોમાં વસે એ પ્રકારનું ચિત્ર અત્યારે ઊભું થઇ રહ્યું છે. એટલા માટે જ શહેરીકરણની આ પરિસ્થિતિને આપણે પારખી છે અને એટલા માટે જ આ ૭ નવા કોર્પોરેશન આપણે બનાવ્યા છે. જેથી કરીને એ પોતે અને એની આજુબાજુના આઉટસ્કર્ટના ગામો જે અડી ગયા હોય તો એના વિકાસમાં બાધારૂપ ન બને. ન ગામડાઓનો થઇ શકે અને નાની મોટી વિષય વસ્તુ માટે એ નગરપાલિકા ઉપર આધાર રાખતો થાય. કારણ કે એ અડીને આવેલો છે એટલે રસ્તાનો હોય કે લાઇટનો વિષય છે કે પાણીનો વિષય છે. ખૂબ મહત્ત્વનું એવું આ ૭ મહા નગરપાલિકાનું આપણે પગલું લીધું છે. મહા નગરપાલિકા માટે તો એના ફાયદા માટે કંઇ કહેવાની જરૂર નથી. કારણ કે લોકોએ ખૂબ બધું પોતે માગ્યું છે અને માગીને લીધું છે. અત્યારે આ ૭ મહાનગરપાલિકાઓની આજુબાજુના વિસ્તારમાં, આજુબાજુનાં ગામડાઓમાં અને ઇવન ધી પ્રોપર સિટીની અંદર પણ જે પ્રકારનો ઉત્સાહ છે એ અદભૂત છે. હું એટલું ચોક્કસ કહી શકીશ કે એમના મનમાં વર્ષોથી પડેલી આ કલ્પના આજે સાકાર થઇ રહી છે.

## તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, ઇઝ ઓફ લિવિંગ અને ઇઝ ઓફ અર્નિંગ માટે આ વસ્તુ ખૂબ મહત્ત્વની છે અને એમાં પણ આપણે વાઇબ્રન્ટ સમિટના ૨૦ વર્ષ પૂર્ણ કરીને આપણે એક વિશ્વ સ્તરીય પ્લેટફોર્મ જયારે બન્યા છીએ ત્યારે આવાસની પણ ખૂબ જરૂર પડે. કેમ કે શહેર જેમ વધતું જાય, એમ ઘણી વખતે સ્લમ વિસ્તાર, નાની મોટી ઝૂંપડપટ્ટીઓ અને ઝૂંપડપટ્ટીની સાથે એકદમ નાના પરિવાર વસતા હોય એવા મકાનોની ખૂબ જરૂરિયાત થાય. કારણ કે શહેર હોય તો શહેરની અંદર તમામ વર્ગના લોકો. સાફ સફાઇથી માંડીને ઉદ્યોગો ચલાવવા સુધીના લોકોની આખી હેરારકી હોય છે. એટલે નાના માણસો માટે એ વસવાટ, કારણ કે શહેરોમાં જમીનની કિંમત વધતી જાય એટલે સામાન્ય માણસ જમીન ના લઇ શકે. તો એના માટે આપણે એફોર્ડેબલ હાઉસિંગ ઇન પાર્ટનરશીપ મૂકી છે. અને એના માટે રાજય સરકાર કે મહાનગરપાલિકા, જે જમીન ઉપર આ એફોર્ડેબલ હાઉસિંગ બને છે, એના ઉપર જમીનનો તો એકપણ રૂપિયો લેતી નથી, પરંતુ રૂ.૩ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા લોકોને પાણી, ગટર, ઇન્ટરનલ રોડ, રેઇન વોટર હાર્વેસ્ટિંગ, લિફ્ટ, પાર્કિંગ અને શક્ય હોય તો ગેસ કનેકશન, સોલર પ્લાન્ટ જેવી માળખાકીય સુવિધા સાથેના આવાસ આપણે પૂર્ણ કરીએ છીએ. ૩૦ ચોરસ મીટર કાર્પેટ ધરાવતા એટલે કે વન બી.એચ.કે. રૂ.૩ લાખમાં, ૩૧થી ૪૦ ચોરસ મીટર કાર્પેટ ધરાવતા ઇ.ડબલ્યુ.એસ. ટુ એ આપણે સાડા પાંચ લાખમાં આપીએ છીએ. સરકારશ્રી દ્વારા ૩ લાખ જેમાં રૂ. દોઢ લાખ કેન્દ્ર તરફથી અને રૂ. દોઢ લાખ રાજય તરફથી એમાં સહાય મળી રહી છે. એની સાથે બેનિફિશયરી લેન્ડ કન્સ્ટ્રકશન એટલે કે રૂ.૩ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા પોતાની માલિકીની જમીન ઉપર કાચું પાકું મકાન ધરાવતા હોય તો એને પોતાનું બાંધકામ કરવા માટે આ ઘટક હેઠળ આપણે મદદ કરીએ છીએ. સરકારશ્રી દ્વારા કુલ રૂ. સાડા ત્રણ લાખની સહાય, રૂ. દોઢ લાખ કેન્દ્ર તરફથી અને રાજય બે આપે અને ડી.બી.ટી.ના માધ્યમથી સીધે સીધી એના ખાતામાં આપીએ છીએ. ઉપર જે મેં કહ્યું એમાં ૧.૬૦ લાખ આવાસ મંજૂર કરાવેલા છે એમાંથી ૧.૦૯ જેટલા આવાસો આપણે એમાં પૂર્ણ કર્યા છે અને બેનિફિશરી લેટ કન્સ્ટ્રકશનમાં ૧.૫૭ લાખ આવાસો મંજૂર કરાવેલા છે જેમાંથી ૧.૬ લાખ જેટલા આવાસો પૂર્ણ કરી લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે. આ ઘટક અંતર્ગત ક્રેડિટ લિંક સબસિડી સ્કીમ એટલે આ ઘટક અંતર્ગત આપણે લોન સહાય આપીએ છીએ. ૩ લાખ સુધીની વાર્ષિક આવક E WS અને ૬ લાખ સુધીની આવક ધરાવતા LIG માં આપણે એને ૨.૬૭ના વ્યાજની સહાય આપીએ છીએ એટલે એને સીધે સીધો વ્યાજમાં બેનિફિટ થાય છે અને કેવળ હપ્તા ભરવાનાજ બાકી રહે. આ ઘટક હેઠળ ૫.૯૬ લાખ લાભાર્થી કુટુંબોને વ્યાજ સહાયનો આપણે લાભ અત્યાર સુધી આપી ચૂકયા છીએ અને સ્લમ રીડેવલપમેન્ટવાળી જે સ્કીમ છે એમાં જે સ્લમ હોય, સરકારી જમીનોમાં બધા રહેતા થઇ ગયા હોય તો આપણે હકારતા નથી પરંતુ ત્યાં આગળ મકાન બનાવવા માટે પ્રાઇવેટ પાર્ટી આપણી પાસે સંપર્ક કરે અને એ જાતે બધાને કન્વિન્સ કરે, સાફ કરે, એને જે FSI મળી હોય એમાં એ લોકોને 1Bhkનું મકાન ફ્રીમાં આપે અને વધારાનો એને જે એને TDR મળે જે જયાં એને શીફ્ટ કરવો હોય ત્યાં શિફ્ટ કરી શકે એ પ્રકારની જે આપણી સ્કીમ છે, એમાં ૪૮ હજાર આવાસ મંજૂર કરાવ્યા હતા, એમાંથી ૧૭ હજાર જેટલા આવાસો પૂર્ણ કરી લાભાર્થીને આપી દીધા છે. આ આખી યોજના ચારે ચાર જે ઘટકોમાં આપણે શહેરોમાં આવાસોની જે વ્યવસ્થા કરીએ છીએ એ મુજબ ૭.૬૪ લાખ આવાસોનો લક્ષ્યાંક રાખવામાં આવેલ, જે મુજબના કુલ ૯.૬૧ લાખ આવાસો મંજૂર કરવામાં આવેલ છે અને મંજૂર આવાસો પૈકી ૮.૨૮ લાખ જેટલા આવાસો આપણે પૂર્ણ કર્યા છે. હાઉસિંગમાં પણ આપણે ખૂબ સરસ મજાનું કામ કર્યું છે. મેટ્રો છે, રિવરફ્રન્ટ છે એને આખો દેશ જોવા આવે છે. પહેલી વખત રિવરફ્રન્ટનો કોન્સેપ્ટ આદરણીયશ્રી નરેન્દ્રભાઇએ મૂકયો હતો. આપણી સાબરમતિ નદી જે બિલકુલ ત્યાં શૌચાલય બની ગયું હતું. દબાણો થઇ ગયા હતા. બિલકુલ ગંદકી અને કયાંક નાની મોટી અસામાજિક પ્રવૃત્તિવાળા લોકો પણ વસતા હતા. આજે એ રિવરફ્રન્ટ આજે લાંબો થઇ અને ૩૮ કિલોમિટર સુધી અને ગિફ્ટ સુધી પહોંચી શકે એ પ્રકારની સરકારની દષ્ટિને કારણે આજે આખો રિવરફ્રન્ટ બન્યો છે. શહેરમાં ખૂબ વિવિધ નાવિન્યસભર બધા એટ્રેકશન, ઓર્નામેન્ટલ સેગમેન્ટ છે. ત્યાં પાર્ટી પ્લોટ એવા જુદા જુદા વિષયો સાથે ત્યાં ઘણી બધી એક્ટિવિટી કરી શકાય એ પ્રકારનો રિવરફ્રન્ટ અમદાવાદનું નજરાણું બન્યું છે અને આવતા વર્ષમાં મોદીસાહેબે કરેલું આ વિઝન અને શરૂઆત છેક આપણા ગિફ્ટ સિટી સુધી પહોચવાનું છે અને ગિફ્ટ સિટી સુધી પહોંચશે, દુનિયાનો સૌથી મોટો રિવરફ્રન્ટ આપણે બનાવવા જઇ રહ્યા છીએ, એટલું જ નહીં આ રિવરફ્રન્ટ જોઇને દેશના બીજા કેટલાક ભાગોમાં આજે નવા રિવરફ્રન્ટ બનવાનું ચાલું થયું છે. આવાસ તો આપણે પૂરા કર્યા, રિવરફ્રન્ટ પણ ખૂબ સુંદર રીતે ચાલુ થઇ રહ્યો છે અને પબ્લિક ટ્રાન્સપોર્ટની વાત કરું તો બી.આર.ટી.એસ. બનાવ્યો. નવી બસો મૂકી, નવા રોડ બનાવ્યા, તાલુકાથી તાલુકા, ગામડાથી તાલુકા, તાલુકાથી જિલ્લો, જિલ્લાથી જિલ્લા અને જિલ્લાથી આપણું પાટનગર એના સિવાય સમગ્ર ગુજરાતની અંદર પ્રવાસન ધામોને જોડવા અને જયાં આગળ ટ્રાફિક વધારે છે ત્યાં હાઇસ્પીડ રોડ કનેક્ટિવિટીનું કામ કર્યું, પરંતુ શહેરોમાં સમસ્યા કયાં આવે કે એ એક જગ્યાએ રહેતા હોય અને બીજી જગ્યાએ કામ કરવું હોય, સ્કૂટર લઇને જાય, બસમાં જાય અને એના કારણે માનવ કલાકો પણ વેડફાય અને સાથે પેટ્રોલ ડીઝલની ખપતના કારણે પોલ્યુશનમાં પણ વધારો થાય. મેટ્રો રેલ, આપણા અમદાવાદમાં આવી ગઇ છે અને એને દરેક જયાં આગળ હેવી ટ્રાફિક છે ત્યાંથી જોડવાનો અને ગિફ્ટ સિટી સુધી જોડવાનું આ રાજયનું સ્વપ્ન છે કે બી.આર.ટી.એસ. અને મેટ્રો દ્વારા વધુમાં વધુ પબ્લિક ટ્રાન્સપોર્ટ થાય એના માટે સરકાર પ્રયત્નશીલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશેષ તો જયારે આ જી.એ.ડી.ની વાત આવે જી.એ.ડી. એ વિકાસ સાથે સાથે વહીવટનું દિલ છે. એ જે દિલ જો મજબૂત ન હોય તો આખા રાજયનો વિકાસ છે એમાં ક્યાંકને ક્યાંક ઊણપ આવે. એ મજબૂત હોવું જોઇએ.

મજબૂત કરવા માટે આદરણીય શ્રી કનુભાઇ અને મુખ્યમંત્રીશ્રીએ સરસ પ્રયાસ કર્યો છે. આમ, સમગ્રતયા જે અનુદાનો માનનીય શ્રી કનુભાઇ લઇને આવ્યા છે એને મારો ટેકો અને સાથે જે કાંઇ પણ માહિતી જોઇતી હતી એ માહિતી પણ આપવાનો મેં પ્રયાસ કર્યો છે. ધન્યવાદ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કર્મચારીઓની ચિંતા અને કર્મચારીઓની માગણીઓની વાત કરી હતી. જો કે પેન્શન યોજના બાબતે કંઇ ખુલાસો આપે ન કર્યો. સરકાર કંઇ કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : મારી એક વિનંતી હતી કે આ વિષય માટે કોઇ પ્રશ્ન હોય તો સીધો પ્રશ્ન કહો. મંત્રીશ્રી જવાબ નહીં આપે પણ સચિવશ્રીઓ આપના વિસ્તારની જે કોઇ માગણીઓ છે એના અનુસંધાને એમ લાગે કે આ વિસ્તારની પ્રાયોરિટી છે તો જે તે વિભાગના સચિવશ્રી આ બાબતની નોંધ કરે.

શ્રી પંકજ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની જે નગરપાલિકાઓ છે એમાંથી જે દરખાસ્તો કમિશનર લેવલે પેન્ડિંગ પડી છે એનો તાત્કાલિક નિકાલ કરવા માગે છે કે કેમ?

શ્રી ચૈતન્યભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપણી જે નર્મદા કેનાલ હોય એના ઉપરથી બ્રિજ બાંધવાની જગ્યાએ સાયફન કરી આપે એવી કોઇ વ્યવસ્થા થઇ શકે?

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિભાગની માગણીઓ ઉપર એટલી વિનંતી છે કે કે.બી.સી. કેનાલ અને વેજપુર મરામત માટે અને લંબાઇ વધારવા માટેની દરખાસ્ત વહીવટી પ્રક્રિયામાં છે એ ઝડપી થાય એવી વિનંતી છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને વિનંતી છે કે અરવલ્લી જિલ્લામાં પણ નર્મદાની મોટી નહેર બને અને ખેડૂતોની સમસ્યાનો નિકાલ આવે એવું કોઇક પ્લાનિંગ થાય એવી વિનંતી છે.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાની વાત આવે, સૌની યોજનાની વાત આવે એટલે સૌરાષ્ટ્રના લોકોને ખુશી થાય. જેમ શ્રી ઋષિકેશભાઇએ કહ્યું એમ ઊંઘી રકાબી જેવો સૌરાષ્ટ્રનો વિસ્તાર અને એમાં નર્મદાના પાણી પહોંચ્યા. અમારા માટે નવી આશા જન્મી છે. સિંચાઇમાં ફાયદો થયો છે. પીવાના પાણીનો ફાયદો થયો છે. અમારે ત્યાંથી માગણી આવે છે કે હજી પણ સૌની યોજનાનો વ્યાપ ૩ કિ.મિ. આજુબાજુમાં જે તળાવો ભરવા માગો છો એમાં વધારો કરીને સૌરાષ્ટ્રના આ તળાવો ભરવા માગો છો કે કેમ?

શ્રી કલ્પેશભાઇ આ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમારી નર્મદા શાખાની અંદર મહીસાગરમાં સી.ડી. શાખા છે એનો નર્મદા કમાન્ડ એરિયામાં સમાવેશ કરે એવી વિનંતી છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, સૌરાષ્ટ્ર માટે પાણી અને કલ્પસર યોજનાનાં કામો ચાલુ હોય અથવા ન હોય તો વહેલી તકે સમય–મર્યાદામાં પૂર્ણ થાય એવી વિનંતી છે.

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, મારા જંબુસર અને આમોદ વિસ્તારમાં ટેઇલ સુધી પાણી ઘણા વિસ્તારમાં પડતું નથી તો એ વિસ્તારમાં પહોંચે એવી ભલામણ છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં બધી જ જગ્યાએ લાઇન પહોંચી ગઇ છે. ફક્ત અબડાસાથી લખપત ૭૦ કિલોમિટર બાકી છે એ સત્વરે થાય એવી વિનંતી.

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી : માનનીય અધ્યક્ષશ્રી, વ્યારા વિસ્તારમાં ડોલવણ અને વ્યારા ખાતે ડોલવણ તાલુકો સંપૂર્ણ વરસાદ આધારિત તાલુકો છે અને પૂર્ણા નદી પર બ્રિજ બનાવવાની દરખાસ્ત કરી છે તો એના ઉપર બ્રિજ બનશે કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૮૦૦– ૧૦૦૦ – ૧૨૦૦ – ૧૫૦૦ની વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતો જેને પોતાના સ્વભંડોળમાંથી ખર્ચ કરવાની મર્યાદા ૫ લાખ છે. જ્યારે ૨૫ લાખથી વધુ વસ્તી ધરાવતી નગરપાલિકાઓને સ્વભંડોળમાંથી ખર્ચ કરવાની મર્યાદા માત્ર ૨ લાખ છે તો એમને ગ્રામ પંચાયત સમકક્ષ મૂકવી જોઇએ.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, મારી મંત્રીશ્રીને વિનંતી છે કે નસવાડી, બોડેલી અને ક્વાંટ તાલુકા માટે નર્મદાનું પાણી સિંચાઇ માટે અને તળાવ ભરવા માટે આપવામાં આવે તો મારો જે બાકી વિસ્તાર રહી જાય છે. આમ તો કચ્છ પાણી પહોંચાડ્યું છે. અમારા ૩ તાલુકાને ડાબી બાજુ પાણી મળતું નથી. તો આને માટેની વ્યવસ્થા કે આયોજન થાય છે કે કેમ?

અધ્યક્ષશ્રી : સીધા મુદ્દા પર આવી જાવ.

શ્રી જયંતિભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારે અંબોડ અને સંત સરોવરની વચ્ચે જો બેરેજ બનાવવામાં આવે તો સાબરમતી લીલી પણ થાય અને અમારો ઉત્તર ગુજરાતનો પ્રશ્ન હળવો થાય અને ગૌચરની જમીનો હોય કે જ્યાં પશુધન ચરવા જતું હોય ત્યાં જો તળાવની મંજૂરી આપવામાં આવે તો ખૂબ સારી વાત છે અને તળાવ ભરવા માટેની મંજૂરી આપવામાં આવે.

શ્રી વિપુલકુમાર વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાનું પાણી આખા ગુજરાતમાં જાય છે તો જોડે જોડે મહી સિંચાઇ યોજનામાં કાયમી ધોરણે મળતું રહે તો ચરોતરને ફાયદો થાય.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાનું ડાળા ગામ છે ત્યાં ડેમ બનાવવાની વર્ષો જૂની માગણી છે તો પૂરી કરવા વિનંતી છે.

## તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ )

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, સુરત શહેરને અડીને આવેલી તાપી નદી ઉપર રિવરફ્રન્ટ બનાવવાની કામગીરી છે એ ખૂબ ઝડપથી ચાલુ થાય એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. સાથે સાથે ડુમ્મસ સી ફેઈઝ બનાવવાની કામગીરી પણ થાય અને સુવાલી દરિયા કાંઠો વિકસાવવાની કામગીરી ઝડપથી થાય એવી વિનંતી છે.

શ્રી પરષોત્તમભાઈ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મારો મત વિસ્તાર મોટાભાગનો નર્મદા કમાન્ડ એરિયામાં છે પણ અમારી ખારાઘોડા અને જીંજવાડા કેનાલ ખૂબ સારી રીતે ચાલે છે પણ એસ.બી.સી. સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલ અને માળિયા કેનાલમાં મિસિંગ લિંકનું ઘણું કામ છે તો એ પૂરું થાય અને ખારાઘોડા અને જીંજવાડા કેનાલ અંતર્ગતના કામો છે એ ભરવા માટે ફેઈઝ–૧ મંજૂર થયું છે તો એ જ પ્રકારે બાકીના વિસ્તાર એસ.બી.સી. અને માળિયામાં પણ તળાવો ભરવા માટે મંજૂરીની પ્રક્રિયા થાય તો વિસ્તારને અનુકૂળ રહેશે.

ડો. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, મારા નર્મદા જિલ્લાના કે જ્યાંથી આ નર્મદા કેનાલમાં પાણી જઈ રહ્યું છે. મા નર્મદાના નીર જ્યાંથી ગુજરાતમાં આવી રહ્યાં છે તો મારા નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકામાં  ગાડકોઈ છે કે જ્યાં ૩૫–૪૦ ગામડા કે જે ડુંગરાળ વિસ્તાર હોવાના કારણે ત્યાં પાણીની કોઈ વ્યવસ્થા હોતી નથી તો મેઈન કેનાલમાંથી કે કોઈ બીજી રીતે વ્યવસ્થા કરીને નર્મદાનું પાણી ગાડકોઈના ૩૫ ગામોને પહોંચી શકે તે માટેનું કંઈક આયોજન કરવા વિનંતી અને બીજું એની સાથે તિલકવાડા તાલુકામાં આવેલા ઉચાદ જેવા ગામોમાં જ્યાં નર્મદાનો કમાન્ડ એરિયા છે છતાં પણ ત્યાં પાણીની વ્યવસ્થા થઈ શકતી નથી તો એ વિસ્તારમાં પણ નર્મદાજીનું પાણી પહોંચે એવી વ્યવસ્થા કરવા વિનંતી છે.

શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી : માનનીય અધ્યક્ષશ્રી, મારા ભરૂચમાં એફ.એસ.એલ.ની ઓફિસ છે એ બહુ મોટી પ્રિમાઈસિસમાં છે તો હવે એ મુખ્ય રોડ થઈ ગયો છે તો લગભગ ૧૫૦થી ૨૦૦ મિટરનો રસ્તો એવો છે કે એમાં નિગમની ઓફિસ પ્રિમાઈસિસ તોડીને ૧૫ ફૂટ અંદર પ્રિમાઈસિસ કરે તો શહેરના લોકોને બહુ મોટો લાભ થાય. એ વિસ્તારમાં બહુ મોટો ટ્રાફિક થાય છે. મંત્રીશ્રીને મારું સૂચન છે.

શ્રી કિરીટસિંહ સ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદાના અધિકારીઓને પૂછવા માગું છું કે  ગામને જોડતા રસ્તા હોય એની વચ્ચે નાની અથવા મોટી નર્મદા કેનાલ તો એમાં નાનો બ્રિજ વ્હીકલ જાય એવો વિદ્યાર્થીઓ આ બાજુથી પેલી બાજુ જઈ શકે તો સાઈકલ લઈ જઈ શકાય એવો બ્રિજ પણ બનાવવાની મંજૂરી આપે તો સારું. વિદ્યાર્થીઓને અને ગામનાં રૂટિન કામો હોય છે એમને બહુ  કિલોમિટર ફરીને જવું પડે છે તો એ ના જવું પડે જેથી મંજૂરી આપે તો સારું.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એક વિનંતી છે સમી તાલુકાના સુખપુરા ગામના ૧૪થી ૧૫ ગામો એવા છે છેવાડાના જ્યાં નર્મદાનું પાણી પહોંચી નથી શકતું એટલે મારી મંત્રીશ્રીને એટલી વિનંતી છે કે ત્યાં પાઈપલાઈનના માધ્યમથી પાણી પહોંચાડવામાં આવે કારણકે આ બહુ જ અતિ પછાત પાછળના ગામડાંઓ છે અને રણકાંઠો છે એટલે ઘણીવાર પીવાના પાણીના પ્રશ્નો ઊભા થતા હોય છે. ત્યાં નર્મદાનું પાણી પાઈપલાઈનથી પહોંચાડે એવી વિનંતી છે.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગની અંદર સરકારમાં જે મહત્ત્વના પ્રોજેક્ટ છે એની ટેન્ડર પ્રક્રિયામાં એલ–૧ની જગ્યાએ લોએસ્ટ–૧ની જગ્યાએ ક્વોલિટી–૧ કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, ગયા વખતે પણ મેં વાત કરી હતી કે માગણીઓ વિધાનસભામાં માનનીય ધારાસભ્યશ્રીઓ અને વિધાનસભા મંજૂર કરે છે કે આટલા રૂપિયા તમે આ ડિપાર્ટમેન્ટમાં વાપરજો. એ વાપરવાનો અધિકાર તમને આપે છે ડિપાર્ટમેન્ટને તો પ્રજાની પ્રાયોરિટી શું છે એ માનનીય ધારાસભ્યશ્રીઓ અહીંયા વાત કરે છે. ગયા વખતે પણ મેં સૂચના આપી હતી કેટલાક ડિપાર્ટમેન્ટોએ ખૂબ પોઝિટિવ લીધું છે અને ખૂબ સારા એનાં પોઝિટિવ પરિણામ પણ મળ્યાં છે, પરંતુ કેટલાક ડિપાર્ટમેન્ટોએ હજુ પોઝિટિવ લીધું નથી તો મારી અહીંયા બેઠેલા તમામ ડિપાર્ટમેન્ટને વિનંતી છે ખાસ કરીને અને વિનંતી શબ્દ માનનીય મંત્રીશ્રી તમને એટલા માટે કહું છું કે આ વિધાનસભાના ધારાસભ્યશ્રીનો અધિકાર છે, એટલે આને એક વ્યવસ્થા તરીકે લે અને મંત્રીશ્રીઓને પણ મારી ખાસ કરીને ફરી બીજી વખત વિનંતી છે કે આનો એક વખત રિવ્યુ લઈ લે. ગયા વખતની રજૂઆતોનું શું થયું એનો એક વખત રિવ્યુ લો. હા, તમારી નાણાકીય જોગવાઈ હોય એ જોઈ લો. તમારા નિયમની અંતર્ગત આવે છે તો તમે ચોક્કસ હા, નિયમમાં ન આવતું હોય તો વિધાનસભાનો એ આગ્રહ નથી, પરંતુ નાણાકીય જોગવાઈ હોય અને વહીવટી પ્રક્રિયાને કારણે કોઈ પ્રોબ્લેમ રહેતો હોય તો તાત્કાલિક એનો ઉકેલ કરવો જોઈએ અથવા તો માનનીય ધારાસભ્યશ્રીને નથી થઈ શકતું તો એનો સમયસર જવાબ પણ એને મળી જવો જોઈએ. ૧–૨ ડિપાર્ટમેન્ટોમાં કંઈક પ્રોબ્લેમ મને લાગ્યા છે તો તમે જરા કોઓર્ડિનેશનની વ્યવસ્થા કરીને આ વિધાનસભાના સત્ર દરમિયાન તમામ મંત્રીશ્રીઓ એની રિવ્યુ મિટિંગ ગયા વખતની લઈ લે અને આ વખતનું પણ કામ આગળ આપણે ચાલુ કરીએ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે સમગ્ર ગૃહ વતી જે લાગણીનો પડઘો પાડયો સરકાર ચોક્કસ એનું અનુકરણ પણ કરશે એ જ પ્રમાણે ધારાસભ્યશ્રીઓએ અહીંયા પણ જે વાત કરી છે. પોતપોતાના વિષયો મૂકયા છે. નોંધાયા પણ છે એટલે વ્યક્તિગત રીતે હું પણ જે ધારાસભ્યોએ નાની મોટી માગણી કરી હોય તો બૃહદ રીતે એને સમજી લઈને વિભાગ સુધી પહોંચાડીને ઝડપી એ પતી જાય એના સિવાય આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલસાહેબે પણ સૂચના આપી છે મહત્તમ ધારાસભ્યશ્રીઓ અને સંસદસભ્યશ્રીઓના જે પત્ર આવે એમાં નાણાકીય જોગવાઈ ન હોય, ન થઈ શકે એવું

હોય અથવા તો આવતા વર્ષે લેવાય એવું હોય એ તમામ બાબતો કેવી રીતે કરવી જોઇએ આદરણીય મુખ્યમંત્રીશ્રીનું એમાં માર્ગદર્શન પણ છે અને એ પ્રકારની સૂચનાઓ વિભાગોને પણ અપાઇ છે અને અધિકારીઓને પણ અપાઇ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા બધાની જીવાદોરી સમાન છે અને એમાં કયારેય પક્ષાપક્ષી રાખી નથી એટલા માટે નર્મદા વિભાગની જે માગણી ક્રમાંક ૬૫ છે એના ઉપરની અમારા પક્ષની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧૫, ૧૬, ૧૭, ૧૮ અને ૧૯ પાછી ખેંચવા માટે સભાગૃહની અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું અમારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫, ૧૬, ૧૭, ૧૮ અને ૧૯ પાછી ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : **કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫, ૧૬, ૧૭, ૧૮ અને ૧૯ પાછી ખેંચવામાં આવે છે.**

**માગણી ક્રમાંક– ૬૫ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૧૦, ૧૧, ૧૨, ૨૧, ૨૩, ૨૬, ૨૭, ૨૯, ૩૦ અને ૩૧ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક– ૩૦, ૩૧, ૩૩, ૧૦૧ અને ૧૦૨ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની બીજી બેઠકનું કામકાજ સાંજના ૭.૪૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માઘ ૨૫, ૧૯૪૫ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### અમદાવાદ શહેર અને જિલ્લામાં ટ્રાફિકના નિયમોના ભંગ બદલ દંડ

* **15/4/1399: શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા** )જમાલપુર-ખાડીયા( : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

**પ્રશ્ન** | **જવાબ**

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ કેટલા ઈ-મેમો ઈસ્યુ કરવામાં આવ્યા,

)૧(

| વર્ષ | અમદાવાદ શહેર | અમદાવાદ જિલ્લો |
|---|---|---|
| ૨૦૨૨ | ૧૭,૪૩,૫૦૨ | ૨,૧૩૩ |
| ૨૦૨૩ | ૩,૪૮,૮૫૪ | ૧૩,૨૯૩ |

)૨( તે અન્વયે ઉક્ત શહેરવાર/જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો દંડ જમા થયો,

)૨(

| વર્ષ | અમદાવાદ શહેર (રૂપિયા) | અમદાવાદ જિલ્લો (રૂપિયા) |
|---|---|---|
| ૨૦૨૨ | ૨૫,૫૧,૭૨,૧૦૦/- | ૪,૫૮,૪૦૦/- |
| ૨૦૨૩ | ૩,૫૩,૯૨,૦૦૦/- | ૩૧,૩૩,૪૦૦/- |

)૩( ઉક્ત જિલ્લાવાર કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

)૩(

| વર્ષ | અમદાવાદ શહેર (રૂપિયા) | અમદાવાદ જિલ્લો (રૂપિયા) |
|---|---|---|
| ૨૦૨૨ | ૧,૦૪,૫૬,૦૫,૨૦૦/- | ૬,૫૧,૪૦૦/- |
| ૨૦૨૩ | ૨૬,૯૧,૭૩,૫૦૦/- | ૧,૫૪,૧૧,૯૦૦/- |

)૪( ઉક્ત બાકી રકમ વસૂલવા શા પગલા લીધા ?

)૪( લીધેલ પગલાં:

- ગુજરાત હાઈકોર્ટના આદેશથી લીગલ કમિટિ, મેટ્રો કોર્ટ, દ્વારા સમયાંતરે લોક અદાલતનું આયોજન કરી નોટિસ પાઠવવામાં આવે છે.
- દંડ ભરવાનો બાકી હોય તેવા વાહનો શોધવા માટે ટ્રાફિકની ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવે છે.
- ટેલીફોનિક સંપર્ક કરીને સુચિત કરવામાં આવે છે.
- સંબંધિત એરિયાના પોલીસ સ્ટેશન મારફત સંપર્ક કરવામાં આવે છે.
- પ્રિન્ટ-મીડીયા અને સોશીયલ મીડીયા મારફત અપીલ કરવામાં આવે છે.
- બાકી રકમ અંગે નિયમિત રીવ્યુ કરવામાં આવે છે.
- રીવ્યુ બાદ બાકી રકમ માટે વસૂલાત થઇ શકે તે માટે સંબંધિતોને સુચનાઓ આપવામાં આવે છે.
- ઓનલાઇન પોર્ટલની સુવિધા તથા ઓફલાઇન (રોકડમાં) રકમ ભરવાની સુવિધા વિશે પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આજે બધા લેપટોપ બંધ છે, એટલે જવાબ અંદર જોઇ શકાશે નહીં.

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : આ જવાબની બુક માનનીય સભ્યશ્રીને પહોંચતી કરો. કનેક્ટિવિટીમાં પ્રશ્ન હોય તો જલદી ઠીક કરો. નેટનો પ્રશ્ન છે કે કનેક્ટિવિટીનો છે? નેટનો પ્રશ્ન છે? બંને લાઇનો નાખેલી છે એટલે બીજી લાઇન ઉપર કરી દો. આપણી પાસે ઓલ્ટરનેટિવ વ્યવસ્થા છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે જવાબ તો આવી ગયો છે. અમદાવાદ શહેર અને સમગ્ર ગુજરાત રાજ્યમાં દિવસે–દિવસે જે પ્રમાણે ટ્રાફિકની સમસ્યા છે એના કારણે લોકો ઘણી તકલીફોનો સામનો કરે છે. અમદાવાદ શહેરમાં ૭૦ ટકા સી.સી.ટી.વી. કેમેરા લાગેલ છે, એ બંધ હાલતમાં છે. એક તરફ પોલીસની ત્રીજી આંખ સી.સી.ટી.વી. છે. પરંતુ અમદાવાદ શહેરમાં ૭૦ ટકા સી.સી.ટી.વી. કેમેરા બંધ છે જેના કારણે જે અકસ્માતો થાય છે એના ગુના તાત્કાલિક શોધી શકતા નથી. એસ.જી. હાઇવે પર તથ્ય કાંડ થયો (વચ્ચે અટકાવતાં)...

અધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, આપ સીધા પ્રશ્ન ઉપર આવી જાવ. આપ વર્ણન ન કરો, પ્રશ્ન પૂછો?

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેર અને ગુજરાત રાજ્યનો પ્રશ્ન છે. હું એ કહેવા માગું છું કે, અમદાવાદ શહેરમાં સી.સી.ટી.વી. કેમરા બંધ હાલતમાં છે. જેના કારણે અકસ્માત થાય ત્યારે ગુના શોધવામાં પોલીસને તકલીફ પડતી હોય છે. આવા જે ગુના શોધવામાં પોલીસને જ્યારે–જ્યારે તકલીફ પડતી હોય ત્યારે સી.સી.ટી.વી. કેમેરા ચાલુ કરવા માગો છો કે કેમ? બીજું, અમદાવાદ શહેરમાં જે પ્રમાણે કોઇ બહારના રાજ્યની ગાડી આવે જેમ કે, કોઇ રાજસ્થાન પાસિંગ, દિલ્હી કે યુ.પી. જેવાં રાજ્યોની ગાડી જયારે અમદાવાદ શહેરમાં દાખલ થાય છે ત્યારે પોલીસવાળા ચારે તરફથી એને ઘેરી લે છે જેવી રીતે કોઇ આંતકવાદી આવી ગયો હોય. કોઇ ફેમિલી દવા માટે આવી હોય કે બીજાં કોઇ કામ માટે આવી હોય તો ગુજરાતની પોલીસ બહારના રાજ્યની રજિસ્ટ્રેશન થયેલી નંબર પ્લેટ હોય તો એને ઘેરી લે છે. આના કારણે બીજા રાજ્યોમાં ગુજરાત રાજ્યનો મેસેજ ખરાબ જાય છે. તો હું આપશ્રીના માધ્યમથી પૂછવા માગું છું કે, જયારે–જયારે આવા કેસો બને છે ત્યારે સરકારશ્રી આમાં શું કરવા માગે છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો અમદાવાદ શહેર અને અમદાવાદ ગ્રામ્યમાં સ્માર્ટસિટી અને ગૃહ વિભાગ દ્વારા જે કેમેરાઓ લગાડવામાં આવ્યા છે તે કેમેરાઓ થકી અનેક ગુનાઓ ડિટેક્ટ થયા જ છે. પરંતુ જે તથ્ય એક્સિડંટની વાત કરી છે, મારે માનનીય સભ્યશ્રીને ધ્યાન ઉપર લાવવું છે કે, ગુજરાત રાજ્ય નહીં, પરંતુ દેશના ઇતિહાસમાં કદાચ પહેલી વાર કોઇ એક્સિડંટના ગુનામાં ગણતરીના દિવસોમાં ચાર્જશીટ કરવામાં આવે અને ચાર્જશીટ કર્યા પછી આજસુધી તમામ જગ્યાઓ ઉપરથી જામીન રિજેક્ટ થયેલ છે. કદાચ સભ્યશ્રીના ધ્યાનમાં નહીં હોય, એ સંપૂર્ણ ગુનો જ બન્યો છે એ ગુનાની ચાર્જશીટમાં અનેક કેમરાઓની મદદ લેવામાં આવી છે. જે કોઇ રેસ્ટોરન્ટથી નીકળીને ઘટના સ્થળ સુધીના અનેક કેમેરાઓના વિઝ્યુઅલ પ્રૂફ એ ચાર્જશીટમાં દાખલ કરેલા છે. એટલે મારી જવાબદારી છે કે ધારાસભ્યશ્રીને સંપૂર્ણ માહિતી હોવી જોઇએ. સ્માર્ટસિટી મિશન અંતર્ગત જે કેમેરાઓ લાગેલા હતા એ કેમેરાઓનું જે તે સમયે છેલ્લાં અનેક વર્ષોથી કેન્દ્ર સરકારશ્રીના ફંડના માધ્યમથી મેઇન્ટેનન્સ થતું હતું.પરંતુ સ્માર્ટ સિટીના જે ગણતરીનાં વર્ષો હતા, એ વર્ષોની સીમા પૂર્ણ થયા પછી નવા ફંડ માટે મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો. રાજ્ય સરકારે સ્પેશિયલ ફંડ એ મેઇન્ટેનન્સ માટે આપણા રાજયની અંદર તમામ શહેરોની અંદર આપવામાં આવ્યું. બધા રાજયોમાં ગુજરાત એક એવું પહેલું રાજય છે કે જયાં સ્માર્ટસિટી મિશન અંતર્ગત જે કેમેરાઓ લાગ્યા હોય એના મેઇન્ટેનન્સનો પ્રોજેકટ ગુજરાતની અંદર પૂર્ણ કરવામાં આવ્યો છે અને ઝડપથી એ કેમેરાઓ પણ ચાલુ કરવામાં આવશે. કુલ મળીને ૧૭૦૫ કેમેરાઓ આજે પણ અમદાવાદ શહેરની અંદર ખૂણે ખૂણે ચાલુ છે, એટલે બંધ છે એવું સમજીને કોઇપણ ભૂલ કરતા નહીં. (અંતરાય) નહીં, નહીં. કુલ મળીને સ્માર્ટસિટીના જે કેમેરા છે એ ૧૭૦૫ કેમેરા સંપૂર્ણ ચાલુ છે. બીજા પણ કેમેરા બધા ચાલુ છે, પરંતુ સ્માર્ટસિટી અંતર્ગત જે કામગીરી છે, તે મેં આપને જણાવ્યું તે પ્રમાણે ચાલુ છે. ઝડપથી બીજા પણ કેમેરાઓ ચાલુ કરવામાં આવશે. રાજસ્થાનની ગાડીઓની જે વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, એ જનરલ વાતનો જવાબ આપવો એ મારા માટે યોગ્ય નથી, પરંતુ કોઇપણ આવા પર્ટિકયુલર કિસ્સા તમારા ધ્યાનમાં આવે, તો આપ મને અનેકવાર અનેક કામો માટે ફોન કરો છો, તો આ કામ માટે પણ ફોન કરજો. આવું ધ્યાનમાં આવશે તો હું જરૂરથી એની અંદર આપને સોલ્યુશન લાવીને આપીશ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે સ્માર્ટસિટીના ૧૭૦૫ કેમેરા અને ઓવરઓલ ૬ હજાર કરતાં પણ વધારે લાગેલા છે. તો આ બન્નેમાં ડિફરન્સ શું છે? અમદાવાદ તો આખું સ્માર્ટસિટી જ છે. સ્માર્ટસિટીમાં અમદાવાદનો કોઇ હિસ્સો જુદો કરેલો છે કે? અમદાવાદ સ્માર્ટસિટી જ છે અને એમાં ૬ હજાર કરતાં વધારે કેમેરા છે અને આપ ૧૭૦૦ કહી રહ્યા છો. પ્લીઝ, આનું જરાક કલેરીફિકેશન કરશો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પોતે પણ સ્માર્ટ જ છે. પોતે પણ સમજે છે કે શહેરી વિકાસ ખાતાનો એટલે કે ખાસ કરીને સ્માર્ટસિટી મિશન જે દેશભરમાં લાગુ પડેલ હતું એ સ્માર્ટ સિટી ફંડ અંતર્ગત જે કેમેરા લાગ્યા છે, એ કેમેરાની અંદર મેઇન્ટેનન્સનો જે ઇસ્યુ હતો એના પૂરતા જ કેમેરા બંધ છે. એના સિવાય ગૃહ વિભાગ દ્વારા જે લગાડવામાં આવેલા હોય, બીજા વિભાગ દ્વારા લગાડવામાં આવેલા હોય. એ પ્રમાણે બધા જ આંકડા અલગ અલગ કેમેરાઓના છે. કુલ મળીને સ્માર્ટસિટીના જે કેમેરાઓ છે, એની પણ મેઇન્ટેનન્સની કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

## તા.૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## તારાંકિત પ્રશ્નો

### દાહોદ જિલ્લામાં "ઈનસ્કૂલ" શાળાઓમાં ખેલાડીઓને તાલીમ

***15/4/1001 શ્રી રમેશભાઈ ભુરાભાઈ કટારા (ફતેપુરા) : માનનીય રમત–ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આવેલ "ઈનસ્કૂલ" શાળાઓમાં કુલ કેટલા ખેલાડીઓએ તાલીમ લીધેલ છે, અને | )૧( ૪૭૩૯ ખેલાડીઓ |
| )૨( ઉક્ત સ્થિતિએ "ઈનસ્કૂલ" શાળાઓમાં રાજ્ય સરકાર દ્વારા કઈ કઈ સુવિધાઓ આપવામાં આવે છે? | )૨( ઉક્ત સ્થિતિએ "ઈનસ્કૂલ" શાળાઓમાં રાજ્ય સરકાર દ્વારા ફાળવેલ રમતના સાધનો અને મેદાન વિગેરે માટે કેપીટલ ખર્ચ કરવામાં આવે છે. આ યોજનામાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા નિયુક્ત કરવામાં આવેલ વિવિધ આઉટસોર્સીંગ એજન્સીઓ દ્વારા પસંદ થયેલ શાળાઓમાં વિવિધ રમતના ટ્રેનર્સ પુરા પાડવામાં આવે છે. શાળા સમય દરમ્યાન ફીઝીકલ એજ્યુકેશનના તાસ અને શાળા સમય બાદ ખેલાડીઓને ટ્રેનર્સ દ્વારા ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવે છે. |

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં ઇન સ્કૂલ યોજના અંતર્ગત કેટલી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે અને આ પૈકી ઓલિમ્પિક રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ? આ રમતોની તાલીમ માટે રાજય સરકાર દ્વારા શું સુવિધા પૂરી પાડવામાં આવેલ છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ઇન સ્કૂલ યોજના એ રાજયના રમતવીરો માટે, રાજયના યુવાનો માટે ખૂબ જ મહત્ત્વની યોજના છે. આ યોજના થકી દાહોદ જિલ્લામાં જ નહીં, પરંતુ સમગ્ર રાજયમાં યુવાનોને ખૂબ મોટી સંખ્યામાં ભણતરની સાથે સાથે રમતોની ટ્રેનિંગ પ્રાપ્ત થાય છે. ખાસ કરીને ઇન સ્કૂલ યોજનામાં રાજયભરમાં ૨૧ રમતોનો સમાવેશ થાય છે, જે પૈકી ૧૯ રમતો ઔલિમ્પિકની અંદર સમાવિષ્ટ છે. આ યોજનામાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા નિયુક્ત કરવામાં આવતી વિવિધ મેન પાવર્સ એજન્સીઓ દ્વારા અને રાજયના જે રમતના અલગ અલગ એસોસીએસનો છે, એ ભેગા મળીને આના ટ્રેનર્સ પૂરા પાડતા હોય છે. શાળા સમય દરમ્યાન અને શાળા સમય બાદ ખેલાડીઓને ટ્રેનર્સ દ્વારા ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવે છે. નોન કન્ઝ્યુમેબલ સાધનો અને ફિઝિકલ એજ્યુકેશનને લગતાં સાધનો આ યોજના અંતર્ગત શાળાઓને આપવામાં આવે છે. વિદ્યાર્થીઓને તાલીમ, શાળાઓમાં રમતને લગતા અભ્યાસક્રમો, ઇન સ્કૂલ યોજનામાંથી ખાસ કરીને પ્રતિભા શોધ કરીને એટલે કે જે યુવાનોમાં જે કેપેસિટી છે, અને ભવિષ્યની અંદર જે સારા પ્લેયર્સ બની શકે છે, એવા લોકોને આપણે ઇન સ્કૂલ યોજનામાંથી ડી.એલ.એસ.એસ. યોજનામાં ડાયવર્ટ કરીએ છીએ. એને હજુ વધુ પ્રોફેશનલ ટ્રેનિંગ આપવાનો આ યોજના અંતર્ગત કાર્યક્રમ રાજયભરમાં ચલાવવામાં આવે છે અને દાહોદ જિલ્લો એનો ખૂબ મોટો લાભાર્થી છે.

શ્રી મહેશભાઇ સો. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજયના આદિજાતિ જિલ્લાઓમાં વિભાગ દ્વારા કેટલી ઇન સ્કૂલ અને ડી.એલ.એસ. શાળાઓ હાલ કાર્યરત છે અને તેમાં હાલ કેટલા ખેલાડીઓ આ યોજનાનો લાભ લઇ રહ્યા છે? લાભ લીધેલ ખેલાડીઓએ રાજય અને રાષ્ટ્ર કક્ષાએ મેડલ મેળવેલ છે કે કેમ? જો હા હોય તો કેટલા ખેલાડીઓએ મેડલ મેળવેલ છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના આદિજાતિ વિસ્તારમાં કુલ ૧૪ જિલ્લાઓમાં ૪૧ ઇનસ્કૂલ હાલ કાર્યરત છે, જેમાં રાજયના ૩૨,૩૭૪ ખેલાડીઓ અને ૧૫ ડી.એલ.એસ.એ શાળા કાર્યરત છે જેમાં ૧૨૨૨ વિદ્યાર્થીઓ તાલીમ લઇ રહ્યા છે. માત્ર ૧૪ જિલ્લામાં આદિજાતિ વિસ્તારનાં આદિવાસી બાળકો, ગરીબ પરિવારનાં બાળકો ૩૨,૩૭૪ લોકોને રાજય સરકાર ડાયરેકટ આવી પ્રાઇવેટ સામાજિક સંસ્થાઓ દ્વારા ચાલતી સ્કૂલો જેમાં ઇનસ્કૂલ અને ડી.એલ.એસ.ની તાલીમ આપી રહી છે. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા શાળાને મહત્તમ ૨ રમતોના ટ્રેનરો આના માધ્યમથી ફાળવવામાં આવે છે. વિદ્યાર્થીઓએ પસંદ કરેલી રમતની પ્રોફેશનલ ટ્રેનિંગ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત ખેલાડીઓને શિક્ષણની સાથેસાથે તેમને રમતની તાલીમ પણ આપવામાં આવે છે જેમાં ખેલાડીઓ દીઠ વર્ષે રાજય સરકાર દ્વારા ૧,૬૮,૦૦૦ રૂપિયા એ સ્કૂલોને ચૂકવવામાં આવે છે અને આ સ્કૂલોના બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ થાય, રમતગમત ક્ષેત્રમાં સારું ભણતર પ્રાપ્ત થાય તે માટે રાજય સરકાર આ યોજનાઓ ગુજરાતના ૧૪ આદિજાતિ જિલ્લામાં ૩૨,૩૭૪ બાળકો માટેનો ખર્ચ ડાયરેકટ રાજય સરકાર દ્વારા કરવામાં આવે છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ વર્ષે પણ આ બાળકો હજી વધુ કઇ રીતે ટ્રેનિંગ લઇ શકે, ઇનસ્કૂલ સાથે સાથે ડી.એલ.એસ.ની અંદર કેવી રીતે ટ્રેનિંગ લઇ શકે તે માટે આની સંખ્યામાં વધારો કરવા માટે પણ પરમિશન આપવામાં આવી. આ વખતે બજેટમાં આની અંદર પણ વધારો કરવામાં આવ્યો, જેથી આદિજાતિ વિસ્તારનાં બાળકોને કોઇ શહેરો સુધી ના જવું પડે, શહેરનાં બાળકો જે રીતે ટ્રેનિંગ પ્રાપ્ત કરે છે એજ પ્રકારે આદિજાતિ વિસ્તારનાં જિલ્લાઓનાં બાળકો પણ ટ્રેનિંગ પ્રાપ્ત

કરી શકે, રાજયના બીજાં બાળકો સાથે એ લોકો પણ દેશની અંદર ગુજરાતનું નામ રોશન કરી શકે અને દુનિયાભરમાં ભારત દેશનું નામ રોશન કરવામાં મારા આદિજાતિ વિસ્તારનાં બાળકો કયાંય પાછળ ના રહે તે માટે રાજય સરકાર દ્વારા વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

**ઈમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં વધારો કરવા બાબત**

*15/4/1588 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ**) લુણાવાડા(**: માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે:–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | ગુજરાત રેગ્યુલાઈઝેશન ઓફ અનઓથોરાઇઝડ ડેવલપમેન્ટ એક્ટનો અમલ ક્યારથી કરવામાં આવ્યો છે, | )૧) | તા.૧૭/૧૦/૨૦૨૨ થી |
| )૨) | ઉક્ત એક્ટ હેઠળ ગેરકાયદે બાંધકામો કાયદેસર/નિયમિત કરવા ઈમ્પેક્ટ ફી ભરવા માટે કયારે મુદતમાં કેટલો વધારો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કરવામાં આવ્યો, અને | )૨) | તા.૧૦/૦૩/૨૦૨૩ ના જાહેરનામાથી ૪ માસ<br>તા.૧૫/૦૬/૨૦૨૩ ના જાહેરનામાથી ૬ માસ<br>તા.૧૪/૧૨/૨૦૨૩ ના જાહેરનામાથી ૬ માસ |
| )૩) | ઈમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં વધારો કરવાના કારણો શા છે ? | )૩) | જાહેરહિતમાં |

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ:માનનીય અધ્યક્ષી, ગુજરાતની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં ઇમ્પેકટ ફી ભરવાની મુદતમાં વધારો કરવામાં આવ્યો તે અન્વયે ઇમ્પેકટ ફી ભરી ગેરકાયદેસર બાંધકામ રેગ્યુલાઇઝ કરવા માટે છેલ્લાં બે વર્ષમાં કેટલી અરજીઓ મળી? એ અરજીઓમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ રદ કરવામાં આવી અને પેન્ડિંગ કેટલી છે એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું?

શ્રી ઋષિકેશ ગ. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, તા.૧૦–૨–૨૦૨૪ની સ્થિતિએ મહાનગરપાલિકાઓમાં ૧,૨૯,૪૪૭ અરજીઓ આપણને મળી એમાંથી મંજૂર ૧૯,૭૪૯ આપણે મંજૂર કરી છે. ૧૯,૫૯૨ અરજીઓ નામંજૂર થઇ છે અને ૯૦૧૦૬ હજી નિકાલ માટે બાકી છે. સ્ક્રૂટિની કરવાનું કામ હજી ચાલી રહ્યું છે. વિકાસ સત્તા મંડળો છે એમાં કુલ ૪૧,૩૧૧ આપણને અરજીઓ મળી, મંજૂર થઇ છે ૮૧૫૧, નામંજૂર ૧૨,૪૦૯ અને જેનો નિકાલ બાકી છે એવી ૨૦,૭૫૧. નગરપાલિકાઓમાં કુલ ૭૬૯૦ અરજીઓ આપણને મળી અને ૭૦૨ મંજૂર થઇ છે. નામંજૂર ૮૦૨ થઇ અને ૬૧૮૬ અરજીઓ હજી નિકાલ બાકી છે આમ કુલ સરવાળો આપણે જોઇએ તો ૧,૭૮,૪૪૮ કુલ અરજીઓ મળી એમાંથી મંજૂર ૨૮૬૦૨ અને નામંજૂર અરજીઓ ૩૨,૮૦૩. એમાંથી જે બાકી રહી ગઇ છે એવી ૧,૧૭,૦૪૩ અરજીઓ છે.મારી પાસે કેટલી મહાનગરપલિકાઓમાં, કેટલી નગરપાલિકાઓમાં શું થયું એનું લિસ્ટ મારી પાસે છે પણ એ જવાબ મોટો થઇ જશે.

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા માટે ઘણી બધી અરજીઓ આવી છે ત્યારે મારા વિસ્તારમાં ઘણી બધી અરજીઓનો સ્વીકાર કરવામાં આવ્યો નથી. તો કેવા પ્રકારની જમીન અને કેવા બાંધકામને નિયમિત કરતાં નથી એ મારો પ્રશ્ન છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી સ્થાનિક સત્તા મંડળ અથવા તો વૈધાનિક મંડળની માલિકીની જમીન, ચોક્કસ હેતુ માટે સરકારે સ્થાનિક સત્તા મંડળ અથવા તો વૈધાનિક મંડળને સંપાદિત કરેલ અથવા ફાળવેલ જમીન, વિકાસ યોજના અથવા નગરરચના યોજનામાં દર્શાવેલ રસ્તાઓની લાઇન–દોરી એટલે કે કન્ટ્રોલ લાઇન હેઠળની જમીન, વિકાસ યોજના અથવા તો નગરરચના યોજના હેઠળ જે પ્લોટ અનામત રાખ્યા હોય એવી જમીન, જળમાર્ગ, જળાશય જેવા કે તળાવના પટ્ટ, નદીના પટ્ટ, કુદરતી વહેણ, બીજાં એવાં સ્થળો ઉપર થયેલ બાંધકામ, ત્રાસદાયક અને જોખમી ઉધોગના વિકાસ માટે અલગ રાખેલ વિસ્તાર, શૈક્ષણિક સંસ્થા સાથે જોડાયેલ મેદાનો, આવા પ્રકારના બાંધકામો નિયમિત થઇ શકતા નથી.

શ્રી મનુભાઇ એમ.પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ–૨૦૨૨ની સમયમર્યાદા વધારવા પાછળના પરિબળો કયા છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વખત આપણે જ્યારે વર્ષ ૨૦૨૨માં આ કાયદો લાવ્યા એટલે અરજી કરવાની મુદ્દત માટે અમલ તારીખ તા.૧૭–૧૦–૨૦૨૨ હતી અને મુદ્દત તા.૧૬–૨–૨૦૨૩ હતી. એ વખતે ચાર મહિનાની મુદ્દત આપી હતી. બીજી વખત વધારો કર્યો એમાં આપણે ૬ માસની મુદ્દતમાં વધારો આપ્યો અને ત્રીજી વખત તા.૧૭–૧૨–૨૦૨૩થી તા.૧૬–૬–૨૦૨૪ સુધી સમયગાળો આપ્યો. આ અરજીઓ મગાવવાનું ચાલુ કર્યું એ વખતે ધ્યાનમાં આવ્યું કે અરજીઓ ઓછી થઇ રહી છે. એટલે સ્વભાવિક ક્યાંકને ક્યાંક નાની મોટી મુશ્કેલી અથવા મનમાં આ રેગ્યુલાઇઝેશન કરવાની બાબતમાં જે લોકોએ બાંધકામ કર્યું હોય એ બાંધકામ એવું હતું કે સોસાયટીમાં નાનું કુટુંબે પોતાનું મકાન બનાવ્યું હોય, કુટુંબ મોટું થાય એટલે ઉપર એક–બે રૂમ ખેંચી લીધા હોય, જાજરૂ–બાથરૂમ બહાર કાઢ્યા હોય આવા પ્રકારના બાંધકામ અને

નાના લોકોને સમજણ ન હતી એના પ્રશ્નો આવતા અને એની પૂછપરછ થતી. એ વખતે આપણે ઓફ લાઇનની વ્યવસ્થા કરી હતી. ઓફલાઇન અરજીઓ કરી શકે છતાં પણ આ પૂછપરછો સતત ચાલુ રહેતાં આપણે વખતોવખત મુદ્ધતમાં વધારો કર્યો છે. જેથી કરીને રાજ્યના તમામ લોકો કે જે લોકોએ બાંધકામ ક્યાંક એની થોડી એફ.એસ.આઇ.માં વધારો થયેલ છે, માર્જિન ભંગ થયો છે એવા બાંધકામ, શૈક્ષણિક સંસ્થાઓ અને એન.જી.ઓ.ના બાંધકામ છે. આ બધા બાંધકામ માટે યોગ્ય રીતે લોકોને ન્યાય મળી રહે એના માટે આ મુદ્ધતો વધારી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે રાજ્યમાં અનધિકૃત બાંધકામો થયા છે અને સરકારે રેગ્યુલરાઇઝ કરવા માટે તા.૧૭–૧૦–૨૦૨૨ના રોજ આ કાયદો લાવી. આ કાયદામાં ૩ વખત મુદ્ધતમાં વધારો કરવામાં આવ્યો છે. હાલની તારીખમાં આપણે જોઇએ તો જૂન–૨૦૨૪ સુધી આ કાયદો રાજ્યમાં અમલમાં રહેવાનો છે. મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે અનધિકૃત બાંધકામ થયા, જાજરૂ–બાથરૂમની વાત કરી એ આપના જવાબમાં જણાવ્યું છે. મારે જાણવું છે કે અનધિકૃત બાંધકામ થયા પછી જે અરજીઓ આવી એ અરજીઓના પ્રમાણમાં મંજૂરીનું પ્રમાણ ઘણું ઓછું છે. ૨૮ હજાર જેટલી અરજીઓ આપે મંજૂર કરી છે. ૧ લાખ ૧૭ હજાર કરતાં વધારે અરજીઓ આજે પેન્ડિંગ છે. તો આ કાયદો કર્યા પછી ૬ મહિનામાં જૂન–૨૦૨૪માં કાયદો પૂર્ણ થાય છે તો રાજ્ય સરકાર આટલી બધી પડતર અરજીઓ છે તો પડતર અરજીનો નિકાલ સત્વરે કરવા માગે છે કે કેમ? કારણ કે, (અંતરાય)...

અધ્યક્ષશ્રી : સીધા પ્રશ્ન પર આવો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જૂન–૨૦૨૪માં કાયદો પૂર્ણ થશે ત્યારે ફરી પાછી મુદત વધારવામાં આવશે. સાહેબ, આમાં પ્રશ્ન ત્યાં ઉત્પન્ન થાય છે કે, ઈલીગલી બાંધકામ અટકાવવાના હેતુસર આ એક્ટ લાવવામાં આવ્યો હતો. આજે પણ ઈલીગલી બાંધકામો થાય છે. ખાસ કરીને આર.ટી.આઇ. કરતા લોકો છે એ અધિકારી સાથે મળીને નાના માણસનો બહુ મોટા પ્રમાણમાં આની અંદર તોડ કરે છે. એટલે કમ્પ્લિટલી અરજીઓ આવેલી છે એ તાત્કાલિક મંજૂર કરવામાં આવે અને આની અંદર કંઇક સુધારો લાવીને પણ સ્પીડ કરવામાં આવે. કારણ કે ઈલીગલી બાંધકામો વધતા જ જાય છે અને મુદતો આપણે વધારતા જઇશું અને આની અંદર વધતું જશે માટે આની અંદર કંઇક સુધારો લાવે એવી મારી વિનંતી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇની લાગણી યોગ્ય છે. કારણ કે, કોઇ નાના માણસે પોતે પોતાના ઘર ઉપર એક–બે રૂમ બાંધ્યા અથવા તો જાજરૂ–બાથરૂમ કર્યા, ક્યાંક માર્જિન ભંગ થયો હોય અને પછી કેટલાક લેભાગું તત્ત્વો આની અરજીઓ કરતા હોય છે અને અરજીઓ પાછી ખેંચવા માટે એની સાથે વાટાઘાટો કરીને કંઇ ને કંઇ એનો રસ્તો કાઢતા હોય છે. (અંતરાય) એ તોડ કરતા હોય છે અને એના પરિણામે જ આ કાયદો લાવવો પડ્યો છે. આવા જે ઈલીગલી બાંધકામ કહીએ છીએ એ ટાઉન પ્લાનિંગ એક્ટ ૧૯૭૬ અને વખતો વખતના આપણા જૂના કાયદાઓ પ્રમાણે આખી માર્ગદર્શિકા છે. એ માર્ગદર્શિકા પ્રમાણે બાંધકામો થવા જોઇએ. પરંતુ શહેરીકરણ થતાં ગામડાંમાંથી લોકો શહેરમાં આવતા થયા. એટલે આ પ્રશ્નનો ખૂબ મોટો વ્યાપ પણ વધ્યો એના કારણે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ મળેલી રજૂઆતના અનુસંધાનમાં આ કાયદો લાવ્યાં અને પછી પણ જ્યારે પણ રજૂઆત મળી એ વખતે એમણે કાયદામાં મુદતનો વધારો કરી આપ્યો છે. એમનો પ્રશ્ન યોગ્ય છે કે, અરજીઓનું એસેસમેન્ટ અને નિકાલ બાકી છે. આ જૂન મહિનાની અંદર જ્યારે બધી અરજીઓ આવી જશે અને અત્યારે પણ ક્લિઅરન્સની પ્રોસેસ ચાલુ છે. પરંતુ મળેલી અરજીઓ જે આપણી નિર્ધારિત તારીખ જૂન ૨૦૨૪ની છે ત્યાં સુધી મળેલી તમામ અરજીઓ કે જેમણે અરજી કરી હશે એનું એસેસમેન્ટ પૂરું નહીં થાય અને મંજૂર અથવા નામંજૂર નહીં થાય ત્યાં સુધી કોઇ પણ પ્રકારની પ્રોપર્ટીને હરકત સરખું નથી અને પછી પણ મળેલી અરજીઓના એસેસમેન્ટ પ્રમાણે આપણે એમાં મંજૂરી આપવાની થશે અને ખૂબ ઝડપથી આ પ્રક્રિયા થાય એના માટે પણ મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપેલી છે અને ઝડપથી આ કાર્યવાહી હાથમાં ધરેલી છે અને હજુ એમાં વધારે ઝડપ આવે એના માટે માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી કૌશિકભાઇ સુ. જૈન : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જે ઇમ્પેક્ટ ફીની અરજી કરેલ હોય અને જે અરજી નામંજૂર કરેલી છે એવા ઈલીગલ બાંધકામને તોડવા માટે કે સીલ મારવા માટે કોઇ વ્યવસ્થા સરકારશ્રીએ કરી છે કે કેમ? અને એ કેટલી સમય મર્યાદામાં એના પર એકશન લેવામાં આવશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે અરજીઓ નામંજૂર થઇ હોય એની રિવિઝન કરવાની પણ આ કાયદામાં જોગવાઇ કરેલી છે. કોઇનું નામંજૂર થાય એટલે તરત જ એમાં ક્યાંય કોઇ પણ પ્રકારનું એને તોડી પાડવાનું કે નામંજૂર થયું હોય એ કાયમી કરવાનું એવું નહીં. પરંતુ એ ચોક્કસ સમય મર્યાદામાં એમણે અરજી કરવાની થાય, એની સુનાવણી કરવાની થાય અને એનું ફરીથી એસેસમેન્ટ કરીને એને ન્યાય મળે એ પ્રકારની પ્રક્રિયા પણ આ કાયદામાં સામેલ છે.

**રાજકોટ જિલ્લામાં ખાણ–ખનિજ વિભાગ દ્વારા પકડેલ વાહનોને નકલી હુકમો રજૂ કરીને છોડાવવા બાબત**

***15/4/1577: શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા** (પોરબંદર)**: માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |

## તારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ખાણ-ખનિજ ખાતા દ્વારા પકડેલ ટ્રક (વાહનો) પોલીસ સ્ટેશનને સોંપવામાં આવેલ હોય તે ટ્રક અને અન્ય વાહનો ભુસ્તરશાત્રીના નકલી હુકમો રજૂ કરીને છોડાવી ગયા તે હકીકત સાચી છે,

(૧) હા,જી.

(૨) જો હા, તો કયા પ્રકારના કેટલા વાહનો નકલી હુકમોના આધારે છોડાવેલ છે, અને

(૨)

| શહેર/જિલ્લો | વાહનનો પ્રકાર | વાહનની સંખ્યા |
|---|---|---|
| રાજકોટ શહેર | ૦૦ | ૦૦ |
| રાજકોટ ગ્રામ્ય | ટ્રક | ૦૨ |

(૩) તે અન્વયે શા પગલાં લેવામાં આવ્યા ?

(૩) આરોપીઓ વિરૂધ્ધ ગુનો દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ નકલી અરજદારે અહીંયા અરજી રજૂ કરીને વાહનો છોડાવી જાય. અસલી કરતા નકલીની ઝડપ વધુ હોય છે અને હમણાં નકલીની બોલબાલા પણ છે. એ નકલી અધિકારી સી.એમ.ઓ. કે પી.એમ.ઓ. હોય કે બીજા કોઇ હોય..(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ પોલિટિકલી મૂકશો તો વળી સામેથી પોલિટિકલી આવશે એના કરતા તમારો સ્વભાવ એક અભ્યાસુ તરીકેનો છે અને એ રહે તો વધારે સારું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું એજ કહું છું એટલે આ નકલીની લોકોની બોલબાલા છે એને તોડી પાડવા માટે આપણે કોઇ પગલાં લીધાં છે કે કેમ? અને આ પ્રશ્નમાં જે નકલી અરજદારો હતા એની સામે શું કાર્યવાહી કરવામાં આવી છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, અરજદાર નકલી નહોતા. અરજદાર અસલી હતા પરંતુ એ ઓર્ડર લઇને આવ્યા હતા એ નકલી હતો. આ અસલી અરજદાર નકલી ઓર્ડરો અને (અંતરાય)

અધ્યક્ષશ્રી : બેઠાબેઠા કોમેન્ટ ન કરીએ. (અંતરાય) અરે ભાઇ, તમે બેસો બેઠાબેઠા કોમેન્ટ નહીં કરીએ.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એ ખખડાવે છે તો અસલી જ પાછો. રાજય સરકાર કોઇપણ યોજના લાવતી હોય છે એ રાજયના નાગરિકોના હિત માટે લાવતી હોય છે અને એ રાજયના નાગરિકોના હિત સુધી રાજયના નાગરિકો સુધી છેવાડા સુધી પહોંચાડવાની જવાબદારી રાજય સરકારની હોય અને એ રાજય સરકારે છેવાડા સુધી યોજનાઓ પહોંચાડવા માટે જે પગલાંઓ લીધાં છે એ જ પગલાઓમાં આ નકલી વિષયો પકડયા છે અને પકડનાર સરકાર કોઇ બીજી નહોતી. પ્રોએક્ટિવલી કામગીરી કરી છે ત્યારે આ વિષયો પકડાયા છે. સભ્યશ્રી દ્વારા જે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે એ પ્રશ્ન ખૂબ મહત્ત્વનો છે. ઘટના અને મોડસ ઓપરેન્ડી એ એકદમ બિલકુલ નવી છે અને આ મોડસ ઓપરેન્ડી પકડવી ખૂબ જરૂરી છે. એ પકડવા માટે કોઇ ધારાસભ્યશ્રી કે કોઇ સમાજના આગેવાનોએ અરજી આપેલી નહીં. પોલીસ દ્વારા અને વિભાગ દ્વારા જ આ મોડસ ઓપરેન્ડી પકડવામાં આવેલ હતી. સાદી રેતી ખનીજ ભરેલી ટ્રક જીજે ૧૦ w ૬૦૦૮ અને જીજે ૧૩ x ૦૪૨૫ આ લોકોએ જે તે વખતે માઇન્સની અંદર આ ટ્રકોનો ગેરઉપયોગ કર્યો હતો તેથી એને પકડવામાં આવેલી હતી અને એ ટ્રકોને ખોટો ઓર્ડર બનાવીને ગ્રાફીકસનો ઉપયોગ કરીને એ ઓર્ડરો રજૂ કરીને એ ટ્રકો છોડાવી ચૂકેલા હતા, જેમાં ગ્રાફીકસની દુકાન ચલાવતા લોકો અને આ ગુનામાં સંડોવાયેલા ૧૨ જેટલા સંપૂર્ણ બધા જ આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે. જે ટ્રકો એ લોકો આ ખોટા ઓર્ડર આપીને છોડાવી ગયા હતા એ બધી જ ટ્રકો અને એના સિવાયના આ લોકો જોડે જોડાયેલાં બધાં જ વાહનો પોલીસે પાછા જપ્ત કર્યાં છે. તમામ આરોપીઓને પકડી લેવામાં આવ્યા છે. આ ઘટના પકડાતા આ પ્રકારની મોડસ ઓપરેન્ડી પકડાઇ હતી કોઇ પેપરોમાં અથવા તો કોઇ ધારાસભ્ય કે કોઇ વિપક્ષ દ્વારા ફરિયાદ કરવામાં નહોતી આવી, પણ પોલીસને જેવી જાણકારી મળી કે તરત જ આર.ટી.ઓ., માઇનિંગ ડિપાર્ટમેન્ટ બધા જ લોકોએ ભેગા થઇને આ પ્રકારની ઘટના બીજે કયાંય નથી બની કે આ જિલ્લાની અંદર બીજી પણ આવી ઘટના નથી બની એની પણ તપાસ કરી અને આ પ્રકારની સંપૂર્ણ માહિતી ગુજરાતના તમામ ડિપાર્ટમેન્ટોને ત્યારે જ એ જિલ્લામાંથી મોકલવામાં આવી કે આવી ઘટના, આવી મોડસ ઓપરેન્ડી થકી આ પ્રકારની ઘટના બની છે. જો આવી કોઇ ગાડીઓ આપણે ત્યાં છૂટી હોય તો ધ્યાન રાખવું જોઇએ, એટલે સરકાર બિલકુલ પ્રોએક્ટિવલી આ બાબતે કામગીરી કરે છે અને આવનારા દિવસોમાં પણ આ પ્રકારની કોઇપણ ઘટના બનશે તો કોઇપણ નકલી વ્યક્તિ જો ગુજરાતમાં કે ગુજરાતના લોકોનાં નામ ઉપયોગ કરીને જો કોઇ ફાયદો લેવાનો પ્રયત્ન કરશે તો એને છોડવાનો કોઇ વિષય જ નથી અને છોડવામાં પણ નહીં આવે, કારણકે રાજય સરકાર આમાં પ્રોએક્ટિવલી કમગીરી કરે છે. આ જેટલા નકલી લોકો છે એને પકડયા કોણે? એને પકડયા ગુજરાત પોલીસે છે. ગુજરાતના વિવિધ વિભાગો દ્વારા પકડવામાં આવ્યા છે. આની કોઇપણ ફરિયાદ કોઇપણ જગ્યા પર કોઇપણ રાજકીય પાર્ટી દ્વારા કરવામાં આવી નથી. એ માત્રને માત્ર ગુજરાતના વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવી છે અને આ નકલીઓ પકડવાની કામગીરી અમે કરીએ છીએ અને હજી પણ કરીશું. આ રાજયના હિતમાં, રાજયના નાગરિકોના હિતમાં આ યોજનાઓ લાવવામાં આવે છે. આ કાયદાઓ રાજયના નાગરિકોના હિતમાં છે એટલે એના વિરુદ્ધમાં અને એનો ગેરઉપયોગ કરીને જો આનો ઉપયોગ કરવામાં આવશે તો એની ઉપર કડક પગલાં ભરવામાં આવશે.

તા.૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૪

તારાંકિત પ્રશ્નો

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, એકબીજા સાથે જોડાયેલા છે એ અધિકારીઓ હોય કે પાર્ટી હોય કે પદાધિકારી હોય એમની સામે પણ પગલાં લેવામાં આવે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ પાર્ટી હોય એમાં તો ન જ છોડવામાં આવે અને હું તો વિનંતી કરું છું કે આ પ્રકારનું કંઇપણ હોય તો ભૂલથી પણ કોઇ ભલામણ ન કરે.

**દાહોદ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

***15/4/957** શ્રી કનૈયાલાલ બચુભાઇ કિશોરી) દાહોદ : (**માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:–

**પ્રશ્ન** / **જવાબ**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

)૧)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૨ | ૦૨ | ૦ |

અને

)૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

)૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૨ | ૦૨ | ૦ |

)૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

)૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી કનૈયાલાલ બ. કિશોરી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન દાહોદ જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારીને લગતો હતો પણ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું કે બંને જગ્યાઓ ભરાયેલી છે એ બદલ મારા પ્રશ્નનો જવાબ મને મળી ગયો છે.

**કચ્છ અને ભાવનગર જિલ્લામાં નશીલા પદાર્થોનો જથ્થો પકડવા બાબત**

***15/4/1557: ગેનીબેન નગાજી ઠાકોર** (વાવ): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ અને ભાવનગર જિલ્લા/શહેરમાંથી જિલ્લા/શહેરવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૧) પત્રક મુજબ.

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લા/શહેરવાર કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ બાકી છે, અને

(૨)

| જિલ્લાનું નામ | ધરપકડ કરી | ધરપકડ બાકી |
|---|---|---|
| કચ્છ | ૧૩૫૩૭ | ૧૮૭ |
| ભાવનગર | ૧૧૩૩૨ | ૩૨ |

(૩) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઇસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી ?

(૩) ધરપકડ કરવાના બાકી ઇસમોને પકડી પાડવા સારું ભરોસાદાર બાતમીદારો મારફતે તેમજ ટેકિનકલ સર્વેલન્સના આધારે તપાસ કરવામાં આવેલ છે, અને આરોપીઓ નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી. કલમ–૭૦ મુજબ વોરંટ મેળવવા કાર્યવાહી કરવામાં આવેલ છે.

**<u>પત્રક</u>**

| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જિલ્લાનું નામ | વિદેશી દારૂ | | દેશી દારૂ | | બિયર | |
| | કિંમત (રૂપિયા) | જથ્થો )બોટલ( | કિંમત (રૂપિયા) | જથ્થો )લીટર( | કિંમત (રૂપિયા) | જથ્થો )બોટલ( |
| કચ્છ | ૭૮૭૨૪૦૧૪ | ૩૨૬૬૭૩ | ૧૦૯૫૧૮૮ | ૫૮૯૮૦ | ૧૩૩૧૫૦ | ૧૩૨૮ |
| ભાવનગર | ૧૦૨૮૮૯૮૫ | ૩૮૪૩૩ | ૭૩૭૦૦૦ | ૩૬૮૬૧ | ૩૮૬૦૩૫ | ૩૬૪૮ |

| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | | | |
|---|---|---|---|
| જિલ્લાનું નામ | ડ્રગ્સનું નામ | જથ્થો | કિંમત (રૂપિયા) |
| કચ્છ | પોષડોડા પાવડર | ૧૯૬.૪૪ કિ.ગ્રા. | ૬૫૨૩૨૦ |
| | ચરસ | ૭.૫૦૧ કિ.ગ્રા. | ૧૨૦૬૮૫૦ |
| | ગાંજો | ૧૬૫.૩૦૫ કિ.ગ્રા. | ૧૭૬૦૬૨૪ |
| | હેરોઇન | ૨૫૯.૯૯૪ કિ.ગ્રા. | ૧૦૨૧૪૭૦૦૦૦૦ |
| | મેફેડ્રોન | ૧૦૫.૯ ગ્રામ ૦.૭ મીલી ગ્રામ | ૧૦૬૬૦૦૦ |
| ભાવનગર | સુકો ગાંજો | ૫૦.૯૮૪ કિ.ગ્રા. | ૫૦૯૮૪૦ |
| | લીલા ગાંજાનો છોડ | ૧૭૮૩.૪૬૬ કિ.ગ્રા. | ૮૯૧૭૩૩૦ |

| તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જિલ્લાનું નામ | વિદેશી દારૂ | | દેશી દારૂ | | બિયર | |
| | કિંમત (રૂપિયા) | જથ્થો )બોટલ( | કિંમત (રૂપિયા) | જથ્થો )લીટર( | કિંમત (રૂપિયા) | જથ્થો )બોટલ( |
| કચ્છ | ૫૫૪૧૨૬૧૧ | ૧૮૧૭૬૫ | ૭૧૯૬૭૦ | ૩૫૬૬૩ | ૧૨૬૯૫૬૦૦ | ૧૨૬૯૫૬ |
| ભાવનગર | ૨૩૪૭૪૯૭૭ | ૧૨૧૩૦૯ | ૬૦૮૪૮૦ | ૩૦૪૨૪ | ૮૮૩૩૫૦ | ૮૩૭૯ |

| તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | | | |
|---|---|---|---|
| જિલ્લાનું નામ | ડ્રગ્સનું નામ | જથ્થો | કિંમત (રૂપિયા) |
| કચ્છ | મેફેડ્રોન | ૩૭.૪૨ ગ્રામ | ૩૭૪૨૦૦ |
| | ગાંજો | ૯૧ કિ.ગ્રા. ૧૩૪ ગ્રામ ૫૭ મીલી | ૯૧૧૩૫૩ |
| | હેરોઇન | ૧ કિ.ગ્રા. ૪૭૨ ગ્રામ ૪૬ મીલી | ૭૩૬૨૩૦૦૦ |
| | કોકેઇન | ૮૨.૮૬૬ કિ.ગ્રા. | ૮૨૮૬૬૦૦૦૦૦ |
| | પોષડોડા | ૩૨૩ ગ્રામ | ૯૭૦ |
| ભાવનગર | ગાંજો | ૭૦.૩૨૬ કિ.ગ્રા. | ૫૪૦૩૬૦ |
| | પોષડોડા | ૩૮૬ કિ.ગ્રા. | ૧૧૫૮૬૬૦ |
| | અફીણના છોડ | ૧૭૭.૩૫૪ કિ.ગ્રા. | ૧૪૭૩૫૪૦ |

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, કચ્છ અને ભાવનગર જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં કેટલા કેફી પદાર્થો પકડાયા? અને બીજું કચ્છમાં અદાણી પોર્ટ ઉપરથી મોટા પ્રમાણમાં ડ્રગ્સ પકડાયું હતું, પોર્ટના સંચાલકો અને અદાણી સામે એફ.આઇ.આર. કરીને ધરપકડ કરવા માગો છો કે કેમ? માત્ર એક વર્ષમાં રૂપિયા ૧૦,૨૧,૪૭,૦૦,૦૦૦ની કિંમતનું હેરોઇન પકડાયું અને રૂપિયા ૮,૨૮,૬૬,૦૦,૦૦૦ની કિંમતનું કોકીન પકડાયું છે તો આ તો બે જ કેફી દ્રવ્યોની વાત કરું છું એ સિવાય દારૂ ગાંજો કે બીજા કેફી પદાર્થો પકડાયા હશે એ અલગ અને આવા કેફી પદાર્થોના સેવનથી આપણું યુવાધન બરબાદ થતું હોય તો એની સામે જે તે પોલીસ સ્ટેશનની હદમાં આવતા વિસ્તારમાંથી આવા કેફી પદાર્થો પકડાય ત્યારે ગૃહ વિભાગ મારફત આવા પોલીસ અધિકારીઓ સામે શું પગલાં લેવામાં આવ્યાં અને પગલાં લેવાં માટેનાં નિયમો શું છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પોલીસે માત્ર અદાણી પોર્ટ ઉપરથી જ ડ્રગ્સ નથી પકડયું. એક તો પકડાયું અને પકડવાની વચ્ચેનો તફાવત છે એ ચૂંટાયેલા પ્રતિનિધિએ તો સમજવો જ જોઇએ. પકડાયું એટલે સામેથી ડ્રગ્સ મોકલ્યું છે એણે ફોન કરીને નથી કહ્યું કે અમે ડ્રગ્સ મોકલ્યું છે અને પોલીસ પકડી લે, એણે પકડ્યું છે. આપણે થરાદમાંથી ઘણું પકડીએ છીએ, એ વિષયમાં આપણે પડવું જ નથી. વાવમાંથી પકડ્યું (અંતરાય) એમાં નથી પડવું. મારે માત્ર સભ્યશ્રી ખૂબ એક્ટિવ છે એમને પ્રશ્ન જેણે કોઇએ શોધી આપ્યો હોય પણ મારે એમાં એટલું જ જણાવવું છે કે, ડ્રગ્સનો વિષય એ રાજનીતિક વિષય નથી. ડ્રગ્સનો વિષય એ આપણા યુવાધનને બરબાદ કરતો વિષય છે. દુનિયાની વેસ્ટર્ન કન્ટ્રીઝમાં ડ્રગ્સ એક ફેશન સ્ટેટસ્ બની ગયું છે, યુવાનો એના ફેશન સ્ટેટસની અંદર લોકોથી પ્રેરાઇને, વિડિયો જોઇને, સોશિયલ મીડિયાના કારણે ડ્રગ્સ લેતા થયા છે. આજે ગુજરાત અને આપણો દેશ આમાં ખૂબ સુરક્ષિત છે. અદાણી પોર્ટ પરથી ડ્રગ્સ પકડનાર તમામ પોલીસ અધિકારીઓને પણ અભિનંદન આપો કેમ કે કેટલી મહેનત કરીને પકડે છે. તમને આ જ પોર્ટ કેમ દેખાયું? તમને તમારી એલાયન્સમાં બંગાળ સરકારના ત્યાંના પોર્ટ પર જઇને ગુજરાત પોલીસ કે ગુજરાત એ.ટી.એસ. ડ્રગ્સ પકડી લાવી તો એ કેમ યાદ નથી આવતું? (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી બેઠા બેઠા વાત ન કરો. આપે પ્રશ્ન પૂછ્યો છે તો જવાબ પણ સાંભળવો જોઇએ.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, છૂટ આપો તો મારે આજે આ બાબતની પૂરી ચર્ચા જ કરી લેવી છે. મારું એવું માનવું છે કે, ડ્રગ્સનો વિષય એ ખૂબ મોટું સામાજિક દૂષણ છે આને રાજકીય વિષય ક્યારેય ના બનાવવો જોઇએ. ગુજરાત

સરકારે આદરણીય મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં છેલ્લાં બે વર્ષમાં રેકોર્ડ બ્રેક ડ્રગ્સ પકડ્યું છે અને એ પકડેલા ડ્રગ્સને આપણે પકડેલું જ ગણાવવું પડે. પકડાયું અને પકડેલા વચ્ચેનો જો તફાવત સમજી જઇએ તો આ પ્રશ્ન ન રહે. માનનીય સભ્યશ્રીને હું જણાવવા માગું છું કે, ડ્રગ્સના કેસમાં ટોપ ટુ બોટમ આપણે ઇન્કવાયરી કરતા હોઇએ છીએ. ટોપ ટુ બોટમમાં કોઇ પણ આવે આપણે ક્યારેય એને છોડતા નથી પરંતુ માત્રને માત્ર કોઇ પ્રાઇવેટ પોર્ટ હોય એટલે આપણે એને ટેગલાઇન આપી દઇએ આ યોગ્ય નથી. ડ્રગ્સના કેસ જોડે આ વિષય ન જોડવા જોઇએ એવી મારી આપને ખાસ વિનંતી છે.

શ્રી ત્રિકમ બિ. છાંગા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લાં બે વર્ષમાં કચ્છની દરિયાઇ સરહદે એ.ટી.એસ. ગુજરાતે એન.ડી.પી.એસ. હેઠળ કેવા પ્રકારની કામગીરી કરી છે? અને તેમણે કરેલ ઓપરેશનની વિગત જણાવવા વિનંતી?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની જ્યારે વાત ચાલે છે એમાં એક જ માહિતી આપી છે પણ હું આપને છેલ્લાં બે વર્ષમાં કચ્છની બોર્ડર પરથી અને ભારત પાકિસ્તાનની બોર્ડર પરથી રાજ્યની પોલીસ અને એ.ટી.એસ. દ્વારા કયા પ્રકારના ઓપરેશનો કરવામાં આવ્યા છે એ અંગે સભાગૃહને માહિતગાર કરવા માગું છું. આ દરિયાઇ ઓપરેશનમાં ગુજરાત એ.ટી.એસ.ની ટીમ એ ગુજરાતની સરકાર દ્વારા આપેલી હોડીઓ, કોસ્ટગાર્ડની ટીમ હોય ઘણી વાર સાથે આ હોડીઓમાં ઘણી વાર રાત દિવસ એક કરીને ભારત પાકિસ્તાનની બોર્ડર ઉપર જે અમને માહિતી મળી હોય છે તે પ્રકારે દિવસો સુધી રાહ જોતા હોઇએ છીએ. અને આ હોડીઓમાં વિશાળ રૂમો કે આલિશાન મહેલો નથી હોતા પણ આ ખુલ્લી હોડીઓમાં આપણી ગુજરાત પોલીસની ટીમ રાત દિવસ એક કરીને ભારે વરસાદ હોય, તડકો હોય, ઠંડી હોય તેમાં રાહ જોઇને આ પ્રકારના ડ્રગ્સના કાર્ટેલને તોડવાની ખૂબ મોટી સફળતા આપણને છેલ્લાં બે વર્ષમાં જે પ્રકારે આપણને મળી છે, તેમાં કંડલા પોર્ટ ઉપર ઇરાનના બંદર અબ્બાસ પોર્ટ ઉપરથી આવેલ જીપ્સન પાવડરના નામે આવેલ એક કન્સાઇનમેન્ટમાંથી ૨૦૫.૬ કિલો હેરોઇન જે ૧૦૨૮ કરોડ રૂપિયાનું હતું તે ગુજરાત એટીએસ દ્વારા પકડવામાં આવ્યું. તે જ રીતે ૯૦ કિલો હેરોઇન જે ૪૫૦ કરોડ રૂપિયાનું હતું તે પણ ગુજરાત એટીએસ અને ગુજરાત પોલીસ દ્વારા પકડવામાં આવ્યુ છે. ગુજરાત એટીએસ તથા એટીએસની બાતમીના આધારે અન્ય એજન્સીઓને સાથે મળીને દરિયાઇ માર્ગે ઘૂસાડવામાં આવતો ૮૫૮ કિલો માદક પદાર્થનો જથ્થો ૪૪૮૭ કરોડનો જથ્થો પકડવામાં ગુજરાત પોલીસને છેલ્લાં બે વર્ષમાં સફળતા મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં માત્ર કોઇ ભારતીય નાગરિક જ આની અંદર સંડોવાયેલો હોય એવું નથી ગુજરાત પોલીસે, ગુજરાત એટીએસે ૩૮ પાકિસ્તાનીઓને, ૫ ઇરાનીઓને, ૩ અફઘાનીઓને, ૨ નાઇઝીરીયનોને આ બધાને પકડીને આજીવન જેલના હવાલે કર્યા છે. અને આપને જાણીને ખૂબ આનંદ થશે કે ડ્રગ્સના કેસો અને એ કેસોમાં એક પછી એક સજા ફટકારવામાં અને એ લોકોને ગુનેગાર સાબિત કરવામાં રાજ્યના લો ડિપાર્ટમેન્ટના સહયોગથી ગુજરાત સરકારને ખૂબ મોટી સફળતા મળી છે. માત્ર છેલ્લાં બે મહિનામાં ચારથી વધારે કેસોમાં આવા ગુનેગારોને આજીવન કેદ અને ભારી સજા ફટકારાવામાં ગુજરાત સરકારને સફળતા મળી છે. ખાલી પકડવુ તે જ તેનો અંત નથી પણ પકડવા જોડે જોડે ગુનાઓ ડિટેક્ટ કરી અને તેની ચાર્જશીટ બને અને ચાર્જશીટ બન્યાં પછી કોર્ટની અંદર તે પુરવાર કરવું આ બધાજ વિષયોની અંદર સંકલન રાખીને રાજ્ય સરકાર માનનીય મુખ્યમંત્રીશ્રીના લેવલથી દર કવાર્ટરલી તેની બેઠક થાય, કેટલા કેસો થયા, કેસો થયા પછી કેટલા લોકોને પકડયા, તે લોકો ઉપર ચાર્જશીટ બરાબર થઇ કે નહીં એટલુ જ નહીં કેન્દ્રના ગૃહમંત્રીશ્રી સેકટરવાઇઝ આની બેઠક થાય તે બેઠકની અંદર મુખ્યમંત્રીશ્રી, ગૃહમંત્રી, ડીજીપી અને તમામ ઉચ્ચ અધિકારીઓ તેની અંદર હાજર હોય. છેલ્લાં બે વર્ષમાં ત્રણ બેઠકો તો કેન્દ્રના ગૃહમંત્રીશ્રી દ્વારા લેવામાં આવી અને આ કેસોની અંદર કઇ રીતે કામગીરી થાય છે તેની ડીટેઇલ માહિતીઓ કેન્દ્રના ગૃહમંત્રીશ્રી સુધી લેતા હોય છે. હું આપને વિશ્વાસ અપાવું છું કે, (અંતરાય )

અધ્યક્ષશ્રી : બહેન, આપ બેઠા બેઠા વાત ના કરી શકો હું તેના માટે આપને સમય આપીશ, આપે વિધાનસભાના નિયમોનું પાલન કરવું જોઇએ.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, દારૂની વાત કરીએ તો બનાસકાંઠા જિલ્લામાં બે-ત્રણ વર્ષ પહેલાં અમારા ગુજરાત પોલીસના એક કોન્સ્ટેબલે આત્મહત્યા કરવી પડી. મારે એ વિષયમાં એટલે નથી પડવું કે તે ચિઠ્ઠીની અંદર તેણે કોનું કોનું નામ લખેલું હતું? તે મારે સભાગૃહની અંદર લેવું નથી. મારી વિનંતી છે કે, ડ્રગ્સના વિષયને...

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન પૂરતી જ ચર્ચા કરીએ.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું પણ પ્રશ્ન પૂરતી જ ચર્ચા કરવા માગું છું. મેં એટલે જ કહ્યું કે હું નામ લેવા જ નથી માગતો અને હું નામ બોલવા પણ નથી માગતો અને ના જ બોલવુ જોઇએ. અને કોર્ટની અંદર એ ચિઠ્ઠી જાહેર છે એટલે તેમાં આ મારા મનની કોઇ વાત નથી, પરંતુ ડ્રગ્સ પકડવામાં ગુજરાત પોલીસે એના અભિયાન તરીકે નહીં એક લડાઇ તરીકે અમે લોકો આને આગળ વધારી રહ્યાં છીએ અને હું રાજ્યના એક યુવાન નાગરિક તરીકે પણ હું વિનંતી કરું છું કે, રાજ્યની સૌ જનતાને આપણા સૌ પાસે ખૂબ મોટી અપેક્ષા છે. આ ૧૮૨ લોકો તે રાજ્યનું પ્રતિનિધિત્વ કરે છે કોઇ પાર્ટી કે વિપક્ષ આ વિષયની અંદર કયારેય ના હોઇ શકે. તમામ લોકોની અપેક્ષા આપણી પાસે માત્ર એટલી જ છે કે આવા વિષયની અંદર રાજનીતિ નહીં પરંતુ એક દિશાએ, એક મિશને રાજ્ય અને રાજ્યની પોલીસને સહયોગ કરીને ડ્રગ્સ, હું એમ નથી કહેતો કે આજે સંપૂર્ણ સો ટકા બંધ જ થઇ ગયુ છે પરંતુ આપણે તેની સામે કિલયરલી લડાઇ તો લડવી જ પડશે અને એ લડાઇ લડવામાં આપ

સૌ લોકો પણ એક સૂરે આપણે પોલીસની મદદે રહીને આ પ્રકારની સંપૂર્ણ માહિતી આપણા વિસ્તારમાં પણ કોઇ હોય તો એ માહિતી આપ ડાયરેક્ટ પણ આપી શકો છો. હું આની પાછળ સંપૂર્ણ રીતે ચોવીસે કલાક આપ સૌ લોકો માટે ઉપલબ્ધ છું.

માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લાં બે વર્ષમાં કચ્છ જિલ્લા અને ભાવનગર જિલ્લામાં પ્રોહિબિશન પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા કેટલા લિસ્ટેડ બુટલેગરો પર કાર્યવાહી કરવામાં આવી, કેસ નોંધવામાં આવ્યા તેમજ તેમના વિરૂદ્ધ શું કાર્યવાહી કરવામાં આવી?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રોહિબિશન પવૃત્તિ સાથે સંકળાયેલા બંને જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા, ગુજરાત પોલીસ દ્વારા અને એની ઉપર સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા પણ આ બાબતે ખૂબ ઝીણવટભરી તપાસ કરવામાં આવતી હોય છે. કચ્છ પૂર્વમાં વર્ષ ૨૦૨૨માં ૧૦૭૭ બુટલેગરો પર પગલાં ભરવામાં આવ્યાં. એ જ રીતે વર્ષ ૨૦૨૩માં ૧૧૩૧ બુટલેગરો પર આ પ્રકારનાં પગલાં ભરવામાં આવ્યાં છે. કચ્છ પશ્ચિમમાં વર્ષ ૨૦૨૨માં ૮૦૨ બુટલેગરો પર પગલાં ભરવામાં આવ્યાં અને વર્ષ ૨૦૨૩માં ૯૫૧ લોકો પર પગલાં ભરવામાં આવ્યાં. ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૨માં ૭૦૮ અને વર્ષ ૨૦૨૩માં ૭૧૪ લોકો પર પગલાં ભરવામાં આવ્યાં. આમ, આ બંને જિલ્લામાં કુલ મળીને વર્ષ ૨૦૨૨માં ૨૭૩૪ અને વર્ષ ૨૦૨૩માં ૫૪૯૭ લોકો પર પગલાં ભરવામાં આવ્યાં.

**ગીર સોમનાથ જિલ્લાના દરિયા કાંઠાના વિસ્તારોમાં આશ્રય સ્થાન(સાઈક્લોન શેલ્ટર) બનાવવા બાબત**

***15/4/399 શ્રી ભગાભાઇ ધાનાભાઇ બારડ (તાલાલા): માનનીય મુખ્યમંત્રીશ્રી(આપત્તિ વ્યવસ્થાપન) જણાવવા કૃપા કરશે કે: –**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના દરિયા કાંઠાના વિસ્તારોમાં કેટલા આશ્રય સ્થાન (સાઇકલોન શેલ્ટર) બનાવવામાં આવેલ છે, અને | )૧) | ૨૯ |
| )૨) | કેટલા બાકી છે, અને | )૨) | શૂન્ય |
| )૩) | જે આશ્રય સ્થાન બનાવવાના બાકી છે તેના કારણો શા છે ? | )૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આજે સદસ્ય નિવાસમાં આપે આવીને અમારા ધારાસભ્યશ્રીઓને પડતી મુશ્કેલીઓ માટે જાણકારી મેળવીને લાગતા–વળગતા અધિકારીઓને સૂચના આપવા બદલ આપનો ખૂબ–ખૂબ આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : હું માત્ર તમારા ચા–કૉફી પીવા આવ્યો હતો.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સાયક્લોન શેલ્ટર અમારા દરિયાકાંઠાના વિસ્તારો માટે અતિ મહત્ત્વના છે કારણ કે, દરિયાકાંઠા ઉપર વર્ષમાં એક–બે વખત વાવાઝોડું પણ આવતું હોય છે અને ગીરનો કાંઠો છે એટલે અતિવૃષ્ટિના કારણે પાણી પણ વધારે આવતું હોય છે. ત્યારે નીચાણવાળા વિસ્તારમાં અને દરિયા કાંઠે રહેતા લોકોને સ્થળાંતર કરવા માટે આ સાયક્લોન શેલ્ટર ખૂબ જરૂરી બની જાય છે. હજારો માણસો અત્યાર સુધી એમાં શિફ્ટ પણ થયા છે. મારું ગામ બાદલપુરા છે. એ ટીંબાના રૂપમાં છે. એની ત્રણ બાજુ નદી છે અને એક બાજુ દરિયો છે અને ગીરની તમામ નદીઓ ત્યાંથી પસાર થાય છે. થોડા સમય પહેલાં ત્યાં સાયક્લોન શેલ્ટર મંજૂર થયું હતું પણ જમીનના અભાવે એ બની શક્યું ન હતું એટલે સરકારશ્રીમાં મારી પોતાની ૩૦૦૦ મીટર જમીન તા.૧/૬/૨૦૧૯ના રોજ આપેલી છે. મારી માનનીય મંત્રીશ્રી અને માનનીય સરકારશ્રીને મારી વિનંતી છે કે આ સાયક્લોન શેલ્ટર ત્યાં વહેલી તકે બનાવવામાં આવે.

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતમાં જ્યારે આવું વાવાઝોડું આવે અથવા કોઇ પણ પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થાય ત્યારે ગુજરાત સરકારે આ પ્રકારની વ્યવસ્થા કરી રાખી છે. એમાં વિશ્વ બેંક પણ સહાય આપે છે અને ભારત સરકાર પણ સહાય આપે છે. એની સાથે–સાથે ગુજરાત સરકારની પણ સહાય હોય છે. આપણો ૧૬૦૦ કિ.મી.નો દરિયો હોય ત્યારે સ્વાભાવિક દૃષ્ટિએ જ્યારે – જ્યારે આવી પરિસ્થિતિ ઊભી થતી હોય ત્યારે એના માટેની વ્યવસ્થા આપણે કરતાં હોઇએ છીએ. એ વ્યવસ્થામાં અનેક પ્રકારની સુવિધાઓ સાથે ૫૫૦ લોકો એમાં રહી શકે એ પ્રકારની વ્યવસ્થા પણ આપણે કરતાં હોઇએ છીએ. આદરણીય સભ્યશ્રીએ જે લાગણી વ્યક્ત કરી છે એ બાબતે હું ચોક્કસપણે પોઝિટિવ થાય એવું જોઇ લઇશ અને એમાં કાંઇ થશે તો ઝડપથી ઘટતું થાય એવું આયોજન કરીશું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, દરિયાકિનારે શેલ્ટર બનાવવાની યોજના સારી છે અને તેમાં જે શેલ્ટર હાઉસ બને છે તેની ડિઝાઇન પણ ખૂબ સારી છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ શેલ્ટર હાઉસના બાંધકામના હાલના ખર્ચમાં ૧૦–૧૫ ટકાનો વધારો કરીને ડિઝાઇનમાં થોડું એડિશન કરીને તેનો સાંસ્કૃતિક સેન્ટર કે કોમ્યુનિટી હૉલ તરીકે ઉપયોગ થઇ શકે તેવી વિચારણા કરવી જોઇએ. આપણે તો ઇચ્છીએ કે, આ શેલ્ટર હાઉસનો ક્યારેય ઉપયોગ ન થાય પણ ભાગ્યે જ ઉપયોગ થવાનો હોય ત્યારે બાકીના સમયમાં ૩૬૫ દિવસ સારી રીતે ઉપયોગ થઇ શકે

તે માટે હાલના શેલ્ટર હાઉસમાં બીજી યોજનાઓમાંથી સુધારો વધારો કરવામાં આવે અને નવા શેલ્ટર હાઉસ સુધારા વધારા સાથેના બને તેવું મારું સૂચન છે. માનનીય મંત્રીશ્રી આ વિશે હકારાત્મક જવાબ આપે તેવી વિનંતી છે.

શ્રી બળવંતસિંહ રાજપૂત:માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇનું સૂચન સારું અને આવકારદાયક છે. અમે તેમાં અનેક પ્રકારની સુવિધાઓ તો આજે પણ આપી રહ્યા છીએ પણ તે સુવિધાઓમાં ઉમેરો થાય તે પ્રમાણે ચોક્કસ જોઇશું.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આજે વસંત પંચમીની બધાને શુભકામનાઓ.

અધ્યક્ષશ્રી : વસંત પંચમીની શુભકામનાઓ અને કેસૂડો વસંત પંચમી સાથે જોડાયેલો છે એટલે આવતી કાલે બધા માનનીય ધારાસભ્યશ્રીઓને અને પત્રકાર મિત્રોને અંબાજી દર્શન કરવા માટે પધારવા નિમંત્રણ છે. કેસૂડો ત્યાં જે પ્રમાણે ખીલ્યો છે તે પણ જોવા મળશે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સાયક્લોન શેલ્ટર સેન્ટર માટે કેટલી રકમ ફાળવવામાં આવે છે? સાયક્લોન શેલ્ટર સેન્ટરને સાધનોથી કઇ રીતે સજ્જ કરવામાં આવે છે અને કઇ રીતે કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સાયક્લોન સેન્ટરને અલગ અલગ સાધનો જેવાં કે દોરડા, લાઇટ, જેકેટ, ટોર્ચ, ટી.વી., લેટેસ્ટ કિચન સેટ વગેરે ફાળવવામાં આવે છે. જેના થકી શોધ અને બચાવની પ્રાથમિક સારવાર હાથ ધરી શકાય. દરેક સાયક્લોનમાં શહેરદીઠ રૂ.પાંચ લાખની સહાય આપવામાં આવતી હતી. તેમાં વધારો કરીને રૂ.૧૫ લાખની સહાય આપવામાં આવે છે. ગ્રામ્ય કક્ષાએ વિવિધ કાર્યક્રમો માટે અને લોકોની ઉપયોગિતા માટે ભાડે પણ આપીએ છીએ.

ડો. પ્રદ્યુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ સાયક્લોન સેન્ટરની ક્ષમતા કેટલી છે? નવા સાયક્લોન સેન્ટરની મંજૂરી માટે શું ધારાધોરણ છે અને બે સેન્ટરની વચ્ચે અંતરની કોઇ મર્યાદા છે કે કેમ?

શ્રી બળવંતસિંહ રાજપૂત:માનનીય અધ્યક્ષશ્રી, સાયક્લોન સેન્ટરની ડિઝાઇન ભૂકંપપ્રૂફ બનાવવામાં આવે છે. ૫૫૦થી વધુ લોકોનો આશરો બની શકે તેવું નિર્માણ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ગુજરાતમાં ૧૦ જિલ્લાઓમાં ૭૬થી વધારે આવા સેન્ટર છે. ગીર સોમનાથમાં ૨૯, જૂનાગઢમાં ૨૫, અમરેલીમાં ૨, પોરબંદરમાં ૪, દેવભૂમિ દ્વારકામાં ૪, કચ્છમાં ૪, અમદાવાદમાં ૧, ભરૂચમાં ૫, નવસારીમાં ૧ અને જામનગરમાં ૧ સાયક્લોન સેન્ટર છે.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ સાયક્લોન સેન્ટર મોટા ભાગે દરિયાઇ વિસ્તારમાં જ બને છે. જ્યારે કુદરતી આફતો વાવાઝોડું હોય કે ભારે વરસાદ, પૂરની સ્થિતિ હોય ત્યારે આ સાયક્લોન સેન્ટરનો કઇ રીતે ઉપયોગ કરવામાં આવે છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, લોકોને સલામતી અને આશ્રયસ્થાન મળી રહે તે હેતુથી બનાવેલ આ સાઇક્લોન શેલ્ટર આશીર્વાદરૂપ સાબિત થયા છે. જાનમાલને થતું નુકસાન ઘટાડવા સાઇક્લોન શેલ્ટર ખૂબ જ ઉપયોગી થાય છે. કોરોના જેવી મહામારીમાં અને તાજેતરમાં આવેલા બીપરજોય વાવાઝોડા દરમિયાન પણ સાઇક્લોન શેલ્ટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. કોરોનાની મહામારી દરમિયાન લોકોને તકલીફ ન પડે તે માટે શેલ્ટરમાં લોકો માટે તમામ વ્યવસ્થા કરવામાં આવતી હતી. તેમાં આશ્રય મેળવનાર લોકોને ખોરાક, પાણી, સૅનિટરી માસ્ક વગેરેની સુવિધા સરકારશ્રી દ્વારા આપવામાં આવતી હતી. વાવાઝોડાં અને કુદરતી આફતો સામે અગમચેતીના ભાગરૂપે વાવાઝોડાં દરમિયાન લોકોને મુશ્કેલ ન પડે તે માટે લોકોની રહેવા-જમવાની વ્યવસ્થા કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય ભગાભાઇએ જે શેલ્ટર માટે જમીન દાન આપવાની વાત કરી એ માનનીય ધારાસભ્યશ્રીઓ માટે અનુકરણીય બાબત છે.

### નર્મદા યોજના કામ પૂર્ણ કરવા બાબત

* 1574/4/15: શ્રી શૈલેષ મનુભાઇ પરમાર :પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૦૩/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકીત પ્રશ્ન ક્રમાંક:૨૩૧(અગ્રતા-૧૪) ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

## તારાંકિત પ્રશ્નો

)૧) નર્મદા યોજનાના તમામ કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન હતું તો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયા પ્રકારના કેટલા કામો બાકી છે,

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત,

- તા. ૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ નહેર માળખાની કૂલ સુધારેલ અંદાજીત લંબાઇ, પૂર્ણ થયેલ લંબાઇ તથા બાકી રહેલ અંદાજીત લંબાઇ ની વિગતો નીચે મુજબ છે.

| નહેરનું નામ | કૂલ સુધારેલ અંદાજીત લંબાઇ (કી.મી.) | તા. ૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ પૂર્ણ થયેલ લંબાઇ (કી.મી.) | તા. ૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ બાકી રહેલ અંદાજીત લંબાઇ (કી.મી.) |
|---|---|---|---|
| મુખ્ય નહેર | ૪૫૮.૩૨ | ૪૫૮.૩૨ | - |
| શાખા નહેર | ૨૬૮૦.૨૪ | ૨૬૭૯.૬૦ | ૦.૬૪ |
| વિશાખા નહેર | ૪૬૧૯.૧૬ | ૪૪૬૧.૭૬ | ૧૫૭.૩૯ |
| પ્રશાખા | ૧૫૫૮૨.૯૭ | ૧૪૫૭૬.૯૬ | ૧૦૦૬.૦૨ |
| પ્રપ્રશાખા | ૪૬૧૫૬.૭૨ | ૪૧૫૯૬.૩૬ | ૪૫૬૦.૩૬ |
| કુલ | ૬૯૪૯૭.૪૧ | ૬૩૭૭૩.૦૦ | ૫૭૨૪.૪૧ |

ઉપરોક્ત અંદાજીત લંબાઇમાં હજુ વધ/ઘટ થવા સંભવ છે.

- લઘુ જળ વિદ્યુત મથકોમાં કુલ ૮૫.૪૬ મેગાવોટના પ્રોજેક્ટ પૈકી તા. ૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ ૬૩.૮૦ મેગાવોટ્ના કામો પૂર્ણ થયેલ છે. જ્યારે બાકીના કામ પ્રગતિમાં છે.

)૨) નર્મદા યોજના પૂર્ણ થવાની ગુજરાત રાજ્યમાં આશરે ૧૮.૪૫ લાખ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળવાની શક્યતા હતી તો ઉક્ત સ્થિતિએ કેટલા હેક્ટરમાં નર્મદા યોજનાથી સિંચાઇનો લાભ મળે છે,

)૨) નર્મદા યોજનામાં તા.૩૧.૧૨.૨૦૨૩ સુધી સબમાઇનોર સુધીના કામો પૈકી ૧૫.૫૩ લાખ હેક્ટર પિયત વિસ્તાર વિકસીત થયેલ છે અને સિંચાઇનો લાભ આપી શકાય તેમ છે .

)૩) ઉક્ત બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

)૩)
- નહેર માળખાના પ્રશાખા નહેર સુધીના કામ, જમીનસંપાદન, અને અન્ય યુટીલીટી ક્રોસિંગ્સ જેવા કે રેલ્વે, રસ્તાઓ, ગેસ/ ઓઇલ પાઇપલાઇન વિગેરેની સંબંધિત વિભાગોની મંજૂરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.
- પ્રપ્રશાખા નહેરના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઇ, તબક્કાવાર, પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.
- સરદાર સરોવર નર્મદા નિગમ લી. નહેર માળખાની સૌરાષ્ટ્ર અને કચ્છ શાખા નહેરો ઉપર કુલ ૨૧.૬૬ મેગાવોટ ના ૨ નાના વીજ મથકો બાંધવાની કામગીરી પ્રગતિ હેઠળ છે અને શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, હાલની તારીખમાં માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એમાં ૧૧,૪૮૮ કિલોમીટરની પ્રશાખા અને પ્ર-પ્રશાખાનું કામ બાકી છે. આ કામ બાકી હોવાના કારણે ૨.૯૨ લાખ હેક્ટર વિસ્તાર જમીનની પિયત અને સિંચાઇનો લાભ ખેડૂતોને મળી શકતો નથી. આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે?, એની પાછળ કેટલો ખર્ચ થવાનો છે? આ મુખ્ય શાખાઓ પર લઘુ જળ વિદ્યુત મથકો બનાવવામાં આવ્યા છે તેની કેપેસિટી ૮૫.૪૬ મેગાવોટ છે. એમાં બે જગ્યાએ કામ ચાલુ છે અને બાકીની જગ્યાએ કામ પૂર્ણ થઇ ગયેલ છે. ૬૩.૮૦ મેગાવોટ પ્રોજેકટનું કામ જે પૂર્ણ થયેલ છે એ કઇ જગ્યાએ થયેલ છે? અને એની ક્ષમતા કેટલી છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેનાલ નેટવર્કીંગનું ૫૭૨૪ કિલોમીટરનું કામ બાકી છે. એમાં મેઇન કેનાલનું કામ લગભગ પૂર્ણ થઇ ગયેલ છે, શાખા નહેરનું કામ ૦.૬૪ ટકા જેટલું સામાન્ય બાકી છે, વિશાખાનું કામ ૧૫૭ કિલોમીટર બાકી છે. એમાંથી ૭૨૪ કિલોમીટરના કામને વિદ્યુતીકરણ અને રેસીડેન્સના કારણે પડતું મૂકવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે. આપણે આને મિશન મોડ ઉપર લીધું છે. જમીન સંપાદન થઇ જવા છતાં પણ આપણને કબજો મળેલ નથી. જેથી કામ ચાલુ થઇ શકેલ નથી. એ લોકોને સમજાવવાનું કામ ચાલુ છે અને બીજા જે સરવે નંબરો સંપાદિત થયા હતા એમની સાથે વાટાઘાટો કરીને એમને તૈયાર કરેલ છે. મહદંશે મીસિંગ લિંક અને સબમાઇનોરનું કામ પણ પૂરું કરવા જઇ રહ્યા છીએ. પહેલાં જે સબમાઇનોરનો વિષય હતો એ ખેડૂતોએ કરવાની હતી. પરંતુ આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉદારતાથી સરકાર અને

ખેડૂતો સાથે મળી ભાગીદારીથી પૂરી કરી શકે એ પ્રકારનું મૉડલ મૂક્યું છે. લઘુ વિદ્યુત જળ મથકો જૂન–૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરીશું.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, નર્મદા યોજનામાં શાખાના પ્રકાર પ્રમાણે જિલ્લાવાર નહેરનું કેટલા કિલોમીટરનું કામ પૂર્ણ થયેલ છે? અને કેટલું કામ બાકી છે? અમારા કચ્છ જિલ્લામાં મોડ કૂબા સુધી પાણી પહોંચતું થઇ ગયું એ બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો આભાર માનું છું. મારી વિનંતી છે કે, જે પ્રકારે સાણંદને કમાન્ડ એરિયા બહાર ગણી પાણી આપવામાં આવેલ છે એ જ રીતે કચ્છનો અમુક વિસ્તાર બાકી રહી જાય છે એમાં પણ સરકારશ્રી દ્વારા સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવામાં આવે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્ય નહેરનું સો ટકા કામ પૂર્ણ કરેલ છે.ડિસ્ટ્રિબ્યુટરી ૯૯.૯૮ ટકા એટલે કે ૬૪૦ મીટર જ કામ બાકી છે. આપણે બ્રાન્ચ કેનાલ અને ડિસ્ટ્રિબ્યુટરીમાં ૯૬.૫૯ ટકા કામ પૂરું કર્યું છે. ૧૫૭ કિ.મી. જેટલું કામ બાકી છે. માઇનોરમાં ૧૦૦૬ કિ.મી.નું કામ બાકી છે. ૯૩.૫૪ ટકા જેટલું કામ પૂરું કર્યું છે. સબ માઇનોરમાં ૪૫૬૦ કિ.મી.નું કામ બાકી છે. એમાં જે કુલ હતું તેમાંથી ૯૦ ટકા કામ આપણે પૂરું કર્યું છે. આમ, કુલ ૬૯૪૯૭ કિ.મી. નહેરોનું બાંધકામ કરવાનું થાય એમાંથી ૬૩૭૭૩ કિ.મી.નું કામ આપણે પૂરું કર્યું છે. મેં પહેલા કહ્યું એમ હાલમાં ૫૭૨૪ કિ.મી.નું કામ બાકી છે. એમાં ૭૨૪ કિ.મી.નું કામ આપણે કરવાનું થતું નથી. જે ૫૦૦૦ કિ.મી.નું કામ બાકી રહે છે એમાં જિલ્લાઓની વાત કરી તેમાં, સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૯૨૪ કિ.મી., મોરબીમાં ૯૨૪ કિ.મી., અમદાવાદમાં ૩૯૯ કિ.મી., ભાવનગરમાં ૭૨ કિ.મી., બોટાદમાં ૫૮૮ કિ.મી. કચ્છમાં ૧૦૮૫ કિ.મી. મહેસાણામાં ૨ કિ.મી. અને પાટણમાં ૬ કિ.મી. એમ કુલ મળી ૫૦૦૦ કિ.મી.નું આપણું કામ બાકી છે. એમાંથી જમીન સંપાદન થયા બાદ કબજો મળ્યો નથી એટલે જેમ જેમ કબજો મળતો થશે તેમ કામ પૂરું થતું જશે. આપણે એક આખો મેપ બનાવી દીધો છે. આ બધાં જ કામો વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં પૂર્ણ કરવાનું એક મિશન રૂપે હાથ ઉપર લીધું છે. આપણે પહેલાં ટાર્ગેટમાં માઇનોર અને બીજી કોઇ ડિસ્ટ્રિબ્યુટરી કે એની હોય એ મીસિંગ લિંકો પૂરી કરીશું. ત્યારબાદ ખેડૂતો સુધી પાણી પહોંચાડવાના ઢાળિયા એટલે કે સબ માઇનોરનું કામ પણ સાથે સાથે આપણે હાથમાં લઇ રહ્યાં છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપે શાખા નહેર માટે ૬૬૪ કહેલ છે પણ ફક્ત ૬૪ કિ.મી. જ બાકી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૬૪૦ મીટર કહેલ છે.

**ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકાઓમાં તલાટી–કમ–મંત્રીઓની ઘટ**

***15/4/544** ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા) :માનનીય **મુખ્યમંત્રીશ્રી(પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:–

**પ્રશ્ન**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ખેડબ્રહ્મા, વિજયનગર તથા પોશીના તાલુકાઓમાં તાલુકાવાર કેટલા સમયથી કેટલા તલાટી–કમ–મંત્રીઓની જગ્યા ખાલી છે, અને

**જવાબ**

)૧)

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યાઓનો સમયગાળો | | | કુલ ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|
| | | ૦ થી ૧ વર્ષથી ખાલી | ૧ થી ૩ વર્ષ સુધી ખાલી | ૩ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી | |
| ૧ | ખેડબ્રહ્મા | ૧ | ૧ | ૭ | ૯ |
| ૨ | પોશીના | ૨ | ૧ | ૨ | ૫ |
| ૩ | વિજયનગર | – | – | – | |
| | કુલ | ૩ | ૨ | ૯ | ૧૪ |

)૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તલાટી–કમ–મંત્રીની ખાલી જગ્યા ભરવા શી કાર્યવાહી હાથ ધરેલ છે?

)૨) આગામી ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરમાં ઉક્ત જગ્યાઓનો સમાવેશ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ખેડબ્રહ્મા વિધાનસભામાં ત્રણ તાલુકાના મત વિસ્તારમાં પહેલાં ૯૫ ગ્રામ પંચાયત હતી અને વિભાજન બાદ ૧૧૯ ગ્રામ પંચાયતો બની છે. ૧૧૯ ગ્રામ પંચાયતો માટેનું મંજૂર મહેકમ ૬૦નું છે. આ ૬૦માંથી માનનીય મંત્રીશ્રીના જવાબ પ્રમાણે ૧૪ જગ્યા ખાલી છે. માત્ર ૩૮ ટકા તલાટીઓ ઉપર આ તાલુકાનો વહીવટ ચાલે છે. આ જે પંચાયતો છે એમાં ૫૯ પંચાયતોમાં વહીવટદાર કામગીરી કરે છે. જયારે સરપંચ કે ચૂંટાયેલી બોડી ન હોય ત્યારે ગ્રામજનોને તલાટીની વધારે જરૂરિયાત પડતી હોય છે. એવા સંજોગોમાં વહીવટ ઠપ થઇ ગયો હોય એવું વાતાવરણ છે. મારો માનનીય મંત્રીશ્રીને પહેલો પ્રશ્ન એ છે કે, આ ખાલી જગ્યાઓમાં મહેકમ વધારીને વહેલામાં વહેલી તકે કયારે તલાટીઓની

નિમણૂક કરશો? મારો બીજો પ્રશ્ન એ છે કે, પોશિના તાલુકામાં વર્ષોથી અડિંગો જમાવીને બેઠેલા એક તલાટીની બદલી ઇડર ખાતે કરવામાં આવી હતી. માત્ર બે જ મહિનામાં ફરી પાછો એને પોશિના તાલુકામાં મૂકવામાં આવ્યો છે. જવાબમાં એવું જણાવવામાં આવ્યું છે કે, વહીવટી કારણોસર બદલી કરવામાં આવી છે. એ તલાટી કોઇ આઇ.એ.એસ. ઓફિસર છે કે એના વગર પોશિના તાલુકાનો વહીવટ ઠપ થઇ ગયો કે ખરેખર વહીવટ થઇ ગયો એટલે પાછો પોશિનામાં આવ્યો? એનો જવાબ પણ માનનીય મંત્રીશ્રી આપે એવી વિનંતી કરું છું.

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ એમના મત વિસ્તાર ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશિના તાલુકાની ખાલી જગ્યાઓની વાત કરી છે એમાં મારે માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે, આપના વિસ્તારના વિજયનગર તાલુકામાં ૨૩ જગ્યાઓ મંજૂર થયેલી છે અને ૨૩ જગ્યાઓ ભરાયેલી છે. આપણે સો ટકા જગ્યાઓ ભરી છે. ખેડબ્રહ્મા તાલુકામાં ૩૪ જગ્યાઓ મંજૂર થયેલી છે, એ પૈકીની ૨૫ જગ્યાઓ ભરેલી છે અને ૯ જગ્યાઓ ખાલી છે. આપણે ૭૩ ટકા જેટલી જગ્યાઓ ભરી છે. પોશિના તાલુકામાં ૨૧ જગ્યાઓ મંજૂર થયેલી છે એ પૈકીની ૧૬ જગ્યાઓ ભરેલી છે અને ૫ જગ્યાઓ ખાલી છે. આપણે ૭૬ ટકા જેટલી જગ્યાઓ ભરેલી છે. એમાં કુલ મળીને ૭૮ જગ્યાઓ મંજૂર થયેલી છે અને એમાં આપણે ૬૪ જગ્યાઓ ભરેલી છે અને ૧૪ જગ્યાઓ ખાલી છે. ૮૨ ટકા જેટલી આ જગ્યાઓ આપણે ભરેલી છે. માનનીય સભ્યશ્રીની જે લાગણી છે એ મુજબ જે મોટા ગામ હતા ત્યારે બબ્બે તલાટીઓની આપણે નિમણૂક કરી હતી.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

### સાબરકાંઠા અને આણંદ જિલ્લામાં નશીલા પદાર્થોનો જથ્થો પકડવા બાબત

15/4/1566: **દિનેશભાઇ આતાજી ઠાકોર** (ચાણસ્મા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા અને આણંદ જિલ્લા/ શહેરમાંથી જિલ્લા/ શહેરવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો, | (૧) | પત્રક–૧ (અ) મુજબ<br>પત્રક–૧ (બ) મુજબ |
| (૨) | ઉકત પકડાયેલ જથ્થા અન્વયે ઉકત જિલ્લા/ શહેરવાર કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ બાકી છે, અને | (૨) | (કોષ્ટક નીચે) |
| (૩) | ઉકત ધરપકડ કરવાના બાકી ઇસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી? | (૩) | ધરપકડ કરવાના બાકી ઇસમોને પકડી પાડવા સારું ભરોસાદાર બાતમીદારો મારફતે તેમજ ટેક્નિકલ સર્વેલન્સના આધારે તપાસ કરવામાં આવેલ છે, અને આરોપીઓ સામે નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી.–૭૦ મુજબ વોરંટ મેળવવા કાર્યવાહી કરવામાં આવેલ છે. |

જવાબ (૨):

| જિલ્લાનું નામ | પકડાયેલા | પકડવાના બાકી |
|---|---|---|
| સાબરકાંઠા | ૯૭૫૭ | ૧૧૭ |
| આણંદ | ૧૧૩૦૩ | ૯૦ |

----------------------------

**પત્રક– ૧)અ)**

| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જિલ્લો | વિદેશી દારૂ (બોટલ) | | દેશી દારૂ (લીટર) | | બિયર (બોટલ) | |
| | કિંમત)રૂ.) | જથ્થો | કિંમત)રૂ.) | જથ્થો | કિંમત)રૂ.) | જથ્થો |
| સાબરકાંઠા | ૨૧૫૪૭૨૫૬ | ૭૭૫૯૩ | ૫૯૨૩૮૦ | ૨૯૬૧૯ | ૯૩૦૩૦૦ | ૧૦૨૪૪ |
| આણંદ | ૩૨૩૭૮૧૧૪ | ૧૩૪૭૩૨ | ૪૩૫૪૫૨ | ૪૭૫૫૦ | ૧૧૧૬૮૫૫ | ૧૦૭૮૩ |

| નશીલા પદાર્થો | | | |
|---|---|---|---|
| જિલ્લો | નશીલા પદાર્થનું નામ | નશીલા પદાર્થની કિંમત) રૂ.) | નશીલા પદાર્થનો જથ્થો |
| સાબરકાંઠા | ગાંજો | ૧,૯૪,૮૫૦/– | ૧૯.૪૮૫ કિગ્રા |
| | ગાંજાના છોડ | ૬,૧૧,૧૫૦/– | ૮૨.૨૫૫ કિગ્રા |

| | | | |
|---|---|---|---|
| | પોષડોડા | ૭,૦૩,૨૬૦/- | ૨૩૪.૪૨૦ કિગ્રા |
| | એમ.ડી. | ૩,૫૦,૦૦૦/- | ૩૫ ગ્રામ |
| આણંદ | એમ.ડી. | ૪,૧૮,૧૭૦/- | ૪૧.૮૧૪ ગ્રામ |
| | ગાંજો | ૫,૦૭,૬૫૦/- | ૫૦.૭૬૫ કિગ્રા |
| | પોષડોડા | ૭,૯૯,૮૧૫/- | ૨૬૩.૬૦૫ કિગ્રા |

**પત્રક- ૧)બ)**

| તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જિલ્લો | વિદેશી દારૂ (બોટલ) | | દેશી દારૂ (લીટર) | | બિયર (બોટલ) | |
| | કિંમત) રૂ.) | જથ્થો | કિંમત)રૂ.) | જથ્થો | કિંમત)રૂ.) | જથ્થો |
| સાબરકાંઠા | ૩૦૪૫૮૪૦૮ | ૯૧૦૭૬ | ૫૬૮૪૦૦ | ૨૮૪૨૦ | ૨૨૮૯૧૩૧ | ૧૭૨૬૬ |
| આણંદ | ૫૭૫૯૨૦૪૩ | ૨૮૬૬૫૩ | ૫૦૯૮૪૦ | ૨૫૪૯૨ | ૨૮૮૩૬૯૫ | ૨૮૦૯૭ |

| નશીલા પદાર્થો | | | |
|---|---|---|---|
| જિલ્લો | નશીલા પદાર્થનું નામ | નશીલા પદાર્થની કિંમત (રૂ.) | નશીલા પદાર્થનો જથ્થો |
| સાબરકાંઠા | ગાંજો | ૩,૩૦,૧૦૦/- | ૩૩.૦૧૦ કિગ્રા |
| | ગાંજાના છોડ | ૨,૭૪,૮૦૦/- | ૪૫.૮૦૦ કિગ્રા |
| | પોષડોડા | ૨૦,૨૫,૭૫૦/- | ૬૭૫.૨૫૦ કિગ્રા |
| આણંદ | ગાંજો | ૩,૦૨,૮૪૮ | ૩૧.૧૬૫ કિગ્રા |
| | પોષડોડા | ૬૯,૯૯૪/- | ૧૮.૨૪૮ કિગ્રા |
| | એમ.ડી. | ૫,૩૧,૪૦૦/- | ૫૩.૧૪ ગ્રામ |
| | ચરસ | ૨૪૬૩/- | ૧૬.૪૩૦ ગ્રામ |
| | અફીણ | ૬,૬૩,૨૭૫/- | ૬૫.૫૧૯ કિગ્રા |
| | અન્ય કોડીન બોટલ | ૧,૩૯,૨૩૦/- | ૯૬૦ નંગ |

**" રાજ્યમાં વિવિધ સંવર્ગમાં પોલીસદળની ભરતી "**

**15/4/993 : શ્રી મનુભાઇ એમ. પટેલ) ઉધના: ( માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોલીસદળમાં કર્મચારી/અધિકારીઓની ભરતી કરવામાં આવી છે કે કેમ; અને | ) | ૧) હા |
| )૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારી/અધિકારીઓની ભરતી કરવામાં આવી છે? | ) | ૨) ૧૨૧૮૬ |

**અમદાવાદ જિલ્લામાં બીન ખેતી માટે મળેલ અરજીઓ**

**15/4/751 શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે-:**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧( તા:૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં બિન ખેતી માટેની પરવાનગી માગતી કેટલી અરજીઓ મળેલ છે, અને | )૧( તા:૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૫ હેઠળ બિન ખેતી માટેની પરવાનગી માગતી કુલ ૧૨૬૫૦ અરજીઓ મળેલ છે. |

)૨( ઉક્ત સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર બિન-ખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?

)૨(

| તાલુકો | બિનખેતી માટે મંજૂર થયેલ અરજીઓ |
|---|---|
| વેજલપુર | ૨૯૪ |
| સાણંદ | ૨૩૧૮ |
| ઘાટલોડીયા | ૯૪૧ |
| દશક્રોઈ | ૧૮૫૮ |
| માંડલ | ૧૭૧ |
| વટવા | ૪૨૩ |
| ધોલેરા | ૪૯૩ |
| બાવળા | ૫૬૮ |
| ધોળકા | ૩૫૮ |
| વિરમગામ | ૧૫૨ |
| અસારવા | ૧૪૮ |
| સાબરમતી | ૧૩૧ |
| ધંધુકા | ૮૭ |
| દેત્રોજ-રામપુરા | ૪૩ |
| મણિનગર | ૩૧ |

----------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતના મકાનના બાંધકામ બાબત**

15/4/693 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા) બાયડ( : માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતના મકાન મંજૂર કરવામાં આવ્યા, તેના માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં અનુક્રમે ૪૮ અને ૮૦ - ગ્રામ પંચાયતના મકાન મંજૂર કરવામાં આવ્યા, તેના માટે અનુક્રમે રૂ.૭૪૧.૦૦ લાખ અને રૂ.૧૨૮૫.૦૭ લાખ ગ્રાન્ટ ફાળવવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી પંચાયતના મકાન નોનયુઝ જાહેર કરેલ છે અને તે ક્યાં સુધીમાં બનાવવામાં આવશે? | (૨) ઉક્ત સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં કુલ ૪૮ - ગ્રામ પંચાયત અને સાબરકાંઠા જિલ્લામાં કુલ ૮૦ - ગ્રામ પંચાયતના મકાન નોનયુઝ જાહેર કરેલ છે અને તે પૈકી અરવલ્લી જિલ્લામાં કુલ ૪૮ - ગ્રામ પંચાયતમાંથી ૪૫ - ગ્રામ પંચાયતોના મકાનને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે તેમજ બાકીના ૩(ત્રણ) -ગ્રામ પંચાયત મકાનોને સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે તથા સાબરકાંઠા જિલ્લામાં કુલ ૮૦ - ગ્રામ પંચાયતોના મકાનને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. સદરહું મકાનો સત્વરે બનાવવામાં આવશે. |

**ગાંધીનગર જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

**15/4/958** શ્રી જયંતિભાઈ સોમાભાઈ પટેલ) માણસા : (**માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

**પ્રશ્ન**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

**જવાબ**

)૧)

| **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી** |
|---|---|---|
| ૦૨ | ૦૨ | ૦ |

અને

)૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

)૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૨ | ૦૨ | ૦ |

)૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

)૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ગીર સોમનાથ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નશીલા પદાર્થોનો જથ્થો પકડવા બાબત

**15/4/1583: શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને દેવભૂમિ દ્વારકા જિલ્લા/શહેરમાંથી જિલ્લા/શહેરવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૧) પત્રક મુજબ.

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લા/શહેરવાર કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ બાકી છે, અને

(૨)

| જિલ્લાનું નામ | ધરપકડ કરી | ધરપકડ બાકી |
|---|---|---|
| ગીર સોમનાથ | ૭૧૬૯ | ૨૯ |
| દેવભૂમિ દ્વારકા | ૭૭૧૮ | ૫૩ |

(૩) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી?

(૩) ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડી પાડવા સારું ભરોસાદાર બાતમીદારો મારફતે તેમજ ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ કરવામાં આવેલ છે, અને આરોપીઓ સામે નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી. કલમ–૭૦ મુજબ વોરંટ મેળવવા કાર્યવાહી કરવામાં આવેલ છે.

-----------

**પત્રક**

| **તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨** | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જિલ્લાનું નામ | વિદેશી દારૂ | | દેશી દારૂ | | બિયર | |
| | કિંમત (રૂપિયા) | જથ્થો )બોટલ( | કિંમત (રૂપિયા) | જથ્થો )લીટર( | કિંમત (રૂપિયા) | જથ્થો )બોટલ( |
| ગીર સોમનાથ | ૭૭૯૬૬૧૭ | ૧૩૫૬૦૯૬ | ૨૮૬૧૮૨ | ૧૧૦૯૯૩ | ૩૮૩૫૨૫ | ૫૬૩૧૪ |
| દેવભૂમિ દ્વારકા | ૫૯૪૪૪૫૦ | ૧૪૧૧૯ | ૨૬૨૫૨૦ | ૧૩૧૨૬ | ૧૦૫૫૨૦ | ૧૧૨૬ |

| **તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨** | | | |
|---|---|---|---|
| જિલ્લાનું નામ | ડ્રગ્સનું નામ | કિંમત (રૂપિયા) | જથ્થો |
| ગીર સોમનાથ | મેફેડ્રોન | ૫૭૩૫૦૦ | ૫૭.૩૫૦ મિ.ગ્રામ |
| | ચરસ | ૫૧૪૮૦૯૦૦ | ૩૪૩.૨૦૬ કિ.ગ્રામ |
| | ગાંજો | ૧૩૧૪૪૯ | ૧૮૫.૭૧ કિ.ગ્રા. |
| દેવભૂમિ દ્વારકા | ચરસ | ૩૩૭૮૬૦ | ૨ કિલો ૨૫૨.૪ ગ્રામ |
| | ગાંજો | ૧૮૭૫૧૦ | ૧૮ કિલો ૭૫૧ ગ્રામ |
| | હેરોઈન | ૪૩૨૫૬૦૦૦૦૦ | ૮૮ કિલો ગ્રામ |

| **તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩** | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જિલ્લાનું નામ | વિદેશી દારૂ | | દેશી દારૂ | | બિયર | |
| | કિંમત (રૂપિયા) | જથ્થો )બોટલ( | કિંમત (રૂપિયા) | જથ્થો )લીટર( | કિંમત (રૂપિયા) | જથ્થો )બોટલ( |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ગીર સોમનાથ | ૬૯૨૨૫૫૧ | ૪૧૫૮૫ | ૩૧૧૫૪૦ | ૧૫૫૭૭ | ૪૯૫૨૦૦ | ૪૯૫૨ |
| દેવભૂમિ દ્વારકા | ૨૬૧૧૮૧૫ | ૯૩૦૦ | ૪૪૭૭૨૦ | ૨૨૩૮૬ | ૭૮૫૦ | ૭૪ |

| **તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩** | | | |
|---|---|---|---|
| જિલ્લાનું નામ | ડ્રગ્સનું નામ | કિંમત (રૂપિયા) | જથ્થો |
| ગીર સોમનાથ | મેફેડ્રોન | ૨૬૦૦૦૦ | ૨૬ ગ્રામ |
| | ગાંજો | ૩૮૯૪૫૦ | ૬૪.૪૪૫ કિગ્રા |
| દેવભૂમિ દ્વારકા | કફ સીરપ બોટલ | ૨૪૦૨૫૪ | ૧૬૨૨ નંગ |
| | ગાંજો | ૫૭૪૨૦ | ૫.૭૪૨ કિગ્રા |
| | એમ.ડી. | ૧૭૬૫૦૦ | ૧૭.૬૫૦ ગ્રામ |
| | હેરોઈન | ૫૦૧૦૦૦ | ૧૦.૨૦૨ ગ્રામ |
| | ટ્રામાડૉલ કેપ્સુલ | ૮૮૫૦ | ૧૨૦૦ નંગ |

**ખેડા જિલ્લામાં જુનિયર ફાર્માસીસ્ટની મંજૂર જગ્યાઓ**

**15/04/960** શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ–

| **પ્રશ્ન** | | **જવાબ** | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં જુનિયર ફાર્માસીસ્ટની કેટલી જગ્યા મંજૂર થયેલ છે, | )૧) | ૫૪ |
| )૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ, કેટલી જગ્યા ભરાયેલ છે, અને | )૨) | ૫૪ |
| )૩) | કેટલી જગ્યા ખાલી છે ? | )૩) | ૦૦ |

---

**ધ્રાંગધ્રા શાખા નહેરની લંબાઇ અને પાણીનું વહન**

**964/4/15: શ્રી પ્રકાશભાઇ પરસોતમભાઇ વરમોરા) ધ્રાંગધ્રા) :માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કેઃ–

| **પ્રશ્ન** | | **જવાબ** | |
|---|---|---|---|
| )૧) | ધ્રાંગધ્રા શાખા નહેરમાંથી નીકળતી નવા ઘનશ્યામગઢ ડીસ્ટ્રી (ડી–૧૮)ની વેગડવાવ માઇનોર–૧ની કુલ લંબાઇ કેટલી છે, | )૧) | ધાંગધ્રા શાખા નહેરમાંથી નીકળતી નવા ઘનશ્યામગઢ ડીસ્ટ્રી (ડી–૧૮)ની વેગડવાવ માઇનોર —૧ની કુલ લંબાઇ ૨.૩૭૨ કીમી છે. |
| )૨) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ આ માઇનોરનું બાંધકામ પૂર્ણ થઇ ગયેલ છે કે કેમ, અને | )૨) | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ આ માઇનોરનું બાંધકામ સંપૂર્ણ લંબાઇમાં પૂર્ણ થઇ ગયેલ છે. |
| )૩) | જો હા, તો સદરહું માઇનોરમાં પાણીનું વહન ચાલુ છે કે કેમ? | )૩) | સંપૂર્ણ લંબાઇમાં પાણીનું વહન ચાલુ છે. |

**વડોદરા જિલ્લામાં ડભોઈ તાલુકા પંચાયતનું નવીન મકાન બનાવવાની કાર્યવાહી**

15/4/963 શ્રી શૈલેષભાઇ કનૈયાલાલ મહેતા ) ડભોઈ **:** (માનનીય મુખ્યમંત્રીશ્રી) પંચાયત) જણાવવા કૃપા કરશે કેઃ–

| **પ્રશ્ન** | | **જવાબ** | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં ડભોઈ તાલુકા પંચાયત કચેરીનું નવીન મકાન બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને | )૧) | વડોદરા જિલ્લામાં ડભોઇ તાલુકા પંચાયત કચેરીના નવીન મકાન બનાવવાની કાર્યવાહી ભૌતિક રીતે પૂર્ણ થયેલ છે તથા પાર્કિંગ શેડ અને ફર્નિચરની કામગીરી પ્રગતિમાં છે. |

| | | | |
|---|---|---|---|
| )૨) | ઉક્ત મકાન માટે કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવી છે? | )૨) | રૂ.૨,૮૬,૧૨,૦૦૦/- )અંકે રૂપિયા બે કરોડ છ્યાંશી લાખ બાર હજાર પુરા) |

**સરદાર સરોવર યોજના માટે ગ્રાન્ટ**

**1579/4/15**: **શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી (માણાવદર) :માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ સરદાર સરોવર યોજના માટે કેટલી રકમ, ગ્રાન્ટની માંગણી કરવામાં આવી, | )૧) | તા. ૩૧/૧૨ /૨૦૨૩ ની સ્થિતિએ સરદાર સરોવર યોજના માટે રાજ્ય સરકાર દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩ અને વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન અનુક્રમે રૂ. ૭૧૪.૪૩ કરોડ,રૂ. ૩૫૭.૧૫ કરોડ અને રૂ .૧૨૯.૫૯ કરોડ, ગ્રાન્ટની દરખાસ્ત કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવી, |
| )૨) | ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષવાર કેટલી ગ્રાન્ટની ફાળવણી કરી, અને | )૨) | ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ દરમિયાન અનુક્રમે રૂ. ૩૫૭.૨૭૫ કરોડ અને રૂ. ૬૧.૧૫૩ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી, |
| )૩) | તે પૈકી વર્ષવાર કેટલી ગ્રાન્ટનો ખર્ચ થયો અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી? | )૩) | નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ દરમિયાન અનુક્રમે રૂ. ૭૬૫ .૧૩૫ કરોડ અને રૂ. ૩૩૫.૩૦૩ કરોડનો ખર્ચ થયેલ છે. મળેલ ગ્રાન્ટ પૈકી કોઇ રકમ વણવપરાયેલ રહેતી નથી. |

**આણંદ જિલ્લામાં ઈનસ્કૂલ શાળાઓમાં ખેલાડીઓને તાલીમ**

**15/4/1000 શ્રી કમલેશભાઈ રમેશભાઈ પટેલ (પેટલાદ) : માનનીય રમત-ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-**

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આણંદ જિલ્લામાં આવેલ ઈનસ્કુલ શાળાઓમાં કુલ કેટલા ખેલાડીઓએ તાલીમ લીધેલ છે, અને | )૧) | ૪૩૭૯ ખેલાડીઓ |
| )૨) | ઉક્ત સ્થિતિએ ઈનસ્કુલ શાળાઓમાં રાજ્ય સરકાર દ્વારા કઈ સુવિધાઓ આપવામાં આવે છે? | )૨) | ઉક્ત સ્થિતિએ "ઈનસ્કુલ" શાળાઓમાં રાજ્ય સરકાર દ્વારા ફાળવેલ રમતના સાધનો અને મેદાન વિગેરે માટે કેપીટલ ખર્ચ કરવામાં આવે છે. આ યોજનામાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા નિયુક્ત કરવામાં આવેલ વિવિધ આઉટસોર્સીંગ એજન્સીઓ દ્વારા પસંદ થયેલ શાળાઓમાં વિવિધ રમતના ટ્રેનર્સ પુરા પાડવામાં આવે છે. શાળા સમય દરમ્યાન ફીઝીકલ એજ્યુકેશનના તાસ અને શાળા સમય બાદ ખેલાડીઓને ટ્રેનર્સ દ્વારા ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવે છે. |

-------------

**રાજકોટ જિલ્લામાં લેબોરેટરી ટેકનિશિયનની મંજૂર જગ્યાઓ**

**15/4/961** ડો. દર્શીતા શાહ ( રાજકોટ પશ્ચિમ) **:માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં લેબોરેટરી ટેકનિશિયનની કેટલી જગ્યા મંજૂર થયેલ છે, | )૧) | ૫૬ |
| )૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યા ભરાયેલ છે, અને | )૨) | ૫૬ |
| )૩) | કેટલી જગ્યા ખાલી છે ? | )૩) | ૦૦ |

માઘ ૨૫, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નો

**સુરત જિલ્લામાં પંચાયતનું નવીન મકાન બનાવવાની કામગીરી**

15/4/962 શ્રી પ્રવિણભાઈ મનજીભાઈ ઘોઘારી) કરંજ **:** (માનનીય મુખ્યમંત્રીશ્રી) પંચાયત) જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**આણંદ કૃષિ યુનિવર્સિટીના સન ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ના ઓડિટ અહેવાલ**

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આણંદ કૃષિ યુનિવર્સિટીના સન ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ના ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનાં નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

(૧) સન ૨૦૨૪–૨૫નો ઓડિટ અહેવાલ

(૨) સન ૨૦૧૫–૧૬નો ઓડિટ અહેવાલ

**અહેવાલ, હિસાબ તથા નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજ્ય અન્ન આયોગના સન ૨૦૨૨–૨૩ના વાર્ષિક અહેવાલ**

શ્રી ભીખુસિંહ ચ. પરમાર(અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના. મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય અન્ન આયોગનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**ગુજરાત લોકાયુકતનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલની રજૂઆત**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (સામાન્ય વહીવટ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત લોકાયુકતનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત**

**કામકાજ સલાહકાર સમિતિનો પાંચમો અહેવાલ**

**અધ્યક્ષશ્રી :** ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક મંગળવાર, તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બીજી બેઠકના વિરામ સમયની શરૂઆતમાં માનનીય અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

**૧.** ગુરુવાર, તા.૧૫/૦૨/૨૦૨૪ના અને શુક્રવાર, તા.૧૬/૦૨/૨૦૨૪ના રોજ સભાગૃહની બેઠકનો સમય સવારના ૧૦–૦૦ વાગ્યાનો રાખવો.

**૨.** મંગળવાર, તા.૨૦/૦૨/૨૦૨૪ના રોજ સભાગૃહની પ્રથમ બેઠકનો સમય સવારના ૧૦–૦૦ને બદલે સવારના ૮–૩૦ વાગ્યાનો રાખવો અને બીજી બેઠકનો સમય બપોરના ૩–૩૦ને બદલે બપોરના ૨–૦૦ વાગ્યાનો રાખવો.

**૩.** બુધવાર, તા.૨૧/૦૨/૨૦૨૪ના રોજ સભાગૃહની બેઠકનો સમય બપોરના ૧૨–૦૦ને બદલે સવારના ૧૦–૦૦ વાગ્યાનો રાખવો.

**૪.** ગુરુવાર, તા.૨૨/૦૨/૨૦૨૪ અને શુક્રવાર, તા.૨૩/૦૨/૨૦૨૪ની સભાગૃહની બેઠકો રદ કરવી અને તેના સ્થાને મંગળવાર, તા.૨૭/૦૨/૨૦૨૪ અને બુધવાર, તા.૨૮/૦૨/૨૦૨૪ના રોજ સભાગૃહની બે બેઠકો રાખવી.

**૫.** ગુરુવાર, તા.૨૨/૦૨/૨૦૨૪ના રોજનું બિન–સરકારી કામકાજ (બિન–સરકારી વિધેયકો) રદ કરવું.

**૬.** હવે ગૃહનું કામકાજ નીચે મુજબ રહેશે:

**૭.** ગુરુવાર, તા.૨૨/૦૨/૨૦૨૪ના રોજની પ્રશ્નોતરી મંગળવાર, તા.૨૭/૦૨/૨૦૨૪ની પ્રથમ બેઠકમાં અને શુક્રવાર, તા.૨૩/૦૨/૨૦૨૪ના રોજની પ્રશ્નોતરી બુધવાર, તા.૨૮/૦૨/૨૦૨૪ની પ્રથમ બેઠકમાં હાથ ધરવી તથા તા.૨૭/૦૨/૨૦૨૪ અને તા.૨૮/૦૨/૨૦૨૪ના રોજ નિયત થયેલી પ્રશ્નોત્તરી રાબેતા મુજબ જે–તે દિવસની બીજી બેઠકમાં હાથ ધરવામાં આવશે.

| | | |
|---|---|---|
| સોમવાર | તા.૨૬મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) |
| મંગળવાર | તા.૨૭મી | **પ્રથમ બેઠક–**માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)<br>**બીજી બેઠક–**માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) |
| બુધવાર | તા.૨૮મી | **પ્રથમ બેઠક–**માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)<br>**બીજી બેઠક–**(૧) વિનિયોગ વિધેયક અને અન્ય સરકારી વિધેયકો(૨) બિન–સરકારી સંકલ્પો |
| ગુરુવાર | તા.૨૯મી | (૧) સરકારી વિધેયકો અને સરકારી કામકાજ<br>(૨) છેલ્લા દિવસનો પ્રસ્તાવ |

**બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અહેવાલની રજૂઆત**

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા(સમિતિના માનનીય સભ્યશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો બીજો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી ઋષિકેશ ગ. પટેલ(સંસદીય બાબતોના મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના પાંચમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા**(સમિતિના સભ્યશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)**

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**

**માગણી ક્રમાંક– ૨૨**

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૧૯,૭૧,૫૩,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૨૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**

**માગણી ક્રમાંક– ૨૩**

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા(અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અન્નને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧,૮૦,૯૩,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ.૫૨,૩૪,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૨૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૨૩ રજૂ કરવામાં આવી.**

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ જી.લાડાણી :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**માગણી નં. ૬૬**

**શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા(જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું સિંચાઇ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૩૯,૪૨,૦૮,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૯૪,૫૬,૫૩,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૬૬ રજૂ કરું છું.

**માગણી નં. ૬૬ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૨ રજૂ કરું છું.

માઘ ૨૫, ૧૯૪૫ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ )

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**માગણી નં. ૬૭**

**શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા(જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૨,૮૫,૯૪,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૪૫,૩૪,૧૨,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૬૭ રજૂ કરું છું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ જી.લાડાણી :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરવામાં આવી.

**કાપ દરખાસ્ત ક્રમાંક –૩૧ – માનનીય સભ્યશ્રી ગેરહાજર**

**૨૦૨૪-૨૦૨૫ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **અન્ન ,નાગરિકપુરવઠાઅનેગ્રાહકોનીબાબતોનોવિભાગ**<br>**માગણીનં .૨૨** | |
| *૧ | ૩૪૫૬–નાગરિકપુરવઠા<br>૦૦૧–નિર્દેશઅનેવહીવટ<br>૦૧–PDS-6<br>નાગરિક...કચેરી<br>રૂ. ૭,૧૯,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૭,<br>પાનાનં .૧૯ | ૧૦૦ | વારંવારસર્વરબંધથવાના કારણે કાર્ડધારકોનેસમયસરઅનાજમેળવવામાં પડતી મુશ્કેલીનું નિવારણ કરવામાંતંત્રનીનિષ્ફળતા. | શ્રીઅર્જુનભાઇમોઢવાડીયા |
| ૨ | _ _ " _ _ | ૧૦૦ | નાગરિકપુરવઠાનિયામકનીકચેરીતેમજતેનાતાબાહેઠળનીકચેરીઓમાંચાલતીગેરરીતિઓનિવારવામાંતંત્રનીનિષ્ફળતા. | શ્રીગુલાબસિંહચૌહાણ |
| *૩ | _ _ " _ _ | ૧૦૦ | રાજયમાં રેશનીંગની દુકાનોમાં સમયસર અનાજનો જથ્થો પૂરો પાડવામાં તંત્રની ઉદાસીનતા . | શ્રી ઉમેશભાઇ મકવાણા |
| ૪ | _ _ " _ _ | ૧૦૦ | પૂરવઠાનિગમનાગોડાઉનમાંથીસસ્તાઅનાજનીદુકાનેપહોંચતાઅનાજમાંપડતીઘટનિવારવામાંતંત્રનીનિષ્ફળતા. | શ્રી અનંતકુમારપટેલ |
| ૫ | _ _ " _ _ | ૧૦૦ | નાગરિકપુરવઠાનિગમદ્વારાગુણવત્તાયુકતઅનાજનુંવિતરણકરાવવામાંતંત્રનીનિષ્ફળતા. | શ્રી અમીતચાવડા |
| ૬ | _ _ " _ _ | ૧૦૦ | સહકારીસંસ્થાનાફેડપાસેપડી રહેલમગફળીનાજથ્થાનેસમયસરછૂટોકરીસીંગતેલના વધતાભાવોઅંકુશમાંલાવવામાંતંત્રનીનિષ્ફળતા. | શ્રી ઇમરાનખેડાવાલા |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | _ _ " _ _ | ૧૦૦ | ગોડાઉનમાંથી થતીઅનાજનીચોરીઓઅટકાવવામાંતંત્રનીનિષ્ફળતા. | શ્રીવિમલભાઇ ચુડાસમા |
| ૮ | ૩૪૫૬–નાગરિકપુરવઠા<br>૦૦૧–નિર્દેશઅનેવહીવટ<br>૦૨–ભાવ...અમલ<br>રૂ . ૨૦,૭૯,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૭,<br>પાનાનં .૨૦ | ૧૦૦ | ખાદ્યવસ્તુઓનાવધતાજતાભાવોનેઅંકુશમાંરાખવામાંતંત્રનીનિષ્ફળતા. | શ્રીશૈલેષપરમાર |
| ૯ | ૩૪૫૬–નાગરિકપુરવઠા<br>૦૦૧–નિર્દેશઅનેવહીવટ<br>૦૪– PDS-23<br>ગ્રાહક ...પંચ<br>રૂ .૫,૦૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૭,<br>પાનાનં .૨૦અને૨૧ | ૧૦૦ | ગ્રાહકતકરારનિવારણનાપડતરકેસોનોસત્વરેનિકાલકરાવવામાંતંત્રનીનિષ્ફળતા. | શ્રીકિરીટકુમારપટેલ |
| | | **માગણીનં .૨૩** | | |
| ૧૦ | ૨૪૦૮ –<br>ખાદ્ય...વ્યવસ્થા<br>૦૧–ખોરાક<br>૦૦૧–નિર્દેશઅનેવહીવટ<br>૦૨– PDS-21<br>વ્યાજબી...કચેરીઓ<br>રૂ . ૭૩,૧૯,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૭,<br>પાનાનં .૯અને૧૦ | ૧૦૦ | સસ્તા અનાજની દુકાનોમાં થતી અનાજની કાળાબજારી અટકાવવામાં તંત્રનીનિષ્ફળતા. | ગેનીબેનઠાકોર |
| ૧૧ | _ _ " _ _ | ૧૦૦ | વ્યાજબીભાવનીદુકાનોનીનિયમિતચકાસણીથાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રીદિનેશભાઇઠાકોર |
| ૧૨ | _ _ " _ _ | ૧૦૦ | ગરીબોનેમળવાપાત્રઅનાજ તેમનેવિનાવિલંબેપૂરુંપાડવામાંતંત્રનીનિષ્ફળતા. | શ્રીકાન્તીભાઇખરાડી )જીગ્નેશ મેવાણી ( |
| *૧૩ | _ _ " _ _ | ૧૦૦ | રેશનીંગના દુકાનદારોનેપૂરતુંવળતરચૂકવવામાંતંત્રનીનિષ્ફળતા. | શ્રીઅમૃતજીઠાકોર |
| ૧૪ | _ _ " _ _ | ૧૦૦ | ગેરકાયદેસર રીતે પુરવઠાનો સંગ્રહ કરવાની પ્રવૃત્તિ પર નિયંત્રણ કરવામાં તંત્રનીનિષ્ફળતા . | શ્રી અરવિંદભાઇ લાડાણી |
| ૧૫ | ૪૪૦૮ –<br>ખાદ્ય...જોગવાઇ<br>૦૨–સંગ્રહ...વ્યવસ્થા<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૧–ગોડાઉનનું બાંધકામ<br>રૂ . ૩૨,૩૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૭,<br>પાનાનં .૩૯અને ૪૦ | ૧૦૦ | અનાજને બગડતું અટકાવી તેની જાળવણી માટે નવાવખારોબનાવવામાંતંત્રનીનિષ્ફળતા . | ડૉ .તુષારચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| **નર્મદા,જળસંપત્તિ ,પાણીપુરવઠાઅનેકલ્પસરવિભાગ** | | | | |
| **માગણીનં .૬૬** | | | | |
| *૧૬ | ૨૭૦૧–મધ્યમસિંચાઇ ૮૦–સામાન્ય ૦૦૧–નિર્દેશઅનેવહીવટ રૂ. ૯૯,૫૬,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૮, (ભાગ–૧) પાનાનં .૬૨થી૭૪ | ૧૦૦ | અટલભુજલયોજના અંતર્ગત ટેન્ડરની શરતો પાયાદાર રાખવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રીઅર્જુનભાઇ મોઢવાડીયા |
| ૧૭ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામીણઅનેછેવાડાનાવિસ્તારોનેપૂરતુંપાણીપહોંચાડવામાંતંત્રનીનિષ્ફળતા. | શ્રીશૈલેષપરમાર |
| ૧૮ | _ _ " _ _ | ૧૦૦ | રાજયનાજળસ્ત્રોતોઉપરથયેલદબાણોનેદુરકરવામાંતંત્રનીનિષ્ફળતા. | શ્રીઇમરાનખેડાવાલા |
| ૧૯ | _ _ " _ _ | ૧૦૦ | રાજયમાંઆવેલજુનાડેમોનું નવીનીકરણ કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રીકિરીટકુમાર પટેલ |
| ૨૦ | ૨૭૦૧–મધ્યમસિંચાઇ ૮૦–સામાન્ય ૦૦૧–નિર્દેશઅનેવહીવટ રૂ. ૯૯,૫૬,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૮, (ભાગ–૧) પાનાનં .૬૨થી૭૪ | ૧૦૦ | તંત્ર દ્વારાકેનાલોમાંસમયસરપાણીછોડવામાંતંત્રનીનિષ્ફળતા. | શ્રીકાન્તીભાઇ ખરાડી |
| ૨૧ | _ _ " _ _ | ૧૦૦ | લાંબા સમયથી બંધકેનાલોમાંસિંચાઇનુંપાણી છોડી તેને કાર્યરત કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રીદિનેશભાઇ ઠાકોર |
| ૨૨ | _ _ " _ _ | ૧૦૦ | સિંચાઇનીસગવડતાનધરાવતાવિસ્તારોને સિંચાઇ હેઠળના વિસ્તારોમાં સમાવી સિંચાઇ વિસ્તારનો વ્યાપ વધારવામાંતંત્રનીનિષ્ફળતા. | શ્રીગુલાબસિંહ ચૌહાણ |
| **માગણીનં .૬૭** | | | | |
| ૨૩ | ૨૨૧૫–પાણી...સ્વચ્છતા ૦૧–પાણીપુરવઠો ૦૦૧–નિર્દેશઅનેવહીવટ રૂ. ૧,૨૭,૦૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૮ )ભાગ–૧(, પાનાનં .૧૨ | ૧૦૦ | નલસેજલયોજનામાંગેરરીતીઓઆચરનાર જવાબદારો સામે સત્વરે શિક્ષાત્મક પગલાલેવામાંતંત્રનીનિષ્ફળતા. | શ્રીઅમીતચાવડા |
| ૨૪ | _ _ " _ _ | ૧૦૦ | નલસેજલયોજનાઅંતર્ગતનળકનેકશનોઅપાયાબાદપણપાણીઅપાતુંજ નથીતેની તપાસકરીજવાબદારોસામેપગલાંલેવામાંતંત્રનીનિષ્ફળતા. | ગેનીબેનઠાકોર |
| *૨૫ | _ _ " _ _ | ૧૦૦ | નગરપાલીકા–મહાનગરપાલીકા અને મોટા ઉદ્યોગો પાસેથી પાણી વિતરણ વ્યવસ્થા અંતર્ગત વસૂલવાની થતી માતબર રકમ વસૂલવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રીઅમૃતજીઠાકોર |
| ૨૬ | _ _ " _ _ | ૧૦૦ | દક્ષિણ ગુજરાતમાં નલ સે જલ યોજનામાં થયેલ વ્યાપક ગેરરીતિઓ અંગે તપાસ કરી કડક પગલાલેવામાંતંત્રનીનિષ્ફળતા. | શ્રીઅનંતકુમારપટેલ |
| *૨૭ | _ _ " _ _ | ૧૦૦ | ઉનાળા દરમિયાન ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સર્જાતી પીવાના | શ્રીજીગ્નેશમેવાણી |

| | | | | |
|---|---|---|---|---|
| | | | પાણીની ગંભીર સમસ્યાઓ નિવારવામાં તંત્રનીનિષ્ફળતા. | |
| ૨૮ | _ _ " _ _ | ૧૦૦ | સૌરાષ્ટ્રના તમામ શહેરોમાં નિયમિત પાણી પૂરું પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીઅરવિંદભાઇલાડાણી |
| ૨૯ | _ _ " _ _ | ૧૦૦ | નલસે જલ યોજના અંતર્ગત નળના પરચેઝબીલોનીચકાસણીમાં થયેલ ગેરરીતિઓપકડવામાંતંત્રનીનિષ્ફળતા. | ડૉ .તુષારચૌધરી |
| ૩૦ | _ _ " _ _ | ૧૦૦ | વાસ્મોમાંવ્યાપકપ્રમાણમાં ચાલતી ગેરરીતિઓઅંગે ગંભીર ફરિયાદો છતાં અસરકારક પગલાં લેવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રીવિમલભાઇચુડાસમા |
| ૩૧ | _ _ " _ _ | ૧૦૦ | દર વર્ષે યોજનાઓ પાછળ કરોડોનો ખર્ચ કરવાં છતાં ગ્રામીણ અને નાના શહેરોમાં પીવાના પાણીની અછત દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા . | શ્રી ઉમેશભાઇ મકવાણા |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તોની ભેગી ચર્ચા કરવામાં આવશે.

ડો. તુષાર અ. ચૌધરી(ખેડબ્રહ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહમાં માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક ૨૨, ૨૩, ૬૬, ૬૭ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટ પરની ચર્ચામાં માનનીય નાણામંત્રીશ્રી ગુજરાતની ઇકોનોમીને ૦.૨૮ ટ્રિલિયન ડોલરથી વર્ષ ૨૦૪૭માં ૩.૫ ટ્રિલિયન ડોલર સુધી લઇ જવાની વાત કરી છે. એમ પણ કહેવામાં આવ્યું હતું કે, ગુજરાત રોજગાર ઊભા કરવામાં દેશનું પ્રથમ ક્રમનું રાજ્ય બન્યું છે. એમ પણ કહવામાં આવ્યું છે કે, સૌર ઊર્જા ઉત્પાદનમાં દેશમાં એક નંબર પર છે અને ઔદ્યોગિક ઉત્પાદનમાં પણ ૧૮ ટકાના યોગદાન સાથે ગુજરાત દેશમાં પહેલા નંબરે છે અને સાથે સાથે છેલ્લાં કેટલાંય વર્ષોથી વાઇબ્રન્ટ ગુજરાત સમિટ થાય છે એના કારણે ગુજરાતમાં લાખો-કરોડોનું મૂડીરોકાણ આવ્યું છે. સાથે સાથે મંત્રીશ્રીએ એ પણ જણાવ્યું છે કે, ગુજરાતના રેશન કાર્ડ ધારકોને અમે સબ્સીડાઇઝ રેટ એટલે કે ૫૦ રૂપિયે કિલો તુવેરદાળ લગભગ ૨૨,૯૮૮ મે.ટન ગુજરાતની જનતાને આપીએ છે. એ જ રીતે ૩૦ રૂપિયે કિલો ચણા લગભગ ૫૪,૬૫૨ મે.ટન ગુજરાતની જનતાને આપ્યા છે. એ જ રીતે ડબલ ફોર્ટીફાઇડ સોલ્ટ-મીઠું ૧ રૂપિયાના દરે લગભગ ૪૬,૯૩૩ મે.ટન ગુજરાતની પ્રજાને આપવામાં આવ્યું છે અને જન્માષ્ટમી અને દિવાળીના તહેવારો દરમયાન ૧ લિટર સિંગતેલનું પાઉચ રાહત દરે ૧૩૮ લાખ પાઉચનું ગુજરાતમાં વિતરણ કરવામાં આવ્યું છે. સાથે સાથે અમે હમણાં મત-વિસ્તાર ગુજરાતમાં પ્રવાસ કરીએ છીએ ત્યારે હોર્ડિંગ્સ જોવા મળે છે કે, ભાઇ, મોદીની ગેરંટી કે હવે કોઇ ગુજરાતમાં ભૂખ્યું નહીં રહે અને અમારી સરકારે ૭૨ લાખ રેશનકાર્ડ ધારક પરિવારોના ૩.૫૪ લાખ લોકોને છેલ્લાં ૪ વર્ષથી અમે મફત ઘઉં-ચોખા આપીએ છીએ ત્યારે પ્રશ્ન એ થાય છે કે આટલો બધો ગુજરાતનો વિકાસ થયો હોય તો ગુજરાતની ૬૦ ટકા જેટલી વસ્તી ૩ કરોડ ૫૪ લાખ લોકો આટલા ગરીબ કેમ છે કે એને સરકારી અનાજ પર નિર્ભર થવું પડે છે ? તો ખરેખર કોઇ જગ્યાએ તકલીફ છે કે ખરેખર આ ૩ કરોડ ૫૪ લાખ લોકો સુધી વાઇબ્રન્ટ પહોંચ્યું નથી કે ૩ કરોડ ૫૪ લાખ લોકો સુધી ગુજરાતનો વિકાસ પહોંચ્યો નથી કે ૩ કરોડ ૫૪ લાખ લોકો સુધી નોકરીઓ પહોંચી નથી કેમ ? અને હું માનું છું કે આ ગૃહમાં એક પણ સભ્ય એવો નથી કે જે ૩ કરોડ ૫૪ લાખ લોકોમાંથી એક હોય એની સાથે આપ બધા સંમત થશો. આ ૩ કરોડ ૫૪ લાખ લોકો કોણ છે ? કેમ એ લોકો હજુ ગરીબી રેખાની ઉપર આવી શક્યા નથી ? કેમ એ લોકો હજુ પોતાને મનગમતું અનાજ લાવીને ખાઇ શક્તા નથી ? એ પણ સરકારે વિચારવું પડશે. એ એટલા માટે સરકારે વિચારવું પડશે કારણ કે, આપણે પ્રોટીનયુક્ત ચણા હોય, પ્રોટીનયુક્ત તુવેરદાળ હોય એ બધું આપતા હોઇએ તેમ છતાં પણ ૦થી ૫ વર્ષમાં કુપોષણનો દર હતો એ ૧,૨૫,૯૬૦ હતો, એના ૫,૭૦,૩૦૫ એટલે કે ૫ ગણો વધારો કુપોષણમાં પણ ૦થી ૫ વર્ષમાં થયો છે. સાથે સાથે ૫ વર્ષથી ઉપરનાં બાળકો છે ખાસ કરીને મહિલાઓ સાથે ગ્રામીણ ગુજરાતમાં કુપોષણનો દર ૪૪.૪૫ ટકા છે અને શહેરી ગુજરાતમાં કુપોષણનો દર ૨૮.૯૭ ટકા છે. મને લાગે છે કે આપણે અનાજની જાહેરાત તો કરીએ છીએ પણ એ લોકો સુધી પહોંચતું નથી. એનું કારણ છે કે છેલ્લાં વર્ષના આંકડા જોઇએ તો પુરવઠા વિભાગ દ્વારા ૧૫૫ જેટલા દરોડા પાડવામાં આવ્યા હતા એમાં લગભગ ૬,૯૨,૨૨૫ કિલોગ્રામ ચોખા, ઘઉં, તુવેર દાળનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. એની અંદાજિત કિંમત લગભગ ૧૯૦ કરોડ થાય છે. ગત વર્ષે જ અમદાવાદમાં ૬૨૦૦૦ જેટલા રેશન કાર્ડધારક પરિવારોના કાર્ડને હેક કરીને, સોફ્ટવેરમાં ચેડાં કરીને લગભગ ૧૦૦ કરોડ રૂપિયા જેટલું અનાજ સગેવગે કરવામાં આવ્યું હતું અને એમાં ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ૨૩ લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને એ કેસ અત્યારે ચાલી રહ્યો છે એટલે મને લાગે છે કે સરકાર આપવા માગે છે પણ પુરવઠા વિભાગ લોકો સુધી પહોંચવા દેતું નથી એના કારણે આ પરિસ્થિતિ ઉત્પન્ન થઇ હોય એવું લાગી રહ્યું છે અને સાથેસાથે જે પ્રકારનો ભ્રષ્ટાચાર પુરવઠા વિભાગમાં ચાલી રહ્યો છે કે આજે રેશનકાર્ડ દુકાનદાર હોય તો એને દર મહિને આટલો હપ્તો આપવો પડે. એને ત્યાં ઓફિસમાં બોલાવે એટલે કંઇક લઇને જવું પડે અને એના માટે પછી ફરજિયાત અનાજ ઓછું આપવું પડે, એની ચોરી કરવી પડે એ પ્રકારની વ્યવસ્થા ગુજરાતમાં ઊભી થઇ છે. એના કારણે ખરેખર જરૂરિયાતમંદ લોકોને અનાજ પહોંચતું નથી એટલે એમાં સુધારો આવે એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. નલ સે જલ યોજનામાં મારા ગઇકાલના પ્રશ્નની ચર્ચામાં જવાબ મળ્યો હતો કે સાબરકાંઠા જિલ્લાના ૧૬ ગામોમાં નલ

સે જલ યોજના પહોંચી નથી. એ ૧૬ ગામોમાંથી ૧૩ ગામો મારી ખેડબ્રહ્મા વિધાનસભાના હતા. ખરેખર નલ સે જલ યોજના પહોંચી છે પણ પાણી કોઇ જગ્યાએ પહોંચ્યું નથી. આ તો જબરજસ્તી કરીને તલાટી અને સરપંચ ઉપર દબાણ લાવીને યોજના પૂરી થઇ ગઇ છે એવું લખાવી લેવામાં આવ્યું છે. ઘણી જગ્યાએ મોટું ગામ ૮ ફળિયાનું કે ૧૦ ફળિયાનું ગામ હોય તો એક ફળિયામાં પાણી પહોંચ્યું હોય તો પણ આખા ગામમાં યોજના પૂર્ણ થઇ ગઇ છે એ પ્રકારનું લખાવી લેવામાં આવે છે. છેલ્લા એક વર્ષથી ધારાસભ્ય બન્યા પછી એક પણ હેન્ડપંપ હું મારા વિસ્તારમાં કરાવી શકયો નથી એનું કારણ છે કે પુરવઠા વિભાગ સીધું એમ જ કહે છે કે અત્યારે નલ સે જલ યોજનામાં પાણી પહોંચી ગયું છે. તમે જે ભલામણ કરી છે એનો અમે સરવે કરીશું અને જરૂરિયાત લાગશે તો કરીશું. એક પણ બોર મારા મત વિસ્તારમાં થયો નથી. મૂળ વસ્તુ નલ સે જલ યોજના નિષ્ફળ જવાનું કારણ આદિવાસી વિસ્તારમાં એ છે કે ત્યાં છુટાછવાયા ઘરો છે અને એક સમાંતર સપાટીના નથી પણ ઊંચાનીચા હોય છે. કોઇ ટેકરા ઉપર હોય છે, કોઇ નીચાણમાં હોય છે એટલે ત્યાં આ વસ્તુ શકય જ નથી કે નળ દ્વારા પાણી પહોંચી શકે અને સૌથી મોટી જે એમાં ખામી છે, ત્રુટી છે કે નલ સે જલ યોજનામાં જે એજન્સી કામ કરે છે એનું કામ ખાલી ટાંકી ઊભી કરવાનું, સંપ ઊભો કરવાનું, પાઇપલાઇન નાખવાનું, નળ ફીટ કરવાનું, એ જ કામગીરી એણે કરવાની. જે કામગીરીના એને પૈસા મળી જાય છે. પાણી ટાંકીમાં નાખવાનું એ કામગીરી એની નથી એટલે એ કામગીરી પૂરી થઇ જાય એ પછી વાસ્મોવાળાઓ આવે અને પાણી નાખવાનો પ્રયત્ન શરૂ કરે ત્યારે ખબર પડે કે આ કરોડોની ટાંકી અહીંયા ઊભી થઇ છે પણ નીચે જમીનમાં પાણી જ નથી તો ટીપું પણ પાણી આવી ટાંકીમાં પડયું નથી. ખરેખર તો સરકારે કે જે એજન્સીને કોન્ટ્રાકટ આપ્યો છે એની જોડે વાસ્મોવાળાએ સંકલન કરવું જોઇતું હતું કે પહેલા પાણીનો સ્ત્રોત ચકાસવો જોઇતો હતો. એ સ્ત્રોત ચકાસ્યો નથી એના કારણે જૂથ પાણી પુરવઠા યોજના હોય કે નલ સે જલ યોજના હોય આજે ડાંગ જિલ્લામાં જાવ, તાપી જિલ્લામાં જાવ, વલસાડ, નવસારી, દાહોદ, પંચમહાલ, સાબરકાંઠા, બનાસકાંઠામાં જાવ. જૂથ પાણી પુરવઠા અને નલ સે જલ યોજનાઓમાં ટાંકી પાણી માટે તરસી રહી છે એવી પરિસ્થિતિ ઉત્પન્ન થઇ છે એટલે આની ખરેખર તો સમીક્ષા કરવી જ પડે કારણ કે પાણી જ ન જતું હોય તો લોકો પાઇપ પણ ચોરી ગયા છે. ઘણી જગ્યાએ સરપંચે જ લ્હાણી કરી દીધી છે કે તારે જરૂર છે તો તું લઇ જા કારણ કે પાણી પહોંચવાનું નથી તો પાઇપનું શું કામ છે? ઘણી જગ્યાએ તો પરિસ્થિતિ એવી છે કે પીવાના પાણીની લાઇન જાય છે, ગેનીબહેનથી આગળ મારું આવે છે પણ ત્યાં લાઇન બંધ છે તો હું તો ખેતી પણ એનાથી જ કરું છું.

**માનનીય સભાપતિ શ્રીમતી સંગીતાબેન પાટીલ અધ્યક્ષસ્થાને**

મારા ખેતરમાં પણ હું તો એ જ પાણી વાપરું છું જે પીવાનું પાણી છે. એવી પરિસ્થિતિ ગામડે જોવા મળે છે એટલે આ એક સદંતર નિષ્ફળ યોજના છે. એનામાં સરકારી પૈસાનો પણ વ્યય થયો છે અને એના કારણે કોન્ટ્રાકટર છે એના માટે જ આ યોજના ફળદાયી નીવડી છે પણ વાસ્તવમાં લોકો સુધી પાણી પહોંચ્યું નથી એટલે એની સમીક્ષા પણ થવી જોઇએ અને એની તપાસ પણ થવી જોઇએ એવી મારી મંત્રીશ્રીને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને બીજી એક વિનંતી હું કરવા માગું છું કે, મારા મત વિસ્તારમાં ખેડવા ડેમ આવેલો છે એ ડેમની આજુબાજુ તમામ આદિવાસી ગામડાં છે. એ ખેડવા ડેમમાંથી પાણી જાય છે પણ એ ડેમની આજુ બાજુનાં ગામડાના લોકોને પાણી મળતું નથી. એ લોકો પાણી જોઇ શકે છે પણ એ લોકો પાણી લઇ શકતા નથી તો મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, ખેડવા ડેમની આસપાસના લોકો માટે રિવર્સ કેનાલ કે પછી ત્યાં જે તળાવો આવેલાં છે એને રીચાર્જ કરીને પાણીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે તો એનાથી ગ્રાઉન્ડ વોટર લેવલ પણ ઉપર આવશે તો એ લોકો સિંચાઇ કરી શકશે. સાથે સાથે હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષની વાત કરીએ તો ૩૫ રાજયમાં આપણા ગુજરાતનો નંબર ૨૪મો છે. માનવ વિકાસ સૂચકઆંકમાં આપણે કેટલા પાછળ છીએ? કોઇ પણ રાજયની પ્રગતિનો આધાર એનો હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષ કેટલો છે એના પર હોય છે. માનનીય નાણા મંત્રીશ્રી પોતે ઉદ્યોગપતિ છે એટલે હું માનું છું કે, ગુજરાત ઔદ્યોગિક હરણફાળ ભરે એમાં એમને રસ હોય અને ગુજરાતમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર વધે એમાં પણ એમને રસ હોય પણ માનવધનનો વિકાસ છે એમાં આ સરકાર નિષ્ફળ ગઇ છે.

શ્રી સી.કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૪-૨૫ના વર્ષની માનનીય મંત્રીશ્રી અન્ન, નાગરિક પુરવઠા, ગ્રાહકો બાબતના વિભાગની અનુદાનોની માગણી ક્રમાંકઃ ૨૨, ૨૩ લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોનો વિભાગ રાજય સરકારનો ખૂબ અગત્યનો વિભાગ છે. આપણા દેશના વડા પ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને આપણા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની રાહબરી હેઠળ ડબલ એન્જિનની ચાલતી સરકાર દેશના અને રાજયના ગરીબ, વંચિત અને આર્થિક રીતે નબળા અને છેવાડાના નાગરિકોની ચિંતા કરે છે. કેન્દ્રની લગભગ ૧૭ જેટલી પ્રજાલક્ષી અને કલ્યાણકારી યોજનાઓ છે એમાં આ વિભાગને લગતી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાની જો હું વાત કરીશ તો આદરણીય વડાપ્રધાને કોવિડની મહામારી વખતે આપણા રાજયના અને દેશના લોકોએ જોયું છે કે, આ ભયંકર હાડમારીમાં ૮૦ કરોડથી વધારે લોકોને મફત વિતરણ અનાજ પૂરું પાડ્યું છે. આ યોજના કેમ લાવવામાં આવી ? મધર ટેરેસાએ કહ્યું છે કે, "Hunger is not an issue of charity, it is an issue of justice." ભૂખ્યા જનની જે વાત છે અને એમાં સંસ્કૃતમાં પણ કહ્યું છે કે ભભક્ષમ કીમ ન કરોતી? ભૂખ્યો

માણસ શું ના કરે? માનનીય અધ્યક્ષશ્રી, આ બધી જ પંક્તિઓને આપણા દેશના પંડિત દીનદયાળ ઉપાધ્યાયના આદર્શોને વરેલી આ સરકાર અંત્યોદયના અનુસંધાનમાં ગુજરાત રાજયમાં આ વિભાગ દ્વારા અગાઉ વાત થઇ એ મુજબ આપના વિસ્તારમાં માનનીય તુષારભાઇ, પૂછજો કે કેટલા લોકોને મફત અનાજ મળ્યું છે ? એમાં તંદુરસ્ત પોષક સાથે તુવેરની દાળ, ચણાની દાળ, તેલ અને મીઠું એ પણ આ વિભાગ દ્વારા આપવામાં આવેલ છે. આપ્યું છે એનો તમે સ્વીકાર કરો છો એ બહુ સારી વાત છે પણ તમારા મનમાં વિચાર આવતો હશે કે આટલા બધા લોકોને અનાજ કેવી રીતે પૂરું પાડશે? બજેટમાં વધારો થશે અને એને કારણે આપણો દેશ આર્થિક રીતે બહુ અધોગતિએ જશે એવું તમે વિચારતા હશો. પણ મારે કહેવું જોઇએ કે આપણા દેશમાં અને ગુજરાતમાં જે કાળાબજારિયાઓ છે, જે લોકો ગેરરીતિ કરે છે એને નાથવાનું કામ આ વિભાગનું છે અને લોકો સાથે જે છેતરપિંડી થતી હોય, પૂરતો અનાજનો જથ્થો ન આપવામાં આવતો હોય એના માટે પણ ગ્રાહક જાગૃતિ અને ગ્રાહકોના હિતા માટે જુદી જુદી સંસ્થાઓ મારફતે આ વિભાગના નિરીક્ષકો અને રાજયના અધિકારીઓ તકેદારી રાખે છે અને વહીવટ કરે છે. મારે કહેવું છે કે, આ રાજયમાં જ નહીં પણ આખા દેશમાં કોંગ્રેસના બધા બૂમો પાડતા હતા કે આ મફત અનાજના અનુસંધાનમાં વર્ષ ૨૦૨૪ની ચૂંટણી આવે છે પણ સાહેબ તમે ચિંતા ના કરતા કારણ કે આ દેશની અંદર ભૂમાફિયાથી માંડીને  જે લોકો કાયદેસર ટેક્સ નથી ભરતા, જેણે ભ્રષ્ટાચાર આચર્યો છે અને ઘણા બધા મારા મિત્રો કોંગ્રેસની વાત કરતા હતા કે આ બધી ઈડીની રેડો ચાલુ થઇ ગઇ, ઇન્કમટેક્સની રેડો ચાલુ થઇ ગઇ તો સાહેબ ખોટું લીધુ હોય તો સરકારની પણ એક ફરજ છે કે તે પાછું લાવી અને આમાં વધારો કરશે અને હજુ પણ મારે કહેવુ છે કે, જાન્યુઆરી–૨૦૨૪થી પાંચ વર્ષ સુધી આ જ પ્રકારે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ગુજરાતના ૭૨ લાખ લોકોને અને આ જે ૭૨ લાખ લોકોને જે અનાજ આપ્યું છે તે ૮૦ લાખ મે.ટન જેટલુ અનાજ આપવામાં આવ્યુ છે. આ વિભાગની કામગીરીના ભાગરૂપે આજે મારે કહેવું જોઇએ કે ગુજરાતની અંદર જે ફેર પ્રાઇઝની દુકાનો છે હમણા આજે મારા ગોધરા ખાતે પણ જે લોકો આ ગેરરીતિ કરતા હતા, તે ગેરરીતિ વોટસએપના બેઇઝ ઉપર અને સેટેલાઇટના બેઇઝ ઉપર આજે આધુનિકરણના અનુસંધાનમાં આજે ગેરરીતિઓના અનુસંધાનમાં પણ આ વિભાગ સજાગ છે. જે મરી ગયેલા લોકોના અનુસંધાનમાં બે વર્ષથી લગભગ રૂપિયા દોઢ કરોડ જેટલું અનાજ વહેંચતા હતા અને ૨૮ લોકોને ગેરરીતિના અનુસંધાનમાં આજે પકડી એવા અધિકારીઓ આજે અમારા સસ્તા અનાજની દુકાનો પંચમહાલ જિલ્લામાં લગભગ ૨૬ છે એના અનુસંધાનમાં આજે અનાજનો જથ્થો રાજયસાત કર્યો છે અને એ લોકોની અનાજની દુકાનો પણ કાયમને માટે બંધ કરી છે એવો ફફડાટ છે અને જે ખોટું કરતા હોય તેને અમારી સરકાર સહન કરતી નથી અને એના અનુસંધાનમાં ગુજરાતના લોકોને તેની રક્ષા માટે, તેના હિતોની રક્ષા માટે, અ ગ્રાહકોને સસ્તા અનાજની દુકાનેથી તેને પૂરતું નિયત પ્રમાણે શુદ્ધ અનાજ અને ખાદ્ય ચીજો મળી રહે તેના માટેની પણ રાજય સરકારે વ્યવસ્થા કરી છે, એટલે મને કહેતા આનંદ થશે કે આ વિભાગે ખરેખર ખૂબ સારી કામગીરી કરી રહી છે. ભૂતકાળમાં જે કંઇ હતું અને આજે મારે કહેવું જોઇએ કે આજે વર્ષ ૨૦૨૪ની ચૂંટણી નજીક આવી રહી છે. વર્ષ ૨૦૨૪ની ચૂંટણીમાં આ ત્રીજી વખત આપણા દેશના વડાપ્રધાન ફરી વડાપ્રધાન થવા જઇ રહ્યા છે, ત્યારે કોંગ્રેસના મિત્રો હોય કે ભ્રષ્ટાચારી માણસો હોય તે જે કંઇ બાકી રહી ગયા છે તેને લેવાના તો નથી પણ પછી તેને સભાનતા આવે કે હું ખોટું કરતો હતો એટલે અમારો પક્ષ તે સુધારવાનો પક્ષ છે અને જે વ્યકિત ખરાબ હોય તે સુધરી જાય તેના ભૂતકાળના દાખલા હું કહેતો નથી. એટલે મારો કહેવાનો મતલબ શું છે કે ભારતીય જનતા પાર્ટી, અમે ખરાબ નહોતા અમે સારા હતા પણ તમને લોકોને અમને સાચવતા ના આવડયા એટલે પરિસ્થિતિના અનુસંધાનમાં ગઇકાલે પણ કહ્યું હતું કે પક્ષ કોઇ ખરાબ હોતો નથી પણ પક્ષમાં રહેલી નેતાગીરીના અનુસંધાનમાં આજે આપણા દેશના વડાપ્રધાન મારે કહેવું જોઇએ કે, આજે નાની નાની બાબતોની તેઓ ચિંતા કરે છે અને ચિંતાના ભાગરૂપે આ બધી યુકિતઓ જે મેં કહી તે પ્રમાણે તેને ધ્યાને રાખીને ભૂખ્યો માણસ શું ના કરી શકે? અને આજે મારે કહેવું જોઇએ કે આ મફત અનાજ તે ગરીબોને આપે છે કાંઇ માલેતુજાર અને મધ્યમવર્ગને આપતા નથી. જે તેની વ્યાખ્યામાં આવતું હોય, કાર્યક્ષેત્રમાં આવતું હોય અને તે પ્રમાણેનું વિતરણ થાય છે ત્યારે હું જરૂર કહીશ કે આ પાંચ વર્ષ દરમિયાન ગુજરાતમાં નહીં પણ આખા દેશની અંદર મેં કહ્યું તે પ્રમાણે ભૂખ્યો માણસ શું ના કરે? અને તેના માટે મોદી સાહેબની દીર્ઘદૃષ્ટિથી આ યોજનાના અનુસંધાનમાં આજે ગુજરાતના છેવાડાના વ્યકિતઓને અનાજ મળી રહ્યું છે ત્યારે ભવિષ્યમાં લૂંટ, ધાડ અને એવા કેસો પણ બને નહીં. ગનીબહેન, આજે હું તમને કહીશ કે આયુષ્યમાન કાર્ડમાં આપણને જે કંઇ સગવડો મળે છે તે શુદ્ધ અનાજ અને....

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું મારા પ્રશ્ન નંબર–૬૬ તેમાં વાત કરું તો નર્મદાનું પાણી ઈરિગેશન વિશે તો જે તે વખતે અમારા કચ્છમાં પાણીની તો ખૂબ જ તકલીફ હતી તે આપ બધા જાણો છો.

માનનીય અધ્યક્ષશ્રી, કયાં નર્મદા અને કયાં કચ્છ? આપણે વાત કરીએ તો પણ કોઇને ખબર જ નહોતી જે તે વખતે જયારે સિંધુ નદી અમારે આવતી અને ધરતીકંપ થયો અને તે પછી તેનું નામ પડી ગયું અલ્લાબંધ અને અમારા માણસો તો વિચારતા કે હવે આપણે કરીશું શું? નર્મદાનું  નામ આવે તો કોઇ કહેશે કે આ કોઇ મહિલાનું નામ હશે પણ નર્મદા શું તેની પણ અમને ખબર નહોતી? જયારે દેશના વડાપ્રધાનશ્રી જે તે વખતે જયારે મુખ્યમંત્રી હતાત્યારે તેમણે નર્મદાનું કામ શરૂ કર્યું ત્યારે અમને પણ આશ્વાસન મળ્યું કે ભવિષ્યમાં આપણને પણ પાણી મળશે. એના માટે આપણા દેશના વડાપ્રધાનશ્રીને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. અત્યારે આપણા હાલના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, મંત્રીશ્રી કુંવરજીભાઇ

બાવળિયા સાહેબ અને તમામ તંત્રનો પણ આભાર માનીએ કારણ કે, ડુંગર પાર નદીઓ હોય એમાં જમીન સમતલ કરી પાણી પહોંચાડવું એ ખૂબ મુશ્કેલ કામ છે. જે તે વખતે અમારા કચ્છમાં દાદા મેકરણ નામના એક સંત હતા. એ રણમાં પણ પાણી પીવડાવતા પણ આજના યુગમાં અમને પૂરેપૂરો સંતોષ છે કે દેશના વડાપ્રધાનશ્રી મોદી સાહેબે અમારા એક-એક ગામ સુધી પીવાનું પાણી તો પહોંચાડ્યું અને અત્યારે ખેડૂત માટે પણ પાણી પહોંચાડી રહ્યા છે. એના માટે હું સાહેબનો જેટલો આભાર માનું એટલો ઓછો છે. હું અબડાસાની વાત કરું તો અત્યારે ત્યાં ચાર મોટા ડેમ બનાવવામાં આવ્યા છે. જે ડેમ છે એનું રિપેરિંગ કરવામાં આવ્યું છે. નાના-મોટા કુલ ૫૭ ડેમના રિપેરિંગ અને એની કૅનાલના રિપેરિંગ માટે રૂ.૧૦૧ કરોડની ગ્રાન્ટ અલગથી ફાળવવામાં આવી છે. એ ઉપરાંત અમારા દરિયાઇ વિસ્તારમાં કોઇ ડુંગર નથી, કાંઠા નથી. ત્યાં આપણા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા સાહેબે તંત્રને કહીને કોઇ પણ હિસાબે આ પાણી રોકાય કે જેથી એ પાણી રીચાર્જ થાય અને ખેડૂતને પીવાનું પાણી મળી રહે એના માટે ત્યાં કી મારી અને અંદર પ્લાસ્ટિક નાંખી એ પાણી રોકવામાં આવ્યું. જેના કારણે અમારા બોર રીચાર્જ થયા છે અને અત્યારે અમે પાણી પી રહ્યા છીએ. એના માટે આપણે ગુજરાત સરકારને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. બોર્ડરની વાત કરું તો અત્યારે ત્યાં આપણા જે સૈનિકો રહી રહ્યા છે એમના માટે પણ પીવાનું પાણી છેક સુધી પહોંચી રહ્યું છે. અત્યારે નર્મદા દ્વારા જે કેનાલ આવે છે. એની સિસ્ટમ નવી છે. અમને જેના દ્વારા પાણી આપવાના છે એ ડ્રિપ પદ્ધતિથી આપવાના છે. જેના કારણે પાણીનો બગાડ નહિ થાય અને ખેડૂતો પૂરેપૂરા પાણીનો ઉપયોગ કરી શકશે અને પૂરેપૂરો પાક લઇ શકશે. એના માટે પણ હું ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. અત્યારે કચ્છમાં જ્યાં સુધી કૅનાલો પહોંચી છે એમાંથી ડ્રિપ કરીને કરોડો-અબજોની આવક થઇ રહી છે અને લોકોને ખૂબ જ ખુશી છે. જેના ઘરે સાઇકલ નહોતી એના ઘરે પણ અત્યારે સ્કોર્પિયો અને ફોર્ચ્યુનર છે. એના માટે હું ભારતીય જનતા પાર્ટીની સરકારને જેટલા અભિનંદન આપું એટલા ઓછા છે. નખત્રાણા તાલુકાની વાત કરું તો ચાર ડેમ મોટા અને નવ ડેમ નાના છે. નિરોણા ડેમમાં રૂ.૧૪૬૫ કરોડ તાત્કાલિક પાણી લાવવાનું છે. જેના લીધે અમારા ખેડૂતોને ખૂબ જ ફાયદો થવાનો છે. અત્યારે ગુજરાત સરકાર અને મંત્રીશ્રી દ્વારા જે ડેમો બનાવવા, તળાવ બનાવવા, કૂવા બનાવી એમાં કઇ રીતે રિચાર્જિંગ થાય અને અટલ ભૂજલ દ્વારા જ્યાં-જ્યાં સરકારી બોર હોય, ખેડૂતોના બોર હોય, જ્યાં તળાવનું પાણી ઓવરફ્લો થતું હોય એના બહારના ભાગમાં બોર કરી એ પાણીનો ઉપયોગ કઇ રીતે કરી શકાય, ખેડૂતોનું પાણી રણમાં ચાલ્યું જાય છે એ પાણીને રોકી કઇ રીતે પાણીના તળ ઊંચા આવે એના માટે ખૂબ મહેનત કરવામાં આવી રહી છે. એના માટે પણ હું સરકારને જેટલા અભિનંદન આપું એટલા ઓછા છે. અમારા કચ્છને લોકશાહીમાં ન્યાય મળ્યો હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર, ગુજરાતની શ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર અને કેન્દ્રમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકાર દ્વારા મળ્યો છે. એક-એક વિભાગ જેમ કે પાણી હોય, ઉદ્યોગ હોય, રોજગારી હોય, પશુપાલન હોય, ધાર્મિક સ્થળો હોય એને સરકારે કરોડો રૂપિયા ફાળવ્યા છે અને વિકાસનાં કામો કર્યાં છે. અમારા માતાના મઢમાં અત્યાર સુધી ચોમાસામાં ખૂબ પાણી આવતું હતું. માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા માતાના મઢ આવ્યા હતા ત્યારે એમને વાત કરી કે સાહેબ આ બહુ તકલીફ છે. એમણે તાત્કાલિક તંત્રને જાણ કરી અને એ પાણી ડાયવર્ટ કરીને નદીમાં નીકળી જાય એવી વ્યવસ્થા કરાવી દીધી. ઘણા લોકો કહેતાં કે આ અશક્ય છે. એના માટે હું એ તંત્રને પણ અભિનંદન આપું છું અને આપણા મંત્રીશ્રીને પણ અભિનંદન આપું છું. આ પાણી ડાયરેકટ કરવાના લીધે ગામમાં પાણી ભરાશે નહીં. યાત્રાળુઓ સારી રીતે દર્શન કરી શકે અને રહી શકે તેના માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. લખપત તાલુકામાં ૬ નાના ડેમ અને ૪ મોટા ડેમનું પણ કામ ચાલુ છે. તેના સિવાય સાંભળા અને કુલરા ગામમાં પણ મોટા ડેમ કર્યા છે. મારા વિસ્તારના ત્રણેય તાલુકામાં જે પણ કામ થઇ રહ્યું છે તેના માટે અભિનંદન આપું છે અને જે પણ થોડું કામ બાકી છે તે ભવિષ્યમાં થઇ જશે તેવી મને આશા છે.

શ્રીમતી કંચનબેન વિ. રાદડિયા**(**ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૪-૨૫ના વર્ષના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના અનુદાનો માટેની માગણી ક્રમાંક: ૨૨ અને ૨૩ને સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અન્નની વાત આવે એટલે અન્નપૂર્ણા દેવી યાદ આવે. સનાતન ધર્મની દેવી અન્નપૂર્ણા માતાનો પુરાણોમાં ઉલ્લેખ કરેલો છે. અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગનો મુખ્ય ધ્યેય રાજ્યના પાત્રતા ધરાવતા કુટુંબોની અન્ન સલામતી અને પોષણ સલામતી માટે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વિનામૂલ્યે અનાજ અને રાહત દરે અન્ય આવશ્યક ખાદ્યસામગ્રી પૂરી પાડી ''સર્વ જન સુખાય, સર્વ જન હિતાય'' સૂત્રને ચરિતાર્થ કરવામાં આવ્યું છે. 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના' એ ભારત સરકારની ફ્લેગશિપ યોજના છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા દેશના ગામડાંના ગરીબ પરિવારો દ્વારા સ્વચ્છ ઇંધણના અભાવે લાકડાં અને છાણાં જેવા ઇંધણોનો વપરાશ કરવાથી તેના ધૂમાડાના કારણે મહિલાઓ અને બાળકોના આરોગ્યને થતાં નુકસાનને અટકાવવા વિનામૂલ્યે એલ.પી.જી. ગેસ જોડાણ પૂરું પાડવા માટે ૧લી એપ્રિલ, ૨૦૧૬થી સમગ્ર ભારતમાં 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના' અમલમાં મૂકવામાં આવેલ. જેનું ગુજરાત રાજ્યમાં સફળતાપૂર્વક અમલીકરણ કરવામાં આવેલ છે. 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના 1.0' હેઠળ સમગ્ર દેશમાં કુલ આઠ કરોડ ગેસ કનેક્શન આપવામાં આવેલ છે. જે અંતર્ગત અંદાજિત ૨૯ લાખ ગેસ કનેક્શન માત્ર ગુજરાતમાં આપવામાં આવેલા છે. ઓગસ્ટ-૨૦૨૧માં આદરણીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા સમગ્ર દેશમાં વધુ એક કરોડ લાભાર્થીઓને આવરી લેવા માટે 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના 2.0' અમલમાં મૂકવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન દેશના વધુ ૬૦ લાખ કુટુંબોને આવરી લેવા

ભારત સરકાર દ્વારા લક્ષ્યાંક નિયત કરેલ હતો. જે લક્ષ્યાંક પણ ડિસેમ્બર-૨૦૨૨માં પૂર્ણ થયેલ હતો. 'પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના'ના બીજા તબક્કા દરમિયાન ગુજરાત રાજ્યમાં અંદાજિત ૯.૩૮ લાખ જેટલા ગેસ કનેક્શન વિનામૂલ્યે આપવામાં આવેલ છે. હાલમાં ભારત સરકાર દ્વારા સપ્ટેમ્બર-૨૦૨૩માં 'પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના 2.0' હેઠળ વધુ ૭૫ લાખ ગેસ કનેક્શન વિનામૂલ્યે આપવા માટે જાહેરાત કરવામાં આવેલ છે. જેની અમલવારી ચાલુ છે. રાજ્ય સરકાર દ્વારા વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન બાકી રહેલ લાભાર્થીઓને 'પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના' હેઠળ સમાવવા ખાસ ઝુંબેશ હાથ ધરેલ છે. જે મુજબ રાજ્યમાં અંદાજિત ૪ લાખ જેટલા કનેક્શન રીલિઝ કરવામાં આવેલ છે. આમ, રાજ્ય સરકારના સતત માર્ગદર્શન અને અથાગ પ્રયત્નોના કારણે રાજ્યમાં 'પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના' હેઠળ અંદાજિત કુલ ૪૨ લાખથી વધુ ગેસ કનેક્શન પૂરાં પાડવામાં આવેલ છે. જે બદલ હું રાજ્ય સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં 'પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના' તથા 'રાજ્ય પીએનજી/એલપીજી સહાય યોજના'ના લાભાર્થી મળી રાજ્યમાં આશરે કુલ ૩૮.૬૦ લાખ લાભાર્થીઓને ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ઘરગથ્થું વપરાશ માટે એપ્રિલ-૨૦૨૩ થી જૂન-૨૦૨૩ના ક્વાર્ટસમાં એક તથા ઓક્ટોબર-૨૦૨૩ થી ડિસેમ્બર-૨૦૨૩ના ક્વાર્ટરમાં એક એમ કુલ બે એલ.પી.જી. સિલિન્ડર વિનામૂલ્યે રિફલિંગ કરી આપવા માટે યોજનામાં મૂકેલ છે જે બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. સમગ્ર યોજનાનું અમલીકરણ આઇ.ઓ.સી.એલ., એચ.પી.સી.એલ., બી.પી.સી.એલ. જેવી ઓઇલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા અપાતી ભારત સરકારની સબસિડીની જેમ જ રાજ્ય સરકારની સહાયની રકમ લાભાર્થીઓના બેંક ખાતામાં ડી.બી.ટી. મારફત પારદર્શક રીતે જમા કરવામાં આવે છે. સદર યોજનાઓની સફળતાને ધ્યાને લઇ રાજ્ય સરકાર દ્વારા યોજનાને આગામી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ સુધી લંબાવવામાં આવેલ છે. પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના હેઠળ સરકારશ્રી દ્વારા વધુ ચાર લાખ જેટલા લાભાર્થીઓનો સમાવેશ કરતાં એમને પણ બે-બે એલ.પી.જી. સિલિન્ડર વિનામૂલ્યે રિફલિંગ કરી આપવામાં આવેલ છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૫૦૦ કરોડની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ છે જે બદલ હું રાજ્ય સરકારશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. લાભાર્થીને કોઇ મુશ્કેલ ન પડે તે માટે રાજ્ય સરકાર દ્વારા કૉમન સર્વિસ સેન્ટર, સી.એચ.સી. પર બુકિંગની સુવિધા ઉપલબ્ધ છે તેમજ પેટીએમ, એમેઝોન સહિત ભારત બિલ પે સિસ્ટમ હેઠળ પણ ચૂકવણી અને બુકિંગ કરી શકાય તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે. આપણને ખ્યાલ છે કે પહેલાં આપણે સિલિન્ડર નોંધાવવું હોય તો લાઇનમાં ઊભું રહેવું પડતું હતું.

શ્રી કાળુભાઇ રૂ. ડાભી**(**ધંધૂકા) : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા વિભાગ માંગણી નં. ૬૭ના સમર્થનમાં હું મારી વાત રજૂ કરું છું અને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે રાજ્યના દૂરંદેશી નેતૃત્વ હેઠળ પાણીપુરવઠા વિભાગે પીવાના પાણીની દૃષ્ટિએ જળ સલામતી માટે કરેલ છેલ્લાં ૨૨ વર્ષના આયોજન અને અમલના લીધે આજે દૈનિક ૩૨૦૦ એમ.એલ.ડી. જેટલું પીવાનું પાણી ગ્રામ્ય વિસ્તારમાં પૂરું પાડી ગુજરાત મૉડલનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ છે. નળ મારફતે પૂરતા પ્રમાણમાં પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે બલ્ક પાઇપલાઇન, નવી જૂથ યોજનાનાં કામો, હયાત જૂથ યોજનાનાં સુધારણાનાં કામો, ફળિયાઓને જૂથ યોજના હેઠળ આવરી લેવા માટે ફળિયા જોડાણનાં કામો તેમજ ગામમાં નળ જોડાણ માટેની ગ્રામ્ય આંતરિક વિતરણ વ્યવસ્થાનાં કામો હાથ ધરવામાં આવેલ છે. પાણી પુરવઠા પ્રભાગની સેવાઓને લગતી ફરિયાદોના નિવારણ અર્થે ટોલ ફ્રી હેલ્પલાઇન નં.૧૯૧૬ કાર્યરત કરવામાં આવેલ છે તેમજ મુખ્ય કચેરી ગાંધીનગર ખાતે ૨૪ કલાકનો કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં આવેલ તમામ ફરિયાદોનો સંતોષપૂર્વક નિકાલ કરવામાં આવેલ છે. હું જે વિસ્તારમાંથી આવું છું ત્યાં પીવાના પાણીની વ્યવસ્થાની વાત કરું તો, અમદાવાદ જિલ્લામાં કુલ ૯ તાલુકા અને ૯ શહેરોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ જિલ્લાની કુલ વસ્તી ૧૩.૭૬૦ લાખ છે. અમદાવાદ જિલ્લામાં ૪૮૪ ગામો પૈકી ૪૮૧ ગામોને નર્મદા અને અન્ય સરફેસ સ્ત્રોત આધારિત યોજના હેઠળ જોડવામાં આવેલ છે. જ્યારે અન્ય ગામો પોતાના સ્થાનિક સ્ત્રોતોમાંથી પાણી મેળવે છે. આ તમામ ગામોને નવીન સુધારણા યોજના જૂથ હેઠળ આવરી લેવા માટેના કામોનું અમલીકરણ હાથ ધરવામાં આવેલ છે. આજે મારે ધંધૂકા તાલુકાની વાત કરવી છે. કૉંગ્રેસના સમયમાં ધંધૂકાને એક કહેવત આપવામાં આવી હતી કે, 'દીકરીને બંદૂકે દેજો પણ ધંધૂકે ના દેતા.' આજે ધંધૂકાની વાત કરતાં હું આનંદની લાગણી અનુભવું છું કે ભારતીય જનતા પાર્ટીની સરકારે આ કહેવતને નાબૂદ કરી છે. ધંધૂકા તાલુકાના ગામોની વાત કરું તો આ તાલુકામાં કુલ ૪૩ ગામો પૈકી તમામ ૪૩ ગામોમાં નર્મદા આધારિત વિવિધ જૂથ યોજના હેઠળ પાણી પુરવઠો મળે છે. મારા વિસ્તારમાં હાથ ધરવામાં આવેલ વિવિધ જૂથ યોજનાની વાત કરું તો, ધંધૂકા તાલુકાના ૪૩ ગામોનો સમાવેશ કરતી સાત સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાના અંદાજિત રકમ રૂ.૨૩.૮૯ કરોડના કામો હાલ પ્રગતિમાં છે. આમ, પીવાના પાણી ક્ષેત્રે રાજ્ય સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ અભૂતપૂર્વ કામગીરી તથા સિદ્ધિઓની સમગ્ર દેશમાં નોંધ લેવામાં આવી છે. અન્ય રાજ્યોના પ્રતિનિધિ મંડળો ગુજરાત રાજ્યના ઇજનેર કૌશલ્યની જાણકારી મેળવી તેમના રાજ્યોમાં તેનું અમલીકરણ કરી રહ્યા છે ત્યારે ધંધૂકા તાલુકામાં આજે પીવાનું પાણી તો મળે જ છે પરંતુ ખેતી માટે પણ ખૂબ પાણી મળી રહ્યું છે. પાણીના આવા વિકટ પ્રશ્નો જો દૂર કર્યા હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યા છે. હું ગુજરાતની જનતા વતી આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ અને માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુવરજીભાઇ બાવળીયાનો ખૂબ-ખૂબ આભાર માનું છું.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ )

શ્રી ગૌતમભાઇ ગો. ચૌહાણ(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, હું વર્ષ ૨૦૨૪–૨૫ની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોના બાબતના વિભાગના અનુદાન માટેની માગણી ક્રમાંક– ૨૨ અને ૨૩ માટે સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માતા અન્નપૂર્ણાને અન્ન પૂરું પાડનાર દેવી માનવામાં આવે છે. અન્ન ઓછું થાય નહીં અને જોઇએ તેટલી અન્નની ભરપૂરતા રહે એવું કરનારી માતા એટલે અન્નપૂર્ણા માતા. આ વાતને સાર્થક કરવા આપણી રાજ્ય સરકારે દરેક જરૂરિયાતમંદ નાગરિકને પૂરતા જથ્થામાં અનાજ મળી રહે તે માટે અન્નપૂર્ણા યોજના અમલમાં મૂકી છે તેમજ ફૂડ હેલ્થ લાઇન યોજના, અન્ન બ્રહ્મ યોજના અમલમાં મૂકી છે. આજના જમાનામાં બાળકોથી લઇને મોટા વૃદ્ધોને પોતાના પોષણ માટે અન્નની જરૂર પડે છે. ખોરાક એ પૃથ્વી ઉપરના દરેક જીવની જરૂરિયાત છે. અન્ન વગર જીવન અશક્ય છે અને અન્ન ઉગાડવાની કલા માણસને જ હાથવગી છે. રાજ્ય સરકારે તારીખ ૦૧/૦૪/૨૦૧૬થી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો ૨૦૧૩નો અમલ કર્યો છે. જે મુજબ ગ્રામ્ય વિસ્તારમાં ૨૫૮.૭૮ લાખ અને શહેરી વિસ્તારમાં ૧૨૪.૦૬ લાખ લોકોને આયોજનમાં આવરી લેવામાં આવ્યા છે. આ કાયદા હેઠળ બે પ્રકારના કુટુંબો અસ્તિત્ત્વમાં આવ્યા છે. અંત્યોદય કુટુંબ અને અગ્રતા ધરાવતા કુટુંબો. એન.એફ.એસ.એ.–૨૦૧૩ના કાયદા હેઠળ રાજયમાં માહે ડિસેમ્બર–૨૦૨૩ની સ્થિતિએ રાજયના અંત્યોદય ૭,૭૧,૩૨૮ કુટુંબોની ૩૫,૫૩,૧૭૮ જનસંખ્યા તથા અગ્રતા ધરાવતા ૬૪,૯૯,૪૮૯ કુટુંબોની ૩,૧૯,૦૯,૫૭૫ની જનસંખ્યા મળી કુલ ૭૨,૭૧,૩૨૮ કુટુંબોની કુલ ૩,૫૪,૬૨,૭૬૨ જનસંખ્યાને આવરી અંત્યોદય કાર્ડ ધરાવતા લોકોને કાર્ડદીઠ કુલ ૩૫ કિલો વિનામૂલ્યે અનાજ આપવામાં આવે છે તેમજ અગ્રતા ધરાવતા કુટુંબને વ્યકિત દીઠ ૫ કિલો અનાજ વિનામૂલ્યે આપવામાં આવે છે. રાજયમાં દરેક નાગરિકને પોતાના હક્કનું અનાજ મળી રહે તે માટે આપણી સરકારે પારદર્શક રીતે દરેક વાજબી ભાવની દુકાનમાં કમ્પ્યુટર ફિંગર પ્રિન્ટ જેવા ઉપકરણ વસાવીને ઇ.એસ.પી.એસ.ની વ્યવસ્થા ગોઠવી છે. સરકાર દ્વારા તારીખ ૦૮/૦૨/૨૦૧૭ના જાહેરનામાથી આધાર આધારિત વિતરણ વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં હાલમાં ફિંગર પ્રિન્ટ અને ઓ.ટી.પી. આધારિત પદ્ધતિ અમલમાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણી સરકારે વન નેશન, વન રેશન કાર્ડ યોજના મૂકી છે. જે અંતર્ગત દેશના કોઇપણ રાજયમાંથી કોઇપણ નાગરિક પોતાના આધાર ઓળખ પ્રસ્થાપિત કરી મળવાપાત્ર અનાજ મેળવી શકે છે. અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતના વિભાગ દ્વારા તા.૧૪–૩–૨૦૨૩ના ઠરાવથી એન.એફ.એસ.એ. હેઠળ પી.એચ.એસ. તરીકે સમાવેશ માટેની આવક મર્યાદા રૂ.૧૦ હજારથી વધારીને રૂ.૧૫ હજાર કરીને વધુ ૩૫ લાખ લાભાર્થીને રાહત દરે અનાજનો લાભ આપવાની કામગીરી કરી છે. આપણી સરકારે નાના શ્રમિકોની ચિંતા કરીને ઇ–શ્રમિક કાર્ડ ધારકનો ડેટા મેળવી આવા શ્રમિકોને પોષણયુક્ત આહાર મળી રહે તે માટે એન.એફ.એસ.એ. હેઠળ સમાવી લેવાની કામગીરીનો આરંભ કરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત નાગરિક પુરવઠા નિગમ દ્વારા મુક્ત બજારમાંથી ઓનલાઇન ઇ–ઓકશન દ્વારા ખાંડ, ડબલ ફિલ્ટર્ડ સિંગતેલ અને ડબલ ફોર્ટિફાઇડ મીઠું જન્માષ્ટમી અને દિવાળી જેવા તહેવારોમાં નજીવા દરે વિતરણ કરી આ યોજના હેઠળ લાભાર્થીઓને તહેવારોની ઉજવણી કરવાનો અવસર આપ્યો છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના તથા રાજય સરકારની પી.એન.જી., એલ.પી.જી. સહાય યોજના દ્વારા બે એલ.પી.જી. વિનામૂલ્યે રિફિલિંગ કરવાની બાબત અમલમાં મૂકી છે. જેનો ૨૧ લાખ લાભાર્થીને લાભ મળ્યો છે. ભાવનગર જિલ્લાની વાત કરું તો પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ કુલ ૧.૮૦ લાખ ગેસ કનેકશન આપવામાં આવ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ અંદાજિત ૩.૬૬ લાખ કુટુંબોની ૧૬.૯૯ લાખની જન સંખ્યાને તથા મારા મત વિસ્તાર તળાજાના ૦.૩૬ લાખ કુટુંબોની ૨.૦૫ લાખ જન સંખ્યાને રાહત દરે અનાજની આ યોજનામાં લાભ મળ્યો છે. ઘઉં અને કઠોળ સંદર્ભમાં સંગ્રહખોરીને રોકવા માટે ભારત સરકાર દ્વારા ઘઉં અને કઠોળના સ્ટોક ઓર્ડર્સ પર સ્ટોક લિમિટ લાદેલ છે. જે મુજબ પોતાની પાસે સંગ્રહિત સ્ટોક ભારત સરકારના વેબ પોર્ટલ પર રજિસ્ટર કરવાનું ફરજિયાત કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જાહેર વિતરણ વ્યવસ્થાના સુચારું સંચાલન માટે રાજયની તમામ ૧૭ હજારથી વધુ વ્યાજબી ભાવની દુકાનોમાં કામગીરી દેખરેખ માટે તકેદારી સમિતિની રચના કરવામાં આવી છે. તમામ તકેદારી સમિતિના સભ્યોની વિગતો, સભ્યોનાં નામ, સંપર્ક માટે મોબાઇલ નંબર પારદર્શકતા માટે પોર્ટલ પર મૂકવામાં આવેલા છે. સરકાર દ્વારા સ્થાનિક કક્ષાએ તકેદારી સમિતિની નિમણૂક કરી છે. ગ્રાહક એ જ ભગવાન છે એ સૂત્રને સાર્થક કરવામાં આપણી સરકારે ગ્રાહક સાથે કોઇપણ જાતની છેતરપિંડી ન થાય અને જો થાય તો તેને ન્યાય મળે તે માટે ગ્રાહક સુરક્ષાનો હક્ક દરેક નાગરિકને આપવામાં આવેલ છે. વધુમાં ગ્રાહકોના હિત રક્ષણ અને જાગૃતિ માટે પ્રદર્શન, સેમિનાર, શિબિરો યોજીને માર્ગદર્શન આપવું અને લોકોમાં ગ્રાહક સુરક્ષાની જાગૃતિ આવે તે માટે પ્રચાર પ્રસાર કરવા માટે પણ સરકાર હંમેશા પગલાં લઇ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર માન્ય ગ્રાહક સુરક્ષા મંડળોને પોતાના કાર્યક્ષેત્રમાં શિબિર, સેમિનાર, પત્રિકા વહેંચણી, પ્રદર્શન જેવી કામગીરી માટે વર્ષ ૨૦૨૨–૨૩માં કુલ ૩૦ મંડળોને ૨૪,૦૧,૪૫૬ રૂપિયાની નાણાકીય સહાય ચૂકવેલ છે. ૧૫મી માર્ચ વિશ્વ ગ્રાહક અધિકાર દિન અને ૨૪ ડિસેમ્બર રાષ્ટ્રીય ગ્રાહક દિન નિમિત્તે રાજય કક્ષાની ઉજવણીનો કાર્યક્રમ જે તે જિલ્લામાં ગ્રાહક સુરક્ષા મંડળના સહયોગથી અન્ન નાગરિક પુરવઠા દ્વારા દર વર્ષે ઉજવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આગામી સમયમાં પણ સરકારના આ વિભાગ દ્વારા વધુને વધુ ઉત્તમ કામગીરી કરવામાં આવશે જ, એવો મને વિશ્વાસ છે. આ વિશ્વાસ વ્યકત કરીને અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતના વિભાગ ઉપરની ચર્ચાને પૂર્ણ સમર્થન કરીને આ માગણીઓને હું મારું સમર્થન કરું છું. જય જય ગરવી ગુજરાત.

શ્રી યોગેશ આર. પટેલ(આણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર વિશ્વમાં વસંતપંચમીનો પવિત્ર દિવસ છે. આ પવિત્ર દિવસે સનાતન ધર્મનો જયઘોષ એ કયારેય કલ્પી ન શકાય એવા ઇસ્લામિક રાષ્ટ્રોના સમૂહ એવા યુનાઇટેડ આરબ અમિરાતના અબુધાબીમાં આપણા વિશ્વનેતા મહાપુરૂષ આદરણીય ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબના હસ્તે પ્રથમ હિન્દુ મંદિર વિશ્વને ભેટ આપવા જઇ રહ્યા છે ત્યારે હું તેઓને સતસત વંદન કરું છું. સાથેસાથે ઇસ્લામિક દેશોમાં કયારેય જોયું ન હોય એવો ''ભારત માતા કી જય'' નો જે જય ઘોષ થઇ રહ્યો છે એ આપણા સૌના માટે એક ગૌરવનો પ્રસંગ છે અને એનો તમામ શ્રેય આપણા વડાપ્રધાનશ્રીને જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે પાણી પુરવઠા વિભાગની માગણી નં.૬૭ જયારે પાણીદાર મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા સાહેબ જયારે આ ગૃહમાં લઇને આવ્યા છે એના સમર્થનમાં હું મારી વાત રજૂ કરવા ઊભો થયો છું. આ ૧૫મી વિધાનસભાના અધ્યક્ષ આદરણીયશ્રી શંકરભાઇ ચૌધરીસાહેબે આ જ સત્રમાં એક બ્રહ્મવાકય આપ્યું હતું કે ''પાણીનું પ્રત્યેક ટીપું પરમ કૃપાળુ પરમાત્માનો પ્રસાદ છે.'' ખરેખર ''જળ એ જીવન છે. પાણી કુદરતીની આપેલી એક એવી જડીબુટ્ટી છે કે જે માનવીનું જીવન, પ્રત્યેક પશુપક્ષીનું જીવન ધબકતું રાખે છે. મને જણાવતા આનંદ થાય છે કે આવા પાણીની જેની કિંમત કલ્પી ન શકાય એવા ગુજરાત રાજયમાં ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની મૃદુ અને મક્કમ સરકાર તમામ ગ્રામીણ અને શહેરી ક્ષેત્રોમાં સલામત અને પર્યાપ્ત પ્રમાણમાં પીવાનું પાણી મળી રહે એ માટે સર્વાંગી પ્રયત્નો કર્યા છે અને એની વ્યવસ્થા કરી છે ત્યારે સન ૨૦૦૨થી રાજયના જળક્ષેત્રે સમાન સ્તરે પાણીનું વિતરણ કરવા અને કયારેય પાણીની તંગી ન પડે એ માટે ગુજરાત સરકારે રાજયવ્યાપી પાણી પુરવઠા ગ્રીડનું નિર્માણ કર્યું છે. આ પાણી પુરવઠા ગ્રીડ આખા રાજયમાં સમાંતર અને પર્યાપ્ત પ્રમાણમાં પાણી પહોંચાડે છે એ આ મૃદુ સરકારની એક મોટી ઉપલબ્ધતા છે. સાથેસાથે ગુજરાતના નાગરિકોનું આરોગ્ય જળવાય, લોકોને ચોખ્ખું સ્વચ્છ પાણી મળે એના માટે પણ આ રાજય સરકારે ખૂબ સુંદર વ્યવસ્થા કરી છે. કહેતા ગૌરવ થાય કે આ ગુજરાતના નાગરિકોને સ્વચ્છ પાણી મળે એ માટે રાજય કક્ષાની એક નાભથી પ્રમાણિત એક સ્ટેટ લેબોરેટરીનું પણ આ સરકારે આયોજન કર્યું છે. સાથેસાથે ૩૩ જિલ્લા છે એમાં નાભ એપ્રુવડ ૩૩ લેબોરેટરી મૂકવામાં આવી છે તથા એનાથી પણ નીચે વ્યવસ્થાના ભાગરૂપે તાલુકા કક્ષાએ ૪૬ લેબોરેટરીઓ આજે કાર્યરત છે. જેમાં દર વર્ષે ૪ લાખથી પણ વધુ નમૂનાઓના પૃથક્કરણ થાય છે જેનાથી ગુજરાતની પ્રજાને ચોખ્ખું સ્વચ્છ નિરોગી પાણી મળી રહે. હમણાં ચૌધરી સાહેબ કહેતા હતા કે આદિવાસી વિસ્તારોમાં પાણી પહોંચતું નથી તો મારે એમાં કહેવું છે કે ગુજરાતની આ સરકારે ગ્રામ્ય વિસ્તારમાં ૧૯,૫૮૮ મીની પાઇપ યોજનાઓ સાથે ૨,૭૯,૭૧૬ હેન્ડપંપ બેસાડીને છેલ્લામાં છેલ્લા માનવી સુધી પાણી પહોંચાડવાનું કામ કર્યું છે. આદિવાસી વિસ્તારની જે વાત થાય છે એની વાત કહું તો ૧૭૪૭૮ મીની પાઇપ યોજનાઓ અને ૨,૧૬,૧૪૬ હેન્ડપંપ આદિજાતિ વિસ્તારમાં બનાવી સરકારે છુટાછવાયા ડુંગરાળ અને અંતરિયાળ વિસ્તારમાં રહેતા અદિજાતિ વિસ્તારની સુવિધામાં સતત વધારો કર્યો છે. હું જે વિસ્તારમાંથી આવું છું એ આણંદ ખૂબ સમૃદ્ધ વિસ્તાર છે. ત્યાં પણ આ ગુજરાતની સંવેદનશીલ સરકારે મારા આણંદની પ્રજાને ચોખ્ખું અને નિરોગી પાણી મળે, હાલ ત્યાં નગરપાલિકામાંથી બોરમાંથી ટાંકીમાં પાણી જાય છે અને ૭૦૦ કરતાં વધારે ટી.ડી.એસ.વાળું પાણી આવે છે. આ સંવેદનશીલ સરકારે વિચાર્યું કે આણંદની પ્રજાને ચોખ્ખું પાણી કેમ કરીને આપવું? એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીનો આણંદની જનતા વતી આભાર માનું છું કે એમણે રૂ. ૧૭૨ કરોડના ખર્ચે નલ સે જલ યોજના હેઠળ મહીસાગરનું પાણી આણંદના વિસ્તારોમાં પહોંચે એ માટે ખૂબ સારી વ્યવસ્થા અને યોજના આપી છે. જેના આધારે હવે આણંદ નગરપાલિકા, વિદ્યાનગર, કરમસદ વિસ્તારમાં મહીસાગરનું લગભગ ૧૦૦-૧૫૦ ટી.ડી.એસ.વાળું પાણી મળશે. આપ જાણો છો કે શરીરમાં થતા ચામડીના રોગો, કિડનીના રોગો એ લોકોમાં કેટલો બધો તફાવત આવશે અને એ લોકોનું જીવન સુખમય બનશે. આણંદ જિલ્લામાં ૮ તાલુકા અને ૧૧ શહેરોનો સમાવેશ થાય છે. કુલ વસતિ ૨૧ લાખની છે. સાથોસાથ અમદાવાદ જિલ્લાના ૩૫૭ ગામો પૈકી ૧૩૯ ગામો સરફેસ આધારિત ૧૧ જૂથ યોજના હેઠળ જોડવામાં આવ્યા છે. અન્ય ગામો પોતાના સ્થાનિક સોર્સમાંથી પણી મેળવે છે. આ તમામ લોકોને નવીન સુધારણા યોજના અને જૂથ યોજના હેઠળ આવરી લેવા માટે અમલીકરણ હાથ ધરવામાં આવ્યું છે. મને જણાવતા આનંદ થાય છે કે અમારા આણંદ તાલુકાના ગામોની વાત કરું તો તમામ ૪૧ ગામોને સ્થાનિક સોર્સ આધારિત વ્યકિતગત યોજના હેઠળ ઘેર ઘેર પાણી પહોંચે છે. રાજ્ય સરકારના વહેવારિક અને સકારાત્મક નેતૃત્વ હેઠળ ...(અંતરાય)

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે જળસંપત્તિ વિભાગની માગણી નં. ૬૬ના સમર્થનમાં મારી વાત કરવા આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો મત વિસ્તાર મોરબી જિલ્લો, ટંકારા તાલુકો, મોરબી તાલુકો અને રાજકોટના પડધરી તાલુકામાં આવેલ છે. આપણે સૌ જાણીએ છીએ કે સમગ્ર સૌરાષ્ટ્રના વિસ્તાર માટે સૌની યોજના જીવાદોરી સમાન છે. સૌરાષ્ટ્રના તમામ ખેડૂતોના મનમાં સૌની યોજના દ્વારા પાણીની ઉપલબ્ધી થાય તે માટે અવાર-નવાર ધારાસભ્યશ્રીઓ અને

સંસદસભ્યશ્રીઓની રજૂઆતો વિભાગમાં આવતી હોય છે ત્યારે યોજનાની મર્યાદા હોય તેથી સૌની યોજના થકી મહત્તમ વિસ્તારમાં પાણી આપી શકાય તે માટે જળસંપત્તિ વિભાગ સક્રિય છે. અગાઉ પાણીના પ્રશ્નોની વાત કરું તો સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત નપાણીયો વિસ્તાર ગણાતો. જ્યારે દુષ્કાળ પડે ત્યારે સૌરાષ્ટ્ર અને કચ્છના લોકો દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં માલધારીઓ પોતાના ઢોર બચાવવા માટે સ્થળાંતર કરતાં હતાં. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૨૪મી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ રાજકોટ ખાતે હેમુ ગઢવી હોલ ખાતે સૌરાષ્ટ્રની અંદર નર્મદાના પાણી ઉતારવા માટે રૂપિયા ૧૦ હજાર કરોડની સૌની યોજનાની જાહેરાત કરી. તે સમયનો હું સાક્ષી છું. અમને એવું લાગતું હતું કે સૌની યોજનાથી સૌરાષ્ટ્રની અંદર પાણી કેવી રીતે પહોંચી શકશે તે અંગે અમને વિશ્વાસ ન હતો, ત્યારે આજે દેશના વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને ધન્યવાદ આપી એમનો આભાર વ્યક્ત કરવો પડે કે સૌરાષ્ટ્રના તમામ ગામોને પીવાનું અને સિંચાઇનું પાણી આપ્યું છે. સૌરાષ્ટ્રના ખેડૂતોને ખુશખુશાલ કર્યા છે. આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે ત્યારે ખેતી અને ખેડૂતોની સમૃદ્ધીની નીતિ સાથે દેશના વડાપ્રધાન અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ખેતીને સમૃદ્ધી તરફ લઇ જવા માટે ખૂબજ રાત-દિવસ કામ કરતાં હોય ત્યારે ખેતરે ખેતરે સિંચાઇના પાણી પહોંચે તે રીતે ગુજરાત સરકાર પણ કામ કરતી સહોય ત્યારે મને યાદ આવે છે કે, આપણા દેશના પૂર્વ પ્રધાનમંત્રીશ્રી અટલબિહારી બાજપાયીજીનો એક મંત્ર હતો કે, ''**હર હાથ કોઇ કામ ઔર હર ખેત કોઇ પાની**'' આ મંત્રને સાર્થક કરીને દેશના આરદણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પૂરો કર્યો છે. મારા મત વિસ્તાર ટંકારા-પડધરીમાં સૌની યોજના લિંક-૧ અને ૩ મારફત, આજી-૧, આજી-૨, આજી-૩ મચ્છુ-૧, મચ્છુ-૨, મચ્છુ-૩, ડેમી-૧, ડેમી-૨, ડેમી-૩ અને ૪ અને ઉન નદીમાં આવેલા ચેકડેમોમાં હજારો લિટર પાણી આપીને દેશના આરદણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વર્ષ ૨૦૧૫માં ખેડૂતોની આવક બમણી કરવા માટે સિંચાઇનું પાણી પૂરું પાડ્યું છે ત્યારે આપણને પણ અત્યારે વિશ્વાસ બેસી રહ્યો છે કે આજે ખેડૂતોની બમણી આવક થાય એ પ્રમાણે ડબલ ઉપજ લઇને ખેડૂતો સમૃદ્ધ થયા છે. ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને સિંચાઇ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા સાહેબે સૌની યોજના મારફત ૩ કિલોમિટરની ત્રિજ્યાની અંદર આવતા ચેકડેમો ભરવા માટેનો નિર્ણય કર્યો છે ત્યારે સૌરાષ્ટ્રના ખેડૂતભાઇઓ વતી હું સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું. તમામ સદનના સભ્યશ્રીઓને એક વાત ધ્યાને મૂકું છું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને આ દેશના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને આ સૌની યોજનાનો વિચાર ના આવ્યો હોત કે આ સૌની યોજના થઇ ના હોત તો આજે સૌરાષ્ટ્રની પરિસ્થિતિ ક્યાં હોત? સૌરાષ્ટ્રની અંદરથી હિજરત કરીને મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં એક સ્થળાંતર કરવાનો વારો આવ્યો હોત ત્યારે દેશના આરદણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને સિંચાઇ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાનો હું ધન્યવાદ સાથે આભાર પણ વ્યક્ત કરું છું કે જેમણે ગામે ગામે પીવાનું પાણી અને સિંચાઇનું પાણી પહોંચાડ્યું છે ત્યારે એમનો અને સરકારશ્રીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. સૌની યોજનાથી રાજકોટ, ગોંડલ, મોરબી, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, જામનગર, અમરેલી, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ વગેરે જિલ્લાના ગામો અને શહેરોને પીવાનું પાણી પણ સમયસર મળે છે. મારા ટંકારાની વાત કરું તો વર્ષ ૨૦૨૩-૨૪માં ૬ જળાશયો, ૯ તળાવો અને ૯૯ ચેક ડેમો ભરીને આજે ૯૭૫ એમ.સી.એફ.ટી. પાણીનો જથ્થો આપી સિંચાઇ અને પીવાના પાણીનો ખૂબજ લાભ મળી રહ્યો છે. મારા મોરબી જિલ્લાની વાત કરું તો મચ્છુ-૨ માં જ્યારે મુખ્ય નહેર ડાયરેક્ટ માયનોર અને ૨૨૦૦ મિટરની લંબાઇ પાઇપ લાઇન નાખીને કન્વર્ટ કરીને કામ પૂર્ણ થયું છે ત્યારે શહેરીજનોને ખુલ્લી નહેરોના બદલે પાઇપ લાઇન થવાથી ગંદકી તેમજ અકસ્માત થવાની સમસ્યા, ટ્રાફિકની સમસ્યા દૂર થવા પામી છે તેમજ સદરહુ નહેરથી નીચાણવાળા વિસ્તારોમાં વંચિત ગામો વજેપર, માધાપર, અમરેલી અને ખીજડિયા ગામોને કુલ કમાન્ડના વિસ્તારોની અંદર ૭૯૦ હેકટર જમીનને સમયસર પાણી મળતું થયું છે. મોરબી જિલ્લાના પ્રગતિ હેઠળના કામની વાત કરું તો મચ્છુ-૨ અને મચ્છુ-૩ની યોજનાની કેનાલથી વધારાના પાણીના નિકાલ માટે કેનાલને સ્ટ્રેન્થન માટેનું રૂપિયા ૫ કરોડનું કામ પ્રગતિમાં છે તેનાથી વધારાના પાણીનો નિકાલ તળવો તથા આડકતરી રીતે ચેકડેમો ભરીને માળિયા તાલુકાના ૮ ગામોને ખૂબ જ સિંચાઇનો લાભ મળવાનો છે. સૌની યોજના આધારિત ડેમી સિંચાઇ યોજનાથી મોરબી જિલ્લાના ટંકારા તાલુકાના નેસડા ગામ, ખોરડા ગામ, મહેન્દ્રપુર અને નાનારામપર ગામના તળાવો ભરવા માટે...

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ભીખાભાઇ ર. બારૈયા(પાલીતાણા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા સાહેબ વર્ષ ૨૦૨૪-૨૫ના જે પાણી પુરવઠા વિભાગના અનુદાન માટેની માગણી નં. ૬૭ લઇને આવ્યા છે તેમને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી ગ્રામ્ય વિસ્તાર હોય કે શહેરી વિસ્તાર હોય આ તમામ નાગરિકોને પ્રાથમિક સુવિધા મળી રહે જેવી કે વીજળી હોય, પાણી હોય અને રસ્તા હોય જેના હિસાબે આજે ગુજરાતમાં સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે. આ પૃથ્વી ઉપર સજીવ માત્રને પાણી વગર જીવન જીવવું અશકય છે. હમણાં મારા સાથી સભ્ય શ્રી યોગેશભાઇએ જે વાત કરી પાણી એ ભગવાને આપેલો પ્રસાદ છે. એ પ્રસાદને કોઇ બાકી ન રહે એ રીતે અમારી સરકાર પ્રયત્ન કરે છે. કોઇ પ્રસાદ વગર બાકી રહે તો કુદરતનો કોપ થાય. સત્યનારાયણ ભગવાનની કથામાં પણ

પ્રસાદ જેણે ન લીધો હોય એની શું દશા થાય એવી રીતે આ પ્રસાદનું વિતરણ અમારી સરકાર રાજયના તમામ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી આપવા અથાગ પ્રયત્નો કરી રહી છે. રાજય સરકાર દ્વારા સરદાર સરોવર નર્મદા કેનાલ અને ભૂગર્ભ જળ આધારિત વ્યક્તિગત જૂથ યોજના, પાણી પુરવઠા યોજનાઓ માટે ૩૨૦૦ કિલોમીટર મુખ્ય પાઈપલાઇનનું વિશાળ નેટવર્ક ઊભું કરીને સૌ પ્રથમ રાજયવ્યાપી પાણી પુરવઠાનું નેટવર્ક ઊભું કરી અત્યાર સુધીમાં રાજયના ૧૪૯૨૬ ગામો અને ૨૪૧ શહેરી વિસ્તારોને પીવાના પાણીની સુવિધા પૂરી પાડવામાં અમારી રાજય સરકારને પૂરેપૂરી સફળતા મળી છે. છેલ્લાં ૨૨ વર્ષમાં અમારી સરકાર દ્વારા તબકકાવાર ગુજરાતના તમામ ગ્રામ્ય વિસ્તારો નવીન તેમજ સુધારણા જૂથ યોજનાઓનાં કામો કરવામાં આવી રહ્યાં છે. મને જણાવતા આનંદ થાય છે કે અમારા સૌરાષ્ટ્ર વિસ્તારમાં પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે ઢાંકીથી નાવડા, નાવડાથી બોટાદ, બોટાદથી ગઢડા અને સાવણ અને સાવણથી ઘરઈ અને ભેંસાણ અને બલ્ક પાઈપલાઇનનાં કામો હાથ ધરવામાં આવેલાં છે. હું જે વિસ્તારમાંથી આવું છું ત્યાંની પીવાના પાણીની વ્યવસ્થા બાબતે આ સદનને જણાવતા મને આનંદ થાય છે ભાવનગર જિલ્લાના કુલ ૧૦ તાલુકાઓના ૬૬૧ ગામો તથા ૧૬ શહેરો કુલ અંદાજે ૨૪ લાખની વસ્તી નર્મદા તથા અન્ય સ્ત્રોત આધારિત ભાવનગર જિલ્લાના ૬૬૧ ગામો પૈકી તમામ ગામોને નર્મદા તથા અન્ય સ્ત્રોત આધારિત ૧૨ જૂથ યોજનાઓ હેઠળ જોડવામાં આવેલ છે. આ તમામ ગામોને નવીન સુધારણા યોજના જૂથ યોજના હેઠળ આવરી લેવા માટેના કામોનું અમલીકરણ અમારી સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલું છે. મારા વિસ્તારની વાત કરું તો પાલીતાણા તાલુકાના તમામ એટલે ૮૯ ગામોને  નર્મદા આધારિત વિવિધ જૂથ યોજનાઓ હેઠળ પાણી પુરવઠો મળે છે. મારા વિસ્તારમાં હાથ ધરવામાં આવેલી વિવિધ જૂથ યોજનાની વાત કરું તો પાલીતાણાના ૧૧ ગામોનો સમાવેશ કરતી પાલીતાણા ભાગ-૨ સુધારણા જૂથ યોજના જેના રૂ. ૨૩.૨૫ કરોડના કામો હાલ પ્રગતિ હેઠળ છે. બીજી યોજના પાંડેરીયા જૂથ યોજના એ પણ રૂપિયા ૨૩.૨૫ કરોડનાં કામો અત્યારે પ્રગતિમાં છે. પાલીતાણા તાલુકાના ૫૭ ગામોનો સમાવેશ કરતી ચોરવડલા જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના અંદાજિત રકમ રૂપિયા ૫૪.૪૭ કરોડનાં કામો એ પણ હાલ પ્રગતિમાં છે. હાલમાં જીવાપુર જૂથ યોજના થકી મારા વિસ્તારના ગામોને અત્યારે પાણી પૂરતું મળી રહે છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની દીર્ઘદષ્ટિને કારણે સરદાર સરોવર નર્મદા કેનાલને અન્ય જૂથ પાણી પુરવઠા યોજનાના ભાગરૂપ તરીકે આવરી લેવાતા તથા નલ સે જલ કાર્યક્રમ અંતર્ગત જ્યાં જરૂરિયાત હોય તેવા ગામના ફળિયાને જૂથ યોજના સાથે જોડવાની કામગીરી કરવાનો નિર્ણય કરી અમલીકરણની કાર્યવાહી અમારી સરકારે હાથ ધરેલ છે. જલજીવન મિશન અંતર્ગત નલ સે જલ સેવા યોજના ગુજરાત રાજયના તમામ ઘરોમાં નળ દ્વારા પીવાનું પાણી પૂરું પાડવા માટે જોડાણની સિદ્ધિ હાંસલ કરેલ છે. રાજયમાં કુલ ૧૯૫૦૦ની મીની પાઇપ લાઇન યોજના પૂર્ણ કરવામાં આવી છે તેમાં પણ ૧૭૫૦૦ની આદિવાસી વિસ્તારમાં પૂર્ણ કરવામાં આવી છે. મને જણાવતા આનંદ થાય છે કે, છેલ્લા એક વર્ષમાં રૂપિયા ૧૧૧૦ કરોડની ૮૩૯ ગામોને આવરી લેતી ૨૦ યોજનાઓ પૂર્ણ કરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગત એક વર્ષમાં રૂપિયા ૯૭૦ કરોડની ૧૯ યોજનાઓ જેમાં ૫૦ લાખ લોકોને જૂથ યોજનાનો લાભ પહોંચે તેવાં કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવેલ છે, જ્યારે રૂપિયા ૫૫૦ કરોડની ૧૧ યોજનાઓનું લોકાર્પણ કરવામાં આવેલ છે. પૂર્ણ કરેલ યોજનાઓ પૈકી ૧૧ યોજનાઓ દ્વારા ૮૨૩ ગામોના ૪૦ લાખ લોકોને આશરે ૪૦૦ એમ.એલ.ડી. પાણી જૂથ યોજનાઓ થકી ઉપલબ્ધ થઇ રહ્યું છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

શ્રી જનકભાઇ તળાવિયા(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં આજ રોજ માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા વર્ષ ૨૦૨૪-૨૫ના અનુદાનો માટેની જે માગણી નં.૬૬ લઇ આવ્યા છે અને જ્યારે મને એમાં ભાગ લેવાની તક મળી છે ત્યારે હું આ ગૃહનો આભાર માનુ છું અને મારી વાત આ ગૃહ સમક્ષ રાખી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ અંગે બોલવા માટે જ્યારે હું ઊભો થયો છું ત્યારે અહીંયા બેઠેલા તમામ સભ્યશ્રીઓને ખબર છે કે, આપણી ધરતી આપણી માં છે અને જ્યારે આપણે ધરતી માતાની સારી રીતે જાળવણી કરવી હોય અને એનું યોગ્ય રીતે સિંચન કરવામાં આવે તો આપણને ઢગલામોઢે ધનધાન્ય આ ધરતી માતા દ્વારા મળતું હોય છે. આપણો દેશ કૃષિ પ્રધાન દેશ છે અને આ દેશની મોટા ભાગની વસતિ જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં રહે છે ત્યારે ખેતી થકી ગામડાનો વિકાસ શક્ય બને છે. જ્યારે આપણો દેશ મૌસમી પવનોનો પ્રદેશ હોવાના કારણે ચોમાસાના વરસાદ આધારિત મોટા ભાગની ખેતી થતી હોય છે. વરસાદ આધારિત ખેતીવાળા આપણા ગુજરાતમાં મોટી અને બારમાસી નદીઓનો પણ ખૂબ અભાવ છે ત્યારે પાણીનો યોગ્ય અને આયોજનપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો સારી રીતે ખેતી થઇ શકે છે. ગુજરાત સરકારના જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા ગુજરાતમાં જળ અને અન્નની સમસ્યાનો ઉકેલ લાવવા માટે મહત્ત્વપૂર્ણ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે અને આ યોજનાઓ એટલે સુજલામ સુફલામ યોજના.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની સૂકી ધરતી અને સૂકા પેટાળવાળા ૮ જિલ્લાની સમસ્યાનું નિરાકરણ માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનામાં રૂ.૧૨૦૭ કરોડના ખર્ચે રાજયના ૮ જિલ્લાના ૩૨ તાલુકાના ૪૫૯ ગામોમાં ૩૭૪ તળાવો ભરીને ૧ લાખ ૭૨ હજાર એકર વિસ્તારમાં પ્રત્યેક્ષ અને પરોક્ષ સિંચાઇનો લાભ આપવામાં આવી રહ્યો છે. વળી, દર વર્ષે ઉત્તર ગુજરાતમાં ભૂગર્ભ જળ ત્રણથી ચાર મીટર નીચા જતાં હતા તે અટકી ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું એક સ્વપ્ન હતું કે, ખેડૂતોની આવક બમણી થાય ત્યારે ગુજરાત રાજયના મૃદુ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે પણ ગુજરાતના ખેડૂતોની વિશેષ ચિંતા કરી અને તેમની આવક બમણી થાય તે માટે ખૂબ જ પ્રયાસો કરી રહ્યા છે ત્યારે રાજયનો કૃષિ વિભાગ ખેડૂતોની આવક બમણી થાય તે માટે અનેક ખેડૂતલક્ષી યોજનાઓ લાવી રહ્યા છે. મારા અમરેલી જિલ્લાના મત વિસ્તાર લાઠી અને બાબરાની વાત કરું તો બાબરા વિસ્તારના કેટલાય ગામોને આ સૌની યોજનાનો લાભ મળી રહ્યો છે ત્યારે મારા મત વિસ્તાર લાઠીમાં સૌની યોજના દ્વારા જે હમણાં માનનીય મંત્રીશ્રી દ્વારા હમણાં બે મહિના પહેલાં જ જે મંજૂર કરવામાં આવી છે એવી નવી પાઇપલાઇનથી અમારા લાઠી તાલુકાની અંદર ભાલવાવ, ધામેન, ધામેલપરા અને હજીરાધાર એમ કુલ ૪થી ૫ ગામોને અત્યારે આ સૌની યોજનામાં જોડવાનું જે આયોજન કરવામાં આવ્યું છે તે માટે હું માનનીય મંત્રીશ્રીનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા લાઠી તાલુકાના જે ગામો બાકી રહી ગયેલા છે તેનો ઝડપથી આ યોજનામાં આવરી લેવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે તે માટે પણ હું માનનીય મંત્રીશ્રીનો અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. સૌની યોજના દ્વારા નર્મદાના પૂરના વધારાના ૧ મિલિયન એકર ફીટ પાણીથી સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં ૧૧૫ જળાશયો ભરીને આશરે ૯૭૦ કરતા વધુ ગામોને ૮ લાખ ૨૪ હજાર ૮૭૨ એકર વિસ્તારને પીવાનું તથા સિંચાઇની સુવિધા મળે તે માટે ૧૮,૫૬૩ કરોડ રૂપિયાનો ખર્ચ આ યોજના દ્વારા અમલમાં મૂકવામાં આવી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર એવા બાબરા અને લાઠી તાલુકામાં ચેક ડેમ રિપેરિંગ હોય, જંગલ કટિંગ તથા જળ સંચય પ્રવૃત્તિને વેગ મળે તે માટે રૂ.૧૬૫ લાખના ખર્ચે નાનાં મોટાં ૫૭ કામો હાથ ધરી પૂર્ણ કરવામાં આવ્યાં છે અને નવાં કામો માટે પણ આગામી વર્ષ માટે રૂપિયા ૨૦ કરોડ કરતા પણ વધુની રકમનાં કામો હાથ ધરવાનું આયોજન પણ હાથ ધરાયું છે તે બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી તેમજ માનનીય મત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં અમરેલી જિલ્લામાં સૌની યોજના દ્વારા કુલ-૯ જળાશયો ભરવાનું આયોજન છે તે પૈકીના ૭ જળાશયો ભરવાની કામગીરી પૂર્ણ થયેલ છે અને ૨ જળાશયો ભરવા માટેની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે તે પૈકી અમરેલી જિલ્લા વર્ષ ૨૦૨૪ દરમિયાન ૩૨ તળાવો અને ૧૫૫ ચેક ડેમો ભરવા માટેનું આયોજન છે. અને મારા લાઠી અને બાબરા વિસ્તારમાં ૨૧ તળાવો, ૧૬૩ ચેક ડેમો, ૯૯૮ મિલિયન ઘનફૂટ જેવો પાણીનો જથ્થો આપી સિંચાઇ અને પીવાના પાણીનો લાભ મળે છે. મારા મત વિસ્તાર લાઠી તાલુકાની અંદર કુલ-૪૧૬ ચેક ડેમો આવેલા છે જેની સંગ્રહશકિત ૧૨૦ મિલિયન ઘનફૂટ છે જેનાથી આશરે ૪૧૬૦ હેકટર વિસ્તારને સિંચાઇનો આડકતરી રીતે લાભ મળે છે તેમજ બાબરા તાલુકામાં કુલ-૨૩૪ ચેક ડેમો આવેલા છે જેની સંગ્રહશકિત ૬૦ મિલિયન ઘનફૂટ છે જેનાથી આશરે ૪૧૬૦ હેકટર વિસ્તારને સિંચાઇનો લાભ મળવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર લાઠી-બાબરા તાલુકાના હીરાણા, નારણગઢ, ધ્રુફણીયા, કાંચરડીમાં નવા ૫ ચેક ડેમો બાંધવાનું તથા બાબરા તાલુકામાં કરિયાળા, ઉંટવડ, ચરખા, સુપવડ, લાલખા વગેરે,

સભાપતિશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

**( વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૦૦ )**

**માનનીય સભાપતિશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને**

શ્રીમતી સેજલબેન રા. પંડ્યા(ભાવનગર-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૪-૨૫ના વર્ષના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના અનુદાન માટેની માગણી ક્રમાંક-૨૨ અને ૨૩ માટે મારું સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, નાગરિક પુવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ ગ્રાહકોના હિતોના રક્ષણ માટે સતત કાર્યરત છે. ગ્રાકકોનું હિત સચવાઇ રહે અને તેઓના હક્કનું ઉલ્લંઘન થાય તો તેના રક્ષણ હેતુ હાલ રાજ્યમાં એક રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ આયોગ અને ૩૮ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગ અસ્તિત્વમાં છે. ગ્રાહકોની પરિભાષામાં સમાવિષ્ટ કોઇ પણ નાગરિક આયોગ ખાતે ફરિયાદ દાખલ કરી તેનું ઝડપી અને બિનખર્ચાળ નિવારણ મેળવી શકે છે. ગ્રાહક સુરક્ષા અધિનિયમ-૨૦૧૯ ગ્રાહકોને વેપારીની ગેરવર્તણૂક, પ્રોડક્ટની ગેરમાર્ગે દોરતી જાહેરાતોથી રક્ષણની ખાતરી આપે છે. ગ્રાહકોને થનારા નાણાકીય નુકસાન, વસ્તુ કે સેવાના નુકસાન સામે વળતર આપે છે. કોન્ફોનેટ પ્રોજેક્ટ હેઠળ દાખલ થયેલ કેસોમાં તમામ પક્ષકારોને ૭ દિવસમાં નોટિસ મોકલવામાં આવે છે. તેમજ આગામી મુદ્દતો તથા ફરિયાદ ક્યા સ્ટેજ પર છે તેની માહિતી એસ.એમ.એસ.થી ૪૮ કલાકમાં મોકલવામાં આવે છે. ફરિયાદો પર થયેલ દૈનિક હુકમો ૨૪ કલાકમાં કોન્ફોનેટ વેબસાઇટ પર અપલોડ કરવામાં આવે છે અને આખરી હુકમ ૪૮ કલાકમાં ઓનલાઇન અપલોડ કરવામાં આવે છે. ગ્રાહક સુરક્ષા એક્ટ-૨૦૧૯ની કલમ-૭૪ હેઠળ રાજ્ય આયોગ અને જિલ્લા આયોગ દ્વારા મધ્યસ્થી સેલની રચના કરવામાં આવેલ છે. ફરિયાદોના ઝડપી નિકાલ માટે અસરકારક વૈકલ્પિક પદ્ધતિ છે. ગ્રાહકો પોતાની ફરિયાદો ઘેર બેઠા આયોગ ખાતે દાખલ કરી શકે તે માટે ભારત સરકાર દ્વારા ઇ-દાખિલ પોર્ટલમાં મૂકવામાં આવેલ છે. આજ દિન સુધીમાં કુલ ૩૧૮૭ ફરિયાદો ઇ-દાખિલના માધ્યમથી જિલ્લા અને રાજ્ય આયોગ ખાતે આવેલ છે. વર્ષ ૨૦૨૨માં રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ આયોગ ખાતે કુલ ૨૧૫૫ ફરિયાદો દાખલ થયેલ. જેની સામે કુલ ૧૭૨૬ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૩માં રાજ્ય આયોગ ખાતે કુલ

૩૫૮૩ ફરિયાદો દાખલ થયેલ જ્યારે કુલ ૨૬૨૩ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે. આમ ઝડપી, બિનખર્ચાળ અને તટસ્થ નિર્ણયો થકી ગ્રાહકોનું હિત સચવાય તેમજ ગુણવત્તાયુક્ત વસ્તુઓ/સેવાઓ મળી રહે તે માટે સરકાર પ્રતિબદ્ધતા બતાવે છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ચાલતી સરકાર અંત્યોદયના પ્રામાણિક મનસૂબા ધરાવે છે. આ સરકાર દ્વારા રાજ્યમાં ગરીબોની અન્ન સલામતી માટે જે જાહેર વિતરણ વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવેલ છે તેના સંચાલન માટે અનેકવિધ એજન્સીઓ દ્વારા સંકલન હાથ ધરી અનાજ તેમજ અન્ય ચીજ વસ્તુઓનો માસિક ધોરણે નિયમિત પુરવઠો વાજબી ભાવની દુકાન મારફત લોકોને મળી રહે તે માટે મોનિટરિંગ તથા સુપરવિઝનની કામગીરી નિયમિત રીતે કરવામાં આવે છે. જેની માહિતી હું ટૂંકમાં તમારા માધ્યમથી ગૃહ સમક્ષ મૂકી રહી છું. જાહેર વિતરણ વ્યવસ્થા માટે ભારત સરકારના અન્ન અને જાહેર વિતરણ વ્યવસ્થા મંત્રાલય વાર્ષિક, ત્રિમાસિક, માસિક ધોરણે અનાજ અને ખાંડની ફાળવણી કરે છે. જ્યારે પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા વાર્ષિક, ત્રિમાસિક ધોરણે કેરોસીનની ફાળવણી કરે છે. ગુજરાત રાજ્યમાં રેશનકાર્ડ ધારકોના પ્રકાર, જનસંખ્યા તેમજ કાર્ડદીઠ મળવાપાત્ર આવશ્યક ચીજવસ્તુઓના ધોરણો નજર સમક્ષ રાખી માસની શરૂઆતમાં રાજ્ય કક્ષાએ ઉપલબ્ધ આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાનું જિલ્લાવાર સપ્રમાણ વિતરણ કરવામાં આવે છે. જેના આધારે જિલ્લા પુરવઠા અધિકારીઓ, તાલુકા અને શહેરી તાલુકા માટેની ફાળવણી કરે છે. જ્યારે તાલુકા મામલતદારશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ વ્યાજબી ભાવની દુકાનો, કેરોસીન રીટેલરો, ફેરિયાઓને કાર્ડધારકો સુધી વિતરણ માટે માસિક ધોરણે આવશ્યક ચીજવસ્તુઓની પરમીટ આપે છે. સબંધિત વ્યાજબી ભાવના દુકાનદારોએ આ પરમીટમાં જણાવેલ જથ્થો ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ હેઠળના ગોડાઉનો ખાતેથી મેળવવાનો હોય છે. જ્યારે ભારત સરકારની ઓઇલ કંપની દ્વારા નીમેલ અને જિલ્લા ખાતે આવેલા કેરોસીન એજન્ટો દ્વારા પરમીટ મુજબનો કેરોસીનનો જથ્થો જે તે વ્યાજબી ભાવની દુકાન, કેરોસીન રીટેલર કે ફેરિયાઓના સ્થળ સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરી આપવાની રહે છે. સામાન્યત: રાજ્યમાં વસવાટ કરતાં દરેક કુટુંબોને રેશન કાર્ડ મેળવવાનો અધિકાર છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૨૩ અન્વયે આજે આ વિભાગે રેશનકાર્ડ સુલભ કરી દીધેલ છે. સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ રાહત દરે એટલે કે બજાર કિંમત કરતાં ઓછા ભાવે વિતરણ કરવામાં આવે છે. આ ચીજવસ્તુઓના સપ્લાય ચેનને કાર્યરત કરતી સંસ્થાઓ જેમ કે, ભારતીય ખાદ્ય નિગમ, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ, કેરોસીન એજન્ટ ફેરિયાઓ, વ્યાજબી ભાવના દુકાનદારો વગેરેના સ્તરે કોઇ પણ પ્રકારની અનિયમિતતા થયેલ હોય તો તે અંગે રાજ્ય સરકારને 1800–3233–5500 ટોલ ફ્રી ફોન નંબર પર સંપર્ક કરી ફરિયાદો નોંધાવી શકે છે. વ્યાજબી ભાવની દુકાનોના વિસ્તારદીઠ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં તકેદારી સમિતિઓની નિમણૂક કરવામાં આવેલ છે. આ સમિતિઓમાં ગ્રામ પંચાયતના સરપંચ, તલાટી, ગ્રામ પંચાયતના મહિલા સભ્ય ઉપરાંત ગરીબી રેખા નીચેના કાર્ડધારકો પૈકી બે કાર્ડધારકોને સભ્ય તરીકે નિમવામાં આવે છે. આ તકેદારી સમિતિએ વ્યાજબી ભાવની દુકાન ખાતે આવશ્યક ચીજવસ્તુઓની આવક અને વિતરણ ઉપર દેખરેખ રાખવાની થાય છે તેમજ વ્યાજબી ભાવની દુકાન ખાતે રાખવામાં આવતાં સ્ટોક રજિસ્ટર અને વેચાણ રજિસ્ટર વગેરેની નિયમિત રીતે ચકાસણી કરવાની થાય છે. આવશ્યક ચીજવસ્તુ ધારો તેમજ પેટ્રોલિયમ એક્ટ હેઠળ જે ચીજવસ્તુઓનું નિયંત્રણ કરવાનું થાય છે તેના સંગ્રહ, લે–વેચ વગેરેને લગતી કામગીરી માટે નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકની કચેરી તેમજ જિલ્લા પુરવઠા અધિકારી અને મામલતદારશ્રી તેઓ હસ્તકના તકેદારી એકમો મારફત મળેલ ફરિયાદોની તપાસ કરી કાયદાની જોગવાઇનું પાલન થાય છે કે કેમ તેની ખાતરી કરે છે. જે કિસ્સામાં ભંગ જણાતો હોય તેવા કિસ્સામાં અધિકારીએ આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાને સીઝ કરી ખાતાકીય રાહે પગલાં લેવામાં આવે છે. ગંભીર ગુનાના કિસ્સામાં પોલીસ ફરિયાદ અને જરૂરિયાત અનુસાર કાળા બજાર નિવારણ ધારા હેઠળ અટકાયતનાં પગલાં પણ લેવામાં આવે છે.

શ્રી યોગેન્દ્રસિંહ પરમાર(ઠાસરા): માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા વિભાગની માગણી ક્રમાંક–૬૭ના સમર્થનમાં હું આજે મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે લોકોના આરોગ્ય અને જીવનધોરણ સુધારા માટે પૂરતા પ્રમાણમાં સારી ગુણવત્તાયુક્ત પાણી નિયમિત રીતે મળી રહે તે માટે રાજ્ય સરકારે ભગીરથ પ્રયત્નો કરેલ છે. રાજ્ય સરકાર દ્વારા ભૂગર્ભ જળ આધારિત વ્યક્તિગત પાણી પુરવઠા યોજનાના ગામોને પાણીના સરફેસ સોર્સ આધારિત જૂથ પાણી પુરવઠા યોજનાના ભાગ તરીકે આવરી લેવાનું આયોજન કરેલ છે તથા ' નલ સે જલ' યોજના અંતર્ગત જ્યાં જરૂરિયાત હોય તેવા ગામના ફળિયાઓને ગામના સંપ સાથે જોડવાનો નિર્ણય કરેલો છે. પીવાના પાણીનું માળખું યોગ્ય અને સક્ષમ રીતે ચાલે તે સુનિશ્ચિત કરવા માટે યોગ્ય ગુણવત્તાવાળું, પૂરતી માત્રામાં સમયસર રોજે રોજ પાણી વિતરણ સુનિશ્ચિત બને તે ઉદ્દેશથી પાણીની ગુણવત્તા અને જથ્થાના રીઅલ ટાઇમિંગ મીટરિંગ માટેના પ્રોજેક્ટનું અમલીકરણ હાથ ધરવામાં આવેલ છે. જે માટે ગાંધીનગર ખાતે સેન્ટ્રલ મોનિટરિંગ સ્ટેશન દ્વારા રીઅલ ટાઇમ મોનિટરિંગ કરવા માટે કુલ ૨૨૬૩ સ્માર્ટ વૉટર ફ્લોમીટર અને ૫૦૦ ઓનલાઇન ક્વોલિટી એનાલાઇઝર લગાડવાની કામગીરી પ્રગતિ હેઠળ છે અને ટૂંક સમયમાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે. હું જે વિસ્તારમાંથી આવું છે ત્યાંની પીવાના પાણીની વ્યવસ્થાની વાત કરું તો ખેડા જિલ્લામાં કુલ–૧૦ તાલુકાઓ અને ૧૦ શહેરોનો સમાવેશ કરવમાં આવેલ છે. આ જિલ્લાની કુલ વસ્તી ૨૩ લાખ છે. ખેડા જિલ્લાના ૫૧૭ ગામો પૈકી ૩૩૨ ગામોને નર્મદા તથા અન્ય સરફેસ સ્ત્રોત આધારિત ૧૪ જૂથ યોજના હેઠળ જોડવામાં આવેલ છે. જ્યારે અન્ય ગામોને પોતાના સ્થાનિક

સ્ત્રોતથી પાણી મળેલ છે. આ તમામ ગામોને નવીન/સુધારણા યોજના જૂથ યોજના હેઠળ આવરી લેવા માટેનાં કામોનું અમલીકરણ હાથ ધરવામાં આવેલ છે. ઠાસરા તાલુકાના ગામોની વાત કરું તો, આ તાલુકામાં કુલ ૬૬ ગામો પૈકી ૨૫ ગામો નર્મદા તથા અન્ય સરફેસ સ્ત્રોત આધારિત વિવિધ જૂથ યોજનાઓ હેઠળ પાણી પુરવઠો મેળવે છે. જ્યારે અન્ય ગામો પોતાના સ્થાનિક સ્ત્રોતો આધારિત વ્યક્તિગત પાણી પુરવઠા યોજનાઓમાંથી પાણી મેળવે છે. ખેડા જિલ્લાના હાથ ધરવામાં આવેલ અન્ય કામોની વાત કરું તો, માતર અને વસો તાલુકાના ૨૭ ગામોનો સમાવેશ કરતી નગરામાં સુધારણા ભાગ-૧ જૂથ પાણી પુરવઠા યોજનાના કામો પ્રગતિમાં છે. ખેડા જિલ્લાના ૨૩ ગામોનો સમાવેશ કરતી નગરામાં સુધારણા ભાગ-૨ જૂથ પાણી પુરવઠા યોજનાનાં કામો પ્રગતિમાં છે. કપડવંજ, કઠલાલ અને મહુધા તાલુકાના ૭૭ ગામોનો સમાવેશ કરતી કપડવંજ લસુન્દ્રા સુધારણા જૂથ પાણી પુરવઠા યોજના(ગ્રુપ-સી) પેકેજ-૧ અને પેકેજ-૨ના કામો પ્રગતિ હેઠળ છે. ખેડા જિલ્લાના નડિયાદ, મહુધા, મહેમદાબાદ અને કઠલાલ તાલુકાના બાકી રહેતા ગામો માટેની ભાગ-૧ના પેકેજ-૧, ૨ અને ૩નાં કામો પ્રગતિ હેઠળ છે. મારા વિસ્તારમાં હાથ ધરવામાં આવેલ વિવિધ જૂથ યોજનાની વાત કરું તો, ઠાસરા તાલુકાના ૨૮ ગામોનો સમાવેશ કરતી ઠાસરા ગલતેશ્વર જૂથ પાણી પુરવઠા યોજના(ઉત્તર)અંદાજિત રકમ રૂ. ૭૬.૭૦ કરોડનાં કામો હાલ પ્રગતિ હેઠળ છે. જેનાં કામો ટૂંક સમયમાં પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરવામાં આવનાર છે. ઠાસરા તાલુકાના ૨૨ ગામોનો સમાવેશ કરતી ઠાસરા ગલતેશ્વર જૂથ પાણી પુરવઠા યોજના(દક્ષિણ) અંદાજિત રકમ રૂ.૮૧.૭૦ કરોડનાં કામો હાલ પ્રગતિ હેઠળ છે. જેનાં કામો ટૂંક સમયમાં પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરવામાં આવનાર છે. આમ જોવા જઇએ તો ઠાસરા તાલુકામાં જે મોટા સમ્પો બનાવવામાં આવેલ છે તે તમામ સમ્પોમાં પાણી ભરીને ટૅસ્ટિંગ પણ કરી લીધેલ છે. ટૂંક સમયમાં દરેક ગામના સમ્પો પાણી પહોંચે તેવી વ્યવસ્થા માનનીય મંત્રીશ્રીએ કરેલ છે. મારા વિસ્તારની વાત કરું તો, સરકારશ્રીએ પીવાના પાણીની સાથે-સાથે ખેડૂતો માટે પણ ચિંતા કરી છે. તેના માટે નર્મદા કૅનાલ, મહી કૅનાલ તથા શેઢી શાખા દ્વારા માઇનોર કૅનાલ કરીને દરેક ખેડૂતોને પાણી મળે એ માટેની વ્યવસ્થા કરેલ છે. તમામ માઇનોર કૅનાલો પાકી બનાવેલ છે એ માટે હું માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું. સાથે-સાથે તમામ કૅનાલો ઉપર પાકા રસ્તા બનાવી આપ્યા છે તેના કારણે એક ગામથી બીજા ગામમાં જવાનું સરળ બની ગયું છે. ઠાસરા વિધાનસભાના જે ગામો કૅનાલ કે કોઇ માઇનોર કૅનાલ નહોતી તેવા ગામોમાં આજ બજેટમાં ૧૧ ગામોના તળાવો ભરી આપવાનું સારું આયોજન કરેલ છે એ માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય શ્રી કુંવરજી બાવળીયા સાહેબનો આભાર માનું છું. મારા વિસ્તારમાં નર્મદા કૅનાલ, મહી કૅનાલ તથા શેઢી શાખા દ્વારા કૅનાલ નીકળતી હોઇ ઠાસરાના તમામ ખેડૂતોને સિંચાઇ માટેના પાણીની વ્યવસ્થા મળી રહી છે. જેના કારણે ખેડૂતો સારા પ્રમાણમાં ખેતી કરી રહ્યા છે. માનનીય મંત્રીશ્રી પાણીપુરવઠા વિભાગની માંગણી નં. ૬૭ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું. ભારત માતા કી જય.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ(લુણાવાડા):માનનીય અધ્યક્ષશ્રી, હું આજે અંદાજપત્ર માટેના અનુદાનો માટેની માંગણીના વિષયમાં મારા મંતવ્યો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનવજીવનમાં પાણી ખૂબ જ મહત્ત્વનો ભાગ છે, જળ એ જીવન છે અને પ્રભુએ આપેલો પ્રસાદ છે. હમણાં જ માનનીય ધારાસભ્યશ્રી ભીખાભાઇએ જણાવ્યું કે પાણી એ પ્રભુનો પ્રસાદ છે. મારા વિસ્તારમાં અમે બે હાથ જોડીને માંગણી કરીએ છીએ છતાં પણ આ પ્રસાદ આપવામાં આવતો નથી. આ ખરેખર રાજકીય ખેલ લાગી રહ્યો છે અને ગુજરાત રાજ્યમાં નદીઓ ઉપર બંધ બાંધીને, તળાવો દ્વારા અને કૂવાઓ દ્વારા એમ ત્રણ પ્રકારે સિંચાઇ થઇ રહી છે. નદીના ડેમમાંથી કૅનાલો કાઢી આ નર્મદા નદીના સરદાર સરોવરમાંથી કૅનાલ કાઢી છેક કચ્છ સુધી પાણી પહોંચાડવામાં આવ્યું છે. મારા જિલ્લામાં પાનમ ડેમમાંથી પાણી કાઢી છેક વડોદરા સાવલી સુધી પહોંચાડવામાં આવ્યું છે. સુજલામ્ સુફલામ્ કડાણા ડેમમાંથી પાણી કાઢી છેક પાટણ સુધી પહોંચાડવામાં આવ્યું છે. મારા મત વિસ્તારનો ખાનપુર તાલુકો આ કૅનાલથી અઢીથી ત્રણ કિલોમીટરના અંતરે હોવા છતાં આજદિન સુધી આ વિસ્તારને પાણી પહોંચાડવામાં આવ્યું નથી. આ વિસ્તારના લગભગ ૨૩ જેટલા તળાવો જેવા કે, સીમલનાડા, જેઠોલા, કોસ્વાઇ, વાવકુવા, જળકુકડી, નવાગામ, મદાપુર, પાતાપુર, મોરખાખરા, નેસડા, કાળાખેતરા, જાંબુડી તળાવ, પુંજેલાવ, ધુળેટા, વખતપુર, તેજાકૂઇ, ડોડાવંટા, ઝેર, કનોડ અને ખૂંટેલાવનું જેજા તળાવ. આ તળાવોમાં આજદિન સુધી પાણી પૂરું પાડવામાં આવ્યું નથી. કોઇ પાઇપલાઇન દ્વારા ઉદવહન યોજનાની કોઇપણ યોજના આ સાથે જોડેલી નથી. જો આ વિસ્તારમાં પાઇપલાઇનથી પાણી પૂરું પાડવામાં આવે તો આ વિસ્તારમાં ભૂગર્ભ જળ જે ઊંડા ગયેલા છે તે ઊંચા આવે અને પીવાના પાણીની વ્યવસ્થા થઇ શકે તેમ છે અને જો તળાવો ભરવામાં આવે તો સિંચાઇની પણ વ્યવસ્થા થાય તેમ છે. જો કડાણાથી પાઇપલાઇન નાખવામાં આવે તો ૬ કિ.મી. જેટલા વિસ્તારની લંબાઇ સુધી પાઇપલાઇનથી અને ત્યારપછી અમારા ગરજવા, સથિયારા ગામથી સપાટ જમીન આવે છે, આ વિસ્તારમાં કેનાલને મેઘરજ અને માલપુર સુધી લંબાવવામાં આવે તો મારા વિસ્તારના સથિયારા, ગરજવા, રાખડી, ખૂંટેલાવ અને ધુળેટા જેવા વિસ્તારો જયાં પાણી મળવાનું બાકી છે એ તમામ વિસ્તારોમાં સિંચાઇની વ્યવસ્થા થાય અને માલપુર તથા આજુબાજુના વિસ્તારમાં પણ સિંચાઇનો લાભ મળી શકે તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા લુણાવાડાથી દક્ષિણ વિસ્તારમાં પાનમ કેનાલ પસાર થાય છે, આ દક્ષિણ વિસ્તાર પાનમ કેનાલથી ઊંચાઇવાળો હોઇ દક્ષિણ વિસ્તારમાં સિંચાઇનો લાભ મળતો નથી. હાલ નાંદરવા તાલુકાના શહેરાથી

હાઇલેવલ કેનાલ કાઢવામાં આવી છે. આ કેનાલને જો સિંગનલી સુધી લંબાવવામાં આવે તો દક્ષિણના સંપૂર્ણ વિસ્તારને સિંચાઇનો લાભ મળી શકે તેમ છે. હમણાં માનનીય સિંચાઇ મંત્રીશ્રી દ્વારા બાલાસિનોર ખાતે કાર્યક્રમ કરવામાં આવ્યો તો મારા વિસ્તારને કેમ બાકી રાખવામાં આવે છે? માનનીય મંત્રીશ્રી, આપશ્રી આ વિસ્તારને સમાવવાની કોશિશ કરશો. અગાઉ મેં માગણી કરેલી છે તો આ વિસ્તારને થોડો લાભ મળે એવી આપશ્રીને મારી બે હાથ જોડી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જમીન સંરક્ષણ માટેની વાત કરું તો, કોતરની નદીઓમાં વરસાદના કારણે પૂર આવે છે, એ દરમિયાન પાણીનું ઝડપથી વહેણ થતું હોઇ અમારા વિસ્તારના કેટલાક કોતરો ઉપર આવેલા ખેતરો ધોવાઇ જતા હોય છે. આ અંગે નાની સિંચાઇમાં જે યોજનાઓ છે એમાં ૭૦ ટકા સરકારશ્રીનો હિસ્સો છે અને ૩૦ ટકા ખેડૂતના હિસ્સા દ્વારા સંરક્ષણ દીવાલો બનાવવામાં આવે છે. મારા વિસ્તારના ખેડૂતો નાના, સીમાંત અને ગરીબ હોઇ ૩૦ ટકાની રકમ ભરી શકતા નથી, એટલે પૂરેપૂરી રકમ સરકારશ્રી તરફથી ફાળવવામાં આવે તો આ વિસ્તારના ખેડૂતોના ખેતરોનું ધોવાણ થતું અટકી શકે તેમ છે. હાલ વાસ્મો દ્વારા મારા વિસ્તારમાં પાઇપલાઇન નાંખવાની કામગીરી થઇ હતી જેમાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થયેલો છે. હાલમાં ૧૧૧ જેટલા કોન્ટ્રાકટરોને નોટિસો આપવામાં આવેલ છે અને ૨૭ જેટલા કોન્ટ્રાકટરોને બ્લેક લિસ્ટમાં મૂકવામાં આવેલ છે. હજુ પણ વધુ તપાસ કરવામાં આવે તો ૧૧૧ બ્લેકલિસ્ટમાં જાય એવા છે. આ કોન્ટ્રાકટરોને જે રકમ ચૂકવેલ છે તે પૂરેપૂરી રકમ સરકારશ્રીમાં પરત જમા કરાવવામાં આવે એવી મારી ખાસ વિનંતી છે. વર્ષ ૧૯૯૭માં તત્કાલીન નાણાં અને સિંચાઇ મંત્રીશ્રી માનનીય હરગોવિંદભાઇ ઉપાધ્યાય સાહેબ દ્વારા ઊંડાવાડાની લેસૂડી નદી ઉપર એક નાના ચેકડેમનું ખાતમુહૂર્ત કરવામાં આવેલ. પરંતુ એ જગ્યાએ આજદિન સુધી કોઇ ચેકડેમ બાંધવામાં આવેલ નથી. આ જગ્યાએ જો નાનો ચેકડેમ બાંધવામાં આવે તો એ ઉત્તરના વિભાગના ખેડૂતોને પૂરેપૂરું પાણી મળી રહે તેમ છે.

શ્રી કનૈયાલાલ બ. કિશોરી(દાહોદ):માનનીય અધ્યક્ષશ્રી, હું જળસંપત્તિ વિભાગની માગણી ક્રમાંક- ૬૬ના સમર્થનમાં મારી વાત રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું વર્ષ ૧૯૯૦-૯૫ની વાત કરું તો, એ સમયે જયારે હું આ સભાગૃહમાં જોવા માટે આવતો હતો ત્યારે ઘણીવાર માનનીય મંત્રીશ્રીની ચેમ્બરમાં અમે જતા ત્યારે એક જ વાત સાંભળવા મળતી હતી કે, દાહોદ જિલ્લામાં પાણી આવી શકે એમ નથી. તો એક જ વાત હતી કે નેવાના પાણી મોભે ન ચડે. પરંતુ આ કાર્ય પણ તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના સંકલ્પ થકી દાહોદ જિલ્લામાં અને દાહોદ તાલુકામાં પણ કડાણાનું પાણી ગામે ગામ પહોંચાડવા માટેનું આજે કાર્ય થયું છે. એના થકી ગામડાના લોકો, અમારા આદિવાસી સમાજના લોકો જે બહારગામ મજૂરી માટે જતા હતા તેમાં પણ ખૂબ ઘટ આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો મત વિસ્તાર દાહોદ જિલ્લો અને દાહોદ તાલુકો ગુજરાત રાજયની પૂર્વ તરફ રાજસ્થાન અને મધ્યપ્રદેશ રાજયની સરહદને અડીને આવેલ છે. દાહોદ તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૬૧,૬૦૦ હેકટર છે. જે પૈકી ૪૩૧૨૦ હેકટર ખેતી લાયક વિસ્તાર છે. આપણે સૌ જાણીએ છીએ તેમ સમગ્ર દાહોદ વિસ્તાર માટે કડાણા જળાશય આધારિત દાહોદ જિલ્લા માટેની ઉદવહન સિંચાઇ યોજના જીવાદોરી સમાન છે. દાહોદ તાલુકાના ડુંગરાળ વિસ્તારના દરેક ખેડૂતોના મનમાં કડાણા દાહોદ ઉદવહન સિંચાઇ યોજના દ્વારા પાણીની ઉપલબ્ધતા થાય તે માટે વારંવાર લગત ધારાસભ્યશ્રી અને સંસદસભ્યશ્રી દ્વારા રજૂઆતો વિભાગને મળતી હોય છે. અને આ યોજના દ્વારા મહત્તમ વિસ્તારમાં મહત્તમ માત્રમાં પાણી આપી શકાય તે માટે જળસંપત્તિ વિભાગ કાર્યરત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં કડાણા જળાશય આધારિત દાહોદ જિલ્લા માટેની ઉદવહન સિંચાઇ યોજના દ્વારા દાહોદ તાલુકાના ખરેડી-૧, ખરેડી-૨, ઉસરવન, દેલસર, જાલત-૧, જાલત-૨, જાલત-૩, છાપરી ગામોના કુલ ૯ તળાવોમાં પાણી આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા માટે ગર્વ કરવાની વાત એ છે, પરંતુ અમારા બાકીના ગામો ભાઠીવાડા, ચોસાલા, ખરોદા, બોરવાણી, ખરોડ, ડોકી, ડુંગરા, રેટીયા, રાછરડા, ટીમરડા, ગુંદીખેડા જેવા અમુક ગામો જે હાલ પણ વંચિત છે, તેવા ગામોના તળાવોમાં પણ પાણી પાડવામાં આવે તો સોનામાં સુગંધ મળી તેમ કહેવાશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારની વાત કરું તો દાહોદ જિલ્લાના પાટાડુંગરી જળાશય યોજનાથી દાહોદ તાલુકાના ૨૫ ગામોમાં અંદાજિત ૪૮૦૦ હેકટર વિસ્તારમાં સિંચાઇનું પાણી આપવામાં આવે છે. દાહોદ તાલુકામાં નાના મોટા ૨૮૬ ચેકડેમ બનાવવામાં આવેલ છે. આ ચેકડેમના માધ્યમથી દાહોદ તાલુકાના અંદાજિત ૩૫૦૦ હેકટર વિસ્તારને સિંચાઇનો પ્રત્યક્ષ અને પરોક્ષ લાભ આપવામાં આવે છે. મારા વિસ્તારની વાત કરું તો મારા મત વિસ્તારમાં એક અનાસ નદી પણ આવેલી છે. અનાસ નદી ખાતે પણ જો એક મોટો ડેમ બનાવવામાં આવે તો બોર્ડરને લગતા જે ગામો છે તે એ ડેમમાંથી નજીકના ગામોને પણ સિંચાઇનું પાણી મળી રહે એમ છે. કેમ કે એ ખૂબ મોટી નદી છે અને એના માટે સરવે પણ થઇ ચૂકયો છે. મને વિશ્વાસ છે કે આવનારા સમયમાં અનાસ નદી પર એક મોટો ડેમ બનશે અને ત્યાં આજુબાજુના ગામોને પણ એના લીધે પાણી મળી રહેશે. કારણ કે એ વિસ્તારમાં આજની તારીખમાં પણ નજીકના ગામોમાં માત્ર ચોમાસા આધારિત ખેતી થતી હોય છે, પણ આ ડેમ બનાવવાથી લોકો બે બે ફસલનો પાક લેતા થશે અને આર્થિક રીતે પણ સારું ઉત્પાદન મેળવી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇની વાત કરું તો નાના મોટા ચેકડેમો અને ઉદવહન સિંચાઇ યોજના થકી હાલમાં પાણી મળે છે, પણ નવી ઉદવહન સિંચાઇ યોજના પણ બની રહી છે, પણ અમારા આદિજાતિ વિસ્તારમાં ઘણીખરી ચેકડેમ

આધારિત ઉદવહન સિંચાઇ યોજનાઓ બનેલી છે, પણ એ સિંચાઇ યોજનાઓ કોઇકને કોઇક કારણસર કેમ કે એ મશીનરી હોય અને એ મશીનરીમાં કોઇ ફોલ્ટ આવે અને મશીનરી બંધ પડી જાય, પણ અમારા આદિવાસી વિસ્તારમાં આર્થિક રીતે એ લોકો કોઇ સક્ષમ ન હોય કે રિપેરિંગ કરાવી શકે એટલે રિપેરિંગના અભાવે પણ ઘણીખરી યોજનાઓ અને આ લિફ્ટ ઇરિગેશન યોજનાઓ બંધ રહે છે. એમાં રિપેરિંગનો કોઇ બહુ મોટો ખર્ચો હોતો નથી, પણ આર્થિક રીતે એટલા સક્ષમ નથી કે આવા ખર્ચા કરી શકે. એટલે આવી સિંચાઇ યોજના નજીવા ખર્ચે રિપેર થાય તેમ છે તે રિપેર થાય તો તેમને સિંચાઇ માટે પણ પાણી મળી રહે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી આપના મારફતે વિનંતી છે કે આવી જે સિંચાઇ યોજનાઓ છે, એ સિંચાઇ યોજનાનો સરવે કરાવીને રિપેર કરાવે અને બાકી હોય તે પૂર્ણ કરે તો બાકીના વિસ્તારને પણ પૂરતું પાણી મળી રહે.

માનનીય અધ્યક્ષશ્રી, નહેર સુધારણાની વાત કરી તો આ નવીન બજેટમાં પણ નહેર સુધારણા માટે ખૂબ જ સારી જોગવાઇ કરેલ છે તે બદલ આ સરકાર અને માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અમારા દાહોદ તાલુકામાં અંદાજિત રૂ. ૨૦૦ લાખના ખર્ચે નહેર સુધારણાની કામગીરી કરવાનું આયોજન પણ કરવામાં આવેલું છે. આ થકી પાટાડુંગરી જળાશય યોજનાના પીયત સરળતાથી સિંચાઇનું પાણી આપવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ તાલુકામાં વર્ષ ૨૦૨૪–૨૫માં વિવિધ નદીઓ, કોતરો ઉપર કુલ ૧૦ નવિન નાના મોટા ચેકડેમ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે જે અંતર્ગત હાલ આ યોજનાઓ માટે સર્વેક્ષણની કામગીરી પ્રગતિ હેઠળ છે. દાહોદ તાલુકામાં અંદાજિત ૧૫૦૦ હેકટર વિસ્તારમાં સિંચાઇનો પ્રયત્યક્ષ અને પરોક્ષ રીતે લાભ થશે. મને એ કહેતા પણ આનંદ થાય છે કે દાહોદ તાલુકો એ મધ્ય ગુજરાતમાં અને ખાસ કરીને એમ.પી. અને રાજસ્થાન બન્નેની બોર્ડર ઉપર આવેલ અમારી એક એ.પી.એમ.સી. પણ છે. અમારી એ.પી.એમ.સી. આમ જુઓ તો છેવાડાનું ગામ શહેર છતાં પણ દાહોદની એ.પી.એમ.સી.માં ખેડૂતો જે પાક પકવે છે, સારામાં સારો પાક સિંચાઇ થકી પકવે છે ત્યારે મારી વિનંતી છે કે બાકીના ગામો પણ અમારા વિસ્તારમાં આવેલા છે. અમને વિશ્વાસ છે બાકીનાં કામો પૂરાં કર્યાં છે એમાં અમારી સરકાર જ આ બાકીનાં કામ પૂરાં કરશે ત્યારે માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા વિનંતી કે બાકીના ગામોને કડાણાનું પાણી પૂરું પડે એવી આપના સમક્ષ મારી વિનંતી છે. માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંકઃ ૬૬ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું અને મારું સમર્થન આપું છું.

શ્રી શૈલેષભાઇ ક. મહેતા(ડભોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ આપણા મૃદુ અને મક્કમ એવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા જે સ્વપ્ન સેવાયું છે કે આપણું ગુજરાત 5G બને, તેઓની 5G કલ્પના છે ગરવી ગુજરાત, ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગ્લોબલ ગુજરાત અને ગતિશીલ ગુજરાત. માનનીય મુખ્યમંત્રીશ્રીના સંકલ્પને સાકાર કરવા રાજયના નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ દ્વારા વર્ષ ૨૦૨૪–૨૫ માટે બજેટ રજૂ કરવામાં આવ્યું છે તે સંપૂર્ણ રીતે ગુજરાત રાજયના વિકાસને 5G સ્પીડે વેગ આપે એવું છે. પાણી પુરવઠા વિભાગની માંગણી નં. ૬૭ના સમર્થનમાં હું આજે મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામીણ વિસ્તારમાં પાણી પુરવઠાને લગતી સમસ્યાઓ ઉપર અમારી સંવેદનશીલ સરકાર દ્વારા કરવામાં આવેલ કામગીરીઓ ઉપર ભાર મૂકવા માગીશ. લોકોના આરોગ્ય અને જીવનધોરણમાં સુધારા માટે પૂરતા પ્રમાણમાં સારી ગુણવત્તાયુકત પીવાનું પાણી નિયમિત રીતે મળી રહે તે રાજય સરકાર માટે હંમેશા પ્રાથમિકતા રહેલ છે અને રાજય સરકાર દ્વારા એના માટે ભગીરથ પ્રયત્નો પણ કરેલ છે. રાજયના આદિજાતિ વિસ્તારના કુલ ૧૪ જિલ્લાઓના ૫૦૬૨ ગામોને ગ્રામ જૂથ પાણી પુરવઠા યોજનાઓ થકી પાણી પૂરું પાડવા માટે અંદાજિત રૂ.૬૫૦૦ કરોડના સુધારણા અને નવીન કામો પ્રગતિ હેઠળ છે અને આ બજેટમાં બાકી રહેલ આદિજાતિ વિસ્તારમાં પેટા યોજના હેઠળ રૂ.૧૧૨૨ કરોડના કામોની જોગવાઇ પણ કરવામાં આવેલ છે. રાજયના આદિજાતિ વિસ્તારોમાં ગામની આંતરિક પાણી પુવરઠાના અમલીકરણમાં વેગ લાવવા આદિજાતિ વિસ્તારોમાં ૧૦ ટકા અને અનુસૂચિત જાતિ વિસ્તારોમાં પણ ૧૦ ટકા લોકફાળો અમારી સંવેદનશીલ સરકાર દ્વારા માફ કરવામાં આવેલ છે. જેમાં ૪૦ ટકા વસ્તી એસ.સી. કેટેગરીની હોય અથવા ૨૫૦ લોકોથી વધારે લોકો રહેતા હોય. હું જે વિસ્તારમાંથી આવું છું ત્યાં પીવાના પાણીની વ્યવસ્થા બાબતે વાત કરું તો વડોદરા જિલ્લાના ૮ તાલુકાઓ અને ૪ નગરપાલિકા, એક મહાનગરપાલિકાનો સમાવેશ થાય છે. વડોદરા જિલ્લાના ૬૬૦ ગામો પૈકી ૪૪૨ ગામોને નર્મદા અને અન્ય સરફેસ સ્ત્રોત આધારિત ૯ જૂથ યોજના અને બલ્ક પાઇપલાઇન હેઠળ જોડવામાં આવેલ છે. જયારે અન્ય ગામો પોતાના સ્થાનિક સ્ત્રોતોમાંથી પાણી મેળવે છે. મારા ડભોઇ તાલુકા અને વડોદરા તાલુકાની હું વાત કરું તો આ તાલુકામાં ૧૦૦ ટકા જૂથ યોજનાની કામગીરી પૂર્ણ થયેલ છે જેમાં ડભોઇ તાલુકાના ૧૧૮ ગામો જૂથ યોજનાઓ હેઠળ પાણી પુરવઠો મેળવે છે તેવી જ રીતે વડોદરા તાલુકાના કુલ ૯૫ ગામો પૈકી ૪૭ ગામો નર્મદા આધારિત જૂથ યોજના અને ૩૯ ગામો અન્ય સ્ત્રોતો આધારિત વ્યકિતગત પાણી પુરવઠા યોજનાઓમાંથી પાણી મેળવે છે. દેશના વડાપ્રધાશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા ''જલ જીવન મિશન'' અંતર્ગત હર ઘર નલ સે જલ યોજના અમલમાં મૂકવામાં આવી છે જેના મારફત સન ૨૦૨૪ સુધી છેવાડાના માનવીના ઘર સુધી પાણી પહોંચાડવાનું લક્ષ્ય હતું જેમાં ગુજરાતની સંવેદનશીલ ગુજરાત રાજયના છેવાડાના ઘરોમાં પાણી પહોંચાડવામાં સાર્થક થયું છે. વડોદરા જિલ્લામાં ''નલ સે જલ '' યોજના અંતર્ગત કુલ રૂ.૧૯.૫૪ કરોડના ખર્ચે ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ડભોઇ તાલુકામાં પણ ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.રાજયમાં પૂરતું પાણી મળી રહે તે જરૂરી છે. પરંતુ

ગુણવત્તાયુક્ત સ્વચ્છ પાણી લોકો સુધી પહોંચે એ પણ જરૂરી છે. એના માટે અમારી સંવેદનશીલ સરકાર દ્વારા પાણીની ગુણવત્તાની ચકાસણી માટે રાજ્ય કક્ષાએ એક સ્ટેટ લેબૉરેટરી, જિલ્લા કક્ષાએ ૩૩ લેબૉરેટરીઓ અને તાલુકા કક્ષાએ ૪૬ જેટલી લેબૉરેટરીઓ કાર્યાન્વિત કરેલ છે. દર વર્ષે ૪ લાખથી વધુ પાણીના નમૂના પૃથ્થકરણ કરવામાં આવે છે અને લોકોને સ્વચ્છ પાણી પહોંચે તે સુનિશ્ચિત કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વરા રાજ્યના દરેક ગામમાં ગુણવત્તાયુક્ત પૂરતા પ્રમાણમાં પાણીનો જથ્થો પૂરો પાડવામાં આવે છે. પણ સાથો સાથ મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે નગરપાલિકામાં અમારું ડભોઇ એ ઐતિહાસિક દર્ભાવતી નગરી છે. જૂનું નગર હોવાથી જૂની લાઇનો બદલવા માટે આપના બજેટમાં થોડી ફાળવણી કરો એવી આપશ્રીને વિનંતી છે. આભાર.

શ્રી ધવલસિંહ ન. ઝાલા(બાયડ): માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા વિભાગની માગણી નં. ૬૭ ના સમર્થનમાં મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે એક જૂની કહેવત પ્રચલિત છે. ''દીકરીને બંદૂકે દેજો પણ ધંધૂકે ન દેતા'' આ કહેવત હતી અને પાણી માટે જ પડી હતી. દીર્ઘદ્રષ્ટિ ધરાવતી સરકાર દ્વરા આ કહેવતને ખોટી પાડી છે. અત્યારે દરેક જગ્યાએ ગામડે ગામડે પાણી પહોંચાડવાનું કામ કર્યું છે. વિશેષ આનંદ એ વાતનો છે કે પીવાના પાણીની સમસ્યા હતી ત્યારે બીજી તો કલ્પના શું કરવી? પણ હું ખૂબ રાજીપો વ્યક્ત કરતાં જણાવું છું કે, પીવાના પાણીની સમસ્યા દૂર થઇ ગઇ છે. સિંચાઇની પણ ૯૦ ટકા સમસ્યા આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી દૂર થઇ છે. મને યાદ છે કે પહેલા પાણીની સમસ્યા જ્યારે હતી ત્યારે મારી માતાઓ, મારી બહેનો ભૂતકાળમાં ગામડાની અંદર માથે બેડું લઇને ૫-૧૦-૧૫ કિલોમિટર સુધી પાણી ભરવા જતી હતી અને એવી પરિસ્થિતિનું નિર્માણ થતું કે પાણી થોડું મળે. આજે તો એવી કોઇ સમસ્યા નથી. ગામડામાં આજે પીત્તળના બેડાની જરૂર પડે અને ભેગા કરવા હોય તો ન મળે એવી પરિસ્થિતિ થઇ ગઇ છે. આ સરકારે તમાર જગ્યાએ નલ સે જલ થકી પાણી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે અને તમામ જગ્યાએ પાણી પહોંચાડ્યું છે. પહેલાં ગામની અંદર જતા અને ગામથી બીજા ગામ આપણે જવું હોય તો ગામમાં પગદંડી હતી. ચાલતા ચાલતા મેઇન રસ્તા સુધી આવી શકતા. ચોકડી પર બસસ્ટેન્ડ હોય અને બસસ્ટેન્ડની બાજુમાં માટલું પડ્યું હોય અને એક પરબ હોય. એનું મુખ્ય કારણ એ હતું કે ભૂતકાળમાં પાણીની વિકટ પરિસ્થિતિ એવી હતી કે એના કારણે પાણીથી લોકો એટલા બધા તકલીફમાં હતા. અત્યારે તો રસ્તાઓ પણ ખૂબ સારા થઇ ગયા છે. વાહનવ્યવહાર મંત્રીશ્રીએ ખૂબ સારી બસો આપી. ગામડામાંથી બસની સુવિધા મળતી થઇ ગઇ છે. રસ્તા સારા થઇ ગયા છે. ગામડાના ચોરા ઉપર પરબ જોવા મળતી નથી. નલ સે જલ દ્વારા તમામ જગ્યાએ પાણીની સુવિધા મળતી થઇ ગઇ છે. ભૂતકાળમાં કહેવાતું કે ટેન્કર રાજ છે. મને યાદ છે કે જ્યારે હું ગામડે જતો ત્યારે પાણીની સમસ્યા હોય. એવી પરિસ્થિતિ થાય કે ઘણા બધા ફોન આવે. મામલતદાર કચેરી પર ફોન કરીને ટેન્કર લખાવીએ કે ટેન્કર જોઇએ છે. ૧૫-૨૦ દિવસે ટેન્કર ન મળે એવા સંજોગોમાં ધારાસભ્યનો લેટરપેડ લેવો પડતો અને એ લેટર મામલતદારને આપીએ ત્યારે પીવાના પાણીની સમસ્યા દૂર થાય અને ટેન્કર ગામની અંદર આવતું. ગામની અંદર કોઇ સુવિધા થોડી મળી હોય તો ગામમાં એક નળ હોય અને એમાં પાણી આવતું. ત્યાં આગળ બેડાઓની લાઇન લાગતી એવી પરિસ્થિતિનું નિર્માણ હતું. પરંતુ આ દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીની ખૂબ ઊંચી વિચાર શકિતથી ગામડાંના છેવાડાના માનવીને પણ પાણી પૂરું પાડ્યું છે. મારા ગામની વાત કરીને એક ઉદાહરણ આપું છું. મને યાદ છે કે થોડાક સમય પહેલા હું મારા ગામમાં બેઠો હતો. સામેના ખેતરની અંદર એક ઘર હતું ત્યાં એક માલધારી મને કહેવા આવ્યો કે સાહેબ મને એક હેન્ડપમ્પની જરૂર છે. એટલે મેં એને હેન્ડપમ્પ ગમે તેમ રજૂઆતો કરીને બનાવી આપ્યો. પરંતુ અમારે ત્યાં એ વખતે પાણીની સમસ્યા ખૂબ હતી. હેન્ડપમ્પમાં પણ ખૂબ ઊંડા પાણી હોવાના કારણે કોઇક સંજોગોવસાત થયું નહીં. પરંતુ જેવી ''નલ સે જલ યોજના'' આવી અને એ યોજના થકી એ ખેતરની અંદર એનું ઘર હતું ત્યાં પણ પાઇપ લાઇન સુધી ભલે એ દોઢ-બે કિલોમિટર દૂર હોવા છતાં આ સરકારે ''નલ સે જલ યોજના'' થકી એને ત્યાં પાણીનો નળ પૂરો પાડ્યો એના કારણે એને પાણી મળતું થયું. સાહેબ, એવા સંજોગોમાં મને પણ વિચાર આવ્યો હતો કે, મારા ભાઇને પણ વાત કરી કે પેલા માલધારી સમાજના લોકોના એક-બે ઘર પાણીની તકલીફમાં હતા એમનું શું થયું? એટલે એણે તરત કહ્યું ત્યાં ''નલ સે જલ'' યોજના થવાથી પાણી મળે છે અને આ બહુ સત્ય વાત છે. એટલે કહેવાનો મતલબ એ છે કે આ સરકારે હરહંમેશ ગરીબોની, ગામડાંના નાનામાં નાના ખેડૂત અને નાનામાં નાના વ્યક્તિ સુધી કેવી રીતના પાણી પહોંચાડવું? એ પાણી પુરવઠાના તમામ કર્મચારીઓથી લઇને માનનીય વડાપ્રધાનશ્રી અને આપણા સી.એમ. સાહેબ ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય સિંચાઇ મંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટાના કારણે આ શક્ય બન્યું છે. બીજી વાત કરું તો ''નલ સે જલ યોજના'' અંતર્ગત ઘણી બધી યોજનાઓના કારણે આજે પાણી પહોંચ્યું છે. મારા અરવલ્લી જિલ્લાની વાત કરું તો અરવલ્લી જિલ્લાની અંદર ૬ તાલુકા અને ૨ નગરપાલિકાઓ છે એમાં ૬૭૫ ગામો છે એમાંથી ૬૭૨ ગામોમાં અલગ અલગ વિભાગો દ્વારા પૂરેપૂરું પાણી પહોંચાડવામાં આવ્યું છે અને એમાં મારા બાયડ તાલુકાની વાત કરું તો ૧૨૩ ગામોમાંથી ૧૨૨ ગામડાંઓની અંદર પાણી પહોંચી ગયું છે અને મારા ગામોની અંદરો ખૂબ સરળતાથી આ ''નલ સે જલ'' દ્વારા જે પાણીની સમસ્યાઓ હતી એ ૯૯ ટકા પૂરું થઇ ગઇ છે એ બદલ હું મંત્રીશ્રીનો પણ આભાર માનું છું. સાહેબ, સાથે સાથે મારા એક-બે સૂચનો પણ છે કે, ''નલ સે જલ'' યોજનામાં ઘણી જગ્યાએ એવું થતું હોય છે કે આપણે અડધો કલાક કે કલાક પાણી આપી શકીએ જેથી પીવાના પાણીની સમસ્યાનું

નિરાકરણ આવી ગયું છે. પરંતુ ત્યાં સમ્પ હોય તેની બાજુમાં બોર માટે મોટર આપવામાં આવે તો સરળતાથી પાણીની ગામને તકલીફ છે ત્યાં ગામવાળા પોતે પંચાયત થકી થઇ જાય. બીજું, મારા મત વિસ્તારમાં પીવાનું પાણી અને સિંચાઇનું પાણી પણ મળ્યું છે અને તળાવો ભરતા થયા છે. હું ફરીથી કહું છું કે, બાયડ તાલુકાના આમોદ્રા, ઇંન્દ્રાણ અને દેરોલી અને માલપુર તાલુકાના હલોદર, કાટકુવા, રંભોદળ..(અંતરાય)

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપનો સમય પૂરો થાય છે. માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા(અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ તથા જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારી માગણી નંબર ૨૨, ૨૩, ૬૬ અને ૬૭ આ ૪ વિભાગની આ માગણીઓમાં કુલ ૧૬ સભ્યોએ એમાં ભાગ લીધો છે. ૧૪ અમારા અને ૨ સામેથી વિરોધ પક્ષના બંને સભ્યો આમ કુલ ૧૬ સભ્યોએ ભાગ લીધો છે. એમાં પાણી પુરવઠા વિભાગની અંદર ૭ સભ્યો, જળ સંપત્તિ વિભાગમાં ૪, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગમાં ૩ અને સામેથી શ્રી તુષારભાઇ અને ગુલાબસિંહભાઇ એમ કુલ ૧૬ સભ્યોએ આજની આ મારા ૪ વિભાગ પરની ચર્ચામાં ભાગ લીધો છે. માનનીય અધ્યક્ષશ્રી, મને આપને કહેતા ખૂબ આનંદ થાય છે કે આ ચારે ચાર વિભાગોની અંદર એમાં એકાદ સભ્યએ થોડોક પુરવઠા વિભાગનો ઉલ્લેખ કર્યો.બાકીના ત્રણેય વિભાગોમાં જે સભ્યોએ એમના તરફથી કોઇ સૂચનો થયા છે એની મેં બરાબર નોંધ લીધી છે. ખૂબ આનંદની વાત તો એ છે કે આ ચારે-ચાર વિભાગો સીધા લોકોના જીવનને સ્પર્શતા એવા વિભાગો જે હું સંભાળી રહ્યો છું અને જેણે મને આ વિભાગોની જવાબદારી સોંપી છે એવા આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ, દેશના પ્રધાનમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઇ એમણે જે વિશ્વાસ મૂકીને મને જે આ વિભાગ સોંપ્યા છે ત્યારે હું પણ આ વિભાગોમાં પૂરતો ન્યાય આપવા માટેનો પ્રયત્ન સતત કરતો રહ્યો છું. મોટા ભાગના સભ્યશ્રીઓએ બધા વિભાગોમાં લગભગ સંતોષ વ્યકત કર્યો છે અને થોડાં સૂચનો પણ મારા ધ્યાન ઉપર મૂકયાં છે. એ માનનીય સભ્યશ્રીઓનો પણ હું આભાર માનું છું. એમનાં જે સૂચનો છે એની મેં નોંધ પણ લીધી છે. એને આગામી દિવસોમાં ઉકેલ લાવવા માટે મારા તરફથી, રાજ્ય સરકાર તરફથી પૂરો પ્રયત્ન થશે. ખૂબ મહત્ત્વની વાત આજના દિવસે એ છે કે આજનો દિવસ એટલે વસંત પંચમી અને સરસ્વતિ પૂજનના પવિત્ર દિવસે મારા હસ્તકના જળસંપત્તિ વિભાગ, પાણી પુરવઠા વિભાગ તેમજ અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાની બાબતોના વિભાગની માગણીઓ આ ગૃહ સમક્ષ રજૂ કરતા હું ખૂબ જ આનંદની લાગણી અનુભવું છું. સૌ પ્રથમ તો હું નાણામંત્રી આદરણીય શ્રી કનુભાઇ દેસાઇ જે વર્ષ ૨૦૨૪-૨૫નું સર્વસમાવેશીય અને વર્ષ ૨૦૪૭ માં વિકસિત ગુજરાત તરફ દોરી જનારું આ અમૃતકાળનું અમૃત સમાન અંદાજપત્ર લઇને આવ્યા છે તેને હું આવકારું છું અને સાથોસાથ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો પણ હું આભાર વ્યકત કરું છું. અમારા વિભાગ માટે તેઓએ એમણે માંગ્યા મુજબની ચારેય વિભાગમાં અમે માગણી કરી એ મુજબ માતબર રકમની પણ જોગવાઇ કરી છે. આપણા યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી જેમના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજયના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા ગુજરાતને તેમના કાર્યકાળ દરમિયાન ભારતની સમૃદ્ધિ અર્થે ગુજરાતની સમૃદ્ધિનો માર્ગ કંડારવાની દુરંદેશિતા સાથે મજબૂત કદમો લઇને આવી રહ્યા છે. આપણા ગરવા ગુજરાતે વર્ષ ૨૦૨૩માં જી-૨૦નું સફળ આયોજન કર્યું છે. વાઇબ્રન્ટ ગુજરાતના ૨૦ વર્ષની ઉજવણી, સી.એમ. સ્વાગત કાર્યક્રમની ૨૦ વર્ષની ઉજવણી, મારી માટી મારો દેશ તેમજ વિકસિત ભારત સંકલ્પ યાત્રા દ્વારા જે જન જન સુધી એમની સુખાકારી સુધી જવા માટે જેનો રાજય સરકારે પ્રયાસ કર્યો છે. સુરતમાં ડાયમન્ડ બૂર્સનું ઉદઘાટન જેવા અનેક સીમા ચિન્હોની એના કાર્યોની આ એક સાક્ષી છે. ચાલુ વર્ષે સેમી કન્ડકટર ગ્રીન હાઇડ્રોજન બીન પરંપરાગત ઊર્જા જળસંચયથી પાણી મુદ્દે આત્મનિર્ભર બનવા માટે જેવા અનેક વિષયો સાથે ગેટ વે ટુ ફયુચરની થીમ સાથે અમૃતકાળની પહેલી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતાના છે પણ આપણે સૌ એના સાક્ષી પણ બન્યા છીએ કે જે રીતે વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ઉજવણી થઇ એના આપણે બધા સાક્ષી પણ બન્યા છીએ. માનનીય પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ આપણને સૌને એક મંત્ર આપ્યો છે તમારા સ્વપ્ના એ જ મારો સંકલ્પ. જેટલા તમારા સ્વપ્ના મોટા હશે એટલો જ મારો સંકલ્પ મજબૂત હશે. ચાલો આપણે સૌ સાથે બેસીને, સાથે જોડાઇને આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ જે આપણને ગેરંટી સાથે આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત અને વિકસીત ગુજરાતથી વિકસીત ભારતનો જે સંકલ્પ આપ્યો છે એ યાત્રામાં આપણે સૌ પણ સામેલ થઇએ અને એવું સરસ મઝાનું અંદાજપત્ર આપણને આપ્યું છે અને એમાંય મારા વિભાગોની અંદર સંતોષકારક રીતે જોગવાઇઓ કરી છે એટલે ફરીથી હું રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી અને આદરણીય નાણામંત્રીશ્રીનો પણ હૃદયથી આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્ર બાજુના અને ઉત્તર ગુજરાતના માનનીય સભ્યશ્રીઓ જે વાત કરી રહ્યા હતા કે, ભૂતકાળમાં જો જળ સંપત્તિ એટલે સિંચાઇ અને પીવાના પાણી માટેની સુવિધા ઊભી ન થઇ હોત તો કચ્છ ખાલી થયું હોત અને કચ્છમાંથી લોકો હિજરત કરી ગયા હોત, પશુપાલકો પણ હિજરત કરી ગયા હોત. એવી જ સૌરાષ્ટ્રની પણ અમુક વિસ્તારોની સ્થિતિ હતી કે જે તે વખતે સમયસર પીવાના પાણીની અને સિંચાઇની સુવિધા ન થઇ હોત તો સૌરાષ્ટ્રમાંથી પણ કેટલાક લોકોએ હિજરત કરવાનો સમય આવ્યો હોત. એવી જ સ્થિતિ ઉત્તર ગુજરાતમાં હતી અને એને ધ્યાનમાં રાખીને ઉત્તર ગુજરાતમાં જે રીતે સુજલામ સુફલામ કેનાલો એની પાઇપ લાઇનો અને સ્પ્રેડિંગ કેનાલો વગેરે થઇ અને એને કારણે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રનો કેટલોક વિસ્તાર આજે હરિયાળો છે. કચ્છનું નામ પડે ત્યાં એવું કહેવામાં આવતું કે, કચ્છની સૂકી ભઠ્ઠ ધરતી. એને

બદલે અત્યારની સ્થિતિ બદલાઇ ગઇ છે. આજે લોકો સૌ કચ્છ તરફ જવા માટે પ્રયાણ કરવા લાગ્યા છે અને એનો યશ જતો હોય તો દેશના યશસ્વી પ્રધાન મંત્રી શ્રી આદરણીય નરેન્દ્રભાઇ કે જેમણે દીર્ઘદષ્ટિથી આ આયોજન કર્યું અને આજે આખા ગુજરાતની કાયાપલટ થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૪–૨૫ની નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી ક્રમાંક–૬૬ હેઠળ સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ સેવા માટે મહેસૂલી ખર્ચની રૂપિયા ૩૯૪૨.૦૮ કરોડ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૯૪૫૬.૫૩ કરોડની સન્માનનીય ગૃહ સમક્ષ મારી માગણી લઇને આવ્યો છું એને રજૂ કરતા મને આનંદ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જળ સંપત્તિ વિભાગ દ્વારા સિંચાઇ યોજનાઓની મરામત, જાળવણી કરવી તેમજ તેની કાર્યક્ષમતામાં વધારો કરવો તેમજ નવી માળખાકીય સુવિધાઓ ઊભી કરવી, નવી સિંચાઇ યોજનાઓ, જળ સંગ્રહ માટેના સ્ટ્રક્ચરો બનાવી, સિંચાઇથી વંચિત વિસ્તારોમાં સિંચાઇની સુવિધા ઉપલબ્ધ કરાવવી, ક્ષાર પ્રવેશ નિયંત્રણ તેમજ ભૂગર્ભ જળની પરિસ્થિતિમાં સુધારો કરવા જેવા બહુહેતુક કાર્યો હાથ ધરવાના મારા વિભાગે શરૂ કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, થોડી મારે વિસ્તારવાઇઝ એટલા માટે યાદી કરાવવી છે કે, ઘણા બધા સભ્યોની રજૂઆતો આવે છે એને ધ્યાનમાં રાખીને મારે પહેલા કચ્છ વિસ્તારની વાત કરવી છે. કચ્છ વિસ્તારમાં નર્મદાના પૂરના વધારાના પાણી પૈકી એક મિલિયન એકર ફીટ પાણીનું વિતરણ કરવા માટે પ્રથમ તબક્કામાં ૩ પાઇપલાઇનનાં યોજનાનાં કામો રૂપિયા ૪૧૧૮ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે અને આ ત્રણેય લિંકોથી કુલ મળીને ૩૮ જેટલી સિંચાઇ યોજનામાં નર્મદાનું પાણી પહોંચાડવામાં આવશે. ૭૭ ગામ અને ૧,૦૪,૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળવાનો છે તેમજ પાણીની અછત ધરાવતા જે તાલુકાઓ છે એમાં રાપર, અંજાર, મુન્દ્રા, ભૂજ, માંડવી અને નખત્રાણા તાલુકાને આ યોજના બનતા તેનો લાભ મળતો થશે. બીજા તબક્કામાં અંદાજિત કિંમત રૂપિયા ૨૨૫૫ કરોડની ૨ પાઇપલાઇનનાં કામો આયોજનમાં લીધેલાં છે તેનાથી કુલ મળીને ૪૧ જેટલી સિંચાઇ યોજનામાં નર્મદાનું વધારાનું પાણી પહોંચતું થશે એનાથી ૫૩ ગામ અને ૬૮૧૯૫ હેક્ટર વિસ્તારમાં સિંચાઇનો લાભ મળશે તેમજ પાણીની અછત ધરાવતા જે વિસ્તારો ખાસ કરીને હતા અને અબડાસાના ધારાસભ્યશ્રીએ જે વાત કરી હતી એવા માંડવી, લખતર, અબડાસા અને નખત્રાણા તાલુકાને એનો લાભ મળતો થશે. આ કામો માટે બજેટમાં રૂપિયા ૨૭૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કચ્છમાં મોટા ચેકડેમો, તળાવો વગેરે જળ સંગ્રહનાં કામો માટે રૂપિયા ૪૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કચ્છના કેટલાક વિસ્તારોના કૂવા રીચાર્જ કરવા માટેની યોજના, ડ્રીપ ઇરિગેશન માટેની યોજના, તલાવડી બનાવવા માટેની યોજના વગેરેનો અટલ ભૂજળ યોજનામાં સમાવેશ કરીને કચ્છને હરિયાળો બનાવવાનું કામ અમારા જળ સંપત્તિ વિભાગ અને સિંચાઇ વિભાગના અધિકારીઓ દ્વારા થઇ રહ્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને.**

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષ સાહેબ આવ્યા છે ત્યારે હું એમના વિસ્તારની એટલે કે ઉત્તર ગુજરાતની પણ થોડી વાત કરી લઉં. પ્રગતિ હેઠળની અંદાજિત રૂપિયા ૧૫૬૬ કરોડની કસરાથી દાંતીવાડા પાઇપલાઇન માટે આ વર્ષે રૂપિયા ૩૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે જેનાથી પાટણ અને બનાસકાંઠા જિલ્લાને પૂરક સિંચાઇનો લાભ મળતો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રગતિ હેઠળની અંદાજિત ૧૯૨ કરોડની ડિંડરોડથી મુકતેશ્વર પાઇપ લાઇન જેના માટે રૂપિયા ૬૦ કરોડની જોગવાઇ કરી છે જેનાથી પાટણ અને બનાસકાંઠા જિલ્લાને પૂરક સિંચાઇનો લાભ મળતો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠાના વડગામ તાલુકાના કર્માવત તળાવને પાઇપ લાઇનથી જોડાણ માટે આ વખતે ૨૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. ઉત્તર ગુજરાત વિસ્તારના નર્મદાના પાણીના લાભથી વંચિત જે વિસ્તારો છે એવા બનાસકાંઠા જિલ્લાના થરાદ, ધાનેરા, ડિસા, દિયોદર, લાખણી અને કાંકરેજ તાલુકાઓના એમાં ખાસ કરીને નવીન બે પાઇપ લાઇનની યોજનાનું આગામી દિવસોમાં આયોજન છે અને આ કામગીરી માટે રૂપિયા ૧૬૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ યોજનાઓ થકી ૧૫૦૦ હેક્ટરથી પણ વધારે વિસ્તારને સિંચાઇનો અને પિયતનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લાભ મળવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લાના ખેરાલુ અને સતલાસણા તાલુકાનાં તળાવોને ભરવા માટેની પાઇપ લાઇનની કામગીરી માટે આ વખતે રૂ.૧૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મેશ્વો, ખારી, પુષ્પાવતી અને રૂપેણ નદીઓ પર સિરીઝ ઓફ ચેક ડેમ માટે રૂપિયા ૫૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેનાથી ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા જિલ્લાને પૂરક સિંચાઇનો લાભ પૂરતાં પ્રમાણમાં મળવાનો છે. બનાસકાંઠા જિલ્લામાં બાલારામથી માલાણા સુધીની પાઇપ લાઇનની કામગીરી માટે આ વખતે રૂપિયા ૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાબરમતી પર સિરીઝ ઓફ બેરેજની કામગીરી અંતર્ગત ગાંધીનગર જિલ્લાના અંબોડ ખાતે બેરેજ બનાવવાની કામગીરી માટે રૂપિયા ૮૨ કરોડની અને મહેસાણા જિલ્લાના ફતેપુરા ખાતે બેરેજ બનાવવાની કામગીરી માટે રૂપિયા ૭૦ કરોડની જોગવાઇ આ વખતે કરવામાં આવી છે. મહેસાણા જિલ્લાના હીરપુરા ખાતે બેરેજની પ્રગતિ હેઠળની કામગીરી માટે રૂપિયા ૧૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે જેનાથી આ કામ પૂર્ણ થતાં આગામી દિવસોમાં મહેસાણા, ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લાને પૂરક સિંચાઇની યોજનાનો લાભ મળવાનો છે. ધરોઇ બંધ પરિક્ષેત્રને વિશ્વકક્ષાના પ્રવાસી અને યાત્રાધામ તરીકે વિકસાવવાની કામગીરી માટે રૂપિયા ૪૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માઘ ૨૫, ૧૯૪૫ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર ગિફ્ટ સિટી નજીક સાબરમતી નદીના કાંઠાના પ્રોટેકશન, તેની દીવાલ માટે અને રીવરફ્રન્ટ ડેવલપમેન્ટની કામગીરી માટે આ વખતે રૂપિયા ૨૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ખારીકટ કેનાલનું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બોકસમાં ભેળવવાની પ્રગતિ હેઠળની કામગીરી માટે રૂપિયા ૧૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. થોડોક ભાલ વિસ્તાર જે આવે છે તે સપાટ વિસ્તાર છે એવા વિસ્તારની અંદર પણ કયાંક પાણી ભરાઇ જાય તો એ ખેતીને નુકસાન કરે છે એટલે એવા જે ભાલ વિસ્તાર છે ત્યાં પાણીના નિકાલ માટેની આમાં અલગથી અમે જોગવાઇ કરી છે તેની સાથે સાથે થોડાક માટીના બંધ બાંધીને, કયાંક રીચાર્જ થઇ શકાય એવા સ્ટ્રકચરો બનાવવાનું અમે ભાલ વિસ્તારની અંદર આ વખતે આયોજન કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું અમારા થોડાં સૌરાષ્ટ્રની પણ વાત કરી લઉં. આ ઝોન માટે એટલા માટે કહીએ છીએ અમારા માનનીય સભ્યશ્રીને પણ એમ થાય કે અમારા વિસ્તારની અંદર પણ સિંચાઇ વિભાગ તરફથી ન્યાય મળી રહ્યો છે. હમણાં અહીંયા કેટલાક સભ્યો વાત કરતા હતા કે, આ વખતે રાજય સરકારે રાજયના માનનીય મુખ્યમંત્રી અને ખાસ કરીને જે દીર્ઘદષ્ટિથી જેમણે આ સૌરાષ્ટ્રની યોજનાઓ સુજલામ સુફલામ કેનાલો માટે ઉત્તર ગુજરાત અને સૌની યોજના માટે સૌરાષ્ટ્રની અંદર જે યોજનાઓ બનાવી છે અને તેને કારણે આજે સૌરાષ્ટ્ર હરિયાળો બન્યો છે. આ વખતે સૌથી વધારે અમને આનંદ થાય છે કે, સૌરાષ્ટ્રની અંદર લિંક ૧,૨,૩ અને ૪ આમ આ ચારે ચાર લિંકની અંદર આ વખતે પૂરતાં પ્રમાણમાં જે રીતે ખેડૂતોએ પાણી માગ્યું છે તે રીતે આપ્યું છે એટલે આ વખતે સૌરાષ્ટ્રને સૌથી વધારે ફકત ચોમાસામાં નહીં શિયાળુ પાકમાં સારામાં સારા પાક લઇ શકાય એવું આ વખતે સૌરાષ્ટ્રમાં જયાં જેણે માગ્યું છે તે પ્રમાણે દરેક વિસ્તારની અંદર પહોંચી શકે એટલુ પાણી આપવા માટેનો પ્રયત્ન કર્યો છે. દુષ્કાળગ્રસ્ત ગણાતા સૌરાષ્ટ્રના વિસ્તાર કે જયાં એક સમયે ટ્રેનો કે ટેન્કર મારફતે પીવાનું પાણી આપવામાં આવતું હતું અને સિંચાઇ માટે તો પાણી એક સ્વપ્ન હતું. અત્યારે જયારે સૌની યોજના બની અને એ સૌરાષ્ટ્ર માટે આશીર્વાદરૂપ બની છે એનો આ વખતનો એક દાખલો દઇ અને આપણે કહી શકીએ કે આ વખતે લગભગ સૌરાષ્ટ્રની અંદર જયાં સૌની યોજનાનું પાણી જાય છે તે ખેડૂતો જે બીજો પાક લેશે અને સમૃદ્ધ ખેતી અને સમૃદ્ધ ખેડૂતો આવતા દિવસોમાં આપણને સૌરાષ્ટ્રના ખેડૂતોમાં જોવા મળશે. હાલ સૌની યોજના પૂર્ણતાના આરે છે. સૌની યોજનાના કુલ ૧૩૭૧ કિ.મી.ની લંબાઇ પૈકી આશરે ૧૨૯૮ કિ.મી.ના પાઇપલાઇનનાં કામો પૂર્ણ થયાં છે. મને આનંદ થાય છે કે આમાં તો અમે જે આંકડા લખ્યા છે એ ખૂબ નાના આંકડાઓ છે. આ વખતે મારા કેટલાય સભ્યશ્રીઓ મારી પાસે આવીને ત્યાં કેટલાંક તળાવમાં પાણી જઇ શકે એવું નહોતું ત્યાંથી ત્રણ-ચાર કિ.મી. સુધી તળાવમાં પાણી વહેવડાવીને અનેક તળાવો અને ચેકડેમો ભરવા માટે માનનીય સભ્યશ્રીઓની માગણી મુજબ આયોજન કરાવ્યું છે. પૂર્ણ થયેલી કામગીરીથી ૮૫ જળાશયો, ૧૭૦ કરતાં વધુ તળાવો અને ૧૩૧૯ કરતાં વધુ ચેકડેમોમાં આશરે ૭૭૪૩૦ મિલિયન ઘનફૂટ નર્મદાનું પાણી ભરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રના રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, મોરબી, જામનગર, ભાવનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, અમરેલી અને ગીર-સોમનાથ જિલ્લાઓ અને તેના શહેરોને પીવાના પાણીનો ફાયદો થયો છે. આશરે છ લાખ એકર કરતાં વધુ વિસ્તારમાં સિંચાઇની સુવિધા સુદઢ બની છે. સૌની યોજનામાં બાકી રહેલા વિસ્તારો માટે પણ રાજ્ય સરકારે ચિંતા કરી છે. આગામી વર્ષ માટે સૌની યોજના હેઠળ નીચે મુજબનાં કામો હાથ ધરવા માટે સિંચાઇ વિભાગે આયોજન કર્યું છે. આમાં અમારા ઘણા બધા માનનીય સભ્યો એવા છે કે જેને લિંક એટલે શું એ ખબર નહોતી પણ આ વખતે તો કઇ લિંકમાંથી અમારે પાણી આવશે એવો અભ્યાસ કરીને એ પણ મને બતાવવા લાગ્યા કે આ લિંકમાંથી અમને પાણી મળશે. સૌની યોજના લિંક-૧, ૨, ૩ અને ૪ના સ્કવેર વાલ્વ જયાં હોય એ વાલ્વથી મુખ્ય પાઇપમાં બંને બાજુએ ત્રણ કિ.મી. સુધી પાણી આપી શકાય એટલે કે ચેકડેમ ભરી શકાય, તળાવ ભરી શકાય એની પણ જોગવાઇ કરીને આ વખતે ચેકડેમ અને તળાવ ભરવા માટેની પણ જોગવાઇ અમે કરી છે. સુરેન્દ્રનગર જિલ્લાના નર્મદા કમાન્ડથી વંચિત રહેલા ધ્રાંગધ્રા, વઢવાણ તથા મૂળી તાલુકાના ૪૪ ગામનાં તળાવ, સીમ તળાવ, ચેકડેમોને નર્મદા આધારિત પાણીનો લાભ આપવા માટે પણ અમે આ વખતે આયોજન કર્યું છે. અમેરલી જિલ્લાના ગારિયાધાર, લાઠી, બાબરા તાલુકાના અંદાજિત ૨૫ ગામોને પાણી પૂરું પાડવાની યોજનાનો પણ આ વખતે સમાવેશ કર્યો છે. લાઠી વિસ્તારના માનનીય સભ્ય એવું કહેતા હતા કે અમારે લાઠીમાં હજી બે-ચાર ગામો બાકી રહી ગયા છે. આ યોજના બનતા લગભગ લાઠી વિસ્તારના એ ગામોનો પણ એમાં સમાવેશ થશે. હળવદ તાલુકાના વિવિધ ૧૧ ગામોને નર્મદાના પાણી સાથે જોડવા માટે પાઇપલાઇનનું આયોજન છે. કૃષિની વાત કરું તો ગઇ કાલે જ એક સભ્ય આવ્યા હતા અને ગઇ કાલે જ એ ૧૧ ગામોને મેં વહીવટી મંજૂરી આપી છે. મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના વિવિધ ૨૮ ગામોને નર્મદાના પાણી સાથે જોડવા માટેનું આ વખતે અમે આયોજન કર્યું છે. સાયલા, વઢવાણ, મૂળી તાલુકાના વિવિધ ગામોને નર્મદાના પાણીથી જોડવા માટેનું આ વખતે અમે આયોજન કર્યું છે. મચ્છુ-૧ ડેમ આધારિત પમ્પિંગ સ્ટેશન બનાવીને મચ્છુમાંથી રાજકોટ, ચોટીલા, વાંકાનેર તાલુકાના વિવિધ ગામોમાં કુલ મળીને ૨૬ વિવિધ જળાશયો આ સૌની યોજના લિંક-૩માંથી ભરી શકાય એ રીતેની યોજનાનું આ વખતે અમે આયોજન કર્યું છે અને એ સરવેની કામગીરી ચાલુ છે. રાજકોટ, જસદણ અને કોટડા સાંગાણી તાલુકાના શ્રીમતી ભાનુબેનના વિસ્તારનો પણ એમાં સમાવેશ થાય છે. એવા વિસ્તારમાં પણ આવનારા દિવસોમાં ૩૭ ગામોની ત્રંબા પાસે લિંક-૩માંથી જોડાણ આપીને પાઇપલાઇન મારફતે એ વિસ્તારના ગામોને પાણી આપવા માટેનું આ વખતે આયોજન કર્યું છે. જસદણ તાલુકાના ૧૪ ગામોને જોડવાનો એમાં સમાવેશ કરીને મોટા ભાગે જે સૂકા વિસ્તારો છે એને જોડવા માટેનો પ્રયાસ કર્યો છે. તમામ કામો માટે સૌની યોજના હેઠળ લગભગ

રૂ.૪૩૨ કરોડની આ વખતે અમે જોગવાઇ કરી છે. જેમાં ઉપરની બધી યોજનાઓનો સમાવેશ થાય છે. ભૂતકાળમાં દરિયાકાંઠાના ખારા પાટમાં એટલે કે ગીર વિસ્તાર કે જ્યાં પીવાના પાણી માટે અને સિંચાઇ માટે મુશ્કેલી પડતી હોય એવા વિસ્તારને ગીર–સોમનાથી જિલ્લાના અમરાપુર, સૌની, સનોસરી, ધોકડવા અને અંબાડા ગામ પાસે સિરીઝ ઓફ વિયર બનાવી રૂ.૧૭૩ કરોડની જોગવાઇ કરી એની સૈદ્ધાંતિક મંજૂરી પણ આપી છે. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં ક્ષાર પ્રવેશ નિવારણ માટેનાં કામો અને દરિયાકાંઠાના ધોવાણ અટકાવવા માટેનાં કામો માટે રૂ.૯૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ઘેડ વિસ્તારમાં ભરાઇ જતાં પાણીના કારણે ખેતી લગભગ નિષ્ફળ જાય છે. આ વખતે ઘેડ વિસ્તારમાં પૂરના પાણીના નિકાલ માટે સ્પ્રેડિંગ કૅનાલ, નદી ઊંડી ઉતારવાનાં કામો માટે અને પૂર સંરક્ષણ દીવાલો માટે રૂ.૩૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મધ્ય ગુજરાતમાં વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના પોઇચા પાસે મહી નદી ઉપર વીયર બનાવવાનું આયોજન કર્યું છે. જેના માટે રૂ.૧૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ઉત્તર ગુજરાતમાં જ્યાં કૅનાલ મારફત પૂરતું પાણી મળતું નથી ત્યારે સુજલામ્ સુફલામ્ સ્પ્રેડિંગ કૅનાલને આધુનિકીકરણ થકી વાઇડ કરવા માટે રૂ.૧૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અંદાજિત રૂ.૭૯૪ કરોડની જોગવાઇ પૈકી કપડવંજ, કઠલાલ, ગળતેશ્વર, બાલાસિનોર વગેરે તાલુકાના સિંચાઇથી વંચિત વિસ્તારોમાં મહી નદી આધારિત ઉદવહન સિંચાઇ યોજનાઓ માટે રૂ.૧૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અંદાજિત રૂ.૧૭૮ કરોડની જોગવાઇ પૈકી અરવલ્લી જિલ્લાના વાત્રક જળાશય આધારિત ઉદવહન સિંચાઇ યોજના માટે રૂ.૬૦ કરોડની જોગવાઇ, હાથમતી જળાશય આધારિત ઉદવહન સિંચાઇ યોજના માટે રૂ.૩૫ કરોડની જોગવાઇ, મહી નદી પર સિંઘરોટ વીયરની હેઠવાસમાં બદલપુર, કારેલી વિસ્તારના લોકોની માંગણીને ધ્યાનમાં લઇને વીયર બાંધવા માટે તે વિસ્તારના સન્માનનીય સભ્યોની પણ માગણી હતી. તેને ધ્યાને લઇને વિગતવાર સરવેની કામગીરી હાથ ધરીશું અને યોગ્ય જણાયે તેની આગળની કામગીરી કરવા માટે વિચારણામાં લઇ ભવિષ્યમાં સાકાર બને તેવો પ્રયત્ન છે. વર્ષો જૂનાં તળાવોનું ડીપનિંગ અને રીનોવેશન જેવાં કામો હાથ ધરવા નવીન ટૅક્નોલોજીનો ઉપયોગ કરીને આ વખતે રબર ડેમ બનાવવા માટે જોગવાઇ કરી છે. અમારા માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇના વિસ્તારની પણ ચિંતા કરીને આ વખતે દક્ષિણ ગુજરાતનો સમાવેશ પણ કર્યો છે. નવસારી જિલ્લામાં રૂ.૧૧૦ કરોડના ખર્ચે વેરાવળ, કસબાપાર ખાતે પૂરના ટાઇડલ રેગ્યુલેટર યોજના માટે રૂ.૪૬ કરોડની જોગવાઇ, નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં રૂ.૨૫૦ કરોડના ખર્ચે, વાઘરેચ ખાતે ટાઇડલ રેગ્યુલેટર યોજના માટે રૂ.૪૫ કરોડની જોગવાઇ, અંદાજિત રૂ.૭૫૦ કરોડના દક્ષિણ ગુજરાત વિસ્તારમાં તાપી નદી પર બૅરેજ બનાવવાની અને મીંઢોળા, અરોંગા અને દમણગંગા નદી પર દરિયાકિનારા નજીક ટાઇડલ રેગ્યુલેટર બનાવવા માટેનાં કામોની જોગવાઇઓ કરી છે. આદિવાસી વિસ્તારમાં લગભગ ડુંગરાળ, ટેકરા અને જ્યાં પાણી રોકી ન શકાય તેવી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને અલગથી જોગવાઇઓ કરી છે. મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં જ્યાં અંતરિયાળ પર્વતીય વિસ્તારોમાં પાણી પહોંચાડવું ખૂબ મુશ્કેલ હોય છે તેવા કડાણા, પાનમ, કરજણ, કાંકરાપાળ, ઉકાઇ વગેરે જળાશયો આધારિત ૧૬ મોટી ઉદવહન સિંચાઇ યોજનાઓ માટે રૂ.૫,૧૭૬ કરોડના ખર્ચે સિંચાઇની સુવિધા આપવા માટેનું આયોજન હાથ ધરેલ છે. તે પૈકી સાત યોજનાઓની કામગીરી લગભગ પૂર્ણ થયેલ છે અને બાકીની નવ યોજનાઓનાં કામો આજે પ્રગતિમાં છે. બાકી રહેલા કામો માટે પણ જોગવાઇઓ કરીને સમાવેશ કર્યો છે. પ્રગતિ હેઠળની જે રૂ.૭૧૧ કરોડની તાપી–કરજણ લિંક પાઇપલાઇન યોજનાનાં કામો માટે આ વખતે રૂ.૨૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પ્રગતિ હેઠળની લગભગ રૂ.૧૦૨૦ કરોડના ખર્ચે ઉકાઇ જળાશય આધારિત સોનગઢ, ઉચ્છલ, નિઝર ખાતે ઉદવહન સિંચાઇ યોજના માટે રૂ.૧૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં પૂર્ણા, અંબિકા, કાવેરી, પાર, માન, તાન, દમણગંગા વગેરે નદીઓ ઉપર મોટા ચેકડેમો, બૅરેજો અને વીયર બનાવવા માટે રૂ.૧૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પંચમહાલ જિલ્લાની પાનમ જળાશય આધારિત ઉદવહન પાઇપલાઇન માટે રૂ.૯૬ કરોડની જોગવાઇ, મહીસાગર જિલ્લાના પાનમ જળાશય આધારિત વાંકડી ગામ પાસે સંતરામપુર તાલુકાનાં કામો અને જળાશયો ભરવા માટેની અંદાજિત રૂ. ૧૩૩ કરોડની ઉદવહન સિંચાઇ યોજના માટે આ વખતે રૂ.૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. મહીસાગર જિલ્લાના કડાણા જળાશય આધારિત સરસડી ઉદવહન સિંચાઇ યોજના માટે રૂ.૩૫ કરોડની જોગવાઇ. અંદાજિત રૂ.૧૭૮ કરોડની અરવલ્લી જિલ્લાના મેશ્વો જળાશય આધારિત ઉદવહન સિંચાઇ યોજના માટે આ વખતે રૂ.૩૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. અલગ–અલગ બધા જ વિસ્તારોને સમાવવાનો પ્રયત્ન કર્યો છે. દેશના આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી જે સુજલામ્ સુફલામ્ જળ અભિયાનનું સ્વપ્ન લઇને આવ્યા હતા એને સાકાર કરવા માટે વર્ષ ૨૦૧૮થી શરૂ કરીને છેલ્લાં છ વર્ષમાં ૯૮,૨૩૪ કામો હાથ ધરવામાં આવેલાં. તે પૈકી મુખ્યત્વે નાની સિંચાઇનાં તળાવો, તળાવો ઊંડા કરવા તેમજ નવાં તળાવો કરવાનાં કામો, તળાવોના ડીસિલ્ટિંગનું કામ, ચેકડેમો ડીસિલ્ટિંગ કરવા, ચેકડેમોનું રિપેરિંગ અને ખાસ કરીને નહેરો અને કાંસ સાફ કરવાનો આ સુજલામ્ સુફલામ્ જળ અભિયાનમાં સમાવેશ કર્યો છે. આ વખતે ચાલુ વર્ષમાં પણ સુજલામ્ સુફલામ્ જળ અભિયાન શરૂ કરવાનું આયોજન છે. આ અભિયાન અંતર્ગત છેલ્લાં છ વર્ષમાં થયેલાં કામોની જળ સંગ્રહ શક્તિમાં કુલ લગભગ ૧,૬૦,૬૨૧ લાખ ઘનફૂટ જેટલો વધારો થયો છે. નવેમ્બર–૨૦૨૩ સુધીમાં જળસંપત્તિ વિભાગના કુલ ૯૪,૫૮૮ ચેકડેમો અને રાજ્યના અન્ય વિભાગોમાં ૯૨,૫૫૭ ચેકડેમો મળીને કુલ ૧,૮૭,૧૪૫થી વધુ ચેકડેમોથી આશરે ૪,૫૧,૯૧૮ હેક્ટર વિસ્તારને સીધી અને આડકતરી સિંચાઇનો લાભ આ સુજલામ્ સુફલામ્ જળ અભિયાનના માધ્યમથી મળી રહ્યો છે. સમગ્ર રાજ્યમાં જળસંચયની કામગીરી માટે રૂ.૨૩૬ કરોડની ચાલુ વર્ષમાં જોગવાઇ

કરવામાં આવી છે. પાઇપલાઇન બનાવીને ઓછા પાણીએ વધારે પાક લઇ શકાય અને એનો મહત્તમ ઉપયોગ થઇ શકે એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીનો પણ આગ્રહ હતો કે, સૂક્ષ્મ સિંચાઇ યોજનાઓનું અમલીકરણ વધારેમાં વધારે થાય, ખેડૂતો એનો વિશેષ લાભ લે, સિંચાઇમાં પાણીનો કરકસરયુક્ત વપરાશ થાય અને ઓછા પાણીથી વધુ ઉત્પાદન થાય તે માટે વધુમાં વધુ વિસ્તારને સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરી લેવા માટે હયાત તથા નવી સિંચાઇ યોજનામાં પ્રેશરાઇઝ્ડ ઇરિગેશન અને સૂક્ષ્મ સિંચાઇનાં કામો માટેનું આયોજન છે. જે પૈકીના સૌરાષ્ટ્ર વિસ્તારમાં દસ સિંચાઇ યોજનામાં, કચ્છ વિસ્તારમાં છ સિંચાઇ યોજનામાં, દક્ષિણ ગુજરાતમાં પ ઉદવહન સિંચાઇ યોજનામાં, મધ્ય ગુજરાતમાં એક સિંચાઇ યોજનામાં અને ઉત્તર ગુજરાતમાં પ સિંચાઇ યોજના શરૂ કરવા માટેની આ સૂક્ષ્મ સિંચાઇ યોજના માટેનું આયોજન છે. એના માટે રૂ.૪૦૩ કરોડની જોગવાઇ પણ કરવામાં આવી છે. ઘણા બધા સભ્યશ્રીઓએ એમના વિવિધ જિલ્લાઓમાં ગ્રામ્ય અને છેવાડાના વિસ્તારનું પૂરતું પાણી પહોંચાડવા, જૂના ડેમોના નવીનીકરણ માટે, સિંચાઇની વ્યવસ્થાઓમાં અથવા તો સિંચાઇ માટે પૂરતું પાણી છોડવાના પ્રશ્નો ઉઠાવીને લગભગ સાત જેટલા બીજા અન્ય મિત્રોએ પણ આમાં કાપ દરખાસ્તો મૂકી છે. જળસંપત્તિ વિભાગ દ્વારા રાજ્યના દરેકે દરેક જિલ્લા અને તાલુકામાં છેલ્લે સુધી બનાસકાંઠા હોય, મહીસાગર હોય, પાટણ હોય તમામ જિલ્લાઓમાં જરૂરિયાત મુજબની સિંચાઇની સુવિધા પૂરી પાડવાનો મારા વિભાગે અને રાજ્ય સરકારે પ્રયત્ન કર્યો છે. આ સિંચાઇ યોજનામાં પીવાના પાણીનો જથ્થો અનામત રાખ્યા બાદ સિંચાઇ માટે ઉપલબ્ધ થતાં પાણી માટે અધિકારીઓ કે પદાધિકારીઓને ખેડૂતો તથા ઘણા બધા સભ્યોની રજૂઆતો આવે કે, અમારા તળાવમાં પાણી છોડો પણ ત્યાંની પાણી સમિતિ હોય એ નક્કી કરે અને ડેમ તળાવમાં જે પાણી હોય એમાંથી પીવાના પાણીને અગ્રતા આપી બાકીનું પાણી છોડવા માટે સમિતિ નક્કી કરે એ પ્રમાણે ડેમ કે તળાવમાંથી પાણી છોડવા માટેની રજૂઆતો પ્રમાણે મદદ પણ કરી છે. ખાસ કરીને આ સમિતિના માધ્યમથી સિંચાઇની યોજનાઓમાં તળાવો કે ડેમમાંથી સંગ્રહિત વધારાનું પાણી ખેતી માટે છોડવાનો પ્રયત્ન કર્યો છે. મેં સમગ્ર સિંચાઇ વિભાગની કામગીરીનો ચિતાર આપ્યો છે. સિંચાઇ સુવિધા તંત્રની નિષ્ફળતાનો કોઇ પ્રશ્ન આમાં રહેતો નથી. મોટાભાગે કોઇ સભ્યશ્રીએ આમાં અસંતોષ વ્યક્ત કર્યો હોય એવું જોવા મળ્યું નથી. મારી સભ્યોને વિનંતી છે કે, આપ સૌ સભ્યો આપની કાપ દરખાસ્ત પાછી ખેંચો અને વિપક્ષના સભ્યોને પણ વિનંતી છે કે, જળ એ જ જીવન છે અને સિંચાઇ માટેની વાત હોય કે પીવાના પાણીની વાત હોય એના માટેનો અમે પૂરતો પ્રયાસ કર્યો છે ત્યારે કાપ દરખાસ્તો રદ કરવા તથા સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ માટે રજૂ કરેલી માગણી સર્વાનુમતે મંજૂર થાય એવી હું વિપક્ષના માનનીય સભ્યશ્રીઓને પણ વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા બીજા વિભાગની પણ સાથે જ વાત કરી લઉં છું. ખાસ કરીને, અહીંથી ઘણા બધા સભ્યશ્રીઓ પીવાના પાણીની વાત કરી રહ્યા હતા. અમે ભૂતકાળમાં એના બરાબર સાક્ષી છીએ. હું અગાઉ જયારે આ વિધાનગૃહનો સભ્ય હતો ત્યારે સૌરાષ્ટ્રમાંથી અમે એ વખતે પીવાના પાણી માટે અહીંયા ખૂબ બૂમા–બૂમ કરતા હતા. ત્યાં પીવાનું પાણી મળતું ન હતું. એક હેન્ડપંપ કરાવવો હોય તો પણ બૂમા–બૂમ કરીએ તો એકાદ હેન્ડ પંપ થાય. ગુજરાતના બીજા વિસ્તારોમાંથી ટ્રેનો મારફતે ત્યાં પીવાનું પાણી લાવતા હતા એવા દિવસો અમે જોયા છે. એમાંથી બહાર નીકળી આજે જે કોઇ યોજનાઓ બની છે અને બલ્ક પાઇપલાઇનોનું આખું નેટવર્ક બન્યું છે એના કારણે સૌરાષ્ટ્ર, કચ્છ કે ઉત્તર ગુજરાત હોય આ તમામ વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યાઓ હલ થઇ છે. આપણે બધા એના સાક્ષી છીએ. જળસંપત્તિ વિભાગની પીવાના પાણી માટેની માગણીમાં પણ ઘણા બધા સભ્યશ્રીઓએ ખૂબ સંતોષ વ્યકત કર્યો છે. જે રીતે દેશના પ્રધાનમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઇએ ખૂબ વિશાળ દિલ અને મન રાખી ગુજરાત રાજ્યને સર્વાંગી રીતે પીવાનું કે સિંચાઇનું પાણી હોય એના માટે પૂરતી નાણાકીય જોગવાઇઓ કરીને અનેક યોજનાઓ આપી છે ત્યારે હું આપને વિશ્વાસ આપું છું કે, હજી પણ કયાંક પીવાનું પાણી નહીં મળતું હોય અને કયાંક સુધારણાનાં કામો કરવાનાં થતાં હશે તો ચોક્કસ કરીશું. તમે અમારા ધ્યાન ઉપર મૂકજો. ઘણા બધા સભ્યશ્રીઓએ સંતોષ વ્યકત કર્યો છે એટલે હું એમનો પહેલા આભાર માની લઉં છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૪–૨૫ની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી ક્રમાંક–૬૭ હેઠળ પાણી પુરવઠા સેવા માટે મહેસૂલી ખર્ચ રૂ. ૨,૮૫,૯૪,૦૦,૦૦૦ અને મૂડીગત ખર્ચ માટે રૂ.૪૫,૩૪,૧૨,૦૦,૦૦૦/–ની માગણી ગૃહ સમક્ષ રજૂ કરતા મને આનંદ થાય છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા મેળવેલી સિદ્ધિ અને આગામી આયોજનની વાત કરું તો ૩૦ વર્ષ અગાઉ રાજ્યમાં પીવા પાણી માટે શું પરિસ્થિતિ હતી? એના આપણ સૌ સાક્ષી છીએ. પહેલાં આપણને અનેક વખત સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં દર વર્ષે દુષ્કાળની પરિસ્થિતિ જોવા મળી છે. અછતગ્રસ્ત જિલ્લાઓમાં અડધાથી વધારે ગામોને ટેન્કરથી પાણી આપવામાં આવતું હતું. પાણીના ટીપા–ટીપા માટે બહેનો દ્વારા બેડા યુદ્ધ થતું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારમાં આખું ટેન્કર રાજ જેવી પરિસ્થિતિ આપણે ભૂતકાળમાં જોઇ છે અને આપણે એના સાક્ષી છીએ. આવા સમયમાં ગુજરાત રાજ્યના તે વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને હાલના યશસ્વી પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીજીની એ વખતની તકલીફમાં પણ તક શોધવાની અને આપત્તિને અવસરમાં ફેરવવાની દીર્ઘદષ્ટિથી પીવાના પાણી માટેના ક્ષેત્રમાં એક અભૂતપૂર્વ કામગીરી કરી છે અને આજે એનું પરિણામ આપણને જોવા મળે છે. રાજય સરકારે પણ છેવાડાના માનવીના કલ્યાણને ધ્યાનમાં રાખીને રામરાજયની વિભાવના સાકાર કરવા માટેના પ્રયાસ કર્યા છે, જેનાથી ગુજરાત રાજ્ય દેશનું એક મૉડલ સ્ટેટ બનવા જઇ રહ્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇએ ખૂબ વિશાળ દિલ રાખીને આ વખતે પીવાના પાણી માટેની ખૂબ સારી જોગવાઇઓ

કરી છે. પીવાના પાણીની જોગવાઇ એ રાજ્યની પ્રાથમિક જવાબદારીઓ પૈકીની એક છે. ગુજરાત સરકારે પીવાના પાણીની મર્યાદિત ઉપલબ્ધતાની સમસ્યાને દૂર કરવા માટે અથાગ પ્રયત્નો કર્યા છે. ગુજરાતે ભારતનું ગ્રોથ એન્જિન છે. ગુજરાત સરકાર રાજ્યના તમામ નાગરિકોને પીવાલાયક પાણી ઉપલબ્ધ કરાવવા અને કૃષિ ઉદ્યોગોના આર્થિક વિકાસને વેગ આપવા માટે પ્રતિબદ્ધ છે. સરકારશ્રીએ આ દિશામાં મહત્તમ સરફેસ સ્ત્રોત આધારિત પાણીના ઉપયોગ માટે સુદ્દઢ પગલાંઓ લીધાં છે. પાણી પુરવઠા વિભાગે રાજયમાં પાણીની અછતની પરિસ્થિતિને ટકાઉ ધોરણે નિવારવાના લક્ષ્ય સાથે રાજયવ્યાપી પાણી પુરવઠા ગ્રીડ બનાવવાની પહેલ કરી, તમામને પૂરતા પ્રમાણમાં પાણી સુનિશ્ચિત કરવા માટે એક મજબૂત માળખું ઊભું કર્યું છે. જે રીતે અમારા અબડાસાના માનનીય સભ્યશ્રી વાત કરતા હતા તે રીતે કચ્છના છેવાડાના વિસ્તારમાં પાણી પહોંચતું થયું છે, તે રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડ ઊભી કરી છે એના ભાગરૂપે મળે છે. છેલ્લાં બે દાયકામાં ગુજરાત રાજ્ય જળ સુરક્ષા અને જળ સંશાધનોમાં કાર્યક્ષમ સંચાલન તરફની પહેલ માટે દેશમાં અગ્રેસર રહ્યું છે. રાજયમાં દુષ્કાળની પરિસ્થિતિમાંથી છૂટકારો મેળવવા માટે, પાણીના માળખામાં રોકાણ, લાંબાગાળા જળનીતિના અમલીકરણ, સ્થાનિક માળખાકીય સુવિધાઓ, પાણી પુરવઠા સેવાઓના સંચાલનમાં ગ્રામીણ સમુદાયોની ભાગીદારી, લોક સમુદાયને પણ આમાં ભાગીદાર બનાવ્યા છે અને એને પ્રાધાન્ય આપ્યું છે. એના પરિણામે છેવાડાના ગામો સુધી આપણે પાણી પહોંચાડી શક્યા છીએ. રાજયમાં છેલ્લાં ૨૨ વર્ષથી પીવાના પાણીના ક્ષેત્રમાં અભૂતપૂર્વ કામો થયેલાં છે. રાજયમાં પાણી પુરવઠા ક્ષેત્રમાં લગભગ રૂ.૨૦૦૦૦ કરોડથી પણ વધારે રકમના ખર્ચે રાજય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડનું નિર્માણ થયું છે. જે થકી લગભગ ૩૨૦૦ કિલોમીટર બલ્ક પાઇપલાઇનનું પણ એમાં નિર્માણ થયું છે. નાંખવામાં આવી છે. પાણી પુરવઠા ગ્રીડ દ્વારા રાજયના ૧૮૧૫૨ પૈકીના ૧૪૯૨૬ ગામો તેમજ ૨૪૧ જેટલા નર્મદા તેમજ અન્ય સરફેસ સોર્સથી જોડાયેલા ગામોને પાણી મળતું થયું છે. જે થકી સમગ્ર રાજયમાં ૩૫૨ જૂથ યોજનાઓ હેઠળના ૧૪૩૨ હેડવર્કસ, સબ હેડવર્કસ થકી ૪.૩૬ કરોડ લોકોને દૈનિક ૩૨૦૦ એમ.એલ.ડી. પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જળ જીવન મિશન અંતર્ગત દેશના આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ જે રીતે જળજીવન મિશન દાખલ કરીને નલ સે જલ યોજના થકી સપ્ટેમ્બર ૨૦૨૨થી સપ્ટેમ્બર ૨૦૨૩ સુધી ૧૪૮૩ યોજનાઓ પૂર્ણ કરીને લોકોને ઘરને આંગણે શુદ્ધ અને પૂરતું પાણી પહોંચાડવા માટેનો પ્રયત્ન અમારા પાણી પુરવઠા વિભાગે અને બોર્ડે કર્યો છે. જયારે લગભગ રૂ.૭૯ કરોડની ૧૩૫ યોજનાઓની કામગીરીને મંજૂરી આપવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા નવીન રૂપિયા ૫૪૯ કરોડની યોજનાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. રૂ.૯૨૯ કરોડની આ યોજનાનું ભૂમિપુજન કરવામાં આવ્યું છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા છેલ્લા એક વર્ષમાં પાણી પુરવઠાનાં વિવિધ કામો માટે રૂપિયા ૯૦૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. રાજયમાં છેલ્લા એક વર્ષમાં ૮૯૯ ગામોનો સમાવેશ કરતી અંદાજિત કિંમત રૂપિયા ૧૨૩૮ કરોડની ૨૫ જૂથ પાણી પુરવઠા યોજના અને ફળિયા કનેક્ટિવિટીની યોજનાને પૂર્ણ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્ર અને કચ્છના છેવાડાના વિસ્તારમાં પીવાના પાણી માટેની જરૂરિયાતોને પહોંચી વળવા માટે બોટાદ જિલ્લામાં રૂપિયા ૩૭૬ કરોડના બલ્ક પાઇપલાઇનનાં કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે. તેમજ ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, બોટાદ, રાજકોટ, જૂનાગઢ અને પોરબંદર જિલ્લા માટે રૂપિયા ૨૦૮૦ કરોડના ખર્ચે બલ્ક પાઇપલાઇનનું કામ પ્રગતિ હેઠળ છે. સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં પાણીની ઉપલબ્ધિ સુનિશ્ચિત થવાના કારણે આજે તે વિસ્તારમાંથી લોકોનું સ્થળાંતર થતું અટક્યું છે અને ઔદ્યોગિક રીતે પણ ખૂબ ક્રાંતિ થઇ છે. ચાલુ વર્ષે નળ જૂથ યોજનામાં કામો પૂર્ણ કરેલ છે, જેમાં ૩૮૮ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે બજેટની મહત્ત્વની જે જોગવાઇઓ છે એ પણ હું ગૃહના ધ્યાન પર મૂકવા માગું છું. વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્ય સરકાર દ્વારા કુલ રૂપિયા ૬૨૪૨ કરોડની જોગવાઇ સાથે પાણી પુરવઠા યોજનાઓ માટે અલગથી રાખવામાં આવેલ છે. એ માટે હું માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો પણ આભાર માનું છું. મુખ્ય યોજનાઓની વાત કરીએ તો ખાસ કરીને જલ જીવન મિશન માટે રૂ.૨૫૧૧ કરોડ, ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓ માટે રૂ.૧૩૨૪ કરોડની અલગથી જોગવાઇઓ કરવામાં આવી છે. નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજનાઓ માટે રૂ. ૮૮૫ કરોડની જોગવાઇ. Use of treated waste water. એટલે કે ગંદુ પાણી હોય તેને શુદ્ધ કરીને કાં તો ઉદ્યોગમાં અથવા તો ખેતીમાં વાપરી શકાય એના માટે પણ રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ડી-સેલિનેશન પ્લાન્ટની દરિયા કાંઠા પર ખારા પાણીને મીઠું કરીને જયાં પાણી ખાસ કરીને ઓછું મળતું હોય એના માટે વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરીને ડી-સેલિનેશન પ્લાન્ટની સ્થાપના માટે રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા આદિવાસી વિસ્તારોમાં ગ્રામ્ય આંતરિક પાણી પુરવઠા યોજનાઓ માટે ખાસ કરીને કેટલાક સભ્યશ્રીઓની રજૂઆતો આવતી કે અમારા વિસ્તારમાં, આદિવાસી વિસ્તારમાં આ ૧૦ ટકા રકમ, વાસ્મોમાં નલસે જલ યોજનામાં ભરી શકતા નથી. એવી આંતરિક પીવાના પાણીની યોજના થતી હોય છે એમાં જે ૧૦ ટકા લોકફાળો લેવાય છે, એમાં ૧૦ ટકા લોકફાળામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. એવી જ રીતે અનુસૂચિત જાતિની ૪૦ ટકા કે ૨૫૦ કરતા વધુ વસતિ ધરાવતા ગામ હોય તો એમાં પણ લોક ફાળામાંથી મૂક્તિ આપવામાં આવેલ છે. જલજીવન મિશન, હર ઘર જલ યોજના. ભારત સરકાર દ્વારા દેશના તમામ નાગરિકોને વર્ષ ૨૦૧૯થી શરૂ કરી સન ૨૦૨૪ એટલે ૫ વર્ષના સમયગાળા દરમિયાન ઘરે ઘરે શુદ્ધ પાણી ઉપલબ્ધ થાય એના માટે

માનનીય પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ હર ઘર જલ યોજના જાહેર કરી છે અને એ જલજીવન મીશન હેઠળ નલ સે જલ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં તમામ ઘરોને નળના માધ્યમથી પીવાનું પાણી પૂરું પાડવા માટેનું અને એમને જોડાણ આપવા માટે આની અંદર જોગવાઇ છે. આગળ જણાવું તો ખાસ કરીને ભૂતકાળની જળ વિષમતામાંથી શરૂ કરીને આજની જળ સલામતી સુધીનો રાજયનો પાણી પુરવઠાનો જે ઇતિહાસ છે એના માટે ખૂબ અભૂતપૂર્વ પગલાં લઇ રહ્યાં છે. અમારો વિભાગ રાજયની તમામ અમલીકરણની યોજનાઓ છે એની સમક્ષાઓ કરે છે. જયાં જયાં વ્યકિતદીઠ ૭૦ લીટર પીવાનું પાણી નથી મળતું એવા વિસ્તારો છે એને ધ્યાનમાં રાખીને સરવે કરાવીને એને સુધારણાનાં કામોમાં લઇને વ્યકિતદીઠ ૭૦ લીટરમાંથી ૧૦૦ લીટર સુધી પાણી મળે એ માટે જરૂરિયાતમાં સુધારાનાં કામો અત્યારે હાલ પ્રગતિ હેઠળ છે. જયાં જયાં જરૂરિયાત થાય છે ત્યાં નવા સોર્સ શોધીએ છીએ. હમણાં વિપક્ષના એક મિત્ર અહીંથી કહેતા હતા, કે એક ટાંકો બન્યો હોય પણ ત્યાં પાણી ન હોય, એના માટે યોજના બને, નવો સોર્સ શોધીને ગામ સુધી લાવીએ, ટાંકો, સંપ બને અને ગામની આંતરિક પીવાના પાણીની આખી વ્યવસ્થા ઊભી થાય, બન્નેનું જોડાણ કરીને આખી યોજના કમીશનિંગ થાય ત્યાં સુધીનું અમે અભિયાન કર્યું છે અને મોટા ભાગે એ બેમાં વચ્ચે ગેપ હશે તો એને જોડીને ટાંકા સુધી અને ટાંકામાંથી ગામ સુધીની આંતરિક યોજના હોય એને જોડીને પીવાનું પાણી ગામ સુધી અને ગામથી ઘર સુધી મળે એ માટે અમે અભિયાન ઉપાડયું છે અને કયાંય ગેપ હશે તો ગેપ છોડવા માટેનો પ્રયત્ન અમારા વિભાગ તરફથી થયો છે. ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓ આગામી ત્રણ વર્ષમાં ભૂગર્ભજળ આધારિત વ્યકિતગત પાણી પુરવઠા યોજનાના ગામોને તબક્કાવાર પાણીના સરફેસ સોર્સ આધારિત જૂથ પાણી પુરવઠા યોજનાના ભાગ તરીકે આવરી લેવા માટેનું અમારું આ વિભાગનું આયોજન છે. તમામ જિલ્લા, તાલુકા અને ગામડાઓ સુધી સરફેસ વોટર આધારિત કાયમી યોજના બને એ માટે પણ અમે સંકલ્પબદ્ધ છીએ. અમારો વિભાગ સતત એ માટેના પ્રયત્નો કરે છે. આદિજાતિ વિસ્તારો કે જયાં ઉપરના ગામડાઓમાં, ખાસ કરીને ઊંચાઇ, ટેકરાવાળાં કોતરોનાં ગામડાઓ આવેલાં હોય એવાં ગામડાઓમાં પણ સરફેસ સ્ત્રોત કઇ રીતે આપી શકાય એવા વિસ્તારની પણ ચિંતા કરીને ત્યાં બલ્ક પાઇપલાઇન નાખીને સરફેસ સોર્સ ઊભા કરવાનો નિશ્ચય કર્યો છે, જેના ભાગરૂપે અમે રૂ.૧૫૪૧ કરોડની ૧૪૩૦ ગામોને આવરી લેતી ૫ બલ્ક પાઇપલાઇનની યોજનાઓ પણ આ વખતે અમેં મંજૂર કરી છે. નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજના, આ યોજનામાં સામાન્ય રીતે મોટા ભાગની નર્મદા કેનાલ આધારિત આ યોજનાઓ બનાવવાની થતી હોય છે કારણ કે લોકલ સોર્સમાં પીવા લાયક પાણી ન મળે તો એને આની સાથે જોડવા માટેનો અમે પ્રયત્ન કરેલો છે. એના ભાગરૂપે ઢાંકી અને નાવડા આધારિત સૌરાષ્ટ્ર કચ્છ વોટર ગ્રીડથી ૨૫૦૦ એમ.એલ.ડી.ની કેપેસિટી છે એમાં બોટાદ, ભાવનગર, જૂનાગઢ, રાજકોટ, અમરેલી, પોરબંદર, ગીર સોમનાથ જિલ્લાઓમાંથી ક્ષમતા સંવર્ધનના ઉદ્ધેશ સાથે નાવડાથી ચાવંડ ૮૫ કિલોમિટરની બલ્ક પઇપલાઇન અને ઢાંકીથી નાવડા સુધીની ૯૭ કિલોમીટર બલ્ક પાઇપલાઇન, ઘરાઇથી ભેંસાણ સુધીની ૬૩ કિલોમિટર સુધીની બલ્ક પાઇપલાઇન નાખવાનાં કામો પ્રગતિમાં આગળ વધી રહ્યાં છે. પીવાનું પાણીનું માળખું યોગ્ય અને સક્ષમ રીતે ચાલે અને તે સુનિશ્ચિત કરવા માટે અને યોગ્ય ગુણવત્તાવાળું પૂરતી માત્રામાં અને સમયસર રોજેરોજ પાણી વિતરણ સુનિશ્ચિત બને તે ઉદ્ધેશથી પાણીની ગુણવત્તા અને જથ્થાના મીટરિંગનો પ્રોજેકટ અમલીકરણ કરવા માટેનું કામ અમે હાથ ધર્યું છે. કેટલીક વખત પાઇપલાઇનો નાખ્યા પછી ઘણા મિત્રની ફરિયાદો હતી કે કયાંક પાણી પૂરતું મળતું નથી, કયાંક ચોરી થાય છે એના માટે પણ માનનીય તુષારભાઇ વાત કરતા હતા એના માટે પણ આ વખતે અમે મીટરિંગ પ્રથા કરી છે કે પાણી ઓડિટ થાય, અહીંથી જે પાણી નીકળે એ સામેની બલ્ક પાઇપમાંથી કેટલું પાણી બહાર જાય છે એનું પણ ઓડિટ થાય એ માટે આ વખતે આપણે જોગવાઇ કરી છે. આદિજાતિ વિસ્તારો માટે ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓ, આદિજાતિ વિસ્તારોમાં ભૂતકાળનું માળખું જે હેન્ડપંપ આધારિત હતું તેમાં બદલાવ કરીને ઘરે ઘરે નળ ઉપલબ્ધ બનાવવા માટે એના આશયથી છેલ્લાં ત્રણ વર્ષમાં અમારી સરકારે આદિજાતિ વિસ્તારમાં વિવિધ કામોનું અમલીકરણ કરેલ છે. આદિજાતિ વિસ્તારોમાં દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, વલસાડમાં બલ્ક પાઇપલાઇનનાં કામો હાલ પ્રગતિમાં છે. પરંતુ હાલ ટૂંકાગાળાની વ્યવસ્થાના ભાગરૂપે સ્થાનિક સોર્સ ખાસ કરીને ભૂગર્ભના પાણીના તળ ઊંડા ગયા હોય તો આવા વિસ્તારમાં સરફેસ સોર્સનો ફાયદો મળે એના માટેનું આયોજન અમે કર્યું છે. પાણીના રીયુઝ માટે ટ્રીટેડ વેસ્ટ વોટર માટે ગુજરાત રાજ્ય દ્વારા તા. ૨૮-૫-૨૦૧૮ના રોજ ગટરના શુદ્ધીકરણ કરેલા પાણીનો પુનઃ ઉપયોગ થાય એના માટેની નીતિ જાહેર કરવામાં આવેલ. આ નીતિથી શુદ્ધ પાણીના જળસંચય અને એકલા ચોખ્ખા પાણી ઉપર આધારિત ન રહેતા ઉદ્યોગોમાં આ શુદ્ધ કરેલ પાણી આપી શકાય અને ફરી એ પાણી ઉપયોગમાં લઇ શકાય એની યોજના બનાવીને મીઠા પાણીનો બચાવ થાય અને ટ્રીટેડ પાણીનો ફરીથી ઉપયોગ થાય એના માટેની સુવિધા આ વખતે કરી છે. ડીસેલિનેશન પ્લાન્ટ, આ વખતે સૌરાષ્ટ્ર અને કચ્છના છેવાડાના ગામોમાં પીવાના પાણીનો વૈકલ્પિક સોર્સ ઊભો કરી સ્થાનિક વિસ્તારમાં જળ સલામતી પ્રદાન કરવાના હેતુથી દરિયાકાંઠાના કુલ ૪ સ્થળે સ્થાનિક જરૂરિયાતને ધ્યાને રાખીને દરિયાના ખારા પાણીને મીઠું પાણી બનાવવાના ડીસેલિનેશન પ્લાન્ટની કામગીરી હાલમાં પ્રગતિમાં છે. ભાવનગર જિલ્લાના ઘોઘા પાસે ૭ કરોડ લિટરનો, ગીર સોમનાથ જિલ્લાના વડોદરા ઝાલા ગામ પાસે ૩ કરોડ લિટરનો, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગાંધવી પાસે ૭ કરોડ લિટરનો, કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ગુંદિયાળી પાસે ૧૦ કરોડ લિટરનો મળીને કુલ ૨૭ કરોડ લિટર દૈનિક આપણને ડીસેલિનેશન પ્લાન્ટમાંથી પાણી મળે એની કામગીરી પ્રગતિમાં છે. ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા અધિનિયમ ૨૦૧૯, હમણાં માનનીય તુષારભાઇ પણ વાત કરતા હતા કે પાણીની ચોરી થાય છે. આ અધિનિયમની શરૂઆત

આપણે ૨૦૧૯માં કરી છે. આનો હેતુ પાણીના અનધિકૃત ઉપાડ અટકાવવા અને પાણી પુરવઠાની આંતરમાળખાકીય સુવિધાઓને નુકસાન થતું અટકાવવાનો અને ઘર વપરાશની પાણી પુરવઠા વ્યવસ્થાનું સંરક્ષણ કરવા માટે આ અધિનિયમના ઉપયોગની અમે શરૂઆત કરી દીધી છે. આપણે જે કાંઇ પાણી ઉપાડીએ છીએ ત્યારે જ્યાંથી ઉપાડીએ છીએ ત્યાંથી છેવાડાના ભાગ સુધી સંપ સુધી કેટલું પાણી પહોંચે છે એનું ઓડિટ થઇ શકે, એ માટે વોટર ઓડિટની જાગૃતિ લાવનાર ગુજરાત રાજ્ય ભારતમાં પ્રથમ રાજ્ય છે. અત્યાર સુધી પાણી ગમે ત્યાં જાય એવું ચાલતું હતું. પણ આ વખતે અમે એવી નીતિ દાખલ કરી છે કે પાણી ઉપાડીએ છીએ તો છેવાડાના ભાગ સુધી કેટલું પહોંચાડી શકીએ છીએ એનું ઓડિટ થાય એના માટેની આ બજેટમાં જોગવાઇ કરી છે. રાજ્યમાં આઇ.ટી.આઇ. કેન્દ્રો મારફતે પ્રતિ બેન્ચ ખાસ કરીને ઘણાં બધાં ગામડામાં પાણી આપ્યા પછી આંતરિક વ્યવસ્થા, વિતરણ વ્યવસ્થા કરવાની મુશ્કેલીના કારણે લોકલ ગ્રામ પંચાયત કે પાણી સમિતિ ન સંભાળતી હોવા અંગેના પ્રશ્નો ઊભા થતા હતા. આ વખતે મેં પંચાયત સાથે સંકલન કરીને આઇ.ટી.આઇ. કરેલા છોકરા રાખવાના અને એને વેતન આપવાનું અને એના માધ્યમથી ઓપરેટર ગામની અંદર પાણી વિતરણની વ્યવસ્થા ઓપરેટ કરે અને એને કીટ પણ આપવામાં આવે કે જેથી ક્યાંય નાનું મોટું રિપેરિંગ કરવાનું થતું હોય તો તાલીમ સાથેના ઓપરેટરો રિપેરિંગ કરી શકે. આ પ્રકારની વ્યવસ્થા પંચાયત વિભાગ સાથે સંકલન કરવાની અને એની જોગવાઇ આ બજેટમાં કરી છે. ગામડામાં ઘણી વખત ઓપરેટરના કારણે પાણી આપવા અંગેના પ્રશ્નો ઊભા થતા હોય છે એ ન થાય. એના માટેની જોગવાઇ કરી છે. પાણી પુરવઠા પ્રભાગની સેવાઓને લગતી ફરિયાદોના નિવારણ અર્થે ટોલફ્રી હેલ્પ લાઇન નંબર ૧૯૧૬ કાર્યરત છે. તે જ રીતે મુખ્ય કચેરી ગાંધીનગર ખાતે ૨૪ કલાક કન્ટ્રોલ રૂમ પણ કાર્યરત છે. નવા ભારતના સ્વપ્નદષ્ટા અને ગુજરાતના પનોતા પુત્ર તેમજ દેશના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૪ દરમિયાનના ૫ વર્ષમાં હર ઘર નલના સ્વપ્નને સિદ્ધ કરવા માટે અમે સંકલ્પબદ્ધ છીએ અને ગુજરાત રાજ્યએ એ પરિપૂર્ણ કરેલ છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીએ ગુજરાતના વિકાસનો જે રાજમાર્ગ કંડાર્યો છે તેના ઉપર વિશ્વાસ રાખીને છેલ્લા બે દશકા કરતાં વધારે સમયથી ગુજરાતમાં સેવાભાવી સરકારની જનહિતલક્ષી કાર્યરીતિ અને જન કલ્યાણકારી નીતિ જનતાને સાચા દિલથી સ્વીકારી ગુજરાતની જનતાના જેને ખૂબ ખૂબ આશિર્વાદ મળ્યા છે ત્યારે પાણી પુરવઠા ક્ષેત્રમાં વિવિધ આયોજનો માટેની જરૂરી જોગવાઇઓ માટે વર્ષ ૨૦૨૪-૨૫માં અંદાજપત્રમાં સૂચવાયેલી જે કોઇ જોગવાઇઓ છે, માગણીઓ છે એ લઇને હું ગૃહ સમક્ષ આવ્યો છું ત્યારે પાણી પુરવઠા મંત્રી તરીકે મારી આ માગણીઓ સર્વાનુમતે પસાર કરવા વિનંતી કરું છું. ત્યારે મારી પાસે બાકીના બે વિભાગની પણ એની જોડે જ વાત કરી લઉં.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને હમણાં અહીંયાથી વાત થઇ એમાં ઘણા બધા નાના મોટા મુદ્દા એ હતા કે અન્ન અને નાગરિક પુરવઠામાં કયાંક અનાજનો જથ્થો પૂરતા પ્રમાણમાં મળતો નથી. દેશના પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ જે રીતે કોરોના વખતે છેવાડાના અને જરૂરિયાતમંદ લોકોને ધ્યાનમાં રાખીને તેઓની ચિંતા કરી હતી એ સીલ-સીલો આજે પણ ચાલુ રહ્યો છે અને છેવાડાનો માનવી ભૂખ્યો ના સૂવે એની ચિંતા કરી છે. ક્યાંક નાની મોટી સમસ્યા હશે તો એ હલ કરવા માટે અમારો વિભાગ કટિબદ્ધ છે અને એ માટે કોઇ બાંધછોડ કરવા તૈયાર નથી. ગરવી ગુજરાતનું વિકાસ તંત્ર અને ગ્રીન અર્થતંત્ર એ ગ્લોબલ અને ગતિશીલ એટલે ફાઇવ-જી રહે તેવું છે. આ ગુજરાત રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વડપણ હેઠળ આ સરકાર કામ કરી રહી છે ત્યારે હું ગૌરવ સાથે કહી શકું કે ગરીબો અને વંચિતોની સેવા કરવી એ અમારી સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આપણા તત્કાલીન મુખ્ય પ્રધાન અને હાલના દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ખરા સમયે ગરીબો અને વંચિતોને સહાયરૂપ થવા માટે છેવાડાનો માનવી પણ ભૂખ્યો ના રહે તેવા હેતુસર પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના દ્વારા રાજ્યના અંત્યોદય અગ્રિમતા ધરાવતા કુટુંબોને અનાજ મળી રહે તે માટે ૭૨ લાખ કુટુંબોની સાડા ત્રણ કરોડ જેટલી જન સંખ્યાને છેલ્લાં ૪ વર્ષમાં કુલ ૬૮ લાખ મે.ટન જેટલું અનાજ વિનામૂલ્યે પૂરું પાડ્યું છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ જે રીતે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના ૧લી જાન્યુઆરી ૨૦૨૪થી વધુ, આ ડિસેમ્બર મહિનામાં ખાસ કરીને ૩૫ કિલો અનાજ ફ્રીમાં આપવાની વાત હતી અને દેશના પ્રધાનમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઇએ ફરી પાછા ૫ વર્ષ સુધી એટલે કે આ ૧લી જાન્યુઆરી ૨૦૨૪થી પાંચ વર્ષ સુધી લંબાવવા માટે જાહેરાત કરી છે જે રાષ્ટ્રની ખાદ્ય અને પોષણ સુરક્ષાને સુનિશ્ચિત કરવા માટે સરકારની લાંબાગાળની પ્રતિબદ્ધતા અને ઉદ્દેશ દર્શાવે છે. ગરીબ અને જરૂરિયાતમંદ લોકો પડખે ઊભા રહેવાની નેમ છે એ પ્રતિબદ્ધતા સાધવા માટે રાજ્ય સરકાર કામ કરી રહી છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રીનો પણ આભાર માનું છું કે ફરી આગામી ૫ વર્ષ સુધી વિનામૂલ્યે અન્ન આપવાની યોજના ચાલુ રહેશે. મારા હસ્તકના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા બાબતના વિભાગે ગુજરાત રાજ્યની છેવાડાની પ્રજાને ધ્યાનમાં રાખીને પૂરતી બજેટમાં જોગવાઇ કરી છે ત્યારે ફરી હું માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય મુખયમંત્રીશ્રીનો ફરી આ તકે આભાર માનું છું. વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં આ વિભાગ માટે માગણી ક્રમાંક ૨૨ હેઠળ મહેસૂલી ખર્ચ માટે ૧,૯૭૧ કરોડ ૫૩ લાખ રૂપિયા અને માગણી ક્રમાંક ૨૩ હેઠળ મહેસૂલી ખર્ચ માટે રૂ. ૧૮૦ કરોડ ૯૩ લાખ અને મૂડી ખર્ચ માટે રૂ.૫૨ કરોડ ૩૪ લાખની માતબર રકમની જોગવાઇ કરવા બદલ હું ફરી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો આભાર માનું છું. અન્ન, નાગરિક પુરવઠા ગ્રાહકોની બાબતના વિભાગનો મુખ્ય ઉદ્દેશ રાજ્યમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા (એન.એફ.એસ.એ.)ના પાત્રતા ધરાવતા કુટુંબોની અન્ન સલામતી અને પોષણ સલામતી માટે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાહત દરે અનાજ અને અન્ય આવશ્યક ખાદ્ય સામગ્રી પૂરી પાડવા ''**સર્વ જન હિતાય, સર્વ જન સુખાય**'' સૂત્રને ચરિતાર્થ

કરવાનો રાજ્ય સરકારનો ઉદ્દેશ છે એ અમે આ વિભાગ મારફત બહાર લાવવાનો પૂરો પ્રયાસ કરીએ છીએ. અન્ન સલામતીની સાથે સાથે સામાન્ય લોકોને એલ.પી.જી., પેટ્રોલ અને ડીઝલ જેવી આવશ્યક ચીજ–વસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ થાય અને મળી રહે એ માટે અમારો વિભાગ કામ કરી રહ્યો છે. ઉપરાંત આ રાજ્યનો દરેક ગ્રાહક જાગૃત બને તે માટે ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે વિભાગનો ઉદ્દેશ જન જાગૃત્તિ અને શિક્ષણ કાયદાઓ દ્વારા ગ્રાહક સુરક્ષાની સલામતી બક્ષવા માટેનો અમારો મુખ્ય ઉદ્દેશ પણ આ વિભાગનો છે. મારો વિભાગ કાયદા, કાનૂન આધારિત પુરવઠાનું નિયમન કરવાની તથા કાયદો તોડીને કાળા બજાર કરનાર કે ગ્રાહકોને છેતરનાર કાળા બજારિયાઓની અટકાયત કરી કડકમાં કડક સજા કરવાની અમારા વિભાગ મારફત અમે કાર્યવાહી કરીએ છીએ. અન્ન નાગરિક પુરવઠા વિભાગની યોજનાઓ તથા આ વર્ષની નવી બાબતોની થોડી બાબતો ગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો ૨૦૧૩ હેઠળ અનાજ વિતરણ માટેની રાજ્યની કુલ ૩૮૨.૮૪ લાખની વસ્તીને કાયદા હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક નકકી કરાયેલો છે. રાજ્ય સરકાર દ્વારા આ કાયદાઓ હેઠળ અગ્રતા ધરાવતા કુટુંબ એટલે કે પ્રાયોરિટી હાઉસ હોલ્ડ (પી.એચ.એચ.) તરીકે સમાવેશ કરવા માટે માસિક આવક મર્યાદા, અત્યાર સુધી કુટુંબની માસિક આવક મર્યાદા ૧૦૦૦૦ હતી એનો ક્રાઈટેરિયા અમે સુધારીને આ વર્ષે ૧૫૦૦૦ સુધી લઇ ગયા એને કારણે જરૂરિયાતવાળા જેની આવક મર્યાદિત હતી એવા કુટુંબોને પણ આ નિર્ણયથી સમાવી શકીશું. એને કારણે ડિસેમ્બર–૨૦૨૩ની સ્થિતિએ કુલ ૭૨ લાખ કુટુંબોની કુલ ૩.૫૪ કરોડ જનસંખ્યાને અન્ન સલામતી યોજનામાં અત્યાર સુધીમાં આવરી લીધા છે. આ ક્રાઈટેરિયા થોડો આપણે સુધાર્યો. કુટુંબની આવક દર મહિને ૧૦૦૦૦ હોય એના ઉપરથી આપણે ઉપર લઇ જઇશું તો વધારાના જરૂરિયાતવાળા કુટુંબોને સમાવી શકીશું. આ કાર્ય માટે મારા વિભાગે શ્રમ અને રોજગાર વિભાગ પાસેથી ઇ–શ્રમ કાર્ડ ધારકોનો ડેટા મેળવીને આવા શ્રમિકોને માનનીય સભ્યશ્રીઓના અને સૌના ધ્યાન ઉપર એટલે મૂકીએ છીએ કે કેટલાક ઇ–શ્રમ કાર્ડ ધારકો જે હોય છે એવા લોકોને પણ આવા શ્રમિકોને રેશન કાર્ડ ઇશ્યુ કરવાની અને પાત્રતા અનુસાર એન.એફ.એસ.એ. હેઠળ સમાવવાની કામગીરીનો આરંભ પણ કર્યો છે. એવા પરિવારો હશે તો આ વધારાના પરિવારોને સમાવીને આ લાભ આપીશું. રાજ્યમાં પાત્રતા ધરાવતા તમામ પરિવારો માટે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અનાજ વિતરણ કરવા માટે ૬૭૫ કરોડ રૂપિયાની માતબર રકમની પણ આમાં જોગવાઇ કરવામાં આવી છે. ખાસ કરીને આજના ૫–જી ના સમયમાં જાહેર વિતરણ વ્યવસ્થા માટે કયુઆર કોડ આધારિત આ બધું એટલા માટે કે કયાંક નાનીમોટી ફરિયાદો ચોરી વગેરેની આવે છે એમાંથી બહાર નીકળવા માટે અમે કમ્પ્યુટરાઇઝડ સિસ્ટમ ઊભી કરી છે. એમાં આ વ્યવસ્થામાંથી કયુ.આર. કોડ આધારિત સ્માર્ટ રેશન કાર્ડ તૈયાર કરવા માટે પણ આ વખતે અમારી જોગવાઇ અને આયોજન પણ છે. મારા વિભાગે કાર્યવાહી હાથ ધરેલ છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૦થી રાજ્યના તમામ રેશનકાર્ડને ડિજિટલાઇઝ કરવામાં આવેલ છે. જેમાં રેશનકાર્ડ ધારકોને મેન્યુઅલના સ્થાને બારકોડેડ આધારિત રેશન કાર્ડ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. અમે જે રીતે સીધા કાર્ડ લઇને જાય અને અનાજ આપતા એમાંથી બહાર લાવીને મોટા ભાગના બધાને મેન્યુઅલના બદલે બારકોડેડમાં લઇ ગયા છીએ જેથી કરીને કયાંકને કયાંક ગેરરીતિ થતી હોય તો અટકાવી શકાય. આગામી વર્ષે જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ સુદ્રઢ અને નાગરિક કેન્દ્રિત બનાવવાના હેતુસર કયુ.આર. કોડ આધારિત સ્માર્ટ રેશનકાર્ડ આપવા માટેની નવી બાબત માટે રૂ.૫.૪૪ કરોડની જોગવાઇ પણ અમે આ વખતે કરી છે. ખાદ્યતેલના વિતરણ માટેની પણ વ્યવસ્થા કરી છે. આના માટે ખાદ્યતેલ અથવા બીજી કોઇ ચીજવસ્તુ અમે કાર્ડના માધ્યમથી આપીએ છીએ એની ગુણવત્તા પૂરેપૂરી જળવાઇ રહે એના માટેની અહીંયા એફ.આર.એલ. લેબ પણ છે. લેબોરેટરીની અંદર ટેસ્ટિંગ થાય અને ટેસ્ટિંગ થયા પછી જ એ માલની ખરીદી અથવા તો ગ્રાહકો સુધી, કાર્ડધારકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરીએ છીએ. ખાદ્યતેલની અંદર પણ અમે લેબોરેટરી કરાવીએ છીએ એમાં પાઉચની અંદર કંઇ નાનુંમોટું દેખાય તો જે સપ્લાયર હોય છે એ કાળી યાદીમાં મૂકીને એની સામે ગુનો દાખલ કરીને એની સામે પગલાં પણ લઇએ છીએ એને છોડતા નથી. ખાદ્યતેલ વિતરણ માટે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વર્ષમાં બે તહેવારો જન્માષ્ટમી અને દિવાળી દરમિયાન વ્યાજબી ભાવની દુકાનો મારફતે તમામ ૭૨ લાખ એન.એફ.એસ.એ. લાભાર્થી કુટુંબોને કાર્ડદીઠ એક લિટર સિંગતેલનું પાઉચ એટલે ૧૦૦ રૂપિયા પાઉચદીઠ એટલે એક કિલો કે એક લિટર ૧૦૦ રૂપિયે આ તહેવારોના સમય દરમિયાન વિતરણ કરવામાં આવે છે અને એને માટે રૂ.૧૬૦ કરોડની જોગવાઇ પણ આ વખતે સિંગતેલ માટે કરવામાં આવી છે. ડબલ ફોર્ટીફાઇડ મીઠાના વિતરણ માટે હમણાં માનનીય તુષારભાઇ કહેતા હતા, એમનો જવાબ હું પછી આપીશ પણ ઉલ્લેખ એટલા માટે કરું છું કે રાજ્યના તમામ ૭૨ લાખ એન.એફ.એસ.એ. કુટુંબોને દર માસે કાર્ડદીઠ એક કિલોગ્રામ મીઠાનું પેકિંગ એક રૂપિયે પ્રતિ બેગ દીઠ એક રૂપિયા લેખે આવા કાર્ડ ધારકોને આપવામાં આવે છે એને કારણે ખાસ કરીને આવા પોષક તત્ત્વોને કારણે આયર્ન અને આયોડીનયુકત આ ફોર્ટીફાઇડ મીઠું મળે એ માટે આ વખતે રૂ.૫૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાંડના વિતરણ માટે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાજ્યના ૮ લાખ જેટલા અંત્યોદય લાભાર્થી કુટુંબોમાં રાહત દરે રૂપિયા ૧૫ પ્રતિ કિલોના રાહત ભાવથી વિતરણ કરવામાં આવે છે. એ ઉપરાંત રાજ્યના ૨૩ લાખ જેટલા બી.પી.એલ. લાભાર્થી કુટુંબોને પ્રતિ વ્યક્તિ ૩૫૦ ગ્રામ ખાંડનું દર માસે રૂપિયા ૨૨ પ્રતિ કિલોના ભાવે વિતરણ કરવામાં આવે છે. વર્ષમાં બે વખત જન્માષ્ટમી અને દિવાળીના તહેવારોમાં કાર્ડદીઠ ૧ કિલોગ્રામ ખાંડનું રાહત ભાવથી વિતરણ કરવામાં આવે છે. લગભગ ૩૧ લાખ અંત્યોદય કાર્ડ ધારકો અને બી.પી.એલ. કાર્ડ ધારકોને વિતરણ કરવા માટે રૂપિયા રૂ.૧૯૧ કરોડની જોગવાઇ કરી છે. ખાસ કરીને પ્રોટીનયુક્ત ખોરાક આપવા માટે ચણાના વિતરણ માટે રાજ્યના રૂ.૭૨ લાખ

એન.એફ.એસ.એ. રેશન કાર્ડ ધારકોને પ્રોટીનયુક્ત પોષણક્ષમ આહાર પૂરો પાડવાના હેતુસર કુટુંબ દીઠ ૧ કિલોગ્રામ ચણા ૩૦ રૂપિયાના દરે અને આ વખતે એને બમણું કરીને ૧ કાર્ડદીઠ અમે ૨ કિલોગ્રામ ચણા આપવાનો નિર્ણય કર્યો છે અને એના માટે આ વખતે રૂ.૪૨૧ કરોડની જોગવાઇ કરી છે. એવી જ રીતે તમામ એન.એફ.એસ.એ. રેશન કાર્ડ ધારકોને પ્રતિ કાર્ડ ૧ કિલોગ્રામ તુવેર દાળ પણ રૂપિયા ૫૦ લેખે આપવામાં આવે છે અને એનું પણ સમયસર વિતરણ થાય એના માટે અમે રૂપિયા ૩૪૬ કરોડની જોગવાઇ કરી છે. રાજયમાં લોકો સ્વચ્છ ઇંધણ મેળવતા થાય એના માટે દેશના પ્રધાનમંત્રીશ્રીએ જે રીતે બહેનોની ચિંતા કરી છે અને ભૂતકાળમાં હું અગાઉ જ્યારે લોકસભાનો સભ્ય હતો એ વખતે અમને ત્યાંથી ક્વોટા આપતા કે તમે આટલી સંખ્યામાં ગેસના સિલિન્ડર જોડાણ માટે તમારું કૂપન આપી શકો. એ વખતે અમારી પાસે ઘણી વખત બહેનો આવે કે અમારા ઘરના ગેસના જોડાણ માટે એક કૂપન આપો તો એ વખતે સંસદ સભ્યશ્રીને ૨૦-૨૫ કૂપનનો ક્વોટા આપવામાં આવતો હતો. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રધાન મંત્રીશ્રીએ બહેનોની ચિંતા કરી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સિંચાઇ વિભાગની માહિતી અને પાણી પુરવઠાની એટલી બધી છે કે એના માટે હજુ બીજી એક કલાક આપીએ તો પણ બોલી શકાય. એટલે મને લાગે છે કે, એક કલાકથી વધારે સમય તમારે થયો છે તો હવે તમે ૨ મિનિટમાં પૂરું કરો.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પાંચ મિનિટમાં પૂરું કરી દઇશ.

અધ્યક્ષશ્રી : પાંચ મિનિટ કરવું હોય તો તમારે ટાઇમ વધારવો પડશે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના દાખલ કરીને દેશના વડાપ્રધાનશ્રીએ બહેનોની જે રીતે ચિંતા કરી છે અને એના માટે આ વખતે ખાસ કરીને ૩૮.૬૦ લાખ લાભાર્થીઓને ઘરગથ્થું વપરાશ માટે વર્ષમાં બે વખત વિનામૂલ્યે ગેસ સિલિન્ડર રિફિલ કરવા માટે રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ વખતે શ્રી અન્ન એટલે કે મિલેટ વર્ષ ઉજવી રહ્યા છીએ અને એના અનુસંધાને ખાસ કરીને અત્યાર સુધીમાં લગભગ પહેલો દાખલો હશે કે આપણે અહીંયાથી જ બાજરીની ખરીદી કરી અહીંની જ બાજરી આપણા કાર્ડ હોલ્ડરને આપી છે અને જે લોકો બાજરી ખાવામાં ઉપયોગ કરે છે એને આપીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા વિનામૂલ્યે વિતરણ માટે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના લઘુતમ ટેકાના ભાવે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી બાજરી, જુવાર, રાગીની ખરીદી કરવામાં આવે છે અને ખેડૂતોને એક ક્વિન્ટલ દીઠ રૂપિયા ૩૦૦ પ્રોત્સાહન બોનસ આપીને ખરીદીએ છીએ અને કાર્ડ મારફતે એનું વિતરણ કરવાનું કામ આ વખતે સરકારે કર્યું છે.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે.**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ(મુખ્ય દંડક) :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રી, આજની માગણીઓ પર ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે એવો હું પ્રસ્તાવ રજૂ કરું છું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય દંડકશ્રીના પ્રસ્તાવને ટેકો આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીનું પ્રવચન અને માગણીઓ પરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન મે-જૂન ૨૦૨૩ દરમ્યાન રાજય સરકાર દ્વારા ૧૨૦૭૧ ખેડૂતો પાસેથી ૫૬,૬૪૧ મેટ્રિક ટન બાજરીની ખરીદી કરીને લગભગ રૂપિયા ૧૫૦ કરોડ જેટલી ખેડૂત ખાતેદારોના ખાતામાં સીધી રકમ નાંખીને ખેડૂતોને મદદરૂપ થયા અને કાર્ડ હોલ્ડરોને આપણી સીધી અહીંની બાજરી પણ કાર્ડદીઠ આપી શકયા. રાજય સરકાર દ્વારા કરાયેલ બાજરી વિતરણની સમગ્ર દેશમાં તેની નોંધ લેવાઇ છે અને મિલેટ વર્ષ માટેનો સૌનો પ્રતિસાદ પણ ખૂબ સારો મળ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આગામી વર્ષ ૨૦૨૪-૨૫માં અંદાજે તેના માટેની આ વખતે રૂ.૩૭ કરોડ જેટલી રકમની જોગવાઇ પણ કરી છે. ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના કયાંક કયાંક અમે ભાડે ગોડાઉન વગેરે લઇએ તો ત્યાં પૂરી સુવિધાઓ કયાંક કેમેરા હોય, ના હોય તેના બદલે હવે અમે આ વખતે ખૂબ સારી આધુનિક સુવિધા અંતર્ગત દરેક ગોડાઉન પર સી.સી.ટી.વી. કેમેરા પણ લગાવી શકાય અને વધારાના ગોડાઉન બનાવવા માટેની લગભગ રૂ.૨૫ કરોડ જેટલી જોગવાઇ આ વખતે કરવામાં આવી છે. સાથે વર્ષ ૨૦૨૪-૨૫માં ટેકાના ભાવે ખરીદીમાં ખેડૂતોને રાહત આપવાના ઉદ્દેશ સાથે આગામી દિવસોમાં બાજરી, રાગી કે જુવાર ખરીદી શકાય તેના માટે રૂપિયા ૬૦૦ કરોડ જેટલી આમાં અમે જોગવાઇ પણ કરી છે. જાહેર વિતરણ વ્યવસ્થાને ટેકનોલોજી દ્વારા આધુનિકીકરણ અને સુધારા માટેની સ્માર્ટ પી.ડી.એસ. યોજના પણ દાખલ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને જાહેર વિતરણ વ્યવસ્થાને વધુમાં વધુ પારદર્શક અને અસરકારક બનાવવા માટેનો પ્રયાસ પણ અમારા વિભાગ તરફથી થઇ રહ્યો છે. ભારત સરકાર દ્વારા કરવામાં આવતા દરેક પ્રકારના સુધારાઓની સાથે રહીને જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ ડિજિટલાઇઝ કરવા માટે આગમી વર્ષ માટે સરકાર દ્વારા આ વખતે રૂ.૫ કરોડની અલગથી જોગવાઇ કરી છે. Automatic Grain Dispensing machine અન્નપૂર્તિના નામથી જે ઓળખાય છે તે અંતર્ગત અમે આ વખતે જે એન.એફ.એસ.એ. કાર્ડ છે તેના માટેની પણ આ યોજના Automatic Grain Dispensing machine તે અન્નપૂર્તિ માટે એ.ટી.એમ.કાર્ડ જેવો જ તે કામનો ઉપયોગ આપશે એ

રીતની વ્યવસ્થા કરવા માટે આ વખતે અમે રૂપિયા ૪૫ લાખની અલગથી જોગવાઇ કરી છે. જેમ પૈસા આપણે ડ્રો કરી શકીએ તેમ આ સિસ્ટમથી અનાજ પણ આપણે લઇ શકાય એવી સુવિધા પણ અમે ઊભી કરવા જઇ રહ્યા છીએ. અન્ન નાગરિક પુરવઠા તંત્ર ઉપરાંત તોલમાપ તંત્રની સંપૂર્ણ કામગીરી ઓનલાઇન કરવા માટે કાનૂની માપ વિજ્ઞાન તંત્રની સેવાઓ ઓન લાઇન માધ્યમથી મેળવી શકાય તે હેતુથી Ease of Doing Business આ જે સ્ટેમ્પિંગ અને વગેરે કરવા જતાં એ વખતે ક્યાંક નાના મોટા પ્રોબ્લેમ રહેતા તેમાંથી બહાર નીકળવા માટેની આ સિસ્ટમ અમે લઇ આવ્યા છીએ અને તેના કારણે સીંગલ વિન્ડો સિસ્ટમ ઓનલાઇન કરવામાં આવેલ છે જેના માટે અમે આ વખતે સાડા ત્રણ કરોડ રૂપિયાની અલગથી જોગવાઇ પણ કરી છે. રાજય ગ્રાહક તકરાર નિવારણ કમિશન હસ્તકના ૧૫૦૦થી વધુ કેસો હોય તેવા જિલ્લા કમિશનો ખાતે પાંચ એડિશનલ કમિશનોની રચના કરીને વહેલી તકે આ કેસોનો નિકાલ થાય તે માટેની પણ અલગથી જોગવાઇ કરીને આ વખતે રૂ.૫ કરોડની અલગથી નાણાકીય જોગવાઇ પણ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માનનીય મુખ્યમંત્રી આદરણીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આ સરકારે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને રાજયના નાગરિકોની અન્ન સલામતી સુનિશ્ચિત કરવાના એક નિશ્ચય અને ઉદ્દેશ સાથે જયારે રાજયના છેવાડાના માનવી સુધી અનાજની પારદર્શિતા, સરળતા અને ઝડપથી ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિતતા કરવા માટે અમારો આ વિભાગ કટિબદ્ધ છે. વિકસિત ગુજરાતની નેમ સાથે અમારી સરકારનો એક જ મહામંત્ર રહ્યો છે ગુજરાતની પ્રજાનું કલ્યાણ. ગુજરાતની પ્રજાની પડખે રહી એમને વિશેષ સધિયારો આપવાનો, તેમનું કલ્યાણ થાય તે માટેની તમામ રીતે અમારો વિભાગ પણ પ્રયત્ન કરી રહ્યો છે. મારા હસ્તકના વિભાગ દ્વારા થતી કામગીરીથી મેં આ સન્માનનીય સભાગૃહને વાકેફ કર્યું છે. હું જે માગણી લઇને આ સભાગૃહ સમક્ષ આવ્યો છું તેને વિના વિરોધે કારણ કે ચારેય વિભાગો એવા છે કે જે લોકોને સીધે સીધા સ્પર્શે એવા ચારે ચાર વિભાગો છે ત્યારે હું ગૃહના સૌ સન્માનનીય સભ્યોને પણ વિનંતી કરું છું કે વિના વિરોધે આ ચારેય માગણીઓ પસાર થાય અને તેમાં આપ સૌનો મને સહકાર મળે એવી અપેક્ષા સાથે માનનીય અધ્યક્ષશ્રી, ખાલી એક બે વાત આપના ધ્યાન ઉપર એટલે મૂકવા માગું છું કે, માનનીય તુષારભાઇએ શરૂઆતમાં થોડી આપણને વાત કરી હતી એને આપણે એટલા માટે કે દરેકને આપણે એક સાથે લઇએ છીએ. ખાસ કરીને રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા માટે એમાં આ કાયદો સમગ્ર દેશમાં જયારે અમલમાં મૂકવામાં આવ્યો ત્યારથી તેમાં બે કેટેગરીના લોકોનો સમાવેશ થતો હતો એક અંત્યોદય અને બીજા અગ્રતા ધરાવતા કુટુંબો. અગ્રતા ધરાવતા કુટુંબો એ ગરીબ કુટુંબો છે એવું માનવાને કારણ નથી. આ જરૂરિયામંદ જે લોકો છે તેને આપવા માટેની આ કાયદામાં જોગવાઇ છે અને સરકાર દ્વારા પોતાની જવાબદારી સમજી અને સામે ચાલીને અનાજ પૂરું પાડવા માટેના પ્રયત્નો થઇ રહ્યા છે ત્યારે આપણે બધાજ એ ગરીબ છે માટે જ આ અનાજ લેવા જાય, એનએફએસએનું કાર્ડ લે એ વ્યાખ્યામાંથી આપણે સૌ માનનીય સભ્યોને પણ મારી વિનંતી છે, કે આપણે એ દૃષ્ટિથી ન જોઇએ. સાથે-સાથે એ પણ કહું કે માનનીય તુષારભાઇએ જે વાત કરી એમાં સમગ્ર પુરવઠા તંત્ર ટૅકનૉલૉજીના માધ્યમથી જેવી કે સી.સી.ટી.વી. કૅમેરાથી એનું મોનિટરિંગ કરવામાં આવે છે. જી.પી.એસ. સિસ્ટમની ટૅકનૉલૉજી અપનાવવામાં આવે છે. આધાર આધારિત વિતરણ કરીને સતર્કતા રાખવા માટેનો પૂરો પ્રયાસ કરવામાં આવે છે. તેમ છતાં ક્યાંક અમારા ધ્યાન પર ગેરરીતિ આવે તો ગેરરીતિ કરનારના ઘણા કેસો દાખલ કરીને આવા કેટલાંક લોકો ટેવાયેલા હતા એવા લોકો ધ્યાનમાં આવ્યા એના ઉપર કડકમાં કડક પગલાં લેવાય એ માટે અમારો વિભાગ કટિબદ્ધ છે અને એ પ્રમાણે અમે પગલાં લઇએ છીએ. ક્યાંક પાણી ચોરીની વાત હોય તો એમાં અમે અમારા ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા અધિનિયમ-૨૦૧૯ હેઠળ પગલાં લઇએ છીએ અને છેલ્લાં બે વર્ષમાં પાણી ચોરી અટકાવવા માટેના લગભગ ૧૪૮૯ જેટલા ગેરકાયદેસર કનેક્શનોને કાપીને એવા લોકો પર અમે લગભગ ૩૧૨ જેટલી પોલીસ ફરિયાદો પણ દાખલ કરી છે અને પગલાં લઇએ છીએ. 'નલ સે જલ'યોજનામાં હજી થોડું ક્લેરિફિકેશન કહું કે આ 'નલ સે જલ' યોજના આંતરિક પીવાના પાણી માટેની યોજના બનેલ છે. એમાં ગ્રામ સમિતિ બને છે અને એના મારફતે એની અમલવારી થતી હોય છે. એટલા માટે ક્યાંકને ક્યાંક આપણી ગ્રામ સમિતિ સક્ષમ ન હોય અથવા ક્યાંક આંતરિક પ્રશ્નોના કારણે 'નલ સે જલ' યોજના નિષ્ફળ હોવાનું અથવા તો પૂરતી સક્ષમ ન બનવાનું કારણ ત્યાંના સ્થાનિક કાર્યકરો, સરપંચો અથવા ગ્રામ સમિતિના કારણે નબળું કામ થાય છે. અમારી નેમ છે કે આ વખતે અમારો વિભાગ 'નલ સે જલ' યોજનામાં ક્યાંક ક્ષતિઓ છે એ સુધારવા માટે પૂરો પ્રયાસ કરે છે. આમ મેં મારા ચારેય વિભાગોની ખૂબ વિગતે વાત મૂકી છે અને માનનીય સૌ સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આ બધા વિભાગો આપણને સીધા અસરકર્તા છે અને મોટા ભાગના સભ્યોએ સમર્થન પણ આપ્યું છે ત્યારે વિપક્ષના સન્માનનીય સભ્યોને પણ વિનંતી છે કે આપ સૌ આ માગણીઓ સર્વાનુમતે પસાર કરો. આભાર.

અધ્યક્ષશ્રી : આપણા વિભાગના બધા અધિકારીશ્રીઓ અહીં બેઠા છે. કોઇ ધારાસભ્યશ્રીઓને પ્રશ્ન પૂછવો હોય તો માનનીય મંત્રીશ્રી જવાબ નહિ આપે પણ સચિવશ્રીઓ એની નોંધ કરશે અને એને પ્રાયોરિટી આપવાની હોય છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં રાજય સરકાર દ્વારા આદિવાસી વિસ્તારમાં સિંચાઇ યોજનાની ખૂબ સારી કામગીરી અત્યારે ચાલી રહી છે. એ બદલ હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. મારા મત વિસ્તારમાં ઉકાઇ ડેમ આધારિત તાપી-કરજણ લિંક યોજના રૂ.૭૫૦ કરોડના ખર્ચે અત્યારે હાલ ચાલુ છે. આ સમગ્ર ગામડાઓમાં ૩૬ હેક્ટરદીઠ પાઇપલાઇનથી એક ચક આપીને ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડવાનું કામ સરકાર કરી રહી

છે. માત્ર ઉમરપાડા તાલુકાના ૧૬ ગામ બાકી છે કે જ્યાં નદીમાં પાણી છોડવાની વાત છે. એમાં પાણી પણ ઘણું વ્યર્થ જશે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આ ૧૬ ગામમાં પણ પાઇપલાઇનથી ચક આપીને સિંચાઇનું પાણી આપવા માગે છે કે કેમ?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને ખ્યાલ છે કે લગભગ ત્રણેક વર્ષથી બજેટમાં અમારા દક્ષિણ ગુજરાતની જે મોટી નદીઓ તાન, માન, કાવેરી અને અંબિકા ઉપર જે ચેકડેમો બની રહ્યા છે એના બંને કિનારાની ઊંચાઇ પ્રમાણે એની ઊંચાઇ હોવી જોઇએ. અત્યારે મેં એનું ભૂમિપૂજન કર્યું ત્યારે જોયું કે જેટલી જોઇએ એટલી એની ઊંચાઇ હતી નહિ એટલા માટે જે રીતે પાણીનો સંગ્રહ થવો જોઇએ એ થશે નહિ એટલે બંને કિનારાને બરાબર ધ્યાનમાં રાખીને આપણે આ જોગવાઇ કરી જ છે તો સારી ઊંચાઇવાળા ચેકડેમ બને એવી મારી લાગણી છે.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, મારો વિસ્તાર માંગરોળ અને માળિયા એમ બે તાલુકાઓમાં વહેંચાયેલો છે. જે ખેતીવાડી આધારિત છે અને ત્યાં બીજા કોઇ ઉદ્યોગો નથી. સૌની યોજનાની જે પાઇપલાઇન નીકળી છે તેના થકી તળાવો ભરવામાં આવે અને જે ત્રણ મોટી નદી આવેલી છે તેને ઊંડી અને પહોળી કરવામાં આવે તો પાણીનો સંગ્રહ થાય અને એક નાની લાછડી સિંચાઇ યોજનામાં નર્મદાનું પાણી નાંખવામાં આવે તો ખેડૂતોને ખૂબ જ લાભ થાય તેમ છે.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, બનાસકાંઠા જિલ્લાના પશ્ચિમ વિસ્તારમાં નર્મદાના નીરથી ખેડૂતોને ઘણી રાહત છે પણ પૂર્વ વિસ્તારમાં ખેડૂતોને સિંચાઇના પાણી માટે ખૂબ મોટી સમસ્યાઓ ઉત્પન્ન થઇ રહી છે ત્યારે બનાસ નદીમાં સમયાંતરે ચેકડેમ બનાવાવમાં આવે તો બનાસકાંઠા જિલ્લાના મોટાભાગના ખેડૂતોનો સિંચાઇનો પ્રશ્ન હલ થઇ જાય.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને ત્રણ સૂચનો કરવા માગું છું. (૧) તળાવોમાં પાણી નાખવાની જે ત્રણ કિલોમીટરની મર્યાદા છે તે પાંચ કિલોમીટરની કરવામાં આવે. (૨) મહેસૂલ વિભાગ અને સિંચાઇ વિભાગ દ્વારા સંકલન કરીને ગૌચરમાં આવેલા તળાવોમાં પાણી નાંખવામાં આવે. (૩) સુજલામ સુફલામ કૅનાલ ઉપર ડાબા કાંઠા ઉપર પાકો રોડ બનાવવામાં આવે.

શ્રી કેશુભાઇ શિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, કચ્છ જિલ્લામાં વર્ષો પહેલાં બનેલા મધ્યમ કક્ષાના ડેમની કૅનાલો લગભગ ખતમ થઇ ગઇ છે. આ કૅનાલમાં પાઇપલાઇન નાંખીને ખેડૂતોને તેના ખેતર સુધી પાણી પહોંચે તો પાણીનો બગાડ અટકશે અને ખર્ચ પણ ઘટશે.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, ખેરાલુ વિસ્તારમાં આઝાદી પહેલા ગાયકવાડ સરકારે બનાવેલું ચીમનાબાઇ સરોવર ૧૬૦૦ એકરમાં આવેલું છે. આ સરોવરમાં ૧૨ કિલોમીટર કાચી કૅનાલથી પાણી આવે છે એટલે ક્યારેય ભરાતું નથી. ફક્ત ૮ કિલોમીટર પમ્પિંગ સ્ટેશન કર્યા વગર ફક્ત નવી પાઇપલાઇન નાંખવામાં આવે અને કાયમી માટે ભરાય તેવી વ્યવસ્થા કરવામાં આવે.

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી વિભાગના અધિકારીઓને કહેવા માગું છું કે, મારા વિસ્તારમાં ઢાઢર નદી ઉપર ૩૦થી ૩૯ ગામો આવેલા છે અને જૂનો આડબંધ બનાવેલો છે તેની થોડાં વર્ષો પહેલાં એક બાજુ તૂટી ગઇ છે તે બનાવવામાં આવે તો આ વિસ્તારના ખેડૂતોનો પાણીનો પ્રશ્ન હલ થાય.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે મારા વિસ્તારની જે હેન્ડપમ્પની માગણી આવેલી છે તેનો સરવે કરાવીને જ્યાં ખરેખર પીવાના પાણીની સમસ્યા છે ત્યાં તાત્કાલિક ધોરણે હેન્ડપમ્પ થાય અને જે પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સમસ્યા છે તેનો ઉકેલ લાવીને વ્યવસ્થા કરવામાં આવે.

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં પંચાયત વિસ્તાર કરતાં થોડા દૂરના વિસ્તારોમાં ઘણા ગરીબ પરિવારો ૧૦ ટકા લોકફાળો પણ ભરી શકતા નથી. અમે ધારાસભ્ય તરીકે તેમાં ગ્રાન્ટ પણ ફાળવી શકતા નથી. તેવા લોકોને પાઇપલાઇન નાંખવી હોય તો શું કરી શકાય?

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછવાનો નથી. તમારું કોઇ કામ હોય તો જણાવો?

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને જણાવવા માગું છું કે ચેકડૅમ ખૂબ સારા બનાવવામાં આવે છે પરંતુ સાઇડની જમીનોનું ધોવાણ થઇ જાય છે. તેને પ્રૉટેક્શન મળે તેવું આયોજન કરવામાં આવે તો ખેડૂતોની જમીન ધોવાય નહીં અને ચેકડૅમની સાથે કોઝવે પણ લેવામાં આવે તો ખેડૂતોને અવરજવર માટેની સગવડ મળી શકે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીનો હું ખૂબ ખૂબ આભાર માનું છું કે, પાનમ આધારિત આંજણવા–વાંકડી સિંચાઇ યોજનામાં રૂ.૧૩૨ કરોડના ખર્ચે તળાવ ભરવાની ઉદવહન સિંચાઇ યોજના મંજૂર કરી છે. મારા અંતરિયાળ વિસ્તારમાં રૂ.૧૩૨ કરોડના ખર્ચે હારડા પાણી પુરવઠા જૂથ યોજના મંજૂર થઇ છે ત્યારે આપના માધ્યમથી કહેવા માગું છું કે, સમ્પ સુધી તો પાણી પહોંચી ગયેલ છે પણ પાણી પુરવઠા અને વાસ્મો વચ્ચે સંકલન ન હોવાથી વાસ્મોમાં અમુક ફળિયામાં હજી સુધી હારડા પાણી પુરવઠા

જૂથ યોજના થ્રુ પાણી મળેલ નથી. આની સમીક્ષા કરવામાં આવે અને ગ્રામપંચાયત જ વાસ્મો યોજનાનું સંચાલન કરતું હોય ત્યારે જે-તે ગામની યોજના જ્યારે પૂરી થાય ત્યારે ગ્રામપંચાયતમાં એક ગ્રામસભા બોલાવીને એમાં સમીક્ષા બેઠક થાય કે આ યોજના પૂર્ણ થયેલી છે. પછી જ એને પૂર્ણ જાહેર કરવામાં આવે તો નાની-મોટી જે ત્રુટિઓ છે એ ત્રુટિઓ ન રહે અને યોજના પરિપૂર્ણ થશે.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું કે, દિયોદરના ધારાસભ્યશ્રીએ એવી જાહેરાત કરી છે કે, 'એમના વિસ્તારમાં સિંચાઇની વ્યવસ્થા પૂર્ણ નહીં થાય ત્યાં સુધી તેઓ પાઘડી નહીં બાંધે.' મારી જિલ્લા વતી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, એમને વહેલામાં વહેલી પાઘડી બંધાય એવું કરજો અને મારા સુઇગામ તાલુકામાં સેડવ ગામે જે વર્તમાન ચેકડેમ છે એને મોટો બનાવવામાં આવે તો ૨૫ ગામોને ફાયદો થાય. વર્ષ ૨૦૧૫ અને વર્ષ ૨૦૧૭ના ફ્લડમાં સૂઇગામ તાલુકાના જે ચેકડેમો તૂટી ગયા છે એને રિપેર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : એમની પાઘડી બંધાય એટલી યોજના મંજૂર કરી દીધી છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, દિયોદર વિસ્તારની જનતાનું જે સપનું છે એ મારો સંકલ્પ છે એટલા માટે મેં આ સંકલ્પ કર્યો છે. કૉંગ્રેસે મારી પાઘડી ઉતારી લીધી તો ભારતીય જનતા પાર્ટીએ તો મને પાઘડી પહેરાવી છે. મને બે વખત ધારાસભ્ય તરીકે ચૂંટીને મોકલ્યો છે અને હજી પણ પાઘડી પહેરાવશે તો ભા. જ. પ. પહેરાવશે.

શ્રી કિરીટસિંહ સ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, ધોળકા વિધાનસભા વિસ્તારમાં લોલીયા, ઉત્તેલીયા, સીયાવાડા, સમાણી, ભોળાદ, નાનીબોરુ, મોટીબોરુ, ભુરખી અને બગોદરા ગામોનો નર્મદાના કમાન્ડ વિસ્તારમાં સમાવેશ કરવાનો છે અને ધીંગડા ખાતે એક ચેકડેમ બનાવવામાં આવે તો ધોળકા વિધાનસભા વિસ્તારના પાંચ-છ ગામોને પાણી મળે એમ છે અને સાણંદ વિસ્તારના સાત-આઠ ગામોને પણ પાણી મળશે. આનો ઝડપથી નિર્ણય કરી કામ શરૂ કરાવવામાં આવે એવી મારી માંગણી છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મારો મત વિસ્તાર બાલાસિનોર, વીરપુર તેમજ અમુક ભાગ કપડવંજ અને કઠલાલનો છે. આ વિસ્તાર ભૌગોલિક દ્દષ્ટિએ ઊંચાણ-નીચાણવાળો વિસ્તાર છે. પહેલી વખત તળાવો ભરવા માટે રૂ.૧૨૦ કરોડ મંજૂર થયા છે. પણ કેટલાક તળાવો મંજૂરી માટે બાકી રહી ગયા છે તો માનનીય મંત્રીશ્રી મંજૂર કરશે કે કેમ?

ડો. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લાની આસપાસ જળ સંરક્ષણ માટે ઘણા બધા ચેકડેમો સામાજિક સંસ્થાઓ દ્વારા બનાવવામાં આવ્યા છે. આ ચેકડેમને રિપેર અને ઊંડા કરવાનું કામ સામાજિક સંસ્થાઓ દ્વારા થઇ રહ્યું છે. તો આ સંસ્થાઓને ૮૦:૨૦ જેવી સહાય આપીને કોઇ એમ.ઓ.યુ. કરવા માંગો છો કે કેમ?

ડો. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, મારા નાંદોદ તાલુકા વિસ્તારના આમલેથા જિલ્લા પંચાયતમાં કરજણ જળાશય યોજના આધારિત ઉદવહન સિંચાઇ યોજનામાં આમલેથા જિલ્લા પંચાયતના ૩૦થી ૩૫ પર્વતીય વિસ્તારોમાં રહેતા ગામડાઓને સાંકળી લેવામાં આવે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, નાની સિંચાઇ યોજનામાં જે પ્રાંતવેલ તળાવ છે, આમ તો નાનો ચેકડેમ છે એને ઊંડો કરવો અને બાજુમાંથી જ મોટી પાઇપલાઇન જાય છે જેનાથી આપણે તળાવો ભરીએ છીએ. એના માટે સ્પેશ્યલ જોગવાઇ કરીએ તો આજુબાજુના દસ ગામોને સીધેસીધો ફાયદો થાય. આમ તો નાની નહેર છે પણ પાણી ન ભરાવાને કારણે પાણી મળતું નથી. ઉંટરડા મારા વિસ્તારની બાજુમાં માઝૂમ-મેશ્વો નદી છે ત્યાં વર્ષોથી ચેકડેમની માંગ છે આ બે કામો થાય તો ખૂબ રાહત થાય એવી છે.

શ્રી રમણભાઇ ભી. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા મત વિસ્તારની વર્ષો જૂની જે લાગણી, માગણી અને વાચા હતી તે અંગે આજરોજ બદલપુર-કારેલી વિયરની વાત કરી એ બદલ હું માનનીય મુખ્યમંત્રી સાહેબશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીઓનો ખૂબ-ખૂબ આભાર માનું છું અને આ કામ ખૂબ ઝડપથી થાય એ માટેની વિનંતી કરું છું.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં શંખેશ્વર તાલુકાના તારાનગર ગામમાં રાવરા સરોવર લગભગ ૩૫થી ૪૦ વિઘામાં આવેલું છે. ત્યાં નર્મદા કેનાલથી લગભગ દસેક કિલોમીટર દૂર જો એક તળાવ ભરવામાં આવે તો લગભગ ૨૫થી ૩૦ ગામડાંઓને એનો ફાયદો થાય એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરી એક સૂચન કરું છું કે, કપરાડા તાલુકામાં અસ્ટ્રોલ યોજના બની છે એ યોજના સાથે ત્યાંની પ્રાથમિક અને માધ્યમિક શાળાને કનેક્ટિંગ કરી આપે. કારણ કે, પ્રાથમિક શાળાઓ ડુંગર અને પહાડ ઉપર છે એટલે ગમે ત્યાંથી પાણીનો સોર્સ મળતો નથી. તો અસ્ટ્રોલ યોજના સાથે એને કનેક્ટ કરી આપવા વિનંતી છે. કપરાડા વિસ્તારમાં મેક્સિમમ જે પણ ચેકડેમો બને તે મોટા બનાવવા માટેનું સૂચન છે.

શ્રી ભીખાભાઇ ર. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું. અમારા ત્યાં અણોલ ડેમ આવેલો છે. એ ડેમ માનનીય મનસુખભાઇ માંડવીયા સાહેબના ગામમાં આવેલો છે. એ ડેમના દરવાજા ખોલવાની માનનીય મંત્રીશ્રીએ મંજૂરી આપી અને તે દરવાજા ખોલ્યાં. ૨૩ ગામના લોકો સવારના ૫-૩૦ વાગ્યે મને ફોન કરતા

હતા અને કહેતા કે સૌની યોજનામાં હવાની જગ્યાએ ભરઉનાળે પાણી આવ્યું છે. મારો પ્રશ્ન એ છે કે રજાવત ડેમમાં પાઇપલાઇન નાંખીને નવી પાઇપલાઇનની મંજૂરી આપવા માગો છો કે કેમ?

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં નર્મદા વિભાગની એસ.બી.સી. અને કેનાલના એસ્કેપમાંથી પાણી વોકળા અને ગટર મારફતે રણમાં જાય છે. જેના કારણે મીઠા ઉદ્યોગ અને અગરિયાઓને ખૂબ મોટું નુકસાન થાય છે. તો આ એસ.બી.સી. અને માળિયા કેનાલના એસ્કેપમાંથી ગટર અને વાંકળામાં પાણી જાય છે, ત્યાં જો સિંચાઇ વિભાગ મારફતે ચેકડેમ કરવામાં આવે તો પાણી રોકાય અને અગરિયાઓને નુકસાન ન થાય તથા પાણીનો ઉપયોગ થાય એ માટેની મારી વિનંતી છે.

ડો. પ્રદ્યુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, મારા મત વિસ્તારમાં પાંચ પિપળવા ભરતી નિયંત્રણ યોજના અને સોડમ બંધારા યોજનાને જોડતી જે રેડિયલ કેનાલ છે એ કેનાલમાંથી પેટા કેનાલ મારફત કાજ, મારશ્રમ અને મારું ગામ સરખડીના કૂવા–તળાવોને જોડવા માટે મારી વિનંતી છે. આ માટે મેં ભૂતકાળમાં પત્ર વ્યવહાર પણ કરેલો છે.

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ હું મુખ્યમંત્રીશ્રી અને સિંચાઇ મંત્રીશ્રીનો ખૂબ–ખૂબ આભાર વ્યકત કરું છું. ગત વર્ષે એ.સી.વી.માં ચેકડેમ રિપેરિંગની કામગીરી આખા ગુજરાત રાજ્યમાં જૂન–૨૦૨૩ સુધી ચાલુ રાખેલ છે પણ મારી વિનંતી છે કે એક વર્ષ લંબાવી બાકી રહેતા તમામ ચેકડેમ રિપેરિંગ થાય એવી વિનંતી કરું છું. મારો વિસ્તાર સો ટકા ગ્રામીણ વિસ્તાર છે અને બધાં ગામડાં ખેતી આધારિત છે. મારા વિસ્તારમાંથી છ નદીઓ નીકળે છે એમાં ત્રણ નદીઓમાં લિંક મારફત પાણી મળે છે અને ત્રણ નદીઓમાં સૌની યોજના લિંક મારફત પાણી મળતું નથી. તો આ ત્રણે નદીઓનો સમાવેશ કરે એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, અમારા લાલપુર તાલુકાના હરીપર ગામના ખેડૂતો આજે માનનીય મંત્રીશ્રીને મળ્યા. રણજિતસાગરથી પીપોદરા અને પીપોદરાથી સરસોવ જે લાઇન જાય એમાં ૨.૯ કિલોમીટરની એક લાઇન નાખવાથી એ ગામના ખેડૂતોને પાણી મળી રહે તેમ છે. ત્યાં પાણીનું તળ પણ ૧૦૦૦ ફૂટ જેટલું ઊંડું જતું રહેલ છે. બીજું, જામનગર તાલુકામાં જામનગર શહેરની બાજુમાં રંગમતિ ડેમ છે એને પણ સૌની યોજના મારફત ભરવામાં આવે તો આજુબાજુના બધા ગામનો તેનો લાભ મળશે.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારા પંચમહાલ જિલ્લામાં ૫૦ વર્ષ ઉપરનો પાનમ સિંચાઇ ડેમ છે. તો મેઇન કેનાલને કારણે એમાં સુધારણાનું કામ કરવાનું છે અને ટેઇલ વિસ્તારમાં પાણી મળતું નથી અને હાલમાં જે મંજૂર થયેલી યોજના તળાવો ભરવાની છે, એમાં સરવેમાં જે તળાવો રહી ગયા છે એનો સમાવેશ કરવા વિનંતી છે.

શ્રી મહેશભાઇ સો. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારો મત વિસ્તાર ઝાલોદ તાલુકો રાજસ્થાન મધ્યપ્રદેશની બોર્ડર પર આવેલો છે. કડાણા જળાશય આધારિત ૫૫ ગામોના ૬૨ તળાવો પાણીથી ભરવાના અને બીજો મારો પ્રશ્ન છે કે ઝાલોદ તાલુકાની જે મુખ્ય નદીઓ છે, નદીના કાંઠા ઉપર આવેલી પ્રાથમિક શાળાઓ છે, ત્યાં પ્રોટેકશન વોલની જરૂરિયાત છે.

અધ્યક્ષશ્રી : ઓ. કે. હવે ઘણા બધા આવી ગયા. ખાસ્સો સમય લીધો. હવે કોઇને કંઇ પ્રશ્ન હોય તો માનનીય મંત્રીશ્રીને જઇને વ્યક્તિગત મળજો.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૮, ૨૯, ૩૦ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૨૨, ૨૩, ૬૬ અને ૬૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫.૧૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારના ૧૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તા.૧૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માઘ ૨૬, ૧૯૪૫ શાકે**
**સભાગૃહ સવારના ૧૦–૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### વીજ કરંટથી નાગરિકો અને પશુ મૃત્યુ તથા ખેડૂતોને પાક નુકસાનની માટે સહાય

*15/4/1679 : **શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા ) પોરબંદર( : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –:

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વીજ કરંટથી નાગરિકો અને પશુ મૃત્યુ પામે, નાગરિકોના શરીરના અંગ ગુમાવતા કાયમી ખોડખાપણ રહેવા અને ખેડૂતોને પાક નુકશાની માટે કેટલી સહાય ચૂકવવામાં આવે છે, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વીજ કંપનીના નેટવર્કમાં વીજ કરંટથી નાગરિકો અને પશુઓના પ્રાણઘાતક અકસ્માતના કિસ્સાઓમાં ચૂકવવામાં આવતી સહાયની વિગત નીચે મુજબ છે.<br>• નાગરિકોના કિસ્સાઓમાં અક્સ્માતનો ભોગ બનનાર વ્યકિતનો કસૂર પૂરવાર થતો હોય કે ન થતો હોય પરંતુ જો વિજ અકસ્માત વિજ કંપની હસ્તકના સાધનો કે વીજ માળખામાં થયેલ હોય તેવા દરેક કિસ્સાઓમાં સંબધિત વીજ કંપની દ્વારા પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર માનવતાના ધોરણે રૂ.૫૦,૦૦૦/– પ્રાથમિક આર્થિક સહાય આપવામાં આવે છે.<br>• નાગરિકોના કિસ્સાઓમાં અક્સ્માતનો ભોગ બનનાર વ્યકિતનો કસૂર પૂરવાર ન થતો હોય પરંતુ જો વિજ અકસ્માત વિજ કંપની હસ્તકના સાધનો કે વીજ માળખામાં થયેલ હોય તેવા દરેક કિસ્સાઓમાં સંબધિત વીજ કંપની દ્વારા વળતર ચૂકવણીની પાત્રતા ધરાવતા અસરગ્રસ્ત વ્યક્તિઓના કિસ્સાઓમાં બાકીનુ વળતર, મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ આવ્યા બાદ "બાઇનંદા કેસ" ની માર્ગદર્શિકા મુજબ અથવા કુલ રૂ.૪.૦૦ લાખ બંનેમાંથી જે મહત્તમ હોય તે મુજબ ચૂકવવામાં આવે છે.<br>• નાગરિકોને શરીરના અંગ ગુમાવતા કાયમી ખોડખાપણના કિસ્સાઓમાં સહાય ચૂકવવામાં આવતી નથી.<br>• પ્રાણીઓના પ્રાણઘાતક અકસ્માતના કિસ્સાઓમાં પ્રાણીઓના પ્રકાર પ્રમાણે વળતરની રકમ ચૂકવવામાં આવતી હોય છે જેની વિગત આ સાથે પત્રક–૧માં જોડેલ છે.<br>ખેડૂતોને, વીજ કંપનીના નેટવર્કના વીજ અકસ્માતને કારણે થતા પાક નુકસાની પેટે, વીજ વિતરણ કંપનીઓ દ્વારા વાસ્તવિક થયેલ નુકસાનની રકમની ચૂકવણી, ઊભા પાકના કિસ્સામાં આકારણી કરેલ નુકસાનના ૮૦ ટકા અને ખેતરમાં લણીને મૂકેલા પાકના કિસ્સામાં આકારણી કરેલ નુકસાનના ૯૦ ટકાના દરે, નજીકના એપીએમસી માર્કેટના પ્રવર્તમાન દર મુજબ, "પાક વીમા" પોલીસીની શરતોને આધીન, નિયત મહત્તમ સહાય મર્યાદામાં ચૂકવણી કરવામાં આવે છે. |
| (૨) | ઉક્ત સહાયના દરો ક્યારથી અમલમાં છે, અને | (૨) | નાગરિકો અને પશુઓના પ્રાણઘાતક અકસ્માતના કિસ્સાઓમાં ચૂકવવામાં આવતા સહાયના દરો તા.૧૭.૦૯.૨૦૧૬થી અમલમાં છે.<br><br>વીજ વિતરણ કંપનીઓ દ્વારા વર્ષ ૨૦૧૪થી પાક નુકસાનની ચુકવણી માટે "પાક વીમા" લેવામાં આવે છે અને તેને દર વર્ષે રીન્યુ કરવામાં આવે છે .હાલ માં ઉપરોક્ત દરો વર્ષ ૨૦૨૩થી અમલમાં છે. |
| (૩) | ઉક્ત સહાયના દરોમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ છે ? | (૩) | નાગરિકો અને પશુઓના પ્રાણઘાતક અકસ્માતના કિસ્સાઓમાં ચૂકવવામાં આવતા સહાયના દરોમાં વધારો જીયુવીએનએલના તા.૧૭.૦૯.૨૦૧૬ પત્રથી કરવામાં આવેલ છે .જે પત્રક–૨ માં આ સાથે સામેલ છે.<br>પાક નુકસાની પેટે ચૂકવવામાં આવતા દરો, થયેલ નુકશાનીના દિવસના નજીકના એપીએમસી માર્કેટના નિયત દરો પર આધારિત છે. |

-------------------------

પત્રક–૧

| ક્રમ | પશુઓના પ્રકાર | | વળતરની કુલ રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | ગાય | દુધાળી | ૩૦૦૦૦ |
| ૨ | | બીન દુધાળી | ૩૦૦૦ |
| ૩ | વાછરડુ | | ૧૬૦૦૦ |
| ૪ | સાંઢ | | ૭૫૦૦ |
| ૫ | બળદ | ૨ વર્ષથી મોટુ | ૨૫૦૦૦ |
| ૬ | | ૨ વર્ષ સુધીનું | ૭૫૦૦ |
| ૭ | He Buffalo | ૨ વર્ષથી મોટુ | ૧૬૦૦૦ |
| ૮ | | ૨ વર્ષ સુધીનું | ૫૦૦૦ |
| ૯ | ભેસ | ૨ વર્ષથી મોટી દુધ આપતી | ૩૦૦૦૦ |
| ૧૦ | | ૨ વર્ષથી મોટી દુધ ન આપતી | ૩૦૦૦ |
| ૧૧ | | ૨ વર્ષ સુધીની દુધ ન આપતી | ૫૦૦૦ |
| ૧૨ | ઘેટા / બકરા | | ૩૦૦૦ |
| ૧૩ | ઊંટ | | ૨૫૦૦૦ |
| ૧૪ | ઘોડો | | ૩૦૦૦૦ |
| ૧૫ | ગધેડો | | ૧૬૦૦૦ |
| ૧૬ | ટટ્ટુ | | ૧૬૦૦૦ |

પત્રક–૨

| ક્રમ | પ્રકાર | તા.૨૨.૦૨.૨૦૧૬ના પરિપત્ર મુજબ વળતરની રકમ રૂ. | તા.૧૭.૦૯.૨૦૧૬ના પરિપત્ર મુજબ વળતરની રકમ રૂ. | સહાયમાં કરાયેલ વધારો) રૂ.લાખમાં( |
|---|---|---|---|---|
| ૧ | નાગરિકોના પ્રાણઘાતક અકસ્માતોના કિસ્સાઓ | રૂ.૨ લાખ અથવા “બાઇનંદા કેસ”ની માર્ગદર્શિકા મુજબ બંનેમાંથી જે મહત્તમ હોય તે | રૂ.૪ લાખ અથવા “બાઇનંદા કેસ”ની માર્ગદર્શિકા મુજબ બંનેમાંથી જે મહત્તમ હોય તે | ૨.૦૦ |

| ક્રમ | પશુઓના પ્રકાર )પ્રાણઘાતક અકસ્માતોના કિસ્સાઓ( | | તા.૧૫.૦૪.૨૦૧૩ના પરિપત્ર મુજબ વળતરની કુલ રકમ રૂ. | તા.૧૭.૦૯.૨૦૧૬ના પરિપત્ર મુજબ વળતરની કુલ રકમ રૂ. | સહાયમાં કરાયેલ વધારો (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|
| ૧ | ગાય | દુધાળી | ૨૦૦૦૦ | ૩૦૦૦૦ | ૧૦૦૦૦ |
| ૨ | | બીન દુધાળી | | ૩૦૦૦ | - |
| ૩ | વાછરડુ | | ૩૦૦૦ | ૧૬૦૦૦ | ૧૩૦૦૦ |
| ૪ | સાંઢ | | ૫૦૦૦ | ૭૫૦૦ | ૨૫૦૦ |
| ૫ | બળદ | ૨ વર્ષથી મોટુ | ૧૦૦૦૦ | ૨૫૦૦૦ | ૧૫૦૦૦ |
| ૬ | | ૨ વર્ષ સુધીનું | ૫૦૦૦ | ૭૫૦૦ | ૨૫૦૦ |
| ૭ | He Buffalo | ૨ વર્ષથી મોટુ | ૧૦૦૦૦ | ૧૬૦૦૦ | ૬૦૦૦ |
| ૮ | | ૨ વર્ષ સુધીનું | ૫૦૦૦ | ૫૦૦૦ | - |
| ૯ | ભેસ | ૨ વર્ષથી મોટી દુધ આપતી | ૨૦૦૦૦ | ૩૦૦૦૦ | ૧૦૦૦૦ |
| ૧૦ | | ૨ વર્ષથી મોટી દુધ ન આપતી | | ૩૦૦૦ | - |
| ૧૧ | | ૨ વર્ષ સુધીની દુધ ન આપતી | ૫૦૦૦ | ૫૦૦૦ | - |
| ૧૨ | ઘેટા / બકરા | | ૧૫૦૦ | ૩૦૦૦ | ૧૫૦૦ |
| ૧૩ | ઊંટ | | ૧૫૦૦૦ | ૨૫૦૦૦ | ૧૦૦૦૦ |
| ૧૪ | ઘોડો | | ૩૦૦૦૦ | ૩૦૦૦૦ | - |
| ૧૫ | ગધેડો | | ૩૫૦૦ | ૧૬૦૦૦ | ૧૨૫૦૦ |
| ૧૬ | ટટ્ટુ | | - | ૧૬૦૦૦ | ૧૬૦૦૦ |

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એ પ્રમાણે નાગરિકનું મૃત્યુ થાય તો મેક્સિમમ ૪ લાખ રૂપિયા અને જો પશુધનને નુકસાન જાય તો ગાય–ભેંસ માટે રૂપિયા ૩૦, ૩૦ હજાર અને ગધેડા માટે રૂપિયા ૧૬ હજાર. આમાં લખ્યું છે કે પાક વીમો લેવાય છે એટલે પાકની નુકસાનીનું વળતર અમે

આપતા નથી, પરંતુ છેલ્લાં ૪ વર્ષથી પાક વીમો તો બંધ છે, એટલે પાક વીમાનું વળતર આપવા માગો છો કે કેમ? અને બીજું કે જો નાગરિક વીજ કરંટથી શરીરના અંગ ગુમાવે તો અને કાયમી ખોડખાંપણ રહે તો એને કોઇ પ્રકારની સહાય અપાતી નથી. તેથી જો કોઇ અંગ ગુમાવે અને કાયમી ખોડખાંપણ રહી જાય તો એના માટે સહાય આપવા માગો છો કે કેમ? આ બધા ધોરણો છેક વર્ષ ૨૦૧૬ના છે, તો એમાં કોઇ વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ઇલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ની કલમ ૧૬૧ પ્રમાણે જયારે વીજ કંપનીને માનવી કે પ્રાણીને પ્રાણઘાતક અકસ્માતની જાણ થાય ત્યારે ઇલેક્ટ્રિસિટી એકટ ૨૦૦૩ના પ્રોવિઝન મુજબ ૨૪ કલાકમાં દર્શાવેલ પરફોર્મા પ્રમાણે વિગતો ભરીને વિદ્યુત નિરીક્ષકને મોકલવામાં આવે છે. સદર વિગતોની સાથે લાગુ પડતી વીજ કંપનીના પેટા વિભાગીય કચેરીના નાયબ ઇજનેરશ્રી દ્વારા ભરવામાં આવેલ તપાસણી રિપોર્ટ જોડવામાં આવે છે. વિદ્યુત નિરીક્ષકના સક્ષમ અધિકારી દ્વારા અકસ્માતના સ્થળની તપાસ કરી તેના અહેવાલ, અકસ્માત વિશેનો અહેવાલ તૈયાર કરવામાં આવે છે. વીજ અકસ્માતની બનેલી ઘટના જે વિભાગીય કચેરીને લાગુ પડતી હોય તેની એમના વારસદારો પાસેથી જરૂરી માહિતી, જેવી કે પોલીસ પંચનામાની નકલ, પોસ્ટમોર્ટમ રિપોર્ટની નકલ, નિયત અરજીપત્રક સાથે વારસદારનું નિવેદન તથા સંમતિ પત્રક મળ્યેથી વીજ વિતરણ કંપની અકસ્માત ઇલેક્ટ્રિક શોકથી થયેલ છે કે કેમ તેનું પ્રાથમિક તારણ મળ્યેથી આગળની વધુ તપાસ કર્યા સિવાય પ્રાથમિક સહાય રૂપિયા ૫૦ હજાર ચૂકવવામાં આવે છે. ત્યારબાદ વિદ્યુત નિરીક્ષકના અહેવાલ પ્રમાણે એવું તારણ નીકળે કે સદર અકસ્માતનો ભોગ બનનારની ભૂલ કે જવાબદારી ઠેરવેલ ન હોય તેવા કિસ્સામાં તેના વૈધાનિક વારસદારોને માનનીય સુપ્રીમકોર્ટના બાઇ નંદા કેસની માર્ગદર્શિકા મુજબ જી.યુ.વી.એન.એલ.ના ૨૦૧૬ના પરિપત્ર મુજબ જરૂરી દસ્તાવેજો જમા કર્યેથી આખરી વળતર ચૂકવવામાં આવે છે. બાઇ નંદાની માર્ગદર્શિકા મુજબ કરવામાં આવેલ ગણતરીને ૪ લાખ રૂપિયા અથવા જે વધુ હોય તે ચૂકવવામાં આવે છે. તેવી જ રીતે વીજ વિતરણ તંત્ર પ્રાણીઓને થયેલા પ્રાણઘાતક અકસ્માતના કિસ્સામાં પ્રાણીના પ્રકાર મુજબ વળતર ચૂકવવામાં આવે છે. પ્રાણીઓના પ્રાણઘાતક અકસ્માતના કિસ્સામાં જરૂરી માહિતી જેમ કે સ્થળ પંચનામું, પોસ્ટમોર્ટમ રિપોર્ટ, માલિકનું નિવેદન, સાક્ષીઓનું નિવેદન વગેરે મળ્યેથી જી.યુ.વી.એન.એલ.ના ૨૦૧૬ના પરિપત્ર મુજબ નિર્ધારીત અને લાગુ પડતી રકમના ૫૦ ટકા સહાય તરીકે ચૂકવવામાં આવે છે અને ચીફ ઇલેક્ટ્રિકલ ઇન્સ્પેકટરનો રિપોર્ટ મળ્યા બાદ બાકીની ૫૦ ટકા રકમ ચૂકવવામાં આવે છે. હાલમાં બિન પ્રાણઘાતક અકસ્માતમાં કોઇપણ વળતર આપવામાં આવતું નથી, પરંતુ તેવા કિસ્સાઓમાં આપના સૂચન મુજબ વળતર આપવાનું ચોકકસ રીતે વિચારણામાં છે અને ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. વીજ અકસ્માતને ઘટાડવા માટે કેન્દ્ર સરકારની રીવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન, આર.ડી.એસ.એસ. યોજના અંતર્ગત ઓવરહેડ વીજલાઇનને અન્ડર ગ્રાઉન્ડમાં રૂપાંતરિત કરવા માટે તથા ઓવરહેડ વીજલાઇનને ઇન્સ્યુલેટેડ અને નવીન ટેકનોલોજીવાળા અર્થિંગ વગેરેનું આયોજન કરવામાં આવેલ છે. આ યોજનાની કામગીરી માટે આગામી બે વર્ષમાં રૂ.૧૦ હજાર કરોડ ફાળવેલ છે તદ્ઉપરાંત વીજ કંપની દ્વારા સ્વભંડોળમાંથી પણ વધારાની કામગીરીનું આયોજન છે. જે તમે પાક વીમાની વાત કરી છે એ ઇન્સ્યોરન્સ ઇલેક્ટ્રિક કંપની પોતાની રીતે લે છે અને એનું વળતર ચૂકવાય એની આખી સિસ્ટમ છે.

અધ્યક્ષશ્રી : એટલે મંત્રીશ્રીએ કહ્યું છે કે ચાર લાખ રૂપિયા અથવા એની કમિટી જે નક્કી કરે તે એટલે ખાલી ચાર લાખ રૂપિયા જ એવું નહીં, કમિટી રૂપિયા પાંચ લાખ કે સાત લાખ નક્કી કરે તો એ રીતે પણ આપી શકાય.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે બધા માનનીય સભ્યશ્રીઓ ૫૧ શકિતપીઠના દર્શન અને ઊર્જા પ્રાપ્તિ માટેના આશીર્વાદ લેવા જવાના છે ત્યારે આગામી બજેટથી ઊર્જા ગુજરાતને આપનાર એવા નાણામંત્રીશ્રી કનુભાઇને હું આપના માધ્યમથી પ્રશ્ન પૂછવા માગું છું કે વીજતંત્રના નેટવર્કમાં વીજ અકસ્માતને લીધે થતા માનવ મૃત્યુના કિસ્સામાં વળતર ચૂકવવામાં બાયનંદા કેસ મુજબ ગણતરી કેવી રીતે કરવામાં આવે છે અને છેલ્લાં બે વર્ષમાં વીજ અકસ્માતને લીધે થતા માનવ મૃત્યુના કોઇપણ એક કિસ્સામાં સૌથી વધુ વળતર કેટલું ચૂકવવામાં આવેલ છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી ભરતભાઇએ કહ્યું તેમ માતાજીના પવિત્ર દિવસોમાં આપના તરફથી બધા માનનીય ધારાસભ્યશ્રીઓને મા અંબાના દર્શન માટે લઇ જવા માટે આભાર તેમજ અભિનંદન આપું છું. નામદાર સુપ્રિમકોર્ટના હુકમ મુજબ અને પરિપત્ર પ્રમાણે બાયનંદા કેસની ગણતરી એવી રીતે કરવામાં આવે છે કે જેમાં મરણ થનારની ઉંમર, આવક અને એના ઉપર આશ્રિતોની સંખ્યા અને આવકના આધારે તે કેટલો ખર્ચ કરી શકશે તેની ૬૦ વર્ષ ઉંમર સુધીની ગણતરી કરવામાં આવે છે તેમજ તેની ૬૦ વર્ષ સુધીની ઉંમર દરમિયાન જો તે વ્યકિત હયાત હોત તો કેટલી આવક થઇ શકે એ ધ્યાનમાં રાખીને કુલ વળતરની રકમની ગણતરી કરવામાં આવે છે. વધુમાં જણાવવાનું કે છેલ્લાં બે વર્ષમાં વીજ અકસ્માતને લીધે થતા માનવ મૃત્યુના કોઇ એક કિસ્સામાં સૌથી વધુ વળતર ૧૨ લાખનું ચૂકવેલ છે. ૪ લાખ નહીં પણ આ બેમાંથી જે મહત્તમ હોય તે ચૂકવવામાં આવે છે. વધુમાં કોઇ વીજ અકસ્માતનો ભોગ બનેલ માનવીની ઉંમર ૪૦ વર્ષ હોય, વ્યવસાયે નોકરી કે ધંધો કરીને અઢી લાખ કમાતા હોય, આશ્રિત માતા પિતા કે જેમની ઉંમર ૫૬ કે ૫૮ વર્ષ હોય સદર માર્ગદર્શિકા મુજબ રૂપિયા ૩,૧૫,૦૦૦ રૂપિયા સહાય આપવાના થાય જે ચાર લાખથી ઓછા હોય વીજ અકસ્માતનો ભોગ બનનારના આશ્રિતોને ચાર લાખ રૂપિયા ચૂકવવામાં આવે છે.

## તા.૧૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## તારાંકિત પ્રશ્નો

શ્રી ત્રિકમ બિ. છાંગા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માંગું છું કે વીજ કંપનીના વિદ્યુત માળખામાં વીજ કંપનીના ઉપકરણો થકી જો ખેડૂતના ઊભા પાકનું અથવા લણેલા પાકનું નુકસાન થાય તો તેવા કિસ્સાઓમાં વળતર માટે શું જોગવાઇ છે?

અધ્યક્ષશ્રી : પત્રકાર મિત્રોને શરદી કે એવી તકલીફ હોય તો દવા લઇ આવે. એના માટે નીચે વ્યવસ્થા કરવામાં આવેલી છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇએ જે કહ્યું કે પાક વીમો એ કૃષિ વિભાગ લે છે એનાથી આ જુદું છે. ગુજરાત નિયમ આયોગ દ્વારા રચવામાં આવેલી વીજ સલાહકાર સમિતિ દ્વારા સૂચવવામાં આવતા વીજ કંપનીના વિદ્યુત માળખામાં વીજ કંપનીના ઉપકરણોથી જો ખેડૂતના ઊભા પાકનું અથવા તો લણેલા પાકનું નુકસાન થાય તો નુકસાન પેટે ખેડૂતોને વળતર મળી રહે તે માટે વીજ વીતરણ કંપની તરફથી વીમા કંપની પાસેથી પાક વીમો લેવામાં આવે છે. વીજ કંપનીએ વીમા કંપની પાસેથી લીધેલ પાક વીમાની શરતોને આધારે સંબંધિત પક્ષોના નુકસાનીના સરવે બાદ થયેલ નુકસાની સામે વળતર ચૂકવવામાં આવતું હોય છે. નુકસાનીની રકમ કંપની દ્વારા વીજ નિરીક્ષક તેમજ વીજ વિતરણ કંપનીના પ્રતિનિધિ અને અસરગ્રસ્ત ખેડૂતની હાજરીમાં આકારણી કરવામાં આવે છે. બળી ગયેલા પાકના નુકસાનના દિવસે નજીકના એ.પી.એમ.સી. દ્વારા સદરહુ પાકના જાહેર કરાયેલ દર પ્રમાણે ગણતરી કરવામાં આવે છે. ઊભા પાકના કિસ્સામાં આકારણી કરેલ નુકસાનના ૮૦ ટકા અને ખેતરમાં લણીને મૂકેલા પાકના કિસ્સામાં આકારણી કરેલ નુકસાનના ૯૦ ટકાના દરે ચૂકવવામાં આવે છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગીર સોમનાથ જિલ્લા, જૂનાગઢ જિલ્લામાં વધારે પડતા નાળિયેરી અને આંબા તેમજ ચીકુના બગીચા હોય છે અને તે વાવેતર કર્યા પછી ઉછેર કરવામાં અંદાજે ૪–૫ વર્ષ લાગતા હોય છે ત્યારે ખેડૂતોને ફળ આવે અને આવક થતી હોય છે. વીજ કરન્ટ લાગવાથી બગીચામાં આગ લાગે છે અને બગીચાનો નાશ થઇ જાય છે. આવા બગીચા વધારે પ્રમાણમાં છે ત્યાં કેબલ વાયર નાખવા માગો છો કે કેમ અને આવા ખેડૂતોને અલગથી વધારે વળતર આપવા માગો છો કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ એમનું સૂચન છે. પરંતુ આ વિસ્તારોમાં તોક્તે વાવાઝોડાં પછી ઘણી બધી જગ્યાએ નાળિયેરી હોય ત્યાં બન્ચ કેબલ નાખવામાં આવ્યા છે. અગાઉ જણાવ્યું તેમ ૨૦ હજાર કરોડ રૂપિયાના ખર્ચે આ બધી વસ્તુ અન્ડરગ્રાઉન્ડ તેમજ બન્ચ કેબલ કરવાની કામગીરી ચાલુ છે.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો કેન્દ્ર અને રાજ્ય સરકારનો ૧૦ હજાર કરોડ રૂપિયા ફાળવ્યા તે બદલ આભાર માનું છું. દરિયાકિનારે વાયર સડી જતા હોય છે. આવી જગ્યાએ એને બદલવામાં પ્રાયોરિટી આપવામાં આવે અને નવું કામ થતું હોય એમાં અન્ડર ગ્રાઉન્ડ કેબલ નાખવા માગો છો કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : તમારું સજેશન છે, ખાતરી નથી આપતો પરંતુ આ કામગીરી પ્રાયોરિટીના ધોરણે ચાલુ જ છે.

**વીજળી ખરીદી કર્યા વગર ફિક્સ કોસ્ટ પેટે રકમ ચુકવવા બાબત**

*15/4/1676: **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર**) દાણીલીમડા( :**માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –:

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફિક્સ કોસ્ટ પેટે કેટલી વીજ કંપનીને સરકારે કેટલી રકમ ચુકવી, | (૧)તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સરકારે ફિક્સ કોસ્ટ પેટે ચૂકવેલ રકમની વિગતો નીચે મુજબ છે: |

| કુલ કંપનીઓની સંખ્યા | રકમ )રૂ–કરોડમાં( | |
|---|---|---|
| | વર્ષ–૨૦૨૨ | વર્ષ–૨૦૨૩)પ્રોવિઝનલ( |
| ૧૫ | ૧૪,૦૫૮ | ૧૫,૦૬૫ |

| | |
|---|---|
| (૨)ઉક્ત ચૂકવેલ રકમ પૈકી કેટલી રકમ વીજળી ખરીદી કર્યા વગર કઈ વીજ કંપનીને ચુકવી ,અને | (૨)ઉક્ત ચૂકવેલ રકમ પૈકી વર્ષ ૨૦૨૨માં રાજ્ય સરકારના જાહેર સાહસ–ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસિટી કોર્પોરેશન લિ . )GSECL(ને તેના ગેસ આધારિત વીજ મથક માટે રૂ.૪૮૬ કરોડની રકમ ચૂકવવામાં આવી. |

| | |
|---|---|
| (૩)વીજળી ખરીદી કર્યા વગર ફિક્સ કોસ્ટ પેટે રકમ ચુકવવાના કારણો શા છે ? | (૩) વીજ કંપનીઓને કરવામાં આવતી ચૂકવણી નેશનલ ટેરીફ પોલીસી ,વીજ નિયમન આયોગના નિર્દેશ અને વીજ ખરીદ કરારની જોગવાઈ મુજબ થર્મલ વીજ ઉત્પાદકોને વીજ ખરીદ કિંમત પેટે ફિક્સ કોસ્ટ ચૂકવવામાં આવતી હોય છે.<br>ફિક્સ કોસ્ટ એટલે કે ઓપરેશન અને મેન્ટેનન્સ પેટે તથા વીજ માંગની જરૂરીયાતને પહોંચી વળવા માટે ત્વરીતે પ્લાન્ટ ઉપલબ્ધ રહે તે પેટે ચુકવવાની થતી કોસ્ટ. જયારે વીજ મથક વીજ ઉત્પાદન માટેની તેની ઉપલબ્ધતા )Availability) જાહેર )Declare) કરે ત્યારે તેમાંથી વીજ ઉત્પાદન મેળવવામાં આવે કે ના આવે, આ ઉપલબ્ધતા માટે તેને વીજ ખરીદીના કરારની શરતો મુજબ ફિક્સ કોસ્ટ ચૂકવવાપાત્ર બને છે.<br>વધુમાં જણાવવાનું કે, જયારે વીજ ઉત્પાદન માટે પ્લાન્ટ ઉપલબ્ધ ન થઈ શકે તેવા સંજોગોમાં કરારની શરતો મુજબ પેનલ્ટી પણ વસૂલવામાં આવતી હોય છે. |

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજ્યના વીજ મથકોમાં જે વીજ ઉત્પાદન ક્ષમતા હોય એ વીજ ક્ષમતાના આધારે વીજળી પેદા કરવામાં આવે છે. વીજળી પેદા થાય એટલે જે કંપની સાથે કરાર થયા હોય એ કરાર મુજબ જો આપણે વીજળી પૂરી પાડી શકતા ન હોય તો એને ફિક્સ ચાર્જ પેટે રકમ ચૂકવવામાં આવે છે. મારી પાસે વિધાનસભામાં રજૂ થયેલ આંકડા મુજબ વર્ષ ૨૦૨૧માં રૂપિયા ૧૦,૪૫૬ કરોડ, વર્ષ ૨૦૨૨માં રૂપિયા ૧૪,૦૫૮ કરોડ અને આ વખતે વર્ષ ૨૦૨૩માં રૂપિયા ૧૫,૦૬૫ કરોડ એમ કુલ ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે રૂ.૩૯,૫૭૯ કરોડ ફિક્સ કોસ્ટ પેટે ચૂકવ્યા છે. એવા કયા કારણો રહ્યાં છે કે જે કારણોસર આટલી મોટી રકમ રાજ્ય સરકારના પોતાના વીજ મથકોમાં ક્ષમતા હોવા છતાં પણ કયા કારણોસર વીજળી ઓછી પેદા કરી એના કારણે આ ફિક્સ કોસ્ટ આપવામાં આવી છે? બીજું કે, આપે કહ્યું કે ૧૫ કંપનીઓ છે તો આ ૧૫ કંપનીઓને કેટલી રકમ ચૂકવવામાં આવી એ જણાવે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભામાં જે રીતે વીજળીના પ્રશ્નો પૂછાઇ રહ્યા છે એ જોતાં મને લાગે છે કે બધા ઇલેક્ટ્રિકલ એન્જિનિયર થઇ જવાના છે એટલું નોલેજ અપડેટ થવાનું છે.

અધ્યક્ષશ્રી : ઘણા બધા પ્રશ્નો અવાર-નવાર આવે છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો આપણી વીજળીની માગ ૨૪ હજાર મેગાવોટ થઇ છે અને આપણા પોતાના વીજ મથકોની ક્ષમતા ૫ હજાર મેગાવોટ છે એટલે બહારથી વીજળી લેવી પડે એ વાત ચોક્કસ છે. થર્મલ પાવર પ્લાન્ટ સ્થાપવા માટે અંદાજિત ૪થી ૫ કરોડ રૂપિયા પ્રતિ મેગાવોટ મૂડીરોકાણ જરૂરી હોય છે. જે વિવિધ ટેકનોલોજી ઉપર નિર્ભર હોય છે. પ્લાન્ટ કાર્યરત થવામાં ૪-૫ વર્ષ લાગે છે એટલે નેશનલ ટેરિફ પોલિસી મુજબ વીજ ખરીદ કિંમતની ચૂકવણી, ફિક્સ ચાર્જ અને એનર્જી ચાર્જ એમ બે ભાગમાં કરવાનું હોય છે. જંગી મૂડીરોકાણ બાદ કાર્યાન્વિત થયેલ પાવર પ્લાન્ટનું ઓપરેશન, મેન્ટેનન્સ ખર્ચ બે ભાગમાં કરવાનું હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે જો વીજ મથક ઉત્પાદન માટે ઉપલબ્ધી જાહેર કરે તો કરારની શરત મુજબ આ જે બધા વીજના કરારો થાય છે એમાં પી.પી.એ. થાય એમાં જો પ્લાન્ટ આખા વર્ષ દરમિયાન ૭૫થી ૮૦ ટકા અવેલેબલ હોય તો એને ફિક્સ કોસ્ટ આપવામાં આવે છે. કેમ કે એનું રોકાણ અને વળતર છે અને ચાલુ રાખવાનો ખર્ચ થાય છે એ પી.પી.એ.ની શરતો મુજબ થાય છે. એ પી.પી.એ.ની શરત વીજ નિયમનની સી.આર.સી. અને જી.આર.સી. દ્વારા એપ્રુવ કરવામાં આવે છેઅને એ ભારતના દરેકે દરેક રાજ્યને લાગુ પડે છે. અત્રે ઉલ્લેખનીય છે કે જો વીજ ઉત્પાદન મથક માટે ઉપલબ્ધતા જાહેર કરે તો તેને કરારની શરતો મુજબ ફિક્સ કોસ્ટ ચૂકવવા પાત્ર બને છે જેથી પ્લાન્ટને કાર્યરત રાખી જરૂરિયાત પ્રમાણે ત્વરિત ઉત્પાદન મેળવી શકાય. જ્યારે એનર્જી ચાર્જ એટલે કે મુખ્યત્ત્વે બળતણ ખર્ચ અને પરિવહન ખર્ચ માટેની ચૂકવણી જો ઉત્પાદન મેળવવામાં આવે તે પૂરતી કરવામાં આવે છે. વીજ પ્લાન્ટ માટે ઉપલબ્ધ ના હોય તો તે સમય ચાર્જની ચૂકવણી કરવામાં આવતી નથી. સમગ્ર દેશમાં અમલી થયેલ સમાન પદ્ધતિ પ્રમાણે દરેક થર્મલ વીજ મથક ખરીદ કરાર હેઠળની જોગવાઇ મુજબ જો વાર્ષિક પ્લાન્ટની ઉપલબ્ધતા ૮૦થી ૮૫ ટકા હોય તો તેને સંપૂર્ણ ફિક્સ કોસ્ટ ચૂકવવાની રહે છે અને જો પ્લાન્ટની વાર્ષિક ઉપલબ્ધતા ૭૫થી ૮૦ ટકા ઓછી હોય તો પ્રોજેક્ટ પાસેથી કરારની જોગવાઇ મુજબ પેનલ્ટી વસૂલવામાં આવે છે. ગુજરાત વીજ નિયમનની મેરિટ ઓર્ડરની પદ્ધતિ મુજબ વીજ મથકોમાં તેમના બળતણ ખર્ચમાં ક્રમશ: એટલે કે સસ્તાથી મોંઘા ખર્ચ મુજબ વીજ માંગ પૂર્ણ થાય એટલી વીજ ખરીદી કરવામાં આવે છે. જો ઉત્પાદન ખર્ચ વધારે હોય અને મેરિટ ઓર્ડરમાં પ્રાથમિકતા ના મળે તો તેમાંથી ઉત્પાદન મેળવવામાં આવતું નથી અને સરખામણીમાં અન્ય ઓછું બળતણ ખર્ચ ધરાવતા ઉપલબ્ધ પ્લાન્ટમાંથી વીજ ઉત્પાદન મેળવવામાં આવે છે. અગાઉ જ્યારે વર્ષ ૨૦૨૦માં સસ્તા દરે ગેસ ઉપલબ્ધ થયેલ હતા ત્યારે ધુવારણ પ્લાન્ટમાંથી ૧,૭૨૯ મિલિયન યુનિટ રૂ.૪.૨૨ ના દરે અને ઉતરાણ પ્લાન્ટમાંથી ૧,૮૧૭ મિલિયન યુનિટ રૂ.૪.૧૦ ના ભાવે ખરીદેલ હતી. ઉપરોક્ત કારણસર વર્ષ ૨૦૨૨માં આંતરરાષ્ટ્રીય સ્તરે ગેસની તીવ્ર શોર્ટેઝ થવાથી ગેસના ભાવમાં યુ.એસ. ડોલર ૪૦-૪૫ એન.એમ.બી.ટી.યુ. જેટલો વધારો થયેલ જે મુજબ બળતણ ખર્ચ પર યુનિટ કોસ્ટ ૨૫ રૂપિયા આવતી હતી. મેરિટ ઓર્ડર મુજબ કોઇ ઉત્પાદન મેળવવામાં આવેલ નથી. વર્ષ ૨૦૨૨માં ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિક કોર્પોરેશન તેના ગેસ આધારિત વીજ મથકો માટે કુલ રૂ.૪૮૬ કરોડની રકમ ચૂકવવામાં આવેલ છે જે પૈકી ધુવારણ ગેસ આધારિત વીજ મથક માટે રૂ. ૨૬૧ કરોડ તથા ઉતરાણ ગેસ આધારિત વીજ મથક માટે

રૂ.૨૨૫ કરોડ રકમ ચૂકવવામાં આવી છે. બીજા જેને રકમ ચૂકવવામાં આવી છે એ બધા પ્લાન્ટ ચાલુ હતા. ૭૭થી ૮૦ ટકા કેપેસિટીએ ચાલ્યા હતા એટલે એમને ફિક્સ કોસ્ટ ફરજિયાત રીતે કરાર પ્રમાણે આપવાની થાય છે અને એ રીતે ચૂકવેલી છે.

અધ્યક્ષશ્રી : આપને ફરી આપું છું.

શ્રી કેશુભાઇ શિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસે આપના માધ્યમથી જાણવા માગું છું કે, વિવિધ વીજ મથકોમાંથી વીજળી ખરીદવામાં મેરિટ ઓર્ડરની શું ભૂમિકા છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, વીજળીની ખરીદી વીજ મથકોની માલિકીના આધારે નહીં પણ વીજ નિયમન આયોગના તા.૧૦–૧૦–૨૦૦૦ ના નિર્દેશ મુજબ વીજળીની કુલ ખરીદ કિંમત ઘટાડવાના હેતુથી મેરિટ ઓર્ડર એટલે કે બળતણ ખર્ચમાં ભાવના ક્રમ મુજબ સસ્તાથી મોંઘા ક્રમમાં વીજ જરૂરિયાત પૂર્ણ થાય ત્યાં સુધી મેરિટના ધોરણે વીજળીની ખરીદી કરવામાં આવે છે. આમ, વીજળીની ખરીદી વીજ મથકોની માલિકીના ધોરણે નહીં. પરંતુ બળતણ ખર્ચના આધારે એટલે કે મેરિટના ધોરણે કરવામાં આવે છે. મેરિટ ઓર્ડર દર પખવાડિયે દર ૧૫ દિવસે બનાવવામાં આવે છે. જે અંતર્ગત વીજ ઉત્પાદન અને ખરીદીના ખર્ચની ગણતરી માટે લાગુ પડતા ખર્ચ જેવા કે– કોલસા, ગેસ, લિગ્નાઇટ વગેરે જેવા ફ્યુઅલના ભાવ મુજબ બળતણ ખર્ચ, ટ્રાન્સમિશન લોસ વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. જે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરની વેબ સાઇટ પરથી જોઇ શકાય છે જે ઓપન છે. રિઅલ ટાઇમ વીજ ખરીદી માટે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર દ્વારા મેરિટ ઓર્ડરને ધ્યાનમાં લઇને વિવિધ ઉત્પાદન સ્ત્રોતમાંથી ઉત્પાદન મેળવવામાં આવે છે. જેમાં વીજ મથકોની માલિકી નહીં એટલે કે રાજ્ય હસ્તક ખાનગી કે કેન્દ્ર સરકાર હસ્તક છે તેને ધ્યાનમાં લેવામાં આવતું નથી. પરંતુ બળતણ ખર્ચના ભાવોને સસ્તાથી મોંઘા ભાવને ધ્યાનમાં રાખીને વીજ માંગને પહોંચી વળવા ખરીદી કરવામાં આવે છે.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસે આપના માધ્યમથી જાણવા માગું છું કે, રિન્યએબલ એર્નજી માટે કરવામાં આવતી વીજ ખરીદી માટે કોઇ ફિક્સ કોસ્ટ ચૂકવામાં આવે છે કે નહીં?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, રીન્યુએબલ એનર્જી જે સમગ્ર વિશ્વ માટે અને ભારત માટે એક અગત્યનું પરિબળ છે. રીન્યુએબલ એનર્જી માટે કરવામાં આવતી વીજ ખરીદી અન્વયેના વીજ દર એ સીંગલ પાર્ટ ટેરિફ કહેવાય છે એટલે કે ફીકસ કોસ્ટ અને બળતણ ખર્ચ એમાં હોતો નથી કારણ કે એ કુદરતી રીતે વીજળી પેદા થાય છે. હકીકતમાં મેળવવામાં આવેલ રીન્યુએબલ એનર્જી ઉત્પાદન માટે સીંગલ પાર્ટ ટેરિફની ચૂકવણી કરવામાં આવે છે તથા ઉત્પાદન ન મેળવેલ હોય ત્યારે ચૂકવણી કરવામાં આવતી નથી. રીન્યુએબલ એનર્જી માટે સ્પર્ધાત્મક બીડિંગ દ્વારા રૂ.૧.૯૯, રૂ. ૨.૮૯ યુનિટના દરે ૧૦૫૩૦ મેગાવોટ સોલાર ક્ષમતા માટે વીજ ખરીદ કરાર કરવામાં આવેલ છે. જે ગ્રાહકોના હિતમાં છે. આ વર્ષે ૯૫૦૦ મેગાવોટ રીન્યુએબલ એનર્જી વીજ ખરીદવા માટે પી.પી.એ. કર્યા છે અને ૨૫૦૦ મેગાવોટના ટેન્ડર ઇન્વાઇટ કર્યા છે. જે વીજળી પણ એકાદ વર્ષમાં આવી જશે. આમ, રીન્યુએબલ વીજળીનો વધુ ઉપયોગ થાય અને પૈસા આધારિત વીજળીના વપરાશમાં ઘટાડો થાય અને ખેડૂતોને દિવસે વીજળી મળે એનું પણ આમાં આયોજન છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે રાજયના આપણા જે ૧૫ યુનિટો છે એની વીજ ક્ષમતા મેગાવોટમાં ૮૫૬૬ છે અને કેન્દ્ર સરકારના જે ચાર યુનિટ છે એની ક્ષમતા ૭૭૮૧ છે એટલે ટોટલ ૯૩૪૭ મેગાવોટની આપણી પાસે વીજળી પેદા કરવાની ક્ષમતા છે. ખાલી આ રાજયમાં ત્રણ જ એવા યુનિટો છે કે જે ખાનગી છે કે જેની ક્ષમતા ૫૩૬૧ મેગાવોટ છે. આપણી પાસે ક્ષમતા મેગાવોટમાં વધારે હોવા છતાં અને ખાનગી કંપનીઓ પાસે ઓછી મેગાવોટની ક્ષમતા હોવા છતાં પણ કયા કારણોસર આપણે આ લોકો પાસેથી કયા કારણોસર આટલી ફિકસ કોસ્ટ આપવી પડે છે એ માનનીય મંત્રીશ્રી જણાવશે?

અધ્યક્ષશ્રી : તમે અને શ્રી બલવંતસિંહભાઇ, શ્રી બલવંતસિંહભાઇ પણ ત્યાં હતા ત્યારે આંકડા બહુ લાવતા. એટલે તમે બંને સભ્યો આંકડા લાવો છો કયાંથી? મને લાગે છે કે આ જગ્યા જ એવી લાગે છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇ, મારા મિત્ર છે એટલે વારંવાર...

અધ્યક્ષશ્રી : આપના તરફ તો એમનો પ્રેમ બહુ લાગે છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : અભ્યાસુ છે સાહેબ. અત્યારે જે રીતે વાત કરી તેમ બળતણ ખર્ચનો જે ઓછામાં ઓછો ખર્ચ હોય તેની પાસેથી ખરીદી કરવામાં આવે છે. જે આપણે ખરીદી કરી એમનો જે પોઇન્ટ છે કે અદાણી, ટાટા, એસ્સાર એ બધા નવા પ્લાન્ટો છે. વધારે એફિશિયન્સીથી કામ કરે છે. મેરિટ ઓર્ડરમાં એ લોકો આગળ આવતા હોય તો કોઇની પણ માલિકીને ધ્યાનમાં લીધા સિવાય જે રીતે ટેરીફના નિયમો છે એ પ્રમાણે ખરીદી કરવામાં આવે છે. આ જે ફિકસ કોસ્ટની ગણતરી છે એમાં ફિક્સ કોસ્ટ આપણે જે અદાણી પાવરને આપીએ છીએ એ ૭૯ પૈસા છે, અદાણી પાવરના બીજા કરારમાં ૮૪ પૈસા છે, એસ્સાર પાવરને ૬૬ પૈસા છે તો અત્યારે જો નવા પ્લાન્ટ નાખવામાં આવે તો એની ફિકસ કોસ્ટ ૨ રૂપિયા ઉપર આવે છે એટલે આ પ્લાન્ટો આપણા માટે જયારે પણ આપણને ઇમરજન્સી આવે ત્યારે ખરીદવા માટે જરૂરી છે એટલા માટે ખરીદી કરવામાં આવે છે.

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : બિલકુલ એમણે સ્પષ્ટતાપૂર્વક કહ્યું કે બે રૂપિયે લેવી પડે એની જગ્યાએ અત્યારે ૮૫ કે ૮૬ પૈસા જેટલો જ ચાર્જ થાય છે. (અંતરાય) શ્રી કનુભાઇ પોલિટિકલ જવાબ આપતા નથી, નહીંતર વળી એવી વાત કરશે કે વારસામાં આવું મળ્યું છે, તો તમે મૂકોને.

**નવસારી અને સુરત જિલ્લામાં ખોટા રેશનકાર્ડ રદ કરવા બાબત**

***15/4/1694 શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ**) વાસંદા : (**માનનીય અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, –

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને સુરત શહેર/જિલ્લામાં ગરીબોને એન.એફ.એસ.એ.ના રેશનકાર્ડ હેઠળ અનાજ પુરૂ પાડવા ખોટા રેશનકાર્ડ બનાવેલ તે રદ કરવા અંગેની કેટલી ફરીયાદો મળી, | )૧( | “શૂન્ય” |
| )૨( | મળેલ ફરીયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને | )૨( | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) | ઉકત વર્ષવાર આવા કેટલા ખોટા/ નકલી રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા? | (૩) | |

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આગળ જે રેશનકાર્ડ મળતા હતા તેમાં ગંગા સ્વરૂપા બહેનો તેમજ ગંભીર રોગોથી પીડાતા વ્યક્તિઓ તેમજ દિવ્યાંગ વ્યક્તિઓ માટે એ.પી.એલ.–૧ કાર્ડ આપવામાં આવે છે. આગળ આ વ્યક્તિઓને અંત્યોદય યોજનામાં કાર્ડ આપવામાં આવતા હતા તો ફરી પાછો એમનો અંત્યોદય યોજનામાં સમાવેશ કરવા માગો છો કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે સસ્તા અનાજની દુકાનોમાં તુવેરની દાળ મળે છે. ગામમાં એક સસ્તા અનાજની કરિયાણાની દુકાન હોય અને એમાં તુવેરની દાળ ૫૦ ટકા જ આપે છે એટલે ત્યાંના ૫૦ ટકા લોકોને જ લાભ થાય છે. એના કારણે ઘણીવાર સામાજિક આગેવાનો, દુકાનદારો અને ગ્રાહકો સાથે ઘર્ષણ પણ થતું હોય છે તો શું આપ એમને ૧૦૦ ટકા એ વિસ્તારમાં દાળ આપવા માગો છો કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન એ છે કે, ગામડામાં રહેતા લોકો અંત્યોદય યોજનાનો જે લાભ લે છે તેમાંથી ઘણા એવા વ્યક્તિઓ છે કે જેમણે અંધાપો છે, આંખોની બીમારી છે, આંખમાં ફૂદડી છે તેમના આધારકાર્ડ બનતા નથી અને આવા આધારકાર્ડ ન બનવાને કારણે તેમનું રેશનકાર્ડ નથી બનતું. રેશનકાર્ડ ન બનવાને કારણે તેમને અનાજ નથી મળતું. તો આવા લોકો માટે કોઇ સ્પેશ્યલ પ્રોવિઝન કરવા માગો છો કે તેમનું આધારકાર્ડ ન હોય છતાં તેમને રાશન મળે, અનાજ મળે તો તેઓ સારી રીતે તેમનું જીવન ગુજારી શકે. મારું સૂચન અને પ્રશ્ન છે કે, ખૂબ અગત્યનું ગ્રામ્ય વિસ્તારનું છે એટલા માટે કહેવું છે કે, ઘણી વખત ઘણા પરિવારો વધારે સંખ્યામાં સમૂહમાં રહેતા હોય છે. તે લોકો જ્યારે અલગ રેશનકાર્ડ કઢાવવા માટે મામલતદાર કચેરીમાં જાય છે ત્યારે તેમનું બી.પી.એલ. કાર્ડ હોવા છતાં નવા મકાનના પુરાવા માગે છે, નવા મકાનની રસીદ માગે છે, નવું લાઇટ બિલ માગે છે. આ બધા નવા પુરાવા આપે તો જ તેમનું નવું કાર્ડ બને છે. તેમની પાસે આવા જે પુરાવા માગવામાં આવે છે તે પુરાવા રજૂ ન કરે તો પણ તેમને રેશનકાર્ડ મળે તેવી કોઇ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ? ધારો કે, બી.પી.એલ. કે અંત્યોદય પરિવાર જ્યારે કાર્ડ માગે છે ત્યારે તેમને જે કાર્ડ હોય તે કાર્ડ જ મળવું જોઇએ. અત્યારે એવું થાય છે કે, જેમની પાસે બી.પી.એલ. કાર્ડ હોય, અંત્યોદય કાર્ડ હોય તેમ છતાં તેમને એ.પી.એલ. કાર્ડ આપી દેવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : બે મિનિટ થઇ ગઇ છે.

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્નો પૂછ્યા છે તેમાં પ્રથમ ગંગા સ્વરૂપા માતા બહેનોની વાત કરી તો તેમાં કહું તો તેમને અંત્યોદયમાં સમાવવા માટેની યોજના ચાલુ છે. માનનીય સભ્યશ્રીએ બીજો પ્રશ્ન તુવેરદાળનો પૂછ્યો છે. તેમણે કહ્યું કે, સસ્તા અનાજની દુકાને તુવેરદાળ લેવા જાય છે ત્યારે ઓછી મળે છે. તુવેરદાળ અથવા તો સસ્તા અનાજની કોઇપણ જણસી કોઇપણ દુકાનેથી આપવામાં આવે છે ત્યારે તે કમ્પ્યુટર કાંટા મારફતે વજન કરીને આપવામાં આવે છે. પૂરતા પ્રમાણમાં તેને આ અનાજ મળ્યું કે નહીં તેની લાભાર્થીને પહોંચ આપવામાં આવે છે. ત્રીજો પ્રશ્ન રેશનકાર્ડ જુદા પાડવા માટેનો પૂછ્યો છે. અંત્યોદય કાર્ડને અગ્રતા આપવામાં આવે છે કે નહીં તેવું કહ્યું છે. આમાં નિયમ મુજબ કાર્ડ જુદા પાડી આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આંખે ન દેખાતું હોય તેમના માટેનો પ્રશ્ન છે.

## તા.૧૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## તારાંકિત પ્રશ્નો

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે લોકોને આંખે દેખાતું ન હોય, અશક્ત હોય, રક્તપિત્તના દર્દી હોય તો તેમના માટે જિલ્લા કક્ષાએ મામલતદાર ઓફિસ, કલેકટર ઓફિસ કે ઝોનલ ઓફિસે જઇ નિયમ મુજબ ફોર્મ ભરવાનું હોય તે ભરીને આપી શકે છે. આમાં વાલી પણ આવી ઓફિસે જઇ શકે છે. આવા ફોર્મ ભરીને આપવાથી આવા રેશનકાર્ડ કાઢી આપવામાં આવે છે.

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ હેઠળ નવસારી અને સુરત જિલ્લામાં કેટલા રેશનકાર્ડ સાયલન્ટ એટલે કે બ્લોક કરવામાં આવેલ છે અને બીજો પ્રશ્ન એ છે કે, એન.એફ.એસ.એ. હેઠળ ગઇકાલે માનનીય મંત્રીશ્રીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે, ગરીબ પરિવાર નહીં પરંતુ જરૂરિયાતમંદ પરિવાર. આવા જરૂરિયાતમંદ પરિવાર એન.એફ.એસ.એ. નોર્મ્સમાં આવતા હોય તેવા મારા સુરત પૂર્વ વિધાનસભા મત વિસ્તારના પરિવારોના એન.એફ.એસ.એ. દાવા ફોર્મ મંજૂર કરવાની સૂચના આપશો કે કેમ?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો જવાબ આપું તો નવસારી જિલ્લામાં ૧૮૬૧ રેશનકાર્ડના ૮૩૯૮ જનસંખ્યાને સાયલન્ટ અથવા બ્લોક કરવામાં આવેલ હતી. જેમાંથી ૧૪૪૭ રેશનકાર્ડના ૭૦૯૬ સભ્યોની ઇ.કેવાયસી પ્રક્રિયા પૂર્ણ થઇ છે. જયારે ૫૧ રેશનકાર્ડના ૧૩૬ સભ્યોની અંશતઃ ઇ.કેવાયસી પ્રક્રિયા પૂર્ણ થયેલ છે અને ૩૬૩ રેશનકાર્ડના ૧૩૬૬ સભ્યોની ઇ.કેવાયસી બાકી હોવાથી સાઇલેન્ટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં ૨૬,૨૫૦ રેશન કાર્ડની ૮,૦૮,૧૦૧ જનસંખ્યાને સાયલન્ટ અથવા બ્લોક કરવામાં આવેલ હતી જેમાંથી ૫,૫૮૧ રેશન કાર્ડના ૨૭,૧૮૯ ઇ–કે.વાય.સી. પ્રક્રિયા પૂર્ણ થયેલ છે જ્યારે ૨૨૮ રેશન કાર્ડના ૫૧૭ સભ્યોની અંશતઃ, અંશતઃ એટલે એમની કેટલીક વિગતો અધૂરી હોવાના કારણે અંશતઃ બાકી રાખવામાં આવેલ છે અને ૨૦,૪૪૧ રેશન કાર્ડના ૮૦,૩૯૫ સભ્યોનું ઇ–કે.વાય.સી. બાકી હોવાથી સાયલન્ટ છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સાયલન્ટ રેશન કાર્ડ એટલે શું? અને આને પુનઃ એક્ટિવ કરવા માટે એની કાર્યપદ્ધતિ શું છે? મારો બીજો પ્રશ્ન છે કે, મારા મત વિસ્તારમાં એન.એફ.એસ.એ. કાર્ડ ધરાવતા જે અમુક લોકોના કાર્ડ બંધ થઇ ગયા છે તો એ લોકોને રાશનકાર્ડ ધરાવતા લોકોને રાશન મળતું નથી તો એ કાર્ડ ફરીથી ક્યારે ચાલુ કરવા માગો છો?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવવાનું કે, ૬ માસ કે તેથી વધુ સમયથી જે કાર્ડ ધારકોએ રાહત દરના રાશનનો લાભ લીધેલ ન હોય તેવા રેશન કાર્ડ ધારકોની હયાતી, પાત્રતા તથા કુટુંબના સભ્યોની ખરાઇ થવી ખૂબ જરૂરી જણાય છે આથી રાજયના જે એન.એફ.એસ.એ. રેશન કાર્ડ ધારકોએ ૬ માસ કે તેથી વધુ સમયથી પોતાને મળવાપાત્ર રાશનનો જથ્થો લીધેલ ન હોય એવા રેશનકાર્ડ ધારકોને સિસ્ટમમાં સાયલન્ટ રેશન કાર્ડ તરીકે આઇડેન્ટીફાઇ કરવામાં આવે છે અને એવા સાયલન્ટ જણાયેલ રેશન કાર્ડને રદ કરવામાં આવતું નથી પરંતુ તદન હંગામી ધોરણે આવા રેશન કાર્ડને સિસ્ટમમાંથી બ્લોક કરવામાં આવે છે. રેશન કાર્ડ પુનઃ એક્ટિવ કરવા માટે રેશન કાર્ડ ધારકના કુટુંબના તમામ સભ્યોએ આધાર કાર્ડની વિગતો સાથે નજીકની મામલતદાર ઝોનલ કચેરીમાં જઇ કે.વાય.સી. વેરિફિકેશન કરાવવાનું હોય છે અને કે.વાય.સી. વેરિફિકેશન પ્રક્રિયા પુનઃ થવાથી રેશનકાર્ડને પુનઃ એક્ટિવ કરવામાં આવે છે અને તેઓને મળવાપાત્ર તમામ આવશ્યક ચીજવસ્તુનો જથ્થો રાબેતા મુજબ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવા જે બંધ થઇ ગયેલા કાર્ડ છે એને ચાલુ કરી શકાય કે કેમ? તો ચાલુ કરી શકાય છે જે મેં ઉપર મારા જવાબમાં કહ્યું તે રીતે પ્રક્રિયા કરીને ચાલુ કરી શકાય છે.

### અબડાસા તાલુકામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ

***૧૫/૪/૧૧૮૧ શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા) અબડાસા :(માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અબડાસા તાલુકામાં સામાન્ય યોજના હેઠળ નવા કૃષિ વિષયક વીજ જોડાણ માટે કેટલી અરજીઓ આવી, | )૧( | ૩૭૫ |
| )૨( | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | )૨( | ૧૦૯ |
| )૩( | કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી,અને | )૩( | ૩૩ |
| )૪( | ઉક્ત અરજીઓ નામંજૂર કરવાનાં મુખ્ય કારણો શા છે ? | )૪( | નિયત સમય મર્યાદામાં બોર/કૂવો કરાવેલ ન હોવાને કારણે. |

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપણા ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી અને ઊર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબને અભિનંદન આપવા છે કારણ કે, જે લાઇટ ખેડૂતને ૧૫ વર્ષ સુધી નહોતી મળતી એ અત્યારે ૬

મહિનામાં મળી જાય છે. એ સિવાય સિંગલ ફેઝ લાઇટ રાતના પણ મળે છે તેમજ ૪ નંબર જિલ્લા પંચાયત સીટમાં સોલાર લાઇટ ચાલુ કરી આપી છે એ સિવાય તળાવમાં અત્યારે જે પાણી ભરેલું હોય અને ખેડૂતની નજીક હોય એને પણ લાઇટ મળી શકે છે તેમજ અત્યારે મંદિર હોય કે નિશાળ હોય તો એના ઉપર તાત્કાલિક ચોટલા વાયર નાંખવામાં આવ્યા છે એ માટે અભિનંદન આપુ છું. માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે કે, અત્યારે ખેડૂત માટે સરળતાથી લાભ મળી શકે એવી કઇ કઇ યોજનાઓ ચાલુ છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પ્રદ્યુમનસિંહજીની લાગણી ઊર્જા વિભાગ માટે વિશેષ છે એટલા માટે કે, વાવાઝોડાં દરમ્યાન ત્યાં આપણે ૭૨ કલાકની અંદર જ વીજળીનો પુરવઠો સ્થાપિત કરી દેવામાં આવ્યો હતો. અબડાસા તાલુકામાં ખેડૂતો માટે વીજ કનેકશન જોડાણ માટે સામાન્ય યોજના, અનુસૂચિત જાતિ પેટા યોજના, સાગર ખેડૂત સર્વાંગી વિકાસ યોજના અને તત્કાલક યોજના અમલી છે. સામાન્ય યોજના મુજબ સમગ્ર રાજયના કોઇ પણ વિસ્તારના ખેડૂતો આ યોજના હેઠળ વીજ જોડાણ મેળવી શકે છે, આ યોજનાનો લાઇન ચાર્જ સરકાર ભોગવે છે, ખેડૂતને માત્ર ફિક્સ ચાર્જ ભરવાનો રહે છે. આદિજાતિ વિસ્તાર યોજના માટે રાજયના આદિજાતિના ખેડૂતો આ યોજના હેઠળ વીજ જોડાણ મેળવી શકે છે, આ યોજનામાં લાઇન ચાર્જ અને ફિક્સ ચાર્જ સરકાર ભોગવે છે, ખેડૂતોએ કોઇ ચાર્જ ભરવાનો રહેતો નથી. અનુસૂચિત જાતિ પેટા યોજનામાં રાજયના અનુસૂચિત જાતિના ખેડૂતો વીજ જોડાણ મેળવી શકે છે, આ યોજનામાં લાઇન ચાર્જ અને ફિક્સ ચાર્જ સરકાર ભોગવે છે, ખેડૂતોએ કોઇ ચાર્જ ભોગવવાનો રહેતો નથી. તત્કાલ યોજના અરજદાર દ્વારા સામાન્ય યોજના કે આદિજાતિ વિસ્તાર પેટા યોજના કે અનુસૂચિત જાતિ યોજના અંતર્ગત વીજ જોડાણ માટે નોંધણી કરાવેલી હોય તો તેનો તત્કાલ યોજના હેઠળ અરજી તબદીલ કરી શકે છે. કુલ જમીનના ૫૦ ટકા અથવા ઓછા બે એકરમાં અરજદારે ટપક સિંચાઇ પદ્ધતિ સ્વીકારવી ફરજીયાત છે. જો ખેડૂત પાસે બે એકર જમીન ના હોય તો સમગ્ર જમીનમાં ટપક સિંચાઇ પદ્ધતિ સ્વીકારવી ફરજીયાત છે. સાગરખેડુ સર્વાંગી યોજના હેઠળ સાગરકાંઠાના વિસ્તારના ખેડૂતોને આ યોજના હેઠળ વીજ જોડાણ આપવામાં આવે છે. આ યોજનામાં લાઇન ચાર્જ સરકાર ભોગવે છે ખેડૂતને ફકત ફિક્સ ચાર્જ ભોગવવાનો રહે છે.

શ્રી વિરેન્દ્રસિંહ બ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, નવા કૃષિ વિષયક વીજ જોડાણ માટે વીજ કંપનીને કેટલો ખર્ચ થાય છે ? અને તેની સામે ખેડૂતે કેટલું ભરવાનું થાય છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂતો માટે સદાય તત્પર છે એક નવા કૃષિ વિષયક વીજ જોડાણ માટે વીજ કંપનીને સરેરાશ ૧ લાખ ૭૧ હજાર જેટલો ખર્ચ થાય છે પરંતુ ખેડૂતોને નવા કૃષિ વિષયક વીજ જોડાણ માટે મામૂલી રકમ ભરવાની થાય છે અને આ તમામ ખર્ચનાં તફાવતનાં નાણાં સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક જોડાણોની જેમ ખેડૂતોને પણ ખેતીવાડી વીજ જોડાણ માટે આગવું ટ્રાન્સફોર્મર આપવામાં આવે છે. નવી ખેતીવાડી વીજ જોડાણ માટે ખેડૂત પાસેથી વીજ લાઇન કે ટ્રાન્સફોર્મરનો કોઇ ખર્ચો વસૂલવામાં આવતો નથી. ખેડૂત પાસેથી માત્ર સર્વિસ કનેકશન ચાર્જ અને એનર્જી ડિપોઝિટ નાણાં જ લેવામાં આવે છે. ૫ હોર્સ પાવરના વીજ જોડાણ માટે સામાન્ય યોજના હેઠળ ખેડૂતે રૂ.૭૮૫૫ ભરવાના થાય છે અને તે જ રીતે ૧૦ હોર્સ પાવરના વીજ જોડાણ માટે સામાન્ય યોજના હેઠળ ખેડૂતે રૂ.૧૪૧૯૦ ભરવાના થાય છે. એનર્જી ડિપોઝિટનાં નાણાં ખેડૂતના ખાતામાં જમા રહે છે અને ખેડૂતને આ નાણાં પર વ્યાજ આપવામાં આવે છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ અબડાસા તાલુકાનો પ્રશ્ન છે પણ માનનીય મંત્રી સાહેબે જયારે આદિજાતિની પણ વાત કરી છે તો આદિજાતિના ખેડૂતો પાસે ખૂબ ઓછા પ્રમાણમાં જમીન હોય છે અને ૭/૧૨માં ઓછામાં ઓછા ૧૦થી ૧૫ નામો હોય છે ભલે તે ૫–૭ વીઘાનો બ્લોક હોય તો થ્રી ફેઇઝનું કનેકશન લેવામાં બધાની સહમતિની જરૂર પડે છે તેમાં ૨–૪ લોકો સહમતિ નહીં આપે એટલે તેને કનેકશન મળતું નથી તો અત્યારે જો ૧ હેકટરમાં બે કનેકશન આપવાનું છે તો અમારા આદિજાતિ ખેડૂતો પાસે ફકત ૧ એકર અથવા તો ૧ વીઘો હોય છે તો ઓછી જમીન ધરાવતા ખેડૂતોને ભવિષ્યમાં થ્રી ફેઇઝ કનેકશન સરકાર આપવા માગે છે કે કેમ ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરેશભાઇનું આ સૂચન છે પરંતુ જે રીતે કુટુંબ એક થઇ શકતું ન હોય તો સરકાર આમાં કેવી રીતે ઇન્ટરફિયર કરી શકે અને સરકારનો જી.આર. આના માટે બદલવો પડે એમ છે.

### ખાનગી વીજ કંપનીઓ સાથે વીજ ખરીદીના કરારો

*15/4/1658: **ગેનીબેન નગાજી ઠાકોર** )વાવ : (**માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –:

## તા.૧૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## તારાંકિત પ્રશ્નો

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજ ખરીદીના કરારો થયેલ છે , તે હકીકત સાચી છે, | (૧)હા, જી. |
| (૨)જો હા ,તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે કરાર મુજબ કેટલી ખાનગી કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી, | (૨) (૩) અને (૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ અને ખાનગી વીજ કંપનીઓ વચ્ચે થયેલ કરારો મુજબ ખરીદેલ વીજળી ,સરેરાશ દર અને ચૂકવેલ રકમની વિગતો નીચે મુજબ છે: |
| (૩)ઉક્ત વર્ષવાર ખરીદવામાં આવેલ વીજળી ,કરાર કરતાં ઉંચા દરે ખરીદવામાં આવેલ હોય તો કેટલી વીજ કંપની પાસેથી કરાર કરતાં કેટલા ઉંચા દરે ઉક્ત વર્ષવાર કેટલી વીજળી ખરીદી, અને | |
| (૪)તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલી કંપનીને કુલ કેટલી રકમ ચૂકવેલ છે ? | |

| વર્ષ | ખાનગી વીજ કંપનીઓની સંખ્યા | મિલિયન યુનિટ | સરેરાશ દર )રૂ/યુનિટ( | ચૂકવેલ રકમ )રૂ.કરોડ( |
|---|---|---|---|---|
| ૨૦૨૨ | ૮૦૪ | ૩૯૮૨૬ | ૫.૨૫ | ૨૦૮૯૮ |
| ૨૦૨૩ )પ્રોવિઝનલ( | ૯૧૯ | ૪૧૫૧૩ | ૪.૭૫ | ૧૯૭૩૬ |

વધુમાં જણાવવાનું કે, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ અને આયાતી કોલસા આધારિત વીજ કંપનીઓ વચ્ચે થયેલ કરારો અને સમગ્ર દેશની વધતી જતી વીજ માંગને પહોંચી વળવા કેન્દ્ર સરકાર દ્વારા ઈલેક્ટ્રીસીટી એક્ટ-૨૦૦૩ના સેક્શન-૧૧ અંતર્ગત આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટોને પૂર્ણ ક્ષમતાએ ચલાવવાના આદેશ અનુસાર હાલમાં એનર્જી ચાર્જની ચુકવણી પ્રોવીઝનલ દરે કરવામાં આવે છે, જે વીજ નિયમન આયોગના નિર્ણય મુજબ સરભર કરવાપાત્ર રહેશે .

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્ન નંબર-૫માં પ્રાઈવેટ વીજ કંપનીઓને પાછળથી પાવરની ખરીદી કરવામાં આવે છે એના અનુસંધાને છે પણ એ વિગતે ઘણી ચર્ચાઓ થઇ ગઇ છે તે સંદર્ભમાં મારો પ્રશ્ન એ છે કે, જે ખાનગી વીજ કંપનીઓ એ પોતે ખેડૂતોના ખેતરમાં વીજ પોલ ઊભા કરે ત્યારે તેના વળતર માટેના ધારા-ધોરણ અલગ અલગ હોય છે. ધારો કે ટાટા, અદાણી અને જેટકો એટલે ખાસ કરીને તેના ધારા-ધોરણ છે તેના પર સરકાર નિયંત્રણ કરીને એક જ રેઇટથી તેનું ચૂકવણું કરવામાં આવે. ભૂતકાળની અંદર આજે પણ કોર્ટમાં ખેડૂતો કેસ લડે છે. કાંકરેજ તાલુકામાં પ્રાંત અધિકારીએ જંત્રીના ૧૫ ટકા પ્રમાણે ચૂકવણું કરવા માટેનો પરિપત્ર કર્યો અને બાજુના ભાભરમાં ૭ ટકાનો કર્યો એટલે આ પ્રમાણે જ્યારે વહીવટી રીતે અધિકારીઓ મારફતે આ રીતે નિર્ણય લેવાતો હોય ત્યારે ખેડૂતોને અન્યાય થતો હોય છે. બીજું, ભૂતકાળની અંદર સૌર ઊર્જા માટે ખેડૂતોએ પોતાને જાતે વીજ ઉત્પન્ન કરવા માટે કરીને ઘણી બધી જમીનો એન.એ. કરી દીધી. સરકાર તેની અંદર હવે સબસિડી આપતી નથી એટલે ખેડૂતોને પોતાના ખેતી માટેના જે લાભો મળે તે પણ મળતા નથી અને તેમાં વીજ ઉત્પન્ન કરવા માટેની સિસ્ટમની અંદર સરકારે મદદ કરવી જોઇએ. સબસિડીના ભાગમાં તેઓ મદદ નથી કરતા એટલે આ બાબતમાં સરકાર થોડી ચોખવટ કરે તો જેથી કરીને ખેડૂતોને એકાદ બાબતમાં લાભ મળી શકે.બીજું કે એક બાજુ આપણે માગણી મુજબ કનેક્શન આપે રાખીએ છીએ પણ એની સામે નવાં સબસ્ટેશન નથી થતાં એના કારણે પૂરતા વૉલ્ટેજ ખેડૂતો અને લોકોને નથી મળતાં. આ બાબતમાં માનનીય મંત્રીશ્રી થોડો સંતોષકારક જવાબ આપે એવી અપેક્ષા રાખું છું.

અધ્યક્ષશ્રી : વીજ ખરીદીમાંથી વીજ સર્વિસ સુધી પહોંચી ગયું છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સંતોષકારક જવાબ માટે તમારે બીજી નોટિસ આપવી પડશે પણ મારે ખાસ જણાવવાનું કે જે રીતે આપણા દેશમાં વર્ષ ૧૮૫૩માં રેલવે લાઇન નાંખવામાં આવી, નેશનલ હાઇ-વે બનાવવામાં આવ્યો આ બધા માટે પણ લોકોએ ભોગ આપ્યો જ છે. જ્યારે દેશનો વિકાસ થાય, માળખાકીય સુવિધાઓ વધે ત્યારે આપણે ચોક્કસ રીતે આ બધું ધ્યાન રાખીને જેટલું સમર્પણ થાય એટલું કરવું જોઇએ. એના માટે યોગ્ય વળતર માટેના બધા નિયમો નક્કી જ છે અને એ નિયમો પ્રમાણે જ જંત્રીમાં જે રીતે વધારો થયો છે તેનાથી આના વળતર દરોમાં પણ ઘણો વધારો થયો છે અને તે પણ વિચારણા હેઠળ છે. તમામ માટેના વળતર દરો ૧૫ ટકા જેટલા કરવામાં આવ્યા છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એ મુજબ ખાનગી કંપનીઓ પાસેથી જે વીજ ખરીદી કરવામાં આવી એમાં વર્ષ ૨૦૨૨માં ૮૦૪ કંપનીઓ પાસેથી ૩૯,૮૨૬ મિલિયન યુનિટ વીજળી સરેરાશ રેટ રૂ.૫.૨૫/-થી ખરીદવામાં આવી. કુલ રૂ.૨૦,૮૯૮ કરોડની વીજળી ખરીદવામાં આવી. એ જ રીતે વર્ષ ૨૦૨૩માં રૂ.૪.૭૫/-ના ભાવથી રૂ.૧૯,૭૩૬ કરોડની વીજળી ખરીદવામાં આવી. મારે માનનીય મંત્રીશ્રી પાસે એ જ જાણવું છે કે અહીંયા જે માહિતી આપી છે એ મુજબ અદાણી પાવર હોય તો ૨૫ વર્ષનો પાવર પર્ચેઝ એગ્રીમેન્ટ છે રૂ.૨.૮૯/- અને રૂ.૨.૩૫/- એ.સી.બી. ઈન્ડિયામાં રૂ.૨.૨૫/-, એસ્સારનો પણ ૨૫ વર્ષનો કૉન્ટ્રાક્ટ છે રૂ.૨.૪૦/- કૉસ્ટલ ગુજરાતનો પણ ૨૫ વર્ષનો કૉન્ટ્રાક્ટ છે રૂ.૨.૨૫/-. આ ભાવે આપણે ૨૫ વર્ષ માટે કૉન્ટ્રાક્ટ કર્યો છે. એને આપણે ફિક્સ કૉસ્ટ પેટે

કરોડો રૂપિયા ચૂકવીએ છીએ. કારણ કે, એ બંધ ના રહે અને એને નુકસાન ન થાય. બીજી બાજુ જે એવરેજ ભાવે ખરીદ્યો છે એ રૂ.૫.૨૫/– અને રૂ.૪.૭૫/– છે એટલે ડબલ કરતાં પણ વધારે ભાવે આપણે ખરીદીએ છીએ. એનાં કારણો શું છે?

અધ્યક્ષશ્રી : આપ, સીધા પ્રશ્ન પર આવી જાવ.

શ્રી અમિત ચાવડા : બીજું કે આપણે ગુજરાતમાં બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોતોને પ્રોત્સાહન આપવાની વાત કરીએ છીએ. એના માટે રૂફ ટૉપ યોજના લાવ્યા. રૂફ ટૉપ યોજનામાં જે ગુજરાતીઓ પોતાને ત્યાં ઇન્વેસ્ટ કરીને વીજળી ઉત્પન્ન કરે છે એને રૂ.૨.૨૦/–માં ખરીદીએ છીએ અને અદાણી, એસ્સારને આપણે રૂ.૫/–માં આપીએ છીએ. તો રૂફ ટૉપ યોજનામાં જે વીજળી ઉત્પન્ન થાય છે એને પણ આજ સરેરાશ ભાવ મુજબ ભાવ વધારો આપવા માગીએ છીએ કે કેમ? અને રૂફ ટૉપ યોજનાને આપણે જ્યોતિગ્રામ કનેક્શનવાળા વિસ્તારમાં જ મંજૂરી આપીએ છીએ. તો એ સિવાયના વિસ્તારમાં પણ એના માટે મંજૂરી આપવા માગીએ છીએ કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે સવાલ કર્યો એમાં જ ટાટા અને અદાણીનો જવાબ આવી જાય છે. આવા કરારો મારફત આપણે ઓછી વીજળી ખરીદવી પડે એટલા માટે જ રૂફ ટૉપ યોજના છે. વિન્ડ પાવરમાં આપણે ૧૧૦૦૦ મેગા વૉટ સાથે ભારતમાં પ્રથમ નંબરે છીએ. સૉલારમાં ૧૦,૦૦૦ મેગા વૉટ સાથે બીજા નંબરે છીએ. આ બધી યોજનાઓ જે રીતે આપણા દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય મોદીજીએ ઝીરો કાર્બનની વાત કરી છે. તે દિશામાં ગુજરાત આખા દેશમાં સૌથી આગળ જઇ રહ્યું છે અને અત્યારે જોઇએ તો અદાણી પાસે લગભગ ૬ ટકા અને ટાટા પાસે ૭ ટકા જેટલી વીજળી ખરીદવામાં આવે છે પરંતુ આપણી જે વીજળીની જરૂરિયાતો છે એ ત્રણ ગણી વધી ગઇ છે. એના લીધે પહેલાં આપણી પાસે બહારથી વીજળી ખરીદવા માટે ફક્ત ૮,૬૦૦ મેગા વૉટ જેટલી જ લાઇનની ક્ષમતા હતી. અત્યારે માનનીય ભૂપેન્દ્રભાઇની આગેવાની હેઠળ અમે ફરીથી એમાં રી–વર્ક કરીને લગભગ ૧૧,૦૦૦ મેગા વૉટ ઉપર ક્ષમતા વધારી છે જેથી આપણે કેન્દ્રના સાહસોમાંથી પણ વીજળી ઇમ્પોર્ટ કરી શકીએ તે રીતની વ્યવસ્થા કરી છે. ઓછામાં ઓછો ઉપયોગ ખાનગી વીજ કંપનીઓમાંથી લેવાય એ રીતનું પ્લાનિંગ ચાલી રહ્યું છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારું તો એક જ સૂચન છે કે સૌર ઊર્જા થકી જે રૂફ ટોપ વીજળી રૂ.૨.૨૦ના ભાવે ખરીદીએ છીએ તેમાં જો ભાવ વધારો આપીએ તો પ્રોત્સાહન મળશે અને વધારે લોકો તેના માટે તૈયાર થશે. ખાનગી કંપનીઓના બદલે ગુજરાતના લોકોને ફાયદો થશે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશના યશસ્વી વડાપ્રધાને અયોધ્યામાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા સમયે સૂર્યોદય યોજના જાહેર કરી છે. આ યોજના હેઠળ વધુમાં વધુ સબસિડી સાથે લોકો તેમાં રોકાણ કરશે. આ ભાવ વધારવાની જે માંગણી છે તે પૉલિસીની બાબત છે એટલે ચર્ચા કરીને નિર્ણય કરવામાં આવશે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ન મળતી હોય અથવા ઓછી મળતી હોય ત્યારે માત્ર પાંચ ટકા જ બહારથી ખાનગી કંપનીઓ પાસેથી લેવામાં આવે છે. તમે જે ટાટા કે અદાણીનું કહો છો તેમાં માનનીય મંત્રીશ્રીએ જવાબમાં માત્ર પાંચ ટકા જણાવ્યું છે.

**વલસાડ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો – ૨૦૧૩ હેઠળ અનાજનું વિતરણ**

***15/4/1061 શ્રી અરવિંદ છોટુભાઈ પટેલ** ) ધરમપુર : (**માનનીય અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, –

| પ્રશ્ન | | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ હેઠળ વલસાડ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને | )૧( | વલસાડ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો – ૨૦૧૩ હેઠળ "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના "અંતર્ગત માહે જાન્યુઆરી–૨૦૨૩ થી ડિસેમ્બર–૨૦૨૩ દરમ્યાન કુલ ૬૬,૧૩૫.૭૦ મે .ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે . |
| )૨( | કેટલા પ્રમાણ –શા ભાવથી વિતરણ કરવામાં આવ્યું? | )૨ ( | માહે જાન્યુઆરી – ૨૦૨૩ થી ડિસેમ્બર –૨૦૨૩ સુધી નીચે મુજબના સમયગાળા માટે આ યોજના હેઠળ અનાજનું નીચે દર્શાવેલ પ્રમાણથી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે . |

)૧ (માહે જાન્યુઆરી –૨૦૨૩ થી જુલાઈ –૨૦૨૩ સુધી તથા માહે સપ્ટેમ્બર –૨૦૨૩ થી ડિસેમ્બર –૨૦૨૩ સુધી) .ઘઉં તથા ચોખા(

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણ–પ્રમાણ (કિ.ગ્રા.) | વિતરણ ભાવ (રૂ–પૈસા) |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫–૦૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦–૦૦૦ | વિનામૂલ્યે |
| | કુલ | કાર્ડદીઠ ૩૫–૦૦૦ | |

| | | | |
|---|---|---|---|
| | ચોખા | વ્યક્તિદીઠ ૩–૦૦૦ | વિનામૂલ્યે |
| | કુલ | વ્યક્તિદીઠ ૫–૦૦૦ | |

(૨) માહે ઓગસ્ટ–૨૦૨૩ માટે (ઘઉં, ચોખા તથા બાજરી)

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણ–પ્રમાણ (કિ.ગ્રા.) | વિતરણ ભાવ (રૂ–પૈસા) |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫–૦૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૧૫–૦૦૦ | વિનામૂલ્યે |
| | બાજરી | કાર્ડદીઠ ૦૫–૦૦૦ | વિનામૂલ્યે |
| | કુલ | કાર્ડદીઠ ૩૫–૦૦૦ | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨–૦૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | વ્યક્તિદીઠ ૨–૦૦૦ | વિનામૂલ્યે |
| | બાજરી | વ્યક્તિદીઠ ૧–૦૦૦ | વિનામૂલ્યે |

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા, ૨૦૧૩ હેઠળ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત વલસાડ જિલ્લામાં તાલુકાવાર અનાજનું કેટલું વિતરણ થયેલ છે?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા એક વર્ષમાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા, ૨૦૧૩ હેઠળ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ૧૨૫૯૪ મેટ્રિક ટન, કપરાડા તાલુકામાં ૧૩૭૯૩ મેટ્રિક ટન, ધરમપુર તાલુકામાં ૧૧૬૬૨ મેટ્રિક ટન, પારડી તાલુકામાં ૭૦૧૭ મેટ્રિક ટન, વલસાડ તાલુકામાં ૧૫૩૫૪ મેટ્રિક ટન, વાપી તાલુકામાં ૫૬૧૬ મેટ્રિક ટન મળી કુલ ૬૬,૧૩૬ મેટ્રિક ટન અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના ગરીબો માટે ખૂબ આશીર્વાદરૂપ પૂરવાર થઇ છે. તેના માટે પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબને અભિનંદન આપવા ઘટે. ખાસ કરીને કોવિડમાં લોકોને જીવનદાન મળ્યું છે. આ પ્રશ્નનો જવાબ મને ખબર છે પણ ગુજરાતના લોકો લોકશાહીના ધબકારા જુએ છે ત્યારે પત્રકારોના માધ્યમથી ગુજરાતની પ્રજાને ખ્યાલ આવે કે પ્રધાનમંત્રી અન્ન યોજના શું છે અને આ યોજનાથી શું લાભ મળે છે?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપને જાણકારી હોય તો રિપીટ ન કરશો. પ્રજાને જાણકારી માટે વ્યવસ્થા કરીશું.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, એફ.સી.આઇ.માંથી મહિનાની ૧થી ૧૦ તારીખ સુધીમાં અનાજ મળી જાય છે પણ ચણાની દાળ અને બાકીનો સામાન ન આવવાના કારણે પંડિત દીનદયાળ સસ્તા અનાજની દુકાનેથી એકસાથે વિતરણ થઇ શકતું નથી તો બધો સામાન સમયસર મળી જાય તેવી મારી વિનંતી છે. ખાસ કરીને મારે સરકારને અભિનંદન આપવા છે કે બાજરી ખૂબ સારી ગુણવત્તાવાળી આપવામાં આવે છે.

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ઘઉં અને ચોખા સમયસર મળી રહે છે પરંતુ, તુવેરદાળ અને ચણા સમયસર મળતા નથી. તુવેરદાળ અને ચણાનો જથ્થો સમયસર ન મળવાના કારણે થોડું વહેલા–મોડું થતું હોય છે. સાથે–સાથે સભ્યશ્રીએ બાજરીની પણ વાત કરી. પ્રધાનમંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૩ને મિલેટ્સ વર્ષ તરીકે જાહેર કર્યું છે. રાજ્ય સરકારે બાજરીમાં રૂ.૩૦૦/– ની સબસિડી આપી એના કારણે ખેડૂતોને ફાયદો થયો અને આખા દેશમાં મિલેટ્સ તરીકે આપણે પ્રથમ નંબરે આવ્યા છીએ.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પંચમહાલ જિલ્લામાં પુરવઠા વિભાગ તરફથી જે કોન્ટ્રોક્ટ આપવામાં આવે છે એ કોન્ટ્રાક્ટર જ્યારે કોન્ટ્રાક્ટ લે ત્યારે ગાડીઓ વધારે બતાવે અને જ્યારે પરિવહનમાં ...(વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આ પ્રશ્ન આખા રાજ્યનો નથી, માત્ર પંચમહાલ જિલ્લાનો જ છે.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આ આખા રાજ્યને સ્પર્શે એવો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, સ્પર્શે એવો હોય તો આપ ફરી નોટિસ આપજો. આપ બેસો.

## તારાંકિત પ્રશ્નો

### ખાનગી વીજ કંપનીઓ સાથે વીજ ખરીદીના કરારો

*15/4/1667: **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ** )*પાટણ* : (**માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –:

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજ ખરીદીના કરારો થયેલ છે , તે હકીકત સાચી છે,

(૨) જો હા ,તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે કરાર મુજબ કેટલી ખાનગી કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી,

(૩) ઉક્ત વર્ષવાર ખરીદવામાં આવેલ વીજળી ,કરાર કરતાં ઉંચા દરે ખરીદવામાં આવેલ હોય તો કેટલી વીજ કંપની પાસેથી કરાર કરતાં કેટલા ઉંચા દરે ઉક્ત વર્ષવાર કેટલી વીજળી ખરીદી, અને

(૪) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલી કંપનીને કુલ કેટલી રકમ ચૂકવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) (૩) અને (૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ અને ખાનગી વીજ કંપનીઓ વચ્ચે થયેલ કરારો મુજબ ખરીદેલ વીજળી ,સરેરાશ દર અને ચૂકવેલ રકમની વિગતો નીચે મુજબ છે:

| વર્ષ | ખાનગી વીજ કંપનીઓની સંખ્યા | મિલિયન યુનિટ | સરેરાશ દર )રૂ/યુનિટ( | ચૂકવેલ રકમ )રૂ.કરોડ( |
|---|---|---|---|---|
| ૨૦૨૨ | ૮૦૪ | ૩૯૮૨૬ | ૫.૨૫ | ૨૦૮૯૮ |
| ૨૦૨૩ )પ્રોવિઝનલ( | ૯૧૯ | ૪૧૫૧૩ | ૪.૭૫ | ૧૯૭૩૬ |

| ક્ર. નં. | તાલુકો | કિસાન સૂર્યોદય યોજના હેઠળદિવસેવીજળીમેળવતા (પૂર્ણ/આંશિક (ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધ્રોલ | ૨૦ |
| ૨ | જામજોધપુર | ૩૪ |
| ૩ | જામનગર | ૫૬ |
| ૪ | જોડિયા | ૨૯ |
| ૫ | કાલાવડ | ૬૨ |
| ૬ | લાલપુર | ૨૬ |

**પત્રક-૨**

**તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કિસાન સૂર્યોદય યોજના હેઠળ દિવસે વીજળી મેળવતા ગામોની વિગત:**

| ક્ર. નં. | તાલુકો | કિસાન સૂર્યોદય યોજના હેઠળ દિવસેવીજળીમેળવતા (પૂર્ણ/આંશિક (ગામોની સંખ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ભાણવડ | ૧૩ |
| ૨ | કલ્યાણપુર | ૭ |
| ૩ | ખંભાળિયા | ૨૧ |
| ૪ | ઓખામંડળ | ૧૦ |

**પાટણ અને સુરેન્દ્રનગર જિલ્લામાં અનાજનો જથ્થો સગેવગે કરવા બાબત**

**1669/4/15શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ) પાટણ): માનનીય અન્ન. નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-**

**પ્રશ્ન**

)૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર સસ્તા અનાજની દુકાનેથી વિતરણ કરવાનો કયા પ્રકારનો કેટલી રકમનો કેટલો અનાજનો જથ્થો બારોબાર વેચાણ કે ગેરકાયદે સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનું પકડવામાં આવ્યું,

)૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કેટલા ઇસમો સંડોવાયેલા છે, અને

)૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

)૧)

| **જિલ્લાનું નામ** | **કબ્જે લીધેલ જથ્થો** | | |
|---|---|---|---|
| | **જણસી** | **જથ્થો (કિ.ગ્રા.)** | **કિંમત )રૂ. પૈસા)** |
| પાટણ | ચોખા | ૧૨૫૦ | ૬૨,૫૦૦ |
| સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ |

)૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં ૦૨ ઇસમો સંડોવાયેલા છે.

)૩) ઉક્ત ઇસમો પાસેથી રૂ. ૭૦,૯૬૦/- નો અનાજનો જથ્થો રાજયસાત કરવામાં આવેલ છે.

**રાજયમાં પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી. અને પી.એન.જી. પર વેરો.**

**15/4/1404: શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા)**: માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

**પ્રશ્ન**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ , ડીઝલ, સી.એન.જી .અને પી.એન.જી . ઉપર કેટલા દરે વેરો વસૂલવામાં આવે છે, અને

)૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પેટ્રોલ , ડીઝલ, સી.એન.જી. અને પી.એન.જી. ના વેરા પેટે સરકારને કેટલી આવક થઇ ?

**જવાબ**

)૧)

| કોમોડીટી | મૂલ્યવર્ધિત વેરાનો દર | સેસ |
|---|---|---|
| પેટ્રોલ | ૧૩.૭% | ૪% |
| ડીઝલ | ૧૪.૯% | ૪% |
| સી.એન.જી. (હોલસેલર) | ૧૫% | લાગુ પડતુ નથી |
| સી.એન.જી. (રીટેલર) | ૫% | લાગુ પડતુ નથી |
| પી.એન.જી. (કોમર્શિયલ) | ૧૫% | લાગુ પડતુ નથી |
| પી.એન.જી. (હાઉસહોલ્ડ) | ૫% | લાગુ પડતુ નથી |

)૨)

)રકમ રૂ. કરોડમાં)

| કોમોડીટી | તા. ૦૧/૦૧/૨૦૨૨ થી ૩૧/૧૨/૨૦૨૨ | તા. ૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ |
|---|---|---|
| પેટ્રોલ | ૬૦૦૫.૩૮ | ૬૦૪૪.૯૫ |
| ડીઝલ | ૧૩૮૩૨.૬૫ | ૧૩૭૨૬.૮૧ |
| સી.એન.જી. | ૧૯૯.૯૯ | ૧૨૪.૭૭ |
| પી.એન.જી. | ૫૯.૦૦ | ૩૦.૦૦ |

**દાંતા અને અમીરગઢ તાલુકામાં ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગેના દરોડા**

15/ 4/ 1556 **શ્રી કાંતીભાઈ કાળાભાઈ ખરાડી**) દાંતા)**: માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

## તા.૧૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં ગેરકાયદેસર રીતે સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે કેટલા દરોડા પાડવામાં આવ્યા, | )૧( | ૪ )ચાર (દરોડા પાડવામાં આવ્યા છે. |
| )૨( | તે અન્વયે તે પકડાયેલ જથ્થાની કુલ કિંમત કેટલી હતી, અને | )૨( | રૂ.૪,૧૨,૫૪૪ –/ |
| )૩( | ઉક્ત સ્થિતિએ ઉપરોક્ત બાબતે કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી**?** | )૩( | કોઈ ઈસમોની ધરપકડ કરવામાં આવેલ નથી. જિલ્લાકક્ષાએ કેસ દાખલ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે . |

### મહેસાણા અને આણંદ જિલ્લામાં અનાજનો જથ્થો સગેવગે કરવા બાબત

**1666/4/15શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર** ) ચાણસ્મા) **:માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર સસ્તા અનાજની દુકાનેથી વિતરણ કરવાનો કયા પ્રકારનો કેટલી રકમનો કેટલો અનાજનો જથ્થો બારોબાર વેચાણ કે ગેરકાયદે સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનું પકડવામાં આવ્યું, | )૧) શૂન્ય |
| )૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કેટલા ઈસમો સંડોવાયેલા છે, અને | )૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| )૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | )૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં અનાજનો જથ્થો સગેવગે કરવા બાબત

**1663/4/15શ્રી જિજ્ઞેશ મેવાણી**) વડગામ) **:માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

**પ્રશ્ન**

)૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર સસ્તા અનાજની દુકાનેથી વિતરણ કરવાનો કયા પ્રકારનો કેટલી રકમનો કેટલો અનાજનો જથ્થો બારોબાર વેચાણ કે ગેરકાયદે સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનું પકડવામાં આવ્યું,

**જવાબ**

)૧)

| જિલ્લાનું નામ | કબ્જે લીધેલ જથ્થો | | |
|---|---|---|---|
| | જણસી | જથ્થો )કિ.ગ્રા.) | કિંમત )રૂ. પૈસા) |
| બનાસકાંઠા | ઘઉં | ૭૪૯૯ | ૨,૦૨,૪૭૨ |
| | ચોખા | ૧૭૯૦૧ | ૪,૯૦,૮૪૮ |
| | બાજરી | ૪૫૧ | ૯,૯૨૮ |
| કચ્છ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૨૫૮૫૧ | ૭,૦૩,૨૪૮ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કેટલા ઇસમો સંડોવાયેલા છે, અને | )૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કુલ ૧૮ ઇસમો સંડોવાયેલા છે. |
| )૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | )૩) તેઓની સામે જિલ્લા કક્ષાએથી ૬–એ રજિસ્ટરે કેસ દાખલ કરી સુનાવણી આપી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |

---

### જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં અનાજનો જથ્થો સગેવગે કરવા બાબત

**1683/4/15શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી** ) માણાવદર) **:માનનીય અન્ન. નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-**

**પ્રશ્ન**

)૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર સસ્તા અનાજની દુકાનેથી

**જવાબ**

)૧)

| જિલ્લાનું નામ | કબજે લીધેલ જથ્થો | | |
|---|---|---|---|
| | જણસી | જથ્થો | કિંમત |

વિતરણ કરવાનો કયા પ્રકારનો કેટલી રકમનો કેટલો અનાજનો જથ્થો બારોબાર વેચાણ કે ગેરકાયદે સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનું પકડવામાં આવ્યું,

| | | (કિ.ગ્રા.) | )રૂ. પૈસા.) |
|---|---|---|---|
| જૂનાગઢ | ઘઉં | ૧,૮૮૭ | ૩,૭૭૪ |
| | ચોખા | ૧૫૩ | ૪૫૯ |
| અમરેલી | ૦ | ૦ | ૦ |
| **કુલ** | | **૨,૦૪૦** | **૪,૨૩૩** |

)૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કેટલા ઇસમો સંડોવાયેલા છે, અને

)૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં ૦૧ ઇસમ સંડોવાયેલ છે.

)૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

)૩) ઉક્ત ઇસમ સામે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.
)૧) આવશ્યક ચીજવસ્તુ અધિનિયમની કલમ-૭ હેઠળ ફોજદારી રાહે પગલાં લેવા માટે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે જેનો નામ.કોર્ટમાં કેસ ચાલુ છે.
)૨) દુકાનનો પરવાનો કાયમી ધોરણે રદ કરવામાં આવેલ છે.
)૩) પરવાના અનામત રાજયસાત - રૂ. ૫૦૦૦/-
)૪ (રાજયસાત કરવામાં આવેલ જથ્થાની કુલ રકમ- રૂ. ૧૦,૨૪૭/-
)૫) દંડ - રૂ. ૬૩,૦૩૩/-

---

**વીજ મથકોમાં કોલસા અને ગેસના જથ્થાની જરૂરિયાત.**

: 1690 */4/15* શ્રી અમિત ચાવડા) આંકલાવ :(માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર સંચાલિત વીજ મથકોમાં વર્ષવાર કોલસા અને ગેસના કેટલા જથ્થાની જરૂરીયાત હતી,

(૨) ઉક્ત સ્થિતિએ આ જરૂરીયાત પૈકી કેન્દ્ર સરકાર સમક્ષ કોલસા અને ગેસના જથ્થાની વર્ષવાર કેટલી માંગણી કે દરખાસ્ત રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી, અને

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર સંચાલિત વીજ ઉત્પાદન કંપની જી.એસ.ઇ.સી.એલ. દ્વારા સંચાલિત કોલસા અને ગેસ આધારિત વીજ મથકો માટે જરૂરી વર્ષવાર કોલસા અને ગેસના જથ્થાની જરૂરિયાત નીચે *મુજબ* હતી.

| વર્ષ | કોલસાની જરૂરિયાત* (આંકડા મેટ્રીક ટનમાં) | ગેસની જરૂરિયાત (એમએમએસસીએમડી) |
|---|---|---|
| ૨૦૨૨ (જાન્યુ.-૨૨ થી ડિસે.-૨૨) | ૨૧૩૯૪૨૮ | ૪.૦૪ |
| ૨૦૨૩ (જાન્યુ.-૨૩ થી ડિસે.-૨૩) | ૧૯૭૭૫૫૨૬ | ૪.૦૪ |

* વીજ મથક પર મેળવવા માટેના કોલસાની જરૂરિયાત.

(૨) અને (૩)

વીજ નિયમન આયોગના નિર્દેશ મુજબ, વીજ ખરીદી મેરીટ ઓર્ડર પધ્ધતિ પ્રમાણે કરવાની હોય છે .જે અન્વયે રાજ્યની વીજ માંગને પહોંચી વળવા માટે મેરીટ ઓર્ડરના ક્રમ પ્રમાણે કોલસા અને ગેસ આધારીત વીજ મથકોમાંથી વીજળીનું ઉત્પાદન મેળવવામાં આવે છે .આમ, કોલસા અને ગેસની જરૂરીયાત સમયાંતરે સતત બદલાતી રહે છે .

ઉક્ત સમયગાળા દરમિયાન રાજ્યમાં વધતી જતી વીજ માંગને પહોંચી વળવા સારુ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યની રજૂઆતને ધ્યાને લઈ કેન્દ્રીય સાહસોમાંથી વધારાનો વીજ પુરવઠો વ્યાજબી દરે ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, જેના પરિણામે કુલ વીજ ખરીદ કીમત ઘટાડવામાં મદદરૂપ થયેલ છે. વધુમાં, રાજ્ય સરકાર દ્વારા

(૩) તે પૈકી કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો કોલસો અને ગેસ પુરો પાડવામાં આવ્યો ?

બિન–પરંપરાગત સ્ત્રોત જેવા કે પવન ઉર્જા અને સૌર ઉર્જાની ક્ષમતામાં વધારો થયેલ હોવાથી તેમાંથી સસ્તા દરે વીજ ઉત્પાદન મેળવવામાં આવેલ છે .

આમ, રાજ્ય સરકાર સંચાલિત વીજ મથકોમાં માંગણી સંદર્ભે જરૂરિયાત મુજબ પર્યાપ્ત માત્રામાં કોલસો મેળવાયેલ છે. જેની વિગત નીચે મુજબ છે:

| વર્ષ | વીજ મથક પર જરૂરિયાત પ્રમાણે મેળવેલ કોલસાનો જથ્થો ( આંકડા મેટ્રીક ટનમાં ) |
|---|---|
| ૨૦૨૨ (જાન્યુ.–૨૨ થી ડિસે.–૨૨) | ૧૪૭૧૭૭૧૩ |
| ૨૦૨૩ (જાન્યુ.–૨૩ થી ડિસે.–૨૩) | ૧૪૬૭૬૮૩૬ |

વધુમાં, ઉપરોક્ત સમયગાળા દરમિયાન આંતરરાષ્ટ્રીય સ્તરે ગેસની તંગી ઉદ્ભવેલ. જેના કારણે ભાવમાં અસામાન્ય વધારો થયેલ તેમજ મર્યાદિત માત્રામાં ડોમેસ્ટિક ગેસનું પ્રોડક્શન થતું હોવાથી ગેસ આધારીત વીજળી ઉત્પન્ન કરવાનો પ્રતિ યુનિટ ખર્ચ પ્રમાણમાં ઘણો વધારે આવતો હોય, રાજ્ય દ્વારા મહત્તમ વીજ માંગ (Peak Demand (દરમિયાન સાતત્યપૂર્ણ અને અવિરત વીજ પુરવઠો જળવાઈ રહે તે હેતુસર જરૂરિયાત પૂરતું ખરીદેલ ગેસના ઉપયોગ થકી મેરીટ ઓર્ડરને અનુસરીને ગેસ આધારિત વીજ પ્રોજેક્ટમાંથી ઉત્પાદન મેળવવામાં આવેલ છે.

––––––

**અમદાવાદ જિલ્લામાં ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજ બીલમાં સબસિડી**

15/4/1016: **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ** )સાબરમતી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના ખેતીવાડી વીજગ્રાહકોને વીજ બિલમાં સબસિડી આપવામાં આવેલ છે કે કેમ, અને | (૧)હા, જી. |
| (૨)જો હા, તો કુલ કેટલા ખેતીવાડી વીજ ગ્રાહકોને કુલ કેટલી સબસિડી આપવામાં આવેલ છે ? | (૨)તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને ચૂકવવામાં આવેલ સબસિડીની વિગતો નીચે મુજબ છે: |

| વર્ષ | ગ્રાહકોની સંખ્યા | સબસિડીની રકમ (રૂ.–કરોડમાં) |
|---|---|---|
| ૨૦૨૨ | ૨૮૯૧૦ | ૧૨૬.૮૬ |
| ૨૦૨૩ | ૩૧૬૩૦ | ૧૫૩.૫૪ |

----------

**અમદાવાદ અને વડોદરા જિલ્લામાં અનાજનો જથ્થો સગેવગે કરવા બાબત**

**1678/4/15શ્રી શૈલેષ મનુભાઈ પરમાર**) દાણીલીમડા) **:માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર સસ્તા અનાજની દુકાનેથી વિતરણ કરવાનો કયા પ્રકારનો કેટલી રકમનો કેટલો અનાજનો જથ્થો બારોબાર વેચાણ કે ગેરકાયદે સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનું પકડવામાં આવ્યું, | (૧) |

| **જિલ્લાનું નામ** | **કબ્જે લીધેલ જથ્થો** | | |
|---|---|---|---|
| | **જણસી** | **જથ્થો (કિ.ગ્રા.)** | **કિંમત (રૂ.પૈસા)** |
| **અમદાવાદ** | ઘઉં | ૧૬,૪૩૧ | ૨,૦૯,૯૩૭ |
| | ચોખા | ૧૧,૦૦૪ | ૫૬,૫૫૦ |
| | **કુલ** | **૨૭,૪૩૫** | **૨,૬૬,૪૮૭** |
| **વડોદરા** | ઘઉં | ૨,૬૦૦ | ૧,૦૮,૫૦૦ |
| | ચોખા | ૨૩,૮૫૦ | ૬,૮૦,૫૧૮ |

| | |
|---|---|
| )૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કેટલા ઇસમો સંડોવાયેલા છે, અને | )૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં ૧૩ ઇસમો સંડોવાયેલા છે. |
| )૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) ઉક્ત ૧૩ ઇસમો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી. જે પૈકી<br>(૧) **અમદાવાદ** ખાતેના ૫ ઇસમો સામે પીબીએમ એક્ટ (પ્રીવેન્શન ઓફ બ્લેક માર્કેટીંગ) હેઠળની કાર્યવાહી કરવામાં આવેલ છે. તથા ૧ દુકાનનો પરવાનો મોકુફ કરવામાં આવેલ છે.<br>(૨) **વડોદરા** ખાતેના ૮ ઇસમો દ્વારા નામદાર ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ ખાતે કેસ દાખલ કરેલ છે જે ચાલુમાં છે. તથા ૩ દુકાનોનો પરવાના મોકુફ કરવામાં આવેલ છે. |

### નખત્રાણા તાલુકાની વરમસેડા કોમ્પ્લેક્ષ જૂથ સુધારણા યોજના

**15/4/1077 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા)** : માનનીય **પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નખત્રાણા તાલુકાની વરમસેડા કોમ્પ્લેક્ષ જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના કયા તબક્કે છે, | )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નખત્રાણા તાલુકાની વરમસેડા કોમ્પ્લેક્ષ જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના પ્રગતિ હેઠળ છે. |
| )૨) ઉકત સ્થિતિએ આ યોજના હેઠળ કેટલા ગામોને આવરી લેવામાં આવેલ છે, અને | )૨) નખત્રાણા અને ભુજ તાલુકાના કુલ ૨૨ ગામોને આવરી લેવામાં આવેલ છે. |
| )૩) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | )૩) આ કામગીરી તા.૩૦/૦૬/૨૦૨૪ સુધી પૂર્ણ કરવાનું આયોજન છે. |

### જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં આવેલી કાચી કેનાલોને પાકી કરવા બાબત

**15/4/1717 શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર) જામજોધપુર) :**પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૭/૦૨/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૨૧૦ (અગ્રતા–૪૦)ના અનુસંધાને માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે , -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં આવેલા ડેમોની સિંચાઇની કાચી કેનાલોને પાકી કરવાનું રજૂઆત મળ્યેથી વિગતવાર તાંત્રિક ચકાસણી કરીને આગળની કામગીરી હાથ ધરવાનું આયોજન હતું, તે હકીકત સાચી છે, | )૧ ( હા. |
| )૨) જો હા, તો ઉક્ત બાબતે ઉક્ત સ્થિતીએ શી કામગીરી કરવામાં આવી ? | (૨) જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં આવેલ પીપરટોડા , ખડખંભાળીયા અને રૂપાવટી નાની સિંચાઇ યોજનાની કેનાલ, પાકી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.<br>જે માટે સૈધ્ધાંતિક મંજૂરી આપવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. મંજૂરીની કાર્યવાહી કર્યા બાદ વિગતવાર સર્વેક્ષણ કરી, તાંત્રિક પાસાઓ ચકાસી નકશા–અંદાજો બનાવી, જરૂરી આનુષાંગિક મંજૂરીઓ આપી કામગીરી હાથ ધરવાનુ આયોજન છે. |

-------------

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)**

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ

**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાંક–૭૦**

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ (રાજ્યકક્ષાના પંચાયત પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સમૂહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૪૯,૮૧,૬૮,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧,૮૬,૫૦,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૭૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૭૦ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર અ. ચૌધરી :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૫ રજૂ કરવામાં આવી.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૬ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૭ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૮ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક–૭૧**

શ્રી કુંવરજીભાઇ હળપતી : (રાજ્યકક્ષાના ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૩૩,૮૩,૫૭,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૭૦,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૭૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૭૧ રજૂ કરવામાં આવી.**

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**

**માગણી નંબર ૮૯**

શ્રી જગદીશ વિશ્વકર્મા (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૧,૪૯,૦૭,૦૦,૦૦૦/– ની માગણી ક્રમાંકઃ ૮૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૮૯ રજૂ કરવામાં આવી.**

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૯ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૦ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૨ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૩ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૪ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૫ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૬ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૬ રજૂ કરવામાં આવી.

## સન ૨૦૨૪-૨૦૨૫ના વર્ષના અંદાજપત્ર માટે અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

## તા.૧૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ત્રીજો દિવસ )

| અ.નં . | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**<br>**માગણી નં. ૭૦** | |
| ૧ | ૨૫૧૫–અન્ય...કાર્યક્રમો ૧૦૧– પંચાયતીરાજ<br>રૂ .૧૧,૯૪,૪૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૧૯<br>પાનાનં .૫૮ થી ૬૪ | ૧૦૦ | પંચાયતીરાજ મંત્રાલય દ્વારા અપાતા રાષ્ટ્રીય એવોર્ડમાં રાજયની પંચાયતને સ્થાન મળે તેવી ઉત્તમ કામગીરી કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અમીત ચાવડા |
| ૨ | _ _ " _ _ | ૧૦૦ | શહેરોના વિકાસ પાછળ કરવામાં આવતા કરોડોના ખર્ચને બદલે ગ્રામીણ વિકાસને અગ્રીમતા આપવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ .તુષાર ચૌધરી |
| ૩ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામ્ય, તાલુકા અને જિલ્લા પંચાયતોમાં સ્વભંડોળના કાર્યોમાં ધારાધોરણોનું ચુસ્ત પાલન કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા |
| ૪ | _ _ " _ _ | ૧૦૦ | તાલુકા અને જિલ્લા પંચાયતોમાં વહીવટી પાંખ અને ચૂંટાયેલી પાંખ વચ્ચેના સંકલનના અભાવે વિકાસના કામોમાં થતો વિલંબ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૫ | _ _ " _ _ | ૧૦૦ | દરેક ગ્રામ પંચાયત દીઠ તલાટીની સેવાઓના અભાવે પ્રજાના કામો સમયસર પૂર્ણ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| ૬ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામ પંચાયતોની કામગીરી પર સક્ષમ સત્તાઅધિકારીઓના કડક મોનીટરીંગ દ્વારા અંકુશ રાખવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કિરીટકુમાર પટેલ |
| ૭ | _ _ " _ _ | ૧૦૦ | પંચાયતોને રેતી–કાંકરી માટેની ગ્રાન્ટ નિયમાનુસાર ફાળવાતી નથી તે અંગેની વ્યાપક ફરિયાદો છતાં અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી દિનેશભાઇ ઠાકોર |
| ૮ | ૨૫૧૫–અન્ય...કાર્યક્રમો ૧૦૧– પંચાયતીરાજ<br>રૂ .૧૧,૯૪,૪૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૧૯<br>પાનાનં .૫૮ થી ૬૪ | ૧૦૦ | પંદરમાં નાણાપંચના આયોજન મુજબ વિકાસના કામો મંજૂર ન કરતાં જવાબદારો સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |
| *૯ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામપંચાયતોમાં તલાટીઓની ખાલી જગ્યાઓ સત્વરે ભરી વહીવટી તંત્રને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીગ્નેશ મેવાણી |
| *૧૦ | _ _ " _ _ | ૧૦૦ | રાજકીય દબાણોને કારણે પંચાયતોની વહીવટી કામગીરી ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઉમેશભાઇ મકવાણા |
| *૧૧ | ૨૫૧૫–અન્ય...કાર્યક્રમો ૧૦૨– સમૂહ વિકાસ<br>રૂ .૨૭,૫૫,૮૯,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૧૯<br>પાનાનં .૬૫ થી ૭૩ | ૧૦૦ | બનાસકાંઠા જિલ્લામાં ખેતરોમાં ગ્રીન હાઉસ બાંધકામ અન્વયે નાણાંકીય ઉચાપત કરનાર જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| *૧૨ | _ _ " _ _ | ૧૦૦ | જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓની નબળી કામગીરીને વેગવંતી બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઉમેશભાઇ મકવાણા |

| માગણી નં. ૭૧ | | | | |
|---|---|---|---|---|
| ૧૩ | ૨૨૧૫–પાણી...સ્વચ્છતા<br>૦૨–ગટર...સ્વચ્છતા<br>૧૦૫–સફાઇ સેવા<br>રૂ.૩,૭૦,૪૯,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પાનાનં.૨૧ અને ૨૨ | ૧૦૦ | નગરોમાં પાણીથી લઇને ગટરોની સ્વચ્છતા હેઠળના સફાઇ કામો સત્વરે પૂર્ણ કરાવવામાં તંત્રની ઉદાસીનતા . | શ્રી અમૃતજી ઠાકોર |
| ૧૪ | ૨૨૧૬–આવાસન<br>૦૩–ગ્રામ ગૃહ નિર્માણ<br>૧૦૨–ભૂમિહીન...જોગવાઇ<br>રૂ.૧૪,૮૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પાનાનં.૨૪ અને ૨૫ | ૧૦૦ | ભૂમિહિનોને ઘરથાળના પ્લોટની સમયસર ફાળવણી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી દિનેશભાઇ ઠાકોર |
| *૧૫ | ૨૨૧૬–આવાસન<br>૦૩–ગ્રામ ગૃહ નિર્માણ<br>૧૦૫–ઇન્દીરા...યોજના<br>રૂ.૫,૨૯,૦૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પાનાનં.૨૪ થી ૨૮ | ૧૦૦ | ઇન્દીરા આવાસ યોજના હેઠળના લક્ષ્યાંકો સમયસર પૂર્ણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| ૧૬ | ૨૫૦૫–ગ્રામીણ રોજગાર<br>૦૨–ગ્રામ્ય...યોજનાઓ<br>૧૦૧–રાષ્ટ્રીય...યોજનાઓ<br>રૂ.૧૦,૩૨,૪૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પાનાનં.૪૯ થી ૫૨ | ૧૦૦ | મનરેગા યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા પોતાના હિસ્સાની રકમનો ખર્ચ કરવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| ૧૭ | _ _ " _ _ | ૧૦૦ | મનરેગા યોજના અંતર્ગત  વર્ષમાં કુટુંબદીઠલઘુત્તમ દિવસોની રોજગારી પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અરવિંદભાઇ લાડાણી |
| ૧૮ | _ _ " _ _ | ૧૦૦ | જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓ દ્વારા મનરેગાકામોના ટેન્ડરીંગમાં થતી  ગેરરીતિઓ અંગે વ્યાપક ફરિયાદો છતાં કડક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |

| | | | | |
|---|---|---|---|---|
| **વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**<br>**માગણી નં.૮૯** | | | | |
| ૧૯ | ૨૦૫૨–સચિવાલય..સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–S.T.P-<br>12વિજ્ઞાન...વિભાગ<br>રૂ.૫૧,૫૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૩<br>પાના નં. ૫ | ૧૦૦ | સચિવાલય ઈન્ટિગ્રેટેડ કોમ્યુનિકેશન નેટવર્કના ટેન્ડર વિદેશી કંપનીને આપવાને બદલે મેકઈન ઈન્ડીયા અભિયાન અંતર્ગત સ્થાનિક કંપનીઓને કામ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરીટકુમાર પટેલ |
| ૨૦ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્ય સરકારે ગુગલ સાથે એમ.ઓ.યુ કર્યા બાદ ગ્રામ્ય કક્ષાએ મહિલાઓ તથા યુવા સાહસિકોને આપેલ તાલીમ અંતર્ગત થયેલ ખર્ચની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૨૧ | _ _ " _ _ | ૧૦૦ | ગુજરાત ઈન્ફોરમેટીક્સ લી. માં થયેલ ગેરરીતિઓ અન્વયે જવાબદારો પાસેથી રકમ વસૂલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| ૨૨ | _ _ " _ _ | ૧૦૦ | વેબસાઇટ પર દર્શાવેલ સરકારી કચેરીઓના નંબરો કે જે કાર્યરત નથી તેને દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | ડૉ .તુષાર ચૌધરી |
| ૨૩ | _ _ " _ _ | ૧૦૦ | વારંવાર બંધ પડતા સર્વરોને કારણે વિભાગોની કામગીરી પર પડતી પ્રતિકૂળ અસરો દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| ૨૪ | _ _ " _ _ | ૧૦૦ | GSWANની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા |
| ૨૫ | _ _ " _ _ | ૧૦૦ | સરકારી વેબસાઇટ અપડેટ કરવા અંગે અસરકારક પગલા લેવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અનંતકુમાર પટેલ )ડૉ .તુષાર ચૌધરી) |
| ૨૬ | ૨૦૫૨–સચિવાલય..સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–S.T.P-<br>12વિજ્ઞાન...વિભાગ<br>રૂ.૫૧,૫૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૩<br>પાના નં. ૫ | ૧૦૦ | સરકારી વેબ સાઇટો પરથી નિવૃત્ત થયેલા અધિકારીઓના નામો દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

ગેનીબેન ન. ઠાકોર(વાવ):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી નં. ૭૦ અને ૭૧ લઇને આવ્યા એમાં હું મારા વિચારો રજૂ કરું છું. આ વિભાગમાં વર્તમાન બજેટમાં રૂ.૧૨૧૩૮ કરોડની જોગવાઇ રાજય સરકાર મારફત કરવામાં આવી છે ત્યારે ગ્રામ ગૃહનિર્માણ અને પંચાયત આ વિભાગો ગ્રામ્ય વિસ્તારના લોકોના નાના મોટા તમામ વિકાસ માટે સીધા અસરકર્તા છે અને સીધા અસરકર્તા છે ત્યારે રાજયની અંદર સૌથી વધુ પંચાયતી રાજમાં મુશ્કેલીનો સામનો કોઇ કરી રહ્યું હોય તો એ વર્તમાન સમયની અંદર બનાસકાંઠા જિલ્લો છે. એ સમગ્ર જિલ્લો વહીવટદારમાં અત્યારે તાલુકા પંચાયતોમાં વહીવટદાર, જિલ્લા પંચાયતમાં વહીવટદાર, મોટા ભાગની પંચાયતોમાં વહીવટદાર ત્યારે જે લોકોને સુવિધાઓ માટે બધા અધિકારીઓ મારફત સીધી મદદ જે મળતી હતી એ નથી મળતી એના કારણે કયાંકને કયાંક લોકો વહીવટદારોના વહીવટને કારણે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ખાસ કરીને સમગ્ર ગુજરાતની અંદર ૨૫૬૩થી વધારે આંગણવાડીના મકાનો આજે પણ જર્જરિત છે. પંચાયતના જે આપણા રાજીવ ગાંધી ભવન જે તે વખતે મંજૂર કરવામાં આવેલા હતા પણ એની અંદર પૂરક ગ્રાન્ટ ન આપવાને કારણે મોટા ભાગે બનાસકાંઠાની અંદર અધૂરા છે. ગ્રામ વિકાસ એજન્સી મારફત એ મનરેગા યોજના કે જે લોકોને રોજગારી માટે અને વિકાસ માટે સૌથી અગત્યની ભૂમિકા ભજવે છે ત્યારે આની અંદર ભૂતકાળમાં જયારે ફંડ આવતું ત્યારે દરેક પંચાયતોને સીધું ફંડ અને અનલિમિટેડ જેટલી માગણી હોય એટલી પંચાયતના ભંડોળમાં એડવાન્સમાં જમા થતું. આજે મનરેગા યોજનાની અંદર છ-છ મહિના પહેલાં કામ થઇ ગયા હોવા છતાં પંચાયતોને એનું પેમેન્ટ મળતું નથી અને એની તપાસ એજન્સીઓ પણ નિમાઇ કે દાહોદ જિલ્લાની અંદર એની નકલી ઓફિસો પણ બનાવવામાં આવી, તો આ મનરેગા યોજનાએ લોકોની રોજગારી અને ડેવલોપિંગ સાથે બન્ને રીતે મદદરૂપ થતી હોવાથી એની અંદર પારદર્શક રીતે વહીવટ થવો જોઇએ. પંચાયતરાજની અંદર સૌથી મોટી તકલીફ હોય તો રેગ્યુલર સ્ટાફ ભરવા માટેની છે અને રેગ્યુલર સ્ટાફ ન ભરવાને કારણે ૧૧ મહિનાના કોન્ટ્રાકટ બેઝથી કામ કરતાં છે. એ જે કોઇ અધિકારીની જવાબદારી એ પોતે પોતાનું ભવિષ્ય ન હોવાને કારણે કયાંક ને કયાંક ભ્રષ્ટાચાર કરવા માટે સૌથી મોટી ભૂમિકા એ ૧૧ મહિનાના કરાર આધારીત સ્ટાફ છે એમની આપણને વારંવાર ફરિયાદો મળે છે. જે કરાર આધારિત હોય એ કરાર આધારિત અને એમાં ખાસ કરીને તમામ એમ.એલ.એ. હોય, એમ.પી. હોય, નાણાપંચ હોય તમામ યોજનાઓના અમલીકરણની જવાબદારી એ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત મારફત થતી હોય છે અને એવા સંજોગોની અંદર જે કરાર આધારિત સ્ટાફના લીધે ભ્રષ્ટાચાર રોકવા માટે રેગ્યુલર સ્ટાફની ભરતી થાય એવી પણ રાજય સરકાર વારંવાર વાતો કરે છે પણ એનું અમલીકરણ થતું નથી. મોટા ભાગના પંચાયતોના મકાન ખાસ કરીને તાલુકા પંચાયતનું મકાન, વાવ, સુઇગામ અને બનાસકાંઠા, અમીરગઢ બાજુ વર્ષો જૂના જે મકાનો છે એને પણ નવા બનાવવામાં આવે એવી પણ હું માગણી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતમાં તલાટી કમ મંત્રી અને સરપંચ એ ગ્રામ વિકાસ માટે અગત્યની ભૂમિકા ભજવતા હોય છે ત્યારે મારે ન કહેવું જોઇએ કે સૌથી મોટો ભ્રષ્ટાચાર ગ્રામ પંચાયતના માધ્યમથી પંચાયતી રાજમાં કહેવાય. એમાં સૌથી મોટો ભ્રષ્ટાચાર થાય છે અને આ ભ્રષ્ટાચાર એટલા માટે થાય છે કે એની અંદર વહીવટી પ્રોસેસ છે એની ચેનલ ખૂબ લાંબી હોવાથી શરૂઆતમાં ગ્રાન્ટ ફાળવાય ત્યાંથી લઇને છેલ્લા હપ્તા સુધી એક લાખ રૂપિયાની સામે ૪૦ ટકા ટકાવારીમાં જાય છે એવું કાયમ આડકતરી રીતે અમે સાંભળીએ છીએ. એક બાજુ કહે છે કે ક્વોલિટીવાળું કામ કરો. મારે વિધાનસભા ગૃહમાં ન કહેવું જોઇએ કે એક લાખનાં કામમાં ૪૦ ટકા ટકાવારીમાં જતા હોય તો ૨ લાખનું કામ હોય તો ૧ લાખ ટકાવારીમાં આપી દેવા પડે અને એક લાખનું ૧૦૦ ટકા કામ થઇ જાય. આ અંગેની એ.સી.બી.માં સૌથી વધુ ફરિયાદો અને કેસો થતા હોય તો પંચાયતી રાજમાં થાય છે. આ સિસ્ટમને ડામવા માટે રાજય સરકાર પારદર્શક રીતે વહીવટ કરવા માટે રેગ્યુલર અધિકારીઓ ભરે. મનરેગા જેવી યોજનામાં જરૂરી ફંડનાં નાણાં ફળવાય તેવી હું રાજય સરકાર પાસે માગણી કરું છું.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાના સર્વાંગી વિકાસ માટે આ સરકાર સંકલ્પબદ્ધ છે. આગામી વર્ષમાં ગ્રામ્ય કક્ષાએ રોજગારી ઊભી કરવા માટે સફાઇ, પાણી જેવી મૂળભૂત સુવિધાઓ ઊભી કરવા માટે ગામના સંશાધન, યોગ્ય સંચાલન અને માવજત માટે યોગ્ય વ્યવસ્થા ઊભી કરવા માટે સશક્તિકરણના પાસાને સાંકળી લઇ મહિલાઓ આત્મનિર્ભર બની શકે એ માટે અસરકારક કામગીરી આ સરકાર કરી રહી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારમાં કુટુંબને પોતાના સ્વપ્નનું ઘર મળી રહે તેમજ તેમનું જીવન ધોરણ ઊંચું લાવવા માટે રાજ્ય સરકાર તમામ ઘરવિહોણા અને કાચા આવાસ ધરાવનાર કુટુંબોને વર્ષ ૨૦૨૪ સુધીમાં આવાસ ઉપલબ્ધ કરાવવાનો રાજ્ય સરકારનો દ્રઢ નિશ્ચય છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના સૌનો સાથ, સૌનો વિકાસ સંકલ્પની દિશામાં આગળ વધીને પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત આદિમજૂથના લોકોને આવાસ ઉપલબ્ધ કરાવવા માટે વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ રૂ.૧૬૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. સ્વચ્છ ભારત મિશન ગ્રામ્ય વિસ્તારમાં ઓ.ડી.એફ. પ્લસ સ્ટેટ તરફ અગ્રેસર કરવા માટે ગોબરધન અંગેની યોજના થકી બાયોગેસ થકી ગ્રામ્ય વિસ્તારમાં પશુઓના છાણના વેસ્ટનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરી ગ્રામ્ય વિસ્તારને વૈકલ્પિક

ઊર્જા, સ્વચ્છ વાતાવરણ, આરોગ્ય, રોજગાર ઉપલબ્ધ કરાવવાનો મુખ્ય ઉદ્દેશ છે. ગ્રામ્ય વિસ્તારમાં રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં વિકાસને ઝડપથી વેગ મળે તે માટે માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે અને ગ્રામ્ય સ્તરના ગરીબ કુટુંબોની આજીવિકામાં વૃદ્ધિ કરવા માટે મનરેગા યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં ટકાઉ અસ્કયામતો જેવાં કામો હાથ ધરીને ગ્રામ્ય વિસ્તારના લોકોને રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષ દરમિયાન રાજ્યમાં જાન્યુઆરી ૨૦૨૪ સુધીમાં ૯.૧૭ લાખ પરિવારોને અને ૧૩.૯૩ લાખ વ્યક્તિઓને રોજગારી આપવામાં આવી છે તેમજ કુલ ૪૨૩.૪૧ લાખ માનવદીન રોજગારી પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત મનરેગા યોજનામાં ૬,૩૧,૩૦૬ મહિલાઓએ રોજગારી પ્રાપ્ત કરેલ છે જે માનનીય મંત્રીશ્રી માગણી લઇને આવ્યાં છે એને મારું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ હળપતી, માનનીય મત્રીશ્રીઓને વિનંતી કે તમને ૧૫-૧૫ મિનિટ ફાળવેલી છે એટલે ૧૫ મિનિટની ૧૬ મિનિટ નહીં થઇ શકે. એટલે તમે એ પ્રમાણે પ્લાનિંગ કરજો. સામે તમારો ટાઇમ પણ લખાઇ જશે. એટલે મારે વોર્નિંગ કરવી ન પડે.

શ્રી કુંવરજીભાઇ હળપતી(રાજ્ય કક્ષાના ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં માનનીય સભ્યશ્રીઓ ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની સને ૨૦૨૪-૨૫ માટેની માગણીઓ પરની ચર્ચામાં ગામડાંના લોકોના ઉત્કર્ષ માટે તથા સામાન્ય પ્રજાજનની સુખાકારી માટે તેમણે કરેલાં સૂચનને હું હ્રદયપૂર્વક આવકારું છું તથા અંત:કરણપૂર્વક તેઓનો આભાર પણ માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત દેશના વડાપ્રધાન મહત્તમ લોકોને યોજનાકીય લાભ મળે, તેમના જીવન ધોરણમાં બદલાવ આવે તે માટે સરકાર કટિબદ્ધ છે. ગુજરાત રાજ્યમાં થયેલા વિકાસની સુવાસ આજે સમગ્ર દેશમાં પ્રસરી રહી છે. ગુજરાત રાજ્ય વિકાસની રફતારને વધુ ગતિથી આગળ લઇ જવામાં અમારી ડબલ એન્જિનની સરકારનો લાભ મળી રહ્યો છે. સમગ્ર યોજનાના સર્વગ્રાહી અમલ થકી ગુજરાત રાજ્ય વિકાસનું રોલ મોડલ બન્યું છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ગ્રામ વિકાસની જે સંકલ્પના હતી જેને ધ્યાનમાં રાખી શહેરો જેવાં ગામડાં બને એના માટેની તત્પરતા રહે એ માટે પ્રયત્નશીલ છીએ. મને કહેતા આનંદ થાય છે કે આપણાં ગામડાંમાં પાકા ઘરો, યુવાનોને કૌશલ્ય વર્ધક તાલીમ, રોજગારી, સ્વચ્છતા અને વૈકલ્પિક ઊર્જા, સ્વચ્છતાવાળું વાતાવરણ, આરોગ્ય વગેરે મૂળભૂત સુવિધા આપી ગામડાં આત્મનિર્ભર બને અને તેઓનો સર્વાંગી વિકાસ થાય એવા આશયથી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્ત્વ હેઠળની કેન્દ્ર સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્ત્વ હેઠળની રાજ્ય સરકારે અનેક યોજનાઓ લઇને અમલીકરણમાં મૂકી છે. મારા ગ્રામ વિકાસ વિભાગ દ્વારા કેન્દ્ર તથા રાજ્ય સરકાર પુરસ્કૃત નીચે મુજબની યોજનાઓનું અમલીકરણ કરવામાં આવે છેઃ

૧. પ્રધાનમંત્રી આવાસ યોજના ૨. સ્વચ્છ ભારત મિશન ૩. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન. ૪. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના ૫. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના. માનનીય અધ્યક્ષશ્રી, આગામી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં કુલ રૂ.૩૩,૮૩,૫૭,૦૦,૦૦૦ અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૭૦,૦૦,૦૦૦ જેટલી માતબર રકમની જોગવાઇ સૂચવવામાં આવી છે. જેમાં વિભાગ કક્ષાએથી વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ રૂપિયા ૫૦૯,૨૦,૦૦,૦૦૦/-ની નવી બાબત તરીકે મંજૂર થયેલ છે જેના માટે હું ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને અમારા માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ માટે કહેવાનું અમને થાય કે - ''ખુદા દેતા હૈ તો છપ્પર ફાડ કે દેતા હૈ'' એવું આધુનિક બજેટની અંદર જોગવાઇ કરીને આપી છે. દેશના વડાપ્રધાન દ્વારા સને ૨૦૨૪ સુધીમાં ઘર વિહોણા પરિવારોને પોતાના ઘરનુ ઘર પ્રદાન કરવાના સંકલ્પ સાથે પરિપૂર્ણ કરવા સારું ગ્રામ્ય વિસ્તારમાં સામાજિક આર્થિક મોજણીનો અભ્યાસ સને ૨૦૧૧ મુજબ પાત્રતા ધરાવતા ઘર વિહોણા તેમજ કાચા આવાસ ધરાવતા લોકોને નાણાકીય સહાય પૂરી પાડી નવા મકાન-આવાસ બાંધકામ માટે સહાયરૂપ બની સંકલ્પ પૂરો કરવા માટે અમારી સરકાર કટિબદ્ધ છે. લાભાર્થીના આવાસ બાંધકામ સમયે પડતી નાણાકીય મુશ્કેલીને ધ્યાનમાં લઇને મારા અને કેબિનેટ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલના પ્રયત્નથી લાભાર્થીઓને આપવામાં આવતા પહેલા અને બીજા હપ્તાની રકમ રૂ.૫૦,૦૦૦ થી વધારીને રૂ.૮૦,૦૦૦ કરવામાં આવી છે. જેમાં પ્રથમ હપ્તાની રકમ રૂ.૩૦,૦૦૦ અને છેલ્લા હપ્તાની રકમ રૂ.૧૦,૦૦૦ કરવામાં આવી છે. એટલે કે આ એક મકાનમાં રૂ.૧,૨૦,૦૦૦ની સહાય મનરેગા હેઠળ લાભાર્થીને રોજગારી સાથે આપવામાં આવે છે. રોજગારીની વાત કરું તો રોજગારીમાં રૂ.૨૩૦૪૦ની સહાય એમાં વધારાની સહાય મકાનમાં ચૂકવવામાં આવે છે. સાથેસાથે શૌચાલયના ૧૨૦૦૦ એમ કુલ ૧,૫૫,૦૪૦ની સહાય મકાનમાં ચૂકવવામાં આવે છે. આ ઉપરાંત રાજ્ય સરકારની ૧૦૦ ટકા ફંડ ધરાવતી મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાય યોજના હેઠળ પ્રથમ હપ્તો મળ્યાથી ૬ માસની અંદર જે ભૌતિક રીતે પૂર્ણ કરે એને રૂ. ૨૦૦૦૦નું પ્રોત્સાહક આપવામાં આવે છે અને સાથેસાથે ૩૫૦૩૬ લાભાર્થીઓને મળીને કુલ રૂ.૭૨૦૭ લાખ જેટલી જિલ્લામાં ચૂકવણી કરવામાં આવી છે. મહિલાઓનું સન્માન રાખીને રાજ્યની સરકારે ૧૦૦ ટકા ફંડ ધરાવતી સાથે બાથરૂમ પેટે રૂ.૫૦૦૦ આપવામાં આવે છે. વધારાની સહાય આપવામાં આવે છે જે અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ૩૮૦૦૦થી વધુ લાભાર્થીઓને રૂ.૧૯૦૩ લાખ જેટલી માતબર રકમ જિલ્લામાં ચૂકવવામાં આવી છે. આમ જો કોઇ લાભાર્થી સમયમર્યાદામાં બાથરૂમ સાથે પોતાનું મકાનનું આવાસ બાંધકામ પૂર્ણ કરે તો એક મકાનમાં એ કહેતા મારી છાતી ગજગજ ફુલે છે કે રૂ.૧,૮૦,૦૦૦/- એક મકાનમાં આપવામાં આવે છે. એટલું જ નહીં આ જ મકાનની

અંદર અમે અનેક પ્રકારની સુવિધા આપીએ છીએ જેવી કે આયુષ્યમાન ભારત, જેવી કે સીકલ સેલ કાર્ડ, બહેનોને માટે ગેસ, ઉજાલા ગેસ, ઉજાલા યોજના અને સાથેસાથે પાણી આવી તમામ પ્રકારની સુવિધા આ જ મકાનની અંદર અમે પૂરી પાડીએ છીએ. સાથેસાથે પ્રધાનમંત્રી આવાસ યોજનાની અંદર વર્ષ ૨૦૧૭થી ૨૦૨૩ દરમિયાન ૬,૦૩,૮૧૬ ના લક્ષ્યાંક સામે અમારી સરકાર ૬,૦૩,૬૫૫ આવાસની મંજૂરી આપવામાં આવેલી છે. જેમાં કુલ ૫,૧૫,૭૭૪ આવાસ બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે. રાજ્ય સરકારે છેલ્લાં ૬ વર્ષમાં ફાળવવામાં આવેલા કુલ લક્ષ્યાંક ૮૫ ટકા જેટલી સિદ્ધિ હાંસલ કરી લીધી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ અંતર્ગત વર્ષ ૨૦૨૨–૨૩ માં ભારત સરકારશ્રીના ૧,૮૪,૬૦૫ આવાસ બાંધકામના લક્ષ્યાંક સામે ૧,૬૮,૪૩૫ આવાસોની મંજૂરી પણ આપી દેવામાં આવેલ છે. ૯૮૨૭૭ આવાસ સંપૂર્ણપણે બાંધી દેવામાં આવેલા છે. વર્ષ ૨૦૨૪–૨૫માં પ્રધાનમંત્રી આવાસ ગ્રામીણ યોજના હેઠળ ૭૫૦,૮૩,૦૦૦/–ની નવી બજેટની જોગવાઇ લઇને આવ્યા છે. નવી બાબતની અંદર માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના સહયોગ દ્વારા ૧૫ મી નવેમ્બર, ૨૦૨૩ના રોજ જનજાતિ ગૌરવ દિવસ, આદિવાસી જાતિઓને આદિમજૂથ જેમાંથી મોટાભાગના હજી પણ જંગલોમાં વસે છે એટલે કે પી.વી.ટી.જી. લેવલ સુધી પહોંચવા માટે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો અમારો સંકલ્પ છે. આદિવાસી ન્યાય મહા અભિયાન, પી.એમ. જનમન મિશનની શરૂઆત કરવામાં આવેલ છે. જે અંતગર્ત તેઓના આવાસની સુવિધા પૂરી પાડવા વર્ષ ૨૦૨૪–૨૫માં કુલ રૂ.૧૬૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પી.એમ. જનમન હેઠળ ગુજરાત રાજ્યમાં અત્યાર સુધીમાં ૬થી વધુ લાભાર્થીઓને મંજૂરી મળે એ માટે ૫૫૭૬ને પ્રથમ હપ્તાની રકમ ચૂકવવામાં આવી છે. સ્વચ્છ ભારત મિશન રાજ્યમાં છેલ્લાં ૨ વર્ષમાં પાત્રતા ધરાવતા ૯૭૨૨૨ નવા કુટુંબોને શૌચાલય વિહોણા મળ્યા હતા જે પૈકી ૬૮૪૬૩ કુટુંબોને જાન્યુઆરી–૨૦૨૪ ના અંત સુધીમાં શૌચાલયની સુવિધાથી આવરી લેવામાં આવશે. બાકી રહેલા ૨૯૫૫૯ લાભાર્થીઓને શૌચાલયની સુવિધા પૂરી પાડવામાં આવનાર છે. સાથેસાથે પ્રવાહી કચરાના નિકાલ તેમજ તેના વ્યવસ્થાપન માટે ૪,૯૪,૫૬૮ વ્યક્તિઓને શૌચપીઠ અને ૬૦૮૫ સામૂહિક શૌચપીઠનું બાંધકામ પણ પૂર્ણ કરવામાં આવેલું છે. ઘન કચરાના વ્યવસ્થાપન માટે જૈવિક કચરાના નિકાલ અર્થે ૨૯૧૮૫ સામૂહિક કમ્પોસ્ટ પીઠ અને ૧૨૭૪૫ વ્યક્તિગત કમ્પોસ્ટ પીઠનું બાંધકામ પણ પૂર્ણ કરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ઘન કચરાના નિકાલ માટે ૧૫૦૫૮ ગામોમાં ડોર ટુ ડોર કચરાનું કલેકશન કરવામાં આવી રહ્યું છે. રાજ્યમાં ગોબરધન યોજના અંતર્ગત કુલ ૩૮ કલસ્ટરબેઝ બાયોગેસ પ્લાન્ટ માટેનું આયોજન કરવામાં આવેલ છે. રાજ્યમાં ૭૬૦૦ બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવાના લક્ષ્યાંક સામે ૭૨૭૬ બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ સંચાલિત અમૂલ ડેરી, બનાસ ડેરી, સાબર ડેરી અને દૂધસાગર ડેરી, જેમાં આપની ડેરી પણ સામેલ થઇ ગઇ છે અને તેને અમલીકરણ એજન્સી તરીકે નિમવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૪–૨૫ સ્વચ્છ ભારત ગ્રામીણ મિશન અંતર્ગત પ્રવાહી કચરાના વ્યવસ્થાપનની વિવિધ પ્રવૃત્તિઓ માટે રૂ.૨૭૭ કરોડ ૩૪ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. સ્વચ્છતા હી સેવા વર્ષ ૨૦૨૩ અંતર્ગત માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સ્વચ્છ ભારત અંતર્ગત દેશમાં જનવ્યાપી ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે મહાત્મા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે તા.૧૫–૦૯–૨૦૨૩થી તા.૧૫–૧૦–૨૦૨૩ દરમ્યાન સ્વચ્છતા હી સેવા અભિયાનનો પ્રારંભ કરાવેલ છે. આ સફાઇ અભિયાનની સફળતા જોતાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ દ્વારા અભિયાનને તા.૧૫–૧૨–૨૦૨૩ સુધી લંબાવવામાં આવેલ હતું. આ દરમ્યાન રાજ્યનાં વિવિધ સ્થળોએ અને મને કહેતાં આનંદ થાય છે કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દરિયાકાંઠાની સફાઇ કરતા હોય, મંદિર, ધાર્મિક સ્થળોની સફાઇ કરતા હોય, આરોગ્ય સ્થળોની સફાઇ કરતા હોય ત્યારે તેમાંથી અમે બધા સૌ ધારાસભ્યશ્રીઓએ પ્રેરણા લીધી છે અને અમે મંદિર, જાહેર સ્થળો, બસ સ્ટેન્ડની સફાઇ કરી છે. સામાવાળા મિત્રો આક્ષેપ કરતા હતા કે, સ્વચ્છતા નહીં પણ ગંદકી છે તે લોકોને કહેવા માગું છું કે, તમે કોઇ સફાઇમાં જોડાયા ન હતા અને અમે જોડાયા હતા. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વર્ષ ૨૦૨૪–૨૫ માટે રૂ.૧૫૪ કરોડ ૭૦ લાખની નવી બાબત સૂચવેલ છે. જેમાં જિલ્લા, તાલુકા કક્ષાએ સ્વચ્છતા અંગે શ્રેષ્ઠ કામગીરી માટે એવોર્ડ તથા પ્રોત્સાહન આપવા માટે બજેટમાં રૂ.૭૧ કરોડ ૮૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. કેલેન્ડર વર્ષના મહિના મુજબ થીમ આધારિત સફાઇ કાર્યક્રમ કરવા માટે ગામડાઓમાં અનેકવાર સહાય આપવામાં આવી છે. પાંચ હજારથી ઓછી વસતિ ધરાવતા ગામડાંઓને ગામદીઠ રૂપિયા ૨૦ હજાર અને પાંચ હજારથી વધુ વસતિ ધરાવતા ગામોને રૂપિયા ૩૦ હજાર આમ રૂ.૩૮ કરોડ ૪૨ લાખની નવી બાબત અમારા નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ લઇને આવ્યા છે. રાજ્યમાં સ્વચ્છ ભારત મિશન ફેસ–૨ અંતર્ગત મિલકતોની મરામત અને જાળવણી પેટે વર્ષ ૨૦૨૪–૨૫ના અંદાજપત્રમાં ક્લસ્ટરદીઠ ગોબરધન પ્રોજેક્ટ અંતર્ગત ૨૫ કરોડ ૫૦ લાખની નવી જોગવાઇ લાવ્યા છીએ. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન મંગલમ થકી રાજ્યની બહેનોને સામાજિક ઉત્થાન માટે અને તેમનું જીવન ધોરણ ઊંચું આવે, પગભર બની શકે તેના માટે સ્વ–સહાય જૂથની રચના કરીને અમે વિકાસલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છીએ. તેઓ આર્થિક રીતે પગભર બને તેના માટે સરકારનો ઉદ્દેશ છે. વર્ષ ૨૦૨૩–૨૪માં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત ૨૩૪૩૨ સ્વ–સહાય જૂથોની રચના કરવામાં આવેલ છે અને કુલ ૩,૫૦,૦૦૦થી વધુ પરિવારોને આ યોજનામાં જોડવાનો અમારો લક્ષ્યાંક છે. ગ્રામીય રોજગાર તાલીમ સંસ્થામાં ૧૯૫૦૩ ગ્રામીણ યુવક યુવતીઓને કૌશલ્યવર્ધન તાલીમ દ્વારા પ્રશિક્ષિત કરવા માટેનાં પગલાં લીધાં છે અને મહિલાઓ દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓનો સરસ મેળામાં ૯ કરોડ, સાત પ્રાદેશિક મેળામાં ૫(પાંચ) કરોડનું વેચાણ થયેલ છે.

## તા.૧૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ત્રીજો દિવસ )

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ(રાજ્ય કક્ષાના પંચાયત પ્રભાગનો હાવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૪–૨૫ની માગણી ક્રમાંક–૭૦ હેઠળ પંચાયત, ગ્રામ ગૃહ નિમાર્ણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળની પંચાયત વિભાગ માટે મહેસૂલ ખર્ચ માટે રૂપિયા ૪૯૮૧.૬૮ કરોડ અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૧૮૬.૫૦ કરોડ મળી કુલ રૂપિયા ૫૧૬૮.૧૮ કરોડની માગણી સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરતા હું હર્ષની લાગણી અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત વિભાગની માગણી ઉપર જે માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો છે અને એમનાં સૂચનો રજૂ કર્યાં છે તેને આવકારું છું તેમજ આ તબક્કે ચર્ચામાં ભાગ લેનાર સર્વ સભ્યશ્રીઓનો પણ હૃદયપૂર્વક આભાર માનુ છું. માનનીય અધ્યક્ષશ્રી, પૌરાણિક કાળથી પંચાયતની સંકલ્પના રૂપે ગામને મૂળભૂત એકમ તરીકે ગણવામાં આવે છે અને ગ્રામ પંચાયતનું અસ્તિત્ત્વ પણ એટલું જ પૌરાણિક ગણાય છે અને અથર્વેદ અને ઋગ્વેદમાં પણ તેનો ઉલ્લેખ મળી આવે છે. ૧લી મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજયની સ્થાપના થયા બાદ જિલ્લા અને તાલુકા પંચાયતની લોકશાહી ઢબે રચના કરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સત્તા અને નાણાકીય સાધનો પૂરાં પાડી વિકાસના કાર્યો કરવા માટે જરૂરી અધિકારો સુપરત કરવાની જોગવાઇ કરવામાં આવી હતી અને રાજયમાં ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૬૧થી પંચાયતી રાજ સંસ્થાનો અમલ થયો છે. હાલના આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રીના કાર્યકાળ દરમ્યાન પંચાયતોને રાજયના વિકાસ માટે મહત્ત્વની પાયાની વ્યવસ્થા તરીકે સ્થાપિત કરેલી છે. વિકાસની અવિરત ચાલતી પ્રક્રિયાને વેગ આપવા છેવાડાના માનવીને વંચિતોના વિકાસ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની હાલની સરકાર પણ કટિબદ્ધ છે. ત્રિસ્તરીય પંચાયતી રાજને સબળ બનાવવા માટે ચિંતન શિબિરમાં કરવામાં આવેલ ભલામણો તેમજ જરુરિયાતને અનુલક્ષીને ગ્રામ્ય સ્તરે માળખાગત સુવિધાના કામો આયોજનબદ્ધ રીતે થઇ શકે તે માટે જરૂરી તાંત્રિક તેમજ વહીવટી કામગીરી માટે ૨૦૦૦ કરતા વધારે અધિકારી/કર્મચારીઓનું નવું મહેકમ આગામી સમયમાં ઊભું કરવામાં આવશે. હમણાં સામે પક્ષેથી માનનીય ગેનીબેન કહેતા હતા ત્યારે મારે જણાવવાનું કે, કર્મચારી/અધિકારીઓની જગ્યા ભરવા માટે આ બજેટમાં જોગવાઇ કરીને ૨૦૦૦ કરતા વધારે કર્મચારી/અધિકારીની અમે નિમણૂક કરવા જઇ રહ્યા છીએ. આગામી સમયમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી, નાયબ કાર્યપાલક એન્જિનિયર, અધિક મદદનીશ એન્જિનિયર, આસિસ્ટન્ટ, સેનેટરી ઇન્સ્પેક્ટર વગેરે જેવી મહત્ત્વની જગ્યાઓ ઊભી કરી પંચાયતની કામગીરી સરળ અને સૂચારું રીતે થાય તે માટે નવી બાબતની જોગવાઇ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે રાજયના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવવા છે કેમ કે, હમણાં ટૂંકા સમયમાં ૩૪૩૭ જગ્યાઓ ભરીને જિલ્લાઓમાં ફાળવણી કરીને ગ્રામ સ્તરે કામગીરી થાય એવી વ્યવસ્થા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં મેરી મીટી મેરા દેશ અભિયાન થકી પોતાનું સમગ્ર જીવન દેશની રક્ષા માટે સમર્પિત કર્યું છે એવા ભારતના વીર અને વિરાંગનાઓના અમૂલ્ય યોગદાનને બિરદાવવમાં આવ્યું. આ કાર્યક્રમ દ્વારા ગામે ગામે દેશ ભક્તિની અનેરી ગૌરવપૂર્ણ અનુભૂતિ જોવા મળી છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા દ્વારા સરકારશ્રી તમામ પ્રજા કલ્યાણકારી યોજનાનો છેવાડાના નાગરિક સુધી જાગૃતિ કેળવાય તેમજ આ યોજનાનો પાત્રતા ધરાવતા વંચિત લાભાર્થીઓને લાભ આપી તેમનું જીવન–ધોરણ ઊંચું લાવી શકય તેવા ઉમદા હેતુથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું રાજયભરમાં સફળ રીતે આયોજન કરવામાં આવ્યું છે. પંચાયત ડેવલપમેન્ટ ઇન્ડેક્ષ અંતર્ગત ગ્રામ પંચાયત સ્તરે વિવિધ સૂચિકાંકમાં ખૂટતી કડીઓ પૂર્ણ કરવા માટે પંચાયતના બજેટમાં રૂ.૧ કરોડની નવી બાબતની જોગવાઇ કરવામાં આવેલી છે. આમ, પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાના ઉમદા હેતુથી ગ્રામ્ય સ્તરના વિકાસ માટે પૂરતી વ્યવસ્થા કરી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના ગરવી ગુજરાત, ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગ્લોબલ ગુજરાત અને ગતિશીલ ગુજરાત એમ ૫–જીની કલ્પના સાકાર કરવા માટે અમારો પંચાયત વિભાગ કટિબદ્ધ છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયની પંચાયત સંસ્થામાં હિસાબો ઓનલાઇન રીયલટાઇમ બેઝીસ નિભાવવા તથા ચૂકવણા કરવા માટે પેસા સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલું છે. પેસા સોફ્ટવેર દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૩ થી સમગ્ર રાજયમાં પારદર્શક ચૂકવણીની કામગીરી શરૂ કરવામાં આવેલી છે. હાલ રાજયની ૩૩ જિલ્લા પંચાયતો અને ૨૪૮ તાલુકા પંચાયતોમાં કામગીરીનો અમલ શરૂ કરવામાં આવેલો છે. માનનીય સભ્ય શ્રીમતી ગેનીબહેન કહેતા હતા કે, પંચાયતોમાં ભ્રષ્ટાચાર છે સાહેબ અમે ભરતીથી માંડીને, નિમણૂકથી માંડીને, બદલીથી માંડીને અમે તમામ ઓન લાઇન પોર્ટલના માધ્યમથી કરીએ છીએ અને રાજય સરકારની અમારી પંચાયત વિભાગની જે કંઇ યોજનાઓ છે તે તમામ યોજનાઓમાં ઓન લાઇન પેમેન્ટ કરવામાં આવે છે બાકી તેમની વાત ખરેખર સત્યથી વેગળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય સભાગૃહને મારા વિભાગની પ્રજાલક્ષી યોજનાઓને સમાવેશ કરતી જેમાં ગુજરાતના ગામડાઓના વિકાસની અવિરત પ્રક્રિયાને આગળ ધપાવવા માટે આગામી વર્ષ ૨૦૨૪–૨૫ના અંદાજમાં મારા પંચાયત વિભાગની માગણી ક્રમાંક–૭૦ હેઠળની કુલ રૂપિયા ૫૧૬૮.૧૮ કરોડની અનુદાન પરની માગણીઓ રજૂ કરતા હું આનંદ અનુભવુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મારા પંચાયત વિભાગની મહત્ત્વની યોજનાઓની વિગતો તમામ સભ્યોના ધ્યાને મૂકવા માગું છું. નિર્મળ ગુજરાત–૨ની વાત કરીએ તો જન ભાગીદારી તેમજ જન જાગૃતિના માધ્યમથી તાલુકા કક્ષાએ ગ્રામ પંચાયતો ખાતેથી ઘન અને પ્રવાહી કચરાના એકત્રીકરણ, વર્ગીકરણ તેમજ તેના નિકાલ માટેની વ્યવસ્થાની

ગોઠવણ માટે રૂપિયા ૩૦૦ કરોડની નવી બાબતની જોગવાઇ કરવામાં આવેલી છે. મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતાનું સ્તર ઊંચું લઇ જઇ અને સ્વચ્છ સમાજનું નિર્માણ કરવા મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ ગામડાઓમાં ડોર ટુ ડોર ઘન કચરાનું એકત્રીકરણ કરી લેન્ડફીલ સાઇટ સુધી લઇ જવા માટે રાજ્યનાં તમામ ગામડાંઓને આવરી લઇ વ્યકિતદીઠ માસિક રૂપિયા ૪ લેખે ગણતરી કરી ગ્રામ પંચાયતની વસતિના આધારે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. આ માટે વર્ષ ૨૦૨૪–૨૫માં રૂપિયા ૧૭૫.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છ ગામ સ્વચ્છ યોજના ગ્રામ પંચાયતો સફાઇ અંગે જાગૃત બને તે માટે ગ્રામ પંચાયતોની બાકી સફાઇ કરની વસૂલાત માટે પણ પ્રયત્નશીલ બને તે માટે વસૂલાતના માપદંડોના આધારે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલી છે. વર્ષ ૨૦૨૪–૨૫માં રૂપિયા ૬૬ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. આમ, દરેક ગ્રામ પંચાયતોને સફાઇ માટે મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અને સ્વચ્છ ગામ અંતર્ગત ગ્રાન્ટ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. શહેરી વિકાસ સત્તા મંડળ હેઠળના ગામોની સ્વચ્છતા અંગેની યોજના શહેરી વિકાસ સત્તા મંડળમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોમાં ઉદ્યોગો તથા વાણિજ્યક પ્રવૃત્તિઓનો વ્યાપ વધુ હોવાથી ઘન કચરો વધુ પ્રમાણમાં વધુ ઉત્પન્ન થાય છે. આવી ગ્રામ પંચાયતોના વિસ્તારમાં રોડ, રસ્તા પરના સૂકા કચરાનો તથા તમામ રહેણાંકના વાણિજ્યક વિસ્તારના દૈનિક ધોરણે ડોર ટુ ડોર ઘન કચરાનું એકત્રીકરણ કરી મહાનગરપાલિકાની લેન્ડફીલ સાઇટ સુધી લઇ જવાની વ્યવસ્થા માટે આગામી વર્ષ ૨૦૨૪–૨૫માં રૂપિયા ૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. પંદરમાં નાણાપંચ થકી રાજ્યની ત્રણેય સ્તરની પંચાયતોને સર્વાંગી વિકાસની યાત્રામાં જોડીને ત્રિસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે આગામી વર્ષ ૨૦૨૪–૨૫ માટે રૂ.૨૬૦૦ કરોડ ઉપરાંત નોંધપાત્ર રકમની જોગવાઇ કરવામાં આવેલી છે. આ રકમ પૈકીની ૭૦ ટકા રકમ આપણે ગ્રામ પંચાયતોને આપીએ છીએ. ૨૦ ટકા તાલુકા પંચાયત અને ૧૦ ટકા આપણે જિલ્લા પંચાયતને ફાળવીને આ પંચાયતના વિકાસ માટે એના ખાતામાં અમે સીધા નાણાં જમા કરાવીએ છીએ. નાણાપંચની ગ્રાન્ટમાંથી વિકાસનાં કામોની પસંદગીની અને ગામોની અગ્રિમતા ગ્રામસભા, ગ્રામ પંચાયત ડેવલપમેન્ટ પ્લાન્ટ માધ્યમથી નક્કી કરીને પાયાના સ્તરે ગ્રામ પંચાયતને વધુ મજબૂત બનાવવાનું કામ કરી રહ્યાં છે. ઈ–ગ્રામ, વિશ્વ ગ્રામ યોજના અંતર્ગત ૧૪,૧૮૧ ગ્રામ સેન્ટર ખાતેથી ઇ–સેવાનું વિતરણ કરવામાં આવે છે. જેમાં ગવર્નમેન્ટ ટુ સિટીઝન (G2C) સેવાઓ જેવી કે સિનિયર સિટીઝન પ્રમાણપત્ર, જન્મ–મરણ પ્રમાણપત્ર, ટેક્સ કલેક્શન, આવકનો દાખલો, વિધવા પ્રમાણપત્ર, ઈ–શ્રમ કાર્ડ, રજિસ્ટ્રેશન તેમજ બિઝનેસ ટુ સિટીઝન (B2C) સેવાઓ જેવી કે વીજળી બિલ, ગૅસ બિલ, ટેલિફોન/મોબાઇલ બિલ કલેક્શન, ખાનગી વીમા કંપનીના પ્રીમિયમ કલેક્શન, ડી.ટી.એચ. રીચાર્જ, રેલવે બસ અને હવાઇ મુસાફરી માટેની ઈ–ટિકિટ બુકિંગ વગેરે જેવી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આમ, આ યોજના હેઠળ વિવિધ વિભાગની ૩૨૧ સેવાઓનો લાભ ઇ–ગ્રામ સેન્ટર દ્વારા ગામ લોકો સુધી પહોંચાડવામાં આવેલ છે. દર વર્ષે વિવિધ યોજનાઓ હેઠળ અંદાજિત રૂ.૪.૫૦ કરોડ જેટલા ટ્રાન્ઝેક્શન ઇ–સેન્ટર થકી કરવામાં આવે છે. આ યોજના થકી શહેરીજનોને મળતી સેવાઓ ગ્રામ્ય વિસ્તારમાં પણ મળી રહે એના માટે આ કરી રહ્યા છીએ અને આમાં વર્ષ ૨૦૨૪–૨૫માં રૂ.૧૬૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. હમણાં માનનીય સભ્યશ્રી કહેતા હતા કે પંચાયત ઘરો બનાવવામાં આવતા નથી. એના માટે વિચાર કરીને અમે તલાટી પણ ત્યાં રહી શકે એ રીતે બે માળના મકાન બનાવવાનો નિર્ણય કર્યો છે. ગ્રામ પંચાયત એ પંચાયતી રાજ વ્યવસ્થાનો પાયો છે. એમાં ગ્રામ કક્ષાએ તલાટી કમ મંત્રી સરકારનો સીધો પ્રતિનિધિ છે. ગ્રામજનોને સરકારશ્રીની યોજનાનો અવિરત લાભ મળતો રહે તે માટે તલાટી કમ મંત્રીની ગામમાં હાજરી ખૂબ જરૂરી છે. તે માટે તેમને મુખ્ય મથકમાં કામ કરવાની અને રહેવાની યોગ્ય સગવડ મળી રહે એ પણ એટલું જ જરૂરી છે. એ ધ્યાને લઇને રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૬થી નવીન પંચાયત ઘર, તલાટી કમ મંત્રી આવાસ માટેની યોજના અમલમાં મૂકી છે. આ યોજના અન્વયે અત્યાર સુધીમાં મંજૂર કરવામાં આવેલ ૩૧૮૯ ગ્રામ પંચાયત પૈકી ૨,૮૦૦ નવી ગ્રામ પંચાયત ભવનોનાં કામ પરિપૂર્ણ કરવામાં આવેલાં છે. વર્ષ ૨૦૨૪–૨૫માં ગ્રામ પંચાયત ઘરોની યોજના માટે રૂ.૭૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના તંત્ર સંગીન બનાવવા માટે ગ્રામ પંચાયત ખાતે પંચાયત ઘરની જે વાત કરી તેમ જિલ્લા પંચાયત ભવન, તાલુકા પંચાયત ભવન બાંધવાની વાત કરું તો આ યોજનાની શરૂઆત વર્ષ ૨૦૧૦–૧૧થી કરવામાં આવી હતી. તાલુકા પંચાયતના મકાન બાંધકામ માટેની એસ્ટિમેટ રકમ રૂ.૩ કરોડ ૧૦ લાખ છે. જિલ્લા પંચાયત ભવન માટે રૂ.૩૮ કરોડની માતબર રકમ આપીને આગામી દિવસોમાં તમામ ૩૩ જિલ્લાઓ, ૨૪૮ તાલુકાઓ અને ૧૪,૦૦૦ જેટલી ગ્રામ પંચાયતોમાં મકાન બાંધકામ કરવા જઇ રહ્યા છીએ. અત્યાર સુધી ૧૩૮ તાલુકા પંચાયતોના મકાનના બાંધકામ માટે મંજૂરી આપેલી છે. તે પૈકી ૧૦૩ તાલુકા પંચાયતનાં કામ પૂર્ણ થયેલ છે. તે જ રીતે જિલ્લાઓ માટે ૧૫ જિલ્લા પંચાયતના મકાનોના બાંધકામ માટે મંજૂરી આપેલી છે. તે પૈકી ૧૧ મકાનોનાં કામ પૂર્ણ થયેલાં છે. એના માટે વર્ષ ૨૦૨૪–૨૫માં પણ રૂ.૬૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયતના મકાનો અને એની કચેરીઓ પર એનું વીજ બિલ ઓછું આવે એના માટે સોલાર રૂફ ટૉપ સિસ્ટમ પૂરી પાડવા માટે રાજ્યની જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતોના મકાનો પર વીજળીની બચત થાય અને પંચાયતી રાજ સંસ્થાને વીજ બિલનો બોજો સહન ના કરવો પડે, પર્યાવરણનું જતન થાય તેવા ઉમદા હેતુથી નવીન બનેલ ગ્રામ પંચાયત કચેરીના મકાન પર સોલાર સિસ્ટમ લગાડવા જઇ રહ્યા છીએ. એના માટે વર્ષ ૨૦૨૪–૨૫માં અમે રૂ.૪.૫૦ કરોડની જોગવાઇ કરી છે. હું સૌ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે મારું પંચાયતનું બજેટ એ પાયાનું બજેટ છે તો એ બજેટ માટે મારા સાથી સભ્યો

સર્વસંમતિથી સહયોગ આપે. વિપક્ષના મિત્રોને પણ મારી વિનંતી છે કે આપે જે કાપ દરખાસ્ત રજૂ કરી છે એ પાછી ખેંચે અને મારા પંચાયત વિભાગના બજેટને મંજૂર કરે. આભાર.

શ્રી જગદીશ વિશ્વકર્મા(રાજ્યકક્ષાના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો હવાલો ધરાવતાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું મારા વિભાગની વર્ષ ૨૦૨૪–૨૫ માટેની માગણીઓ લઇને આ સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું ત્યારે ભારતના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીની દીર્ઘદષ્ટિ અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના કુશળ નેતૃત્વ હેઠળ ગુજરાત રાજ્ય વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે આગામી વર્ષ ૨૦૨૪–૨૫ના બજેટમાં કુલ રૂ.૨૪૨૦.૯૯ કરોડ જેટલી માતબર રકમ ફાળવવામાં આવી છે જે ગત વર્ષ કરતાં ૧૦ ટકા જેટલી વધારે છે. બજેટમાં વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે અભૂતપૂર્વ વધારા બદલ માનનીય નાણામંત્રીશ્રી અને આદરણીય મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું અને આ અંદાજપત્રની માગણીઓને આ સન્માનનીય સભાગૃહની સર્વાનુમતે અનુમતિ મળે તે માટે વિનમ્રપણે અનુરોધ કરું છું. ગુજરાત સરકારનો આ સાયન્સ અને ટેકનોલોજી વિભાગ એ ખૂબ જ અગત્યનો વિભાગ છે. આ વૈજ્ઞાનિક અભિગમના વિકાસ માટે અમારો વિભાગ સતત કાર્યરત છે. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ પ્રચાર માટે ગુજકોસ્ટ દ્વારા પ્રાદેશિક તેમજ જિલ્લા કક્ષાએ વિજ્ઞાન કેન્દ્ર પ્રસ્થાપિત કરી સ્ટીમ, આઇ.પી. લેબ્સ એન્ડ ઇન્ટ્રેક્ટિવ કોર્નર્સ બનાવવામાં આવશે. જેનો વિદ્યાર્થીઓ, શિક્ષકો, સ્ટાર્ટઅપ વગેરે વિશેષ લાભ લેશે. સાયન્સ સિટી ખાતે રાજ્ય કક્ષાએ વૈજ્ઞાનિક સિદ્ધાંતોના નવા પ્રયોગો માટે નવી ગેલેરી સ્થાપવામાં આવશે. આ ઉપરાંત ભવિષ્યલક્ષી આધુનિક ટેકનોલોજીના વિકાસ માટે અમે જે પૉલિસી બનાવી છે તેને વધુ સઘન બનાવવા માટે સ્પેસ ટેક ડિફેક્ટ પોલિસીની જાહેરાત કરેલ છે. આ સાથે આ પૉલિસીઓ દ્વારા જરૂરી માનવ સંશાધન વિકાસના ઉદ્યોગ 4.0, સ્ટાર્ટ અપ રિસર્ચ ડેવલપમેન્ટ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સી (એ.આઇ.) જેવી આધુનિક ટેકનોલોજી માટે કોમ્પ્યુટરની માળખાકીય સુવિધાઓ ઊભી કરીશું. વધુમાં, ભવિષ્યલક્ષી આધુનિક ટેકનોલોજી તેમજ રાજ્ય સરકારના મહત્ત્વના રિસર્ચ એન્ડ ઇનોવેટિવ ક્ષેત્રે પ્રોત્સાહન આપવા માટે વિશેષ સહાય કરવામાં આવશે. ભારતને સેમી કન્ડક્ટર ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા સેમી કન્ડક્ટર એન્ડ ડિસ્પ્લે ફેબ ઇકો સિસ્ટમ વિકસાવવા માટે લગભગ રૂ.૭૬ હજાર કરોડનું બજેટ મંજૂર કરવામાં આવેલ છે. ઇલેક્ટ્રોનિક્સ મંત્રાલય દ્વારા એક અલાયદી સેમી કન્ડક્ટર નીતિના સુચારુ અમલીકરણ માટે એક અલાયદું મિશન નિર્માણ કરવામાં ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે તે આપણા સૌના માટે ગૌરવની વાત છે. અંદાજિત રૂ.૨૨ હજાર ૫૦૦ કરોડના ખર્ચે સેમી કન્ડક્ટર એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ એન્ડ પેકેજિંગ (એ.ટી.એમ.પી.) પ્રોજેક્ટ માટે સાથે દેશની પહેલી કંપની માઇક્રોન થકી આ સેમી કન્ડક્ટર ચિપનું વ્યાપારિક ધોરણે ગુજરાતમાં ઉત્પાદન થવાનું છે. આ પ્રોજેક્ટથી ગુજરાતમાં ઉચ્ચ કૌશલ્યવાન આશરે ૨૦ હજાર નવી રોજગારીનું સર્જન થશે. સાથે સાથે અસંખ્ય લોકોને રોજગારી મળવાની છે. માઇક્રોન કંપનીના સાણંદ ખાતે સ્થપાનાર એ.ટી.એમ.પી. પ્રોજેક્ટને ભારત સરકાર તરફથી તા.૧૫મી જૂન, ૨૦૨૩ના રોજ મંજૂરી મળેલ હતી અને ગુજરાત સરકાર દ્વારા માત્ર ૨૪ કલાકમાં તા.૧૬મી જૂન, ૨૦૨૩ના રોજ સદર પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી હતી તેમજ તા.૨૨મી જૂન, ૨૦૨૩ના રોજ માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા તેમના અમેરિકાના પ્રવાસ દરમિયાન માઇક્રોન કંપનીના સ્થાપિત કરવામાં આવેલ પ્રોજેક્ટ અંગે જાહેરાત કરવામાં આવી હતી.

**વિરામનો સમય રદ કરવા અંગે**

શ્રી વિજયભાઇ ર. પટેલ (નાયબ મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, બિનસરકારી કામકાજ પૂરું થાય તે હેતુથી વિરામનો સમય રદ કરવામાં આવે.

શ્રી અમિત ચાવડા (કોંગ્રેસ પક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ દરખાસ્તને હું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) બિનસરકારી કામકાજ પૂરું થાય તે હેતુથી વિરામનો સમય રદ કરવામાં આવે છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, આનંદની વાત એ છે કે, ગુજરાતની ફાસ્ટ ટ્રેક સરકાર માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં આગળ વધી રહી છે. આ પ્રોજેકટની જાહેરાત કરવામાં આવી તેના એક જ સપ્તાહમાં તા.૨૮ જૂન ૨૦૨૩ના રોજ સાણંદ જી.આઇ.ડી.સી. ખાતે જમીન ફાળવીને એ અંગેનો લેન્ડ એલોટમેન્ટ લેટર એ માઇક્રોન કંપનીને એનાયત કરવામાં આવ્યો અને સાથે–સાથે પ્રોજેક્ટની જાહેરાતના માત્ર ૯૦ દિવસમાં જ તા.૨૩ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ ભૂમિપૂજન સંપન્ન કરવામાં આવ્યું. આ આપણી રાજ્ય સરકારનો ઐતિહાસિક નિર્ણય છે. સાઉથ કોરીયાની વિખ્યાત કંપની સીમટેક દ્વારા પણ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ–૨૦૨૪ દરમિયાન સાણંદ ખાતે રૂ.૧૨૫૦ કરોડનું રોકાણ કરવાની જાહેરાત કરેલ છે અને ભારતીય મલ્ટી નેશનલ ટાટા કંપની દ્વારા વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ–૨૦૨૪ દરમિયાન ધોલેરા ખાતે સેમી કન્ડક્ટર ફેર માટે જાહેરાત કરવામાં આવી છે. આ સેમી કન્ડક્ટર ફેરમાં ઇકો સિસ્ટમનો ઊંડાણપૂર્વક વધુ વિકાસ થશે અને અંદાજિત રૂપિયા ૬૦ હજાર કરોડ કરતાં વધુ રોકાણો આવવાની સંભાવનાઓ છે. અત્યાર સુધીમાં ગુજરાતમાં સેમી કન્ડક્ટર નીતિ અંતર્ગત રૂપિયા ૧ લાખ કરોડથી વધુના નવા રોકાણની જાહેરાત થયેલ છે. આ પ્રોજેક્ટથી સેમી કન્ડક્ટર સાથે જોડાયેલ અન્ય સપ્લાઇ ચેઇન ઉદ્યોગો સાથે ગુજરાત પ્રથમ પસંદગીનું સ્થળ બનશે. કેન્દ્રના સેમી કન્ડક્ટર પ્રોગ્રામ હેઠળ આવનાર ભાવિ પ્રોજેકટથી ગુજરાતની નિકાસ વધશે અને ગુજરાત હાઇટેક મેન્યુફેક્ચરિંગમાં અગ્રેસર રહેશે. ગુજરાત રાજ્યમાં

ઇલેક્ટ્રોનિક ઉદ્યોગો માટે વૈશ્વિક સ્તરનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા અને ઇકો સિસ્ટમ ઊભી કરીને ગુજરાતને ઇલેક્ટ્રોનિક ઉદ્યોગો માટે પસંદગીના સ્થળ તરીકે પ્રસ્થાપિત કરવા વિજ્ઞાન અને પ્રોદ્યોગિક વિભાગ દ્વારા ઇલેક્ટ્રોનિક પૉલિસી(૨૦૧૬-૨૧)ની સફળતાને આગળ ધપાવતા નવી ઇલેક્ટ્રોનિક પૉલિસી(૨૦૨૨-૨૮)ની જાહેરાત કરેલ છે. જેને વિશ્વના રોકાણકારો દ્વારા ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે. નવી ઇલેક્ટ્રોનિક પૉલિસી(૨૦૨૨-૨૮) જાહેર થયા બાદ અત્યારસુધીમાં વિવિધ કંપનીઓ દ્વારા રૂ.૨૫ હજાર કરોડથી વધુના રોકાણના એમ.ઓ.યુ.ના કરાર કરવામાં આવ્યા છે. જેથી રાજ્યમાં હાઇટેક ક્ષેત્રે ૪૦ હજારથી વધુ નવી રોજગારીની તકો ઊભી થવાની સંભાવના છે. વારી એનર્જી, ટાટા, એટ્રોન અને એલ એન્ડ ટી જેવી પ્રતિષ્ઠિત કંપનીઓએ પણ આ નવી પૉલિસી હેઠળ રોકાણની જાહેરાત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે, આખા ભારતમાં ગુજરાત સ્પેસટેક પૉલિસી લાવનારું સૌપ્રથમ રાજ્ય છે. અત્યાર સુધી માત્ર અમેરિકા, જાપાન, રશિયા અને ચાઇના જેવી ઇન્ટરનેશનલ કંપનીઓ જ હતી. ભારતમાં ઇસરો એ ભારત સરકારની એકમાત્ર સંસ્થા હતી. મને કહેતા આનંદ થાય છે કે, ઇસરોના ઉત્કૃષ્ટ યોગદાનના કારણે સ્પેસ વિજ્ઞાન અને ટૅકનૉલૉજી ક્ષેત્રમાં ભારતની સિદ્ધિઓની વિશ્વભરમાં  પ્રશંસા થાય છે. તાજેતરમાં ચંદ્રયાન-૩ અને આદિત્ય એલ-૧ની સફળતા એ સ્પેસ વિજ્ઞાન અને ટૅકનૉલૉજીમાં ભારતના વૈજ્ઞાનિકોની પ્રતિભાના પ્રચંડ પુરાવાઓ છે. ડૉ. વિક્રમ સારાભાઇ આપણા ગુજરાતનું અને દેશનું ગૌરવ છે. એમનો ઝળહળતો વારસો ગુજરાતને સ્પેસ ટૅકનૉલૉજી ક્ષેત્રે સતત વિકાસ માટે પ્રેરે છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા સ્પેસ સેક્ટરમાં ભારતની પ્રતિભા અને વિકાસની વિપુલ તકો ઉપલબ્ધ કરાવવા માટે સ્પેસ સેક્ટર પ્રાઇવેટ કંપનીઓના રોકાણ માટે ખુલ્લું કર્યું છે. ઇનસ્પેસ નામની નવી સહકારી સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે જે સ્પેસ ક્ષેત્રે પ્રાઇવેટ ઇન્ડસ્ટ્રિઝનું માર્ગદર્શન કરશે તથા મંજૂરી પણ એનાયત કરશે. ઇનસ્પેસનું હેડક્વાર્ટર અમદાવાદ ખાતે રહેવાનું છે એ પણ આપણા બધા માટે આનંદની વાત છે. ગુજરાત માટે સ્પેસટેક હબ બનવાની આ અમૂલ્યવાન તક છે. જેને ઓળખીને રાજ્યસરકાર દ્વારા એક નવી સ્પેસ ટેકનિક પૉલિસી જાહેર કરવામાં આવી છે. આ સ્પેસટેક પૉલિસી અંતર્ગત રાજ્યસરકાર દ્વારા હાઇટેક સેક્ટરમાં ડિઝાઇનિંગ, ઉત્પાદન તથા અન્ય કોઇપણ સેટેલાઇટ એપ્લિકેશન માટે રોકાણ કરવા ઉત્સુક ઉદ્યોગોને પ્રોત્સાહન પૂરું પાડશે. ગુજરાતનું જે હાઇલી ક્વોલિફાઇડ એજ્યુકેટેડ ટૅકનિકલ યુવાધન છે એમને અભ્યાસ કરી વિદેશમાં નોકરી માટે જવું પડતું હતું અથવા તો વિદેશમાં અભ્યાસ કરવો પડતો હતો. રાજ્ય સરકારે આ બધી પૉલિસી લાવીને ગુજરાતના અને ભારતના ઉદ્યોગકારો માટે  ખૂબ સરસ પ્લેટફૉર્મ ઊભું કર્યું છે.   જેથી આવનાર દિવસોમાં એવું થવાનું છે કે, ફૉરેન ગયેલા ભારતીયો કે ગુજરાતીઓ ફરીથી ગુજરાત રાજ્યમાં પાછા આવશે અને એમને નોકરી કરવા માટેની ખૂબ ઉત્તમ તક મળવાની છે. આ મહત્ત્વના ક્ષેત્રના રિસર્ચ માટે સપોર્ટ કરવામાં આવશે અને સ્ટાર્ટ-અપ માટે વિશેષ સહાય કરાશે. સ્પેશટેક પૉલિસી અંતર્ગત રાજ્ય સરકારશ્રી દ્વારા સ્પેશટેક મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટર વિકાસાવાશે, જે આ ક્ષેત્રની નવી ઇન્ડસ્ટ્રીઝના વિકાસ માટે ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવશે. આ પૉલિસી અંતર્ગત એક સેન્ટર ઓફ એક્સિલન્સ અને ઇનોવેશનનો વિકાસ કરવામાં આવશે. જે દૂરંદેશી પૉલિસી થકી યુ.એસ.એ, જાપાન, રશિયા અને યુરોપ જેવા સમૃદ્ધ દેશોમાં ગુજરાત રાજ્યના યુવાનો માટે સ્પેશ ક્ષેત્રે રિસર્ચ, સ્ટાર્ટ-અપ એન્ડ ઇનોવેશન અને  મેન્યુફેકચરિંગ માટે પ્રોત્સાહન અને સહાયરૂપ થઇ સ્પેશ સેકટરમાં વિપુલ તકોનું સર્જન કરાશે. મારે આજે આ સભાગૃહમાં કહેવું છે કે, આ બધી બાબતોથી એવું થવાનું છે કે, જે પ્રાઇવેટ પ્લેયરો, પ્રાઇવેટ ઇન્ડસ્ટ્રીઝના લોકો છે જે સ્ટાર્ટ-અપના યુવાનો છે એમના માટે પણ આ સ્પેશ પૉલિસીથી ખૂબ મોટી તકો ભવિષ્યમાં સાંપડવાની છે. અત્યારે આખું ભારત હાઇટેક થઇ રહ્યું છે. મને આ સભાગૃહમાં કહેતા આનંદ થાય છે કે, વર્ષ ૧૯૫૧ પહેલાં આખા વિશ્વનું સૌથી પહેલું જે તે માણસનું મગજ ચાલે એવું મિકેનિકલ ડિવાઇસ, કમ્પ્યુટરની શોધ થઇ. ભારત દેશમાં પણ વર્ષ ૧૯૫૪-૫૫માં કોમ્પ્યુટરની શોધ થઇ. ત્યારબાદ ભારત દેશમાં એવા ટેકનોલોજીના માધ્યમો ન હતા. એના કારણે ટેકનોલોજીનો ગ્રોથ ન થયો. આજે પણ એવું કહેવાય છે કે, ભારત વિશ્વના બીજા બધા દેશો કરતાં સો વર્ષ પાછળ છે પણ એ વાતને દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય મોદીજીએ ચરિતાર્થ કર્યું છે કે ભારત આજે વિશ્વની સાથે કદમથી કદમ મિલાવી રહ્યું છે. જે ટેકનોલોજી વિદેશમાં ડેવલપ થાય એની પહેલાં, ભારત દેશમાં ટેકનોલોજી ડેવલપ થવા માંડી છે અને આપણા બધા માટે આ ગૌરવની બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડીપટેક ઇકો સિસ્ટમ માટે ગુજરાત રાજ્યને ફ્રન્ટલાઇનના સ્ટેટ તરીકે સ્થાપિત કરવા તેમજ કોમ્પ્યુટરાઇંગ ઇન્ફ્રાસ્ટ્રકચર યુઝ કેસની ડેવલોપન ક્ષમતા, નિર્માણ, સ્ટાર્ટ-અપ, સંશોધન અને ઇનોવેશન સાઇટ, એ.આઇ.ના બીગ ડેટા, કૉન્ટમ કોમ્પ્યુટરાઇંગ અને અન્યના સંકલન દ્વારા ગુજરાત રાજ્યનો સર્વગ્રાહી વિકાસ કરવાની દૂરંદેશી નેમ સાથે રાજ્ય સરકાર દ્વારા નવી ડીપટેક પૉલિસી જાહેર કરવામાં આવી છે. આમાં આખા ભારત દેશમાં ગુજરાત એ પ્રથમ રાજ્ય છે. રાજ્ય સરકારની આ નવી ડીપટેક પૉલિસીની જાહેરાતમાં અન્ય એ.આઇ. પાર્ટ, ડેટા સેન્ટર, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર્સ એન્ડ ગ્લોબલ કેપિસિટી સેન્ટર તથા ઇન્ક્યુબેટર એન્ડ એક્સિલેટર સેન્ટરની સહાય કરવામાં આવશે. એ.આઇ.નો ઇતિહાસ પ્રાચીનકાળથી ચોક્કસ શરુ થયો છે. એમાં માનવ વિચાર પ્રક્રિયાને, વિચારના પ્રતિકોને, યાંત્રિક મેન્યુફેકચરિંગ તરીકે વર્ણવાના પ્રયાસ માટે વર્ષ ૧૯૪૦ના દાયકામાં પ્રોગ્રામિંગ ડિજિટલ કોમ્પ્યુટરની શોધ થઇ હતી. મેથેમેટિક્સના આખા તર્કના અમૃતસાર આધારિત આ એ.આઇ. ટેકનોલોજી કામ કરી રહી છે. આ ઉપકરણ અને તેની પાછળના વિચારોને મુઠ્ઠીભર વૈજ્ઞાનિકો દ્વારા ઇલેકટ્રોનિક્સ મગજને બનાવવાની શક્યતામાં ગંભીરતાથી ચર્ચા કરવાનું શરુ કર્યું છે. શ્રી

એલેન્ટયુરિક એવા પ્રથમ વ્યકિત હતા કે જેમણે આ ક્ષેત્રમાં નોંધપાત્ર સંશોધન કર્યું હતું. ભારતનું પ્રથમ ડિજિટલ સ્વદેશી કોમ્પ્યુટર આઇ.એસ.આઇ.એસ.યુ.-૧ ભારતીય વૈજ્ઞાનિક ગણિત શાસ્ત્રીશ્રી સર્મેન્દ્રકુમાર મિત્રાએ વર્ષ ૧૯૫૩-૫૪માં ઇલેક્ટ્રોનિક એનાલોગ કમ્પ્યુટર વિકસાવ્યું હતું અને તેઓ કલકત્તાની પ્રેસિડેન્ટ કૉલેજના સ્નાતક હતા. ૧૦,૦૦૦ જી.પી.યુ.ની કુલ ક્ષમતામાં કમ્પ્યુટરનું ઇન્ફ્રાસ્ટ્રકચર બનવાનું છે. એ.આઇ.ના કૉન્ટમ કોમ્પ્યુટર જેવી નવિન તકનિકો માટે યુઝ કેસોનો વિકાસ બહાર આપવાનો છે. એ.આઇ. અપનાવવા માટે ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરવા માટેની મદદ કરવી, ડીપટેક સ્ટાર્ટ-અપ ઇનોવેશન સંશોધનને પ્રોત્સાહન આપવું, માનવ ક્ષમતાઓના કૌશલ્ય વિકાસ માટે નાગરિકોને એ.આઇ. અને નવા યુગની ટેકનોલોજી આધારિત સેવાનું વિસ્તરણ તથા સર્વિસ ડિલિવરી માટે પ્લેટફોર્મ વિકસાવવા, ગુજરાત ફાયબર ગ્રીડ નેટવર્ક લિમિટેડ જી.એસ.જી.એમ.એલ. ગુજરાત રાજ્યમાં સ્ટેટ હેડ મૉડલ અંતર્ગત રાજ્યમાં સરકારશ્રીની એસ.પી.વી. ગુજરાતની ફાયબર ગ્રીડ નેટવર્ક લિમિટેડ (વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપની પાસે એક મિનિટનો સમય છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, સમય ઓછો પડશે. આપશ્રી તો ટેકનોગ્રેડ છો. આપે આખા બનાસકાંઠા જિલ્લાને ટેકનોગ્રેડ કર્યું છે. આપશ્રી દ્વારા એશિયાની પ્રથમ એવી ડેરી છે કે જેને આપ અહીંયા બેઠાં-બેઠાં કન્ટ્રોલ કરી શકો છો. એટલે મને ન્યાયિક રીતે ૫ મિનિટ આપવાની વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ બે મિનિટમાં પૂરું કરો.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર ગુજરાતના યુવાનોને, ગુજરાતના ગામડાઓને હાઇસ્પીડ નેટવર્ક મળી રહે એના માટે ૨૨ જિલ્લાઓમાં ૮ હજારથી વધુ ગામડાઓને લગભગ ૧૬ એમ.બી.પી.એસ. સ્પીડવાળી ઇન્ટરનેટ કનેક્ટિવિટીથી જોડવામાં આવ્યા છે કે જેનાથી વન જી. બી. નો ડેટા માત્ર ૧૦ સેકન્ડમાં ડાઉનલોડ થઇ શકે. ગુજરાતના સૌથી વધુ સમૃદ્ધ ખેડૂતો બનાસકાંઠાની અંદર છે અને એ ખેડૂતોને ઓનલાઇન પેમેન્ટ ચૂકવવાનું શરુ કર્યું હોય તો એ બનાસ ડેરીએ કર્યું છે અને માનનીય અધ્યક્ષશ્રી, એનો શ્રેય આપને જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતને સૌથી સસ્તી ઇન્ટરનેટ સેવા આપવાવાળા ટોચના દેશોમાં ભારત સ્થાન ધરાવે છે. સસ્તી ઇન્ટરનેટ સેવાઓને કારણે ગ્રામ્ય વિસ્તારમાં સૌથી મોટા ફેરફારો જોવા મળ્યા છે. વિશ્વનું સૌથી વધારે ઇ-ટ્રાન્ઝેકશન થતું હોય તો એ ભારતમાં થાય છે. સૌથી વધારે આ ટેકનોલોજીનો ઉપયોગ કદાચ કોઇ કરતું હોય તો આ ૧૪૦ કરોડની જનતા કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે સાયન્સ સિટી. માનનીય અધ્યક્ષશ્રી, હું અહીં બધા જ મિત્રોને કહું છું કે એકવાર સાયન્સ સિટીનો પ્રવાસ વિધાનસભાનો આપણે કરવો જોઇએ. કેમ કે સાયન્સ સિટીમાં વર્ષે લગભગ ૧૪ લાખ કરતા વધારે લોકો જોવા માટે આવે છે. સાયન્સ સિટી ૧૦૮ એકરમાં ફેલાયેલું છે. સાથે સાથે ૧૦૦૮ પાનાનાં પુસ્તકો એવા ૧૦૦ પુસ્તકો વાંચી લઇએ ત્યારે જેટલું જ્ઞાન આવે એ આ ૧૦૮ એકરમાં ફેલાયેલા સાયન્સ સિટીમાં આપણને એટલું નોલેજ યુવાનો માટે મળી રહે. સાથે સાથે સરકારશ્રી દરેક જિલ્લાઓની અંદર પાટણ છે, ભાવનગર છે, દરેક જિલ્લામાં એક પ્રકારના એકસેલન્સ સેન્ટર એટલે વૈજ્ઞાનિક લોકોને, બાળકોને ટેકનોલોજી સાથે જોડવાનો પ્રયાસ સરકાર કરી રહી છે. આવનારા દિવસોમાં તેંત્રીસે તેંત્રીસ જિલ્લાઓમાં સાયન્સ સિટી પ્રકારના જ નાના નાના મોડલો મૂકી યુવાનોમાં સાયન્સનો અભિગમ વધે તે માટે સરકાર સુચારુરૂપે કામ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે એક ખૂબ જ ઇમ્પોર્ટન્ટ વાત. કર્કવૃત અને વિષુવવૃત્તની લગભગ ૨૩.૩ ડિગ્રી ઉત્તરે સ્થિત કાલ્પનિક રેખા જે ભારતના ગુજરાત સહિત ૮ રાજયોમાં પસાર થાય છે. ગુજરાતમાં તે માત્ર સાબરકાંઠા જિલ્લામાં પસાર થાય છે. રાજ્ય સરકાર દ્વારા કર્કવૃતનું મહત્ત્વ સમજાવવા માટે સાબરકાંઠા જિલ્લાના સલાવ ગામ નજીક દોઢ એકરની અંદર આ ટ્રોપિક ઓફ કેન્સર સાયન્સ પાર્કની રચના કરવામાં આવી છે, જેમાં આઉટડોર પ્રદર્શન અને ખગોળશાસ્ત્રની રચના માટે મુલાકાતીઓને સુવિધા આપવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, વાતો ઘણી બધી છે. સિકયોરિટી એન્ડ ઓપરેશન સેન્ટર છે. સાથે સાથે ગુજરાત બાયોલોજીકલ યુનિવર્સિટી. માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ અગત્યનું કે કચ્છની અંદર જે ખારેક ઉગી રહી છે. એ ખારેકનું પ્રોડકશન કઇ રીતે વધે? એ ખારેક એક્સ્પોર્ટ કઇ રીતે થઇ શકે? એના બધા જ બાયોલોજીકલ ટેસ્ટ એ ગુજરાતમાં ગાંધીનગરમાં થઇ રહ્યા છે. એવી તમામે તમામ પ્રકારની ટેકનોલોજીની સુવિધા એ આવનારા દિવસોમાં ગુજરાત સરકારમાં ખૂબ જ પ્રાધાન્ય મેળવી રહી છે. સાથે સાથે ગુજરાત બાયોલોજીકલ રિસર્ચ સેન્ટર છે. ગુજરાત રાજ્ય બાયોલોજીકલ મિશન છે. સાવલી ખાતે ટેકનોલોજી એન્ડ બિઝનેસ ઇન્ક્યુબેશન સેન્ટર પણ આપણે સ્થાપવા જઇ રહ્યા છીએ. સૌથી અગત્યની વાત કે સ્ટાર્ટ અપ એ શબ્દ ભારતમાં કોઇ લઇ આવ્યું હોય તો દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય શ્રી મોદીજી લઇ આવ્યા છે. આ હાઉસના તમામ સભ્યોને મારી વિનંતી છે કે આઇ હબની વિઝિટ કરો. આઇ હબની વિઝિટ એ સરકાર અને અધ્યક્ષશ્રી જોડે રહીને ગોઠવશે. આઇ હબ એ દેશનું ઐતિહાસિક જોવા જેવું સ્થળ છે. જયાં આપણે સ્ટાર્ટ અપને ખૂબ મોટું પ્લેટફોર્મ આપીએ છીએ.

છેલ્લે માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત પૂરી કરતા એટલું ચોક્કસ કહીશ કે આ બધી જ માગણીઓમાં દેશના યશસ્વી વડાપ્રધાનજીએ લાલ કિલ્લા પરથી કહેલી કવિતાનું હું ચોકકસ આજના દિવસે સ્મરણ કરીશ.

માઘ ૨૬, ૧૯૪૫ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ત્રીજો દિવસ )

''यही सही समय है, भारत का यही अनमोल समय है।

असंख्य भुजाओं की शक्ति है, हर के प्रति देश की भक्ति है।

यही समय है। हस्ताक्षर का समय. भारत का अमूल्य समय.''

આભાર માનનીય અધ્યક્ષશ્રી, મારી તમામ સભ્યશ્રીઓને વિનંતી છે કે હું જે માગણીઓ લઇ આવ્યો છું તેને આપ સૌએ મંજૂર રાખવી જોઇએ કેમ કે આવનારા દિવસોમાં બધા જ લોકો (અંતરાય) અને વિશ્વ આ ટેકનોલોજીના માધ્યમથી જોડાયા છે. (અંતરાય) કાલે કદાચ ૫ મિનિટ જી–સ્વાનની કનેક્ટિવિટી ના મળી, એમાં આપણે આઘાપાછા થઇ ગયા. તો કલ્પના કરો, આ ટેકનોલોજીનો જમાનો છે. ટેકનોલોજીમાં જો આપણે અપગ્રેડ નહીં થઇએ તો કાલે આપણું સોફ્ટવેર અને આપણું હાર્ડવેર બંધ થઇ જશે. તમામ મિત્રોને મારી વિનંતી છે આપ આપની કાપ દરખાસ્ત પરત ખેંચો અને માગણીઓ મંજૂર કરો.

અધ્યક્ષશ્રી : માનનીય ધારાસભ્યશ્રીઓને કંઇક પ્રશ્ન હોય તો એના માટે બે મિનિટ આપું છું. સચિવશ્રીઓ એને રેકોર્ડ કરે, નોંધે. મંત્રીશ્રીઓએ જવાબ આપવાનો નથી. તમારા વિસ્તારમાં જે તમે આ માગણીઓ મંજૂર કરો છો, જે તમે નાણાં મંજૂર કરો છો, તેમાં તમારા વિસ્તારનું કોઇ પ્રાયોરિટીવાળું કામ હોય તો કોઇ વર્ણન કર્યા સિવાય સીધે સીધા એક એક મુદ્દામાં વાત કરો.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તારોમાં જેમના ખાતે જમીન નથી. રહેવા માટે ઘર નથી અને જેમને પ્લોટ નથી અને આ ગૌચરની નીતિના કારણે સુપ્રીમકોર્ટના આદેશના કારણે આપણે એમને પ્લોટ આપી શકતા નથી. તો મારી સરકારને વિનંતી છે કે આમાં સરકારે ગમે તે રસ્તો કાઢી અને જેમને ખરેખર પ્લોટ નથી અને રહેવા માટે ઘર નથી એના માટેની વ્યવસ્થાઓ કરવી જોઇએ.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, આપ યુવા મનને સારી રીતે ઓળખો છો. હમણાં વેજલપુર વિધાનસભામાં દેશનો પહેલો એમ.એલ.એ. ઇનીસીએટીવ દ્વારા વેજલપુર સ્ટર્ટઅપ ફેસ્ટિવલ કર્યો, એમાં ૪૫૦૦ થી વધારે યુવાનોએ રજિસ્ટ્રેશન કર્યું, આ અમે એટલા માટે કરી શકયા કે દેશની અંદર માનનીય નરેન્દ્રભાઇના પ્રયાસને કારણે જે સ્ટાર્ટઅપ થયું, રાજયમાં ૧૦ હજાર સ્ટાર્ટઅપ છે, અમદાવાદમાં ૪૧૦૦ છે એમાંથી ૧૫૦૦ સ્ટાર્ટઅપ ખાલી મારા મતવિસ્તારમાં રજિસ્ટર્ડ સ્ટાર્ટઅપ છે તો મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આપ જો વેજલપુર વિધાનસભાની અંદર એક ઇનક્યુબેટર આપો તો યુવાનોને ખૂબ ફાયદો થશે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તારમાં બી.પી.એલ. યાદીનો બહુ લાંબા સમયથી નવેસરથી સરવે થયો હોવાને કારણે લોકોમાં બહુ પ્રશ્નો છે તો બી.પી.એલ. યાદીનો તાત્કાલિક સરવે કરવામાં આવે. મનરેગા યોજનામાં શ્રમિકોને સમયસર ચૂકવણું થતું નથી તો સ્ટેટ લેવલે એના મોનિટરિંગની વ્યવસ્થા થાય અને ખાસ કરીને દાહોદ જિલ્લામાં મનરેગામાં ખૂબ મોટા ભ્રષ્ટાચારની ફરિયાદ મળી છે. અમે લેખિત પણ વારંવાર રજૂઆતો કરી છે તો સ્ટેટ લેવલે પ્રમાણિક અધિકારીઓની એસ.આઇ.ટી. બનાવીને તપાસ કરાવવામાં આવે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા સરકારશ્રીને કહેવું છે કે અત્યારે જે ઘણી પેઢીઓથી, ઘણાં વર્ષોથી જે લોકો રહે છે ત્યારે અમૂક માપણીમાં ફોરેસ્ટમાં આવે છે, તો એ રેવન્યુમાં ગામતળમાં આવે, જે ગાયો–ભેંસોના વાડા હતા, ખરાવાડ વિસ્તારમાં જે પેઢીઓ રહે છે એ મકાન આકારણીમાં ચડી જાય તો સરકારશ્રીને મકાનના પૈસા બચે અને એને ઘરતળ, પાણી, લાઇટ, આંગણવાડી, પંચાયત તમામ સુવિધાઓ મળે છે પણ આપણી સરકારને એક પણ પૈસાની આવક નથી તો આ રેગ્યુલર થાય તો સરકારશ્રીની આવક થાય અને એમને ઘરનું ઘર મળી જાય, આપણા દેશના વડાપ્રધાનશ્રીનું જે સ્વપ્ન છે કે બધાને ઘર મળે તો આમને પણ ઘર મળે.

શ્રી કરશનભાઇ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, જે ૩૦–૩૫ વર્ષથી મકાનો બાંધીને રહે છે ગામતળમાં એમને આકારણીમાં ચડાવી અને પાણી અને ગટર આપે તો સરકારને આવક થાય.

શ્રી ગૌતમભાઇ ગો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારું એક સૂચન છે કે ગામડામાં રેશનકાર્ડમાં જે નામના સુધારા કરવા જાય છે ત્યારે ઇંગ્લીશમાં નામ તો સુધરી જાય છે, પણ પ્રિન્ટ નીકળે છે એમાં ચડતા નથી અને નામની જગ્યાએ MMM, YYY, KKK એવું આવે છે તો એમાં તાત્કાલિક સુધારો થાય એવું મારું સૂચન છે.

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જેમ અમદાવાદની અંદર ૧૦૮ એકરમાં સાયન્સ સિટી ફેલાયેલી છે અને એનો લાભ લાખો લોકો લઇ રહ્યા છે. વડોદરાએ શૈક્ષણિક સંકુલોનું કેન્દ્ર છે તો વડોદરાની અંદર પણ સાયન્સ સિટી એ જે પણ પ્રક્રિયાના લેવલે હોય એ પૂરી કરીને વડોદરા સિટીને મળે એવી મારી અરજી છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું એવો પ્રશ્ન પૂછવા માગું છું કે મનરેગાની અંદર ઘણાં બધાં કામો થાય છે ત્યારે અમારા ગ્રામ્ય વિસ્તારમાં માટી–મેટલના રસ્તાની મંજૂરી અમારા વિસ્તારમાં આપવામાં આવી નથી તો અમારા વિસ્તારમાં એ માટી–મેટલના રસ્તાઓની મંજૂરી આપવામાં આવે, બીજું કે ગ્રામ્ય વિસ્તારમાં ગામોના ગામતળો નીમ

કરવામાં આવ્યા નથી તો એ ગામતળો એક ઝુંબેશના સ્વરૂપે નીમ કરવામાં આવે તો ત્યાં ગ્રામ્ય વિસ્તારના જે ખેતમજૂરો છે એમના આવાસ તાત્કાલિક અસરથી થઇ જાય એવી મારી રજૂઆત છે.

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે છોટા ઉદેપુર જિલ્લામાં પંચાયત ભવન, અમારું છોટાઉદેપુર તાલુકા પંચાયત ભવન અને બોડેલી તાલુકા પંચાયત ભવન અમને વહેલી તકે મંજૂર કરવામાં આવે અને મનરેગા અંતર્ગત છોટાઉદેપુર જિલ્લામાં એક ગામથી બીજા ગામને જોડાતા માટી મેટલના રસ્તાઓ શરૂ કરવામાં આવે.

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી અને એમના વિભાગને વિનંતી કરવા માગું છું કે, મારા વિસ્તારમાં અનેક ગ્રામ પંચાયતો મંજૂરી થઇ છે. પણ હજી કામ ચાલુ થયું નથી તો એ ચાલુ કરવામાં આવે અને આમોદ તાલુકાની અંદર એકપણ રેસ્ટ હાઉસ નથી તો એની પણ તાત્કાલિક મંજૂરી આપવામાં આવે એવી નમ્ર વિનંતી છે.

શ્રી જિતેન્દ્રકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પોપર્ટી કાર્ડમાં હાલ બે–બે, ત્રણ–ત્રણ દસ્તાવેજ હોય તો પહેલા દસ્તાવેજ પછી બીજા દસ્તાવેજને રજૂ કરીએ. એ રજૂ કર્યા પછી એના નામે જાય. એમ કરીને ત્રણ જણાના નામે જઇને ચોથા વ્યક્તિના નામે આવે અને છેલ્લા દસ્તાવેજવાળાના નામે જાય છે. તો એ પ્રોબ્લેમ છેલ્લો જેનો દસ્તાવેજ છે એને ટ્રાન્સફર થાય એવું કરવું જોઇએ?

અધ્યક્ષશ્રી : કયા ડિપાર્ટમેન્ટનો આ પ્રશ્ન છે?

શ્રી જિતેન્દ્રકુમાર ર. પટેલ : રેવન્યુનો.

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જામનગરમાં પણ સાયન્સ સિટી છે. એને સ્વીકૃતિ મળી ગઇ છે. અત્યારે એનું પ્રાથમિક તબક્કાનું કામ ચાલુ છે એમાં ઝડપ લાવી સમયસર કાર્ય પૂરું કરવામાં આવે એવી વિનંતી છે.

શ્રી કલ્પેશભાઇ આ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મા નાણાપંચની અંદર જે ગટર માટે ગાઇડલાઇન આપેલી છે એ ગામડાની અંદર જરૂરિયાત ન હોવાછતાં વાપરવી પડતી હોય એના બદલે બીજી કોઇ જોગવાઇ થાય તો સારું.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લાનો પલસાણા તાલુકો જે બારડોલી વિધાનસભા મત વિસ્તારમાં આવે છે એમાં અંબેટી ગામમાં ૯૦ ટકા આદિજાતિ વિભાગની વસ્તી છે. સાયન્સ એન્ડ ટેકનોલોજી અને આદિજાતિ બન્ને વિભાગને રજૂઆત કરી છે કે ત્યાં મોબાઇલનું કનેક્ટિવિટી નેટવર્ક આવતું નથી. એમાં ઘટતું થાય એવી વિનંતી છે.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, મોરબી શહેરમાં મચ્છુ–ર કેનાલ નીકળે છે. વર્ષમાં એક–બે ભાઇ–બહેનો ડૂબીને મરી જતા હોય છે. તો એને પાકી બનાવવા માટે ઘણી વખત રજૂઆત કરી છે. એમાં ખર્ચ વધારે છે પણ માણસોને બચાવવા માટે આ પાકી કેનાલ કરો તો સારું.

**કાપ દરખાસ્તો ક્રમાંક – ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫ અને ૨૬ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક – ૭૦, ૭૧ અને ૮૯ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી સંકલ્પો**

**''પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના''અંગેનો સંકલ્પ :માનનીય સભ્યશ્રી કનૈયાલાલ કિશોરી ગેરહાજર.**

**'' વિકસિત ભારત સંકલ્પ યાત્રા''અંગેનો સંકલ્પ :માનનીય સભ્યશ્રી અમૂલ ભટ્ટ ગેરહાજર.**

**''વન નેશન, વન રાશન કાર્ડ''અંગેનો સંકલ્પ : માનનીય સભ્ય શ્રીમતી દર્શના વાઘેલા ગેરહાજર.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧૨–૧૩ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા.૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારના ૧૦–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માઘ ૨૭, ૧૯૪૫ શાકે**
**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### ગીર સોમનાથ જિલ્લાના તાલાલા શહેરમાં નવું સામૂહિક આરોગ્ય કેન્દ્ર

*15/4/1360 **શ્રી ભગાભાઇ બારડ** (તાલાલા) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના તાલાલા શહેરના સામૂહિક આરોગ્ય કેન્દ્રના બિલ્ડિંગના નવીનીકરણનું કોઇ આયોજન છે કે કેમ,અને | )૧( | હા,જી |
| )૨( | જો હા તો, ઉક્ત સ્થિતિએ કામગીરી કયા તબક્કે છે? | (૨) | ઉક્ત સ્થિતિએ કામગીરીનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. |

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો ગઇ કાલે મા અંબાના દરબારમાં અમને બધાને દર્શન કરવાનો મોકો પણ મળ્યો છે અને મા અંબાના દરબારમાં અમને ગરબા રમવાનો પણ મોકો મળ્યો છે અને આવો લાભ અમને જયાં મળ્યો છે એ માટે ગૃહના તમામ મંત્રીશ્રીઓ અને અમારા તમામ સભ્યશ્રીઓ વતી આપનો ખૂબ ખૂબ આભાર વ્યકત કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : મા અંબા સૌ ગુજરાતીઓનું કલ્યાણ કરે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા ગીર સોમનાથ જિલ્લામાં મારા તલાલા તાલુકાની અંદર નવું સી.એચ.સી. સેન્ટર મંજૂર થયું છે એવો જવાબ આપ્યો છે અને એજન્સી પણ ફિકસ થઇ ગઇ છે પણ એનું વહેલી તકે ખાતમુહૂર્ત માનનીય મંત્રીશ્રી કરે અને જે જગ્યાએ જૂની હોસ્પિટલ છે ત્યાં જ ડિમોલેશન કરીને જો બનાવવામાં આવે તો સિટી વિસ્તારના લોકોને દૂર ન જવું પડે અને સગવડતાઓ ત્યાં મળી રહે. બીજો પ્રશ્ન છે કે ગીર સોમનાથ જિલ્લામાં સિવિલ હોસ્પીટલનો દરજ્જો કયારનો મળી ગયો છે પણ એમાં સિવિલ સર્જનની જગ્યા ખાલી છે તો અમારે જૂનાગઢ સુધી ઘણી વખત દર્દીઓને જવું પડે છે તો વહેલી તકે એ જગ્યા ભરાય એ માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભગાભાઇના તલાલામાં એમણે કહ્યું કે જે જગ્યા જૂની હતી ત્યાં જ બનાવવામાં આવે. આપણે ત્યાં જ બનાવી રહ્યા છીએ. ત્યાં જે જૂના સ્ટાફ કવાર્ટર હતા એ જર્જરિત હતા એમને તોડી નાખ્યા છે, ડિમોલેશન કરી દીધું છે પરંતુ અત્યારે આપણે એટલાં માટે કામ ચાલુ નથી કરી શકતા કે ઇલેકશન છે એટલે જયાં આગળ આપણે શિફટ કર્યું છે ત્યાં સ્કૂલ છે, ત્યાં અત્યારે મતદાન કેન્દ્રો બનવાના છે એટલે આમ તો ખાતમુહૂર્ત કરવું હોય તો થઇ શકે, કામ થોડું મોડું ચાલુ થાય એમ છે, બાકી તલાલામાં આપની જે લાગણી અને માગણી છે એ બિલકુલ સરકારશ્રીએ સંતોષી છે અને તમારી જે માગણી છે કે જૂની જગ્યાએ તો આપણે જૂની જગ્યાએ જ બનાવી રહ્યા છીએ અને સાથે જે સર્જનની જગ્યા ભરવાની વાત કરી તો બનતી ત્વરાએ શકય એટલી ઝડપથી અને આપ પણ જાણો છો કે વર્ગ-૧ના ડોકટરોની આપણે ત્યાં શોર્ટેજ છે છતાં પણ જયાં મહત્ત્વના લોકેશન્સ છે કે જયાં આગળ સર્જરીની જરૂર પડે, વર્ગ-૧ના ડોકટરોની જરૂર પડે, થોડુંક સેટલમેન્ટ કરીને આખા રાજયમાં કરવા વિચારી રહ્યા છીએ. યોગ્ય સર્જનની બનતી ત્વરાએ ગોઠવણ કરીશું.

ડો. પ્રદ્યુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પેટા આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનના બાંધકામ માટે અંદાજિત કેટલી જમીનની જરૂરીયાત છે, અંદાજિત કેટલો ખર્ચ છે અને નવું કેન્દ્ર ચાલુ કરવા માટેના શું ધારાધોરણ છે એન ગીર સોમનાથ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રમાં અદ્યતન બાંધકામની શું વિગત છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જમીનની જરૂરિયાત અને મકાનના બાંધકામ માટે એસ.ઓ.આર. મુજબ જે ખર્ચ થાય એમાં પેટા આરોગ્ય કેન્દ્રમાં ૫૦૦ ચોરસ મીટર જમીનની જરૂર પડે જેમાં ૪૫ લાખ રૂપિયાની આસપાસનો ખર્ચો એસ.ઓ. આર. મુજબ પેટા આરોગ્ય કેન્દ્રમાં થાય છે. પ્રાથમિક અરોગ્ય કેન્દ્રમાં ૨૫૦૦ ચોરસ મીટર જેમાં ૨ કરોડ જેવી રકમની જોગવાઇ કરવી પડે એવી છે. જે સી.એચ.સી. છે એમાં ૧૦ હજાર ચોરસ મીટર અને ૬ કરોડ અને ૬૦ લાખની એસ.ઓ.આર. મુજબ એનું એસ્ટીમેટ થતું હોય છે. ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા હોસ્પિટલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક

આરોગ્ય કેન્દ્ર અને પેટા આરોગ્ય કેન્દ્રના બાંધકામની વિગતો જનરલ હોસ્પિટલ વેરાવળ, ખાતે ૧૫૦ બેડની ક્ષમતા. ઉનામાં બે સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ છે. હાલમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કાર્યરત છે. નવું મકાન મંજૂર કરેલ છે. જમીન મેળવવાની પ્રક્રિયા ચાલુ છે. ગીર ગઢડા ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્રના મકાનમાં કાર્યરત છે. નવું મકાન મંજૂર કર્યું છે અને કાર્યવાહી ચાલુ છે. તલાલામાં પ્રગતિમાં છે અને વહેલી તકે ચાલુ થશે. ૫ સામૂહિક આરોગ્ય કેન્દ્રો સારી સ્થિતિમાં છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ૨૯ છે એમાં ૩ વર્ક ઓર્ડરમાં છે, ૬ ટેન્ડરની મંજૂરી હેઠળ છે, ૨ સુધારેલ વહીવટી મંજૂરી હેઠળ, ૩ સારી પરિસ્થિતિમાં છે અને ૧૪ સામાન્ય મરામતની જરૂરિયાત છે. ૧ માં જમીનનો પ્રશ્ન છે. જે પેટા આરોગ્ય કેન્દ્રો ૧૭૨ છે એમાં ૧૬માં સુધારેલ વહીવટી મંજૂરી હેઠળ છે, ૧૩ ટેન્ડર મંજૂરી હેઠળ, ૭ ડિસ્ટ્રિક્ટ મિનરલ ફંડ વહીવટી મંજૂરી હેઠળ, ૩ આદિમ જૂથ યોજના વહીવટી મંજૂરી હેઠળ, ૨ જમીનના પ્રશ્નો છે. ૬૬ માં નાનાં મોટાં કામો છે અને ૬૫ સારી સ્થિતિમાં છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારા સોમનાથ વિસ્તારમાં પાટણ મુકામે સી.એચ.સી. આવેલ છે એ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ દાદાની નજીકમાં આવેલ છે. વિશ્વમાંથી યાત્રિકો આવતા હોય અને ઘણાં બધાં ગામડાને પણ લાગુ પડે છે. બિલ્ડિંગ છે પણ ડોકટરો નથી. ૩ મેડિકલ ઓફિસરોની જગ્યા ખાલી છે. સુપ્રિન્ટેન્ડન્ટની જગ્યા ખાલી છે. ૩ મેડિકલ ઓફિસરોની જગ્યા બોન્ડ ઉપર ભરેલી હતી પણ અધિકૃત રીતે રજા ઉપર ચાલી ગયેલા છે. તેનો ચાર્જ અંદાજે ૧૦૦ કિલોમિટર દૂર વિસ્તારના ડોકટરોને આપેલ છે. ત્યાંથી ડોકટરો આવતા નથી. સુપ્રિન્ટેન્ડન્ટની જગ્યા પણ ચાર્જમાં છે. આથી આ ૩ મેડિકલ ઓફિસરની જગ્યા કાયમી ભરવા માગો છો અને સુપ્રિન્ટેન્ડન્ટની જગ્યા પણ કાયમી માટે ભરવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વેરાવળ મુકામે જે જગ્યાઓ ખાલી છે એ જગ્યાની નિરંતર આપણી ભરતી પ્રક્રિયા ચાલુ હોય છે. ત્યાં બોન્ડેડ ડોકટર મૂકવાની વાત કરી એ કદાચ આપણે હુકમો કરી દીધા હતા પણ હાજર ન થયા હોય અને હાજર થયા પછી ગેરહાજર રહેતા હશે. પરંતુ આખા રાજ્યમાં જ્યાં બોન્ડેડ ડોકટરો મૂક્યા હોય અને હાજર થઇને રજા ઉપર ગયા હોય અથવા હાજર ન થયા હોય એમાં આપણે ફરીથી વિશ્લેષણ કરી રહ્યા છીએ. એ પછી વહેલામાં વહેલી તકે આરોગ્યની સગવડ માટે મેન મશીનરી આપણે પ્રોવાઇડ કરી રહ્યા છીએ.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : ત્યાં ડોકટર વગર હોસ્પિટલ ચાલે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : બનતી ત્વરાએ આપણે મૂકી દઇશું.

અધ્યક્ષશ્રી : માનનીય વિમલભાઇ, હાઇવે ઉપર પુલ છે ત્યાં રસ્તો કર્યો કે પછી ગલીમાંથી રસ્તો નીકળે છે તે જ છે? (અંતરાય) એમને હાઇવે ઉપર એક પુલ છે એની બાજુમાં હોસ્પિટલનો રસ્તો થઇ જાય તો સરસ થઇ શકે. મેં જાતે એક વખત મુલાકાત કરેલી છે. માનનીય મંત્રીશ્રી, આપ ચેક કરીને જોઇ લેજો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસ એમની કોઇપણ રજૂઆત હશે, કોઇપણ માનનીય સભ્યશ્રીઓની એ પછી કોંગ્રેસના ધારાસભ્યશ્રી હોય કે ભાજપના ધારાસભ્યશ્રી હોય, પોતાના વિસ્તારના પ્રશ્નો રજૂ કરી શકતા હોય એટલે રાજ્ય સરકાર ગુજરાતની તમામ પ્રજા એમાં અમે કદી જોતા નથી કોણ ધારાસભ્ય છે, કોની સીટ છે. અમે કેવળ પ્રજાને ટાર્ગેટ કરીને કામ કરીએ છીએ.

**જામનગર ખાતે નવી પ્રસુતિ અને બાળ આરોગ્ય હોસ્પિટલનું બાંધકામ**

* **15/4/1142 શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા** (જામનગર ઉત્તર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧( તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ જામનગર ખાતે નવી પ્રસુતિ અને બાળ આરોગ્ય હોસ્પિટલના બાંધકામનું આયોજન છે કે કેમ, અને | )૧( હા, જી |
| )૨( જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે? | )૨( જી.જી .હોસ્પિટલ, જામનગર ખાતે માસ્ટર પ્લાન અંતર્ગત જુના બિલ્ડીંગો તોડીને વિવિધ નવા બાંધકામ કરવા )અ (નવી ઓ.પી.ડી .બિલ્ડિંગ અને ૬૫૦ બેડેડ ઓર્થોપેડીક્સ, આંખ, ઈ.એન.ટી., સર્જરી, રેડિયોલોજી અને આઈ.સી.યુ .વિભાગ બિલ્ડિંગ, સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ )બ (૫૦૦ બેડેડ માતૃ બાળ હોસ્પિટલના બાંધકામ કરવા માટે સંયુક્ત રીતે રૂ.૫૦૦૦.૦૦ લાખ મંજૂર કરવામાં આવેલ છે. |

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય નાણામંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જી.જી. હોસ્પિટલ જામનગર ખાતે નવી બનનાર પ્રસૂતિ અને બાળ આરોગ્ય હોસ્પિટલમાં કઇ કઇ આરોગ્ય સારવાર ઉપલબ્ધ છે? એના માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવેલ છે? મારો બીજો પ્રશ્ન છે કે જામનગર જિલ્લામાં પી.આઇ.યુ. દ્વારા હાથ ધરેલ કામગીરીની વિગતો જણાવશો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : જી.જી. હોસ્પિટલ, જામનગર ખાતે નવીન બનનાર પ્રસૂતિ અને બાળ હોસ્પિટલ એટલે કે એમ.સી.એચ. હોસ્પિટલમાં ઓ.પી.ડી., આઇ.પી.ડી. રસીકરણ, ઇમર્જન્સી સારવાર, આઇ.સી.યુ., ઓપરેશન્સ, નિદાન,

ડી.ઇ.આર.આર.સી., એન.આર.સી., સ્પેશિયલ વેલ બેબી ક્લિનિક, એડોલ્સન્ટ ક્લિનિક વગેરે સારવાર ઉપલબ્ધ કરવામાં આવનાર છેઅને જામનગર ખાતે જી.જી.હોસ્પિટલમાં ૫૦૪ પથારીની આધુનિક સુવિધા સાથે માતા અને બાળકોની ચિંતા કરતી બાળ આરોગ્ય હોસ્પિટલ આપણે બનાવી છે અને આખા જામનગમાં પી.આઇ. જે આરોગ્ય ક્ષેત્રે બાંધકામનું કામ કરે છે એ પરિસ્થિતિ જોઇએ તો જી.જી. હોસ્પિટલમાં કુલ ૧૫ બિલ્ડિંગો છે જેમાં ૧ પ્રગતિ હેઠળ છે અને એમાં સ્ત્રી અને બાળ વિભાગ, સુપર સ્પેશ્યાલિટી, ઓ.પી.ડી. મળી કુલ ૧,૧૫૦ પથારીના ડીટેઇલ પ્રોજેક્ટ રિપોર્ટ સરકારમાં મંજૂરી હેઠળ છે, ૮ જર્જરિત મંજૂરી હેઠળ છે. માસ્ટર પ્લાન અંતર્ગત ઉપરોક્ત હોસ્પિટલ બિલ્ડિંગના સ્થાને બનાવવાના છે. ૩ જરૂરિયાત મુજબનું રિપેરિંગના પ્રાથમિક અંદાજ મેડિકલ ઓથોરિટીને સાદર કરેલ છે. ૪ સારી પરિસ્થિતિ હેઠળ છે. એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજમાં કુલ ૧૭ બિલ્ડિંગ છે એમાં ૨ પ્રગિત હેઠળ છે. એક ૭૦૦ પથારીની મેડિકલ હોસ્ટેલ્સ ૨. ૮૦૦ પથારીની યુ.જી. બોયઝ હોસ્ટેલ ડીટેઇલ પ્રોજેક્ટ રિપોર્ટ સરકારમાં મંજૂરી હેઠળ છે. ૧ જરૂરિયાત મુજબના રિપેરિંગના પ્રાથમિક અંદાજ પ્રગતિ હેઠળ છે, ૪ સારી પરિસ્થિતિ હેઠળ છે, ૧૨ જર્જરિત હોસ્ટેલ્સ અને ફિઝ્યોથેરાપી કોલેજમાં કુલ ૨ બિલ્ડિંગ છે એમાં ૧ નવું બિલ્ડિંગની કોલેજ બજેટમાં જોગવાઇ માટેના અંદાજ મેડિકલ ઓથોરિટીને સાદર કરેલ છે અને ૧ સારી પરિસ્થિતિ હેઠળ છે. નર્સીંગ કોલેજ બિલ્ડિંગ જર્જરિત છે, ૧ સારી પરિસ્થિતિ હેઠળ છે. મેન્ટલ હોસ્પિટલના ૩ બિલ્ડિંગમાં ૨ માં જરૂરિયાત મુજબનું રિપેરિંગના પ્રાથમિક અંદાજ મેડિકલ ઓથોરિટીને સાદર કરેલ છે અને ૧ સારી પરિસ્થિતિ હેઠળ છે. એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજના સ્ટાફ ક્વાર્ટરના કુલ ૭૦ બિલ્ડિંગમાં ૫૦ જર્જરિત, ૧૯ જરૂરિયાત મુજબના રિપેરિંગના પ્રાથમિક અંદાજ મેડિકલ ઓથોરિટીને સાદર કરેલ છે અને બાકી સી.એચ.સી., પી.એચ.સી., પેટા આરોગ્ય કેન્દ્ર વગેરેનું પણ આખું લિસ્ટ છે સાહેબ, આપ કહેતાં હોય તો એમને આપી દઉં અથવા તો આખું વર્ણન કરું.

અધ્યક્ષશ્રી : આપ એમને લિસ્ટ પહોંચાડી દેજો.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા તો હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે, અમારી જામનગર જી.જી.હોસ્પિટલમાં ન્યૂરો સર્જન ડિપાર્ટમેન્ટ મંજૂર કરી દીધો છે અને ડોક્ટરોની પણ નિમણૂક કરી દીધી છે. મારો પ્રશ્ન મંત્રીશ્રીને એ છે કે, જામનગર જી.જી.હોસ્પિટલમાં હાલ કેટલી પથારીની સુવિધા ઉલપબ્ધ છે? તથા છેલ્લાં ૨ વર્ષમાં કેટલા દર્દીઓએ સારવાર લીધેલ છે? અને કેટલા લેબોરેટરી પરિક્ષણ કરવામાં આવેલ છે? કેટલા પ્રસૂતિના કેસ થયેલ છે? અને કેટલા મેજર અને માઇનોર ઓપરેશનો કરવામાં આવેલ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જી.જી. હોસ્પિટલમાં ૨,૧૪૫ ઉપલબ્ધ બેડ છે. છેલ્લાં ૨ વર્ષમાં સને ૨૦૨૧-૨૨માં ૬,૯૪,૬૭૯ સને ૨૦૨૨-૨૩માં ૭,૭૬,૦૬૧ આમ કુલ ૧૪,૭૦,૭૪૦ દર્દીઓએ સારવાર લીધેલ છે અને ૨ વર્ષમાં સને ૨૦૨૧-૨૨માં ૧૨,૭૯,૧૫૩ અને સને ૨૦૨૨-૨૩માં ૧૧,૬૦,૨૮૧ એમ કુલ ૨૪,૩૯,૪૩૩ લેબોરેટરી પરિક્ષણ કરવામાં આવેલ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય કાંતિભાઇ અને માનનીય અરવિંદભાઇ રાણા બંને બેઠાં બેઠાં વાતો નહીં કરીએ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રસૂતિના કેસ સને ૨૦૨૧-૨૨માં ૮,૨૫૨ સને ૨૦૨૨-૨૩માં ૯,૦૫૫. આમ, કુલ ૧૭,૩૦૭ પ્રસૂતિ કરી છે અને ૨ વર્ષમાં મેજર અને માઇનોર ઓપરેશનની વિગતો જોઇએ તો સને ૨૦૨૧-૨૨માં ૮,૪૩૭ મેજર ઓપરેશન કર્યા છે, ૧૯,૭૪૫ માઇનોર ઓપરેશન છે. સને ૨૦૨૨-૨૩માં ૧૦,૨૯૦ મેજર ઓપરેશન, ૧૫,૮૨૦ માઇનોર ઓપરેશન. મેજર ઓપરેશન ટોટલ ૧૮,૭૨૭ અને માઇનોર ઓપરેશન ૩૫,૫૬૫ કર્યા છે.

**નડાબેટ ખાતે આવતા પ્રવાસીઓની સંખ્યા**

***15/4/1137 શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી** )ડીસા :(**માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠાના નડાબેટ ખાતે આવતા પ્રવાસીઓ માટેની સુવિધાઓ વિકસાવવાથી પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે કે કેમ, | (૧) ના,જી. તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠાના નડાબેટ ખાતે આવતા પ્રવાસીઓની સંખ્યામાં કુદરતી આફત-બીપોરજોયના લીધે નીચે મુજબ ઘટાડો થયેલ છે: |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તેની વિગતો શું છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૩) રૂ.૨૪૫૮.૦૩ લાખ. |

| વર્ષ | પ્રવાસીઓની સંખ્યા |
|---|---|
| ૨૦૨૨ | ૫,૦૪,૭૯૪ |
| ૨૦૨૩ | ૩,૯૩,૩૬૧ |

## તા.૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## તારાંકિત પ્રશ્નો

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો ઇશાન ખૂણો એટલે બનાસકાંઠા અને એમાં જગતજનની મા અંબાના કાલે દર્શન કરવાનો અવસર આપ્યો એ બદલ આપનો અને માનનીય મુખ્યમંત્રી સાહેબનો આભાર વ્યક્ત કરીએ છીએ. આ જિલ્લાની અંદર બીજું એક મોટું ધામ આવેલું છે નડેશ્વરી માતા અને આપશ્રીએ અને માનનીય નરેન્દ્રભાઇએ જે તે સમયે પ્રયત્નો કર્યા કે બોર્ડર ટુરિઝમનો વિકાસ થાય. એના ભાગરૂપે આ જે નડાબેટ ધામનો વિકાસ થયો છે એમાં છેલ્લાં બે વર્ષની અંદર સંખ્યામાં કેટલો વધારો થયો છે? અને એની પાછળ ખર્ચ કેટલો થયો છે?

શ્રી મુળુભાઇ હ. બેરા (આયર) : માનનીય અધ્યક્ષશ્રી, નડાબેટમાં પ્રવાસીઓની સંખ્યામાં ૨૦૨૨ કરતા ૨૦૨૩માં તા.૩૧–૫–૨૦૨૩ સુધી વધારો થયો છે પરંતુ આખુ વર્ષ ગણીએ તો બિપોરજોય વાવાઝોડાને કારણે પ્રવાસીઓની સંખ્યા વર્ષ ૨૦૨૨ની સરખામણીમાં વર્ષ ૨૦૨૩માં ઘટી છે અને એમાં કુલ ૧૨૫ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. અલગ અલગ ફેઝમાં કામ થયું. પહેલો ફેઝ જે છે એમાં અર્બન પ્લાઝા, પાર્કીંગ ઓડિટોરિયમ દુકાનો ૨૨, આઉટડોર ડેવલપમેન્ટ વગેરેની કામગીરી માટે રૂ.૨૨૮૩.૯૫ લાખનો ખર્ચ થયો છે. ફેઝ–૨માં અજહરી પ્રહરી સ્મારક, પરેડ ગ્રાઉન્ડ, એપ્રોચ રોડ, સરહદ ગાથા મ્યુઝિયમ, એરક્રાફ્ટ પ્લેટફોર્મ, બી.એસ.એફ. બૅરેક જેવી કામગીરી માટે રૂ.૩૨૦૩.૯૩ લાખનો ખર્ચ કરીને પૂર્ણ કરવામાં આવેલ છે. ફેઝ–૩ અંતર્ગત એક્ઝિબિશન હોલનું ફર્નિચર કામ, આગમન પ્લાઝા ફર્નિચર, ઓડિટોરિયમ અને સાઉન્ડ પ્રૂફ રેકોર્ડ સ્ટ્રીક વર્ક, સી.સી.ટી.વી. કેમેરા, ફર્નિચર, પબ્લિક એનાઉસમેન્ટ સિસ્ટમ વગેરેની કામગીરી માટે રૂ.૪૩૪.૪૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે અને ફેઝ–૪ છે એમાં સેન્ટ્રલાઇઝ એ.સી., થ્રીડી ગેમ, ભારતમાં જુદીજુદી સરહદ દર્શાવતા કલ્પચર, લાઇટિંગ વગેરે કુલ રૂ.૧૭૫૨.૩૦ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. આ બધું જ કામ અને ઓપરેશન મેન્ટેનન્સનું કામ પણ એમાં આપી દીધું છે એનો રૂ.૨૧૮ લાખનો ખર્ચ થયો છે. સીમા દર્શનના આ પ્રોજેકટનું કામ નડાબેટ માટે કુલ રૂ.૧૨૫ કરોડના ખર્ચે પૂરું થયું છે અને પ્રવાસીઓ એનો લાભ લઇ રહ્યા છે.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નડાબેટ ટુરિઝમ મારા મત વિસ્તારમાં આવે છે. વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩ના આંકડા પ્રમાણે વર્ષ ૨૦૨૩માં અંદાજે એક લાખ પ્રવાસીઓની ઘટ બતાવેલી છે. એમાં બિપોરજોય વાવાઝોડાની વાત કરી પણ સૌથી મોટી સમસ્યા ત્યાં એ છે કે જે રસ્તો છે એ સીંગલ રસ્તો છે. ૫૦ ટકા ડી.એ.ડી.પી.માં જે તે વખતે બનાવેલો હતો અને ૫૦ ટકા બાકી છે. સીમાદર્શન કરવા જતા પ્રવાસીઓનો ટાઇમ ફિક્સ હોય છે કે ૫–૦૦ વાગ્યા પહેલા ઇન્ટરનેશનલ બોર્ડર હોવાથી પાછું આવવું પડે છે તો આ રસ્તો ઇન્ટરનેશનલ બોર્ડર સુધી ડબલ કરવા માગો છો કે કેમ? અને બીજું, ત્યાં નડાબેટ ગૌશાળા માટે ફાઇલ જયાં જમીન માટેની પેન્ડિંગ પડી છે રાજય સરકારમાં એનું જે પ્રિમિયમ ૫૦ ટકા ભરવાનું હતું એ પણ ટ્રસ્ટે ભરી દીધું છે તો આ વહેલાસર ભરવા માગો છો કે કેમ?

શ્રી મુળુભાઇ હ. બેરા (આયર) : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રવાસીઓની સંખ્યાની વાત છે. આગલા પ્રશ્નના જવાબમાં પણ મેં કહ્યું અને ફરીથી કહું તો તા.૧–૧–૨૦૨૨થી તા.૩૧–૫–૨૦૨૨ના વર્ષમાં પાંચ મહિનાનું ગણીએ તો એમાં ૧,૬૬,૬૦૭ પ્રવાસીઓ આવ્યા હતા. તા.૧–૧–૨૦૨૩થી તા.૩૧–૫–૨૦૨૩ ગણો તો એમાં ૨,૦૫,૩૯૧ પ્રવાસીઓ આવ્યા એટલે વધ્યા પણ જૂન મહિનામાં, જુલાઇ મહિનામાં જે વરસાદ, બિપોરજોય વાવાઝોડુ થયું એના પછી એ બે મહિનામાં આગલા વર્ષ કરતા ઘટાડો થયો છે. બીજું, આ રસ્તાની વાત કરી છે એમાં માર્ગ અને મકાન વિભાગ છે એમાં પ્રવાસનના હેતુ માટે જયાં જયાં પ્રવાસનનાં સ્થળો છે ત્યાં સારા રસ્તાની કનેક્ટિવિટી મળે એના માટે અલગથી જોગવાઇ છે અને આજે આપે જે સૂચન કર્યું છે એ અમે ધ્યાનમાં લઇશું અને જમીનની જે વાત કરી છે એ મારા વિભાગને લગતો પ્રશ્ન નથી. મહેસૂલને લગતો પ્રશ્ન છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે અને માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, ઉપરોક્ત સ્થિતિએ આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થયેલ છે? તો તેમાં રૂપિયા ૨૪ લાખ ૫૮ હજાર. માનનીય મંત્રીશ્રી ૧૨૫ કરોડ રૂપિયા બોલ્યા છે. તેની સ્પષ્ટતા થાય તો સારું.

શ્રી મુળુભાઇ હ.બેરા (આયર) : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે ખર્ચ થયો છે તેની ફેઝવાઇઝ વાત કરી છે. કુલ ચાર ફેઝમાં ખર્ચ થયો છે. આખા પ્રોજેક્ટનો ટોટલ ખર્ચ ૧૨૫ કરોડ રૂપિયા છે. આ પ્રશ્ન જે પૂછાયો છે તે બે વર્ષ માટે પૂછાયો છે.

### મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ ડિગ્રી ઈજનેરી વિદ્યાર્થીઓને સહાય

*15/4/1853 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ** (પાટણ) **: માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ટેકનિકલ શિક્ષણ હેઠળના ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં રાજયના કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની ઉચ્ચ શિક્ષણ સહાય આપવામાં આવી, અને | (૧) | વર્ષ ૨૦૨૨–૨૩ માં ૨૪,૩૬૬ વિદ્યાર્થીઓને રૂપિયા ૯૮.૯૨ કરોડ અને વર્ષ ૨૦૨૩–૨૪ માં ૮,૪૭૩ વિદ્યાર્થીઓને રૂપિયા ૩૫.૧૧ કરોડની સહાય આપી. |
| (૨) | ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા વિદ્યાર્થીઓ અને કેટલી વિદ્યાર્થીનીઓને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે ? | (૨) | વર્ષ ૨૦૨૨–૨૩ માં ૧૮,૯૭૫ વિદ્યાર્થીઓને રૂપિયા ૭૬.૨૭ કરોડ અને ૫૩૯૧ વિદ્યાર્થીનીઓને રૂપિયા ૨૨.૬૫ કરોડ ચૂકવેલ છે.<br>વર્ષ ૨૦૨૩–૨૪ માં ૬,૬૮૬ વિદ્યાર્થીઓને રૂપિયા ૨૭.૫૫ કરોડ અને ૧૭૮૭ વિદ્યાર્થીનીઓને રૂપિયા ૭.૫૬ કરોડ ચૂકવેલ છે. |

## તારાંકિત પ્રશ્નો

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના નીચે વિદ્યાર્થીઓને લોન આપવામાં આવે છે અને મદદ કરવામાં આવે છે. પરંતુ આવા વિદ્યાર્થીઓને ડિગ્રી મેળવ્યા બાદ કોઇ જગ્યાએ કાયમી નોકરી મળતી નથી અને આઉટ સોર્સિંગથી તેમને નોકરી કરવી પડે છે. ઘણીવાર આઉટ સોર્સિંગ એજન્સીઓ દ્વારા આવા શિક્ષિત યુવાનોનું શોષણ થતું હોય છે.

અધ્યક્ષશ્રી : આપ સીધા પ્રશ્ન ઉપર આવી જાઓ.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આઉટ સોર્સિંગને બદલે સીધેસીધો પગાર વિભાગ દ્વારા આવા કર્મચારીઓ કે ઉમેદવારોને મળે, તેના માટે સુપ્રીમકોર્ટે પણ કહેલું છે...

અધ્યક્ષશ્રી : શું પ્રશ્ન છે. આપ સીધા પ્રશ્ન ઉપર આવી જાઓ.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આવી આઉટ સોર્સિંગ પ્રથા રદ કરી ઉમેદવારોને સીધેસીધો પગાર મળે તેના માટે સરકાર કંઇ કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન પગારનો છે કે વિદ્યાર્થીઓને સ્વાવલંબન યોજના માટે સહાય આપવાનો છે?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાર્થીઓ સહાય થકી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે હેતુસર સરકારે અંત્યોદય સુધીનો એકપણ હોંશિયાર વિદ્યાર્થી વંચિત ન રહે તેના માટેની સરકારની આ યોજના છે. આ પ્રશ્નને પગાર સાથે કોઇ લેવાદેવા નથી.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩માં ડિગ્રી એન્જિનિયરિંગ અભ્યાસક્રમની કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને આ અરજીઓ નામંજૂર થવાનાં કારણો શાં છે?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાનો વિદ્યાર્થીઓ વધુમાં વધુ લાભ લે તે હેતુસર અભિપ્રાય આપ્યા પછી અને પહેલાં અને તેમાં વખતો વખત સુધારા પણ થયા છે. કારણ કે વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ લે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે કે એન્જિનિયરિંગ અભ્યાસક્રમના કેટલા વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી? સરકારી ગ્રાન્ટ ઇન એઇડ કોલેજોમાં પ્રવેશ મેળવેલો હોય તેવા ૩૮ વિદ્યાર્થીઓ, રિન્યૂઅલ નથી. સરકારશ્રીની અન્ય યોજનાનો લાભ લીધો હોય તેવા ફ્રેશ વિદ્યાર્થી–૧ અને રિન્યૂઅલ વિદ્યાર્થી–૧ એમ કુલ મળીને ૨ (બે) વિદ્યાર્થી, બે કે વધુ પ્રયાસથી એ.ટી.કે.ટી. ક્લિયર ન કરી હોય તેવા ફ્રેશ વિદ્યાર્થી–૩ અને રિન્યૂઅલ–૧૮ વિદ્યાર્થી એમ કુલ મળીને ૨૧ વિદ્યાર્થીઓ, આપણે પરિપત્રમાં વાર્ષિક આવક મર્યાદા ૬ લાખ રૂપિયાની નક્કી કરી છે. તેમાં ઇન્કમટેક્સમાં વધુ આવક આવી હોય તેવા ફ્રેશ–૨ વિદ્યાર્થી અને રિન્યૂઅલ–૧ વિદ્યાર્થી એમ કુલ મળીને ૩ વિદ્યાર્થી, અધૂરા દસ્તાવેજો અપલોડ કરવાવાળા ફ્રેશમાં એકપણ વિદ્યાર્થી નથી અને રિન્યૂઅલમાં–૨૬ વિદ્યાર્થીઓ, પાત્રતા ધરાવતા ન હોય તેવા ફ્રેશ–૭ વિદ્યાર્થી અને રિન્યૂઅલ–૪૬ વિદ્યાર્થીઓ, પેન્ડિંગ બેકલોગમાં ફ્રેશમાં શૂન્ય અને રિન્યૂઅલમાં–૧ વિદ્યાર્થી, ટ્યૂશન ફી માટેના રિન્યૂઅલમાં–૪ વિદ્યાર્થી. આમ, કુલ ૧૧૩ તથા ૧૩૫ મળીને ૨૪૮ વિદ્યાર્થીઓની અરજી રિજેક્ટ કરવામાં આવી છે.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું આપણા ગુજરાતના ક્રિકેટર રવિન્દ્રસિંહ જાડેજા જે રીતે રમી રહ્યા છે અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આપણા માનનીય સભ્ય શ્રીમતી રિવાબા મારફતે આપણા ગૃહની લાગણી પહોંચે તેવી વિનંતી કરું છું. માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત રીન્યુઅલ સહાય મેળવવાના પાત્રતાના ધોરણો ક્યા છે?

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે પ્રથમવાર વિદ્યાર્થી એડમિશન લે છે ત્યારે આપણે એમને સ્કોલરશિપ યોજનાનો લાભ આપીએ છીએ પણ રીન્યુઅલની અંદર બે નિયમો છે એક તો વિદ્યાર્થી ૫૦ ટકા માર્કથી પાસ થયેલો હોવો જોઇએ અને વિદ્યાર્થીની કોલેજમાં ૭૫ ટકા હાજરી હોવી જોઇએ. આ બે પૂર્તતા થતી હોય તો વિદ્યાર્થીને રીન્યુઅલનો લાભ મળતો હોય છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાવા માગું છું કે, આ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના એ ક્યારથી અમલમાં આવી? અને એમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી માટેના ધારા–ધોરણો શું છે?

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના તા. ૭/૧/૨૦૧૫ના રોજથી શિક્ષણ વિભાગના ઠરાવથી અમલમાં આવી છે અને વખતો વખતના સુધારા અન્વયે આ યોજના અંતર્ગત ગુજરાતમાંથી અન્ય બોર્ડની ધોરણ ૧૨ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સન્ટાઇલ મેળવેલ સ્નાતક અભ્યાસક્રમ તથા ઇન્ટિગ્રેટીવ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર અથવા તો ધોરણ ૧૦ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સન્ટાઇલ મેળવી ડિપ્લોમાં અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર અથવા તો ડિપ્લોની પરીક્ષામાં ૬૫ કે તેથી વધુ ટકા મેળવી ડિગ્રીમાં પ્રવેશ મેળવનાર અને એમ.બી.બી.એસ.ના અભ્યાસક્રમમાં નીટ દ્વારા એડમિશન મેળવનાર વિદ્યાર્થીને આનો લાભ મળે છે. પ્રવેશની આવક મર્યાદામાં રૂપિયા ૬ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવનાર વાલીઓના સંતાનને આ સહાય મળે છે.

## તા.૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## તારાંકિત પ્રશ્નો

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ડિગ્રી એન્જિનિયરિંગના વિદ્યાર્થીને જ્યારે આ સહાય આપવામાં આવે છે ત્યારે વર્ષ ૨૦૨૨-૨૩ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૨,૨૮૯ વિદ્યાર્થીઓ ઘટ્યા છે અને વિદ્યાર્થિનીઓ ૩,૬૦૪ ઘટી છે તો આમ, કુલ વર્ષ ૨૦૨૨-૨૦૨૩ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૫,૮૯૩ વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી છે આમ, ડિગ્રીના અભ્યાસક્રમમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી છે એવું સ્પષ્ટપણે લાગે છે અને આને કારણે જે સહાય ચૂકવી છે એ સહાયમાં પણ ઘટાડો થયો છે તો ક્યા કારણોસર ૧૫,૮૯૩ વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી છે?

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, કટ ઓફ જે રનિંગ વર્ષ છે એ ડિસેમ્બર સુધીનું ગણવામાં આવ્યું છે એટલે જ્યારે એડમિશનની પ્રક્રિયા પૂર્ણ થશે ત્યારે આગળના વર્ષમાં પણ એ રીતે જ છે એ તમે જોઇ શકો છો અને જે હજુ અરજી આવશે એને ધ્યાનમાં લેતા પૂર્તતા થઇ જશે.

### સાબરમતી યુનિવર્સિટી સામે ગેરરીતિ બદલ કાર્યવાહી

*15/4/1859 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર** (દાણીલીમડા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | સાબરમતી યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા ગેરકાયદેસર ડિગ્રીઓ આપવા તથા છેતરપીંડી કરવા અંગે નિમાયેલ તપાસ સમિતિનો અહેવાલ સરકારને તા.૧૯-૦૬-૨૦૨૦ના રોજ મળેલ છે તે હકીકત સાચી છે, | (૧) | હા જી, |
| (૨) | ઉક્ત મળેલ અહેવાલ અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગેરરીતિઓ બદલ સરકારે ઉક્ત યુનિવર્સિટી સામે શી કાર્યવાહી કરી છે? | (૨) | સરકારશ્રી દ્વારા યુનિવર્સિટીના સંચાલન માટે વહિવટદારની (ADMINISTRATOR) નિમણુંક કરવામાં આવેલ હતી. એડમિનિસ્ટ્રેટર દ્વારા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીને મળેલ અહેવાલ અને તે પરત્વે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી દ્વારા આપવામાં આવેલ અભિપ્રાયના આધારે સરકારશ્રી દ્વારા સાબરમતી યુનિવર્સિટીને સ્વાયતતાથી ચલાવવાની મંજૂરી આપવામાં આવેલ છે. |

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, સાબરમતી યુનિવર્સિટીમાં જે ગેરકાયદે ડિગ્રીઓ આપવા માટેની છેતરપીંડી થઇ હતી એના માટે રાજ્ય સરકારે એક કમિટી નીમી હતી અને એ કમિટીનો અહેવાલ રાજ્ય સરકારને મળી ગયો છે ત્યારે આ અહેવાલમાં શું ગેરરીતિ બતાવવામાં આવી છે? અને એ અંગે શું પગલાં લેવામાં આવ્યાં?

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીએ ખૂબ સરસ એના ઉપર એક્શન લીધા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકરણ જ્યારે ન્યૂઝપેપરમાં આવ્યું ત્યારે અગ્ર સચિવ દ્વારા ખાનગી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯, આર્ટીકલ ૪૩ પ્રમાણે રાજ્ય સરકારના પોતાના નિયમો છે એ મુજબ દરેક ખાનગી યુનિવર્સિટી પર કન્ટ્રોલ હોય છે. આર્ટીકલ-૪૩/૧ દ્વારા એમને નોટિસ આપવામાં આવી, નોટિસના જવાબથી પછી સંતોષ ન થતાં રાજ્ય સરકાર દ્વારા ૪૩/૫ દ્વારા એડમિનિસ્ટ્રેટરને નિયુકત કરવામાં આવેલ. આ તપાસ જયારે શરૂ થઇ ત્યારે કોવિડનો સમય પણ હતો અને વખતો વખત અને એ પછી એડમિનિસ્ટ્રેટરની નિયુકિત થયા પછી યુનિવર્સિટી દ્વારા નામદાર કોર્ટમાં જયારે ન્યાય માટે એ લોકો ગયા ત્યારે કોર્ટે એક સ્ટે તો ના કહી શકાય પણ બન્ને પક્ષ દ્વારા કોઇ પણ પ્રકારના એકશન ના લે નામદાર કોર્ટની એવી સૂચના હતી તે પ્રમાણે એડમિનિસ્ટ્રેટર તેની કામગીરી કરી રહ્યા હતા. એડમિનિસ્ટ્રેટર દ્વારા નીતિ-વિષયક નિર્ણયો એક પણ ના લઇ શકીએ જે નિર્ણય અન્વયે તારીખઃ ૯-૯-૨૦૨૦ના ઓરલ ઓર્ડરથી બન્ને પક્ષકારો જયાં સુધી પીટીશન કો-ઓર્ડિનેટ બેચ સમક્ષ રજૂ ના થાય ત્યાં સુધી કોઇ નીતિ-વિષયક નિર્ણય ના લેવાય એવો નિર્દેશ આપવામાં આવ્યો ત્યારબાદ હાઇકોર્ટનો કોઇ આદેશ પ્રાપ્ત થયેલ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે વાત કરી તે સંજોગોમાં વહીવટદાર કોઇ નીતિ-વિષયક નિર્ણય લેવામાં અસમર્થ હોય વહીવટદારની નિમણૂક બાદ તત્કાલિન સ્થિતિએ કોઇ પણ પ્રકારની ફરિયાદ થયેલ અત્રે જણાતી નથી. આ પ્રશ્ન જયારે સરકારે જયારે આટલી ગંભીરતાથી લીધો છે ત્યારે વહીવટદાર દ્વારા ૪૦ એમની પાસેથી પૂર્તતા માગવામાં આવી હતી અને જે તે સમયે નિર્ણય લીધો પછી જે ગેરરીતિની વાતો હતી તેમાં ૬ વિદ્યાર્થીઓએ જે પીએચડીમાં એડમિશન લીધેલ હતું આ કોઇ પણને ડિગ્રી પ્રાપ્ત થઇ નથી, કરવામાં આવી નથી અને તેની તપાસ પણ આગળ ચાલી રહી છે.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સરકાર દ્વારા ખાનગી યુનિવર્સિટી ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખવા માટે કોઇ પગલાં લેવામાં આવે છે કે કેમ ?

શ્રી પ્રફુલ પાનશેરીયા :માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી યુનિવર્સિટી વિધેયક-૨૦૦૯ જયારે ગૃહની અંદર દાખલ થયું ત્યારે તમામ યુનિવર્સિટી ઉપર સરકારનું પૂર્ણ નિયંત્રણ રહે તે માટે સેકસન-૪૩ની અંદર પેટા કલમો દ્વારા તમામ જોગવાઇ

કરવામાં આવેલ છે. આ યુનિવર્સિટીને પૂર્ણ રીતે ક્રમશઃ વર્ગ પૂર્ણ થતાં યુનિવર્સિટી બંધ કરી દેવાના આદેશ સુધી તમામ સરકારશ્રી પાસે તેનું નિયંત્રણ રાખવામાં આવેલ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ખાનગી યુનિવર્સિટીઓ છે તેમાં અમુક યુનિવર્સિટીઓ સારી ચાલે છે પણ અમુક યુનિવર્સિટી એવી છે કે જે છૂટથી પી.એચ.ડી.ની ડિગ્રીઓનું વિતરણ કરે છે એમાંની આ એક યુનિવર્સિટી એવી હતી કે જેણે પીએચડીની ડિગ્રીઓ ઢગલાબંધ આપી અને તેને કારણે પીએચડીની વેલ્યુ એકદમ ડાઉન થઇ ગઇ. રાજય સરકારે તેની સામે પગલાં લેવાની વાત કરી છે પણ મારી રાજય સરકારને વિનંતી છે કે, જે ખાનગી યુનિવર્સિટીઓ છે એને સો ટકા એક પ્રિકન્ડિશન હોવી જોઇએ કે આ તમામ યુનિવર્સિટીઓએ એક્રેડિશન કરાવવું પડશે અને એક્રેડિશનની અંદર બી પ્લસથી નીચે જાય તો ઓટોમેટિકલી તે એફિલીયેટેડ કોલેજ થઇ જાય. એ યુનિવર્સિટી કે સ્વતંત્રતા તેની પાસે રહે નહીં જે લોકો બી પ્લસ કે તેનાથી ઉપર હોય તે જ યુનિવર્સિટી ચલાવી શકે. જો આવું કરવામાં આવે તો આ સ્ટાન્ડર્ડ થોડું જળવાય અને ડિગ્રીઓની વિશ્વસનીયતા ચાલુ રહે તો આવો નિર્ણય રાજય સરકાર કરવા માગે છે કે કેમ? અને બીજો પ્રશ્ન એ છે કે, આ ખાનગી યુનિવર્સિટીઓનો જે એકદમ નામી એકેડેમિશ્યન છે તેના મારફત પિરિયોડિકલ ઇન્સ્પેકશન અને પિરિયોડિકલ ઇવેલ્યુશન કરી અને અહેવાલ મેળવી અને તેની સામે પગલાં લેવા માગે છે કે કેમ ?

શ્રી પ્રફુલ પાનશેરીયા :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી અને એ સારી વાત છે જયારે પી.એચ.ડી.ના અભ્યાસક્રમની અંદર ગાઇડ લાઇન પ્રમાણે તેમના ચોક્કસ ધારા–ધોરણ છે તેમનો ગાઇડન્સ કોણ હોય, કેટલા પ્રકારનો જે ક્ષતિ આ યુનિવર્સિટીમાં રહી હતી તેના તપાસ અહેવાલમાં એટલા માટે માનનીય સભ્યશ્રીને આપના દ્વારા માહિતી આપી રહ્યો છું કે તેમને ડિગ્રી પણ આપવામાં આવેલ નથી. જે તે સમયે વર્ષ ૨૦૦૧માં ૧૩ યુનિવર્સિટીઓ હતી. આજે ૧૦૮ યુનિવર્સિટીઓ છે અને વર્ષ ૨૦૦૯માં સરકાર દ્વારા ખૂબ ગંભીર વિચારણા પછી ગુજરાત ખાનગી વિધેયક લાવવામાં આવ્યું હતું ત્યારે એના ચોક્કસ નિયમો કરવામાં આવ્યા છે. એટલા માટે જ કાયદો કરવામાં આવ્યો હતો. જેથી કરીને સંપૂર્ણપણે નિયંત્રણ રહે અને હવે પછી આવી કોઇ પણ ક્ષતિ આમાં આવશે તો સરકાર એને ગંભીરતાથી લેશે અને બીજા કોઇ પ્રશ્નો હોય તો પણ અમને જણાવવામાં આવે.

**પોરબંદર અને જામનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ**

***15/4/1864 શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા** )પોરબંદર :(**માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ પોરબંદર અને જામનગર જિલ્લામાં પ્રવાસન સ્થળ તરીકે કયા સ્થળોને વિકસાવવામાં આવેલ છે, | (૧) | • બરડો ડુંગર સર્કીટમાં પોરબંદર જિલ્લામાં જાંબુવનની ગુફા તેમજ પોરબંદર જિલ્લામાં ડેવલોપમેન્ટ ઓફ કર્લી રીચાર્જ જળાશય (મોકરસાગર) ખાતે વિકાસની કામગીરી અર્થે ટેન્ડરીંગની પ્રક્રિયા હાથ ધરેલ છે.<br>• બરડો ડુંગર સર્કીટમાં જામનગર જિલ્લામાં ફૂલનાથ મહાદેવ ખાતે વિકાસની કામગીરી અર્થે ટેન્ડરીંગની પ્રક્રિયા હાથ ધરેલ છે.<br>• જામનગર જિલ્લામાં સિદસર તાલુકાના ઉમિયા માતાજી મંદિર માટે વિકાસની કામગીરી હાથ ધરેલ છે. |
| (૨) | ઉક્ત વિકસાવેલ પ્રવાસન સ્થળવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૨) | (નીચેના કોષ્ટક મુજબ) |

| ક્રમ | સ્થળ | વર્ષ | ફાળવેલ રકમ |
|---|---|---|---|
| ૧ | બરડો ડુંગર સર્કીટ | ૨૦૨૨ | શૂન્ય |
| | | ૨૦૨૩ | |
| ૨ | મોકરસાગર | ૨૦૨૨ | શૂન્ય |
| | | ૨૦૨૩ | |
| ૩ | શ્રી ઉમિયા માતાજી | ૨૦૨૨ | શૂન્ય |

| | | | |
|---|---|---|---|
| (૩) | ફાળવવામાં આવેલ રકમ પૈકી કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી? | (૩) | જિલ્લા પ્રવાસન સમિતિની બેઠક મળેલ ન હોઈ, શ્રી ઉમિયા માતા મંદિરના વિકાસ માટે ફાળવવામાં આવેલ રકમ પૈકી કોઈ રકમ વપરાયેલ નથી. |

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ટુરિઝમ ઉદ્યોગથી માત્ર પ્રવાસનને ફાયદો થાય છે એવું નથી પણ એના કારણે રોજગારીનું પણ મોટા પાયે સર્જન થાય છે. દ્વારકામાં ૨૦–૨૫ વર્ષ પહેલાં એવું હતું કે ત્યાં માંડ ૫–૧૦ લાખ પ્રવાસીઓ આવતા હતા. એના કારણે દ્વારકા શહેર ભાંગી ગયું. અત્યારે દ્વારકામાં ટુરિઝમનો વિકાસ થયો એના કારણે લગભગ ૧,૧૦,૦૦,૦૦૦ જેટલા પ્રવાસીઓ આવે છે. માનનીય મંત્રીશ્રી પણ મારા જિલ્લાની બાજુના છે. હું માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે સોમનાથ અને દ્વારકા બંને શહેરનો તો ટુરિઝમના લીધે વિકાસ થયો. એની વચ્ચે પોરબંદર આવે છે. જે મહાત્મા ગાંધીની અને સુદામાજીની જન્મભૂમિ છે. પોરબંદરને ગાંધી કોરિડોર તરીકે, એક આઇકોનિક પ્લેસ તરીકે વિકસાવવા માગો છો કે કેમ? બરડા લાયન સેન્ચુરી અલ્ટરનેટિવ હોમ તરીકે વર્ષ ૧૯૮૨થી ચાલતું આવે છે. આ સેન્ચુરી પણ એટલા માટે ડેવલપ કરી હતી કે ત્યાં અલ્ટરનેટિવ હોમ બનાવી શકાય અને આપણે સિંહોને બીજા રાજ્યમાં મોકલવા ના પડે. તો બરડામાં અલ્ટરનેટિવ હોમ તરીકે સિંહ કે અન્ય કોઇની સફારી ડેવલપ કરવા માગો છો કે કેમ?

## તા.૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## તારાંકિત પ્રશ્નો

શ્રી મુળુભાઇ હ.બેરા (આયર) : માનનીય અધ્યક્ષશ્રી, સોમનાથથી દ્વારકા સુધીની અને આમ તો જૂનાગઢ–ગીરથી સાસણ, સોમનાથ અને દ્વારકા સુધીની એક મોટી ટુરિસ્ટ સર્કિટ છે અને એમાં પોરબંદર વચ્ચે આવે છે. પોરબંદરમાં આઇકોનિક સ્થળ તરીકે મોકર સાગર છે. એને ડેવલપ કરવા માટેનું કામ ટેન્ડર કક્ષા સુધી આવી ગયું છે અને ખૂબ મોટું પ્રવાસન સ્થળ ત્યાં બનશે. બરડો પણ સોમનાથ અને દ્વારકાની વચ્ચે જ છે. બરડા સર્કિટ માટે પણ અમે ગયા વર્ષે બજેટમાં જોગવાઇ કરી હતી અને એને વહીવટી મંજૂરી મળી ગઇ છે. એમાં બરડા વિસ્તારમાં રાણા બરડો અને જામ બરડોમાં જે અલગ–અલગ સ્થળો છે એ બધાંનો વિકાસ કરવા માટેનું આયોજન રૂ.૫૦ કરોડનું કામ છે એની ટેન્ડર પ્રક્રિયા સુધીનું કામ થઇ ગયું છે. માનનીય સભ્યશ્રી અર્જુનભાઇની ખાસ મહાત્મા ગાંધીજી સર્કિટ થાય એવી જે રજૂઆત છે એના માટે પણ અમે કલેક્ટરશ્રી પાસેથી તા.૧૯/૮ના રોજ દરખાસ્ત મંગાવી છે. બીજું ત્યાં વિસાવાડા મૂળ દ્વારકા છે. જ્યારે ગુજરાત બહારના કોઇ પણ પ્રવાસીઓ દ્વારકા આવે ત્યારે વિસાવાડા મૂળ દ્વારકા ન જાય ત્યાં સુધી એની યાત્રા અધૂરી ગણાય. ત્યાંના તાલુકા પંચાયતના પ્રમુખશ્રી પ્રતાપભાઇ પરબતભાઇ કેશવાલા એ ગામના જ છે. એમની અને માનનીય અર્જુનભાઇ બંનેની રજૂઆત છે. ત્યાં શિવરાજપુર બીચ જેવો જ સરસ બીચ થાય એમ છે. ત્યાં યાત્રી નિવાસથી લઇને બીજી સુવિધાઓ અને ત્યાં એક તળાવ છે એના પર બ્રિજ બનાવવાનું અને એનું બ્યુટિફિકેશન કરવા જેવાં કામો પણ એમાં લીધાં છે. એનો પણ ખૂબ સરસ પ્રવાસન સ્થળ તરીકે વિકાસ થશે. ત્યાં હરસિદ્ધિ માતાજીનું મંદિર છે એમાં પણ આપણે ગયા વર્ષે બજેટ જોગવાઇ કરી છે. એમાં પણ વિવિધ પ્રોજેક્ટો હાથ ઉપર લીધા છે. એ પણ ટેન્ડર કક્ષાએ છે. બરડાની જંગલ સફારી વન વિભાગ હેઠળ આવે છે. આ વર્ષે અમે ત્યાં એક ઓપન જંગલ સફારી માટે આયોજન કર્યું છે. હાલ ત્યાં ૪–૫ સિંહ છે પણ આવનારા દિવસોમાં વધારે સિંહ ત્યાં લાવવાના છીએ. આ સિવાય હરણ, સાબર અને અન્ય વન્ય પ્રાણીઓ પણ ત્યાં છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન માત્ર એટલો જ છે કે મહાત્મા ગાંધી કોરિડોર બનાવી આઇકોનિક પ્લેસ તરીકે ડેવલપ કરવા માગો છો કે કેમ?

શ્રી મુળુભાઇ હ. બેરા (આયર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇની રજૂઆત પ્રમાણે ત્યાં હાલ જે સ્થળો છે તે શહેરી વિસ્તારમાં છે. તેના બદલે હાલ જે બુદ્ધ સર્કિટ, સ્વામી વિવેકાનંદ સર્કિટ છે તેમ બહારના વિસ્તારમાં અલગ અલગ સર્કિટનું આયોજન કર્યું છે. અત્યારે કલેક્ટર પાસેથી ત્યાં જગ્યા ઉપલબ્ધ છે કે કેમ અને અન્ય વિગતો મેળવી છે. આગામી દિવસોમાં તેનું આયોજન કરવા માટેની વિચારણા હેઠળ છે.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જામનગર જિલ્લામાં બરડો ડુંગર સર્કિટ હેઠળ કઇ કઇ કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે અને હાલ ક્યા તબક્કામાં છે?

શ્રી મુળુભાઇ હ. બેરા (આયર) : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં બરડા સર્કિટ હેઠળ ફૂલનાથ મહાદેવ મંદિરનું કામ રૂ.૫ કરોડ ૩૩ લાખના ખર્ચે કરવાનું આયોજન છે. તેમાં એન્ટ્રી ગેટ, રી–ડેવલપમેન્ટ, ચિલ્ડ્રન પ્લે એરિયા, પાથ વે, ગાર્ડનિંગ, સિટિંગ એરિયા, ટોઇલેટ બ્લોક અને ઇલેક્ટ્રિકલ જેવી કામગીરી કરવા માટેની ટેન્ડર પ્રક્રિયા સુધી આ કામ પહોંચી ગયું છે.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મારા મત વિસ્તારમાં વંથલી, માણાવદર, મેંદરડા અને બાંટવા એમ ચાર રીવરફ્રન્ટ બનેલા છે. તેમાં ત્રણના કામ પૂર્ણ થયેલ છે અને એકનું કામ ચાલુ છે. આ બાબતે મેં આજથી એક વર્ષ અગાઉ પ્લાન એસ્ટિમેટ માંગેલા જે હજુ સુધી મળ્યા નથી. કયા કારણોસર મળતાં નથી કે ન આપવાની જોગવાઇ છે કે કેમ? એમ.ડી.ને ત્રણવાર મળ્યા પછી પણ ન મળે તો શું કરવાનું? આ ચારેય કામમાં કલ્પના બહારનો ભ્રષ્ટાચાર થયો છે. વંથલીમાં તો સામાન્ય વરસાદ થયો ત્યાં જ દીવાલ પડી ગઇ હતી. મેં આ બધું મીડિયામાં જાહેર કરેલ હતું, સરકારમાં પણ રજૂઆત કરેલ છે. આ બાબતે સરકાર મને પ્લાન એસ્ટિમેટ આપવા માગે છે કે કેમ?

શ્રી મુળુભાઇ હ. બેરા (આયર) : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન જામનગર અને પોરબંદર જિલ્લાનો છે છતાં પણ કોઇ પણ ટેન્ડરની વિગતો જોઇતી હોય તો ઓપન જ છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીને ઝડપથી વિગતો પહોંચાડજો.

### રાજ્યમાં આયુર્વેદ અધિકારી વર્ગ–૧ નું મંજૂર મહેકમ

***15/4/1876 શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા** )સોમનાથ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ રાજયમાં આયુર્વેદ અધિકારી વર્ગ–૧ નું મંજૂર મહેકમ કેટલું છે, | )૧) રાજ્યમાં આયુર્વેદ અધિકારી વર્ગ–૧નું મહેકમ ૩૦ (ત્રીસ) છે. |

## તારાંકિત પ્રશ્નો

| | | | |
|---|---|---|---|
| )૨) | તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, | )૨) | )૧) ભરાયેલ જગ્યાઓ–૩ (ત્રણ)<br>)૨) ખાલી જગ્યાઓ–૨૭ (સત્યાવીસ) |
| )૩) | ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ બે વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને | )૩) | ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી ૨૭ (સત્યાવીસ) જગ્યાઓ બે વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે. |
| )૪) | ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | )૪) | ઉક્ત ખાલી જગ્યાઓ બનતી ત્વરાએ ભરવામાં આવશે. |

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્ય સરકાર દ્વારા જાહેર કરેલ એકથી દસ વર્ષના ભરતી કેલેન્ડરની અવધિ પૂર્ણ થઇ ગયેલ છે. આ કેલેન્ડર પ્રમાણે આયુર્વેદિક અધિકારી, વર્ગ–૧ની કેટલી જગ્યા ભરવામાં આવી છે અને રાજ્યમાં આયુર્વેદિક અધિકારી વર્ગ–૧ના મંજૂર ૩૦ જગ્યાઓના મહેકમ સામે માત્ર ૩ જગ્યાઓ ભરાયેલી છે અને ૨૭ જગ્યાઓ ખાલી છે તો આ ખાલી જગ્યાઓની ટકાવારી કેટલી છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં આયુર્વેદિક અધિકારી વર્ગ–૧માં બે કાયમી અને એક હંગામી એમ ત્રણ જગ્યાઓ ભરાયેલી છે. કુલ ૩૦ જગ્યાઓ સામે ત્રણ જગ્યા ભરાયેલી છે તે હકીકત છે. ભરતી નિયમો અદ્યતન કરવાની પ્રક્રિયા ચાલુ છે અને હાલ વૈધાનિક વિભાગમાં વેટ થવા આવેલ છે. વેટ થયેથી આખરી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે. વર્ગ–૨માં કુલ ૬૮૮ જગ્યાઓ સામે ૫૪૪ જગ્યાઓ ભરાયેલી અને ૧૪૪ જગ્યાઓ ખાલી છે. વર્ગ–૨ના ૨૨૦ જેટલા અધિકારીઓને આઠ વર્ષથી વધુ સમય થઇ ગયો છે એટલે વર્ગ–૧માં પ્રમોશનને લાયક પણ થયા છે.ભરતી નિયમો તૈયાર થઇ ગયા છે અને વેટ થવા આવ્યા છે. હવે ટૂંક સમયમાં શક્ય હોય એટલી ઝડપથી વર્ગ–૧ અને જે લાંબા સમયથી હંગામી જગ્યાઓ ખાલી હતી એ બાબતે પણ આપણે જોઇ લઇશું. કારણ કે, જગ્યાઓ એબેયન્સમાં ગઇ હોય તો મંજૂર કરાવવી પડશે. આ બધી પ્રક્રિયાઓ સાથે ચાલુ કરીશું. અત્યારે ત્રણ જગ્યાઓ ભલે ભરેલી હોય, પરંતુ વર્ગ–૨ના આયુષ અધિકારીઓ આપણી પાસે છે જ. એટલે એ લોકોને જિલ્લાની જવાબદારી આપણે સોંપતા જ હોઇએ છીએ. જિલ્લામાં કોઇપણ જગ્યાએ આયુષ વિભાગની કામગીરીમાં મુશ્કેલી પડે એવી કોઇ પરિસ્થિતિ નથી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગત વર્ષ ૨૦૨૨માં પ્રશ્ન પૂછયો .....(વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, તમે બધામાં શ્રી શૈલેષભાઇનું ન લેશો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જૂનું છે અને રેકર્ડ આધારિત છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, મેં ગઇકાલે પણ માનનીય શ્રી બળવંતસિંહભાઇ અને માનનીય શ્રી શૈલેષભાઇના આંકડા બાબતે વાત કરી હતી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલિત કરેલા અને રેકર્ડ આધારિત આંકડા છે. પુરાવા પણ જોઇશે તો મળશે. ચિંતા એટલી જ છે કે, વર્ષ ૨૦૨૨માં પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો ત્યારે પણ એવું કહેવામાં આવ્યું હતું કે, ૩૦માંથી ૩ જગ્યા ભરેલી છે અને બાકીની ૨૭ જગ્યાઓ બે વર્ષ કરતાં વધારે સમયથી ખાલી છે. આજે વર્ષ ૨૦૨૪માં પણ એ જ જવાબ છે અને બનતી ત્વરાએ, ઝડપથી, તાત્કાલિક એવો જવાબ આપવામાં આવે છે. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, આપણે દસ વર્ષનું ભરતી કેલેન્ડર બનાવીએ છીએ તો દર વર્ષે કોઇ ભરતી કરવાનો ટાર્ગેટ રાખીએ છીએ કે કેમ? અને એની સમયમર્યાદા કેટલી રાખીએ છીએ? જેથી આ પ્રશ્નનું નિરાકરણ થાય.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમની બનતી ત્વરા બહુ નજીક આવી ગઇ છે, બહુ દૂર નથી. આપણે વેટ થયેથી જાહેરનામું પ્રસિદ્ધ કરવાના છીએ. એટલે બાકીની જે વર્ગ–૧ની જગ્યાઓ છે એ આપણે પ્રમોશનથી અને સીધી ભરતીથી ભરવાના છીએ.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નવસારી જિલ્લાના વાસંદા તાલુકામાં ચાપલધરા ખાતે આર્યુવેદિક દવાખાનાની મંજૂરી મળી ગઇ છે. પરંતુ, છેલ્લા કેટલાક સમયથી એની કામગીરી ચાલુ થયેલ નથી. આ દવાખાનાની જગ્યા બદલવી હોય તો બદલો અને તે જ જગ્યાએ બનાવવું હોય તો બનાવો. પરંતુ એની કામગીરી જલદી પૂર્ણ થાય એવી માંગણી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચાપલધરાની જે વાત કરી એ આમ તો સ્કોપ બહારનું છે. પરંતુ મંજૂર કરલે છે એટલે સરકારનો ઇરાદો ચાપલધરામાં આયુર્વેદિક હૉસ્પિટલ અથવા સરકારી વ્યવસ્થા ઊભી કરવાનો છે અને એ આપણે કરવાના જ છીએ. કદાચ જમીનનો કે કોઇ અન્ય પ્રશ્ન હોઇ શકે. ચાપલધરામાં આયુષ સેન્ટર બનાવવા માટે જે અડચણો હશે એ સરકાર દૂર કરશે. એમાં તમારો સહકાર લેવાની જરૂર પડશે તો સરકાર તમારો પણ સહકાર લેશે.

શ્રીમતી દર્શના એમ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્યમાં આયુર્વેદ અધિકારી, વર્ગ–૧ની ભરતી માટે કોઇ નિયમો છે કે કેમ? અને જો હોય તો ભરતીના નિયમો અદ્યતન કરવા માટે કોઇ કાર્યવાહી ચાલી રહી છે કે કેમ?

તા.૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આયુર્વેદ અધિકારી, વર્ગ–૧ માટેના ભરતી નિયમો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ જીપી/૧૫૯૦/આર.આર.એસ./૧૦૮૧/૬, તા. ૨૩/૦૫/૧૯૯૦થી પ્રસિદ્ધ થયેલ છે અને ભરતી નિયમોને અદ્યતન કરવાની કાર્યવાહી પણ ચાલુ છે.

**એમબીબીએસ પાસ થયેલ ઉમેદવારોને આખરી ડિગ્રી સર્ટીફીકેટ આપવા બાબત**

* 15/4/1839 **ગેનીબેન નગાજી ઠાકોર** (વાવ): ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજામાં સત્રમાં તા.૨૦–૦૨–૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંકઃ ૧૨૪૦૮ (અગ્રતા–૨૬)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| )૧) | ગ્રામ્ય વિસ્તારોમાં ડોક્ટરોની ઘટ નિવારી શકાય તે માટે સરકારી મેડિકલ કોલેજોમાંથી એમ.બી.બી.એસ. પાસ થઈને ઈન્ટર્નશીપ પૂર્ણ કરેલ ડોક્ટરોને સરકાર પ્રોવિઝનલ સર્ટીફિકેટ આપીને ત્રણ વર્ષ ફરજિયાત સરકારી હોસ્પિટલોમાં સેવા બજાવ્યા બાદ જ આખરી ડિગ્રી સર્ટીફિકેટ આપવાની બાબત કાયદાકીય જોગવાઈઓની ચકાસણી કરીને યોગ્ય વિચારણા કરવાની હતી, તો તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ બાબતે વિચારણા થયેલ છે કે કેમ, અને | )૧) | ના, જી<br>એમ.બી.બી.એસ. પાસ વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસક્રમ પૂર્ણ કરે ત્યારબાદ ડિગ્રી સર્ટીફિકેટ આપવાની કાર્યવાહી જે તે યુનિવર્સિટી દ્વારા કરવાની રહે છે. |
| )૨) | જો હા, તો ઉક્ત સ્થિતિએ વિચારણાને અંતે શું નિર્ણય લેવાયેલ છે? | )૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગ્રામ્ય વિસ્તારમાં ડૉક્ટરોની ઘટ નિવારવા કરાર આધારિત ડૉક્ટરોની ભરતી કરવામાં આવે છે. એના બદલે એમ.બી.બી.એસ. ડૉક્ટરોની રેગ્યુલર ભરતી કરવા માંગો છો કે કેમ?અને ત્રણ વર્ષના બૉન્ડ લઈને ૧૧ મહિના કોન્ટ્રાક્ટ બેઝ ઉપર રાખો છો, એ ડૉક્ટરો હેડકવાર્ટર ઉપર રહેતા નથી, તો એના માટે કોઇ પગલાં લેવાં માગો છો કે કેમ? આ તમામ ડૉક્ટરો હાજરી પૂરી પોતાની પ્રાઈવેટ હૉસ્પિટલ ચલાવે છે અથવા પ્રાઈવેટ હૉસ્પિટલોમાં નોકરી કરે છે. રાજ્ય સરકાર આવા ડૉક્ટરો ઉપર કાર્યવાહી કરી, ગ્રામ્ય વિસ્તારમાં જે તે પી.એચ.સી.માં ડૉક્ટરો રહે એવું કરવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ત્યાં બૉન્ડ પૉલિસી ઘણા સમયથી અમલમાં છે. આપણે સરકારી મદદથી અથવા સરકારશ્રીના રૂપિયાથી એટલે કે ઓછી ફીથી ડૉક્ટરો તૈયાર કરીએ છીએ અને સરકારશ્રીને ખૂબ મોટો ખર્ચો થતો હોય છે. એના માટે બૉન્ડેડ પૉલિસી હતી. મારે બૉન્ડની પૉલિસી અંગે બે બાબતો સભાગૃહ અને માનનીય સભ્યશ્રીના ધ્યાન ઉપર લાવવી છે. આપણે બૉન્ડ ચોક્કસ લઇએ છીએ. એમાં એક વર્ષની ફરજિયાત ગ્રામ્ય વિસ્તારમાં સેવાઓ બજાવવી પડે અથવા તો એને નાણાકીય ભરપાઇ કરવી પડે. એમાં રૂ.૨૦ લાખની રકમ નક્કી કરી છે. આપણે બૉન્ડ લઇએ છીએ પરંતુ યુનિવર્સિટીમાંથી એને જે સર્ટિફિકેટ મળવાપાત્ર છે તે કાયદાનુસાર અટકાવી શકતા નથી. જી.એમ.સી.માં જનરલ મેડિકલ કાઉન્સિલમાં રજિસ્ટ્રેશન માટે અટકાવી શકતા નથી. પરંતુ આપણે જે બૉન્ડ લીધા હોય એના આધારે વસૂલાત કરી શકીએ. અત્યાર સુધીમાં રૂ.૬૭૧ કરોડની બૉન્ડની વસૂલાત કરી ચૂક્યા છીએ અને રૂ.૨૭૦ કરોડ જેવા બાકી છે. સભ્યશ્રીનો વિષય એવો છે કે, તમે કાયમી ભરતી કરવા માગો છો કે કેમ? અત્યારે કાયમી ભરતીની પ્રક્રિયા ચાલુ છે. હમણાં આપણે વર્ગ–૨ના મૅડિકલ ઓફિસરની ભરતી માટે જી.પી.એસ.સી.માં માગણાપત્રક મોકલ્યું હતું એમાં મને ચોક્કસ આંકડો ખબર નથી, પણ ૫૦૦ની આજુબાજુ ઉમેદવારો મળ્યા હતા. આપણે તમામને હુકમો આપ્યા હતા, પરંતુ એમાંથી કેટલાક હાજર ન થયા અથવા આગળ પી.જી.ની પરીક્ષા માટેની તૈયારી કરતા હોય. અત્યારે રાજ્યમાં ૭૦૫૦ સીટો થઇ છે અને આગામી સમયમાં નવી મૅડિકલ કૉલેજો આવવાની છે. પ્રશ્ન થોડા સમયનો છે. જે ડૉક્ટરો અત્યારે ઉપલબ્ધ થઇ રહ્યા છે એ તો આપણે કરીએ છીએ, પરંતુ આપણે વર્ગ–રમાં માગણાપત્રક મોકલ્યા પછી જ ભરતી કરી શકતા હોઇએ છીએ. સીધેસીધી ભરતી કરી શકતા નથી, છતાં આપણે વર્ગ–૨ માટે કેવી રીતે ભરતી કરી શકાય એ અંગે વિચારીશું. વર્ગ–૧ માટે ફૉરમ ઓપન જ છે. જેને સરકારશ્રીમાં સર્વિસ કરવી હોય એના માટે કયાંક રિસ્ટ્રિક્શન નથી. મૅડિસિન, સર્જરી, ગાયનેક કે ઓર્થોપેડિક હોય, વર્ગ–૧ના એમ.ડી. કે એમ.એસ. થયેલા ડૉક્ટરો હોય એને જયારે જયાં નોકરી કરવી હોય એ માટે રાજ્ય સરકારની નીતિ બિલકુલ નક્કી છે. આપણે વર્ગ–૨ માટે ટૂંક સમયમાં વિચારીને વધુમાં વધુ કોન્ટ્રાક્ચ્યુઅલ ડૉક્ટરો આવે અને આપણને મૅડિકલ સેવાઓ પ્રાપ્ત થાય એ દિશામાં આગળ વધીશું.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે છેલ્લાં બે વર્ષમાં મૅડિકલની બેઠકોમાં કેટલો વધારો કરવામાં આવ્યો? એમાં કેટલી સરકારી છે અને કેટલી સ્વનિર્ભર છે? એ જણાવવા વિનંતી છે.

તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જી.એમ.ઇ.આર.એસ.માં બે વર્ષમાં ૫૦૦ અને સ્વનિર્ભરમાં ૮૫૦ એમ કુલ ૧૩૫૦ સીટોનો વધારો થયેલો છે. એમાં વર્ષ ૨૦૨૨–૨૩માં ૬૫૦ તથા વર્ષ ૨૦૨૩–૨૪માં ૭૦૦ કુલ મળી ૧૩૫૦ સીટોનો વધારો થયો છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, એમ.બી.બી.એસ. પાસ કર્યા પછી ડિગ્રી આપનારી છેલ્લી ઓથોરિટી કોણ છે? અને એમ.બી.બી.એસ. પાસ કરીને ઇન્ટરશીપ લીધા બાદ રજિસ્ટ્રેશનની શું જોગવાઇ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં પ્રવેશ માટે એડમિશન કમિટી ફોર પ્રૉફેશનલ અન્ડર ગ્રેજ્યુએટ કોર્સિસ, ગાંધીનગર દ્વારા નીટ આધારિત મૅરિટ બનાવી આપણે ઓનલાઇન પ્રવેશ આપીએ છીએ. હાલની નીતિ પ્રમાણે જયારે ડૉકટર પાસ થાય ત્યારે એ રાજ્ય સરકારની સહાયથી ડૉકટર બન્યો હોય તો એક વર્ષની બૉન્ડ સેવા અથવા તો ૨૦ લાખ રૂપિયા આપણે લઇએ છીએ. અને એના માટે બોન્ડની જોગવાઇનો અમલ કરી વધુમાં વધુ જો કોઇ એક વર્ષની સર્વિસ ન કરે તો એની પાસેથી એની વસૂલાત પણ કરીએ છીએ. ઇન્ટર્નશીપ કરતા ડોકટરોને ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા પ્રોવિજનલ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ આપવામાં આવે છે, અને ઇન્ટર્નશીપ પૂર્ણ થયા બાદ યુનિવર્સિટીની પ્રોવિઝનલ ડિગ્રીના આધારે ફાઇનલ રજિસ્ટ્રેશન કરવામાં આવે છે.

**દાહોદ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

***15/4/1129 શ્રી કનૈયાલાલ બચુભાઇ કિશોરી** )દાહોદ): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લાના દાહોદ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | )૧) |

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૨–૨૩ | ૩૮૦ |
| ૨૦૨૩–૨૪ | ૨૧૦ |

| | |
|---|---|
| )૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે? | )૨) |

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૨–૨૩ | ૫૪૧.૫૩ |
| ૨૦૨૩–૨૪ | ૧૮૭.૫૬ |

શ્રી કનૈયાલાલ બ. કિશોરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું એ જાણવા માગું છું કે દાહોદ તાલુકામાં વર્ષ ૨૦૨૨–૨૩ માં તથા વર્ષ ૨૦૨૩–૨૪માં તા.૩૧–૧૨–૨૦૨૩ સુધીમાં કયા કયા ગામોમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવ્યું અને મારો બીજો પ્રશ્ન એ છે કે કયા કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવે છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ તાલુકામાં ૨૦૨૨–૨૩ માં ખરોદ ગામ, રવાડી ખેડા, સાલપાડા, તળાવીચા હિંમત, ઉચ્ચવાણિયા, કોટડા, ચંદનવાણા, બોરવાણી, ઉકરડી, સાકરડા. આમ ટોટલ ૧૦ ગામોની અંદર ૩૮૦ હેકટર જેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવ્યું અને એમાં લગભગ ૪ લાખ ૨૨ હજાર જેટલા રોપાનું વાવેતર કરવામાં આવ્યું. એ જ રીતે વર્ષ ૨૦૨૩–૨૪માં ૮ ગામોમાં, ખરોડ, જૂનાપાણી, રાછરડા, ઉચ્ચવાણિયા, સાલાપાડા, નવાગામ, નગરાળા, બાવકા. આમ ૮ ગામોમાં ૨૧૦ હેકટર માં લગભગ ૨ લાખ જેટલા રોપાનું વાવેતર કરવામાં આવ્યું. આમ છેલ્લાં ૨ વર્ષમાં દાહોદ તાલુકામાં ૧૮ ગામોમાં ૫૯૦ હેકટરમાં ૬ લાખ ૨૨ હજાર રોપાનું વાવેતર કરવામાં આવ્યું. એ જ રીતે સભ્યશ્રી કહે છે કે કયા કયા રોપાનું વાવેતર કરવામાં આવ્યું તો સાગ, વાંસ, સાડદ, સીસમ, સીમળો, સીતાફળ, સીરસ, અણિયાળ, અકોલ, અર્જુનસાડદ, આમળો, ઉમરો, ઉમેરો, ઓળો, કછનાળ, કડાયો, કડી, કણજી, કરંજ, કરમદા, કલમ, કીલાઇ, કુંબી, કુસુમ, ખાખરો, ખાટી આમલી, ખેર ગરમાળો, ગુંદા, પરપલીયા, પીપર, બહેડા, બીયો, બિલ્લી બોરડી, મહુડો, લીમડો, વડ, સરઘવો, અરસુડો, અરીઠા, આંબો. આમ અનેક પ્રકારના રોપાના વાવેતર કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : એક વખત ફૉરેસ્ટમાં માનનીય ધારાસભ્યશ્રીઓને લઇ જઇને આ બધા રોપાઓને ઓળખાવાનું પણ કામ કરવું જોઇએ, તો બધાના ધ્યાનમાં આવે કે કયું કયું વૃક્ષ કયાં છે અને શું છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ સરસ વાત કરી. માનનીય સભ્યશ્રીઓને હું જણાવવા માગું છું કે અત્યારે જ રાજપીપળા ખાતે અમે એક વનનું નિર્માણ કર્યું છે અને એમાં લગભગ ૧૫૮ પ્રકારના અલગ અલગ પ્રકારના રોપાનું અમે વાવેતર કર્યું છે. માનનીય સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે રાજપીપળા ખાતે જે અમે વનનું ઓપનિંગ કર્યું છે,

એમાં જઇને જુએ કે એ રોપા કઇ કઇ ટાઇપના શેમાં શેમાં ઉપયોગમાં આવે છે. એ પણ એમાં એક એક રોપાની ઉપર લેબલ પણ માર્યું છે કે આ રોપો આમાં કામ લાગે. આ રોપાનો ઉપયોગ આ રીતે થાય. આર્યુવેદિકમાં આ રીતે કામ લાગે. આમ ખૂબ સરસ આયુર્વેદિક વન બનાવવામાં આવ્યું છે.

અધ્યક્ષશ્રી : એની ઉપયોગિતાની જાણકારી મળશે તો એનું સંવર્ધન કરવામાં પણ તમે મદદ કરી શકો.

શ્રી મહેશભાઇ સો. ભુરિયા : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દાહોદ તાલુકામાં સને ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૩ ની સ્થિતિએ ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ કરાયેલ વાવેતરમાં કેટલા માનવ દિન ઉત્પન્ન થયેલ છે અને મજૂરોને કેટલું ચૂકવણું કરવામાં આવેલ છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨–૨૩માં દાહોદ તાલુકાની અંદર ૧૦ ગામોની અંદર ૯૨ હજાર જેટલા માનવદિન ઉત્પન્ન થયેલ છે અને એની પાછળ રૂ.૩૨૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. ગામના નામ જોઇએ તો ખરોડ, રવાડી, ખેદા, સાલપાડા, તળાવીયા હિંમત, ઉચ્ચવાણિયા, કોટડા, ચંદનવાણા, બોરવાણી, ઉકરડી અને સાકરડા. એ જ રીતે ૨૩–૨૪માં દાહોદની અંદર ૮...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

### આયુષ્માન કાર્ડ અને રાશન કાર્ડ લિંક ન થવા બાબત

**15/4/1514 શ્રી અનિરૂધ્ધ ભાઇલાલ દવે** (માંડવી): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં આયુષ્માન કાર્ડ અને રાશન કાર્ડ લિંક ન થવા અંગેની કેટલી ફરિયાદો મળી, | )૧) | લેખિતમાં કોઇ ફરિયાદ મળેલ નથી. |
| (૨) | રાશન કાર્ડ અને આયુષ્માન કાર્ડની ભાષાઓ અલગ હોવાથી લિંક કરવામાં સમસ્યા થાય છે તે હકીકત સાચી છે, અને | )૨) | હા, જી. |
| )૩) | જો હા, તો આ સમસ્યાનો ઉકેલ લાવવા સરકારે શાં પગલા લીધા? | )૩) | આયુષ્માન કાર્ડની નોંધણી માટે રાશન કાર્ડમાં નામ અંગ્રેજીમાં હોવું જરૂરી છે. જે લાભાર્થીઓના નામ રાશન કાર્ડમાં અંગ્રેજીમાં ન હોય તેવા લાભાર્થીઓને રાશનકાર્ડમાં નામ અંગ્રેજીમાં અપડેટ કરાવવા માટે લગત કચેરીનો સંપર્ક કરી વિગતો અંગ્રેજીમાં અપડેટ કરાવવા જણાવવામાં આવે છે |

### પ્રમુખ સ્વામી મહારાજના જન્મ સ્થળને પ્રવાસન તરીકે વિકસાવવા બાબત

**15/4/1136 શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા** )પાદરા :(**માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના ચાણસદ ખાતે આવેલ પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજના જન્મ સ્થળને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે કોઈ કામગીરી કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) | હા,જી. |
| (૨) | જો હા, તો તેની વિગતો શું છે? | (૨) | તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના ચાણસદ ખાતે આવેલ પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ જન્મ સ્થળને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે સ્ટેચ્યુ ઓફ પ્રમુખ સ્વામી, પ્રાગટ્ય તીર્થ, મેમોરીયલ, પાર્કીંગ, ગેટ, અક્ષર સેતુ, ઓરીયેન્ટેશન સેન્ટર, ફુડ કોર્ટ, ગજેબો, ચિલ્ડ્રન પ્લે એરીયા, ટોઇલેટ બ્લોક વગેરેની કામગીરી માટે રૂ.૧૦.૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવેલ છે. |

### દાંતીવાડા જળાશયને પર્યટન સ્થળ તરીકે વિકસાવવા બાબત

**15/4/942 શ્રી માવજીભાઈ મગનભાઈ દેસાઈ** )ધાનેરા :(**માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકામાં આવેલ દાંતીવાડા જળાશયને પર્યટન સ્થળ તરીકે વિકસાવવા સરકારનું આયોજન છે કે કેમ, અને | (૧) | ના,જી. |
| (૨) | જો હા, તો તેની વિગતો શુ છે? | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ભરૂચ જિલ્લાના કબીરવડને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત**

**15/4/1139 શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા** )વાગરા :(**માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં આવેલ કબીરવડને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે કોઈ કામગીરી કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) | હા,જી. |
| (૨) | જો હા, તો તેની વિગતો શું છે? | (૨) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં આવેલ કબીરવડને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે રૂ.૩૧૨૨.૦૦ લાખના અંદાજ સાથે ઘાટ ડેવલપમેન્ટ, પાર્કીંગ, કોમ્યુનિટી હોલ, લેન્ડસ્કેપિંગ, ચિલ્ડ્રન પ્લે એરિયા, ઈલેક્ટ્રીફીકેશન, પીવાના પાણીની વ્યવસ્થા અને ટોઇલેટ બ્લોક જેવી કામગીરી અર્થે ટેન્ડરીંગ પ્રક્રિયા હાથ ધરેલ છે. |

**રાજ્યમાં પ્રવાસન જાહેરાતો અને કાર્યક્રમો પાછળ ખર્ચ**

**15/4/1855 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી** )ખેડબ્રહ્મા :(**માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં પ્રવાસન અંગેની જાહેરાતો અને કાર્યક્રમો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૨ | ૭૪૦૨.૭૮ |
| ૨૦૨૩ | ૬૮૩૬.૪૯ |

**દાંતા અને અમીરગઢ તાલુકામાં જંગલમાંથી પસાર થતા રસ્તાઓની મંજૂરી**

**15/04/1697 શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી** )દાંતા:( **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧( | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમરીગઢ તાલુકામાં વનવિસ્તારમાં રસ્તા બનાવવાની મંજૂરી માંગતી કેટલી દરખાસ્તો સરકારને મળી, અને | )૧ | (તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમરીગઢ તાલુકામાં વનવિસ્તારમાં રસ્તા બનાવવાની મંજૂરી માંગતી કુલ ૧૫ દરખાસ્તો મળેલ છે, |
| )૨( | તે અન્વયે વર્ષવાર કેટલા રસ્તાઓ બનાવવા માટેની દરખાસ્તોને મંજૂરી અપાઈ? | )૨( | તે અન્વયે વર્ષ ૨૦૨૨ માં ૭ દરખાસ્તો અને વર્ષ ૨૦૨૩ માં ૬ દરખાસ્તો એમ કુલ ૧૩ દરખાસ્તોને મંજૂરી આપવામાં આવેલ છે . |

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેંદ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ**

**1837/4/15 શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર** )જામજોધપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–.

**પ્રશ્ન** **જવાબ**

# તા.૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, કેટલી જગ્યાઓ ખાલી છે , અને | )૧) (નીચેના કોષ્ટક મુજબ) |
| )૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | )૨) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી રાજયમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો વિગેરે ખાતેની ખાલી જગ્યા ભરી શકાશે. |

| જિલ્લાનું નામ | પ્રા.આ.કે.નું મંજૂર મહેકમ | સા.આ.કે.નું મંજૂર મહેકમ |
|---|---|---|
| જામનગર | પત્રક–૧ | પત્રક–૨ |
| દેવભૂમિ દ્વારકા | પત્રક–૩ | પત્રક–૪ |

પત્રક-૧

જામનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતુ પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | પ્રા.આ.કે.ની સંખ્યા | કેડર નું નામ | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મેડિકલ ઓફિસર | | | સ્ટાફ નર્સ | | | ફાર્માસિસ્ટ | | | લેબ .ટેક. | | | ડ્રાઈવર | | | વોર્ડબોય | | | વોર્ડઆયા | | | સ્વીપર) પાર્ટટાઇમ( | | |
| | | | મંજૂર | ભરેલ | ખાલી | મંજૂર | ભરેલ | ખાલી | મંજૂર | ભરેલ | ખાલી | મંજૂર | ભરેલ | ખાલી | મંજૂર | ભરેલ | ખાલી | મંજૂર | ભરેલ | ખાલી | મંજૂર | ભરેલ | ખાલી | મંજૂર | ભરેલ | ખાલી |
| ૧ | જામનગર | ૯ | ૯ | ૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૯ | ૮ | ૧ | ૯ | ૭ | ૨ | ૯ | ૮ | ૧ | ૯ | ૫ | ૪ | ૯ | ૫ | ૪ | ૧૮ | ૧૨ | ૬ |
| ૨ | ધ્રોલ | ૩ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૩ | ૦ | ૩ | ૩ | ૦ | ૩ | ૩ | ૦ | ૩ | ૨ | ૧ | ૩ | ૩ | ૦ | ૬ | ૪ | ૨ |
| ૩ | જોડિયા | ૩ | ૩ | ૩ | ૦ | ૧ | ૧ | ૦ | ૩ | ૩ | ૦ | ૩ | ૩ | ૦ | ૩ | ૩ | ૦ | ૩ | ૩ | ૦ | ૩ | ૩ | ૦ | ૬ | ૪ | ૨ |
| ૪ | કાલાવડ | ૬ | ૬ | ૪ | ૨ | ૧ | ૧ | ૦ | ૬ | ૫ | ૧ | ૬ | ૬ | ૦ | ૬ | ૬ | ૦ | ૬ | ૬ | ૦ | ૬ | ૬ | ૦ | ૧૨ | ૮ | ૪ |
| ૫ | લાલપુર | ૬ | ૬ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૬ | ૬ | ૦ | ૬ | ૫ | ૧ | ૬ | ૬ | ૦ | ૬ | ૬ | ૦ | ૬ | ૬ | ૦ | ૧૨ | ૮ | ૪ |
| ૬ | જામજોધપુર | ૭ | ૭ | ૪ | ૩ | ૦ | ૦ | ૦ | ૭ | ૪ | ૩ | ૭ | ૭ | ૦ | ૭ | ૭ | ૦ | ૭ | ૬ | ૧ | ૭ | ૭ | ૦ | ૧૪ | ૧૦ | ૪ |
| | કુલ | ૩૪ | ૩૪ | ૨૫ | ૯ | ૨ | ૨ | ૦ | ૩૪ | ૨૯ | ૫ | ૩૪ | ૩૧ | ૩ | ૩૪ | ૩૩ | ૧ | ૩૪ | ૨૮ | ૬ | ૩૪ | ૩૦ | ૪ | ૬૮ | ૪૬ | ૨૨ |

પત્રક–૨

જામનગર જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર મહેકમની વિગત પત્રક
(તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ)

| | તાલુકાનુ નામ | ધ્રોળ (સા.આ.કે.ની સંખ્યા –૧) | | | જામ જોધપુર (સા.આ.કે.ની સંખ્યા –૧) | | | જામનગર (સા.આ.કે.ની સંખ્યા–૩) | | | જોડીયા (સા.આ.કે.ની સંખ્યા –૧) | | | કાલાવડ (સા.આ.કે.ની સંખ્યા –૧) | | | લાલપુર (સા.આ.કે.ની સંખ્યા –૨) | | | કુલ જામનગર (સા.આ.કે.ની સંખ્યા –૯) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં | સંવર્ગનું નામ | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી |
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૧ | ૧ | ૯ | ૩ | ૬ |
| ૨ | તબીબી અધિકારી, વર્ગ–૨ | ૩ | ૧ | ૨ | ૩ | ૩ | ૦ | ૯ | ૮ | ૧ | ૩ | ૩ | ૦ | ૩ | ૨ | ૧ | ૬ | ૪ | ૨ | ૨૭ | ૨૧ | ૬ |
| ૩ | એક્સ રે ટેકનિશિયન વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૩ | ૧ | ૨ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૧ | ૧ | ૯ | ૬ | ૩ |
| ૪ | લેબોરેટરી ટેકનિશિયન, વર્ગ–૩ | ૨ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૩ | ૩ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૧૦ | ૧૦ | ૦ |
| ૫ | જુનિયર ફાર્માસીસ્ટ, વર્ગ–૩ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ | ૨ | ૧ | ૨ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૧ | ૧ | ૧૦ | ૭ | ૩ |
| ૬ | સ્ટાફ નર્સ, વર્ગ–૩ | ૮ | ૮ | ૦ | ૭ | ૭ | ૦ | ૨૧ | ૨૧ | ૦ | ૧૦ | ૧૦ | ૦ | ૭ | ૭ | ૦ | ૧૪ | ૧૪ | ૦ | ૬૭ | ૬૭ | ૦ |
| ૭ | સીની.આસી વર્ગ ૩ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૩ | ૧ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૧ | ૮ | ૩ | ૫ |
| ૮ | સિનિયર ક્લાર્ક વર્ગ ૩ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૩ | ૩ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૧ | ૧ | ૯ | ૮ | ૧ |
| ૯ | ડ્રાઈવર, વર્ગ–૩ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ | ૩ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૧૦ | ૯ | ૧ |
| ૧૦ | ડ્રેસર વર્ગ ૪ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ | ૩ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૯ | ૮ | ૧ |
| ૧૧ | પટાવાળા વર્ગ ૪ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૩ | ૩ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૧ | ૧ | ૯ | ૮ | ૧ |

| | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | વોર્ડ બોય વર્ગ ૪ | ૨ | ૨ | ૦ | ૨ | ૨ | ૦ | ૬ | ૬ | ૦ | ૬ | ૪ | ૨ | ૨ | ૨ | ૦ | ૪ | ૪ | ૦ | ૨૨ | ૨૦ | ૨ |
| ૧૩ | આયા, વર્ગ–૪ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૩ | ૩ | ૦ | ૫ | ૩ | ૨ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૧૩ | ૧૧ | ૨ |
| ૧૪ | સ્વીપર વર્ગ ૪ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૩ | ૩ | ૦ | ૬ | ૬ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૧૪ | ૧૪ | ૦ |
| ૧૫ | પાર્ટટાઇમ સ્વીપર, વર્ગ–૪ | ૨ | ૦ | ૨ | ૨ | ૧ | ૧ | ૪ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૧૨ | ૫ | ૭ |
| ૧૬ | પાર્ટટાઇમ વોચમેન, વર્ગ–૪ | ૨ | ૨ | ૦ | ૨ | ૨ | ૦ | ૪ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૧ | ૨ | ૨ | ૦ | ૧૨ | ૭ | ૫ |
| ૧૭ | તજજ્ઞ વર્ગ ૧ | ૭ | ૧ | ૬ | ૫ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ | ૫ | ૧ | ૪ | ૫ | ૧ | ૪ | ૫ | ૧ | ૪ | ૨૭ | ૪ | ૨૩ |
| ૧૮ | ફિઝિયોથેરાપીસ્ટ વર્ગ ૩ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૩ | ૩ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૯ | ૯ | ૦ |
| | કુલ | ૩૬ | ૨૧ | ૧૫ | ૩૨ | ૨૪ | ૮ | ૭૭ | ૬૪ | ૧૩ | ૪૫ | ૩૬ | ૯ | ૩૧ | ૨૩ | ૮ | ૫૫ | ૪૨ | ૧૩ | ૨૭૬ | ૨૧૦ | ૬૬ |

પત્રક–૩

દેવભુમિ દ્વારકા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતુ પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | પ્રા. આ.કે .ની સંખ્યા | કેડરનું નામ | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મેડિકલ ઓફીસર | | | સ્ટાફ નર્સ | | ફાર્માસિસ્ટ | | | લેબ.ટેક. | | | ડ્રાઈવર | | | વોર્ડ બોય | | | વોર્ડ આયા | | | સ્વીપર (પાર્ટટાઇમ( | | |
| | | | મંજૂર | ભરેલ | ખાલી | મંજૂર | ખાલી | મંજૂર | ભરેલ | ખાલી | મંજૂર | ભરેલ | ખાલી | મંજૂર | ભરેલ | ખાલી | મંજૂર | ભરેલ | ખાલી | મંજૂર | ભરેલ | ખાલી | મંજૂર | ભરેલ | ખાલી |
| ૧ | ખંભાળિયા | ૬ | ૬ | ૫ | ૧ | ૦ | ૦ | ૬ | ૫ | ૧ | ૬ | ૫ | ૧ | ૬ | ૫ | ૧ | ૬ | ૬ | ૦ | ૬ | ૬ | ૦ | ૧૨ | ૧૨ | ૦ |
| ૨ | ભાણવડ | ૫ | ૫ | ૩ | ૨ | ૦ | ૦ | ૫ | ૪ | ૧ | ૫ | ૫ | ૦ | ૫ | ૫ | ૦ | ૫ | ૫ | ૦ | ૫ | ૫ | ૦ | ૧૦ | ૧૦ | ૦ |
| ૩ | કલ્યાણપુર | ૯ | ૯ | ૬ | ૩ | ૦ | ૦ | ૯ | ૮ | ૧ | ૯ | ૮ | ૧ | ૯ | ૭ | ૨ | ૯ | ૭ | ૨ | ૯ | ૯ | ૦ | ૧૮ | ૧૮ | ૦ |
| ૪ | દ્વારકા | ૩ | ૩ | ૨ | ૧ | ૦ | ૦ | ૩ | ૩ | ૦ | ૩ | ૩ | ૦ | ૩ | ૨ | ૧ | ૩ | ૨ | ૧ | ૩ | ૩ | ૦ | ૬ | ૬ | ૦ |
| કુલ | | ૨૩ | ૨૩ | ૧૬ | ૭ | ૦ | ૦ | ૨૩ | ૨૦ | ૩ | ૨૩ | ૨૧ | ૨ | ૨૩ | ૧૯ | ૪ | ૨૩ | ૨૦ | ૩ | ૨૩ | ૨૩ | ૦ | ૪૬ | ૪૬ | ૦ |

| પત્રક–૪ | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર મહેકમની વિગત (તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ) | | | | | | | | | | | | | |
| | તાલુકાનુ નામ | તા. ભાણવડ (સા.આ.કે.ની સંખ્યા –૧) | | | તા.કલ્યાણપુર (સા.આ.કે.ની સંખ્યા –૨) | | | તા. ખંભાળિયા (સા.આ.કે.ની સંખ્યા –૧) | | | કુલ દેવભૂમિ દ્વારકા (સા.આ.કે.ની સંખ્યા -૪) | | |
| અ.નં | સંવર્ગનું નામ | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી |
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ | ૧ | ૦ | ૧ | ૪ | ૦ | ૪ |
| ૨ | તબીબી અધિકારી, વર્ગ–૨ | ૩ | ૨ | ૧ | ૬ | ૪ | ૨ | ૩ | ૧ | ૨ | ૧૨ | ૭ | ૫ |
| ૩ | એક્સ રે ટેકનિશિયન, વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૪ | ૪ | ૦ |
| ૪ | લેબૉરેટરી ટેકનિશિયન, વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૪ | ૪ | ૦ |
| ૫ | જુનિયર ફાર્માસીસ્ટ, વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૪ | ૪ | ૦ |
| ૬ | સ્ટાફ નર્સ, વર્ગ–૩ | ૭ | ૭ | ૦ | ૧૪ | ૧૪ | ૦ | ૭ | ૭ | ૦ | ૨૮ | ૨૮ | ૦ |
| ૭ | સીની.આસી, વર્ગ-૩ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ | ૧ | ૦ | ૧ | ૪ | ૦ | ૪ |
| ૮ | સિનિયર ક્લાર્ક, વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૪ | ૪ | ૦ |
| ૯ | ડ્રાઈવર, વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૪ | ૪ | ૦ |
| ૧૦ | ડ્રેસર, વર્ગ-૪ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૪ | ૪ | ૦ |
| ૧૧ | પટાવાળા, વર્ગ-૪ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૪ | ૪ | ૦ |
| ૧૨ | વોર્ડ બોય, વર્ગ-૪ | ૨ | ૨ | ૦ | ૪ | ૪ | ૦ | ૨ | ૨ | ૦ | ૮ | ૮ | ૦ |
| ૧૩ | આયા, વર્ગ–૪ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૪ | ૪ | ૦ |
| ૧૪ | સ્વીપર, વર્ગ-૪ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૪ | ૪ | ૦ |
| ૧૫ | પાર્ટટાઇમ સ્વીપર, વર્ગ–૪ | ૨ | ૦ | ૨ | ૪ | ૩ | ૧ | ૨ | ૧ | ૧ | ૮ | ૪ | ૪ |
| ૧૬ | પાર્ટટાઇમ વોચમેન, વર્ગ–૪ | ૨ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૨ | ૦ | ૨ | ૮ | ૩ | ૫ |
| ૧૭ | ફિઝિયોથેરાપીસ્ટ, વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૪ | ૪ | ૦ |
| કુલ | | ૨૭ | ૨૧ | ૬ | ૫૪ | ૪૫ | ૯ | ૨૭ | ૨૦ | ૭ | ૧૦૮ | ૮૬ | ૨૨ |

**વલસાડ જિલ્લામાં વન વિભાગ દ્વારા રોડ માટે બાકી મંજૂરી**

**15/04/1520 શ્રી ભરતભાઈ કીકુભાઈ પટેલ** )વલસાડ **:(માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧( તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ વલસાડ જિલ્લાનો વલસાડ-ગુંદલાવ-ખેરગામ રોડના બાંધકામને વનવિભાગની મંજૂરી મળેલ નથી તે હકીકત સાચી છે,અને | )૧ (હા,જી. |
| )૨( જો હા, તો ઉક્ત મંજૂરી કેટલા સમયમાં આપવામાં આવશે ? | )૨( વલસાડ જિલ્લાના વલસાડ-ગુંદલાવ-ખેરગામ રોડ વાઈડનીંગની માર્ગ અને મકાન વિભાગની ૯.૮૫ હેક.ની વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ મંજૂરી માટેની દરખાસ્તને ભારત સરકારની તા.૧૮/૦૧/૨૦૨૪ ના રોજ મળેલ ૧૬ મી રીજીઓનલ એમ્પાવર્ડ કમીટી (આર.ઈ.સી.) દ્વારા મંજૂરી માટે ભલામણ કરવામાં આવેલ છે . |

### રાજ્યમાં મહોત્સવો પાછળ ખર્ચ

**15/4/1842 શ્રી જિગ્નેશ મેવાણી** )વડગામ :(**માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં નવરાત્રિ મહોત્સવ, પતંગોત્સવ અને રણોત્સવ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) |

| ક્રમ | મહોત્સવ | ૨૦૨૨ (રૂ.લાખમાં) | ૨૦૨૩ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | નવરાત્રિ મહોત્સવ | ૭૫૯.૨૯ | ૮૭૬.૪૧ |
| ૨ | પતંગોત્સવ | ૧૨.૫૪ | ૭૧૬.૩૫ |
| ૩ | રણોત્સવ | ૧૨૨૩.૧૫ | ૧૦૧૬.૬૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત કરવામાં આવેલ ખર્ચ પૈકી કેટલો ખર્ચ જમવા, રહેવા અને ટ્રાન્સપોર્ટેશન માટે કરવામાં આવ્યો? | (૨) |

| ક્રમ | વિગત | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | જમવા-રહેવા | ૫૪.૧૩ |
| ૨ | ટ્રાન્સપોર્ટેશન | ૧૮૧.૧૫ |

### રાજુલા અને જાફરાબાદ તાલુકામાં જંગલી હિંસક પ્રાણીઓ દ્વારા પાલતુ પશુઓનું મારણ

**870/4/15શ્રી હિરાભાઇ ઓધવજીભાઈ સોલંકી** )રાજુલા) **: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧ ( તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજુલા અને જાફરાબાદ તાલુકામાં જંગલી હિંસક પ્રાણીઓ દ્વારા પાલતુ પશુઓના મારણ કરવામાં આવે છે, તે હકીકત સાચી છે કે કેમ, | )૧ ( હા, જી. |
| )૨( જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત તાલુકાના ક્યા ક્યા ગામમાં કેટલા પશુઓના મારણ કરવામાં આવેલ છે, અને | (૨) પત્રક-અ મુજબ |
| )૩) મારણ કરવામાં આવેલ પશુઓના માલિકોને કેટલી સહાય ચૂકવવામાં આવી છે અને કેટલી સહાય ચૂકવવાની બાકી છે? | )૩) |

તા.૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪
અતારાંકિત પ્રશ્નો
પત્રક–અ

ભાગ-૧

| અનુ.નં. | વર્ષ | તાલુકાનું નામ | ગામનું નામ | મારણ કરવામાં આવેલ પશુઓની સંખ્યા | પશુમાલિકોને ચૂકવેલ સહાયની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૨ | જાફરાબાદ | કાગવદર | 4 | 14500 |
| ૨ | | જાફરાબાદ | કેરાળા | 3 | 30000 |
| ૩ | | જાફરાબાદ | કોળી કંથારિયા | 1 | 3000 |
| ૪ | | જાફરાબાદ | ઘેસપુર | 1 | 25000 |
| ૫ | | જાફરાબાદ | ચાપાથાળ | 1 | 3000 |
| ૬ | | જાફરાબાદ | ચિત્રાસર | 1 | 5000 |
| ૭ | | જાફરાબાદ | છેલાણા | 3 | 35000 |
| ૮ | | જાફરાબાદ | જાફરાબાદ | 5 | 14000 |
| ૯ | | જાફરાબાદ | જૂની જીકાદ્રી | 2 | 27000 |
| ૧૦ | | જાફરાબાદ | ટીંબી | 2 | 30000 |
| ૧૧ | | જાફરાબાદ | દુધાળા | 2 | 11000 |
| ૧૨ | | જાફરાબાદ | ધારાબંદર | 2 | 18000 |
| ૧૩ | | જાફરાબાદ | નવી જીકાદ્રી | 1 | 20000 |
| ૧૪ | | જાફરાબાદ | નાગેશ્રી | 18 | 207000 |
| ૧૫ | | જાફરાબાદ | નાના સાકરિયા | 1 | 40000 |
| ૧૬ | | જાફરાબાદ | પાટી માણસા | 12 | 58000 |
| ૧૭ | | જાફરાબાદ | ફાચરીયા | 4 | 44000 |
| ૧૮ | | જાફરાબાદ | બલાણા | 7 | 39000 |
| ૧૯ | | જાફરાબાદ | બાલાનીવાવ | 3 | 22000 |
| ૨૦ | | જાફરાબાદ | બાબરકોટ | 7 | 31500 |
| ૨૧ | | જાફરાબાદ | ભટવદર | 2 | 25000 |
| ૨૨ | | જાફરાબાદ | ભાકોદર | 4 | 40000 |
| ૨૩ | | જાફરાબાદ | ભાડા | 9 | 59000 |
| ૨૪ | | જાફરાબાદ | મિતિયાળા | 8 | 79000 |
| ૨૫ | | જાફરાબાદ | મીઠાપુર | 6 | 44500 |
| ૨૬ | | જાફરાબાદ | મોટા માણસા | 2 | 17000 |
| ૨૭ | | જાફરાબાદ | મોટા સાકરિયા | 1 | 5000 |
| ૨૮ | | જાફરાબાદ | રોહિસા | 10 | 94000 |
| ૨૯ | | જાફરાબાદ | લુણસાપુર | 45 | 349000 |
| ૩૦ | | જાફરાબાદ | લોઠપુર | 4 | 26000 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૧ | | જાફરાબાદ | લોર | 5 | 26000 |
| ૩૨ | | જાફરાબાદ | વડલી | 1 | 3000 |
| ૩૩ | | જાફરાબાદ | વાઢ | 5 | 41500 |
| ૩૪ | | જાફરાબાદ | વારા સ્વરૂપ | 2 | 13000 |
| ૩૫ | | જાફરાબાદ | સરોવડ | 1 | 29000 |
| ૩૬ | | જાફરાબાદ | હેમાળ | 2 | 10500 |
| **જાફરાબાદ તાલુકાનું કુલ** | | | | **187** | **1538500** |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૨ | રાજુલા | ઉચૈયા | 4 | 52000 |
| ૨ | | રાજુલા | ઉટીયા | 3 | 9500 |
| ૩ | | રાજુલા | કડીયાળી | 3 | 28000 |
| ૪ | | રાજુલા | કથીવદર | 3 | 30000 |
| ૫ | | રાજુલા | કાતર | 4 | 16000 |
| ૬ | | રાજુલા | કુંડળીયાળા | 2 | 12500 |
| ૭ | | રાજુલા | કોટડી | 8 | 53000 |
| ૮ | | રાજુલા | કોટડીપરા | 2 | 21000 |
| ૯ | | રાજુલા | કોવાયા | 3 | 23000 |
| ૧૦ | | રાજુલા | ખાંભલીયા | 1 | 10000 |
| ૧૧ | | રાજુલા | ખારી | 4 | 21000 |
| ૧૨ | | રાજુલા | ખાખબાઈ | 8 | 40000 |
| ૧૩ | | રાજુલા | ગુરગઢ | 2 | 6000 |
| ૧૪ | | રાજુલા | ચાંચ | 4 | 14000 |
| ૧૫ | | રાજુલા | ચાંચબંદર | 3 | 21000 |
| ૧૬ | | રાજુલા | ચારોડીયા | 2 | 8000 |
| ૧૭ | | રાજુલા | ચૌત્રા | 4 | 47000 |
| ૧૮ | | રાજુલા | છતડિયા | 10 | 69000 |
| ૧૯ | | રાજુલા | છાપરી | 3 | 9500 |
| ૨૦ | | રાજુલા | જાપોદર | 1 | 5000 |
| ૨૧ | | રાજુલા | જીઝકા | 1 | 7000 |
| ૨૨ | | રાજુલા | જુના જાપોદર | 1 | 15000 |
| ૨૩ | | રાજુલા | જૂની બારપટોળી | 2 | 19000 |
| ૨૪ | | રાજુલા | જૂની કાતર | 1 | 10000 |
| ૨૫ | | રાજુલા | ઝાંઝરડા | 5 | 22000 |
| ૨૬ | | રાજુલા | જોલાપર | 1 | 9000 |
| ૨૭ | | રાજુલા | ડુંગર | 7 | 22000 |
| ૨૮ | | રાજુલા | ડોળીયા | 7 | 20000 |
| ૨૯ | | રાજુલા | તાતણીયા | 2 | 9000 |
| ૩૦ | | રાજુલા | દાતરડી | 2 | 27000 |

ભાગ–૩

**Table 2**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૧ | | રાજુલા | દીપડીયા | 2 | 7500 |
| ૩૨ | | રાજુલા | દેવકા | 3 | 42000 |
| ૩૩ | | રાજુલા | ધારાના નેસ | 1 | 5000 |
| ૩૪ | | રાજુલા | ધારેશ્વર | 11 | 57500 |
| ૩૫ | | રાજુલા | નવા આગરીયા | 8 | 32500 |
| ૩૬ | | રાજુલા | નવી માંડરડી | 6 | 32000 |
| ૩૭ | | રાજુલા | નાની ખેરાળી | 6 | 26500 |
| ૩૮ | | રાજુલા | નાની માંડરડી | 1 | 4000 |
| ૩૯ | | રાજુલા | નિંગાળા–૧ | 1 | 4500 |
| ૪૦ | | રાજુલા | નિંગાળા | 2 | 6000 |
| ૪૧ | | રાજુલા | પટવા | 2 | 9000 |
| ૪૨ | | રાજુલા | પીપાવાવ ધામ | 2 | 9000 |
| ૪૩ | | રાજુલા | બર્બટાણા | 2 | 7000 |
| ૪૪ | | રાજુલા | બાબરીયાધાર | 6 | 42500 |
| ૪૫ | | રાજુલા | બાર પાટોળી જૂની | 1 | 17000 |
| ૪૬ | | રાજુલા | ભચાદર | 2 | 8500 |
| ૪૭ | | રાજુલા | ભાક્ષી | 1 | 8000 |
| ૪૮ | | રાજુલા | ભાક્ષી–૧ | 1 | 3000 |
| ૪૯ | | રાજુલા | ભાક્ષી–૩ | 1 | 5500 |
| ૫૦ | | રાજુલા | ભેરાઈ | 7 | 61500 |
| ૫૧ | | રાજુલા | મોટા આગરીયા | 13 | 70500 |
| ૫૨ | | રાજુલા | મોટી ખેરાળી | 6 | 31000 |
| ૫૩ | | રાજુલા | મોરંગી | 21 | 73500 |
| ૫૪ | | રાજુલા | રાજુલા | 7 | 35500 |
| ૫૫ | | રાજુલા | રામપરા–૧ | 1 | 5000 |
| ૫૬ | | રાજુલા | રામપરા–૨ | 42 | 375000 |
| ૫૭ | | રાજુલા | વડ | 4 | 26000 |
| ૫૮ | | રાજુલા | વડલી | 4 | 35000 |
| ૫૯ | | રાજુલા | વાવડી | 17 | 95000 |
| ૬૦ | | રાજુલા | વાવેરા | 9 | 44000 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૧ | | રાજુલા | વિક્ટર | 1 | 3000 |
| ૬૨ | | રાજુલા | સમઢીયાળા | 4 | 50000 |
| ૬૩ | | રાજુલા | સમઢીયાળા–૧ | 1 | 14000 |
| ૬૪ | | રાજુલા | હડમતીયા | 1 | 4500 |
| ૬૫ | | રાજુલા | હિંડોરણા | 11 | 54000 |
| **રાજુલા તાલુકાનું કુલ** | | | | **311** | **1960000** |
| **એકંદર કુલ** | | | | **498** | **3498500** |

ભાગ-૫

| અનુ.નં. | વર્ષ | તાલુકાનું નામ | ગામનું નામ | મારણ કરવામાં આવેલ પશુઓની સંખ્યા | પશુમાલિકોને ચૂકવેલ સહાયની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૩ | જાફરાબાદ | એભલવડ | 1 | 4000 |
| ૨ | | જાફરાબાદ | કડીયાળી | 5 | 42000 |
| ૩ | | જાફરાબાદ | કાગવદર | 7 | 36000 |
| ૪ | | જાફરાબાદ | કેરાળા | 2 | 10000 |
| ૫ | | જાફરાબાદ | કોળી કંથારિયા | 2 | 12500 |
| ૬ | | જાફરાબાદ | ખાખબાઈ | 2 | 8500 |
| ૭ | | જાફરાબાદ | ચિત્રાસર | 11 | 63000 |
| ૮ | | જાફરાબાદ | છેલાણા | 1 | 7000 |
| ૯ | | જાફરાબાદ | જાફરાબાદ | 9 | 56000 |
| ૧૦ | | જાફરાબાદ | ટીંબી | 4 | 23500 |
| ૧૧ | | જાફરાબાદ | દુધાળા | 1 | 4500 |
| ૧૨ | | જાફરાબાદ | ધારાબંદર | 4 | 26000 |
| ૧૩ | | જાફરાબાદ | ધોળાદ્રી | 1 | 4000 |
| ૧૪ | | જાફરાબાદ | નવી જીકાદ્રી | 5 | 28500 |
| ૧૫ | | જાફરાબાદ | નાગેશ્રી | 21 | 156000 |
| ૧૬ | | જાફરાબાદ | પાટી માણસા | 15 | 94000 |
| ૧૭ | | જાફરાબાદ | ફાચરીયા | 3 | 14000 |
| ૧૮ | | જાફરાબાદ | બલાણા | 3 | 19500 |
| ૧૯ | | જાફરાબાદ | બાબરકોટ | 16 | 77000 |
| ૨૦ | | જાફરાબાદ | બાલાનીવાવ | 5 | 41500 |
| ૨૧ | | જાફરાબાદ | ભાકોદર | 6 | 38000 |
| ૨૨ | | જાફરાબાદ | ભાડા | 8 | 36000 |
| ૨૩ | | જાફરાબાદ | મીઠાપુર | 9 | 53200 |
| ૨૪ | | જાફરાબાદ | મીતીયાળા | 3 | 16000 |
| ૨૫ | | જાફરાબાદ | મોટા માણસા | 3 | 20000 |
| ૨૬ | | જાફરાબાદ | મોટા સાકરીયા | 7 | 36000 |
| ૨૭ | | જાફરાબાદ | રોહિસા | 16 | 92000 |
| ૨૮ | | જાફરાબાદ | લુણસાપુર | 21 | 128000 |
| ૨૯ | | જાફરાબાદ | લોઠપુર | 4 | 35000 |
| ૩૦ | | જાફરાબાદ | લોર | 1 | 5000 |
| ૩૧ | | જાફરાબાદ | વડ | 1 | 12000 |
| ૩૨ | | જાફરાબાદ | વડલી | 3 | 14500 |
| ૩૩ | | જાફરાબાદ | વઢેરા | 8 | 45000 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૪ | | જાફરાબાદ | વાંઢ | 1 | 10000 |
| ૩૫ | | જાફરાબાદ | વાપાળીયા | 6 | 37000 |
| ૩૬ | | જાફરાબાદ | વારાસ્વરૂપ | 5 | 28000 |
| ૩૭ | | જાફરાબાદ | શેલાણા | 1 | 4500 |
| ૩૮ | | જાફરાબાદ | સરોડા | 2 | 8000 |
| ૩૯ | | જાફરાબાદ | સોખડા | 3 | 34000 |
| ૪૦ | | જાફરાબાદ | હેમાળ | 7 | 30500 |
| | | | **જાફરાબાદ તાલુકાનું કુલ** | **233** | **1410200** |
| ૧ | ૨૦૨૩ | રાજુલા | આગરીયા | 2 | 18000 |
| ૨ | | રાજુલા | ઉચૈયા | 8 | 42500 |
| ૩ | | રાજુલા | ઉટીયા | 2 | 9000 |
| ૪ | | રાજુલા | કડીયાળી | 1 | 12000 |
| ૫ | | રાજુલા | કથીવદર | 1 | 7000 |
| ૬ | | રાજુલા | કાતર | 15 | 115500 |
| ૭ | | રાજુલા | કુંડલીયાળા | 5 | 20500 |
| ૮ | | રાજુલા | કોટડી | 16 | 104000 |
| ૯ | | રાજુલા | કોવાયા | 21 | 241500 |
| ૧૦ | | રાજુલા | ખાખબાઈ | 14 | 133000 |
| ૧૧ | | રાજુલા | ખારી | 2 | 13500 |
| ૧૨ | | રાજુલા | ખેરા | 1 | 12000 |
| ૧૩ | | રાજુલા | ગાજાવદર | 1 | 7000 |
| ૧૪ | | રાજુલા | ચાંચબંદર | 5 | 30000 |
| ૧૫ | | રાજુલા | ચારોડીયા | 3 | 24000 |
| ૧૬ | | રાજુલા | ચારોલીયા | 1 | 4500 |
| ૧૭ | | રાજુલા | ચોત્રા | 2 | 9500 |
| ૧૮ | | રાજુલા | છતડીયા | 4 | 35000 |
| ૧૯ | | રાજુલા | છાપરી | 3 | 13000 |
| ૨૦ | | રાજુલા | ઝાંઝરડા | 4 | 24000 |
| ૨૧ | | રાજુલા | જાપોદર | 2 | 22500 |
| ૨૨ | | રાજુલા | જીંજાળ | 1 | 6000 |
| ૨૩ | | રાજુલા | જીજકા | 2 | 13500 |
| ૨૪ | | રાજુલા | જુના ઝાપોદર | 1 | 8000 |
| ૨૫ | | રાજુલા | જૂની કાતર | 1 | 3500 |
| ૨૬ | | રાજુલા | જૂની બારપટોળી | 8 | 52000 |
| ૨૭ | | રાજુલા | ઝાપોદર | 5 | 51000 |
| ૨૮ | | રાજુલા | ડુંગર | 11 | 66000 |
| ૨૯ | | રાજુલા | ડુંગરપરડા | 1 | 4500 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦ | | રાજુલા | દાતરડી | 2 | 13000 |
| ૩૧ | | રાજુલા | દીપડીયા | 6 | 33500 |
| ૩૨ | | રાજુલા | દેવકા | 2 | 11500 |
| ૩૩ | | રાજુલા | ધારેશ્વર | 19 | 95000 |
| ૩૪ | | રાજુલા | ધૂળિયા આગરીયા | 3 | 34000 |
| ૩૫ | | રાજુલા | નવા આગરિયા | 6 | 55500 |
| ૩૬ | | રાજુલા | નવા ઝાપોદર | 7 | 20500 |
| ૩૭ | | રાજુલા | નવા ગામ | 3 | 26000 |
| ૩૮ | | રાજુલા | નવી માંડરણી | 8 | 33500 |
| ૩૯ | | રાજુલા | નાના ઝાપોદર | 2 | 4500 |
| ૪૦ | | રાજુલા | નાના મસુંદડા | 1 | 4500 |
| ૪૧ | | રાજુલા | નાના મોટા મસુંદડા | 3 | 20000 |
| ૪૨ | | રાજુલા | નાના રીંગણીયાળા | 1 | 40000 |
| ૪૩ | | રાજુલા | નાની ખેરાળી | 6 | 38000 |
| ૪૪ | | રાજુલા | નિંગાળા | 2 | 15000 |
| ૪૫ | | રાજુલા | નેસડી | 1 | 7000 |
| ૪૬ | | રાજુલા | પટવા | 4 | 41500 |
| ૪૭ | | રાજુલા | પીપાવાવધામ | 5 | 25000 |
| ૪૮ | | રાજુલા | બર્બટાણા | 1 | 4500 |
| ૪૯ | | રાજુલા | બાબરિયાધાર | 7 | 62000 |
| ૫૦ | | રાજુલા | બાલાપર | 3 | 15500 |
| ૫૧ | | રાજુલા | ભચાદર | 1 | 4000 |
| ૫૨ | | રાજુલા | ભાક્ષી | 5 | 57500 |
| ૫૩ | | રાજુલા | ભેરાઇ | 17 | 160500 |
| ૫૪ | | રાજુલા | મસુંદડા | 1 | 4500 |
| ૫૫ | | રાજુલા | મોટા આગરીયા | 9 | 65000 |
| ૫૬ | | રાજુલા | મોટી ખેરાળી | 5 | 30000 |
| ૫૭ | | રાજુલા | રાજુલા | 13 | 104500 |
| ૫૮ | | રાજુલા | રાભડા | 1 | 3500 |
| ૫૯ | | રાજુલા | રામપરા | 19 | 224500 |
| ૬૦ | | રાજુલા | રામપરા–૧ | 4 | 26000 |
| ૬૧ | | રાજુલા | રામપરા–૨ | 25 | 233000 |
| ૬૨ | | રાજુલા | વડ | 6 | 30000 |
| ૬૩ | | રાજુલા | વડલી | 1 | 8000 |
| ૬૪ | | રાજુલા | વહ્લભનગર | 3 | 24000 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૫ | | રાજુલા | વાવડી | 5 | 25000 |
| ૬૬ | | રાજુલા | વાવેરા | 6 | 47500 |
| ૬૭ | | રાજુલા | વિકટર | 3 | 40000 |
| ૬૮ | | રાજુલા | વિસળીયા | 3 | 51000 |
| ૬૯ | | રાજુલા | સમઢીયાળા | 1 | 4500 |
| ૭૦ | | રાજુલા | સમૂહખેતી | 3 | 20000 |
| ૭૧ | | રાજુલા | સાંગા | 1 | 4500 |
| ૭૨ | | રાજુલા | હિંડોરણા | 16 | 97000 |
| **રાજુલા તાલુકાનું કુલ** | | | | **383** | **2931000** |
| **એકંદર કુલ** | | | | **616** | **4341200** |

---------------------------------

**મગફળીના ગોડાઉનમાં લાગેલ આગ સંબંધે ઈન્કવાયરી કમિશન**

**15/4/1871 શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | | **જવાબ** | |
|---|---|---|---|
| (૧) | ટેકાના ભાવે ખરીદેલ મગફળી સંગ્રહ કરેલ ગોડાઉનમાં લાગેલ આગ સંબંધે તપાસ કરવા માટે કમિશન ઓફ ઈન્કવાયરી એક્ટ હેઠળ કાયદા વિભાગે તા.૦૯–૦૯–૨૦૨૧ના નોટીફીકેશનથી ઈન્કવાયરી કમિશનની રચના કરેલ તે હકીકત સાચી છે? | (૧) | ના, જી. |
| (૨) | જો હા, તો ઉક્ત ઈન્કવાયરી કમિશનને ક્યા ક્યા ગોડાઉન સંબંધિત તપાસ સોંપવામાં આવેલ? | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) | ઉક્ત કમિશને કેટલા સમયમાં તપાસ અહેવાલ આપવનો હતો? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ કમિશનની મુદ્દતમાં ક્યારે કેટલો વધારો કરવામાં આવ્યો? | (૪) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) | ઉક્ત સ્થિતિએ અહેવાલ ક્યારે મળેલ છે અને તેની મુખ્ય વિગતો શું છે? | (૫) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગૃપને ફાળવેલ જમીન**

**15/04/1870 શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ** )વાંસદા) **:માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| **પ્રશ્ન** | | **જવાબ** | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિ સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગૃપની વન વિભાગ હસ્તકની ક્યા સ્થળે અને કેટલી જમીન મેળવવા માટેની અરજીઓ/માંગણીઓ પડતર છે, | )૧) | તા:૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગૃપની (જૂનું એસ્સાર સ્ટીલ લી.) વન (સંરક્ષણ) ધારા–૧૯૮૦ હેઠળ ભારત સરકારની મંજૂરી મેળવવા માટેની મોજે: હજીરા, તા:ચોર્યાસી, જી:સુરત ખાતે ૧૯૬.૯૦ હેક. વન જમીનના ડાયવર્ઝન માટેની ચાર દરખાસ્તો પડતર છે. |

| | | | |
|---|---|---|---|
| )૨( | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, ઉક્ત કંપનીને વન વિભાગ હસ્તકની કેટલી જમીન કયા ભાવે ફાળવવામાં આવી, અને | )૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કંપનીને વન (સંરક્ષણ) ધારા – ૧૯૮૦ હેઠળ કોઈ જમીન ફાળવવામાં આવેલ નથી. |
| )૩( | ઉક્ત સ્થિતિએ વન વિભાગની ફાળવેલ જમીન અન્વયે વળતર વનીકરણ પેટે કેટલી રકમ મેળવવામાં આવી અને કયા સ્થળે કેટલી જમીન મેળવવામાં આવી છે? | )૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------------------

**માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃતિ યોજના અંતર્ગત સહાય**

15/4/1150 **પાયલ મનોજકુમાર કુકરાની** )નરોડા): **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ માન. મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃતિ યોજનામાં કેટલી રકમની સહાય આપવામાં આવે છે, અને | )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ માન.મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનામાં<br>1. તબીબી સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલી વાર્ષિક ટ્યુશન ફીની ૫૦% રકમ અથવા રૂ.૫,૦૦,૦૦૦ (રૂપિયા પાંચ લાખ) તે બે પૈકી જે ઓછુ હોય તેટલી રકમ.<br>2. પેરા–મેડિકલ સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે નિયત થયેલી વાર્ષિક ટ્યુશનફી ની ૫૦ %રકમ અથવા રૂ.૧,૦૦,૦૦૦/–(રૂપિયા એક લાખ) તે બે પૈકી જે ઓછું હોય તેટલી રકમ.<br>3. ડીપ્લોમા અભ્યાક્રમની પરીક્ષા પાસ કરી ડિગ્રી ઈજનેરી સ્વનિર્ભર અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે ટ્યુશન ફીની ૫૦% રકમ અથવા રૂ.૧,૦૦,૦૦૦/–(રૂપિયા એક લાખ) તે બે પૈકી જે ઓછી હોય તેટલી રકમ<br>4. ધોરણ–૧૨ પછી ડિગ્રી ઈજનેરી અથવા પ્રોફેશનલ સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે ટ્યુશન ફીની ૫૦% રકમ અથવા રૂ.૧,૦૦,૦૦૦/–(રૂપિયા એક લાખ) તે બે પૈકી જે ઓછી હોય તેટલી રકમ<br>5. ધોરણ–૧૦ પછીના ડીપ્લોમા સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે ટ્યુશનફીની ૫૦% રકમ અથવા રૂ.૫૦,૦૦૦/– (રૂપિયા પચાસ હજાર) તે બે પૈકી જે ઓછી હોયતેટલી રકમ.<br>6. રાજયની સરકારી/ગ્રાન્ટેડ/સ્વનિર્ભર સંસ્થાઓ જેવી કે સાયન્સ, કોમર્સ, આર્ટસમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને મેરીટના આધારે રૂ.૧૦,૦૦૦(દશ હજાર) સહાય આપવામાં આવે છે. |
| )૨) | ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૨૩–૨૪માં ઉક્ત યોજના અંતર્ગત મેડિકલના કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવેલ છે ? | )૨) | ૯૧૭ વિદ્યાર્થીઓને રૂ.૨૨.૧૬ કરોડ |

----------

**રાજ્યમાં નવા સફારી પાર્ક**

1120/4/15 **શ્રી જયસુખભાઇ વલ્લભભાઇ કાકડિયા** (ધારી **: (માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧ ( | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કોઇ નવા સફારી પાર્ક બનાવવાનું આયોજન છે, કે કેમ, | )૧ ( | હા, જી |

| | | | |
|---|---|---|---|
| )૨( | જો હા, તો કેટલા સફારી પાર્ક બનાવવામાં આવનાર છે, અને | )૨( | કુલ-૧ (એક) નવી સફારી પાર્ક બનાવવાનું આયોજન છે. |
| )૩) | આ સફારી પાર્ક ક્યાં સુધીમાં તૈયાર થશે? | )૩) | આ સફારી પાર્ક સેન્ટ્રલ ઝૂ ઓથોરીટીની મંજૂરી બાદ તૈયાર કરવામાં આવશે. |

------------------------

**રાજ્યમાં સિંહ સંરક્ષણ માટે સહાય**

**1122/4/15શ્રી અમુલ ભટ્ટ** ) મણીનગર) **: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| )૧ ( | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સિંહના સંરક્ષણ માટે ગુજરાત રાજ્ય દ્વારા કેન્દ્ર સરકાર પાસે નાણાંકીય સહાય માંગેલ છે કે કેમ, | )૧ ( | હા, જી. |
| )૨( | જો હા, તો ક્યારે અને કઇ કઇ બાબતો માટે સહાય માંગવામાં આવી હતી, અને | )૨( | તા.૧૬/૫/૨૦૨૩ના રોજ લાયન પ્રોજેક્ટ અંતર્ગત જન જાગૃતિના કાર્યક્રમો, હિસ્સેદાર તરીકે સમુદાયો" સિંહ મિત્ર યોજના", આવાસ અને વસ્તી વ્યવસ્થાપન, માનવ વન્યજીવ સંઘર્ષ વ્યવસ્થાપન, વાઈલ્ડલાઈફ ક્રોસીંગ માટે સાઈટની ઓળખ (NHRI તથા R&B દ્વારા), માહિતી, શિક્ષણ અને સંચાર, માનવ- વન્યજીવ સંઘર્ષનું શમન, ભાવિ આરોગ્ય/રોગચાળા સંબંધિત આકસ્મીત માટેની તૈયારી, સંશોધન અને શિક્ષણ, મોનીટરીંગ અને મુલ્યાંકન, આરોગ્ય વ્યવસ્થાપનમાં પ્રગતિ, નેશનલ વાઈલ્ડલાઈફ ડીસીઝ ડાયગ્નોસ્ટીક સેન્ટરની સ્થાપના, MoEF & CC ખાતે લાયન સેલ, સિંહ આરોગ્ય વ્યવસ્થાપન, ગીર અને બરડાના માલધારીઓનું પુનર્વસન, સર્વેલેન્સ અને મોનીટરીંગ તથા મુસાફરી માટે સહાય માંગવામાં આવી હતી. |
| )૩) | આ અંગે કેટલી સહાય મળી? | )૩) | તા.૧૩-૦૧-૨૦૨૩ના રોજ રૂ. ૨૦૦.૦૧ લાખની સહાય મળેલ છે. |

**સાસણ ખાતે સિંહ દર્શન માટે આવતા પ્રવાસીઓ માટે સુવિધાઓ**

**15/4/1140 શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા** )માંગરોળ :(**માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિંહ દર્શન માટે જૂનાગઢ જિલ્લામાં આવેલ સાસણ ખાતે પ્રવાસીઓની સુવિધાઓ માટે કોઈ કામગીરી હાથ ધરેલ છે કે કેમ, | (૧) | હા,જી. |
| (૨) | જો હા, તો તેની વિગતો શી છે, અને | (૨) | તા.૩૧/૧૨/૨૦૨૩ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિંહ દર્શન માટે જૂનાગઢ જિલ્લામાં આવેલ સાસણ ખાતે પ્રવાસીઓની સુવિધાઓ માટેની કામગીરીની વિગતો નીચે મુજબ છે:<br>➢ ફેઝ-૧: ડેવલપમેન્ટ ઓફ સાસણ (સિંહ સદન, મગર ઉછેર કેન્દ્રનો વિકાસ):<br>• પ્રવેશ દ્વાર-૨ (સિંહ સદન)<br>• રિસેપ્શન સેન્ટર, ઓરિએન્ટેશન સેન્ટર, ઈન્ફોર્મેશન સેન્ટર<br>• સોવેનિયર શોપ, હેન્ગઆઉટ એરીયા, પ્લે એરીયા<br>• વી.આઇ.પી.પાર્કીંગ<br>• ઓપન લાયબ્રેરી, સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે ટેન્ટ<br>• ટ્રેનિંગ સેન્ટરની રી-ડીઝાઈન<br>• કીચન અને ડાઈનીંગ એરીયાનું રીનોવેશન, પાઠશાળાનું રીનોવેશન, ટ્રેઈલનું રીનોવેશન, એમ્ફીથીયેટરનું રીનોવેશન અને ટોયલેટ બ્લોક<br>➢ ફેઝ-૨: દેવળિયા સફારી પાર્ક અને સનસેટ પોઇન્ટના વિકાસ માટેની |

કામગીરી:

દેવળિયા સફારી પાર્ક :

- બસ અને કાર માટેનું પાર્કીંગ
- એન્ટ્રીગેઇટની રી–ડિઝાઇન
- ઇન્ટરપ્રીટેશન સેન્ટર અને ટીકીટ બૂકીંગ ઓફિસ
- કેન્ટીન ફૂડ કોર્ટ અને સોવેનીયર શોપ
- વોચ ટાવર, સીટીંગ એરેન્જમેન્ટ, પાથ વે, અને ટોયલેટ બ્લોક

સનસેટ પોઇન્ટ ભાલ છેલ હીલ:

- એમ્ફીથીયેટર
- ફુડ કોર્ટ
- હેન્ગઆઉટ એરીયા
- ટિકિટ બિલ્ડિંગ, આર્ટ વર્ક અને સેલ્ફી પોઇન્ટ, પાર્કીંગ એરીયા અને ટોયલેટ બ્લોક

➢ ફેઝ–૩: આર્ટવર્ક તથા સ્કલ્પચરની કામગીરી

- ચેક પોસ્ટ ગેટ–૨
- વિવિધ સ્કલ્પચર (લાયન, ડિયર, મંકી, બર્ડસ)
- ઇન્ટરપ્રિટેશન ઝોન
- નેચર ટ્રેલ દર્શાવતી સેલ્ફી પોઇન્ટ જાળી
- સિંહ સદન, નેચર પાર્ક, દેવળિયા, અર્બોરેટમ તથા સનસેટ પોઇન્ટ ખાતે આર્ટ વર્ક

(૩) આ કામગીરી પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે? (૩) રૂ.૨૩૫૦.૦૦ લાખ

## 26

### નખત્રાણા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

**15/4/1086 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા** )અબડાસા): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

**પ્રશ્ન** / **જવાબ**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

)૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) | રોપાની સંખ્યા (લાખમાં ) |
|---|---|---|
| ૨૦૨૨–૨૩ | ૭૨૨.૨૮ | ૭.૦૩ |
| ૨૦૨૩–૨૪ (તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ) | ૩૫૯.૧૫ | ૩.૪૬ |

)૨) તે પૈકી કઇ કઇ જાતના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

)૨) ગુગળ, દેશી બાવળ, બોરડી, લીયાર, પીલું, ગોરસ આંબલી, લીમડો, પારસ પીપળો, ઉંટ મોરડ.

(3) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

)3)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૨–૨૩ | ૩૭૦.૭૮ |
| ૨૦૨૩–૨૪ (તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ) | ૯૭.૭૪ |

-------------

## તા.૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

**પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ– ગાંધીનગરના કામોમાં ગેરરીતિ**

**1844/4/15શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર** )ચાણસ્મા): ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૦૩–૦૩–૨૦૨૧ (બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક:૩૧૨૧૭) અગ્રતા–૭૩)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧( આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ પ્રોજેક્ટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટ, ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ કામોમાં નાણાકીય ગેરરીતિની મળેલ ફરીયાદોના અનુસંધાને તપાસની પ્રક્રિયા પ્રગતિ હેઠળ હતી તે તપાસ તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | )૧( આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ પ્રોજેક્ટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટ, ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ કામોમાં નાણાકીય ગેરરીતિની વર્ષ ૨૦૧૯–૨૦ માં ૩૧ ફરિયાદ તથા વર્ષ ૨૦૨૦–૨૧ ની ૧૩ ફરિયાદ મળી કુલ ૪૪ ફરિયાદોની તપાસ પ્રક્રિયા તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ નીચેના તબક્કે છે. |

| તપાસ પ્રગતિ હેઠળ | પૂર્ણ કરેલ તપાસ અન્વયે નિર્ણય આવેલ સંખ્યા | તપાસ પૂર્ણ કરી સક્ષમ કક્ષાએ નિર્ણય અર્થે | કૂલ કેસની સંખ્યા |
|---|---|---|---|
| ૩૬ | ૬ | ૨ | ૪૪ |

| | |
|---|---|
| )૨( ઉક્ત તપાસ કોને સોંપવામાં આવેલ, | )૨( આ તપાસ કાર્યપાલક ઇજનેરશ્રી, ગુણવત્તા નિયમન તથા સંબંધિત ઝોનના અધિક્ષક ઇજનેરશ્રીઓને સોંપવામાં આવેલ છે. |
| )૩( ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી ફરિયાદો સામે તપાસ પૂર્ણ થઇ અને કેટલી ફરિયાદો સામે તપાસ ચાલુ છે, અને | )૩) ઉક્ત સ્થિતએ ૬ કેસોની તપાસ પૂર્ણ થયેલ છે. ૨ કેસોની તપાસ સક્ષમ કક્ષાએ નિર્ણય અર્થે રજૂ થયેલ છે. બાકી ૩૬ કેસોની તપાસ પ્રગતિ હેઠળ છે. |
| )૪( પૂર્ણ થયેલ હોય તેવી કેટલી તપાસમાં કેટલી નાણાકીય ગેરરીતિ થયાનું સામે આવ્યું? | )૪( પૂર્ણ થયેલ તપાસના ૬ કેસોમાં કોઇ નાણાકીય ગેરરીતિ જણાયેલ નથી. |

-----------------------

**કઠલાલ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

**1125/4/15શ્રી રાજેશકુમાર મગનભાઇ ઝાલા** )કપડવંજ) **:માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા. ૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ખેડા જિલ્લાના કઠલાલ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | )૧) |

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૨–૨૩ | ૫૯.૦૦ |
| ૨૦૨૩–૨૪ | ૫૩.૦૦ |

| | |
|---|---|
| (૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) |

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૨–૨૩ | ૬૧.૫૩ |
| ૨૦૨૩–૨૪ | ૩૬.૮૧ |

**વડોદરા જિલ્લામાં પાણી અને હવાનું પ્રદૂષણ ફેલાવતા એકમો**

15/04/1131 **શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ ઈનામદાર** )સાવલી :(**માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક એકમો દ્વારા પાણી અને હવાનું પ્રદૂષણ ફેલાવવામાં આવતું હોવા અંગેની કેટલી ફરિયાદ સરકારને મળી,

(૧)

| અ.નં | જિલ્લો | મળેલ ફરિયાદની સંખ્યા | | કુલ ફરિયાદની સંખ્યા |
|---|---|---|---|---|
| | | ૦૧/૦૧/૨૦૨૨ થી ૩૧/૧૨/૨૦૨૨ | ૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ | |
| ૧ | વડોદરા | ૧૦૧ | ૧૬૮ | ૨૬૯ |

(૨) ઉક્ત મળેલ ફરીયાદો અન્વયે કયા એકમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) ફરિયાદો સંદર્ભે બોર્ડ દ્વારા નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી.

| ક્રમ | એકમનુ નામ | ફરિયાદ સામે લીધેલ પગલા | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ડાયરેક્શન | નોટિસ ઓફ ડાયરેક્શન | કારણદર્શક નોટિસ | લીગલ નોટિસ | દફ્તરે | કાર્યવાહી હેઠળ છે. |
| વર્ષ | હુમલાની સંખ્યા | મૃત્યુની સંખ્યા | ઈજાગ્રસ્તની સંખ્યા | મૃત્યુ પામેલ વ્યક્તિઓના પરિવારોને ચૂકવેલ સહાય | ઈજા પામેલ વ્યક્તિઓના પરિવારોને ચૂકવેલ સહાય | મૃત્યુના કેસમાં બાકી ચૂકવણાની સંખ્યા | ઈજાના કેસમાં બાકી ચૂકવણાની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦૨૨ | ૨૪ | ૧ | ૨૪ | ૫,૦૦,૦૦૦ | ૧,૯૫,૦૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૦૨૩ | ૩૬ | ૮ | ૨૮ | ૩૫,૦૦,૦૦૦ | ૨,૨૦,૦૦૦ | ૦૧ | ૦૦ |

-----------------------------

**રાજ્યમાં પર્યાવરણ સંબંધી ડેઝીગ્નેટેડ/ખાસ અદાલતો**

**15/04/1869 શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા** )પોરબંદર) **: માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં પર્યાવરણ સંબધી ડેઝીગ્નેટેડ અથવા ખાસ અદાલતો કેટલી અને ક્યા સ્થળે ચાલે છે, | )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં પર્યાવરણ સંબધી ડેઝીગ્નેટેડ અથવા ખાસ અદાલતો એક પણ શહેરમાં ચાલતી નથી. |
| )૨) | ઉક્ત સ્થતિએ કેટલી અદાલતોની ઘટ છે, અને | )૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| )૩) | ઉક્ત ઘટ ક્યા સુધીમાં પૂર્ણ કરવાનુ આયોજન છે ? | )૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

––––––––––––––––

**રાજ્યમાં સરકારી કોલેજોમાં મદદનીશ પ્રાધ્યાપક વર્ગ–૨ની ખાલી જગ્યાઓ**

**1878/4/15શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા** )સોમનાથ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૨૬-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *પ્રશ્ન ક્રમાંક: ૩૮૮૦૮ (અગ્રતા-૧૦૮)ના અનુસંધાને **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે . –

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | રાજ્યમાં સરકારી કોલેજોમાં વર્ગ-૨ની ૪૪૭ જગ્યાઓ ખાલી હતી તે જગ્યાઓ બનતી ત્વરાએ ભરવાનું આયોજન હતું તે પૈકી કેટલી જગ્યાઓ તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ભરવામાં આવી, | )૧) | ૩૪૫ |
| )૨) | ઉક્ત સ્થિતિએ સરકારી કોલેજોમાં વર્ગ–૨ની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, | )૨) | ૩૬૩ |

)૩) ઉક્ત ખાલી જગ્યાઓ ન ભરાઈ હોય તો તેના કારણો શા છે, અને

)૩)
- મદદનીશ પ્રાધ્યાપક (વર્ગ-૨) સંવર્ગની ભરતી ગુજરાત જાહેર સેવા આયોગ મારફત કરવામાં આવે છે. ખાલી રહેતી જગ્યાઓ માટે રોસ્ટર પ્રમાણિત કરાવી માંગણા પત્રકો જાહેર સેવા આયોગને મોકલી જાહેર સેવા આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા અન્વયે કાર્યવાહી થતી હોય છે. હાલમાં રોસ્ટર અપટેડ કરવાની કાર્યવાહી વહીવટી પ્રક્રિયા હેઠળ છે.
- ઉક્ત રહેતી ખાલી જગ્યાઓ પૈકી સને ૨૦૨૧ના વર્ષમાં રાજ્યની સરકારી કોલેજોમાં નવી ૧૫૦ જગ્યાઓ મંજૂર થયેલ છે. તેમજ સને ૨૦૨૨-૨૩માં નવી મંજૂર થયેલ કોલેજો અને પ્રવાહ શરૂ થતાં ૬૬ જગ્યાઓ નવી ઉભી થયેલ છે. તેમજ વિવિધ કારણોસર જગ્યાં ખાલી થતાં ઉક્ત જગ્યાઓ ખાલી છે.
- ઉક્ત ખાલી રહેલ જગ્યાઓ પર હાલમાં મુલાકાતી અધ્યાપકોથી શૈક્ષણિક કાર્ય ચાલી રહ્યુ છે.

)૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે**?**

)૪) બનતી ત્વરાએ

--------------

**દાંતા અને અમીરગઢ તાલુકામાં રોપાઓનું વાવેતર**

**1699/4/15 શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી** )દાંતા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

**પ્રશ્ન** / **જવાબ**

)૧) તા. ૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું, અને

)૧)

| વર્ષ | તાલુકાનું નામ | રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૨૨–૨૩ | દાંતા | ૧૧.૬૮ |
| ૨૦૨૩–૨૪ )તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ) | દાંતા | ૭.૨૯ |
| ૨૦૨૨–૨૩ | અમીરગઢ | ૨.૬૬ |
| ૨૦૨૩–૨૪ )તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ) | અમીરગઢ | ૪.૨૪ |

**(૨)** તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો?

**(૨)**

| વર્ષ | તાલુકાનું નામ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૨૨–૨૩ | દાંતા | ૩૫૯.૧૦ |
| ૨૦૨૩–૨૪ )તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ) | દાંતા | ૧૫૯.૯૪ |
| ૨૦૨૨–૨૩ | અમીરગઢ | ૭૭.૮૪ |
| ૨૦૨૩–૨૪ )તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ) | અમીરગઢ | ૧૭૬.૬૫ |

---------------------

**જામજોધપુર તાલુકાના જીણાવારી ગામ ખાતે આવેલ સૂર્યમંદિરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત**

**15/4/1865 શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર** )જામજોધધપુર :(**માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના જીણાવારી ગામ ખાતે આવેલ સૂર્યમંદિરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે કોઈ કામગીરી કરવામાં આવી છે કે કેમ,

(૧) ના,જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત મંદિરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા ક્યા કામ કરેલ છે અને કયા બાકી છે, અને (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------------------

**રણ ઉત્સવમાં ટેન્ટ બનાવવા બાબત**

**15/4/1874 શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી**) માણાવદર :(**માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છના રણ ઉત્સવમાં ટેન્ટ કઈ એજન્સી દ્વારા બનાવવામાં/બાંધવામાં આવેલ છે, અને | (૧) મે. લલ્લુજી એન્ડ સન્સ અને મે. પ્રવેગ કોમ્યુનિકેશન ઈન્ડીયા લિમિટેડ. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને રોયલ્ટી મારફતે કેટલી આવક થઈ? | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને રોયલ્ટી મારફતે નીચે મુજબની આવક થઈ: |

| ક્રમ | એજન્સીનું નામ | ૨૦૨૨ | ૨૦૨૩ |
|---|---|---|---|
| ૧ | મે. લલ્લુજી એન્ડ સન્સ | રૂ. ૩,૮૧,૫૨,૪૫૪ | હજુ રણોત્સવ શરૂ હોવાથી રોયલ્ટીની રકમ રાજ્ય સરકારને મળવાની બાકી છે. |
| ૨ | મે. પ્રવેગ કોમ્યુનિકેશન ઈન્ડીયા લિમિટેડ | રૂ. ७४,१८,२६७ | |

---------------------------

**લખપત તાલુકાનાં પાન્ધ્રો ખાતે પ્રાથમિક આરોગ્ય કેંદ્ર**

**1345/4/15શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા )અબડાસા**) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લાના લખપત તાલુકાનાં પાન્ધ્રો ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવવા માટે કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| )૨) જો હા, તો ક્યારે મંજૂરી આપવામાં આવેલ છે? | )૨) સને ૨૦૨૪–૨૫ના વર્ષમાં વાર્ષિક વિકાસ કાર્યક્રમ અંતર્ગત ૦૯(નવ) નવા પ્રા.આ.કે મંજૂર કરવા માટેની નવી બાબતમાં પાન્ધ્રો પ્રા.આ.કેનો સમાવેશ કરવામાં આવેલ છે. |

--------------

**રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ–૨ની ખાલી જગ્યાઓ**

1846/4/15**શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા)** : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૨૬–૦૩–૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક: ૩૮૮૩૫ (અગ્રતા–૧૫)ના અનુસંધાને **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ–૨ ની ૧૩૯ જગ્યાઓ ખાલી હતી તે જગ્યાઓ બનતી ત્વરાએ ભરવાનું આયોજન હતું તે પૈકી કેટલી જગ્યાઓ તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ ભરવામાં આવી, | )૧) ઉક્ત સમયગાળા દરમિયાન વર્ગ–૨ ની ૩૯ જગ્યાઓ ભરવામાં આવી. |
| )૨) ઉક્ત સ્થિતિએ સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ–૨ ની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, | )૨) વર્ગ–૨ ની ૧૯૩ જગ્યાઓ ખાલી છે. |
| )૩) ઉક્ત ખાલી જગ્યાઓ ન ભરાઈ હોય તો તેના કારણો શા છે, અને | )૩) વહીવટી કારણોસર |
| )૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | )૪) બનતી ત્વરાએ |

---------------

**નેશનલ હેલ્થ મિશન અંતર્ગત કેન્દ્ર સરકાર પાસેથી મળેલ ગ્રાન્ટ**

**1407/4/15શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા ) જમાલપુર-ખાડીયા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

)૧) તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નેશનલ હેલ્થ મિશન અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને કેટલી ગ્રાન્ટ મળેલ છે, અને

**જવાબ**

)૧) તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નેશનલ હેલ્થ મિશન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી વર્ષવાર નીચે મુજબની ગ્રાન્ટ મળેલ છે .

| **વર્ષ** | **ફાળવેલ ગ્રાન્ટ (રૂ.કરોડમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૦૨૨ | ૬૯૮.૫૦/- |
| ૨૦૨૨-૨૦૨૩ | ૬૯૪.૨૭/- |
| ૨૦૨૩-૨૪ (તા.૩૧/૧૨/૨૦૨૩ અંતિત) | ૫૩૫.૭૨/- |

)૨) તે પૈકી કોવિડ-૧૯ ની સારવાર અને નિયંત્રણ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે?

)૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં(૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩) કેન્દ્ર સરકાર તરફથી મળેલ ઉક્ત સહાયમાં કોવિડ-૧૯ ની સારવાર અને નિયંત્રણ માટે કોઇ ગ્રાન્ટ મળેલ નથી .પરંતુ, કેન્દ્ર સરકાર તરફથી અલગથી કોવિડ-૧૯ ની સારવાર અને નિયંત્રણ માટે ECRP-II (Emergency COVID Response Package-II) પેકેજ હેઠળ કોવિડ-૧૯ ની સારવાર અને નિયંત્રણ માટે રાજ્યને નીચે મુજબ ગ્રાન્ટ મળેલ છે.

| **વર્ષ** | **ફાળવેલ ગ્રાન્ટ (રૂ.કરોડમાં(** |
|---|---|
| ૨૦૨૧-૨૦૨૨ | ૪૭૯.૨૨-/ |
| ૨૦૨૨-૨૦૨૩ | ૦ |
| ૨૦૨૩-૨૪ (તા.૩૧/૧૨/૨૦૨૩ અંતિત) | ૦ |

---------------------------

**માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ચોથો દિવસ)**

ઉદ્યોગ અને ખાણ વિભાગ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, મહેસૂલ વિભાગ

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

**માગણી ક્રમાંક- ૪૯**

**શ્રી બળવંતસિંહ રાજપૂત** (ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૫૫,૨૯,૩૬,૦૦,૦૦૦ /-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૮,૦૪,૪૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૪૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૪૯ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરવામાં આવી.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરું છું.

તા.૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ચોથો દિવસ )

કાપ દરખાસ્ત ક્રમાંક– ૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૮ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૯ રજૂ કરવામાં આવી.

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

**માગણી ક્રમાંક– ૫૦**

**શ્રી બળવંતસિંહ રાજપૂત (ખાણ અને ખનીજ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ખાણ અને ખનિજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨,૯૧,૯૮,૦૦,૦૦૦ /–ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧૧,૦૦,૦૦,૦૦૦/– માગણી ક્રમાંક– ૫૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૫૦ રજૂ કરવામાં આવી.**

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૪ રજૂ કરવામાં આવી.

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ**

**માગણી ક્રમાંક– ૫૭**

**શ્રી બળવંતસિંહ રાજપૂત** (શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગારને લગતી સેવા અંગેની શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૫,૫૬,૫૦,૦૦,૦૦૦ /–ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૫,૦૩, ૭૪,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક– ૫૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૫૭ રજૂ કરવામાં આવી.**

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૭ રજૂ કરવામાં આવી.

**મહેસૂલ વિભાગ**

**માગણી ક્રમાંક– ૭૮**

**શ્રી બળવંતસિંહ રાજપૂત (મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું જિલ્લા વહીવટને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૯,૮૨, ૨૧, ૦૦,૦૦૦ /–ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧૨,૨૫,૦૦,૦૦૦/– ની માગણી ક્રમાંક– ૭૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૭૮ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૪ રજૂ કરવામાં આવી.

**મહેસૂલ વિભાગ**

માઘ ૨૭, ૧૯૪૫ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ચોથો દિવસ )

**માગણી નં. ૭૯**

શ્રી બળવંતસિંહ રાજપૂત (મહેસૂલ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કુદરતી આફતો અને રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૨૭,૦૯,૬૩,૦૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૨,૦૪,૭૭,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૭૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૭૯ રજૂ કરવામાં આવી.**

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૦ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૨૪-૨૦૨૫ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>**માગણી નં .૪૯** | | |
| ૧ | ૨૮૫૧-ગ્રામ....ઉદ્યોગો<br>૧૦૨ -લઘુ ઉદ્યોગ<br>૧૫-IND-7મીઠા...વિકાસ<br>રૂ .૧૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૧૩,<br>પાના નં .૨૮ થી ૩૦ | ૧૦૦ | અગરિયાઓ માટેની સોલાર સબસિડી યોજના અંતર્ગત અગરીયાઓને સમયસર લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી ઇમરાન ખેડાવાલા |
| *૨ | ૨૮૫૧-ગ્રામ....ઉદ્યોગો<br>૧૦૨ -લઘુ ઉદ્યોગ<br>૨૦-માઈક્રો..પ્રોગ્રામ<br>રૂ .૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૧૩,<br>પાના નં .૨૮ થી ૩૨ | ૧૦૦ | ગ્રામીણ ક્ષેત્રે રોજગારીની તકો વધારવા માટે લઘુ ઉદ્યોગોનો નકકર વિકાસ કરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| ૩ | ૨૮૫૧-ગ્રામ....ઉદ્યોગો<br>૧૦૫ -ખાદી...ઉદ્યોગો<br>રૂ .૩૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૧૩,<br>પાના નં .૩૫ | ૧૦૦ | ખાદી-લઘુ ઉદ્યોગને પ્રોત્સાહન આપી તેના દ્વારા રોજગારી વધારવા કેન્દ્રની સોલાર ચરખા યોજનામાં રાજયના એકમોને સામેલ કરવામાં તંત્રની ઉદાસીનતા . | શ્રી અરવિંદભાઇ લાડાણી |
| *૪ | ૨૮૫૨-ઉદ્યોગો<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-IND-2ઉદ્યોગ...શાખા<br>રૂ .૨૫,૫૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૧૩,<br>પાના નં .૪૨ | ૧૦૦ | ગુજરાત લાઇવલી હુડ પ્રમોશન કંપની લી .માટે નોકરીયાતો મેળવવા માટેના ટેન્ડરમાં અયોગ્ય શરતો મૂકી હોવાની ફરીયાદો છતાં યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીગ્નેશ મેવાણી |
| ૫ | _ _ " _ _ | ૧૦૦ | ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન (CED)માં કરોડો રૂપિયાની ગેરરીતિ આચરનાર જવાબદારો સામે શિક્ષાત્મક પગલાં લેવામાંતંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૬ | ૨૮૫૨-ઉદ્યોગો<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-IND-2ઉદ્યોગ...શાખા<br>રૂ .૨૫,૫૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૧૩, | ૧૦૦ | રાજયની જી.આઇ.ડી.સી.માં ઇમ્પેકટ ફી સબંધમાં થતી ગેરરીતિ અંગેની વ્યાપક ફરિયાદો થવા છતાં શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી કિરીટકુમાર પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | પાના નં .૪૨ | | | |
| ૭ | _ _ " _ _ | ૧૦૦ | ઉદ્યોગોના વિસ્તરણ માટે અપાતી ટેક્સટાઇલ અપગ્રેડેશન ફંડની સબસિડી સમયસર છૂટી કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ .તુષાર ચૌધરી |
| ૮ | _ _ " _ _ | ૧૦૦ | રાજયના દરેક જિલ્લા–તાલુકાઓમાં નવી જી.આઇ.ડી.સી.ઓ સ્થાપવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી ગુલાબસિંહ ચૌહાણ )ઉમેશભાઇ મકવાણા ( |
| ૯ | ૨૮૫૨–ઉદ્યોગો<br>૮૦–સામાન્ય<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૨૪-IND-5 ઔદ્યોગિક...પ્રયત્નો<br>રૂ .૨૪,૩૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૧૩,<br>પાના નં .૪૨ થી ૫૦ | ૧૦૦ | વર્ષ ૨૦૨૪ની વાયબ્રન્ટ સમિટમાં થયેલ એમ.ઓ.યુ તથા મૂડી રોકાણ અંગેની માહિતી જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અમીત ચાવડા |
| **માગણીનં .૫૦** | | | | |
| ૧૦ | ૨૮૫૩–બિનલોહ...ઉદ્યોગ<br>૦૨–ખાણોનું...વિકાસ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ.૮૩,૮૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩,<br>પાના નં .૫૪ અને ૫૫ | ૧૦૦ | ખાણ ખનીજ ચોરી કરનાર પાસેથી દંડની રકમની સત્વરે વસૂલાત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા |
| *૧૧ | _ _ " _ _ | ૧૦૦ | ખનીજ ચોરીઓ પકડવા ખનીજ વિજીલન્સ ટીમોની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી દિનેશભાઇ ઠાકોર |
| ૧૨ | _ _ " _ _ | ૧૦૦ | રાજયમાં વિવિધ ખનીજો–રેતીની લીઝોની નિયમીત ચકાસણીના અભાવે થતી વ્યાપક ચોરીઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૧૩ | _ _ " _ _ | ૧૦૦ | પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ ફાળવેલ માતબાર ગ્રાન્ટનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| ૧૪ | _ _ " _ _ | ૧૦૦ | ખનીજ ચોરી પકડવામાં મદદરૂપ થનાર ઉપર હુમલાઓ કરાવનાર ઇસમો સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ .તુષાર ચૌધરી |
| **શ્રમ, કૌશલ્ય વિકાસ અનેરોજગારવિભાગ**<br>**માગણીનં .૫૭** | | | | |
| ૧૫ | ૨૨૩૦ –શ્રમ...વિકાસ<br>૦૧–શ્રમ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–LBR-1શ્રમ આયુકત<br>રૂ .૨૫,૭૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫,<br>પાના નં .૫ | ૧૦૦ | મજૂર કલ્યાણ માટેની સેસની રકમ તે હેતુ માટે જ ખર્ચાય તેવી સુચારું વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અમૃતજી ઠાકોર |
| ૧૬ | ૨૨૩૦ –શ્રમ...વિકાસ<br>૦૧–શ્રમ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–LBR-1શ્રમ આયુકત<br>રૂ .૨૫,૭૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫,<br>પાના નં .૫ | ૧૦૦ | રાજયમાં સ્થાપાતાખાનગી ઉદ્યોગોમાં સ્થાનીકોને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવા તે અન્વયેના કાયદામાં સુધારો કરવામાં તંત્રની નિષ્ફળતા . | ગેનીબેન ઠાકોર |
| ૧૭ | _ _ " _ _ | ૧૦૦ | હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલ મજૂરોને મજૂર કાયદા હેઠળ આવરી લઈ તેઓના હિતોનું રક્ષણ કરવામાંતંત્રની નિષ્ફળતા . | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| *૧૮ | ૨૨૩૦ –શ્રમ...વિકાસ<br>૦૨–રોજગાર સેવાઓ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–EMP-6રોજગાર...યોજના | ૧૦૦ | રોજગાર વિનિમય કચેરીઓમાં નોંધાયેલ બેરોજગારોને સરકારી નોકરીઓમાં પ્રાધાન્યતા મળે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી દિનેશભાઇ ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ .૩૨,૧૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫,<br>પાના નં .૧૫ | | | |
| *૧૯ | _ _ " _ _ | ૧૦૦ | રાજયના શિક્ષિત બેરોજગાર યુવાનોને રોજગારી આપવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી જીગ્નેશ મેવાણી )ઉમેશભાઇ મકવાણા( |
| | | **મહેસૂલ વિભાગ**<br>**માગણી નં .૭૮** | | |
| ૨૦ | ૨૦૫૩–જિલ્લા વહીવટ<br>૦૯૩–જિલ્લા...વર્ગ<br>૦૧–કલેક્ટર કચેરીઓ<br>રૂ.૩,૧૦,૨૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૨૧,<br>પાના નં.૭૪ અને ૭૫ | ૧૦૦ | કલેકટર કચેરીઓમાં વિલંબથી કામ કરનારા સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અમીત ચાવડા |
| ૨૧ | _ _ " _ _ | ૧૦૦ | ખાનગી ઇસમો પાસેની ગેરકાયદેસર સરકારી જમીનો સત્વરે સરકાર હસ્તક પરત લેવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી શૈલેષ પરમાર |
| ૨૨ | _ _ " _ _ | ૧૦૦ | લેન્ડ ગ્રેબીંગ કાયદા અંતર્ગત લોકપ્રતિનિધિઓ – અરજદારો દ્વારા પુરાવા સહિતની રજૂઆતો કરવા છતાં કસૂરવાર સામે સખ્તાઇથી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા |
| ૨૩ | _ _ " _ _ | ૧૦૦ | કલેકટર કચેરીઓમાં અનધિકૃત વ્યકિતઓના પ્રવેશ પર પાબંદી લગાવવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અનંતકુમાર પટેલ )કિરીટકુમાર પટેલ( |
| ૨૪ | _ _ " _ _ | ૧૦૦ | ગાંધી આશ્રમ રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત કલેકટર કચેરી દ્વારાખાનગી સંસ્થાઓને ગેરવાજબી રીતે રકમ ચૂકવનાર જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| *૨૫ | _ _ " _ _ | ૧૦૦ | કલેકટર કચેરીની સંકલન સમિતિમાંધારાસભ્યો દ્વારા રજૂ થતાં પ્રશ્નોનો હકીકતલક્ષી પ્રત્યુત્તર પાઠવવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી ઉમેશભાઇ મકવાણા |
| | | **માગણી નં.૭૯** | | |
| *૨૬ | ૨૨૪૫–કુદરતી...રાહત<br>૦૨–પૂર વાવાઝોડું વગેરે<br>૧૦૧–મફત રાહત<br>રૂ .૧૪,૦૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૨૧,<br>પાના નં .૭૫ અને ૭૬ | ૧૦૦ | કુદરતી આફતો સમયે થતા વ્યાપક નુકસાનની ભરપાઇ કરવા બજેટમાં પૂરતી રકમ ફળવાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| ૨૭ | _ _ " _ _ | ૧૦૦ | કુદરતી આફતો સમયે સ્થળાંતર કરતાં અસરગ્રસ્તોને ચૂકવવામાં આવતી સહાયની રકમમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા . | ગેનીબેન ઠાકોર |
| ૨૮ | ૨૨૪૫–કુદરતી...રાહત<br>૮૦–સામાન્ય<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ .૩૯,૩૯,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં .૨૧,<br>પાના નં .૧૦૬ અને ૧૦૭ | ૧૦૦ | રાજયમાં કુદરતી આફતો સમયે થયેલ નુકસાન અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા વિલંબથી તથા અપૂરતી ચૂકવવામાં આવતી સહાય અંગે અસરકારક રજૂઆત કરવામાં તંત્રની ઉદાસીનતા . | શ્રી અરવિંદભાઇ લાડાણી |
| ૨૯ | _ _ " _ _ | ૧૦૦ | કુદરતી આફતો સમયે થયેલ નુકશાનીના સર્વેમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ નિવારી જરૂરિયાતમંદ અસરગ્રસ્તોને સહાય મળે તેવી નકકર કામગીરી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |
| ૩૦ | _ _ " _ _ | ૧૦૦ | કુદરતી આફતો વખતે મીટીંગોમાં વ્યસ્ત રહેતા જવાબદાર અધિકારીઓ દ્વારા સ્થળપર અસરગ્રસ્તોને મદદરૂપ થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી વિમલભાઇ ચુડાસમા |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.**

## તા.૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ચોથો દિવસ )

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, દુનિયાની જે માનવ અને જીવન સંસ્કૃતિ એ પૃથ્વી ઉપર એટલે કે આ જમીન ઉપર ઉછરી રહેલ છે. દરિયાઇ જીવન સૃષ્ટિને બાદ કરો તો જમીન વગર આ સંસ્કૃતિનું ટકવું શક્ય નથી અને એટલા માટે આપણા પૂર્વજોએ પણ જમીનને સૌથી મહત્ત્વની સંપત્તિ ગણી છે અને આજે પણ વિકાસનો કોઇપણ પાયો નાખવો હોય તો એ જમીન સિવાય સંભવ નથી. કુદરતે આપણને જે બક્ષીસ આપેલ છે એમાં સૌથી મોટી બક્ષીસ અને સંસાધન હોય તો એ જમીન છે. જે દેશનો જમીનનો વહીવટ ઉત્તમ હોય એનો તમામ વહીવટ ઉત્તમ હોય. જે દેશ કે રાજ્યનો જમીનનો વહીવટ નબળો હોય એમાં ઝઘડાથી શરૂ કરીને લિટિગેશનો સૌથી વધારે હોય. આજે આપણે કોઇ કોર્ટ કચેરીમાં કે જિલ્લા કક્ષાની કચેરીમાં જઇએ તો જે લિટિગેશનો છે એમાંથી ૫૦ ટકાથી વધારે લિટિગેશનો જમીનને લગતા હોય છે અને એના કારણે ભ્રષ્ટાચાર પણ સૌથી વધારે કોઇ જગ્યાએ હોય તો એ જમીનની બાબતમાં થતો હોય છે. ઝઘડાઓ પણ એમાં થતાં હોય છે અને લિટિગેશનો પણ એમાં થતા હોય છે. આપણે ત્યાં જોઇએ તો જમીનને લગતો એટલે કે મહેસૂલને લગતો વહીવટ છે એ દિવસે દિવસે સુધરવાને બદલે બગડ્યો છે. જમીનને લગતું રેકર્ડ સારું અપ ટુ ડેટ હોવું જોઇએ, જે અગાઉ હતું એને બગાડવામાં આવી રહ્યું છે. અત્યારે જમીનની ઉપર ચારે તરફથી બધાની નજર છે કે કવિએ કહ્યું છે કે, ''જીતની બટની થી બટ ચૂકી યે જમીન, અબ તો બસ આસમા બાકી હૈ'' આમ, છતાં આપણે આ જમીનોનો અવિવેકપૂર્ણ ઉપયોગ કરીએ છીએ. આપણા પૂર્વજોએ જ્યારે કલ્યાણ રાજ્યની કલ્પના ન હતી ત્યારે આપણા પોતા માટે કે ખેડૂતો માટે કે માણસો માટે જમીન અનામત રાખી હતી. એટલું જ નહીં આપણે ગૌચરો અનામત રાખેલા હતા. પશુઓ માટે હક્ક રાખ્યો હતો. જંગલના જાનવરો માટે જંગલો અનામત રાખેલા છે. એ ઉપરાંત જુદી જુદી પ્રવૃત્તિ કરનારા માટે એને જમીન જીવાઇ તરીકે આપતા હતા. અવેડો ભરતા હોય તો એને અવેડિયાની જમીન કહેવાતી. મંદિરનો પૂજારી હોય તો એને દેવાલયની જમીન કહેવાતી હતી. કોઇ સંસ્થા ચલાવતું હોય તો એને જીવાઇ માટે આપતા હતા. ઘણા ગામો તો એવા છે કે, અમારે જૂનાગઢના નવાબ છે એ તો ધર્માદામાં જાગીર હોય,જે લોકો ધર્માદા આશ્રમ કે બીજું ચલાવતા હોય એમને ગામની જમીનની બધી આવક અપાતી હતી. આઝાદી આવી અને આપણે જમીનોની એક સુનિયોજિત રીતે સમાન ધોરણે વહેંચણી કરી અને આજે મારા કે આપના બધાના ૭/૧૨, ૮-અ માં કોઇના નામ હોય તો એનું કારણ એ છે કે આપણને જમીન સુધારણાનો ફાયદો દેશને , રાજ્યને , સૌરાષ્ટ્રને સૌથી પહેલો મળ્યો. અત્યારે આ સુનિયોજિત વહીવટ ચાલતો હતો એને બગાડી આપણે વહીવટ એવો કર્યો છે કે દિવસે ને દિવસે ઝઘડા, લિટિગેશનો વધે છે અને એક વિવેકપૂર્ણ રીતે વહેંચણી કરી હતી એ વહેંચણી પણ આપણી ઓછી થઇ ગઇ. આપણે ત્યાં ૧૮,૦૦૦ ગામડાં છે એમાં ૯,૦૨૯ ગામોમાં જરૂર કરતા ઓછું ગૌચર છે, એ આપણે વધારી શકીએ એમ નથી. ૨,૦૨૩ ગામો એવા છે કે જેમાં શૂન્ય ગૌચર છે અને છતાં ગૌચરની કરોડો ચોરસ મીટર જમીન વેચીએ છીએ. ઉદ્યોગગૃહોને પાણીના ભાવે વેચીએ છીએ. સરકારી જમીનો પણ એજ રીતે આપીએ છીએ. છેલ્લાં ૨ વર્ષમાં તા.૩/૩/૨૦૨૨ની સ્થિતિએ ૧૦૩ કરોડ ૮૦ લાખ ૭૩ હજાર ચોરસ મીટર સરકારી, પડતર, ખરાબાની જમીન, ગૌચરની જમીન આપણે આ ઉદ્યોગગૃહોને ભાડેથી કે વેચાણથી આપીએ છીએ. ૧૮ લાખ ચોરસ મીટર જંગલની જમીન ઉદ્યોગગૃહોને આપીએ છીએ. ખાલી સુરતની અંદર જ આર્શેલર મિત્તલ કંપનીને ૧૯૬ હેકર જંગલની જમીન અપાય છે. આ બધું વિકાસના નામે જમીનોની આપણે અવિવેકી વહેંચણી મોટા લોકોને કરીએ છીએ પણ આપણે ગામડામાં એક વિધવાબેનને મકાન બનાવી દેવું હોય તો એના માટે પ્લોટ લઇ આવવો હોય તો માનનીય મંત્રીશ્રી હોય કે માનનીય ધારાસભ્યશ્રી હોય કે માનનીય કલેક્ટરશ્રી હોય કોઇને આપવાનો અધિકાર થતો નથી. કોઇ દાવો કરી શકે નહીં કે ના હું એ વિધવાબેનને મકાન નથી તો એને કોઇક મકાન બનાવી દે તો એના માટે ૧૦૦ વારનો પ્લોટ અપાવી દઉં. આટલાં ૨૮ વર્ષ પછી પણ કાયદામાં જોગવાઇ નથી. આપણે એ નિર્ણય કરાવીએ એવી વ્યવસ્થા ગોઠવી શક્યા નથી પણ જેટલા મોટા લોકો છે એને બધું જ મળી જાય છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં સુરત જિલ્લાની અંદર જિંગાનાં તળાવો અને જમીન ઉપર ઇન લેન્ડ એક્વાકલ્ચર ખૂબ વિકસ્યું છે આપણને એની સામે કોઇ વાંધો નથી પણ એક ખાલી સુરત જિલ્લાની વાત કરું તો એમાં બ્રેકિસ વોટર રિસર્ચ સેન્ટરે એન.જી.ટી.માં પિટિશન નાંખી કે ગેરકાયદેર જમીનો ઉપર તળાવો બનાવેલાં છે. એન.જી.ટી.એ ડાયરેક્ટિવ આપ્યું કે એનો સરવે કરીને પગલાં લો. એ સરવે મુજબ ઓલપાડ તાલુકાના ૧૪ ગામોમાં ૧,૮૦૫ તળાવોની ચકાસણી કરવામાં આવી. એમાં ૧,૪૩.૯૦ હેકટર જમીનનું દબાણ નીકળ્યું. ચોર્યાસી તાલુકાના ૯ ગામોમાં ૩,૮૩૬ તળાવોની ચકાસણી કરવામાં આવી તો ૨,૬૯૬ હેકટર જમીન ઉપર દબાણ હતું. એટલે કુલ ૨,૬૯૬ હેકટર જમીનનું દબાણ હતું એમાં આ બંને તાલુકાનું દબાણ છે એ ૪,૦૩૯ હેકટર જમીન ઉપર દબાણ છે. કોર્ટોના હુકમ આવ્યા, નિર્ણયો થયા કે આ તોડી નાંખો. નામ પૂરતા એ ૧, ૨ ટકા તોડીને ફરી પાછા હતા ત્યાંને ત્યાં બનાવી દીધા. એને એટલી છૂટ આપી. મારી વાત એ છે કે એક નાનકડું ઝૂંપડું બનાવીને રહેતો હોય તો એને છૂટ શું કરવા મળતી નથી? એના ઉપર બુલડોઝર શું કરવા ફરે છે અને જો આપને એમ લાગે કે આ તળાવોને આપવા જેવી જમીન છે તો તળાવોને જમીન શું કરવા આપવાની? રેગ્યુલરાઇઝ કરાવી દેવી જોઇએ

અને કયાંય દબાણ થવા જ ન દેવું જોઇએ. છતાં આવી રીતે દબાણ થાય છે અને જે ગરીબ માણસોને આપવા માટેની તાલુકા કક્ષાએ લેન્ડ કમિટી હોય છે એ લેન્ડ કમિટી મને કોઇ એમ નહીં કહી શકે કે આ લેન્ડ કમિટી દર વર્ષે મળે છે. મળે તો કોઇકને ૧૦૦ વારનો પ્લોટ મળેને? અને એની પણ મારી પાસે માહિતી છે. આપની પાસે ન હોય તો હું આપને આપીશ. (અંતરાય) તમે બધા ત્યાં તમારા વિસ્તારની અંદર કહેજો કે આટલી લેન્ડ કમિટી મળી અને એમાં આટલા લોકોને ૧૦૦ વારના પ્લોટ આપ્યા. હું તમને અભિનંદન આપીશ. અહીંયા આ જે મેં વાત કરી એમાં સી.આર.ઝેડ.ની જમીનો છે, મેન્ગ્રૂવ્સની જમીનો છે આ જે તળાવો છે એમાં. સી.આર.ઝેડનો ભંગ થાય છે, એક્વાકલ્ચરનો ભંગ થાય છે. મેન્ગ્રૂવ્સ કપાય છે અને છતાં આ જે કમિટી છે એના માટેની છે એના કલેક્ટર ચેરમેન હોય છે. આ ભંગ થતો હોય છતાં પણ ચાલે છે. જમીન માપણી કરવી જોઇએ. વારંવાર કહું છું અને ફરી પાછો દોહરાવું છું કે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવ્યા વગર જમીન માપણી ફરીથી કરાવો. આખા રાજયનું કલ્યાણ થશે અને સરકારનું પણ કલ્યાણ થશે. શહેરી વિસ્તારની કરોડો ચોરસ મીટર જમીનો એમને એમ પડી છે. લેન્ડ માફિયાઓ એનો ખર્ચો કરીને વાંસડાના ભાવે માપીને બધાને આપી દે છે. ખર્ચો તમારી પાસે રાખો અને ૧૦૦ વારના પ્લોટ આ ગરીબ માણસોને આપો. ગામડાંની અંદર જેટલા માણસોને ૧૦૦ વારના પ્લોટ જોઇએ એમને આપો જેથી શહેરમાં આવીને નવી ઝૂંપડપટ્ટી ન બનાવે. એ ત્યાં રહીને સારી રીતે રહી શકે. નાળિયેરી પ્લાન્ટ માટેની જમીનો આપેલી છે. શરતભંગના નામે પાછી લઇ લેવામાં આવી છે. મારી રાજય સરકારને વિનંતી છે કે નાળિયેરી પ્લાન્ટની જેટલી પણ જમીન હોય એ બધી ફ્લેટ રિન્યૂ કરી આપે અને માગણી છે કે એને રેગ્યુલરાઇઝ કરીને નવી શરતથી જમીન આપવામાં આવે જેથી જે જિલ્લાકક્ષાએ સ્થાનિક વહીવટી તંત્ર પરેશાન થાય છે એ ન થાય. આ રીતે આટલી માગણીઓ મારી છે. ખાણ ખનીજ ઉપર ઘણું બધું બોલવાનું છે પણ સમય ઓછો છે એટલે હું વધારે વાત નથી કરતો પણ એટલી જ વાત કરી લઇશ કે ખાણ ખનીજની રોયલ્ટી પેટે રૂ. ૧૮૯૪ કરોડ બાકી છે.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, આપનો સમય પૂરો થઇ ગયો છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ૩૦ સેકન્ડ. બીજી વિનંતી કરું છું રાજય સરકારને કે દરિયાકિનારે જે રેતી છે એ રેતી રેત માફિયા ઉપાડી જાય છે અને એને કારણે આખો દરિયાકિનારો ભયમાં મુકાય છે. માનનીય કનુભાઇને અનુભવ છે. આપ પણ એમાં આપની વગ વાપરો કે એ ન ઉપાડે અને એના ઉપર બીજા કોઇપણ રોક ન લગાવાય તો વાંધો નહીં પણ દરિયાની રેતી ઉપાડવા ઉપર રોક લગાવાય તો દરિયાકિનારે રહેતા લોકો બચી શકશે એટલી વિનંતી કરી મારું પ્રવચન પૂરું કરું છું.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું ચોથી વખત ધારાસભ્યશ્રી તરીકે આ સન્માનનીય ગૃહમાં આવું છું અને ઐતિહાસિક આપ સાહેબે અને આપણા લોકપ્રિય મુખ્યમંત્રીશ્રીએ આપણા શાસ્ત્રોમાં જણાવેલ ગુપ્ત નવરાત્રીના દિવસોમાં મા અંબાજી અને ૫૧ શક્તિપીઠના દર્શન કરવા અને મહાઆરતીનો લાભ આપવા બદલ અમો ધારાસભ્યશ્રીઓનું જીવન ધન્ય બનાવ્યું એ બદલ આભાર વ્યકત કરીએ છીએ. માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ અને ખાણ ખનીજ વિભાગની માગણીઓ લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે એ સઘળી માગણીઓને મારું અનુમોદન આપું છું અને ખાણ ખનીજની માગણીઓ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એટલે વિકાસનો પર્યાય. ગુજરાત એટલે એવું રાજ્ય કે જેણે તમામ આફતોનો મક્કમતાથી મુકાબલો કરીને વિકાસની રફતાળ જાળવી રાખી છે. ખમીરવંતી ગુજરાતની પ્રજા અને દીર્ઘદૃષ્ટિપૂર્ણ નેતૃત્ત્વના સમન્વયથી ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સને ૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના સમયે ગુજરાત એક સીમિત વિકાસ ધરાવતું રાજ્ય હતું. ''રાષ્ટ્રીય ખનિજ વિકાસ પુરસ્કાર'' અંતર્ગત સમગ્ર દેશમાં ગુજરાતે કેટેગરી–૩ હેઠળની ગૌણ ખનીજોની હરાજી માટે પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે. વર્ષ ૨૦૨૩–૨૪માં છોટાઉદેપુર જિલ્લામાં વર્મિકયુલાઇટ/કવાર્ટઝ ખનિજ માટે ૪૫૬.૧૫ મિટર, કચ્છ જિલ્લામાં ચાઇનાક્લે અને વ્હાઇટક્લે ખનિજ માટે ૧૭૧૮.૫ મિટર અને ભાવનગર જિલ્લામાં બેન્ટોનાઇટ અને વ્હાઇટક્લે માટે ૮૪ મિટરનું શારકામ પૂર્ણ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, વર્ષ ૨૦૨૪–૨૫માં ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં બોક્સાઇટ, લાઇમસ્ટોન, બેન્ટોનાઇટ, ચાઇનાક્લે વિગેરે અંદાજે ૧૦ હજાર મિટરનું શારકામ હાથ ધરવામાં આવનાર છે. ચાલુ નાણાકીય વર્ષમાં સંશોધનની કામગીરી માટેના ડી.જી.પી.એસ. એજન્સીનું ટેન્ડર જી.એમ.આર.ડી.એસ. તરફથી કાર્યવાહી ચાલુમાં છે. જે નજીકના સમયગાળામાં આખરી થવામાં છે. જે પૂર્ણ થયેથી ડી.જી.પી.એસ.ની કામગીરી હાથ ધરવામાં આવશે. શારકામ સિવાય નીચે મુબના પ્રોજેક્ટ હાથ ધરેલ છે. ખનિજ સંશોધન હેન્ડબુકનું અપડેશન કે જેનું આખરીકરણ થવામાં છે. રેર અર્થ એલીમેન્ટ ખનિજ તત્ત્વો અને ભારે ખનિજ તત્ત્વો અંગે સંશોધનની કામગીરી ચાલુમાં છે. ગુજરાત એક ખનિજ સમૃદ્ધ રાજ્ય છે. ખનિજના જથ્થા અને ઉત્પાદનની દૃષ્ટિએ ગુજરાત દેશમાં છઠ્ઠું સ્થાન ધરાવે છે. ગુજરાતમાં લિગ્નાઇટ, લાઇમ સ્ટોન, બોક્સાઇટ, મેંગેનિઝ, ફ્લોરસ્પાર જેવા મુખ્ય ખનિજો મળી આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચોક ખનીજ માત્ર ગુજરાત રાજ્યમાં મળી આવે છે. દેશમાં ૧૦૪ બેન્ટોનાઇટ ખાણ આવેલ છે. સિલિકા સેન્ડ તથા ફ્લોરાઇટનું સૌથી વધુ ઉત્પાદન ગુજરાતમાં થાય છે. તેમજ બોકસાઇટ, લિગ્નાઇટ, ફાયરકલે, ચાઇનાકલેના ઉત્પાદનમાં દેશમાં દ્વિતીય ક્રમે છે. આ ખનીજનો ઉપયોગ બાંધકામ, સિમેન્ટ, સોડાએશ, કેમિકલ, કટિંગ, પોલિશિંગ, ક્રશિંગ એકમોમાં કાચા માલ તરીકે થાય છે. આ ઉપરાંત બ્લિચિંગ પાઉડર, સુશોભન માટેના પત્થર અને સ્મારકો,

ફલોરીંગ સ્લેબ, પ્લાસ્ટર ઓફ પેરીસ, ફર્ટિલાઇઝર, સોઇલ કન્ડિશનર, ટેક્સટાઇલ પેપર અને પેઇન્ટ ઉદ્યોગોમાં ફિલર તરીકે કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં કુલ ૪૨૨ માઇનિંગ લીઝો તથા ૭૩૧૩ ક્વોરી લીઝો અસ્તિત્ત્વ ધરાવે છે. જેમાંથી રાજ્ય સરકારશ્રીને વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૨૦૭૨.૧૦ કરોડની મહેસૂલી આવક થયેલી છે અને ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪માં નવેમ્બર અંતિત રૂપિયા ૧૦૯૩.૩૩ કરોડની મહેસૂલી આવક થયેલ છે. નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ અને એમેન્ડમેન્ટ એક્ટ, ૨૦૧૫ અને તે હેઠળ બનેલ નિયમોને અનુરૂપ રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૭ બનાવેલા છે. જે અંગે તા.૨૪-૫-૨૦૧૭થી નોટિફિકેશન પ્રસિદ્ધ કરેલ છે. હાલમાં સામાન્ય વ્યક્તિના ઘરના બાંધકામથી લઇને મોટી ઇમારતો, રસ્તાઓ, નેશનલ હાઇવેથી લઇને રેલવે માર્ગ વિગેરેના બાંધકામમાં ગૌણ ખનિજ જેવા કે સાદી રેતી, માટી, કપચી, ગ્રેનાઇટ, માર્બલ વિગેરેનો વપરાશ વધતો જઇ રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, સિમેન્ટ ઉદ્યોગો, ઇંટો, નળિયા વગેરે માટેનો કાચો માલ ખનિજ સંપત્તિમાંથી પ્રાપ્ત થાય છે. આ ખનિજ સંપત્તિ પૂરતા પ્રમાણમાં સરળતાથી મળી રહે તે માટે જાહેર હરાજીથી ખનિજસભર વિસ્તારોમાં બ્લોકની ફાળવણી કરવા માટે સરકારશ્રી દ્વારા જોગવાઇ કરવામાં આવેલ છે. આ જોગવાઇઓ ધ્યાને લઇ નવી પદ્ધતિ અનુસાર ગૌણ ખનિજોના ઇ-ઓકશનથી ઝડપી અને સરળતાથી ફાળવણી થઇ શકે તે માટે સંશોધન કામગીરી કરી તથા વહીવટી વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવેલ છે જેના ભાગરૂપે આજ દિન સુધી કુલ ૧૯૭૫ બ્લોકની સફળ હરાજી થયેલ છે, જેનાથી રાજ્ય સરકારશ્રીને આગામી ૨૦ વર્ષમાં રોયલ્ટી પેટે કુલ રૂપિયા ૩૭૮૨.૪૧ કરોડ અને રૂપિયા ૧૧૪૫૫.૯૧ કરોડની રોયલ્ટી ઉપરાંત ઓકશન પ્રીમિયમની આવક થનાર છે. હયાત લીઝો કે જેમાં વિવિધ ઉદ્યોગકારોએ ખનિજ વિકાસ માટે રોકાણ કરેલ હોય તેમાં નવી પદ્ધતિ મુજબ ઇ-ઓકશન કરી ઝડપથી ફાળવણી કરી શકાય અને નવી વ્યવસ્થા ઊભી થાય ત્યાં સુધી સરકારશ્રીને પર્યાપ્ત સમય મળી રહે તે માટે હયાત લીઝોની મુદત વધારેલ છે. મને કહેતા આનંદ થાય છે કે, આ માંગણીઓ ઔદ્યોગિક વિકાસને વેગ આપવા તેમજ નાના ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવા માટે માનનીય મંત્રીશ્રી દ્વારા લાવવામાં આવેલ છે જેને હું મારું સમર્થન આપુ છું.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહમાં મહેસૂલ વિભાગની માગણીઓ બાબતે મને બોલવાનો અવસર મળ્યો છે ત્યારે હું કહેવા માગું છું કે, હમણાં શ્રી અર્જુનભાઇએ ઘણા બધા આક્ષેપો રાજ્ય સરકાર ઉપર કર્યા અને ઘણી બધી બાબતમાં એમણે એમ કહ્યું કે, "આ વહીવટ ખાડે ગયો છે." માનનીય અધ્યક્ષશ્રી, જેટલા મહેસૂલ વિભાગના અત્યારે પડતર કેસો ચાલે છે એ બધા જ કોંગ્રેસના રાજથી ચાલતા આવતા કેસો છે. એવી ગરબડો એમના શાસનમાં થતી કે ખેડૂતને એના ઉતારા મેળવવામાં પણ મુશ્કેલી પડતી, ખેડૂતને પોતાનો ઉતારો મેળવવો હોય તો લાગવગ લગાડવી પડે, તલાટીને આજીજી કરવી પડે, બે ઓળખાણો લઇને જવું પડે અને નીચેથી કંઇક આપવું પડે ત્યારે આ ઉતારા નીકળતા હતા એવું શાસન એમના વખતમાં હતું. માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે તો ખેડૂત ખરાઇના દાખલા માટે પણ ધક્કા ખાવા પડતા હતા. એ વખતની જે વ્યવસ્થા હતી એ વ્યવસ્થામાં એન.એ.માં અલગ અલગ અનેક વિભાગોના દાખલાઓ અને અનેક વિભાગોના ધક્કા ખાવા પડતા હતા. આ રાજ્ય સરકાર આવ્યા પછી વર્ષ ૨૦૦૬થી આ તમામ રેકર્ડને કમ્પ્યુટરાઇઝ્ડ કરવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. આ વાત એટલે કહું છે કે, એમણે બીજી વાત કરી કે, "ઘરથાળના પ્લોટો કોઇને નથી મળતા." પરંતુ એ ભૂલે છે કે, હમણાં જ માનનીય વડાપ્રધાનશ્રીએ ૧ લાખ ૩૧ હજારથી વધારે પરિવારો માટે ઇ-લોકાર્પણ એમના મકાનોનું કર્યું છે. એ વખતે એક મકાનનો પ્લોટ લેવો હોય તો એના માટે જે પ્લોટ મળતો હોય ઇન્દિરા આવાસ કે સરદાર આવાસમાં અને ૨૫ કે ૫૦ હજાર રૂપિયા એને મળતા હોય એમાં પણ ભ્રષ્ટ નેતાઓ અને અધિકારીઓ ખાઇકી કરી જતા એના લાભાર્થીને ક્યારેય એના મકાનના સાચા રૂપિયા પણ મળતા નહોતા. ભૂતકાળમાં જે ઉતારા મેળવવા માટે તકલીફ પડતી ત્યારે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી વર્ષ ૨૦૦૬થી તમામ રેકર્ડને કોમ્પ્યુટરાઇઝ્ડ કરવાનું કામ કર્યું છે. સરકારશ્રીની વેબસાઇટ ઉપર ખેડૂત ખાતેદારો પ્રમોલગેશનથી લઇને આજ દિન સુધીનું એટલે કે સને ૧૯૫૨થી લઇને આજ દિન સુધીનું પોતાની જમીનનું તમામ રેકર્ડ તથા તેમાં થયેલ ફેરફારો ઓનલાઇન જોઇ શકે છે, આ પારદર્શી વહીવટ આ સરકારનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જમીન રેકર્ડમાં વિવિધ નોંધો દાખલ કરવા માટે કોંગ્રેસના શાસનમાં ખેડૂત ખાતેદારોને પોતાની જમીનની ખાતાવહી મેળવવામાં પણ મુશ્કેલી પડતી હતી. હયાતીના હક્ક દાખલ કરવામાં, વારસાઇના હક્ક દાખલ કરવામાં અભણ,અજ્ઞાન ખેડૂતોને અનેક મુશ્કેલીઓ પડતી. તલાટીઓ દ્વારા ખેડૂતોની નોંધ સમયસર રેકર્ડમાં દાખલ કરવામાં આવતી નહોતી ત્યારે ખેડૂતો ખૂબ પરેશાન થતા. આ સરકાર આવ્યા પછી આજે ખાતેદાર પોતાના ઘરે બેઠાં ઓન લાઇન પોતાની જમીનની વારસાઇ, હયાતીમાં હક્ક દાખલની નોંધો દાખલ કરાવી શકે છે. જમીનના વેંચાણ દસ્તાવેજોની નોંધો ઓન લાઇન સીધે સીધી દાખલ થઇ જાય છે એના માટે વેચાણ લેનાર કોઇ પણ અરજી આપવી પડતી નથી તેના માટે ખેડૂતોના બિન જરૂરી સમયનો વ્યય પણ અટકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં એવા ખોટાં દાખલાઓ, ખોટા રેકર્ડ, ખોટા માણસો ઊભા કરી અને ભોળા ભાળા ખેડૂતો, અજ્ઞાન-અભણ ખેડૂતોની જમીનો અનેક લોકો હડપ કરી ગયા. આ ભૂતકાળના શાસનના આજે પણ કોર્ટોમાં અનેક કેસો પેન્ડિંગ છે પરંતુ જયારથી આ પારદર્શિત સરકાર આવી આ સરકારે ખેડૂતોના હક્કોનું, ખેડૂત ખાતેદારોના હક્કોનું રક્ષણ

કરવાનુ કામ કર્યું. આ સરકારે પારદર્શિ વહીવટ આપવા માટે આ જે કોઇ ખેડૂતો છે તેના તમામ રેકર્ડને કોમ્પ્યુટરાઇઝ કરી અને તેને રક્ષણ આપવાનુ કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં જમીન માપણીના અનેક પ્રશ્નો હતા. એક શેઢા માટે ખેડૂતોને અનેક ઝઘડાઓ થતા હતા અને ખેડૂત માટે શેઢો પણ ખૂબ કિંમતી અને તેની જગ્યાએ આ સરકારે તમામ રેકોર્ડોને ખેડૂતોના પોતાના સરવે નંબરો ઘણી વખત તો ખેડૂતોને સરવે નંબરોની પણ ખબર નહોતી કે મારો સરવે નંબર કયો છે? તેના શેઢા માપેલા ના હોય પણ આ સરકાર આવ્યા પછી તેને તેના સરવે નંબર તથા તેના હદ અને નિશાનથી વાકેફ કર્યા. આ સરકારે પોર્ટલ મારફતે ઓન લાઇન કરવામાં આવેલ તમામ માપણીઓ, હિસાબ માપણી અને તેના માટેની જે વ્યવસ્થા છે તે ખૂબ સુદૃઢ કરી છે. પહેલાં જમીન બિન ખેતી કરવા માટે અલગ અલગ વિભાગની બાર જેટલી કચેરીઓમાં ધક્કા ખાવા પડતા હતા અને તેના માટે જયાં સુધી કોઇ વ્યવહાર ના થાય ત્યાં સુધી તેમાં બધી જ પૂર્તતા હોય તેમ છતાં તેની જમીન એન.એ. નહોતી થતી, પરંતુ આ સરકાર આવ્યા પછી એક જ જગ્યાએ કલેકટરશ્રીની કચેરીથી આ વ્યવસ્થા કરવામાં આવી છે. આના કારણે ભ્રષ્ટાચાર અટકયો છે, આના કારણે તેનો જે સમય છે તે ચોક્કસ સમયની અંદર તેને આ વ્યવસ્થા મળી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ ખેડૂત જમીન વેચે એ પછી તેનો ખેડૂતનો હક્ક તેનો ઘણી વખત તેના હક્કના દાખલા તે મળવામાં બે–બે, પાંચ–પાંચ, છ–છ મહિના ખેંચી નાંખતા. જયારે આ સરકાર આવ્યા પછી તે ખેડૂતનો હક્ક જતો ના રહે, એન.એ.થયા પછી પણ જતો ના રહે તેના માટે તેને માટે તેને ચોક્કસ સમય આપવામાં આવે છે અને તેના માટે તેને દિવસ–૧૦ની અંદર તેનો ખેડૂત ખરાઇનો દાખલો પણ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારમાં સ્વામિત્વ યોજના થકી આજે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડ આપવાના આશયથી સ્વામિત્વ યોજના જાહેર કરવામાં આવી છે. જે અનુસંધાને ગુજરાત સરકાર દ્વારા ડ્રોન ટેકનોલોજી દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ મિલકતોની માપણી કરી પ્રોપર્ટી કાર્ડો આપવામાં આવે છે જેના કારણે રાજયના ગ્રામ્ય વિસ્તારના તમામ મિલકત ધારકો પોતાની મિલકતોના પ્રોપર્ટી કાર્ડ ઓન લાઇન મેળવી શકે છે. ઇનામી કાયદાઓની જમીન નિયમબદ્ધ કરવા અંગે ભૂતકાળની સરકારમાં વર્ષ ૧૯૬૯માં જમીનના વિવિધ ઇનામો નાબૂદ કરવામાં આવેલ, પરંતુ આવી જમીન ઉપર રહેલા ખેડૂતો ગણતિયાના હક્કો આરક્ષિત કરવા અંગે કોઇ સરાહનીય કાર્ય કરેલ નથી જેના કારણે રાજયમાં આવી ઇનામી જમીનોના ખેડૂતો જમીનમાં ખેતી કરી પાક લેતા હોવા છતાં જમીનના માલિકી હક્કો ભોગવતા ન હતા કે જમીનનું વેચાણ કરી શકતા ન હતા. ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા ખેડૂતોની આ મુશ્કેલીઓને ધ્યાને લઇ વિવિધ ઇનામી નાબૂદી ધારા અંગેના અલગ અલગ કુલ–૧૩ કાયદાઓ હેઠળની ખેડૂતના કબજા ભોગવટામાં રહેલી જમીનોના નિયમિત સમય–મર્યાદામાં કબજા કિંમત ભરપાઇ ન કરી શકેલા અભણ, નાના અને સીમાંત ખેડૂતો ખેડૂત ખાતેદારોના અનધિકૃત કબજા નિયમબદ્ધ કરવા માટે સરકાર દ્વારા ઉમદા નિર્ણય લીધેલ છે. જેના કારણે આવો અનઅધિકૃત કબજો નિયમબદ્ધ થઇ શકે અને રાજ્યના નાના અને સીમાંત ખેડૂતોને તેનો લાભ મળી શકે. આ સરકાર દ્વારા તમામ લોકોનું રક્ષણ કરવામાં આવે છે. તમામ લોકોની વાતને ધ્યાનમાં લેવામાં આવે છે. ભૂતકાળમાં શ્રી અર્જુનભાઇએ કહ્યું કે ઉદ્યોગોની જમીન આપી દીધી. કૉંગ્રેસ વારંવાર આ ગૃહમાં અને મીડિયા સામે આ વાત બોલ–બોલ કરે છે પણ એમના શાસનમાં ટોકન ભાડારૂપે કાયમી જમીન આપી દેવામાં આવતી હતી. જયારે આ સરકાર દ્વારા જે જમીન આપવામાં આવે છે એ બજાર ભાવે આપવામાં આવે છે. જે જમીન આપવામાં આવે છે એના ચોક્કસ નીતિ નિયમો નક્કી કરવામાં આવે છે. કૉંગ્રેસના શાસનમાં એમના મળતિયાઓને રૂ.૧/–ના ભાવે જમીન આપી દેવામાં આવતી હતી, લૂંટવાની મંજૂરી આપી દેતા હતા. તમે તો આ ગુજરાતની કેટલી જમીનો ટોકન રૂપિયે ઉદ્યોગોને ભરમાવી દીધી છે. આપણે એ પણ ભૂલવું ના જોઇએ કે આ ઉદ્યોગોના કારણે ગુજરાત સમૃદ્ધ છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર એ ઉદ્યોગોને આવકારે છે પણ એ ઉદ્યોગો જ્યારે ધંધો કરવા માટે આવે છે તો એના માટેના યોગ્ય પ્લેટફોર્મ કે વ્યવસ્થાઓ પણ આપે છે. શ્રી અર્જુનભાઇ જેવા સિનિયર સભ્ય આવી વાત કરે એ દુર્ભાગ્યપૂર્ણ બાબત છે. એમણે જે ઉદ્યોગોની વાત કરી એમાં એ અનેકવાર કોઇ ને કોઇ કંપનીઓનાં નામ બોલતા હોય છે. તો મારે કહેવું પડે કે તમે જે આ વાત કરો છો એમાં ભૂતકાળમાં તમારા બધાના પણ આ કંપનીઓ સાથે વ્યવહાર રહ્યા છે. આદિવાસીઓ માટેની જે જમીનો હતી. પહેલાં એને વેચવા માટે કે ડેવલપ કરવા માટે અનેક વિટંબણાઓ હતી, પરંતુ આ સરકાર આવ્યા પછી આદિવાસી ઇસમોની જમીન વેચાણ કરવા માટેની કાર્ય પદ્ધતિ પણ ઓનલાઇન કરેલ છે. આજે આદિવાસી ખાતેદારોએ પોતાની જમીનનું વેચાણ કરવું હોય તો માત્ર એક ઓનલાઇન અરજી દ્વારા વેચાણની પરવાનગી કલેક્ટરશ્રી પાસેથી મેળવી શકાય છે. સરકારશ્રી દ્વારા આવી અરજીઓનો ૫૫ દિવસમાં નિકાલ કરવામાં આવે છે. હું આ રાજ્ય સરકારને અભિનંદન પાઠવું છું અને ગુજરાતના તમામ ખેડૂતો અને ખેડૂત ખાતેદારો વતી આભાર માનું છું કે ખૂબ પારદર્શી વહીવટ આ શ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર આવ્યા પછી આવ્યો છે. ખૂબ પારદર્શી વહીવટ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી આવ્યો છે. આજે કોઇ પણ પ્રકારની છેતરપિંડી ન થઇ શકે એ પ્રકારની કમ્પ્યુટરાઇઝડ વ્યવસ્થા આ સરકાર દ્વારા ઊભી કરવામાં આવી છે. હું આ ગૃહમાંથી સરકારને ખૂબ–ખૂબ અભિનંદન પાઠવું છું અને મને બોલવાનો મોકો આપ્યો એ બદલ આપનો પણ ખૂબ–ખૂબ આભાર માનું છું.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં માનનીય મંત્રીશ્રી અનુદાનની માગણી ક્રમાંક–૪૯, ૫૦, ૫૭, ૭૮ અને ૭૯ લઇને આવ્યા છે. એમાં હું મારા વિચારો રજૂ કરું છું અને સમર્થન આપું છું. ભારત દેશના વડાપ્રધાન કન્યા કેળવણી અભિગમના પરિણામ સ્વરૂપે દરેક ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી વધી છે.

**કાપ દરખાસ્ત રજૂ કરનાર સભ્યોની હાજરી બાબત**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કાપ દરખાસ્તો રજૂ કર્યા પછી જેના માટે એમણે કાપ દરખાસ્તો રજૂ કરી છે એના જવાબો સરકાર તરફથી મળી રહ્યા હોય ત્યારે એમણે કરેલા ઓબ્ઝર્વેશન અને સામે થઇ રહેલી ચર્ચા સમયે બધાએ હાજર રહેવું જોઇએ. જેમણે કાપ દરખાસ્ત મૂકી છે એ સભ્યો હાજર રહી ચર્ચામાં ભાગ લે એ આ ગૃહની ગરિમા છે.

અધ્યક્ષશ્રી : માનનીય દંડકશ્રી, આપ સૂચના મોકલાવો કે માનનીય સંસદીય મંત્રીશ્રી કહે છે કે જેમણે કાપ દરખાસ્ત મૂકી છે એમણે અહીંયા ચર્ચા થતી હોય ત્યારે હાજર રહેવું જોઈએ. કારણ કે, આ ચર્ચાઓ મતદાન પર જશે. આપ એમને તાત્કાલિક સૂચના અપાવો.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે પિરિયોડિક લેબર ફોર્સના સપ્ટેમ્બર– ૨૦૨૩ના અંતિત ત્રિમાસિક અહેવાલ મુજબ સમગ્ર ભારતમાં ૧૫થી ૨૯ વર્ષના વય જૂથના મહિલા શ્રમિકોને ભાગીદારીમાં ગત સરવેની સરખામણીમાં ગુજરાત ૧૧મા સ્થાનેથી આગળ વધીને ૬ઠ્ઠા ક્રમે આવેલ છે, એટલું જ નહીં રોજગારીની તકો વધતાં ગુજરાતે પૂરુંષ શ્રમિકોની ભાગીદારીમાં દેશમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ છે. જે રાજ્યની શ્રમ અને કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની સર્વગ્રાહી નીતિને આભારી છે. રાજ્ય સરકાર દ્વારા લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટમાં મહિલાઓનો ફાળો વધે અને જેન્ડર ગેપ ઘટે તે માટે સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવેલ છે. ખાનગી ક્ષેત્રમાં કામ કરતી મહિલાઓ, શ્રમયોગીઓ માટે રાજ્ય સરકાર દ્વારા સમાન વેતન અધિનિયમ અમલ કરવામાં આવી રહેલ છે. જે અન્વયે સમાન વેતન અધિનિયમ હેઠળ જાન્યુઆરી–૨૦૨૩થી ડીસેમ્બર–૨૦૨૩ સુધીમાં ૫,૮૪૮ નિરીક્ષણો કરવામાં આવેલ છે. મેટરનિટી બેનિફિટ એક્ટનો અસરકારક અમલીકરણ કરવામાં આવેલ છે. તમામ આઇ.ટી.આઇ.માં મહિલાઓ માટે વ્યવસ્થાદીઠ ૩૩ ટકા બેઠકો અનામત રાખવામાં આવેલ છે. ૫૦ આઇ.ટી.આઇ.માં મહિલા વિંગ કાર્યરત છે. કુલ ૮૦ આઇ.ટી.આઇ.માં ૧૧,૫૨૮ બેઠકો મહિલાઓ માટે મંજૂર કરવામાં આવેલ હતી તેમજ ઉપલી વયમર્દામાં છૂટછાટ પણ આપવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય કિરીટભાઇ, વિધાનસભા ગૃહે સરકારને માગણીઓ માટે રકમ વાપરવા માટેના અધિકારો આપવાના છે. તેમાં રકમ ઓછી આપવા માટેની જે કાપ દરખાસ્ત અને કારણો મૂક્યા છે તો સામે જ્યારે ચર્ચા થઇ રહી છે ત્યારે બેસવું એ ખૂબ જરૂરી છે. રાજ્ય પ્રત્યેની આપણી જવાબદારી પણ ગણાશે એટલે માનનીય સભ્યશ્રીઓને હાજર રહેવા માટે સૂચના આપવી જોઇએ.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૂચના આપી દીધેલ છે.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓને એપ્રેન્ટીસ તરીકે ભરતી થવા પ્રોત્સાહિત કરવા માનનીય મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અંતર્ગત આપવામાં આવતા લાભ ઉપરાંત પ્રતિ મહિલા એપ્રેન્ટીસ પ્રતિ માસ રૂ.એક હજાર જેટલું પ્રોત્સાહન આપવાની યોજના વર્ષ ૨૦૨૩–૨૪થી અમલમાં મૂકવામાં આવેલ છે.

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, મધ્યમ અને ગરીબ કુટુંબ તથા ગ્રામ્ય વિસ્તારમાંથી આવતાં એપ્રેન્ટીસ તાલીમાર્થીઓને એકમોમાં જવા આવવા માટે વિનામૂલ્યે બસ પાસની યોજના વર્ષ ૨૦૨૩–૨૪થી અમલમાં મૂકવમાં આવેલ છે. મહિલાઓને કોઇ પણ મુશ્કેલી ન પડે અને પૂરતી સુવિધાઓ મળી રહે તેના માટે સરકાર ચિંતિત છે. આમ, સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના હકારાત્મક અને અસરકારક પગલાંના લીધે રાજ્યમાં મહિલાઓને લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટમાં વધારો થયેલ છે અને જેન્ડર ગેપ ઘટ્યો છે એટલે કે મહિલાઓ સશક્તિકરણની દિશા તરફ આગેકૂચ કરી રહેલ છે. સગર્ભા અવસ્થા દરમિયાન સ્ત્રીઓ કામ કરી શકતી નથી. જેથી તેની આર્થિક મુશ્કેલીઓનો અનુભવ નોંધાયેલ છે તેવી મહિલા બાંધકામ શ્રમિકોને સગર્ભાવસ્થા દરમિયાન નાણાકીય સહાય મળી રહે તે માટે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા આદરણીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં પ્રસૂતા સહાય યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા શ્રમયોગીઓના સ્વાસ્થ્ય અને તેમની આર્થિક સ્થિતિની ચિંતા કરીને તેમને નજીવી કિંમતે પૌષ્ટિક ભોજન મળી રહે તે હેતુથી વર્ષ ૨૦૧૭થી શ્રમિક અન્નપૂર્ણા યોજના અમલમાં મૂકવામાં આવી છે. જેમાં તેમને ફક્ત રૂપિયા પાંચમાં પૌષ્ટિક ભોજન પૂરું પાડવામાં આવે છે. નોંધાયેલ મહિલા બાંધકામ શ્રમિકોને રૂ.૩૭,૫૦૦/–ની સહાય તથા નોંધાયેલ બાંધકામ શ્રમિકોની પત્નીને રૂ.૬,૦૦૦/–ની સહાય આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધી ૧૪,૮૨૩ લાભાર્થીઓને રૂ.૧૭.૭૬ કરોડની સહાય આપેલ છે. વર્ષ ૨૦૨૪–૨૫માં આ યોજના માટે રૂ. ૬.૨૫/– કરોડની જોગવાઇ કરેલ છે. 'દીકરી વધારો, દીકરી ભણાવો' ના ઉદ્દેશ સાથે સ્ત્રી ભૃણ હત્યા અટકાવવા તથા બાંધકામ શ્રમિકોની દીકરીઓના શિક્ષણ તથા લગ્નના ખર્ચને પહોંચી વળવાના હેતુથી માનનીય મુખ્યમંત્રીશ્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. બાંધકામ શ્રમિકોની દીકરીના નામે હાલમાં રૂ. ૨૫૦૦૦/–ની રકમ ૧૮ વર્ષની મુદ્દત માટે બોન્ડ તરીકે મૂકવામાં આવેલ છે. જે રકમ દીકરી ૧૮

વર્ષની વય પૂર્ણ થતા ઉપાડી શકે છે. સમગ્ર ભારતીય જનતા પાર્ટીની સરકાર આ દીકરીઓ માટે ચિંતિત છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધી ૪૨૩૮ લાભાર્થીઓને રૂ. ૫.૮૭/– કરોડની સહાય આપેલ છે. વર્ષ ૨૦૨૪–૨૫માં આ યોજના માટે રૂ.૧.૮૭/– કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. બાંધકામ શ્રમિકોનું પોતાનું ઘર બનાવવાનું સપનું સાકાર થઇ શકે તે માટે ગુજરાતના મકાન અને બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા હાઉસિંગ સબસિડી યોજના અમલમાં છે. જે અંતર્ગત રૂ. ૧,૫૦,૦૦૦/–ની સહાય પૂરી પાડવામાં આવે છે. માનનીય મુખ્યમંત્રીશ્રી જે માંગણી લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા(રાજકોટ–દક્ષિણ): માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં મને સન ૨૦૨૪–૨૫ના અનુદાન માટેની માંગણી પરની ચર્ચામાં બોલવાની તક આપવા બદલ હું આ ગૃહ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ વિષયની ચર્ચામાં ભાગ લેતાં મારે જણાવવું છે કે, કોઇપણ દેશના વિકાસ માટે ઉદ્યોગો મહત્ત્વની ભૂમિકા ભજવતા હોય છે. દેશની આર્થિક તાકાત માટે ઉદ્યોગોનો વિકાસ ખૂબ જ જરૂરી છે. મને કહેતાં આનંદ થાય છે કે, દેશનું સુકાન આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના મજબૂત હાથમાં આવ્યું ત્યારથી આપણા દેશે વિકાસનો નવો અધ્યાય લખવાની શરૂઆત કરી દીધી છે. નવા ઉદ્યોગકારો આપણે ત્યાં આવે તે માટે જરૂરી માળખાકીય સુવિધા સાથે કર રાહતો આપીને ઉદ્યોગોને સ્થિર થવાની તક પૂરી પાડી છે. સ્ટાર્ટઅપ ઇનોવેશન યોજના–૨૦૧૫ પૂર્ણ થતાં ૧લી સપ્ટેમ્બર–૨૦૨૦થી સ્ટાર્ટઅપ ઇનોવેશન યોજના–૨૦૨૦ અમલમાં આવી છે. આ માટે સ્ટાર્ટઅપને પ્રતિમાસ રૂ. ૨૦,૦૦૦/–ની સહાય અને જો આવું સ્ટાર્ટઅપ મહિલા દ્વારા થાય તો પ્રતિમાસ રૂ.૨૫,૦૦૦/–ની સહાય આપવાની જોગવાઇ છે. આવા સ્ટાર્ટઅપને શીડ સપોર્ટ તરીકે પ્રતિ સ્ટાર્ટઅપ રૂ.૩/– લાખ, સ્કીલ ડેવલપમેન્ટ માટે રૂ. ૧/– લાખની સહાય અને વ્યાજસહાય આપવાની જોગવાઇ છે. વધુમાં આ માર્ગદર્શક સંસ્થાને રૂ. ૧૫/– લાખ અને પ્રમોશન ઇનોવેટના આયોજન માટે રૂ. ૫/– લાખ સુધીની જોગવાઇ કરવામાં આવી છે. સરકારશ્રી દ્વારા મોટાકદના ઉદ્યોગોની સહાય માટેની યોજના અંતર્ગત એરો સ્પેસ અને ડિફેન્સ સેક્ટર માટે પ્રોત્સાહક યોજના અમલમાં મૂકવામાં આવી છે. જેમાં આવા એકમોને કેપિટલ રોકાણની કૅશ સબસિડી તથા વ્યાજ સહાય મળવાપાત્ર છે. આ યોજના થકી ગુજરાત રૂ.૮૫૨.૬૦/– કરોડ જેટલી રકમનું મૂડીરોકાણ આકર્ષવામાં સફળ રહ્યું છે. ઔદ્યોગિક નીતિ–૨૦૨૦ હેઠળ સ્કીમ ફોર કૅપિટલ સબસિડી ટુ લાર્જ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ થર્ડ સેક્ટર જાહેર કરવામાં આવ્યા છે. આ યોજનાનો સમયગાળો ૭ ઓગસ્ટ–૨૦૨૦થી ૬ ઓગસ્ટ–૨૦૨૫ સુધીનો છે. આ યોજનામાં સહાયપાત્ર એકમને ઉત્પાદન તારીખથી દસ વર્ષ સુધી સમાન ભાગમાં મળવાપાત્ર છે. આ યોજના થકી અંદાજિત રૂ.૩૧,૫૫૭/– કરોડ જેટલું મૂડીરોકાણ આકર્ષવામાં ગુજરાત સફળ થયું છે. ગુજરાત રાજ્યમાં રેલવેની માળખાકીય સુવિધા માટે ગુજરાત રેલ ડેવલપમેન્ટ કોર્પોરેશનની સ્થાપના કરવામાં આવી છે. જે અંતર્ગત કટોસણા, બેચરાજી અને બેડી પોર્ટ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવેલ છે. નેશનલ હેન્ડલુમ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ કુટિર ઉદ્યોગ અને હાથશાળ ક્ષેત્રના કારીગરો માટે વિવિધ સહકારી મંડળીઓ હેઠળ કારીગરોના ઉત્થાન માટે જરૂરી સહાય કરવામાં આવે છે. આ માટે બજેટમાં રૂ.૫૫૦/– લાખની જોગવાઇ કરવામાં આવી છે. મને કહેતાં આનંદ થાય છે કે, ગુજરાત સરકારે આ બજેટમાં રાજકોટ ખાતે ઇમિટેશન પાર્ક શરૂ કરવાની જાહેરાત કરી છે, જેમાં રૂ.૧૩૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ઇમિટેશન પાર્ક થકી એક લાખથી વધારે મહિલાઓને રોજી–રોટી આપવાનું કામ કરવામાં આવ્યું છે. આ ઇમિટેશન વિશ્વસ્તરીય બની આખા વિશ્વમાં એની પ્રૉડક્ટ એક્સ્પોર્ટ થઇ રહી છે. ગત ૧૦મી તારીખે આવાસ લોકાર્પણ કાર્યક્રમમાં માનનીય પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબે રાજકોટની બહેન સાથે સંવાદ કરેલો. જેમાં, આ બહેને જણાવેલ કે ઇમિટેશનની જ્વેલરીનું કામ કરીને સારી આવક મેળવી રહ્યા છીએ. માનનીય પ્રધાનમંત્રીશ્રીએ સંવાદમાં એ બહેનની પ્રવૃત્તિને બિરદાવી હતી. આ બહેને માનનીય મોદી સાહેબને ગાંઠિયા ખાવાનું આમંત્રણ પણ આપ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મોદી સાહેબે ધોલેરા સરનું સ્વપ્ન જોયું હતું. આ સ્વપ્ન ફળિભૂત થતું હોય તેવું જોઇ શકાય છે. ધોલેરામાં અનેક મોટા ઉદ્યોગો આવવાનું ગુજરાત અને દેશના વિકાસ માટે ખૂબ જ મહત્ત્વનું સાબિત થઇ રહ્યું છે. આજે આપણે સૌ આત્મનિર્ભર ભારત અને મેક ઇન ઇન્ડિયાના કૉન્સેપ્ટથી વાકેફ છીએ. આપણે આજે તોપ, વિમાનો અને મિસાઇલ બનાવી શકીએ છીએ. આપણે અવકાશ મિશનો સફળ રીતે પાર પાડી શક્યા છીએ. ગુજરાતને દેશનું ગ્રોથ એંન્જિન માનવવામાં આવ્યું છે. આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર દ્વારા ગુજરાત રાજ્યમાં ઉદ્યોગોના વિકાસને વેગ આપવા માટે સતત સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવામાં આવી રહ્યું છે. ગુજરાત રાજ્યમાં આજે ટુરિઝમ ઇન્ડસ્ટ્રીઝ અને મૅડિકલ ઇન્ડસ્ટ્રીઝ સતત  વિકાસ પામી રહી છે. છેલ્લા દસકાઓમાં ગુજરાતનો વિકાસ જોઇએ તો આપણને ખ્યાલ આવશે કે એક દેશમાં જે રીતે ઉદ્યોગ વિકસી શકે છે તે રીતે ગુજરાત રાજ્યમાં ઉદ્યોગોનો વિકાસ થઇ રહ્યો છે. વાઇબ્રન્ટ સમિટમાં દર બે વર્ષે લાખો અને કરોડો રૂપિયાના એમ.ઓ.યું થાય છે. વિશ્વની જાયન્ટ ગણાતી કંપનીઓ અહીંયા આવી પોતાનો પ્લાન્ટ સ્થાપી રહી છે. ધોલેરા, સાણંદ અને બેચરાજી જેવા સ્થળો નવા ઉદ્યોગકારોને સતત આકર્ષી રહ્યા છે. ઇકો ટુરિઝમ ઇન્ડસ્ટ્રીઝ, ટુરિઝમ ઓટોમોબાઇલ સેક્ટર, સોલાર ઊર્જા, સેમિ કન્ડકટર સેક્ટર, રેલવે પ્રોજેક્ટ, પેટ્રોકેમિકલ્સ સેક્ટર, કૃષિ આધારિત ઉદ્યોગો, પ્રવાસન ઉદ્યોગો અને ફાર્મા સેક્ટર જેવા અનેક ઉદ્યોગો માટે ગુજરાત સરકારશ્રીએ સાનુકૂળ નીતિ અપનાવી હોવાથી ઉદ્યોગો

સતત વિકસી રહ્યા છે જેના લીધે, ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં વિકસિત રાજ્યની દોડમાં સૌથી વધુ આગળ છે. હું આ સભાગૃહમાં અનુદાનોની માગણીઓ ઉપર મારું સમર્થન જાહેર કરું છું. જય જય શ્રી રામ.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી(જામનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, મને આ સભાગૃહમાં વર્ષ ૨૦૨૪-૨૫ની અનુદાન માટેની માગણીઓ ઉપરની ચર્ચામાં બોલવાની તક મળી છે ત્યારે ઉદ્યોગ વિષય ઉપરની ચર્ચામાં ભાગ લેતાં મારે કહેવું છે કે, ઉદ્યોગો કોઇપણ દેશના વિકાસનું પ્રતિબિંબ પાડતા હોય છે. દેશની આર્થિક શક્તિ, વિકાસ માટે કેટલા અને કેવા ઉદ્યોગો વિકસ્યા હોય છે તેના ઉપર નિર્ભર કરતી હોય છે. મને કહેતાં ગૌરવ થાય છે કે દેશનું શાસન જયારથી આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના મજબૂત હાથમાં આવ્યું ત્યારથી દેશના વિકાસની કેડીના રાજમાર્ગને પરિવર્તન કરવામાં શક્તિમાન બન્યું છે. ગુજરાત રાજયમાં પણ ઉદ્યોગોના વિકાસ માટે ખૂબ જ અનુકૂળ માહોલ ઊભો કરી આપણા મક્કમ અને નિર્ણાયક મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે ઉદ્યોગ પ્રવૃત્તિને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. સેન્ટર ઓફ એક્સલન્સ યોજના હેઠળ રાજ્યના યુવાનોની કાર્યક્ષમતાનો પૂરો ઉપયોગ કરી શકાય એ માટે ખાનગી, ધંધાકીય તથા શૈક્ષણિક ધંધાઓ સાથે જોડાણ કરવા અને ઇનોવેશન સેન્ટર શરૂ કરવા સરકારશ્રીએ બજેટમાં જોગવાઇ કરેલ છે. રાજ્ય સરકારશ્રીના ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કૉર્પોરેશન દ્વારા અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના દેવધોલેરા ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાની સંસ્થા ઊભી કરેલ છે. જેના થકી નાણાકીય મદદ અને સંસ્થાના રોજબરોજના ખર્ચ માટે વર્ષના બજેટમાં જોગવાઇ કરવામાં આવેલી છે. માંદા એકમોના પુનર્વસન માટે IND-6 યોજના હેઠળ આવા એકમોને રાજ્ય સરકાર દ્વારા રાહત અને છૂટછાટ માટેની યોજના જાહેર કરવામાં આવેલ છે. જેથી આવા એકમોને પુનઃ બેઠા કરી શકાય છે. મીઠા ઉદ્યોગના વિકાસ માટે અગરિયાઓની લોક કલ્યાણકારી યોજના અમલમાં છે. મીઠા ઉદ્યોગને સાંકળતા રસ્તાઓની યોજના હોય, પીવાના પાણીની યોજના હોય, અગરિયાઓના કુટુંબ માટે આરોગ્યની યોજના હોય, કુદરતી આફતો વખતે ચેતવણી અને અદ્યતન સાધનો ખરીદવાની યોજના હોય, શાળાના ઓરડા બાંધવાની યોજના હોય, અગરિયાઓને સામૂહિક કલ્યાણકારી યોજનાઓનો લાભ આપવો હોય, એના માટે સાઇકલ આપવાની હોય, અસંગઠિત મીઠા કામદારોને કુટુંબ કાર્ડ આપવા જેવી યોજના માટે ગયા વર્ષના બજેટમાં રૂ.૧૧૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ હતી. જેમાંથી ડિસેમ્બર અંત સુધીમાં રૂપિયા ૮૨૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ અંતર્ગત પી. એમ. ગતિ શક્તિમાન ગુજરાત માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો. જેના થકી રોજગારીની વિશાળ તકો ઊભી થશે. આ યોજનાથી વ્યવસાયિકોને વ્યવસાય કરવામાં સરળતા રહે અને લોજિસ્ટિક ખર્ચમાં પણ ઘટાડો થશે. બી.આઇ.એસ.એન.જી.એન. દ્વારા હિતધારકો માટે ૮૪ પોર્ટલ વિકસાવવામાં આવ્યા. પી. એમ. ગતિશક્તિ, ગુજરાતને સંકલિત પોર્ટલ દ્વારા આજ સુધીમાં ૯૮૦થી વધુ અરજીઓ મળેલ છે, જે મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર આર્થિક યોજના અને શાસનમાં નવીન સાધનોનો અસરકારક ઉપયોગ કરવામાં મક્કમ છે. આથી સરકારે બજેટમાં નવી બાબત તરીકે રૂપિયા ૫૦૦ લાખની જોગવાઇ પણ કરેલ છે. એક મુખ્ય અને ૪૮ નાના બંદરો સાથે ગુજરાતે ૫૫૪ મિલિયન મેટ્રિક ટનથી વધુ કાર્ગોનું સંચાલન કર્યું છે. જે દેશમાં ૪૦ ટકા કાર્ગોના વહન જેટલું થાય છે. આજે ગુજરાતમાં દિલ્હી-મુંબઇ કોરીડોર, ધોલેરા સર જેવા કેટલાક ગેમ ચેઇન્જર પ્રોજેકટો અમલ હેઠળ છે. જેનાથી આગામી દિવસોમાં રાજયની અને દેશની વિકાસ યાત્રાનો નવો યુગ શરૂ થનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા નિગમ દ્વારા અનેક પ્રોજેકટો ચલાવવામાં આવી રહ્યાં છે. જેથી હાથશાળ અને હસ્તકલા ક્ષેત્ર સાથે સંકળાયેલ અનેક કારીગરોને સીધો લાભ મળી રહે. આવા કારીગરો દ્વારા ઉત્પાદિત માલની ખરીદી કરી નિગમના ૨૧ ગરવી ગુર્જરી એમ્પોરીયમ પરથી અને ઓનલાઇન વેચાણ કરવામાં આવે છે. ગયા વર્ષે આ યોજના હેઠળ રૂ.૪૬૮ લાખની જોગવાઇ સામે ડિસેમ્બર અંત સુધીમાં રૂ.૨૫૦૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે અને ૧૨૨૯૮ લાભાર્થીઓના લક્ષ્ય સામે ૮૨૧૮ લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે નાના મોટા અનેક ઉદ્યોગો ધમધમી રહ્યા છે. ઔદ્યોગિક નીતિ- ૨૦૦૯ અંતર્ગત ગુજરાત રાજય સમગ્ર વિશ્વનું મૂડીરોકાણ માટેનું કેન્દ્ર બની ઉભરી રહ્યું છે. મેગા ઇનોવેટિવ પ્રોજેકટ સહાય યોજના થકી રાજયમાં અંદાજિત રૂ.૩૮૨૪૯ કરોડ જેટલું મૂડીરોકાણ આવ્યું છે અને આ યોજના હેઠળ રૂપિયા રૂ.૩૦૪૦ કરોડ જેટલી સહાય ચૂકવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના દરેક વિસ્તારમાં ઉદ્યોગો વિકસી રહ્યાં છે. હું જયાંથી આવું છું તે જામનગરની વાત કરું તો ત્યાં બ્રાસ ઉદ્યોગનો વિકાસ થઇ રહ્યો છે. વિશ્વની સૌથી મોટી ઓઇલ રીફાઇનરી પણ જામનગરમાં ધમધમી રહી છે. દરિયાકિનારે સિમેન્ટ ઉદ્યોગ અને મીઠા ઉદ્યોગ પણ કાર્યરત છે. હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને ઉદ્યોગ મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે અમારા જામનગરમાં જી.આઇ.ડી.સી. ફેઇઝ ટુ અને ફેઇઝ થ્રીના રોડ રસ્તા માટેની લોક ભાગીદારી સ્કિમનો રૂ.૫૦ કરોડનો પ્રોજેકટ હતો. હમણાં જ એને મંજૂરી આપેલ છે અને ટેન્ડર પ્રક્રિયામાં છે. તે માટે હું ઉદ્યોગ મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપી આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ રીતે વાત કરીએ તો મોરબીમાં સિરામિક ઉદ્યોગ હોય તથા ચાઇનામાં ઉત્પાદન થતા અલગ અલગ ઉદ્યોગો આજે મોરબીમાં અનેક પ્લાન્ટ આવી રહ્યા છે. દાખલા તરીકે રમકડાં ઉદ્યોગની વાત કરીએ. મોરબી

રાજકોટની અંદર બેરિંગ ઉદ્યોગ હોય, ચાંદી ઉદ્યોગ હોય, ઈમિટેશન ઉદ્યોગ હોય, સુરતમાં હીરા અને સાડી ઉદ્યોગ હોય, સાણંદ અને વિરમગામમાં મોટા ઉત્પાદન થયેલા ઉદ્યોગો હોય. કચ્છની વાત કરીએ તો વર્ષ ૨૦૦૧માં ભૂકંપ પછી બહુ મોટા ઉદ્યોગો થકી કચ્છનો પણ વિકાસ થઇ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ રાજયમાં દરેક વિસ્તારમાં અલગ અલગ ઉદ્યોગ વિકાસની હરણફાળ ભરી રહ્યો છે. એક સમયે જયાં ટાંકણી પણ નહોતી બનતી ત્યાં વિમાનો, ઈલેક્ટ્રિક ગાડીઓ, સેમી કન્ડકટરના વિકાસની ઉજળી તકો નિર્માણ પામી છે. સુરતમાં વિશ્વનું સૌથી મોટું ડાયમન્ડ બુર્સ આકાર પામી રહ્યું છે. ગાંધીનગરમાં ગિફ્ટ સિટીનું નિર્માણ થઇ રહ્યું છે. આમ ગુજરાતના અનેક ઉદ્યોગો થકી અપ્રતીમ વિકાસ કરી  ગુજરાત દેશભરમાં પ્રથમ સ્થાન ભોગવી રહ્યું છે. ગુજરાતની નીતિ ઉદ્યોગો માટેનું અનુકૂળ વાતાવરણથી ગુજરાતમાં ઉદ્યોગકારો પણ આકર્ષાઇ રહ્યા છે. જે માટે સરકારશ્રીની ઉદ્યોગ નીતિ અને સહાય યોજના માટે ઉદાર વલણને આભારી છે. તેથી હું આ માગણીઓને મારું સમર્થન આપી વિરમું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

(વિરામ બપોરના ૧૨–૦૦થી ૧૨–૩૦)

**ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી અરવિંદભાઇ છો. પટેલ**(**ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃમાં વર્ષ ૨૦૨૪–૨૫ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પરની ચર્ચામાં ખાણ અને ખનિજ વિભાગની માગણી નં. ૫૦ માનનીય મંત્રીશ્રી આ સભાગૃહમાં લઇને આવ્યા છે જેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખનીજ સંપદાની દ્દષ્ટિએ ગુજરાત એક ખૂબ જ સમૃદ્ધ રાજય છે જેની જમીનમાં લિગ્નાઇટ, લાઇમસ્ટોન, બોકસાઇટ, મેંગેનિઝ–ઓર, પરલાઇટ, ફલોર્સપાર જેવા મુખ્ય ખનિજો આવેલા છે તેમજ બ્લેક ટ્રેપ, બેન્ટોનાઇટ, માર્બલ, ગ્રેનાઇટ, સાદી રેતી, બિલ્ડિંગ લાઇમ સ્ટોન, સેન્ડ સ્ટોન, કવાર્ટઝાઇટ, મુરમ, અગેટ, બોલ કલે, ચાઇના કલે, વાઇટ કલે, ફાયર કલે, સિલિકા સેન્ડ, ચોક, ડોલોમાઇટ, લેટરાઇટ, કેલ્સાઇટ, કવાર્ટઝ વિગેરે જેવા ગૌણ ખનિજો મળી આવે છે. ગુજરાત એ દેશમાં આ ખનિજ ક્ષેત્રના ઉત્પાદન ક્ષેત્રમાં જે અગ્રેસર છે એમાં લાઇમસ્ટોન, લિગ્નાઇટ, બોક્સાઇટ, ડોલોમાઇટ, ફાયર કલે, બેન્ટોનાઇટ, સિલિકાસેન્ડ અને ફલોરાઇટ ખનિજોના ઉત્પાદનમાં ગુજરાત આખા દેશમાંથી અગ્રેસર રહ્યું છે. આ ચોક ખનિજો માત્ર ગુજરાત રાજયમાં  મળી આવ્યા છે. આ ખનિજોનો ઉપયોગ બાંધકામ, સિમેન્ટ, સોડા એશ, કેમિકલ, કટિંગ, પોલીશિંગ, ક્રશિંગ એકમોમાં કાચા માલ તરીકે ઉપયોગમાં લેવાય છે.  આ ઉપરાંત બ્લીચિંગ પાવડર, સુશોભન માટેના પત્થર અને સ્મારકો, ફલોરિંગ સ્લેબ, પ્લાસ્ટર ઓફ પેરીસ, ફર્ટીલાઇઝર, સોઇલ કન્ડિશનર, ટેક્સટાઇલ, પેપર અને પેઇન્ટ ઉદ્યોગોમાં ફિલર તરીકે વિગેરેમાં પણ કરવામાં આવે છે. આ ગુજરાતમાં ખનિજની જે સંપત્તિ છે એ નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાઓ અને કેન્દ્ર સરકારશ્રી દ્વારા કાયદામાં થયેલ સુધારાને અનુરૂપ રાજય સરકાર દ્વારા ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો તા.૨૪–૫–૨૦૧૭ થી પ્રસિદ્ધ કરેલ છે. હાલમાં, સામાન્ય વ્યકિતના ઘરના બાંધકામથી લઇને મોટી ઇમારતો, રસ્તાઓ, નેશનલ હાઇ–વેથી લઇને રેલ્વે માર્ગ વગેરેના બાંધકામોમાં ગૌણ ખનિજો જેવા કે સાદી રેતી, માટી, કપચી, ગ્રેનાઇટ, માર્બલ વિગેરેનો વપરાશ ખૂબ જ વધારે પ્રમાણમાં થઇ રહ્યો છે.  તેમજ સિમેન્ટ ઉદ્યોગો, ઇંટો, નળિયા વિગેરે માટેનો કાચો માલ ખનિજ સંપત્તિમાંથી પ્રાપ્ત થાય છે.  આ ખનિજ સંપત્તિ પૂરતા પ્રમાણમાં સરળતાથી મળી રહે તે માટે ઇ–હરાજીથી ખનિજ સભર વિસ્તારોમાં બ્લોકની ફાળવણી કરવા માટે સરકારશ્રી દ્વારા જોગવાઇ કરવામાં આવેલ છે જેની હેઠળ સ્પર્ધનાત્મક અને પારદર્શક રીતે ખનિજ બ્લોકની ફાળવણી કરવામાં આવે છે. ભૂતકાળના વર્ષોમાં ભૂમાફીયા દ્વારા મંજૂરી વગર જે બ્લોકો અને ખનિજોની ચોરી થતી એને અટકાવવામાં સરકારે ખૂબ મોટા પ્રયત્ન કર્યા છે. આ ઉપરાંત રાજય સરકારશ્રીના દ્વારા તાજેતરમાં તા.૧૨–૧૦–૨૦૨૨ના સુધારાથી ખાનગી માલિકોની જમીનોમાં પણ ૪ હેકટર સુધીના અરજી આધારિત ગૌણ ખનિજોજેવી કે સાદી રેતી, બ્લેક ટ્રેપ, બિલ્ડિંગ સ્ટોન, ચાઇના કલે, ગ્રેનાઇટ, મારબલ વગેરેની લીઝની ફાળવણી કરવા બાબતે નિયમોમાં જોગવાઇ કરવામાં આવેલ છે. આમ, ઇ–હરાજીથી તેમજ અરજી આધારિત લીઝોને ઝડપી અને સરળતાથી ફાળવણી થાય તે માટે તમામ અરજીઓ તેના નિકાલ માટે ઇ–ગવર્નન્સ અંતર્ગત ઓનલાઇન વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ ખાનગી લીઝ માલિકોની અરજી તાત્કાલિક અસરથી મંજૂર થાય અને ખાનગી લીઝમાં ડબલ રોયલ્ટી હોવાથી સરકારશ્રીને મહેસૂલી આવકમાં પણ ખૂબ મોટો વધારો થઇ શકે એમ છે. હાલમાં રાજ્યમાં ડિસેમ્બર–૨૦૨૩ સુધીમાં મુખ્ય ખનિજની કુલ ૪૨૧ લીઝો હયાત છે. ગૌણ ખનિજની ૭૩૧૩ ક્વોરી લીઝો અસ્તિત્ત્વમાં છે.  ઉક્ત લીઝોમાં રાજ્ય સરકારને વર્ષ ૨૦૨૦–૨૧માં કુલ રૂપિયમા ૧૩૫૨ કરોડ, વર્ષ ૨૦૨૧–૨૨માં રૂપિયા ૧૭૩૩ કરોડ તેમજ વર્ષ ૨૦૨૨–૨૩માં રૂપિયા ૨૦૭૨ કરોડની મહેસૂલ આવક થયેલ છે અને એમાં દર વર્ષે ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે. ચાલુ વર્ષ ૨૦૨૩–૨૪માં ડિસેમ્બર સુધીમાં રૂપિયા ૧૨૩૬ કરોડની આવક થયેલ છે. રાજ્યમાં બાંધકામ ક્ષેત્રે રેતીની માગમાં સતત વધારો થઇ રહ્યો છે. જે વધતી જતી માગની સામે રેતીના પુરવઠાને પહોંચી વળવા એમ.સેન્ડ આદર્શ વિકલ્પ બની રહી છે. આ એમ.સેન્ડ માટે રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા તા.૨૭–૫–૨૦૨૨થી એમ.સેન્ડ ખનિજનો એસ.ઓ.આર.માં પણ સમાવેશ કરવામાં આવેલ છે. નદીની કુદરતી રેતીને આધારિત સ્ત્રોતોની જાળવણી થાય અને પર્યાવરણ પરની તેની અસરો ધ્યાને લઇ બાંધકામ ક્ષેત્રે એમ.સેન્ડના ઉત્પાદકો માટે પ્રોત્સાહન મળી રહે

તે હેતુસર ઓછા રોયલ્ટી દરે એમ.સેન્ડની જોગવાઇ કરેલ છે. જે અંતર્ગત ડિસેમ્બર ૨૦૨૩ અંતિત રાજ્યમાં ૭૯ એમ.સેન્ડ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવેલ છે અને ૨૬૪ એમ.સેન્ડ સ્ટોક રજિસ્ટર થયેલ છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજે ખાતે ઉજવાઇ રહેલ ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવમાં માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ અને ગૃહના તમામ સભ્યો સાથે સહભાગી થવાના ઐતિહાસિક પ્રસંગમાં અમોને દર્શન અને આરતીનો લાભ મળ્યો. આ ઐતિહાસિક પ્રસંગમાં ઉપસ્થિત રહેવાનું અમોને સૌભાગ્ય મળ્યું છે ત્યારે અમો તમામ સભ્યો ધન્યતા અનુભવીએ છીએ. લોકશાહીના મંદિર એવા આ સન્માનનીય ગૃહમાં રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના માર્ગદર્શનમાં રાજ્યના નાણામંત્રી માનનીય શ્રી કનુભાઇ દેસાઇએ રૂપિયા ૩ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડનું ઐતિહાસિક અંદાજપત્ર રજૂ કર્યું છે અને એમાં માનનીય મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબ શ્રમ અને રોજગાર વિભાગની માગણી નંબર ૫૭ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પનોતા પુત્ર, વિશ્વના લોકપ્રિય નેતા અને ભારતના યશસ્વી પ્રધાનમંત્રી માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના સ્કીલ ડેવલપમેન્ટના વિઝનને ચરિતાર્થ કરવા ગુજરાત સરકાર કટિબદ્ધ છે. ગુજરાતનું યુવાધન State of the Art facility માં તાલીમબદ્ધ થઇ વિશ્વ કક્ષાનું કૌશલ્ય અને તાલીમ મેળવી વૈશ્વિક કક્ષાની રોજગારીની ઉભરતી તકો માટે સુસજ્જ થાય તે દિશામાં ચિંતિત ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના માર્ગદર્શનમાં માનનીય મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત સાહેબનો શ્રમ અને કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ સતત પ્રયત્નશીલ છે અને સને ૨૦૨૪-૨૫માં રૂપિયા ૨,૬૫૯ કરોડની બજેટ જોગવાઇ કરી રાજ્યના યુવાધનને રોજગારીની વધારેમાં વધારે તકો મળે તે માટેનું કામ કરી રહ્યાં છે. ભારત સરકારના પ્રિઓડિટ લેબર ફોર સરવે PLFSના રિપોર્ટ અનુસાર સમગ્ર દેશમાં રોજગારી આપવમાં ગુજરાત પ્રથમ નંબરે છે ત્યારે મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને શ્રમ અને રોજગાર મંત્રી માનનીયશ્રી બળવંતસિંહ રાજપૂત સાહેબ અને અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારને લાખ લાખ અભિનંદન આપું છું. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં રોજગારી ઇચ્છતા યુવાનો નિરંતર બદલાતી ટેનોલોજીને અનુરૂપ Industries 4.0ને લક્ષમાં રાખીને ઉદ્યોગગૃહોની માંગ અનુસાર કૌશલ્ય પ્રાપ્ત કરે તે હેતુથી વર્ષ ૨૦૨૧ થી Kaushalya - The Skill Universityની સ્થાપના કરવામાં આવેલ છે. જેમાં School of Law, School of Science, Manufacturing and Infrastructure, School of Servicing, School of Liberal Arts, School of Management and Finance, School of Computing જેવી વિદ્યાશાખાઓ કાર્યરત છે. આ વિદ્યાશાખાઓમાં Ph. D. Program, Post Graduate Diploma Program, અનુસ્નાતક અને સ્નાતક કક્ષાના વિગેરે પ્રોગ્રામો શરૂ કરવામાં આવેલ છે તેમજ હાલની વૈશ્વિક માંગ મુજબ Green Energy, Semiconductor, 5G વિગેરે ક્ષેત્રોમાં વિકાસની સંભાવનાને ધ્યાને લઇ તેને સંબંધિત અભ્યાસક્રમો અને તાલીમો આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં આ પૈકીના ૫૦ અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યાં અને એમાં કુલ ૧૨,૭૨૯ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે ત્યારે સરકારને અભિનંદન આપું છું. કૌશલ્ય – The Skill Universityમાં સ્નાતક થયા પછી એક વર્ષની એપ્રેન્ટિસની તાલીમ અને તાલીમ દરમયાન સ્ટાઇપેન્ડની પણ જોગવાઇ કરેલ છે અને આ તાલીમ મેળવેલ યુવાનને તેના કૌશલ્ય અનુરૂપ ઉદ્યોગગૃહોમાં નોકરી પણ મળી રહે એની અમારી સરકાર ખાતરી આપે છે. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર બાંધકામ ક્ષેત્રના શ્રમિકોના આરોગ્યની ચિંતા કરી ૧૫૪ ધન્વંતરી આરોગ્ય રથ શરૂ કર્યા છે. આ બજેટમાં બીજા ૫૦ નવા ધન્વંતરી આરોગ્ય રથ શરૂ કરવાનું આયોજન કર્યું છે, જેના માધ્યમથી શ્રમિકોને કામના સ્થળે જ પ્રાથમિક સારવાર મળતી થઇ છે તેમ બાંધકામ શ્રમિકોને કામના સ્થળની નજીક રહેઠાણની વ્યવસ્થા ઉપલબ્ધ કરવા માટે આ બજેટમાં રૂ.૨૦૦ કરોડની જોગવાઇ કરી શ્રમિક બસેરા સ્થાપવાનું સરકારે નક્કી કર્યું છે એ બાંધકામ શ્રમિકો માટે આશીર્વાદરૂપ યોજના છે. તેના માટે પણ માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીનય નાણામંત્રીશ્રી અને માનનીય રોજગાર મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત સાહેબને આ સભાગૃહની અંદર એમનો આભાર વ્યક્ત કરું છું. દેશના યશસ્વી પ્રધાનમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમની સમાવેશી નીતિઓના કારણે મારા મત વિસ્તાર કડી-બહુચરાજીમાં ભારી માત્રામાં ઓટોમોબાઇલ ઉદ્યોગ શરૂ થયો છે. વિરોધપક્ષના સભ્યો જ્યારે એક બાજુ રોજગાર માટેની ચિંતા કરતા હોય અને એકબાજુ રાજકીય રીતે ઉદ્યોગોનો વિરોધ કરી રહ્યાં હોય ત્યારે મારે કહેવું છે કે મારા વિસ્તારની અંદર બહુચરાજીમાં ઉદ્યોગ આવ્યો એના કારણે નાદડીયાણી, વેલવડા, બેચવાડા જેવા ગામોમાં ઓટોમોબાઇલ ઉદ્યોગ અને સ્પેરપાર્ટસને લગતા વેન્ડરના ઉદ્યોગો પણ સ્થપાયા જેના કારણે મારા વિસ્તારમાં ગામડાના યુવાનોને ઘર આંગણે વિપુલ પ્રમાણમાં રોજગારી મળતી થઇ છે. મારો આ વિસ્તાર રણકાંઠાનો વિસ્તાર હોઇ ખેતીની જમીન પણ ઓછી ઉપજાઉ છે. આથી ભૂતકાળમાં રોજગારી મેળવવા માટે અમારા ગામડાના લોકો સ્થળાંતર કરી અને શહેરો તરફ દોટ મારતા હતા. ઉદ્યોગ આવવાને કારણે ઘરઆંગણે જ રોજગારી મળી અને નિયમિત રોજગારી મળવાના કારણે આજે ગામડાઓના શ્રમિકો પણ સ્વમાનભેર જીવી શકે તેવી આવક પ્રાપ્ત થતા સુખી અને સંપન્ન થયા છે. રોડ, રસ્તા અને માળખાકીય સુવિધાઓમાં વધારો થયો છે. મારા વિસ્તારના લાભાન્વિત ગામો અને શ્રમિકો વતી આ સભાગૃહમાં માનનીય પ્રધાનમંત્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને ઉદ્યોગો અને શ્રમ અને રોજગાર મંત્રીશ્રીનો હું આભાર વ્યકત કરું છું.

અમારા જનસંઘના સ્થાપક પંડિત દીનદયાળજીએ કહ્યું છે કે કોઇપણ દેશના વિકાસની પારાશીશી માપવી હોય તો અંતિમ પંક્તિના વ્યક્તિનો વિકાસ તમે કેવી રીતે કરી રહ્યા છો એના ઉપર આધારિત છે અને ત્યારે એ અંતિમ વ્યક્તિઓ, આ શ્રમિકોના વિકાસ માટે સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસના સૂત્રને સાકાર કરવા માટે છેવાડાના વિસ્તાર અને છેવાડાના પ્રશ્નોને ગંભીરતાપૂર્વક વિચારણામાં લઇ અને અમારી સરકાર કામ કરી રહી છે. ગાંધીજીએ સાત સામાજિક પાપો કહ્યા છે. એની અંદર પ્રથમ ચારિત્ર્ય વગરનું શિક્ષણ, નીતિ વગરનો વેપાર, સિદ્ધાંત વગરનું રાજકારણ, માનવતા વિહોણું વિજ્ઞાન, ત્યાગવિહોણી ભક્તિ, વિવેક વગરનો ઉપભોગ છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : મંત્રીશ્રી માગણી લઇને આવ્યા છે એને સમર્થન આપું છું.

ડો. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં. ૪૯, ૫૦ અને ૭૮ લઇને આવ્યા છે. હમણા જ મારા સાથી ધારાસભ્યશ્રીએ મહેસૂલની વાત કરી. પહેલા લોકો ખેડૂતો બની જતા હતા એવી વાત કરી પરંતુ અત્યારની સરકારની અંદર ગામડાંની વાત નથી કરવી. આપણે જે જગ્યાએ બેઠા છીએ એ ગાંધીનગરની અંદર જ થોડા સમય પહેલા વિધાનસભાની અંદર પ્રશ્ન પૂછાયેલો કે ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના વડસર ગામની અંદર ખોટા પુરાવાના આધારે ખેડૂત બનાવવાની કેટલી અરજીઓ મળી? તો સાત અરજીઓ મળી. સત્વરે કાર્યવાહી કરવાની વાત છે. મેં પણ આ બાબતે ત્રણ રજૂઆતો કરી છે. ખોટા પુરાવા વર્ષ ૧૯૯૯નો જી.આર. છે કે વીલથી ખેડૂત ન બનાય. નામદાર સુપ્રીમકોર્ટે પણ આવા જજમેન્ટો આપ્યા છે, પરંતુ ગાંધીનગર જિલ્લાના વડસર ગામની અંદર આનંદીબેન કેદારનાથ અગ્રવાલ જે વીલથી ખેડૂત બનેલા. કલોલ મામલતદાર, ગાંધીનગર જમીન સુધારણા મામલતદાર અપીલ, નાયબ કલેકટર ગાંધીનગર અને ગાંધીનગર કલેકટરે આ તમામ બીન ખેતીના હુકમો રદ કરી અને જેની પાસે જમીન છે અત્યારે એની પાસેથી પ્રીમિયમ વસૂલ કર્યું છે એના પછી ફરીથી એ ડીસાની અંદર ખોટા ખેડૂત બન્યા. તા.૨૬-૯-૨૦૧૯ના રોજ કલેકટર ગાંધીનગરે બનાસકાંઠા કલેકટરને પણ પત્ર લખ્યો છે અને એના પછી ગોતા ખાતે ખોટા પુરાવાના આધારે ખેડૂત બન્યા. ગોતાના તલાટીએ આર.ટી.આઇ.ની અંદર માહિતી આપી છે કે આનંદીબેન નામના કોઇ ખેડૂત હતા જ નહીં એટલે માત્ર વાતો કરવાની. પહેલા તો કદાચ કમ્પ્યુટરાઇઝ રેકર્ડ નહોતા એટલે કોઇ ખેડૂત બનતા હતા પણ તમારી જેમ પોલીસ તંત્રનો ઉપયોગ કરીને આજે પણ ગુજરાતની અંદર ૨-૩ પોલીસ અધિકારીઓ એવા છે કે આવા ધંધા કરે છે. મેં જે વાત કરી ગાંધીનગરની કરોડો રૂપિયાની જમીન આજે પણ એની તપાસ કરવામાં આવે તો રૂ.૨૫૦૦૦ કરોડથી વધુનું પ્રીમિયમ એ સરકારે વસૂલવાનું થાય છે, પરંતુ આની અંદર સરકારના એક ઉચ્ચ અધિકારી સંડોવાયેલા છે. મારે શ્રી અલ્પેશભાઇને કહેવું છે કે સામાન્ય ગરીબ ખેડૂત હોય અને એની કંઇ ભૂલ થઇ હોય તો એની પાસેથી પ્રીમિયમ વસૂલવામાં આવે.જ્યારે કરોડો રૂપિયાની જમીનો ગાંધીનગરની અંદર ખોટા દસ્તાવેજોના આધારે ખેડૂત બન્યા હોય, ફ્રોડ દસ્તાવેજો ઊભા કર્યા હોય અને તેમની સામે માત્ર રેવન્યુ રાહે કાર્યવાહી કરવામાં આવે, ફોજદારી કરવામાં ન આવે તે બહુ ગંભીર બાબત છે. જ્યારે તમે ખેડૂતોની ચિંતા કરતા હોય તો આ બાબત બહુ જ ગંભીરતાથી લેવી જોઇએ. બીજી બાબત એ છે કે, ઓનલાઇન એન.એ. માટેની સરકારે જે પદ્ધતિ અપનાવી છે તે વખતે પણ મેં અભિનંદન આપ્યા હતા. આજે તે પદ્ધતિ સારી છે. તેની અંદર થોડીક ટેકનિકલ ખામી છે તેને દૂર કરવી જોઇએ. જ્યારે અરજી કરવામાં આવે અથવા એન.એ. કરવાનો હુકમ કરવામાં આવે એટલે ઓનલાઇન પૈસા ભરવાના થાય છે. ઘણીવાર ટેકનિકલ ખામી અથવા બેન્કિંગ ખામીને લીધે આવા ભરેલા પૈસા સરકારમાં જમા થતા નથી અને તેની જાણ ખેડૂતને પણ થતી નથી. તેના લીધે ૫૧ દિવસની સમય મર્યાદા હોય તે પૂરી થઇ જાય છે. આ કારણે ખેડૂતને ફરીથી અરજી કરવી પડે છે. આ સોફ્ટવેરની ટેકનિકલ ખામી દૂર કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ ખેડૂત હોય તેની ૫૦ વિઘા જમીન હોય અને તમે તો બહુ સારી રીતે જાણો છો. આ ૫૦ વિઘાની અંદર ૨ વિઘા એન.એ. કરાવવું હોય તો ખેડૂતને ફી ભરવાની થાય છે તે ૫૦ વિઘાની ભરવાની થાય છે. તેની એન.એ.ની અરજી નામંજૂર થાય અને ફરીથી ખેડૂત અરજી કરે તો તેને ૫૦ વિઘાની ફી ભરવાની થાય છે. તે જ રીતે કોઇ ખેડૂત ખાતેદારનો દાખલો લેવાનો હોય, પહેલાંના સમયમાં ખેડૂત ખાતેદારનો દાખલો મફતમાં મળતો હતો. શ્રી અલ્પેશભાઇ જતા રહ્યા અને તેઓ કહેતા હતા ત્યારે મારે કહેવું છે કે, અત્યારે ખેડૂત ખાતેદારનો દાખલો લેવો હોય તો ૨૦૦૦ રૂપિયા ફી છે. કોઇપણ ૭/૧૨ ની અંદર પાંચ નામ હોય તો દરેકના ૨૦૦૦ રૂપિયા પ્રમાણે ૧૦ હજાર રૂપિયા કાયદેસરની ફી ભરવી પડે છે. બાકી બીજા દસ થી પંદર હજાર બે નંબરની ફી આપવી પડે છે. આમાં સુધારો કરવામાં આવે તેવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાણ ખનિજની વાત થઇ. સરકારે ઇ-ઓકશન કરવાનું નક્કી કર્યું છે. બહુ સારી બાબત છે. પરંતુ જયારે ઇ-ઓકશનથી લીઝ/બ્લોક ફાળવવામાં આવે છે ત્યારે તેની બાજૂની ખાનગી જમીનની અંદર બ્લોક અથવા લીઝ આપવામાં આવે તો બંને વચ્ચે ભાવનો ડિફરન્સ બહુ હોય છે. પોતાની માલિકીની અંદરની જમીનમાં ખોદકામ કરવું હોય તો ડબલ ભાવ અને થર્ડ પાર્ટી ખોદકામ કરે તો ત્રણ ગણો ભાવ આપવો પડતો હોય છે. ઇ-ઓકશનમાં જે લોકોએ ભાગ લીધો હોય તે આવી કોમ્પિટીશનની અંદર ટકી શકતા નથી. તેના લીધે સરકારની આ જે ઓકશન કરવાની યોજના છે તેમાં મોટું નુકસાન થાય છે અને તેની અંદર લોકો ભાગ લેતા નથી. કાં તો તમે જે લીઝ ફાળવેલી હોય તે અને ઇ-ઓકશનમાં જે ભાવ આવ્યો હોય તે બંને વચ્ચેનો તફાવત દૂર કરવો જોઇએ. ઇ-ઓકશન સિવાયની જે હરાજી થાય છે તેમાં તેના ભાવ ઘટાડવા

જોઇએ. ઇ–ઓકશન થાય છે પણ ઘણીવાર ઇ–ઓકશનમાં તમામ રેવન્યુ રેકર્ડ ચેક કર્યા સિવાય, એન્વાર્યમેન્ટ સર્ટિફિકેટ લીધા સિવાય ઇ–ઓકશન કરવામાં આવે છે. તેમાં જે લોકો આવા બ્લોક/ લીઝ ખરીદી લેતા હોય છે અને તે ખરીદી લીધા પછી તેમાં એવું બને છે કે, આજથી સાત કે આઠ વર્ષ પહેલાં આવા ગ્રેનાઇટની લીઝોની હરાજી થઇ હોય અને તે હરાજી થયા પછી પાર્ટીએ પૈસા ભરી દીધા હોય તેમાં રેવન્યુ રેકર્ડ ન હોય, એન્વાર્યમેન્ટ ક્લિયરન્સ ના મળ્યું હોય, કાં તો લિટિગેશન થયા હોય. જેના લીધે આવી લીઝો શરૂ થઇ શકતી નથી. તેના લીધે સરકારને રેવન્યુ અથવા રોયલ્ટીની આવકમાં નુકસાન થાય છે. એટલે જયારે ફરીથી ઇ–ઓકશન કરવામાં આવે, બ્લોક પાડવામાં આવે ત્યારે આવી તમામ બાબતો ક્લિયર કર્યા પછી જ ઇ–ઓકશન કરવામાં આવે તો જે લોકો ભાગ લે છે તેમને ફાયદો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે જ મારા ઉપર એક ફાન આવેલો. જ્યારે કોઇપણ ગેરકાયદેસર ખનિજ વહન કરતું વ્હિકલ કોઇ ટર્બો કે બીજું વાહન પકડવામાં આવે છે. એની નિયત પ્રમાણે રોયલ્ટી ભરી દેવામાં આવે છે પરંતુ રોયલ્ટી ભર્યા પછી પણ ૧૦–૧૫–૨૦ દિવસ સુધી એ વ્હિકલ રિલીઝ કરવામાં આવતું નથી એના લીધે વ્હિકલના માલીકને નુકસાન થાય છે તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, જ્યારે પણ ગેરકાયદેસર ખોદકામ કે વહન કરનારની સામે તમે દંડ વસૂલ કરો એમાં વાંધો નથી પણ દંડ વસૂલ્યા પછી જયારે એનો દંડ ભરપાઇ થઇ જાય ત્યારે તાત્કાલિક એનું વ્હિકલ રિલીઝ કરી દેવામાં આવે એ જરૂરી છે.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ(રાજકોટ –પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી તેમના વિભાગની માગણી ક્રમાંકઃ ૭૮ અને ૭૯ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને કુદરતી આફતો જ્યારે પણ આવે છે એ પછી જળની હોય, વાયુની હોય કે અગ્નિની હોય એ આફતો ખૂબ મુસીબતો લઇને આવતી હોય છે. ભૂતકાળમાં મને યાદ છે કે, ૨૦૦૦ની સાલ પહેલા જયારે કોઇ વાવાઝોડું આવતું કે કોઇ અતિવૃષ્ટિ થતી ત્યારે લોકોની શું પરિસ્થિતિ થતી અને જાનમાલને પણ ખૂબ નુકસાન થતું હતું. એમ કહેવાય કે ૨૦૦૦ની સાલ પહેલા ડિઝાસ્ટર મેનેજમેન્ટ નામનો કોઇ શબ્દ જ અસ્તિત્ત્વમાં ન હોય એ પ્રકારની હાલત હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પનોતા પુત્ર તત્કાલીન મુખ્યમંત્રી અને આ દેશના યશસ્વી પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતમાં એક એવું ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઊભું કર્યું કે કોઇપણ પ્રકારની આપત્તિ આવે તો એને પહોંચી વળવા સક્ષમ હોય. પહેલાના સમયમાં એવું હતું કે, "જયારે આગ લાગે ત્યારે કૂવો ખોદવા નીકળવું" એવી જે કહેવત છે એ પ્રકારની સરકારની કામગીરી હતી. પરંતુ આદરણીય શ્રી મોદી સાહેબે આ ગુજરાતને અને ત્યાર પછી છેલ્લાં ૧૦ વર્ષથી પ્રધાન મંત્રી છે ત્યારે દેશમાં અને આખા વિશ્વમાં સારામાં સારું ડિઝાસ્ટર મેનેજમેન્ટની વ્યવસ્થા ગોઠવી છે. આજે ગુજરાતના મુખ્યમંત્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્ત્વમાં ક્યારેય કોઇ પણ આપત્તિ આવે તો હંમેશા દરેક ડિપાર્ટમેન્ટનું સંકલન કરી અને આફતની પહેલા જે કોઇ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવે છે એની હું વાત કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, જુન ૨૦૨૩માં સૌથી લાંબુ વાવાઝોડું બિપોરજોય કચ્છના દરિયા કાંઠા પર ત્રાટક્યું હતું. સાઇક્લોન એવું ઝીકઝાક હતું કે ક્યારે ક્યા રૂટમાં જશે એ ખબર નહોતી, આપણને ખ્યાલ હોય કે આ રસ્તેથી પસાર થશે એ ફિક્સ છે તો આપણે એ પ્રમાણે વ્યવસ્થા ગોઠવી શકીએ, પરંતુ આ વાવાઝોડું ક્યારે કઇ દિશામાં જશે એની ખબર નહોતી પડતી, ત્યારે પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગર, કચ્છ દરેક જગ્યાએ એક સાથે તમામ પ્રકારની કામગીરી કરવી એ સરકાર માટે અને તંત્ર માટે ખૂબ મોટી ચેલેન્જ હતી, પરંતુ આ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને સરકારના તમામ મંત્રીશ્રીઓ, સરકારના તમામ વિભાગો, ગ્રામ પંચાયતના તલાટી મંત્રીથી લઇને તાલુકાના ટી.ડી.ઓ. મામલતદાર, ડેપ્યુટી કલેક્ટર, કલેક્ટરશ્રી અને જિલ્લાના પ્રભારી, સચિવશ્રીઓ એ બધાએ સાથે મળીને પાણી પહેલા પાળ, આ વાવાઝોડાની ગંભીરતા એટલી હતી કે કેટલું નુકસાન કરશે એની કલ્પના જ ન થઇ શકે. જાનમાલ અને માલ–મિલકત તેની સામે એક આગોતરું આયોજન કરવામાં આવ્યું. મંત્રીશ્રીઓ પાંચ–છ દિવસ પહેલાં જ પોત પોતાના વિસ્તારમાં, પ્રભારી સચિવશ્રીઓ પણ પોત પોતાના વિસ્તારમાં, કલેકટરશ્રીઓ અરે, તંત્ર આખું ખડે પગે. આ તંત્ર જે કામ કરતુ હતું પછી તે ધારાસભ્યશ્રીઓ હોય, સામાજિક સંસ્થાઓ હોય, એન.જી.ઓ. હોય ફૂડ પેકેટની વ્યવસ્થા કરવાની, હોર્ડિંગ બોર્ડ જે કંઇ હોય તે દૂર કરવાના, વચ્ચે ઝાડ હોય તો તેને કાપવાના વગેરે માટે જી.ઇ.બી.એ એડવાન્સ આયોજન કરીને ખૂબ અને ખૂબ મહેનત કરી છે. પણ ત્યારે મને માનનીય વિપક્ષના સભ્યશ્રીઓ આ મહેસૂલ તંત્રની અને આ સરકારના જે કંઇ જે આપણા કર્મયોગીઓ છે તેની ટીકા કરતા હોય, તેની ઉપર આક્ષેપ કરતા હોય ત્યારે ખૂબ દુઃખ થાય છે, કારણ કે ગુજરાતની ગમે ત્યારે ગમે તેવી આફત હોય ત્યારે પોતાના ઘરબાર, પરિવારની ચિંતા કર્યા વગર, તેના બાળ–બચ્ચાંની ચિંતા કર્યા વગર ગમે તેવી પરિસ્થિતિમાં પણ પોતાની જાન જોખમમાં મૂકી અને લોકોની જો મદદે આવતું હોય તો આપણું આ તંત્ર છે અને તંત્રને પણ હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો એમ કહે ભાઇ ફાયરબ્રિગેડની ટીમ જાય અને કોઇ નાનુ મોટું હોય પરંતુ આધુનિક જે કંઇ આજે આપણે તુર્કીમાં ભૂકંપ આવ્યો ત્યારે આપણા ભારતમાંથી આપણી ડિઝાસ્ટર મેનેજમેન્ટની એન.ડી.આર.એફ.ની ટીમ મદદમાં ગઇ હતી, ત્યારે બિપોરજોય વાવાઝોડાં વખતે એન.ડી.આર.એફ.ની ટીમ હોય, એરફોર્સ, નેવી, આર્મી, કોસ્ટગાર્ડ આ શબ્દ કોઇ દિવસ ગુજરાતમાં સાંભળવા ના મળતા પણ કહેવાય છે ને કે, અપને તો અપને હોતે હૈ આજે દિલ્હીમાં બેઠાં છે ત્યારે આ સંકલન અને બધી વસ્તુ થઇ છે. માગવા પણ નથી જવુ પડતું સામેથી આવે છે ત્યારે (અંતરાય ) આવશે આવશે ભાઇ

બધું, સાંભળવાની માનસિકતા રાખો. આપણે ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો અને તેના માછીમારો તેની બોટને નુકસાન ના થાય તેની માટેનું એડવાન્સમાં પ્લાનિંગ કરવામાં આવ્યું. મછવારાઓ જે નાના ઝૂંપડાઓ બાંધીને રહેતા હતા તેના માટે કયાંય પણ દ્વારકા હોય, કચ્છ હોય, વેરાવળ હોય, પોરબંદર હોય એના માટેની સેલ્ટર હોમમાં વ્યવસ્થા, એના માટે જમવાની વ્યવસ્થા તેને કોઇ પણ પ્રકારની તકલીફ ના પડે તે પ્રકારનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ ધાર્મિક સ્થાનો ઉપર રોપ–વે હોય તો તેને બંધ કરી દેવામાં આવેલા. ખાસ કરીને ગુજરાતના ઇતિહાસમાં પ્રથમવાર ૧,૫૬,૦૦૦ લોકોને શિફ્ટ કરવામાં આવ્યા અને તેની તમામ પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી અને સૌથી મોટું કયાંય પણ આ બિપોરજોય વાવાઝોડું આવ્યા પછી એક પણ જગ્યાએ કોઇ જાનહાનિ ના થઇ તે આપણા માટે આ તંત્રને અને સરકારને જેટલા અભિનંદન આપું એટલા ઓછા છે. આવા વાવાઝોડામાં તો મેં જોયેલું છે અને હું પોતે દ્વારકા ગયેલો અમે રાજકોટમાં બધાય ફૂડ પેકેટો બનાવેલા. ગુજરાત ભારતીય જનતા પાર્ટીનો દરેક કાર્યકર્તા અમારા પ્રદેશ અધ્યક્ષે આહવાન કર્યું અને એડવાન્સમાં સુખડી, ગાંઠીયા બનાવીને સેવાના કામે લાગી ગયા હતા ત્યારે આ પરિસ્થિતિની અંદર આ તંત્રએ જે કામ કર્યું છે તેને અભિનંદન આપું છું. વાવાઝોડા પછી કેશડોલ્સ આપવાના હોય તેને જે કંઇ પણ સહાયો હોય ખેડૂતોને સહાય કરવાની હોય એટલે તંત્રએ સંપૂર્ણ રીતે આરોગ્ય માટેની જે કંઇ પણ કામગીરી હોય તે પૂરી કરી છે. આ માગણી લઇને આવ્યા છે ત્યારે હું બધા મિત્રોને વિનંતી કરું છું કે, હું તો અનુમોદન આપું છું પણ આ એક માનવતાવાદી કામ સરકાર કરી રહી છે અને માનવતાવાદી વ્યવસ્થા અસરગ્રસ્તો માટે જે કંઇ કરવામાં આવી છે તેમાં બધા સહકાર આપે એટલી મારી વિનંતી, આભાર.

શ્રી પ્રકાશભાઇ પ. વરમોરા(ધ્રાંગધ્રા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી ૪૯ નંબરની ઉદ્યોગો માટેની જે માગણી લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને ઉદ્યોગો ઉપર મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ શહેરનો, રાજ્યનો, દેશનો વિકાસ કરવો હોય તો એમાં ઉદ્યોગોની ખૂબ મોટી ભૂમિકા હોય છે. ઉદ્યોગોમાં એમ.એસ.એમ.ઇ. કરોડરજ્જુ સમાન હોય છે. વર્ષ ૨૦૦૧ પહેલાં ગુજરાતમાં ઉદ્યોગો કરવા ખૂબ અઘરા હતા. ઇન્સ્પેક્ટર રાજથી લઇને ખૂબ વિટંબણાઓ હતી. વર્ષ ૨૦૦૧માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન વિશ્વનેતા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ઉદ્યોગ ફ્રેન્ડલી રાજ્ય બનાવ્યું. વર્ષ ૨૦૦૧માં આપણી માથાદીઠ આવક રૂ.૧૮,૩૯૨/–હતી. જે આજે રૂ.૨,૯૭,૦૦૦/– થઇ છે. એના મૂળમાં ઉદ્યોગોની ભૂમિકા ખૂબ મોટી છે. ઉદ્યોગોમાં પણ એમ.એસ.એમ.ઇ.ની ખૂબ મોટી ભૂમિકા હોય છે. કોઇ પણ મોટો ઉદ્યોગ પોતાની રીતે વિકસિત નથી થઇ શકતો. એને નાના ઉદ્યોગોની જરૂર પડતી હોય છે. નાના ઉદ્યોગો રોજગાર આપવામાં ખૂબ મોટી ભૂમિકા ભજવતા હોય છે. ગુજરાત રાજ્યએ ત્રણ પ્રકારના તાલુકાની કેટેગરી આઇડેન્ટિફાય કરી છે. કોઇ તાલુકો એની ભૌગોલિક અને સામાજિક વ્યવસ્થાના કારણે ખૂબ વિકસિત તાલુકો બની ગયો હોય. અમુક તાલુકા વિકાસશીલ હોય અને અમુક તાલુકા પછાત તાલુકા હોય છે. એમાં જે પછાત તાલુકો એટલે કે સી કેટેગરીનો તાલુકો હોય એવા તાલુકામાં કોઇ ઉદ્યોગ સ્થાપે તો એ તાલુકાના વિકાસ માટે એની લોનના ૨૫ ટકા ગુજરાત સરકાર ભરી દેતી હોય છે. જ્યારે કોઇ ઉદ્યોગ સ્થાપે ત્યારે શરૂઆતનાં વર્ષોમાં એના પર બર્ડન આવતું હોય છે. એને ૭ વર્ષ સુધી ૭ ટકા લેખે સરકાર વ્યાજ સહાય આપતી હોય છે. એને ૧૦ વર્ષમાં એસ.જી.એસ.ટી. પરત કરવામાં આવે છે. એક ઉદ્યોગ બની જાય પછી વર્ષો સુધી જી.એસ.ટી. આપતો હોય છે. આપણા ઉદ્યોગકારોને ગુણવત્તા પ્રમાણપત્ર મેળવવું હોય તો એના માટે ઇક્વિપમેન્ટનો ખર્ચો કરવો પડતો હોય છે. એમાં પણ સરકાર ૫૦ ટકા સહાય આપતી હોય છે. ઉદ્યોગ સાહસિકોમાં ઉદ્યોગ કરવાનું હુન્નર હોય પણ એની પાસે કોઇ મિલકત ન હોય તો કેન્દ્ર સરકાર એના ઉદ્યોગ માટે રૂ.૨ કરોડ સુધી બેંક લોન આપે એમાં ૧૦૦ ટકા ગેરેન્ટર બનતી હોય છે. આ ગેરેન્ટી માટે રાજ્ય સરકાર ૧.૫ ટકા ફી લેતી હોય છે એ ફી રાજ્ય સરકાર રીએમ્બર્સ કરતી હોય છે. કોઇ પણ મોટો સમ્રાટ હોય એ એક સમયે નાનું બાળક જ હોય છે. દુનિયાની મલ્ટી નેશનલ કંપની હોય એ એક સમયે તો નાની ઇન્ડસ્ટ્રી જ હોય છે. આ નાની ઇન્ડસ્ટ્રીને આઇ.પી.ઓ. લાવવો હોય તો એના માટે પણ ગુજરાત સરકાર સહાય કરતી હોય છે. આમ, ગુજરાત સરકાર તમામ દ્દષ્ટિએ ઉદ્યોગોને સપોર્ટ કરતી હોય છે. ઉદ્યોગોના વિકાસ માટે એક તો બાય ડિફોલ્ટ ઉદ્યોગ કલસ્ટર બને છે અને બીજું બાય ડિઝાઇન ઉદ્યોગ કલસ્ટર બને છે. ગુજરાતનો વિકાસ એ કલસ્ટર આધારિત ડેવલપમેન્ટ છે. દા.ત. મોરબી કલસ્ટર બન્યું તો કલસ્ટર બને એની આજુ–બાજુમાં એક ઇકો સિસ્ટમ બનતી હોય છે. કલસ્ટર હોય તો બેંકને લોન આપવામાં કમ્ફર્ટ રહે છે. ગુજરાતના અનેક વિસ્તારોમાં આવા કલસ્ટર બન્યા છે. દા.ત. જામનગરમાં બ્રાસ માટે કલસ્ટર છે. રાજકોટમાં એન્જિનિયરિંગ માટે કલસ્ટર છે. કોઇ જગ્યાએ ફાઉન્ડરી માટે હોય. અમદાવાદમાં પ્લાસ્ટિક માટેના કલ્સ્ટર હોય. આ પ્રકારના કલસ્ટર બનવાના કારણે ગુજરાત ખૂબ ઝડપથી વિકાસ પામ્યું છે. કલસ્ટરમાં પણ એક ટ્રેડિશનલ કલસ્ટર હોય અને બીજા આપણે ડિઝાઇનથી કલસ્ટર લાવીએ છીએ. સામાન્ય વ્યકિત એક મહિનાનું કે એક વર્ષનું ભવિષ્ય જોઇ શકે પણ આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ૨૫–૧૦૦ વર્ષ પછી શું થવાનું છે એ જોઇ શકે છે. આપણે બહુચરાજી–માંડલમાં SIR બનાવ્યું. એમણે જોયું કે ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રીએ ૫૦–૧૦૦ વર્ષ સુધી ચાલનારું ભવિષ્ય છે. તો ગુજરાતના વિકાસ માટે ઓટો મોબાઇલ ઇન્ડસ્ટ્રી લાવવી પડે. તો તેઓ આ ઓટો મોબાઇલ ઇન્ડસ્ટ્રીને ગુજરાતમાં લાવ્યા અને આજે ગુજરાત એ દેશ અને દુનિયાનું ઓટો મોબાઇલ હબ બન્યું છે. એવી જ રીતે હમણાં સેમિ કન્ડકટર એ અપકમિંગ ઇન્ડસ્ટ્રી છે. એક સેમી કન્ડકટર ઇન્ડસ્ટ્રીઝ માટે આજે કરોડો રોકાણ આવ્યા. એક સેમી કન્ડકટર આવવાના કારણે અનેક બેકવર્ડ ફોરવર્ડ

ઇન્ટીગ્રેશન ઇન્ડસ્ટ્રીઝના માધ્યમથી બહુ મોટું રોકાણ આવશે. વિશ્વને દિશા આપતું ગુજરાત આજે દરેક બાબતોમાં વિશ્વના નંબર વનથી નીચે વિચારતું નથી. એ પછી સ્ટેડિયમ હોય કે સ્ટેચ્યૂ હોય. વિશ્વના સૌથી મોટા સિટી પૈકી ધોલેરા આપણે બાય ડિઝાઇન એવું ક્લસ્ટર બનાવીએ છીએ કે જે આખા વિશ્વનું એક રોલ મૉડલ બનતું હોય છે. એગ્રીગેટ, ઇન્ટીગ્રેટ, સર્વ સ્પર્શી તમામ દષ્ટિએ વિકાસ થાય તે પ્રકારની ડિઝાઇન બની રહી છે. શ્રી મોદી સાહેબને વિકસિત ગુજરાત-૨૦૪૭ના વિઝન થકી ૧૦ ગણો વિકાસ કરવો છે એટલે વિચાર કરો કે રૂ.૨૯ લાખથી વધુ માથાદીઠ આવક વધારવી છે. માથાદીઠ આવક વધારવા માટે ગુજરાત ફક્ત બહારથી ઉદ્યોગપતિ લાવે તેટલું પૂરતું નથી અહીંના ઉદ્યોગપતિઓ એમ.એન.સી. બની સમગ્ર વિશ્વમાં ફેલાય તે તેમની કલ્પના છે. વર્ષો પહેલાં અંગ્રેજોનું સમગ્ર પૃથ્વી ઉપર 'ભાગ પાડો અને રાજ કરો' ની નબળી માનસિકતા સાથે બે સદી સુધી સામ્રાજ્ય રહ્યું. માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાત-ભારતની સદી બનાવી છે. ગુજરાતી અને ભારતીય 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ' આ સિદ્ધાંત ઉપર કામ કરે છે એટલે અંગ્રેજોની તો સદી રહી પણ ગુજરાતીઓનો યુગ હશે. ગુજરાત એટલે કોઇ બોર્ડર નહિ ગુજરાત એટલે એક વિચારધારા. સમગ્ર વિશ્વને ઉન્નત કરવામાં ઉદ્યોગ સાહસિકોની મહત્ત્વની ભૂમિકા હોય છે. ગુજરાતના મહાન ઉદ્યોગપતિઓ સમગ્ર વિશ્વમાં ફેલાશે. ગુડમાંથી ગ્રેટ બનેલા ઉદ્યોગપતિઓ ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ બનાવશે એટલે આપણું ગુજરાત એ ટૂંક સમયમાં આર્થિક પાટનગર બનશે.

શ્રી રાકેશ ગુ. દેસાઇ(નવસારી):માનનીય અધ્યક્ષશ્રી, હું મા આદ્યશક્તિના ચરણોમાં વંદન કરીને ખાણ અને ખનીજ વિભાગની માગણીઓ ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે આ બજેટમાં ઉદ્યોગ અને ખાણ ખનીજ વિભાગ માટે રૂ.૯,૨૨૮ કરોડની જોગવાઇ કરી છે. ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તક ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશનર કચેરી હેઠળ રાજ્યમાં ૪૨૨ માઇનિંગ લીઝ અને ૭,૩૧૩ કોરી લીઝ અસ્તિત્ત્વ ધરાવે છે. જેનાથી રાજ્ય સરકારને વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૨,૦૭૨ કરોડની મહેસૂલી આવક થયેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪માં નવેમ્બર-૨૦૨૩ અંતિત રૂ.૧,૦૫૭ કરોડની આવક થયેલ છે. સરકારશ્રી દ્વારા નવા કાયદા અને નિયમો મુજબ રાજ્યમાં ખનીજસભર વિસ્તારમાં બ્લોકની ફાળવણી તથા નિયમન અર્થે ગુજરાત ગૌણ ખનીજ છૂટછાટ નિયમો-૨૦૧૭ કરેલ છે. જે અંતર્ગત આજ દિન સુધી ૧,૯૭૫ બ્લોક્સની સફળ હરાજી થયેલ છે. જેનાથી સરકારને કુલ રૂ.૪૧.૨૩ કરોડની આવક થયેલ છે તેમજ આગામી ૩૦ વર્ષમાં રોયલ્ટી પેટે રૂ.૩,૭૮૨ કરોડ અને ઓક્શન પ્રીમિયમ પેટે રૂ.૧૧,૪૫૬ કરોડની આવક થનાર છે તેમજ મુખ્ય ખનીજ લાઇમસ્ટોન અને બોક્સાઇટના કુલ ૧૮ બ્લોકની ઇ-ઓક્શનથી ફાળવણી કરવામાં આવેલ છે. જે પૈકી કુલ રૂ.૧૮૯ કરોડની આવક સરકારને થયેલ છે તેમજ આગામી ૫૦ વર્ષમાં રોયલ્ટી પેટે રૂ.૧૦,૯૦૭ કરોડ અને ઓક્શન પ્રીમિયમ પેટે રૂ.૮,૮૨૮ કરોડની આવક થનાર છે. રાજ્યના જુદા-જુદા ખાણ વિસ્તારોમાં આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે, રસ્તાઓ વગેરે માટે વર્ષ ૨૦૨૨-૨૩ અને વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂપિયા દસ-દસ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. સરકારશ્રી દ્વારા તા.૧૨/૧૦/૨૦૨૨થી ખાનગી માલિકીની જમીનમાં અરજી આધારિત લીઝોની ફાળવણી કરવા બાબતે ગુજરાત ગૌણ છૂટછાટ નિયમ-૨૦૧૭માં સુધારા પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેથી સ્થાનિક જમીન માલિકો ચાર હેક્ટર સુધી તેઓની માલિકીની જમીનમાં લીઝ મેળવી શકે. જે અંતર્ગત ૮૬ કિસ્સાઓમાં પૂર્વમંજૂરી પણ આપવામાં આવેલ છે. રાજ્યમાં સઘન ચેકિંગ હાથ ધરી વર્ષ ૨૦૨૨-૨૩માં ખનીજના બિનઅધિકૃત ખનન, વહન અને સંગ્રહના ૧૦,૭૧૪ કેસો કરી રૂ.૨૧૪૨૩/- લાખની વસૂલાત કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪ ઓક્ટોમ્બર અંતિતમાં ૬૮૦૩ કેસોમાં રૂ.૧૧,૦૭૬/- લાખની વસૂલાત કરવામાં આવેલ છે તેમજ વર્ષ ૨૦૨૨-૨૩માં ૮૬ અને વર્ષ ૨૦૨૩-૨૪માં ઓક્ટોમ્બર અંતિત ૭૧ પોલીસ ફરિયાદ પણ કરેલ છે. ત્રિનેત્ર ડ્રોન સર્વેલન્સના માધ્યમથી ખનીજના બિનઅધિકૃત ખનન, વહન અને સંગ્રહના કુલ ૧૪૮૬ દરોડામાં ૭૧૨ કેસો પકડી રૂ.૧૦૩૫/- લાખની વસૂલાત પણ કરવામાં આવેલ છે. ગુજરાત ખનીજ વિકાસ નિગમે વર્ષ દરમિયાન શ્રેષ્ઠ ઓપરેશન તથા નાણાકીય લક્ષ્યાંકો હાંસલ કરી નિગમનું માર્કેટ કૅપિટલાઇઝેશન રૂ.૧૫ હજાર કરોડ સુધી હાંસલ કરેલ છે. આ સાથે નિગમની નેટવર્થ વધીને તા.૩૦/૦૯/૨૦૨૩ના રોજ રૂ.૫૭૭૯/- કરોડ પર પહોંચેલ છે. ગુજરાત ખનીજ વિકાસ નિગમે ખાણકામ તથા ઊર્જા ઉત્પાદનની કામગીરીમાં તકનીકિ નવીનતા તથા સંશોધનને પ્રાધાન્ય આપ્યું છે. નિગમની ખનીજ સંરક્ષણ તથા વૈજ્ઞાનિક કાર્યપદ્ધતિને ધ્યાને લઇ નિગમની બોક્સાઇટ ખાણોને એવોર્ડો પણ એનાયત થયેલા છે. ખાણકામ સાથે પર્યાવરણની જાળવણી તથા ટકાઉ કાર્યપદ્ધતિને ધ્યાને લઇ નિગમે માતાનો મઢ તથા ભાવનગર લિગ્નાઇટ ખાણોને પર્યાવરણ એવોર્ડ પણ એનાયત કરલે છે. શિલ્પોત્સવ કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના મળી કુલ ૫ સિમ્પોઝિયમમાં તૈયાર થયેલા કુલ ૭૨ શિલ્પો પૈકી ૩૮ જેટલા પથ્થર શિલ્પોને અંબાજી અને ગબ્બર હિલ વિસ્તાર ખાતે, ૪ શિલ્પોને ગાંધીનગર શહેર ખાતે, એક શિલ્પનું અમદાવાદ ખાતે અને ૮ શિલ્પોને ગાંધીનગર વિધાનસભા પરિસર ખાતે સ્થાપવાની પ્રક્રિયા ચાલી રહી છે. હું આ ખાણ અને ખનીજ વિભાગની માંગણીને સમર્થન આપું છું.

ડો. હસમુખ પટેલ(અમરાઇવાડી): માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ વિભાગની અંદાજપત્ર પરની માંગણીઓની ચર્ચા અંતર્ગત માંગણી નં. ૪૯ ઉપર પૂરક માંગણીઓ વિશે મારા વિચારો રજૂ કરી મારો સૂર પૂરાવવાની તક મળી છે તે બદલ માનનીય ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત સાહેબ, માનનીય મંત્રીગણ તેમજ સન્માનનીય સભાગૃહનો ખૂબ ખૂબ આભાર માનું છું. માંગણી નં.૪૯ અંતર્ગત ઘણી બધી યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલ છે. જેના થકી આપણા રાજ્યના ઉદ્યોગોનો

વિકાસ દર ખૂબ આગળ વધે, ઘણા લોકો માસ લેવલે જોઇન્ટ થાય અને એક ઔદ્યોગિક રાજ્ય તરીકે પ્રસ્થાપિત થાય એ માટે ઘણી બધી યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલ છે. એમાં ઔદ્યોગિક શિક્ષણ અને સંશોધન તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. સ્વરોજગાર માટે શિક્ષિત બેરોજગારોને નાણાકીય સહાય માટેની પ્રોત્સાહન યોજના માટે રૂ.૧૫૮/– કરોડનું આયોજન કરેલ છે. ગ્રામીણ અને પછાત વિસ્તારોમાં ઔદ્યોગિક સ્વ–રોજગારની યોજના અમલમાં મૂકવામાં આવેલી છે. નવી દિલ્હી ખાતે એન.આર.આઇ. માટે ગુજરાત મૂડીરોકાણ કેન્દ્રની રૂ.૧૧૫ કરોડના ખર્ચે સ્થાપના કરાવામાં આવી છે. ઔદ્યોગિક વિકાસોને પ્રોત્સાહન આપવા માટે અનેક પ્રયત્નો કરવામાં આવ્યા છે. માંદા ઉદ્યોગોના પુનઃ સ્થાપનના કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવેલા છે. આપણે મોટા કદના ઉદ્યોગોને કઇ રીતે મદદરૂપ થઇ શકીએ તે માટેના ઘણા બધા પ્રયત્નો આ યોજના અંતર્ગત હાથ ધરવામાં આવેલા છે. આવી ઘણી બધી યોજનાઓ અંતર્ગત માગણી નંબર–૪૯ મૂકવામાં આવેલી છે એમાં હું મારો સૂર પૂરાવું છું. મોટા કદની સહાય યોજના અંતર્ગત સ્કીમ ફોર ઇન્સેન્ટિવ ટુ ઇન્ડસ્ટ્રીઝ યોજના અમલમાં મૂકવામાં આવેલી છે. આ ઇન્સેન્ટિવના હિસાબે ઘણા બધા ઉદ્યોગો હાલ આગળ વધ્યા છે અને ઘણા બધા લોકો રોજગારી મેળવી રહ્યા છે. મેગા ઇનોવેટિવ પ્રોજેક્ટ સહાય યોજના અમલમાં મૂકવામાં આવેલી છે. પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝને કેવી રીતે સહાયરૂપ થઇ આ યોજનાને આગળ વધારવામાં કારણભૂત થવાય એના માટે જુદા–જુદા પ્રયોજનો રાખેલા છે. ડિફેન્સ અને એરસ્પેશ સેકટરમાં આપણી કોઇ ગણના થતી ન હતી. અત્યારે આપણે કદાચ સૌથી મોટા એક્સ્પોર્ટર તરીકે વિકાસ પામ્યા છીએ. આપણી દૂરંદેશી યોજનાના કારણે આ શક્ય બનેલું છે. આ યોજના અંતર્ગત જે એકમો ટાયર્ડ–૧, ટાયર્ડ–૨ અને ટાયર્ડ–૩ સપ્લાયર હોય અને ભારત સરકારશ્રીનું લાઇસન્સ મેળવેલું હોય એવા એકમો આ યોજનાનો લાભ મેળવવા માટે પાત્ર હોય છે. એમાં એમને જમીનને લગતી પ્રોત્સાહન યોજના તથા એની સાથે વેટ અને સેન્ટ્રલ ટેક્સમાં રિ–એમ્બર્સમેનટ મળતું હોય છે. આવી ઘણી બધી યોજનાઓ અમલમાં આવેલી છે. આપણા દેશના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જનમાનસનું સ્વાસ્થ્ય જળવાય અને છેવાડાનો માનવી સ્વસ્થ રહી શકે એના માટે ઉદ્યોગના લીધે પ્રદૂષણ ફેલાતું હોય એની ગંભીરતાથી નોંધ લીધેલી છે. એના માટે કૉમન એન્વાર્યમેન્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર સહાય યોજના દાખલ કરેલી છે તથા એન્વાર્યમેન્ટ પ્રૉટેક્શન મેજર્સ લીધેલા છે. જે અંતર્ગત દરેક ઉદ્યોગ યોજનાના મેજર્સ પ્રમાણે ફૂલફીલ થઇ આગળ વધે તો જનમાનસના સ્વાસ્થ્યને હાનિ પહોંચે નહીં અને આરોગ્ય સારું જળવાઇ રહે તથા રાજ્ય વિકાસના પંથે આગળ વધે. માંદા એકમોના પુનર્વસનની યોજના ગોઠવવામાં આવેલી છે. એમાં સંશોધન, વિકાસ અને શિક્ષણનું આયોજન કરેલું છે. ટેક્સ્ટાઇલ ઉદ્યોગના વિકાસ માટે ઘણા બધા આયોજનો કરેલા છે. હમણાં જ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ યોજવામાં આવી. આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની દીર્ઘદષ્ટિથી ગેટ વે ટુ ધ ફ્યુચર થીમ આધારિત એક સરસ ગ્લોબલ સમિટ હમણાં જ પૂરી થઇ અને જેમાં વિકસિત ભારત–૨૦૪૭ માટે આખો રૉડમેપ તૈયાર કરવામાં આવેલો છે. આ ગ્લોબલ સમિટ આપણે સીમાચિહ્નરૂપ સિદ્ધિ પામી શકીએ એ માટે ખૂબ ઉપયોગી થશે. ચાર દેશોના વડાશ્રીઓ, વિવિધ દેશોના મંત્રીશ્રીઓ અને ઘણા વૈશ્વિક સી.ઇ.ઓ. હતા એવા જુદા–જુદા ૩૫ જેટલા દેશો આ સમિટમાં ભાગીદાર તરીકે જોડાયા હતા અને ૧૫૦ થી વધુ સેમિનાર થયા હતા. જે ઉદ્યોગને એક નવો આકાર આપવામાં ખૂબ મદદરૂપ થઇ શકે એમ છે. એના પહેલાં, જી–૨૦ અંતર્ગત વસુધૈવ કુટુમ્બકમ્‌નું આપણે જે સૂત્ર સાથે લઇને ચાલીએ છીએ એને અનુકૂળ થઇને વન અર્થ, વન ફેમિલી અને વન ફ્યુચર થીમ આધારિત ૨૦૦થી વધુ બેઠકોનું એક સરસ આયોજન કર્યું હતું. જેના હિસાબે ઘણા બધા ઉદ્યોગોમાં, જુદા–જુદા દેશોની ભાગીદારી સાથે આપણે કેવી રીતે આગળ જઇ શકીએ એના માટેનું સરસ તથા વૈશ્વિક સ્તરે નોંધ લેવાય એવી જી–૨૦નું આયોજન કર્યું. હું આ સહાય અને યોજનાઓની જે વાત કરું છું એનું શ્રેષ્ઠ ઉદાહરણ જોઇતું હોય તો હાલમાં, વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત રાજ્યમાં જુદી–જુદી યોજનાઓ ચાલે છે. સ્વનિધિ યોજના અનુસાર રૂ.૧૦,૦૦૦/–ની લોન લે અને જો હપ્તા ભરે તો એને રૂ. ૨૦,૦૦૦/–ની લોન મળે અને એના હપ્તા ભરે તો રૂ. ૫૦,૦૦૦/–ની લોન મળે. હમણાં પંદરેક દિવસ પહેલાં મને જાણવા મળ્યું કે મારા અમરાઇવાડી વિધાનસભા મત વિસ્તારમાં એક સંકલ્પ યાત્રા દરમિયાન એક યુવાન જેનું મને નામ ખબર નથી પણ લભગ ૨૪–૨૫ વર્ષનો યુવાન આ યોજના અંતર્ગત જયારે રૂ.૫૦,૦૦૦/–ની સહાય લેવા માટે આવ્યો, ત્યારે હું અને અમારા સાંસદ બન્ને સાથે હતા. સહાય યોજના એણે લીધી. એણે ચેક લીધા પછી એને પ્રતિભાવ આપવાનું કહ્યું તો પ્રતિભાવમાં એણે સૌથી પહેલા આપણા માનનીય વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબનો આભાર માન્યો. એના પછી એણે કહ્યું કે સાહેબ, હવે પછી હું સહાય લેવા નહીં આવું. આ સાંભળી હું અને અમારા સાંસદ બન્ને જણા વિચારમાં પડ્યા. પણ પછી તરત એણે કહ્યું કે સર, મેં ૫૦ હજાર સુધીની સહાય લીધેલી છે. એના અનુસાર ધીમે ધીમે મેં નાનો ધંધો ચાલુ કરેલો છે. અત્યારે હાલ ૩ લાખ અને ૫ લાખના પ્રોજેકટ માટે હું પ્લાનિંગ કરી રહ્યો છું. મને ચોક્કસ વિશ્વાસ છે કે આગલાં ૩ વર્ષની અંદર હું એક કરોડની લોન પ્રાઇવેટ બેંકમાં મૂકીશ અને ઉદ્યોગ માટે હું આગળ વધીશ અને બીજા ૧૫ થી ૨૫ લોકોને હું એની અંદર રોજગારી આપીને સહાયરૂપ થઉં અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું જે વિકાસનું લક્ષ્ય છે, તેને પ્રાપ્ત કરવા માટે હું મારો થોડો ઘણો સહયોગ આપું. આટલી બધી સકારાત્મકતા, આટલી બધી જુદી જુદી યોજનાઓ અંતર્ગત આવતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આના વિશે વધારે વાત નહીં કરતાં માગણી નંબર ૪૯ ઉદ્યોગમંત્રીશ્રી જે લઇને આવ્યા છે અને એમાં સૂર પૂરાવવાની જે મને તક મળી છે તે માટે આપનો આભાર વ્યકત કરી માગણીઓને મારું અનુમોદન આપું છું. ભારત માતાકી જય. જય જય ગરવી ગુજરાત.

## તા.૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ચોથો દિવસ )

શ્રી બળવંતસિંહ રાજપૂત( ઉદ્યોગ, શ્રમ અને રોજગાર તથા ખાણ અને ખનિજ તથા મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત મુખ્યમંત્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ સાહેબ ગુજરાતના ઇતિહાસમાં સૌથી મોટું બજેટ જેને કહેવાય તે રૂપિયા ૩,૩૨,૪૬૫ કરોડ રૂપિયાનું બજેટ લઇને આવ્યા છે. આવડું મોટું અદભૂત બજેટ લઇને આવ્યા છે. હું દિલથી અભિનંદન આપું છું કે ગુજરાતના વિકાસ માટેનું એક સરસ આયોજન તેમાં કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ વિભાગમાં રૂ. ૯૨૨૮ કરોડ, મહેસૂલ વિભાગમાં રૂ. ૫૧૯૫ કરોડ, શ્રમ અને રોજગાર વિભાગમાં રૂ. ૨૬૫૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આજની મારી માગણીઓ પરની ચર્ચામાં ૧૩ જેટલા માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો. બધાએ પોતપોતાના વિચારો રજૂ કર્યા છે. ૧૧ મિત્રોએ સરકારમાં કયા પ્રકારની કેવી યોજનાઓ છે, શું છે અને કેવી રીતે પોઝિટિવ સરકાર ચાલે છે એ બાબતની વાત કરી છે. બે મિત્રો, બન્ને સિનિયર સભ્યો છે. એમણે જે વાત કરી છે. સૌથી મોટો જે વિભાગ કહેવાય ઉદ્યોગ. એ ઉદ્યોગ વિભાગ માટે અને શ્રમ અને રોજગાર વિભાગ માટે એકપણ શબ્દ બોલ્યા નથી. ખરેખર જેને કહેવાય કે એમના તરફથી સારાં સૂચનો મળે અને સરકાર માટેનું સારું ડેવલપમેન્ટ થાય. એ કહી શક્યા નથી. માત્ર બે વાત એમણે કરી છે. (અંતરાય) માનનીય શૈલેષભાઇ, હું કોઇને ડિસ્ટર્બ કરું છું? (અંતરાય) સાચું બોલ્યો છું ને એમાં? કહેવું જોઇએ. એ બીજું બધું શું બોલ્યા એ કહું છું. કહું છું. કહું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શ્રી અર્જુનભાઇએ જે વાત કરી. એમણે કહ્યું કે ગૌચરની જમીન ઓછી થાય છે. રિયાલિટી એવી છે કે મહેસૂલ વિભાગે આ બાબતની ચિંતા કરીને તા.૧-૪-૨૦૧૫ એ ગૌચરની નીતિ નક્કી કરી છે. એમાં એક ઇંચ પણ જમીન ગૌચરની ઓછી થતી નથી. કદાચ વાપરવી હોય તો સરકારની પડતર જમીન છે, તે સરભર કરીને જ વાપરીએ છીએ. એટલે કોઇ કહેતું હોય કે ગૌચરની જમીન ઓછી થાય છે, તો કોઇપણ સંજોગોમાં એ વાત સાચી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય ડો. કિરીટકુમાર વાત કરતા હતા કે જમીન બિનખેતી હોય અને ફી ભરવાની થાય છે. એમને હું જણાવવા માગું છું કે એમાં ફી ભરવાની થતી નથી. આપે બીજી વાત કરી હતી કે માપણી પછી એકવાર દફતરે થઇ ગયા પછી ફી ભરવાની થાય છે. આપની જાણકારી માટે કહું કે એમાં પણ ફી ભરવાની થતી નથી. આ બે વસ્તુ પાક્કી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જમીન માટેની જયારે વાત થતી હોય ત્યારે આપણને ચોક્કસ મનમાં એમ થાય કે ગુજરાતની વાત, ગુજરાતના ઉદ્યોગોની વાત એ માત્ર ગુજરાતમાં જ નહીં, સમગ્ર ભારતમાં અને ભારત સાથે સમગ્ર વિશ્વમાં જયારે ચર્ચા થતી હોય, ત્યારે વિકાસ એ ગુજરાતનો મિજાજ બની ગયો છે. કેવી રીતે વિકાસ થઇ શકે એ દિશામાં ગુજરાતના પ્રયત્નોને લીધે ગુજરાતનો વિકાસ આજે એટલી ગતિએ આગળ વધી રહ્યો છે. કે એની ચર્ચા સમગ્ર રાજયોમાં અને સમગ્ર દેશમાં થાય છે. આદરણીય આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા એ પહેલાં ગુજરાતમાં ઉદ્યોગની જે પરિસ્થિતિ હતી એ પરિસ્થિતિને કેવી રીતે સુધારી શકાય, એ પરિસ્થિતિમાં તેજી કેવી રીતે લાવી શકાય, ગુજરાત કેવી રીતે આગળ વધે એનું ચિંતન કર્યું અને એમણે સન ૨૦૦૩માં વાઇબ્રન્ટની શરૂઆત કરી. સન ૨૦૦૩થી વાઇબ્રન્ટની શરૂઆત કરી અને અત્યાર સુધીમાં આપણે ૧૦ વાઇબ્રન્ટ કરી ચૂકયા છીએ. સન ૨૦૦૩થી માંડીને જયારે ૯ વાઇબ્રન્ટ થઇ ત્યારે મને કહેતા આનંદ છે કે આપણે બધા ગૌરવ સાથે કહી શકીએ કે આ ૯ વાઇબ્રન્ટમાં સમગ્ર ગુજરાતમાં આજે ઔદ્યોગિક ક્ષેત્રે અને રોજગારી ક્ષેત્રે અને નિકાસ ક્ષેત્રે આપણે બહુ આગળ વધ્યા છીએ. સમગ્ર દેશના ઉત્પાદન સામે ગુજરાતનું ઉત્પાદન આજે ૧૮ ટકા થાય છે એ ૨૦ વર્ષની મહેનત છે. ગુજરાતમાં રોજગારીની ઘણી વખત વાત થાય છે, તો આજે ૮૪.૫ ટકા રોજગારી આપી શકાય એ પ્રકારની વ્યવસ્થા થઇ છે. સન ૨૦૨૨-૨૩માં ૨૨ લાખ કરોડ રૂપિયાની નિકાસ કરીને જો સૌથી વધુ ભારતમાં ૩૩ ટકા નિકાસ કરતું હોય તો ગુજરાત રાજય છે એના માટે આપણે ગૌરવ લઇએ એટલું ઓછું છે. એના પરિણામ સ્વરૂપ દુનિયાની ૫૦૦ કંપનીઓ જે મોટી છે એમાંથી આજે ૧૦૦ કંપનીઓ ગુજરાતમાં છે. એ જ ગુજરાતનું ગૌરવ છે. ગુજરાતનો જે જી.ડી.પી. છે એ સમગ્ર ભારતની અંદર ૮.૨ ટકા આપણે જી.ડી.પી. ધરાવીએ છીએ એ પણ આપણા માટે મહત્ત્વની વાત છે. દેશની ૧૧ ટકા ફેક્ટરીઓ ગુજરાતમાં છે. ગુજરાત એ ભારતનું ગ્રોથ એન્જિન છે. મેન્યુફેકચરનું હબ છે. છેલ્લાં ૨૦ વર્ષમાં ૫૫ મિલિયન યુ.એસ. ડોલરથી વધુ એફ.ડી.આઇ. આવ્યું છે. છેલ્લાં ૨૦ વર્ષમાં આર્થિક નિકાસના કારણે વ્યકિતની વાર્ષિક આવક પહેલા રૂ. ૧૮૩૯૨ રૂપિયા હતી એ વધીને ૨,૭૩,૫૫૮ રૂપિયા થઇ છે એ ગુજરાતનો સૌથી મોટો વિકાસ બતાવે છે. આ ૨૦ વર્ષની સખત મહેનતના કારણે આજે ગુજરાત આટલા સ્ટેજે પહોંચ્યું છે. આઝાદીના અમૃતકાળના ૭૫ વર્ષ દરમિયાન ગુજરાતમાં દસમી વાઇબ્રન્ટની શરૂઆત થઇ, ૪ દેશના વડાઓ અહીંયા આવ્યા, ૪૦ દેશોના મંત્રીશ્રીઓ આવ્યા અને ૧૪૦ થી વધારે દેશોના પ્રતિનિધિ મંડળો ભારતમાં આવ્યા. વાઇબ્રન્ટમાં ભાગ લઇને ગુજરાત ઉપર જે વિશ્વાસ મૂકયો એજ ગુજરાતની સિદ્ધિ બતાવે છે. આ સમિટમાં માત્ર રોકાણ નહીં પણ જ્ઞાન, ટેકનોલોજીનું આદાન પ્રદાન કરીને, સામાજિક અને આર્થિક વિકાસના પ્લેટફોર્મ ઉપર ભવિષ્યમાં વિશ્વમાં ભારત કેવી રીતે મજબૂત બને અને એનો વિકાસ કઇ રીતે થઇ શકે, દુનિયામાં આગલી હરોળમાં કઇ રીતે બેસી શકાય એ પ્રકારની ચર્ચા થઇ અને એના કારણે આ સમિટની અંદર ૪૫ લાખથી પણ વધારે કરોડ રૂપિયાનું રોકાણ આવ્યું. ૯૮ હજારથી વધુ એમ.ઓ.યુ. થયા અને ૫૦ ટકા એમ.ઓ.યુ. એવા થયા કે જે ગ્રીન ગ્રોથ એટલે કે ગ્રીન હાઇડ્રોઝન અને રેવન્યુ બલ્ક થયા. આ બતાવે છે ભારતની અંદર સૌથી મોટો વિકાસ આજે અહીંયા આગળ થઇ રહ્યો છે. ગુજરાત જે રીતે ૨૦ વર્ષમાં પ્રગતિ કરતું હતું એ બીજા રાજયોએ જોયું, અનુભવ્યું અને બધા જ રાજયોએ આ વાઇબ્રન્ટની શરૂઆત કરી અને

દરેક રાજ્યોએ પ્રગતિ કરી અને એના કારણે આજે ભારત દુનિયામાં સૌથી વધારે શકિતશાળી એટલે પાંચમી ઇકોનોમી બનવાની તાકાત બની છે અને એમાં પણ ગુજરાતનો જે રીતનો ફાળો હતો.આજે એ ફાયદો રહ્યો છે. આ વખતની વાઇબ્રન્ટ એ માત્ર ગાંધીનગર પૂરતી નહીં પણ જિલ્લે જિલ્લે જાય, જિલ્લાના નાના મોટા લોકો આમાં જોડાય એ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી હતી અને એના કારણે આજે ૩૨ જિલ્લાની અંદર ૨૬૦૦થી વધુ એમ.ઓ.યુ. થયા અને ૪૫ હજાર કરોડથી વધારેના રોકાણો આવ્યા છે અને દોઢ લાખથી વધારે લોકોને રોજગારી પ્રાપ્ત થવાની છે. મને જણાવવા આનંદ થાય છે કે ગુજરાત એક એવું મોડેલ રાજ્ય છે કે સૌથી નાના ઉદ્યોગ એવા એમ.એસ.એમ.ઇ. ક્ષેત્રે ૧૫ લાખ ૯૬ હજાર એટલે કે ૧૬ લાખની આસપાસ ઉદ્યોગો છે. ૯૧ લાખથી વધારે લોકો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારી મેળવે છે. એના કારણે આજે સમગ્ર ભારતમાં બધા ઉદ્યોગોની અંદર આપણે સર્વોત્તમ રીતે આગળ છીએ. આ પ્રકારના એકમોને જે પ્રકારે ડેલપમેન્ટ માટે વ્યાજ સહાય, મૂડીરોકાણ જેવી અનેક પ્રકારની વ્યવસ્થાઓ કરવાનું આયોજન કર્યું છે. બજેટમાં પણ રૂપિયા ૧૫૫૦ કરોડની જોગવાઇ એમ.એસ.એમ.ઇ. અને નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી છે. સ્ટાર્ટ–અપની અંદર પહેલાં યુવાનો રોજગારી માગવા જતા હતા એની જગ્યાએ હવે રોજગારી આપવાવાળા એટલે કે દાતા તરીકે રાજ્યમાં આગળ આવવા માંડ્યા છે. ગૃહને જણાવતા આનંદ થાય છે કે સમગ્ર ગુજરાતમાં બેસ્ટ પરફોર્મન્સ સ્ટાર્ટ–અપનો એવોર્ડ એક વખત નહીં પણ ચાર વખત ગુજરાતને સતત પ્રાપ્ત થયો છે. આ વર્ષે પણ આ યોજનાને પ્રોત્સાહન આપવા રૂપિયા ૧૨૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. યુવાનો માટે નવા વિચારો, ઊર્જા, સ્કીલ, સાહસિકતા, સંશોધન તરફનો રસ્તો ગુજરાતે ખોલેલો છે. ગુજરાતમાં સ્ટાર્ટ–અપ ઓફ ઇન્ડિયાની શરૂઆત વિશ્વમાં ૧ લાખ ૧૭ હજાર જેટલા માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટ–અપ પૈકી ૧૧૧ ફર્મ સ્ટાર્ટ–અપ ધરાવતું સૌથી મોટું હબ આપણે બન્યા છીએ. આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી સને ૨૦૧૫ માં ગુજરાત રાજ્યે પોતાની સ્ટાર્ટ–અપ પોલિસી જાહેર કરી અને આવું કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય હતું. ગુજરાતમાં ૨ હજારથી વધુ રાષ્ટ્રીય કક્ષાના સેન્ટરો છે. ગુજરાત સરકારની હાલની નીતિ સ્ટાર્ટ–અપમાં રૂપિયા ૩૦ લાખ સુધીનું ફંડ અને ૩ લાખ સુધીના પ્રોગ્રામ લેવામાં આવે છે. રૂ.૧ લાખ સુધી સ્કીલ ડેવલપમેન્ટ માટે કરવામાં આવ્યા છે અને સ્ટાર્ટ–અપ શરૂ કરનાર વ્યક્તિને દર મહિને ૨૦ હજાર રૂપિયા અને તેમાં પણ કોઇ મહિલા હોય તો રૂપિયા ૨૫ હજાર લેખે એલાઉન્સ આપવામાં આવે છે. શિક્ષણ વિભાગ હોય તો એમાં સ્ટાર્ટ–અપ માટે પ્રોત્સાહન આપવાનું હોય તો શાળા–કોલેજોમાં હોય તો એના માટે નીતિ મૂકવામાં આવી છે. એના કારણે ગુજરાતમાં આજે ૯૨થી વધારે માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટ–અપ એટલે કે ૧ લાખ ૧૦ હજાર લોકોને રોજગારી પ્રાપ્ત થાય એ પ્રકારની વ્યવસ્થા છે. રાજ્યમાં સંશોધન અને વિકાસ જળવાઇ રહે તે હેતુથી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટરની સ્થાપના, મૂડી રોકાણ માટે ૩૦ ટકાની સહાય ગુજરાત સરકાર આપે છે અને એમાં જો કોઇપણ માન્યતા પ્રાપ્ત ઉદ્યોગ, એસોસીએશન અથવા લેબ માટેની વ્યવસ્થા હોય તો એના ૬૦ ટકા પ્રમાણે આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ છે કે દિલ્હી–બોમ્બે કોરીડોરમાં આવતા ગુજરાતમાં પણ અગત્યના પ્રોજેક્ટો થકી ધોલેરા ખાતે ખાસ મૂડીરોકાણ માટે ૫૩૧ એકરમાં જમીન ફાળવવામાં આવી છે. હમણાં ૧૦મી વાઇબ્રન્ટ સમિટની અંદર ઉદઘાટન સમારંભમાં ટાટા ગૃપના ચેરમેન ચંદ્રશેખરજીએ સેમી કન્ડકટર ફેબ્રિકેશન પ્લાન્ટ ધોલેરા સ્થાપવાની ઘોષણા કરી કે જેમાં ૪૦ હજાર કરોડથી વધારેનું રોકાણ થવાનું છે. આપણા ગુજરાતની અંદર અનેક પ્રકારના પાર્ક કરીએ છીએ જેના કારણે આવનારા સમયમાં પાર્ક થાય, સ્માર્ટ થાય, કોમન ફેસિલિટી ડેવલપમેન્ટ થાય એ પ્રકારની વ્યવસ્થાનું જ્યારે આયોજન કરતા હોય ત્યારે નવસારીમાં વાસી બોરસી ખાતે પી.એમ. મિત્રાપાર્ક ટેકનોલોજી ક્ષેત્રે થવાનો છે એ ભારતમાં ૭ રાજ્યોને પ્રાપ્ત છે. એમાં ગુજરાત પણ એ હરિફાઇમાંથી પ્રાપ્ત કરીને આજે આપણે લાવ્યા છીએ. ભરૂચમાં પણ જંબુસર ખાતે બલ્ક પાર્ક અને રસાયણ ક્ષેત્રે પણ મોટો પાર્ક થવાનો છે. સુરતમાં હીરા ઉદ્યોગ ક્ષેત્રે ખજોદ ખાતે ડાયમંડ બુર્સ તથા આ બજેટમાં જે જાહેરાત કરવામાં આવી છે. ખોરજ અને અમદાવાદ ખાતે સ્પેસ સેકટર માટે મેન્યુફેકચરિંગનું હબ એ અદભુત ગુજરાતમાં વ્યવસ્થા થાય એ પ્રકારની વ્યવસ્થા થશે. ગુજરાત ટેક્સટાઇલ પોલિસી માટે આપણું ગુજરાત પહેલાથી મિલોથી માંડીને અનેક પ્રકારે જોડાયેલું છે. આ વર્ષે એટલે કે હમણાં હમણાં આપણી નીતિ હતી કે ૧ હજાર કરોડથી વધારે થાય એ લોકો માટે સહાય કરી છે. આજે ગુજરાતની કામ કરવાની પદ્ધતિ બદલાઇ છે. પહેલા જમીન એન.એ. કરાવવી પડે, માણસ આવે, સરવે કરે, અનેક પ્રકારે ડેવલપમેન્ટ થતું હતું. અત્યારે આખા વિશ્વમાંથી કોઇપણ ઉદ્યોગપતિ વિચારે અને નક્કી કરે કે મારે કંઇક બિઝનેસ કરવો છે. આદરણીય અમારા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અમેરિકા ગયા અને અમેરિકા જઇને જ્યારે ત્યાં આગળ વાતચીત થઇ ત્યારે સેમીકંન્ડક્ટર માઇક્રોન કંપની દુનિયામાં ૫ દેશોમાં હોવા છતાં એમણે વિચાર કર્યો કે મારે ભારતમાં આવવું છે અને ભારતમાં આવવાની વાત થઇ ત્યારે માત્ર ૬ દિવસમાં ગુજરાતે ચેલેંન્જ ઉપાડી અને ૬ દિવસમાં જમીનની ફાળવણી કરી. ૯૦ દિવસમાં એનું ખાતમુહૂર્ત થયું અને આવનારા સચયમાં ૧૮ મહિનામાં આ ફેક્ટરી ઉત્પાદનમાં આવવાની છે એની સાથે સાથે ૧૮થી ૨૦ હજાર લોકોને રોજગારી પ્રાપ્ત થવાની છે, એની સાથે ૩૦થી ૪૦ જેટલી ફેક્ટરીઓ પણ આવવાની છે. આ પ્રકારનું આજે ગુજરાત કામ કરી રહ્યું છે. આજે એ પ્રકારની વ્યવસ્થા છે. આની વ્યવસ્થા થાય, એનું ડેવલપમેન્ટ થાય. જ્યારે સેમીકંન્ડક્ટર ઉદ્યોગ આવતો હોય ત્યારે ત્યાં આગળ એની સ્કીલ તૈયાર કરી શકે, ડેવલપમેન્ટ કરી શકે એના માટે સ્કીલ યુનિવર્સિટીમાંથી નક્કી કરીને ૩૩ કરોડ રૂપિયા ફાળવીને ત્યાં આપણા લોકો તેયાર થાય. આપણા શ્રમિકભાઇઓ અથવા એન્જિનિયરો ત્યાં ટ્રેનિંગ લે અને એને રોજગાર પ્રાપ્ત થાય એ પ્રકારની આપણે વ્યવસ્થા કરી છે.

આઇ.ટી. પોલિસીમાં પણ ભવિષ્યમાં આઇ.ટી.ક્ષેત્રે નવી રોજગારી પ્રાપ્ત થાય એ પ્રકારની નિકાસની કામગીરી અને પરિવર્તન થઇ રહ્યું છે. દરેક જિલ્લે જી.આઇ.ડી.સી. થાય, એ જી.આઇ.ડી.સી. કોમન ફેસેલિટી સાથે થાય એ પ્રકારે અમારા ગુજરાતના મુખ્યમંત્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે એ પ્રકારની વ્યવસ્થા કરવા જઇ રહ્યા છે. મહિલાઓ કે યુવાનો માટેના પાર્ક હોય એ પ્રકારની વ્યવસ્થા આજે ગુજરાત સરકાર કરી રહી છે. પાણી બાબતની વ્યવસ્થા હોય, ટેકનોલોજી હોય, આવનાર સમયમાં દહેજમાં ૧૦૦ એમ.એલ.ડી.નું ડી–સેલિનેશન પ્લાન્ટ દરિયાના પાણીમાંથી વપરાશ કરવાની શરૂઆત પણ ગુજરાત રાજ્યે આજે કરી દીધી છે. પહેલું રાજ્ય છે કે જેને જી.આઇ.ડી.સી.માં પણ અનેક પ્રકારના પરિપત્રો હતા એ પરિપત્રો ઓછા કરીને સીંગલ વિન્ડો સિસ્ટમ અને પારદર્શકતાથી કરી શકાય. તમે મોબાઇલ ઉપર ઘરે બેઠાં બેઠાં તમારી અરજી ક્યા સ્ટેજે પડી છે એ પ્રકારની વ્યવસ્થા આજે ઉદ્યોગ વિભાગે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા કુટિર ઉદ્યોગની વાત કરું તો એક જિલ્લો એક પરખ કારીગરો સાથેની વ્યવસ્થા થાય અને સને ૨૦૨૩માં સમગ્ર દેશમાં કેટેગરીમાં ગુજરાત આજે બીજા નંબરે આવ્યું છે. ઈ–કુટિર પોર્ટલ હોય, ઇન્ડેક્ષ–સી અથવા ક્રાફ્ટ બજાર, હસ્તકલા સેતુ યોજના અને કુટિરભાઇઓને કેવી રીતે પ્રોત્સાહિત કરી શકાય એ પ્રકારની વ્યવસ્થા કરી છે. ત્યાં આગળ માનવ કલ્યાણ યોજના છે, વાજપાઇ બેંકેબલ યોજના છે એને વધુ અસરકારક બનાવી શકાય તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. કુટીર ઇન્ડસ્ટ્રીઝની પરંપરા જળવાય એ માટે પણ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા કારીગરોનું માર્કેટિંગ પૂરું પાડવાનું અને આજીવનતામાં વધારો કરી શકાય એ પ્રકારની વ્યવસ્થા કરી છે અને એને અમદાવાદ, ભૂજ, ભોપાલ હસ્તકલા હાટ ખાતે ૭૦ મેળાઓ કરીને ૮૦૦૦થી વધુ કારીગરોને ભાગ લઇને રૂ. ૨૯ કરોડથી વધારે લોકોને આમાં જોડ્યા છે. ગુજરાત જે પ્રમાણે આગળ વધી રહ્યું છે એ પ્રમાણે ચાહે જમીન હોય, ટેક્સ પાવર ક્રેડિટ હોય, ઇલેક્ટ્રિક ડ્યૂટીને પ્રોત્સાહન કરવાનું હોય, નાના ઉદ્યોગોને કેપીટલ રોકાણ, કેશ સબસિડી, વ્યાજ સહાય આપવામાં આવે છે. આ પ્રકારે હજીરા ખાતે અનેક પ્લોટનું નિર્માણ થયેલું અને તેનું લોકાર્પણ પણ માનનીય વડાપ્રધાનશ્રીએ કર્યું હતું. હમણાં જ અમારા આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિચાર કર્યો કે વિશ્વકર્મા યોજના હેઠળ ગામડામાં રહેતાં ૧૮ પ્રકારનાં લોકો નાનાં નાનાં કામ કરે છે એ લોકોને પણ પ્રોત્સાહિત કરી શકાય. જેમ મોટા માણસને આપી શકાય એ જ રીતે એક નાના માણસની પણ વ્યવસ્થા કરી શકાય એના માટે આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૧૫૦૦૦ કરોડ રૂપિયાથી પણ વધારે વ્યવસ્થા કરી છે. ત્યાં આગળ જે માણસ હોય એને તાલીમ આપવામાં આવે છે. ૬ દિવસ તાલીમ મળે એટલે એને ૩૦૦૦ રૂપિયા પ્રાપ્ત થાય. એને ૩૦૦૦ રૂપિયા મળે એટલે ૧૫૦૦૦ રૂપિયાની કીટ મળે છે અને ૧૫૦૦૦ રૂપિયાની કીટ પછી એક લાખ રૂપિયા એને મળે છે. એને કારણે ગામડામાં જે લોકો આપણા દરજીભાઇઓ હતા, સુથારભાઇઓ હતા એવા અનેક ભાઇઓને સારી રીતે પ્રોત્સાહિત કરી શકાય એ પ્રકારની વ્યવસ્થા આપણે કરી છે. તાજેતરમાં વાઇબ્રન્ટ ગુજરાતની અંદર ગ્લોબલ સમિટમાં ગ્રીન હાઇડ્રોજન ક્ષેત્રે પર્યાવરણ હિતકારી અંગેની નવી ટેકનોલોજીના વિકાસ મોડલથી આપણે ૩ લાખથી વધુ એમ.ઓ.યુ. કર્યા છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ઊર્જાની જરૂરિયાતને પહોંચી વળવા ૫૦ ટકા રિન્યુએબલ એનર્જીનું માધ્યમ પણ થયું છે. ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર રહે અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર એ બાબતનો પ્રયત્ન કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં કહેવામાં આવ્યું તેમ માંડલ બહુચરાજી ખાસ મૂડીરોકાણ પ્રદેશની અંદર આજે ઓટોમોબાઇલ કંપની એટલે ઇલેક્ટ્રિક વ્હિકલ બેટરી ઉત્પાદન શરૂ કરવાથી લાખો લોકોને રોજગારી પ્રાપ્ત થઇ છે. સરકારે ઉત્તર ગુજરાતની અંદર ગ્રામ્ય વિસ્તારમાં સામાજિક અને આર્થિક ક્ષેત્રે ઘણા બધા પરિવર્તનો આવ્યા છે અને સમગ્ર ગુજરાત ૧૨ ટકાથી વધારે ઇલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન કરે છે. એ આપણા ગુજરાત માટે ગૌરવની વાત છે. ગુજરાત એક પહેલું રાજ્ય એવું છે કે વર્ષ ૨૦૪૭ સુધીનો મેપ એટલે ૨૫ વર્ષનું પ્લાનિંગ જો કોઇ રાજ્યે કર્યું હોય તો આજે ગુજરાત રાજ્યે કર્યું છે. એ આપણા માટે ગૌરવની વાત છે. વર્ષ ૨૦૪૭માં આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ભારતને વિકસિત અને આત્મનિર્ભર મહાસત્તા બનાવવાનો સંકલ્પ જયારે દેશમાં કર્યો છે ત્યારે ગુજરાતનું યોગદાન પણ એટલું જ મહત્ત્વનું રહે એ પ્રકારની વ્યવસ્થા કરી છે. ૧૮ વિભાગની ૨૦૦થી વધારે પ્રકારની અરજીઓ ઓનલાઇન મૂકી અને ૨૦થી વધુ સેકટરને નીતિમાં મૂકી ગુજરાત વેપાર ધંધાની અંદર સર્વોત્તમ પ્રાપ્ત કરે એ પ્રકારની વ્યવસ્થા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખનીજ વિભાગની અંદર હમણાં જેમ કહેવામાં આવતું હતું તેમ ગુજરાતમાં ગેરકાયદેસર ખનીજ સંગ્રહ અને વહન એક્ટ હેઠળ ૧૮૭૩૩ કેસ કરીને રૂ. ૩૪૨ કરોડથી વધારે વસૂલાત કરવામાં આવી છે. ટેકનોલોજીનો ઉપયોગ કરીને ડિજિટલ ટેકનોલોજીથી પણ કેવી રીતે પકડી શકાય એ પ્રકારની ડ્રોન મારફત વ્યવસ્થા કરીને ૧૪૦૦થી વધારે દરોડા પાડીને ૭૦૦થી વધુ કેસો પકડીને રૂ. ૧૦૦૦ લાખથી વધારે વસૂલ કરવામાં આવ્યા છે. છેલ્લાં બે વર્ષમાં ખનીજ ક્ષેત્રે રૂ. ૩૮૦૦ કરોડથી વધારે મહેસૂલી આવક કરી છે અને ખનીજની હેરાફેરી વહન થાય છે એની અંદર જી.પી.એસ. મારફત ચોક્કસ સમયે ટ્રીપ કરીને એના ઉપર નજર રાખી શકાય જેના કારણે બિનઅધિકૃત પ્રવૃત્તિને રોકી શકાય. આવી પ્રવૃત્તિઓ અટકાવવા જિલ્લામાં એક ટીમ તથા બીજા જિલ્લામાં ચેકિંગમાં મોકલવાની આપણે ત્યાં સિસ્ટમ છે અને કેમેરા સિસ્ટમથી પણ આપણે કાર્યવાહી કરતા હોઇએ છીએ. લાઇમસ્ટોન, બોક્સાઇટ ક્ષેત્રે ૧૮ બ્લોકસની હરાજી પારદર્શકતાથી કરી છે. રેતી–કાંકરાની રોયલ્ટીની વાત થાય તો તેમાં જે રોયલ્ટી પ્રાપ્ત થાય છે તેમાં પાંચ ટકા વહીવટી ચાર્જ કાપીને ૯૫ ટકા રોયલ્ટી જે તે જિલ્લાની

પંચાયતોમાં આપી દેવામાં આવે છે. જેના કારણે ગામડાઓનો વિકાસ થાય છે અને તે ગામડાના લોકો પણ આગળ વધતા હોય છે. આવનાર સમયની અંદર બે વર્ષનો કોર્સ ચલાવી શકાય તે પ્રકારની વ્યવસ્થા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગની વાત કરું તો તેમાં જુદા જુદા પાંચ પ્રભાગ છે. શ્રમ આયુક્ત તંત્ર, રોજગારી અને તાલીમ પાંખ, નિયામક ઔદ્યોગિક સલામતી જે કામદારોના સ્વાસ્થ્ય માટે કામ કરે છે. બોઇલર વિભાગ હોય છે. આ પાંચેય વિભાગ જુદી જુદી રીતે કામગીરી કરતા હોય છે. જેના થકી શ્રમિક ભાઇઓ માટે સારી રીતે વ્યવસ્થા થઇ શકે, કોઇને અન્યાય ન થાય, ફેકટરી માલિકો છે તેમને પણ સારી રીતે ન્યાય મળી શકે. જુદી જુદી યોજનાઓના કારણે શ્રમિકભાઇઓને કેવી રીતે રોજગારી આપી શકાય, મદદ કરી શકાય તે પ્રકારની વ્યવસ્થા આપણે કરતા હોઇએ છીએ. મને એક વાત જણાવતાં આનંદ થાય છે કે, વર્ષ ૨૦૧૯માં આપણે ત્યાં ફેકટરીઓની સંખ્યા ૩૫૩૩૮ હતી. છેલ્લાં પાંચ વર્ષમાં એટલે કે આજે વર્ષ ૨૦૨૩માં ૪૯ હજાર કરતાં વધારે ફેકટરીઓ આપણા રાજ્યમાં ચાલી રહી છે. આપણે ત્યાં દુકાનો અને બીજી સંસ્થાઓની સંખ્યા સાડા છ લાખે પહોંચી છે. આ જ બતાવે છે કે ગુજરાત કેવી રીતે આગળ વધી રહ્યું છે. શ્રમ કાયદાના નિરીક્ષકો મારફતે કોઇને અન્યાય ન થાય, જયાં જયાં જરૂર પડે ત્યાં આગળ અનેક પ્રકારે આપણે મદદ કરતા હોઇએ છીએ. તેના કારણે આપણે આજે શ્રમ વિભાગમાં ૫૯૬૧૮ કેસોનો નિકાલ કરી શક્યા છીએ. આવા કેસો મારફતે બે કરોડ રૂપિયાથી વધારે દંડ વસૂલ કર્યો છે. ઘણી વખત સમજાવટથી ઘણા કેસોનો નિકાલ થતો હોય છે. અત્યાર સુધીમાં ૧૨૨૩૬ શ્રમિકભાઇઓને રૂ. ૧૨.૬૪ કરોડનું ચૂકવણું કરી શક્યા છીએ. બોનસની વાત કરું તો બોનસ ચૂકવવામાં ગુજરાત રાજ્ય સમગ્ર ભારતમાં પ્રથમ નંબરે છે. બોનસની રકમની વાત કરીએ તો ૬૨૩૦ સંસ્થાઓમાં ૧૦ લાખ ૬૮ હજાર ૫૫૯ શ્રમિકોને ૧૩૧૫ કરોડ રૂપિયાનું ઐતિહાસિક બોનસ ચૂકવ્યું હતું. ગુજરાત પહેલું રાજ્ય છે કે, જેણે આટલું બોનસ ચૂકવ્યું હોય. અસંગઠિત શ્રમિક ભાઇઓ છે તેમની નોંધણી ૧ કરોડ ૧૫ લાખે પહોંચી છે. આ શ્રમિક ભાઇઓ માટેની હેલ્પ લાઇન છે તેના મારફતે ૧૫ લાખ ૫૩ હજાર ૭૭૨ ભાઇઓએ કાયદાનું માર્ગદર્શન મેળવ્યું છે. તા.૧-૧-૨૦૨૩થી તા.૩૧-૧-૨૦૨૪ સુધીમાં ૧૦૭૬૦ કોલથી અનેક લોકોએ માર્ગદર્શન મેળવ્યું છે. કોઇપણ કારખાનેદાર કાયદાનું પાલન ન કરે તો તેના માટે અત્યાર સુધીમાં ૧૩.૧૯ લાખ કેસો નોંધાયા છે અને અત્યાર સુધીમાં ૨૨.૪૪ લાખ શ્રમિકો કામ કરે છે. વર્ષ ૨૦૨૩થી કારખાનાની તપાસ અત્યાર સુધીમાં ૧૬૧૨૨ થઇ છે, કારખાના ધારાની જોગવાઇઓનો ભંગ અને કોર્ટમાં દાખલ કેસોની રકમ ૧.૭૫ કરોડ છે અને દર વર્ષે મૃત્યુ ખરેખર ન થવા જોઇએ, છતાં છેલ્લાં ૨૦ વર્ષમાં ૧૦૦૦ માણસે ૦.૧૪ મોત થતાં હતા એ ઘટીને વર્ષ ૨૦૨૩માં ૦.૦૯ થયા છે અને એમાં પણ ઘટાડો થાય એ માટે આપણે પ્રયત્ન કરતા રહીએ છીએ. જે લોકો શ્રમિક ભાઇઓ કામ કરે છે બાંધકામ યોગી નોંધણી ઇ-નોંધણી જે વર્ષ ૨૦૨૨માં ૨.૫૧ લાખની હતી, એ વર્ષ ૨૦૨૪ના અંતે ૮.૮૫ લાખ થઇ છે. અન્નપૂર્ણા યોજના આપણા ગુજરાતની એક એવી યોજના છે કે ભૂતકાળમાં ૧૦ રૂપિયાથી ભોજન આપતા હતા એ હવે માત્ર ૫ રૂપિયામાં આપીએ છીએ. શ્રમિક ભાઇઓ સવારે કડિયાનાકા પર આવે ત્યાં તેમને માટે વ્યવસ્થા થાય અને એ વ્યવસ્થાના ભાગરૂપે સમગ્ર લોકોને એનો લાભ મળે એ પ્રકારની વ્યવસ્થા ગુજરાત સરકારના માનનીય મુખ્ય મંત્રીશ્રીના નેતૃત્વમાં થઇ છે અને એને કારણે ૨૭૮ કેન્દ્રોમાં ૪૦ હજારથી વધારે લોકો પર ડે સવારે ટિફિન વ્યવસ્થા મેળવે છે અને એ શ્રમિકને ૫ રૂપિયામાં ભરપેટ ભોજન પ્રાપ્ત થાય એ પ્રકારની વ્યવસ્થા થઇ છે અને આવનારા સમયમાં જે લોકોને પોતાના વિસ્તારમાં આવા કોઇ સેન્ટર કરવાની જરૂરિયાત લાગતી હોય અને કડિયાનાકા ઉપર સારું કામ ચાલતું હોય તો ૧૦૦ કેન્દ્રો નવા શરૂ કરવા માનનીય કનુભાઇ સાહેબે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ એના માટે જોગવાઇ કરી છે. એટલે આવા કેન્દ્રોમાં વધારો કરીને એની વ્યવસ્થા આપણે કરવાના છીએ. જે શ્રમિક ભાઇઓ કામ કરે છે એ બીમાર પડે તો એને માટે કડિયાનાકે જ ધનવંતરીની વ્યવસ્થા થાય એ માટે કદાચ એને તાવ હોય, ઉલટી થતી હોય, ઝાડા થયા હોય એવા કેસોમાં એને માટે આજની તારીખમાં ૧૫૪ ધનવંતરી રથ છે અને આ યોજના મારફત ૨૬ લાખથી વધુ ઓ.પી.ડી. થયેલી છે અને ૨૧ કરોડથી વધારે એ માટે આપણે ખર્ચ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં નવા ૫૦ ધનવંતરી રથો ૩૩ જિલ્લા-તાલુકા કક્ષાએ બાંધકામ શ્રમિક ભાઇઓને એની સેવા મળી રહે એ માટે વ્યવસ્થા કરવામાં આવી છે. એજ પ્રમાણે નોંધાયેલા શ્રમિક ભાઇઓનાં બાળકોના અભ્યાસ અને એની ફીની સો ટકા સરકાર વ્યવસ્થા કરે છે. વર્ષ ૨૦૨૪-૨૫માં નિવાસી શિક્ષણ સહાય યોજના અમલીકરણ માટે રૂ. ૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. શ્રમિક ભાઇઓને રહેવા માટેની પણ વ્યવસ્થા થાય એ માટે આવનાર સમયમાં બસેરા યોજના આવવાની છે અને એને કારણે તમામ પ્રકારે જે મોટાં શહેરો છે જ્યાં બહારથી લોકો કામ કરવા આવે છે એને રહેવાની સારી વ્યવસ્થા મળી રહે એ પ્રકારની વ્યવસ્થા આપણે કરવાનાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગારની વાત કરું તો આપણું ગુજરાત છેલ્લાં ૨૦ વર્ષથી રોજગારી આપવામાં નંબર વન પર છે. ગુજરાતમાં છેલ્લાં ૨૦ વર્ષમાં જે બેરોજગારીના આંકડા હતા એ આજે ઘટતા ઘટતા આખા ભારતમાં પહેલા ૪.૨ ટકા હતા, એ ઘટીને ૩.૭ ટકા થયા અને ગુજરાત એક એવું રાજ્ય છે કે જે બેરોજગારીના આંકડા ૨.૨ ટકા હતા, એ ઘટીને ૧.૭ ટકા થયા. આ ૧૫ દિવસ પહેલાનો ફિગર છે. એ ફિગર બતાવે છે કે ગુજરાતની અંદર રોજગારી અનેક પ્રકારની પ્રાપ્ત થઇ છે. રોજગારી માટે ઘણા બધા પ્રશ્નો આવ્યા, ઘણી બધી વાતો થતી હોય છે ત્યારે મારે કહેવું છે કે, ૪૬ રોજગાર કચેરીઓ અમારા કર્મચારી ભાઇઓ માટે અનેક જગ્યાએ રોજગારી મેળા કરે છે. લોકોને રોજગારીમાં કેવી રીતે જોડી શકાય તેની વ્યવસ્થા કરે છે. ફેકટરીના માલિકો અને તેમની કંપનીના અધિકારીઓ અને આપણા રોજગાર ઇચ્છતા જે ભાઇઓ હોય તેમને ભેગા કરીને અનેક

ક્ષેત્રે રોજગારી પ્રાપ્ત થાય એવા પ્રયત્નો કરે છે અને મને જણાવતાં આનંદ થાય છે કે, છેલ્લાં પાંચ વર્ષની અંદર આપણે ૧૫ લાખ ૨૧ હજાર ૯૪૧ લોકોને અત્યાર સુધીમાં આપણે રોજગારી આપી છે. દર વર્ષે આનું એક સરસ અનુબંધમ પોર્ટલ જાહેર કર્યું છે જેમાં નોકરીદાતાઓથી માંડીને બધા આમાં જોડાઇ શકે. ૪૭ હજારથી વધારે નોકરી આપવાવાળા પણ આની અંદર જોડાયેલા છે અને દર વખતે આમાં સારામાં સારી રોજગારી પ્રાપ્ત થાય તે પ્રકારની વ્યવસ્થા કરે છે. સરકારી નોકરીઓ બાબતમાં ઘણી બધી વખત વાત થતી હોય છે. ઘણી વખત પ્રશ્નોત્તરીમાં આ બાબતે વાત થતી હોય છે એટલે મારે કહેવુ છે કે, છેલ્લાં દસ વર્ષનું આપણું જે કેલેન્ડર બન્યું હતું તે કેલેન્ડર ૧,૫૬,૪૧૭ જગ્યાનું બન્યું હતું અને આ ભારતીય જનતા પાર્ટીની સરકારે વર્ષ ૨૦૨૩માં એ દસ વર્ષમાં ૧,૬૭,૨૫૫ આજે સરકારી નોકરીઓ આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવી અનેક પ્રકારની વ્યવસ્થા શ્રમ અને રોજગાર વિભાગ કરતું હોય ત્યારે આજે દુનિયા બદલાઇ છે. દુનિયામાં શિક્ષણ, રોજગાર અને દરેક ક્ષેત્રે આગળ વધી શકાય તે પ્રકારની વ્યવસ્થા આજે થઇ રહી છે. આજે દુનિયાની અંદર ૧૦ વર્ષ, ૨૦ વર્ષ પછી શું થવાનું છે તેની જયારે વર્ષ ૨૦૪૭ સુધીની ચિંતા કરતા હોઇએ ત્યારે આપણે પણ આ અત્યારની સ્કીલ બેઝ આપણા માટે બહુ મહત્ત્વનું છે. આવનારા સમયમાં આવડી મોટી કંપનીઓ આવતી હોય ત્યારે આપણા સ્થાનિક લોકોને રોજગારી પ્રાપ્ત થાય તે પ્રકારની વ્યવસ્થા થાય, તે પ્રકારનું વ્યવસ્થિત પ્લાનિંગ થાય તે માટે સ્કીલ યુનિવર્સિટીનું આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ખાતમુહૂર્ત કર્યું છે અને તેમાં તમામ પ્રકારની વ્યવસ્થા થાય. જે ઉદ્યોગપતિશ્રીઓ આવશે તેઓ પોર્ટલ ઉપર બતાવશે કે અમારે આવા પ્રકારના લોકો જોઇએ છીએ અને તે પ્રકારની વ્યવસ્થા થાય તે પ્રકારની આપણે વ્યવસ્થા કરવાના છીએ. અને ગુજરાત તે બાબતે કયાંય પાછું નહીં રહે તે પ્રકારની વ્યવસ્થા થવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગ છે અને મહેસૂલ વિભાગની અંદર હમણાં જેમ કહેવામાં આવતું હતું. ખરેખર એક અદભુત વિભાગ છે. સમગ્ર ભારતની અંદર એ કેવી રીતે કહી શકાય કે મહેસૂલ વિભાગ એ કઇ પ્રકારનું કામ કરી રહ્યું છે. તો જયારે તેની કામગીરી બિરદાવવામાં આવે તો મને એમ લાગે કે મહેસૂલ વિભાગ તે અદભુત છે. અત્યાર સુધીમાં સૌથી મોટા જે એવોર્ડ મળ્યા હોય તો ભૂમિ સમાન એવોર્ડ તે ગુજરાત સરકારને મળ્યા છે અને એ એવોર્ડ રાષ્ટ્રપતિના હસ્તક મળેલો છે અને તેની અંદર ગુજરાત રાજયમાં અરવલ્લી જિલ્લો હોય, ડાંગ હોય, જામનગર હોય, મહેસાણા હોય, નર્મદા હોય, સાબરકાંઠા જિલ્લો હોય કેન્દ્ર સરકારના અનેક માપદંડોમાં આજે મહેસૂલ વિભાગ એની કેટેગરીમાં ઉચ્ચ છ એવોર્ડ પ્રાપ્ત કરીને આગળ વધે છે. કોમ્પ્યુટર સોસાયટીમાં ઈન્ડિયન દ્વારા આઇ.ઓ.આર. પોર્ટલની અંદર સુંદર કામગીરીનો એવોર્ડ પણ ગુજરાત સરકારની અંદર આપણને મળ્યો છે. સુભાષચંદ્ર બોઝ આપદા પ્રબંધન જે એવોર્ડ મળ્યો છે તે એવોર્ડ એ ગુજરાત સરકારની સિદ્ધિઓ આજે બતાવી રહી છે. હમણાં જેમ મિત્રો ઉદ્યોગપતિશ્રીઓને અને બીજા ડિપાર્ટમેન્ટોને જમીન આપવા બાબતની વાત કરતા હતા, તો કોઇ પણ રાજયે ડેવલપમેન્ટ કરવું હોય તો સ્વભાવિક દષ્ટિએ આપણી જે જમીનો છે તે જમીનમાંથી આપણે આપતા હોઇએ છીએ. આજે ધોરડો ખાતે હવાઇ પટ્ટી હોય, વાસી ખાતે પીએમ મિત્રા પાર્ક હોય કચ્છ માટે ગ્રીન હાઇડ્રોજન માટે હોય, દેવભૂમિ દ્વારકામાં એરપોર્ટ માટે હેલીપેડ માટેની જમીન હોય એમાં આ રીતે ભારતીય જનતા પાર્ટીની સરકાર સરકારી જમીન ફાળવે છે. આ ઉપરાંત આરોગ્ય કેન્દ્ર, સબસ્ટેશન, સરકારી મંડળીઓ, દૂધ મંડળીઓ અને પાણી અને ગટર માટેની વ્યવસ્થા પણ આ સરકાર કરતી હોય છે. મહેસૂલ વિભાગમાં અનેક પ્રકારના સુધારા કરવામાં આવ્યા છે જેના કારણે આવનારા સમયમાં લોકોને અગવડ ઓછી પડે અને સારી વ્યવસ્થા થઇ શકે. અત્યારે રીન્યુએબલ એનર્જીનો પ્રોજેક્ટ હંગામી ધોરણે ૩૦ વર્ષ માટેનો છે. તમે પહેલાં ઉદ્યોગ શરૂ કરી દો અને પછી મંજૂર કરાવો. એના કારણે તમને જલદી પરવાનગી મળે અને તમે પ્રોત્સાહિત થઇ શકો. બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોત એવા ગ્રીન હાઇડ્રોજનના ઉત્પાદન માટે પણ જમીન ભાડા પટ્ટે મળે છે અને ગ્રીન એનર્જીને પ્રોત્સાહન મળવાના કારણે નવી રોજગારી પણ પ્રાપ્ત થાય છે. તમામ સબરજિસ્ટ્રાર કચેરીઓમાં સી.સી.ટી.વી. કેમેરા અને ઓનલાઇન સેવાઓ છે. એનાથી કચેરીઓમાં સલામતી અને પારદર્શકતા વધે છે. નવી શરતની જમીનો આપોઆપ જૂની શરતમાં ફેરવાય એ પ્રકારની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. અરજદારના હિતમાં ત્રણ મહિના જેટલા ટૂંકા સમયમાં સમગ્ર રાજ્યમાં અંદાજે ૫૫,૦૦૦થી વધુ નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવી છે એ પારદર્શકતા બતાવે છે. આવા અનેક પ્રકારના સુધારા સરકાર લાવતી હોય ત્યારે ડિજિટલ ગુજરાત પોર્ટલ બનાવ્યું છે અને ગુજરાત સરકારની ૧૪૮ જેટલી વિવિધ સેવાઓ નાગરિકોના લાભ માટે આપવામાં આવે છે. એમાંથી ૪૨ સેવાઓ એવી છે કે જેમાં માત્ર એક જ દિવસમાં નાગરિકોની અરજીઓનો નિકાલ થાય છે. ચાલુ વર્ષે જન સેવા કેન્દ્રો ખાતે વિવિધ સેવાઓની ૬૮,૦૦,૦૦૦થી વધુ અરજીઓ મળી હતી. આજ દિન સુધી તમામ સેવા કેન્દ્રો પર નાગરિકો દ્વારા કરવામાં આવેલી ૬,૧૦,૦૦,૦૦૦થી વધુ અરજીઓના નિકાલની કાર્યવાહી કરવામાં આવી છે. આવકના દાખલા, રેશનિંગ કાર્ડ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકો માટે નોન ક્રિમિલેયર સર્ટિફિકેટ, વિધવા બહેનોનું પ્રમાણપત્ર જેવી ૧૪૮ પ્રકારની જુદી–જુદી સેવાઓ ઓનલાઇન કરવામાં આવી છે. અરજીઓનો ઝડપી નિકાલ થાય એના માટે તલાટી અને નાયબ મામલતદારની ૬૯૫ કર્મચારીઓને બઢતી આપવામાં આવી છે. આ ઉપરાંત ૧૭૪ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે અને ૬૯ મામલતદારોને નાયબ કલેક્ટર તરીકે બઢતી આપવામાં આવી છે. કુલ ૪૦૯ જગ્યાઓ માટે રૂ.૧૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કુદરતી આફત આવે ત્યારે રાહત માટેની જે જોગવાઇ છે એમાં મારા ઘણા બધા મિત્રો બોલ્યા છે. ગુજરાત એક એવું રાજ્ય છે કે જયારે તા.૯–

૬–૨૦૨૩ના રોજ જ્યારે વાવાઝોડું પોરબંદરથી ૮૫૦ કિ.મી. દૂર હતું ત્યારે તમામ મંત્રીશ્રીઓ દ્વારા તમામ જિલ્લામાં રાહત માટેની કામગીરીની વ્યવસ્થા કરવામાં આવી હતી. મને એ વાતનો આનંદ છે કે આપણા પ્રધાનમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે ત્યાં બેઠા–બેઠા ચિંતા કરી અને આદરણીય શ્રી અમિતભાઇ શાહ સાહેબે જાતે આવીને નિરીક્ષણ કર્યું અને બચાવ માટેની વ્યવસ્થા કરી. સગર્ભા બહેનોને હોસ્પિટલ લઇ જવા માટેની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. ગુજરાત સરકારની અગમચેતીના કારણે ગુજરાત રાજ્યમાં એક પણ મૃત્યુ નથી થયું. વર્ષ ૨૦૨૩માં ચોમાસા દરમિયાન ૧૦૮ ટકા વરસાદ થયો છે. જે અંતર્ગત મૃત્યુ સહાય પેટે રૂ.૫૫૬ લાખની સહાય, પશુ સહાય માટે રૂ.૬૦૭.૧૪ લાખની સહાય, ઘરવખરી માટે સહાય, મકાન સહાય વગેરે સહાય આપવામાં આવે છે. ભવિષ્યમાં આવનાર કુદરતી આફતો સામે લડવા અધિકારીશ્રીઓ માટે તાલીમબદ્ધ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. મારી તમામ સભ્યશ્રીઓને, ખાસ કરીને વિપક્ષના સભ્યશ્રીઓને વિનંતી છે કે, આપનાં સારાં સૂચનોનો અમે સ્વીકાર કરતાં હોઇએ છીએ ત્યારે અમે જે માગણીઓ લઇને આવ્યા છીએ તેમાં આપ સૌનો સહકાર મળે તેવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**કાપ દરખાસ્તો ક્રમાંક – ૧, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક –૪૯, ૫૦, ૫૭, ૭૮,અને ૭૯ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૨.૧૨ કલાકે પૂરું થતાં સભાગૃહ ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા.૧૯મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ બપોરના ૧૨–૦૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**સોમવાર, તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪**

**માઘ ૩૦, ૧૯૪૫ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**વડોદરા જિલ્લામાં એમ.એસ.એમ.ઈ .એકમોને વ્યાજ સહાય**

*** 15/4/1296 :શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા) સયાજીગંજ(: માનનીય લઘુ,સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-:**

**પ્રશ્ન**

)૧( તા .૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક નીતિ – ૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ વડોદરા જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ એકમોની કેટલી ક્લેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

)૨( ઉક્ત સ્થિતિએ કુલ કેટલા એકમોને કુલ કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| વર્ષ | મંજૂર કરેલ ક્લેઇમ અરજીઓની સંખ્યા |
|---|---|
| ૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ | ૩૧૫ |

(૨)

| વર્ષ | ચૂકવણું કરેલ એકમની ક્લેઇમ અરજીઓની સંખ્યા | સહાયની રકમ )રૂ લાખમાં( |
|---|---|---|
| ૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ | ૨૮૩ | ૯૭૬.૩૮ |

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ મળ્યો છે પરંતુ વડોદરા જિલ્લાની અંદર તાલુકા પ્રમાણે કેટલી અરજીઓ મંજૂર થઇ અને તાલુકા પ્રમાણે કેટલા વ્યાજની ચૂકવણી થઇ એ માનનીય મંત્રીશ્રી જણાવે એવી વિનંતી છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વડોદરા જિલ્લાની તાલુકાવાર માહિતી માગી છે. વડોદરાની અંદર કુલ ૧૭૭ અરજીઓ આવી અને રૂપિયા ૪૪૭.૮૪ લાખ, ડભોઇમાં ૧૧ અરજીઓ આવી અને રૂ.૪૨.૧૦ લાખ, કવાંટમાં ૩ અરજીઓ આવી અને રૂ.૧૭.૯૨ લાખ, કરજણમાં ૧૧ અરજી સામે રૂ.૧૧.૧૮ લાખ, પાદરામાં ૩ અરજી સામે રૂ.૧૮.૪૮ લાખ, સાવલીમાં ૫૦ અરજીઓ આવી અને રૂ.૨૮૩.૮૯ લાખ, વાઘોડિયામાં ૨૮ અરજીઓ આવી અને રૂ.૧૧૫.૧૭ લાખ, આમ કુલ મળીને ૨૮૩ અરજીઓ સામે રૂપિયા ૯૯૭૬.૩૮ લાખની વ્યાજ સહાય ચૂકવી છે.

અધ્યક્ષશ્રી : બીજા કોઇએ પ્રશ્ન પૂછવો છે?

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળના બોર્ડ/નિગમો**

* 15/4/2055: **શ્રી અમિત ચાવડા** (આંકલાવ): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| **પ્રશ્ન** | | | **જવાબ** |
|---|---|---|---|
| )૧( | નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર વિભાગના તાબા હેઠળના કયા નિગમો અને બોર્ડને રાજ્ય સરકાર દ્વારા કેટલી લોન અને કેટલી સહાય આપવામાં આવી, | )૧( | પત્રક મુજબ |
| )૨( | તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલી રકમ કયા નિગમ દ્વારા વણવપરાયેલી રહી, અને | )૨( અને | |
| )૩( | ઉક્ત રકમ વણવપરાયેલ રહેવાનાં કારણો શા છે? | )૩( | |

**પત્રક**

| ક્રમ | નિગમ-બોર્ડનું નામ | વર્ષ | રાજ્ય સરકાર દ્વારા નિગમને કેટલી લોન આપેલ છે. | રાજ્ય સરકાર દ્વારા નિગમને કેટલી સહાય આપેલ છે | તે પૈકી નિગમ દ્વારા કેટલી રકમ વણવપરાયેલ રહી | વણવપરાયેલી રકમના કારણો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ | ૨૦૨૧-૨૨ | ૯૭૧.૫૦ | ૦.૦૦ | ૩૮૧.૫૮ | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ દ્વારા માટે વર્તમાન પત્રમાં જાન્યુઆરી-૨૦૨૨ તથા જુલાઇ-૨૦૨૩માં જાહેરાત આપી અનુક્રમે વર્ષ ૨૦૨૧-૨૨ તથા વર્ષ ૨૦૨૨-૨૩ની અરજીઓ મેળવેલ છે. જે પૈકી વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં મળેલ અરજીઓનો કોમ્પ્યુટરરાઇઝડ ડ્રો કરી અનુક્રમે રૂ.૫૮૪ લાખ અને રૂ.૩૨૩.૨૫ લાખ નો ખર્ચ કરવામાં આવેલ છે. તેમજ બાકી રહેતી રકમનો ખર્ચ ટૂક સમયમાં કરવામાં આવનાર છે.<br>વર્ષ ૨૦૨૧-૨૨માં કોવિડ-૧૯ની સંવેદનશીલ પરિસ્થિતી દરમ્યાન અરજદારો દ્વારા સાધનિક પુરાવા રજૂ કરેલ ન હોય યોજનાકિય ધિરાણ થઇ શકેલ ન હોય રકમ વણવપરાયેલ રહેલ છે.<br>યોજનાકિય ધિરાણ માટે જાહેરાત આપી ઓનલાઇન અરજીઓ મેળવેલ છે. જેનો ડ્રો કરી લોન એગ્રીમેન્ટ મેળવી ધિરાણની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.<br>સીધા ધિરાણ યોજનાની મંજૂરી તા.૦૮/૧૧/૨૦૨૩ના રોજ મળેલ હોય વણવપરાયેલ છે જેનો ખર્ચ ટૂંક સમયમાં કરવામાં આવનાર છે.<br>કોવિડ-૧૯ની સંવેદનશીલ પરિસ્થિતિને કારણે વીઝા માટે એમ્બેસીઓ બંધ હોઇ તેમજ લોકડાઉનમાં આંશિક છુટ-છાટ આપવામાં આવેલ હોઇ યોજનાઓ હેઠળ અરજદારો દ્વારા ધિરાણ અર્થે સાધનિક પુરાવાઓ રજૂ કરવામાં વિલંબ થયેલ હોવાના કારણે લાભાર્થીઓને યોજનાકીય ધિરાણ થઈ શકેલ ન હોવાથી રકમ વણવપરાયેલ રહેલ છે. વધુમાં, શાળા/કોલેજોમાં ઓફલાઇન શિક્ષણ કાર્ય બંધ હોઇ સહાય યોજનાની અરજીઓ મેળવી શકાયેલ ન હોઇ જેના લીધે પણ રકમ વણવપરાયેલ રહેલ છે.<br>સદર નાણાકીય વર્ષમાં ઓન લાઇન પોર્ટલ પર કુલ ૪૭૧ અરજીઓ આવેલ.જે તમામ અત્રેથી મંજુત કરવામાં આવેલ.બાકી રહેલ લાભાર્થીઓની દસ્તાવેજીકરણની પ્રક્રિયા પૂર્ણ થયેથી લોન સહાય ચુકવી દેવામાં આવશે. |
| | | ૨૦૨૨-૨૩ | ૧૦૦૦.૦૦ | ૦.૦૦ | ૬૬૧.૦૦ | |
| ૨ | ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ) અ.જા(. | ૨૦૨૧-૨૨ | ૫૦૦.૦૦ | ૦.૦૦ | ૩૪૯.૯૦ | |
| | | ૨૦૨૨-૨૩ | ૫૦૦.૦૦ | ૦.૦૦ | ૫૦૦.૦૦ | |
| ૩ | ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ | ૨૦૨૧-૨૨ | ૯૭૧.૫૦ | ૧૫૫૩.૫૫ | ૯૭૧.૫૦ | |
| | | ૨૦૨૨-૨૩ | ૧૦૦૦.૦૦ | ૨૩૬૦.૯૦ | ૧૦૧૫.૯૭ | |
| ૪ | ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ | ૨૦૨૧-૨૨ | ૪૫૦૦૦.૦૦ | ૦.૦૦ | ૩૮૫૦.૦૯ | |
| | | ૨૦૨૨-૨૩ | ૫૦૦૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| ૫ | ગુજરાત અલ્સંખ્યક નાણાં અને વિકાસ નિગમ | ૨૦૨૧-૨૨ | ૧૦૯૦.૫૧ | ૦.૦૦ | ૦.૦૦ | |
| | | ૨૦૨૨-૨૩ | ૧૫૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| ૬ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | ૨૦૨૧-૨૨ | ૧૦૯૦.૫૧ | ૦.૦૦ | ૦.૦૦ | |
| | | ૨૦૨૨-૨૩ | ૧૭૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| ૭ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | ૨૦૨૧-૨૨ | ૨૩૨૪.૨૩ | ૦.૦૦ | ૦.૦૦ | |
| | | ૨૦૨૨-૨૩ | ૫૦૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| ૮ | ગુજરાત વિચરતી અને વિમુકત જાતિ વિકાસ નિગમ | ૨૦૨૧-૨૨ | ૬૨૯.૨૩ | ૦.૦૦ | ૦.૦૦ | |
| | | ૨૦૨૨-૨૩ | ૧૨૦૦.૦૦ | ૦.૦૦ | ૧૮૧.૨૯ | |
| ૯ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | ૨૦૨૧-૨૨ | ૬૧૫.૫૨ | ૦.૦૦ | ૦.૦૦ | |
| | | ૨૦૨૨-૨૩ | ૧૨૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| ૧૦ | ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમ | ૨૦૨૧-૨૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| | | ૨૦૨૨-૨૩ | ૪૫૦.૦૦ | ૦.૦૦ | ૧૭૯.૦૦ | |

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ અંતર્ગત જે બોર્ડ અને નિગમો આવેલા છે એમાં જે સહાય અને લોનની વિગતો આપવામાં આવી છે એમાં દુઃખ સાથે કહેવું પડે કે રાજ્યની ગરીબ વસ્તી છે જેવી કે એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., માઇનોરિટી સમાજની એના માટેના બોર્ડ અને નિગમોને ખૂબ ઓછી રકમ ફાળવાય છે. ઓછી રકમ ફાળવ્યા પછી વણવપરાયેલ રકમનો રેશિયો ખૂબ મોટો છે. મારે જાણવું છે કે આપે ૧૦ બોર્ડ અને નિગમો દર્શાવ્યા એમાંથી ૮ બોર્ડ અને નિગમો એસ.સી., ઓ.બી.સી. અને માઇનોરિટી સમાજને લગતા છે. એ બોર્ડ અને નિગમોમાં

## તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## તારાંકિત પ્રશ્નો

ઠાકોર કોળી વિકાસ નિગમ, પછાતવર્ગ વિકાસ નિગમ, વિચરતી અને વિમુક્ત જાતિ નિગમ, સફાઇ કામદાર નિગમ, એ બોર્ડ અને નિગમોને વસ્તી પ્રમાણે ઓછી રકમ ફાળવવાનું કારણ શું છે અને બિન અનામત નિગમ છે એને હજુ વધારે ફાળવો તો વાંધો નહીં પણ એને ખૂબ વધારે ફાળવવાના અને એસ.ટી., એસ.સી., ઓ.બી.સી. અને માઇનોરિટી માટેના નિગમને ખૂબ ઓછી રકમ ફાળવીને ભેદભાવ રાખવાનું કારણ શું છે? વણવપરાયેલ રકમ ખૂબ મોટી છે તો એનું કારણ શું છે? જે રીતે બિન અનામત નિગમમાં વિદેશ અભ્યાસ લોન માટેની જોગવાઇ છે એ જોગવાઇ તમે ઠાકોર કોળી વિકાસ નિગમ અને બાકીના નિગમો છે એને વિભાગના બદલે નિગમ મારફતે વિદેશ અભ્યાસ લોન આપવા માગો છો કે કેમ?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સહાય પ્રમાણે તો વણવપરાયેલ રકમની વાત કરી. વર્ષ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪ અને એના પેલા વર્ષ ૨૦૧૯માં કોવિડના કારણે લોકડાઉન થવાના કારણે...

અધ્યક્ષશ્રી : વર્ષ ૨૦૧૯નો પ્રશ્ન પૂછ્યો નથી. પૂછ્યો છે એટલી જ વાત કરો.

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨–૨૩ની જાહેરાત આવી. અનુક્રમે વર્ષ ૨૦૨૧–૨૨ તથા વર્ષ ૨૦૨૨–૨૩ની અરજીઓ મળેલ છે જે પૈકી વર્ષ ૨૦૨૧–૨૨ અને વર્ષ ૨૦૨૨–૨૩માં મળેલ અરજીઓનો કમ્પ્યુટરાઇઝ ડ્રો કરી અનુક્રમે રૂ.૫ કરોડ ૮૪ લાખ અને રૂ.૩ કરોડ ૨૩ લાખ ૨૫ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. માનનીય સભ્યશ્રીનું કહેવું છે કે ખર્ચ કરવામાં આવતો નથી તો ખર્ચ કરવામાં આવ્યો છે તેમજ બાકી રહેતી રકમનો ખર્ચ ટૂંક સમયમાં કરવામાં આવનાર છે. ડો. બાબસાહેબ આંબેડકર અંત્યોદયની પણ માનનીય સભ્યશ્રીએ વાત કરી તો વર્ષ ૨૦૨૧–૨૨માં કોવિડની સંવેદનશીલ પરિસ્થિતિ દરમ્યાન અરજદારો દ્વારા સાધનિક પુરાવા રજૂ કરેલ ના હોય યોજનાકીય ધિરાણ થઇ શકેલ ના હોઇ રકમ વણવપરાયેલ રહેલ છે. યોજનાકીય ધિરાણ માટે જાહેરાત આપી ઓનલાઇન અરજીઓ મળેલ છે તેનો ડ્રો કરી લોન એગ્રીમેન્ટ મેળવી ધિરાણની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું કે રકમ ઓછી ફાળવવામાં આવે છે તો એ માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી યોગેશ આર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળના નિગમો દ્વારા કઇ કઇ યોજનાઓનો અમલમાં મૂકવામાં આવી છે?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સ્વરોજગાર અને અભ્યાસ માટેની યોજનાઓ અમલમાં છે એમાં સ્વરોજગાર યોજનામાં મુદતી ધિરાણ માટે રૂપિયા બે લાખ સુધી લોન આપવામાં આવે છે. માઇક્રો ફાઇનાન્સમાં રૂપિયા સવા લાખ સુધીની લોન છે. સ્વયં સક્ષમ યોજનામાં રૂપિયા પાંચ લાખ સુધીની લોન, મહિલા સમૃદ્ધિમાં રૂપિયા સવા લાખ સુધીની લોન, ન્યુ સ્વર્ણિમ યોજનામાં રૂપિયા સવા લાખ સુધીની લોન, સફાઇ કામદાર નિગમની વ્યક્તિગત લોન યોજનામાં રૂપિયા પંદર લાખ સુધીની લોન છે. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની વાહનની યોજનામાં રૂપિયા દસ લાખ સુધીની લોન, પ્રોજેક્ટની યોજનામાં રૂપિયા પંદર લાખ સુધીની લોન, ડો. બાબસાહેબ આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ અનુસૂચિત જાતિની પેસેન્જર વાહન–માલ વાહક વાહન યોજનામાં રૂપિયા સાડા સાત લાખ સુધીની લોન. એટલે દા.ત. રૂપિયા સાડા સાત લાખ સુધીની લોન નક્કી કરવામાં આવી છે એમાં વ્યક્તિ વાહન રૂપિયા દસ લાખમાં લાવે તો આપણે રૂપિયા સાડા સાત લાખ આપીએ છીએ. મોબાઇલ ફૂડ કોર્ટ પરિવહન યોજનામાં રૂપિયા છ લાખ સુધીની લોન, ગુજરાત દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમની મુદતી ધિરાણ યોજનામાં રૂપિયા એક લાખ સુધીની લોન, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા સ્વરોજગાર યોજના હેઠળ રૂપિયા દસ લાખ સુધીની લોન. શૈક્ષણિકની વાત કરું તો ન્યુ આકાંક્ષા યોજનામાં તબીબી તેમજ ઇનજેરી જેવા ઉચ્ચ અભ્યાસ માટે રૂપિયા પંદર લાખ સુધીની લોન તેમજ ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ અને ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે રૂપિયા પંદર લાખ સુધીની લોન. વધુમાં ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમમાં કોમર્શીયલ પાયલોટની યોજનામાં રૂપિયા પચીસ લાખ સુધીની લોન આપવામાં આવે છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે રૂપિયા વીસ હજારની સહાય આપવામાં આવે છે.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્યમાં બિન અનામત વર્ગની વસ્તી ૧૮ ટકા છે જેમાં ઠાકોર–કોળી સમાજની વસ્તી ૨૬ ટકા છે. બિન અનામત વર્ગ નિગમને રૂપિયા ૬૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે એ આનંદની વાત છે. પરંતુ ઠાકોર–કોળી વિકાસ નિગમને માત્ર રૂ.૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે તો આટલો ભેદભાવ કેમ? વિદેશ અભ્યાસની લોન માટે ઠાકોર–કોળી વિકાસ વિભાગને બદલે નિગમ મારફતે લોન આપવા માગો છો કે કેમ?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ઠાકોર–કોળી વિકાસ નિગમ માટે માનનીય સભ્યશ્રીએ કહ્યું કે રૂ.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે તો જે રીતે લાભાર્થી વિદ્યાર્થીઓ તરફથી અરજીઓ આપવામાં આવે છે એ તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને જે અરજીઓ આવી છે એમાં જો પૂરતા પુરાવા હોય તો રૂપિયા પંદર લાખની લોન આપીએ છીએ.

## તારાંકિત પ્રશ્નો

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગુજરાત અલ્પસંખ્યક નાણાં વિકાસ નિગમને વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી અને આવનારા સમયમાં ગ્રાન્ટ વધારવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આપની પાસે માહિતી હોય તો આપજો નહીંતર ટેબલ ઉપર મૂકજો.

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી છે. અલ્પસંખ્યક નાણાં વિકાસ નિગમ માટે ૨૦૨૩-૨૪માં રૂ.૧૧,૨૫,૦૦,૦૦૦/-ની નિગમને લોન આપવામાં આવી છે અને એમાંથી રૂ.૮,૪૦,૪૭,૦૦૦/- વાપરવામાં આવ્યા છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે કુલ ૧૦ નિગમો છે. ૧૦ નિગમોમાંથી ૯ નિગમમાં....

અધ્યક્ષશ્રી : સીધા પ્રશ્ન ઉપર આવો. વર્ણન કરતા ડાયરેકટ પ્રશ્ન પૂછો. બહુ લાંબી ચર્ચા થઇ ગઇ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સોરી સર. મારે એટલું જ પૂછવું છે કે ૧૦ નિગમો છે એમાંથી ૯ નિગમોની અંદર રાજય સરકાર દ્વારા નિગમને કોઇ સહાય આપવામાં આવી નથી. આજે ૯ નિગમ કે ૮ નિગમોમાં ૮૦ પોઇન્ટ સમથિંગ લાખની લોન વણવપરાયેલી પડી છે. રકમ વણવપરાયેલી પડી છે તો રાજય સરકારને એટલું જ પૂછવું છે કે રાજય સરકાર દ્વારા બજેટમાં જે જોગવાઇ કરવામાં આવે છે એમાં લોન પણ આપવામાં આવે છે અને રાજય સરકાર દ્વારા નિગમોને સહાય પણ કરવામાં આવે છે. ૯ નિગમોમાં સહાય કરવામાં આવી નથી તો એનું શું કારણ? અને વણવપરાયેલી રકમ માટે કોવિડનું કારણ આપે છે એ કોવિડનું કારણ આમાં આવતું જ નથી.

અધ્યક્ષશ્રી : આવી બધી ચર્ચા જ નથી.

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, જયારે ઓછા બજેટની વાત કરે છે ત્યારે મારે સભ્યશ્રીને કહેવું છે કે વિકસતિ જાતિ અને અનુસૂચિત જાતિના લાભાર્થીમાં જે ૮ નિગમ મારફત અપાતી લોન સહાય ઉપરાંત પ્રી અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ, વિદેશ અભ્યાસ લોન અને આવાસ યોજના જેવી અનેકવિધ યોજનાઓમાં લાભ આપવા માટે નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનું અલાયદું તંત્ર અસ્તિત્ત્વમાં છે. આગામી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે નિયામકશ્રી, વિકસિત જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ચલાવવામાં આવતી કલ્યાણકારી યોજનાઓ માટે અનુક્રમે રૂ. ૨,૧૧૨ કરોડ અને રૂ. ૧૨૪૦ કરોડ જેટલી માતબર રકમની જોગવાઇ કરવામાં આવે છે. વધુમાં ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓ રૂ.૧૫૪૩ કરોડનો ખર્ચ જાન્યુઆરી-૨૦૨૪ સુધીમાં કરી દેવામાં આવ્યો છે. શ્રી અમિતભાઇએ પણ જે ચર્ચા કરી હતી. હું ચર્ચા સાંભળતી હતી ત્યારે મારે કહેવું છે કે સમાન પ્રકારે નિયામકશ્રી અને અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા રૂ. ૮૫૧ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો. અત્રે એ બાબત ઉલ્લેખનીય છે કે ખર્ચની આ રકમ કુલ ૮ નિગમો દ્વારા અપાતી લોન સહાય ઉપરાંતની છે. વિકસતિ જાતિ અને અનુસૂચિત જાતિના લાભાર્થીઓ માટેના કુલ ૮ નિગમો માટે રૂ.૧૯૮ કરોડની નાણાકીય જોગવાઇ વર્ષ ૨૦૨૩-૨૪ માં કરવામાં આવી હતી. આ તબક્કે નાણામંત્રીશ્રી અને આપણા મુખ્યમંત્રીશ્રીનો આભાર પ્રગટ એટલા માટે કરીશ કે વિકસતિ જાતિ અને અનુસૂચિત જાતિના લાભાર્થીઓ વતી હું આભાર પ્રગટ કરું છું કે તેઓશ્રીએ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૮ નિગમોની જોગવાઇમાં માતબર રકમનો વધારો કરી રૂ. ૨૯૩ કરોડની રકમ ફાળવી અને નાણાકીય વર્ષ ૨૦૨૩ની સરખામણીએ ૫૦ ટકાનો વધારો કર્યો છે. અમારી સરકાર સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને વરેલી છે. અમારી સરકાર તમામ નબળા વર્ગના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. તાજેતારમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ચાર વર્ગ ઉપર વધુ ભાર મૂકયો છે. ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશકિત (અંતરાય) ...

અધ્યક્ષશ્રી :તમે લાંબુ પૂછયું છે. રાજયકક્ષાના મંત્રીશ્રી હતા એના કેબીનેટ મંત્રીશ્રી તરીકે જે પૂરક પ્રશ્ન પૂછ્યો છે એની માહિતી આપે છે. એમાં માનનીય મંત્રીશ્રીએ શું જવાબ આપવો એ આપણે નક્કી ન કરી શકીએ. માનનીય મંત્રીશ્રી, આપ ટૂંકમાં પૂરું કરો.

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આના ઉપરથી તો એવું લાગે છે કે, "ભાગલા પાડોને રાજ કરો" કોંગ્રેસ તો જતી રહી પણ હજુ એની નીતિ જતી નથી.

### સુરેન્દ્રનગર જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

***15/4/1301 શ્રી પ્રકાશભાઈ પસોત્તમભાઈ વરમોરા** (ધ્રાંગધ્રા): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી | )૧( કુલ -૧૬ |

| | |
|---|---|
| ફરિયાદો મળી, અને | |
| )૨ ( ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | )૨ ( ઉક્ત ફરિયાદો પૈકી,<br>• ૦૫ ફરિયાદોમાં ૨૦૮ શ્રમયોગીઓને રૂ.૧૦,૮૬,૮૦૩/–નું સમજાવટથી ચૂકવણું કરાવવામાં આવેલ છે.<br>• ૦૧ ફરિયાદમાં ૦૧ કોર્ટ કેસ નામદાર અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે.<br>• ૦૫ ફરિયાદોમાં સંસ્થા દ્વારા કાયદાનું પાલન કરવામાં આવેલ છે.<br>• ૦૧ ફરિયાદમાં પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ છે.<br>• કુલ– ૦૩ કારખાના વિરુદ્ધ કુલ– ૩૦ ફોજદારી કેસો કરવામાં આવેલ છે.<br>• ૦૧ ફરિયાદનો નિયમાનુસાર નિકાલ કરવામાં આવેલ છે. |

શ્રી પ્રકાશભાઇ પ. વરમોરા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષ દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી છે અને ઉકત ફરિયાદો અન્વયે શું કાર્યવાહી કરવામાં આવી છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા ૧ વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ૬૩ કારખાના સામે ૧૫૨ કેસો કરવામાં આવ્યા છે અને ૧૨૧ ફોજદારી કેસો નામદાર કોર્ટમાં દાખલ કરવામાં આવ્યા છે તે પૈકી ૭૨ કેસોનો નામદાર કોર્ટે નિકાલ કર્યો છે અને કસૂરવાર માલીકોને ૩.૫૮ લાખ રૂપિયાનો દંડ વસૂલ કર્યો છે અને આજની તારીખે કોર્ટમાં ઉપરોકત ૧૨૧ કેસોમાંથી ૪૯ કેસો બાકી છે.

**જંબુસર અને આમોદ તાલુકામાં સમરસ છાત્રાલય બાબત**

*15/4/1268 **શ્રી ડી.કે.સ્વામી** (જંબુસર): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ જંબુસર અને આમોદ તાલુકામાં સમરસ છાત્રાલય આવેલ નથી, તે હકિકત સાચી છે, અને | (૧) | હા |
| (૨) | જો હા,તો ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાઓમાં સમરસ છાત્રાલય શરૂ કરવા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરેલ છે? | (૨) | જબુંસર અને આમોદ તાલુકામાં મથક હોઇ, સદર તાલુકાઓમાં સમરસ છાત્રાલય શરૂ કરવાની કોઇ વિચારણા નથી, પરંતુ હાલમાં પ્રથમ તબક્કે જિલ્લા કક્ષાએ સમરસ છાત્રાલય બાંધવાની કામગીરી હાલ ચાલુમાં છે . |

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજયમાં સમરસ છાત્રાલયો ક્યા વર્ષમાં શરૂ કરવામાં આવેલ છે અને, હાલમાં કયા કયા જિલ્લામાં સમરસ છાત્રાલયો ચાલુ છે અને, તેની માન્ય સંખ્યા શું છે?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ, વિકસતી જાતિ અને આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે અતિ આધુનિક સુવિધાઓ માટે રાજયમાં વર્ષ ૨૦૧૬–૧૭થી સમરસ છાત્રાલયો શરૂ કરવામાં આવેલ છે અને હાલ ૧૦ જિલ્લામાં ૧૦ કન્યા છાત્રાલયો અને ૧૦ કુમાર છાત્રાલયો એમ કુલ ૨૦ સમરસ છાત્રાલયો ચાલુ છે.

શ્રી રમેશભાઇ ના. મિસ્ત્રી : માનનીય અધ્યક્ષશ્રી, આગામી વર્ષ ૨૦૨૪–૨૫માં નવા સમરસ છાત્રાલયો શરૂ કરવાનું કોઇ આયોજન છે? જો હા, તો કેટલા છાત્રાલયો શરૂ કરવાનું આયોજન છે અને એમાં માન્ય સંખ્યા કેટલી નિર્ધારિત કરવામાં આવી છે?

તારાંકિત પ્રશ્નો

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૪–૨૫માં કુલ ૩ નવા છાત્રાલયો શરૂ કરવાનું આયોજન છે. ગાંધીનગર ખાતે ૫૦૦ની માન્ય સંખ્યાવાળું સમરસ છાત્રાલય, મોડાસા ખાતે ૨૫૦ની માન્ય સંખ્યાવાળું સમરસ કુમાર છાત્રાલય તેમજ મોડાસમાં જ બીજું ૨૫૦ની માન્ય સંખ્યાવાળું સમરસ કન્યા છાત્રાલય ચાલુ કરવાનું આયોજન છે.

ડો. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સમરસ છાત્રાલયોમાં કેટેગરી પ્રમાણે પ્રવેશનું ધોરણ શું હોય છે?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સમરસ છાત્રાલયોના પ્રવેશના ધોરણની વાત કરું તો અનુસૂચત જાતિ ૧૫ ટકા, અનુસૂચિત જનજાતિ ૩૦ ટકા, શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત ૪૫ ટકા અને આર્થિક રીતે ૧૦ ટકા એ રીતે એનું ધોરણ છે. વિદ્યાર્થીઓની વાત કરું તો અનુસૂચિત જાતિના ૧૮૫૭ વિદ્યાર્થીઓ, અનુસૂચિત જનજાતિના ૩૭૬૫ વિદ્યાર્થીઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ૪૨૯૪ વિદ્યાર્થીઓ તેમજ આર્થિક રીતે નબળા વર્ગના ૧૨૦૬ વિદ્યાર્થીઓ એમ કુલ મળીને ૧૨,૬૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મુખ્યમંત્રીશ્રી અહીં હાજર છે. તેમને મારી એક વિનંતી છે કે પાલનપુરમાં એ.પી.એમ.સી.માં અત્યારે આગ લાગી છે. થોડી વધારે ગંભીર સ્થિતિ છે. ત્યાંના પ્રભારી મંત્રીશ્રી પ્રશ્નોત્તરીનાં કામમાં વ્યસ્ત છે. તો ગૃહમંત્રી કે બીજા કોઇને પાંચ મિનિટ મૂક્યા હોય તો એ બહાર જઇને થોડું કંટ્રોલ કરાવવામાં મદદ કરે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે સમરસ છાત્રાલયો બન્યા છે એ જ્યાં શિક્ષણનું હબ છે જેવા કે, અમદાવાદ, વડોદરા કે સુરત જેવી જગ્યાએ વધારે બનેલા છે. જે જિલ્લાઓ શિક્ષણના હબથી દૂર છે જેવા કે વલસાડ, બનાસકાંઠા, દાહોદ કે પોરબંદરમાં સમરસ છાત્રાલયોની જરૂર વધારે છે. આવા જિલ્લાઓમાં પ્રાયોરિટી આપીને સમરસ છાત્રાલયો બનાવવા માગો છો કે કેમ? અને બીજું કે પોરબંદર જિલ્લામાં સમરસ છાત્રાલય બનાવવાનું આયોજન છે તો એ ક્યારે છે એ બાબતે માનનીય મંત્રીશ્રી જવાબ આપે?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આગામી વર્ષ ૨૦૨૪–૨૫માં કુલ ત્રણ નવા સમરસ છાત્રાલયો શરૂ કરવાનું આયોજન છે. ગાંધીનગર ખાતે ૫૦૦ની માન્ય સંખ્યાવાળું સમરસ કુમાર છાત્રાલય, મોડાસા ખાતે ૨૫૦ની માન્ય સંખ્યાવાળું સમરસ કુમાર છાત્રાલય અને મોડાસા ખાતે ૨૫૦ની માન્ય સંખ્યાવાળું સમરસ કન્યા છાત્રાલય બનાવવાનું આયોજન છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ તો આપે જવાબ રિપીટ કર્યો. મારો પ્રશ્ન એ છે કે નવા જે છાત્રાલયો બનાવવાના છે એમાં બનાસકાંઠા, દાહોદ, વલસાડ, પોરબંદરમાં ક્યારે સમરસ છાત્રાલય બનાવવાનું આયોજન છે અને પોરબંદરમાં સમરસ છાત્રાલય બનાવવાનું ભવિષ્યમાં આયોજન છે કે કેમ?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે માહિતી આપી એ પ્રમાણે છાત્રાલયો બનાવવાનું ચાલુ છે અને બાકીના જિલ્લાઓને ક્રમશ: લેવામાં આવશે.

**છોટાઉદેપુર જિલ્લામાં નવી આઇ.ટી.આઇ શરૂ કરવા બાબત**

1905/4/15***શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા** )છોટાઉદેપુર :(**માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| )૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કયા સ્થળે નવી આઇ.ટી.આઇ .બનાવવા માટેની માંગણી સરકારને ક્યારે મળી, | )૧( | (કોષ્ટક નીચે) |

| ક્રમ | તાલુકો | સ્થળ | તારીખ |
|---|---|---|---|
| )૧( | બોડેલી | ચલામલી ગામ | ૦૮/૦૮/૨૦૨૨ |
| )૨( | જેતપુર–પાવી | કદવાલ ગામ | ૦૭/૦૩/૨૦૨૩ |

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| )૨( તે પૈકી ઉક્ત સ્થિતિએ કયા સ્થળોએ નવી આઇ.ટી.આઇ મંજૂર કરવામાં આવી, અને | )૨( | –શુન્ય– |
| )૩( ઉક્ત આઇ.ટી.આઇઓ ક્યાં સુધી કાર્યરત થશે ? | )૩( | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. રાજયના તમામ તાલુકામાં વ્યવસાયિક તાલીમ ઉપલબ્ધ કરાવવાનો રાજય સરકારનો અભિગમ છે .જે અંતર્ગત છોટાઉદેપુર જિલ્લાના )૧ (બોડેલી )૨ ( છોટાઉદેપુર )૩ (કવાંટ )૪ (નસવાડી )૫ (પાવી–જેતપુર )૬ (સંખેડા તાલુકામાં સરકારી આઇ.ટી.આઇ .હાલ કાર્યરત છે . |

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છોટાઉદેપુર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેટલી ઔદ્યોગિક સંસ્થાઓ કાર્યરત છે? અને બીજું કે આ ઔદ્યોગિક સંસ્થાઓમાં કેટલા તાલીમાર્થીઓ તાલીમ લઇ રહ્યા છે?

## તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## તારાંકિત પ્રશ્નો

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, છોટાઉદેપુર જિલ્લામાં સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ અને સ્વનિર્ભર એમ કુલ મળીને આઠ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ છે. બોડેલી, છોટાઉદેપુર, કવાંટ, નસવાડી, પાવી જેતપુર, સંખેડામાં સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ છે. બોડેલી રોડ પર પ્રાઇવેટ સંસ્થાઓ પણ છે. બોડેલીમાં સ્વામિનારાયણ સંસ્થા પણ છે. એમના બીજા પ્રશ્નના જવાબમાં છોટાઉદેપુર જિલ્લામાં અત્યાર સુધી ૨૯૬૩ વિદ્યાર્થીઓ તાલીમ લઇ રહ્યા છે. બોડેલીમાં ૫૪૪, છોટાઉદેપુરમાં ૩૮૦, કવાંટમાં ૪૨૦, નસવાડીમાં ૫૩૮, પાવી જેતપુરમાં ૪૪૮, સંખેડામાં ૪૫૭ એમ કુલ મળીને ૨૭૮૭ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી અને સ્વનિર્ભર સંસ્થાઓમાં ૧૫૨ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે છોટાઉદેપુર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ આઇ.ટી.આઇ.વાર ક્યા–ક્યા વ્યવસાયોમાં તાલીમ કાર્ય ચાલી રહ્યું છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, બોડેલી તાલુકામાં કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ (કોપા), ફીટર, મિકેનિકલ ડીઝલ, મિકેનિકલ મોટર (વ્હિકલ), વેલ્ડર અને વાયરમેન, છોટાઉદેપુર તાલુકામાં કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ (કોપા), ફીટર, મિકેનિકલ ડીઝલ, મિકેનિકલ મોટર (વ્હિકલ), સુઇંગ ટૅકનૉલૉજી, વેલ્ડર અને વાયરમેન, કવાંટ તાલુકામાં કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ (કોપા), ઇલેક્ટ્રિશિયન, ફીટર, મિકેનિકલ ડીઝલ, સુઇંગ ટૅકનૉલૉજી, વેલ્ડર અને વાયરમેન, નસવાડી તાલુકામાં કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ (કોપા), ઇલેક્ટ્રિશિયન, ફીટર, સુઇંગ ટૅકનૉલૉજી, વેલ્ડર અને વાયરમેન, સંખેડા તાલુકામાં કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ (કોપા), ઇલેક્ટ્રિશિયન, ઇલેક્ટ્રોનિક્સ મિકેનિકલ અને ફીટર આ પ્રમાણે કોર્સ ચાલી રહ્યા છે.

**પાટણ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન**

***15/4/1285 શ્રી લવીંગજી મુળજીજી સોલંકી** (રાધનપુર): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા, | )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હોઇ નવીન ગેસ કનેક્શન આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| )૨ ( | ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને | )૨( | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી . |
| )૩( | ઉક્ત બાકી રહેતા આંગણવાડી કેન્દ્રોને ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે ? | )૩( | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીમાં ગેસ કનેક્શનની સુવિધા આપવામાં આવી છે? તથા તે માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપણા દીર્ઘદ્રષ્ટા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે અમારી આંગણવાડીની માતા યશોદા બહેનોની ચિંતા કરતા હતા તે વાતનું ઉત્તમ ઉદાહરણ આંગણવાડી કેન્દ્રોમાં ગેસની સુવિધા આપવામાં આવી તે છે. દેશમાં સર્વ પ્રથમ ગુજરાત સરકારે આંગણવાડી કેન્દ્રમાં ગેસ સુવિધા પૂરી પાડવાની પહેલ કરી. વર્ષ ૨૦૦૯માં ૧૦૦ ટકા રાજ્ય બજેટમાંથી આંગણવાડીમાં ગેસ સુવિધા આપવાની શરૂઆત કરી. (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ સ્કોપ ખોલી રહ્યા છો. સભ્યશ્રીઓ પણ આખા રાજ્યના પ્રશ્નો પૂછશે. કેટલી આંગણવાડી અને કેટલી રકમ માત્ર આ બે જ પ્રશ્નો પૂછ્યા છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ તાલુકામાં ૨૨૫ મંજૂર કેન્દ્રો પૈકી ૨૨૫, સરસ્વતી તાલુકામાં ૧૯૨ મંજૂર કેન્દ્રો પૈકી ૧૯૨, સિદ્ધપુર તાલુકામાં ૨૦૦ મંજૂર કેન્દ્રો પૈકી ૨૦૦, ચાણસ્મા તાલુકામાં ૧૮૦ મંજૂર કેન્દ્રો પૈકી ૧૮૦, હારીજ તાલુકામાં ૧૧૯ મંજૂર કેન્દ્રો પૈકી ૧૧૯, સમી તાલુકામાં ૧૩૦ મંજૂર કેન્દ્રો પૈકી ૧૩૦, સંખેશ્વર તાલુકામાં ૮૬ મંજૂર કેન્દ્રો પૈકી ૮૬, રાધનપુર તાલુકામાં ૧૩૯ મંજૂર કેન્દ્રો પૈકી ૧૩૯, સાંતલપુર તાલુકામાં ૧૫૬ મંજૂર કેન્દ્રો પૈકી ૧૫૬ ગેસ કનેક્શન આપવામાં આવેલ છે. આમ, કુલ ૧,૪૨૭ મંજૂર આંગણવાડી કેન્દ્રો પૈકી ૧,૪૨૭ ગેસ કનેક્શન આપવામાં આવેલ છે. દરેક આંગણવાડી દીઠ નવાં કનેક્શન માટે હાલમાં રૂ.૭,૮૧૦ મુજબની રકમની ચૂકવણી કરવામાં આવે છે તેમજ રીફિલિંગ માટે બિલ મુજબ ખરેખર થતાં ખર્ચ પ્રમાણે ચૂકવણી કરવામાં આવે છે.

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ ટૂંકમાં એવું જણાવી શક્યા હોત કે કુલ આંગણવાડીઓમાં ૧૦૦ ટકા ગેસ કનેક્શન આપી દીધેલ છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આંગણવાડી કેન્દ્રોમાં ગેસની બોટલ અંદરના રૂમમાં રાખવામાં આવે છે જેનાથી અકસ્માતનો ભય રહે છે. આંગણવાડી કેન્દ્રોમાં ગેસની બોટલ બહાર રાખવાનો પરિપત્ર કરવામાં આવે તો કોઇ દુર્ઘટના ન ઘટે. આ મારું સૂચન છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, એમના સૂચનને ધ્યાનમાં લઇશું.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાટણનો પ્રશ્ન છે અને માનનીય મંત્રીશ્રી પાટણનું પટોળું પહેરીને આવ્યા છે એ માટે અભિનંદન. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સરકારશ્રીએ આંગણવાડી બહેનોની ચિંતા કરી છે. સમગ્ર ગુજરાતમાં આંગણવાડી બહેનો પૂરતા પગાર માટે આંદોલનો કરી રહી છે. આ બહેનોને પૂરતો પગાર આપવા માંગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, અત્યારે ગેસ કનેક્શનનો પ્રશ્ન ચાલી રહ્યો છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આ વખતના બજેટમાં નવી આંગણવાડીઓના મકાનો બનાવવા માટે જે જોગવાઇ કરવામાં આવી એ બદલ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આગંણવાડીઓમાં ગેસના બાટલા પહોંચાડવા માટેની શું વ્યવસ્થા છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીમાં અપાતા ગેસ સિલિન્ડર એ ડોમેસ્ટિક કનેક્શન તરીકે સરકારે મેળવેલ છે. ઘરમાં જે રીતે ગેસ સિલિન્ડરની ડોર સ્ટેપ ડિલિવરી થાય છે તે જ રીતે આંગણવાડીમાં પણ ગેસ એજન્સી મારફત ડોર સ્ટેપ ડિલિવરી કરવામાં આવતી હોય છે. જિલ્લામાં કલેક્ટરશ્રી દ્વારા જ્યારે ગેસ એજન્સીને મંજૂરી આપવામાં આવે છે ત્યારે ઘેર બેઠા ડિલિવરી કરવા સાથેની બાબતોને ધ્યાને લઇ એજન્સી નક્કી કરવામાં આવે છે અને આ એજન્સી દ્વારા જ આંગણવાડીમાં ગેસ કનેક્શન માટેની સુવિધા પૂરી પાડવામાં આવતી હોય છે.

**અમદાવાદ જિલ્લામાં ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ યોજના**

* **15/4/1326 : શ્રી કિરીટસિંહ સરદારસંગ ડાભી (ધોળકા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ છેલ્લાં એક વર્ષમાં કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) | ૪૨૯ |
| )૨( | ઉક્ત સ્થિતિએ તે પેટે કેટલી રકમની લોન આપવામાં આવી? | (૨) | રૂ.૬૪૩૫.૦૦ લાખ |

શ્રી કિરીટસિંહ સ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ તાલુકાવાર ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ કેટલા વિદ્યાર્થીઓની અરજી મળી?, તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી?, કેટલી નામંજૂર કરવામાં આવી?, કેટલી અરજીઓ મંજૂર કરવાની બાકી છે? કેટલા સમયમાં મંજૂર થશે?અને આ માટે કેટલી રકમ ચૂકવવામાં આવી?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ લોન આપીને એમની કારકિર્દી ઉજ્જવળ બને એ માટે ચિંતિત છે. આ યોજના વર્ષ ૧૯૯૮–૯૯માં અમલમાં આવી ત્યારે આ યોજનામાં સહાયરૂપે લોન રૂ.૫/– લાખ આપવામાં આવતી હતી, વર્ષ ૨૦૦૭માં વધારીને રૂ.૧૦/– લાખ કરવામાં આવી અને વર્ષ ૨૦૧૪માં રૂ.૧૫/– લાખ કરવામાં આવી. માનનીય સભ્યશ્રીએ વિસ્તૃત માહિતી માંગી છે એ પ્રમાણે, અમદાવાદ જિલ્લામાં મળેલ અરજી ૧૫૭, મંજૂર કરેલ અરજી ૧૫૭, એની પાછળ ચૂકવાયેલ રકમ રૂ.૨૩ કરોડ ૫૫ લાખ, અસારવામાં મળેલ અરજી ૪૧, મંજૂર કરેલ અરજી ૨૩, નામંજૂર કરેલ અરજી ૨, ચકાસણી હેઠળ ૧૬ અને એની પાછળ ચૂકવાયેલ રકમ રૂ. ૩ કરોડ ૪૫ લાખ, દસક્રોઇમાં મળેલ અરજી ૫, મંજૂર કરેલ અરજી ૪, નામંજૂર કરેલ અરજી ૧ અને એની પાછળ ચૂકવાયેલ રકમ રૂ. ૬૦ લાખ, દેત્રોજમાં મળેલ અરજી ૨, મંજૂર કરેલ અરજી ૨ અને એની પાછળ ચૂકવાયેલ રકમ રૂ. ૩૦ લાખ, મણિનગરમાં મળેલ અરજી ૭૮, મંજૂર કરેલ અરજી ૫૮, નામંજૂર કરેલ અરજી ૧, ચકાસણી હેઠળ ૧૯ અને એની પાછળ ચૂકવાયેલ રકમ રૂ. ૮ કરોડ ૭૦ લાખ, સાબરમતીમાં મળેલ અરજી ૧૮૨, મંજૂર કરેલ અરજી ૧૨૫, નામંજૂર કરેલ અરજી ૨, ચકાસણી હેઠળ ૫૫ અને એની પાછળ ચૂકવાયેલ રકમ રૂ. ૧૮ કરોડ ૭૫ લાખ, સાણંદમાં મળેલ અરજી ૬, મંજૂર કરેલ અરજી ૫, નામંજૂર કરેલ અરજી ૧ અને એની પાછળ ચૂકવાયેલ રકમ રૂ. ૭૫ લાખ, વટવામાં મળેલ અરજી ૧૧, મંજૂર કરેલ અરજી ૧૦, નામંજૂર કરેલ અરજી ૧ અને એની પાછળ ચૂકવાયેલ રકમ રૂ. ૧ કરોડ ૫૦ લાખ, વેજલપુરમાં મળેલ અરજી ૪૨, મંજૂર કરેલ અરજી ૩૧, નામંજૂર કરેલ અરજી ૧, ચકાસણી હેઠળ ૧૦ અને એની પાછળ ચૂકવાયેલ રકમ રૂ.૪ કરોડ ૬૫ લાખ,વિરમગામમાં ૧ અરજી મળેલ છે, ૧ અરજી મંજૂર કરેલ છે અને રૂ.૧૫ લાખની રકમ ચૂકવાઇ છે. ધોળકામાં ૩ અરજી મળેલ છે, ૩ અરજી મંજૂર કરેલ છે

અને રૂ. ૪૫ લાખની રકમ ચૂકવાઇ છે. ઘાટલોડિયામાં ૧૨ અરજી મળેલ છે, જેમાં ૧૦ અરજી મંજૂર કરેલ છે, ૨ અરજી નામંજૂર કરેલ છે અને રૂ.૧ કરોડ ૫૦ લાખની રકમ ચૂકવાઇ છે. ધોલેરા અને માંડલમાં અરજીઓ મળેલ નથી. આમ કુલ ૫૪૦ અરજીઓ મળેલ છે. જેમાં ૪૨૯ અરજીઓ મંજૂર કરેલ છે, ૯ અરજીઓ નામંજૂર કરેલ છે, ૧૦૨ અરજીઓ ચકાસણી હેઠળ છે અને રૂ.૬૪ કરોડ ૩૫ લાખની રકમ ચૂકવાઇ છે. જે અરજીઓ ચકાસણી હેઠળ છે એની ચકાસણી કરીને મંજૂર થયેથી બાકીની રકમ સત્વરે ચૂકવવામાં આવશે.

અધ્યક્ષશ્રી:માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે, તમે વિસ્તૃત પ્રશ્ન પૂછશો તો માનનીય મંત્રીશ્રીઓને વિસ્તૃત જવાબ આપવો પડશે. પ્રશ્નનો ઉકેલ કઇ રીતે થઇ શકે? અથવા સંક્ષિપ્તમાં માહિતી હશે કે સંક્ષિપ્તમાં જવાબ આપી શકશે તો પ્રજાકલ્યાણ માટે વધારે ઉપયોગી થશે.

**જામનગર જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો**

***15/4/1300 મેઘજીભાઈ અમરાભાઈ ચાવડા** (કાલાવડ): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧ ( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન જામનગર જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી, અને | )૧ ( | કુલ -૧૩ |
| )૨ ( | ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | )૨ ( | ઉક્ત ફરિયાદો પૈકી<br>• ૦૫ ફરિયાદોમાં ૪૩૯ શ્રમયોગીઓને રૂ.૫૦,૨૦,૯૨૭/-નું સમજાવટથી ચૂકવણું કરાવવામાં આવેલ છે.<br>• ૦૨ ફરિયાદોમાં કુલ ૦૬ કોર્ટ કેસો નામદાર લેબર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે.<br>• અન્ય ફરિયાદોનો નિયમાનુસાર નિકાલ કરવામાં આવેલ છે. |

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મેં પૂછેલા પ્રશ્નમાં જામનગર જિલ્લામાં આવેલા ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના પગલાં અન્વયે કુલ ૧૩ ફરિયાદો મળેલ છે. જેમાં ૫ ફરિયાદોમાં ૪૩૯ શ્રમયોગીઓની રૂ.૫૦ લાખ ૨૦ હજાર ૯૨૭નું સમજાવટથી ચૂકવણું કરવામાં આવેલ છે. આંકડાકીય માહિતી વ્યવસ્થિત આપવા બદલ હું માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું. હું માનનીય મંત્રીશ્રી પાસેથી વિશેષમાં જાણવા માગું છું કે, જામનગર જિલ્લામાં તારીખ ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષ દરમિયાન આ ૧૩ ફરિયાદો મળી છે, એ કયા કયા શ્રમ કાયદાઓ હેઠળની છે? અને જામનગર જિલ્લામાં ફરિયાદો સિવાય કેટલી સંસ્થામાં નિરીક્ષણ દ્વારા સમજાવટથી ચૂકવણું કરવામાં આવેલ છે, એ કયા પ્રકારનું છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એમાં જણાવું તો, કારખાના અધિનિયમ-૧૯૪૮ હેઠળ ૫ ફરિયાદો મળેલ હતી. પગાર ધારા-૧૯૨૩ હેઠળ ૧ ફરિયાદ મળેલ હતી. લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ હેઠળ ૬ ફરિયાદો મળેલ હતી અને બોનસ ચૂકવણી અધિનિયમ-૧૯૬૫ હેઠળ ૧ ફરિયાદ મળેલ હતી એમ કુલ ૧૩ ફરિયાદો મળેલ હતી. માનનીય સભ્યશ્રીએ ચૂકવણાની જે વાત કરી છે એમાં જણાવું તો જામનગર જિલ્લામાં આ સિવાય ૧૪૫ સંસ્થાઓમાં નિરીક્ષણ દ્વારા રૂબરૂ તપાસ કરી ૧૩ સંસ્થાઓને સમજાવટનું ચૂકવણું કરવામાં આવેલ છે. જેમાં લઘુત્તમ વેતન તફાવતના ચૂકવણામાં કુલ-૧૩ સંસ્થા છે. શ્રમયોગીઓની કુલ સંખ્યા ૩૬ છે. સમજાવટથી કરેલ ચૂકવણાની રકમ રૂ.૧ લાખ ૮૨ હજાર ૭૦૪ છે.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જે ફરિયાદો થયેલ છે એનો નિકાલ કરવાની સમયમર્યાદા શું છે? અને ફરિયાદનો કેવી રીતે નિકાલ કરવામાં આવે છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ફરિયાદનો ૯૦ દિવસ સુધીમાં નિકાલ કરી દેતાં હોઇએ છીએ. ઘણી વખત આપણે સમજાવટથી નિકાલ કરીએ છીએ. કોર્ટમાં કેસ કરવો પડે તો આપણા ચાર કાયદા મુજબ એ પ્રકારની ફરિયાદ કરતા હોઇએ છીએ.

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તારીખ ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જામનગર જિલ્લામાં એક વર્ષના સમયગાળા દરમિયાન કુલ કેટલા કારખાનાઓની તપાસણી કરવામાં આવી? અને જો હા તો ફરિયાદ તપાસ બાબતે કેટલી મુલાકાત લેવામાં આવી?

## માઘ ૩૦, ૧૯૪૫ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, તારીખ ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જામનગર જિલ્લામાં એક વર્ષ દરમિયાન ફરિયાદ તપાસ બાબતમાં ૧૩ મુલાકાતો લેવામાં આવી. બીજું, જામનગર જિલ્લામાં એક વર્ષ દરમિયાન ૪૨૦ કારખાનાઓની તપાસ કરવામાં આવી. જામનગર શહેરમાં ૩૧૩, જામનગર ગ્રામ્યમાં ૫૧, ધ્રોલમાં ૧૧, કાલાવડમાં ૧૬, જામજોધપુરમાં ૧ અને લાલપુરમાં ૨૮ એમ કુલ મળી ૪૨૦ કારખાનાઓની તપાસ કરવામાં આવી.

શ્રી હેમંતભાઇ હ. આહિરઃ માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૪૩૯ શ્રમયોગીઓને ૫૦,૨૦,૯૨૭ રૂપિયાનું ચૂકવણું કરવામાં આવ્યું, તો એક શ્રમયોગીને રૂપિયા ૧૧૪૦૦ જેવું ચૂકવણું કરવામાં આવ્યું. તો આવી ફરિયાદોમાં સમજાવટથી ચૂકવણું કરવામાં આવે છે, તે કયા નિયમ અંતર્ગત કરવામાં આવે છે અને કયા સક્ષમ અધિકારી દ્વારા આ સમાધાન કરાવવામાં આવે છે? અન્ય ફરિયાદોમાં અરજદારની સંખ્યા કેટલી હતી કે જેનો આપણે નિયમ મુજબ નિકાલ કરી નાંખ્યો, એમાં અરજદારોની સંખ્યા કેટલી હતી?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સમજાવટથી ચૂકવણું કરવાની જે વાત કરીએ છીએ એમાં કોઇ રકમ ફિક્સ હોતી નથી. જે મુજબનો કેસ હોય, એ મુજબ સમજાવટ કરતા હોઇએ છીએ. માની લો કે ઘણાને બહુ મોટો અન્યાય થયો છે અથવા દિવસો માટેનો અન્યાય થયો છે. તો એ મુજબ આપણે સમજાવટ કરતા હોઇએ છીએ અને આપણી આ પાંચેય કલમના આધાર ઉપર જયાં જયાં ગુનો બન્યો હોય તો એ પ્રમાણે આપણે નિયમો લગાડીને સમજાવટની કોશિશ કરતા હોઇએ છીએ.

### નખત્રાણા તાલુકામાં અનુસૂચિત જાતિ કન્યા છાત્રાલય

*15/4/1167: **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા** (અબડાસા): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકામાં અનુસૂચિત જાતિ કન્યા છાત્રાલય બનાવવા માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી,અને | (૧) | શૂન્ય |
| )૨( | ઉક્ત છાત્રાલયનું કામ ક્યા સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૨) | પ્રશ્ન રહેતો નથી. |

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૪–૨૫ માં નખત્રાણા, લખપત–નખત્રાણા કન્યા છાત્રાલય અનુસૂચિત જાતિના બનાવવા માગો છો તો તે માટે કેટલી રકમ ફાળવી છે અને કયાં સુધીમાં પૂરૂં કરવામાં આવશે?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી કન્યા છાત્રાલય, નખત્રાણા, જિલ્લા કચ્છની નોંધ સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તારીખ ૩૦–૯–૨૦૧૯ના ઠરાવથી કુલ ૫ નવા સરકારી કુમાર, કન્યા છાત્રાલય શરૂ કરવા મંજૂરી આપવામાં આવેલ છે. જે પૈકી એક કચ્છ જિલ્લાના નખત્રાણા ખાતે શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. જેના અનુસંધાને નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, જિલ્લો કચ્છ–ભુજ દ્વારા તારીખ ૧૨–૭–૨૦૨૦ના રોજ વર્તમાનપત્રમાં ભાડાનું મકાન મેળવવા જાહેરાત આપવામાં આવેલ હતી, પરંતુ કોવિડ–૧૯ના કારણે જે તે સમયે ભાડાનું મકાન ઉપલબ્ધ થઇ શકેલ નહીં. ત્યારબાદ ફરીથી ભાડાના મકાન માટે વર્તમાનપત્રમાં બે વખત જાહેરાત આપવામાં આવેલ, પરંતુ ભાડાનું મકાન નહીં મળતા નખત્રાણા ખાતે સરકારી કન્યા છાત્રાલય કાર્યરત થઇ શકેલ નથી.

માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની આ સરકારમાં અનુસૂચિત જાતિનાં બાળકોના અભ્યાસ માટે સુવિધા એમને ઉપલબ્ધ કરાવી શકાય તે માટે દરેક પ્રકારની સુવિધા સુનિશ્ચિત કરવામાં આવી છે, ત્યારે આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયમાં અનુસૂચિત જાતિની કન્યાઓ માટે તેમજ અનુસૂચિત જાતિના કુમારો માટે કેટલા છાત્રાલયો કાર્યરત છે અને તે પૈકી કેટલા છાત્રાલયો સરકારી મકાનમાં કાર્યરત છે?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : અનુસૂચિત જાતિની કન્યાઓ માટે ૩૧ સરકારી કન્યા છાત્રાલયો કાર્યરત છે. તે પૈકી ૧૪ સરકારી મકાનમાં અને ૧૭ ભાડાના મકાનમાં કાર્યરત છે. ભાડાના મકાનમાં કાર્યરત પૈકી ૬ છાત્રાલયોના મકાનના બાંધકામની કાર્યવાહી ચાલુ છે. જયારે બાકીના ૧૧ છાત્રાલયો માટે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે. અનુસૂચિત જાતિના કુમારો માટે ૪૮ સરકારી કુમાર છાત્રાલયો કાર્યરત છે. તે પૈકી ૩૪ સરકારી મકાનમાં અને ૧૪ ભાડાના મકાનમાં છે. ભાડાના મકાનમાં કાર્યરત છાત્રાલયો પૈકી ૫ છાત્રાલયોનું મકાનનું કામકાજ ચાલુ છે અને બાકીના ૯ છાત્રાલયો માટે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છમાં નખત્રાણા વિસ્તાર એટલે ખૂબ અંતરિયાળ વિસ્તાર છે. ત્યાં અનુસૂચિત જાતિની બાળાઓ માટે સરકારે ૨૦૧૯માં છાત્રાલય મંજૂર કર્યું. એમણે એમ પણ કહ્યું કે એ છાત્રાલય ચાલુ કરવા માટે ભાડાનું મકાન લેવા માટે એક વાર, બે વાર અને ત્રણ વાર ભાડાનું મકાન લેવાનો પ્રયત્ન કર્યો, પણ ના મળ્યું. આજે ૪

વર્ષ થયાં. સરકારની ઇચ્છાશક્તિ હોત તો ૪ વર્ષમાં તો સરકાર પોતાનું મકાન બનાવીને પણ છાત્રાલય શરૂ કરી શકયા હોત. તો સરકાર ગ્રાન્ટ ફાળવી જમીન સંપાદન કરીને મકાન બનાવવા માગે છે કે કેમ? અને તાત્કાલિક ૨૦૨૪-૨૫ના વર્ષમાં એ માટેનું કોઇ આયોજન કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : માત્ર નખત્રાણાનું જ પૂછ્યું છે હો. આપે તો જવાબ આખા રાજ્યનો આપ્યો હતો, પણ આપને સામેથી માત્ર નખત્રાણાનું જ પૂછ્યું છે.

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ જેમ મેં કહ્યું એમ નખત્રાણામાં પણ કોવિડના કારણે આપણને જમીન મળી નહીં અને એના કારણે છાત્રાલય બનાવવાની કાર્યવાહી આપણે કરી શકયા નથી. જાહેરાતો આપવા છતાં પણ જમીન ન મળી એટલા માટે આપણે કરી શક્યા નથી પણ એના માટે સરકાર ખૂબ ચિંતિત છે અને વહેલામા વહેલી તકે છાત્રાલય બને એવો પ્રયત્ન છે.

અધ્યક્ષશ્રી : જલદી કરવા માટેનું સૂચન છે. તાત્કાલિક કરવા માટે સૂચન છે.

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જલદીમાં જલદી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૯માં મંજૂર કર્યું અને આજે વર્ષ ૨૦૨૪ છે. છતાં કોવિડના કારણે જમીન ના મળી એ વાત માનનીય મંત્રીશ્રી કહે છે એ હું માનું છું કે યોગ્ય નથી અને સરકારી જમીન બધી જગ્યાએ ઉપલબ્ધ છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, એમણે જવાબ એવો આપ્યો કે અમે તાત્કાલિક કામ હાથ ઉપર લઇશું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમારી લાગણી છે કે માનનીય મંત્રીશ્રી....

અધ્યક્ષશ્રી : આપની લાગણી છે એ પ્રમાણે એમણે જવાબ પણ આપ્યો અને એટલે આપ વર્ણન ન કરો અને સમય ન લો.

**ગીર સોમનાથ જિલ્લામાં મનોદિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય**

*15/4/1320 **શ્રી ડો.પ્રદ્યુમનભાઇ ગનુભાઇ વાજા**) કોડીનાર: ( **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -:

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | ગીર સોમનાથ જિલ્લામાં વર્ષ-૨૦૨૩ માં બૌધ્ધિક અસમર્થતા ધરાવતી )મનોદિવ્યાંગ (વ્યક્તિઓને આર્થિક સહાય યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | ) ૧( | ૪૬૮ |
| )૨( | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | ) ૨( | ૪૬૮ |
| )૩( | તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી ? | ) ૩( | ૩૦,૭૬,૦૦૦ |

ડો. પ્રદ્યુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે કે ગીર સોમનાથ જિલ્લામાં જે મનોદિવ્યાંગ વ્યકિતઓ છે એની સહાય માટેની ૪૬૮ અરજી આવી હતી અને ૪૬૮ તમામ મરજીઓ મંજૂર કરવામાં આવી એ બદલ માનનીય મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું તેની સાથે સાથે આ સો ટકા નિકાલ થયો એ એ વાતનું પરિમાણ છે કે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં આ સરકાર સમાજના બધા જ ઘટકો પ્રત્યે કેટલી સંવેદનશીલ છે. મારો બીજો પ્રશ્ન એ જાણવા માગું છું કે આ મનોદિવ્યાંગ વ્યકિતઓના પુનર્વસન માટે શું આયોજન કરવામાં આવેલ છે?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગીર સોમનાથની અંદર મનોદિવ્યાંગો માટેની જે વાત માનનીય સભ્યશ્રીએ કરી છે તો એમને રહેઠાણ માટે સરકાર જલદીમાં જલદી વ્યવસ્થા કરશે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બૌદ્ધિક અસમર્થતા ધરાવતા વ્યકિતને છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવી છે અને કઇ રીતે ચૂકવવામાં આવી છે?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બૌદ્ધિક અસમર્થતા ધરાવતા મનોદિવ્યાંગ વ્યકિતઓને આર્થિક સહાય યોજના હેઠળ ગુજરાત રાજયમાં છેલ્લાં ત્રણ વર્ષમાં ૪૬, ૩૧૯ લાભાર્થીઓને રૂ. ૬૮ કરોડ ૯૬ લાખ ૩૩ હજારની સહાય ચૂકવવામાં આવી છે. એમાં વર્ષ વાઇઝ વાત કરું તો વર્ષ ૨૦૨૦-૨૧માં લાભાર્થીઓની સંખ્યા ૭૫૨૯ અને સહાય ચૂકવાઇ રૂ.૩ કરોડ ૧૮ લાખ ૯૪ હજાર. વર્ષ ૨૦૨૧-૨૨ની વાત કરું તો લાભાર્થીની સંખ્યા ૨૫૦૭૫ સહાય ચૂકવાઇ રૂ.૨૦ કરોડ ૫૭ લાખ ૬૫ હજાર, વર્ષ ૨૦૨૨-૨૩ની વાત કરું તો લાભાર્થીની સંખ્યા ૪૬૩૧૯ અને સહાય ચૂકવાઇ રૂ.૪૫ કરોડ ૯૧ લાખ ૭૪ હજાર, આમ કુલ સહાય ચૂકવાઇ રૂ.૬૮ કરોડ ૯૬ લાખ ૩૩ હજાર.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આજે મનોદિવ્યાંગ વ્યકિતઓ છે એના માટે સ્વૈચ્છિક સંસ્થાઓ બહુ સારું કામ કરતી હોય છે. દા.ત. બગોદરાની બાજુમાં મંગલમૂર્તિ માનવતા આશ્રમ છે એમાં ૫૫૦ જેટલા

મનોદિવ્યાંગ લોકો રહે છે. અમારા પોરબંદરમાં આવી બે સંસ્થાઓ સ્વૈચ્છિક રીતે ચાલે છે. એક વણઘા ભગતની અને બીજી પ્રાગાબાપની. આ લોકો સરકારી સ્વૈચ્છિક સહાય નથી લેતા હોતા તો આવી સંસ્થાઓને આપણે ટેકનિકલ સહાય અને મેડિકલ સહાય રાજ્ય સરકારે સુઓમોટો આપવી જોઇએ એ આપવા માગો છો કે કેમ? અને બીજો મારો પ્રશ્ન એ છે કે મનોદિવ્યાંગ બાળકો જે છે એ બાળકોને જો શરૂઆતથી જ તાલીમ આપવામાં આવે તો પોતે પગભર થઇ શકે અને સમાજ ઉપર બોજો ના થાય, પરંતુ આપણે ત્યાં માહિતીના અભાવે અને વ્યવસ્થાના અભાવે આ પ્રકારે મનોદિવ્યાંગ બાળકોને તાલીમ આપવાનું જે પહેલેથી શરૂ કરવું જોઇએ એ થઇ શકતું નથી. હું એક દિવસ પહેલાં જ આવા આશ્રમમાં ગયેલો ત્યારે મેં આ બેય વચ્ચેનો તફાવત વ્યકિતગત રીતે અનુભવેલો છે તો આ મનોદિવ્યાંગ બાળકો જે છે એમને આઇડેન્ટીફાઇ કરીને સો એ સો ટકા આ પ્રકારનાં જે બાળકો છે એને યોગ્ય તાલિમ મળી રહે એ માટેની રાજ્ય સરકાર વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે તો દિવ્યાંગ બાળકોની જે આ યોજના અલમાં આવી એ શરૂઆતમાં ૮૦ ટકા દિવ્યાંગતા હોય એને આ લાભ આપતા હતા. એ પછી ઘટાડીને ૭૫ ટકા કરવામાં આવી અને એના પછી વર્ષ ૨૦૨૨માં એ દિવ્યાંગતા ઘટાડીને ૫૦ ટકા કરવામાં આવી અને અત્યારે આપણે એમને રૂપિયા એક હજાર સહાય આપીએ છીએ. સભ્યશ્રીએ પૂછ્યું કે આવાં બાળકોને ટ્રેનિંગ આપવી જોઇએ. આપણે મોડાસા ખાતે પણ મારા તાલુકામાં સર્વશ્રેષ્ઠ કામગીરી આ વિઘાંગો માટે થઇ રહી છે અને એમને જુદી જુદી તાલીમ આપવામાં આવી છે એ પછી ધંધો રોજગારમાં જોડાયેલા એ દીકરાઓ મને મળ્યા હતા અને મેં જોયું કે ખૂબ સારું કામ ચાલે છે. સરકાર આવાં બાળકો માટે ખૂબ ચિંતિત છે. વખતો વખત આમાં સુધારો કરી અને આપે જણાવ્યું એ આપનું સૂચન છે.

**મેગા/ઈનોવેટીવ ઉદ્યોગોને સહાય**

***15/4/1295 શ્રી કાંતીભાઈ હિંમતભાઈ બલર**) સુરત–ઉત્તર :(**માનનીય ઉદ્યોગમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્ય સરકારની મેગા/ઈનોવેટીવ ઉદ્યોગોને સહાય યોજના હેઠળ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા એકમોને કેટલી નાણાકીય સહાય કરવામાં આવેલ છે? | કુલ–૩ એકમોને કુલ રૂ.૪,૭૫,૪૦,૦૩,૮૮૩ –/ |

શ્રી કાંતિભાઈ હિં. બલર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સ્કીમ ફોર આસિસ્ટન્ટ ટુ મેગા ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજના હેઠળ મેગા પ્રોજેક્ટ એટલે શું? આ યોજના માટે પ્રોજેક્ટ સહાયપાત્ર કેટલા?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપણા માટે અને ગુજરાતનું આ ગૌરવ છે. સને ૨૦૦૯માં આદરણીય વડાપ્રધાનશ્રી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે આ યોજના શરૂ કરવામાં આવી અને સને ૨૦૧૬ અને ૨૦૨૧માં એમાં વધારો કરવામાં આવ્યો. જે પ્રમાણે સભ્યશ્રીએ પૂછ્યું એ પ્રમાણે રાજ્ય સરકારમાં પસંદ કરાયેલા ચોક્કસ ફોકસ સેન્ટરને પ્રોજેક્ટમાં ઓછામાં ઓછું એક હજાર કરોડ રૂપિયાનું મૂડીરોકાણ અને ઓછામાં ઓછી ૨ હજાર લોકોને રોજગારી ઉત્પન્ન થતી હોય એને મેગા પ્રોજેક્ટની અંદર ગણવામાં આવે છે. આ યોજના હેઠળ ઓટો સેન્ટર હોય, બિલ્ડિંગ અને શિપ રીપેરિંગ હોય, સેમી કન્ડકટર, ફેબ્રિકેશન, નેનો ઓટોને લગતા ઉદ્યોગો હોય, એમ.આર.ઓ. હબ છે. આ પ્રમાણેની વ્યવસ્થા છે.

શ્રી મનુભાઇ એમ.પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સ્કીમ ફોર આસિસ્ટન્ટ ટુ મેગા ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજના હેઠળ કયા કયા પ્રોજેક્ટ સ્થપાયેલા છે. સ્કીમ ફોર આસિસ્ટન્ટ ટુ મેગા ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજના હેઠળ સહાયપાત્ર થવા લઘુત્તમ મૂડીરોકાણની મર્યાદા શું છે?

અધ્યક્ષશ્રી : મર્યાદા કહી દીધી. પ્રોજેક્ટ પૂરતી વાત કરો.

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સ્કીમ ફોર આસિસ્ટન્ટ ટુ મેગા ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં હોન્ડા મોટરસાઇકલ એન્ડ સ્કૂલ ઇન્ડિયા પ્રા.લિ., સુઝુકી મોટર ગુજરાત પ્રા.લિ., ફોર્ડ ઇન્ડિયા પ્રા.લિ., ટાટા ગ્રુપ હસ્તક અત્યારે થઇ ચૂક્યા છે. નવા પ્રોજેક્ટોમાં પંચમહાલ જિલ્લામાં હીરો મોટર લિ. અને એમ.જી. ઇન્ડિયા પ્રા.લિ. જેવા પ્રોજેક્ટો સ્થપાયા છે.

શ્રી પ્રવીણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સ્કીમ ફોર આસિસ્ટન્ટ ટુ મેગા ઇનોવેટીવ પ્રોજેક્ટમાં રાજ્યને શું ફાયદો થઇ રહ્યો છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં અમદાવાદ અને મહેસાણા જિલ્લાની હદમાં રાજ્ય સરકારે પહેલેથી સ્થાપાયેલા ૧ હજાર કરોડથી વધારે મૂડીરોકાણવાળા ઓટો મેન્યુફેકચરિંગ પ્લાન્ટને કારણે આ વિસ્તારમાં અનેક આનુષંગિક મેન્યુફેકચરિંગ એકમો સ્થાપાયેલા છે. જેના કારણે આણંદ, માંડલ, બેચરાજી આજે ઓટો હબ તરીકે ઉભરી આવ્યા છે. પંચમહાલ જિલ્લામાં પણ સ્થપાયેલ આંતરરાષ્ટ્રીય કક્ષાના ઓટો મેન્યુફેકચર ઉદ્યોગના કારણે વડોદરા, પંચમહાલ વિસ્તારમાં પણ તેનાથી અનેક પ્રકારના લોકોને બહોળો ફાયદો થયો છે તેમજ રાજ્યમાં સ્થાપિત આંતરરાષ્ટ્રીય કક્ષાના એકમોના કારણે સીધી અને આડકતરી રીતે રોજગારીમાં નાના ઉદ્યોગથી માંડીને અનેક ક્ષેત્રોને ફાયદો થયો છે.

અતારાંકિત પ્રશ્નો

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ તેમના ઉત્તરમાં જણાવ્યું છે કે ૩ એકમોને રૂ.૪૭૫ કરોડની સહાય ચૂકવવામાં આવી છે તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે આ ૩ એકમો ક્યા છે? અને પ્રત્યેક એકમને કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સૂઝુકી મોટર્સ પ્રાઈવેટ લિમિટેડને છેલ્લાં બે વર્ષમાં રૂ.૨૮૮,૩૮,૯૦૨,૩૦૯/- ચૂકવવામાં આવ્યા છે. એમ.જી. મોટર્સ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડને રૂ.૮૭,૦૧,૧૩,૫૭૪/- ચૂકવવામાં આવ્યા છે. હીરો મોટર્સ પ્રાઈવેટ લિમિટેડને રૂ.૧૦૦ લાખ ચૂકવવામાં આવ્યા છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આપણે એકમોને સહાય કરતા હોઇએ છીએ તો ગુજરાતમાં કોઇ એવા એકમો ખરા કે જેમને એક કરતા વધારે વખત સહાય ચૂકવી હોય?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણીની માગણી હોય છે અને આપણી જે પ્રમાણેની પદ્ધતિ હોય છે એ પ્રમાણે ઉદ્યોગની સાઈઝ મુજબ એના રોકાણ ઉપર સહાય ચૂકવતા હોઇએ છીએ.

અધ્યક્ષશ્રી : તમે બંને સામ સામા આંકડા મેળવી લેજો.

**ભાવનગર જિલ્લામાં નોંધાયેલ રોજગારવાંચ્છુઓ**

***15/4/1317 શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા** ) ભાવનગર )પૂર્વ :((**માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, ભાવનગર ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે, અને | )૧( | ૧૫૧૯૧ |
| )૨( | ઉક્ત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી ? | )૨( | ૧૦૫૭૪ |

શ્રીમતી સેજલબેન રા. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રોજગાર કચેરી દ્વારા રોજગારવાંચ્છુઓ અને નોકરીદાતાને આપવામાં આવતી સેવા માટે કોઇ ચાર્જ આપવાનો થાય છે કે કેમ? બીજો પ્રશ્ન, ભાવનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી પૂરી પાડવામાં આવી છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપણે રોજગારીમાં કોઇ પણ નોકરીદાતા અથવા જે કોઇ આવે એમની પાસેથી કોઇ પણ જાતનો ચાર્જ લેવામાં આવતો નથી. ઉપરાંત અનેક પ્રકારની સુવિધાઓ આપણે આપતા હોઇએ છીએ. રોજગાર સેવા આપવા માટે ભરતી મેળામાં જે નોકરીદાતાઓ આવે છે એમને પાણીથી માંડીને બેસવાની, કમ્પ્યુટરની સેવાથી માંડીને અનેક પ્રકારની સેવાઓ ગુજરાત સરકાર કરે છે. બીજો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, ભાવનગર જિલ્લામાં રોજગારી ૭,૯૦૨, મહુવામાં ૧,૦૩૧, તળાજામાં ૫૮૮, ઘોઘામાં ૪૦, શિહોરમાં ૨૯૮, વલ્ભીપુરમાં ૧૧૪, પાલીતાણામાં ૩૬૧ અને ગારિયાધારમાં ૧૩૨, જેસરમાં ૧૭ કુલ ૧૦,૫૭૪ ને રોજગારી આપવમાં આવી છે.

શ્રી ગૌતમભાઇ ગો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ભાવનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને કેટલી રોજગારી આપવામાં આવી છે અને એ કેવા પ્રકારની આપવામાં આવી છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસૂચિત જાતિને ૧,૧૩૫ અને અનુસૂચિત જનજાતિને ૫૮ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત (અંતરાય )...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

**અતારાંકિત પ્રશ્નો**

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

**અમરેલી જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના**

15/4/1324: **શ્રી હિરાભાઈ ઓધવજીભાઈ સોલંકી** (રાજુલા): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ છેલ્લાં એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) | ૩૨૬ |
| (૨) | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) | ૩૨૬ |
| (૩) | તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) | રૂ. ૧૬.૩૦ લાખ |

**મોરબી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળા**

1319/4/15**શ્રી જીતેન્દ્ર કાંતીલાલ સોમાણી) જીતુ સોમાણી)**) વાંકાનેર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–.

-----------------

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં મોરબી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળા યોજવામાં આવ્યા, અને | )૧( | ૩૩ |
| )૨) | ઉક્ત ભરતીમેળામાં કુલ કેટલા બેરોજગારોને રોજગારી મળી? | )૨) | ૨૪૭૩ |

**ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટરની જગ્યાઓ**

15/4/1312 **શ્રી અરવિંદ શાંતિલાલ રાણા**) સુરત (પુર્વ)) **:માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આવેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટરની મંજૂર જગ્યાઓ કેટલી છે, | )૧) સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટરની મંજૂર જગ્યા– ૭૩૪૭ |
| )૨) તે પૈકી ઉકત સ્થિતિએ ભરાયેલ જગ્યાઓ કેટલી છે અને ખાલી કેટલી છે ? અને | )૨) ભરાયેલ જગ્યાઓ –૫૮૭૬<br>ખાલી જગ્યાઓ –૧૪૭૧ |
| )૩) ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ? | )૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ. |

**મહીસાગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેકશન**

**15/4/1287 શ્રી માનસિંહ કોહ્યાભાઇ ચૌહાણ** (બાલાસિનોર): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહીસાગર જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા, | )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહીસાગર જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હોઇ નવીન ગેસ કનેક્શન આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| )૨) | ઉક્ત સ્થિતિએ ગેસ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે,અને | )૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| )૩) | ઉક્ત બાકી રહેતા આંગણવાડી | )૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

કેન્દ્રોને ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે ?

**બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના જલોત્રા–થુવરમાં જી.આઇ.ડી.સી.**

**15/4/2005 શ્રી જિજ્ઞેશ મેવાણી**) વડગામ) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના જલોત્રા–થુવરમાં માર્બલ કટીંગ અને પોલીસીંગ એકમો સ્થાપવા જી.આઇ.ડી.સી. સ્થાપવામાં આવનાર છે, તે હકીકત સાચી છે, અને | )૧) હા, જી. |
| )૨) જો હા, તો આ માટે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને જી.આઇ.ડી.સી. બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે? | )૨) ઉકત હેતુ માટે તે વિસ્તારની અનુકૂળ સરકારી જમીન તબદીલીથી મેળવવાની નિગમની દરખાસ્ત કલેકટરશ્રી, બનાસકાંઠા દ્વારા મહેસૂલ વિભાગમાં સાદર થયેલ છે, જે ચકાસણી હેઠળ છે. જેથી બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના થુવર જલોત્રા ખાતે જીઆઈડીસી બનાવવા હાલમાં કોઈ નાણાકિય ફાળવણી કરાયેલ નથી. |

**નર્મદા જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના**

**15/4/1283 ડૉ. દર્શના ચંદુભાઈ દેશમુખ**) નાંદોદ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે નર્મદા જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે નર્મદા જિલ્લામાં ૧૦૯૫ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થઈ, અને | )૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ૧૦૯૫ અરજીઓ મંજૂર થઈ |
| )૩) ઉક્ત મંજૂર થયેલ અરજીઓ પેટે કેટલી રકમની સહાય મંજૂર કરી ? | )૩) ઉક્ત મંજૂર થયેલ અરજીઓમાં લાભાર્થી દિઠ માસિક રૂ.૧૨૫૦/– ની સહાય મંજૂર કરી |

------------

**રાજયમાં ડીપ–સી એફલુઅન્ટ ડીસ્પોઝલ પ્રોજેક્ટ**

**15/4/2025 શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા**) સોમનાથ) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –

**પ્રશ્ન**

**)૧)** તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ રાજયમાં ડીપ–સી એફ્લ્યુઅન્ટ ડિસ્પોઝલ પ્રોજેકટની સૈધ્ધાંતિક, વહીવટી અને તાંત્રિક મંજૂરી ક્યારે અને કેટલી રકમની આપવામાં આવેલ,

**જવાબ**

**)૧)** સૈધ્ધાંતિક અને વહીવટી મંજૂરી તા.૨૬–૧૧–૨૦૧૯ ઠરાવથી નીચેની વિગતે આપવામાં આવેલ છે.

| ક્રમ | ઔધોગિક એસોસીએશન | કુલ રકમ )રૂ. કરોડ માં) |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૪૭૮.૦૦ |
| ૨ | જેતપુર | ૬૬૯.૦૦ |
| ૩ | વડોદરા | ૧૨૮.૦૦ |
| | કુલ અંદાજીત રકમ | ૨૨૭૫.૦૦ |

- જેતપુર પ્રોજેક્ટ માટે રૂ. ૬૮૮.૯૮ કરોડ ની રીવાઇઝ વહીવટી મંજૂરી તા.૩૦/૦૬/૨૦૨૧ તથા રૂ. ૬૬૭ કરોડ ની તાંત્રિક મંજૂરી તા.૧૮/૦૧/૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ.

- ડીપ–સી એફ્લુઅન્ટ ડીસ્પોઝલની સૈદ્ધાંતિક, વહીવટી મંજૂરી તા.૧૬/૦૫/૨૦૨૩ ના રોજ રૂ.૪૭૦ કરોડની મંજૂરી આપવામાં આવેલ.

| | | | |
|---|---|---|---|
| )૨) | ઉકત પ્રોજેકટ પાછળ ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | )૨) | રાજ્ય સરકારે ૭૦.૦૦ કરોડ ની ફાળવણી કરેલ છે તથા જી.આઇ.ડી.સી. દ્વારા તેના સ્વભંડોળ સહિત કુલ રૂ.૧૨૩.૮૯ કરોડનો ખર્ચ કરેલ છે. |
| )૩) | ઉકત પ્રોજેકટ કયાં સુધીમાં પુર્ણ કરવા કઈ એજન્સીને ક્યારે કામગીરી સોપવામાં આવેલ, અને | )૩) | )૧) જેતપુર: જેતપુર ખાતેના પ્રોજેકટની અમલીકરણની કામગીરી મે. મેઘા એન્જીનીયરીંગ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ તથા રામકી ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (જે.વી) દ્વારા સ્થાપીત સ્પેશીયલ પરપઝ વ્હીકલ (એસ.પી.વી) "જેતપુર ઇન્ડસ્ટ્રીયલ પાઇપલાઇન પ્રોજેકટ પ્રાઇવેટ લિમિટેડ" ને તા.૨૮/૧૦/૨૧ ના વર્કઓર્ડર થી ૩૬ માસમાં પુર્ણ કરવાની શરતે જીડબલ્યુઆઇએલ દ્વારા સોંપવામા આવેલ છે.<br><br>)૨) સરિગામ: મે. એન્વાયરો ઇન્ફ્રા એન્જીનીયર્સ લિમિટેડને તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. સદર કામ બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.<br><br>)૩) વાપી: વાપી ડીપ–સી પ્રોજેકટ માટે મે. કદમ એન્વાયરોમેન્ટ કન્સલટન્ટની નિમણૂક તા.૩૦/૦૯/૨૦૨૩ એ કરવામાં આવેલ છે. જેની સ્થળ પર સર્વેની કામગીરી પ્રગતિ હેઠળ છે.<br><br>)૪) સુરત: સુરત ડીપ–સી પ્રોજેકટ માટે મે. એનપ્રો એન્વાયરો ટેક અને એન્જીનીયર્સ પ્રા.લી. કન્સલટંટની નિમણૂક તા.૦૧/૦૮/૨૦૨૩એ કરવામાં આવેલ છે. ઉકત સ્થિતીએ સદર પ્રોજેકટ ચકાસણી હેઠળ છે.<br><br>)૫) અંકલેશ્વર– ઝગડીયા: અંકલેશ્વર – ઝગડીયા ડિપ–સી પ્રોજેકટ માટે અલગ અલગ એજન્સીની નિમણૂક કરવામાં આવેલ છે.<br>(i) મે.લાખાની એન્જીનીયરસ & ઓર્ગેનાઇઝેશનને તા.૨૧/૧૧/૨૦૨૩.<br>(ii) મે.પી દાસ ને તા.૨૨/૧૧/૨૦૨૩<br>(iii) મે. આર બી કન્સટ્રકશન ને તા.૦૧/૧૨/૨૦૨૩ ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે.<br>સદર કામ બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. |
| )૪) | ઉકત સ્થિતિએ ઉકત કામગીરી ક્યા તબક્કે છે? | )૪) | (૧) જેતપુર: ઉકત સ્થિતિએ પ્રોજેક્ટની કામગીરી અંતર્ગત સરકારશ્રીમાંથી મેળવવાની થતી વિવિધ મંજૂરીઓ, સી.આર.ઝેડ. ક્લિયરન્સ તેમજ જમીન સંપાદનની કાર્યવાહી માટે જરૂરી મંજૂરીઓ મેળવવા માટે સંલગ્ન વિભાગોમાં અરજી કરેલ છે. જે પ્રગતિ હેઠળ છે.<br>)૨) સરિગામ: ઉકત સ્થિતિએ કામ પ્રગતિ હેઠળ છે.<br>)૩) વાપી: ઉકત સ્થિતિએ સર્વેની કામગીરી પ્રગતિ હેઠળ છે.<br>)૪) સુરત: ઉકત સ્થિતિએ સદર પ્રોજેકટ ચકાસણી હેઠળ છે.<br>(૫) અંકલેશ્વર– ઝગડીયા: ઉકત સ્થિતિએ કામ પ્રગતિ હેઠળ છે. |

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળના બોર્ડ/નિગમો**

15/4/1411: **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા** (જમાલપુર–ખાડીયા): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| )૧( | નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં વર્ષવાર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના કયા નિગમો/બોર્ડને રાજ્ય સરકારે કેટલી લોન અને કેટલી સહાય આપેલ છે,અને | )૧( અને | પત્રક મુજબ |

)૨( તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલી રકમ કયા નિગમ દ્વારા વણવપરાયેલી રહી અને તેના કારણો શાં છે? )૨(

**પત્રક**

| ક્રમ | નિગમ–બોર્ડનું નામ | વર્ષ | રાજ્ય સરકાર દ્વારા નિગમને કેટલી લોન આપેલ છે. | રાજ્ય સરકાર દ્વારા નિગમને કેટલી સહાય આપેલ છે | તે પૈકી નિગમ દ્વારા કેટલી રકમ વણવપરાયેલ રહી | વણવપરાયેલી રકમના કારણો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ | ૨૦૨૧–૨૨ | ૯૭૧.૫૦ | ૦.૦૦ | ૩૮૧.૫૮ | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ દ્વારા માટે વર્તમાન પત્રમાં જાન્યુઆરી–૨૦૨૨ તથા જુલાઇ–૨૦૨૩માં જાહેરાત આપી અનુક્રમે વર્ષ ૨૦૨૧–૨૨ તથા વર્ષ ૨૦૨૨–૨૩ની અરજીઓ મેળવેલ છે. જે પૈકી વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં મળેલ અરજીઓનો કોમ્પ્યુટરરાઇઝ્ડ ડ્રો કરી અનુક્રમે રૂ.૫૮૪ લાખ અને રૂ.૩૨૩.૨૫ લાખ નો ખર્ચ કરવામાં આવેલ છે. તેમજ બાકી રહેતી રકમનો ખર્ચ ટૂક સમયમાં કરવામાં આવનાર છે.<br>વવર્ષ ૨૦૨૧–૨૨માં કોવિડ–૧૯ની સંવેદનશીલ પરિસ્થિતી દરમ્યાન અરજદારો દ્વારા સાઘનિક પુરાવા રજૂ કરેલ ન હોય યોજનાકિય ધિરાણ થઇ શકેલ ન હોય રકમ વણવપરાયેલ રહેલ છે.<br>યોજનાકિય ધિરાણ માટે જાહેરાત આપી ઓનલાઇન અરજીઓ મેળવેલ છે. જેનો ડ્રો કરી લોન એગ્રીમેન્ટ મેળવી ધિરાણની કાર્યવાહી હાથ ઘરવામાં આવનાર છે.<br>સી ધિરાણ યોજનાની મંજૂરી તા.૦૮/૧૧/૨૦૨૩ના રોજ મળેલ હોય વણવપરાયેલ છે જેનો ખર્ચ ટૂંક સમયમાં કરવામાં આવનાર છે.<br>કોકોવિડ–૧૯ની સંવેદનશીલ પરિસ્થિતિને કારણે વીઝા માટે એમ્બેસીઓ બંધ હોઇ તેમજ લોકડાઉનમાં આંશિક છુટ–છાટ આપવામાં આવેલ હોઇ યોજનાઓ હેઠળ અરજદારો દ્વારા ધિરાણ અર્થે સાધનિક પુરાવાઓ રજૂ કરવામાં વિલંબ થયેલ હોવાના કારણે લાભાર્થીઓને યોજનાકીય ધિરાણ થઈ શકેલ ન હોવાથી રકમ વણવપરાયેલ રહેલ છે. વધુમાં, શાળા/કોલેજોમાં ઓફલાઇન શિક્ષણ કાર્ય બંધ હોઇ સહાય યોજનાની અરજીઓ મેળવી શકાયેલ ન હોઇ જેના લીધે પણ રકમ વણવપરાયેલ રહેલ છે.<br>સદર નાણાકીય વર્ષમાં ઓન લાઇન પોર્ટલ પર કુલ ૪૭૧ અરજીઓ આવેલ.જે તમામ અત્રેથી મંજુત કરવામાં આવેલ.બાકી રહેલ લાભાર્થીઓની દસ્તાવેજીકરણની પ્રક્રિયા પૂર્ણ થયેથી લોન સહાય ચુકવી દેવામાં આવશે. |
| | | ૨૦૨૨–૨૩ | ૧૦૦૦.૦૦ | ૦.૦૦ | ૬૬૧.૦૦ | |
| ૨ | ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ )અ.જા(. | ૨૦૨૧–૨૨ | ૫૦૦.૦૦ | ૦.૦૦ | ૩૪૯.૯૦ | |
| | | ૨૦૨૨–૨૩ | ૫૦૦.૦૦ | ૦.૦૦ | ૫૦૦.૦૦ | |
| ૩ | ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ | ૨૦૨૧–૨૨ | ૯૭૧.૫૦ | ૧૫૫૩.૫૫ | ૯૭૧.૫૦ | |
| | | ૨૦૨૨–૨૩ | ૧૦૦૦.૦૦ | ૨૩૬૦.૯૦ | ૧૦૧૫.૯૭ | |
| ૪ | ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ | ૨૦૨૧–૨૨ | ૪૫૦૦૦.૦૦ | ૦.૦૦ | ૩૮૫૦.૦૯ | |
| | | ૨૦૨૨–૨૩ | ૫૦૦૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| ૫ | ગુજરાત અલ્સંખ્યક નાણાં અને વિકાસ નિગમ | ૨૦૨૧–૨૨ | ૧૦૯૦.૫૧ | ૦.૦૦ | ૦.૦૦ | |
| | | ૨૦૨૨–૨૩ | ૧૫૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| ૬ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | ૨૦૨૧–૨૨ | ૧૦૯૦.૫૧ | ૦.૦૦ | ૦.૦૦ | |
| | | ૨૦૨૨–૨૩ | ૧૭૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| ૭ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | ૨૦૨૧–૨૨ | ૨૩૨૪.૨૩ | ૦.૦૦ | ૦.૦૦ | |
| | | ૨૦૨૨–૨૩ | ૫૦૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| ૮ | ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ | ૨૦૨૧–૨૨ | ૬૨૯.૨૩ | ૦.૦૦ | ૦.૦૦ | |
| | | ૨૦૨૨–૨૩ | ૧૨૦૦.૦૦ | ૦.૦૦ | ૧૮૧.૨૯ | |
| ૯ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | ૨૦૨૧–૨૨ | ૬૧૫.૫૨ | ૦.૦૦ | ૦.૦૦ | |
| | | ૨૦૨૨–૨૩ | ૧૨૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| ૧૦ | ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમ | ૨૦૨૧–૨૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| | | ૨૦૨૨–૨૩ | ૪૫૦.૦૦ | ૦.૦૦ | ૧૭૯.૦૦ | |

## માઘ ૩૦, ૧૯૪૫ શાકે

## અતારાંકિત પ્રશ્નો

### ગાંધીનગર ખાતે આવેલ કન્વેન્શન હોલનું સંચાલન અને જાળવણી

***15/4/2011 : શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ** (પાટણ)**:માનનીય ઉદ્યોગમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર, જુના હેલીપેડ, સેક્ટર-૧૭ ખાતે આવેલ કન્વેન્શન હોલ(ડોમ)નું સંચાલન અને જાળવણી કોના દ્વારા કરવામાં આવે છે, | (૧) | મે. કે એન્ડ ડી કોમ્યુનિકેશન લિમિટેડ મારફતે કરવામાં આવે છે. |
| (૨) | ઉક્ત હોલ/ડોમ પેટે કઇ એજન્સી પાસેથી ભાડા/રોયલ્ટી પેટે કેટલી રકમ ઉક્ત સ્થિતિએ લેવાની બાકી નિકળે છે, અને | (૨) | એજન્સી પાસેથીરૂ. ૪,૧૩,૮૧,૮૮૯/- ની રકમ લેવાની બાકી રહેતીહતી. |
| (૩) | ઉક્ત રકમ એજન્સીભરપાઈ ન કરતી હોય તો ઉક્ત સ્થિતિએ શા પગલાં લીધાં? | (૩) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ એજન્સી પાસેથી વસુલવાની બાકી રહેતી કુલ રકમ રૂ. ૪,૧૩,૮૧,૮૮૯/- (માર્ચ-૨૦૨૪ સુધીની રોયલ્ટીની એડવાન્સ રકમ સહિત) વસુલવા એજન્સીને પત્ર વ્યવહાર/નોટીસ પાઠવતા આજની સ્થિતિએ એજન્સી દ્વારા તમામ રકમ ભરપાઈ કરી દેવામાં આવેલ છે. |

### બોટાદ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/વર્કરોનું શોષણ

**15/4/1310 મહંતશ્રી શંભુનાથજી ટુંડીયા** (ગઢડા)**: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/વર્કરોના શોષણ, અન્યાય સંદર્ભે કેટલી ફરિયાદો મળી, અને | )૧) | કુલ- ૦૪ |
| )૨) | ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | )૨) | ઉક્ત ફરિયાદો પૈકી,<br>• ૦૨ ફરિયાદોમાં નામદાર અદાલતમાં કુલ ૦૨ કેસ કરવામાં આવેલ છે.<br>• ૦૨ ફરિયાદોમાં સંસ્થા દ્વારા કાયદાનું પાલન કરવામાં આવેલ છે. |

---------------

### અમદાવાદમાં ડૉ.આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન

15/4/2016 : **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર** (દાણીલીમડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં રાણીપમાં આવેલ ડૉ.આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન ક્યારે અને ક્યા ઉદ્દેશથી બનાવવામાં આવેલ છે, | (૧) | • અમદાવાદ શહેરમાં રાણીપમાં આવેલ ડૉ.આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન તા.૧૪/૦૪/૨૦૦૭ના રોજ બનાવવામાં આવેલ છે અને<br>• ડૉ.બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશનનો |

| | |
|---|---|
| | ઉદ્દેશ ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવનને લગતી બાબતોને સાંકળવા તથા અનુસૂચિત જાતિ સહિતના વંચિતવર્ગોના ઉત્કર્ષની પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવા તથા સામાજિક સમરસતા ફેલાવવાનો છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફાઉન્ડેશનમાં ક્યા કામો બાકી છે, | (૨) ફેઝ-૩ (છેલ્લો ફેઝ)ની કામગીરી બાકી છે. |
| (૩) ઉક્ત કામો કરવાના બાકી રહેવાના કારણો શા છે, અને | (૩) ફેઝ-૩માં કેમ્પસ ડિઝાઈન, પ્લાન, લે-આઉટ આખરી કરવાની કામગીરી તેમજ કમ્પાઉન્ડ વોલ, પેવર બ્લોક અને પ્લીન્થ પ્રોટેક્શન અંગેની વધારાની કામગીરી કરવાની બાકી હોવાથી. |
| (૪) ઉક્ત કામો ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે? | (૪) નિયમોનુસારની ટેન્ડર પ્રક્રિયા કરી બનતી ત્વરાએ કામગીરી પૂર્ણ કરવામાં આવશે. |

-----------------

**બાળકોને આપવામાં આવતા પોષણક્ષમ આહારના પેકેટ**

**15/4/2003 ગેનીબેન નગાજી ઠાકોર** (વાવ): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં બાળકોને આપવામાં આવતા પોષણક્ષમ પ્રીમીક્ષ પેકેટનો કોન્ટ્રાક્ટ કઇ એજન્સીને આપવામાં આવેલ છે , | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં બાળકોને આપવામાં આવતા પોષણક્ષમ ટેક હોમ રેશનના પેકેટનો કોન્ટ્રાક્ટ ગુજરાત રાજ્યના વિશ્વ વિખ્યાત સહકારી માળખા ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન હેઠળ આવતા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘો અમુલ, સુમુલ અને બનાસને આપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત કોન્ટ્રાક્ટ ક્યારે અને કેટલી મુદત માટે આપવામાં આવ્યો છે, | (૨) સરકારશ્રી દ્વારા તા.૦૬/૦૯/૨૦૧૭થી ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનને સમગ્ર રાજ્યમાં આગામી ૧૦ વર્ષ સુધી ટેક હોમ રેશનના ઉત્પાદન તથા વિતરણની કામગીરી સોંપવા માટે અગ્રીમેન્ટ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ એક પ્રીમીક્ષ પેકેટની કિંમત કેટલી ચૂકવવામાં આવે છે અને પેકેટમાં કયા પ્રકારનો કેટલો જથ્થો પૂરો પાડવામાં આવે છે,અને | (૩) બાળકોને ટેક હોમ રેશન તરીકે બાલશક્તિના પેકેટ આપવામાં આવે છે. આ એક પેકેટ ૫૦૦ ગ્રામનું છે. એક પેકેટની કિંમત રૂ. ૩૦.૨૫ છે. (જે મુજબ ૧ કિલો ટેક હોમ રેશનની કિંમત રૂ. ૬૦.૫૦ થાય)<br>o ૬ માસથી ૩ વર્ષના સામાન્ય વજનવાળા બાળકોને એક માસના ૭ પેકેટ (૩.૫ કિલો),<br>o ૬ માસથી ૩ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને એક માસના ૧૦ પેકેટ (૫ કિલો),અને<br>o ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને આંગણવાડીના ગરમ આહાર ઉપરાંત એક માસના ૪ પેકેટ (૨ કિલો) આપવામાં આવે છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત જથ્થા પેટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કઇ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૪) ઉક્ત સ્થિતિએ ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ ચૂકવણું કરવામાં આવેલ છે.<br>o જાન્યુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨માં રૂ.૪૫૫.૭૫ કરોડ<br>o જાન્યુઆરી-૨૦૨૩ થી ડિસેમ્બર-૨૦૨૩માં રૂ.૪૨૬.૮૧ કરોડ |

-----------------------------------------

**ભાવનગર જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

## અતારાંકિત પ્રશ્નો

15/4/1328 **શ્રી ભીખાભાઇ રવજીભાઇ બારૈયા** (પાલીતાણા): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૦૨/૨૦૨૩ની સ્થિતિએ નાણાંકીય વર્ષ: ૨૦૨૩–૨૪ અંતર્ગત ભાવનગર જિલ્લામાં ધો. ૧ થી ૮માં ભણતા વિદ્યાર્થીઓને ગણવેશ સહાય યોજના હેઠળ વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મળી, | (૧) | ૧,૬૯,૩૩૬ |
| (૨) | તે પૈકી કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) | ૧,૬૯,૩૩૬ |
| (૩) | તે પેટે કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? | (૩) | રૂ. ૧૫૨૩.૬૧ લાખ |

--------------

**બનાસકાંઠા જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

15/4/1329 **શ્રી કેશાજી શિવાજી ચૌહાણ** (દિયોદર): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નાણાંકીય વર્ષ: ૨૦૨૩–૨૪ અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં ધો. ૧ થી ૮માં ભણતા વિદ્યાર્થીઓને ગણવેશ સહાય યોજના હેઠળ વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મળી, | (૧) | ૨,૧૫,૩૨૭ |
| (૨) | તે પૈકી કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) | ૨,૧૫,૩૨૭ |
| (૩) | તે પેટે કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? | (૩) | રૂ. ૧૯૩૭.૯૪ લાખ |

--------------

**મોરબી જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના**

**15/4/1284 શ્રી દુર્લભજીભાઈ હરખજીભાઈ દેથરીયા**) ટંકારા) **: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે મોરબી જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે મોરબી જિલ્લામાં ૨૬૯૫ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થઇ, અને | )૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ૨૩૮૧ અરજીઓ મંજૂર થઈ |
| )૩) ઉક્ત મંજૂર થયેલ અરજીઓ પેટે કેટલી રકમની સહાય મંજૂર કરી ? | )૩) ઉક્ત મંજૂર થયેલ અરજીઓમાં લાભાર્થી દિઠ માસિક રૂ.૧૨૫૦/– ની સહાય મંજૂર કરી |

-------------

**રાજયમાં ડીપ–સી એફલુઅન્ટ ડીસ્પોઝલ પ્રોજેક્ટ**

**15/4/2019 શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા**) પોરબંદર) **: માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| **)૧)** | તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ રાજયમાં ડીપ–સી એફ્લ્યુઅન્ટ ડિસ્પોઝલ પ્રોજેક્ટની સૈદ્ધાંતિક, વહીવટી અને તાંત્રિક મંજૂરી ક્યારે અને કેટલી રકમની આપવામાં આવેલ, | **)૧)** | સૈદ્ધાંતિક અને વહીવટી મંજૂરી તા.૨૬–૧૧–૨૦૧૯ ઠરાવથી નીચેની વિગતે આપવામાં આવેલ છે. |

| ક્રમ | ઔદ્યોગિક એસોસીએશન | કુલ રકમ )રૂ. કરોડ માં) |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૪૭૮.૦૦ |
| ૨ | જેતપુર | ૬૬૯.૦૦ |
| ૩ | વડોદરા | ૧૨૮.૦૦ |

| | કુલ અંદાજીત રકમ | ૨૨૭૫.૦૦ |
|---|---|---|

- જેતપુર પ્રોજેક્ટ માટે રૂ. ૬૮૮.૯૮ કરોડ ની રીવાઇઝ વહીવટી મંજૂરી તા.૩૦/૦૬/૨૦૨૧ તથા રૂ. ૬૬૭ કરોડ ની તાંત્રિક મંજૂરી તા.૧૮/૦૧/૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ.
- ડીપ–સી એફ્લુઅન્ટ ડીસ્પોઝલની સૈદ્ધાંતિક, વહીવટી મંજૂરી તા.૧૬/૦૫/૨૦૨૩ ના રોજ રૂ.૪૭૦ કરોડની મંજૂરી આપવામાં આવેલ.

| | |
|---|---|
| )૨) ઉકત પ્રોજેકટ પાછળ ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | )૨) રાજ્ય સરકારે ૭૦.૦૦ કરોડ ની ફાળવણી કરેલ છે તથા જી.આઇ.ડી.સી. દ્વારા તેના સ્વભંડોળ સહિત કુલ રૂ.૧૨૩.૮૯ કરોડનો ખર્ચ કરેલ છે. |
| )૩) ઉકત પ્રોજેકટ કયાં સુધીમાં પુર્ણ કરવા કઈ એજન્સીને ક્યારે કામગીરી સોપવામાં આવેલ, અને | )૩) )૧) જેતપુર: જેતપુર ખાતેના પ્રોજેકટની અમલીકરણની કામગીરી મે. મેઘા એન્જીનીયરીંગ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ તથા રામકી ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (જે.વી) દ્વારા સ્થાપીત સ્પેશીયલ પરપઝ વ્હીકલ (એસ.પી.વી) "જેતપુર ઇન્ડસ્ટ્રીયલ પાઇપલાઇન પ્રોજેક્ટ પ્રાઇવેટ લિમિટેડ" ને તા.૨૮/૧૦/૨૧ ના વર્કઓર્ડર થી ૩૬ માસમાં પુર્ણ કરવાની શરતે જીડબલ્યુઆઇએલ દ્વારા સોંપવામા આવેલ છે.<br><br>)૨) સરિગામ: મે. એન્વાયરો ઇન્ફ્રા એન્જીનીયર્સ લિમિટેડને તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. સદર કામ બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.<br><br>)૩) વાપી: વાપી ડીપ–સી પ્રોજેકટ માટે મે. કદમ એન્વાયરોમેન્ટ કન્સલટન્ટની નિમણૂક તા.૩૦/૦૯/૨૦૨૩ એ કરવામાં આવેલ છે. જેની સ્થળ પર સર્વેની કામગીરી પ્રગતિ હેઠળ છે.<br><br>)૪) સુરત: સુરત ડીપ–સી પ્રોજેકટ માટે મે. એનપ્રો એન્વાયરો ટેક અને એન્જીનીયર્સ પ્રા.લી. કન્સલટંટની નિમણૂક તા.૦૧/૦૮/૨૦૨૩એ કરવામાં આવેલ છે. ઉકત સ્થિતીએ સદર પ્રોજેકટ ચકાસણી હેઠળ છે.<br><br>)૫) અંકલેશ્વર– ઝગડીયા: અંકલેશ્વર –ઝગડીયા ડિપ–સી પ્રોજેકટ માટે અલગ અલગ એજન્સીની નિમણૂક કરવામાં આવેલ છે.<br>(i) મે.લાખાની એન્જીનીયરસ & ઓર્ગેનાઇઝેશનને તા.૨૧/૧૧/૨૦૨૩.<br>(ii) મે.પી દાસ ને તા.૨૨/૧૧/૨૦૨૩<br>(iii) મે. આર બી કન્સટ્રકશન ને તા.૦૧/૧૨/૨૦૨૩ ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે.<br>સદર કામ બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. |
| )૪) ઉકત સ્થિતિએ ઉકત કામગીરી ક્યા તબક્કે છે? | )૪) (૧) જેતપુર: ઉક્ત સ્થિતિએ પ્રોજેક્ટની કામગીરી અંતર્ગત સરકારશ્રીમાંથી મેળવવાની થતી વિવિધ મંજૂરીઓ, સી.આર.ઝેડ. કિલયરન્સ તેમજ જમીન સંપાદનની કાર્યવાહી માટે જરૂરી મંજૂરીઓ મેળવવા માટે સંલગ્ન વિભાગોમાં અરજી કરેલ છે. જે પ્રગતિ હેઠળ છે.<br>)૨) સરિગામ: ઉકત સ્થિતિએ કામ પ્રગતિ હેઠળ છે.<br>)૩) વાપી: ઉકત સ્થિતિએ સર્વેની કામગીરી પ્રગતિ હેઠળ છે.<br>)૪) સુરત: ઉકત સ્થિતિએ સદર પ્રોજેકટ ચકાસણી હેઠળ છે.<br>(૫) અંકલેશ્વર– ઝગડીયા: ઉકત સ્થિતિએ કામ પ્રગતિ હેઠળ છે. |

**બાંધકામ શ્રમિકોને ઉચ્ચ કૌશલ્ય તાલીમ**

**15/4/1222 શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા) : માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

માઘ ૩૦, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નો

| | | | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ૨ વર્ષમાં કેટલા બાંધકામ શ્રમિકોને કડીયાકામ, સુથારીકામ, પ્લમ્બરની ઉચ્ચ કૌશલ્ય તાલીમ આપવામાં આવી, અને | )૧) | શૂન્ય |
| )૨) | ઉકત તાલીમ હેતુ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | )૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાંથી ભીખ માંગતા બાળકોના રેસ્ક્યુ**

15/4/2007 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર**) **ચાણસ્મા (:માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાંથી જિલ્લાવાર ભીખ માંગતા કેટલા બાળકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા,

)૧)

| જિલ્લા | વર્ષ | સંખ્યા |
|---|---|---|
| બનાસકાંઠા | ૨૦૨૨ | ૦ |
| | ૨૦૨૩ | ૬ |
| ગાંધીનગર | ૨૦૨૨ | ૨ |
| | ૨૦૨૩ | ૩ |

)૨) ઉક્ત રેસ્ક્યુ કરેલ બાળકો પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા બાળકોને તેઓના માતા–પિતાને પરત સોંપવામાં આવ્યા, અને

) ૨)

| જિલ્લા | સંખ્યા |
|---|---|
| બનાસકાંઠા | ૪ |
| ગાંધીનગર | ૫ |

)૩) કેટલા બાળકોને ચાઇલ્ડ વેલ્ફેર અધિકારીને સોંપવામાં આવ્યા?

) ૩)

| જિલ્લા | સંખ્યા |
|---|---|
| બનાસકાંઠા | ૨ |
| ગાંધીનગર | ૦ |

**વલસાડ જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ વિકસતિ જાતિની કન્યાઓની અરજીઓ**

15/4/1327: **શ્રી અરવિંદ છોટુભાઇ પટેલ** (ધરમપુર)**: માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કેઃ–

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ નાણાકીય વર્ષ:–૨૦૨૩–૨૪માં વલસાડ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) | ૯૭૫ |
| (૨) | તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) | ૯૭૫ |
| (૩) | તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) | રૂ.૧૧૭.૦૦ લાખ |

**ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં આચાર્ય, વર્ગ–૧ની જગ્યાઓ**

15/4/1311 **શ્રી અમુલ ભટ્ટ**) **મણીનગર) :માનનીય, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

જવાબ

## તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

| | | | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આવેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં આચાર્ય, વર્ગ-૧ની મંજૂર જગ્યાઓ કેટલી છે, | )૧) | ૪૮ |
| )૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ ભરાયેલ જગ્યાઓ કેટલી છે અને ખાલી કેટલી છે, અને | )૨) | ભરાયેલ જગ્યાઓ= ૩૮<br>ખાલી જગ્યાઓ= ૧૦ |
| )૩) | ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | )૩) | સત્વરે |

**ભાવનગર જિલ્લામાં પાલક માતા-પિતા યોજના**

15/4/1321 **શ્રી ગૌતમભાઇ ગોપાભાઇ ચૌહાણ**) તળાજા (: **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | ભાવનગર જિલ્લામાં વર્ષ-૨૦૨૩માં પાલક માતા-પિતા યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | )૧) | ૧૧૨ |
| )૨) | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | )૨) | ૧૦૬ |
| )૩) | તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી ? | )૩) | રૂ.૨૦,૫૮,૦૦૦/- |

**સુરેન્દ્રનગર જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/વર્કરોનું શોષણ**

**15/4/1338 શ્રી પરષોત્તમભાઈ ખેંગારભાઈ પરમાર** (દસાડા): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/વર્કરોના શોષણ અન્યાય સંદર્ભે કેટલી ફરિયાદો મળી, અને | )૧) | કુલ- ૧૬ |
| )૨) | ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | )૨) | ઉક્ત ફરિયાદો પૈકી,<br>• ૦૫ ફરિયાદોમાં ૨૦૮ શ્રમયોગીઓને રૂ.૧૦,૮૬,૮૦૩/-નું સમજાવટથી ચૂકવણું કરાવવામાં આવેલ છે.<br>• ૦૧ ફરિયાદમાં ૦૧ કોર્ટ કેસ નામદાર અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે.<br>• ૦૫ ફરિયાદોમાં સંસ્થા દ્વારા કાયદાનું પાલન કરવામાં આવેલ છે.<br>• ૦૧ ફરિયાદમાં પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ છે.<br>• ૦૩ ફરિયાદમાં ૦૩ કારખાના વિરુદ્ધ કુલ-૩૦ ફોજદારી કેસો કરવામાં આવેલ છે.<br>• ૦૧ ફરિયાદનો નિયમાનુસાર નિકાલ કરવામાં આવેલ છે. |

----------------

માઘ ૩૦, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નો

**છોટાઉદેપુર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોના મકાન બાબત**

**15/4/2036 શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી** (સંખેડા): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલાં આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે, | )૧) તા.૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે |

| તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડી |
|---|---|
| છોટાઉદેપુર | ૩૧૫ |
| ક્વાંટ | ૨૧૪ |
| નસવાડી | ૨૨૪ |
| જેતપુરપાવી | ૧૫૫ |
| બોડેલી | ૧૬૦ |
| સંખેડા | ૧૧૪ |
| કુલ | ૧૧૮૨ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા આંગણવાડી કેન્દ્રોને પોતાના મકાનમાં અને કેટલાં ભાડાના મકાનમાં ચાલે છે,અને | )૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ૮૮૮ આંગણવાડી કેન્દ્રો પોતાના મકાનમાં અને ૮૩ આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનમાં ચાલે છે. |
| )૩) ઉક્ત સ્થિતિએ ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓ પૈકી કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો બાંધવાની મંજૂરી આપવામાં આવેલ ? | )૩) ઉક્ત સ્થિતિએ ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓ પૈકી ૮ આંગણવાડીઓને પોતાના મકાનો બાંધવાની મંજૂરી આપવામાં આવેલ છે. |

**નવસારી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળા**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં નવસારી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળા યોજવામાં આવ્યા, અને | )૧( | ૨૭ |
| )૨) | ઉક્ત ભરતીમેળામાં કુલ કેટલા બેરોજગારોને રોજગારી મળી? | )૨) | ૧૨૦૯ |

1315/4/15**શ્રી રાકેશ ગુણવંતભાઈ દેસાઈ**) નવસારી : (**માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–.

----------------------

**પંચમહાલ જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના**

15/4/1323 **શ્રી ફતેસીંહ વખતસીંહ ચૌહાણ** ) કાલોલ) :**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | પંચમહાલ જિલ્લામાં વર્ષ–૨૦૨૩ માં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | )૧) | ૬૫ |
| )૨) | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | )૨) | ૬૫ |
| )૩) | તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી? | )૩) | ૩૨,૫૦,૦૦૦ |

**સુરતમાં રાજહંસ ટેક્ષટાઇલ મીલમાં શ્રમિકોના મૃત્યુ**

## તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

**15/4/2033 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ** ) વાંસદા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરતમાં રાજહંસ ટેક્ષટાઇલ નામની મીલમાં ટાંકી સફાઇ કરવા ઉતરેલા કેટલા શ્રમિકોના મૃત્યુ નોંધાયા, | )૧) | સુરતમાં રાજહંસ ટેક્ષટાઇલ નામની કોઇપણ મીલ કારખાના ધારા હેઠળ નોંધાયેલ નથી. |
| )૨) | ઉક્ત મૃત્યુ પામેલા કેટલા કામદારોના પરીવારજનોને સહાય પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલા કિસ્સામાં સહાય ચૂકવવાની બાકી છે, અને | )૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| )૩) | ઉક્ત સહાય ચુકવવાની બાકી રહેવાના કારણો શાં છે અને તે કયાં સુધીમાં ચૂકવવામાં આવશે? | )૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### મહેસાણા જિલ્લામાં ઔધોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

**15/4/1307 શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ)**(ઉંઝા): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન મહેસાણા જિલ્લામાં આવેલ ઔધોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી, અને | )૧) | કુલ– ૬૦ |
| )૨) | ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | )૨) | ઉક્ત ફરિયાદો પૈકી,<br>• ૦૯ ફરિયાદોમાં ૧૯ શ્રમયોગીઓને રૂ.૬,૩૯,૨૦૫/–નું સમજાવટથી ચૂકવણું કરાવવામાં આવેલ છે.<br>• ૦૯ ફરિયાદોમાં ૧૯ સંસ્થા વિરુદ્ધ નામદાર અદાલતમાં કોર્ટ કેસો દાખલ કરવામાં આવેલ છે.<br>• ૦૩ ફરિયાદોમાં ૦૩ સંસ્થા વિરુદ્ધ નામદાર મજૂર અદાલતમાં કેસ દાખલ કરવાની કાર્યવાહી કર્ફવામાં આવેલ છે.<br>• ૦૪ ફરિયાદોમાં અરજદારોને ઔધોગિક વિવાદ અધિનિયમ હેઠળના સક્ષમ સત્તાધિકારી સમક્ષ અરજી કરવા જણાવે;લ છે.<br>• ૦૩ ફરિયાદોમાં બાકી પગાર માટે નામદાર મજૂર અદાલતમાં રિકવરીની અરજી કરવા સલાહ આપેલ છે.<br>• ૦૧ ફરિયાદમાં ગ્રેચ્યુઇટીની માંગણી બાબતે મદદનીશ શ્રમ આયુક્તશ્રી, મહેસાણા સમક્ષ અરજી કરવા અરજદારને સલાહ આપવામાં આવેલ છે.<br>• ૦૬ ફરિયાદોમાં સંસ્થા દ્વારા કાયદાનું પાલન કરવામાં આવેલ છે. |

- કુલ– ૦૬ કારખાના વિરુદ્ધ કુલ– ૩૯ ફોજદારી કેસો કરવામાં આવેલ છે.
- અન્ય ફરિયાદોનો નિયમાનુસાર નિકાલ કરવામાં આવેલ છે.

**મોરબી જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય**

**15/4/1297 :શ્રી કાંતીલાલ શીવલાલ અમૃતિયા) મોરબી): માનનીય લઘુ,સુક્ષ્મ અને મદયમ ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

**પ્રશ્ન**

)૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક નીતિ – ૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ મોરબી જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ એકમોની કેટલી ક્લેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

)૨) ઉકત સ્થિતિએ કુલ કેટલા એકમોને કુલ કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| વર્ષ | મંજૂર કરેલ કલેઈમ અરજીઓની સંખ્યા |
|---|---|
| ૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ | ૯૬૯ |

(૨)

| વર્ષ | ચૂકવણું કરેલ એકમની કલેઈમ અરજીઓની સંખ્યા | સહાયની રકમ (રૂ લાખમાં) |
|---|---|---|
| ૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ | ૯૬૮ | ૬૩૦૭.૦૬ |

**અમદાવાદ શહેર અને જિલ્લામાં દિવ્યાંગ શિષ્યવૃતિ યોજના**

15/4/1516 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ** ) સાબરમતી) **:માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં અમદાવાદ શહેર અને જિલ્લામાં દિવ્યાંગ શિષ્યવૃતિ યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | )૧) | ૧૨૬૦ |
| )૨) | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | )૨) | ૧૨૬૦ |
| )૩) | ઉકત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | )૩) | રૂ.૨૧૫૮૫૦૦/– |

**રાજકોટ જિલ્લામાં નોંધાયેલ રોજગારવાંચ્છુઓ**

**15/4/1318 શ્રી રમેશભાઈ વીરજીભાઈ ટીલાળા** ) રાજકોટ દક્ષિણ) **:માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | | **જવાબ** | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, રાજકોટ ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે, અને | )૧) | ૧૩૪૩૯ |
| )૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી? | )૨) | ૨૨૨૬૨ |

---------------

**ખેડા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન**

**15/4/1286 શ્રી રાજેશકુમાર મગનભાઈ ઝાલા** (કપડવંજ): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

## તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા, | )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હોઈ નવીન ગેસ કનેક્શન આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| )૨) | ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને | )૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| )૩) | ઉક્ત બાકી રહેતા આંગણવાડી કેન્દ્રોને ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે ? | )૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ખેડા જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ**

15/4/1330 **શ્રી કલ્પેશભાઈ આશાભાઈ પરમાર** (માતર): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નાણાંકીય વર્ષ: ૨૦૨૩–૨૪ અંતર્ગત ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની અરજીઓ મળી, | (૧) | ૧,૬૧,૯૭૨ |
| (૨) | તે પૈકી કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) | ૧,૬૧,૯૭૨ |
| (૩) | તે પેટે કેટલી રકમની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી? | (૩) | રૂ. ૧૩૨૧.૯૨ લાખ |

**ખેડબ્રહ્મા તાલુકામાં જી.આઇ.ડી.સી.નું આયોજન**

**15/4/2013 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી**) ખેડબ્રહ્મા) : પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૦૨/૦૩/૨૦૨૩ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૮૭ (અગ્રતા–૨૨) ના અનુસંધાને **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે: –

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | ખેડબ્રહ્મા તાલુકામાં જી.આઇ.ડી.સી.ના આયોજનની બાબત ચકાસણી હેઠળ હતી તો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત કાર્યવાહી ક્યા તબક્કે છે, | )૧) | ઉક્ત હેતુસર મોજે.આગિયા ગામની સરકારી જમીન તબદીલીથી મેળવવાની નિગમની દરખાસ્ત ઉક્ત સ્થિતિએ કલેક્ટર કચેરી, હિંમતનગર ખાતે ચકાસણી હેઠળ હતી. જે તા.૦૫/૦૧/૨૦૨૪ ના રોજ મહેસૂલ વિભાગને મોકલવામાં આવી છે. |
| )૨) | ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે, અને | )૨) અને | મહેસૂલ વિભાગ દ્વારા જમીન ફાળવણીની પ્રક્રિયા પૂર્ણ થયેથી, બનતી ત્વરાએ. |
| )૩) | ઉક્ત જી.આઇ.ડી.સી. ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવનાર છે? | )૩) | |

**અરવલ્લી જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના**

**15/4/1288 શ્રી પી. સી. બરંડા**) ભીલોડા) **: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

| પ્રશ્ન | જવાબ |
|---|---|

## અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે અરવલ્લી જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે અરવલ્લી જિલ્લામાં ૨૮૪૪ અરજીઓ મળી. |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર, જુના હેલીપેડ, સેક્ટર-૧૭ ખાતે આવેલ કન્વેન્શન હોલ(ડોમ)નું સંચાલન અને જાળવણી કોના દ્વારા કરવામાં આવે છે, | )૧) મે. કે એન્ડ ડી કોમ્યુનિકેશન લિમિટેડ મારફતે કરવામાં આવે છે. |
| )૨) ઉક્ત હોલ/ડોમ પેટે કઇ એજન્સી પાસેથી ભાડા/રોયલ્ટી પેટે કેટલી રકમ ઉક્ત સ્થિતિએ લેવાની બાકી નીકળે છે, અને | )૨) એજન્સી પાસેથી રૂ. ૪,૧૩,૮૧,૮૮૯/- ની રકમ લેવાની બાકી રહેતી હતી. |
| )૩) ઉક્ત રકમ એજન્સી ભરપાઈ ન કરતી હોય તો ઉક્ત સ્થિતિએ શા પગલા લીધા? | )૩) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ એજન્સી પાસેથી વસૂલવાની બાકી રહેતી કુલ રકમ રૂ. ૪,૧૩,૮૧,૮૮૯/- (માર્ચ-૨૦૨૪ સુધીની રોયલ્ટીની એડવાન્સ રકમ સહિત) વસૂલવા એજન્સીને પત્ર વ્યવહાર/નોટિસ પાઠવતા આજની સ્થિતિએ એજન્સી દ્વારા તમામ રકમ ભરપાઈ કરી દેવામાં આવેલ છે. |

| | |
|---|---|
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થઈ, અને | )૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ૨૭૪૦ અરજીઓ મંજૂર થઈ |
| )૩) ઉક્ત મંજૂર થયેલ અરજીઓ પેટે કેટલી રકમની સહાય મંજૂર કરી ? | )૩) ઉક્ત મંજૂર થયેલ અરજીઓમાં લાભાર્થી દિઠ માસિક રૂ.૧૨૫૦/- ની સહાય મંજૂર કરી |

-------------

### ગાંધીનગર ખાતે આવેલ કન્વેન્શન હોલ (ડોમ) નું સંચાલન અને જાળવણી બાબત

**15/4/2051 : શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર**) જામજોધપુર :(**માનનીય ઉદ્યોગમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

### રાજ્યમાં શ્રમિકોના લઘુત્તમ વેતન દર

15/4/2028 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ**) લુણાવાડા): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |

## અતારાંકિત પ્રશ્નો

)૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં શ્રમિકોના લઘુત્તમ વેતન દર શું છે, અને

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં શ્રમિકોના લઘુત્તમ વેતનના દર નીચે મુજબ છે.

| **અનં** | **અનુસૂચિત રોજગારી** | **દૈનિક લઘુત્તમ વેતન(રૂ)** | | |
|---|---|---|---|---|
| | | **શ્રમિકોનો વર્ગ** | **ઝોન-૧** | **ઝોન-૨** |
| ૧ | ૪૬ વ્યવસાય માટે(યાદી બિડાણ-૧ થી સામેલ છે) | કુશળ | ૪૯૫ | ૪૮૩ |
| | | અર્ધ કુશળ | ૪૮૩ | ૪૭૩ |
| | | બિન કુશળ | ૪૭૩ | ૪૬૨ |
| નીચે મુજબની અનુસૂચિત રોજગારી માટે સમગ્ર રાજ્યને એક ઝોન તરીકે ગણવામાં આવેલ છે. | | | | |
| ૨ | રેડીમેડ ગારમેન્ટ | રૂ. ૪૦૦ થી ૩૮૩ (પીસ રેટ) | | |
| ૩ | જરી ઉદ્યોગ | | | |
| ૪ | ઈંટ ઉત્પાદન | | | |
| ૫ | મીઠા ઉદ્યોગ | | | |
| ૬ | તમાકુ અને બીડી બનાવવાનો ઉદ્યોગ | | | |
| ૭ | શીપ બ્રેકિંગ | કુશળ | ૪૫૧ | |
| | | અર્ધ કુશળ | ૪૩૮ | |
| | | બિન કુશળ | ૪૨૫ | |
| ૮ | સ્વીપીંગ અને કલીનીંગ | Area-A | ૪૭૩ | |
| | | Area-B | ૪૭૩ | |
| | | Area-C | ૪૬૨ | |
| ૯ | અગરબત્તી બનાવવાનો ઉદ્યોગ | કુશળ | ૧૧૫ | |
| | | અર્ધ કુશળ | ૧૦૫ | |
| | | બિન કુશળ | ૧૦૦ | |
| ૧૦ | કૃષિ વ્યવસાય | -- | ૩૭૫ | |
| ૧૧ | શેરડી કાપણી | -- | ૪૭૬ (પ્રતિ ટન) | |

)૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત દરમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવ્યો**?**

)૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત દરોમાં નીચે મુજબનો વધારો કરવામાં આવેલ છે

| અનં | અનુસૂચિત રોજગારી | શ્રમિકોનો વર્ગ | દૈનિક દરોમાં કરેલ વધારો રકમ (રૂ) | | વધારો કર્યા અંગેના જાહેરનામાંની તારીખ |
|---|---|---|---|---|---|
| | | | ઝોન-૧ | ઝોન-૨ | |
| ૧ | ૪૬ વ્યવસાય માટે (યાદી બિડાણ-૧ થી સામેલ છે) | કુશળ | ૧૮૧ | ૧૭૮ | તા.૨૭/૦૩/૨૦૨૩ |
| | | અર્ધ કુશળ | ૧૭૮ | ૧૭૬ | |
| | | બિનકુશળ | ૧૭૬ | ૧૭૩ | |
| નીચે મુજબની અનુસૂચિત રોજગારી માટે સમગ્ર રાજ્યને એક ઝોન તરીકે ગણવામાં આવેલ છે. | | | | | |
| ૨ | રેડીમેડ ગારમેન્ટ | કેટેગરી -૧ થી કેટેગરી-૫ | ૧૪૯.૭૦ થી ૧૪૦.૫૦ | | તા.૦૨/૦૧/૨૦૨૦ |
| ૩ | જરી ઉદ્યોગ | કુશળ | ૧૫૩.૮૦ | | |
| | | અર્ધ કુશળ | ૧૪૭.૧૦ | | |
| | | બિનકુશળ | ૧૪૧.૫૦ | | |
| ૪ | મીઠા ઉદ્યોગ | કુશળ | ૧૪૯.૫૦ | | |
| | | અર્ધ કુશળ | ૧૪૨.૧૦ | | |
| | | બિનકુશળ | ૧૩૫.૪૦ | | |
| ૫ | તમાકુ અને બીડી બનાવવાનો ઉદ્યોગ | - | ૧૫૪.૩૦ થી ૧૪૩.૮૦ | | |
| ૬ | ઈંટ ઉત્પાદન | - | ૧૫૫.૯૦ થી ૧૩૪.૧૦ | | તા. ૦૫/૧૦/૨૦૨૧ |
| ૭ | શીપ બ્રેકિંગ | કુશળ | ૧૭૫ | | તા.૦૫/૦૯/૨૦૨૨ |
| | | અર્ધ કુશળ | ૧૭૨ | | |
| | | બિનકુશળ | ૧૬૯ | | |
| ૮ | સ્વીપીંગ અને કલીનીંગ | Area-A | ૨૩૨ | | તા.૦૧/૦૪/૨૦૨૩ |
| ૪ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | ૧૫ | ૧૪ | ૧ | ૦ | ૧૦ |
| ૫ | ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ | ૮ | ૬ | ૨ | ૦ | ૧ |
| ૬ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | ૮ | ૬ | ૨ | ૨ | ૦ |
| ૭ | ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમ | ૧૧ | ૧૦ | ૧ | ૦ | ૬ |
| ૮ | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ | ૫૭ | ૪૨ | ૧૫ | ૧ | ૨૫ |
| ૯ | ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ | ૮૪ | ૮૦ | ૪ | ૦ | ૭૬ |
| ૧૦ | ડો.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ | ૧૩ | ૧૦ | ૩ | ૦ | ૫ |

---------------------------

**માનનીય રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રીનું નિવેદન**
**શોર્ટ સર્કીટથી આગ લાગવા અંગે.**

શ્રી હર્ષ સંઘવી (રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વહેલી સવારે નવાગંજ બજાર, એ.પી.એમ.સી. પાલનપુર ખાતે સવારે ૯-૪૫ કલાકની આસપાસ શોર્ટ સર્કીટના કારણે ત્યાંની દુકાન નં. ૩૨માં આગ લાગેલી હતી અને ત્યાં રાયડો હોવાને કારણે એ આગનો ફેલાવો ખૂબ ઝડપથી વધી ગયેલો હતો. ૩૨ થી ૪૦ નંબરની દુકાનમાં આ આગનો ફેલાવો વધેલો હતો પરંતુ આજુબાજુના વિસ્તારમાંથી ડીસા, સિદ્ધપુર, ઊંઝા અને પાલનપુર આ બધી નગરપાલિકામાંથી ફાયરની ટીમ આવી અને બનાસ ડેરીના ૭ પાણીના ટેન્કર આવેલ હતા. અત્યારે આગ કાબુમાં છે. રાયડો હોવાને કારણે એના ઉપર અત્યારે પાણીનું જોર મારવામાં આવી રહ્યું છે પરંતુ સમગ્ર આગ કન્ટ્રોલમાં છે અને કોઇ જાનહાનિ થઇ નથી.

અધ્યક્ષશ્રી : માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું કે બહુ ઇનિશિયેટિવ લઇને તાત્કાલિક આનો ઉકેલ લાવવા માટેનું કામ કર્યું અને ખૂબ સારું કામ કર્યું.

**તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**
**રાધનપુર ખાતે આંખની હોસ્પિટલમાં દર્દીઓને થયેલ અંધાપાની અસર અંગે**

ડો. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.
'' તાજેતરમાં પાટણ જિલ્લાના રાધનપુરમાં આવેલ માણેકલાલ નાથાલાલ વખારીયા સર્વોદય આંખની હોસ્પિટલમાં મોતિયાના ઓપરેશન માટે દાખલ થયેલ દર્દીઓના ઓપરેશન બાદ ૭ જેટલા દર્દીઓને અંધાપાની અસર થઇ છે, તેના કારણે ઓપરેશન માટે દાખલ થયેલ તમામ દર્દીઓ અને તેઓના પરિવારજનોમાં હોસ્પિટલ તંત્ર સામે રોષ અને ભયની લાગણી ફેલાયેલ છે તે દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાંઓ.''

શ્રી ઋષિકેશ ગ. પટેલ(આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, નિયામકશ્રી, એમ. એન્ડ જે. આઇ. ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપ્થલ્મોલોજી, અમદાવાદ દ્વારા તા.૦૬/૦૨/૨૦૨૪ ઇ-મેઇલ મેસેજથી તેમની સંસ્થા ખાતે હિનાબેન ઠક્કર ઉંમર વર્ષ ૪૫ આંખમાં ઝાંખપ, લાલાશ અને પાણી પડવાની તકલીફ સાથે એમ એન્ડ જે આઇ હોસ્પિટલ ખાતે દાખલ થયેલ હોવાનું તથા ઉપરોકત દર્દીનુ મોતિયાનું ઓપરેશન તા.૦૨/૦૨/૨૦૨૪ના રોજ સર્વોદય હોસ્પિટલ, રાધનપુર જી.પાટણ ખાતે કરવામા આવેલ હોવાનું જણાવવામાં આવેલ.

## તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

આરોગ્ય વિભાગ દ્વારા લેવામા આવેલ તાત્કાલિક પગલાની વિગતો નીચે મુજબ છે.

ઉપરોક્ત ઘટનાની જાણ થતા અધિક નિયામકશ્રી (જાહેર આરોગ્ય), ગાંધીનગર દ્વારા મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી પાટણના અધ્યક્ષ સ્થાને, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી– પાટણ, પ્રોગ્રામ ઓફિસર સહ નેત્રસર્જન જનરલ હોસ્પિટલ–પાટણ તથા તાલુકા હેલ્થ ઓફિસર–રાધનપુરની એક ટીમને તા.૬/૨/૨૦૨૪ ના રોજ તાત્કાલિક ઉપરોકત સંસ્થા ખાતે ઘટનાની વિગતો મેળવવા માટે મોકલી આપવામાં આવેલ.

તબીબોની ટીમના અહેવાલની વિગતો નીચે મુજબ છે.

> તા.૦૨/૦૨/૨૦૨૪ ના રોજ માણેકલાલ નાથાલાલ વખારીયા સર્વોદય આંખની હોસ્પિટલ, રાધનપુર જી. પાટણ ખાતે કુલ–૧૩ દર્દીઓના મોતિયાના ઓપરેશન ડૉ. સોનાલી પટેલ દ્વારા કરવામા આવેલ હતા. જે પૈકી એક દર્દીને મોતિયાના ઓપરેશન કરેલ આંખમા ચેપની ગંભીર અસર જણાતા સર્વોદય હોસ્પિટલ, રાધનપુર, જી.પાટણ દ્વારા તા.૦૫/૦૨/૨૦૨૪ ના રોજ વધુ સારવાર માટે એમ. એન્ડ જે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપ્થલ્મોલોજી, અમદાવાદ ખાતે રીફર કરવામાં આવેલ.

> અન્ય ૧૨ દર્દીઓને સંસ્થા દ્વારા વધુ તપાસ તથા સારવાર અર્થે જયોતિ હોસ્પિટલ વિસનગર ખાતે લઈ જવામાં આવેલ. જ્યાં રેટીના સર્જન ડૉ.જય દ્વારા ૬ દર્દીઓને આંખમાં ચેપની કે અન્ય કોઈ તકલીફ નહિ હોવાનું જણાવવામાં આવેલ.

> જ્યારે અન્ય 5 દર્દીઓને આંખમા ચેપની અસર જણાતા ઇન્જેક્શન તથા અન્ય જરૂરી સારવાર આપવા માટે સલાહ આપવામાં આવેલ. ૬ પૈકી ૩ દર્દીઓએ આ સારવાર માટે અસહમતી દર્શાવેલ હતી જયારે અન્ય ૩ દર્દીઓને ડૉ. જય દ્વારા આંખમાં ઇન્ટ્રાવિટ્રિયલ ઇન્જેકશન અને વિક્રેટ્રોમી ની સારવાર કરવામાં આવેલ.

– તા.૨૫/૧/૨૦૨૪ થી તા.૫/૨/૨૦૨૪ દરમિયાન સંસ્થા ખાતે કુલ ૪૭ દર્દીઓના આંખના ઓપરેશન કરવામાં આવેલ છે.

► ઉપરોકત સંસ્થા અધિક નિયામકશ્રી, તબીબ સેવાઓ અંતર્ગત ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થા તરીકે રજિસ્ટર થયેલ સંસ્થા છે. અધિક નિયામકશ્રી (જાહેર આરોગ્ય) દ્વારા માણેકલાલ નાથાલાલ વખારીયા સર્વોદય આંખની હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડન્ટને તાત્કાલિક અસરથી તકેદારીના ભાગરૂપે આંખ વિભાગનું ઓપરેશન થિયેટર બંધ કરવાની સૂચના આપવામાં આવેલ જેની અમલવારી મુખ્ય જિલ્લા તબીબી અધિકારીની ટીમ દ્વારા રૂબરૂમાં કરવામાં આવેલ છે.

> ઉકત ઘટનાની વિસ્તૃત તપાસ કરવા માટે મુખ્ય જિલ્લા તબીબી અધિકારી–પાટણના અધ્યક્ષપણા હેઠળની, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી–પાટણ, એમ. એન્ડ જે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપ્થેલમોલોજી, અમદાવાદ ખાતેના રેટીના સ્પેશિયાલિસ્ટ, આસિસ્ટન્ટ પ્રોફેસર, માઇક્રોબાયોલોજીસ્ટ, ઓપરેશન થિયેટર ઇન્ચાર્જ નર્સિંગ સ્ટાફ અને પ્રોગ્રામ ઓફિસર–સહ–નેત્ર સર્જન, જનરલ હોસ્પિટલ, પાટણ, એમ ૯ સભ્યોની બનેલી એક સમિતિની રચના કરીને તા. ૭/૨/૨૦૨૪ના રોજ સંસ્થાની મુલાકાત લઈ ઇન્ફેક્શન આઉટબ્રેક પોલિસી મુજબ વધુ કાર્યવાહી કરવાની સૂચનાઓ આપવામાં આવેલ.

> સદર ટીમના નિષ્ણાતો ધ્વારા તા.૦૭/૦૨/૨૦૨૪ના રોજ સંસ્થા ખાતે તા.૦૨/૦૨/૨૦૨૪ ના રોજ કુલ–૧૩ દર્દીઓ પૈકી, ૧૨ દર્દીઓની આંખોની તપાસ કરવામા આવેલ. જે પૈકી ૬ દર્દીઓને આંખમાં ચેપની કે અન્ય કોઈ તકલીફ જણાયેલ નહોતી. અન્ય ૬ દર્દીઓની તપાસમાં આંખમા ચેપની અસર હોવાનું જણાયેલ. દરેક દર્દીની તપાસ કરીને તેમને તથા દર્દીના સગાને ચેપની અસર, તેના લક્ષણો તથા જરૂરી સારવાર અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

– તમામ ૬ દર્દીઓને વધુ સારવાર અર્થે તાત્કાલિક એમ. એન્ડ જે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપ્થેલમોલોજી, અમદાવાદ ખાતે દાખલ થવાની સલાહ આપવામાં આવેલ. જે પૈકી, ૪ દર્દીઓએ આ માટે સહમતિ આપતા તાત્કાલીક સરકારી વાહનમાં એમ એન્ડ જે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપ્થેલમોલોજી, અમદાવાદ ખાતે દાખલ કરીને સારવાર શરૂ કરવામા આવેલ છે. અન્ય ૨ દર્દીઓએ એમ. એન્ડ જે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપ્થેલમોલોજી. અમદાવાદ ખાતે વધુ સારવાર માટે દાખલ થવાની અસહમતિ દર્શાવેલ છે. તેમને વધુ સારવાર અર્થે દાખલ થવા માટે સમજાવવાના પ્રયત્નો પાટણ આરોગ્યની ટીમ દ્વારા કરવામાં આવેલ, પરંતુ તેઓ સંમત થયેલ નથી.

> નિયામકશ્રી, એમ. એન્ડ જે, ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપ્થેલમોલોજી, અમદાવાદ દ્વારા તેમની સંસ્થા ખાતે દાખલ થયેલ ૦૫ દર્દીઓ પૈકી ૦૨ દર્દીઓની આંખમાં ચેપની ગંભીર અસર તથા ૦૩ દર્દીઓમાં આંશિક અસર હોવાનું તારીખ ૦૯/૦૨/૨૦૨૪ થી જણાવેલ છે. તમામ ૫ દર્દીઓને નિષ્ણાતો દ્વારા ઉચ્ચ કક્ષાની સારવાર પૂરી પાડવામાં આવી રહેલ છે.

> આરોગ્ય વિભાગ દ્વારા તકેદારીના ભાગરૂપે ઉપરોકત દર્દીઓ સિવાયના તા.૨૫/૦૧/૨૦૨૪ થી તા.૦૧/૦૨/૨૦૨૪ દરમિયાન સંસ્થા ખાતે કરાયેલ ઓપરેશનના કુલ ૩૪ દર્દીઓની આંખોની તપાસ કરાવવામાં આવી રહેલ છે. ૩૪ પૈકીના ૨૫ દર્દીઓની આંખોની તપાસ પૂર્ણ કરવામાં આવેલ છે અને તે તમામ દર્દીઓની આંખની કન્ડિશન સારી હોવાનું માલૂમ પડેલ છે. 0૩ દર્દીઓએ તેમની આંખ સારી હોઈ તપાસ કરાવવાની ના પાડેલ છે. ૦૬ દર્દીઓનો સંપર્ક કરીને તપાસ માટે લાવવાની કાર્યવાહી હાલ ચાલી રહેલ છે.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

આમ, બનેલ ઘટના રાજ્ય સરકારની હોસ્પીટલમાં નહિ પરંતુ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલમાં બનેલ છે. આમ છતાં રાજય સરકાર દ્વારા ઇન્ફેક્શનનો ભોગ બનેલા દર્દીઓને તાત્કાલિક ધોરણે રાજ્યની એપેક્ષ હોસ્પિટલ એમ. એન્ડ જે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપ્થેલમોલોજી, અમદાવાદ ખાતે દાખલ કરાવી ઉચ્ચ કક્ષાની સારવાર પૂરી પાડી તમામ સાવચેતીનાં પગલાં લેવામાં આવેલ છે. ટ્રસ્ટની હોસ્પિટલનું આંખ વિભાગનું ઓપરેશન થિયેટર તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવેલ છે. વધુમાં, સરકારશ્રી દ્વારા આ બાબતે આવશ્યક તમામ પગલાં લેવામાં આવી રહેલ છે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું વિધાનસભાના નિયમોના નિયમ–૧૧૬ અન્વયે માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે થોડા સમય પહેલા જ રાધનપુર ખાતે આવેલી માણેકલાલ નાથાલાલ વખારીયા સર્વોદય હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી આંખોના ઓપરેશન થાય છે. બહુ સારી સેવા આ હોસ્પિટલ દ્વારા આપવામાં આવે છે પણ થોડા સમય પહેલા કોઇક કારણોસર ૭ જેટલા દર્દીઓને આંખની અંદર અંધાપાની અસર થઇ અને મીડિયાએ પણ ગંભીર નોંધ લીધી અને ઘણીવાર મીડિયાને લીધે મીડિયા ટ્રાયલ કેસ થઇ થતો હોય છે અને એના લીધે દર્દી અને એના સગાંવ્હાલાંને પણ માનસિક ડર પેસી જતો હોય છે અને સંસ્થાની પણ બદનામી થતી હોય છે તો તાત્કાલિક મેં જે પ્રમાણે વાંચ્યું એ પ્રમાણે સરકારે પગલાં લીધાં તો આ બાબતે લોકોની સંસ્થા પ્રત્યે અને દર્દીના સગાંવ્હાલાંના મનની અંદર જે ભય છે એ દૂર કરવા માટે શું પગલાં લીધાં? એ નિવેદન કરવા વિનંતી કરું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સદર જે સંસ્થાની વાત કરી એ સંસ્થા માણેકલાલ નાથાલાલ વખારીયા સર્વોદય આંખની હોસ્પિટલ રાધનપુરમાં તા.૨–૨–૨૦૨૪ના રોજ ઓપરેશન્સ કરવામાં આવ્યા એમાં એક દર્દીને આંખમાં ઇન્ફેકશન હોવાને કારણે એ એમ. એન્ડ જે. હોસ્પિટલ એટલે આપણી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ત્યાં દાખલ થયા. આપણને સમાચાર મળ્યા અને જેવા સમાચાર મળ્યા તરત જ આપણે સંસ્થામાં જિલ્લા આરોગ્ય અધિકારી અને નીચેની એમની ટીમને તાત્કાલિક મોકલી આપી અને સદર હોસ્પિટલની અંદર જે ઓપરેશન થિયેટર વગેરે છે એ આપણે બંધ કર્યા અને તરત જ બીજા દિવસે એની સ્પેશ્યલાઇઝ ડોકટરોની ટીમ પણ એ હોસ્પિટલ ખાતે મોકલી અને આવું શાના કારણે બન્યું એ સમગ્ર બનાવની આપણે તપાસ કરાવી. એમાં કેટલાક ઓબ્ઝર્વેશન આવ્યા છે કે હોસ્પિટલે જે નિયમો પાળવા જોઇએ, ગાઇડલાઇન પાળવી જોઇએ એમાં કયાંકને કયાંક ચૂકના કારણે આવો બનાવ બન્યો છે. કુલ ૧૨ જેટલા દર્દીઓનું એ દિવસે ઓપરેશન કર્યું હતું એટલે હોસ્પિટલે એમને વિસનગર ખાતે જયોતિ હોસ્પિટલમાં મોકલેલા એમાંથી ૬ દર્દીઓને કોઇપણ પ્રકારની તકલીફ નહોતી અને ૬ દર્દીઓમાં એ વખતે ૩ દર્દીઓએ સારવાર લેવાની ના પાડી અને ૩ જણને આપણે સારવાર આપી. ત્યાંથી એ સારવાર લીધા પછી ઘરે ગયા. ઘરે ગયા પછી આપણને જાણ કરતા તરતજ એ ૬ દર્દીઓએ ફરીથી આપણો સંપર્ક કર્યો અને એમ.એન્ડ જે. હોસ્પિટલની અંદર સારવાર માટે એમને વિનંતી કરી કે તમે આવો. તમારી સારવાર અમે અમદાવાદ ખાતે અદ્યતન અમે ચેક પણ કરી લઇએ કે હજુ પણ કોઇ ઇન્ફેકશન છે કે શું એ તપાસ કરી લઇએ. ત્યાં આવવા માટે ૪ દર્દીઓએ સંમતિ આપી અને ૨ દર્દીઓએ ન આપી. ૪ દર્દીઓને આપણે ત્યાં દાખલ કર્યા. એક દર્દી અગાઉ દાખલ હતા અને ચાર આ, ટોટલ પાંચ થયા. એ પાંચ દર્દીઓમાં અત્યારે બધા સુધારા ઉપર છેઅને આ એક જ આંખમાં મોતિયાનું ઓપરેશન કર્યું હતું અને આજની તારીખે બાકીના ૩ દર્દીને રજા આપવામાં આવી છે અને હાલમાં ૨ દર્દીઓ ત્યાં સારવાર હેઠળ છે અને એમની તબિયત સુધારા ઉપર છે. માનનીય અધ્યક્ષશ્રી, વાત સાચી છે અને એમની લાગણી સંસ્થા માટે હોય કારણ કે, સંસ્થા સારી છે. સર્વોદયવાદી કાર્યક્રતાઓએ દ્વારા વર્ષ ૧૯૭૧માં રવિશંકર મહારાજની પ્રેરણાથી આ સંસ્થાનો ઉદભવ થયો છે અને ખૂબ સારા સર્વોદયવાદી કાર્યકર્તાઓ આમાં જોડાયેલા હતા અને એમાં પણ ખાસ કરીને સ્વ.શ્રી શ્યામસુંદર પરીખ, સ્વ.શ્રી વસંતભાઇ પરીખ અને રવિશંકર મહારાજની પ્રેરણાથી આ સંસ્થા ચાલુ કરવામાં આવી હતી અને ચુનીભાઇ વૈદ્ય પણ આ સંસ્થા સાથે જોડાયેલા હતા. સંસ્થા સારી છે એમાં કોઇ શંકાને સ્થાન નથી પણ ક્યાંક આવા કોઇ પણ પ્રકારના બનાવ બને અને સરકારના ધ્યાને આવે એટલે સ્વાભાવિક આ હોસ્પિટલમાં જઇ એમાં શું ક્ષતિ છે એની તપાસ પણ કરી છે અને આપણી પાસે અહેવાલ પણ આવી ગયો છે અને એ અહેવાલ પ્રમાણે આપણે અત્યારે તાત્કાલિક એ હોસ્પિટલમાં ઓપરેશનો કરવાની ના પાડી છે અને હોસ્પિટલના ઓપરેશન થિયેટર આપણે બંધ કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ઘટના સુઓમોટોના સ્વરૂપમાં સરકારશ્રીએ લઇને આ સંસ્થા માટે જે કાંઇ પણ કરવું પડે એ કરશે અથવા જે દર્દીઓ છે એ દર્દીઓની સારવાર માટે જે પગલાં લેવાં પડે એ લીધાં છે. આ સંસ્થા સારી છે પરંતુ માનનીય કિરીટભાઇએ જ્યારે વાત કરી છે ત્યારે મારે કહેવું છે કે, આ સંસ્થાએ અને શ્રી રઘુભાઇ, ડો.કિરીટભાઇ અને ડો.પ્રજ્ઞેશ પટેલ આ બધાએ ભેગા થઇને પાટણમાં ૧૩૮૪ ચોરસ મીટર જેવી જગ્યા માગી હતી અને એમને આપી પણ છે અને સન ૨૦૨૨ના ઇલેકશન પેહેલા ત્યાં હોસ્પિટલ બનાવવાની  અને આરોગ્ય કાર્ડ ત્યાં ચાલશે એવી બધી વાત જાહેર જનતામાં મૂકી હતી અને પછી ઇતિહાસ સાક્ષી છે શ્રી રઘુભાઇ ચૂંટણી હારી ગયા, આરોગ્ય કાર્ડ બંધ થઇ ગયા અને આજે તો હોસ્પિટલ પણ બંધ થઇ ગઇ છે ત્યારે મારે ડો.કિરીટભાઇને એ પૂછવું છે કે, આ હોસ્પિટલ વહેલામાં વહેલી તમે ક્યારે ચાલુ કરશો?

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, આજે ધારાસભ્યશ્રીને પૂછે છે કે, તમે હોસ્પિટલ ક્યારે ચાલુ કરશો?

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હોસ્પિટલ અમે ટૂંક સમયમાં ચાલુ કરવાના છીએ પણ ઘણી વાર રામ મંદિર જેવું થતું હોય...(અંતરાય)

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી એમ કહે છે કે, આમાં પણ તારીખ બતાવીશું. બીજા પણ ત્રણ સભ્યશ્રીઓ છે એમને મારે સાંભળવાના છે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે ત્યાંનું પ્રતિનિધિત્વ કર્યું છે એટલે આપને ખબર છે કે, સંસ્થા સારી છે એટલે ઝડપીમાં ઝડપી કોઇ ટેકનિકલ ખામી હોય તો એ દૂર કરીને હોસ્પિટલનું ઓપરેશન થિયેટર ચાલુ કરો એવી અમારી લાગણી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે ત્રૂટીઓ છે એ આપણા ધ્યાનમાં આવી છે અને એનો અહેવાલ પણ આપણી પાસે આવી ગયો છે અને વહેલીતકે આ સંસ્થામાં જે આપણી ગાઇડલાઇન છે કે, ઓપરેશન થિયેટર કેવું હોવું જોઇએ, હાઇજેનિક કન્ડિશન કેવી હોવી જોઇએ વગેરે બાબતો જ્યારે વ્યવસ્થિત થઇ જશે તો આગામી સમયમાં પરિસ્થિતિને અનુકૂળ અને પરિસ્થિતિ પ્રમાણે નિર્ણય લઇ ઝડપથી ચાલુ થાય એના માટે આપણે પગલાં લઇશું. બધાએ કહ્યું છે કે, સંસ્થા સારી છે અને હું પણ સંમત છું સંસ્થા સારી છે પરંતુ જ્યારે દર્દીઓ સાથે ક્યાંકને ક્યાંક આવાં ચેડાં ન થાય એની પણ કાળજી લેવી પડે. ત્યાં લગભગ ૭૦થી ૮૦ હજાર જેટલા ઓપરેશનો પણ આ હોસ્પિટલમાં થયા છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, હજુ માનનીય સભ્યશ્રીઓને પ્રશ્નો પૂછવાના છે એમાં તમારો પૂરક જવાબ આપજો. એક બાબત છે કે, માનનીય કિરીટભાઇની ત્યાં હોસ્પિટલ છે ત્યાં મારું વતન છે તો પણ ખબર ન હતી. માનનીય આરોગ્ય મંત્રીશ્રીને એ ખબર છે એટલે અભિનંદન આપું છું. માનનીય ગેનીબેન ઠાકોર.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ખાસ કરીને કિરીટભાઇના પ્રશ્નમાં એમણે જવાબ આપી દીધો છે અને એમણે ખૂબ ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો.ટ્રસ્ટ દ્વારા પ્રાઇવેટ હૉસ્પિટલ બનાવવાનો વારો ક્યારે આવ્યો હોય કે સરકારી હૉસ્પિટલોમાં પૂરતી સુવિધાઓ મળતી ન હોય ત્યારે બનાવવી પડી હોય.

અધ્યક્ષશ્રી : આપ આપના પ્રશ્ન પર આવી જાવ.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું કે એમાં લગભગ ૭૦,૦૦૦ જેટલા ઓપરેશન કરવામાં આવ્યા છે. આમ સેવાના ભાવથી બનાવેલી હૉસ્પિટલ ઘરના પૈસે બનાવવાની છે એટલે બનાવી દેશે. આ બાબતમાં મંત્રીશ્રીએ તપાસ ટીમની રચના કરી આખો અહેવાલ અમને આપ્યો છે એનાથી અમને સંતોષ છે.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યની સરકાર, આદરણીય ભૂપેન્દ્રભાઇના નેતૃત્વવાળી સરકારને હું અભિનંદન પાઠવું છું કે એમના નેતૃત્વમાં આરોગ્યમંત્રી ગુજરાતની જનતાની તમામ પ્રકારે ચિંતા કરી રહ્યા છે. હું માનનીય આરોગ્યમંત્રીશ્રીનો આભાર માનું કે હું રાધનપુરનું નેતૃત્ત્વ કરીને આવ્યો છું અને આપની પાસે આટલી વિસ્તારથી માહિતી છે. આ સંસ્થા રવિશંકર મહારાજ દ્વારા વર્ષ ૧૯૭૨માં શરૂ કરવામાં આવી હતી. આજ સુધી ગુજરાત અને રાજસ્થાનના પાંચ લાખથી વધારે આંખના દર્દીઓના ઓપરેશન અહીં કરવામાં આવ્યા છે. આ સંસ્થાએ કુમાર છાત્રાલય, રોટરી ક્લબ, રેડ ક્રોસ સોસાયટી હોય કે શિશુ મંદિર વગેરે માટે અનેક લોકોને જગ્યા આપી છે. આપે જ્યારે આ જગ્યાની વાત કરી ત્યારે આપને કહું કે કેટલાક રાજકીય લોકો જેમાં શ્રી કિરીટભાઇ પણ આવી ગયા, બીજા ભૂતપૂર્વ ધારાસભ્યશ્રીઓ પણ આવી ગયા. એ લોકોએ રાજકીય સ્ટંટના માધ્યમથી કરોડો રૂપિયાની જમીન લઇ લીધી છે. ગેનીબેને કહ્યું કે પોતાના પૈસે હૉસ્પિટલ બનાવવાના છે. રૂ.૨૦થી ૨૫ કરોડની જગ્યા શ્યામ-સુંદર દાદાને મૂરખ બનાવીને લઇ લીધી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આમાં મારું માનવું છે કે આપણે આક્ષેપો નહિ કરીએ. આપ સીધા આપના પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : સાહેબ, હું આપને એ સ્પષ્ટતા કરું કે ચૂંટણી પહેલાં એક રાજ્યના મુખ્યમંત્રીને બોલાવી અને એવો ડોળ કર્યો કે ૧ લાખ લોકોને કાર્ડ વહેંચ્યા. લોકો પણ સમજી ગયા કે આ દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી મોદી સાહેબનું અને શ્રી ભૂપેન્દ્રભાઇ બંનેનું રૂ.૫ લાખનું કાર્ડ આવે છે તો આ બીજું કાર્ડ ક્યાંથી લઇ આવ્યા? એમણે ૧ લાખ પરિવારોને કહ્યું કે અમે મફત સારવાર કરીશું. મારો સવાલ એટલો જ છે કે જે સપનાં તમે રાધનપુરમાં બતાવ્યાં. રાજકીય લાભ મેળવવા માટે સંસ્થાનું ઉદ્ઘાટન કરી દીધું કે અમે હૉસ્પિટલ ચાલુ કરી દીધી. હજી પણ ખંડેર પડ્યું છે તો તાત્કાલિક હૉસ્પિટલ ચાલુ કરો. તમે સપનાં બતાવીને જમીન લીધી છે તો હૉસ્પિટલ ચાલુ કરો છો કે નહિ એ વાત કરો. બીજી વાત એવી છે કે હું આરોગ્યમંત્રી સાહેબનો આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : આપ સીધા પ્રશ્ન પર આવી જાવ.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : આ વાત આ ગૃહમાં એટલે મૂકવી પડે કે સેવાનો ભાવ બતાવી અને ધંધો કરવાનું કામ આ લોકોએ કર્યું છે અને એનો જવાબ પણ વર્ષ ૨૦૨૨ની ચૂંટણીમાં મળી ગયો છે. (શ્રી કિરીટભાઇ પોતાની જગ્યા પર ઊભાં થતાં) બેસો શ્રી કિરીટભાઇ, હૉસ્પિટલ ચાલુ કરો ત્યારે જ બોલવા આવજો. હૉસ્પિટલ ચાલુ ના કરો ત્યાં સુધી બોલવા ના આવતા.

અધ્યક્ષશ્રી : આમાં અંદરોઅંદર આક્ષેપ-પ્રતિઆક્ષેપ ન હોય. આ નિયમ-૧૧૬ની નોટિસ છે. આમાં વધારે ચર્ચા ન હોય.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપનું ધ્યાન દોરું, માનનીય મુખ્યમંત્રીશ્રી સાહેબનું ધ્યાન દોરું.

અધ્યક્ષશ્રી : આ વિષય હવે એ હૉસ્પિટલનો નથી. આ જૂની હૉસ્પિટલની વાત છે.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : સાહેબ આ સંસ્થા એટલી સારી સંસ્થા છે કે આ સંસ્થાએ રાધનપુરમાં ખૂબ સુવાસ ફેલાવી છે. હમણાં જ ૨૦૦૦ વૃક્ષો વાવ્યા છે. આ સંસ્થાએ તમામ લોકો માટે કામ કર્યું છે. જે ભાવથી એમણે જગ્યા આપી છે તો હું આશા રાખું છું કે એ જ ભાવથી એ સારી હૉસ્પિટલ બનાવે અને લોકોની સેવા કરે. હું આપના માધ્યમથી આરોગ્યમંત્રીશ્રીને પૂછવા માગું છું કે મોતિયાના ઓપરેશન માટે રાષ્ટ્રીય અંધત્વ નિવારણ કાર્યક્રમ અંતર્ગત રાજ્ય સરકારે શું કામગીરી કરી છે? અને ફરીથી આપનો આભાર માનું કે આ જેટલા પણ પીડિતો હતા એ બધાની રાજ્ય સરકારે ખૂબ ચિંતા કરી છે. એના માટે શ્રી ભૂપેન્દ્રભાઇ અને શ્રી ઋષિકેશભાઇનો ખૂબ-ખૂબ આભાર.

અધ્યક્ષશ્રી : અંધત્વ નિવારણ અંતર્ગત જે કાંઇ વિગત હોય એ ટૂંકમાં આપજો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય અંધત્વ નિવારણ કાર્યક્રમમાં સમગ્ર દેશમાં પ્રથમ રહ્યું છે અને છેલ્લાં ૧૩-૧૪ વર્ષમાં આપણે ૯૨ લાખ જેટલા ઓપરેશન કર્યા છે એટલે આપણે ૭ લાખ પ્રતિ વર્ષની સરેરાશથી લોકોની આંખો બચાવવાનું કામ કરીએ છીએ. એટલું જ નહિ આર.બી.એસ.કે.ની ટીમ પણ શાળામાં જઇ બાળકોની આંખો તપાસે છે. આંખ તપાસ્યા પછી જો નંબર હોય તો ચશ્માં આપવાનું પણ કામ કરે છે. આપણો અંધત્વનો દર ૦.૭ ટકા હતો તે આજે ૦.૦૩ ટકા એટલે કે ૬૪ ટકાથી ૩૬ ટકા સુધી લાવ્યા છીએ. વર્ષ ૨૦૦૦ પહેલાં કેમ્પ થતાં તે કેમ્પમાં જ ઓપરેશન પણ કરવામાં આવતા હતા. વર્ષ ૨૦૦૦ પછી ગાઇડલાઇન નક્કી કરી કે કેમ્પમાં માત્ર સ્ક્રીનિંગ થાય અને સ્ક્રીનિંગ થયા પછી જ્યાં ઓપરેશન માટે કોઇ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તેવા વાતાવરણમાં ઓપરેશન થવું જોઇએ. મને કહેતાં આનંદ થાય છે કે ગુજરાત રાજ્યમાં રૂ.૭૦થી ૮૦ હજારની નેત્રમણિ સરકાર બિલકુલ મફત આપે છે. બંને આંખે કેટ્રેક્ટ હોય અને અંધત્વ પામી ચૂકેલા ૧૯ હજાર લોકોની દૃષ્ટિ પાછી લાવવાનું કામ આ સરકારે કર્યું છે. જવાબ ખૂબ લાંબો છે પરંતુ મેં ટૂકમાં માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે. અગાઉ જે ટૅક્નિકથી ઓપરેશન કરતા હતા તેના બદલે આજે સરકારી હૉસ્પિટલમાં એડવાન્સ ફેકો મશીનથી ઓપરેશન કરીએ છીએ. ૧૩ વર્ષમાં ૯૨ લાખ લોકોની દૃષ્ટિ પરત લાવવાનું કામ કર્યું છે.

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય આરોગ્ય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ જૂની સંસ્થા છે અને પૂજ્ય રવિશંકર મહારાજે આ સંસ્થાનું ખરેખર ઓપનિંગ કર્યું છે. આદરણીય શ્યામસુંદરભાઇ સેવાભાવી માણસ હતા. તેમણે એક ઉમદા ભાવથી આ વિસ્તારના લોકોને સેવા મળી રહે તેટલા માટે મોટી જગ્યા આપી છે. હમણાં દાદાની શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ હતો ત્યારે બે હજાર વૃક્ષો વાવવામાં આવ્યા. હું અને માનનીય કિરીટભાઇ પણ તે સભામાં ઉપસ્થિત રહ્યા હતા. ડો. કિરીટભાઇ મને હૉસ્પિટલ જોવા લઇ ગયા હતા. આ હૉસ્પિટલના મફતના એક લાખના કાર્ડ વેચાઇ ગયા છે તેમાં હું આવીને શું કરું? ત્યારે તો મને ખબર પડી.

અધ્યક્ષશ્રી : હવે આ વિષય પૂરો કરો. તમે પ્રશ્ન હોય તો પૂછો?

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે હકીકતમાં ત્યાં મફતમાં દવા અને ઓપરેશન કરે છે તો તેના ઓપરેશન ચાલુ થાય. કોઇ દવાના ઇન્ફેક્શનથી લોકોને તકલીફ થઇ તે બદલ આપણે દિલગીર છીએ પણ ઓપરેશન ચાલુ થાય તેવી મારી વિનંતી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં જે ત્રૂટિઓ જોવા મળી છે તેનો ઉકેલ લાવીને, આઉટબ્રેકિંગ પૉલિસી અને ગાઇડલાઇન બનાવીને પછી આગળ કાર્યવાહી કરીશું. તે હૉસ્પિટલ માટે દરેકની લાગણી છે. ચર્ચા દરમિયાન બધાએ લાગણી વ્યક્ત કરી છે પણ ફરીથી આવો બનાવ ન બને તે માટે ટ્રસ્ટ સાથે પણ ચર્ચા કરીશું. માનનીય કિરીટભાઇ, આપ પણ વહેલી તકે હૉસ્પિટલ અને આપના કાર્ડ ચાલુ કરો તેવી મારી વિનંતી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ સંસ્થા પૂજ્ય રવિશંકર મહારાજ સાથે જોડાયેલી છે. હજારો ઓપરેશનો થયેલા છે. પ્રાઇવેટ સંસ્થામાં રૂપિયાનું દાન આપવા માટે પણ જીગર જોઇએ. આ હૉસ્પિટલની સંપૂર્ણ જવાબદારી સરકારશ્રીએ ઉપાડવી જોઇએ. શ્રી કિરીટભાઇ કે શ્રી રઘુભાઇ દેસાઇ જેવા જે આગેવાનો હતા એમણે રૂ.૧૦ કરોડ કરતાં પણ મોટી રકમનું દાન આપ્યું છે. એનું રાજકીય રીતે અવલોકન ન કરવું જોઇએ. શ્રી અલ્પેશભાઇ, તમે ત્યાં બેસીને વાત ન કરો. એટલા માટે કે, દારૂબંધીની વાત તમે કરી હતી, રાધનપુરમાં પાટણ યુનિવર્સિટીની વાત તમે કરી હતી.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, આપ બેસો. આમાં દાન આ સંસ્થા માટે આપ્યું નથી. બધાના ધ્યાન ઉપર રહે એટલા માટે કહું છું. મારે ઇન્ટરફિયર ન થવાય છતાંપણ કહું છું કે, સર્વોદય આરોગ્ય નિધિ સંસ્થા પૂજ્ય રવિશંકર મહારાજની પ્રેરણાથી કેટલાક વડીલોએ ખૂબ સારી રીતે ચલાવી એનો આ ઇસ્યુ છે. એ જ જમીનમાં શ્રી શ્યામસુંદરભાઇનું આયુષ્ય પૂરું થતું હતું ત્યારે એમણે કહ્યું કે મારે અલગ-અલગ પ્રવૃત્તિઓ કરવી છે. આ બહુ કિંમતી જમીન છે. એમણે હૉસ્પિટલ બનાવવા માટે અલગથી જમીન આપી છે. એ બનશે ત્યારની વાત છે. તો આ બંને સંસ્થાઓને આપણે અલગ રાખીએ. માનનીય મંત્રીશ્રીને મારે કહેવું છે કે, બધા જવાબો આવી ગયા છે. મને સંતોષ છે કે, સરકારની કામગીરીનો કોઇ સભ્યશ્રીએ વિરોધ કર્યો નથી. આ સર્વોદય આરોગ્ય નિધિની કામગીરી માટે બધાને સહાનુભૂતિ રહી છે.

**માગણીઓ પર ચર્ચા અને મતદાન(પાંચમો દિવસ)**

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**માગણી ક્રમાંક-૨**

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ(રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૧,૬૯,૬૪,૪૮,૦૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૪૫,૫૭,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.**

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**માગણી ક્રમાંક-૩**

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ(રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ. ૧૫,૧૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.**

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**માગણી ક્રમાંક-૪**

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ(રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ. ૧૫,૮૮,૧૨,૦૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૪,૩૭,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૪ રજૂ કરવામાં આવી.**

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**માગણી ક્રમાંક-૬**

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : (રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી):માનનીય અધ્યક્ષશ્રી, હું મત્સ્યોદ્યોગને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૬,૫૪,૭૯,૦૦,૦૦૦ /-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૬,૦૫,૯૭,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૬ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરવામાં આવી.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.

**માહિતી અને પ્રસારણ વિભાગ**

**માગણી ક્રમાંક-૫૪**

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : (રાજ્યકક્ષાના માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૨,૮૫,૮૬,૦૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૬૬,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૫૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૫૪ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**

**માગણી ક્રમાંક-૭૫**

શ્રી જગદીશ વિશ્વકર્મા : (રાજ્યકક્ષાના બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૭૬,૭૦,૦૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧૫,૪૩,૦૦,૦૦૦/- માગણી ક્રમાંક-૭૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૭૫ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી.

## તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પાંચમો દિવસ )

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરવામાં આવી.

**સન૨૦૨૪–૨૦૨૫ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી**

| અ.નં. | મુખ્યસદરઅનેસંદર્ભ | કાપદરખાસ્તરૂ. | વિષય | પ્રભારીસભ્યશ્રી |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| | | | **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**<br>**માગણીનં .૨** | |
| ૧ | ૨૪૦૧ –પાક...વ્યવસ્થા<br>૦૦૧ –નિર્દેશ અને વહીવટ<br>૦૮–પ્રધાનમંત્રી...પ્રોત્સાહન<br>રૂ .૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩,<br>પાનાનં .૨૪ | ૧૦૦ | કૃષિ વિકાસ યોજના પી.કે.વી.વાય હેઠળ રાજ્યના ખેડૂતોને પૂરતો લાભ આપવામાં તંત્રનીનિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| ૨ | ૨૪૦૧ –પાક...વ્યવસ્થા<br>૧૦૩–બિયારણ<br>રૂ .૪૭,૮૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩,<br>પાનાનં .૨૮ થી ૩૧ | ૧૦૦ | ખેડૂતોનેગુણવતાયુક્ત બીજ મળી રહે તે માટે બીજગ્રામયોજના હેઠળ ખેડૂતોને સમયસર ગુણવત્તાયુક્ત બીજ મળી રહે તેવી કામગીરી કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |
| ૩ | _ _ " _ _ | ૧૦૦ | રાજયમાં પ્રતિબંધિત એવા નકલી બિયારણનું વેચાણ થતું અટકાવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| ૪ | ૨૪૦૧ –પાક...વ્યવસ્થા<br>૧૦૫–ખાતર અને રાસાયણીક ખાતર<br>રૂ .૬,૦૫,૯૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩,<br>પાનાનં .૩૨ થી ૪૨ | ૧૦૦ | ખેતી માટેના બિયારણ અને જંતુનાશક દવાઓના વધતા જતા ભાવો પર નિયત્રણ રાખવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| ૫ | ૨૪૦૧–પાક...વ્યવસ્થા<br>૧૦૯–વિસ્તરણ...તાલીમ<br>રૂ .૫,૬૯,૪૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩,<br>પાનાનં .૪૮ થી ૫૩ | ૧૦૦ | દૂરદર્શન દ્વારા પ્રસારિત થતાં ખેતીવાડી અંગેનામાર્ગદર્શક કાર્યક્રમો ખરા અર્થમાં લોકભોગ્ય બની રહે તેવું આયોજન કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી જીગ્નેશ મેવાણી |
| ૬ | ૨૪૦૧ –પાક...વ્યવસ્થા<br>૧૧૦ –પાક વિમો<br>૦૮ –કુદરતી...સહાય<br>રૂ .૧,૫૦,૦૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩,<br>પાનાનં .૫૪ થી ૫૬ | ૧૦૦ | ખેડૂતોને પાક નુકસાનના વળતરની ચૂકવણીમાં વિમા કંપનીને એજન્ટ બનાવવાને બદલે કૃષિ વિભાગની મદદથી સીધી ચૂકવણીની પધ્ધતિ અપનાવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા |
| ૭ | ૨૪૦૧ –પાક...વ્યવસ્થા<br>૧૧૦ –પાક વિમો<br>૦૮ –કુદરતી...સહાય<br>રૂ .૧,૫૦,૦૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩,<br>પાનાનં .૫૪થી ૫૬ | ૧૦૦ | કુદરતી આફતો સામે ખેડૂતોનાપાકને થતા નુકસાન અંગેના સર્વેમાં થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ )દિનેશભાઈ ઠાકોર( |
| ૮ | _ _ " _ _ | ૧૦૦ | ખેડૂતોના પાકને માવઠાથી થયેલ નુકસાન અંતર્ગત ચૂકવવાની થતી વળતરની પૂરેપૂરી રકમ સત્વરે ચૂકવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી કિરીટકુમાર પટેલ )ઉમેશભાઇ મકવાણા( |
| ૯ | _ _ " _ _ | ૧૦૦ | ખેતરોમાં પાક ન હોવા છતાં માવઠાથી થયેલ પાકનુકસાન અંતર્ગતની સહાય યાદીમાં સ્થાન આપનાર જવાબદારો સામે પગલા લેવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અરવિંદભાઇ લાડાણી |
| | | | **માગણીનં .૩** | |
| ૧૦ | ૨૪૦૨–ભૂમિ...સંરક્ષણ | ૧૦૦ | દરેક જિલ્લામાં મોજણી તંત્રના પૂરતા મહેકમના અભાવે | ડૉ .તુષાર ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૧–ભૂમિ...ચકાસણી<br>૦૧–ભૂમિ...મહેકમ<br>રૂ .૯,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩,<br>પાનાનં .૮૯ | | જમીન ચકાસણીમાં પડતી મુશ્કેલીઓ દૂર કરવામાં તંત્રનીનિષ્ફળતા. | |
| **માગણીનં .૪** | | | | |
| ૧૧ | ૨૪૦૩–પશુપાલન<br>૧૦૧–પશુચિકિત્સા..આરોગ્ય<br>૦૪–પશુ..સેવાઓ<br>રૂ.૨,૮૮,૧૩,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩,<br>પાનાનં .૯૫ થી ૯૭ | ૧૦૦ | દરેક તાલુકાઓમાં પશુઓની સારવાર માટે પૂરતી સંખ્યામાં હરતા ફરતા પશુ દવાખાના શરૂ કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| ૧૨ | _ _ " _ _ | ૧૦૦ | પશુ દવાખાનાઓમાં પશુઓની સારવાર માટે પૂરતી વૈદકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| ૧૩ | ૨૪૦૩–પશુપાલન<br>૧૧–એએનએચ–૧૪<br>ગૌસેવા...કાર્યક્રમો<br>રૂ.૫,૦૦,૫૩,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩,<br>પાનાનં .૧૦૯ | ૧૦૦ | ગૌ સેવા અને ગૌચરના વિકાસ માટે નક્કરકામગીરી કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| **માગણીનં .૬** | | | | |
| ૧૪ | ૨૪૦૫ –મત્સ્યોદ્યોગ<br>૦૦૧–નિર્દેશન અને વહીવટ<br>૦૧...18–FSH–અધિકારીઓ<br>રૂ .૩૩,૨૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩,<br>પાનાનં .૧૩૫ અને ૧૩૬ | ૧૦૦ | માછીમારોને વિવિધ પેકેજ અને યોજનાઓના પૂરતા લાભો–સુવિધા આપવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૧૫ | ૨૪૦૫ –મત્સ્યોદ્યોગ<br>૦૦૧–નિર્દેશન અને વહીવટ<br>૦૧...18–FSH–અધિકારીઓ<br>રૂ .૩૩,૨૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩,<br>પાનાનં .૧૩૫ અને ૧૩૬ | ૧૦૦ | રાજ્યના બંદરગાહવિસ્તારોના માછીમારોને માળખાકીય પાયાની સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અરવિંદભાઇ લાડાણી |
| ૧૬ | _ _ " _ _ | ૧૦૦ | કેન્દ્ર સરકાર તરફથી મળતી સહાય અંતર્ગત ફીશ કલચર જેવા સાધનોની ખરીદીમાં થયેલ નાણાકીય ગેરરીતિની તપાસ કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |
| ૧૭ | ૨૪૦૫–મત્સ્યોદ્યોગ<br>૧૦૧–આંતરદેશીય મત્સ્યોદ્યોગ<br>રૂ .૮,૭૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩,<br>પાનાનં .૧૩૭ અને ૧૩૮ | ૧૦૦ | રાજયના જળાશયોના ક્ષેત્રફળોમાં ફેરફારો દ્વારા ગેરરીતી આચરીને અપાતા માછીમારીના ટેન્ડરોની તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી કિરીટકુમાર પટેલ |
| ૧૮ | _ _ " _ _ | ૧૦૦ | કેન્દ્ર સરકારના હરીયાળી ક્રાંતિ અભિયાન અંતર્ગત રાજયમાં મત્સ્ય ઉછેર માટેના ફિશ કેજ કલ્ચરમાં થયેલ નાણાકીય ગેરરીતીની તપાસ કરી શિક્ષાત્મક પગલાં લેવામાંતંત્રનીનિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| ૧૯ | ૨૪૫૬ –મત્સ્યોદ્યોગ<br>૧૦૩ –દરિયાઇ મત્સ્યોદ્યો<br>રૂ.૫,૫૦,૪૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩,<br>પાના નં.૧૪૦ થી ૧૪૪ | ૧૦૦ | માછલીઓની જાળવણી માટે નજીકમાંપૂરતા કોલ્ડ સ્ટૉરેજની વ્યવસ્થા કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી દિનેશભાઇ ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦ | _ _ " _ _ | ૧૦૦ | પાકિસ્તાન મરીન્સ દ્વારા રાજયના માછીમારોના થતા અપહરણ અટકાવવા માટે તેમને પૂરતી સુરક્ષા આપવામાં તંત્રનીનિષ્ફળતા. | ડૉ .તુષાર ચૌધરી |
| ૨૧ | _ _ " _ _ | ૧૦૦ | ડીઝલ ક્વોટા અને સરકારી સહાયતાડ્રો પધ્ધતિના કારણે દરેક માછીમારોને પૂરતો લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી ઇમરાન ખેડાવાલા |
| ૨૨ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યના માછીમારો માટે સહકારી ધોરણે બોટ બાંધવાની એન.સી.ડી.સી .સહાય યોજના શરૂ કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| **માહિતી અને પ્રસારણ વિભાગ**<br>**માગણીનં .૫૪** | | | | |
| ૨૩ | ૨૨૨૦–માહિતી અને પ્રચાર<br>૦૧ –ચલચિત્રો<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ .૨,૮૨,૩૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪<br>પાનાનં .૧૭ અને ૧૯ | ૧૦૦ | માહિતી ખાતા દ્વારા સરકારીજાહેરાતો પાછળ થતા બિનજરૂરી ખર્ચાઓને અટકાવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૨૪ | ૨૨૨૦–માહિતી અને પ્રચાર<br>૦૧ –ચલચિત્રો<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ .૨,૮૨,૩૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪<br>પાનાનં .૧૭ અને ૧૯ | ૧૦૦ | જાહેર માર્ગો નજીક લગાવેલ સરકારી કાર્યક્રમોના જાહેરાતોના હોર્ડીંગ્સ કાર્યકમ પૂર્ણ થયા બાદ તુરતહટાવી લેવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જીગ્નેશ મેવાણી |
| ૨૫ | _ _ " _ _ | ૧૦૦ | માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતા દિવાળી અંકો પાછળ કરવામાં આવતો વ્યાપક ખર્ચ નિવારવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રીઅનંતકુમાર પટેલ |
| ૨૬ | _ _ " _ _ | ૧૦૦ | માહિતીના પ્રકાશનો ઉંચી કિંમતથી ખાનગી પ્રેસોમાં છપાવવાને બદલે સરકારી પ્રેસમાં છપાય તેવું આયોજન કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| ૨૭ | _ _ " _ _ | ૧૦૦ | માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થતા સરકારી પ્રકાશનોની સમયસર વહેચણી કરાવવામાં તંત્રની ઉદાસીનતા . | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| **બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**<br>**માગણીનં .૭૫** | | | | |
| *૨૮ | ૩૦૫૧–બંદરો અને દીવાદાંડી<br>૦૨–નાના બંદરો<br>૧૦૨–બંદર વ્યવસ્થાપન<br>રૂ .૭૩,૭૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦<br>પાનાનં .૧૨ | ૧૦૦ | રાજ્યના નાના બંદરોનો આયોજનપૂર્વક વિકાસ કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી ઉમેશભાઇ મકવાણા |
| ૨૯ | _ _ " _ _ | ૧૦૦ | મેરીટાઇમ બોર્ડના મંજૂર મહેકમના કર્મચારીઓને ચૂકવાતા પગારની સરખામણીએ આઉટસોર્સીંગના કર્મચારીઓને વધુ ચૂકવાતા પગાર અંગેની ફરિયાદો નિવારવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| ૩૦ | _ _ " _ _ | ૧૦૦ | બોટોની અવર જવરની સરળતા માટે જરૂરી ડ્રેર્જીંગની કામગીરી સમયસર પૂર્ણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા |

* આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નથી.

## માઘ ૩૦, ૧૯૪૫ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પાંચમો દિવસ )

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદર, કૃષિ અને મત્સ્યોદ્યોગ વિભાગ વિશેની મારી વાત રજૂ કરવા માગું છું.

મારા ૯૦ સોમનાથ વિધાનસભામાં વેરાવળ મુકામે રૂ.૨૬૨ કરોડની જેટીનું કામ મંજૂર થયેલું છે. આ કામ આર.કે.સી. પ્રોજેક્ટ લિમિટેડ વિશાખાપટ્ટનમ કંપનીને મળેલ છે. જયારે કામ ચાલુ હતુ ત્યારે મેં ત્યાં રૂબરૂ મુલાકાત લીધેલી હતી. એ સમયે ત્યાં ટેટ્રાપૉડ બ્લોક અને કૉંક્રિટનું ઘણું કામ થતું હતું. રૂબરૂ મુલાકાત દરમિયાન મારા ધ્યાનમાં આવેલું કે આ કામ ખૂબ જ ખરાબ રીતે થઇ રહ્યું હતું. કારણ કે, આ ટેટ્રાપૉડ બ્લોક અને કૉંક્રિટના કામોમાં જે કૉંક્રિટ ભરાતું હોય અને જે ટેટ્રાપૉડ બનતા હોય તે બહારથી દેખાવમાં સરસ લાગતાં હોય છે, પરંતુ અંદરથી સંપૂર્ણપણે ખોખલા હોય છે. કારણ કે તેમાં વાઇબ્રેટર મશીનનો ઉપયોગ કરવામાં આવતો ન હતો. એના કારણે બહુ ઓછા પ્રમાણમાં એમાં કૉંક્રિટ જતું હોય છે. આવી જ રીતે માંગરોળ તાલુકામાં પણ બંદર ઉપર આ રીતે ટેટ્રાપૉડ બનેલા હતા, જે બહારથી સારા દેખાતા હતા અને અંદરથી ખોખલા હતા તેમજ એક વર્ષમાં જ દરિયાના મોજાથી તૂટી ગયા અને સંપૂર્ણ રીતે માંગરોળ જેટી ઉપર નુકસાન થયું હતું. આજે એવી જ પરિસ્થિતિમાં વેરાવળ મુકામે ટેટ્રાપૉડ બ્લોક અને કૉંક્રિટનું કામ થઇ રહ્યું છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, તાત્કાલિક ધોરણે આ બંદર ઉપર ગાંધીનગરથી અધિકારીઓની ટીમ મૂકવામાં આવે. મેં વેરાવળ બંદરના મુખ્ય અધિકારી અને ટીમને અવારનવાર જાણ કરી છતાં હજી તેમાં એ જ પરિસ્થિતિએ કામ થઇ રહ્યું છે. ખાસ કરીને બંદર ઉપર બે નાના પુલ આવેલા છે, જેમાં રો–મટિરિયલ્સની જરૂર પડતી હોય છે.એમાં જેટીનાં કામ માટે જે રો–મટિરિયલની જરૂર પડતી હોય છે, જેમ કે રેતી છે, કાળા પથ્થર છે, માટી છે. એ સિવાય અન્ય વસ્તુઓની જરૂર પડતી હોય છે. આ બધી જરૂરિયાતો માટે ત્યાં હેવી વાહનો આવતાં હોય છે. ત્યાં બંદરની અંદર જે નાના નાના પુલિયા બનેલા છે, તે બહુ જર્જરિત હાલતમાં છે. કારણ કે અત્યારે હાલમાં મુખ્ય રસ્તો એ જ છે. ત્યાં વેરાવળથી પાટણ ભીડિયાના જવું હોય તો મુખ્ય રસ્તો એ એક જ છે. બંદરમાંથી જઇ શકાય. કેમ કે આજુબાજુમાં ત્યાં બીજાં કામ ચાલુ છે. એના કારણે એમ્બ્યુલન્સ માટે પણ પાટણ હોય, ભીડિયા હોય, કે આજુબાજુનાં ગામડાં હોય. તેને મુખ્ય હોસ્પિટલ સિવિલ હોસ્પિટલ હોય કે અન્ય હોસ્પિટલે વેરાવળમાં જવું હોય તો આ જ રસ્તાનો ઉપયોગ કરી શકે અને હેવી વાહનોના કારણે ગમે ત્યારે એ પુલ તૂટી શકે. પુલ તૂટવાના કારણે કોઇના પણ મૃત્યુ થઇ શકે તેમ છે.

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અવારનવાર બંદરના અધિકારીઓને પણ જાણ કરવામાં આવેલી કે આ હેવી વાહનોને અટકાવવામાં આવે. એ જાણ મેં ત્યાંના કલેકટરશ્રી, એસ.પી.શ્રી, ત્યાંના આર.ટી.ઓ. અધિકારી, ખનિજના અધિકારી અને ત્યાંના વેરાવળના પ્રાંત અધિકારીને પણ જાણ કરવામાં આવેલી. છતાં પણ આજ દિન સુધી હેવી વાહનો ત્યાં આવે છે અને હેવી વાહનો ત્યાં આવે છે એના કારણે ગમે ત્યારે તે પુલ પણ તૂટી જાય તેવી શક્યતા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખનિજ વિભાગને મેં જાણ કરતાં ત્યાં જે હેવી વાહનો લઇને આવતાં હતાં અને માલ સ્ટોર કરતા હતા. તે માલ જયાં સ્ટોર થતો હતો, ત્યાં ખનિજ વિભાગ દ્વારા ત્યાં ચેકિંગ કરવામાં આવ્યું, ત્યારે ત્યાં સ્ટોકની મંજૂરી લેવામાં આવી નહોતી અને એમને એમ ત્યાં મોટા પાયે બંદરના અધિકારી દ્વારા જે જગ્યા ત્યાં ફાળવવામાં આવી હતી અને ત્યાં મોટા પાયે ખનિજ ચોરી પણ પકડવામાં આવી. ખનિજ વિભાગના અધિકારીઓ દ્વારા ત્યાં ૫ લાખ અને ૨૬ હજાર રૂપિયાનો દંડ પણ એમને કરવામાં આવ્યો. આર.ટી.ઓ. ઓફિસર દ્વારા જે હેવી વાહનો પકડવામાં આવ્યાં, તેવાં ૨૧ ઓવરલોડેડ વાહનોને દંડ કરવામાં આવ્યો. ખનિજ વિભાગને પણ લેખિતમાં આપવામાં આવ્યું કે જે ઓવરલોડેડ વાહનો હતાં તેની રોયલ્ટી પણ નહોતી. એટલે રોયલ્ટીની ચોરી પણ કરેલી છે તેવું આર.ટી.ઓ.ના અધિકારીઓ દ્વારા ખનિજ વિભાગને પણ જણાવવામાં આવેલું. આના કારણે આ ખનિજ ચોરી જે થઇ રહી છે, એ બંદરની ત્યાં મુખ્ય ઓફિસ છે તેની સામે જ થઇ રહી છે. બંદરના અધિકારીને પણ વારંવાર જાણ કરવામાં આવેલી, છતાં પણ દંડ કરવામાં આવ્યા પછી પણ તેનાથી વધુ ખનિજ ચોરી ચાલુ થઇ છે. વધારે ઓવરલોડ વાહનો પણ ચાલુ થયાં છે. બંદરના અધિકારીઓની મીઠી નજર નીચે આ સંપૂર્ણ રીતે આ ત્યાં જોવામાં આવે છે. તેમને મેં જાણ પણ કરી. બંદરના અધિકારીઓ દ્વારા આ રોકવાના બદલે તેમની મીઠી નજર નીચે જે ખનિજ ચોરી ચાલી રહી છે. એ જગ્યા બંદરની જગ્યા છે. ત્યાં એ બંદરની જગ્યામાં ખાસ કરીને જે બોટ રાખવા માટે માછીમારોને જગ્યા નથી. એના માટે ૪૦ વર્ષ પછી આ જેટીની ક્ષમતા વધારવા માટેનું કામ મંજૂર કરવામાં આવેલું છે. એ કામ જે મંજૂર કરવામાં આવેલું છે અને ખાસ કરીને ત્યાં બોટ રાખવા માટેની જગ્યા નથી. બંદરના જેટીના અધિકારી દ્વારા એ જગ્યા ત્યાં ફાળવવામાં આવી એટલે વધારે ટ્રાફિક ત્યાં થાય છે અને એ જ જગ્યા પર ખનિજ ચોરી થાય છે. એક બે વાર દંડ કરવા છતાં પણ અને બંદરના અધિકારીને ખ્યાલ હોવા છતાં પણ એ ચોરી ચાલુ રહેવા દીધી છે. બંદરના મુખ્ય અધિકારીઓની મીઠી નજર નીચે આ ચાલી રહ્યું છે. તો ખાસ કરીને બંદરના અધિકારીઓ ઉપર એફ.આઇ.આર. કરવામાં આવે. આની જાણ મેં મેરીટાઇમ બોર્ડના કમિશનરશ્રી, ગાંધીનગરને પણ અવારનવાર કરેલ છે. છતાં પણ આ વસ્તુ ચાલી રહી છે. ત્યાં ખૂબ નબળા પાયે કામ ચાલી રહ્યું છે. ખનિજ ચોરી થઇ રહી છે. ઓવરલોડ વાહનો ચાલી રહ્યાં છે. પુલ નબળા હોવા છતાં પણ જોખમે આ કામ ચાલી રહ્યું છે. તેથી ગાંધીનગરની ટીમ અહીંયા મૂકવામાં આવે અને તાત્કાલિક તપાસ કરવામાં આવે અને જે જે કામ નબળું થયું છે. આર.કે.સી. પ્રોજેકટ લિમિટેડ કંપની જે છે તેના પર એકશન લેવામાં આવે. તેને બ્લેક લિસ્ટ કરવામાં આવે અને તેની ડિપોઝિટ પણ જપ્ત

કરવામાં આવે. જો આ ગાંધીનગરની ટીમ સ્પેશ્યલ કેસમાં ત્યાં જાય તો એમને સંપૂર્ણ રીતે આ જોવા મળે. કેમ કે અવારનવાર મેં આ જોયું છે. ફરિયાદ સમિતિમાં પણ લીધું છે. તમામ અધિકારીઓને પણ જાણ કરી છે. છતાં પણ આ અટકાવવામાં નથી આવતું. ખાસ કરીને હવે હું મત્સ્યોદ્યોગ વિશે વાત કરવા માગું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય વિમલભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલા.

શ્રી મહેશ કસવાલા(સાવરકુંડલા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મત્સ્યોદ્યોગ પરની માગણી લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલા લોકોને માનવીય અભિગમથી રાજયની સરકારે મદદ કરવાની જે ભાવના છે એને હું બિરદાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માછીમારો જખૌ સામેના ફળદ્રૂપ મત્સ્યોદ્યોગ વિસ્તારની અંદર માછીમારી કરવા જાય છે. આ વિસ્તાર આંતરરાષ્ટ્રીય જળ સીમાથી બિલકુલ નજીક છે. માછીમારી દરમિયાન તેઓ આંતરરાષ્ટ્રીય જળ સીમા નજીક જતા રહે અને પાકિસ્તાન મરીન સિકયોરિટી એજન્સી દ્વારા પકડવાના અનેક બનાવો બને છે અને જેને મુકત કરાવવાની વિગત મારે આ ગૃહની સમક્ષ મૂકવી છે. સન ૧૯૯૪–૯૫થી સન ૨૦૨૩–૨૪ આજ દિવસ સુધી પાકિસ્તાન સત્તાવાળાઓ દ્વારા પકડવામાં આવેલા કુલ ૭૮૮૬ માછીમારો પૈકી ૭૬૭૮ માછીમારોને પાકિસ્તાનની કસ્ટડીમાંથી મુકત કરાવવાનો શ્રેય આ ભારતીય જનતા પાર્ટીની રાજય સરકારને જાય છે. માછીમાર સમાજ આ કેવો સમાજ છે, શેના માટેની આ યોજના છે, શેના માટેનું આ બજેટ છે? મને કહેવાનું મન થાય છે કે આ સમાજ છે એની પાસે કંઇ બહુ મોટી આજીવિકા નથી. એમની પાસે કમાવા માટેના કોઇ મોટા સંસાધનો નથી. મારો માછીમાર ભાઇ એ દરિયાદેવની પૂજા કરીને સિઝન ચાલુ થાય એટલે દરિયાઇ માર્ગે દરિયાની અંદર જાય છે. ઉપર આકાશ અને નીચે ધરતી, એનો સહારો કોઇ હોતું નથી. એવું જોખમ વેઠી અને જે માછીમારો પોતાના પરિવારનું પરિવહન કરવા માટે, પોતાના પરિવારનો નિર્વાહ કરવા માટે, પોતાના ઘરમાં રહેલ બાળકોના મોંઢામાં અન્નનો ટુકડો જાય એના માટે કાળી મજૂરી કરે છે. એના માટેની આ બજેટમાં માગણી લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે. સરકારનો માનવીય અભિગમ કેવો હોય છે કે જે પ્રકારે સન ૧૯૯૫થી માછીમારો વિદેશની ધરતીની જેલમાં જતા હતા, કઠોર જેલમાં યાતનાઓ વેઠતા હતા એમના માટે ગુજરાતની રાજય સરકારે એમનાં બાળકોના મોંઢામાં અન્નનો ટુકડો મૂકવાનું કામ કર્યું છે. રોજની ૫૦ રૂપિયાની સહાયથી ચાલુ કર્યું હતું. મને કહેતા આનંદ થાય છે કે સન ૨૦૦૩–૦૪ની અંદર જે પાકિસ્તાનમાં માછીમારોને પકડવામાં આવ્યા હતા એમના ઘરે દૈનિક રૂ.૫૦ની સહાયની શરૂઆત કરી હતી. દૈનિક ભથ્થું ચૂકવવાની શરૂઆત કરી. સન ૨૦૧૩માં એ ભથ્થાની અંદર વધારો કરી રૂ.૧૫૦ કરવામાં આવ્યો અને અમારી સરકારે એનાથી પણ વધુ રૂપિયા ૧૫૦થી વધારો કરી રૂ.૩૦૦ દૈનિક ભથ્થું એમને આપ્યું છે. કારણ એ કે એમની પાસે આજીવિકાનું કોઇ સાધન નથી. વ્યકિત જયારે દરિયો ખેડવા જાય, જયારે માછીમારી કરવા માટે જાય ત્યારે એને ખબર નથી કે એ પાછો કયારે આવશે. મેં કહ્યું એમ નીચે દરિયો અને ઉપર આકાશ. એ જોખમની વચ્ચે એ એક દિવસે પાછો આવશે, બે દિવસે પાછો આવશે, ૧૫ દિવસે પાછો આવશે એ એના પરિવારને ખબર નથી હોતી. એ અભણ લોકો હોય એને આંતરરાષ્ટ્રીય દરિયાની સીમા, સમુદ્રની સીમા કયાં હોય છે એ એને ખબર નથી હોતી. પરિણામે ઘણી વખત કેટલાક લોકો પરિવારે જીવંત આશા સાથે મોકલ્યા હોય છે કે આવતી કાલે પોતાન ધંધા રોજગારનો મસ્ત્યનો સ્ટોક લઇને ઘરે આવશે, બે દિવસ પછી આવશે, ૧૫ પછી આવશે, એની સાથે કોમ્યુનીકેશન કરવા માટે કોઇ વ્યવહાર ના હોય અને પરિણામે વર્ષો સુધી પાકિસ્તાન જેવા દુશ્મન દેશની જેલમાં સડ્યા રહેતા હોય એવા લોકોના ઘરે ૩૦૦ રૂપિયા બહુ મોટી રકમ નથી, પણ એના ઘરની અંદર કોઇ ભૂખ્યું ન સૂવે, એનાં બાળકોનું ભવિષ્ય ન બગડે, એનાં બાળકોના ભવિષ્યની સાથે સાથે એની આશા છીનવાઇ ના જાય એના માટે રાજય સરકાર જે પ્રકારે પૂણ્યનું કામ કરી રહી છે. હું ગર્વ સાથે કહી શકું કે આ માગણી છે એ કાપ દરખાસ્ત માટેની માગણી નથી. આ દરખાસ્ત છે એ વધારે આપવા માટેની છે. એટલા માટે હું મારો સંપૂર્ણ ટેકો એને આપું છું. ગુજરાત રાજયનો ૧૬૦૦ કિલોમિટરનો દરિયાકિનારો છે. આપણી મોટી સંપદા છે એની સામે ખંડીય છાજલી આપણી ૧.૬૪ લાખ ચોરસ કિલોમીટર છે. જુદાજુદા પ્રકારની અનેક સમૃદ્ધ માછલીસભર આપણી મત્સ્ય સંપદા છે. રાજયની અંદર યંત્રીકરણ જે પ્રકારનું થયું, માછીમારોના વ્યવસાયમાં કાર્યરત જે લોકો છે એના કારણે આ યંત્રીકરણને કારણે માછીમારી ઉદ્યોગના ઉત્પાદનમાં વધારો થયો છે. બોટોની સંખ્યામાં સરકારની સકારાત્મક નીતિને કારણે મોટો વધારો થયો છે. મને કહેતાં આનંદ થાય છે કે દરિયાઇ મત્સ્યોદ્યોગ તળે લાઇફ સેવિંગ ઇક્વિપમેન્ટની ખરીદી હોય, કે બોટોને ચાર ઇંચની ગીલનેટની ખરીદી હોય, બોટ માલિકને નવા ડીઝલ એન્જિનની ખરીદી હોય, નાના માછીમારોને ઓ.બી.એમ.ની ખરીદી હોય, માછલીઓને આરોગ્યપ્રદ હાઇજેનિ કન્ડિશનમાં જાળવણી માટે જમ્બો પ્લાસ્ટિક કેરેટની ખરીદી હોય, રાજયની સરકાર ઉદાર હાથે તેમને સહાય આપે છે.આ ઉપરાંત મત્સ્ય સંપદા, જે શિકાર કરીને લાવેલી માછલીઓના સ્ટોરેજ માટે નવો પ્રોસેસિંગ પ્લાન્ટ સ્થાપવો હોય કે નવા આઇસ પ્લાન્ટની સ્થાપના હોય તો રાજય સરકાર એના માટે પણ ખૂબ ઉદાર હાથે આ લોકોને મદદ કરવા ખૂબ મોટી સહાય આપે છે. માછીમારોની સુરક્ષા હેતુથી લાઇફ બોટ વીજ એન્શિલિયરી ઇક્વિપમેન્ટની ખરીદી પર સહાય માટે વર્ષ ૨૦૨૪–૨૫ માટે નવી બાબતો લઇને બજેટમાં વધારો કરવામાં આવ્યો છે. દરિયાઇ માછીમારોના સ્વાવલંબન, વિકાસ અને આજિવિકા માટે વર્ષ ૨૦૨૪–૨૫ની નવી બાબત તથા ચાલુ બાબત મળીને રૂપિયા ૫૭.૧૬ કરોડની જોગવાઇ કરી છે. રાજ્યના માછીમારોને કોસ્ટલ સિક્યોરિટીના સંદર્ભમાં

માહિતગાર કરવા, એમને ખબર હોતી નથી કે આંતરરાષ્ટ્રીય જળસીમા ક્યાં હશે. એના માટે અનેક અવેરનેશ કાર્યક્રમો યોજી એમની જાણકારીમાં વધારો કરવામાં આવે છે. નો ફિશિંગ ઝોન ક્યાં છે એની જાણકારી આપવામાં આવે છે. કોસ્ટલ સિક્યોરિટીની દૃષ્ટિએ માછીમારોની ઓળખ માટે રાજયની સરકારે બાયોમેટ્રિક કાર્ડની યોજના તળે ૧ લાખ ૬૮ હજાર ૮૯૫ માછીમારોને કાર્ડનું વિતરણ કરી માછીમારોની સેવાનું ખૂબ મોટું સેવાનું કામ કર્યું છે. ૨૦ મિટરથી ઓછી લંબાઇની માછીમારી કરતી યાંત્રિક હોડી વાપરતા હાઇસ્પીડ ડીઝલ એન્જિન પર વેચાણવેરા રાહત યોજના તળે સને ૨૦૨૨-૨૩ દરમિયાન ડીઝલ કાર્ડ ધારક બોટ માલિકોને રૂપિયા ૨૪,૯૬૮.૫૫ લાખની ડીઝલ વેટ રાહતની સહાય આ રાજ્ય સરકારે આપી છે. આવા પ્રકારના માછીમારો માટે રાજ્ય સરકાર જે પ્રકારની યોજનાઓ માટે જે બજેટની માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સંપૂર્ણ સમર્થન આપું છું. ધન્યવાદ.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, સહકાર એ કૃષિ માટે અતિ મહત્ત્વનું છે અને કૃષિનું જ્યારે કામ ચાલતું હોય ત્યારે ઇઝરાયલ પદ્ધત્તિથી ગુજરાતની અંદર આપણા મુખ્યમંત્રીશ્રી અને કૃષિ મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે ઇઝરાયલ પદ્ધત્તિથી ગુજરાતમાં ખેતી થઇ રહી છે. જેના પરિણામે આવકો દોઢી અને ડબલ થઇ રહી છે. શાકભાજી, ઘરૂ વાવેતર બધું આધુનિક પદ્ધતિથી કરવામાં આવે છે. જેના લીધે બગાડ ઓછો થાય છે. ખેડૂતોને નવી નવી ટેકનોલોજીનો લાભ મળે તે હેતુથી રાજ્યમાં હાલ ૭ સેન્ટર ઓફ એક્સલન્ટ નવનિર્મિત પામી રહેલા છે. રાજ્યમાં કાર્યરત સેન્ટર ઓફ એક્સલન્ટ દ્વારા ચાલુ કરવામાં આવ્યા છે. ૧ કરોડ ૮ લાખથી વધુ શાકભાજી, ફળ, ફૂલ અને ૬૦ હજાર જેટલી કલમોનું ઉત્પાદન કરવામાં આવ્યું છે. મને કહેતા આનંદ થાય કે ૭૨ હજારથી વધુ ખેડૂતો અને મહિલાઓને બિયારણ બાબતમાં કયું બિયારણ વાપરવું, ક્યારે વાપરવું, શું વાપરવું એની માહિતી આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ૫૦૬ તેમજ ચાલુ વર્ષે ૫૬૭ જેટલા સામાન્ય અનુસૂચિત જાતિ તથા જનજાતિના ખેડૂતો અને વિદ્યાર્થીઓને અને રસ ધરાવતા તમામ નાગરિકો તેમજ જમીન વિહોણા ખેતમજૂરોને બાગાયતી કૌશલ્યવર્ધક માહિતી આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૪-૨૫માં ગાંધીનગર ખાતે ૨ તેમજ દાહોદ, અમરેલી અને થરાદ ખાતે એક એક એકમ એમ કુલ ૫ નવા એક્સલન્ટ પ્લાન્ટ શરૂ થયા. આનો ખર્ચ લગભગ ગણીએ તો ૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. વધુમાં, રાજ્યમાં શાકભાજીનું વાવેતર વધે અને ખેડૂતોને પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકાર દ્વારા ટીશ્યુ પ્લાન્ટેશન, ટેકા મંડપ, હાઇબ્રિડ બિયારણ જેવા ઘટકોમાં સહાય આપવામાં આવે છે, એના માટે હું સરકારને અભિનંદન આપું છું. આદિજાતિના ખેડૂતોને વિનામૂલ્યે કીટ પણ વિતરણ કરવામાં આવે છે. શાકભાજીના પાકના વાવેતરના વધારા માટેના કાર્યક્રમ અંતર્ગત શાકભાજી બિયારણ, હાઇબ્રિડ પ્લાન્ટ માટે વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૮,૨૨૯ જેટલા લાભાર્થીઓને રૂ.૧૭ કરોડ ૬૮ લાખની સહાય આપવામાં આવી છે જેથી સરકારને હું અભિનંદન આપું છું તેમજ ચાલુ વર્ષે ૧૦,૦૭૫ જેટલા લાભાર્થીઓને ૫,૧૬૭ હેકટરમાં રૂ.૧૦ લાખ ૭ હજારની સહાય આપવામાં આવી છે. વાવેલા શાકભાજીના પાકોમાં ટેકા મંડળ વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન મને કહેતા આનંદ થાય છે કે, ૯,૯૯૧ જેટલા લાભાર્થીઓને ૩૮,૦૨૧ હેકટર વિસ્તારમાં રૂ.૧૨ કરોડ ૩૭ લાખની એમને મદદ કરવામાં આવી છે તેમજ ચાલુ વર્ષે ૭,૩૮૭ લાભાર્થીઓને ૩,૨૪૮.૨૫ હેકટર વિસ્તારમાં રૂ.૧૦ કરોડ ૬૩ લાખની સહાય આપવામાં આવી છે. મને કહેતા આનંદ થાય છે કે, મારા મત વિસ્તારમાં બ્રિટિશ ગવર્નમેન્ટના સયમમાં બનેલી ખારીકટ કેનાલ ખાલીખમ હતી. મારા ખેડૂતો બાજરી, જુવારની આકાશી ખેતી કરતા હતા. માનનીય અમિતભાઇ શાહની ભલામણથી અને આપણા જે તે વખતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આજના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. આજે મારા ખેડૂતો બાજરી, જુવાર નહીં પણ ૨૪ કલાક પાણી આપવાના લીધે ૧ વિઘામાં ૬૦-૭૦ મણ ડાંગર ઉતરે એ રીતે બે સિઝનમાં ૧૫૦ મણ ડાંગર ૧ વિઘામાં પકવે છે. હું જેટલો આ સાહેબોનો આભાર માનું એટલો ઓછો છે. મારા વિસ્તારના ખેડૂતો આનંદમાં અને રાજીના રેડ છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતોને શાકભાજીના પાકોમાં વાવેતર માટે વિનામૂલ્યે ઇનપૂટ કીટ આપવામાં આવે છે. જે રીતે સરકાર આપણને લાભ આપી રહી છે એ રીતે વાત કરીએ તો ફળ પાકમાં પાક વધારવામાં વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૪,૨૩૦ જેટલા લાભાર્થીઓને ૧૨,૩૯૩ હેકટર વિસ્તારમાં લગભગ રૂપિયા ૨૫ કરોડ ૭૦ હજારની સહાય આપવામાં આવી છે તેમજ ચાલુ વર્ષે ૧૩,૯૩૧ જેટલા લાભાર્થીઓને ૧૧,૮૨૩ હેકટર વિસ્તારમાં ૨૯ કરોડ ૮૦ લાખની સહાય આપવામાં આવી છે. રાજ્યના નવા ઉભરાતા કમલમ ફળનું વાવેતર વધે તે હેતુથી ખેડૂતોને ૫૦ ટકા મુજબ મહત્તમ રૂ.૧ લાખ પ્રતિ લાભાર્થીદીઠ પ્રતિ હેકટર દીઠ બે હેકટરની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. મારા ખેડૂતો બાજરી, જુવારની વર્ષ ૨૦૨૨-૨૩ની વાત કરું તો ૨૫૮ જેટલા લાભાર્થીઓને ૪૨,૬૩૩ હેકટરની અંદર રૂ. ૩ કરોડ ૭૮ લાખની સહાય આપવામાં આવી છે. વધુમાં વાત કરું તો વર્ષ ૨૦૨૨-૨૩ માં ૪,૦૪૦ હેકરટમાં ૪૮ ખેડૂતોને તેમજ ચાલુ વર્ષે ૭,૦૪૮ હેકટરમાં ૧૧ ખેડૂતોને ફળ પાકોમાં જૂની બાગાયતી સહાય (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી ભગાભાઇ બારડ

શ્રી ભગાભાઇ ધા. બારડ(તલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મત્સ્યોદ્યોગની માગણી નં.૬ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, દરિયાઇ ખેડૂતો માટેની માગણીઓ લઇને જ્યારે મંત્રીશ્રી આવ્યા છે ત્યારે હમણાં જ ગીર-સોમનાથ જિલ્લાના સોમનાથ મત વિસ્તારના ધારાસભ્યશ્રી વાત કરી રહ્યા હતા. મારે આ ગૃહના માધ્યમથી માનનીય

નાણામંત્રીશ્રી અને માનનીય સહકાર અને મત્સ્યદ્યોગ મંત્રીશ્રીનો આભાર માનવો જોઇએ કે, કે ઘણાં વર્ષોથી આ દરિયાઇ ખેડૂતો હોય છે એમની બોટો લાંગરવા માટે, બોટોના મેન્ટેનન્સ માટે અને દરિયામાંથી ફિશિંગ કરીને બહાર આવે ત્યારે એ ફિશિંગ કરેલો માલ હોય છે એને યોગ્ય જગ્યાએ વેપારી ત્યાં કાંટાઓ લગાડીને એમની ખરીદી કરી શકે તેના માટેની વ્યવસ્થાઓ ઊભી કરવા માટેની વર્ષોથી આ ગૃહના માધ્યમથી હું પણ માગણી કરતો આવ્યો છું. મારા વિસ્તારમાં સૂત્રાપાડા એક મોટું બંદર આવેલું છે રૂરલ વિસ્તારનું એ બંદરના ફિશરીઝ હાર્બર જેટી માટે ગયા બજેટમાં સરકારે રૂ. ૨૨૬ કરોડની ફાળવણી જે કરી છે અને આજે એ બંદરનું કામ ચાલુ પણ છે અને એટલા માટે હું માનનીય નાણામંત્રીશ્રી અને ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી અમારા ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો હું ખૂબખૂબ આભાર માનું છું. દરિયાઇ ખેડુ છે એ જમીનની અંદર ખેતી કરનાર છે, કિસાન છે અને દરિયાની અંદર પોતાની આજીવિકા કમાવા માટે પોતાની નાની હોડી અથવા તો બોટ લઇને જનારો એ માછીમાર સમાજનો એક પોતે પણ ખેડૂત કહેવાય છે. એમના માટેની જે સરકારની અલગ અલગ યોજનાઓ છે. હમણા જ મારા સાથી મિત્ર શ્રી મહેશભાઇએ ઘણી વિગતવાર ચર્ચા ગૃહમાં કરી. જ્યારે દરિયાની અંદર માછીમારી કરવા જતા હોય અને માછીમારી કરતા કરતા જ્યારે પાકિસ્તાનની બોર્ડરની નજીક પહોંચી જતા હોય છે ત્યારે પાકિસ્તાનની જે મરીન હોય છે એ બોટ સહિત એની ધરપકડ કરીને પાકિસ્તાનની જેલમાં એને લઇ જતા હોય છે. મારા સાથી મિત્ર શ્રી મહેશભાઇએ હમણાં વાત કરી અમારી રાજ્ય સરકારે એ વાતની પણ ચિંતા કરી કે જેમના પરિવારનો મોભી જે કમાનાર માણસ હોય અને એ પાકિસ્તાનની જેલમાં હોય તો એની આજીવિકાનું જે સાધન હોય એ બોટ સહિત એ જ્યારે જેલમાં હોય, ખલાસીઓ સાથે જ્યારે જેલમાં હોય ત્યારે એના પરિવારની શું પરિસ્થિતિ ઊભી થતી હશે ત્યારે પરિવારની પણ ચિંતા કરીને રાજ્ય સરકારે એમના પરિવાર માટે પણ કાયમી એમને ૩૦૦ રૂપિયા લેખે એમના ઘરે એમનું ગુજરાન ચલાવી શકે, એમના પરિવારનું ગુજરાન ચલાવી શકે એના માટે ૩૦૦ રૂપિયા પર ડે એમને આપવાની જોગવાઇ કરી છે. એ જ રીતે જ્યારે એ દરિયાની અંદર ફિશિંગ કરવા જાય અને જ્યારે મોટા ટ્રોલર એમાંથી પસાર થતા હોય અથવા તો કોઇપણ અકસ્માતને કારણે અથવા તો કોઇ વાવાઝોડાને કારણે કાંઠા સુધી એની બોટ ન આવી શકે સમયસર અને દરિયાની અંદર એનો અકસ્માત થાય અને અકસ્માતની અંદર એનું મૃત્યુ થાય તો એની અંદર પણ એમના પરિવારને રૂ.૪ લાખ સુધીની સહાયની યોજના રાજ્ય સરકાર કેન્દ્ર સરકાર મારફત આપે છે. એવી જ રીતે ઘણીબધી રાજ્ય સરકારની યોજનાઓ આપણે માછીમાર સમાજ સુધી આપતા હોઇએ છીએ. સાઇકલ લઇને પગદડિયા યોજના, જે પગદડિયા જતા હોય છે એમને પણ એક સાઇકલ, ફિશિંગ કરવા માટેની જાળ, એમની એક નાની બેટરી આ યોજના પણ સરકાર મારફત પગદડિયા કે જે નાના નાના પડાઓમાં માછીમારી કરવા જતા હોય છે. રાત્રીના સમયે જતા હોય છે ત્યારે એ માટેની પણ યોજના રાજ્ય સરકારે બનાવી છે. ઇલેક્ટ્રિકનાં સાધનો, લાઇફ સેવિંગ જેકેટ, ચાર ઇંચથી ઉપરની મેટસાઇટની ગીલનેટ ઉપર સહાય, માછીમારી બોટ ઉપર હાઇજેનિક ટોઇલેટ બનાવવા માટેની પણ સહાય આવી અલગ અલગ ઘણી જાતની સહાય આપવામાં આવે છે ત્યારે આ માછીમારીના ફિશિંગને કારણે આજે એ વાત પણ હું ગૃહના માધ્યમથી મૂકવા માગું છું કે જે હૂંડિયામણ કમાવીને આપે છે. એ મારી દૃષ્ટિએ કરોડો રૂપિયાનું હૂંડિયામણ આ ઉદ્યોગ કમાઇને જ્યારે આપતું હોય ત્યારે એની અમુક સમસ્યાઓ પણ હું સરકાર સમક્ષ મૂકું છું. લાઇન ફીશિંગ, ઘેરા ફિશિંગ બંધ થવી જોઇએ કેમ કે, એક સાથે અસંખ્ય બોટો લાઇનમાં ફિશિંગ કરે, એક સાથે સળંગ જાળ બાંધીને ફિશિંગ કરે છે ત્યારે નાની માછલીઓ હોય, નાના બચાઓ હોય એને પણ ખેંચી લાવતા હોય છે માટે એ બંધ થવું જોઇએ. વેરાવેળના એક્સપોર્ટની વાત કરું તો ગયા વર્ષે વેરાવળનું એક્સપોર્ટ રૂપિયા ૮.૪૦ મિલિયન જેટલું હતું એટલે આ ઉદ્યોગ માછીમારી સમાજનો એક મોટો ઉદ્યોગ છે અને ગુજરાતને જ્યારે ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકિનારો મળેલો છે ત્યારે એમના પ્રશ્નો માટે સતત આપણી સરકાર જાગૃત છે અને કેન્દ્રની સરકાર પણ એના માટે જાગૃત છે અને ગયા વર્ષે અમારે ત્યાં માઢવાડ, વેરાવળ પાર્ટ–૨ અને સૂત્રાપાડા જેટીનાં કામનું દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇના હસ્તે ખાતમુહૂર્ત કર્યું છે અને એનું કામ ચાલુ છે ત્યારે હું દેશના વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને અને ગુજરાત સરકારના મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી એ તમામનો ખૂબ ખૂબ આભાર માનીને મારી વાત પૂરી કરું છું.

શ્રી અમૂલ ભટ્ટ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી આ ગૌરવવંતી વિધાનસભાની ઇમારતમાં આપણે સૌ પ્રજાના પ્રતિનિધિઓ પ્રજાહિતના કાર્યો કરવા માટે એકત્ર થયા છીએ. પરંતુ આ ઇમારતનો જો કોઇ જીવંત આત્મા હોય તો તે માહિતી પ્રસારણ અને મીડિયા છે. મીડિયાના મિત્રો અને માહિતી અને પ્રસારણ વિભાગ આપણે જે કાંઇ કાર્ય કરીએ છીએ, જે કાંઇ નિર્ણયો લઇએ છીએ તે જો પ્રજા સુધી ના પહોંચાડે તો આ કરેલા કાર્યોનું મૂલ્ય શું હોઇ શકે? હું એવું દઢપણે માનું છું કે, લોકશાહી રૂપી દેહનો કોઇ આત્મા હોય તો એક માત્ર મીડિયા અને માહિતી અને પ્રસારણ વિભાગ છે. મીડિયા એ લોકશાહી રૂપી કમ્પ્યુટરનું અગત્યનું સોફ્ટવેર છે જેના વગર આખી સિસ્ટમ એ કોઇ પણ હોય સટડાઉન થઇ જાય એને મીડિયા જ સ્ટાર્ટ કરી શકે અને મીડિયા અને માહિતી અને પ્રસારણ વિભાગ જ એને મેન્ટેન કરી શકે. ભારત એ સૌથી મોટી લોકશાહી છે અને માહિતી અને પ્રસારણ વિભાગ સાથે સંકળાયેલ મીડિયા વિભાગ લોકશાહીની ભવ્ય ઇમારતની જાગીરનું મહત્ત્વપૂર્ણ અંગ છે. મીડિયા અને માહિતી અને

પ્રસારણ વિભાગ જ સાચી દિશામાં થયેલા ઉદ્યમને લોકો સુધી, પ્રજા સુધી પહોંચાડવાનું કાર્ય કરી રહ્યું છે અને એટલે જ હું આ માગણીઓને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માહિતી અને પ્રસારણ વિભાગ હેઠળના માહિતી ખાતા દ્વારા થયેલ કેટલીક વિશિષ્ટ કાર્યવાહી પણ આ ગૃહ સમક્ષ મૂકવા માગું છું. આપણે સૌ માહિતગાર છીએ તેમ પ્રતિવર્ષ રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન નીમિત્તે રાજધાની નવી દિલ્હીના કર્તવ્યપથ ખાતે યોજાતી પરેડમાં તમામ રાજ્યો તેમજ ભારત સરકારના મંત્રાલયો દ્વારા વિવિધ વિષયો ઉપર ટેબ્લો એટલે કે ઝાંખી પ્રસ્તુત કરવામાં આવે છે. દર વર્ષે માહિતી ખાતા દ્વારા ગુજરાતની અસ્મીતા, કલા સંસ્કૃતિ વારસાને ઉજાગર કરતા ટેબ્લો તૈયાર કરી અને રાષ્ટ્રીય પરેડમાં રજૂ કરવામાં આવે છે. હું આ સભાગૃહનું અત્યંત હર્ષ અને ગૌરવની લાગણી સાથે ખાસ ધ્યાન દોરવા માગું છું કે, વર્ષ ૨૦૨૩માં ક્લિન ગ્રીન એનર્જી યુક્ત ગુજરાત વિષય પર માહિતી ખાતા દ્વારા બનાવવામાં આવેલ ટેબ્લોને સમગ્ર ભારતમાં પીપલ ચોઇસમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો હતો. માહિતી અને પ્રસારણ વિભાગને આને માટે હું ધન્યવાદ પાઠવું છું. આજ પરંપરાને આગળ વધારતા આ વર્ષે ગુજરાત તરફથી ધોરડો ગુજરાતના સરહદની પ્રવાસનની ઓળખ વિષય પર આધારિત ટેબ્લો રજૂ કરવામાં આવ્યો હતો. મને જણાવતા આનંદ થાય છે કે, ગુજરાતના આ ટેબ્લોને પ્રથમવાર એક સાથે બે બે એવોર્ડ મળ્યા, આનાથી ગુજરાતની યશકલગીમાં વધારો થયો છે. માહિતી ખાતા દ્વારા આ સિવાય રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અંગે લોકજાગૃતિ ફિલ્મ નિર્માણનું કાર્ય કરવામાં આવે છે અને વિવિધ ચેનલોમાં તેનું પ્રસારણ કરવામાં આવે છે. દૃશ્ય, શ્રાવ્ય માધ્યમ મારફતે રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ, કાર્યક્રમો તેમજ હાંસલ કરેલ સિદ્ધિઓની જાણકારી દેશને અને દુનિયા સહિત તમામ રાજ્યોના અંતરિયાળ વિસ્તારના લોકો સુધી ઝડપથી પહોંચાડવા માટે માહિતી ખાતા દ્વારા ફિલ્મોનું નિર્માણ પણ કરવામાં આવે છે. માહિતી ખાતા દ્વારા એક 'ગુજરાત ગાથા' નામની ટી.વી. શ્રેણીનું નિર્માણ કરવામાં આવે છે. જેમાં રાજ્યના વિકાસની સિદ્ધિઓની ઝાંખી તેમજ પ્રજાલક્ષી કાર્યો, યોજનાઓ અને સફળતાનું દસ્તાવેજી ચિત્ર રજૂ કરવામાં આવે છે. ૨૫ મિનિટની ગુજરાતી ગાથા શ્રેણીનું દર શનિવારે પ્રાદેશિક ચેનલો ઉપરથી પ્રસારણ થાય છે. એ જ રીતે માહિતી ખાતા દ્વારા 'યશગાથા ગુજરાતની' શ્રેણીનું પણ નિર્માણ કરવામાં આવે છે. આ ટી.વી. શ્રેણી રાજ્યમાં વિવિધ ક્ષેત્રે આવેલા જે કાંઇ કાર્યો છે તેનું નિર્માણ કરે છે. સૌથી મહત્ત્વની બાબત લોકશાહી શાસન વ્યવસ્થામાં ચૂંટાઇને આવેલા ધારાસભ્યો દ્વારા પ્રજાના પ્રશ્નોને ઉજાગર કરવામાં આવતા વિધાનસભા સત્ર દરમિયાન પ્રતિદિન હાથ ધરવામાં આવતી કાર્યવાહીની એક વિશિષ્ટ શ્રેણીનું નિર્માણ કરવામાં આવે છે. વિધાનસભાના સત્રની કાર્યવાહીના સંકલિત અંશોથી તૈયાર થતી 'લોકશાહીના ધબકારા' ટી.વી. શ્રેણીનું રોજ સાંજે રાજ્યની વિવિધ ચેનલો પર પ્રસારણ કરવામાં આવે છે. આ સિવાય માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા ન્યૂઝ એન્ડ મીડિયા રીલેશન એ માહિતી અને પ્રસારણ ખાતાનું મહત્ત્વનું અંગ છે. અત્યારે વિધાનસભાના સત્ર દરમિયાન પણ ગૃહની કાર્યવાહી અંગે સમાચાર યાદીઓ તૈયાર કરી મીડિયાના વિવિધ માધ્યમોને સત્વરે પહોંચાડવાનું કામ પણ કરવામાં આવે છે. હું આ માગણીઓને મારું સમર્થન આપું છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના પર મારું વક્તવ્ય આપવા ઊભો થયો છું. ભારત ગામડામાં વસે છે. ગામડું જ આ દેશની આત્મા છે. એમાં પણ જો ગામડું ટકી રહ્યું હોય તો એ ખેતીને આભારી છે. પરંતુ આ સરકારમાં ખેતી અને ખેડૂતોની અવગણના કરવામાં આવે છે એટલે ખેડૂત પીડાઇને એમ કહે છે કે

''मेरे खेत कि मिट्टी से पलता है तेरे शहर का पेट,
मेरा नादान गांव, अब भी उलझा है किश्तों में। ''

ખેડૂતોની પીડાની આ સરકારે દરકાર કરી નથી એટલે આજે દિલ્હીમાં બીજી વખત ખેડૂતોએ આંદોલન કરવું પડ્યું છે. હું એ ખેડૂતોને શુભેચ્છા પાઠવું છું કે જલદીથી એ ખેડૂતોના પ્રશ્નોનો નિકાલ થાય. હું જ્યારે કૃષિ ઉપર બોલવા ઊભો થયો છું ત્યારે આપણા કૃષિ મંત્રી પણ જલદીથી સાજા થઇ આપણા બધાની વચ્ચે કામ કરતાં થાય એવી મારા અને આપના સૌ વતી પ્રાર્થના. કૃષિ ભાંગે એટલે ગામડાઓ ભાંગે છે. આપણે વારંવાર કહીએ છીએ કે શહેરીકરણ ખૂબ વિકસી રહ્યું છે. એની સાથે–સાથે ઝૂંપડપટ્ટીઓ પણ ખૂબ મોટા પાયે અસ્તિત્ત્વમાં આવી છે. ગામડા ભાંગે, શહેરોમાં વસતી વધે, ઝૂંપડપટ્ટીનો વિસ્તાર વધે એના કારણે આજે શહેરોમાં ૪૦ ટકા જેટલી વસતી ઝૂંપડપટ્ટીઓમાં રહે છે. એનું કારણ એ છે કે આપણે ગામડાઓમાં એની વ્યવસ્થા કરાવી શકતા નથી. ખેડૂતોને વચન આપવામાં આવ્યું હતું કે તમારી આવક વર્ષ ૨૦૨૨માં બમણી કરીશું. આ વર્ષ ૨૦૨૪ આવ્યું. જ્યાં સુધી સ્થિર ઇનપુટ કૉસ્ટના આધારે ભાવ બમણા ન થાય ત્યાં સુધી ખેડૂતોની આવક બમણી થવાની નથી. વર્ષ ૨૦૨૨ના બદલે વર્ષ ૨૦૨૪ આજે બે વર્ષ વધી ગયા પછી બિયારણ, ખાતર, દવા, ડીઝલ, પેટ્રોલના ભાવ બમણા થયા પણ ખેડૂતોને મળતાં ભાવ આજે હતા તેટલા જ છે. આજે જ હું જોતો હતો કે ખેડૂતોને કપાસના ભાવ કેટલા મળે છે. વર્ષ ૨૦૦૮–૦૯માં કપાસના ભાવ રૂ.૧,૪૦૦ની આસપાસ હતા તે આજે પણ તેટલા જ છે. તેનો ખર્ચ બમણો થઇ ગયો પણ ભાવ વધ્યા નથી. મગફળીના ભાવ આજે રૂ.૧,૧૦૦થી ૧,૨૦૦ છે જે આજથી ૧૦ વર્ષ પહેલાં હતા તેટલા જ રહ્યા છે. ક્યાંક ૨થી ૫ ટકા ભાવ વધ્યા હશે પણ તેનો ખર્ચ બમણો થઇ ગયો છે. તેના કારણે આજે ખેડૂતો આપઘાત કરવા તરફ વળી રહ્યા છે. આપણે કુદરતનો આભાર માનીએ કે વરસાદ થાય છે, દુષ્કાળો પડતા નથી છતાં ખેડૂતોની જે આવક વધવી જોઇએ તે વધતી નથી. તેનું કારણ એ છે કે આપણે ઉત્પાદકતા વધારી શકતા નથી કે ભાવ પણ વધારતા નથી. બીજની ક્રાંતિ થઇ છતાં આપણે કેટલા

પાછળ છીએ તે ફક્ત કોટનની હેક્ટરદીઠ યીલ્ડના આંકડા આપીને રજૂ કરવા માગું છું. અમેરિકામાં ૯૯૫ કિલોગ્રામ, ઓસ્ટ્રેલિયામાં ૧૯૨૦ કિલોગ્રામ, ચાઇનામાં ૧૮૭૯ કિલોગ્રામ, બ્રાઝિલમાં ૧૮૨૪ કિલોગ્રામ, આપણા પડોશી દેશ પાકિસ્તાનમાં ૭૦૮ કિલોગ્રામ પ્રતિ હેક્ટર કોટનનું ઉત્પાદન થાય છે. જ્યારે ભારતમાં પ્રતિ હેક્ટર માત્ર ૪૪૮ કિલોગ્રામ એટલે કે બીજા દેશો કરતાં લગભગ અડધું અને પાકિસ્તાન કરતાં ૩૦ ટકા ઓછું કોટનનું ઉત્પાદન ભારતમાં થાય છે. બિયારણમાં શરૂઆતમાં ક્રાંતિઓ થઇ પણ તેનું જે અપગ્રેડેશન કરવું જોઇએ તે થયું નથી. આપણે 2જી સીડ વાપરીએ છીએ જ્યારે વિશ્વમાં 5જી અને 6જી સીડ વાપરવામાં આવી રહ્યા છે. આપણે ત્યાં રિસર્ચ કરવા માટેનું જે વાતાવરણ ઊભું કરવું જોઇએ તે કરતાં નથી તેના કારણે કોટન, મગફળી કે બીજા પાકોનું યીલ્ડ ઓછામાં ઓછું અપાવી અને આપણા ખેડૂતોના પગ ઉપર કુહાડી આપણી સરકાર મારી રહી છે. મારી રાજ્ય સરકારને વિનંતી છે કે આજે ચારેબાજુ જે નકલી બિયારણો વેચાઇ રહ્યા છે તે બંધ કરે અને આજની ટેકનોલોજીના અપ ટુ ડેટ આંતરરાષ્ટ્રીય કંપનીના અસલી બિયારણો વ્યાજબી ભાવે ખેડૂતો માટે ઉપલબ્ધ કરાવે. ખેડૂતોને પૂરતા ભાવ મળતા નથી. અમુક જગ્યાએ એ.પી.એમ.સી. છે તો આપણે એ.પી.એમ.સી.ના ખેડૂતો માટેના જે *(xxx) હતા તેનો અમલ કરીને એક નબળી એ.પી.એમ.સી. હતી તે આજે મૃત:પ્રાય થઇ ગઇ છે. ૪૫ જેટલી એ.પી.એમ.સી. પાસે પગાર કરવાની રકમ પણ નથી. ગુજરાત લેન્ડ ડેવલપમેન્ટ કૉર્પોરેશને ખેડૂતોની જમીન સુધારણા માટે જે તળાવો બનાવ્યાં હતાં તે આજે બંધ થઇ ગયા છે ત્યારે મારી રાજ્ય સરકારને વિનંતી છે કે આ તળાવો રાજ્ય સરકાર સંભાળી લે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં લગભગ ૩૬ હજાર જેટલી બોટ છે. આપણો ગુજરાતનો દરિયા કિનારો પ્રથમ નંબરનો છે પણ આપણે ઉત્પાદકતામાં પાંચમા નંબરે છીએ. તેનું કારણ એ છે કે આપણે માછીમારોને જે પ્રોત્સાહન આપવું જોઇએ તે આપતા નથી. નાની બોટ અને ટીલારમાં પેટ્રોલ અને એન્જિન ઉપર દર ત્રણ વર્ષના બદલે અત્યારે તો એક જ વખત સબસિડી આપવાનો નિર્ણય કર્યો છે તે સુધારવો જોઇએ. શ્રી ભગવાનભાઇએ જે વાત કરી એ પ્રમાણે લાઇન ફિશિંગ, લાઇટ ફિશિંગ અને ઘેરા ફિશિંગ પર પ્રતિબંધ મૂકતો કાયદો આ ગૃહમાં લાવવો જોઇએ. મેરીટાઇમ બોર્ડ હસ્તકના ગુજરાતના જેટલા બંદરો છે એમાંથી જૂના પાંચ બંદરોને આંતરરાષ્ટ્રીય કક્ષાના બંદરો બનાવવામાં આવે તો ગુજરાત મેરીટાઇમ ક્ષેત્રમાં નંબર વન આવી શકે. મારી રાજ્ય સરકારને વિનંતી છે કે, પોરબંદર એ સૌથી જૂનું બંદર છે. આ બંદરનો વિકાસ કરી આંતરરાષ્ટ્રીય કક્ષાનું બંદર બનાવવામાં આવે એવું આયોજન કરવામાં આવે. આપનો ખૂબ ખૂબ આભાર.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ એમના પ્રવચન દરમિયાન *(xxx) શબ્દ બોલ્યા છે. આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા (અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પશુપાલનની માંગણી લઇને આવ્યા છે એના સમર્થનમાં બોલવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પશુઓમાં લમ્પી વાઇરસનો રોગ આવ્યો હતો ત્યારે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રી દ્વારા તમામ અધિકારીઓને તાત્કાલિક બોલાવીને મંથન કરવામાં આવ્યું હતું. એમણે ચર્ચા કરીને તમામ પશુઓને લાલ દવા આપવામાં આવી, ૨૧ દિવસે આ દવાની અસર થઇ. એના કારણે ઘણા પશુઓ બચી ગયા છે. પશુપાલન ઉદ્યોગ ડેરી વિકાસના કારણે પોષાય છે. પશુઓના દૂધના વેચાણથી બધો ખર્ચો નીકળી જાય છે. એક ગાય ૯ મહિના અને ૧૦ દિવસે બચ્ચાંને જન્મ આપે છે. એક લિટરે પશુનો ખર્ચ જોઇએ તો, ૧૦ રૂપિયા સૂકા ચારાના, ૧૦ રૂપિયા લીલા ચારાના, ૧૫ રૂપિયા ખાણના અને ૩ રૂપિયા પગાર એમ ૩૮ રૂપિયાનો ખર્ચ થાય છે. આ ડેરી વિકાસના કારણે ખેડૂતો અને માલધારીઓ સારી કમાણી કરી રહ્યા છે. આજે કચ્છની ભેંસની વાત કરું તો આપણા માનનીય વડાપ્રધાનશ્રીએ કચ્છની ભેંસને બન્નીની ભેંસ તરીકે માન્યતા આપી છે. આ ભેંસ ૧૦ મહિના અને ૨૦ દિવસે એક બચ્ચાને જન્મ આપે છે, ઊંટના દૂધને જે માન્યતા આપી છે એના કારણે ઊંટપાલકો પણ સારી કમાણી કરી રહ્યા છે. ઊંટ ૧૧થી ૧૨ મહિને એક બચ્ચાને જન્મ આપે છે. બકરીનું અને ઊંટનું દૂધ ઓર્ગેનિક છે. બકરી પાંચ મહિને બચ્ચાને જન્મ આપે છે એટલે કે, એક વર્ષમાં બે વખત બચ્ચાને જન્મ આપે છે. જેના કારણે રૂ.૨૦,૦૦૦/ની આવક થાય છે. દેશના વડાપ્રધાનશ્રી પશુપાલકો સ્થળાંતર ન કરે અને આત્મનિર્ભર બને એ માટે સતત ચિંતિત છે. પશુપાલન થકી પશુપાલકો ગામડામાં રહીને ધંધો કરી સારી આવક મેળવે છે. ડેરીમાંથી એમને રીફંડ અને બોનસ પણ મળે છે. ઘોડાની વાત કરીએ તો, સારી ક્વૉલિટીના ઘોડા હોય તો માલિકનું નામ રોશન કરે છે. આ ઘોડાઓ પાંચ-પાંચ લાખના ઇનામો મેળવતા હોય છે અને આ ઘોડા દસ લાખમાં વેચાતા હોય છે. ઘોડો દોઢ વર્ષે બચ્ચાને જન્મ આપે છે. અત્યારે ગધેડીનું દૂધ ૧૦ હજાર રૂપિયે લિટર વેચાય છે. આ દૂધમાંથી કેડબરી બને છે અને ન્હાવા માટે પણ ઉપયોગ કરવામાં આવે છે. ગધેડી અગિયારથી સાડા અગિયાર મહિને બચ્ચાને જન્મ આપે છે. કૂતરાની વાત કરીએ તો, સારી ક્વૉલિટીનો કૂતરો પાંચ લાખમાં વેચાય છે. એક કૂતરાનો રોજનો ખર્ચ ૧૦૦ રૂપિયા આવે છે. એક કૂતરી છથી સાત બચ્ચાને જન્મ આપે છે. આપણે ત્યાં રખડતાં ઢોરોની મોટામાં મોટી સમસ્યા છે. આ રખડતાં ઢોરો માટે ગુજરાત સરકાર, કેન્દ્ર સરકાર અને માનનીય મંત્રીશ્રીએ જે ખસીકરણનો નિર્ણય લીધો છે એના કારણે પશુઓમાં કંટ્રોલ થઇ ગયો છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર આ પાંજરાપોળ અને ગૌશાળામાં રહેતા પશુઓ માટે એક પશુદીઠ રૂ.૩૦/- આપી રહી છે. અમારા કચ્છ જિલ્લામાં

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પશુઓ વધારે છે, જેથી પશુપાલકો હજારો વર્ષોથી કચ્છમાં પશુમેળા કરી અત્યારે સારામાં સારો નફો મેળવી રહ્યા છે અને સારી રીતે કામ કરી રહ્યાં છે. એટલે હું ભારતીય જનતા પાર્ટીની સરકાર, આપણા વડાપ્રધાનશ્રી, રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીને અભિનંદન આપું છું. જેમ લોકો માટે ફોન કરીએ ત્યારે ૧૦૮ આવી જાય છે, તેમ પશુપાલકને જરૂર પડે ત્યારે ૧૯૬૨ ઉપર ફોન કરે એટલે આવી જાય છે. આભાર.

ઉપાધ્યક્ષશ્રી : આજે માનનીય છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતિ છે, એ બદલ માનનીય સંગીતાબેન પાટીલ એમને શુભકામના પાઠવશે.

**છત્રપતિ શિવાજીના જન્મદિન નિમિત્તે શુભેચ્છા**

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હિંદુ હૃદય સમ્રાટ હિંદી સ્વરાજ્યના ઘડવૈયા છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતિ છે. છત્રપતિ શિવાજી મહારાજનો જન્મ ૧૯મી ફેબ્રુઆરી ૧૬૨૭ના દિવસે થયો હતો. એમણે પોતાનું સર્વસ્વ જીવન પ્રજાની સેવામાં ન્યોચ્છાવર કર્યું હતું. છત્રપતિ શિવાજી મહારાજ મોઘલ સામ્રાજ્યની વિરુદ્ધ ઊભા રહીને સ્વતંત્ર ચળવળ દરમિયાન દેશના લોકોને એકસાથે લાવવામાં એમની મહત્ત્વની ભૂમિકા હતી. એમણે હિંદી સ્વરાજ્યની સ્થાપના કરી હતી. એવા શુરવીર, પરાક્રમી, સાહસિક અને એમની બહાદુરીનું યોગદાન સદા પ્રેરણા પૂરી પાડનારું રહેવાનું છે. છત્રપતિ શિવાજી મહારાજનો વારસો એમના રાષ્ટ્રવાદ અને બહાદુરીનું પ્રતિક છે, જે આજે દરેક ભારતીયોને પ્રેરણા આપે છે. આજે હું એમની જન્મજયંતિ નિમિત્તે એમના ચરણોમાં કોટિ–કોટિ વંદન કરું છું અને આ સભાગૃહના દરેક સભ્યશ્રી વતી હું ખૂબ–ખૂબ શુભેચ્છા પાઠવું છું. આજે મહારાષ્ટ્રમાં એક મોટો તહેવાર છે. દરેક વ્યકિત પોત–પોતાના ઘરોમાં કિલ્લા બનાવીને એમની જન્મજયંતિ નિમિત્તે શુભેચ્છા પાઠવી રહ્યા છે. હું આજે આ સભાગૃહના એક સભ્ય તરીકે એમને શુભેચ્છા પાઠવું છું.

ઉપાધ્યક્ષશ્રી : હું માનનીય છત્રપતિ શિવાજી મહારાજની જન્મ દિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવું છું.

**માગણીઓ પર ચર્ચા અને મતદાન(પાંચમો દિવસ) ( ક્રમશઃ )**

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક–૬ મત્સ્યોદ્યોગ વિભાગની લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપી, આ વિષય ઉપર મારા વિચાર રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું મત્સ્યોદ્યોગ વિભાગની વાત કરું તો ગુજરાત રાજ્યમાં ૧૬૦૦ કિ.મી.નો વિશાળ દરિયાકિનારો છે એમાં ૧૪ જિલ્લાના ૨૬૦ ગામો દરિયાઇ મત્સ્યપાલન ઉપર આધારિત છે. આ ઉપરાંત આંતરદેશીય ૭૯૮ ગામો મળી, કુલ ૧૦૫૮ ગામો મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલા છે. રાજ્ય સરકાર મત્સ્યોદ્યોગ ક્ષેત્રે સંકળાયેલા અસંખ્ય માછીમાર ભાઇ–બહેનોનું જીવનધોરણ ઊંચું લાવવા માટે કટિબદ્ધ છે. રાજ્ય સરકાર દ્વારા મત્સ્યોદ્યોગ ક્ષેત્રની તમામ યોજનાઓના લાભાર્થીઓને ઝડપી લાભ મળે તે માટે સહાયનું ચૂકવણું પણ ઓનલાઇન ડી.બી.ટી. મારફત કરવામાં આવે છે. રાજ્યનું મત્સ્ય ઉત્પાદન વર્ષ ૨૦૨૨–૨૩માં ૭.૨ લાખ હેકટર મેટ્રિક ટન હતું તે વધીને હાલના વર્ષોમાં ૮.૭૪ લાખ મેટ્રિક ટન થયેલ છે. જેની અંદાજિત બજાર કિંમત રૂ. ૧૧,૭૪૩ કરોડ થવા જાય છે. વર્ષ ૨૦૨૧–૨૨માં ગુજરાત રાજ્યે દરિયાઇ મત્સ્ય ઉત્પાદન ક્ષેત્રે ભારત દેશમાં પ્રથમ સ્થાન મેળવેલ છે. ભારતના કુલ દરિયાઇ મત્સ્ય ઉત્પાદનમાં ગુજરાત રાજ્યનો અંદાજિત ૧૬.૬૮ ટકા જેટલો ફાળો રહેલો છે. ગુજરાત રાજ્યની મત્સ્ય પરદેશ નિકાસ વર્ષ ૨૦૦૧–૦૨માં ૧.૩૨ લાખ મેટ્રિક ટન હતી તે વધીને આગામી વર્ષમાં ૨.૩૩ લાખ મેટ્રિક ટન થયેલ છે. જેની અંદાજિત કિંમત રૂ. ૫૨૩૨ કરોડ થવા જાય છે. મત્સ્યોદ્યોગ ઉત્પાદનની વાત કરું તો આપણા ત્યાં દર વર્ષે ૬,૧૯,૭૦૦ મેટ્રિક ટન માછલીઓ થાય છે. દરિયાકિનારા સિવાય તળાવ, ડેમની વાત કરીએ તો એમાં પણ ૧,૨૪,૭૦૦ મેટ્રિક ટનથી વધું માછલીનું ઉત્પાદન થાય છે. મત્સ્યોદ્યોગ માટે સરકારશ્રી દ્વારા લગભગ ૧,૬૮,૮૯૫ બાયોમેટ્રિક કાર્ડ પણ ઉપલબ્ધ કરાયા છે. જેથી કરીને ડીઝલની સબસિડી, નવા કાયદાઓ, વૉટર પૉલ્યુશનની વિગતો પણ એના ઉપરથી જાણી શકાય છે. મત્સ્ય કેન્દ્ર વિભાગ વ્યવસ્થા દ્વારા લાઇટ અને પાણીની સુવિધાઓ પૂરી પાડવા અને મત્સ્ય બંદર નવીનીકરણની સુવિધાઓ ઊભી કરવાના કામોની જોગવાઇ કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં પણ ખાસ કરીને મારા વિસ્તારમાં કોસંબા, વડેલી જગાલાલા, દાંતી કકવાડી મત્સ્ય ઉછેર માટે જેટી બનાવવાનું કામ સરકારે હાથ ધરેલ છે. મારી વિનંતી છે કે આ કામ સત્વરે મંજૂર થાય અને જલદીથી એનું બાંધકામ થાય. મત્સ્યોદ્યોગના નિર્માણ યોજના હેઠળ રૂ. ૩૩૭.૫૦ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલી છે અને ૨૦ મીટરથી ઓછી લંબાઇની યાંત્રિક હોડીઓના વારાના હાઇસ્પીડ ડીઝલ પર વેરા રાહતની યોજના સહાય ચૂકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨–૨૩ ના વર્ષમાં ફેબ્રુઆરીના અંત ભાગમાં રૂ. ૨૨૯.૭૪ કરોડનો ખર્ચ કરી બોટને ડીઝલ વેટમાં રાહત આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાની એ.બી.એમ. બોટ ધારકોને વાર્ષિક ૧૫૦૦ લિટરની મર્યાદામાં ૧૫૦ લિટર લેખે કેરોસીન અને પેટ્રોલ પર સહાય ચૂકવવા માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. માછીમારોની વાત કરીએ તો ભૂલથી પાકિસ્તાનની સીમામા જાય. મારા સભ્યશ્રીએ અગાઉ બતાવ્યું છે. તેમને ભૂતકાળમાં કોઇ સહાય આપવામાં આવતી ન હતી, પરંતુ હાલમાં એને રાહત માટે ભથ્થાં તરીકે રોકડ રકમ ચૂકવવામાં આવે છે. પાકિસ્તાનમાં આપણા માછીમારોનું મૃત્યુ થાય તો રૂ.૪ લાખની સહાય આપવામાં આવે છે. અકસ્માતે મૃત્યુ થાય તો એક વર્ષ પછી વારસદારને રૂ.૨ લાખ આપવામાં આવે છે. કુદરતી આપત્તિથી મૃત્યુ થાય તો પણ સરકાર તેને ૨ લાખ રૂપિયાની સહાય આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષમાં ભાભરા પાણી મત્સ્યોદ્યોગના વિકાસ માટે જિંગાના ઉછેરના ફાર્મ મેળવવા માટે પાઇપ પૂરી પાડવા માટે રૂ.૧૩૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. મત્સ્યોદ્યોગ ખાતાની તાલીમ અને વિસ્તરણ યોજના હેઠળ તાલીમ શિક્ષણ અને સંશોધન હેતુ કામધેનુ યુનિવર્સિટીને સાથે રાખી મત્સ્યોદ્યોગ ક્ષેત્રે સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની કોલેજના નિર્માણ અને તાલીમ કોર્સ યોજના માટે રૂ.૧૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા દરિયાકાંઠાના લોકોના સર્વાંગી વિકાસ માટે સાગરખેડુ યોજના જાહેર કરેલ હતી અને માછીમારોને મુખ્ય પ્રવાહમાં લઇ જવાની કામગીરી કરેલ છે. ગુજરાતના દરિયાકિનારા પર વલસાડ, સુરત, ભરૂચ, આણંદ અને ભાવનગર વગેરે વિસ્તારમાં અંદાજિત ૩ લાખ હેકટર ઉપરાંત ખરાબાની ખારાપાટ જમીન આવેલી છે. આ જમીનમાં ખેતી સંલગ્ન કોઇ પ્રવૃત્તિ હાથ ધરાતી નથી. આથી આ વિસ્તારના માછીમારોને આજીવિકા મળી રહે તે માટે એમને જિંગા ઉછેર માટે જમીન ફાળવવી જોઇએ. ખાસ કરીને મારા વલસાડમાં પણ ભાભરા જમીન ખૂબ મોટા પ્રમાણમાં વણ વપરાયેલી જમીન દરિયાકિનારે રહેલી છે. ત્યાંના કેટલાક લોકો દરિયામાં માછીમારી માટે જતા નથી. એવા લોકોને આ જિંગા વ્યવસાય માટે જમીન ફાળવી આપવામાં આવે તો તેમને રોજગારી મળી રહે. હું આ માગણીઓને મારું સમર્થન આપું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી જયરામભાઇ ગામીત.

ડો. જયરામભાઇ એ. ગામીત(નિઝર) : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત કલ્યાણ માટેની માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્ત્વવાળી સરકાર કૃષિ, નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ વિભાગની જે માગણી નં. ૨ અને ૩ લઇને માનનીય મંત્રીશ્રી બચુભાઇ ખાબડ સાહેબ આવ્યા છે, તેના પર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ યુગો યુગોથી કૃષિ સંસ્કૃતિ અને ઋષિ સંસ્કૃતિનો દેશ છે. જયાં કૃષિને સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. ખેતી ઉત્તમ છે અને ખેડૂત જગતનો પિતા છે. ગમે તેટલા પૈસા કે મિલકત હશે, પણ દરેક જણાએ ખાવાનું તો અનાજ જ છે. બીજા વિશ્વ યુદ્ધ વખતે સમગ્ર યુરોપમાં લોકો કોથળા ભરી પૈસા લઇને જતા ત્યારે મુઠ્ઠીભર અનાજ મળતું. એવી ખરાબ હાલત હતી. એટલે ખેડૂત છે તો આપણે છીએ. લોકો જમીનમાં કે મકાનમાં ઇન્વેસ્ટ કરે છે અને એકમાંથી બે ગણા, ત્રણ ગણા કે દસ ગણા કમાય. પરંતુ એક અનાજનો દાણો ખેડૂત જયારે ખેતરમાં વાવેતર કરે કે રોપે કે ઉછેરે અને પાક લે છે ત્યારે એક અનાજના દાણામાંથી લાખો અનાજના દાણા મેળવતા હોય છે. એટલે કે હજાર ગણું વળતર મળે છે. આવું વળતર બીજે કયાંય મળતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હવે તો સરકારની યોજનાઓને લીધે આપણા યુવાનો પણ ખેતી તરફ વળ્યા છે. એગ્રો ઇકોનોમી આવતીકાલનું ઉજ્જવળ ભવિષ્ય છે. યાદ રાખવું પડે એવું આવનાર સમયમાં સૂઝ અને નિષ્ઠાવાન તથા જાગૃત ખેડૂતો જ રાજય અને રાષ્ટ્રના નિર્માણના ભાગ્ય વિધાતા બનશે. હાલમાં જ ભારતમાં કૃષિ અને ખેડૂતોના કલ્યાણ માટે રાષ્ટ્ર નિર્માણમાં જેમણે અમૂલ્ય યોગદાન આપ્યું હતું એમાં ખાસ કરીને આત્મનિર્ભરતા માટે પ્રયાસ કર્યા હતા. ભારતની કૃષિને આધુનિક બનાવવા માટે પણ ખૂબ પ્રયત્નો કર્યા હતા. કૃષિ ક્ષેત્રે સંશોધન અને શિક્ષણને પણ ખાસ મહત્ત્વ આપીને હરિત ક્રાંતિમાં મહત્ત્વની ભૂમિકા માટે જાણીતા એવા જાણીત કૃષિ વૈજ્ઞાનિક ડો. સ્વામી રંગનાથનને સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્ન એનાયત કરવામાં આવશે. ગુજરાતની વાત કરીએ તો ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સન ૨૦૦૫માં સમગ્ર ગુજરાતમાં નીચે ગામેગામ સુધી જઇને કૃષિ મહોત્સવના કાર્યક્રમો કરવામાં આવ્યા અને આ કાર્યક્રમોમાં ખેડૂતોને એની આવક વધે, ખેડૂતોને સારો ભાવ મળે, ખેતી કરવાની પદ્ધતિ, ખેતીનાં સાધનોનો કઇ રીતે ઉપયોગ કરવો, ખેતીવાડી સિંચાઇની યોજનાની માહિતી, સરકારની સબસિડીઓ, દવા, બિયારણ, ખાતર વગેરેની જાણકારી આપીને ગામેગામ કૃષિ મહોત્સવના કાર્યક્રમો કરીને ખેડૂતોને જાગૃત કરવામાં આવ્યા અને આ કૃષિ મહોત્સવથી સમગ્ર ગુજરાતમાં ખેતી કરતા ખેડૂતોને ખૂબ જ ફાયદો થયો છે અને આ કૃષિ મહોત્સવ અત્યારે પણ ચાલુ જ છે અને એનાથી ગ્રામ્ય કક્ષાના ખેડૂતોને ફાયદો થાય છે. ગુજરાતની વાત કરું તો ગુજરાતમાં ભૌગોલિક વિસ્તાર ૧૬૮ લાખ હેકટર અને એમાં ખેતી હેઠળનો વિસ્તાર ૯૭ લાખ હેકટર છે. કુલ વાવેતર ૪૭ લાખ હેકટર છે. એમાં ખાસ કરીને પીયત હેઠળનો વિસ્તાર ૧૩૦ લાખ હેકટર છે. પાણી આપણી સૌથી મૂલ્યવાન સંપત્તિ છે. ગુજરાત સરકાર દ્વારા ટપક પિયત પદ્ધતિ અને સૂક્ષ્મ પિયત પદ્ધતિ વાપરતા ખેડૂતો માટે પાણીના ટાંકા બનાવવા સહાય યોજના અમલમાં મૂકેલ છે. આ યોજનામાં સહાય મેળવવા તમામ લાભાર્થી ખેડૂત ખાતેદારે સૂક્ષ્મ પિયત પદ્ધતિ અપનાવવી ફરજીયાત બને છે. ટપક સિંચાઇ પદ્ધતિ, ફુવારા સિંચાઇ પદ્ધતિ, માટલા સિંચાઇ પદ્ધતિ, પોરસ પાઇપ સિંચાઇ પદ્ધતિ, આ યોજનાથી ખેડૂતોને સબસિડી પણ આપવામાં આવે છે. સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિનો ફાયદો એ છે કે ખાસ કરીને ખેડૂત દ્વારા જયારે ખેતીમાં આ પદ્ધતી અપનાવવામાં આવે છે ત્યારે ખર્ચ પણ ઓછો થાય છે. પાણી લાંબા સમય સુધી આપી શકાય છે. પાણી નિયમિત સમયમાં પૂરું પાડવામાં આવે છે. પાણી સીધું છોડના મૂળ સુધી પહોંચાડવામાં આવે છે એટલે પાણીની પણ બચત થાય છે. ખાતર અને પાણી પણ એમાં સાથે જ આપવામાં આવે છે એટલે ઓછા પાણીની જરૂર પડે છે. નાની સિંચાઇના અમલીકરણ થકી ગુજરાત રાજય દ્વારા ૧૪ લાખ ૬૬ હજાર જેટલા ખેડૂતોએ ૨૨ લાખ ૯૧ હજાર હેકટર જેટલા વિક્રમી વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ અપનાવીને પાણીનો કરકસરયુકત ઉપયોગ કર્યો છે. ગુજરાતમાં ગ્રીન

રિવોલ્યુશન કંપની લી. દ્વારા સન ૨૦૦૫થી રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર વતી એકસરખા ધોરણે સૂક્ષ્મ સિંચાઇ યોજનનાનું અમલીકરણ કરવામાં આવે છે. આ યોજના થકી ખેડૂતોના ઉત્થાન અને ગુજરાતમાં બીજી હરિત ક્રાંતિ લાવવાનો આ યોજનાનો હેતુ છે. સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિની વાત કરીએ તો ખાસ કરીને સામાન્ય વર્ગ માટે ડાર્ક ઝોનમાં સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિના ૭૦ ટકા સુધી અથવા ૭૦ હજાર પ્રતિ હેકટરની મર્યાદામાં એને સબીસિડી આપવામાં આવે છે. એ જ રીતે ડાર્ક ઝોન એટલે કે પાણીનું લેવલ જયાં નીચું જે વિસ્તારમાં છે એ વિસ્તારમાં ગુજરાતના ૫૭ તાલુકાઓમાં સબસિડીની રકમ પણ વધારવામાં આવી છે. રાજ્યના ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઇ અપનાવવી વધુ સરળ બને તે હેતુથી ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની લી. દ્વારા નિર્મિત ખેડૂત પોર્ટલ ખેડૂતો માટે શરૂ કરવામાં આવેલ છે. આ પોર્ટલનો હેતુ સરળતાથી ખેડૂત ઘેર બેઠા સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ વિકસાવવા માટે ખેડૂત જાતે જ પૂર્વ નોંધણી કરી શકે છે. પ્રોજેકટ સ્વરૂપમાં સપાટી પરના પાણીના સ્ત્રોતોના ઉપયોગ કરીને સૂક્ષ્મ સિંચાઇનો અમલ કરવાનો થાય છે. લિફ્ટ ઇરિગેશન યોજના, નાની સિંચાઇ યોજના, સરદાર સિંચાઇ યોજના, અન્ય મધ્યમ અને મોટા ડેમના કમાન્ડ વિસ્તારો, કેનાલ કમાન્ડ તેમજ લિફ્ટ ઇરિગેશનવાળા વિસ્તારોમાં સૂક્ષ્મ સિંચાઇ વ્યવસ્થાનો વ્યાપ વધારવા માટે સરદાર સરોવર નર્મદા નિગમ, જળસંપત્તિ અને અન્ય સંલગ્ન વિભાગોની સંયુકત સમિતિ અમલ કરવામાં આવે છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. સભાગૃહ ફરીથી બપોરના ૩–૦૦ કલાકે મળશે.

(વિરામ બપોરના ૨–૩૦થી ૩–૦૦ )

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી મહેશભાઇ સો. ભુરિયા(ઝાલોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, કૃષિ, નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ વિભાગ અંતર્ગત અનુદાનો માટેની માગણીઓ ઉપરની ચર્ચાના અનુસંધાને હું મારા વિચારો અને રાજ્ય સરકાર દ્વારા મેળવેલ સિદ્ધિઓને ગૃહ સમક્ષ રજૂ કરું છું. ગૃહના સૌ સન્માનનીય સભ્યશ્રીઓને મારા જય સીતારામ.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વિષય એ રાજ્યના અર્થતંત્ર માટે મહત્ત્વપૂર્ણ છે. મગફળી, દીવેલાનું વાવેતર તેમજ ઉત્પાદનમાં સમગ્ર ભારતમાં ગુજરાત નંબર વન છે. ચણા અને રાઇના ઉત્પાદન માટે પણ ગુજરાત ભારતભરમાં નંબર વન છે. મગફળી, કપાસ, તુવેરા, સોયાબિનના ઉત્પાદન બાબતે હાલ આપણે બીજા સ્થાને છીએ. પરંતુ સિંચાઇ યોજનાઓ દિન–પ્રતિદિન વધી રહી છે. પ્રાકૃતિક ખેતી તરફ આપણે વળી રહ્યા છીએ. જેના કારણે આ પાકોમાં પણ આપણે આગવું સ્થાન મેળવીશું તેની મને ખાતરી છે અને વિશ્વાસ છે. ગુજરાતમાં આમ તો બધા જ પાકો લઇ શકાય છે. પરંતુ નોંધપાત્ર શેરડી, અનાજ, કઠોળ, ફળ, ફૂલ, શાકભાજીનું ઉત્પાદન પણ સારા પ્રમાણમાં વધી રહ્યું છે. આપણા રાજ્યે ઉત્પાદકતા અને કાર્યક્ષમતા વધારવા માટે ટપક સિંચાઇ અને ઉપજ આપતી પાકની જાતો માટે આધુનિક કૃષિ પદ્ધતિઓ પણ અપનાવી છે. ખેતીની સાથે સાથે સિંચાઇના સ્ત્રોતો ઉપર પણ સરકાર ફોકસ કરી રહી છે. જેની સાથે પશુપાલન અને અદ્યતન ડેરી ફાર્મિંગ માટે પણ આપણું રાજ્ય ગૌરવ ધરાવે છે. આપણું રાજ્ય દૂધ અને દૂધ બનાવટોનું મુખ્ય ઉત્પાદક છે. રાજ્ય સરકારે ખેડૂતોને ટેકો આપવા સંજીવની ખેતી પ્રોત્સાહન આપવા અને કૃષિ માળખાકીય સુવિધાઓને વધારવા માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. એકંદરે ગુજરાતના સામાજિક, આર્થિક વિકાસમાં કૃષિ મહત્વની ભૂમિકા ભજવે છે. મને કહેતા ગર્વ થાય છે કે ભારતમાં ગુજરાતને દૂધની રાજધાની પણ કહેવામાં આવે છે. આ બાબતે આપણા ગૃહના માનનીય અધ્યક્ષશ્રી અને માનનીય ઉપાધ્યક્ષ મહોદયશ્રી બન્ને મહાનુભાવો ડેરી વિકાસમાં મહત્ત્વનો ફાળો આપી રહ્યા છે જે બદલ તેમને બિરદાવું છું અને અભિનંદન પાઠવું છું. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની રાહબરી હેઠળનું ગુજરાત રાજ્ય દેશનું વિકસિત, મજબૂત અને ઉભરતું રાજ્ય તરીકે સિદ્ધિ હાંસલ કરી છે. દેશના બીજાં રાજ્યો માટે દીવાદાંડીરૂપ બન્યું છે. રાજ્યમાં ટેકાના ભાવથી યોજના, મુખ્યમંત્રી પાક સંરક્ષણ યોજના, કિસાન પરિવહન યોજના, આઇ ખેડૂત પોર્ટલ, સ્માર્ટ ફોન સહાય યોજના, ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના, કૃષિ મહોત્સવો થકી બીજ, ખાતર, કીટ વિતરણ યોજના, રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ, પ્રધાનમંત્રી કિસાન માનધન યોજના, ટ્રેકટર સહાય યોજના, કૃષિ રાહત પેકેજ જેવી અગણિત યોજનાઓ થકી આ રાજ્યના અને દેશના ખેડૂતો સમૃદ્ધ અને મોભાદાર બન્યા છે. કૃષિની સાથે સાથે આપણા રાજ્યે સિંચાઇ ક્ષેત્રે પણ એક આગવી ઓળખ ઊભી કરી છે. જળસંચય ક્ષેત્રે ગુજરાત રાજ્યે કરેલ કામગીરીને દેશમાં નમૂનારૂપ કામગીરી તરીકે બિરદાવવામાં આવી રહી છે. હજારો ચેકડેમો, ખેત તલાવડી, બોરીબંધ, જળમંદિરો, તળાવો ઊંડાં કરવાનાં અભિયાનો, જૂની કેનાલોની મરામત, આધુનિકરણ, ટપક અને સૂક્ષ્મ સિંચાઇ પદ્ધત્તિ, સુજલામ–સુફલામ યોજના, ક્ષાર પ્રવેશ નિયંત્રણ યોજના વગેરે યોજનાઓના નોંધપાત્ર અને અપેક્ષિત પરિણામો મળ્યાં છે. જળસંચય યોજનાના લીધે પાણીના તળ ઊંચા આવતાં ખેતીમાં મોટાપાયે વૃદ્ધિ થયેલ છે. કૃષિ અને સિંચાઇની વાત કરીએ છીએ ત્યારે મને મારા બાલ્યવસ્થાની યાદ આવે છે. એ સમયમાં અમારા આદિવાસીઓની અગાઉની સરકારો અમને ભૂલી જતી હતી. અમો મૂળ નિવાસીઓને પણ જમીનનો હક્ક અને ઇજારો છે. પાણી અને પાક બંનેથી હંમેશા વિખૂટા રાખ્યા હતા. ના કોઇ સિંચાઇની વ્યવસ્થા, ના તો કોઇ કૃષિ યોજના અંતર્ગત અમારા ભાગે આવતી. આ રાજ્યના પનોતા પૂત્ર અને દેશના લોકપ્રિય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના અમો આભારી છીએ. ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી બનતા તેઓ વનબંધુ કલ્યાણ યોજના લાવ્યા અને તેઓએ સાચા અને ખરા અર્થમાં અમારી ચિંતા કરી અને અમારી જો કોઇએ કદર કરી હોય તો માત્ર અને માત્ર દેશના લોકપ્રિય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી

સાહેબે કરી છે. અમો રાજ્યના પૂર્વ ભાગના ડુંગરાળ-ખડકાળ વિસ્તારમાં છૂટાછવાયા અને નાના સમૂહમાં વસતા હોવાથી ઉમરગામથી અંબાજી સુધીની પૂર્વ પટ્ટીના આદિવાસી વિસ્તારોના ૧૪ જિલ્લામાં વસતા હોવાથી પૂર્વમાં ઊગતા સૂર્યનો પ્રકાશ તો મળતો હતો. પરંતુ રાજ્યની વિવિધ યોજનાઓનો પ્રકાશ અમારા સુધી પહોંચતો ન હતો. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, તમારું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી સરદારભાઇ ચૌધરી.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી(ખેરાલુ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દ્વારા રાજ્યના પશુપાલન અને ડેરી ક્ષેત્રના સાર્વત્રિક વિકાસ માટે રજૂ કરાયેલ માગણી નં.૪ ને અનુમોદન આપવા હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના પશુપાલકો પોતાના પશુધન દ્વારા યોગ્ય દૂધ ઉત્પાદન મેળવી આર્થિક રીતે વધુ ઉન્નતિ પ્રાપ્ત કરે એ માટે ઉત્તમ આરોગ્યલક્ષી સેવાઓ ઉપલબ્ધ કરવાના મક્કમ ઈરાદા સાથે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇના વડપણ હેઠળની ડબલ એન્જિનની સરકારે અનેકવિધ કાર્યક્રમો અમલમાં મૂકેલ છે સાથે સાથે ચેપી રોગચાળા નિયંત્રણ ક્ષેત્રે કરવામાં આવેલા અથાગ પ્રયત્નો બદલ રાજ્ય સરકારને આપના માધ્યમથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આપણો દેશ વિશ્વમાં સૌથી મોટું સહકારી માળખું ધરાવતો દેશ છે. આટલા વિશાળ માળખાનો ઉપયોગ લોકોની સુખાકારી વધારવા માટે થાય તે હેતુથી આપણાં લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી અને દેશના ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબે ''**સહકાર સે સમૃદ્ધી**'' ના સૂત્ર સાથે છેલ્લાં ૧૦ વર્ષમાં સહકારી ક્ષેત્રે ધરખમ હકારાત્મક પરિણામો લાવ્યાં છે. આપણા ગુજરાતના દૂધ સંઘો આજે સમગ્ર દેશમાં મોટા મોટા પ્લાન્ટ નાખી રહ્યા છે અને પશુપાલકોનું દૂધ સારા ભાવથી ખરીદી સમગ્ર દેશમાં દૂધ અને દૂધની પેદાશો સપ્લાય કરે છે. હું ખેડૂત પરિવારમાં જન્મેલો છું અને આજે દૂધ સાગર ડેરીના માધ્યમથી પશુપાલકો સાથે ઘનિષ્ઠતાપૂર્વક સંકળાયેલ છું. પશુઓને થતાં ચેપી રોગની ગંભીરતા ખૂબ સારી રીતે સમજું છું. આદરણીય અધ્યક્ષશ્રી અને ઉપાધ્યક્ષશ્રી આપ પણ પશુપાલક સાથે જોડાયેલા છો ત્યારે આપણે બધા પશુપાલકો વિષે જાણીએ છીએ. રાજ્ય સરકાર દ્વારા ગામે ગામે પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યાં નિષ્ણાત પશુ-ચિકિત્સકોની ટીમ દ્વારા પશુપાલકોના ઘર આંગણે પશુઓની નિ:શુલ્ક સારવાર આપવામાં આવી રહી છે અને મને આનંદની લાગણી સાથે છેલ્લાં બે વર્ષમાં મારા મહેસાણા જિલ્લામાં કુલ ૩૮૬ પશુ આરોગ્ય મેળાઓના આયોજન થકી કુલ ૭૫,૯૨૨ પશુઓના વિવિધ રોગોની સારવાર વિનામૂલ્યે આપવામાં આવી છે અને વર્ષ ૨૦૨૪-૨૫માં આવા ૪,૫૦૦ જેટલા પશુ આરોગ્ય મેળાના આયોજન માટે સરકારશ્રી દ્વારા સૂચવવામાં આવેલ કુલ રૂ. ૨ કરોડ ૨૬ લાખની જોગવાઈની દરખાસ્તને હું આવકારું છું અને સમર્થન આપું છું. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫થી સમગ્ર રાજ્યમાં અમલમાં મૂકવામાં આવેલ મુખ્યમંત્રી નિ:શુલ્ક પશુ સારવાર યોજના હેઠળ લાખો પશુઓને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી રહી છે. ત્યારે વર્ષ ૨૦૨૪-૨૫ માટે મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજનામાં સૂચવેલ રૂ. ૪૩ કરોડની જોગવાઇને હું મારું સમર્થન આપું છું. રાજય સરકાર દ્વારા ૧૦ ગામદીઠ એક ફરતા પશુ દવાખાનાની યોજના હેઠળ કુલ ૪૬૦ ફરતા પશુ દવાખાના શરૂ કરવામાં આવેલ છે. જે સમગ્ર રાજયમાં લગભગ ૫૩૦૦થી વધુ ગામોમાં ઘરઆંગણે વિનામૂલ્યે પશુ સારવાર મળી રહે છે ત્યારે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં ૪૬૦ ફરતા પશુ દવાખાના માટે સૂચવેલ રૂ.૬૧ કરોડની દરખાસ્તને હું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આકસ્મિક પશુ સારવાર તેમજ માલિક વિહોણા પશુઓને સારવાર માટે રાજય સરકાર દ્વારા શહેરી વિસ્તારમાં કુલ ૩૭ કરુણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ની સુવિધા પણ રાજયમાં ઊભી કરવામાં આવી છે. આ એમ્બ્યુલન્સની સેવાઓ ચાલુ રાખવા માટે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સૂચવવામાં આવેલ રૂ.૯ કરોડની જોગવાઇને પણ મારું સમર્થન આપું છું. રાજયમાં કુલ ૬૫ નવા સ્થાયી પશુ દવાખાના શરૂ કરવા તેમજ ૫૦ ફરતા પશુ દવાખાના શરૂ કરવા માટે વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં આયોજન કર્યું છે તે બદલ રાજય સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. તો માટે સૂચવેલ કુલ રૂ.૧૦,૬૩,૦૦,૦૦૦ની જોગવાઇને આવકારું છું. રાજયના પશુપાલકોને આર્થિક ઉન્નતિના નવીન સોપાન સર કરવામાં સહાયરૂપ એવી રાજયની પશુ ચિકિત્સા સેવાઓની વધુ સુદ્રઢ બનાવવા માનનીય મંત્રીશ્રી દ્વારા સૂચવેલ તમામ જોગવાઇઓને મારું સમર્થન આપું છું. જય જય ગરવી ગુજરાત. ધન્યવાદ.

શ્રી કલ્પેશભાઇ આ. પરમાર(માતર) : માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલન અને ડેરી વિકાસના માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક-૪ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું અને એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના આર્થિક અને સમાજિક વિકાસમાં પશુપાલન અને ડેરી ક્ષેત્રનું આગવું પ્રદાન રહેલું છે. પશુપાલન આજે એક સુવ્યવસ્થિત વ્યવસાય અને સ્વતંત્ર રોજગારના ક્ષેત્ર તરીકે ઉભરી રહ્યું છે. જાણે કે સંપૂર્ણ ગ્રામસ્વરાજનું મહાત્મા ગાંધીનું સ્વપ્નું ગુજરાતમાં સાકાર થઇ રહ્યું છે. સર્વશ્રેષ્ઠ આનંદની વાત એ છે કે રાજયમાં શિક્ષિત યુવાનો અને યુવતીઓ પણ હવે આ વ્યવસાય તરફ આકર્ષિત થઇ તેને આજીવિકાના મુખ્ય સ્ત્રોત તરીકે અપનાવી રહય છે. આ યુવાન યુવતીઓ અવનવા સંશોધનો અપનાવી વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કરી વધુ દૂધ ઉત્પાદન મેળવી રહ્યા છે. અન્ય વ્યવસાયની સરખામણીએ પશુપાલન વ્યવસાયની આગવી લાક્ષણિકતાની વાત કરું તો આ વ્યવસાયમાં પૂરુંષો કરતા મહિલાઓનું યોગદાન વધારે હોય છે. એક અંદાજ મુજબ દૂધ ઉત્પાદનની વિવિધ કામગીરીમાં ૭૦ ટકા યોગદાન મહિલાઓનું હોય છે. આપણા લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ હંમેશા કહે છે કે દૂધ ઉત્પાદન અને પશુ ઉછેરનો યશ જો કોઇને આપવાનો હોય તો માત્રને માત્ર માતાઓ-બહેનોને જ મળે. ગ્રામીણ મહિલાઓ સંતાનની જેમ પશુની કાળજી રાખે છે અને

કુટુંબને નિભાવવા માટે પશુનું મહાત્મ્ય સમજ્યા છીએ તેથી જ ગુજરાતને શ્વેતક્રાંતિનું નેતૃત્વ મળ્યું છે. ગુણવંતા ગુજરાતના પશુપાલન વ્યવસાય કરતા લાખો અન્નદાતા અને તેમાંય ખાસ કરીને મહિલા પશુપાલક એટલે રાજ્યની નારીશક્તિને વધુ સામર્થ્યવાન બનાવવા માટે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ સાથેની બજેટની માગણીઓ લઇને પશુપાલન મંત્રીશ્રી આ સન્માનનીય સભાગૃહમાં આવ્યા છે તેમાં સમર્થન આપવા હું ઉપસ્થિત થયો છું. રાજ્યમાં ૮૦,૦૦૦ જેટલા પશુપાલકોને વિનામૂલ્યે ઘાસચારાના ઉત્પાદન માટે સુધારેલ જાતના ઘાસચારા બિયારણ કીટ આપવા વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં આયોજન કરાયું છે તે ખરેખર આવકારદાયક બાબત છે. પશુપાલકોના ગાભણ પશુઓ માટે અને વિયાણ થયેલ પશુઓ માટે ખાણદાણ ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા ૧૦૦ ટકા સહાય પૂરી પાડવામાં આવે છે. માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્ત્વમાં રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ માં મારા ખેડા જિલ્લામાં કુલ ૬૭૮૪ પશુપાલકોને રૂ. ૩,૧૩,૦૦,૦૦૦ના ખર્ચે ખાણદાણ સહાય યોજનામાં લાભ આપ્યો છે. આશરે ૧,૩૦,૦૦૦ પશુપાલકોને પશુઓ માટે ખાણદાણ ખરીદી માટે સહાય પૂરી પાડવા માટે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સૂચવેલ રૂ. ૫૪ કરોડની જોગવાઇને મારું સમર્થન છે. પશુપાલકો ગીર અને કાંકરેજ ગાયના ઉછેર અને સંવર્ધન માટે પ્રોત્સાહિત થાય તે હેતુથી પશુપાલન વિભાગની ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મની સ્થાપના માટે વ્યાજ સહાય તેમજ અન્ય માળખાકીય સુવિધાઓ માટે સહાયની યોજનામાં ગીર અને કાંકરેજ ગાયના ફાર્મ માટે વધારાની સહાય આપવામાં આવી રહી છે. જે રાજ્ય સરકારની દેશી ઓલાદોની જાળવણી માટેની કટિબદ્ધતા દર્શાવે છે. રાજ્ય સરકારે છેલ્લાં પાંચ વર્ષમાં મારા ખેડા જિલ્લામાં કુલ ૨૨૬ લાભાર્થીઓને રૂપિયા ૬ કરોડ ૫૬ લાખની સહાયનો આ યોજનામાં લાભ આપ્યો છે. પશુપાલન વ્યવસાય થકી ઘર આંગણે સ્વરોજગારીની તકો ઊભી થાય તેવી ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મની યોજના માટે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સૂચવેલ રૂપિયા ૫ કરોડ ૨૫ લાખની જોગવાઇને પણ હું આ તબક્કે મારું સમર્થન જાહેર કરું છું. રાજ્યમાં ગીર અને કાંકરેજ ગાયના સંવર્ધનને પ્રોત્સાહન મળે તે હેતુથી અને પશુપાલન વ્યવસાય થકી ગ્રામ્ય રોજગારીનું નિર્માણ થાય તે માટે રાજ્ય સરકાર ૫૦ દૂધાળા પશુના ફાર્મની સ્થાપના માટે પશુ ખરીદી પર વ્યાજ સહાય તેમજ અન્ય આનુષંગિક સુવિધાઓ માટે સહાય પૂરી પાડી રહેલ છે. આ યોજના માટે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સૂચવેલ જોગવાઇને મારું સમર્થન છે. વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકોને પ્રોત્સાહનની યોજના માટે સૂચવેલ રૂપિયા ૧ કરોડ ૫૦ લાખની જોગવાઇને હું મારું સમર્થન આપું છું. આ ઉપરાંત પશુપાલકોને કેટલ શેડ બાંધકામ માટે સહાય, વિદ્યુત સંચાલિત ચાફકટર ખરીદી માટે સહાય તેમજ બકરાં એકમ માટે સહાય, મરઘાપાલન વ્યવસાય માટે તાલીમ સ્ટાઇપેન્ડ સહાય અને મરઘાં એકમ પૂરા પાડવા વગેરે યોજનાઓ માટે પણ વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં રાજ્ય સરકારે આયોજન કર્યું છે તેને પણ આ તબક્કે મારું સમર્થન આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેતીવાડી ખાતાની ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનામાં લાભથી વંચિત રહી જતા જમીન વિહોણા પશુપાલકો માટે પશુપાલક અકસ્માત વીમા યોજના માટે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સૂચવવામાં આવેલ રૂપિયા ૧૦ કરોડની જોગવાઇને પણ આ તબક્કે આવકારું છું. પશુ મૃત્યુના સંજોગોમાં વીમાની રકમમાંથી પશુપાલક નવું પશુ ખરીદી પશુપાલન વ્યવસાય ચાલુ રાખી શકે તેવા શુભ આશયથી કેન્દ્ર પુરસ્કૃત નેશનલ લાઇવ સ્ટોક મિશન યોજના હેઠળની પશુધન વીમા યોજનાના લાભાર્થીઓને રાજ્ય સરકારની વધારાની સહાય માટે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સૂચવેલ રૂપિયા ૨૩ કરોડની જોગવાઇને મારું સમર્થન છે. અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ ૧૦૦૦ બ્રોઇલર પક્ષીના ફાર્મની સ્થાપના થકી મરઘાપાલન વ્યવસાય દ્વારા આવક મેળવી શકે તે માટે સહાયરૂપ થવા વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સૂચવેલ રૂપિયા ૨ કરોડ ૪૫ લાખની જોગવાઇને પણ હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ માટે મળતા કિસાન ક્રેડિટ કાર્ડના ધોરણસર દેશના પશુપાલકોને પશુ નિભાવ માટેના દૈનિક ખર્ચને પહોંચી વળવા માટે નાણાકીય સંસ્થાઓ/બેન્કો પાસેથી ટૂંકી મુદતના ધિરાણ ઉપલબ્ધ કરાવવા માટે પશુપાલન કિસાન ક્રેડિટ કાર્ડ આપવાનો ઐતિહાસિક નિર્ણય દેશની આઝાદી બાદ સૌ પ્રથમવાર આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વડપણ હેઠળ ભારત સરકારે કર્યો છે. પશુપાલન કિસાન ક્રેડિટ કાર્ડના ધિરાણ પર ભારત સરકારશ્રી દ્વારા મળતી ૩ ટકા વ્યાજ રાહત ઉપરાંત વધારાની ૪ ટકા વ્યાજ રાહત પણ ગુજરાત સરકાર દ્વારા આપવા માટે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની રાજ્ય સરકારે નિર્ણય કરી ગુજરાતના લાખો પશુપાલકો પ્રત્યેની સરકારની પ્રાથમિકતાને ઉજાગર કરી છે અને ખરેખર ડબલ એન્જિન સરકારનું ઉત્તમ દષ્ટાંત પૂરું પાડ્યું છે જેના માટે બંને સરકારોને મારા લાખ લાખ અભિનંદન પાઠવું છું.

શ્રી કિરીટકુમાર કે. પટેલ**(**ઊંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના પશુપાલકો ઉત્તમ પશુઓ રાખવા પ્રેરિત થાય તથા પશુપાલનના વ્યવસાયમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવતા થાય અને ઉત્તમ પશુઓ રાખતા પશુપાલકોને પ્રોત્સાહન મળે તે માટે રાજ્યના પશુપાલન પ્રભાગ દ્વારા અનેકવિધ કાર્યક્રમો પ્રતિવર્ષ આયોજિત કરવામાં આવે છે. આવા કાર્યક્રમો માટે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સૂચવેલ જોગવાઇના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પૃથ્વી નિર્માણની ઘટનાથી અવિરત ચાલ્યા આવતા પશુપાલન વ્યવસાયના સંદર્ભમાં ગુજરાત રાજ્યની વાત કરું તો આજે રાજ્યમાં અનેક સુશિક્ષિત યુવાનો શહેરનો મોહ ત્યજીને પોતાના વતનમાં પશુપાલનનો વ્યવસાય કરતા થયા છે જે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આજના આપણા દેશના લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ

દ્વારા દૂરંદેશીથી અમલમાં મૂકેલ અનેકવિધ પહેલોનું અને છેલ્લા બે દાયકામાં રાજ્ય સરકારની કામગીરીનું પરિણામ છે. પુરસ્કાર એ પ્રોત્સાહન માટેનું અગત્યનું પરિબળ છે. શુદ્ધ સંવર્ધન, દૂધ ઉત્પાદન અને મૂલ્યવૃદ્ધિ, ડેરી ઉદ્યોગમાં નવીન ટેકનોલોજીનો ઉપયોગ, ઓર્ગેનિક તેમજ પ્રાકૃત્તિક ફાર્મિંગ, વાછરડી, પાડીનો આદર્શ ઉછેર તથા પશુ પોષણ, પશુ રહેઠાણ, પશુ સંવર્ધન, પશુ સ્વાસ્થ્ય અને પશુ માવજતમાં ઉચ્ચકોટીના અભિગમ અપનાવનાર પશુપાલકોને પ્રોત્સાહન આપવા માટે તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર આપવાની યોજના પણ રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મહેસાણા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ૪૪ પશુપાલકોને રૂ.૩.૫ લાખ જેટલી રકમના પુરસ્કાર આપવામાં આવ્યા છે અને સમગ્ર રાજ્યમાં આશરે ૫૬૫ જેટલા શ્રેષ્ઠ પશુપાલકોને પુરસ્કાર આપવામાં આવ્યા છે. રાજ્યની પ્રગતિશીલ મહિલા પશુપાલકો શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર મેળવીને અન્ય મહિલા પશુપાલકોને પ્રેરણા પૂરી પાડી રહેલ છે. છેલ્લાં ત્રણ વર્ષમાં રાજ્ય કક્ષાના પ્રથમ ત્રણ પુરસ્કારોમાં મહિલાઓએ સ્થાન પ્રાપ્ત કર્યું છે અને રાજ્યના પશુપાલન અને ડેરી ક્ષેત્રના વિકાસમાં નારી શક્તિના સામર્થ્ય અને યોગદાન માટે ઉત્તમ દૃષ્ટાંત ઊભું કર્યું છે. રાજ્યની સૌથી મોટી ડેરી બનાસ ડેરીના ઉત્તમ વહીવટ થકી એક દિવસનું રૂ.૯૦ લાખ જેટલું દૂધ ઉત્પાદન પણ નોંધાયેલ છે અને બનાસ ડેરીમાં મોટી સંખ્યામાં મહિલા સભાસદો વર્ષે રૂ.૫૦ લાખથી વધુ રકમનું દૂધ જમા કરાવી આર્થિક રીતે વધુ સક્ષમ અને સમાજ માટે પ્રેરણાદાયી બની છે. રાજ્યમાં પશુપાલન શિબિરના માધ્યમથી રાજ્ય સરકાર દ્વારા પશુપાલકોને પશુ સ્વાસ્થ્ય, પશુ સંવર્ધન, પશુ રહેઠાણ, પશુ પોષણ તેમજ વિવિધ ઋતુઓમાં પશુઓની સાર–સંભાળ અંગેની માહિતીની વિગતવાર સમજ આપવામાં આવે છે અને પશુપાલકોને વિવિધ સહાયકારી યોજનાઓથી માહિતગાર કરવામાં આવે છે. છેલ્લાં બે વર્ષમાં મારા મહેસાણા જિલ્લામાં ૨૦ તાલુકા અને ૪ જિલ્લા શિબિરનો ૮,૦૦૦ જેટલા પશુપાલકોએ લાભ લીધેલ છે. રાજ્યવ્યાપી અભિયાનના ભાગરૂપે ખૂબ મોટી સંખ્યામાં મોટાં દૂધાળાં પશુઓને અને ઘેટાં–બકરાં વર્ગના પશુઓને કૃમિનાશક સારવાર હેઠળ આવરી લઇ રાજ્યના પશુપાલકોને પશુઓના ઉત્પાદન અને ઉત્પાદનમાં વૃદ્ધિ કરવા સહાયરૂપ થવાનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. જે બદલ હું આપના માધ્યમથી રાજ્ય સરકારને અભિનંદન પાઠવું છું. એ જ પ્રમાણે વિવિધ રોગ સામે પશુઓમાં રોગ પ્રતિકારક શક્તિ જળવાઇ રહે તે માટે સમયાંતરે જરૂરી રસીકરણની કામગીરી ઝુંબેશ સ્વરૂપે હાથ ધરી રાજ્યના પશુપાલકોની આવકમાં વધારો કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. રાજ્યમાં કેન્દ્ર સરકારની ૧૦૦ ટકા સહાયથી આ વર્ષે લાખો ગાય, ભેંસને ખરવા–મુવાસાના રોગ સામે રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવી છે. પશુઓના આરોગ્ય અને સંવર્ધનની સાથે પશુઓના પોષણ અંગે પણ આ રાજ્ય સરકાર ચિંતા કરી રહી છે ત્યારે રાજ્ય સરકારશ્રી દ્વારા પશુપાલકોના પશુઓ માટે ખાણ–દાણ ખરીદી માટે સહાય પૂરી પાડવા વર્ષ ૨૦૨૪ના અંદાજપત્રમાં સૂચવેલ રૂ.૫૪ કરોડની જોગવાઇને મારું સમર્થન છે. વર્ષ ૨૦૦૨થી જાહેર થયેલ રાજ્યવ્યાપી પશુ આરોગ્ય મેળા અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૭૬,૬૦૦થી વધારે પશુ આરોગ્ય મેળાના આયોજન દ્વારા ૩ કરોડ ૧૦ લાખથી વધારે પશુઓને નિ:શુલ્ક પશુ સારવાર આપવામાં આવી છે. કોઇ પણ પશુપાલકનું પશુ સારવાર વિહોણું ન રહે એવા ઉમદા આશયથી વર્ષ ૨૦૧૪–૧૫થી મુખ્યમંત્રી નિ:શુલ્ક પશુ સારવાર યોજના સમગ્ર રાજ્યમાં અમલમાં મૂકી છે. રાજ્ય સરકાર દ્વારા ૧૦ ગામ દીઠ એક મોબાઇ પશુ દવાખાનાં યોજના હેઠળ કુલ ૫૦૦૦થી પણ વધુ ગામોમાં ૪૬૦ મોબાઇલ પશુ દવાખાનાં કાર્યરત કરવામાં આવેલ છે. હું આ માગણીઓને સમર્થન આપું છું.

શ્રી હેમંતભાઇ હ. આહિર(જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રી તેમની નાદુરસ્ત તબિયતના કારણે આજે આ ગૃહમાં નથી ત્યારે હું ભગવાન દ્વારકાધીશને પ્રાર્થના કરું કે એ વહેલી તકે સ્વસ્થ થઇ અને ગૃહમાં પરત આવે. માનનીય મંત્રીશ્રી આજે જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો વર્ષ ૨૦૧૪માં એવી ખૂબ વાતો થઇ કે ખેડૂતોની આવક ડબલ કરવી જોઇએ પણ આંકડાકીય માહિતી પર નજર નાંખીએ તો ખ્યાલ આવે કે ડી.એ.પી. ખાતરની ૫૦ કિલોની એક થેલીનો ભાવ વર્ષ ૨૦૧૪માં રૂ.૭૫૦/– હતો. એ વર્ષ ૨૦૨૪માં રૂ.૧૩૫૦/– છે. તેવી જ રીતે એન.પી.કે. ખાતરનો ભાવ રૂ.૬૭૦ હતો તે આજે ડબલ કરતાં પણ વધારે એટલે કે રૂ.૧૪૦૦ના ભાવમાં આજે એન.પી.કે. ખાતર મળે છે. તેની સામે કપાસ, મગફળીના ભાવ વર્ષ ૨૦૧૪માં હતા તેના તે જ છે. વર્ષ ૨૦૧૪માં રૂ.૧૪૦૦ એ ૨૦ કિલો કપાસ વેચાતો હતો તે આજે પણ રૂ.૧૪૦૦ થી રૂ.૧૫૦૦ના મામૂલી ભાવે ખેડૂતો વેચી રહ્યા છે. જ્યારે ખેડૂતની ખેત પેદાશ માર્કેટમાં વેચાવા આવે ત્યારે એકાએક નિકાસ બંધ થઇ જાય અને જ્યારે ખેડૂત પોતાનો પૂરેપૂરો માલ વેચી નાંખે ત્યારબાદ અચાનક નિકાસ ચાલુ કરવામાં આવે. આવી નીતિરીતિઓના કારણે ખેડૂતોને નાછૂટકે પોતાનો માલ ખૂબ સસ્તા ભાવે વેચવો પડે છે. ખેડૂતો પાસે પૂરતા પ્રમાણમાં ગોડાઉન ન હોવાના કારણે પણ પોતાનો માલ ખૂબ સસ્તા ભાવે વેચવો પડતો હોય. ખેડૂતોને ક્યાંક ને ક્યાંક કમોસમી વરસાદ અને વાવાઝોડાની ભીતિ હોય ત્યારે ગોડાઉન ન હોવાના કારણે ખૂબ સસ્તા ભાવે માલ વેચવો પડતો હોય છે. મારી ગુજરાતના ખેડૂતો વતી માગણી છે કે આ મોંઘવારીના જમાનામાં રૂ.૭–૮ લાખના ખર્ચે ગોડાઉન તૈયાર થતું હોય ત્યારે મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચરમાં રાજ્ય સરકાર દ્વારા માત્ર રૂ. ૭૫ હજારની સહાય આપવામાં આવે છે તે રકમ વધારીને રૂ.બે લાખ કરવામાં આવે. એવી જ રીતે છેલ્લા એકાદ બે વર્ષથી યુરિયા મેળવવા જતાં ખેડૂતોને ન જોઇતું હોય છતાં પણ નેનો યુરિયા આપી દેવામાં આવે છે. ખબર નહીં શા કારણે ખેડૂતોને જબરજસ્તીથી આ નેનો યુરિયા ખાતર આપવામાં આવે છે? સરકારમાં વારંવાર પ્રશ્ન

પૂછતાં એવો જવાબ મળે કે આ ફરજિયાત નથી. કંપનીઓ ખેડૂતોને ફરજ પાડી રહી છે કે આપ નેનો યુરિયાની ખરીદી કરશો તો જ આપને બીજું યુરિયા મળશે તો એ નથી સમજાતું કે આ નેનો યુરિયાની ખરીદીથી કોને ફાયદો થઇ રહ્યો છે? ખેડૂતોની આવક ડબલ કરવી હોય તો સારા અને સર્ટિફાઇડ બિયારણ વિતરણ યોજના જે અમલમાં છે તેને સુદ્દઢ રીતે ચલાવવી જોઇએ અને તે સારી રીતે ચાલે તેવી વ્યવસ્થા ઊભી કરવી જોઇએ પણ જ્યારે આ બજેટ હાથમાં લઇ અને નજર નાંખીએ ત્યારે ખ્યાલ આવે કે રૂ.૩ લાખ ૩૨ હજાર કરોડના બજેટમાં ખેડૂતોને સારું બિયારણ મળી રહે તેના માટે માત્ર રૂ.૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જો આપણે સારું બિયારણ પૂરું નહીં પાડીએ તો ખેડૂતોની આવક બમણી કઇ રીતે થશે? છેલ્લાં ૧૦ વર્ષમાં ખેડૂત જે ભાવે પાક પકવતો હતો તેની સામે આજે ડબલ ખર્ચ થઇ રહ્યો છે અને ઉત્પાદનોના ભાવ હતા ત્યાં ને ત્યાં જ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જેમ સાગરખેડુ યોજનામાં ડીઝલમાં વેટ રાહત આપવાના કારણે આપણા માછીમાર ભાઇઓ સારી રીતે માછીમારી કરી શકે છે, પરંતુ આ ગુજરાતના ખેતી કરતાં ખેડૂતોને પોતાના ટ્રેક્ટરમાં વપરાતા ડીઝલમાં વેટ રાહત આપવામાં આવતી નથી. ભારતના અન્ય રાજ્યોમાં ખેડૂતોને ડીઝલમાં વેટ રાહત આપવામાં આવે છે ત્યારે આપણું ગુજરાત સમૃદ્ધ રાજ્ય છે ત્યારે ગુજરાતના ખેડૂતોને ડીઝલમાં વેટ રાહત આપવામાં આવે તેવી આ તકે હું આ ગૃહ સમક્ષ માગણી કરું છું. કોઇ પણ ખાતેદાર ખેડૂતનું અકસ્માતમાં મૃત્યુ થાય તો માત્ર રૂ.બે લાખ વીમા કવચ પૂરું પાડીએ છીએ. આ મોંઘવારીના સમયમાં માત્ર રૂ.બે લાખથી પરિવારનું ગુજરાન ન ચાલી શકે. ખેડૂતના પરિવારની દુ:ખની ઘડીમાં મદદરૂપ થવાના હેતુથી આ રકમ વધારીને રૂ.પાંચ લાખ કરવામાં આવે તેવી પણ માગણી છે. ઘણા સમયથી આ ગુજરાતના ખેડૂતો દિવસે વીજળી આપવા માટેની વાત કરે છે અને જ્યારે પણ કોઇ આંદોલન થાય ત્યારે સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવે કે સૂર્યોદય યોજના લાગુ કરવામાં આવશે, પણ અવારનવાર જિલ્લા સંકલનમાં જ્યારે અમે પ્રશ્ન પૂછતા હોય ત્યારે વિભાગ દ્વારા એક માત્ર એવો જવાબ આપવામાં આવે કે લોડ શેડિંગના કારણે વીજળી મળતી નથી. જે કારણસર આપણે ખેડૂતોને દિવસે વીજળી આપી શકતા નથી. છેલ્લા કેટલાંક સમયથી સૂર્યોદય યોજનાની વાતો કરીએ છીએ પણ આ તકે હું માનનીય ઊર્જા મંત્રીશ્રીને વિનંતી કરું છું કે કેટલા ખેડૂતોને આપણે સૂર્યોદય યોજના હેઠળ વાસ્તવિકતામાં લાભ આપી રહ્યા છીએ તેના આંકડા જોવામાં આવે. આ બદલ આ બજેટને હું મારું સમર્થન આપી શકતો નથી.

શ્રી કિરીટસિંહ સ. ડાભી(ધોળકા) : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગની માંગણીઓ પર હું મારા વિચારો રજૂ કરું છું અને મારું સમર્થન જાહેર કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ છેલ્લા ચાર દાયકાથી પણ વધુ સમયથી ખેડૂતોને ગુણવત્તાયુક્ત પ્રમાણિત બિયારણ આપીને તેમની સેવામાં સફળતાપૂર્વક કાર્ય કરે છે. આપણા રાજ્ય સરકારના જાહેર સાહસ ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ કે જે રાજ્યમાં તથા રાજ્ય બહાર 'ગુરાબીની' બ્રાન્ડથી ખૂબ જ પ્રચલિત છે. તેના વિશે હું આજે સદનમાં વાત રજૂ કરું છું. ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો મુખ્ય ઉદ્દેશ રાજ્યના ખેડૂતોને વ્યાજબી ભાવે સમયસર ગુણવત્તાયુકત પ્રમાણિત બિયારણ પૂરું પાડવાનો છે. જેની સ્થાપના વર્ષ ૧૯૭૫માં કંપની ધારા એક્ટ–૧૯૫૬ હેઠળ કરવામાં આવેલ હતી. આ નિગમમાં ૯૫ ટકા હિસ્સો રાજ્ય સરકારનો છે અને ૫ ટકા હિસ્સો ભારત સરકારનો છે. ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડની રજિસ્ટર્ડ વડી કચેરી ગાંધીનગર ખાતે કાર્યરત છે. રાજ્યમાં પાલનપુર, મહેસાણા, હિંમતનગર, ચરેડી, ગાંધીનગર, નડિયાદ, વડોદરા, ગોધરા, વ્યારા, શિહોર, અમરેલી, સુરેન્દ્રનગર, ભુજ, જૂનાગઢ અને રાજકોટ મળીને કુલ ૧૪ કચેરીઓ અને જામનગર ખાતે એક વેચાણ કચેરી કાર્યરત છે. ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ 'ગુરાબીની' બ્રાન્ડના નામથી ઓળખાય છે ત્યારે ખેડૂતોના વિશાળ હિતમાં સેવા આપી રહી છે. બીજ નિગમના કુશળ અને અનુભવી કર્મચારીઓના અથાગ પરિશ્રમથી આપણા ખેડૂતોમાં 'ગુરાબીની' બ્રાન્ડ પ્રસ્થાપિત થયેલ છે. જે ખેડૂતોની શ્રદ્ધા, બ્રાન્ડ વફાદારી, ગુણવત્તાની ખાતરી, સમર્પિત સેવા અને ગૌરવપૂર્ણ સિદ્ધિઓ સાથે સતત ખેડૂતોના ઉત્થાન અને ટકાઉ યોગદાન સહિત રાજ્ય દ્વારા દાયકા કરતાં પણ વધુ સમયથી અવિરત સેવાઓ આપી રહ્યું છે. રાજ્યમાં ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો પ્રમાણિત બિયારણ ઉત્પન્ન કરવામાં અને વેચાણ કરવામાં આશરે ૧૮થી ૨૦ ટકાનો હિસ્સો છે. રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં બીજ નિગમના પ્રમાણિત બિયારણો નજીકના સ્થળેથી એકસમાન ભાવે ખેડૂતોને મળી રહે એ માટે નિગમ દ્વારા રાજ્યભરમાં ગ્રામ્ય અને તાલુકા કક્ષાએ અંદાજિત ૧૪૮૧ અધિકૃત બીજ વિક્રેતાઓ દ્વારા બિયારણ વિતરણ કરવામાં આવે છે. ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા રાજ્યના ખેડૂત બીજ ઉત્પાદકો પાસે જુદા–જુદા પાકોના બીજ ઉત્પાદન કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. જેનું રજિસ્ટ્રેશન ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી મારફત કરાવી એજન્સીના નિરીક્ષણ બાદ સફળ બીજ ઉત્પાદન કાર્યક્રમમાં જથ્થાનું સેમ્પલિંગ અને સિલિંગ કરાવી એજન્સીનાં પરિણામમાં નિયત ધારાધોરણ પ્રમાણેના બીજ જથ્થાની ઉત્પાદક પાસેથી ખરીદી કરવામાં આવે છે. પાસ થયેલ બીજ જથ્થાનું પ્રોસેસિંગ અને પેકિંગ ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સીની દેખરેખ હેઠળ કરાવીને ધારાધોરણો મુજબ સર્ટિફાઇડ ગુણવત્તાયુક્ત બીજ જથ્થાનું વિતરણ કરવામાં આવે છે. બીજ નિગમ દ્વારા મુખ્ય પાકો જેવા કે, ઘઉં, ડાંગર, મગફળી, દિવેલા, સોયાબીન, ચણા, મગ, જીરું, બીટી કપાસ સહિત કુલ ૨૪ પાકોની અંદાજે ૧૦૧થી વધુ જાતોના પ્રમાણિત બિયારણોનું ઉત્પાદન અને વેચાણ કરવામાં આવે છે. હાલમાં રાજયમાં ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા વાર્ષિક સરેરાશ અઢી લાખ ક્વિન્ટલ જેટલું બિયારણનું ઉત્પાદન કરી વિતરણ કરવામાં આવે છે. ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા ઓછા મૂલ્ય અને મોટા જથ્થાના પાકો જેવા કે, મગફળી, ઘઉં, ડાંગર, સોયાબીન, મકાઇ, ચણા, તુવેર વગેરેના

ગુણવત્તાવાળા પ્રમાણિત બિયારણોનો પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરવામાં સિંહફાળો છે. વધુમાં, સરકારશ્રીની જુદી-જુદી સરકારી યોજનાઓમાં ખેડૂતોને પ્રમાણિત બિયારણો પણ નિગમ દ્વારા સહાયદરે પૂરા પાડવામાં આવે છે. ગુજરાત રાજ્ય બીજ નિગમ પાસે બીજ જથ્થાના સંગ્રહ માટે નિગમની માલિકીના કુલ ૫૧ ગોડાઉનો છે. જેની સંગ્રહશકિત ૨.૩૧ લાખ ક્વિન્ટલ છે. આ ઉપરાંત નિગમ દ્વારા નાબાર્ડ, આર.ડી.આઇ., બી.એ.એફ. પ્રોજેક્ટ અંતર્ગત પ્રથમ તબક્કા હેઠળ ૧૧ હજાર મેટ્રિકટન ગોડાઉન ક્ષમતાની નિર્માણની કામગીરી પણ પ્રગતિમાં છે. નિગમ દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળા બિયારણો તૈયાર કરવા તેમજ પ્રોસેસિંગ માટે કુલ ૨૯ શીડ પ્રોસેસિંગ પ્લાન્ટ કાર્યરત છે. જેની પ્રોસેસિંગ ક્ષમતા ૫.૯૦ લાખ ક્વિન્ટલ જેટલી છે. નિગમ દ્વારા સરેરાશ અઢી લાખ ક્વિન્ટલ જેટલા બિયારણના જથ્થાનું વિતરણ કરી અંદાજિત સરેરાશ રકમ રૂ.૨૦૦/-કરોડનું વાર્ષિક ટર્ન ઓવર હાંસલ કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય બીજ નિગમને આજસુધી પાંચ વખત ભારત સરકારશ્રી દ્વારા નેશનલ પ્રોડક્ટિવિટી કાઉન્સિલ એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. જે આપણા રાજ્યનું ગૌરવ છે. મેં જે વિચારો રજૂ કર્યા છે એમાં મારું માનનીય મંત્રીશ્રીને સમર્થન છે. ભારત માતા કી જય.

**માનનીય સભાપતિ શ્રી પંકજ વિ. દેસાઇ અધ્યક્ષસ્થાને**

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ(રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી તથા માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આ સભાગૃહમાં મારા કૃષિ, નાની સિંચાઇ, પશુપાલન, મત્સ્યોદ્યોગ અને માહિતી અને પ્રસારણ વિભાગની માગણીઓ લઇને આવ્યો છું. એમાં કૃષિ પ્રભાગની શરૂઆત કરું તો આ સન્માનનીય સભાગૃહના માનનીય સભ્યશ્રીઓએ મારા વિભાગની માગણીઓ ઉપરની ચર્ચામાં ઉત્સાહપૂર્વક ભાગ લઇ બહુમૂલ્ય સૂચનો કર્યાં છે. રાજ્યના ખેડૂતોની ખેતીની દરકાર કરી તે બદલ હું સર્વ ધારાસભ્યશ્રીઓનો હૃદયપૂર્વક આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ ભારત રત્નથી જે સન્માનિત થયા છે એવા પ્રસિદ્ધ અને ભારતીય કૃષિની દિશા અને દશા બંને સમૃદ્ધ કરનાર મહાન કૃષિ વૈજ્ઞાનિક ભારતરત્ન શ્રી એમ.એસ. સ્વામીનાથને કહ્યું હતું કે, જો ખેતી ખોટી થાય તો બીજું કંઇ યોગ્ય થવાની શક્યતા નથી. મનુષ્યજીવનનો આધાર એવી ખેતીની માગણીઓ લઇને હું આ સભાગૃહ સમક્ષ આવ્યો છું તે મારા માટે સન્માન અને ગૌરવની બાબત છે. કૃષિ અને બાગાયત પ્રભાગની મારી માગણી ક્રમાંક-૨ અંગેની વાત કરું તો વિકસિત ભારત @ ૨૦૪૭ અંતર્ગત નિર્ધારિત કરેલ આઇ.એમ.ઓ.માં ગુજરાત રાજ્યની કૃષિમાં ટકાઉપણું આવે તે માટે જમીન સ્વાસ્થ્ય અને જાળવણી સુધારણા તેમજ ખેતીના ઇનપુટની કાર્યક્ષમતા વધે તે બાબત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. અન્નદાતાઓની સમૃદ્ધિ માટે ઉત્પાદકતા વધારવા અને પાકોનું મૂલ્યવર્ધન કરવા અમારી સરકાર કૃતસંકલ્પ છે. કૃષિ સંશોધન ક્ષેત્રે કેસર કેરી અને ભાલિયા ઘઉં બાદ કચ્છની ખારેકને જી.આઇ. ટેગની માન્યતા મળેલી છે. ખેતીમાં આધુનિક ટૅકનોલોજીના ઉપયોગથી ચોક્સાઇવાળી ખેતી એટલે કે પ્રિસિઝન ફાર્મિંગ અને કૃષિ યાંત્રિકીકરણને પ્રોત્સાહન આપવું એ સમયની માંગ છે. ગુણવત્તા નિયંત્રણની કામગીરી અસરકારક રીતે કરતા વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન જાન્યુઆરી-૨૦૨૪ સુધીમાં રાજ્યમાં રાસાયણિક ખાતર, જંતુનાશક દવા અને બિયારણના ૫૦,૦૦૦થી વધુ નમૂના લઇ ૨૭૫ સામે કોર્ટ કેસ અને ૩૬ સામે એફ.આઇ.આર.ની કાર્યવાહી કરવામાં આવેલી છે. આમ અનધિકૃત બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનું ઉત્પાદન અને વેચાણ પર અંકુશ લાવવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૧૯૭ કરોડના મૂલ્યનું ૨.૪૯ લાખ કિવન્ટલ બિયારણ વિતરણ અને ૧૭,૩૩,૦૦૦ કિવન્ટલ નૉટિફાઇડ જાતોના બિયારણ પ્રમાણિત કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં એકંદરે ૧૫ હપ્તામાં રૂ.૧૫,૪૦૭ કરોડથી વધુની રકમ સીધી ૬૩ લાખ જેટલા લાભાર્થી ખેડૂતોના બેંક ખાતામાં ડી.બી.ટી. થી જમા કરાવવામાં આવી છે. આ જ બતાવે છે કે, અમે ખેડૂતોની આવક બમણી કરવાની વાત કરી છે એની શરૂઆત કરી રહ્યા છીએ અને આજે એને પણ આગળ વધારી રહ્યા છે. ટ્રેક્ટર, કૃષિ યંત્રીકરણની યોજનાઓ હેઠળ રૉટાવેટર, અન્ય ખેત ઓજારોની ખરીદી પર રાજ્યના અંદાજે ૧ લાખ ૫૮ હજારથી વધુ ખેડૂતોને લાભ આપી શકાય તે માટે ટ્રેક્ટર અને કૃષિ યંત્રીકરણના વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવા કુલ રૂ. ૭૦૧ કરોડની જોગવાઇ સૂચવેલ છે. પ્રાણીઓ દ્વારા ઊભા પાકને થતું નુકસાન અટકાવવા માટે ખેતરની ફરતે કાંટાળા તારની વાડ બનાવવાની યોજનામાં રૂ. ૩૫૦ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. ક્લસ્ટર વિસ્તારની મર્યાદા ૨ હેક્ટર કરીને ઓછી કરી છે. જેથી વધુ ખેડૂતો લાભ લઇ શકે. તે જ રીતે ખેતરની ફરતે કાંટાવાળા તારની વાડના વિકલ્પ સ્વરૂપે સોલાર ફેન્સિંગ બનાવવા ઇચ્છતા ખેડૂતો માટે રૂ. ૫૦ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. કૃષિ ક્ષેત્રે અદ્યતન ડ્રોન ટૅકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા રૂ. ૧૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. ડ્રોન ટૅકનોલોજીના અને નેનો યુરિયાના માધ્યમથી ખેડૂતને ઓછો ખર્ચ થાય તથા મજૂરો મળતા નથી એવા સમયે પણ ખાતર આપણે પાંચ મિનિટમાં એક હેક્ટર વિસ્તારમાં છાંટી શકીએ એવી અદ્યતન જોગવાઇ કરેલી છે અને એમાં પૂરેપૂરો ફાળો રાજ્ય સરકારનો છે. મિલેટના વાવેતરના મૂલ્યવર્ધનને પ્રોત્સાહન આપવા રૂ. ૩૫ કરોડની જોગવાઇ સૂચવી છે. પી.કે.વી.વાય. યોજના અને બીજ ગ્રામ યોજના ખેડૂતોની માગણી આધારિત છે. જેમાં માગણીના આધારે તમામને લાભ આપેલ છે. આગામી વર્ષ માટે પણ જોગવાઇ કરવામાં આવેલી છે. બિયારણના વેચાણમાં હમણા મારા સાથી સભ્યો બિયારણની થોડી વાત કરતા હતા. એમાં મારે કહેવું છે કે બિયારણ વેચાણમાં ગુજરાત રાજ્ય બીજ નિગમ, ગુજકોમાસોલ, નેશનલ સીડ કોર્પોરેશન તેમજ રાજ્ય કૃષિ યુનિવર્સિટી જેવા સરકારી અને સહકારી સંસ્થાઓનો મોટો હિસ્સો રહેલો છે. જેથી ખાનગી બિયારણ ઉત્પાદન પર પણ તેની સાપેક્ષમાં કિંમત રાખતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જંતુનાશક દવાઓમાં એમ.આર.પી.થી વધુ વેચાણ ન થાય તેની ખાતા દ્વારા સતત કાળજી અને દેખરેખ રાખવામાં આવે છે. દૂરદર્શનના કાર્યક્રમની વાત કરીએ તો ફોન ઇન લાઇવ જેવા કાર્યક્રમોમાં અપેક્ષિત કરતા પણ વધુ પ્રશ્નો આવે છે. ઘણા કિસ્સામાં સમય મર્યાદાના કારણે ઘણા પ્રશ્નોનો સમાવેશ પણ કરી શકાતો નથી. જે દર્શાવે છે કે આવા કાર્યક્રમો ખેડૂતો ઉપયોગી અને લોકભોગ્ય રહે. વર્ષ ૨૦૨૦-૨૧થી વીમા કંપનીના માધ્યમને બદલે કૃષિ વિભાગ દ્વારા વિવિધ કુદરતી આપત્તિ સમયે નિયમોનુસારની જોગવાઇઓ પ્રમાણે નુકસાનગ્રસ્ત ખેડૂતોને સીધી પદ્ધતિ અપનાવીને તેમના બેંક ખાતામાં સહાય ચૂકવવામાં આવે છે. જેમાં વર્ષ ૨૦૨૦-૨૧થી આજદિન સુધીમાં રૂ. ૨૯,૭૪,૩૭૭ જેમને નુકસાન થયું છે તેવા ખેડૂતોને રૂ.૪૬૨૫.૬૦ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. એ બતાવે છે કે અમારી સરકાર ખેડૂતની પડખે છે. અમે ખેડૂતોને મદદ કરનારા લોકો છીએ અને એના માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ચ-૨૦૨૩માં પડેલા કમોસમી વરસાદ અન્વયે ૧૩ જિલ્લામાં ૩૭૦૪૫ ખેડૂતોને રૂપિયા ૮૫.૪૯ ની સહાય ચૂકવવામાં આવી છે. નુકસાન થયેલાનો સરવે કરીને તાત્કાલિક એમને ચૂકવણું કરીને ખેડૂતોને સીધેસીધા આપવાનો પણ પ્રયત્ન અમારી સરકારના માધ્યમથી અમે ખેડૂતોની પડખે રહીને મદદ કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જમીન ચકાસણીની કામગીરીની વાત કરું તો રાજયમાં ૨૦ જમીન ચકાસણી પ્રયોગશાળા પૂરતા મહેકમ સાથે કાર્યરત છે અને કામગીરી સમયસર કરવામાં આવે છે. એટલે કે ખેડૂતોની જમીનની ચકાસણીની કામગીરી અમે પૂરા ગુજરાતમાં કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક અગત્યની નવી બાબતોની વિગતો આપના માધ્યમથી ગૃહના સભ્યો સમક્ષ રજૂ કરવા માગું છું. મગફળી, ડાંગર, ઘંઉ, કઠોળ વગેરે પાકોના પ્રમાણિત બિયારણ હેઠળનો વિસ્તાર વધે અને પ્રમાણિત થયેલ બિયારણનો જથ્થો ખેડૂતો દ્વારા વધુમાં વધુ પ્રમાણમાં વાપરવામાં આવે તેવા ઉમદા આશયથી સીડ રિપ્લેસમેન્ટ રેઇટ એસ.આર.આર.માં વધારો કરવાની નવી બાબત માટે ૮૦ કરોડની જોગવાઇ સૂચવેલ છે. આ યોજનાથી ખેડૂતોમાં નવી પ્રચલિત અને વિપુલ ઉત્પાદન આપતી જાતોનો વ્યાપ વધશે, ગુણવત્તાયુક્ત ઉત્પાદનમાં વધારો થશે. થોડાઘણા અંશે બિયારણ ખર્ચ ઘટશે. એને પરિણામે ખેડૂતની આવકમાં વધારો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, સંપૂર્ણ સ્વદેશી રીતે વિકસિત પ્રવાહી નેનો યુરિયા ખાતરનો વપરાશ વધવાથી દાણાદાર રાસાયણિક ખાતરનો ઉપયોગ, ખેતી ખર્ચ અને ખાતરના પરિવહન માટે થતો ખર્ચ ઘટશે. છેલ્લાં બે વર્ષના સતત પ્રયત્નથી નેનો યુરિયાના વપરાશ પ્રત્યે ખેડૂતોના વલણમાં સુધારો જોવા મળ્યો છે. ખેડૂતો દ્વારા ચાલુ વર્ષે આજની તારીખે લગભગ ૨૫ લાખ બોટલ વાપરવામાં આવેલી છે. રાજયમાં નેનો ખાતર વાપરવા માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવા જરૂરી હોઇ અંદાજપત્રમાં રૂ. ૪૫ કરોડની નવી બાબત સૂચવેલ છે. જેનાથી આશરે ૧૪ લાખ જેટલા ખેડૂતોને લાભ મળશે. છાણિયા ખાતર અને સેન્દ્રીય ખાતરનો વપરાશ ઘટતા અને વધુ ઉત્પાદન લેવાના રાસાયણિક ખાતરના ઉપયોગ વધવાના પરિણામે જમીન સ્વાસ્થ્ય અને જમીન જૈવિક પર વિપરીત અસરો થઇ છે અને ખેતી ખર્ચ પણ વધ્યો છે. આ સંજોગોમાં આવશ્યક બાબત એવી જમીન સ્વાસ્થયની જાળવણી માટે લિક્વિડ, ફર્મેન્ટેડ, ઓર્ગેનિક, મેન્યોર એટલે કે પ્રવાહી સેન્દ્રીય ખાતરના ઉપયોગને પ્રોત્સાહન આપવા રાજયના તમામ તાલુકામાં ક્લસ્ટરના ધોરણે ૧૦૦ એકરમાં ૨૪૮૦૦ જેટલા નિદર્શનો પ્રતિ એકરે ૪ હજાર આપવાના આશયથી નવી બાબત માટે રૂ. ૯ કરોડ ૯૨ લાખની જોગવાઇ સૂચવેલ છે. જેનાથી જમીનમાં ઓર્ગેનિક કાર્બન વધશે. ભેજ સંગ્રહ શકિતમાં સુધારો થશે. ઇનપુટમાં પણ વધારો થવાનો છે. ખર્ચ ઘટશે. જમીનના પાકની ઉત્પાદકતામાં વધારો થશે. ખેડૂતો આર્થિક રીતે સદ્ધર થશે. રાજયના તમામ ખેડૂતો સુધી પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ પહોંચે, એનો વ્યાપ વધે તે માટે સરકારશ્રી દ્વારા વિવિધ યોજનાઓ અમલી કરી પ્રાકૃતિક કૃષિ અભિયાન ચલાવેલ છે. ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડની રચના પણ કરવામાં આવેલ છે. રાજયમાં છેલ્લાં ત્રણ વર્ષમાં ૯ લાખથી વધારે ખેડૂતોને ૭ લાખ ૫૬ હજાર એકરથી વધુ જમીનમાં પ્રાકૃતિક ખેતી કરતા થયા છે. દેશી ગાય આધારિત ખર્ચ માટે અત્યાર સુધીમાં ૧.૮૪ લાખ લાભાર્થી ખેડૂતોને રૂ. ૫૦૬ કરોડ જેટલી સહાય ચૂકવવામાં આવી છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં વિશેષ સંશાધનો તેમજ શિક્ષણ માટે ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલી છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિની ઝુંબેશ માટે રાજયથી ગ્રામ્ય કક્ષા સુધી સમગ્ર વ્યવસ્થા મજબૂત કરવાની નવી બાબત માટે રૂ. ૧૧૪ કરોડ ૮૦ લાખની તેમજ જીવામૃત અને ઘનજીવામૃત બનાવી ખેડૂતોમાં વિતરણ કરવા જરૂરી ઇન્ફ્રાસ્ટ્રકચર માટે સહાય આપવાની નવી બાબત માટે રૂ.૪ કરોડ ૨૦ લાખની જોગવાઇ અંદાજપત્રમાં સૂચવેલ છે. આપણા રાજયનો ખેડૂત હાઇટેક બની નેનો ટેકનોલોજી અપનાવતો થયો છે. ભવિષ્ય હજી આનાથી પણ સારું હશે. આપણો ખેડૂત આનાથી પણ આગળ વધી આર્થિક સમૃદ્ધ બને તે સુનિશ્ચિત છે. બાયાગતી પાકોની વાત કરું તો બાગાયતી પાકો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પોષણ સુરક્ષામાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. ફળ શાકભાજી જેવા બાગાયતી પાકો અતિમૂલ્યવાન, પોષણ વર્ધક અને એકમ વિસ્તાર, વધુ આવક રળી આપે છે જેથી બાયાગતી ખેતી એ આધુનિક વ્યવસાય તરીકે વિકસી રહ્યો છે. અદ્યતન ટેકનોલોજી અને સરકારશ્રીના સહકાર થકી ખેડૂત આજે ફળ અને શાકભાજીની નિકાસ લક્ષી ખેતી કરતા થયા છે. બાયાગતી પાકની સ્થિતિની વાત કરીએ તો બાગાયતી ખેતીનો વ્યાપ વધારવા છેલ્લાં ૨૦ વર્ષમાં ૩૮ બાગાયતદારોને રૂ.૩૩૫૩.૭૮ કરોડની પ્રોત્સાહન સહાય આપવામાં આવી છે જેના પરિણામે ફળ, શાકભાજી જેવા બાયાગતી પાકોના વિસ્તારમાં ૧૬૦ ટકાનો અને ઉત્પાદનમાં ૨૮૭ ટકાનો વધારો થયો છે. ગુજરાતની વિવિધ આબોહવા ખેડૂતોની રૂચી અને

સરકારશ્રીની વિવિધ ખેડૂત કલ્યાણકારી યોજના થકી પપૈયા, ચીકુ, વરિયાળી, અજમો, ભીંડાના વિસ્તાર અને બટાકા, ડુંગળી, વરિયાળીના ઉત્પાદનમાં દેશમાં પ્રથમ સ્થાને આ પાકોની ઉગાડી રહ્યા છીએ, વેચી રહ્યા છીએ અને દેશમાં પહેલા નંબરનું ઉત્પાદન આપણે કરી રહ્યા છીએ. સરકારશ્રીના પ્રયાસો અને પ્રોત્સાહન નીતિના લીધે ગીરની કેસર કેરી અને કચ્છની ખારેક આપણા રાજ્યની આગવી અને વૈશ્વિક ઓળખ બની છે. બાગાયત ખાતાની વર્ષ ૨૦૨૪–૨૫ની નવી યોજનાઓ અંગે જણાવું તો રાજ્યના બાગાયતી પાકોની સંગ્રહ ક્ષમતા વધારવા માટે કોલ્ડ સ્ટોરેજ, ખેત સંગ્રહ, સ્થાપના રૂ.૫૦ કરોડની અને બાગાયતી ઉત્પન્ન બજાર સાથે સાંકળવા માળખાકીય સુવિધા પૂરી પાડવા માટે રૂ.૧૫ કરોડની નવી બાબત સૂચવેલ છે. આ યોજનાના કારણે બાગાયતી પાકોની સુનિશ્ચિત જાળવણી થશે તેમજ ખેડૂતોને સારા ભાવો પણ મળશે. રાજ્યમાં જૂની પરંપરાગત બાગાયતી ખેતીને અદ્યતન ટેકનોલોજી કરવા માટે ગાંધીનગર, દાહોદ, અમરેલી અને થરાદ માટે કુલ ૫ નવાં સેન્ટર ઓફ એક્સલેન્સ ઊભા કરવા રૂ.૧૫ કરોડની જોગવાઇ સૂચવેલ છે. એ થકી રાજ્યના ખેડૂતોને પ્લગ નર્સરી, સ્માર્ટ હોર્ટી કલ્ચર પ્રિસિઝન ફાર્મિંગ જેવા વિવિધ પાસાઓના નિદર્શન અને તાલીમ માટે વ્યવસ્થા કરવામાં આવશે. ખેડૂતોને ગુણવત્તાયુકત કલમો અને ધરૂ રોપા નર્સરીથી સમયસર વ્યાજબી કિંમતેથી મળી રહે તે માટે નર્સરીઓમાં યંત્રીકરણ અને ઉત્પાદન વધારવાના કાર્યક્રમ હેઠળ રૂ.૧૫.૪૯ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલી છે. પ્રજાજનોના સ્વાસ્થ્ય સુખાકારી માટે શાકભાજી પાકોના પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ રૂ.૧૦ કરોડની નવી બાબત સૂચવવામાં આવેલી છે.રાજ્યમાં મસાલા અને પપૈયા પાકની એકમ વિસ્તાર દીઠ ઉત્પાદકતા વધારવા રૂપિયા ૧૨ કરોડની તેમજ ફળ પાકોની જૂના બગીચાઓને નવસર્જન કરવા માટેની યોજના હેઠળ રૂપિયા ૬ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. આદિજાતિ વિસ્તારના મધમાખી પાલકોને રોજગારી સર્જન હેતુસર વિનામૂલ્યે મધમાખીની હાઇવશ તથા કોલોની આપવાની યોજના હેઠળ રૂપિયા ૫.૮૩ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. ગુણવત્તાયુક્ત અને નિકાસલક્ષી બાગાયતી પાકોના ઉત્પાદનો માટે ક્રોપ કવર થકી ફળપાકો અને શાકભાજીના રક્ષિત ખેતીના કાર્યક્રમ હેઠળ રૂપિયા ૫ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ માગણી ક્રમાંક–૩ અંગે વાત કરું તો જળ વ્યવસ્થાપત અમલમાં મૂકેલ છે. ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓ થકી કૃષિ ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળેલ છે. વર્ષ ૨૦૦૫માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રીમાન નરેન્દ્રભાઇ મોદીએ કૃષિ મહોત્સવના એક વિશિષ્ટ અભિયાન દ્વારા 'લેબ ટુ લેન્ડ' નવા સૂત્રસાથે કૃષિ વિજ્ઞાન અને કૃષિ સંશોધનનો સુભગ સમન્વય કરાવ્યો. તેમાં કૃષિલક્ષી વિસ્તરણ પ્રવૃત્તિઓ, ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓ અને જળ વ્યવસ્થાપન વગેરે દ્વારા ખેડૂતોમાં પાણીના કરકસરયુક્ત અને અને કાર્યક્ષમ ઉપયોગ માટે જાગૃતિ લાવવામાં આવી. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદ્રષ્ટિ થકી સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિને પ્રોત્સાહન મળે તે માટે સને ૨૦૦૫માં સ્પેશિયલ પર્પઝ વ્હિકલ તરીકે જી.જી.આર.સી.ની સ્થાપના કરી જેમાં ટપક પિયત પદ્ધતિ અને ફુવારા પિયત પદ્ધતિ વસાવવા માટે રાજ્યના ખેડૂતોને અત્યારસુધીમાં રૂપિયા ૮૧૦૦ કરોડની માતબર રકમ ચૂકવવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા સૂક્ષ્મ પિયત પદ્ધતિ વાપરતા ખેડૂતોના પાણીના ટાંકા બનાવવા માટે પણ સહાય આપવામાં આવી છે. સરકારશ્રીની જળસંચય અને જળ વ્યવસ્થાપન માટેની વ્યવસ્થાઓના કારણે સિંચાઇ સુવિધાઓમાં વધારો થયેલ છે. જેના કારણે રાજ્યનો ચોખ્ખો પિયત વિસ્તાર ૬૧ લાખ હેકટરથી વધુનો થયો છે. સિંચાઇ સુવિધા વધારવાના કારણે ખેતીમાં જેનો મહત્તમ ઉપયોગ થયો છે તેવા ટ્રેકટર તથા કૃષિ યંત્રીકરણના વિવિધ સાધનોની સંખ્યામાં પણ વધારો થયો છે. આ તમામ પ્રયત્નોના પરિણામ સ્વરૂપ આપણા રાજ્યને કૃષિ ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ થઇ છે. જેની વિગત સન્માનનીય સભ્યોને આપું તો છેલ્લા બે દાયકામાં ખાદ્ય પાક ઉત્પાદનમાં ૧૨૦ ટકાનો વધારો થયો છે. તેલીબિયા ઉત્પાદનમાં ૯૪ ટકા જેટલો અને કપાસ ઉત્પાદનમાં ૩૩૩ ટકા જેટલો વધારો થયો છે. આ સૂચવે છે ગુજરાતની સરકાર ખેડૂતની પડખે રહીને જે ખેડૂતોની આવક હતી જે બમણી કરવાની વાત કરી હતી એ હકીકતમાં ધરતી ઉપર રહીને વાત કરી રહ્યા છીએ. કૃષિ ક્ષેત્રે દેશમાં આપણા રાજ્યનું સ્થાન જોઇએ તો દીવેલા અને મગફળીના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છીએ. જ્યારે કપાસ પાકના વાવેતર અને ઉત્પાદનમાં દ્વિતીય સ્થાન આપણે ધરાવીએ છીએ. દીવેલા અને મગફળીના પાક વાવેતરમાં પ્રથમ સ્થાન ધરાવીએ છીએ. ચણા અને રાઇની ઉત્પાદકતામાં પણ આપણે દેશમાં પ્રથમ નંબરે છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલન વિભાગની વાત કરું. મારા સાથી સભ્યોએ ખૂબ સારી પશુપાલન માટે, ખેતી માટેના પૂરક વ્યવસાય, એના માટેની રાજ્ય સરકારની નીતિ અને રાજ્ય સરકાર એની પાછળ કરતી મદદ, વ્યાજ રાહતની બાબત હોય કે એની સારવાર માટેની વાત હોય. એના ઘેર બેસીને પણ આપણે સારવાર કરીને ખેડૂતને નુકસાન ન થાય એના માટેની સમસયર દવા, ૧૦ ગામ દીઠ એક દવાખાના વિકસાવીને આપણે ગુજરાતની અંદર સેવાઓ પણ આપી રહ્યા છીએ. રોગો માટે પણ રાજ્ય સરકારે એટલી જ ચિંતા કરીને પશુપાલનનો ધંધો કેવી રીતે વધારી શકાય, આપણી બનાસ ડેરી હોય, અમૂલ ડેરી હોય કે જેના ઉત્પાદનો આજે વિશ્વફલક ઉપર આપણે મોકલી રહ્યા છીએ. એની બ્રાન્ડો પણ આપણે મોકલી રહ્યા છીએ. એનું કારણ એ છે કે ખેતી સાથે જોડાયેલ અમારો પશુપાલક છે એના આરોગ્યની સેવાઓ અંતર્ગત તમામ સરકારી પશુ સારવાર સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે, એકપણ રૂપિયા લીધા વિના મુખ્યમંત્રી નિઃશુલ્ક સારવાર યોજના આપણે અમલમાં મૂકીને પશુ દવાખાના ખાતે દવાઓનો પૂરતો જથ્થો સુનિશ્ચિત થાય તે માટે વિવિધ પશુ સારવાર સંસ્થાઓ થકી જોગવાઇ વર્ષ ૨૦૨૪–૨૫ માં નોંધપાત્ર વધારો કરીને કુલ રૂ.૪૨ કરોડ ૮૪ લાખની જોગવાઇ કરેલ છે. હાલમાં શહેરી વિસ્તારમાં કાર્યરત ૩૭ કરુણા

એમ્બ્યુલન્સ ૧,૯૬૨ એકમો સેવાઓ માટે ૯ કરોડ ૧૩ લાખ ૧૦ ગામદીઠ એક ફરતું પશુ દવાખાનું યોજના હેઠળ ૫૩૦૦થી વધુ ગામોને સેવા પૂરી પાડતાં કુલ ૪૬૦ મોબાઇલ પશુપાલન માટે રૂ.૬૧.૨૫ લાખની જોગવાઇ કરેલ છે. ભારત સરકારના પશુપાલન અને ડેરી વિભાગ દ્વારા ગુજરાત માટે મંજૂર કરવામાં આવેલ ૧૨૭ મોબાઇલ વેટરનરી યુનિટની સેવાઓ વર્ષ ૨૦૨૪–૨૫માં કાર્યરત થાય એ માટે રૂ.૧૬ કરોડ ૯૬ લાખની જોગવાઇ કરી છે. આ દેશના વડાપ્રધાન શ્રીમાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્ત્વમાં ગુજરાત સરકારને પણ આપણે મૂંગા પશુઓની સારવાર માટે ૧૨૭ મોબાઇલ વાન આપણને આપી છે. એ પણ આગામી દિવસોમાં બાકીના વિસ્તારમાં અમારા મૂંગા પશુઓને સારવાર મળે એના માટે અદ્યતન સેવાઓ કરીએ છીએ અને આ વાનના માધ્યમથી પશુઓનો એકસ–રે પણ કરી શકીએ છીએ. આપણે સિટી સ્કેન કરીએ છીએ. એમ પશુઓનો પણ સિટી સ્કેન કરીને એને લગતા રોગ તાત્કાલિક ઓપરેશન, દવા, ગોળી, ઇન્જેકશન તમામ સારવાર આપણે ખેડૂતના ઘર બેઠા નિ:શુલ્ક કરી રહ્યા છીએ. વધુ ૫૦ નવા ફરતા પશુ દવાખાના શરૂ કરવા માટે વર્ષ ૨૦૨૪–૨૫ના અંદાજ માટે રૂ.૬ કરોડ ૨૮ લાખની જોગવાઇ સૂચવેલ છે. આમ રાજ્યમાં પશુ સારવાર માટે પૂરતી સંખ્યામાં હરતા–ફરતા દવાખાના શરૂ કરવામાં આવેલ છે અને વધુ ફરતા દવાખાના શરૂ કરવા માટે પણ વર્ષ ૨૦૨૪–૨૫ના બજેટમાં આયોજન કરેલ છે. કેટલાક મારા માનનીય સાથી મિત્રોએ કાપ દરખાસ્ત પણ રજૂ કરી છે કે પુરતા પશુ દવાખાના નથી એ દવાખાના તમે પૂરા કરો. આ તમારા વખતમાં કેવું હતું એ તમને અને અમને ય ખબર છે, પણ આજે અમે વાહનોના માધ્યમથી ઘર આંગણે સેવા કરીએ એમાં પણ તમને વાંધો આવે. વધુ ૬૫ પશુ દવાખાના શરૂ કરવા વર્ષ ૨૦૨૪–૨૫માં રૂ.૪ કરોડ ૩૫ લાખની જોગવાઇ સૂચવેલ છે. રાજ્યના તત્કાલીન માનનીય મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્ત્વ અને માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૦૨–૦૩થી શરૂ કરાયેલી રાજ્ય વ્યાપી પશુ આરોગ્ય મેળા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૨૪–૨૫માં પણ ૪,૪૯૭ પશુ આરોગ્ય મેળાનું આયોજન કરેલ છે એ માટે કુલ રૂ.૨ કરોડ ૨૬ લાખની જોગવાઇ સૂચવેલ છે. પશુઓને થાયરોસીસ રોગ સામે સુરક્ષિત કરવા રસીકરણ માટે રૂ.૭ કરોડ ૫૬ લાખની જોગવાઇ આ અંદાજપત્રમાં કરી છે. પશુ સંવર્ધન સેવાની બાબતે જણાવું તો વૈજ્ઞાનિક ઢબે જે રીતે યુગ આગળ વધી રહ્યો છે એમ પશુઓ માટે પણ આપણે વૈજ્ઞાનિક ઢબે પશુ સંવર્ધન માટેની કૃત્રિમ બીજદાન લીંકિંગ સીમેન ટેકનોલોજી અને આઇ.વી.એફ. ટેકનોલોજીનો રાજ્યના પશુપાલકો મહત્તમ લાભ લે અને પ્રતિ પશુ વધુ ઉત્પાદન મેળવી પશુપાલન વ્યવસાય વધુ નફાકારક બને તે માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના અનેક કાર્યક્રમો અમલમાં છે. પશુપાલન પ્લાન્ટ હેઠળમાં ફ્રિઝન્ટેશન પ્લાન્ટ પાટણ ખાતે છેલ્લાં પાંચ વર્ષમાં કુલ ૧ કરોડ ૨૭ લાખથી વધુ થીજવેલ સીમેન ડોઝનું ઉત્પાદન કરવામાં આવેલ છે. ભારત સરકારશ્રીના રાષ્ટ્ર વ્યાપી કૃત્રિમ બીજદાન કાર્યક્રમ એન.એ.આઇ.પી. અંતર્ગત આપણા રાજ્યમાં અત્યાર સુધીમાં ૪ તબક્કાઓમાં ૪૪ લાખથી વધુ કૃત્રિમ બીજદાનની કામગીરી થઇ છે. આગામી વર્ષે રાજ્યમાં ૩,૪૬૨ જેટલા પશુ જાતિ આરોગ્ય કેમ્પના આયોજન માટે રૂ.૨ કરોડ ૮ લાખની જોગવાઇ સૂચવી છે. કેન્દ્ર સરકારની સહાયથી પાટણખાતે કાર્યરત કરવામાં આવેલ લીકિંગ સીમેન લેબૉરેટરીમાં ઉત્પાદિત થયેલ લીકિંગ સીમેન ડોઝના ઉપયોગથી ૯૨ ટકાથી વધુ વાછરડી–પાડીનો જન્મ થઇ રહ્યો છે એના પરિણામે પશુપાલનનો વ્યવસાય વધુ નફાકારક બન્યો છે. આ પાટણ ખાતે આપણે સેન્ટર કર્યું છે એના માધ્યમથી આપણે ઇચ્છીએ કે પાડી તો પાડી, પાડો તો પાડો, વાછરડી તો વાછરડી, બળદ તો બળદ આપણે ઇચ્છીએ એ પ્રકારનું ઉત્પાદન મેળવી શકીએ છીએ. એના માટેની વ્યવસ્થા પણ આપણા પાટણ ખાતે કાર્યરત લીકિંગ સીમેન લેબૉરેટરીમાં વધુ લીકિંગ સીમેનના ડોઝ ઉત્પાદન માટે તેમજ સુરત જિલ્લાના માંડવી ખાતે નવનિર્મિત ફ્રિઝન સીમેન લેબૉરેટીની મશિનરી માટે કુલ રૂ.૪ કરોડ ૫૦ લાખની જોગવાઇ સૂચવી છે. પશુપાલન અને ડેરીક્ષેત્રે સહાયની બાબતમાં જોઇએ તો પશુ મૃત્યુના સંજોગોમાં વીમાની રકમ આપી પશુપાલન, નવું પશુ ખરીદી પશુપાલન વ્યવસાય ચાલુ રાખી શકે તેવા શુભ આશયથી કેન્દ્ર પુરસ્કૃત નેશનલ વેલ્યુસ્ટોક મિશન યોજના હેઠળની પશુધન વીમા યોજનાના લાભાર્થીઓને રાજ્ય સરકારની વધારાની સહાય માટે રૂ. ૨૩,૮૦,૦૦,૦૦૦ની જોગવાઇ સૂચવી છે. અકસ્માત મૃત્યુ, કાયમી અપંગતાના કિસ્સામાં ખેતીવાડી ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનામાં લાભથી વંચિત રહી જતા જમીન વિહોણા પશુપાલકો માટે પણ પશુપાલક અકસ્માત વીમા માટે રૂ. ૧૦ કરોડની જોગવાઇ સૂચવી છે. ટેસ્ટિંગ અંતર્ગત કૃત્રિમ બીજદાનથી જન્મેલ ઉચ્ચ ગુણવત્તા ધરાવતી માદા પશુના વૈજ્ઞાનિક ઢબે બે વર્ષ સુધીના ઉછેર માટે રાજ્યના જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘો મારફતે પાડી, વાછરડી યોજના અમલમાં મૂકવા માટે રૂ. ૧૦,૫૦,૦૦,૦૦૦ની જોગવાઇ સૂચવેલ છે. અંદાજે ૧,૨૦,૦૦૦ પશુપાલકોના ગાભણ, વિયાણ, પશુઓ માટે સમતોલ ખાણદાણ પૂરું પાડવા કુલ રૂ. ૫૪,૫૭,૦૦,૦૦૦ની જોગવાઇ સૂચવેલ છે. પશુપાલક વ્યવસાય થકી ગ્રામ્ય રોજગારીનું નિર્માણ થાય તે માટે ૧થી ૨૦ દૂધાળા પશુઓના એકમની સ્થાપના પર વ્યાજ સહાય, ૧૨ દૂધાળા પશુઓના ફાર્મની સ્થાપના માટે સહાય અને ૫૦ દૂધાળા પશુઓના એકમની સ્થાપના માટે સહાયની યોજનામાં કુલ રૂ. ૬૨,૪૫,૦૦,૦૦૦ની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં અનુસૂચિત જનજાતિઓના લાભાર્થે ૧૦૦૦ બ્રોઇલર પક્ષીના ફાર્મની સ્થાપના થકી મરઘા પાલન દ્વારા આવક મેળવી શકે તે માટે કુલ એકમ ખર્ચના ૯૦ ટકા સહાય માટે રૂ. ૨,૪૫,૦૦,૦૦૦ની જોગવાઇ સૂચવેલ છે. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના ડેરી સંઘોને રાજ્યના અન્ય વિકસિત ડેરી સંઘોની હરોળમાં લાવવાના હેતુસર આ વિસ્તારના સહકારી દૂધ ઉત્પાદક સંઘોને માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે સહાયની યોજના માટે વર્ષ ૨૦૨૪–૨૫ના અંદાજપત્રમાં રૂ.૧૦ કરોડની જોગવાઇ સૂચવેલ છે. પશુપાલન વિસ્તરણ સેવાના ક્ષેત્રે પશુપાલનમાં ઉચ્ચ કોટિનો અભિગમ અપનાવનાર

૫૬૫ શ્રેષ્ઠ પશુપાલકોને પુરસ્કાર આપીને પ્રોત્સાહિત કરવાની યોજનામાં પુરસ્કારની રકમમાં વધારો કરી વર્ષ ૨૦૨૪–૨૫ માટે રૂ.૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પશુ પ્રદર્શન હરીફાઇ, જિલ્લા અને તાલુકા પશુપાલન શિબિર, પશુપાલકો માટે તાલીમ અને પ્રેરણા પ્રવાસના આયોજન વગેરે વિસ્તરણલક્ષી કાર્યક્રમો માટે આ અંદાજપત્રમાં રૂ.૩,૬૬,૦૦,૦૦૦ની જોગવાઇ સૂચવી છે. પશુપાલન ખાતાની સંસ્થાઓના નવીન બાંધકામ અને મરામત માટે કુલ રૂ.૬૪,૦૭,૦૦,૦૦૦નાં કામો અંદાજપત્રમાં સૂચવ્યા છે. ગૌ સંવર્ધન વિષયક સહાયની બાબતમાં જોઇએ તો માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્ત્વમાં રાજય સરકારે જાહેર કરેલ મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનાનો માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા શુભારંભ કરાયો હતો. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨–૨૩માં ૧૨૧૧ ગૌશાળા–પાંજરાપોળના કુલ ૩,૨૨,૦૦૦ પશુઓ માટે કુલ રૂ. ૧૭૫,૮૮,૦૦,૦૦૦ની સહાય ચૂકવવામાં આવેલ. ચાલુ વર્ષે આ યોજનામાં પ્રથમ ૬ માસના સમયગાળા માટે ૧૨૨૫ ગૌશાળા–પાંજરાપોળના કુલ ૩,૬૭,૦૦૦ પશુઓ માટે કુલ રૂ. ૧૭૬,૨૩,૦૦,૦૦૦ની સહાય ચૂકવવામાં આવેલ છે તથા બાકીના સમયગાળા માટે સહાય ચૂકવવાનું આયોજન છે. વર્ષ ૨૦૨૪–૨૫ના અંદાજપત્રમાં આ યોજના માટે રૂ. ૪૨૫ કરોડ જેટલી માતબર જોગવાઇ સૂચવી છે. કામધેનુ યુનિવર્સિટી હેઠળ પશુપાલન અને ડેરી વિકાસ સંબંધિત વિવિધ કાર્યક્રમો માટે અંદાજપત્રમાં કુલ રૂ. ૩૧૨,૧૫,૦૦,૦૦૦ની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. કામધેનુ યુનિવર્સિટી હેઠળ રામના મુવાડા ખાતે ડગરી ગાય માટે ન્યુક્લિયસ હર્ડની સ્થાપના કરવા માટે તથા વેટરનરી ક્લિનિકલ કોમ્પ્લેક્ષ, આણંદ ખાતે રોગ નિદાન માટે આધુનિક લેબોરેટરી અને સંશોધનની સુવિધા માટે કુલ રૂ. ૫,૨૧,૦૦,૦૦, કામધેનુ યુનિવર્સિટી હેઠળ આણંદ ખાતે રેબીસ (હડકવા) માટે નિદાન અને સંશોધન કેન્દ્ર, પશુ ચિકિત્સા અને પશુપાલન સંશોધન અને વિસ્તરણ એકમ તેમજ સેન્ટર ઓફ એક્સલન્સ ઇન વન હેલ્થ એન્ડ ફુડ સેફ્ટીની સ્થાપના માટે કુલ રૂ. ૪,૩૦,૦૦,૦૦૦ની જોગવઇ કરવામાં આવી છે. કામધેનુ યુનિવર્સિટી અંતર્ગત વિવિધ સંસ્થાઓ તેમજ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ બાંધકામ માટે રૂપિયા ૩૮ કરોડ ૪૫ લાખની જોગવાઇ સૂચવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મત્સ્યોદ્યોગ વિભાગની મારી વાત કરું એ પહેલા માટે થોડી વાત કરવી છે. ગુજરાત રાજય મત્સ્યોદ્યોગમાં દેશમાં પાંચમાં ક્રમે છે. અગાઉ મિત્રોને કયો ક્રમ હતો એની કદાચ ખબર નહીં હોય. વર્ષ ૨૦૨૨માં ગુજરાત રાજય દરિયાઇ મત્સ્યોદ્યોગ ક્ષેત્રમાં ૭.૩ લાખ મેટ્રિક ટન દરિયાઇ મત્સ્ય ઉત્પાદન સાથે દેશમાં આપણે પ્રથમ નંબરે છીએ. બોટ એન્જિન સહાયની વાત મારા સાથી મિત્રએ કરી હતી તેમાં મારે કહેવું છે કે, રાજય સરકાર દ્વારા હાલમાં નાના એન્જિન ઉપર રૂપિયા ૬૦ હજાર અને મોટા એન્જિન ઉપર રૂ. ૩ લાખ ૫૦ હજારની સહાય ચૂકવવાની યોજના અમલમાં છે જે અન્વયે બજેટમાં જોગવાઇ પણ કરવામાં આવેલ છે. ડીઝલની સબસિડીની વાત કરવામાં આવી. ડીઝલ ઉપર સો ટકા વેટ રાહત મહત્તમ રૂપિયા ૧૫ પ્રતિ લિટરે મત્સ્ય બોટોને આપવામાં આવે છે તેમજ ડીઝલ બોટના એન્જિનના હોર્સ પાવર પ્રમાણે ડીઝલ ક્વોટા નિયત કરવામાં આવેલ હતો, તેમાં પણ ગત વર્ષે વધારો કરવામાં આવેલ છે અને તેમાં વધુમાં વધુ ૩૪ હજાર લિટર પ્રતિ બોટ પ્રતિવર્ષ ડીઝલ વેટ રાહત આપવામાં આવે છે અને ચાલુ વર્ષે રાજય બજેટમાં કુલ રૂપિયા ૪૬૩.૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આવા ગરીબ માછીમારો માટે અમારી સરકાર કામ કરી રહી છે. એજ રીતે લાઇન ફીશિંગ અને ઘેરા ફીશિંગ ઉપર પ્રતિબંધ થાય તે માટે મત્સ્યોદ્યોગ કાયદો ૨૦૦૩ અને તે અંતર્ગત બનાવેલા નિયમોમાં સુધારો કરવા સરકારશ્રીની કાર્યવાહી પ્રગતિમાં છે. એ જ રીતે ગુજરાત મેરીટાઇમ બોર્ડ હસ્તકના ૫ મત્સ્યોદ્યોગ બંદરને આંતરરાષ્ટ્રીય કક્ષાના બનાવવા અને પોરબંદરને રાષ્ટ્રીય કક્ષાનું બંદર બનાવવાનું અને ૫ બંદરો પૈકીના બાકીના ૪ મત્સ્યોદ્યોગ બંદરો જેવા કે માંગરોળ, વેરાવળ, ફેસ ટુ સૂત્રાપાડા અને માઢવાડ ખાતેના મત્સ્ય બંદરોને આંતરરાષ્ટ્રીય કક્ષાના બનાવવા અંગેની કામગીરી હાલ રૂપિયા ૧૩૦૭ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે. પોરબંદર ખાતે હયાત મત્સ્ય બંદરોને સ્થાનિક માછીમારોની રજૂઆત મુજબની સુવિધા વિક્સાવવાની કામગીરી હાલ રૂ. ૬૦.૨૫ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે. માનનીય સભ્યશ્રીએ વેરાવળની વાત કરી છે તેમાં વેરાવળ ખાતે મત્સ્ય બંદર વિક્સાવવાની કામગીરીમાં ગુણવત્તા અને તાંત્રિક સુપરવિઝન માટે દરિયાઇ કામોની નિષ્ણાત સંસ્થા આઇ.આઇ.ટી. મદ્રાસ દ્વારા સતત સુપરવિઝનની કામગીરી ચાલુ છે. આ ઉપરાંત ગાંધીનગર ખાતેથી ક્વોલિટી કન્ટ્રોલ વિભાગ અને પી.એમ.યુ. દ્વારા વખતો વખત આકસ્મિક સ્થળ મુલાકાત કરીને ગુણવત્તા સુનિશ્ચિત કરવામાં આવી રહેલ છે. માંગરોળ ખાતે બ્રેક વોટર અને દરિયાના ઊંચા મોજાઓથી થયેલ નુકસાન બાબતે તજજ્ઞ સંસ્થા નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઓક્શન ટેકનોલોજી દ્વારા અભ્યાસ કરવામાં આવેલ છે, તેના તારણો અનુસાર જરૂરી કામગીરી હાથ ધરવામાં આવશે અને આપે જે સૂચન કર્યાં છે એની પણ નોંધ લઇને મારી સરકાર ચિંતા કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મત્સ્યોદ્યોગ પ્રભાગની વાત કરું તો મત્સ્યોદ્યોગ પ્રભાગની મારી માગણી ક્રમાંક–૬ અન્વયે માછીમારોને વિવિધ પેકેજ અને યોજનાના પૂરતા લાભો અને સવિધા આપવા માટેની જો વાત કરું તો મારી અગાઉ પણ અનેક મારા સાથી મિત્રો અને વિપક્ષના ધારાસભ્યશ્રીએ આના માટેની માગણી અને લાગણી વ્યક્ત કરીને જે વાત કરી છે એના માટે પણ મારા મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ દરમ્યાન અનુક્રમે ૩૫૨૦ અને ૪૮૮૪ લાભાર્થીઓને ઇ–ખેડૂત પોર્ટલ દ્વારા રાજયની અને કેન્દ્રની યોજનાના પૂરતા લાભ–સુવિધા આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયના બંદરગાહ વિસ્તારોના માછીમારોને માળખાકીય પાયાની સુવિધાઓ પૂરી પાડવા માટે રાજય સરકાર કટિબદ્ધ અને સતત પ્રયત્નશીલ છે અને તે માટે રૂપિયા ૮૫૫ કરોડના ખર્ચે કુલ ૩૩ મત્સ્ય ઉતરાણ કેન્દ્ર માટે રૂપિયા ૧૩૦૭.૨ કરોડના

ખર્ચે કુલ ૫ મત્સ્ય બંદરો ખાતે બર્થીંગ, લેન્ડિંગ, લાઇટ, આંતરિક રસ્તા, ટૉઇલેટ, બ્લોક અને પાણીની પાયાની માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા તેમજ હયાત માળખાકીય સુવિધાની નિભાવણી અને સુધારણાની કામગીરી સતત પ્રગતિ હેઠળ છે. રાજ્ય સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ની ખાનગી એકમો અને ઉદ્યોગ સાહસિકો તથા અન્યને આઇસ પ્લાન્ટ અને કૉલ્ડ સ્ટૉરેજની સ્થાપના, ઘટક સ્થળે અંદાજિત કુલ ૧૪ જેટલા આઇસ પ્લાન્ટ અને કૉલ્ડ સ્ટૉરેજની સ્થાપના કરવામાં આવેલ છે. તેમજ માછલીના જાળવણીપૂર્ણ ટ્રાન્સપોર્ટેશન માટે અંદાજિત ૩૦ જેટલા ઇન્સ્યુલેટેડ તેમજ રેફ્રિજરેટર વ્હિકલની સહાય આપવામાં આવેલ છે. છેલ્લાં બે વર્ષમાં કેન્દ્ર તેમજ રાજ્ય સરકારના સઘન પ્રયત્નોને પરિણામે રાજ્યના ૪૬૭ માછીમારોને પાકિસ્તાન જેલમાંથી મુક્ત કરાવવામાં આવેલ છે. માછીમારોને આંતરરાષ્ટ્રીય જળ સીમા નજીક ન જાય તે માટે આધુનિક સાધનો જેવાં કે જી.પી.એસ.(ગ્લોબલ પોઝિશન સિસ્ટમ) ખરીદી પર સહાય તથા મત્સોદ્યોગ ખાતા દ્વારા ઓનલાઇન બોટ ટોકન સોફ્ટવેર દ્વારા સઘન મૉનિટરિંગ કરવામાં આવી રહેલ છે. કેન્દ્ર તેમજ રાજ્યના વિષય ઉપરના નિરંતર પ્રયાસો અને માછીમાર જાગૃતિ અભિયાનને કારણે અગાઉના વર્ષોની તુલનામાં છેલ્લાં બે વર્ષોમાં ઓછી સંખ્યામાં માછીમારોનું અપહરણ થયું છે. આમ, રાજ્ય સરકાર દ્વારા મત્સ્યોદ્યોગના વિકાસ માટે તમામ ક્ષેત્રે જરૂરી પગલાં સમયસર લેવામાં આવે છે. ગુજરાતના ૧૬૦૦ કિ.મી.ના વિશાળ દરિયાકિનારાના ૧૪ જિલ્લાના ૨૬૦ ગામો દરિયાઇ મત્સ્ય પશુપાલન પર આધારિત છે. આ આંતરદેશીના ૭૯૮ ગામો મળીને કુલ ૧૦૫૮ ગામો મત્સ્યપાલન સાથે સંકળાયેલ છે. ભારતના કુલ દરિયાઇ મત્સ્ય ઉત્પાદનમાં વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાતનો ફાળો અંદાજિત ૧૫.૮૬ ટકા જેટલો હતો. ગુજરાત રાજ્યની મત્સ્ય નિકાસ વર્ષ ૨૦૦૧-૦૨માં ૧.૨ લાખ મેટ્રિક ટન હતી જે વર્ષ ૨૦૨૨-૨૩માં વધીને ૨.૮૫ લાખ મેટ્રિક ટન થયેલ છે. દેશની કુલ મત્સ્ય પેદાશની નિકાસમાં ગુજરાત ૧૬.૪૨ ટકા જેટલો હિસ્સો ધરાવે છે. મત્સ્યોદ્યોગ ક્ષેત્રમાં માળખાકીય સુવિધાના વિકાસ હાલના હયાત મત્સ્ય કેન્દ્રો ઉપર સાર-સંભાળ, રખરખાવ અને મરામત તેમજ મૂળભૂત સુવિધાઓને સબળ બનાવવા માટે રૂ.૨૦૫.૪૧ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. જેમાં મત્સ્ય કેન્દ્રોના નિભાવ, વ્યવસ્થાપન, માળખાકીય સુવિધાઓ ઊભી કરવાનાં કામો, ડ્રેનેજ માટે ઉમરસાડી તેમજ ચોરવાડ ખાતે ફ્લોટિંગ જેટી બનાવવી, કચેરીના રિનોવેશન વગેરે જેવાં કામો માટેની જોગવાઇનો સમાવેશ કરવામાં આવેલ છે. વલસાડ જિલ્લાના કોસંબા, તડગામ, કલઇ, મગોધ ડુંગરી, ઉમરગામ, મરોલી, ફણસા, નારગોલ, ખતલવાડા, દાંતી, નવસારી જિલ્લાના ભટ, રાણા, કૃષ્ણપુર, વાંસી, બોરસી, ઓંજલ, ગીર-સોમનાથ જિલ્લાના કોટડા, મૂળ દ્વારકા, સીમાર, જામનગર જિલ્લાના સિક્કા, દેવભૂમિ દ્વારકા જિલ્લાના બેટ દ્વારકા, ભાવનગર જિલ્લાના મહુવા, મોરબી જિલ્લાના નવલખી, કચ્છ જિલ્લાના કોટેશ્વર, લૂણી, માંડવી અને જૂનાગઢ જિલ્લાના માંગરોળ, બારા ખાતે મત્સ્ય ઉતરાણ કેન્દ્રના આધુનિકીકરણની કામગીરી માટે સમાવેશ કરવામાં આવેલો છે. રાજયમાં ચાર નવા બારમાસી મત્સ્ય બંદરો નવા બંદર, વેરાવળ, માંડવાળ અને સૂત્રાપાડા વિકસાવવા નાબાર્ડ લોન સહાય હેઠળ મત્સ્યોદ્યોગ કેન્દ્રોનું નિર્માણ યોજના માટે રૂ.૩૩૮ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. માંગરોળ ખાતે આ મત્સ્ય બંદર વિકસાવવા કેન્દ્ર પુરસ્કૃત યોજના કેન્દ્ર ફાળા અને રાજ્ય ફાળા પેટે રૂ.૬૨.૫૬ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. દરિયાઇ મત્સ્યોદ્યોગ ૨૦ મીટરથી ઓછી લંબાઇની યાંત્રિક હોડીઓમાં વપરાતા હાઇ સ્પીડ ડીઝલ, ઓઇલ પરની વેરા રાહતની યોજના તળે વર્ષ ૨૦૨૩-૨૪ના જાન્યુઆરી અંત સુધીમાં રૂ.૩૩૨.૫૪ કરોડની બોટને ડીઝલ વેટ રાહતનો લાભ આપવામાં આવેલ છે. માછીમારી માટેની યાંત્રિક હોડીઓમાં વપરાતા હાઇ સ્પીડ ડીઝલ ઓઇલ પરની વેટ વેરા માફી યોજના માટે વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૪૬૩.૩૦ કરોડ રૂપિયાની જોગવાઇ સૂચવેલ છે. નાના ઓ.બી.એમ. બોટ ધારકોને વાર્ષિક ૧૫૦૦ લીટરની મર્યાદામાં રૂ.૫૦ પ્રતિ લીટર લેખે કેરોસીન/પેટ્રોલ ઉપર સહાય ચૂકવવા માટે રૂ.૮.૦૦ કરોડની સહાય સૂચવવામાં આવેલ છે. દરિયાઇ મત્સ્યોદ્યોગના વિકાસ માટે લાભાર્થીઓને આધુનિક સાધનો, સલામતી અને નફાકારક ઉત્પાદનો વધારવા તેમજ આનુષંગિક સાધનો તથા સવલતો પૂરી પાડવા માટે રૂ.૫૬.૬૬ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. આંતરદેશીય મત્સ્યોદ્યોગના વિકાસ માટે રૂ.૮.૭૮ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા ભાંભરાપાણી મત્સ્યોદ્યોગના વિકાસ માટે રૂ.૮.૭૪ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. મત્સ્યોદ્યોગ ખાતાની તાલીમ અને વિસ્તરણ યોજના હેઠળ ''કામધેનુ યુનિવર્સિટી''ને સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની કૉલેજનાં નિર્માણ અને તાલીમ કોર્સ વગેરેની યોજના માટે રૂ.૨૭.૮૫ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. આ માછીમારો પણ અદ્યતન ટૅકનૉલૉજી સાથેનું જ્ઞાન અને શિક્ષણ મેળવે, ટૅકનૉલૉજીનો ઉપયોગ કરે તે માટે અલાયદી કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના કરીને આવા લોકોને માર્ગદર્શન અને શિક્ષણ આપવાનું કામ અમારી સરકાર કરી રહી છે. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (PMMSY) હેઠળ વિવિધ ઘટકો જેવાં કે આઇસ પ્લાન્ટની સ્થાપના, લાર્જ/સ્મોલ ફીડમીલ સ્થાપના, ડીપ-સી ફિશિંગ બોટ, સી-કેજ, બોટ અપગ્રેડેશન, બાયોફ્લોક્સ, સાગર મિત્ર, કેજ કલ્ચર વગેરેની સહાય માટે વર્ષ ૨૦૨૪-૨૫માં કેન્દ્ર ફાળા અને રાજ્ય ફાળા પેટે રાજ્ય બજેટમાં કુલ રૂ.૩૭.૮૪ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. મત્સ્યોદ્યોગ ક્ષેત્રે ડિજિટલાઇઝેશન અને ગુડ ગવર્નન્સની પહેલ અંગે વાત કરું તો દેશના વડાપ્રધાન શ્રીમાન નરેન્દ્રભાઇ મોદીજીએ ડિજિટલ ઇન્ડિયાની જે વાત કરી હતી તે વાત છેક ભારતથી માંડીને દરિયા સુધી પહોંચાડવાનું કામ કરી રહ્યા છીએ. મત્સ્યોદ્યોગ ક્ષેત્રે ફિશિંગ બોટને હાલમાં જે માછીમારી માટેના મેન્યુઅલી ટોકન આપવાની પદ્ધતિ અમલમાં હતી તેના સ્થાને મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા અન્વયે અગત્યતા ધરાવતું ઓનલાઇન ટોકન ઇસ્યુ કરવા તા.૧લી એપ્રિલ, ૨૦૨૨થી સોફ્ટવેર ડેવલપ કરવામાં આવેલ છે. માછીમારી બોટોના રજિસ્ટ્રેશન, ફિશિંગ લાઇસન્સ, માલિકી

ફેરફાર વગેરે સેવાઓ માટે અગાઉ માછીમાર બોટ માલિકોએ સંલગ્ન જિલ્લા કચેરીઓમાં અરજી કરવાની રહેતી હતી. આ ખાતા દ્વારા સંપૂર્ણ પેપરલેસ ઓનલાઇન બોટ રજિસ્ટ્રેશન સેવા જૂન-૨૦૨૨થી શરૂ કરવામાં આવેલ છે. જેના કારણે માછીમારોને કચેરીઓના ધક્કા ખાવા પડતા નથી તેમજ ઘેર બેઠા ઓનલાઇન ડિજિટલ પ્રમાણપત્ર આવી જાય છે. સંપૂર્ણ પેપરલેસ કામગીરી દ્વારા ડીઝલ વેટ રાહત યોજનાનું ડિજિટલાઇઝેશન કરવાની ઝુંબેશના ભાગરૂપે તા.૦૧/૦૪/૨૦૨૨થી ડીઝલ પૂરાવ્યા બાદ તાત્કાલિક રાહત લાભાર્થી પોતાના ઘરે ન પહોંચે તે પહેલા તેના ખાતામાં પૈસા જમા થઇ જાય તેવી વ્યવસ્થા ડી.બી.ટી. મારફત કરી છે. સંપૂર્ણ પેપરલેસ આઇ-ખેડૂત મોડ્યુલ જુલાઇ ૨૦૨૨થી અમલમાં છે. તમામ અરજીઓ સંપૂર્ણપણે પેપરલેસ રીતે એટલે કે અરજદારની અરજીથી નાણાકીય મંજૂરી ઓનલાઇન કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગની માગણી ક્રમાંક :૫૪ અંગે વાત કરું તો આ વિભાગ ખૂબ નાનો પરંતુ હંમેશા અલર્ટ મોડ ઉપર કામ કરતો અને મહત્ત્વનો વિભાગ છે. રાજ્ય સરકારના વિઝન અને મિશનને લોકો સુધી પહોંચાડી સરકાર અને પ્રજા વચ્ચેનું અંતર ઘટાડવાનું કામ આ વિભાગ કરે છે. માહિતી ખાતા તરીકે ઓળખાતા આ વિભાગની કામગીરી હું આજે ગૃહ સમક્ષ કરું છું. માહિતી અને પ્રસારણ બાબતની ચર્ચામાં જે માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો છે તેઓનો આભાર વ્યક્ત કરું છું અને સભ્યશ્રીઓએ કરેલા સૂચનની નોંધ લઉં છું. ગુજરાતમાં થઇ રહેલા અવિરત વિકાસથી આજે સમગ્ર દેશ અને વિશ્વ પ્રભાવિત થયું છે. જેનું એક કારણ માહિતીનું સફળ આદાનપ્રદાન છે.

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, જેમ અખબારો અને ચેનલો ખૂણેખૂણેથી સમાચાર શોધીને નાગરિકો સુધી પહોંચાડવાનું કામ કરે છે તેવી રીતે આ ખાતું પણ ૨૪ કલાક અલર્ટ રહે છે. રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓ, જનહિતકારી નિર્ણયો, મહત્ત્વના કાર્યક્રમો અને સિદ્ધિઓની પળેપળની માહિતી સમાચાર સ્વરૂપે લોકો સુધી પહોંચાડે છે. રાજ્ય સરકારના વિવિધ વિભાગો લોકો માટે યોજનાઓ બનાવે છે. વિભાગો આ યોજનાનું અમલીકરણ કરે પરંતુ, આ યોજનાની માહિતી લોકો સુધી ન પહોંચે તો યોજના સફળ થતી નથી. આવી લોકોપયોગી યોજનાની માહિતી વિશ્વસનીય રીતે છેવાડાના માનવી સહિત જનજન સુધી પહોંચાડી વિવિધ યોજનાને સફળ બનાવવામાં માહિતી ખાતાનો સિંહફાળો છે. આ કોઇ નાનીસૂની બાબત નથી. હું આ કામગીરી માટે માહિતી ખાતાને અભિનંદન પાઠવું છું. ટૅકનૉલૉજીના આધુનિક યુગમાં માધ્યમોની ગતિ અને સંખ્યા વાયુવેગે વધી રહી છે. માહિતી ખાતાએ માધ્યમોને અનુરૂપ એમની કામગીરીની શૈલીમાં પરિવર્તન લાવી અનેક નવતર પહેલો કરી છે. મને કહેતાં આનંદ થાય છે કે, અત્યારે સભાગૃહમાં જે સત્ર ચાલી રહ્યું છે તેની માહિતીની વિગતો પણ માહિતી ખાતું જ વિશ્વસનીય રીતે વિવિધ મીડિયાના માધ્યમો સુધી પહોંચાડી રહ્યું છે. સભાગૃહના તમામ સભ્યોને રોમાંચિત કરી દે એવી માહિતી ખાતાની કેટલીક નવતર પહેલો સૌની સમક્ષ હું રજૂ કરવા માગું છું. છેલ્લાં કેટલાંક વર્ષોમાં સોશિયલ મીડિયા અને ડિજિટલ મીડિયા એક નવા માધ્યમ તરીકે ઊભરી આવ્યું છે. યુવા પેઢી અત્યારે સોશિયલ મીડિયાના માધ્યમનો સૌથી વધુ ઉપયોગ કરી રહી છે. યુવાપેઢી પણ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને કામગીરીથી માહિતગાર થાય એ માટે માહિતી ખાતાએ ટૅકનૉલૉજીનો સુયોગ્ય ઉપયોગ કર્યો છે. જમાના સાથે કદમ મિલાવીને માહિતી ખાતું ટવીટર, ફેસબુક અને યુ-ટ્યૂબ જેવા સોશિયલ મીડિયાના વિવિધ સાધનોનો અસરકારક રીતે ઉપયોગ કરીને પ્રચાર-પ્રસારની કામગીરી કરી રહ્યું છે. ગુજરાતના વિકાસ મૉડલથી આજે સમગ્ર દેશ પરિચિત થયો છે. એમાં પણ ક્યાંક માહિતી ખાતાનો ફાળો મહત્ત્વપૂર્ણ છે. કારણ કે, રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની માહિતી ગુજરાત સહિત દેશ-વિદેશમાં પણ પહોંચે એ માટે માહિતી ખાતા દ્વારા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ ભાષામાં અખબારી યાદીઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે. મીડિયા અને પત્રકારોને લોકશાહીનો ચોથો સ્તંભ માનવામાં આવે છે. રાજ્ય સરકારના નીતિ-નિયમો અનુસાર પત્રકારોને આપણે માન્યતા આપી છે. પ્રેસ એક્રિડિટેશન કાર્ડ આપવાનું કામ માહિતી ખાતાએ કર્યું છે. આ માન્યતા પ્રાપ્ત પત્રકારોને જીવનરક્ષણ આપવા રાજ્ય સરકારે પત્રકારો માટે જૂથ વીમા યોજના અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ પત્રકારોને મળવાપાત્ર વીમા કવચની રકમમાં આ વર્ષે વધારો કરવામાં આવ્યો છે. આ પત્રકારોને કુદરતી મૃત્યુમાં અપાતી વીમાકવચની રકમ રૂ. એક લાખથી વધારીને રૂ. બે લાખ કરવામાં આવી છે અને અકસ્માત મૃત્યુના કિસ્સામાં રૂ. પાંચ લાખથી વધારીને રૂ. દસ લાખ સુધી કરવામાં આવી છે. દર વર્ષે નવી દિલ્હી ખાતે યોજાતી ૨૬મી જાન્યુઆરીની રાષ્ટ્રીય પરેડમાં વિવિધ રાજ્યોના ટૅબ્લો રજૂ થતા હોય છે. આ પરેડમાં સહભાગી થવા ગુજરાતના ટૅબ્લોનું નિર્માણ માહિતી ખાતા દ્વારા કરવામાં આવે છે. આ વર્ષે ૨૬મી જાન્યુઆરી ૨૦૨૪માં ગુજરાત સરકાર તરફથી ધોરડો ગુજરાત સરહદી પ્રવાસની ઓળખ પર નવી દિલ્હી ખાતે ટૅબ્લો રજૂ કરવામાં આવ્યો હતો. ગુજરાતના ટૅબ્લોને પીપલ્સ ચોઇસ કૅટેગરીમાં પ્રથમ સ્થાન મળ્યું છે તેમજ જજીસ ચોઇસ કૅટેગરીમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયું છે. માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતા ગુજરાત પાક્ષિકનો વાચકવર્ગ ખૂબ જ મોટો છે. આ ઉપરાંત માનનીય મુખ્યમંત્રીશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રી અને માનનીય મંત્રીશ્રીઓએ રાજ્યના વિવિધ વિસ્તારમાં કરેલ મુલાકાતના અહેવાલ તથા રાજ્યમાં થયેલા વિકાસકાર્યોની ઝાંખીની રજૂઆત પણ કરવામાં આવે છે. દર ત્રણ મહિને 'ગુજરાત' નામની પ્રસિદ્ધિ કરવામાં આવે છે અને મારા માહિતી ખાતાની માગણીમાં 'દીપોત્સવી'ના અંક બહાર પાડવામાં આવે છે. સારી કામગીરીને હંમેશા બિરદાવવી જોઇએ. રાજ્યમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાન, 'મેરી મિટ્ટી, મેરા દેશ' અભિયાન અને સેવાના કાર્યક્રમથી લઇને જી-૨૦ બેઠક કે વાઇબ્રન્ટ સમિટના આંતરરાષ્ટ્રીય કાર્યક્રમમાં માહિતી ખાતાએ ખૂબ સારી કામગીરી

કરી છે. ત્યારે મેં મારા કૃષિ, પશુપાલન, નાની સિંચાઇ, મત્સ્યોદ્યોગ તથા માહિતી અને પ્રસારણના પાંચ વિભાગોની માગણીઓ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રીઓની સમક્ષ મૂકી છે. એમના નાના-મોટા પ્રશ્નો હતા એને પણ મેં ગંભીરતાથી લીધા છે. મેં મારી સ્પીચમાં એના બધા જ જવાબો આવરી લીધા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આગામી દિવસો માટે મારા ખેડૂતો કે જે આ દેશનો તાત હોય, મૂંગા પશુઓની સેવા હોય, મત્સ્યોદ્યોગની બાબત હોય, ખેડૂતોની સિંચાઇની બાબત હોય કે માહિતી ખાતાની વાત હોય આ તમામ ખાતાઓનું આપ સૌના માટે તથા ગુજરાત અને દેશના ભવિષ્ય માટેનું આ ગુજરાત રાજ્યનું વિકાસશીલ અને સામૂહિક ઐતિહાસિક બજેટ છે. એમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાણામંત્રીશ્રી કનુભાઇ પટેલ સાહેબ દ્વારા અમારા વિભાગોને જે નાણાં ફાળવ્યાં છે એ માટે હું એમનો ખૂબ-ખૂબ આભાર માનું છું. બધા જ મારા સાથીમિત્રો મારી આ માગણીઓમાં વિના વિરોધે સહયોગ આપે તેવી હું વિનંતી કરું છું. માનનીય અમિતભાઇ, આપ સૌને પણ હું વિનંતી કરું છું. આ બજેટ ગઇકાલથી વિકસિત ભારત @ ૨૦૪૭ની શરૂઆત થઇ છે અને ગુજરાતમાં આપણે એને આગળ વધારી રહ્યા છીએ એના માટેનું છે. એમાં આપ સૌ સહયોગ આપો એવી વિનંતી સાથે હું આપ સૌનો આભાર માનું છું. ભારત માતા કી જય.

શ્રી જગદીશ વિશ્વકર્મા(રાજ્યકક્ષાના બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, પોર્ટ અને ટ્રાન્સપોર્ટ વિભાગના, પોર્ટ પ્રભાગનું વર્ષ ૨૦૨૪-૨૫નું રૂ. ૯૨.૧૩ કરોડનું બજેટ આ સભાગૃહ સમક્ષ ચર્ચા માટે રજૂ કરવામાં આવ્યું છે ત્યારે ચર્ચામાં ભાગ લેનાર તમામ ધારાસભ્યશ્રીઓનો આભાર વ્યકત કરું છું. એમાં ઘણા બધા ધારાસભ્યશ્રીઓએ સૂચન કર્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, પાછલા બે દાયકામાં જે રીતે દરિયાઇ માર્ગે માલ સામાન ટ્રાન્સપોર્ટનો રાષ્ટ્રીય સંકલિત વૃદ્ધિનો વિકાસ થયો છે એનો દર સવા છ ટકા જેટલો છે. આ દરમિયાન ગુજરાત રાજ્યના પોર્ટ થકી માલસામાન ટ્રાન્સપોર્ટની સંકલિત વૃદ્ધિનો વિકાસ દર લગભગ પોણા નવ ટકા જેટલો રહેલ છે. મને જણાવતાં આનંદ થાય છે કે, સાચા અર્થમાં ગુજરાત દેશના વિકાસનું અને વિકાસ માટે આવશ્યક માલ ટ્રાન્સપોર્ટની વ્યવસ્થાનું એક ગ્રોથ એંન્જિન બન્યું છે. ભારતના પોર્ટ ક્ષેત્રમાં ગુજરાત રાજ્યની વાત કરીએ તો આશરે ૨૧ ટકા દરિયાકાંઠો ગુજરાત રાજ્યને ઉપલબ્ધ થયો છે ત્યારે ગુજરાતના નૉન મૅજેર પોર્ટ ઉપરથી વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૩,૮૦૦ જેટલા જહાજોની અવર-જવર થઇ છે. એમાં પાછલા વર્ષોની વાત કરીએ તો આજે લગભગ ત્રણ ગણા જેટલો વધારો થયો છે. સમગ્ર દેશના નૉન મેજર પોર્ટ દ્વારા ટ્રાન્સપોર્ટ કરાવવામાં આવતા કુલ કાર્ગોના ૬૪ ટકા જેટલું ટ્રાન્સપોર્ટ ગુજરાતના નૉન મૅજર પોર્ટ દ્વારા થાય છે. વર્ષ ૨૦૨૨-૨૩માં રાષ્ટ્રીય સ્તરે પોર્ટ થકી આશરે ૧૪૩૩ મિલિયન મેટ્રિક ટન માલનું ટ્રાન્સપોર્ટ કરવામાં આવ્યું છે અને જે નૉન મૅજર પોર્ટ છે એમાં ૪૧૬.૩૬ મિલિયન મેટ્રિક ટન માલનું ટ્રાન્સપોર્ટ કરવામાં આવ્યું છે. એમ કુલ રાષ્ટ્રીય ટ્રાન્સપોર્ટના લગભગ ૨૯ ટકા જેટલું ટ્રાન્સપોર્ટ માત્રને માત્ર ગુજરાત રાજ્ય હૅન્ડલ કરી રહ્યું છે. ગુજરાત રાજ્યના પોર્ટ ઉપરથી આશરે ૧૦૫ કરતાં વધારે દેશોમાં ૬૦ કરતાં વધારે કૉમોડિટીનું આપણે એક્સ્પોર્ટ કરીએ છીએ. અગાઉના વર્ષોની વાત કરીએ તો ગુજરાત રાજ્યના પોર્ટ પરથી લગભગ ખૂબ જ નજીવી એટલે કે રૂપિયા સો કે સવા સો કરોડ જેટલી આવક હતી અને આજે વર્ષ ૨૦૨૨-૨૩ની સ્થિતિએ એમાં લગભગ ૧૩ ગણો વધારો થયો છે. એટલે રૂ. ૨૪૮૮ કરોડનો આવકમાં વધારો થયો છે. આનંદની વાત એ છે કે, આ એક્સ્પોર્ટ કેવી રીતે વધ્યું? તો જે રીતે દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય મોદીજીએ ગુજરાત રાજ્યને વાઇબ્રન્ટ કર્યું, ગુજરાત રાજ્યના ઉદ્યોગોને વાઇબ્રન્ટ કર્યા અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ સરકાર ચલાવી રહ્યા છે તથા માનનીય નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ સાહેબ બજેટ આપી રહ્યા છે ત્યારે ગુજરાતના ઔદ્યોગિક ઉત્પાદનમાં લગભગ ૨૦ ટકા જેટલો વધારો થયો છે. આ ઔદ્યોગિક વિકાસને ફળિભૂત કરવા રાજ્ય સરકારની પોર્ટ નીતિનો સૌથી મોટો ફાળો છે. તેના થકી ગુજરાત રાજ્યના દરિયાકાંઠે કુલ માલ ટ્રાન્સપોર્ટમાં ૧૬૪ મિલિયન મેટ્રિક ટન એટલે ૩૯ ટકા કેપ્ટિવ કાર્ગો હૅન્ડલ થયું છે. મને આ સભાગૃહને જણાવતાં આનંદ થાય છે કે, આ દેશમાં કુદરતી ગેસની જરૂરિયાતના ૫૦ ટકા એલ.એન.જી અને પી.એન.જી.નું સપ્લાય ગુજરાત રાજ્યના પોર્ટ ઉપરથી થાય છે. આ સભાગૃહના દરેક સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આ આંકડા ખૂબ જ અગત્યના છે અને ચોક્કસ ધ્યાને લેવા જોઇએ. દેશની પેટ્રોલિયમ પેદાશોની જરૂરિયાતમાં ૪૫ ટકા સપ્લાય ગુજરાત રાજ્યના પોર્ટ મારફત થઇ રહ્યો છે અને દેશના કુલ કન્ટેનરના હૅન્ડલિંગમાં ૩૯ ટકા હૅન્ડલિંગ ગુજરાત રાજ્યના પોર્ટ મારફત થઇ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્તમાન પ્રયાસોની વાત કરું તો ગીર હોય, સોમનાથ હોય. જિલ્લાના છારા ખાતે રૂ.૪૨૯૩ કરોડના ખાનગી મૂડીરોકાણમાં આખું એલ.એન.જી. ટર્મિનલ આ વર્ષમાં કાર્યાન્વિત થવાનું છે. તેમજ ભાવનગર પોર્ટમાં ઉત્તર ભાગમાં બ્રાઉનફીલ્ડ પોર્ટ સી.એન.જી. ટર્મિનલ અને અન્ય ટર્મિનલ વિકસાવવા માટે અંદાજિત રૂ.૪૦૨૪ કરોડના રોકાણના આયોજન સાથે કન્સેન્ટ અને એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે. દહેજ ખાતે પોર્ટની સુવિધામાં ડેવલપમેન્ટ માટે અને પેટ્રોનેટ એલ.એન.જી. દ્વારા રૂ. ૧૭૦૦ કરોડના ખાનગી મૂડીરોકાણ માટે ત્રીજી જેટીના વિકાસ માટેની દરખાસ્તોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. દહેજ ખાતે આવેલ પેટ્રોકેમિકલ જી.સી.પી.એલ. દ્વારા અંદાજિત રૂ.૩૩૨૨ કરોડના ખર્ચે બીજી જેટી વિકસાવવાનું કામ પ્રગતિમાં છે. હજીરા ખાતે ફેઇઝ-ટુ આઉટર હર્બનના વિકાસ માટે અંદાજિત રૂ. ૫૯૦૦ કરોડના બાંધકામને મંજૂરી આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વિપક્ષના ઘણાબધા મિત્રો મત્સ્યોદ્યોગની વાત કરતા હતા. મારે એમને કહેવું છે કે રાજ્યમાં ૨.૧૮ લાખ જેટલા સક્રિય માછીમારો છે અને ૩૬ હજાર કરતા વધારે બોટ કાર્યરત છે. ત્યારે રાજ્યમાં ૮.૯૭ લાખ

મેટ્રિક ટન મત્સ્ય ઉત્પાદન કરીએ છીએ, ત્યારે આ પૈકીની લગભગ ૩ લાખ મેટ્રિક ટન આપણે આપણા પોર્ટ પરથી એક્સપોર્ટ કરીએ છીએ. જેના થકી આશરે રૂપિયા ૬ હજાર કરોડનું વિદેશી હૂંડિયામણ આપણા માછીમાર ભાઇઓ કમાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા દરિયાકાંઠે નાના માછીમારોને સુવિધા મળી રહે તે માટે માધવાડ, સૂત્રાપાડા, વેરાવળ અને નવા બંદર ખાતે લગભગ રૂ.૯૭૦ કરોડના ખર્ચે મત્સ્ય પોર્ટ વિકસાવવામાં આવી રહેલ છે. શ્રી વિમલભાઇ, જે હમણાં તમે વાત કરતા હતા. કોસ્ટ ગાર્ડની વાત કરું તો પોરબંદર, ઓખા અને મુંદ્રા ખાતે કોસ્ટ ગાર્ડની જેટીઓ બનાવવા માટે લગભગ રૂ.૪૩૧ કરોડના ખર્ચનું આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થશે. જેટલા પણ હાઉસના મિત્રો છે, તેમણે એકાદ વખત મોરબીની મુલાકાત લેવી જોઇએ. હું શ્રી પ્રકાશભાઇ વરમોરા હાજર હોય તો કહીશ. અમારા ધારાસભ્યશ્રી, ટંકારા, કે મોરબી જવું જોઇએ. આખા વિશ્વનું સૌથી લાર્જેસ્ટ ફલોરિંગ, બાથરૂમમાં લાગતી ટાઇલ્સો, સૌથી વધારે હાઇએસ્ટ પ્રોડકશન મોરબીમાં થઇ રહ્યું છે. ૧૨ લાખ કન્ટેનર ભરાય. એક કન્ટેનરમાં ઓછામાં ઓછો ૨૦ ટન એટલે કે ૪૦ ટનનું કન્ટેનર આવે. એવા ૧૨ લાખ કન્ટેનર ભરાય એટલું પ્રોડકશન ગુજરાતમાં મોરબીમાં થઇ રહ્યું છે. મને આ હાઉસને જણાવતાં આનંદ થાય છે કે ૪ લાખ કન્ટેનરો આપણે એકસ્પોર્ટ કરીએ છીએ. આ નાની ઘટના નથી. આ બધાયે બધા કન્ટેનર એ ગુજરાતના પોર્ટ પરથી એકસ્પોર્ટ થઇ રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી અગત્યની વાત. આ કન્ટેનર રોડ માર્ગે મુંદ્રા અને કંડલા પોર્ટ પર મોકલવાની જગ્યાએ મોરબી જિલ્લાના નવલખી પોર્ટથી એકસ્પોર્ટ થાય તો ટ્રાન્સપોર્ટેશન માટેનો અંદાજે ૧૫૦ કિલોમીટરનો રસ્તો કપાઇ જાય. ટ્રાન્સપોર્ટમાં બચત થાય. કાર્બન એમિસનમાં બચત થાય. આ નવલખી પોર્ટને લગભગ રૂ.૨૦૬ કરોડના ખર્ચે અપગ્રેડ કરવામાં આવનાર છે. નવલખી પોર્ટની નવી જેટીનું બાંધકામ થવાનું છે. ત્યાં લગભગ કાર્ગો ટ્રાન્સપોર્ટની હયાતમાં ૮ મિલિયન મેટ્રિકટન ક્ષમતાને વધારી ૨૦ મિલિયન મેટ્રિકટન એની ક્ષમતા થશે. હમણા જ એક પોર્ટ ડેવલપમેન્ટની કદાચ એક કોંગ્રેસના ધારાસભ્યશ્રી કાપ દરખાસ્ત લઇ આવ્યા હતા. શ્રી અર્જુનભાઇ અહીંયા હાજર નથી. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર એવું કરવા જઇ રહી છે. જેમ ગિફ્ટ સિટી બની. સુરતની ડ્રીમ સિટી બની. ધોલેરા સ્માર્ટ સિટી. એ જ કન્સેપ્ટથી આપણે આખી પોર્ટની ઇકો સિસ્ટમની આખી સિટી ડેવલપ કરવા જઇ રહ્યા છીએ. આ પોર્ટ અને શહેરી વિકાસની સંયુકત પરિકલ્પના હેઠળ રાજયના દરિયાકિનારે ગ્રીનફીલ્ડ પોર્ટ સિટી વિકસાવવાનું આયોજન છે અને આ પોર્ટ સિટીમાં વૈશ્વિક કક્ષાનું ૨૫૦થી ૫૦૦ મિલિયન મેટ્રિક ટન કાર્ગો ટ્રાન્સપોર્ટ થઇ શકે એવું વિકસાવવામાં આવશે. મલ્ટી કાર્ગો પોર્ટ સિટી વિકસાવવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે મને કહેતા આનંદ થાય છે કે લગભગ ૨૫૦થી ૫૦૦ ચોરસ કિલોમીટરનો આખો વિસ્તાર માળખાકીય સુવિધા ઊભી કરી દરેક પ્રકારની સુવિધાઓ ઊભી થાય. આની જરૂર એટલા માટે પડી રહી છે કે જે રીતે ગુજરાતનો વિકાસ થઇ રહ્યો છે. દેશના યશસ્વી વડાપ્રધાને દેશને જે વિકાસની રાજનીતિ આપી છે અને માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં જે રીતે વિકાસ થઇ રહ્યો છે. એટલા માટે આ પોર્ટ સિટી વિકસાવવી પડે એવું છે. સાથે સાથે મને કહેતા આનંદ થાય છે કે ગુજરાતમાં પોર્ટ ઇકો સિસ્ટમ માટે જરૂરી પરિબળો કયા છે અને એ તમામે તમામ જરૂરી પરિબળો આખા દેશમાં કોઇ રાજય પાસે હોય તો એ ગુજરાત રાજય પાસે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સસ્ટેનેબલ ગવર્નમેન્ટ, તો ગુજરાત. ઇન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલી સ્ટેટ, તો ગુજરાત. લોજિસ્ટિક પાર્ક તો ગુજરાત. સસ્ટેનેબલ ઇન્ફ્રાસ્ટ્રકચર તો ગુજરાત પાસે, બેટર એજ્યુકેશન તો ગુજરાત પાસે. વાઇબ્રન્ટ પોલિસી તો ગુજરાત પાસે. રેલ રોડ એન્ડ પાઇપલાઇન કનેક્ટિવિટી, તો ગુજરાત પાસે. મેન્યુફેકચરિંગ હબ તો ગુજરાત પાસે. કવોલિટી લિવિંગ લાઇફ તો ગુજરાત પાસે. આખા દેશનું સેઇફેસ્ટ સ્ટેટ તો એ ગુજરાત. આનું એકમાત્ર કારણ છે કે દેશના બન્ને પનોતા પૂત્રનો જન્મ ગુજરાતમાં થયો છે. ગાંધીજી જેવા, સરદાર વલ્લભભાઇ પટેલ હોય દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી હોય, દેશના યશસ્વી ગૃહપ્રધાનશ્રી અમિતભાઇ શાહ હોય કે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ હોય એના કારણે ગુજરાત સસ્ટેનેબલ બન્યું છે. ગ્રીનફીલ્ડ પોર્ટના વિકાસ માટે નવાં સ્થળોની પસંદગી માટે કહું તો વર્ષ 2047 સુધીમાં રાજ્યના પોર્ટની ક્ષમતા વધારીને લગભગ 2000 મિલિયન મેટ્રિક ટન પ્રતિ વર્ષ કરવાનું ગુજરાત સરકારનું વિઝન છે. આ લક્ષ્યાંકને પરિપૂર્ણ કરવાના ભાગરૂપે રાજ્યના દરિયાકાંઠા પર નવા 10 સ્થળોએ ગ્રીનફિલ્ડ પોર્ટ વિકસાવવા સ્થળની પસંદગીની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, નવા જ પોર્ટ કયાં વિકસી શકે એને ગ્રીનફીલ્ડ પોર્ટ કહીએ છીએ એની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. પીએમ ગતીશકિત માસ્ટરપ્લાન, આખા દેશમાં, વિશ્વમાં કદાચ ભારત પહેલો દેશ હશે કે પી.એમ. ગતિશકિત એટલે લગભગ ૧૭ જેટલા વિભાગોને ઇન્ટિગ્રેડ કરી કયા રાજયની અંદર કયું ડેવલપમેન્ટ કરવાનું હોય તો કયા ડેવલપમેન્ટ પાછળ કઇ કઇ લિંક ગોઠવવાની હોય એના માટે P M ગતિ શક્તિ માસ્ટર પ્લાન અંતર્ગત ઇન્ટિગ્રેટેડ પાર્ટ તરીકે ગુજરાતના પોર્ટને મલ્ટી મોડેલ કનેક્ટિવિટી પૂરી પાડવા વિવિધ પ્રોજેક્ટસ હાથ ધરવામાં આવી રહેલ છે. છેલ્લા બે દાયકામાં દહેજ, પીપાવાવ, બેડી અને મુન્દ્રા પોર્ટને જોડતી આશરે 400 કિ.મી રેલ લાઇન સ્થાપવામાં આવેલ છે. પીપાવાવ પોર્ટ માટે દેશની પ્રથમ ડબલ સ્ટેક માલ ટ્રાન્સપોર્ટ રેલ્વે લાઇન સ્થાપેલ છે. રેલ માર્ગે માલ સામાન ટ્રાન્સપોર્ટ માટે ભારત સરકાર દ્વારા દિલ્હી અને મુંબઈ વચ્ચે નિર્માણાધીન ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર (D F C ) ની 38% એટલે કે 538 કિલોમીટરની રેલવે લાઇન

રાજ્યમાંથી પસાર થઈ રહેલ છે. નવલખી ખાતે વધતા ટ્રાફિકની માંગને પહોંચી વળવા નવલખી પોર્ટના લગભગ 23 કિ.મી.ના એપ્રોચ રોડને ફોર-લેન નેશનલ હાઈવે તરીકે વિકસાવવાની મંજૂરી આપવામાં આવેલ છે. આ પોર્ટથી ફાયદો શું થશે? ગુજરાતે આખો રિસાઈકલિંગ બિઝનેસ શરૂ કર્યો અને એના કારણે શિપ રિસાઈકલિંગ ઉપલબ્ધ થતા બે મિલિયન ટન સ્ટીલ એ સામાન્ય સ્ટીલ પ્લાન્ટની તુલનામાં કાર્બન ફુટપ્રૂફ જે દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી માનનીય મોદીજી જે કાર્બનની વાત કરી રહ્યા છે, એમાં લગભગ ૯૦ ટકા ઘટાડા સાથે રૂ.૯૦૦ કરોડની રાજ્ય સરકારે બચત કરી છે. વર્ષ ૧૯૮૨-૮૩માં જયારથી અલંગ નખાયું ત્યારથી આજદિન સુધી ૮૭૧૨ જહાજોનું રિસાઈકલિંગ કરી ૬૯.૧૦ ટકા મિલિયન મેટ્રિક ટન સ્ટીલના ઉત્પાદનમાં ૪૫૦ મિલિયન ટન જેટલો કાર્બન ફુટપ્રિન્ટમાં ઘટાડો કર્યો છે. વૈશ્વિક શિપના રિસાઈકલમાં ભારતનો હિસ્સો આખા વિશ્વમાં ૩૨ ટકા જયારે અલંગ શિપ યાર્ડનો દેશના રિસાઈકલિંગમાં ૯૮ ટકા જેટલો હિસ્સો માત્ર ગુજરાતનો છે. માત્ર બે ટકા એ દેશના બીજા ખૂણામાંથી છે બાકી ૯૮ ટકા ખાલી આપણે કરી રહ્યા છીએ.

